tized by Arya Samaj Foundation Chennai and eGang

વૃહદ્ ગ્રન્થાવલિ

લગ્નપ્રપંચ

૧૦

પ્રસ્થાન

n Public Domain. Gurukul Kangri Collection, Harid

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્નપ્રપંચ

લેખક

નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ

પૂરક અભ્યાસ લેખક

કિશોરલાલ ઘ. મશરૂવાળા

પ્રસ્થાન કાર્યાલય : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ६५ग/३

पंजिका-संख्या २०२८८

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है । कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लग्न प्रपंच

LIBRARY,
GURUKULA KANGRI.

८८ग
३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૃહદ્ ગ્રન્થાવલિ

પુસ્તક દશમું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૃહદ્ ગ્રન્થાવલિ

૧	એક ક્રાન્તિકારની આત્મકથા ભા. ૧	૧-૪-૦
૨	એક ક્રાન્તિકારની આત્મકથા ભા. ૨	૧-૪-૦
૩	મારી જન્મટીપ પૂર્વાર્ધ [જપ્ત]	૨-૦-૦
૪	મારી જન્મટીપ ઉત્તરાર્ધ [જપ્ત]	૨-૮-૦
૫	ઈશ્વરનો ઇનકાર	૧-૦-૦
૬	ગાતા આસોપાલવ	૧-૮-૦
૭	દ્વિરેફની વાતો ભા. ૨	૧-૪-૦
૮	સત્યમય જીવન	૦-૧૦-૦
૯	ગીતામન્થન	૧-૪-૦
૧૦	લગ્નપ્રપંચ	૩-૮--૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

લગ્નપ્રપંચ

[લગ્નને નામે નરજાતિએ નારીજાતિ ઉપર કરેલો પ્રપંચ]

20288
19-1-2001

લેખક

નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ

'પાટીદાર'મંદિર : આણંદ

LIBRARY,
GURUKULA KANGRI.

શ્રી. કિશોરલાલ મશરૂવાળાના
ઉપોદ્ઘાત તથા પૂરક અધ્યાય સહિત

CHECKED 1973
Initial

પ્રકાશક

પ્રસ્થાન કાર્યાલય

સં. ૧૯૯૩ અમદાવાદ રૂા. ૩-૮-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંચાલક અને પ્રકાશક
રણછોડજી કેસુરભાઇ મિસ્ત્રી : પ્રસ્થાન કાર્યાલય : પારસી અગિયારી સામે, અમદાવાદ

પ્રથમ આવૃત્તિ
વિ. સં. ૧૯૯૩ ઇ. સ. ૧૯૩૭

[સર્વ હક પ્રકાશકને સ્વાધીન]

"સ્નેહ, જાતિ અને લગ્નના પ્રદેશમાં લાંબા કાળના વંશાનુગત અજ્ઞાનને પરિણામે પુરુષ કરતાં સ્ત્રીને વધારે ખમવું પડ્યું છે. જીવનનાં સત્યો સ્ત્રીઓની નજરે ન પડે એવી રીતે સંતાડી રાખવાનો પ્રપંચ પંડિતો ને કવિઓ પણ અનેકવાર રમ્યા છે."

('ધી સાઇકોલૉજી ઑફ મૅરેજ': પૃ. ૧૨૩)

વૉલ્ટર એમ ગૅલિકન

મુદ્રક : ચિમનલાલ કીશીભાઇ પટેલ : દેશબન્ધુ પ્રિન્ટિંગ પ્રેસ : ગાંધીચોક, આણંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

LIBRARY,
GURUKULA KANGRI.

ઉપોદ્‌ઘાત

આ લખતાં મને અતિશય સંકોચ થયો છે અને થયા કરે છે. જ્યારે હજુ તો હું કોલેજમાં ભણતો હતો, ત્યારે પણ ભાવનાપ્રેરક જીવનચરિત્રો લખી તરુણોના મનમાં સ્વદેશભક્તિનો પાનો ચડાવનાર લેખક તરીકે મેં શ્રી. નરસિંહભાઇનું નામ જાણ્યું હતું. અને એમનાં પુસ્તકોનું પાન કર્યું હતું. મને પોતાનો પુત્ર ગણી શકે એટલો એમની અને મારી ઉંમર વચ્ચે ફરક છે. લેખક તરીકે એમણે ગૂજરાતમાં એવી પ્રતિષ્ઠા મેળવી છે કે તેઓ જે લખે તે ગૂજરાતે ધ્યાન દઇને વાંચવું જ પડે. એમના પુસ્તક પર ઉપોદ્ઘાત લખી આપવાનો મારો શો અધિકાર ? આ વિચાર મારા મનમાં સદા યે રહ્યા કર્યો, અને એ સંકોચને લીધે મેં શ્રી. નરસિંહભાઇને આ બોજામાંથી મને મુક્ત કરવા વિનંતિ કરી.

એ ઉપરાંત પણ બીજાં સંકોચનાં કારણો છે. તેમાંનું એક એ કે મને પુસ્તકો લખતાં આવડે છે, પણ પ્રસ્તાવના લખતાં આવડતી નથી એમ કોઇક મિત્રે કહ્યું છે, અને તે ટીકા મને સાચી લાગી છે. મારાં પુસ્તકોની પ્રસ્તાવનાને હું પ્રસ્તાવના શા માટે કહું છું, પુસ્તકનું જ એક પ્રકરણ શા માટે નથી ગણતો એમ મને ઘણી વાર લાગે છે. જ્યાં મારાં જ પુસ્તકોની પ્રસ્તાવના લખતાં મને આવડતી નથી, ત્યાં બીજાના પુસ્તક પર લખવા બેસું તો તારતમ્યનો કેટલો ભંગ કરીશ, તેની મને ધાસ્તી હતી જ. અને તેથી યે આ ઉપોદ્ઘાત લખતાં મને સંકોચ થતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ શ્રી નરસિંહભાઇએ એટલા પ્રેમથી આગ્રહ કર્યો કે મારે છેવટે એમને વશ થવું પડયું છે. પણ વશ થઇને હું મોટા સંકટમાં યે આવી પડ્યો છું. કારણ કે જેમ જેમ લખતો ગયો, તેમ તેમ મારું લખાણ એક યોગ્ય કદનો ઉપોદ્‌ઘાત થવાને બદલે એક નાનકડું પુસ્તક થઇ બેઠું. ઉપોદ્‌ઘાત રૂપે તો એ શોભે જ નહિ. ટૂંકાણમાં કેટલું લખવું તેનું મને માપ ન રહ્યું. વળી, એ રીતે લખાયું કે એની ઉપયોગિતા શ્રી. નરસિંહભાઇનું આખું પુસ્તક વાંચતા પહેલાં વાંચવા કરતાં, વાંચી ગયા પછી વાંચવાથી વધારે થાય. એમાં શ્રી. નરસિંહભાઇના મૂળભૂત વિચારનું ખંડન કર્યા વિના કાંઇક જુદી રીતે અને પૂર્તિ રૂપે ઉમેરાયેલું મને લાગ્યું. આથી મને ભાસ્યું કે મારું લખાણ શ્રી. નરસિંહભાઇને એમના પુસ્તકના પૂરક અધ્યાયરૂપે હું સોંપું, અને તેમની ઇચ્છા થાય તો તેઓ એનો ઉપયોગ કરે. આથી, એમાં જે નથી લખાયું તેટલાનો જ આ ઉપોદ્‌ઘાતમાં ઉલ્લેખ કરું છું.

લગ્નના વિષય પર આજે જુવાનોનાં ચિત્ત ચકડોળે ચઢ્યાં છે એમ કહેવામાં અતિશયોક્તિ નહિ ગણાય. તેમાં, વળી, પશ્ચિમના કેટલાક વિચારકોએ આ બાબતમાં નવા નવા વિચારો ફેલાવ્યા છે, અને તેની અસર આપણા દેશનાં સ્ત્રીપુરુષો ઉપર પણ થઇ છે. એવા અનેક વિચારોથી ગૂંચવાયેલી બુદ્ધિને સ્થિર અને નિશ્ચિત કરવાનો શ્રી. નરસિંહભાઇએ પ્રયત્ન કર્યો છે. એમનો આદેશ તો સ્ત્રી અને પુરુષ બન્નેને છે, પણ પુરુષવર્ગ ન સાંભળે તો યે સ્ત્રી તો પોતાના કલ્યાણાર્થે સાંભળે જ એવી એમની સ્ત્રીજાતિ પ્રત્યે આગ્રહભરી વિનંતિ છે. ગૂજરાતી સમાજમાં ગાંધીજી અને નરસિંહભાઇ કરતાં સ્ત્રીજાતિને પોતાને માટે પુરુષોમાંથી વધારે શ્રેષ્ઠ વકીલો મળવાનો સંભવ ઓછો છે.

માનવસમાજમાં લગ્નની પ્રથાએ – બલ્કે સ્ત્રીપુરુષસંબંધે – જુદા જુદા દેશો અને જમાનાઓમાં જે જુદી જુદી જાતનાં રૂપો લીધાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, તેનો શ્રી. નરસિંહભાઈએ પ્રાચીન કાળથી અત્યાર સુધીનો ઇતિહાસ આ પુસ્તકમાં બહુ ઝીણવટથી તપાસ્યો છે. અનેક પ્રકારનાં પુસ્તકો ઉથલાવ્યાં છે, અને અનેક ઝીણી ઝીણી માહિતીઓ ભેગી કરી છે. કેટલીક રમુજ ઉત્પન્ન કરાવનારી છે, તો કેટલીક ચીતરી ચડાવે એવી છે; કેટલીક વિષે એમ લાગે કે એવી ગંદી માહિતી દટાયેલી રાખેલી હોત તો જ ઠીક થાત. મનુષ્યનું ચિત્ત કેટલીક બાબતમાં માખીના જેવું છે. એ મિષ્ટાન્ન ઉપર બેઠી હોય અને પાસેથી મળનું ગાડું જાય, તો ત્યાંયે રસપૂર્વક ચાલી જાય. તેમ ઘૃણા ઉત્પન્ન કરાવવા માટે ગંદી માહિતી આપી હોય તો તેમાંથી યે ચિત્ત ગંદા સંસ્કાર ભરી લે, સાથેની ઘૃણા પણ લે; પણ ઘૃણા દર્શાવીને યે ગંદકા પર ચોંટે એવો ચિત્તનો ગૂંદરિયો સ્વભાવ છે. સહજાનંદ સ્વામીનાં 'વચનામૃતો'માં એક ઠેકાણે એમને પ્રશ્ન પૂછેલો છે કે શાસ્ત્રમાંથી અસત્પુરુષ કેવી જાતની બુદ્ધિને ગ્રહણ કરે છે? તેનો જે ઉત્તર એમણે આપ્યો છે તેનો સાર એ છે કે એ શાસ્ત્રોને પણ પોતાના વિકારોને પોષણ મળે એ રીતે જ સમજે-સમજાવે છે. આ વાત સાવ સાચી છે, અને એ રીતે આ પુસ્તકના કેટલાક ભાગો વિકારોત્પાદક થાય એવો સંભવ છે. એવું શ્રી. નરસિંહભાઈ મુદ્દલ ન ઇચ્છે. પણ કેટલીક બાબતોનું અજ્ઞાન કલ્યાણકારી હોય છે. એવી એક બાબત તે જગતમાં પૂર્વે થયેલી અને આજે ચાલતી બદીઓ વિષેનું અજ્ઞાન છે. સાધારણ વાચકને માટે લખાયેલા પુસ્તકમાં એ કચરો ન નાંખ્યો હોય તો સારું. અતિ વિદ્વત્તાભર્યા સાહિત્યનાં અમૂલ્ય રત્નોની જેમ એનો અમૂલ્ય કચરો પણ મોંઘી કિંમતનાં વિદ્વદ્ભોગ્ય પુસ્તકોમાં જ ભરવો જોઇએ.

શ્રી. નરસિંહભાઇએ આ પુસ્તકમાં જે વિચારો રજૂ કર્યા છે, અને તેના સાર રૂપે 'નવનીત'માં જે સૂત્રોનું પ્રતિપાદન કર્યું છે, તેમાંનાં ઘણાંખરાં સાથે હું પૂરેપૂરો સહમત છું. કાઇક ઠેકાણે એમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને મારી રજૂ કરવાની રીતમાં ફરક પડે એ સ્વાભાવિક છે. શ્રી. નરસિંહભાઇએ આ વિષયને સ્ત્રીજાતિના વકીલની રીતે રજૂ કર્યો છે, અને તે પણ આરોપીના વકીલ નહિ, પણ ફરિયાદીના વકીલ બનીને. વળી, તેમની તાત્ત્વિક દૃષ્ટિ અનીશ્વર સાંખ્યવાદીના જેવી છે. મેં એ ભૂમિકાઓ પરથી નથી વિચાર્યું; છતાં, સ્ત્રીજાતિને ભોગવવા પડતા અન્યાયો વિષે અને પુરુષજાતિના અપરાધો વિષે મારા મનમાં શંકા નથી. છતાં, અહીં છૂટાછેડાનો ન્યાય આપી શકાય એમ નથી, કે પુરુષજાતિને શિક્ષા કરી શકાય એમ નથી, એટલે આખા સમાજને ખોટે રવાડે ચડી ગયેલો સમજીને જ માર્ગ કાઢવો જોઇએ.

તેમના સંબંધો અને સુખદુઃખનો વિચાર વર્ગવિગ્રહની– એટલે બન્ને વચ્ચે જાણે હિતવિરોધ હોય, સામસામી છાવણીમાં એક બીજાને દબાવવા કે હંફાવવાનો જ ઇરાદો રાખીને બેઠાં હોય – એ દૃષ્ટિ રાખીને કરવામાં લાભ નથી. સ્ત્રીજાતિને તો નથી જ. શ્રી નરસિંહભાઇને આ વાત અમાન્ય નથી. એમણે મંગળાચરણમાં સ્પષ્ટ કર્યું છે કે એમણે પુરુષજાતિ પર સ્ત્રીજાતિ સામે પ્રપંચ રમવાનો આરોપ મૂક્યો છે. તે પરથી "કોઇ સાચી જ રીતે શંકા કરશે કે માનવસમાજમાં લગ્નની યોજના થઇ હશે, ત્યારથી પુરુષે શું લગ્નમાં પ્રપંચની યોજના કરી હશે? ના, નહિ જ; એ તો ધીરે ધીરે જ એનો વિકાસ થયો છે" એનો અર્થ, મારી દૃષ્ટિએ, એ થાય છે કે વર્તમાન કાળે બન્ને વચ્ચે જે વિષમ અવસ્થા છે તે એક ઇરાદાપૂર્વક ઘડાયેલી યોજના નથી, પણ બહુ પ્રાચીન કાળમાં એક ખરાબ જાતનું બીજ વવાઇ ગયું, અને તે લાંબે કાળે આજે એક મોટું વૃક્ષ અને અનર્થોનું કારણ બની ગયું છે. એનાં પરિણામો ઇરાદાપૂર્વક કરેલા પ્રપંચ જેવાં જ થયાં છે; પણ હકીકતે, જાણેઅજાણે એને સ્ત્રીપુરુષ બન્નેએ પાણી પાઇ ઉછેર્યું છે. એ અનર્થકારી વૃક્ષનાં ફળ પુરુષજાતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા વધારે ધૃતિ વાળી કોમો કરતાં સ્ત્રીજાતિ તથા ઓછી ધૃતિ વાળી કોમો ઉપર વધારે નુકસાનકારક થયાં છે. અહીં સ્ત્રીજાતિનો જ વિચાર થતો હોવાથી, તેમની અત્યંત કરુણ સ્થિતિનો વિચાર કરતાં શ્રી. નરસિંહભાઇનું હૃદય યોગ્ય રીતે જ ઊકળી ઊઠ્યું છે. એ ઊકળાટે એમને આ પુસ્તકમાં પુરુષને, એણે સ્ત્રીજાતિ સામે ઇરાદાપૂર્વક પ્રપંચ કર્યો હોય અને સ્ત્રી નિરુપાયે એનો શિકાર બની હોય, એ રૂપમાં ચીતરવા પ્રેર્યા છે.

શ્રી. નરસિંહભાઇએ રજૂ કરેલા સિદ્ધાન્તોમાં એમણે આપેલી સંયમ અને બ્રહ્મચર્યની વ્યાખ્યાએ (પૃ. ૫૪૧, નવનીત ૧૦) મને વિચારની એક નવી દિશા પર ચડાવી દીધો. મને એ ગળે ઊતરી ગઇ, અને મારા પૂરક અધ્યાયના છેલ્લા બે પરિચ્છેદ એમાંથી જ ઉદ્‌ભવ્યા છે એમ કહું તો ચાલે.

એમાંથી જે નવનીતો મને વિસ્તારથી ચર્ચવા જેવાં લાગ્યાં તેમના પર પૂરક અધ્યાયમાં વિચાર કર્યો છે. અહીં બીજાં નવનીતો અને વિચારો પર ટૂંકામાં કહું છું.

એમનું ૨૦મું નવનીત મને કાંઇક ખટકે છે. એમાં અર્ધસત્ય છે. એ અને ર૭મું નવનીત મધ્યમ કે શ્રીમંત વર્ગના લોકોને ખ્યાલમાં રાખીને જ વિચારાયાં જણાય છે. ગરીબ, મહેનત-મજૂરી કરનાર લોકોને માટે એ શક્ય જ નથી. હું તો એમ માનું છું કે સ્ત્રીપુરુષનાં કામ વચ્ચે અનુકૂળતા પ્રમાણે શ્રમવિભાગ ગમે તેમ ગોઠવાય, પણ બન્નેના શ્રમથી એક જ વ્યવસાય ઉત્પન્ન થવો જોઇએ બાળઉછેર, ગૃહવ્યવસ્થા અને ધનોપાર્જન ત્રણેમાં બન્નેનો કાંઇક ભાગ હોય એટલું જ નહિ, પણ જે ધંધાથી ધનોપાર્જન થતું હોય, તે ધંધો બન્નેની મદદથી ચાલનારો હોવો જોઇએ. એક દાક્તર હોય અને બીજો શિક્ષક હોય એ યોગ્ય નહિ, પણ એક દાકતર અને બીજો એની જ સાથે રહી શુશ્રૂષક (નર્સ) કે સહાયક (કમ્પાઉન્ડર) હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ચાલે; ખેડૂત – ગોપાલક, દરજી – દરજણ, સુતાર – સુતારણનાં જોડાં ચાલે. વળી એકનું કેવળ સામાજિક, પારમાર્થિક, ધનોત્પાદક કે બાહ્ય જીવન હોય, અને બીજાનું કેવળ વૈયક્તિક, સ્વાર્થી, ધનવ્યયી કે ગૃહજીવન હોય તો તે બરાબર ન થાય.

શ્રી. નરસિંહભાઇ માતૃગૃહસંસ્થાના હિમાયતી છે. મને એ સંસ્થાનો કશો જ અનુભવ નથી. જ્યાં એ સંસ્થા ચાલે છે, ત્યાં તેનાં સ્ત્રીપુરુષ પર તેની શી અસર થઇ છે તે હું જાણતો નથી. એટલે એ બાબતમાં હું કંઇ પણ નિર્ણય કરી શકતો નથી.

શ્રી. નરસિંહભાઇએ ખાનગી મિલકતની સંસ્થાને ગૃહીત રાખીને વારસાહકમાં સ્ત્રીઓના અધિકાર વિષે કેટલાક અભિપ્રાયો રજૂ કર્યા છે. ખાનગી મિલકતની પ્રથાને ગૃહીત રાખીને વિચાર કરીએ તો વ્યવહારદૃષ્ટિએ મુસલમાન કાયદો સરળ અને સીધો લાગે છે. એમાં સ્ત્રીને પૂર્ણ ન્યાય નથી, પણ ન્યાય કરવાનો પહેલો પ્રયત્ન છે. વધારે સરળ, સહેલું અને ન્યાય્ય તો એ થાય કે :

(૧) લગ્નથી પતિપત્નીની મિલકત અને કમાણી એકત્ર થયેલી ગણાય ;

(૨) એમાંથી જમીન, ઘર, દાગીના, શૅર વગેરે માર્ગે જેટલી મિલકત મૂડીના રૂપમાં ફેરવવામાં આવી હોય તે પર બન્નેના જીવતાં બન્નેનો સમાન હક્ક હોય, અને બન્નેની સંમતિ વિના તેનાં વેચાણ વગેરે કરી શકાય નહિ ;

(૩) બન્નેમાંથી એકનું મરણ થતાં, પાછળ જીવનારનો અર્ધો ભાગ ગણાય, અને બાકીનો અર્ધો ભાગ મરનારનાં છોકરી-છોકરાઓમાં સરખે ભાગે વહેંચાય ;

(૪) બીજાનું પણ મરણ થતાં તે પોતાના ભાગમાંથી જે વધારી ઘટાડીને મૂકી જાય, તે તેનાં છોકરી-છોકરામાં સરખે ભાગે વહેંચાય ;

(૫) પુનર્લગ્નથી આમાં કાંઇ ફરક પડવાની જરૂર નહિ ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૬) જો લગ્નવિચ્છેદ થાય અને સંતતિ ન હોય તો મિલકતના અર્ધા અર્ધા ભાગ થાય. જો સંતતિ હોય તો ત્રણ સરખા ભાગ પડે; એક એક તૃતીયાંશ પતિ-પત્ની લે, અને બાકીનો તૃતીયાંશ સંતતિમાં વહેંચાય.

અહીં વારસાહકનો સંપૂર્ણ કાયદો ઘડવાનો પ્રયત્ન કરું છું એમ કોઇ ન માને. કેટલાક હક્કોનો સ્થૂળ વિચાર જ છે.

શ્રી. નરસિંહભાઇએ 'મંગળાચરણ'માં સ્ત્રીજાતિ પ્રત્યેની એમની મૂળ તુચ્છ ભાવના અને તેમાં થએલા સંશોધનનો ઇતિહાસ આપ્યો છે. શ્રી. નરસિંહભાઇની જેમ જ હું યે સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઊછર્યો અને લગભગ ૩૦ વર્ષ સુધી ઉત્કટ શ્રદ્ધાથી તેને અનુસર્યો. એમની જેમ જ સ્ત્રીજાતિ વિષે તુચ્છ ભાવનાના સંસ્કાર મારામાં યે તીવ્રપણે હતા, અને મને નિકટપણે જાણનાર માને છે કે એની અસરમાંથી હું હજુ સાવ છૂટેલો નથી. શ્રી નરસિંહભાઇની જેમ જ મારું સાંપ્રદાયિક મમત્વ છૂટી ગયું છે. એ સંપ્રદાયમાં – હિંદુ ધર્મના બીજા સંપ્રદાયોની જેમ જ – સ્ત્રીનિંદાના ઘણા ઉદ્દગારો આવે છે, અને તેની અસર મારા મન પર નહોતી પડી એમ ન કહેવાય. છતાં, એ સંપ્રદાયને ન્યાય આપવા ખાતર મારે કહેવું જોઇએ કે એ સંપ્રદાયના કવિઓએ કરેલી સ્ત્રીનિંદા એ કેવળ પરંપરાગત આવેલા સાહિત્યનું અનુકરણ છે, પણ એ સંપ્રદાયે વધારેલી સ્ત્રીજાતિની પ્રતિષ્ઠા અને કરેલી કદર એનો નવીન ફાળો છે. પુરુષને હાથે સ્ત્રીજાતિનો કેટલો અનાદર થયો છે. તે આ પુસ્તકમાં શ્રી. નરસિંહભાઇએ પાને પાને ચીતર્યું છે. સ્વામિનારાયણ સંપ્રદાયે તેમાં એક નિરાળી ભાત પણ પાડી છે. સહજાનંદ સ્વામીએ પોતાની શિષ્યાઓની કેટલી પ્રતિષ્ઠા વધારી અને રાખી હશે, તેનું એ પરથી અનુમાન થઇ શકે કે આજ સુધી જેટલા આદરથી એમના પુરુષભક્તોનાં નામ લેવાય છે, તેટલા જ આદરથી જીવુબા, લાડુબા વગેરે સ્ત્રીભક્તોનો ઉલ્લેખ થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અને પુરુષભક્તોની જેમ એવી સ્ત્રીભક્તોની પરંપરા પણ ચાલી જ આવી છે.

સહજાનંદ સ્વામીએ સ્ત્રી-પુરુષ વચ્ચેની મર્યાદાઓ ઘણી મજબૂત કરી; પણ, એથી, સંપ્રદાયની અંદર તો સ્ત્રીજાતિ વધારે સુરક્ષિત બની. 'બાઇઓને દેખી ભાઇઓ છેટેરા ચાલે'— એમાં સ્ત્રીજાતિ પ્રત્યે સૂગ વધ્યાનું કોઇને લાગશે, પણ એથી એમના પ્રત્યેનો વિનય પણ વધ્યો.

સહજાનંદ સ્વામીની 'શિક્ષાપત્રી'માં સ્ત્રીજાતિની રક્ષા માટેની કેટલીક આજ્ઞાઓ જણાવવી યોગ્ય થશે. દાખલા તરીકે:

"સ્ત્રીનું દાન ન કરવું; વિધવા સ્ત્રી પાસે પોતાની આજીવિકા જેટલું જ ધન હોય, તો તેણે તે ધર્માર્થે પણ ન આપવું; બ્રહ્મચારીએ સ્ત્રીનો સંસર્ગ કોઇ રીતે ન કરવો – છતાં, જો તેના કે પોતાના પ્રાણને હાનિ થાય એવી કોઇ આપત્તિ આવી પડે ત્યારે તેની સાથે બોલીને કે અડીને પણ બંનેની રક્ષા કરવી."

સ્ત્રીએ પતિને ઈશ્વર તુલ્ય માનવો એ પરંપરાગત આજ્ઞા છે; પણ વિધવાએ ઈશ્વરને જ પતિ માનવો એ નવીન સૂત્ર છે. 'સતી-ગીતા'માં સ્વામી મુક્તાનંદે કહ્યું છે કે જે સ્ત્રી સકામ હોય તે જ પતિની પાછળ સતી થઇ સ્વર્ગમાં દોડે; નિષ્કામ સાધ્વી સ્ત્રીઓ તેવું કરે નહિ, તે તો પાછળ રહી મોક્ષધર્મ સ્વીકારે. મને લાગે છે કે આ તે કાળ માટે તો સાવ નવો જ વિચાર હતો.

શ્રી. નરસિંહભાઇને મેં ટૂંકામાં આ દૃષ્ટિબિંદુ લખી જણાવ્યું, અને સૂચન કર્યું કે આપણામાં પોષાયેલો સ્ત્રીજાતિ પ્રત્યેનો તુચ્છ ભાવ એ સંપ્રદાયના નવીન ફાળામાંથી નહિ, પણ સંપ્રદાયમાં સમાજ-માંથી ઊતરી આવેલા અને સ્વતંત્રપણે સમાજમાંથી મળેલા સંસ્કારોને પરિણામે હોવા સંભવ છે. ઊલટું, સ્ત્રીજાતિ પ્રત્યે ન્યાયવૃત્તિનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કાર ખીલવામાં નિંદાસાહિત્ય છતાં સ્ત્રીજાતિ પ્રત્યે આદરથી વર્તવાની સંપ્રદાયની પ્રત્યક્ષ પ્રથા બીજરૂપે કારણ હોય. શ્રી. નરસિંહભાઇ પણ આ વિચાર સાથે સંમત થયાથી આટલો ખુલાસો કર્યો છે.

શ્રી. નરસિંહભાઇએ પુરુષો ન સાંભળે તોયે સ્ત્રીઓએ એમના આદેશોને સાંભળવા આગ્રહ કર્યો છે. એ વાચનમાંથી એમણે ઇચ્છેલું બળ સ્ત્રીઓમાં આવો એમ હું ઇચ્છું છું. પણ જે ન્યાયબુદ્ધિએ નરસિંહભાઇ જેવા પુરુષને સ્ત્રીજાતિ પ્રત્યેના કર્તવ્ય અને એમને થયેલા અનેક અન્યાયો પ્રત્યે જાગ્રત કર્યા છે તે ન્યાયબુદ્ધિ, મને આશા છે કે, ઘણા પુરુષોમાં પણ ઉત્પન્ન થશે, અને આ પુસ્તકના પુરુષવાચકો એમાંથી સ્ત્રીજાતિ પ્રત્યે પ્રાયશ્ચિત્તની દૃષ્ટિએ જોતાં શીખશે, તથા તે અન્યાયોને કરતાં પોતે અટકી સમાજમાંથી દૂર કરાવવા તત્પર થશે. સવર્ણોનું જેવું હરિજનો પ્રત્યે આ જમાનામાં એક પ્રાયશ્ચિત્તરૂપે કર્તવ્ય ઉત્પન્ન થયું છે, તેવું પુરુષજાતિનું સ્ત્રીજાતિ પ્રત્યે પણ છે. શ્રી. નરસિંહભાઇ જેવા સ્ત્રીજાતિના અનેક વકીલો પુરુષોમાં ઉત્પન્ન થાઓ, અને પુરુષજાતિને શુદ્ધ કરો.

વર્ધા
૧ : ૪ : ૧૯૩૭

કિશોરલાલ ઘ. મશરૂવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંગળાચરણ

"**ના, ના.** મારે તો હજી એક અવતાર માગવો છે. મારે પુરુષ થવું છે ને તમે મારી સ્ત્રી થાઓ એવું માગવું છે. અને ત્યારે જ તમને સાચી સમજ પડી શકે કે નારીનો અવતાર કેવોક મજાનો છે!"

સ્વામિનારાયણનો સંપ્રદાય પાળતા કુટુંબમાં જન્મેલો હું ૨૫ વર્ષની ઉમરનો થયો, ત્યાં સુધી શ્રદ્ધાધર્મને માનતો રહ્યો. એ ગદ્ધાપચીશીમાં બીજી દિશાએ બહુ યે ગદ્ધામસ્તી મેં કરી હશે, પણ ધર્મવિષયમાં તો હું શ્રદ્ધાજડ જ હતો. જેમ ધર્મવિષયમાં તેમ જ સમાજવિષયમાં પણ રૂઢિજડ જ હતો. નારીજન વિષે—એ માતૃજનતિ વિષે—મને કશી યે ઉચ્ચ ભાવના હતી નહિ. આજે સમસ્ત રૂઢિજડ સમાજમાં પ્રવર્તી રહી છે તેવી જ હીન ભાવનાનો ભર્યો હું હતો. ઇ. સ. ૧૮૯૯માં પચીશ વર્ષને વયે વડોદરામાં આર્યસમાજનાં પુસ્તકો હું વાંચવા પામ્યો ને ત્યારે મારા સ્મશાનશાન્ત ધર્મ- અને સમાજ-વિચારોમાં સળવળાટ થવા લાગ્યો. ત્યારથી હું જીવન વિષે વિચાર ને ચિંતન કરતો થયો. એક બાજુથી ધર્મભાવનામાં નિરીશ્વર બનતો ચાલ્યો (એનો આછો ઇતિહાસ 'ઈશ્વરનો ઇનકાર' નામે મારા પુસ્તકના મંગળાચરણમાં આપ્યો છે). બીજી બાજુથી સમાજ-ભાવનામાં રૂઢિબંધનોનો ઉચ્છેદક બનતો ચાલ્યો. અનેક વર્ષો સુધી સમાજશુદ્ધિ વિષે મનન ને ચિંતન કરતો રહ્યો, વારવાર તે વિષે લેખો પણ લખતો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક વર્ષોની રખડપટ્ટી પછી ઇ. સ. ૧૯૨૦માં હું મારા કુટુંબ સાથે શાન્તિનિકેતનમાં જઇ રહ્યો. ત્યાં કંઇક સાચી શાન્તિ મળી. અધ્યયન, મનન અને ચિંતન માટે એ શાન્તિ આશીર્વાદરૂપ નીવડી. ત્યાં ધર્મ- અને સમાજ-જીવન વિષે ખૂબ અધ્યયન, મનન અને ચિંતન કર્યું. પરિણામે સ્પષ્ટ લાગ્યું કે માનવજાતિનો પુરુષ પશુજાતિના એ પુરુષ કરતાં પોતાની નારી પ્રત્યે વધારે ક્રૂર અને ભયંકર નીવડ્યો છે, પોતાની કામલોલુપતાને પરિણામે તેનું જીવન રોળી રહ્યો છે. પરિણામે નારીજાતિ પ્રત્યે મારા હૃદયમાં સહાનુભૂતિ ઊગતી થઇ.

એવામાં મારાં આંખકાન ને હૃદય ખોલી નાખે એવો પ્રસંગ શાન્તિ-નિકેતનમાં જ બન્યો. વસંતઋતુના દિવસો એ આશ્રમમાં ખૂબ સુંદર લાગે છે, પ્રકૃતિ પોતાની સોળે કળાએ ખીલી ઊઠે છે. એ દિવસોમાં એક બપોરે જમીને પથારીમાં પડ્યો પડ્યો હું કંઇક વાંચતો હતો. હૃદય ખૂબ સંતોષ અનુભવી રહ્યું હતું. મારાં પત્ની સામે આવીને બેઠાં. અમે બંનેએ ખૂબ આનંદથી વાતો કરવા માંડી. બોલતાં બોલતાં હું બોલ્યો: "ભગવાન છે એમ તો હું માનતો નથી, પુનર્જન્મ છે એમ પણ હું માનતો નથી; પણ જો ભગવાન હોય ને માનવીને એ પુનર્જન્મ આપતો હોય, તો હું તો કહેવાનો છું કે 'મારા ભગવાન, મેં માનવઅવતારમાં બહુ માણ્યું જાણ્યું છે, મેં ખૂબ આનંદ અનુભવ્યો છે, તારી કૃપાએ કશું બાકી રહ્યું નથી; હવે મારે કોઇ અવતાર લેવાની અપેક્ષા રહી નથી. મારા ભગવાન, હવે કૃપા કરીને મને અવતાર આપતો ના.'"

"ના, ના, મારે તો હજી એક અવતાર માગવો છે. મારે પુરુષ થવું છે ને તમે મારી સ્ત્રી થાઓ એવું માગવું છે. અને ત્યારે જ તમને સાચી સમજ પડી શકે કે નારીનો અવતાર કેવોક મજાનો છે!" એ બોલી ઊઠ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે બંને ખડખડ હસી પડ્યાં. તે વારે તો અમે હસીખુશીને જુદાં પડ્યાં, પણ મારા હૃદયને ત્યારે સખ્ત આઘાત લાગ્યો. હું માનતો કે હું મારાં પત્ની પ્રત્યે સર્વ પ્રકારની સમાનતાની દૃષ્ટિએ વર્તું છું, તેમને સર્વ પ્રકારે સમાનતા ને સ્વતંત્રતા છે, મારો સંસાર-વ્યવહાર તો એ જ ચલાવે છે, અનેક વ્યવહારમાં તો મારે એમના ઉપર આધાર રાખવો પડે છે એવો હું અપંગ બની રહ્યો છું; અને છતાંયે એમને આટલી પરતંત્રતા લાગે છે ત્યારે તો મને નારીસ્થિતિનું સાચું ભાન નથી એમ લાગ્યું.

પછી મેં સાચી વસ્તુસ્થિતિનો અભ્યાસ કરવા તેમની સાથે એ વિષે અનેક વાતો કરવા માંડી. અનેક પુસ્તકો પણ જોવા માંડ્યાં. પ્રાચીન હિંદુ સાહિત્ય- અને ધર્મ-ગ્રંથોનું અધ્યયન એ દૃષ્ટિએ કર્યું.

અને ૧૯૩૦માં તો અહિંસાત્મક સ્નેહસંગ્રામ જાગ્યો. જેલમાં જવાનું ભાગ્ય પ્રાપ્ત થયું. મરડાનો રોગ થયાથી લગભગ બધો વખત, છએક માસ, યરોડા જેલના દવાખાનામાં રહેવાનો ને એકાન્તમાં ખૂબ વાંચવા વિચારવાનો પ્રસંગ સાંપડ્યો. તે વારે રામાયણનું લગ્નદૃષ્ટિએ ગંભીર અધ્યયન કર્યું. સ. ૧૯૩૨માં પણ યરોડા જેલમાં જવાનું મળ્યું. પણ આ વખતે સ્થિતિ જુદી જ હતી. ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ, સાબરમતી સત્યાગ્રહ આશ્રમના અધિવાસીઓ, યુનિવર્સિટીના ગ્રેજ્યુએટો અને અંડરગ્રેજ્યુએટો, સમાજનેતાઓ અને સામ્યવાદીઓ, વગેરે સોએક નવશિક્ષિત યુવકો સાથે એક જ તંબુમાં રહેવાનો તથા એમની તેમ જ બીજા તંબુઓના એવા જ યુવકોની સાથે વાતો કરવાનો શુભ પ્રસંગ સાંપડ્યો. એ ચિર-સ્મરણીય વિદ્યાપીઠમાં આઠેક માસ રહ્યો, તે પ્રસંગે મહાભારતનું લગ્નદૃષ્ટિએ ગંભીર અધ્યયન પણ કર્યું ને સાથેના યુવકો સાથે એ વિષે વાતો કરી નવનીત તારવવાના પ્રયત્ન પણ કર્યા. અને અંતે તો એમ જ લાગ્યું કે પ્રાચીન કાળથી જ નારીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિ અવનત થતી આવી છે. કેટલાક પુરાણપ્રિય લોક એમ માને છે કે પૂર્વે સ્ત્રીની સ્થિતિ ઉન્નત હતી, પણ મારા અધ્યયનથી મને તો સ્પષ્ટ જણાયું કે અતિપ્રાચીન કાળથી પુરુષ સ્ત્રીને પોતાની કામવાસનાનું સાધન માનતો આવ્યો છે અને એ હેતુ સિદ્ધ કરવા માટે પોતાને કાંડાબળે તેને દબાવતો આવ્યો છે. યુરોપિયન વગેરે બીજી જાતિઓના ઇતિહાસ જોયા, તો ત્યાં પણ એ જ વસ્તુસ્થિતિ પ્રવર્તેલી દીઠી.

અને અંતે આજે મને એમ જ લાગ્યું કે મને જે વસ્તુસ્થિતિનું દર્શન થયું તે સમાજની સમક્ષ રજુ કરું તો જ માતૃજાતિ પ્રત્યેનું ઋણ કંઇક અદા થાય.

પણ આજે સમાજનો મોટો ભાગ એવો રૂઢિજડ છે કે તે મારી વિચારશ્રેણીને પ્રથમ તો સ્વીકારવાની જ ના પાડે, છતાં યે આગ્રહ કરું તો પ્રમાણો માગે. આટલા માટે મેં સંસ્કૃત અને અંગ્રેજી પુસ્તકોનાં વારંવાર પ્રમાણ આપ્યાં છે. અંગ્રેજી પ્રમાણો વિષે તો કોઇ શંકા કરી શકે એમ જ નથી, પણ સંસ્કૃત પુસ્તકોનાં પ્રમાણ વિષે લોક અનેક શંકા કરે. પોતાને ન ગમતી વાત કોઇ ગ્રંથમાંથી નીકળે તો તેને પ્રક્ષિપ્ત ગણીને કાઢી નાખવાની આપણા લોકને—ખાસ કરીને પંડિતોને—ટેવ પડી છે. એ વિષે કંઇક કહી લેઉં.

રામાયણ, મહાભારત, પુરાણો વગેરે સંસ્કૃત પુસ્તકોમાંની કથાઓ જોઇએ તો લોકકથાઓ હોય, જોઇએ તો ઐતિહાસિક નોંધો હોય, જોઇએ તો તત્ત્વજ્ઞાનનાં રૂપકો હોય; પણ તે બહુ કાળથી હિંદુ-ધર્મનાં પ્રમાણભૂત પુસ્તકો મનાતાં આવ્યાં છે. જોઇએ તો અમુક સમયે અમુક એક લેખકે તેમાંનું એક એક પુસ્તક લખ્યું હોય, જોઇએ તો કાળે કાળે તેની પુનરાવૃત્તિઓ થતી આવતી હોય. જોઇએ તો કાળે કાળે તેમાં અમુક અમુક ભાગ ઉમેરાતા આવતા હોય; પણ એટલું તો સિદ્ધ છે કે તે તે સમયે તે તે મૂળ લેખકોનું કે પુનરાવૃત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનારાઓનું કે ઉમેરા કરનારાઓનું અને સાથે સાથે જ તે ભાગો સ્વીકારી લેનાર પ્રજાના માનસનું પ્રતિબિંબ તેમાં સ્પષ્ટ થાય છે. તે તે કાળે એ લખાણ સત્યરૂપે સ્વીકારાયું હતું. આપણે જે કાળ વિષે વિચાર કરતા હોઇએ તે કાળ તરફ, નહિ કે વર્તમાન કાળ તરફ, દૃષ્ટિ રાખીને નિર્ણય ઉપર આવવું ઘટે. અને સમાજવિકાસના ઇતિહાસમાં તો એવાં અનેક પગથિયાં આવે, જે આજે આપણને અનિષ્ટ લાગે. પણ આપણને આજે અનિષ્ટ લાગતાં એ બધાંને પ્રક્ષિપ્ત ગણીને ફેંકી દેઇએ તો તો આપણી સંસ્કૃતિના કે વિકૃતિના ઇતિહાસને જ ભાગી નાખીએ. આ વિષે આથી વધારે ચર્ચા અહીં અસ્થાને છે.

લગ્નમીમાંસા એ બહુ અટપટો ને વિશાળ પ્રશ્ન છે. લગ્નજીવન, કામમીમાંસા, વગેરે એના અનેક પ્રદેશ વિષે એકેક જુદું પુસ્તક લખી શકાય. પણ આ પુસ્તકમાં તો, પુરુષે પોતાની કામલોલુપતાને તૃપ્ત કરવા માટે લગ્નને નામે સ્ત્રી પ્રત્યે કેવો ભયંકર પ્રપંચ રચ્યો છે, પરિણામે લગ્નની સુંદર ભાવનાના કેમ ભાગીને ભુક્કા કરી નાખ્યા છે અને તેથી સ્ત્રીનો, પોતાનો ને સમસ્ત સમાજનો કેવો ભયંકર વિનિપાત કરી મૂક્યો છે, એની જ ચર્ચા આ પુસ્તકમાં કરી છે. અને તેથી જ પુસ્તકનું નામ 'લગ્નમીમાંસા' નહિ, પણ 'લગ્નપ્રપંચ' રાખવું ઉચિત માન્યું છે.

કોઇ સાચી જ રીતે શંકા કરશે કે માનવસમાજમાં લગ્નની યોજના થઇ હશે. ત્યારથી જ પુરુષે શું લગ્નમાં પ્રપંચની યોજના કરી હશે? ના, નહિ જ; એ તો ધીરે ધીરે જ એનો વિકાસ થયો છે. અંગ્રેજો આ દેશમાં પ્રથમ આવ્યા ત્યારે તો વેપાર કરવાની જ દૃષ્ટિએ આવ્યા હતા, ત્યારે તો આપણને નિર્ધન કરી મૂકીને પોતે ધનવાન થાય એ માટે આપણને દબાવી આપણા ઉપર રાજ્ય કરવાની એમની દૃષ્ટિ નહોતી જ. પણ ધીરે ધીરે સંયોગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળતાં એ દૃષ્ટિ ને ભાવના એમના હૃદયમાં ઊગી નીકળી, અને તેને સફળ કરવા માટે આપણા પ્રત્યે તેઓ યોજનાપૂર્વક પ્રપંચ રચવા લાગ્યા. એ પ્રપંચનો ઇતિહાસ તે હિંદુસ્થાનમાં અંગ્રેજ અમલના વિસ્તારનો ઇતિહાસ. એ જ પ્રકારે આદિ માનવ-સમાજમાં સામાજિક વ્યવસ્થાને હેતુએ લગ્નની યોજના થઇ, ત્યારે તો પુરુષને આટલી કામલોલુપતા ય નહિ હોય, એટલે એ અર્થે સ્ત્રીને પરાધીન બનાવી મૂકવાની તેની દૃષ્ટિ ને યોજના નહિ જ હોય. પણ ધીરે ધીરે તેની કામલોલુપતાની માત્રા વધતાં અને સંયોગો મળતાં એ દૃષ્ટિ ને ભાવના પુરુષના હૃદયમાં ઊગી નીકળી, અને તેને સફળ કરવા માટે સ્ત્રી પ્રત્યે તે યોજનાપૂર્વક પ્રપચ રચવા લાગ્યો. એ પ્રપંચનો ઇતિહાસ તે આ સમગ્ર પુસ્તક.

કોઇ કહેશે : "આજે સ્ત્રી પોતાની પરાધીન સ્થિતિમાં સંતોષ માની રહી છે, ત્યારે એની સમાનતાની ને સ્વતંત્રતાની વાતો શા માટે કરવી? એ એવી સમાનતા ને સ્વતંત્રતા માગે છે જ ક્યાં? ત્યારે એને એવી સળી આપીને શા માટે બહેકાવી મૂકવી?" આવા પ્રશ્ન પૂછનાર માનસને શો ઉત્તર આપવો? કોઇ માણસ રસ્તે જતાં ઠોકરાયો, પડ્યો ને મૂર્ચ્છા પામ્યો. તમે તેના મોં ઉપર પાણી છાંટીને એની મૂર્ચ્છા ટાળવા ને તેને ચેતનમાં લાવવા પ્રયત્ન કરતા હો ત્યારે રસ્તે જનાર તમને કહે: "અત્યારે એ માણસ પોતાની મૂર્ચ્છાંગત સ્થિતિમાં સંતોષ માની રહ્યો છે. ત્યારે એને ચેતનમાં લાવવાના પ્રયત્ન શા માટે કરો છો? એ પોતે ચેતનમાં આવવા ઇચ્છે છે જ ક્યાં? ત્યારે એને પાણી છાંટીને ઊભો શા માટે કરવો?" આ પ્રશ્નોના જેવા જ પ્રપંચપીડિત નારીને તેની અવનત દશામાંથી મુક્ત કરનારને પુછાતા પ્રશ્નો છે. એના શા ઉત્તર આપવા?

પણ એવા પ્રશ્નો પૂછનારના માનસનું પૃથક્કરણ કરતાં એટલું તો સ્પષ્ટ દેખાય છે કે પુરુષ સ્ત્રી પ્રત્યે લગ્નને નામે જે પ્રપંચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને અન્યાય પ્રાચીન કાળથી કરતો આવ્યો છે તે પ્રપંચ અને અન્યાય આ લોક હજી યે ચિરંજીવ રાખવા ઇચ્છી રહ્યા છે. આ પ્રપંચથી ને અન્યાયથી મારું દિલ વારંવાર ઊકળી ઊઠે છે ને એ દિલઉકાળાથી આ પુસ્તકમાં એવા પુરુષો પ્રત્યે, સમસ્ત પુરુષજાતિને નામે, વારંવાર કઠોર વચનો વાપર્યાં છે. મારાથી નથી રહેવાયું ત્યારે જ એવા રીતે કઠોર થયો છું એમ જાણી વાચક ક્ષમા આપશે એવી નમ્રભાવે આશા રાખું છું.

આ પુસ્તક વાંચ્યા પછી કોઇ સ્થિતિશીલ યુવક મને પૂછશે: "મારે તમને એક જ પ્રશ્ન પૂછવો છે. તમે જે બોધ આપ્યો છે અને આદર્શ ચીતર્યો છે, તથા સ્ત્રીજાતિનો જે પક્ષપાત અને શુદ્ધ જીવનની જે હિમાયત કરો છો, તે પ્રમાણે જીવન જીવવા માટે તમે કેટલો પ્રયત્ન કર્યો હતો, અને તેમાં કેટલા સફળ થયા હતા તે કહો. આ વૃદ્ધાવસ્થામાં સૂઝતું ડહાપણ છે કે જીવનભરનો પ્રયત્ન છે?" આનો મારો ઉત્તર આ સુજબ છે: "મારી દૃષ્ટિ ક્યારે અને કેમ ખૂલી તે મેં પાછળ જણાવ્યું છે. તે પહેલાં કોઇએ મારી દૃષ્ટિ ખોલી જ નહોતી; આથી, અર્થાત્, સ્ત્રીજાતિ પ્રત્યે જે અન્યાયો આખો સમાજ કરી રહ્યો છે, તેમાંથી હું પોતાનો અપવાદ કરી શકું નહિ. પણ, એક વાત હું પ્રામાણિકપણે કહી શકું કે ધર્મની બાબતમાં શ્રદ્ધાળુ અને રૂઢિચુસ્ત લોકોમાં સદાચારના જે નિયમો સ્વીકારાયા છે, તે નિયમોનું પાલન કરવા મારો હમેશાં પ્રયત્ન હતો, અને હું સદા યે જિજ્ઞાસુ હોવાથી જ મારું દૃષ્ટિપર્યટન થયું એમ મને લાગે છે. આથી, જો કોઇએ મને સત્યદૃષ્ટિ સુઝાડી હોત, તો સંભવ છે કે આજે હું એમ કહી શકત કે જેની હું આજે હિમાયત કરું છું, તેવું જીવન ગાળવા મેં આટલો પ્રયત્ન કર્યો છે, અને તેમાં આટલો સફળ કે નિષ્ફળ થયો છું. મારા જીવનમાં એ સિદ્ધ ન કરી શક્યો, તેનો મને આજે પશ્ચાત્તાપ થાય છે. અને તમારે એવો પશ્ચાત્તાપ કરવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગ ન આવે, એટલા માટે તો તમને ચેતવું છું." બીજાને અનુભવે ને પશ્ચાત્તાપે ન શીખતાં, સત્ય સમજવા ને શીખવા માટે પોતે જ ઠોકરાઇને પણ અનુભવ કરવાનો આગ્રહ રાખવો એ કંઇ માનવતા નથી. દારૂડિયો ગટરમાં પડી સમજે ત્યારે પશ્ચાત્તાપ કરે, એને અનુભવે ને પશ્ચાત્તાપે ન શીખતાં, સત્ય સમજવા ને શીખવા માટે પોતે દારૂડિયા બની અનુભવ કરવાનો આગ્રહ રાખવો એ તે કંઇ માનવતા છે? એવો આગ્રહ રાખીએ તો માનવજાતિના ત્રણેક લાખ વર્ષના અનુભવથી આપણને મળેલી સંસ્કૃતિનો નાશ થાય ને આપણે વનવાસી જેવા બનીને એકડે એકથી શરૂ કરવું પડે. આશા છે કે એ માનસના યુવકો આટલી વાત સમજશે.

કોઇ કોઇ ગતિશીલ યુવકો, જે નવીનતાના આશ્ચર્યમાં ને મોહમાં મુગ્ધ બની દોડ્યે જ જાય છે, તેમને તો મારા વિચાર પ્રાચીનપુરાણ લાગશે. તે જરા ધીરા પડે, સંસ્કૃતિની પોતાની યોજનાની રૂપરેખા તૈયાર કરે ને પછી પોતાને નવીન માર્ગે દોડતાં શાં પરિણામ આવશે એ વિચારે, એટલી જ મારી તેમને પ્રાર્થના છે.

સ્મશાનદિશાએ વિચરતા વૃદ્ધોને તો આ પુસ્તકના વિચારો જાણવાની અપેક્ષા પણ નહિ હોય. પણ તે ય સમાજજનો તો છે જ. તેઓ આ પુસ્તક વાંચે, વિચારે ને યુવકસમાજને યોગ્ય દિશાએ વાળવા પ્રયત્ન કરે તો સારું.

પણ યુવકસમાજ વિષે તો મને ખૂબ શ્રદ્ધા છે.

આસો સુદિ ૩, ૧૯૯૨ :
મારી ૬૩મી જન્મતિથિ

નરસિંહભાઈ પટેલ
'પાટીદાર'મંદિર, **આણંદ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આભાર દર્શન

'ગંભીર વિચારક, નિઃસ્પૃહ લેખક અને ઉત્કટ શ્રેયાર્થી તરીકે' શ્રી. કિશોરલાલભાઇનું સ્થાન ગુજરાતના સાહિત્યપ્રદેશમાં ઘણે ઊંચે છે, એ તો એમનાં લખાણો ગુજરાતમાં આદરપૂર્વક વંચાય છે એ ઉપરથી પણ સિદ્ધ થાય છે. મિત્રભાવે સહાનુભૂતિ દર્શાવી એમણે આ પુસ્તકનો ઉપોદ્ઘાત અને અંતે મૂકેલો પૂરક અધ્યાય, દોદળે શરીરે ય અને અનેક વ્યવસાયોમાં ય અવકાશ કાઢીને પણ લખી આપ્યો, તે માટે એમનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો.

નાગરીકરણ કરવાની દૃષ્ટિએ એમણે જે વિશિષ્ટ લિપિની યોજના કરી છે તે લિપિનાં બીબાં જે છાપખાનામાં આ પુસ્તક છપાયું છે તે છાપખાનામાં નહિ હોવાથી તે લિપિમાં એમનો ઉપોદ્ઘાત અને પૂરક અધ્યાય છાપી શકાયો નથી તે માટે ખેદ થાય છે.

પુસ્તક ધાર્યા કરતાં ઘણું મોટું થઇ ગયા છતાં, 'પ્રસ્થાન'કાર્યાલયે જે ઉદારતાથી તે સ્વીકાર્યું છે, તે માટે તેના સંચાલક શ્રી. રણછોડજી મિસ્ત્રીનો ઉપકાર માનું છું.

રામનવમી, ૧૯૯૩

નરસિંહભાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'લગ્ન કે પ્રપંચ'

સ. ૧૯૩૧માં 'લગ્નપ્રપંચ' વિષે કેટલાક લેખો 'પાટીદાર'માં લખ્યા હતા, તે લેખો અને તે પૂર્વે 'પાટીદાર'માં એ વિષે જે લેખો લખ્યા હતા તેનું એકીકરણ કરીને 'પ્રસ્થાન' કાર્યાલયે 'લગ્ન કે પ્રપંચ' નામે પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. એ પુસ્તકના ઉપોદ્ઘાતમાં મેં જણાવ્યું છે તેમ આ પુસ્તકનું એ ઉપોદ્ઘાત રૂપે છે. એની કિંમત આઠ આના છે, અને તે એ કાર્યાલયમાં મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

६५ग/३

२०२८८/

સમાવેશ

ખંડ ૧

લગ્નસંસ્થાનો વિકાસ : ૧

અધ્યાય પૃષ્ઠ

૧ વંશવર્ધનની પ્રેરણા ૧

વનસ્પતિમાં પ્રેરણા ૧, પ્રાણીમાં પ્રેરણા ૭.

૨ માનવજાતિમાં લગ્નભાવનાનો ઉદય ૯

લગ્નહીન અવસ્થા ૯, ગણલગ્ન ૧૦, લગ્નભાવનાનો ઉદય ૧૩.

૩ અનેકપતિ લગ્ન ૧૪

કન્યાની અછત ૧૪, કન્યાહત્યા ૧૫, પરિણામે ભાઇઓ વચ્ચે સહિયારી વહૂ ૧૬, વહૂને ઘેર અનેકપતિ ૧૮, પુરુષની સુવાવડ ૧૯.

૪ અનેકપત્ની લગ્ન ૨૧

પશુમાં અનેકપત્ની લગ્ન ૨૧, માનવજાતિમાં અનેકપત્ની લગ્નનાં કારણ: પરિશ્રમને લીધે પુરુષસંખ્યામાં ઘટાડો, યુદ્ધને લીધે પુરુષસંખ્યામાં ઘટાડો, દુષ્કાળ વગેરેથી જનસંખ્યામાં ઘટાડો ૨૩, હેતુ: સ્ત્રીની પાસે મજૂરી કરાવવા, ભાડે આપવા ૨૪, મોટા દેખાવા ૨૫, લહેજત ખાતર, ધર્મની સમ્મતિ: આરબોમાં, ખ્રિસ્તીઓમાં ૨૭, Mormonismમાં ૨૮, માનવીની સ્વાભાવિક પ્રેરણા ૨૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ એકપતિ લગ્ન ૩૦

પશુપંખીમાં એકપતિ લગ્ન ૩૦, કારણો: વાંઢાનો બળાવો, અણમાનિતી સ્ત્રીનો બળવો, નરનારીની સંખ્યાની સમાનતા ૩૨, લગ્ન હજી સ્વાભાવિક નથી થયાં ૩૩.

૬ લગ્નવિધિના પ્રકાર ૩૪

ગુલામી કરીને સ્ત્રી ખરીદવી ૩૪, માલ આપીને ખરીદવી ૩૫, કન્યાહરણ ૩૭, પૈશાચ વિવાહ ૩૮, સ્વયંવર ૩૯.

૭ લગ્નમાં શિથિલતા ૪૧

માનવસમાજમાં લગ્નબંધન પ્રત્યે શિથિલતા, પુરુષ સ્ત્રીને ઉછીની આપે ૪૧, અતિથિને સત્કારમાં આપે, બદલે આપે ૪૩, ભાડે આપે ૪૪, જુગારમાં મૂકે ૪૫, વેચે ૪૬, વારસામાં આપે, લગ્નમાં ભત્રિજાનો અગ્રહક ૪૭, લગ્નબંધનની પુરુષે કરેલી નિષ્ફળતા ૪૮.

૮ લગ્નવિચ્છેદ ૪૯

લગ્નવિચ્છેદનાં કારણ, લગ્નવિચ્છેદ કરવાનો સ્ત્રીને અધિકાર ૪૯, પુરુષને અધિકાર ૫૦, બાઇબલમાં, પ્રાચીન જાતિઓમાં ૫૧, રોમમાં લગ્નવિચ્છેદનો પુરુષને અધિકાર, પ્રાચીન જર્મનીમાં, ફ્રાન્સમાં પુરુષને અધિકાર ૫૨, આધુનિક યુરોપની લગ્નવિચ્છેદ સંબંધે સ્થિતિ ૫૩, ચીનનો રિવાજ, લગ્નવિચ્છેદ કરવામાં સ્ત્રીને અંતરાય ૫૪.

૯ વિધવા ૫૫

વિધવાની અવગતિ ૫૫, વિધવા વારસે ઉતરે, વારસ તેને વેચે, પુત્રવારસ તેને પરણે, મહમદ સાહેબનો તે વિષે નિષેધ ૫૬, સતીની પ્રથા: ન્યુ ઝીલેણ્ડમાં, આફ્રિકામાં ૫૭, ચીનમાં ૫૮, મૃત પતિનું શ્રાદ્ધ, શોકસમય ૫૯, વિધુરનો શોકસમય ૬૦, વિધવાને વારસો, સાધ્વી, રોમમાં પુનર્લગ્ન ૬૧, પછી પાછો નિષેધ, હવે સ્વતંત્રતા ૬૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦ લગ્નક્ષેત્ર ૬૩
બાઇબલમાં આદિલગ્ન ૬૩, લગ્નક્ષેત્રની બે સીમાઓ: આન્તર વર્તુળ ને બાહ્ય વર્તુળ; આન્તર વર્તુળના મૂળમાં, પ્રાચીન જાતિઓમાં માતૃગમન, સ્વસૃગમન, પુત્રીગમન ૬૪, ઓરમાન બેન સાથે લગ્ન ૬૬, ફોઇ સાથે, ભત્રિજી સાથે; આવાં લગ્નનો નિષેધ ૬૭, સાળી સાથે, વારસો સાચવવા માટે આન્તર લગ્ન ૬૮, બાહ્ય લગ્ન, અત્યન્ત બાહ્ય લગ્નનો નિષેધ ૬૯.

૧૧ કુટુમ્બસંસ્થા ૭૦
પખીના માળા ૭૦, નરની બચ્ચાં પ્રત્યે નિર્દયતા, નારીનો સ્નેહ ૭૧, માનવમાતાનો શિશુધર્મ અને પરિણામે ઘર, માતૃગૃહ ૭૨, ઇજિપ્તમાં સ્ત્રીનો પ્રભાવ, ઉત્તર અમેરિકામાં સ્ત્રીનો પ્રભાવ ૭૩, માતૃરાજ્ય, માતાનો વારસો તેની પુત્રીને ૭૪, પિતૃગૃહનો વિકાસ ૭૫, અંતે પિતૃગૃહ ૭૬.

ખંડ ૨

હિંદુ લગ્નસંસ્થાનો વિકાસ : ૭૭

૧૨ હિંદુઓમાં લગ્નભાવનાનો ઉદય ૭૯
હિંદુ કોણ? મહાભારત એટલે હિંદુ સંસ્કૃતિનો સર્વદર્શન-સંગ્રહ, લગ્નહીન અવસ્થા : પાણ્ડુએ આપેલો ઇતિહાસ ૮૦, સામયિક લગ્ન : અપ્સરાઓનું ૮૧, વિશ્વામિત્ર × મેનકા = શકુન્તલા, શરદ્વાન × જાનપદી = કૃપાચાર્ય, ભરદ્વાજ × ઘૃતાચી = દ્રોણાચાર્ય, વ્યાસ × ઘૃતાચી = શુકદેવ ૮૨, ઉર્વશી સાથે એવું સામયિક લગ્ન કરવાની અર્જુનની ના, અર્જુન × ઉલૂપી, પરાશર × મત્સ્યગંધા = વ્યાસ ૮૩, અને છતાં યે એ સ્ત્રીઓની અખંડ કન્યાવસ્થા ૮૪, ગાલવે ગુરુદક્ષિણા પૂરી કરવા રાજકન્યા માધવીને ચાર ઠેકાણે ભાડે આપી ૮૫, ગણલગ્ન ૮૬, ધાર્મિક ગણલગ્ન ૮૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩ અનેકપતિ લગ્ન ૮૯

ધર્મરાજની કથા ૮૯, જટિલા × ૭ ઋષિ, વાર્ક્ષી (મારીષા) × ૧૦ પ્રચેતા, દ્રૌપદી × ૫ પાણ્ડવ ; દરેકનો વારો, કૃષ્ણે કર્ણને પણ દ્રૌપદીને વારામાં આપવાની આપેલી લાલચ ૯૦, લંકામાં, તિબેટમાં અને હિમાલયમાં અનેક ભાઇઓ વચ્ચે એક સહિયારી સ્ત્રી ૯૧, વહૂને ઘેર અનેક પતિ, મલબારના નામ્બુદરી બ્રાહ્મણ અને નાયરમાં અનેકપાત લગ્ન ૯૨, પુરુષની સુવાવડ: પોમલામાં ૯૩, બંગાળામાં, આર્યોમાં ને દ્રાવિડોમાં આ લગ્નસંસ્થાનો સ્વતંત્રભાવે વિકાસ ૯૪.

૧૪ અનેકપત્ની લગ્ન ૯૬

કારણ ૯૬ : પાણ્ડુ × ૨, યયાતિ × ૨ સ્ત્રી ૯૭. કૃષ્ણ × ૧૬૦૦૦ + ૮, બ્રહ્મદત્ત × ૧૦૦. દશરથ × અનેક, રામચંદ્રનો અપવાદ ૯૮, જૈન રામાયણ પ્રમાણે રામ × ૪, લક્ષ્મણ × અનેક, રાવણ × ૬૦૦૦ ખેચર કન્યાઓ ૯૯, હનુમાન × હજારો, ભર્તૃહરિ × ૩૦૦ સ્ત્રીઓ ૧૦૦, બંગાળી કુલીન જમીનદાર × ૧૦૮, બંગાળી મુનસફ × ૬૦, અનેકપત્ની વિષે મહાભારતનું ને મનુસ્મૃતિનું અનુમોદન ૧૦૧, પરિણામ ૧૦૨, ખ્રિસ્તી અને પારસી સમાજોમાં બહુપત્ની લગ્નનો નિષેધ, મુસલમાન ધર્મમાં સીમાબંધન, હિંદુ ધર્મમાં નિરંકુશ બહુપત્ની લગ્ન ૧૦૩.

૧૫ લગ્નવિધિના પ્રકાર ૧૦૪

મનુસ્મૃતિએ અને મહાભારતે બતાવેલા આઠ પ્રકાર, ઊલટો ક્રમ ૧૦૪, રાક્ષસવિવાહ = હરણ, કાશિરાજની કન્યાઓનું, સુભદ્રાનું ને ભદ્રાનું હરણ ૧૦૫, પદ્માનું ને ચંદ્રણખાનું (સૂર્પણખાનું) હરણ, બભ્રુની સ્ત્રીનું ને દ્રૌપદીનું હરણ ૧૦૬, એ વિધિના અવશેષ ક્રિયામાં ને ભાષામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૭, વરહરણ, સ્વયંવર: સીતાનો ૧૦૮, દ્રૌપદીનો ને દમયન્તીનો, શ્રીમાલાનો ને સંયુક્તાનો, ગાન્ધર્વવિવાહ: દુષ્યન્તનો ને રાવણનો ૧૦૯, પરિણામ, આસુરવિવાહ ને આર્ષ વિવાહ, મનુનું વિધાન ૧૧૦, પૈસાને બદલે મજૂરી આપી કન્યા લેવી, લિંબુ ને નાગ જાતિમાં, માવચી જાતિમાં ખંધાડીઆનો રિવાજ ૧૧૧, પ્રાજાપત્ય અથવા ક્ષાત્ર વિવાહ, દૈવ વિવાહ, બ્રાહ્મ વિવાહ = વરવિક્રય, પરિણામ ૧૧૨.

૧૬ પુત્રના પ્રકાર ૧૧૩

(૧) ઔરસ અથવા સ્વયંભૂત, (૨) ક્ષેત્રજ અથવા નિયુક્તજ ૧૧૩, (૩) દત્ત કે દત્તક ૧૧૫, (૪) કૃત્રિમ, (૫) ગૂઢોત્પન્ન અથવા ગૂઢજ, (૬) અપવિદ્ધ. (૭) કાનીન ૧૧૬, (૮) સહોઢ અથવા અધ્યૂઢ, (૯) ક્રીત અથવા ક્રીતક, (૧૦) પૌનર્ભવ, (૧૧) સ્વયંદત્ત અથવા કૃત્રિમ, (૧૨) પારશવ અથવા શૌદ્ર ૧૧૭, (૧૩) પ્રસૂતજ, (૧૪) પ્રણીત, (૧૫) પુત્રિક ૧૨૮, (૧૬) પરિક્રીત, (૧૭) જ્ઞાતિરેતા, (૧૮) દ્વામુષ્યાયણ, (૧૯) કુંડ, (૨૦) ગોલક ૧૧૯, અને બીજા મનુએ વર્ણ-વેલા ૧૨૦.

૧૭ લગ્નશિથિલતા ૧૨૧

પુણ્ય વહોરવા સ્ત્રીનું દાન કરે ૧૨૧, મોસાળામાં ૧૨૨, કામપીડિત મિત્રને આપે, અતિથિસત્કારમાં સ્ત્રી આપે ૧૨૩, સ્તુતિ કરનારને સ્ત્રી આપી દે, ખુશ કરનારને, કામ કરી આપનારને આપી દે ૧૨૪, ભાડે આપે, લાંચલાલચમાં આપવાનું કહે, જુગારમાં મૂકે ૧૨૫, લગ્નનો ઇનકાર કરે, પરણાવેલી કન્યાને ફરી પરણાવે, વેચી નાખે, અને છતાં ય તેના ઉપર હક ૧૨૭, પરણેલી સ્ત્રીને રજા આપે, કાઢી મૂકે ૧૨૮, શત્રુ હરી જાય તે સ્ત્રી ઉપર હક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ, સ્ત્રીઓ પંડે પણ ચાલી જાય ૧૨૯, વ્યભિચારનું વિધાન, તેને માટે મનુની સજા ૧૩૦, વિવાહ તે વિકાર જ ગણાતો ૧૩૧, આપણું મિથ્યાભિમાન ૧૩૨.

૧૮ લગ્નવિચ્છેદ અને વિધવાવિવાહ ૧૩૩

મહાભારત, મનુ ને પરાશરનાં વિધાન ૧૩૩, પ્રદ્વેષીએ કરેલો લગ્નવિચ્છેદ ૧૩૪, માદ્રીને તેના પતિ વિશ્વતરની લગ્નવિચ્છેદ માટે પરવાનગી, વેદમાં પરવાનગી, વિધવા-વિવાહ વિષે સ્મૃતિની સમ્મતિ ૧૩૫, નાગપુત્રીનું પુનર્લગ્ન, દમયંતીનો પ્રયોગ, દિયેરવટું ૧૩૬, બૌદ્ધકાળમાં વિધવાની સ્થિતિ ૧૩૭.

૧૯ લગ્નક્ષેત્ર ૧૩૮

સ્વસૃલગ્ન ૧૩૮, જૈન યુગલીઆં ૧૩૯, પુત્રીલગ્ન, મામા-ફોઇનાં સંતાનનાં લગ્ન ૧૪૦, લગ્નવર્તુળની બાહ્ય સીમા તરફ, સગોત્ર સપિંડ લગ્નનો નિષેધ, વિવર્ણ લગ્ન : પ્રતિ-લોમ, અનુલોમ, શૂદ્ર કન્યા સાથે ૧૪૨, મધ્ય કાળમાં અનુલોમ લગ્ન ૧૪૩, પછી સવર્ણ લગ્ન, દુહિતા ૧૪૪, સુજનનની દૃષ્ટિએ લગ્નક્ષેત્ર, કુળની ઉત્પત્તિ ને પરિણામ ૧૪૫.

૨૦ નારીની અવમાનના ૧૪૬

લગ્નક્રિયામાં નીચું પદ, પતિ એ જ દેવ ૧૪૬, સ્ત્રી અનેક પ્રકારે સેવિકા, સ્ત્રીધર્મ ૧૪૭, નારી પટામણી, દુર્યોધનની નિર્લજ્જતા, નારીનિંદા ૧૪૯, નારીસ્વભાવ ૧૫૧, નારીને વશ રાખવાના ઉપાય, મનુની આજ્ઞાપત્રિકા ૧૫૩.

૨૧ નારીની પ્રતિષ્ઠા ૧૫૪

સ્મૃતિમાં નારીપ્રતિષ્ઠા ૧૫૫, મહાભારતમાં ૧૫૬, બીજા ગ્રંથોમાં, બૌદ્ધ અને જૈન સંપ્રદાયોમાં ૧૫૮, શાક્ત સંપ્રદાયમાં, જાતકોમાં અવમાનના ૧૫૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨ પ્રાચીનકાળે હિંદુ નારીની સ્થિતિ ૧૬૧
કેટલીક વિરલ સ્ત્રીઓના અપવાદ વિના એકંદરે તે કાળે નારીજનની સ્થિતિ ઉન્નત ન હતી, તે પુરુષની મિલકત જ હતી ૧૬૧, તેને પડદો પાળવો પડતો, પતિને વફાદાર કરવા વશીકરણ વિદ્યા શીખતી ૧૬૨, વસ્ત્રાલંકારની રસિયણ હતી, વિહારસ્થાનોમાં ક્રીડા કરવા જતી ૧૬૩, દારૂ પીતી, મદિરામત્ત પુરુષોની નિર્લજ્જતા સહન કરવી પડતી, માબાપ બાળકોનાં લગ્ન કરતાં ૧૬૪, ઉમરે આવેલાં વરકન્યા તેથી નાશી જઇને ગાન્ધર્વલગ્ન કરતાં, બાળલગ્નનો પ્રચાર ૧૬૫, કન્યાકેળવણીનો અભાવ, છતાં ઘેર ભણવાની વ્યવસ્થા, ભણવાના વિષયો ૧૬૬, ગણિકા, કન્યાનાં વ્રત ૧૬૭, સ્ત્રીનું કાર્યક્ષેત્ર ઘર, ઘરનું સૌ કામ તે કરતી, પ્રભાવશાળી સ્ત્રીઓના અપવાદ ૧૬૮, વિધવાની સ્થિતિ, સતી થવાનો ચાલ ૧૭૦, વિધવા વાળ રાખતી, સ્ત્રીઓ સંન્યસ્ત લેઇ શકતી, મરણ પાછળ રોતીકૂટતી ૧૭૧, સ્ત્રીની આર્થિક પરાધીનતા, એકંદરે નારીની પરાધીનતા ૧૭૨.

ખંડ ૩

પુરુષની કામલોલુપતા : ૧૭૩

૨૩ સંવનન ૧૭૫
વંશવર્ધનની પ્રેરણા, પ્રેરણાની પ્રબળતા ૧૭૫, નરનું સંવનન, નારીને રિઝવવાના ઉપાય ૧૭૬, નરનું ગાન અને નૃત્ય, એક નારી માટે અનેક નરનું યુદ્ધ ૧૭૭, નારીનું સંવનન ૧૭૮, કામકુંજની રચના, કામવાસનાની શિથિલતા ૧૭૯, નરમાં કામવાસનાનો વધારે વિકાસ, તિરસ્કાર ૧૮૦, સંવનનને પરિણામે શરીરનાં અંગોમાં વિકાસ ૧૮૧, સુંદર કોણ, નર કે નારી ? સૌન્દર્યમાં નરનારીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પર્ધા ૧૮૨, સ્વાભાવિક પ્રેરણા, વિકાસથી કે વિકારથી આહારને બદલે ભોજન અને સંયોગને બદલે સંભોગ ૧૮૩, બળવાન નરને કાંડાબળે નારીની આ વિષયમાં પણ પરાધીનતા ને ત્યારથી જ લગ્નપ્રપંચ ૧૮૪.

૨૪ વસ્ત્રાલંકાર ૧૮૬

પ્રાચીનકાળે નગ્નતા ૧૮૬, વર્તમાનકાળે ૧૮૭, માનવીની અવનતિનો આરંભ, ચામડાં ઓઢવાં ને શરીર રંગવાં ૧૮૮, વસ્ત્રની શોધ, શરીર-રક્ષણ અને -શોભા માટે વસ્ત્રનો ઉપયોગ, સીવવાની શોધ, વસ્ત્રના ઘાટમાં વિકાસ ૧૮૯, સુરવાળ, ચોળી ૧૯૦, પાઘડી, ગરમ ને રેશમી વસ્ત્ર ૧૯૧, પાટલૂન, માથાના વાળની શોભા ૧૯૨, ધાતુનાં આભૂષણ, હુએન્તસંગનું વર્ણન, સ્ત્રીની રૂપસામગ્રી ૧૯૩, પુરુષે સ્ત્રીને શણગારી, પણ તેથી ઇર્ષ્યા જન્મી ૧૯૪, પરિણામે પડદો, છતાં નિષ્ફળતા, વસ્ત્રને પરિણામે કામવાસનાની જાગૃતિ ૧૯૫, એ વિષે અનુભવ, ત્યારે નગ્નતા એ સાચો ઉપાય, સમાજમાં નગ્નતા વિષેની લાજ ખૂબ કેળવાઇ છે, પણ હવે પ્રકૃતિમાતાને ખોળે પાછા જવાની વૃત્તિ, યુરોપ – અમેરિકામાં નગ્ન નરનારીનાં સંસ્થાનો ૧૯૬, પણ સામાન્ય જનસમાજની જડભાવના ને તેનું પરિણામ, અલંકાર વિષે ગાંધીજી, કાળિદાસ ૧૯૮.

૨૫ કામકલા ૧૯૯

સ્નેહનો વિકાસ કે વિકાર તે મોહ ૧૯૯, कलाનો શબ્દાર્થ, सत्यम् शिवम् सुन्दरम्। વિદ્વાનોનું અનુમોદન ૨૦૦, લોકકવિ ૧૮૩, સૌન્દર્ય દેહનું નહિ પણ આત્માનું ૨૦૧, આત્માની પ્રતિકૃતિઓ ૨૦૨, નૈસર્ગિક કલા ૨૦૩, પ્રાણીમાં હજી યે નૈસર્ગિક કલા ૨૦૪, કલા ભોગવાસના માટે નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કલ્યાણ માટે, સંસ્કૃત સમાજમાં કલાવિકાર, નૈસર્ગિક રુચિ, કામોદ્દીપક કલા ૨૦૫, કવિઓ, કામકાવ્યો ૨૦૬, ગરબા, રાસ, નૃત્ય ૨૦૭, કામચિત્રો ૨૦૮, નગ્ન નમુના ૨૦૯, સીનેમા, નગ્ન ફીલ્મ કેમ બનાવે છે ૨૧૦, નવલકથાઓ ને નાટકો ૨૧૧, પુરુષની મદનસુંદરી ૨૧૨, કલામાં દૃષ્ટિભેદ, હીનયાન ને મહાયાન ૨૧૩, ઇતિહાસ ને કળા, કાળિદાસ ને ભવભૂતિ, વગેરે ૨૧૪, રુશિયાનો ઉન્નત દિશાએ સંચાર ૨૧૫.

૨૬ પુરુષની કામલોલુપતા ૨૧૬

સંયમી જીવનથી વંશવર્ધન, આજે તે નથી ૨૧૬, પુરુષ વધારે કામલોલુપ, છતાં સ્ત્રીને દોષ દે છે ૨૧૭, રાજા ભંગાસ્વનની કથા ૨૧૯, ઋષિકન્યાની કથા, સ્ત્રીને લગ્નની આજ્ઞા ૨૨૦, ટૉલ્સ્ટૉયનું કથન ૨૨૧. કામલોલુપપુરુષની સ્ત્રીને પજવણી ૨૨૨, કવિ ગોએતેની, રાજા દશરથની, ગોસાંઇજી મહારાજની કામલોલુપતા ૨૨૩, ફૂલમણિનો નાશ ૨૨૪, વાજીકરણ, સ્ત્રીનો કંટાળો ને ચડભડાટ ૨૨૫, તેની આત્મ-હત્યા, પુરુષનો વ્યભિચાર ૨૨૬.

૨૭ द्वारं किमेकं नरकस्य नारी ? ૨૨૮

નારીજનનું અપમાન ૨૨૮, પુરુષની કામલોલુપતામાં સ્ત્રીનો હિસ્સો, તેની ગુલામગીરીને પરિણામે ૨૨૯, પુરુષનો ઊલટો આરોપ ૨૨૯, તેમાં રહેલું અસત્ય ૨૩૦, સ્વાદિષ્ટ ભોજન, બીજા આકર્ષક પદાર્થનું આકર્ષણ ૨૩૧, કામ-કલાનો ઓપ ૨૦૬, સ્ત્રીને આકર્ષક બનાવવાના પ્રયત્ન ૨૩૨, પછી તેને અપાતાં કામોદ્દીપક નામ ૨૩૩, દાસી બિચારી પુરુષની કામસામગ્રી બની રહે ૨૩૪, સ્ત્રીને સમજાવવા ગાંધીજીનું કથન, જુવાની ગયે સ્ત્રીએ કાઢવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડવાના ઉદ્ગાર ૨૩૫, નારીપ્રતિષ્ઠાની જુઠી ને સાચી પૂજા, સ્ત્રીએ બંડ કર્યા વિના છૂટવાનો માર્ગ નથી ૨૩૬.

૨૮ વિધવા ૨૩૭

વિધાતા અને વિધવા, વિધવા શબ્દનો અર્થ ૨૩૭, લગ્ન સંસ્થાની પૂર્વે વિધવાનો અભાવ ૨૧૨, પુત્રને ને દિયેરને વારસામાં વિધવા ૨૩૮, સતી, કેશવપન, પુરુષના લગ્ન વિષે સર્વે અધિકાર સ્વાધીન ૨૩૯, સ્ત્રીના સર્વે અધિકાર પરાધીન, પરિણામે સમાજમાં વિધવાની સંખ્યા ૨૪૦, પરિણામે સામાજિક દુરાચાર ૨૪૧, વિધુર-લગ્ન, વિધવાના મન ઉપર અસર ૨૪૨, કવિ નાનાલાલનું કથન, વિધવાઓ કામલોલુપ પુરુષોની અમાનત સેના ૨૧૭, પરિણામે વિધવાની અવદશા ૨૪૩, મહાપુરુષોની કામલોલુપતા : ગોએતે. ટૉલ્સ્ટૉય, ઋષિમુનિઓ, કલાપીનું આશ્વાસન ૨૪૪, મહાત્માજીના ને ભર્તૃહરિના અનુભવ ૨૪૫, ગીતાનો અભિપ્રાય ૨૪૬, વિધવા અને બ્રહ્મચર્ય, તે પાળવા અશક્ત વિધવા ઉપર સમાજનો જુલમ ૨૪૭, એમ રિબાતી એક વિધવા એનનું બંડ ને ઉદ્ગાર ૨૪૮, આ અવદશાનો સાચો ઉપાય ૨૪૯, એનોનો ધર્મ ૨૫૦.

૨૯ વેશ્યા ૨૫૧

ગણલગ્નની ગણિકા ૨૫૧, અનેકપતિ લગ્નની સ્ત્રી, લગ્નહીન સ્ત્રી, વેશ્યા વગેરે શબ્દોના અર્થ, વેશ્યાસસ્થા ૨૫૨, ભૈરવીચક્ર, કુશળ વેશ્યાઓનાં સમાજમાં માન ૨૫૩, યુદ્ધોથી વેશ્યાવૃત્તિને વેગ, ચીનની ચા-દુકાનો ૨૫૪, જાપાનમાં પિતાનો વેપાર, ગુજરાતમાં ગંધ્રપ, જાગરી ૨૫૫, લશ્કરમાં વેશ્યાઓ, ધાર્મિક વેશ્યાસંસ્થાઓ : બાબિલોનિયામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫૭. આર્મિનિયામાં ૨૫૮, હિંદુસ્થાનમાં; ધર્મગુરુઓને સંતોષવા વેશ્યાવૃત્તિ: યુરોપમાં, હિંદુસ્તાનમાં ૨૫૯. કામબોડિયામાં, ગોસાંઇજી મહારાજો, શિવપુરાણની લિંગપૂજા ને ગ્રીસની Phallus-પૂજા ૨૬૦, રાજપુરુષોને સંતોષવા વેશ્યાવૃત્તિ: આફ્રિકામાં, ન્યુ ઝીલેંડમાં, ન્યુ મેક્સિકોમાં, યુરોપમાં ૨૬૧, હિંદુસ્થાનમાં પ્રાચીન કાળે ૨૬૨, આજે કલકત્તામાં વેશ્યાસંખ્યા, વેશ્યાવૃત્તિનાં કારણો: (૧) સ્ત્રી વિના પુરુષોનો નગરવાસ અને લગ્નવ્યવસ્થાની દુરવસ્થા, (૨) બળાત્કારે વૈધવ્ય ૨૬૩, (૩) હિંદુ સ્ત્રીઓ વટલાયાથી ત્યાજ્ય ગણાય, (૪) સ્ત્રીની આર્થિક પરાધીનતા ૨૬૪, રખાત પ્રાચીનકાળથી ૨૬૭. યુરોપમાં સંસારીઓની અને સાધુઓની રખાતો ૨૬૮, હિંદુસ્તાનના સાધુઓની ને આચાર્યોની રખાતો, વેશ્યાસંસ્થાનું ભવિષ્ય ૨૬૯.

૩૦ વ્યભિચાર ૨૭૧

લગ્ન નહિ તો વ્યભિચાર પણ નહિ એ સ્વાભાવિક સ્થિતિ, લગ્નના ઉદય સાથે જ વ્યભિચારનો ઉદય, પુરુષ સ્ત્રીનો માલેક હોવાથી સ્ત્રીનો વ્યભિચાર એ અપરાધ. તેથી સ્ત્રીને અને તેના જારને સજા ૨૭૧, પતિને વ્યભિચાર માટે સજાનો એક અપવાદ ૨૭૩, લગ્નશિથિલતામાં ઓછી સજા, લગ્નજડતામાં વધારે સજા ૨૭૪. સ્ત્રીને વિરૂપ બનાવવાની સજા નિર્લજ્જ સજા, ભયંકર સજા ૨૭૫, મનુની સજા, જારને મારી નાખવાની સજા, અમેરિકામાં Lynching ૨૭૭, સ્ત્રીની પદવી પ્રમાણે સજા, પુરુષની પદવી પ્રમાણે મનુની સજા ૨૭૮, મનુની ભયંકર સજા ૨૭૯, ચીનમાં સજા, કાળના વહેવા સાથે નરમ પડતી સજા ૨૮૦, હિંદી ફોજદારી કાયદામાં પુરુષને સજા ને સ્ત્રીની માનેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્દોષતા, મહાભારતે પણ માનેલી સ્ત્રીની નિર્દોષતા ૨૮૧, ક્રાઇસ્ટનું આત્મપરીક્ષણ ૨૮૨, અધ્યાયનું તાત્પર્ય ૨૮૩

ખંડ ૪

સંતતિનિરોધ : ૨૮૫

૩૧ પુત્રૈષણા ૨૮૭

વંશવર્ધનની સ્વાભાવિક પ્રેરણા ૨૮૭, સંસારમાં જતા શિષ્યને ગુરુનો ઉપદેશ ૨૮૮, પુરુષસંખ્યાની ક્ષતિને કારણે માનવજાતિમાં પુત્રૈષણા, આર્યોમાં પુત્રૈષણા ૨૮૯, જરત્કારુની કથા ૨૯૦, મનુનું વિધાન, પ્રજા વધારવાના નવા સાંસ્થાનિકોના ઉપાય ૨૯૧, દત્તકપુત્ર લેવાની ને નિયોગ કરવાની પ્રણાલી, આજે યુરોપિયનોના પ્રજા વધારવાના ઉપાય ૨૯૨.

૩૨ નિયોગ ૨૯૪

બાઇબલમાં નિયોગનું (Levirateનું) વિધાન ૨૯૪, તામારનો પોતાના દિયેર એર સાથે ૨૮૫, યાકુબનો દાસીઓ સાથે, તામારનો પોતાના સસરા સાથે ૨૯૬, લોટનો પોતાની પુત્રીઓ સાથે નિયોગ ૨૯૭, પ્રાચીન ગ્રીસમાં ૨૯૮, ને રોમમાં નિયોગની પ્રણાલી, પ્રાચીન આર્યોમાં નિયોગ, ઋગ્વેદમાં ને મનુસ્મૃતિમાં વિધવાને નિયોગનું વિધાન ૨૯૯, નિયોગથી ઉત્પન્ન થએલા ક્ષેત્રજ પુત્રને પિતાના ધનનો અધિકાર, ક્ષત્રિયાણીઓનો બ્રાહ્મણો સાથે અંબિકા ને અંબાલિકાનો નિયોગ ૩૦૦, સધવાના નિયોગનું ઋગ્વેદમાં વિધાન ૩૦૧, સુદેષ્ણાનો દીર્ઘતમા સાથે ૩૦૨, કુન્તીનો ને માદ્રીનો જુદા જુદા પુરુષો સાથે નિયોગ, આજે જુદી જુદી પ્રજાઓમાં પ્રવર્તતી નિયોગની પ્રણાલી ૩૦૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩ અતિવસતિ ૩૦૫

પ્રાણી- અને માનવ-જાતિનું જીવનસીમા સુધી વર્ધન, હર્શલની ગણતરી ૩૦૫, સ્વાર્થવૃત્તિએ યુદ્ધો ૩૦૬, અતિવસતિની ભ્રમણાથી સંતતિનિયમનની યોજના, હિંદુસ્થાનના વસતિપ્રમાણનું બીજા દેશોનાની સાથે તુલના ૩૦૭, વસતિના વધારાની તુલના ૩૦૮, વસતિના પ્રમાણ સાથે સમૃદ્ધિના પ્રમાણને સંબંધ, મો. બ્યુરોનો મત ૩૦૯, બર્નાર્ડ શૅાનો ને પ્રિન્સ ક્રોપોટ્કિનનો મત ૩૧૦, હિંદુસ્થાનની ખેતીની અવદશા ૩૧૧, પરિણામે ખેડૂત ભાગી થતો મજૂર, યંત્રવાદથી મજુરોની અવદશા ૩૧૨, હિંદુસ્થાનની માણસ દીઠ પેદાશની તુલના બીજા દેશોની સાથે ૩૧૩, પરિણામે આયુક્ષયની પણ તુલના ૩૧૪, ત્યારે અતિવસતિ થએલી માત્ર ભ્રમણા જ છે, એ પરિણામ આણ્યું છે ધનવાનોએ ૩૧૫, પ્રભુલોક જ પોતાની ધનલોલુપતાના હેતુએ દાસલોકને નાગા ને ભૂખ્યા રાખે છે ૩૧૬, આનો ઉપાય ધનની ને જમીનની સરખી વહેંચણી જ છે ૩૧૭, છતાં યે ગરીબોએ પોતાની સ્થિતિ સમજી ચેતવું ઘટે અને પોતાની કામલોલુપતા ઉપર સંયમ રાખીને વસતિ વધવા ન દેવી ઘટે ૩૧૮, માનવીએ ચેતવું ઘટે ૩૧૯.

૩૪ સંતતિનિરોધ ૩૨૦

સંતતિનિયમનની જરૂર, ઉપનિષદમાં નિરોધનું વિધાન ૩૨૦, મહાભારતમાં ઉદાહરણ ૩૨૧, બાઇબલમાં ઉદાહરણ, અર્વાચીન કાળે કામલોલુપતાની તૃપ્તિના હેતુએ ૩૨૨, આપણી સ્વાદલોલુપતા ૩૨૩, કામલોલુપતાનો અતિરેક ૩૨૪, કૃત્રિમ ઉપાયો, માતાનું વાત્સલ્ય ૩૨૫, એનો અણગમો, અને આત્મપ્રવંચના ૩૨૬, સ્ત્રીસભાના ઠરાવ ૩૨૭ સ્ત્રીની,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધવાની ને બાળવધૂની દયા ખાવાનો પુરુષનો દંભ ૩૨૮, કૃત્રિમ સાધનોને સ્વાભાવિક મનાવવાનો પ્રયાસ, બે-જવાબદાર વિષયવિલાસ, પરિણામ ૩૨૯, સ્ત્રીની ગભરામણ, પુરુષની અશક્તિ ને સ્ત્રીની કામવાસના, પરિણામ ૩૩૦, હેવલૉક ઍલીસનો અભિપ્રાય ૩૩૧, Civilization નહિ, પણ Syhilization, સ્ત્રીને વધારે હાનિ, ગર્ભપાત ૩૩૨, અને બીજા અનાચાર, માનસિક વિકૃતિ વાળાં બાળકનો વધારો, ધર્મનાશ ૩૩૩, सुख અને कल्याण, બ્રહ્મચર્ય માંસભક્ષણના ત્યાગની પેઠે અસાધ્ય નથી, દુઃસાધ્ય છે, અભ્યાસે સુસાધ્ય છે ૩૩૪, सत्यं वद્ની પેઠે બ્રહ્મચર્ય એ જ આદર્શ, વિઘ્નો આવ્યા છતાં એ જ દિશાએ પ્રયાણ કરવું ઘટે, પશુ ને માનવીમાં ભેદ ૩૩૫, સંયમનું ને બ્રહ્મચર્યનું વાતાવરણ પ્રવર્તાવવું ઘટે ૩૩૬, બ્રહ્મચર્યના લાભ, સ્ત્રીઓએ સાચી વાત સમજવી ઘટે ૩૩૭, અનિષ્ટ લોકનું ષંઢીકરણ ૩૩૮.

ખંડ ૫

નારીની પરાધીનતા : ૩૪૧

૩૫ લગ્નમાં નારીની પરાધીનતા ૩૪૩

આદિ માનવયુગમાં નારીની સ્વાધીનતા, માતૃગૃહમાં પણ સ્વાધીનતા ૩૪૩, પિતૃગૃહમાં તેની પરાધીનતાની શરૂઆત, કારણકે પિતૃગૃહમાં પિતાનો વારસો પુત્રીને નહિ પણ પુત્રને મળે ૩૪૪, હિંદુ પિતૃગૃહમાં લગ્નમાં પિતાના અધિકાર વિષે મહાભારત ૩૪૫, કન્યાએ પરણવું જ પડે, પિતા પોતાની માલકીની પુત્રીનું દાન કરે – કન્યાદાન ૩૪૬, પ્રાચીન ગ્રીકો તેને વારસામાં આપતા, કન્યાવિક્રયને લીધે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કજોડાં ને તેથી વૈધવ્ય; પૈસાને બળે વરવિક્રય કરતાં કન્યાવિક્રયમાં કન્યાને સુખ ૩૪૭, પૈસાને બળે સત્તા ભોગવતી સ્ત્રીઓનો અપવાદ ૩૪૮, લગ્નવિધિમાં કન્યાની પરાધીનતા ૩૪૯, એકંદરે નારી નિર્બળ હોવાથી એની પરાધીનતા, ગૅલીકનનો અભિપ્રાય, પૈસાથી ને કાયદાથી એનું રક્ષણ, પણ એના પોતાના આત્મનિર્ણયથી સાચું રક્ષણ ૩૫૦, મહાભારતની ભવિષ્યવાણી ૩૫૧.

૩૬ કુટુંબસંસ્થામાં ૩૫૨

કુટુંબસંસ્થાનો વિકાસ, અનેકપતિ લગ્નમાં માતૃગૃહ ૩૫૨, બંગાળની જાતિઓમાં ૩૫૩, મલબારના નાયરોમાં અનેક-પતિ લગ્ન ૩૫૪, લખદીવનો સુલતાન ઇંગ્લૅણ્ડની રાણીનો પતિ! દેવીપૂજાનું મૂળ ૩૫૫, મહાભારતમાં ભાણેજને વારસો, વારસામાં માએ ભાગ ૩૫૬, પુત્રને વારસો મળતાં પુત્રીની–નારીની અવગણના, અનેક ભાઇઓ વચ્ચે એક સ્ત્રી હોય ત્યાં પણ પુત્રને વારસો, આર્યોની એકપતિલગ્ન સંસ્થા ૩૫૭, દંપતી, અનેકપત્ની લગ્ન ખેતીના વ્યવસાય માટે અનેકપત્ની લગ્ન, ગોત્રસંસ્થા – સંયુક્ત કુટુંબસંસ્થાનો ઉદય ૩૫૮, એ સંસ્થામાં ગૃહપતિની સત્તા, સ્ત્રીની પરાધીનતામાં વધારો ૩૬૦, સ્ત્રીની અવદશા ૩૬૧, પડદો, બાળલગ્ન ૩૬૨, એના લાભાલાભ ૩૬૩, સંયુક્ત કુટુંબમાં વિધવાનું સ્થાન ૩૬૪, એ સંસ્થાની આજે વૃદ્ધાવસ્થા, ગૃહપતિની આંધળી સત્તા ૩૬૫, વિધવાની અવદશા, એ સંસ્થા એદીખાનું ૩૬૬, ને કજિયાખાનું બની ગઇ છે ૩૬૭, એના પ્રત્યે યુવાન વર્ગની અવમાનના, વ્યક્તિસ્વાતંત્ર્ય, સ્નેહલગ્ન; કમાણી માટે પરદેશ જવાથી હવે સંયુક્ત કુટુંબ તૂટતું જાય છે, વિભક્ત કુટુંબ બનતું જાય છે ૩૬૮, લાભાલાભ, સ્ત્રીની સ્થિતિ ૩૬૯,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધવા, નિર્બળ ને અપંગની સ્થિતિ ૩૭૦, સંયુક્ત ને વિભાક્ત કુટુંબની તુલના, કુટુંબસંસ્થાનો હવેનો વિકાસ ૩૭૧, નારીજનનો સ્વાતંત્ર્યસંગ્રામ ૩૭૨, માતૃગૃહ ઇષ્ટ છે, એથી સંતાનની દૃષ્ટિએ લગ્ન થશે, પુત્રપુત્રીને સમાન કેળવણી અપાશે ૩૭૩, કુળસંસ્કારનું સાતત્ય સારી રીતે સચવાશે, માતૃકુલમાં પણ વિભક્ત કુટુંબ ભાવનાશીલ કરતાં સંયુક્ત કુટુંબ હિતજનક હશે ૩૭૪.

૩૭ લગ્નવય **૩૭૫**

બાળલગ્નનાં કારણ ૩૭૫, આર્યોમાં બાળલગ્નનો વૈદ્યકીય દૃષ્ટિએ નિષેધ, છતાં બાળલગ્ન ૩૭૬, સ્મૃતિઓમાં વિધાન ૩૭૭, રામનું બાળલગ્ન ૩૭૮, બૌદ્ધકાળમાં ૧૬ : ૧૬ લગ્નવય, રાની પરજમાં સમાન વય, બાળલગ્ન, ગર્ભલગ્ન ૩૭૯, યુરોપનાં બાળલગ્ન ૩૮૦, બાળલગ્ન કરતાં કજોડાંથી સ્ત્રીને વધારે હાનિ ૩૮૧, યુરોપનાં કજોડાં, વર મોટો – કન્યા નાની ૩૮૨, વર નાનો – કન્યા મોટી ૩૮૩, પરિણામ, રેરૂી લોકમાં વર નાનો – કન્યા મોટી, યુરોપમાં શુદ્ધ ભાવનાએ વૃદ્ધલગ્ન ૩૮૪, હિંદમાં સાઢા ૭ વર્ષની બાળમાતા ૩૮૫, વરકન્યાનાં ૨૫ : ૧૬ વર્ષની ઉમરે લગ્ન થવાથી કન્યાને હાનિ ૩૮૬, એકંદરે હાનિ ૩૮૭, સમાન વયનાં લગ્ન ઇષ્ટ છે, શાસ્ત્રજડ ને રૂઢિજડ લોકનો વિરોધ, વૈદ્યકશાસ્ત્રીનો વિરોધ ૩૮૮, જુદી જુદી જાતિની કન્યાની ઋતુપ્રાપ્તિની ઉમર, ઋતુપ્રાપ્તિ ઉપર હવામાન ને સામાજિક વાતવરણની અસર ૩૮૯, પશુપંખીમાં સમાન વયે પકવતા ને લગ્ન ૩૯૧, પ્રાકૃત પ્રજાઓમાં પણ એમ જ, એ સર્વ ઉપરથી નિર્ણય થઇ શકે કે ૨૦ : ૨૦ વર્ષથી ઉમરે લગ્ન થાય તે ઇષ્ટ છે ૩૯૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮ ઘૂમટો ૩૯૪

પ્રકટ અને ગુપ્ત કાર્ય, પ્રાર્થના વગેરે એકાન્તમાં, ગંદાં કાર્ય એકાન્તમાં કે ગુપ્તમાં ૩૯૪, વિલાસની ક્રિયાઓ ગુપ્તમાં, આફ્રિકાના વનવાસી સંયોગને વિલાસ નહિ, પણ સ્વાભાવિક ક્રિયા માને છે તેથી ગુપ્તિ પાળતા નથી ૩૯૫, આપણે વિલાસ માનીએ છીએ માટે ગુપ્તિ પાળીએ છીએ, એ વિષે ટૉલ્સ્ટૉય ૩૯૬, ધનની વિષમ વહેંચણીથી બીજી ક્રિયાઓ વિષે ગુપ્તિ ૩૯૮, લગ્નની વિષમતાને – અનેકપત્ની લગ્નને – પરિણામે શંકા ને ઇર્ષ્યા, પરિણામે ઘૂમટો, તે વિષે લેતૂર્નો ૩૯૯, યાહુદીઓમાં ઘૂમટો, ખ્રિસ્તીઓમાં એ રિવાજનો અવશેષ ૪૦૦, આરબોમાં ઘૂમટો, હિંદુઓમાં ૪૦૧, વેદમાં, રામાયણમાં, ૪૦૨, પ્રતિમામાં, મહાભારતમાં, ભગવતી ભાગવતમાં, અભિજ્ઞાન શાકુન્તલમાં अवगुण्ठननो (ઘૂમટાનો), ઉલ્લેખ ૪૦૩, સંયુક્ત કુટુંબમાં ઘૂમટાને પોષણ, મનુનો નિષેધ, કાઠિયાવાડમાં સ્ત્રી આગળ સ્ત્રીનો ઘૂમટો – અમારો અનુભવ ૪૦૪, ઘૂમટો પુરુષની કામલોલુપતાની પારાશીશી, ઘૂમટાની સ્તુતિ : રૅાટફેલ્ટ અને બાર્બારા ૪૦૬, ગાંધીજીએ સૂચવેલો ઉપાય, મર્યાદા ૪૦૮, વેદમાં, જર્મનોમાં, મર્યાદામાંથી મલાજો, ઓમાહા જાતિમાં, ઇરોકવોઇસ જાતિમાં ૪૦૯, પવિત્રતાનો સાચો ઉપાય ૪૧૦, નારીજાતિની પરાધીનતાનો નાશ ૪૧૧.

૩૯ આર્થિક પરાધીનતા ૪૧૨

માતૃગૃહમાં સ્ત્રીની આર્થિક સ્વાધીનતા ૪૧૨, પિતૃગૃહની શરૂઆતમાં પણ કંઇક સ્વાધીનતા, આર્યોમાં પુત્રીને વારસો ૪૧૩, સ્ત્રી गृहराज्ञी ૪૧૪, સ્ત્રીના સહાધિકાર, પરાધીનતાની શરૂઆત, સ્ત્રીધન ૪૧૫, મહાભારતની ને મનુની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિએ સ્ત્રી નિર્ધન, પરિણામે સધવાની દુર્દશા ૪૧૬, વિધવાની દુર્દશા, વિજ્ઞાનેશ્વર વગેરેની સહાનુભૂતિ ૪૧૮, વિધવાની દુર્દશા : યાહુદીઓમાં ને પરિણામે ખ્રિસ્તીઓમાં, આજે કંઇક ઠીક : ઈંગ્લૅણ્ડમાં ૪૧૯, ફ્રાન્સમાં, મુસલમાનોમાં ૪૨૧, પારસીઓમાં ૪૨૨, ખ્રિસ્તીઓમાં ૪૨૩, બ્રિટિશ રાજ્યમાં હિંદુ વિધવાની અવદશા ૪૨૪, તેને પતિનો સહાધિકાર મળવો જોઇએ ૪૨૭, દીકરીને વારસો ૪૨૮, સ્ત્રીધન, સ્ત્રીની આર્થિક સ્વાધીનતા વિરુદ્ધ કેટલીક દલીલોના ઉત્તર ૪૨૯, યુરોપમાં પુરુષસત્તા સામે સ્ત્રીશક્તિએ જગાવેલો વિગ્રહ ૪૩૧, વડોદરા રાજ્યના સુધારા ; અંતે તો માતૃગૃહમાં જ સ્ત્રીની સાચી સ્વતંત્રતા ૪૩૨.

૪૦ નારીની નરી પરાધીનતા ૪૩૩

સ્વાધીનતામાંથી પરાધીનતાની શરૂઆત ૪૩૩, પુરુષમાંથી સ્ત્રીની ઉત્પત્તિ ૪૩૪, કન્યા એ પિતાનું ધન, સ્ત્રીને લગાડવાની ઉપાધિ ૪૩૫, એના વ્યક્તિત્વનો લોપ ૪૩૬, ખ્રિસ્તી અને મુસલમાન ધર્મમાં સ્ત્રીની પરાધીનતા ૪૩૭, હિંદુ ધર્મમાં સ્ત્રીની પરાધીનતા ૪૩૮, બહુ રૂપે સ્ત્રી, પતિ એનું સર્વસ્વ ૪૩૯, એનું ગમે તે કરે – વેચે, જુગારમાં મૂકે, હાંકી મૂકે ૪૪૦, એને શણગારે ને વળી સંતાડે ૪૪૧, એને પવિત્ર રાખવાના વિચિત્ર ઉપાય પણ લે, પુરુષની ઉપાધિએ સ્ત્રીની શોભા ૪૪૨, રાણીઓની કરુણ કથની ૪૪૩, સ્ત્રીને હળે જોડનાર ખેડૂત, સ્ત્રીને વિષે શેક્સપિયર ૪૪૪, ખપ થઇ રહેતાં સ્ત્રીની દશા ૪૪૫, એકંદરે સ્થિતિ ૪૪૬, ધણીને વશ કરવાના ઉપાય ૪૪૭, આઘાતની સામે પ્રત્યાઘાત ૪૪૮, પુરુષે લેવો જોઇતો સાચો ઉપાય ૪૫૦, પુરુષ ન સમજે તો સ્ત્રીએ સમજવું જોઇએ, પણ તેમની અભ્યસ્ત ગુલામગીરી, ફત્તેહપુર સિક્રીનો અનુભવ ૪૫૧,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનું સાચું પ્રબળા સ્વરૂપ સ્ત્રીએ સમજવું જોઇશે, વૃન્દાવનમાં મીરાબાઇ ૪૫૨, સ્ત્રીઓએ ઊઠવું જ જોઇશે, બીજા ઉપર આધાર રાખ્યા વિના પોતે જ ઊઠવું જોઇશે ૪૫૩, પણ ધર્મભાવે, બંડના ઉપાયો ૪૫૪, ઠેઠ માતૃગૃહ સ્થાપતા સુધી જવું જોઇશે, અને પછી સહનાવવતુ કહેવા જેવી સ્થિતિ લાવવી જોઇશે, ત્યારે એ સ્થિતિ લાવવા, એનો, उत्तिष्ठत ૪૫૫.

ખંડ ૬

લગ્નની કલ્યાણભાવના : ૪૫૭

૪૧ લગ્નનો હેતુ ૪૫૯

આજે લગ્નની નિરર્થકતા, ત્યારે તેનો નાશ શક્ય છે? ઇષ્ટ છે? અશક્યવત્ છે એટલે સુધી માનવી ધપ્યો છે: પ્રાણીસ્વભાવ, માનવસ્વભાવ ૪૫૯, માનવસ્વભાવ જોતાં ઇષ્ટ પણ નથી, સુપ્રજનન એ જ લગ્નનો હેતુ ૪૬૧, કવિકલ્પનાનું મિથ્યાત્વ ૪૬૩, ધર્મે બતાવેલો મિથ્યા હેતુ, સાચો હેતુ, સંતતિ માટે સ્વાર્પણ, ભવભૂતિનું કથન ૪૬૪, સ્નેહલગ્નને નામે મોહલગ્ન ૪૬૫, લગ્નમાં સ્ત્રીપુરુષનાં સમાનશીલ, તેને અભાવે પરિણામ, નીચેનું (Nietzscheનું) કથન ૪૬૬, લગ્નમાં સ્ત્રીપુરુષની સ્વતંત્રતા, કામવાસનાની અનિષ્ટતા ૪૬૭, શિવશક્તિની તપશ્ચર્યાથી કુમારસંભવ અને તેથી સ્વર્ગનો ઉદ્ધાર ૪૬૮, સ્ત્રીપુરુષની એકરૂપતા, બર્ટ્રેણ્ડ રસેલનું કથન ૪૬૯, દંપતીની તપશ્ચર્યા ૪૭૦, લગ્નવિચ્છેદ : વિષયવાસનાને, મતભેદને પરિણામે ૪૭૧, સંતતિને અભાવે, શારીરિક કે માનસિક અસાધ્ય રોગને પરિણામે, સંતતિવાળાં સ્ત્રીપુરુષનો લગ્નવિચ્છેદ ૪૭૨, બંનેને લગ્નવિચ્છેદનો સરખો અધિકાર ૪૭૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૨ સુપ્રજનન ૪૭૪

પ્રજનનથી પિતૃઋણમાંથી મુક્તિ માટે, ગ્રીકોની Phallus-પૂજા ને હિંદુઓની લિંગપૂજા ૪૭૪, પશુપાલકોના પ્રયત્ન, ઇષ્ટ પ્રજા વિષે વિવેકાનંદ ૪૭૫, લગ્નની તૈયારી વિષે ટૉલ્સ્ટૉય ૪૭૬, બ્રહ્મચર્યાશ્રમ, લગ્નક્ષેત્રની આન્તર અને બહિર્ મર્યાદા ૪૭૭, આનુવંશિક સંસ્કાર ૪૭૮, ઉદાહરણો ૪૭૯, આનુવંશિક સિદ્ધાન્તનું સમીકરણ ૪૮૦, શારીરિક તેમ જ માનસિક સંસ્કાર ૪૮૧, કૅલિકાકનું ઉદાહરણ ૪૮૨, જર્જરિત કુલીનતાની અનર્થકતા, સુપ્રજનનની દૃષ્ટિએ લગ્ન કરનાર સ્ત્રીપુરુષની યોગ્યતા ૪૮૩, અયોગ્યનું ષંઢીકરણ ૪૮૪, લગ્ન પછીનું સખ્ય, ગર્ભ ૪૮૫, જન્મ પછી પારિવારિક સંસ્કાર, માતાનું ગૌરવ ૪૮૬, બાળઉછેર, બાળકેળવણી ૪૮૭, સહશિક્ષણ ૪૮૮, સ્ત્રીકેળવણી વિષે રસેલ ૪૯૦, સાચું સુપ્રજનન અને લગ્નની કલ્યાણભાવના ૪૯૧.

૪૩ નરનારીના જાતિભેદ ૪૯૩

પ્રાચીન કાળે નહોતા ૪૯૩, ધીરે ધીરે થયા, તેનો માનવ-ગર્ભમાં ઇતિહાસ, જાતિભેદનાં કારણ, બાઇબલની કથા, ધર્મમાં નારીની અવગણના ૪૯૪, જાતિભેદનો સ્વાભાવિક વિકાસ ૪૯૫, જાતિભેદની આજે સ્થિતિ; શારીરિક ભેદ ૪૯૬, માનસિક ભેદ ૪૯૯, નારીની અવગણના ૫૦૧, યોગ્ય ક્ષેત્ર વિના નારીની અવનતિ ૫૦૨, પુરુષમાં નારીભાવ ૫૦૪, બન્ને પોતપોતાને સ્થાને શ્રેષ્ઠ છે, પરસ્પરપૂરક છે પંગ્વન્ધવત્ અને સમાન છે ૫૦૫, ટૉલ્સ્ટૉયનો અભિપ્રાય ૫૦૬, ગાંધીજીનો અભિપ્રાય ૫૦૭.

૪૪ નરનારીના સેવાવિભાગ ૫૦૯

નરનારીનો સ્વાભાવિક ધર્મ; પિતા જનક, માતા જનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૦૯, Husband Wife સમાન ૫૧૦, સ્ત્રીની આર્થિક પરાધીનતા ૫૧૧, સ્ત્રીની દાસ્યવૃત્તિ Inferiority Complex ૫૧૨, પુરુષની પ્રભુવૃત્તિ Superiority Complex, સેવાવિભાગમાં સ્પર્ધાથી તે તૂટે નહિ, કપિલાબેન ખાંડવાળા ૫૧૩, ટૉલ્સ્ટૉય ૫૧૪, ગાંધીજી ૫૧૫, હિટ્લર ૫૧૬, ભેદવૃત્તિ તોડવા માટે સ્ત્રીએ પોતાની શક્તિ જાણવી, બર્નાર્ડ શૉ ૫૧૭, સ્ત્રીપુરુષ અલગ અલગ पंग्वन्धवत्, ટૉલ્સ્ટૉય ૫૧૯, સ્ત્રીપુરુષનો પરસ્પર સ્નેહ, શ્રદ્ધા, નિષ્ઠા ને સેવા ૫૨૦, સ્ત્રીની અવગણના ૫૨૧, વૃદ્ધસેવા, સંતાનસેવા ૫૨૨, ટૉલ્સ્ટૉય, માતૃસ્નેહ, વર્તમાન સમાજની સેવા પિતાનો ધર્મ ૫૨૩, ભાવિ સમાજની સેવા માતાનો ધર્મ ૫૨૪, માતા જેવું શિક્ષણ પિતા ન જ આપી શકે, પણ બાળશિક્ષણ પિતા વિના પૂર્ણ ન થાય ૫૨૬, કુટુંબજીવનની પવિત્રતા વિષે ગાંધીજી ૫૨૭, આર્થિક સંપત્તિ પ્રાપ્ત કરે પિતા, પણ તેમ કરીને માતાને તેણે પરાધીન બનાવી છે, ગૃહસ્થધર્મ, ગૃહિણીધર્મ ૫૨૮, પુરુષનો દોષ ૫૨૯, ગૃહિણીધર્મ વિષે મિસિસ ક્લેબ ૫૩૦, યુરોપની સ્થિતિ, સ્ત્રીપુરુષના સેવાવિભાગનો ભેદ ૫૩૨, હાથપેટનું ઉદાહરણ, આદર્શ સ્ત્રી ૫૩૩, સ્ત્રીની શક્તિ ૫૩૪, ગૃહરાજ્ઞી ૫૩૫, સુજનનની અમેરિકામાં કદર ૫૩૬, રવીન્દ્રનાથ: ચિત્રાંગદા ૫૩૭, સહનાવવતુ ૫૩૮.

૪૫ બ્રહ્મચર્ય ૫૩૯

જન્મબંધ, કૃતબંધ, વાંધા ૫૩૯, સમાજમાં લગ્નની દુરવસ્થાને કારણે વાંધા ૫૪૦, શક્તિ ને વૃત્તિ હોવા છતાં પળાય એ જ બ્રહ્મચર્ય ૫૪૧, બ્રહ્મચર્ય વિષે ટૉલ્સ્ટૉય ૫૪૨, ગાંધીજી ૫૪૪, આજીવન બ્રહ્મચર્ય ૫૪૫, બ્રહ્મચર્યથી જગતનો નાશ થશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી દલીલ ૫૪૬, મૈથુન અનિવાર્ય છે એવી દલીલ ૫૪૭, બ્રહ્મચર્ય હાનિ કરે છે એવી પણ દલીલ ૫૪૮, એ વાત ખોટી છે, વૃત્તિ હોવા છતાં સંયોગ ન હોય એવાને માટે એ વાત સાચી છે ૫૪૯, બ્રહ્મચર્યના લાભ, તે વિષે વૈદ્યકીય અભિપ્રાયો ૫૫૧, બ્રહ્મચારીઓની સેવા ૫૫૨.

૪૬ બ્રહ્મચર્યની સાધના **૫૫૫**

બ્રહ્મચર્ય દુ:સાધ્ય છે, અસાધ્ય તો નથી જ, ઇંદ્રિયભોગનું પરિણામ ૫૫૫, સ્ત્રીઓ સાથે એકાન્તવાસ ૫૫૬, સ્ત્રી ઘી, પુરુષ અગ્નિ, પુરુષે Davy's Lamp સમાન થવું, એકશયન ૫૫૭, સંયમ વિષે મનુ અને ટૉલ્સ્ટૉય ૫૫૮, બ્રહ્મચર્યનાશનાં આઠ લક્ષણ, ડૉ. કૅલૉગ, ઍલીસ ૫૫૯, બ્રહ્મચર્ય એ જ જાતિની સંસ્કૃતિ ૫૬૦.

નવનીત **૫૬૧**

પૂરક અધ્યાય : લેખક—શ્રી. કિશોરલાલ મશરૂવાળા **૫૭૧**

. . .

પુસ્તકને અંતે વર્ણાનુક્રમ સૂચિ મૂકવાનો સંકલ્પ હતો, પણ પુસ્તકનું કદ ધાર્યા કરતાં ખૂબ જ મોટું થઇ ગયું છે. તેમ જ આ 'સમાવેશ' એટલો વીગતવાર છે કે વાચક સહજ પ્રયત્નથી ગમે તે વિષયને અવિલંબ શોધી શકે એમ છે, એમ ધારીને એ સંકલ્પ છોડી દીધો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણસંચય

એકાદ અવતરણ જે કોઇ ગ્રંથમાંથી લીધું છે, તેનું નામ તો ત્યાં જ જણાવ્યું છે, એટલે તેનું નામ નીચેની યાદીમાં આપ્યું નથી. જેનાં અવતરણો વારંવાર લીધાં છે અથવા અવતરણ વિના પણ વિચારો લીધા છે તેનાં જ નામ નીચે આપ્યાં છે :

પુસ્તક		લેખક
महाभारत	ભાષાન્તર :	સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય
रामायण	,,	,, ,, ,,
मनुस्मृति	,,	પંડિત નથ્થુરામ, શાસ્ત્રી પ્રાણજીવન
भगवद्गीता		
उपनिषद्		
भगवती भागवत	,,	સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય
अभिज्ञान शाकुन्तलम्	,,	શ્રી. ઝવેરીલાલ યાજ્ઞિક
प्रतिमा (भास)	,,	શ્રી. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ
त्रिषष्ठिशलाकापुरुषचरित		કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્ર
जातककथाओ		
तरंगवती (पादलिप्ताचार्य)	,,	નરસિંહભાઇ ઇશ્વરભાઇ પટેલ
ઇશ્વરનો ઇનકાર		,, ,, ,,
પ્રેમનો દંભ (ટૉલ્સ્ટૉય)		શ્રી. વિશ્વનાથ મગનલાલ ભટ્ટ
સ્ત્રી અને પુરુષ (,,)		,, ,,
ત્યારે કરીશું શું ? (,,)		,, નરહરિ દ્વારકાદાસ પરીખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તક	લેખક
ત્યાગમૂર્તિ અને બીજા લેખો	ગાંધીજી
નીતિનાશને માર્ગે	,,
ગાંધીવિચારદોહન	શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળા
સૌન્દર્યતત્ત્વ	શ્રી. મહાશંકર ઈંદ્રજી દવે
જીવનચર્યા	પ્રસ્થાન કાર્યાલય
કન્યાને પત્રો	શ્રી. નરહરિ દ્વારકાંદાસ પરીખ
ગુજરાતની લગ્નવ્યવસ્થા અને કુટુંબસંસ્થા	શ્રીમતી સરોજિની એન. મહેતા
સ્ત્રી સ્વાતંત્ર્યવાદ (પ્રો. વાડીઆ)	,, ,, ,,
અભિનવ કામશાસ્ત્ર	શ્રી. વૈદ્યરાજ બાપાલાલ ગ. શાહ
મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ	,, ગૌરીશંકર હીરાચંદ ઓઝા
સમાજસુધારાનું રેખાદર્શન	,, નવલરામ જગન્નાથ ત્રિવેદી
લગ્નનો આદર્શ	,, સુરેશ દીક્ષિત
યુવાનોને ગુપ્ત સંદેશ	,, રામજી કુબેરદાસ ગણાત્રા

વડોદરા રાજ્યની વસ્તીગણત્રીનો સંક્ષિપ્ત હેવાલ ૧૯૩૧.

હિંદુ સ્ત્રીઓના મિલકત ઉપરના હક્ક: શ્રીમંત સરકાર મહારાજા સયાજીરાવ ગાયકવાડ એમણે નીમેલી સમિતિનું નિવેદન.

The Intelligent Woman's Guide to Capitalism and Socialism	Bernard Shaw
What I believe	Burtrand Russel
Goethe and Beethoven	Romain Rolland
The Evolution of Marriage	Ch. Letourneau

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તક	લેખક
The History of Human Marriage	Westermark
Sex and Sex-Worship	O. A. Wall
Duties of Man	Joseph Mazzini
Women of India	Otto Rothfeld
The Dawn of Indian Freedom	Jack C. Winslow & Verrier Elwin
The Splendour that was 'Ind	Prof. K. T. Shah
India and the English	Barbara Wingfield - Stratford
New India	Sir Henry J. S. Cotton
Folk High Schools in Denmark	Sir Michael Sadler
Encyclopaedia Britannica	

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૧

લગ્નસંસ્થાનો ઉદય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧

વંશવર્ધનની પ્રેરણા

आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत् पशुभिर्नराणाम् ।

વનસ્પતિમાત્રમાં તેમજ પ્રાણીમાત્રમાં આત્મરક્ષણની અને વંશવર્ધનની પ્રેરણા સ્વાભાવિક રીતેજ રહેલી છે. એ પ્રેરણાને બળેજ જગત ચાલી રહ્યું છે. વનસ્પતિ અને પ્રાણી એ પ્રેરણાને બળેજ શરીરના રક્ષણ માટે આહાર લે છે, શ્રમથી બચવાને માટે નિદ્રા લે છે, જીવનસંગ્રામમાં સંકટથી બચવા ભય પામી દૂર ભાગે છે ને આત્મરક્ષણ પામે છે; નરનારી મૈથુનથી વંશવર્ધન કરે છે. ખરી રીતે તો વંશવર્ધન પણ એક રીતે આત્મરક્ષણજ છે. વનસ્પતિ કે પ્રાણી આત્મરક્ષણના ગમે એટલા પ્રયત્ન કરે તોપણ મરેજ, ચિરંજીવ કદાપિ ન રહે; છતાંય ચિરંજીવ રહેવાની પ્રેરણાને બળે પોતાનામાંથી પોતાના જેવુંજ સંતાન મૂકી જવાનો પ્રયત્ન કરે ને તે રીતે ચિરંજીવ બની રહે. આમ આત્મરક્ષણમાં અને વંશવર્ધનમાં તાત્વિક ભેદ નથી, છે તે પ્રકારનો નહિ પણ પ્રમાણનોજ છે. પણ શુદ્ધ આત્મરક્ષણ વિષે વિવેચન કરવાનું આ સ્થળ નથી. એ વિષે મેં 'ઇશ્વરનો ઇનકાર' પુસ્તકમાં પુષ્કળ વિવેચન કર્યું છે. અહીં તો વંશવર્ધન માટે યોજાએલી લગ્નસંસ્થા વિષે વિવેચન કરવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનસ્પતિમાં અને પ્રાણીમાં વંશવર્ધનની પ્રેરણા સર્વવ્યાપક છે. એથી એ સૌ કોઇ ને કોઇ રીતે પોતાનો વંશવેલો સતત વધાર્યે જાય છે. વેલાને સંસ્કૃત ભાષામાં તનય પણ કહે છે. એ શબ્દમાં तन् (લંબાવું) ધાતુ છે અને એ જ ધાતુ ઉપરથી तनु (શરીર), तनुज તેમજ तनय (पुत्र), सतत અથવા सन्तत, सन्तान, सन्तति, तंतु, તાંત, વગેરે શબ્દો નીકળ્યા છે. આ સૌ શબ્દોમાં લંબાવાનો ભાવ છે અને તેથી તનુજ, તનય, સન્તાન, સન્તતિ, વગેરે શબ્દોમાં વંશવર્ધનનો ભાવ છે.

પ્રથમ સૌથી નાની વનસ્પતિ, પછી મોટી, વળી નાનાં પ્રાણી, પછી મોટાં પ્રાણી, એ પ્રમાણે વિશ્વમાં વિકાસક્રમ છે. ત્યારે પ્રથમ નાની મોટી વનસ્પતિના અને પછી નાનાં મોટાં પ્રાણીઓના વંશ-વર્ધનની ઘટના જોઇશું.

આપણને એમ લાગે છે કે વંશવર્ધન માટે નરનારીના સંયોગની જરૂર છે. પણ વિજ્ઞાનની શોધોથી એમ જણાઇ આવ્યું છે કે છેક અણવિકસેલ વનસ્પતિમાં અને પ્રાણીઓમાં નરનારીના ભેદ જ નથી. દૂધમાંથી, શેરડીના રસમાંથી અને બીજા મીઠા પદાર્થમાંથી મીઠાશ ઉપાડી લેઇ બાકી રહેલા ભાગને ખાટો મૂકી જનાર બેક્ટેરિયા (Bacteria) અને બેસીલી (Bacilli) વનસ્પતિ છે કે જન્તુ છે એનો નિર્ણય કરવો કઠણ છે. વૉલ્વૉક્ષને (Volvox) માટે પણ એ જ પ્રશ્ન છે. એ સૌ બિંદુ જેવા એક એક કોષનાં બનેલાં છે, એમનામાં નરનારીના ભેદ નથી. ઋતુકાળે એ એકેક કોષના બે બે ભાગ પડી જાય છે અને તે સન્તાન બની રહે છે. એમનો વંશવિસ્તાર એ જ રીતે ચાલે છે. તળાવનું પાણી ઘણી વાર અતિસૂક્ષ્મ લીલથી લીલું થઇ જાય છે. એ લીલ પણ એક કોષની વનસ્પતિ છે. તેનો વંશવિસ્તાર પણ એ જ રીતે ચાલે છે તળાવમાંનો ચીકણો શેવાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક કોષનો બનેલો છે અને એ કોષ એક બીજા સાથે જોડાઇને તંતુ રૂપે બની રહે છે; પણ એ દરેક કોષને પોતાનું સ્વતંત્ર જીવન છે, એટલે આખા તંતુમાંથી એક કોષ જુદો પડે તોપણ જીવી શકે. શેવાળના બે તાંતણા જાણે વણાવાના હોય એમ સાથો સાથ એક બીજાને વળગી જાય છે ને ત્યાર પછી એક કોષના તૂટીને બે કોષ થાય છે. આમ એનો વંશવેલો ચાલે છે. લીલના કોષ કોઇ બીજા કોષને વળગ્યા વિના જ તૂટીને બેવડાય છે, શેવાળના કોષ બીજા કોષને વળગ્યા પછી તૂટીને બેવડાય છે. લીલ સંયોગ વિના વંશવર્ધન કરે છે, શેવાળ સંયોગથી વંશવર્ધન કરે છે. આમ વંશવર્ધનની ક્રિયા ધીરે ધીરે વિકાસ પામે છે. વનસ્પતિના દેહ જેમ જેમ વિકાસ પામીને મોટા થતા જાય છે તેમ તેમ તેનાં અંગ પણ વિકાસ પામતાં જાય છે. એક જ વનસ્પતિમાં પણ નરનારીનાં અંગ જુદે જુદે સ્થાને બની રહે છે ને તેના સંયોગથી તેનો વંશ વધે છે. આમ ધીરે ધીરે વંશવર્ધનનો સંયોગક્રમ પણ વિકાસ પામે છે.

માનવશરીરના બે ટુકડા કરીને આમ ઇતર માનવી બનાવી શકાય એમ પ્રાચીન કાળે મનાતું: “ દેવે આદમને ભરઊંઘમાં નાખ્યો; અને તે ઊંઘી ગયા પછી તેણે તેની પાંસળીઓમાંથી એક લેઇને તેને ઠેકાણે માંસ ભર્યું. અને દેવે જે પાંસળી પુરુષમાંથી લીધી હતી તેની એક સ્ત્રી બનાવીને તે પુરુષની પાસે લાવ્યો. અને આદમે કહ્યું કે ‘ આ મારાં હાડકાંમાંનું હાડકું ને મારા માંસમાંનું માંસ છે. તે નારી કહેવાશે, કારણ કે નરમાંથી લીધેલી છે’ ” (બાઇબલ, યાહુદી પુરાણ, ઉત્પત્તિખંડ ૨ : ૨૧-૨૩).

વળી વિષ્ણુપુરાણ વર્ણવે છે :

द्विधाऽकरोत् स तं देहमर्धेन पुरुषोऽभवत् ।
अर्धेन नारी स तस्य शतरूपा व्यजायत ॥ १० : ७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્માએ " પોતાના શરીરના બે ભાગ કર્યા. એક અર્ધા ભાગમાંથી પુરુષ થયો અને બીજા અર્ધા ભાગમાંથી નારી શતરૂપા થઇ. "

વનસ્પતિ વધારે વિકસતાં સપુષ્પ – ફૂલવાળી – બને છે. તેમાં યે કેટલીક વનસ્પતિના એક જ છોડ ઉપર નરપુષ્પ અને નારીપુષ્પ એમ બન્ને પુષ્પ હોય છે. પણ એક જ છોડનાં એ પુષ્પનો સંયોગ થતો નથી અથવા થાય છે તો નિષ્ફળ નીવડે છે. ઋતુકાલે મધમાખી કે પતંગિયાં જેવા જન્તુ આવે છે, તે પુરોહિત બનીને એક છોડમાંના નરપુષ્પમાંના પુંકેસરને ઉઘલાવી જાય છે અને બીજા છોડનાં નારી-પુષ્પમાંના સ્ત્રીકેસર સાથે રાખી દેઇ તેમનો સંયોગ કરાવે છે. આ લગ્નક્રિયામાં પુરોહિતને પણ બન્ને પક્ષનાં પુષ્પ મિષ્ટાન્ન જમાડે છે. આમ સંયોગક્ષેત્ર કંઇક વિશાળ પણ બનતું જાય છે. અનેક વૃક્ષની ડાળ ઉપર ઊગતા ઓર્કીડ (Orchid) નામે છોડના પુષ્પનો સંયોગ તો અમુક જ જન્તુ કરાવે તો જ થાય, એમને તો અમુક જ જાતિના પુરોહિત ખપે. કેટલાક છોડના નરપુષ્પની પરાગ વાયુથી ઊડીને બીજા છોડના નારીપુષ્પમાં જઈ બેસે છે ને સંયોગ કરે છે.

પપૈયામાં નર અને નારીના છોડ જુદા જુદા હોય છે. નરના છોડને ફળ આવતાં નથી, પણ તેના પુષ્પના પુંકેસર ઊડીને નારી-છોડના પુષ્પ ઉપર બેસે છે અને તેમના સંયોગથી નારીછોડને ફળ બેસે છે. પણ વિચિત્રતા તો એ છે કે થોડાં વર્ષ પછી નરછોડ નારીસ્વરૂપ ધારણ કરે છે ને ત્યારે તેને ફળ આવે છે. આમ પપૈયામાં નરનારીનું સ્વરૂપ સ્પષ્ટ રીતે જુદા જુદા છોડમાં વિકસ્યા છતાં યે પરિપૂર્ણ રૂપે નહિ, હજી યે મિશ્ર સ્વરૂપે છે.

અને અંતે તો કાકડી, દૂધી, કહોળી વગેરે તુંબિ જાતિના વેલામાં તો નરનારીના ભેદ સ્પષ્ટ થઇ જાય છે. એક વેલામાં નરનારીનાં બન્ને પુષ્પ ન હોય, નરનારીના વેલા જુદા જ હોય અને એક જાતિનો વેલો પોતાની જાતિ કદાપિ બદલે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનસ્પતિમાં જેવો, પ્રાણીમાં પણ બરાબર તેવો જ સંયોગક્રમ વંશવર્ધન માટે છે. એમીબા (Amœba) નામનું પ્રાણી છેક અણ-વિકસેલું એક કોષનું બનેલું છે. એનામાં નરનારીનો ભેદ નથી. ઋતુકાળે એ એકેક કોષના બે બે ભાગ પડી જાય છે અને તે સન્તાન બની રહે છે. એમનો વંશવિસ્તાર એ જ રીતે ચાલે છે. એમીબાથી વધારે વિકાસ પામેલાં ઇન્ફ્યુસોરિયા (Infusoria) નામે પ્રાણીવર્ગ છે, તેમાં પારામોશિયમ (Paramœcium) નામે ઉપવર્ગનાં પ્રાણી છે. એ પ્રાણી પણ પોતાના અંગના બે ભાગ કરી નાખીને વંશ વિસ્તારે છે. પણ તે પહેલાં કંઇક સંયોગક્રિયા કરે છે. એ વર્ગનાં બે પ્રાણી પરસ્પર સંબંધમાં જોડાય છે, અમુક રસની આપલે કરે છે, પછી છૂટાં પડીને પોતાના અંગના બે ભાગ કરે છે. એમીબા કરતાં આ પ્રાણીમાં આમ વંશવર્ધનની ક્રિયાનો કંઇક વિકાસ થયો છે. પાણીમાં રહેતા હાઇડ્રા (Hydra) નામે અનેક કોષના બનેલા એક પ્રાણીના શરીર ઉપર નરગ્રંથી અને નારીગ્રંથી એમ બન્ને ગ્રંથી હોય છે. એ બે ગ્રંથીઓના સંયોગથી તેના સન્તાનનો જન્મ થાય છે. ચોમાસામાં અળસિયાં તો આપણે સૌ જોઇએ છીએ. એના શરીરમાં નર અને નારી બન્નેનાં લિંગ હોય છે અને તેના સંયોગથી વંશ વિસ્તારે છે. શંખવર્ગમાં આશરે ૧૭૦૦૦ જાતિઓ છે, તેમાંની આશરે ૬૦૦૦ જમીન ઉપર રહે છે. ગોકળગાય આ વર્ગની છે. એના પણ શરીરમાં નર અને નારી બન્નેનાં લિંગ હોય છે અને તેના સંયોગથી પોતાનો વંશ વિસ્તારે છે. આવાં પ્રાણીને આપણે ઉભયલિંગ પ્રાણી કહીએ.

મધમાખીમાં નરનારીનાં શરીર સ્પષ્ટ રીતે જુદાં હોય છે. મધપુડામાં અનેક નારીઓ હોય છે, પણ ઘણીખરી વંધ્યા હોય છે. તેમાંની એક જ રાણી રૂપે હોય છે, તે નર સાથે સંયોગ કરે છે ને ઇંડાં મૂકે છે. પોતાનું વંશવર્ધનનું કાર્ય પૂરું કરીને નર મરી જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. કરોળિયામાં અનેક પ્રસંગે નારી કરતાં નર નાનો હોય છે. કરોળિયામાં અને વીંછીમાં પોતાનું વંશવર્ધનનું કાર્ય નર કરી રહ્યો એટલે નારી તેને મારી નાખે છે. કુદરતમાં કંઇ એવું જ છે કે જેણે તેણે પોતપોતાનું કાર્ય કર્યા પછી ખપી જવું. પુરુષે વંશવર્ધનનું કાર્ય કર્યા પછી ચાલ્યા જવાનું, સ્ત્રીએ બાળકોનું જતન કરી તેમને ઉછેરવા માટે જીવતાં રહેવાનું. હિંદુ સંસારમાં નારીજન પ્રત્યે આટલી અવગણના હોવા છતાં પુરુષ કરતાં સ્ત્રી સરેરાશ લાંબું જીવે છે. આથી એમ નથી સમજવાનું કે વંશવર્ધનની ક્રિયામાં નારીને ઓછો ભોગ આપવો પડે છે. નર તો એ ક્રિયા કર્યા પછી મરીને ખતમ થઇ જાય છે; પણ નારી તો સન્તાનને જન્મ આપવા માટે પોતાની કાયાને નિચોવી નાખે છે. ડાંગર કે બાજરીના છોડ દાણા પકવવા માટે પોતાની કાયાને નિચોવી નાખી કેવી ફિક્કી ને પીળી કરી મૂકે છે એ તો સૌએ જોયું હશે. પ્રાણીજાતિમાં તો સન્તાન અવતર્યા પછી જ્યાં પુરુષો જીવતા રહે છે ત્યાં પણ તે તો ચાલ્યા જાય છે, બાળકને ઉછેરવાની ઉપાધિ તો નારી ઉપર આવી પડે છે અને તેમાં તેને પુષ્કળ કષ્ટ ઉઠાવવું પડે છે. આથી જ નારીજાતિમાં સ્નેહનો ને સહનશીલતાનો વિકાસ થયો છે, અને તેથી તો વંશવર્ધન સરળ ને સફળ થયું છે.

ત્યાર પછી તો વિકાસ પામતે પામતે પ્રાણી છેક વાનર, કિન્નર અને નર (માનવ) સુધી આવે છે અને તેમની સંયોગક્રિયા જેમ જેમ સ્પષ્ટ થતી જાય છે તેમ તેમ નરનારીનાં તેને લગતાં અંગો પણ સ્પષ્ટ અને ભિન્ન થતાં જાય છે.

પણ આ સૌ વંશવર્ધનની પ્રેરણાએ થાય છે એમાં તો કંઇ શંકા નથી જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૨

માનવજાતિમાં લગ્નભાવનાનો ઉદય

વાનરનો કોઇ પિત્રાઇ વિકાસ પામીને કિંનર ને અન્તે માનવ થયો. આ પૃથ્વી ઉપર માનવનો અવતાર અમુક વર્ષે અમુક તિથિએ થયો એમ સ્પષ્ટ રૂપે કહી શકાય નહિ. માણસ બાળક મટી અમુક વર્ષે અમુક માસે અમુક તિથિએ યુવક થાય છે એમ સ્પષ્ટ રૂપે કહી શકાય નહિ; શિયાળો ઊતરીને અમુક માસે અમુક તિથિએ અમુક પળે ઉનાળો બેસે છે એમ સ્પષ્ટ રૂપે કહી શકાય નહિ. એ તો બધું વિકાસ પામીને ધીરેધીરે થાય છે. તેમ જ અમુક પ્રાણીમાંથી માનવી એક અમુક પળે નહિ, પણ ધીરેધીરે વિકાસ પામીને થાય છે. એટલે એનો અવતાર પૃથ્વી ઉપર થયો એનાં અમુક વર્ષ માસ તિથિવાર ને પળ હોઇ શકે નહિ. પણ એમ માનવામાં આવે છે કે આજથી ત્રણ ચાર લાખ વર્ષ ઉપર એણે માનવનું સ્વરૂપ ધારણ કરવા માંડ્યું હોવું જોઇએ.

અને આજે આપણે માનવસમાજમાં જે પ્રકારની લગ્નપ્રણાલી જોઇએ છીએ, તેવી લગ્નપ્રણાલી માનવવિકાસના આદિકાળથી – એ ત્રણ ચાર લાખ વર્ષથી – ચાલી આવે છે એમ તો માની શકાય જ નહિ. વંશવર્ધનને માટે નરનારીનો સંયોગ થાય એને જ જો લગ્ન કહીએ, તો એ તો વનસ્પતિના ઉત્પત્તિકાળથી ચાલ્યું આવે છે, એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે ગયા અધ્યાયમાં જોઈ ગયા. અને એક રીતે એને લગ્ન (લગ્ લાગવું, સંગ કરવો) કહી પણ શકાય. પણ આપણે તો વિધિપૂર્વક જે ક્રિયા કરીને નરનારી પતિપત્ની રૂપે બની રહે છે એ વિધિક્રિયાથી થતા લગ્નબંધનની વાત કરીએ છીએ. આવાં લગ્ન તો માનવજાતિમાં બહુ પાછળથી વિકાસ પામીને થયાં છે. તે પૂર્વે માનવજાતિમાં લગ્નહીન અવસ્થા પ્રવર્તતી હતી એમ આજના સમાજશાસ્ત્રીઓ માને છે. આપણું મહાભારત પણ એમ જ માને છે. ત્યારે એ પૂર્વ કાળે માનવજાતિ કેવી લગ્નહીન અવસ્થામાં હતી તે હવે જોઈએ.

અનેક જાતિના પશુઓમાં કશા પ્રકારનાં લગ્નબંધન નથી., વંશવર્ધનથી પ્રેરાઈને ગમે તે નર ગમે તે નારી સાથે સંયોગ કરે ને પછી પોતાને પાલવે ત્યાં ચાલ્યો જાય. એ પશુઓમાં તો આજે પણ એ જ પ્રકારે વંશવર્ધન થયા કરે છે. આદિમાનવમાં પણ એમ જ થતું. તે વખતનો ઇતિહાસ તો આજે આપણને ન મળી શકે, પણ માનવી ઇતિહાસ સાચવવા જેટલી સંસ્કૃતિ પામ્યો, ત્યારે પણ અનેક માનવજાતિ લગ્નહીન અવસ્થામાં રહેતી. તે કાળે નોંધાએલા ઇતિહાસમાંથી મળી આવતાં ઉદાહરણોથી અનુમાન કરી શકીએ કે આદિમાનવ વનમાં વશીને વનફૂલ ને વનફળ ખાતો ને નગ્ન રહેતો તે વારે તે લગ્નહીન અવસ્થામાં રહેતો.

પણ તેને એકલું રહ્યે પાલવે એમ નહોતું. વનપશુઓથી રક્ષણ પામવાને તેને સમૂહ બાંધીને રહેવું પડતું. વંશવર્ધન પણ એ સમૂહનાં નરનારી એક બીજા સાથે કશાં ય બંધન વિના કરતાં. આ વિષે ઇતિહાસમાં પ્રમાણ મળી આવે છે અને ત્યારે હવે એ ઇતિહાસ ઉપર આછી નજર નાખી જઈએ.

સ્ટ્રાબો (Strabo ઇ. સ. પૂ. ૬૩ – ૧૯) નામે પ્રાચીન ગ્રીક લેખક આમ લખે છે: "આખા ટ્રૉગ્લોડાઇટ (Troglodyte)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશમાં લોક પશુજીવન જીવે છે. ત્યાંની દરેક જાતિમાં એકેક મુખી હોય છે. ત્યાંનાં સૌ સ્ત્રીબાળકો સૌ પુરુષોનાં સહિયારાં (सहकार ઉપરથી) અથવા મઝિયારાં (मध्यकार ઉપરથી) છે, માત્ર મુખીનાં નહિ."

આખા સમૂહના અથવા ગણના વંશવર્ધન માટેના સંયોગસંબંધને આપણે ગણસંયોગ અથવા ગણલગ્ન (Promiscuity) કહીએ તો મને લાગે છે કે કંઇ જ ખોટું નથી.

હેરોડોટસ (Herodotus ઇ. પૂ. ૪૯૦ – ૪૨૦) નામે ગ્રીક ઇતિહાસક લખે છે કે "આગાથાયર્સ (Agathyrs = સિથિયન) લોકોમાં સ્ત્રીઓ સૌની સહિયારી હોય છે, એટલા માટે કે તે સૌ ભાઇઓ થાય; અને એ સૌ એટલા પાસપાસેના સંબંધી હોય છે કે તેમને એક બીજા પ્રત્યે કશો ય તિરસ્કાર કે કશી ય ઇર્ષ્યા હોતી નથી." વળી એ જ ઇતિહાસક ઇથિયોપિયાના (Ethiopia = અર્વાચીન ન્યુબિયા અને આબિસિનિયાના) લોક વિષે આમ લખે છે: 'ત્યાંની સ્ત્રીઓ સૌ પુરુષોની સહિયારી છે. તેઓ એકઠાં રહેતાં નથી, પણ પશુની પેઠે સંયોગ કરે છે. જ્યારે કોઇ સ્ત્રીને બળવાન બાળક થાય છે, ત્યારે ત્રીજે માસે તેને જોવા સૌ પુરુષ એકઠા થાય છે અને તે બાળક જે પુરુષના જેવો દેખાય છે તેનો તે ગણાય છે."

વારો (Varro) તો કહે છે કે સેક્રોપ્સ (Cecrops) જન્મ્યા પહેલાં તો ગ્રીક લોકોમાં પણ ગણસંયોગ પ્રવર્તતો

સોક્રેટીસ (Socrates, ફારસી: સુકરાત) અને પ્લેટો (Plato, ફારસી: આફલાતુન) આદર્શ સમાજનાં સ્વપ્ન સેવતા હતા. સોક્રેટીસ પોતાના આદર્શ સમાજની નારીઓ વિષે આમ લખે છે: "વંશવર્ધનને હેતુએ અમે સ્ત્રીઓની અને બાળકોની સંસ્થા સ્થાપી; અને એવી યોજના યોજી કે કોઇ પણ પોતાના બાળકને કદાપિ ઓળખે નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ એમ જ જાણે જે અમે સૌ એક કુટુમ્બનાં છીએ, અમુક ઉમરનાં અમે સૌ ભાઇબેન છીએ, અમુક મોટી ઉમરનાં સૌ અમારાં માબાપ છે અને તેથી યે મોટી ઉમરનાં સૌ અમારાં દાદાદાદી છે, વળી અમુક ઉમરથી નાનાં સૌ અમારાં સન્તાન ને તેથી યે નાનાં સૌ અમારાં પ્રસંતાન છે.'' અને એટલા સારુ સંયોગ માટે નરનારીને પણ આંખે પાટા બંધાવી એકઠાં કરવાની તેની યોજના હતી. પણ આ તો સ્વપ્નસમાજની વાતો.

ચીનમાં પણ પ્રાચીન કાળે ફૂહીના (Fouhi) રાજ્ય પહેલાં ગણસંયોગથી વંશવર્ધન થતું એમ કહેવાય છે.

છેક અહુણા સુધી આન્દામાન ટાપુઓમાં ગણસંયોગથી વંશવર્ધન કરવામાં આવતું. ત્યાં એક જાતિનો ગમે તે પુરુષ ગમે તે સ્ત્રી સાથે સંયોગ કરતો.

અને છેક આજે પણ કાલિફોર્નિયોના લોકમાં, પશુઓની પેઠે, ગમે ત્યારે ગમે તે સ્ત્રીપુરુષ સંયોગ કરે છે અને વળી સર્વસામાન્ય સંયોગ પછી તો લોક ટોળે મળીને નૃત્ય ને ઉજાણી કરે છે.

અને આ પ્રથા આજે યુરોપમાં પણ ચાલી આવે છે. ઝાપોરોગ કોસાક (Zaporog Cossack) જાતિમાં સ્ત્રીપુરુષ સૌનાં સહિયારાં છે, અને જુદા જુદા ગણ બાંધીને રહે છે. ઑસ્ટ્રેલિયાની કામિલારોય (Kamilaroi) જાતિમાં પણ એમ જ છે.

આ તો સામાજિક ગણસંયોગની વાત કહી, પણ વિચિત્ર વાત તો એ છે કે સિરિયામાં યાઝીદી નામે એક જાતિ છે, તે દર માસે કે ત્રણ માસે ધાર્મિક સ્નેહસંમેલનમાં આવો ગણસંયોગ આચરે છે. તેઓ અંધારી રાતે અમુક ઠેકાણે પોતાનાં સ્નેહસમ્મેલન ભરે છે અને કશા ય ભેદ વિના ગણસંયોગ આચરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આવી સ્થિતિમાં આવાં ગણલગ્ન કે ગણસંયોગ કરનાર લોકને, આપણામાં છે એવા, નીતિઅનીતિના ખ્યાલ ન હોય એ તો સ્પષ્ટ જ છે. જ્યાં લગ્નબંધન જ નહિ, ત્યાં વ્યભિચાર પણ ન જ હોય. વળી એમને એ કાર્યમાં લજ્જા પણ ન જ હોય એ પણ દેખીતું છે. જ્યાં કામવાસના નહિ, ત્યાં લજ્જા પણ ન જ હોય પશુઓની પેઠે માત્ર વંશવર્ધનની પ્રેરણાએ જ પ્રેરાયાં એ માનવી સંયોગ કરે છે, એટલે એમનામાં લજ્જાનો કંઇ ભાવ જાગતો નથી એ સ્વાભાવિક છે. એમનામાં ત્યારે કામવાસનાય બહુ વિકસી નહોતી.

પણ જેમ જેમ માનવજાતિનો વિકાસ થતો જાય છે, તેમ તેમ સમગ્ર ગણમાંથી અમુક પુરુષો અને અમુક સ્ત્રીઓ છૂટાં પડીને એક બીજા સાથે રહેવા લાગે છે અને લગ્નબંધનની દિશાએ વળે છે. તેઓ ટૂંકા કે લાંબા સમય સુધી સાથે રહે છે ને વળી છૂટાં પડે છે. આન્દામાનમાં અમુક પુરુષ અમુક સ્ત્રી સાથે રહે છે, અને સ્ત્રીને બાળક અવતરતાં તે ખાવા શીખે એટલે એ બે જણ છૂટાં પડે છે. પ્રાચીન આઇરિશ લોક એક એક વર્ષ માટે સ્ત્રીપુરુષ સંબંધ જોડી એકઠાં રહેતાં ને વર્ષ પૂરું થયે છૂટાં પડતાં. દર વર્ષે મે અને નવેમ્બર માસની પહેલી તારીખે એ જોડાતાં કે છૂટાં થતાં. આ સંબંધને આપણે પ્રાસંગિક લગ્ન કહીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૩

અનેકપતિ લગ્ન

કેટલાંક પક્ષીઓ અને પશુઓ સમૂહમાં રહે છે, તેમજ કેટલાંકમાં એક નારી પોતાની પાછળ અનેક નરને પણ ફેરવે છે. જોકે એવાં ઓછાં હોય છે, પણ હોય છે એ વાતની સાખ આપણી સામે ફરતી કૂતરી જ પૂરે છે.

માનવજાતિમાં પણ અતિપ્રાચીન કાળે કેટલીક જાતિઓ સમૂહમાં રહેતી ને વંશવૃદ્ધિની પ્રેરણાએ સમસ્ત સમૂહનાં નરનારીઓ સંયોગ કરતાં, એ આપણે ગયા અધ્યાયમાં જોયું છે ને તેને ગણલગ્નનું નામ આપ્યું છે.

ગણલગ્નમાંથી અનેક પ્રકારની લગ્નસંસ્થાઓનો વિકાસ થયો છે. નરજાતિએ નારીજાતિ ઉપર તે અતિપ્રાચીન કાળથી જ પોતાને કાંડાબળે પ્રભુત્વ મેળવવા માંડ્યું હતું, એટલે બાળકોમાં પણ પુત્રોની કિંમત કરતાં પુત્રની વધારે અંકાતી થઈ હતી. પ્રસંગ પડ્યે પુત્રને નહિ પણ પુત્રીને વેચી દેવામાં આવતી, દુષ્કાળપ્રસંગે પુત્રને નહિ પણ પુત્રીને છોડી દેવામાં, મારી નાખવામાં કે મારી ખાવામાં પણ આવતી. આથી પ્રાચીન જાતિઓમાં ઘણી વાર કન્યાઓની અછત થઇ જતી. અને વંશવર્ધનની પ્રેરણા તો પુરુષમાત્રમાં હોય એટલે એક સ્ત્રી સાથે અનેક પુરુષને રહેવું પડતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખપ તેની છોછ નહિ. આમ એક પત્ની અનેક પુરુષ સાથે લગ્નસંયોગ કરે એ આપણને તિરસ્કારપાત્ર લાગે, પણ તે પ્રથાની જરૂર ઊભી થતાં સ્વીકારાય અને પછી અભ્યાસથી તે સ્વાભાવિક થઇ જાય, એટલે એમાં કંઇ ઘૃણા કે તિરસ્કાર લાગે નહિ. બધા નીતિનિયમો સમાજની વ્યવસ્થા સાચવવાને એમ ધીરે ધીરે બંધાય છે અને અભ્યાસથી જડ થતાં ધર્મનિયમોનું સ્વરૂપ પામે છે. એટલે જ્યાં અનેકપતિ લગ્ન (Polyandry) પ્રવર્તે છે, ત્યાં તે લોકને એમાં તિરસ્કાર હોતો નથી, કેવળ સ્વાભાવિક લાગે છે.

આરબ લોકોમાં અતિપ્રાચીન કાળે કશા ય સંસ્કાર હતા નહિ, ત્યાંનાં રણમાં ખાવાનું બહુ મુશ્કેલીએ મળતું અને આથી તેઓ કન્યાહત્યા કરતા. અને તેથી તો મહમદ સાહેબે બાળહત્યાનો નિષેધ કર્યો છે: "દરિદ્રતાને કારણે તમારાં બાળકોની હત્યા ન કરો; અમે તેમને તેમ જ તમને ખવરાવીશું. કન્યાને જીવતી દાટવા વિષે જ્યારે પુછાશે ત્યારે પ્રત્યેક આત્મા તેનાં કર્મ ગણાવશે."

આ ઉપરથી સ્પષ્ટ જણાશે કે પ્રાચીન કાળે ખાવાની તંગીને લીધે આરબો કન્યાઓને જીવતી દાટતા. આમ કરવામાં કંઇ ખોટું ગણાતું નહિ, ઊલટું આવતા દુષ્કાળને અટકાવનારું આ પગલું ભરનારનાં વખાણ થતાં. આ વિષે સ્મિથ (Mr. R. Smith) તામિનના (Tamin) આરબ કાઇસની (Cais) કથા કહે છે: "તે મહમદ સાહેબના સમયમાં હતો એક યુદ્ધને પ્રસંગે વિજેતાઓ તેની ભાણેજને પકડી ગયા ને પોતાના સરદારને તેમણે સોંપી. અરબસ્તાનના રિવાજ પ્રમાણે સરદારે લૂંટનો માલ – સ્ત્રીઓ પણ – પોતાના સિપાહીઓને વહેંચી દીધો. પછી પોતાની ભાણેજને છોડાવવા કાઇસ ત્યાં ગયો અને જે સિપાહીના ભાગમાં તે આવી હતી તેને પૈસા આપવા લાગ્યો. પણ તે દરમિયાન તો એ ભાણેજ તે સિપાહીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલી ખૂશ થઇ ગઇ હતી કે તેણે પોતે જ પોતાના મામા સાથે પાછું જવાની ના પાડી. મામાને ત્યારે એવું અપમાન લાગ્યું કે ત્યારથી જ તેણે પોતાની એકે એક કન્યાને, દેશના રિવાજ પ્રમાણે, દાટી દેવા માંડી. એક પ્રસંગે જ્યારે તે પરગામ ગયો હતો ત્યારે તેની પત્નીએ પુત્રીને જન્મ આપ્યો. આખરે તો માતૃસ્નેહ ને! તેણે એ પુત્રીને કોઇ સગાને ઘેર છાનીમાની મોકલી દીધી. કાઇસ આવ્યો ત્યારે એને કહ્યું કે કસુવાવડ થઇ. કન્યા મોટી થતી ગઇ, માતા એનું છાનું ઓળખાણ રાખતી ગઇ. એક વાર એ કન્યા માતાને ઘેર ગઇ; માતા તેના વાળ હોળતી હતી, તે વારે કાઇસ આવ્યો ને તેણે પૂછ્યું: 'આ છોકરી કોણ છે?' પત્નીએ કહ્યું: 'એ તો તમારી દીકરી છે.' અને પછી રડતાં રડતાં એણે બધી વાત કહી. કાઇસ તે વેળા તો કંઇ બોલ્યો નહિ. પણ પછી એક દિવસ તે એ છોકરીને જંગલમાં લેઇ ગયો, ત્યાં એક ખાડો ખોદ્યો અને તેને તેમાં સુવાડી. દીકરી બોલી: 'બાપુ, આમ કેમ કરો છો?' પિતાએ તેના ઉપર માટી નાખવા માંડી, એટલે એ ફરી બોલી: 'બાપુ, મને દાટી દેશો? અને તમે મને છોડીને જતા રહેશો?' પણ એ દીકરીની બૂમો અન્તે દટાઇ ગઇ, પુત્રીને પિતાએ પૂરી દાટી દીધી કાઇસે એ વિષે મહમદ સાહેબને કહેતાં કહેલું કે દીકરીઓ દાટતાં મને આ પહેલી જ વાર દયાની કંઇક લાગણી થએલી.

આમ કન્યાઓની અછત થાય. વળી જ્ઞાતિઓના મોટા લોક જ્ઞાતિની અવગણના કરીને પણ શોખને ખાતર કે મજૂરી કરાવવા માટે અનેક સ્ત્રીઓ પરણે અને તેથી પણ કન્યાઓની અછત થાય. આથી પણ અનેકપતિ લગ્નનો રિવાજ જડ થતો જાય બોખારી (Bokhari) કહે છે તે પ્રમાણે એકી સાથે ૧૦થી વધારે પતિ નહિ કરવાનો કાયદો પણ પાછળથી આરબોએ કરેલો.

એક સ્ત્રી સાથે જુદા જુદા પુરુષો પરણે એના કરતાં ભાઇઓ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરણે તો વધારે સરળતા થાય, અને તેથી એ રિવાજ જલદી સ્વીકારાએલો. વળી તેમાંયે સરળતા વધે એટલા માટે તે સ્ત્રી સાથે સંયોગસંબંધ રાખવા માટે દરેક ભાઈના અમુક અમુક મુદતના વારા બાંધવામાં આવતા. કોઈ ભાઇને તેની મુદત કરતાં વધારે રહેવું હોય તો પછીના હકદાર ભાઇને અમુક નુકશાની આપવી પડતી. પણ સ્ટ્રાબો (Strabo) જણાવે છે: "સૌથી મોટો કે બળવાન ભાઇ ગમે ત્યારે, કંઇ પણ નુકશાની આપ્યા વિના, એ સહિયારી સ્ત્રી પાસે જઇ શકે છે."

પણ જે સ્ત્રી પોતાના એ સંખ્યાનિયત પતિઓને મૂકીને બીજા પુરુષ સાથે સંયોગ કરે તેના ઉપર વ્યભિચારનો દોષ આવતો ને તેને સજા થતી. એજ લેખક લખે છે કે અરબસ્તાનના એક સુલતાનને અતિસુંદર કન્યા હતી અને તેનો સંયોગસંબંધ તેના પોતાનાજ પંદર ભાઇઓ સાથે બંધાયો હતો. જ્યાં અમુક દિવસના વારા ન બંધાયા હોય ત્યાં ગમે તે ભાઇ—એટલે વર—ગમે ત્યારે તે સ્ત્રી પાસે જાય, પણ બારણા આડી પોતાની લાકડી મૂકીને અંદર જાય, એટલે બીજો અંદર પેસતો અટકે. સુલતાનની આ છોકરી એટલી સુંદર હતી કે તેના ભાઇઓ વારાફરતી તેની પાસે જતા ને તેથી તે અન્તે છેક થાકી ગઇ. એણે યુક્તિ રચી ને તે ભાઇઓમાંના કોઇ અમુકના જેવી લાકડી બારણા આડી તે રાખી જ મૂકતી. એક વેળા સર્વે ભાઇઓ એક સ્થળે એકઠા બેઠા હતા, તેમાંથી એક ઊઠીને પોતાની બેન—એટલે વહુ—પાસે ગયો, તો બારણા આડી પોતાના એક ભાઇની લાકડી દીઠી. પણ પોતે તો બધાય ભાઇને મૂકીને આવ્યો હતો, તેથી તેને એ બેન વિષે વ્યભિચારની શંકા આવી. તેને સજા કરાવવા તે તુરત પોતાના પિતાને ત્યાં બોલાવી લાવ્યો; તપાસ કરતાં દીકરીએ પિતાને બધી વાત કહી દીધી ને પિતાએ દીકરાઓને ઠપકો આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમેરિકામાં, આફ્રિકામાં, માદાગાસ્કરમાં, ન્યુ ઝીલેણ્ડમાં અને બીજા અનેક પ્રદેશોમાં અનેક પતિ કરવાનો રિવાજ હતો. મોટો ભાઇ જે સ્ત્રીને પરણે તે સૌ ભાઇની સહિયારી ગણાતી. કેનેરી (Canary) દ્વીપોમાં તો છેક સોળમા સૈકા સુધી અનેકપતિ લગ્નનો રિવાજ હતો, પણ એક સ્ત્રીને ત્રણથી વધારે પતિ ન હોઇ શકે એવો નિયમ હતો. અને પ્રાચીન બ્રિટનો (Britons) વિષે તો ખૂદ સીઝર (Cæsar) આમ કહે છે: "દશ દશ ને બાર બાર પતિઓ વચ્ચે એકેકી પત્ની હતી"

અનેક ભાઇઓ વચ્ચે એક વહૂ હોય તે એક પ્રકારનું અનેકપતિ લગ્ન, તે વિકાસ પામીને બીજા પ્રકારનું અનેકપતિ લગ્ન થયું. ભાઇઓમાં કલેશકંકાસ થતાં તે છૂટા પડે ત્યારે જુદો વસવાટ કરે અને ત્યારે પેલી સ્ત્રી એક બળવાન કે મનગમતા બંધુમંડળ સાથે જઇ રહે એ સ્ત્રી તરફ જે ભાઇને આકર્ષણ હોય તે સામા મંડળમાં હોય તોય તે સ્ત્રીવાળા બંધુમંડળમાં જઇ રહેવાનો પ્રયત્ન કરે અને સ્ત્રી તેને રાખે તો જઇ રહે. આમ ધીરે ધીરે સ્ત્રી પ્રબળ થવા લાગી ને ગમે તેને—બંધુમંડળના હોય કે બહારના હોય તોય ગમે તેને—ઘરમાં વર તરીકે રાખતી થઇ. આમ ધીરે ધીરે એવો રિવાજ પડતો ગયો કે વરને ઘેર વહૂ જતી તેને બદલે હવે વહૂને ઘેર વર રહેવા જવા લાગ્યો.

અને ઉપરનાં બે પ્રકારનાં અનેકપતિ લગ્નમાં પહેલા કરતાં બીજું સ્ત્રીને વધારે લાભજનક નીવડ્યું. પહેલામાં પુરુષ સ્ત્રીને તાબે રાખતો; પાલવે ત્યાં સુધી તેને રાખે, પછી હાંકી કાઢે. બીજામાં સ્ત્રી પુરુષને તાબે રાખતી; પાલવે ત્યાં સુધી તેને રાખે, પછી હાંકી કાઢે ને ગમે તે બીજા પુરુષને પોતાને ઘેર વસાવે.

આવાં અનેકપતિ લગ્નથી થતાં બાળકોનો સાચો પિતા કોણ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોધવું અશક્ય નહિ તો અતિશય કઠણ તો છે જ; માતા કોણ એ શોધવા જવું પડે એમ તો છે જ નહિ. પરિણામે સૌ બાળકો સૌ પિતાનાં અને ખાસ કરીને માતાનાં ગણાતાં. અને બીજા પ્રકારના અનેકપતિ લગ્નમાં તો માતાનાં જ ગણાતાં. પતિને પોતાની મિલ્કત હતી નહિ, હતી તે સ્ત્રીની ગણાતી. અને સ્ત્રીની બધી મિલ્કત તેનાં બાળકોને વારસામાં મળતી.

પણ કોઈ કોઈ પ્રભાવશાળી ને બળવાન પુરુષોને એમ થયું કે અમારા શ્રમથી પેદા કરેલી મિલ્કત અમારાં પોતાનાં જ બાળકોને મળવી જોઇએ. એટલે સૌ પુરુષોથી એક સ્ત્રીને પેટે થએલાં સહિયારાં સન્તાનોમાંથી પોતાનાં સન્તાનોને જુદાં પાડવાને એક વિચિત્ર ઉપાય યોજ્યો. તે વેળા આજના જેવાં જન્મનાં રજિસ્ટર તો હતાં નહિ, એટલે તે કાળના પુરુષને સૂઝ્યો એવો ઉપાય એણે યોજ્યો. આપણને તે છેક વિચિત્ર લાગે, પણ એને તો એ જ સહજ સ્વાભાવિક લાગેલો. પોતાના ગર્ભથી જન્મનાર પુત્ર વિષે પિતાને ખાતરી હોય તો જન્મ-પ્રસંગે માતાની સુવાવડ થાય, ત્યારે પિતા પણ પોતાની સુવાવડ પાળે. આ પુરુષસુવાવડ (Couvade) આપણાં હાલનાં જન્મનાં રજિસ્ટરની ગરજ સારતી. પછી એ સન્તાન સુવાવડ ખાનાર પુરુષનું ગણાતું અને એ પોતાની મિલ્કત તેને આપતો. માર્કો પોલો (Marco Polo, ઈ. સ. ૧૨૫૬–૧૩૨૪) નામના પ્રવાસીએ તાર્તર લોકમાં આ રિવાજ જોએલો. સ્ટ્રાબો કહે છે કે કેલ્ટ (Celt), થ્રેસિયન (Thracian) અને સિથિયન (Scythian) સ્ત્રીઓના રિવાજને અનુસરી આઇબેરિયન (Iberian – પ્રાચીન સ્પેનિયાર્ડ અને પોર્ચ્યુગીઝ) સ્ત્રીઓ બાળક જણીને પથારીમાંથી ઊઠી જતી અને તેના પિતાને સોંપતી. ડીડોરસ (Didorus) કહે છે કે કોર્સિકામાં (Corsica) સ્ત્રીઓ બાળકને જન્મ આપે એટલે બાળકનો પિતા પથારીમાં સૂએ અને જાણે એને જ જનનપીડા થઇ હોય એમ અમુક દિવસો સુવાવડ પાળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને છેક આજે પણ અમેરિકાની કેટલીક આદિજાતિઓમાં, જ્યાં હજી અનેકપતિ લગ્ન પ્રવર્તે છે ત્યાં, પુરુષની સુવાવડનો રિવાજ છે. અને આમ ધીરે ધીરે પુરુષ અનેકપતિ લગ્નની અપ્રિય જંજાળમાંથી છૂટો થવા લાગ્યો. અનેક પતિઓનું, પણ સ્ત્રીની માલેકીનું, સહિયારું ઘર છોડી પોતાનું આગવું ઘર કરતો થયો.

અને અન્તે પુરુષ કાંડાબળિયો છે, એટલે એ સ્ત્રીથી સ્વતંત્ર થાય છે. વળી એ જ કારણે જગતની આદિજાતિઓમાં અનેકપતિ લગ્ન બહુ પ્રવર્તેલું જણાતું નથી. અમુક સંજોગોમાં જ અમુક જાતિઓમાં એનો ઉદ્ભવ થયો છે.

અને આજે પણ સમાજના અન્યાયને અને અત્યાચારને પરિણામે સંસ્કૃત ગણાતા સમાજમાં નારીઓ અનેક વાંઢા સાથે ગુપ્તમાં એવાં લગ્ન ક્યાં નથી કરતી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૪

અનેકપત્ની લગ્ન

પુરુષ કાંડાબળિયો તો છે જ, એટલે સ્ત્રીને તો અનેક પતિ ન કરવા દે, પણ પોતે અનેક પત્ની કરવામાં પોતાને સ્વતંત્ર માને. પણ એથી એમ સમજવાનું નથી કે પૂર્વે આખા જગત ઉપર પ્રથમ અનેક-પતિ લગ્ન હતું અને તેમાંથીજ વિકાસ પામીને અનેકપત્ની લગ્નની પ્રથા પડી. માનવજાતિમાં બહુ ઓછે સ્થળે અનેકપતિ લગ્ન હતું, મોટે ભાગે તો બન્યું ત્યાં પુરુષે અનેકપત્ની લગ્ન જ પ્રવર્તાવ્યું છે.

પશુઓમાં પણ એમ જ છે, કારણકે ત્યાં પણ પુરુષ જ બળવાન રહ્યો ને! વાઘસિંહ જેવાં પ્રચંડ ને ભયંકર પશુ તો નિર્ભય છે, એટલે એમને સમૂહમાં રહેવાની પરવા નથી; પણ નિર્બળ પ્રાણીઓને સમૂહ બાંધીને રહેવાની જરૂર પડે છે. નારી તો સ્વાભાવિક રીતે જ વધારે અબળા બની ગએલી, એટલે એને સમૂહમાં રહીને રક્ષણ પામવાની વધારે જરૂર રહી. આથી રક્ષણ માટે તે કોઇ નરનો સાથ શોધે અને તેની સાથે સમૂહમાં રહે. નર તેમને સાથે ફેરવે, તેમનું રક્ષણ કરે અને પછી તો સ્વાભાવિક રીતે જ તેમની સાથે સંયોગ કરે; બીજા નરને ઇર્ષ્યાવશ થઇ પોતાના સમૂહમાં ન પેસવા દે. નારી કરતાં નર સંયોગવિષયમાં વધારે ઇર્ષ્યાળુ છે; માનવમાં જ નહિ, પશુમાં પણ. બ્રેમ (Brehm, ૧૭૮૪–૧૮૬૪) લખે છે કે વૉલ્‌રસ (Walrus) જાતિનો નર અતિઇર્ષ્યાળુ હોય છે. તે ત્રીસ ચાળીસ નારીઓના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમૂહને સાથે ફેરવે છે, અને બાળબચ્ચાં સાથે સો સવાસો વ્યક્તિઓનું મોટું કુટુમ્બ એ એક જ નરનું હોય છે. એક જાતનો હરણનર સો સો નારીઓનો સમૂહ સાથે ફેરવે છે અને કોઈ બીજા નરને પોતાના સમૂહની પાસે પણ આવવા દેતો નથી. ગ્વાંકો લામા (Guanko Lama) નામે ઊંટવર્ગના એક અમેરિકન પશુની નારીઓ બહુ પતિવ્રતા હોય છે. શિકારી જો નરને વીંધે તો તેની અનેક નારીઓ તેની આસપાસ વીંટાઇ વળે, કાગારોળ કરી મૂકે ને તેના ઉપર પડતા ઘા ઝીલે. પણ જો નરને બદલે એકાદ નારી ઘવાય, તો એ નર પોતાના સમસ્ત નારીવૃન્દને લેઇને પલાયન કરી જાય! એને નારી-જન પ્રત્યે કંઇ સ્નેહ કે પરવા નથી. જ્યાં નારીની છત વધારે, ત્યાં તેની કિંમત આટલી જ, અથવા તો વેપારની વસ્તુની પેઠે છત ને ખપ ઉપર તે પણ મુલવાય!

છેક અડીને આપણા પિત્રાઇ વાનરમાં પણ કેટલીક જાતિઓ અનેકપત્ની લગ્ન કરે છે, કેટલીક જાતિઓ એકપત્ની લગ્ન કરે છે. અનેકપત્ની લગ્ન કરનાર નર પોતાની બધી નારીઓ ઉપર સખ્ત રાજ્ય ચલાવે છે, છતાં યે એ નારીઓ એના ઉપર અત્યન્ત સ્નેહ રાખે છે અને તેના શરીર ઉપરની લીખો વીણે છે. વાનર બીજા વાનરને પોતાના સમૂહમાં પેસવા દેતો નથી એટલું જ નહિ, પણ પોતાના જે પુત્રો ઉમરમાં આવે તેમને પણ ઇર્ષ્યાવશ થઇને પોતાના સમૂહ-માંથી હાંકી મૂકે છે. પણ એ વૃદ્ધ ને નિર્બળ થાય છે, ત્યારે કો'ક દિવસ પેલા પુત્રો આવી તેને મારી નાખે છે.

માનવી પણ આત્મરક્ષણની પ્રબળ વ્યવસ્થાને હેતુએ ધીરેધીરે સમૂહ–સમાજ–બાંધીને રહેવા લાગ્યો, ત્યારે તે પોતાના પિત્રાઇ વાનરની પેઠે અનેક નારીઓના સમૂહને સાથે રાખીને ફરતો–અનેક ગોપીઓનો કા'ન થઇને ફરતો. માનવજાતિના અનેક આદિસમાજોમાં આમ હતું, આજે પણ અનેક સમાજોમાં આમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાભાવિક પ્રેરણાને લીધે આમ બને છે એ ખરું, પણ અનેક પત્નીઓ કરવાનાં બીજાં પણ કારણ છે. સંસારનો પ્રખર તાપ પુરુષને તાવી નાખે છે ને તેથી તેની વસતિસંખ્યા ઘટી જાય છે. આહાર મેળવવા નારી કરતાં નરને બહુ પ્રાચીન કાળથીજ અતિશય વધારે કઠોર શ્રમ કરવો પડે છે અને તે કારણે એની મરણસંખ્યા વધારે હોય છે; વળી આહાર મેળવવા તેને બીજી જાતિઓ સાથે યુદ્ધ કરવાં પડે છે ને તેમાં બન્ને પક્ષના યોદ્ધાઓ હણાય છે. આમ જ્યારે પુરુષની સંખ્યા ઘટી જાય છે, ત્યારે જાતિની સર્વે સ્ત્રીઓનો લગ્નનો જોગ ખવડાવવા પુરુષે અનેક સ્ત્રીઓ પરણવી પડે છે. પ્રાચીન કાળે એ રીતે પણ અનેક જાતિઓમાં અનેકપત્ની લગ્નની પ્રથા પડેલી. યુરોપના ગયા મહાવિગ્રહમાં કંઇ લાખો જુવાનિયા હણાઇ પડ્યા, લગભગ એટલી જ જુવાન સ્ત્રીઓ લગ્ન વિના નવરી પડી. પરન્તુ યુરોપ તો ગમે તેવા તોય એકપત્ની લગ્નથી ટેવાએલું, એટલે અનેકપત્ની લગ્ન તો થાય કેમ? પણ એ બધી જુવાન સ્ત્રીઓનો લગ્નજોગ ખવરાવવો શી રીતે? અને ત્યારે તેમને આગબોટોમાં પરદેશ ચઢાવી દેઇ વેશ્યાવૃત્તિ કરવા મોકલી દેવી પડે છે! એવે પ્રસંગે યુરોપે બહુપત્ની લગ્નનો સ્વીકાર કર્યો હોત તો છેક આમ તો ન જ કરવું પડત.

યુદ્ધ, દુષ્કાળ કે બીજે ગમે તે કારણે વસ્તી ઘટી પડે ત્યારે પણ અનેકપત્ની લગ્ન ઇષ્ટ થઇ પડે છે. અનેકપતિ લગ્નથી વસતિ બહુ વધતી નથી, અનેકપત્ની લગ્નથી ખૂબ વધે છે. એક સ્ત્રી પાંચ પુરુષને પરણે તોય પાંચ વર્ષમાં પાંચ છ જ બાળક થાય; એક પુરુષ પાંચ સ્ત્રીને પરણે, તો પાંચ વર્ષમાં પચીસ ત્રીસ બાળકની સેના ખડી કરે! આથી વસતિના વિસ્તારને માટે પણ અનેકપત્ની લગ્ન સફળ છે. અનેક જાતિઓમાં પ્રથમ એ હેતુએ એ લગ્નની શરૂઆત થઈ, પછી વસતિ ખૂબ વધી ગયા છતાં એ જડ થએલી સંસ્થા ઘર કરી રહી અને લોક ધીરે ધીરે એકપત્ની લગ્ન તરફ વળ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં પણ વ્યક્તિઓ પુત્રૈષણાને હેતુએ અનેક પત્નીઓ કરતી રહી. પૂર્વે પારસીઓ પણ ઈરાનમાં એમ કરતા.

આમ વંશવર્ધનની પ્રેરણાએ પુરુષ અનેકપત્ની લગ્ન કરે તે તો સમજાય એવી વાત છે, પણ તે સિવાય બીજા હેતુઓએ પણ એ લગ્ન થવા માંડેલાં. પ્રાચીન માનવી હજી તો રખડતો હતો, હજી તો ઘરબાર બાંધીને થોડો જ રહેવા શીખ્યો હતો, પણ ત્યારે ય તેને આત્મરક્ષણને – ઉદરપોષણને માટે – ખેતીની શરૂઆત કરવી પડી હતી. એક કરતાં બે ભલા, એમ ખેતીની મજૂરી માટે અનેક સ્ત્રીઓને એ પરણે તો તેટલા મજૂર એની ખેતીમાં વધે. વળી એ બધી સ્ત્રીઓનાં બાળકો થાય તે પણ જરાતરા મોટાં થતાં મજૂરી કરવા લાગે, અને પરિણામે પુરુષ તો પાછો નવરો બેઠો મોજ માણે! ફીજી દ્વીપોમાં અને ન્યુ કેલીડોનિયામાં મજૂરી કરાવવાને હેતુએ આજે પણ ત્યાંના લોક અનેકપત્નીઓ પરણે છે. વળી પુરુષ બીજી સ્ત્રી પરણે તો પહેલી સ્ત્રીનો મજૂરીનો બોજો ઓછો થાય, એટલા માટે એ સ્ત્રી જ પોતાના પતિને ફરી પરણાવવા આતુર બને છે. અને બીજી સ્ત્રી ખરીદવા માટે પૈસા જોઈએ તે કમાવા ઝુલુ (Zulu) પત્ની તો તનતોડ મજૂરી કરે છે. પૂરતા પૈસા નથી હોતા તો સ્ત્રી પોતાના પિતાને જેમ તેમ સમજાવીને પોતાની નાની બેનને લાવે છે ને પોતાના પતિ સાથે તેને પરણાવે છે. આમ કેટલેક પ્રસંગે તો એક પુરુષ અમુકની સૌ પુત્રીઓને – એટલે કે બધી બેનોને – સાથે પરણી લાવે છે, જેમ અનેકપતિ લગ્નમાં એક સ્ત્રીને સૌ ભાઈઓ સાથે લાગ્યા પરણે એમ.

અનેક પત્નીનો પતિ એટલા મજૂરનો ધણી છે, અને એટલે અંશે એ ધનવાન છે, જેને એવા મજૂરનો જોગ નથી હોતો તેને તે ભાડે આપે અને એટલા માટે પણ જેને જોગ હોય તે અનેક સ્ત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરણે. તેની પાસે પોતાના ખેતરમાં કામ કરાવે કે બીજાને ભાડે આપે. પતિને હિસાબે સ્ત્રી તો બળદ કે એવું જ કંઇક છે. જો સ્ત્રીના કામમાં ખામી આવે તેના ઉપર મારની ઝડી વરસે!

એટલું જ નહિ પણ મૉંટાઇરો (Monteiro) નામે પ્રવાસી લખે છે કે આફ્રિકાનો "સીદી સ્નેહ, મમતા કે ઇર્ષ્યા સમજતો જ નથી. હું આફ્રિકામાં અનેક વર્ષ રહ્યો છું, પણ પોતાની વહૂને લાડ લડાવતા કે તેને ખભે હાથ મૂકતા કે બીજી કોઇ રીતે સ્નેહ બતાવતા કોઇ પણ સીદીને કદાપિ જોયો નથી. ...સ્નેહ કે મમતા જેવો કોઇ શબ્દ જ તેમની ભાષામાં નથી." એક ફ્રેંચ પ્રવાસી જણાવે છે કે "માલાગાસીઝ (Malagasies) લોકમાં સ્ત્રીપુરુષમાં શરમનો ને ઇર્ષ્યાનો વિકાસ બહુ જ ઓછો થયો છે. તેઓ બહુ જ નિર્લજ્જ રીતે વર્તે છે, પણ છેક જ સ્વાભાવિક રીતે." આ પ્રકારે ત્યાં લગ્ન વિષે નીતિઅનીતિના ખ્યાલનો પણ વિકાસ છેક નહિ જેવો જ થયો છે અને તેથી સ્ત્રીનો માલધણી – તેનો પતિ પોતાનો માલ – સ્ત્રી બીજાને વાપરવા ભાડે પણ આપે છે. જેને જોગ હોય તે ભાડે આપવા જેમ મુંબઇમાં માળા બંધાવે છે તેમ એ પ્રાકૃત જાતિઓમાં જેને જોગ હોય તે ભાડે આપવા અનેક સ્ત્રીઓ પણ પરણે છે. અનેકપત્ની લગ્ન આ રીતે પણ થાય છે. અને આથી જે અનેક વાંઢાને પરણવાનો જોગ ન હોય તે આવી રીતે સ્ત્રીઓને ભાડે રાખે છે.

હવે આવી મોટા લોકની વાત. રાજામહારાજાઓ શોખને કે આબરૂને ખાતર સ્ત્રીઓનાં ટોળાં ને ટોળાં ફેરવે. ફીજી દ્વીપોમાં પૂર્વે સુલતાનો ૩૦૦–૪૦૦ સ્ત્રીઓ રાખતા, પણ થોડી માનિતી સિવાયની બીજી બધીને ગુલામડીના વાડામાં ભરતો, અને તે બધી માનિતીઓની ચાકરી કરતી. એમાંની કોઇ કોઇ તો પોતાની સાથે કોઇ ગરીબ પણ સુંદર છોકરીને પિયેરથી લેઇ જતી ને પોતાના પતિની નજરે પાડતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક આવી છોકરીને અણમાનિતી સ્ત્રી પોતાની સાથે સાસરે લેઇ ગઇ, તેનો પતિ તેને જોઇને રાજી થયો. એ છોકરી ઉમરમાં આવી ત્યારે ઠરાવેલે દિવસે તેણે એ છોકરીને નવરાવી, ફૂલ વગેરથી શણગારી, પોતાના પતિના ખંડ આગળ તેને લેઇ ગઇ ને નગ્ન કરી ખંડમાં પોતાના પતિ પાસે ધકેલી દેઇ છાનીમાની પાછી ફરી ગઇ. આ છોકરીને કારણે એ અણમાનિતી તો ક્યારની યે માનિતી થઇ ગઇ હતી! આ વર્ણન કરનાર મોઇરનહાઉટ (Mörenhout) તો આ કથાથી આશ્ચર્ય પામેલો, પણ આપણે ગુજરાતીઓ તો ઓછા જ આશ્ચર્ય પામવાના હતા!

પેરુનો છેલ્લો દેશી રાજા આતાહુલ્પા (Atahulpa) સોળમા સૈકામાં થઇ ગયો, તેને ૩૦૦૦ રાણીઓ હતી. પણ તેમાંથી થોડીક જ માનિતી હતી, બાકીની અણમાનિતીને તો ખાવાના ય સાંસા પડતા, છતાં તેવી સ્થિતિમાં ય એ કોઇ બીજા સાથે પરણી શકતી નહિ.

પ્રવાસી લિવિંગ્સ્ટન (Livingstone) જણાવે છે કે આફ્રિકામાં ઝામ્બેઝી નદીના પ્રદેશમાં માણસ જેમ વધારે સ્ત્રીઓ પરણે તેમ તે વધારે ધનવાન ને આબરૂદાર ગણાય. સ્ત્રીઓ પોતે પણ એમ માને છે. અને એવી સ્થિતિમાં સ્ત્રીએ ગુલામગીરી જ ઉઠાવવી રહી. પતિ એકાદ પત્નીને વાળુની તૈયારી કરવાની આજ્ઞા આપે કે તે રાજી રાજી થઇ જાય, કારણકે એવી આજ્ઞા એટલે તે સ્ત્રીને તે રાતે પતિ પાસે જવાની આજ્ઞા! આહારસામગ્રી વહેલી વહેલી તૈયાર કરીને અભિમાને બીજી સ્ત્રીઓ પ્રત્યે તીરછી નજર નાખતી નાખતી પતિ પાસે જાય ને તે રાત તેની પાસે રહે પોતાના વારાની વાટ જોતી બીજી બધી બિચારી ગમે ત્યાં ભરાઇ જાય.

પોલીનેસિયા (Polynesia) દ્વીપોમાં તો અનેક પત્નીઓ કરવાનો સુલતાનોને ને સરદારોને જ ઇજારો છે. સામાન્ય લોકોને એકથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી સ્ત્રી કરવાની મનાઇ છે. અને ગરીબને તો વાંઢાજ રહેવું પડે છે.

કેટલીક પ્રજામાં સમયનો અવકાશ વાળા આળસુ પણ કલ્પનાશીલ લોક લહેજતને ખાતર અનેક સ્ત્રી પરણે છે, તેમની સાથે રંગરાગ ઉડાવે છે ને પોતાના બરનું કામકલાનું મૌખિક સાહિત્ય સર્જે છે. આમ આ સાહિત્ય પણ અતિપ્રાચીન કાળથી સર્જાતું આવ્યું છે.

અનેકપત્ની લગ્નનો રિવાજ યાહુદીઓમાં અતિપ્રાચીન કાળથી હતો. રાજા સોલોમનને ૭૦૦ સ્ત્રીઓ અને ૩૦૦ રખાતો હતી. આરબોમાં પણ પ્રાચીન કાળથી અનેકપત્ની લગ્ન કરવાની પ્રથા હતી. અને મહમદ સાહેબને એથી તિરસ્કાર આવ્યો, એટલે તેમણે પોતાના શિષ્યોને એવી આજ્ઞા આપી કે " તમારે ન જ ચાલે તો બે અથવા ત્રણ અથવા ચાર સ્ત્રીઓ કરજો; પણ એથી વધારે નહિ." અને પછી તો સ્ત્રીના સંયોગહક ઠર્યા: દરેક સ્ત્રીને વારાફરતી એકેકી રાત મળવી જ જોઇએ અને એ રાત પછીને દિવસે પણ એ પતિ એનો જ. નવી પરણી આણેલી સ્ત્રી કન્યા હોય તો તેને પ્રથમ સાત અને વિધવા હોય તો તેને ત્રણ રાત આપવાને એનો પતિ બંધાએલો છે. એથી વધારે રાત આપવાની ના પાડવાનો એને હક છે.

આમ જ્યાં અનેકપત્ની લગ્ન વિષે ધાર્મિક સમ્મતિ મળે, ત્યાં એ પ્રથા જડ થાય અને નાબૂદ થવી બહુ કઠણ બને. મુસલમાનો એથી પણ એ પ્રથાને વળગી રહ્યા છે. સામાજિક આવશ્યકતાને કારણે એ પ્રથા પડી હોય તો એ કારણ નાબૂદ થતાં એ પ્રથા પણ શિથિલ થાય અને ધીરેધીરે નાબૂદ થાય.

યાહુદીઓની અનેકપત્ની લગ્નની પ્રથા ખ્રિસ્તીઓમાં પણ ઊતરી આવી હતી. પ્રશિયાના ફ્રેડ્રિક બીજાએ બે સ્ત્રીઓ કરી હતી. ૧૫૩૧માં ખ્રિસ્તી ઉપદેશકોએ બોધ દેવા માંડેલો કે ખ્રિસ્તીઓને અનેક સ્ત્રીઓ હોઇ શકે. ત્રીશ વર્ષના વિગ્રહને અંતે ૧૬૫૦માં યુરોપના સમાજની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી સ્થિતિ થઇ પડી કે અનેકપત્ની લગ્નની હિમાયત રાજકીય કારણોએ થવા લાગી. વસતિના ઘટાડાને લીધે નુરેમ્બર્ગની રાજ-સભામાં ઠરાવ થએલો કે કોઇ પણ પુરુષ બે સ્ત્રીઓ પરણી શકશે. છેલ્લા (૧૯૧૪-૧૯૧૯) મહાવિગ્રહને પરિણામે યુરોપના એટલા બધા નવયુવકો હણાયા કે ત્યાંની કુમારિકાઓને પરણવા યુવકોની તાણ પડી. સમયને અનુસરીને ભાવના બદલાઇ ન હોત તો આજે પણ ત્યાંના અનેક દેશોની રાજસભાઓમાં એવા ઠરાવ થયા હોત. પણ ત્યાં એકપત્ની લગ્નની ભાવના પ્રબળ થતી ગઇ છે, એટલે એ વધારે પડતી સ્ત્રીઓનો નિકાલ બીજીજ રીતે થાય છે!

પણ આ નવજુગમાંય એ પ્રથા ધર્મને નામે નવેસરથી પોષાય અને તે પણ એકપત્ની લગ્નનું સમર્થન કરનાર ક્રાઇસ્ટના યુરોપિયન શિષ્યોને હાથે પોષાય એ જાણીએ, ત્યારે તો તેમની નજરે અસંસ્કૃત, બહુ તો અર્ધસંસ્કૃત આપણ હિંદીઓને આશ્ચર્ય થયા વિના ન જ રહે! જોસેફ સ્મિથે (૧૮૦૫-૧૮૪૪) અમેરિકામાં એક ક્રિશ્ચિયન સંપ્રદાય સ્થાપ્યો, એ Mormonismને નામે ઓળખાય છે, એ સંપ્રદાય પાળનાર Mormon કહેવાય છે. ૧૮૪૩માં અનેકપત્ની લગ્નનો પ્રચાર કરવાની સ્મિથને પ્રભુપ્રેરણા થઇ! એ વાત જાહેર થતાં લોક ઉશ્કેરાયા ને તેને મારી નાખ્યો. છતાંયે તેનો સંપ્રદાય પ્રસર્યો, તેની ગુરુગાદી ઉપર આવનાર તેનો શિષ્ય યંગ (Young) ૧૮૭૭માં અનેક સ્ત્રીઓ અને તેથીયે વધારે સન્તાન મૂકી મરી ગયો. ૧૮૯૬માં અનેકપત્ની લગ્નનો નિષેધ કરનારો કાયદો થયો, છતાં એ સંપ્રદાયના શિષ્યો વધતા જ ચાલ્યા. ૧૯૦૮માં એ સંપ્રદાયમાં સાડા ત્રણ લાખ શિષ્યો હતા. આ પરિસ્થિતિ સાબિત કરે છે કે ધર્મની સમ્મતિ મળતાં અનેક લોક અનેકપત્ની લગ્ન કરવા પ્રેરાય છે અને એ પણ સાબિત કરે છે કે એકપત્ની લગ્નથી ટેવાએલા યુરોપિયન પણ એવે પ્રસંગે અનેકપત્ની લગ્ન કરવા પ્રેરાય છે. ત્યારે એમ માનવું પડે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે માનવસમાજમાં એકપત્ની લગ્નની પ્રથા આવ્યા છતાં હજી માનવ-સ્વભાવમાંથી અનેકપત્ની લગ્નની વૃત્તિ ગઇ નથી. અને આ નિયમ-માંથી પોતાને સંસ્કૃતશ્રેષ્ઠ માનનાર મનાવનાર યુરોપિયન પણ છટકી શકતો નથી.

ત્યારે હવે આ અધ્યાય સમેટી લેતાં સ્વીકારી લેઇએ કે આપણો – માનવજાતિનો – વિકાસ પશુજાતિમાંથી થયો છે, વાનરની અનેક જાતિઓ આપણા અડીને ગોત્રમાં આવે છે. આથી આપણા સ્વભાવમાં તેમના જ જેવી અનેકપત્ની લગ્નની પ્રેરણા હજી યે છે. અનેક વાનર-જાતિઓના નર પોતે અનેક પત્નીઓ કરે છે, પોતાની નારીઓને અનેક પતિ – પોતાના સિવાય બીજો પતિ – કરવા દેતા નથી. માનવસ્વભાવમાં પણ એવી જ પ્રેરણા ઊતરી આવી છે. માનવજાતિઓ અનેક પ્રકારે વિકાસ પામી – પછી તેને સંસ્કાર કહો, વખતે વિકાર પણ હોય. એ વિકાસને પરિણામે એણે લગ્ન સંબંધે અનેક પ્રયોગ કર્યા, પણ છતાં યે અનેક લગ્ન એ માનવજાતિના સ્વભાવમાં છે જ. નર પોતે એ સ્વાભાવિક પ્રેરણાના ઘોડા છૂટી લગામે દોડાવ્યે જાય છે. નારીની એ પ્રેરણાને પોતાને કાંડાબળે લપડાક મારીને દબાવી રાખે છે. એટલું જ નહિ પણ પોતાની વસ્તુ બીજો વાપરે ને ઇર્ષ્યા થાય, તેમ વહૂ નામે પોતાની વસ્તુ બીજો વાપરે કે લેઇ જાય તે સામે તે ધીરે ધીરે ઇર્ષ્યા કરતો થાય છે; રખેને પોતાની વહૂને બીજો કોઇ જોઇને કે પોતાની વહૂ પરપુરુષને જોઇને લલચાય, રખેને સંયોગસંબંધ બાંધી નાખે, એ ભયથી ધણી એ વહૂને સંતાડતો ફરે છે; પર-પુરુષને દૂર રાખવાનો પોતાનો અધિકાર નથી, વહૂ તો પોતાની માલેકીની વસ્તુ હોવાથી તેને સંતાડવાનો ધણીનો અધિકાર છે. આમ અનેકપત્ની લગ્નમાંથી પડદાનો રિવાજ ઊભો થયો છે. આજે પણ એવાં લગ્ન કરનારમાં પડદો પળાય છે. આમ લગ્નની વિષમતા શરૂ થઇ ચૂકી ને નરનો નારી ઉપર લગ્નને નામે પ્રપંચ શરૂ થઇ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૫

એકપત્ની લગ્ન

ગયા અધ્યાયમાં જણાવ્યું કે "વાઘસિંહ જેવાં પ્રચંડ ને ભયંકર પશુઓ તો નિર્ભય છે, એટલે તેમને સમૂહમાં રહેવાની પરવા નથી." એ તો પોતાની મેળે નરનારીનું યુગલ વનમાં ફરતું ફરે છે ને શિકાર કરે છે. નિર્બળ પશુ સમૂહમાં રહે છે એટલે એમનામાં અનેકપત્ની લગ્નનો વિકાસ થયો એ પણ ગયા અધ્યાયમાં જણાવ્યું છે.

પણ હવે જણાવવાની જરૂર છે કે સમૂહમાં રહેતાં બધાં પક્ષી અને પશુ અનેકપત્ની લગ્ન કરે છે જ એમ કંઇ નથી. આપણાં સારસ પક્ષી એકપત્ની લગ્ન કરે છે. કવિઓનું ચક્રવાક પક્ષી પણ એકપત્ની લગ્ન કરતું અને એમાંથી એક મરતાં બીજું માથું પટકી મરતું ગવાયું છે. પાણીમાં રહેનારું વ્હેલ (Whale), વનમાં રહેનારું રીંછ અને બીજાં અનેક પશુ સ્વભાવથી જ ઘણું કરીને એકપત્ની લગ્ન કરે છે.

અને આપણા હરણ વિષે તો સુંદર કથા છે :

> मध्याह्ने दववह्निनोष्मसमये दंदह्यमानाद्गिरेः
> कृच्छ्रान्निर्गतमुत्तृषं जलमथा वीक्ष्यैकरक्षाक्षमम् ।
> प्रेम्णा जीवयितुं मिथः पिब पिबेत्युच्चार्य जिह्वया पिबन्
> निर्मग्नास्यमपीतवारि हरिणद्वन्द्वं विपन्नं वने ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ઉનાળાને ખરે બપોરે હરણદંપતી પાણીની શોધમાં દોડ્યે જાય છે. આગલી રાતે માવઠું થએલું, તેના પાણીમાં ગાયનું પગલું પડેલું; એ પગલામાં થોડું પાણી રહી ગયું છે. એ હરણદંપતી મહાઆનંદે એ પગલામાંનું પાણી પીવા ધાય છે. પણ બન્ને જુએ છે કે એટલું થોડુંક પાણી બન્નેની તરસ છિપાવી શકે એમ નથી, એકની જ છિપાવી શકે એમ છે. હરણને થયું: ‘ભલે હું તરસે મરી જાઉં, મારી પ્રિયા એટલું પાણી પીને જીવે તો બસ; પણ હું નહિ તો એ પણ નહિ પીએ, માટે હું પીઉં છું એમ એને દેખાડું.’ એમ વિચારીને એ ખાબોચિયાના અંજલિ જેટલા પાણીને મોં અડાડે છે હરણીને પણ એમ જ થાય છે ને એમ જ વિચારીને એ પણ પાણીને મોં અડાડે છે પોતે મરીને પણ પોતાના પ્રિયજનને જિવાડવાની ઇચ્છાએ એ બન્ને પાણીને મોં અડાડી એક બીજાને ફોસલાવી રહ્યાં છે, કોઇ પણ પાણી પીતું નથી. બન્ને તરસે તરફડીને પડે છે, વનની ધખધખતી ધરતી ઉપર શેકાઇ મરે છે!” પશુ કરતાં પોતે સંસ્કૃતિમાં ઉન્નત હોવાનું મિથ્યાભિમાન ધરાવનાર માનવીમાં પણ હરણના જેવું એકલગ્ન વિરલ છે એમ આપણા સંસ્કૃત કવિએ ગાએલું આ સુંદર ઉદાહરણ કહી દે છે.

અને છેક અડીને આપણા પિત્રાઇ વાનરમાં પણ કેટલીક જાતિઓ એકપત્ની લગ્ન કરે છે.

પણ છતાં યે સમસ્ત પશુજગતમાં અનેકપત્ની લગ્ન ઘણું કરીને પ્રવર્તે છે અને તેમાંથી વિકાસ પામેલા માનવજગતમાં પણ પ્રાચીન કાળે અનેકપત્ની લગ્ન પ્રવર્તતું, આજે પણ અનેક જાતિઓમાં પ્રવર્તે છે. બેશક તેમાંથી સંયોગોને બળે અનેક જાતિઓમાં એકપત્ની લગ્નનો વિકાસ થયો છે. અને હવે એ સંયોગો વિષે આપણે વિચાર કરીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેકપત્ની લગ્ન જ્યારે પ્રવર્તી રહ્યું હતું, અમીરો ને સુલતાનો જ્યારે સ્ત્રીઓની આખી સેના રાખતા, ત્યારે અનેક પુરુષોને સ્ત્રી વિના રહેવું ષડતું, વાંઢા રહેવું પડતું, બળાત્કારે બ્રહ્મચર્ય – જો એ સ્થિતિને આ શબ્દ શોભે તો! – પાળવું પડતું. આ સ્થિતિ ક્યાં સુધી નભે? અનેકપત્ની લગ્નના ઝનાનાની જે સ્ત્રીઓ પોતાના પતિથી અને પોતાની પરિસ્થિતિથી અસન્તુષ્ટ હતી તેમના તરફ પેલા વાંઢાઓ તાકવા ને તેમને કાઢી ભાગવા લાગ્યા. આમ ધીરે ધીરે અનેકપત્ની લગ્નના મૂળમાં ઘા પડવા લાગ્યા. સ્વાભાવિક પ્રેરણાએ તો માનવી ગણલગ્ન તરફ વળે, પણ હવે એ અશક્ય બન્યું હતું. એટલે એણે એકપત્ની લગ્ન તરફ વળવા માંડ્યું. હરેરો (Herrero) કહે છે કે હોણ્ડુરાસમાં (Honduras) હલકા વર્ગના યુવકોને કોઇએ છાંડેલી વૃદ્ધ નારીથી સન્તોષ પામવો પડતો, પણ ધીરે ધીરે એવા યુવકોએ પેલા અમીરઉમરાવોના ઝનાનામાં ગાબડાં પાડવા માંડ્યાં.

વળી અનેકપત્ની લગ્ન કરનાર લોક પોતાની બધી પત્નીઓને સરખો સન્તોષ ન આપી શકે એ તો દીવા જેવી વાત છે. અમીર-ઉમરાવોની સ્થિતિ એથી યે વિષમ હોય. તેઓ થોડીકને માનિતી પટરાણીઓને સ્થાને સ્થાપે, બાકીનીને અણમાનિતી ગુલામડીઓ બનાવી તેમની પાસે મજૂરી કરાવે, તેમને વેચે, ઉછીની આપે કે ભાડે આપે, બદલામાં આપે કે પાલવે એમ કરે આવી સ્થિતિમાં એ અણમાનિતી ગુલામડીઓ અસન્તુષ્ટ થાય અને અન્તે મનફાવતા યુવકની સાથે નીકળી જાય.

પુરુષની સંખ્યા ઓછી હોય, ત્યાં સુધી તો અનેકપત્ની લગ્ન પાલવે. પણ પુત્રીહત્યાને કારણે (પૃષ્ઠ ૧૪–૧૬) કે નારીજાતિની અવગણનાને કારણે નારીસંખ્યા ઘટી જાય, અથવા કઠોર પરિશ્રમને કે યુદ્ધને પરિણામે નરસંખ્યા ઘટી જાય (પૃ ૨૩), તો પ કુદરતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાભાવિક નિયમે ઘટેલી સંખ્યા વધી વધીને પાછી પોતાની સીમાએ પહોંચવાનું વલણ લે આમ નરનારીની સંખ્યા લગભગ સરખી ને સરખી રહે. આથી ગણલગ્ન પાલવે કે એકલગ્ન પાલવે. સંસ્કૃત માનવીને ગણલગ્ન ન પાલવ્યું એટલે એ દિશાએ તો એ પાછો ના વળ્યો, પણ એકલગ્ન તરફ ચાલ્યો.

આમ ધીરે ધીરે ગણલગ્નમાંથી અનેકપતિ લગ્ન તેમ જ અનેકપત્ની લગ્ન અને તેમાંથી એકપત્ની લગ્નનો વિકાસ થયો. લોકમતને અને કાયદાને બળે અનેક દેશમાં અને અનેક જાતિમાં તેણે મૂળ નાખ્યાં. પણ છતાં યે માનવજાતિના સ્વભાવમાં એણે મૂળ નથી નાખ્યાં; સ્ત્રીજાતિમાં કામલોલુપતા, કાંડાબળ અને ધનબળ ઓછાં હોવાથી એ પ્રકટ રીતે અનેકપતિ લગ્ન તરફ જઇ શકતી નથી; પુરુષમાં એ ત્રણે વધારે છે, પણ પ્રકટ રીતે અનેકપત્ની લગ્ન તરફ જઇ શકતો નથી, કારણકે લોકમત કે કાયદો તેને એમ કરતો અટકાવે છે. છતાં યે એણે છટક બારી રાખી છે. વેશ્યાસંસ્થા જેવી છટક બારી રાખી છે. અને ગુપ્ત રીતે તો એ શું શું નથી કરતો? અને છતાં યે એ પોતાને સંસ્કૃતિમાં સર્વોત્તમ માને છે.

એવા બહારના દંભ કરતાં તો હજી જે જાતિઓ અનેકપતિ લગ્નને કે અનેકપત્ની લગ્નને પકડી રહી છે તે જાતિઓ સંસ્કૃતિમાં નીચી ગણાતી હોવા છતાં સારી છે, દંભનો પડદો ઓઢીને સંસ્કૃતિ દેખાડતી નથી. પોતે જેવી છે તેવી પ્રકટ રૂપે દેખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૬

લગ્નવિધિના પ્રકાર

લગ્નવિકાસની સાથે સાથે તેના વિધિપ્રકારમાં પણ ધીરે ધીરે વિકાસ થતો ચાલ્યો છે.

ખાસ કરીને અમેરિકાની આદિ પ્રજામાં એવો રિવાજ હતો અને હજી યે ત્યાં અનેક પ્રદેશોમાં છે કે પુરુષને કોઇ કન્યા સાથે લગ્ન કરવું હોય તો તેણે એ કન્યાના પિતાના ઘરમાં રહીને અમુક વર્ષ સુધી તેની ગુલામી કરવી પડે. અમેરિકામાં તો શું યાહુદીઓમાં પણ એમ હતું. ખુદ બાઇબલમાં લખ્યું છે કે યાકોબે લે અને રાખેલને પરણવા સારુ તેમના પિતા લાબાનને ત્યાં ચૌદ વર્ષ ગુલામગીરી કરી હતી (ઉત્પત્તિખંડ ૨૯ : ૧૬ – ૩૦).

કેનાઇ (Kenai) લોકમાં એવી ગુલામી એક વર્ષ સુધી કરવી પડતી, યુકાટાન (Yucatan) પ્રદેશમાં ત્રણ વર્ષ સુધી કરવી પડતી. એટલી મુદત ગુલામી કર્યા પછી છોકરી એ ગુલામની સ્ત્રી ગણાતી. આ પણ એક પ્રકારે કન્યાવિક્રય કહેવાય ખરો. પણ ત્યાં એવો રિવાજ હતો કે ત્યાર પછી છોકરીને એના ધણી સાથે ન બને તો એ પાછી પોતાના પિતાને ઘેર જઈ શકે અને ત્યાર પછી નવા ગુલામ ઉમેદવારને રાખી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી વિકાસ થતાં લોકમાં જેમ જેમ વસ્તુઓની લેવડદેવડથી વેપાર થવા લાગ્યો તેમ તેમ અમુક વસ્તુ લેઇને છોકરીને વેચવાનો રિવાજ પડતો ગયો. અને જ્યારથી વેપારમાં નાણાંનો વ્યવહાર શરૂ થયો, ત્યારથી નાણું લેઇને વેચવાનો રિવાજ પડ્યો. આ કન્યાવિક્રય સર્વ દેશમાં સદાસર્વદા ચાલ્યા જ કર્યો છે એમ ઇતિહાસ સ્પષ્ટ રીતે કહે છે. બાળકો અને ખાસ કરીને દીકરી ઉપર પિતાનો અધિકાર ત્યાર સુધીમાં તો સ્થપાઇ ગયો હતો. વળી દીકરીના વેચાણમાં તેની છત અને ખપત ઉપર તેના ભાવ નીકળતા, અને હજી યે વસ્તુસ્થિતિ એ જ છે. આફ્રિકાના અનેક પ્રદેશોમાં ગાય બળદ વગેરે પશુઓ લેઇને દીકરીને તેનો પિતા વેચે છે. સેનિગામ્બીઆના (Senegambia) મૂર (Moor) લોકમાં દીકરીને તેનો પિતા વેચે, પણ દીકરીને એમ વેચાવાનું ના પાડવાનો અધિકાર છે. સોકોટો (Sokoto) પ્રાન્તમાં દીકરીની સમ્મતિ લેવામાં આવે છે. આ સ્ત્રીસ્વાતંત્ર્યનો અવશેષ ગણાય. એ પ્રદેશના ધનવાન લોક સ્ત્રીધન આપીને પરણે છે. કૌરાંકો (Kouranko) પ્રદેશમાં પિતા પોતાની પુત્રીને ગમે તેવા ય વૃદ્ધ ધનવાનને ખૂબ દામ લેઇને વેચે છે અને દીકરીથી ના પડાતી નથી. પણ એ વિધવા થતાં પોતાની ઇચ્છા પ્રમાણે ગમે તેની સાથે જઇ રહેવા સ્વતંત્ર છે. પોલીનેસિયામાં પિતા પુત્રીને વેચે છે, છતાં ય તેના ઉપરના સર્વ હક પિતાને સ્વાધીન છે, વેચ્યા પછી તેની કિંમત કે બીજા કશા માટે તેને વાંધો પડે તો તે પોતાની દીકરી પાછી લેઇ લે

અમેરિકામાં પણ કન્યાવિક્રય સર્વત્ર છે. ત્યાં કિંમતમાં ઘોડા ને કામળા લેવાય છે. કોઇ યુરોપિયનને એવી રીતે દીકરી વેચી હોય ને તે યુરોપિયને તેને છોડી દીધી હોય તો તેને તેનો પિતા પોતાને ઘેર પાછી લેઇ જાય ને બીજા કોઇને વેચે. કોલંબિઆ (Columbia) પ્રદેશમાં જે દીકરી સારી રીતે મજુરી કરી શકે ને ભાર ઊંચકી શકે તેની કિંમત વધારે ઉપજે છે. કાલીફોર્નિયામાં પિતા પુત્રીની ખૂબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિંમત ઉપજાવવાની જ નજર રાખે છે ને તેથી બધા ધનવાન વૃદ્ધોના જ હાથમાં બધી સુંદર છોકરીઓ જઇ પડે છે. ત્યાં છોકરીઓ ઉધાર પણ વેચાય છે અને કરાવેલી મુદતે તેની કિંમત ચૂકવી લેવાય છે. કિંમત ચુકવાય ત્યાં સુધી એ છોકરી પરણનારની આખી વહૂ નથી ગણાતી ને પરણનારને છોકરીના બાપની ગુલામી કરવી પડે છે. પરણતાં જેની કશી કિંમત ન પડી હોય એવી છોકરીનાં બાળક આબરૂદાર નથી ગણાતાં. મોક્સો (Moxo) અને ગ્વારાણી (Guarani) લોકમાં દીકરીની કિંમત લેવા ઉપરાંત વર શિકારમાં અને યુદ્ધમાં મર્દાનગી દાખવે એવો છે કે નહિ તે બાબત તેની કસોટી કાઢી લેવામાં આવે છે.

એશિયામાં પણ કન્યાવિક્રય અનેક પ્રદેશોમાં છે. મોંગોલ, તાર્તર અને તુર્કોમાન લોકમાં છોકરીઓની કિંમત ઊંટથી અંકાય છે, વેપારની વસ્તુઓ બનાવી શકે એવી સ્ત્રીઓની કિંમત વધારે અંકાય છે અને તેથી એવી, પણ સંયોગ માટે ય તુરત ખપ લાગે એવી, મોટી ઉમરની વિધવાઓની કિંમત સારી ઊપજે છે. ચીનમાં કિંમત બે ભાગે ચુકવાય છે: એક સાટું કરતી વેળા અને પછી દીકરી સોંપતી વેળા. પ્રાચીન હિબ્રુઓ પણ કન્યાવિક્રય કરતા એમ બાઇબલના યાહુદી પુરાણથી જણાય છે. આરબો આજે પણ કરે છે. એક આરબ સ્મૃતિકારના જણાવ્યા પ્રમાણે "પિતા બોલે છે: 'આટલી કિંમતે તને મારી દીકરી વેચું છું.' જમાઇ કહે છે: 'હું સ્વીકારું છું.' સ્ત્રી લગ્નમાં પોતાના શરીરનું એક અંગ વેચે છે; ખરીદીમાં પુરુષ અમુક વસ્તુ ખરીદે છે, લગ્નમાં સ્ત્રીનો વંશવર્ધનનો પ્રદેશ ખરીદે છે." એ સ્મૃતિકારનાં આથી વધારે વચન ઉતારી શકાય એમ નથી.

યુરોપમાં પણ પ્રાચીન કાળે કન્યાવિક્રય થતો. સ્કેંડિનેવિયામાં પિતા કન્યાને તેની સમ્મતિ લીધા વિના વેચતો જર્મન કન્યાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પિતાની પરવાનગી વિના પરણાતું નહિ. પિતાને કન્યાની કિંમત વર આપતો, પછી કન્યાને પ્રથમ ચુમ્બનની કિંમત આપતો અને છેવટે સ્ત્રીધન આપતો. આને પરિણામે કન્યા વરના કુટુમ્બની કુલ માલેકીની વસ્તુ થઇ પડતી, એટલે સુધી કે વિધવા થતાં ય એ કુટુમ્બની પરવાનગી વગર તેનાથી પુનર્લગ્ન થઇ શકતું નહિ. ગ્રીસમાં અને રોમમાં પણ પૂર્વે કન્યા વેચાતી અને રોમમાં તો વરની ત્રણ વર્ષની ગેરહાજરીથી એ કન્યાને ફરી વેચવાનો તેના પિતાને અધિકાર હતો. રોમન કાયદામાં માલેકીની વસ્તુઓ અને સ્ત્રી બંને મિલ્કત ગણાતી અને એક વર્ષનો કબ્જો ભોગવટો ભોગવનાર તેનો માલિક બનતો. ન્યુ મેકસીકોના પાપાયો (Papayo) લોક તો કન્યાને જાહેર લીલામથી વેચે છે. આમ આખા જગત ઉપર કન્યા વેચાતી અને હજી યે અનેક સ્થળે વેચાય છે.

છતાં યે પુરુષ, પોતાને ધારેલી સ્ત્રી ન મળે એટલે એને ઉપાડી લાવે એમ પણ બનતું. પુરુષ અતિપ્રાચીન કાળથી સ્ત્રી કરતાં કાંડા-બળમાં બળિયો કેમ બની ચૂક્યો હતો એ તો આપણે હવે પછી અનુકૂળ પ્રસંગે (અધ્યાય ૨૩ : ‘સંવનન’) જોઇશું. નારીની પરા-ધીનતાનાં પગરણ તો તે કાળથી મંડાઇ ચૂક્યાં હતાં. પોતાને કાંડાબળે નારીને ઊંચકી લાવીને તેના માલેક બની બેસવાનો રિવાજ સૌ જાતિમાં હતો, આજે ય અનેક જાતિમાં છે. બનતા સુધી એમ નારીહરણ પાડોશની જાતિમાંથી પુરુષ કરતો. કેટલીક વખત સ્ત્રીની ઇચ્છાથી, પણ ઘણું કરીને તો તેની ઇચ્છા વિરુદ્ધ, તે તેનું હરણ કરી લાવતો. ગમે ત્યાં પુરુષ સંતાઇ રહે ને ધારેલી કે પછી ગમે તે સ્ત્રી હાથ આવે તેને ઉપાડી લાવે. ઘણી વાર તે કારણે યુદ્ધ થતાં અને તે સ્ત્રી પાછી આપીને કે તેને બદલે નુકશાની ભરી આપીને પતાવટ થતી, ઘણી વખત તેને બદલે બીજી સ્ત્રી આપવી પડતી. કોઇ કોઇ વાર તો એટલે દૂરથી સ્ત્રીને ઉપાડી લાવવામાં આવતી કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પુરુષના કુટુમ્બની ને તેની જાતિની ભાષા પણ તે સમજતી નહિ, ત્યાંનાં દુ:ખ તેને સહન કરવાં પડતાં. પણ એ જાતિઓમાં નારીહરણ ધીરેધીરે એટલું સામાન્ય થઇ ગએલું કે એવી સ્થિતિ તો નારીજાતિને માટે સ્વાભાવિક છે એમ એ માની જ લેતી.

યુદ્ધમાં પરાજિત પક્ષની સ્ત્રીઓને વિજેતાઓ ઉપાડી જતા અને તેનાં ઉદાહરણ તો બાઇબલના યાહુદી પુરાણમાંથી પણ મળી આવે છે: યુદ્ધમાં ઇસ્રાએલોએ "પાંચ મિડિયન (Midian) રાજાઓને મારી નાખ્યા. . . . અને ઇસ્રાએલપુત્રોએ મિડિયનોની સ્ત્રીઓને તથા તેઓનાં છોકરાંને પકડી લીધાં ('ગણના,' ૩૧ : ૮-૯). . . . અને મુસાએ તેઓને કહ્યું: 'શું તમે સર્વ સ્ત્રીઓને જીવતી રાખી છે? તો હવે છોકરાંમાંથી પ્રત્યેક નરને મારી નાખો અને જે સ્ત્રીએ પુરુષની સાથે સૂઇને તેનો અનુભવ કીધો હોય તેને મારી નાખો. જે નાની છોડીઓએ પુરુષની સાથે સૂઇને તેનો અનુભવ કીધો ન હોય તે સર્વને તમે પોતાને સારુ જીવતી રાખો" (૧૫, ૧૭, ૧૮). યાહુદીઓના પયગમ્બર મનાતા મુસાને પણ સ્ત્રીહરણના લગ્નમાં કંઇ અનુચિત નહિ લાગેલું. પ્રાચીન યુરોપમાં પણ સ્ત્રીહરણનાં ઉદાહરણ પુષ્કળ છે. Duan Eiranash નામે આઇરીશ કાવ્યમાં ૩૦૦ સ્ત્રીઓનાં હરણ કર્યાની કથા છે. ગ્રીસની મહાકથા ઇલિયડમાં મેનેલેઅસની સ્ત્રી હેલનને પારીસે ઉપાડી આણેલી અને તેથી ટ્રોજન વિગ્રહ જાગેલો, એ કથા તો સુપ્રસિદ્ધ છે.

અને પછી તો કન્યાહરણ બંધ થયાં, એવા શાન્તિના કાળમાં યે એ રિવાજને યાદ દેવડાવનાર વિધિ સચવાઇ રહ્યો; સાપ ગયા તો ય લિસોટા સચવાઇ રહ્યા. ઉત્તર અમેરિકાના એસ્કીમોમાં લગ્નની વ્યવસ્થા શાન્ત રીતે થાય છે, પણ લગ્નને દિવસે વિધિ એવો હોય છે કે કન્યા નાસે છે, વર તેની પાછળ પડે છે ને કન્યાને પકડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કન્યા છૂટવાને ધમપછાડા કરે છે ને ચીસો પાડે છે, વર તેને પકડીને પાછી ખેંચી લાવે છે ને પોતાને ઘેર લેઈ જાય છે. ઘેર પહોંચતાં જ કન્યા હસીને એની વહૂ બની રહે છે! કેટલીક જાતિઓમાં કન્યાની સહાયતામાં બીજી સ્ત્રીઓ હોય છે તે પણ પેલા વરની સાથે યુદ્ધનો આડંબર કરે છે, અને આખરે હારી પડે છે એટલે કન્યાને વર ઉપાડી જાય છે. કેટલીક જાતિઓમાં તો કન્યા ઘોડે ચડીને નાસે છે, વર પણ ઘોડે ચડીને તેને પકડવા દોડે છે. ન્યુ ઝીલૅણ્ડમાં કન્યાનો પિતા પોતાની કન્યા અમુક વરને પરણાવવાનું સ્વીકારે છે, ત્યાર પછી લગ્નને દિવસે કન્યા નાસે છે અને વર તેની પાછળ પડી પકડે છે. તે વખતે યુદ્ધનો થાય છે તો આડંબર જ, પણ છતાં ય ખૂબ સખ્ત થાય છે. વરકન્યા એકબીજાનાં કપડાં ચીરી નાખે છે અને કન્યાને સો ગજ જેટલે દૂર પાછી ખેંચી લાવતાં વરનો દમ નીકળી જાય છે ને કલાકો ને કલાકો વહી જાય છે. ત્યાં કેટલીક વખત તો માતા પોતાની કન્યાનો પક્ષ લે છે. યેટ (Mr. Yate) લખે છે કે "અમુક માતા પોતાની કન્યાનું લગ્ન અમુક વર સાથે થાય એમાં ખુશી હતી. વરકન્યા બન્ને ખ્રિસ્તી થયાં હતાં. લગ્ન કરીને દેવળમાંથી એ નીકળ્યાં, એટલે કન્યાની મા છાતી કૂટવા લાગી, પોતાની કન્યાને ઉપાડી ગયા માટે વરને ને લગ્નક્રિયા કરાવવા માટે પાદરીને ગાળો ભાંડવા લાગી, કારણકે એ જાતિમાં એવો રિવાજ છે. પણ પછી તેણે ધીરે અવાજે પાદરીને કહી દીધું: 'એ વિષે મનમાં કશું ન આણતા, એ કંઇ સાચું નથી, એ તો અમારો રિવાજ છે.'"

અમુક આરબ જાતિમાં કન્યા ઠેઠ પર્વતોમાં નાશી જાય છે, ત્યાં અગાઉથી તૈયાર કરેલી જગાએ એ સંતાઇ બેસે છે; વર તેની પાછળ પડે છે, તેને શોધી કાઢે છે ને ત્યાં જ પરણી નાખે છે.

યુરોપમાં પણ કન્યાહરણનો આવો આડંબરવિધિ પૂર્વે પ્રચલિત હતો. રોમમાં આવો વિધિ હતો એટલું જ નહિ, પણ તેમાં તો વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે કન્યાને બળાત્કારે ઉપાડી આણવામાં ભાલાનો ઉપયોગ કરવો પડ્યો હોય એમ એના માથાના વાળમાં ભાલા વડે પાંતી પાડવામાં આવતી. પછી ઘરમાં પેસતી વખતે ઉમરા ઉપર તે પગ મૂકતી નહિ, પણ જાણે એને ઉપાડી આણી હોય એમ એને ઊંચકીને ધીરેથી ઉમરો ઓળંગાવી ઘરમાં મૂકી દેતા. વેલ્સમાં તો વળી કન્યા ઘોડે ચડતી ને તેનું રક્ષણ કરવા તેના અનેક સંબંધીઓ પણ ઘોડે ચડતા. તે બધાં નાસે અને વરપક્ષના ઘોડેસ્વારો તેમની પાછળ પડી કન્યાને પકડી લે. પછી લગ્નવિધિ થાય. ફ્રાન્સના પ્રાચીન બ્રિટાની (Brittany) પ્રાન્તમાં તો આજે પણ લગ્નપ્રસંગે બંને પક્ષની સ્ત્રીઓ જે ગીત ગાય છે તેમાં વરપક્ષની સ્ત્રીઓ એ કન્યાનું માગું કરે છે, કન્યાપક્ષની સ્ત્રીઓ તે માગું ના પાડે છે, બદલે એની નાની બેન કે ઘરડી દાદી આપવાનું સ્વીકારે છે!

ઊંઘતી કન્યા સાથે સંયોગ કરીને તેને લગ્ન કરવાની ફરજ પાડવી એને હિંદુ વિધિ પ્રમાણે પૈશાચ વિવાહ કહેવાય. આ પ્રકારનો વિવાહ જાણે પૂર્વે થતો હોય એમ ગ્રીસમાં એક વાર તેનો આડંબર-વિધિ કરવામાં આવતો. પ્લુટાર્ક કહે છે કે "કન્યાનું લગ્ન કરવાની વ્યવસ્થા જે સ્ત્રીના હાથમાં હોય, તે કન્યાના માથાના વાળ કાતરી નાખતી, તેને પુરુષનો પોશાક પહેરાવતી અને અંધારા ઓરડામાં ચટાઇ ઉપર સુવાડતી. પછી તેને એકલી મૂકી ચાલી જતી. ત્યાર પછી વર છાનોમાનો આવતો, કન્યાને ઊંચકીને બીજી પથારી ઉપર સુવાડતો. ત્યાં થોડી વાર તેની સાથે રહેતો અને પછી છાનોમાનો નીકળી પોતાના મિત્રો ભેળો સૂઇ જતો." પછી વરકન્યાનું લગ્ન થતું.

વળી નિકારાગુઆમાં જેને આપણે સ્વયંવર લગ્ન કહીએ એવાં પણ લગ્ન થતાં. અમુક પર્વને પ્રસંગે જુવાન કન્યાઓ અને પુરુષોનો મેળો ભરાય, તે વારે કન્યાઓ પોતાને માટે પેલા પુરુષોમાંથી વર પસંદ કરી લે.

આમ લગ્નમાં અનેક વિધિઓનો વિકાસ થયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૭

લગ્નમાં શિથિલતા

અત્યાર સુધીના અધ્યાયોમાં આપણે જોઇ ગયા કે વંશવર્ધનની પ્રેરણાએ સર્વ પ્રાણીજાતિનાં નરનારી સંયોગ કરે છે; એ સંયોગ એમના સ્વભાવમાં જ છે. માનવજાતિનાં નરનારીએ પરિસ્થિતિથી પ્રેરાઇ એ સંયોગ માટે અનેક પ્રકારની લગ્નસંસ્થાઓ વિષે પ્રયોગ કર્યા અને અન્તે એક પુરુષ એક સ્ત્રી સાથે મરણપર્યંત લગ્નબંધનથી બંધાય એવો પણ પ્રયોગ કર્યો. પણ એ વસ્તુ માનવીના સ્વભાવમાં જડ નાખી ઊતરી નથી અને તેથી તેમાં અનેક પ્રકારે શિથિલતા પ્રકટ થાય છે. પુરુષ સંયોગોને લીધે બળવાન બની ગયો છે, એટલે આ એકપત્ની લગ્નનો ભંગ પણ મોટે ભાગે એ જ કરે છે; જ્યારથી આ લગ્નપ્રથા શરૂ થઇ ત્યારથી કરતો જ આવ્યો છે. આજે એ લગ્નબંધન જેવું રૂઢ છે તેવું તો પ્રાચીન કાળે ન જ હોય ને નહોતું જ. તે કાળે લગ્નબંધન તાજું હતું એટલે તે અતિશય શિથિલ પણ હતું. એનો પણ ઇતિહાસ જોઇએ.

પુરુષ સ્ત્રીને તેના પિતા કે માલેક પાસેથી વેચાતી લેઇ લગ્નસંબંધ જોડતો. પછી તે તેનો માલેક બને એટલે પોતાના મિત્રને કે ગમે તેને ઉછીની આપી શકે. ઉત્તર અમેરિકાની એસ્કીમો જાતિમાં જે પુરુષ પોતાની સ્ત્રી પોતાના મિત્રને વિનાસંકોચ ઉછીની આપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બહુ જ સારો ગણાય. પ્રાચીન કાળે રોમમાં ને ગ્રીસમાં પોતાની સ્ત્રી પોતાના મિત્રને ઉછીની આપવી એ પતિનો ધર્મ ગણાતો. તેમ કરવાનો તેને અધિકાર તો હતો જ. સ્પાર્ટાના (Sparta) સ્મૃતિકાર લાઇકર્ગસે (Lycurgus, ઇ. પૂ. ૮૪૪) પતિને એવો અધિકાર આપ્યો હતો કે આવા સમ્માનને યોગ્ય મિત્રને પોતાની સ્ત્રી ઉછીની આપવી. અને વૃદ્ધ પતિ કોઇ યુવાન, સુંદર અને સદ્ગુણી પુરુષને પોતાની સ્ત્રી ઉછીની આપે તો સ્પાર્ટાનો જનસમાજ એ વૃદ્ધ પતિની સ્તુતિ કરતો. આથેન્સમાં પણ એ રિવાજ હતો; કહેવાય છે કે સોક્રેટિસે પોતાની સ્ત્રી ઝેણ્ટીપ (Xantippe) પોતાના મિત્ર એલ્સીબાઇયાડિસને (Alcibiades) ઉછીની આપી હતી. વળી રોમમાં કેટોએ (Cato) પોતાની સ્ત્રી માર્સિઆ (Marcia) પોતાના મિત્ર હોર્ટન્સીઅસને (Hortensius) ઉછીની આપી હતી, અને જ્યારે એ મિત્ર મરણ પામ્યો ત્યારે તેની માલમિલ્કત સાથે એ સ્ત્રીને પાછી લીધી હતી. પ્લુટાર્ક (Plutarch) લખે છે કે હોર્ટન્સીઅસે પ્રથમ તો કેટોની પુત્રી પોર્શિયાને (Portia) ઉછીની માગી. પોર્શિયા પરણેલી હતી અને બે બાળકની મા હતી, પણ તેને ઇષ્ટ સન્તાન જન્માવી આપવાની અને પછી તેને તેના પતિને સોંપી દેવાની વાત કરીને હોર્ટન્સીઅસે તેને ઉછીની માગી. એમ કરવાની કેટોએ ના પાડી, ત્યારે હોર્ટ-ન્સીઅસે કેટો પાસે તેની સ્ત્રી માર્સિયાની માગણી કરી. કેટોએ એ માગણી વિનાસંકોચ સ્વીકારી, પણ છતાં યે એણે એ વિષે પોતાના સસરા ફીલિપને પૂછી જોયું. ફીલિપને એમાં કંઇ વાંધો નહોતો. માર્સિયાને તો પૂછવાનું કારણ નહોતું, કારણ કે એ તો પિતાની ને પછી પતિની મિલ્કત હતી! પતિએ પોતાની મિલ્કત માર્સિયા હોર્ટન્સીઅસને ઉછીની આપી અને જ્યારે હોર્ટન્સીઅસ મરણ પામ્યો, ત્યારે કેટોએ તેની મિલ્કત સાથે પોતાની મિલ્કત માર્સિયાને પોતાને ઘેર પાછી આણી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઘેર અતિથિ આવે ત્યારે તેના સત્કાર માટે પણ તેને સ્ત્રી સોંપાતી. કોલ્મબીઆમાં આજે પણ યજમાન પોતાની સ્ત્રી વડે અતિથિનો સત્કાર કરે છે. આસીર (Asyr) જાતિના મેરેકેડે (Merekedeh) લોક મુસલમાન થયા ત્યાં સુધી અતિથિસત્કારની એ પ્રાચીન પ્રણાલી રાખી રહ્યા હતા. જે કોઇ પુરુષ તેમના ઘરમાં અતિથિ થઇ આવે. તે ગમે તો અજાણ્યો હોય તો ય તેને યજમાન પોતાની સ્ત્રી પણ સત્કારમાં આપતો. બેશક નાની છોકરીઓને સત્કારમાં મોકલાતી નહિ. અને વળી આ પ્રકારનો અતિથિસત્કાર સ્વીકારવો એ અતિથિનો ધર્મ મનાતો. એ ધર્મમાંથી જો એ ખસે, એ ધર્મ એ ન પાળે તો ગામનાં સ્ત્રીબાળકો એની પાછળ પડીને એને ગામમાંથી હાંકી કાઢે! વાહાબીઓએ જ્યારે એ લોકને મુસલમાન બનાવ્યા ત્યારે સાથે જ એમની એ પ્રથા પણ છોડાવી. અતિપ્રાચીન આરબોમાં પણ એ પ્રથા હતી ઇબ્ન અલ મોઘાવીર (Ibn Al Moghawir) નામે પ્રાચીન આરબ લેખક લખે છે કે: "કેટલીક વાર અતિથિને સ્ત્રી ખરેખર સોંપાતી; કેટલીક વાર માત્ર કહેવા પુરતી સોંપાતી: અતિથિ સ્ત્રીને એ હાથે છાતી સરસી દબાવે, તેને ચુમ્બન કરે, પણ એથી વધારે કંઇ કરે તો અતિથિની છાતીમાં યજમાનનો ભાલો ખોસાય!" હેરોડોટસ (Herodotus) નાસામોં (Nasamon) લોકને માટે લખે છે કે "જ્યારે નાસામોં પરણે ત્યારે તેની નવવધૂ એ પ્રસંગે આવેલા દરેક અતિથિ પાસે પ્રથમ રાત્રિએ જાય; અતિથિ તેની સાથે સંયોગ કરે, તેને આશીર્વાદ અને સાથે કંઇક ભેટ પણ આપે. એ વિધિને માટે દરેક અતિથિ ભેટ લેતો જ આવે." અને હજી યે ઓસ્ટ્રેલિયાની કામીલારોય જાતિમાં આ પ્રથા ચાલે છે.

સ્ત્રીઓનો બદલો પણ થતો. અનેક જાતિઓમાં ભાઇ ભાઇ પોતાની સ્ત્રીઓ અનેક વાર અનુકૂળતાને ખાતર બદલી લેતા. અને આવો રિવાજ હજી યે પોલીનેસિયાના દ્વીપોમાં અને ઉત્તર અમેરિકાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એસ્કીમોમાં છે. વળી આજે પણ અને તે ય યુરોપિયનોમાં એવી ઘટનાઓ બને છે: "'સંડે એક્સપ્રેસ' જણાવે છે કે સ્પ્રિંગવૂડમાં એક અજબ બનાવ બન્યો: ત્યાં અર્ન્સ્ટ અને સેસિલ નામના બે સાવકા ભાઇઓ છે. અર્ન્સ્ટની ઉમર પાંત્રીસ અને સેસિલની ત્રીસ વર્ષની છે. બન્ને પરણ્યા. પરણ્યા પછી બન્નેને ત્યાં ત્રણ ત્રણ તો છોકરાં થયાં. પરન્તુ રોજ ને રોજ કલેશકંકાસ ચાલ્યા જ કરે, એટલે એ બન્ને ભાઇઓએ પત્નીઓ અને બાળકોની અદલાબદલી કરી લીધી. આમ થયા પછી એ બન્ને કુટુમ્બ હવે શાન્તિથી વસે છે" ('ખેડા વર્તમાન,' તા. ૨:૫:૧૯૩૪).

વળી કેટલીક જાતિઓમાં વહૂદીકરીને ભાડે આપવાનો રિવાજ હતો, કેટલીક જાતિઓમાં આજે પણ છે. શિનૌક (Chinouk) કન્યાઓને તેમનાં માબાપ ભાડે આપે છે. આવો રિવાજ ઉત્તર અમેરિકાના એસ્કીમો, દક્ષિણ આફ્રિકાના કાફર, બોર્નિયોના ડ્યાક (Dyak). વગેરે અનેક લોકમાં છે. જાપાની લોક તો પોતાની દીકરીઓ અમુક વ્યક્તિને કે વેશ્યાગૃહને અમુક વર્ષ સુધી ભાડે આપે છે; અને છતાં યે એ કન્યાઓને કલંકનો ડાઘ જરા ય લાગતો નથી! પ્રાચીન રોમમાં જે કન્યા લગ્ન પછી વરને ઘેર પૈસા લેઇ આવે એમ ના હોય, તેને જલદી કોઈ પરણે નહિ. આથી તે પોતે ભાડે ફરતી; એમ વરને માટે પૈસા એકઠા કરે, એટલે તેને પરણનાર તુરત મળે! તાહિતીમાં (Tahiti) પિતા કે માતા પુત્રીને, ભાઇ બેનને અને અનેક વખત પતિ પત્નીને યુરોપિયન ખલાસીઓ પાસે ભાડે આપવા જાય છે અને તેને બદલે ફીડીઆં વગેરે યુરોપિયન બનાવટની તુચ્છ વસ્તુઓ લેઇ આવે છે. સર્જન રોબ્લેટ કહે છે કે નૌકાહીવામાં (Noukahiva) "ત્યાંના લોક પોતાની આઠ આઠ વર્ષની દીકરીઓ ફ્રેંચ ખલાસીઓને ભાડે દેઈ જતા, અને વળી એ છોકરીઓ અક્ષતયોનિ તો નહોતી જ." પોર્ટર (Porter) કહે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે પોલિનેસિયામાં "તાવી નામે અતિ સુંદર એક પુરુષ હતો. તેને પોતાનું શરીર શણગારવાનો જ શોખ લાગ્યો હતો. કંઇ રાતી વસ્તુ કે કાચના ટુકડા કે વ્હેલના દાંત પોતાનું શરીર શણગારવા માટે મળે તો પોતાની ગમે તેવી વહાલી વસ્તુ આપીને પણ તે ખરીદી લે. એની વહૂ અતિશય સુંદર હતી અને તે તેને અતિશય પ્રિય હતી, છતાં એ મણકાની એકાદ માળા કે એવી તુચ્છ વસ્તુ માટે પણ તેણે અનેક વાર પોતાની સ્ત્રી એ વસ્તુના માલેકને વાપરવા આપેલી." બેશક એ દ્વીપોમાં ધણી પોતાની સ્ત્રી ગમે તેને ઉછીની કે ભાડે આપી શકે એવો રિવાજ છે. સ્ત્રી પોતાની ઇચ્છાથી ધણીની પરવાનગી વિના કોઇ પાસે જઇ શકે નહિ. પૈસા કે કોઇ વસ્તુ જ માટે વહૂદીકરી ભાડે દેવાય છે એમ નથી, અનેક દેશમાં મોટા લોકની મહેરબાની માટે પણ દેવાય છે! અને આપણા દેશમાં પણ આ રીત આજેય છેક જ અજાણી છે એમ તો નથી!

અતિપ્રાચીન કાળે જુગાર રમાતો હશે કે કેમ તેની ખબર નથી. રમાતો હશે તો તેમાં સ્ત્રીને મુકાતી હશે કે કેમ તે પણ ખબર નથી. પણ આજે તો અનેક જ્ઞાતિઓમાં જુગાર રમાય છે અને તેમાં સ્ત્રીને પણ મુકાય છે એવા સમાચારો વર્તમાનપત્રોમાં મળી આવે છે. પોલેણ્ડમાં વાર્સો નગરમાં લેડીસ્લસ ક્રુપેનેસ્કી નામે પુરુષ છાત્રાલય ચલાવે છે એને "જુગાર રમવાનો ભારે ચસ્કો હતો. બીજા એક છક્કાપંજાબાજ સાથે જુગાર ખેલતાં હોડમાં તેણે પોતાની સઘળી મિલ્કત ગુમાવી હતી. પોતાને થએલું નુકશાન ભરપાઇ કરી લેવાની લાલચે પોતાની બૈરીને હોડમાં મૂકી, જેની સામે પોતાની ગુમાવેલી મિલ્કત પાછી મેળવવાની તેને આશા હતી. બૈરીને પણ દાવમાં ગુમાવી તે ઘેર આવ્યો અને બૈરીને સઘળી હકીકત કહી. ત્યાર બાદ એ ધણીધણીઆણીએ એકબીજામાં સમજુતી કરીને બૈરીની એક ૧૭ વર્ષની બેનને હોડમાંની બૈરી તરીકે રજુ કરી દીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દાવ જીતનાર જીક્કાપંજ્નઆજે ક્રુપેનેસ્કીની ઔરીને અગાઉ કદી જોએલી ન હોવાથી આ ઔરીને સ્વીકારી લીધી અને એકાદ વર્ષ રાજી-ખુશીમાં તેઓ ભેગાં રહ્યાં. પરંતુ પાછળથી પેલો વિજયી જુગારી પેલી છોકરી તરફ ખરાબ રીતે વર્તવા લાગ્યો અને તેમના કજિયાથી પાડોશીઓએ પોલીસને ખબર આપી. પોલીસતપાસમાં બધી હકીકત બહાર આવી ને પરિણામે ક્રુપેનેસ્કી, તેની સ્ત્રી અને વિજયી જુગારી, એ સૌની ધરપકડ થઇ. એ ત્રણે મુખ્ય આરોપીઓ જેલયાત્રા ભોગવે છે" ('ગુજરાત સમાચાર,' તા. ૧૫ : ૮ : ૧૯૩૪).

વળી પુરુષે સ્ત્રીને ખરીદી, એટલે એ એનો માલેક થયો. એને ઠીક લાગે ત્યારે બજાર કિંમતે વેચી મારે. આજે પણ અનેક જાતિઓમાં સ્ત્રીને વેચવાનો વેપાર ધમધોકાર ચાલે છે. છાનીમાની બીજાની સ્ત્રીને ઉપાડી લાવી વ્યભિચારને માટે પરપુરુષને કે વેશ્યાવાડે વેચવાની વાત આપણે નથી કરતા, પોતાની સ્ત્રીને પશુની પેઠે બીજાને તેની સ્ત્રી કરવા માટે વેચવાની આ તો વાત છે.

યુરોપિયનોની આર્થિક અને નૈતિક ભ્રષ્ટતાને પરિણામે આફ્રિકામાં આવેલા ગાબુન (Gabun) નામે ફ્રેંચ સંસ્થાનના સીદીઓની શી સ્થિતિ થઇ છે તે વિષે Revue des Deux Mondes નામે પત્રમાં એડોલ્ફ ટાર્ડી (Adolphe Tardy) નામે એ સંસ્થાન-વાસી પાદરી આમ લખે છે: "ગાબુનના બાણ્ટુઓ (Bantus) સ્ત્રીને વેપારની વસ્તુ માને છે, તેઓ ઢોરની પેઠે તેને વેચે છે, ખરીદે છે કે વારસામાં આપે છે, તેને ભાડે આપે છે કે જુગારમાં મૂકે છે. અને એવા વેપારમાં ઘેટાની કે કૂતરાની જેટલી મરજી પુછાય, એટલી જ સ્ત્રીની મરજી પુછાય છે. . . . છોકરી પાંચ છ વર્ષની થઇ નથી હોતી, એટલામાં તો પંદર સોળ વર્ષના પુરુષ સાથે એને પરણાવી દેવાય છે, અને તે વખતે તો એ પુરુષને એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝનાનામાં નાની મોટી કેટલી યે સ્ત્રીઓ હોય છે. અને આમ ખરીદાએલી સ્ત્રીઓ પાંચ દશ વખત ફરી ફરી વેચાય છે. પોતે ક્યાં ઊછરી હતી અને વારાફરતી કયા કયા ધણીને ત્યાં બંધાઇ હતી તેનું પણ સ્મરણ આ દુ:ખી સ્ત્રીઓને ઘણી વખત રહેતું નથી " ('મોડર્ન રિવ્યુ,' ઑગસ્ટ ૧૯૩૬, પૃષ્ઠ ૨૧૨)

અને વળી કૉર્ડોફાન (Kordofan) નામે સુદાનના પ્રાન્તમાં જેબલ તાગલ (Djebel Taggale) નામે જાતિમાં સ્ત્રીઓનાં વેચાણ થાય છે તે તો વિચિત્ર કારણે વિચિત્ર રીતે. કોઇ સ્ત્રી વંધ્યા હોય ને તેને બાળક થવાનો સંભવ ન લાગે. એટલે એનો પતિ નેફીર (Nefir) નામે વિધિ કરે છે. નેફીર (ઢોલ) વગડાવીને એ પોતાના સૌ સગાવહાલાને એકઠા કરે ને તેમને મિજબાની આપે. પછી તે સૌ એક એક તે સ્ત્રી સાથે સંયોગ કરે, અને છતાંય વખતસર એ ગર્ભ ધારણ ન કરે તો તેને વેચી મારે. બેશક એની ખરીદી કરતાં આ વેચાણમાં વધારે પૈસા ઊપજે તો વધારેના તે સ્ત્રીના પિતાને આપે, ઓછા ઊપજે તો ખૂટતા એની પાસેથી વસૂલ કરી લે.

વળી સ્ત્રીઓ વારસે પણ ઊતરતી. મરનારની બધી વિધવાઓ તેના પુત્રને કે પુત્રોને વારસામાં મળતી. એ પુત્રો પોતાની વિધવા માતાઓને વહેંચી લેતા અને પોતાની પત્ની તરીકે તેમને રાખતા. પછી કંઇક સંસ્કાર પામતાં એ રિવાજમાંથી એવો વિકાસ થયો કે મરનારની વિધવાઓ તેના પુત્રોને નહિ. પણ નાના ભાઇઓને વારસામાં મળતી અને તેઓ તેમને વહેંચી લેઇ તેમને પોતાની પત્નીઓ કરતા. આજે પણ ઘણા દેશોમાં ને આપણા દેશમાં પણ અનેક જાતિની સ્ત્રીઓ જે દિયેરવટું કરે છે તેનું મૂળ ઉપરના રિવાજમાં છે.

વળી આજે પણ કેટલીક આરબ જાતિઓમાં પોતાના ભત્રિજાને પોતાની દીકરી જોઇતી હોય તો કન્યાનો પિતા બીજા કોઇને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીકરી આપી શકે નહિ. આમ લગ્નમાં કન્યા ઉપર કાકાના દીકરાનો અગ્ર હક પહોંચે છે.

અને અત્યાર સુધીના બધા અધ્યાયોમાં આપેલી હકીકતો ઉપરથી સમજાશે કે (૧) અતિપ્રાચીન કાળે લગ્ન જેવું કંઇ હતું જ નહિ, પછી વિકાસ પામતે પામતે માનવજાતિ લગ્ન કરતી થઇ, તોયે તેમાં ખૂબ શિથિલતા હતી. આજના જેવાં લગ્નબંધન તો ત્યારે નહોતાં જ. વળી (૨) પુરુષજાતિએ એ અતિપ્રાચીન કાળથી જ પોતાને કાંડાબળે નારીજાતિને પોતાને આધીન કરી મૂકી છે. ગાય, ભેંસ કે ઘોડા ભેગું જાણે એ પણ મિલકતનું એક જાનવર હોય એવી એને બનાવી મૂકી છે. લગ્નમાં પણ તેની સાથે એવા જ વ્યવહાર આચર્યો છે; એને ચોરી લાવે, પકડી લાવે, વેચે, ઉછીની આપે, બદલો કરે, ભાડે આપે, વારસામાં આપે કે તેનું ગમે તે કરે, પશુનું કરે તેમ. ત્યારે તેને પશુની પેઠે મારે એમાં તો નવાઇ જ શી? ફિજી દ્વીપોમાં તો પિતા પોતાની કન્યા જમાઇને વેચાતી આપતી વેળાએ તેને રૂડી શીખ દે, કે "જો તને એ કન્યા સંતોષ ન આપે તો એને વેચી દેજે, મારી નાખજે, ખાઇ જજે; તું એનો સ્વતંત્ર માલેક છે." નારીની પરાધીનતા આમ બહુ કાળથી – અતિપ્રાચીન કાળથી શરૂ થઇ ગઇ છે, અને ત્યારથી જ લગ્નપ્રપંચ પણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૮

લગ્નવિચ્છેદ

લગ્ન માનવજાતિએ વંશવર્ધનની પ્રેરણાએ વિકસાવેલી સંસ્થા છે. પણ ધીરે ધીરે એ સામાજિક બંધનોએ બંધાઇને રૂઢ થતી ગઇ અને વળી ધાર્મિક ક્ષેત્રમાં પડીને જડ થતી ગઇ તેમ તેમ તેનું મૂળગત સ્વરૂપ ઢંકાતું ગયું. એક બાજુથી તેની શિથિલતા ઘટતી ગઇ, તો બીજી બાજુથી તેની કૃત્રિમતા વધતી ગઇ. પુરુષે કાંડાબળે સ્ત્રીને પોતાની મિલ્કતનું જનાવર હોય એવી એને બનાવી મૂકી. તેને અનેક પતિ પરણતાં અટકાવી દીધી, પોતે અનેક પત્ની પરણતો જ રહ્યો. સંયોગબળે એને એકપત્ની લગ્ન સ્વીકારવું પડ્યું, તોપણ એનો અનેકપત્ની લગ્નનો સ્વભાવ ગયો નહિ: એ ગુપ્ત રીતે વ્યભિચાર, અર્ધપ્રકટ રીતે વેશ્યાગમન કે પ્રકટ રીતે લગ્નવિચ્છેદ કરતો જ રહ્યો.

પૂર્વે જ્યાં અનેકપતિ લગ્ન થતાં અને તેમાંથી માતૃગૃહનો વિકાસ થયો ત્યાં તો સ્ત્રી પોતાના પતિને રજા દેઇ શકતી. અમેરિકાના આદિવાસીઓમાં સ્ત્રી પોતાના અણગમતા પતિને છોડી દેતી. પણ એ પતિ એના ઉપર વેર વાળ્યા વિના ન રહેતો. પછી પુરુષે ધીરે ધીરે પોતાનો અધિકાર જમાવ્યો અને વરવહૂની સમ્મતિથી લગ્ન-વિચ્છેદ – છૂટાછેડા થવા લાગ્યા. પશ્ચિમ આફ્રિકાની ફાણ્ટિ (Fanti) જાતિમાં સ્ત્રી કંઇપણ કારણ વિના જો છૂટાછેડા કરે તો તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષને કંઇક પૈસા દેવા પડે. ઉત્તર અમેરિકાની અનેક જાતિઓમાં બંનેની સમ્મતિથી લગ્નવિચ્છેદ થાય છે. બ્રુસ (Bruce) કહે છે કે આબિસિનિયામાં કોઇ પણ ક્રિયા કે વિધિ વિના સ્ત્રીપુરુષ પાલવે ત્યારે છૂટાં થાય, પાલવે ત્યારે ફરી પરણે! છૂટાં થાય ત્યારે વરવહૂ છોકરાંના ભાગ પાડી લે; વરને ભાગે પુત્રીઓ જાય, વહૂને ભાગે પુત્રો જાય. ત્યાં લગ્ન સામાજિક (Civil) છે, ધાર્મિક નથી; અને તેથી ત્યાં પુરુષની પેઠે સ્ત્રી પણ પોતાની ઇચ્છા પ્રમાણે ગમે ત્યારે લગ્નવિચ્છેદ કરી શકે છે. એ જ લેખક કહે છે કે સાત પતિ સાથે એકે એકે છૂટાછેડા કરેલી સ્ત્રી મેં ત્યાં જોઇ હતી. ત્યારે તો પ્રાચીન રોમની એથીયે ભારે એક કથા યાદ આવે છે: સન્ત જેરોમી (Saint Jerome, ઇ. સ. ૩૪૦–૪૨૦) કહે છે કે "ત્રેવીસ પતિ સાથે લગ્નવિચ્છેદ કરીને એક સ્ત્રીએ એવા પુરુષ સાથે લગ્ન કરેલું, જેણે ત્રેવીસ સ્ત્રી સાથે લગ્નવિચ્છેદ કર્યા હતા; અને આ યુગલને તો મેં પોતે રોમમાં જોયું હતું." સહરાની એક જાતિમાં સ્ત્રી પોતે પતિની ઇચ્છા ન હોય તોપણ તેની સાથેનું લગ્ન તોડી નાખે અને તેથી ત્યાં ધીરે ધીરે પુરુષને એકપત્ની લગ્ન તરફ વળવું પડ્યું છે. કેટલીક સીદી જાતિની સ્ત્રીઓ વારંવાર લગ્નવિચ્છેદ કરવામાં આબરૂ માને છે. એ તો એમ માને છે કે જેને એક જ ભાયડો હોય એનામાં તો શા માલ હોય, શા વેતા હોય! એવા સ્ત્રીને એ મહેણાં મારે: "તારામાં તે શા વેતા બળ્યા છે? નથી તારામાં રૂપ કે નથી ગુણ! હોય તો બાજે મળે નહિ? તારે ત્યાં તે કોણ બીજો આવે?"

પણ ત્યારે વળી અરબસ્તાનની બેદુઇન (Beduin) જાતિમાં પુરુષો ખૂબ લગ્નવિચ્છેદ કરે છે. બુર્કહાર્ટ (Burckhardt) કહે છે કે ત્યાં એક પુરુષે એકે એકે પચાસ સ્ત્રીઓ સાથે છૂટાછેડા કરેલા! અલ્જિરિયાની કાબીલ (Kabyle) નામે મુસલમાન જાતિમાં તો લગ્નવિચ્છેદ કરવાનો અધિકાર પુરુષને જ છે. એને ન પાલવ્યું એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની સ્ત્રી સાથે છૂટાછેડા કરે છે અને વળી તેના બાપ પાસેથી તેની ખરીદી કિંમતના પૈસા પણ પાછા લે છે. તેનો બાપ ન આપી શકે તો તે સ્ત્રીની કિંમત જાહેર કરે છે, અને તેટલી કિંમત આપનાર તેને લેઇ જાય છે. સ્ત્રી અસંતોષનું કંઇ ગંભીર કારણ આપે, તો ધણી તેને ગધેડે બેસાડીને ચાકર સાથે તેના બાપને ત્યાં મોકલી દે ને પૈસા વસુલ કરી લે. પણ જો સ્ત્રી વ્યભિચાર કરતી પકડાય તો તો તેનું માથું બોડાવી નાખી ગધેડે ચઢાવીને ધકેલી મૂકે, પૈસા તો તેના બાપ પાસેથી વસુલ કરીજ લે. પણ એ સ્ત્રી એવી બેઆબરૂ થઇ જાય કે પછી તેને સારી કિંમતે ખરીદનાર કોઇકજ મળે; ગમે તેટલી એ રૂપાળી હોય, પણ એની કિંમત ઊતરીજ જાય. . .

બાઇબલના યાહુદી પુરાણમાં પણ લગ્નવિચ્છેદનાં વિધાન મળી આવે છે: "જ્યારે કોઇ પુરુષ વહુ પરણી લાવે ત્યારે એમ થાય કે જો તેને તેણીમાં કંઇ નાલાયક વાત માલમ પડ્યાથી તેણી તેની નજરમાં કૃપા ન પામે તો તે તેણીને માટે ફારગતી લખીને તેણીના હાથમાં આપે, ને તેણીને પોતાના ઘરમાંથી કાઢી મૂકે" ('પુનર્નિયમ', ૨૪ : ૧). તે વારે ત્યાં સ્ત્રીને પણ એમ લગ્નવિચ્છેદનો અધિકાર હતો.

પણ પ્રાચીન કાળે તો ઘણીખરી પ્રજાઓએ લગ્નવિચ્છેદનો અધિકાર પુરુષનાજ હાથમાં આપ્યો છે અને વળી એવો પ્રસંગ સ્ત્રીનેજ શરમમાં નાખનારો માન્યો છે. યુરિપીડીઝ (Euripides ઇ. પૂ. ૪૮૦-૪૦૬) નામે ગ્રીક નાટકકાર મિડીઆ (Medea) નામે સ્ત્રીપાત્ર પાસે બોલાવે છે: "લગ્નવિચ્છેદ નારીને સદા લજ્જાકર છે." આથેન્સમાં પણ પુરુષો વારંવાર લગ્નવિચ્છેદ કરતા. ત્યાં પાછળથી સ્ત્રીને પણ લગ્નવિચ્છેદ કરવાનો અધિકાર મળેલો, પણ તેના ઉપર એટલા અંકુશ હતા, કે કોઇ સ્ત્રી ભાગ્યેજ પોતાનો અધિકાર વાપરી શકતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોમમાં ગ્રીસ કરતાં પણ લગ્નવિચ્છેદના વધારે અધિકાર પુરુષને હતા, સ્ત્રીને તો હતા જ નહિ. અને લગ્નવિચ્છેદને પ્રસગે વળી પુરુષ સ્ત્રીનું સ્ત્રીધન પણ લેઇ લેતો. પછી ધીરે ધીરે એમ ઠર્યું કે વ્યભિચારને કારણે લગ્નવિચ્છેદ કર્યો હોય તો પુરુષ સ્ત્રીધનનો છઠ્ઠો ભાગ અને બીજે કારણે કર્યો હોય તો આઠમો ભાગ લેઇ લે. પછી ધીરે ધીરે લગ્નવિચ્છેદના અધિકાર પુરુષ અને સ્ત્રી બંનેને મળ્યા. અને પછી તો ગમે તે ગમે ત્યારે છૂટાછેડા કરી દે. સીસેરોએ (Cicero, ઇ. પૂ. ૧૦૬–૪૩) ફરી પરણ્ણ લેવા માટે જ પોતાની સ્ત્રી ટેરેંસિયા (Terentia) સાથેથી છૂટાછેડા કરેલા. સેનેકા (Seneca, ઇ. પૂ. ૬૧–ઇ. સ. ૩૯) તો કહે છે કે પતિઓની સંખ્યા ઉપર સ્ત્રીની ઉમર ગણાય છે! કવિ જુવેનલ (Juvenal, ઇ. સ. ૬૦–૧૪૦) પાંચ વર્ષમાં આઠ પતિને પરણનાર સ્ત્રીનું વર્ણન કરે છે, ત્યારે (પૃ. ૫૦) સન્ત જેરોમી ત્રેવીસ વર કરી ચૂકેલી સ્ત્રી સાથે ત્રેવીસ વહુઓ કરી ચૂકેલા પુરુષે કરેલા લગ્નનું વર્ણન કરે છે! પણ ત્યાર પછી ખ્રિસ્તી ધર્મની અસરથી લગ્નવિચ્છેદ ઉપર અંકુશ મુકાતા ગયા, કારણકે એ ધર્મ એમ માને છે કે લગ્ન વંશવર્ધન માટે એટલે શારીરિક નહિ, પણ આત્માની ઉન્નતિ માટે એટલે આધ્યાત્મિક છે.

પ્રાચીન જર્મનોમાં પણ પુરુષને જ લગ્નવિચ્છેદનો અધિકાર હતો. પછી ધીરે ધીરે સ્ત્રીને મળતો ગયો. અને પ્રાચીન આઇરિશ લોક તો લગ્નપ્રણાલી જ એવી રાખી હતી કે તેમને લગ્નવિચ્છેદની જરૂર જ ન રહે. ત્યાં "એક એક વર્ષ માટે સ્ત્રીપુરુષ સંબંધ જોડી એકઠાં રહેતાં ને વર્ષ પૂરું થયે છૂટાં પડતાં. દર વર્ષે મે અને નવેમ્બર માસની પહેલી તારીખે એ જોડાતાં ને છૂટાં થતાં" (પૃ. ૧૩).

ફ્રાન્સમાં તો વળી પુરુષ પોતાની સ્ત્રી સાથેનો જ નહિ, પણ સાથે સાથે પોતાના કુટુમ્બ સાથેનો પણ સંબંધ છોડી ચાલ્યો જતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને કુટુમ્બના વારસામાંથી પણ બાતલ થતો. પણ પછીથી તો બીજી પ્રજાઓની પેઠે એ પણ સ્ત્રીનેજ છૂટાછેડા કરીને કાઢી મૂકતો. ધીરે ધીરે સ્ત્રીને પણ છૂટાછેડા કરવાના અધિકાર મળ્યા, છતાં યે એ પોતાને સ્ત્રીનો સદા સ્વામી માનતો આવ્યો છે. મેં પોતે એક ફ્રેંચ આગબોટ ઉપર અનેક જણની સામે એક ફ્રેંચને તેની સ્ત્રીને ધીબતો જોયો છે. એવું પ્રમાણ મળી આવે છે કે પતિના એવા પ્રકારના વર્તનથી એ દેશના ૧૦૦ લગ્નવિચ્છેદમાંથી આશરે ૯૨ તો સ્ત્રીઓએજ કરવા પડે છે અને કચેરીઓમાં વ્યભિચારી સ્ત્રીઓનાં ખૂન કરવાના ઘણાખરા આરોપમાં પુરુષોને પંચ નિર્દોષ ઠરાવી છોડી મૂકે છે!

યુરોપમાં સ્નેહલગ્નના દંભનો પડદો હવે તૂટવા લાગ્યો છે ને તેથી લગ્નવિચ્છેદના પ્રસંગો વધવા લાગ્યા છે, તેમાંયે ફ્રાન્સમાં અને વળી બેલ્જિયમમાં પુરુષના જુલમથી ખૂબ વધવા લાગ્યા છે. નીચેનું કોષ્ટક ત્યાંની સ્થિતિ સ્પષ્ટ કરે છે. સ. ૧૮૫૧-૫૫નાં પાંચ વર્ષમાં થએલા લગ્નવિચ્છેદની સંખ્યાને ૧૦૦ ટકા માનીએ, તો પછીનાં ૨૫ વર્ષમાં નીચે પ્રમાણે તેમાં વધારો થયો છે:

વર્ષ	સૅકસનીમાં	હોલૅણ્ડમાં	સ્વીડનમાં	ફ્રાન્સમાં	બેલ્જિયમમાં
૧૮૫૬-૬૦	૮૩	૧૦૦	૯૮	૧૨૮	૧૪૦
૧૮૬૧-૬૫	૭૫	૧૧૨	૧૦૯	૧૫૦	૧૬૦
૧૮૬૬-૭૦	૭૨	૧૧૫	૧૧૩	૧૯૦	૧૯૦
૧૮૭૧-૭૫	૮૦	૧૩૯	૧૩૨	૧૬૩	૨૮૦
૧૮૭૬-૮૦	૧૦૫	૧૫૬	૧૬૧	૨૨૫	૪૨૦

અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનોમાં અને ઇંગ્લૅણ્ડમાં પણ લગ્ન-વિચ્છેદના પ્રસંગો વધતાજ જાય છે અને તેમાં મોટે ભાગે સ્ત્રીઓએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂટાછેડા કરવા પડે છે, કારણકે પુરુષ સ્ત્રીને હલકી ગણી તેના પ્રત્યે અન્યાયવર્તન ચલાવ્યે જાય છે.

ચીનમાં સ્ત્રીના અમુક અપરાધપ્રસંગે તેની સાથેનો લગ્નવિચ્છેદ કરવાનો પુરુષને અધિકાર છે, પણ તેવા અપરાધ વિના જો પુરુષ લગ્ન-વિચ્છેદ કરે તો તે ૮૦ દંડાનો માર ખાવાને પાત્ર થાય છે. પણ વળી પુરુષ લગ્નવિચ્છેદ કરવા ન ઇચ્છતો હોય, છતાં સ્ત્રી ચાલી જાય તો તેને ૧૦૦ દંડાનો માર પડે અને વળી તેને તેનો પતિ વેચી નાખે!

આમ સ્ત્રી પરાધીન હોવાથી તેને લગ્નવિચ્છેદનાં વધારે કારણ છે, છતાંયે પુરુષે કરેલો અન્યાયી કાયદો તેને વારંવાર આંતરે છે. તે ઉપરાંત પુરુષ કરતાં સ્ત્રીને બાળકોની ઉપાધિ પણ વધારે નડે છે, કારણકે બાળકો તો માતાની છાતીએ વળગેલાં હોય છે, પિતા તો વારંવાર હાથ ઊંચા કરીને ચાલતો થાય છે. આથી પણ લગ્નવિચ્છેદ કરવામાં સ્ત્રીને અંતરાય નડ્યે જાય છે, અને પરિણામે પુરુષ તેને રાખે ત્યાં સુધી ન પાલવતી સ્થિતિમાં યે પડ્યું પાનું નિભાવી લેવું પડે છે.

અને આ લગ્નવિચ્છેદને પણ લગ્નબંધનની શિથિલતા જ ગણી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૯

વિધવા

જ્યાં પુરુષ કાંડાબળે સ્ત્રી ઉપર પારિપત્ય મેળવે, એને વેચે કે ખરીદે, ભાડે કે ઉછીની આપે, બદલામાં કે વારસામાં આપે ત્યાં વિધવાની અવદશા કેવી હોય એ કંઇ સમજાવવા જવું પડે એમ છે? જ્યાં સ્ત્રી ઢોર પેઠે પુરુષની મિલ્કત મનાતી હોય ત્યાં વિધવા તો નધણિયાતું ઢોર કે બીજું કંઇ? વિધવા (वि=વિના + धव = ધણી) જેનો કોઇ ધણી નહિ, તેના (वि= વિશેષ + धव= ધણી) સૌ કોઇ ધણી!

જે સમાજમાં લગ્નજ ન હોય, કે ગણલગ્ન અથવા બહુપતિ લગ્ન હોય તે સમાજમાં વિધવા હોય જ નહિ, એ કદી પતિ વિનાની થતી જ નથી, એને તો પતિ ચાલતા જ રહે છે. પણ સ્ત્રીને માથે એક જ પતિ હોય એવી અનેકપત્ની કે એકપત્ની લગ્નની પ્રથા જન્મી ત્યારથી જ વિધવાનો જન્મ થયો ને ત્યારથી જ તેની અવગતિ શરૂ થઇ.

અફઘાન મુસલમાનોમાં સ્ત્રી વિધવા થતાં તેનાં માબાપ તેનાં સાસરિયાંને લીધેલા પૈસા પાછા આપી તેને પોતાને ઘેર આણે છે ને સારું ઘરાક ખોળી એ માલ વેચી નાખે છે. આફ્રિકાની કાબીલ જાતિમાં પણ એમ જ છે. પણ જો તેને દીકરો હોય તો તેને વેચી શકાય નહિ. તેની કિંમતના પૈસા તેનાં માબાપ પાછા આપીને તેને મુક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી લે. પ્રાચીન જર્મનોમાં પણ વિધવાને એનાં માબાપ ખરીદી લેતાં. યુરોપમાં મધ્ય યુગમાં એવો કાયદો હતો કે દીકરો પંદર વર્ષનો થયો એટલે વિધવા માતાનો મુખત્યાર ગણાય અને લોમ્બર્ડીના કાયદા પ્રમાણે તો દીકરાની સમ્મતિ વિના વિધવા માતાથી પુનર્લગ્ન થઇ શકે નહિ.

આફ્રિકાની ગાબૂન (Gaboon) અને બીજી અનેક જાતિઓમાં વારસને વિધવા પણ મિલ્કતનાં ઢોર સાથે મળે છે. ગ્રીસની સંસ્કૃતિનાં આજે પણ વખાણ સાંભળીએ છીએ, પણ પ્રાચીન કાળે ત્યાં આથેન્સમાં પતિના મરણ પછી પણ સ્ત્રી તેની મિલ્કત જ ગણાતી અને તે વિલ કરીને બીજી મિલ્કત સાથે પોતાની સ્ત્રી પણ કોઇ મિત્રને સોંપી જતો.

આફ્રિકાની બામ્બારા (Bambarra) જાતિમાં રાજાના મરણ પછી તેનો વારસ તેની બધી વિધવા રાણીઓને લીલામથી વેચી નાખે છે. તે ગમે એટલી ઘરડી ને વરવી હોય તો ય ભારે કિંમતે વેચાઇ જાય છે, કારણ કે રાજાની રાણીને વહૂ કરવાનો શોખ સૌને હોય છે! ચીનમાં વિધવાને વેચી દે છે, અને તેને ધાવણું બાળક હોય તો સાથે તેની પણ કિંમત ઠરાવી લે છે. વિધવાના વેચાણ માટે વધારે પૈસા ઊપજી શકે એમ હોય તો શોકનો સમય પૂરો થતા સુધી તેને ઘરમાં બેસાડી મૂકે છે.

પ્રાચીન કાળે આરબોમાં પિતાનો વારસો—સાથે જ તેની સૌ સ્ત્રીઓ પણ—પુત્રને મળતો, એટલે પુત્ર સૌ વિધવા માતાઓનો ધણી થતો. મહમદ સાહેબે એ રિવાજ બંધ કર્યો: “જે સ્ત્રીઓ તારા પિતાની પત્નીઓ હતી, તેમની સાથે તારે લગ્ન કરવું નહિ; એ બહુ ભૂંડું છે.” અને આફ્રિકાની અનેક સીદી જાતિઓમાં હજી યે એ રિવાજ ચાલે છે. ફ્રેંચ લેખક દુપ્રે (Dupré) લખે છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માદાગાસ્કરમાં એક જાતિનો સુલતાન રાદામા (Radama) ગાદીએ બેઠો એટલે પોતાના પિતાની સૌ રાણીઓને પોતાના ઝનાનામાં લીધી. થોડા વખતમાં એ મરણ પામ્યો. એને પુત્ર નહોતો; પણ પેલો વારસાનો નિયમ તો અભેદ્ય હતો, એટલે થોડા વખતને માટે તેની મુખ્ય વિધવા રાનાવાલો (Ranavalo) ગાદીએ બેઠી. એના પતિની સૌ વિધવાઓને – પોતાની સૌ શોકોને – પોતાની રાણીઓ કરી નવા કરેલા ઝનાનામાં રાખવી પડી! પછી રાજસભાએ ઠરાવ્યું કે રાનાવાલો પુનર્લગ્ન કર્યા વિના ગમે તે અને ગમે તેટલા પુરુષને રાખી શકે, તેમનાથી થએલો પહેલો પુત્ર તેના પિતા રાદામાનો વારસ થઇ શકે અને તેની સૌ રાણીઓને – પોતાની માતા સુદ્ધાંને પોતાના વારસામાં લેઇ લે! કંઇક સંસ્કાર પામતાં વિધવા પુત્રને નહિ પણ દિયેરને વારસે જવા લાગી ને દિયેરવટાનો રિવાજ શરૂ થયો.

પણ એટલેથી જ પતતું હોય તો વિધવાની દશા આકરી શેની? ખરીદી આણી એટલે એ તો પતિના જીવતાં ય વહૂ ને મુઆ પછી યે વહૂ! વારસામાં જાય તો તો એટલે જ પત્યું, પણ પતિ મરી ગયા પછી એ બિચારો એકલો કયાં અટવાય? સાથે વહૂએ જવું જ રહ્યું! એ ધર્મહેતુએ એણે સતી થવું જ રહ્યું! ન્યુ ઝીલેણ્ડમાં મરી ગએલા પતિની કબર પાસે તેની વિધવાને ગળે ફાંસો દેઇને મારી નાખે છે. આફ્રિકાના યુરિબા (Yourriba) પ્રાન્તમાં રાજા મરે ત્યારે તેની ચાર રાણીઓએ અને અનેક ગુલામોએ ઝેર પીવું પડે છે. પોપટના ઈંડામાં કાણું કરીને તેમાં ઝેર રેડે છે અને પછી પોતે પી જાય છે. જો ઝેરથી જલદી ન મરાય તો ગળે ફાંસો ખાઇ લે છે. નાઇજર નદીને કાંઠે જેના (Jenna) પ્રાન્તમાં રાજા મરતાં એની એક બે રાણીઓએ તો તે જ દિવસે મરવું જોઇએ, નહિ તો છૂટું પડી જતાં રાજા મૂંઝાય! કાટુંગા (Katunga) પ્રાન્તમાં રાજાની પટરાણીઓએ પોતાના સૌથી મોટા દીકરા ને બીજા દરબારીઓ સાથે કબર પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેશીને ઝેર પીવું પડે છે, પછી એ બધાં મરેલાંને રાજાની સાથે જ દાટવામાં આવે છે. દાહોમી (Dahomey) પ્રદેશના રાજાના મરણને પ્રસંગે તો ભારે કતલ થાય છે ને તેમાં બધી રાણીઓ પણ કપાય છે. પ્રાચીન જર્મનોમાં પણ એવો જ રિવાજ હતો. સમાન પ્રકારની અવસ્થામાં મનુષ્યસ્વભાવ સર્વત્ર સમાન જ હોય છે.

ચીનના એક સરદારનું યુદ્ધમાં મરણ થતાં તેની બે વિધવાઓએ ઝેર ખાઇ આત્મહત્યા કર્યાની વાત ઇ. સ. ૧૮૫૭માં *The Pekin Gazette*માં પ્રસિદ્ધ થઇ હતી. ત્યાર પછી ૧૮૬૦ના ડિસેમ્બરમાં એક અને ૧૮૬૧ના જાન્યુઆરીમાં બે વિધવાઓએ એમ આત્મહત્યા કરી હતી. એટલે છેક અર્વાચીન કાળમાં પણ પતિ પાછળ વિધવાએ આત્મહત્યા કરવી પડે છે. ચીનમાં મોટે ભાગે અમુક વિધવા આમ સતી થાય છે. એક લેખકના વર્ણન પ્રમાણે આ ક્રિયા બહુ ભપકાથી કરવામાં આવે છે. એક માસ અગાઉ મોટું સરઘસ નીકળે છે, આગળ વાજાંવાળા વાજાં વગાડતા ચાલે છે. તેમની પાછળ બીજા લોક ચાલે છે. સૌથી છેલ્લે રક્ત વસ્ત્રો પહેરેલી સતી પાલખીમાં બેશીને આવે છે. એનાં વસ્ત્રો હીરામોતીને ભરતે ભરેલાં હોય છે, એનું આખું શરીર શણગારેલું હોય છે. આ સરઘસ એમ જાહેર કરે છે કે બીજા માસની એ જ તિથિએ એ વિધવા અમુક સ્થાને સતી થવાની છે, માટે ત્યાં સૌ આવજો. બરાબર જણાવેલી તિથિએ જણાવેલે સ્થાને એ બાઇ આવે છે ને બહુ શાન્તિથી ધાર્મિક ક્રિયા કરીને ગળે ફાંસો ખાય છે.

યુરોપિયન આર્યોમાં પણ પ્રાચીન કાળે સતી થવાનો રિવાજ હતો.

કેટલીક જાતિઓમાં આત્મહત્યાને બદલે શરીરનાં જુદાં જુદાં અંગ ઉપર નાના નાના ઘા કરવા પડે છે. હૉટેંટૉટ, મેલાનેસિયા, પોલીનેસિયા, ચારુઆ વગેરે પ્રદેશોમાં પોતાના મોં અને બીજાં અંગ ઉપર:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધવાઓ ઘા કરે છે. અમેરિકાના નૌકાહીવા પ્રદેશમાં મોં, ગરદન, છાતી અને હાથ ઉપર નાના ઘા વાળી એક વિધવા ખલાસીઓ સાથે ગુપ્ત સંબંધ જોડવા રાતે આવેલી તે પોર્ટર (Porter) નામે પ્રવાસીએ જોએલી.

કેટલીક જાતિઓમાં પતિની પાછળ વિધવા તેનું શ્રાદ્ધ કરે છે, અને એમ કરવું એ એનો ધર્મ મનાય છે. મધ્ય અમેરિકાના મેક્સિકો અને સામ્બો પ્રદેશોમાં મરનારની કબર ઉપર એક વર્ષ સુધી વિધવા ખાવાનું મૂકી આવે છે.

અનેક જાતિઓમાં વિધવાને પુનર્લગ્ન કરવાની છૂટ છે, પણ તેમ કરતા પહેલાં અમુક સમય સુધી તેણે શોકમાં ખૂણો પાળવો પડે છે. ચીનમાં છથી બાર માસ સુધી શોક પાળ્યા પછી જ વિધવાથી પુનર્લગ્ન થઇ શકે. પશ્ચિમ આફ્રિકાની ગાબૂન (Gaboon) નદીને કાંઠે વસનારી સીદી જાતિમાં વિધવાઓ મરનારના વારસને મળે છે, પણ તેની સાથે પરણતા પહેલાં બેએક વર્ષ વિધવાઓએ શોકમાં રહેવું પડે છે. શોક ઊતર્યા પછીની એવી એક લગ્નક્રિયા દુ ચાઇલુ (Du Chaillu) નામે એક પ્રવાસીએ જોએલી તેનું વર્ણન તે આમ કરે છે : " મરનારની સાતેય વિધવાઓ આનંદમાં આવી ગઇ હતી. . . . તેઓ શોકવસ્ત્ર ઉતારવાની હતી અને કન્યાઓ પેઠે ઉત્સવમાં જવાની હતી. તેમના પતિનો વારસ તે સૌને પરણવાનો અધિકારી હતો, પણ તેણે ઉદારતા દેખાડીને તેમાંની બે પોતાના નાના ભાઇને અને એક પિત્રાઇ ભાઇને આપી દીધી. ઉત્સવમાં દારૂનાં તુમ્બાં ઉપર તુમ્બાં સૌએ પીધાં ને ખૂબ નાચ્યાં. પેલી વિધવાઓ હવે સધવાઓ થઇ ને ખૂબ નાચી. પણ એ નાચ તે કેવો ? સભ્ય ગણાતો એમનો મરોડ આપણે હિસાબે છેક અશ્લીલ ! "

કોલંબિયાની એક જાતિમાં એક વર્ષ ખૂણો પાળ્યા પછી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધવા પુનર્લગ્ન કરી શકે છે. સેલિશ (Selish) વિધવા બે વર્ષ પછી પુનર્લગ્ન કરી શકે. કુરાનની આજ્ઞા છે કે વિધવા ૪ માસ અને ૧૦ દિવસ શોક પાળ્યા પછી પુનર્લગ્ન કરી શકે. પણ જો તે ગર્ભવતી હોય તો બાળક અવતર્યા પછી જ લગ્ન કરી શકે. આરબોમાં એવો રિવાજ છે કે પતિના મરણસમયે તેની પત્નીને એમ લાગે કે પોતાને ગર્ભ છે, તો મૃત પતિના દેહ ઉપર પોતાનો પટો મૂકે. લોક વાત સમજી જાય અને અગિયાર માસ સુધી વાટ જુએ, ત્યાર પછી સ્ત્રીઓ તેની તપાસ કરે, અને છતાં યે બાળક ન અવતર્યું હોય અને તોપણ વિધવા પોતાને ગર્ભ હોવાનું જણાવે તો ગર્ભમાંના બાળકને 'સુષુપ્ત' માનવામાં આવે અને વિધવાને લગ્ન કરવાની પરવાનગી મળે. પછી ગમે ત્યારે એને બાળક અવતરે તો ય એ બાળક કંઈ વર્ષો ઉપર ગુજરી ગએલા પિતાનું ગણાય છે, ને તેનો વારસો તેને મળે છે. અમેરિકાની ઓમાહા (Omaha) જાતિમાં ચારથી સાત વર્ષ સુધી શોક પાળ્યા પછી પુનર્લગ્ન થઇ શકે છે; ઉતાવળ કરીને તે પહેલાં લગ્ન કરી નાખનાર વિધવાના શરીર ઉપર ઘા કરવાનો તેનાં સાસરિયાંને અધિકાર છે, જોકે તે તેનું ખૂન તો ન જ કરી શકે. ત્યાંની કેટલીક જાતિઓમાં વળી એવો રિવાજ છે કે વિધવાને બાળક હોય તો તે બરાબર મોટું થતા સુધી તેનાથી પરણાય નહિ.

કેટલીક જાતિઓમાં વિધુરને પણ આવો શોક પાળવો પડે છે. ઉપર જણાવેલી કોલંબિયાની જાતિમાં પણ વિધુરથી પોતાની પત્ની ગૂજર્યા બાદ એક વર્ષ સુધી પુનર્લગ્ન થાય નહિ. સેલિશ જાતિમાં બે વર્ષ સુધી પુનર્લગ્ન થાય નહિ. ઓમાહા જાતિમાં ચારથી સાત વર્ષ સુધી પુનર્લગ્ન થાય નહિ; ઉતાવળ કરીને તે પહેલાં લગ્ન કરી નાખનાર વિધુરનો ઘોડો ખૂંચવી લેવાનો તેનાં સાસરિયાંને અધિકાર છે. આમ અમેરિકાની એ ત્રણેય આદિમાનવ જાતિઓમાં વિધવાને અને વિધુરને એ કાયદા સરખી રીતે લાગુ પડે છે અને તેથી ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વિષયમાં સ્ત્રીપુરુષના સરખા ધર્મ છે. પણ વળી ઓમાહા જાતિનો વિધુર સાત વર્ષ વીત્યા પછી યે પુનર્લગ્ન ન કરે તો તેનાં સાસરિયાં વચ્ચે પડે: "આ બિચારાને ચંપલ શીવવા કોઇ બૈરી નથી, ચાલો આપણે એને પરણાવીએ." એ વિધુરને ઇચ્છા હોય કે ન હોય તોય એ ભાઈ સાહેબને સાસરિયાંના પરણાવ્યા જખ મારીને પરણવું પડે છે!

યાહુદીઓમાં વિધવાને વારસો મળતો નહિ; તેને પુત્ર ઉપર, તે ન હોય તો તેના કુટુમ્બ ઉપર, માત્ર પોતાના નિર્વાહનો અધિકાર હતો. બાઇબલે પણ એને એથી વધારે અધિકાર આપ્યો નથી. કુરાન આ વિષયમાં વધારે ઉદાર છે. પતિની મિલ્કતમાંથી પુત્ર હોય તો આઠમો, પુત્ર ન હોય તો ચોથો ભાગ લેવાનો વિધવાને અધિકાર છે.

ચીનમાં ઇચ્છા હોય તો વિધવા મરણપર્યંત વૈધવ્ય પાળે છે; નિર્વાહનું સાધન ન હોય તો સાધ્વી થઇને મઠમાં બેસે છે. આથી એની ભારે સ્તુતિ થાય છે. પણ જે કન્યાનું વાગ્દાન થયું હોય, અને લગ્ન થતા પહેલાં તેનો માનેલો પતિ ગુજરી જાય, છતાં તે કન્યા બીજા સાથે લગ્ન ન કરતાં સાધ્વી બની મઠમાં બેસે તો એની તો એથી યે ભારે સ્તુતિ થાય.

પ્રાચીન કાળે રોમમાં પણ એમ જ હતું. પણ પછી પુનર્લગ્નને ઉત્તેજન અપાવા લાગ્યું. પછી તો એના વારસાના અધિકાર પણ સુધર્યા; એવું ઠર્યું કે વિધવાને ત્રણ બાળક હોય તો તેને પોતાને પતિની મિલ્કતમાંથી ચોથો ભાગ મળે, બાળક ન હોય તો પૂરો ભાગ મળે. પણ ત્યાં ખ્રિસ્તી ધર્મનું પરિબળ થતાં વાત વણસી. મહારાજા કોન્સ્ટેણ્ટાઇને (Constantine, ઇ. સ ૨૮૦–૩૩૭) પાછા વળીને એવો કાયદો કર્યો કે વિધવા પુનર્લગ્ન કરે તો તેણે પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વપતિના વારસોને અમુક દંડ આપવો. કારણકે એ રાજા ખ્રિસ્તી ધર્મનો ભારે ઉપાસક હતો; અને જે ખ્રિસ્તી ધર્મ જીવના લગ્નને જ જગતનું પ્રથમ પાપ માને, તે ધર્મ પુનર્લગ્નને તો સાંખે જ કેમ ? માત્ર ખ્રિસ્તી ધર્મમાંજ નહિ, પણ બીજા અનેક ધર્મોમાં વિધવા-લગ્ન પ્રત્યે બહુ તિરસ્કાર છે, વિધુરલગ્ન માટે બિલકુલ નથી. આનું ઊંડું કારણ એ જ છે કે અબળા સ્ત્રી એ કાંડાબળિયા પુરુષની મિલકત છે. પોતાની મિલકત બીજો કોઇ વાપરે તે તેને ગમે નહિ, એવી ઇર્ષ્યા સૌને સ્વાભાવિક છે. અને ધણી વિનાની થઇ પડેલી એ મિલકત (वि+धवा=અંગ્રેજી Widow, જર્મન Witwe, ગોથિક Widuwo) પારકો લેઇ જાય, એ એનો ધણી ગયા પછી પણ એનો વારસો મેળવનાર કુટુમ્બને કેમ પાલવે ? અને તેમ છતાંય આજે સૌ સુધરેલી જાતિઓમાં વિધવા પુનર્લગ્ન કરવાને સ્વતંત્ર બનતી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૦

લગ્નક્ષેત્ર

સારી પ્રજા માટે લગ્નક્ષેત્રના વિચારની ખૂબ જરૂર છે, પણ વંશવર્ધનની પ્રેરણાથી જ પ્રેરાઇને સંયોગ કરનારને એ વિચાર હોતો નથી. અતિપ્રાચીન કાળે તો વનસ્પતિની અને જન્તુની અનેક જાતિમાં નરનારીના દેહ જુદા હતા જ નહિ, આજે પણ કેટલીક જાતિમાં નથી. ત્યાં તો લગ્નક્ષેત્રનો પ્રશ્ન છે જ નહિ. એ વાત આપણે પહેલા અધ્યાયમાં જોઇ ગયા છીએ. વનસ્પતિમાં નરનારીના દેહ જુદા થયા ને તેમને પુષ્પ આવવા લાગ્યાં ત્યારે "પણ એક જ છોડનાં એ પુષ્પનો સંયોગ થતો નથી અથવા થાય છે તો નિષ્ફળ નીવડે છે" (પૃ. ૬). અર્થાત્ વનસ્પતિમાં ભાઇ-બેનનાં લગ્ન ભાગ્યે જ થાય છે.

પ્રાણીમાં આ નિયમ ભાગ્યે જ સચવાયો છે. પશુઓ રક્તસંબંધની કશી પરવા વગર પિતા-પુત્રી, માતા-પુત્ર, ભાઇ-બેન, સંયોગ કરે છે ને વંશ વધાર્યે જાય છે.

અને અતિપ્રાચીન કાળે માનવી પણ એમ જ કરતો. આદિમાં ઈશ્વરે માનવજાતિનું નરનારીનું એક જ યુગલ સર્જ્યું એમ માનનાર ધર્મોને તો માતા-પુત્રનાં કે ભાઇ-બેનનાં લગ્ન કરાવ્યા વિના બીજો માર્ગ જ નહોતો. બાઇબલના યાહુદી પુરાણના ઉત્પત્તિખંડમાં જણાવ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે "દેવે આદમને ભરઊંઘમાં નાખ્યો; અને તે ઊંઘી ગયા પછી તેણે તેની પાંસળીઓમાંથી એક લેઇને તેને ઠેકાણે માંસ ભર્યું. અને દેવે જે પાંસળી પુરુષમાંથી લીધી હતી તેની એક સ્ત્રી બનાવીને પુરુષની પાસે લાવ્યો" (૨ : ૨૧ : ૨૨). અને આમ દેવે જે "નરનારી ઉત્પન્ન કર્યાં" (૧ : ૨૭) એ નરનારી તે આદમ ને ઇવ. અને એક જ અંગમાંથી પેદા થએલાં તે ભાઇબેન કહેવાય. પણ બાઇબલ કહે છે તેમ "આદમે પોતાની વહૂ ઇવ સાથે સંયોગ કર્યો, તે ગર્ભવતી થઇ ને તેણે કેનને જન્મ આપ્યો" (૪ : ૧). ત્યારે એ એનો સંયોગ તે ભાઇબેનનો સંયોગ ન કહેવાય? "અને કેને પોતાની વહૂ સાથે સંયોગ કર્યો ને તે ગર્ભવતી થઇ" (૪ : ૧૭). એ વહૂ ક્યાંથી આવી તે એ પુરાણમાં જણાવ્યુંજ નથી. અને ત્યારે એ બે માતાપુત્ર હોય કે ભાઇબેન હોય એમ માન્યા વિના છૂટકો નથી. વળી આદમ-ઇવને કોઇ પુત્રી અવતર્યાનું એ પુરાણમાં લખ્યું નથી, એટલે કેને પોતાની માતા ઇવ સાથે સંયોગ કરીને વંશ વધાર્યો એમ કહો તો એ પુરાણથી જરાય વાંધો લેઇ શકાય એમ નથી.

હવે આપણે લગ્નક્ષેત્રનાં બે વર્તુળ પાડીએ: (૧) આન્તર વર્તુળ (Endogamy): પાસેમાં પાસેના રક્તસંબંધ સુધી થતા લગ્નનું સીમાવર્તુળ, અને (૨) બાહ્ય વર્તુળ (Exogamy): દૂરમાં દૂર સુધી થતા લગ્નનું સીમાવર્તુળ. પણ આપણે અહુણા જ જોયું તેમ આન્તર સીમા તો વર્તુળની ઠેઠ મધ્યબિંદુ – માતા – સુધી જઇ પહોંચે છે, એથી અન્તરનો સંબંધ બીજો હોઇ શકે જ નહિ.

ત્યારે હવે એ મધ્યબિંદુથી આપણે વાત વિચારતા ચાલીએ. અને એ વાત છેક સાચી છે કે અતિપ્રાચીન કાળે કશાય વિચાર-વિવેક વિના ગમે તેની સાથે લગ્નસંબંધ બંધાતો. જેના વિચારથી પણ આજે આપણને કંપ થાય એવાં માતૃગમન, પુત્રીગમન કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વસૃગમન (Incest) કરવામાં કશો ય અંતરાય કે દોષ મનાતો નહિ. એ દોષ આપણા હૃદયમાં આજે જે કાતરાઇ રહ્યો છે તે તો જુગ-જુગને સંસ્કારબળે વિકાસ પામીને કોતરાયો છે. પશુમાં તો એ દોષવિચાર છે જ નહિ અને માનવીમાં પણ તે કુટુમ્બસંસ્થા સ્થપાયા ને જામ્યા પછી અનેક હિતાહિતને વિચારે જન્મ્યો ને ધીરે ધીરે રૂઢ થતો ગયો, ધર્મભાવે પાપ રૂપે રૂઢ થતો ગયો. પરિણામે માનવી બાહ્ય સીમા તરફ લગ્નસંબંધ બાંધતો ચાલ્યો.

ત્યારે હવે પ્રાચીન જાતિઓના લગ્નસંબંધનાં ક્ષેત્રને જોવા માંડીએ. સ્ટ્રાબો (Strabo, ૪. પૂ. ૬૩–૧૯) લખી ગયો છે કે કેલ્ટિક (Celtic) અને ઇર્ન (Ierne આઇરિશ) જાતિમાં “ પુરુષો ગમે તે પ્રકારની સ્ત્રીઓ સાથે, પોતાની માતા અને એનો સાથે પણ, છચોક રીતે સંબંધ બાંધતા.” અને લગ્ન પણ કરતા. વળી એ જ લેખકના લખ્યા પ્રમાણે મગ (Magi, જેના ઉપરથી magic શબ્દ નીકળ્યો છે અને કેટલાકના મત પ્રમાણે તેમના હિંદુસ્થાનના વસવાટ ઉપરથી મગધ દેશ કહેવાયો તે) નામે પારસી જાતિના લોક, પ્રાચીન રિવાજને અનુસરીને, પોતાની માતા સાથે સંયોગસંબંધ બાંધતા. વળી સ્ટેસિયસ (Ctesias) જણાવે છે તે પ્રમાણે માતા સાથે પુત્રનું લગ્ન એ તો પ્રાચીન ઇરાનમાં છેક સામાન્ય વાત હતી અને તે માત્ર અકસ્માત્ કામવિકારને કારણે નહિ પણ રિવાજને અનુસરીને. અને લુસિયન (Lucian, ઇ. સ. ૧૨૦ – ૧૯૦) તો સ્પષ્ટ રીતે જણાવે છે કે ઇરાનમાં ભાઇબેનનું લગ્ન તો બિલકુલ કાયદેસર હતું. પ્રાચીન ઇજિપ્તમાં પણ ભાઇબેનનું લગ્ન કાયદેસર હતું, કારણ કે તેમના દેવ ઓરિસીસે (Orisis) પોતાની બેન આઇસીસ (Isis) સાથે લગ્ન કર્યું હતું. અને તે જ રીતે રાણી કિલયોપેટ્રા (Cleopatra) પોતાના ભાઇ ટૉલેમી ડીઓનિસિયસ (Ptolemy Dionysius) સાથે પરણી હતી. અને આ કારણે એ વંશની રાણીઓના સ્વસૃ-પત્નીને નામે ઉલ્લેખ મળી આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકવાડોરની (Equador) પાયોજે (Pioje) જાતિમાં પૂર્વે વિધવા પોતાના પુત્રને અને વિધુર પોતાની પુત્રીને પરણતો. એ પુત્રો પોતાની માતાને સહિયારી પત્ની તરીકે પણ રાખતા. બાઇબલના ખ્રિસ્તી પુરાણમાં પુત્રી સાથેના લગ્નની પરવાનગી છે: "જો કોઇ પુરુષ વિચારે કે પોતે પોતાની કુંવારી (પુત્રી) વિષે અયોગ્ય કરે છે, ને તે પુખ્ત ઉમરની થઇ હોય ને અગત્ય એવી હોય તો તે જે ઇચ્છે તે કરે, તે પાપ કરતો નથી; તેઓ પરણે" (૧ કોરિન્થિયન, ૭ : ૩૬).

બાઇબલના યાહુદી પુરાણમાંથી પણ આવાં રક્તસંબંધનાં લગ્ન મળી આવે છે. ઇબ્રાહીમ પોતાની સ્ત્રી સારાને લેઇ ગેરાર પ્રાન્તમાં ગયો અને ત્યાં તેણે એમ કહ્યું કે આ તો મારી બેન છે. ત્યાંના રાજાએ એને પોતાના મહેલમાં લીધી, પણ પછીથી ખરી વાતની ખબર પડી ત્યારે તેણે ઇબ્રાહીમને બોલાવીને ઠપકો આપ્યો કે તું એમ જુઠું કેમ બોલ્યો? ત્યારે ઇબ્રાહીમે કહ્યું કે "ખરે જ એ મારી બેન છે; તે મારા પિતાની પુત્રી છે, પણ મારી માતાની નહિ. અને તે મારી સાથે પરણી છે" (ઉત્પત્તિખંડ ૨૦ : ૧૨). દક્ષિણ અમેરિકાના પેરૂ (Peru) દેશના ઇંકા (Inca) રાજવંશમાં અને તેમના અમીર ઉમરાવોમાં પણ ઓરમાન બેનને પરણવાનો રિવાજ હતો.

અને આવાં લગ્ન આજે પણ અનેક જાતિઓમાં થાય છે. હર્ન (Hearn, ઇ સ. ૧૮૫૦–૧૯૦૫) નામે ગ્રીક પ્રવાસી જણાવે છે કે "ઉત્તર અમેરિકાની ચીપેવાન (Chippewan) નામે જાતિમાં પુરુષ વારંવાર પોતાની માતા અને વળી સામાન્ય રીતે પોતાની બેન અને પુત્રી સાથે સંબંધ રાખે છે." લાંગ્સ્ડૉર્ફ (Langsdorff) કહે છે કે કાદ્યાક (Kadiak) જાતિમાં ભાઇ બેન સાથે, પિતા પુત્રી સાથે, પુત્ર માતા સાથે કઇ પણ પરવા વિના સંબંધ બાંધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મદેશના તેનાસરીમ પ્રાન્તમાં કારન (Karen) જાતિમાં પણ ભાઇ બેનની સાથે અને પિતા પુત્રી સાથે આજે પણ લગ્ન કરે છે. અને લા લૂબેરે (La Loubère) નામે પ્રવાસીએ શ્યામ દેશમાં (Siam) જોએલું કે ત્યાંના રાજાએ પોતાની બેન સાથે લગ્ન કર્યું હતું.

વળી યાહુદી પુરાણુમાં ફોઇ તથા ભત્રિજી સાથેનાં લગ્નનાં ઉદાહરણ મળી આવે છે: "અને આમ્રામ પોતાની ફોઇ યોખેબેદ સાથે પરણ્યો" (નિર્ગમન ૬ : ૨૦). નાહોર પોતાના ભાઇ હારાનની પુત્રી મિલ્કા સાથે પરણેલો (ઉત્પત્તિ ૧૧ : ૨૬-૨૯). યાકોબ પોતાના મામા લાબાનની પુત્રીઓ સાથે પરણ્યો હતો (ઉત્પત્તિખંડ ૨૯ : ૧૦-૩૦). પણ ત્યાર પછી થોડે જ કાળે રક્તસંબંધનાં લગ્ન યાહુદીઓમાંથી બંધ થયાં દેખાય છે (લેવીટીકુસ ૧૮ : ૬-૧૮).

અમેરિકાના ગ્વાતેમાલાના લોકમાં ઓરમાન બેન સાથે લગ્ન થઇ શકે છે.

આપણે માની લેઇએ કે આવાં (incestuous) રક્તસંબંધનાં આન્તર લગ્ન કરવામાં આદિમાનવને પશુપંખીની પેઠે કશું ખોટું લાગેલું નહિ. પછી એ ઘર માંડતો થયો ને મિલ્કત કરતો થયો, ત્યારે માતૃગૃહ બંધાયું અને તેવે પ્રસંગે મિલ્કત પરઘેર ચાલી ન જાય એ હેતુથી એવાં લગ્ન ચાલુ રાખ્યાં. વળી પછી કુળની શુદ્ધિ સચવાય એટલા માટે પણ એવાં લગ્ન ચાલુ રાખ્યાં હોય. પણ પછી ધીરે ધીરે એથી કલેશકંકાસ જાગ્યા હોય અથવા બીજું પણ અહિત થતું દેખાયું હોય, એટલે આવાં લગ્ન ઉપર અંકુશ મુકાતો થયો હોય. છેક અર્વાચીન કાળમાં જ આરબોનાં એવાં લગ્નનો મહમદ સાહેબે નિષેધ કર્યો: "તમારા પિતાઓ જેને પરણ્યા છે તેને પરણો ના." અને વળી એમણે પુત્રી, બેન, ફોઇ, માસી વગેરે અંતરના રક્તસંબંધની સ્ત્રીઓ સાથેનાં લગ્નનો નિષેધ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને છતાંયે મુસલમાનોમાં ઓરમાન બેન કે કાકા મામાની દીકરીઓને પરણવાનો આજે નિષેધ નથી. ખ્રિસ્તીઓમાં પણ નથી.

લગભગ બધી જાતિઓમાં સાળી સાથે પરણી શકાય છે અને અમેરિકાની કેટલીક જાતિઓમાં તો મોટી બેનને પરણ્યા એટલે તેની સૌ નાની બેનોને પરણી ચૂક્યા મનાય છે. પણ ખ્રિસ્તીઓમાં સાળી સાથે લગ્ન કરવાનો ધાર્મિક નિષેધ છે, કારણકે એ વહૂની એટલે પોતાની પણ બેન (Sister-in-Law) મનાય છે. એવાં લગ્ન કરવાની કાયદાની જે અટકાયત હતી, તે ઇંગ્લેણ્ડમાં થોડાં વર્ષ ઉપર જ કાઢી નાખી છે.

અનેક પ્રાચીન જાતિઓ ધીરે ધીરે સંસ્કૃતિ પામતી ગઇ તેમ તેમ તે હિતાહિતનો વિચાર કરતી ગઇ અને આન્તર લગ્નવર્તુળથી છૂટીને બાહ્યવર્તુળ તરફ ખસતી ગઇ. પણ છતાંયે વારસો પરઘેર ન જાય એટલા માટે ગોત્ર બહાર તો લગ્ન કરવામાં એમને મુશ્કેલી જ લાગી. યાહુદી પુરાણમાં લખ્યું છે કે: “ઝેલોફ્હાદની દીકરીઓને દેવની આ આજ્ઞા છે કે પોતાને ફાવે તેની સાથે એ પરણે, પણ પોતાના પિતાના ગોત્રમાં જ પરણે, જેથી ઇસ્રાએલનાં બાળકોનો વારસો બીજી જાતિમાં ચાલ્યો ન જાય.” (ગણના ૩૬ : ૬ – ૭) અને આમ અનેક જાતિઓમાં લગ્ન પોતાના ગોત્ર બહાર કરવાનો નિષેધ હતો અને હજી યે છે

પણ આવા નિષેધને પરિણામે બળવાન પુરુષ અનેક સ્ત્રીઓને પરણી બેસે, એટલે નિર્બળને પરણવાના સાંસા પડે; આથી નાછૂટકે પણ એને ગોત્ર બહાર નજર નાખવી પડે ને બહારથી વહૂ લાવવી પડે. પ્રાચીન કાળે યુરોપિયનો પણ ગોત્રમાં લગ્ન નહોતા કરતા. આજે પણ સ્લાવ જાતિના મીર લોક ગોત્ર બહાર લગ્ન કરવાનો રિવાજ હજી યે કંઇક અંશે પકડી રહ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ધીરે ધીરે ગોત્રની અંદર લગ્ન કરવામાં દોષ મનાતો ગયો. મોંગોલ જાતિમાં એવાં આન્તર લગ્ન કરવાનો સ્પષ્ટ નિષેધ છે. તેમાંની કાલ્મુક (Kalmuck) જાતિમાં પિતાની ત્રણચાર પેઢીનાં સગાંમાં લગ્ન થઇ શકતું નથી. નાહુઆ (Nahua) જાતિના લોક પણ આન્તર લગ્ન નથી કરતા. અને ઘણી જાતિઓમાં તો પોતાની જાતિ બહારથી જ કન્યા લાવવાનો નિયમ છે.

અને જુદી જુદી જાતિઓ જેમ જેમ સંસ્કાર પામતી ગઇ, તેમ તેમ આન્તર લગ્નના અને બાહ્ય લગ્નના લાભાલાભ સમજતી ગઇ. બાહ્ય લગ્નથી જુદા જુદા ગુણોનું મિશ્રણ થઇ સારી સન્તતિ ઉત્પન્ન થાય છે એમ જાણીને બાહ્ય લગ્ન તરફ તેની દૃષ્ટિ વધતી ગઇ. આન્તર લગ્નથી એવા ગુણોનું મિશ્રણ નથી થતું ખરું, પણ પોતાના ગુણો તેમ જ અવગુણો ઘાડા બને છે. બાહ્ય લગ્નથી બહારના અવગુણો તથા રોગ પણ આવે છે. અને અત્યન્ત બાહ્ય લગ્ન તો નિષ્ફળ પણ નીવડે છે. ઘોડા અને ગધેડી વચ્ચેના લગ્નથી સન્તતિમાં ખચ્ચર થાય છે, કારણ કે એ બે જાતિઓ પિત્રાઇ છે; પણ એ ખચ્ચર નિષ્ફળ જાય છે, વંધ્ય રહે છે. અતિ દૂરની જાતિઓના સંયોગથી તો સન્તતિ પણ થતી નથી.

માટે આન્તર લગ્ન અને બાહ્ય લગ્નનાં વર્તુળો વચ્ચે અમુક સીમાઓ સુધીના પ્રદેશમાં જ લગ્ન કરવું અને તેનો નિર્ણય વિવેકબુદ્ધિથી કરવો ઇષ્ટ છે. જેમ માતૃગમન, પુત્રીગમન કે સ્વસૃગમનમાં આજે દોષ મનાયો છે, તેમાં ઘૃણા ને જુગુપ્સા મનાઇ છે, તેવી જ રીતે માનવી અને પશુ તેમજ પુરુષ અને પુરુષ સાથેના સંયોગ માટે બ્રિટિશ ફોજદારી કાયદા પ્રમાણે સજા મનાઇ છે એ ઇષ્ટ જ છે.

અને વળી સ્ત્રી પુરુષની મિલ્કત ગણાઇ છે એટલે પુરુષે કયા ક્ષેત્રની સ્ત્રી સાથે લગ્ન કરવું ને ન કરવું એ જ વિચાર કર્યો છે, બન્નેના ક્ષેત્રનો વિચાર નથી કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૧

કુટુમ્બસંસ્થા

પ્રાણીજગતમાં વંશવર્ધન માટે બે મોટી પ્રણાલિકાઓ પ્રવર્તી રહી છે: (૧) કેટલાંક પ્રાણી પુષ્કળ બચ્ચાંને જન્મ આપે છે ને તેને ઉછેરવાની કશીયે પરવા કરતાં નથી. સંયોગબળે ઊછરે એટલાં ખરાં. કૉડ માછલી દર વર્ષે દશેક લાખ ઇંડાં મૂકે છે, પણ તેમાંનાં પૂરાં સો પણ બચ્ચાં ઊછરતાં નથી. (૨) કેટલાંક પ્રાણી બહુ ઓછાં બચ્ચાંને જન્મ આપે છે ને લગભગ તે બધાંને જતનથી ઉછેરે છે. માળા બાંધનાર પક્ષી આ જાતનાં પ્રાણી છે. માનવી પણ આ જ પ્રકારનું પ્રાણી છે.

પક્ષીઓ પોતાનાં બચ્ચાંને ઉછેરવા માળા બાંધે છે. જે નથી બાંધતાં તે બીજી યોજના કરે છે. પણ સમસ્ત પ્રાણીજગતમાં પુરુષ તો મોટે ભાગે વંશવર્ધનની પ્રેરણાએ પોતાની નારી સાથે સંયોગ કરીને છેટો જ ઊભો રહે છે, એ લહેરી જીવ તો માણીગર જ રહે છે. ત્યાર પછી ઇંડાં મૂકવાના કે ગર્ભ ધારણ કરવાના કાર્યથી માંડીને તે બચ્ચાંને ઉછેરવા સુધીનું સૌ કાર્ય સ્ત્રી જ કરે છે. પુરુષના કઠોર હૈયામાં સ્ત્રીના જેટલી દયામાયા નથી. સ્ત્રીના કોમળ હૃદયને લીધે તો વંશવર્ધનની ક્રિયા સફળ રીતે ચાલુ રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાંક પક્ષીમાં તો નર એવો નિર્દય હોય છે કે પોતાના સંયોગને પરિણામે નારીએ મૂકેલાં ઈંડાં ખાઇ જાય છે! આથી બિચારી નારી તે ઈંડાંને સંતાડતી ફરે છે, છતાં બચ્ચાં થયા પછી પણ નર તેમને મારી નાખે છે. આથી આત્મરક્ષણની પ્રેરણાએ બચ્ચાં માતાની પાંખ છોડતાં નથી. વંશવર્ધનની પ્રેરણાએ એવી અનેક માતાઓ પોતાનાં બચ્ચાંને સાથે રાખીને ટોળાબંધ – અનેક વખત તો સો સોને ટોળે – પોતાના નરોની સામે થવાને તૈયાર રહે છે. પણ અવલોકનથી જાણવામાં આવ્યું છે કે આવી પક્ષીજાતિઓ બહુ થોડી છે અને ખાસ કરીને અનેકપત્ની લગ્ન કરનારી છે. એ તો ખાસ જાણવામાં આવ્યું કે જે પ્રાણીમાં અનેકપત્ની લગ્ન કરવાની વૃત્તિ હોય છે, તે પ્રાણીના નરમાં શિશુસ્નેહ ઓછો જ હોય છે

પણ બધાં પક્ષીમાં નર એવો નિર્દય નથી હોતો. કેટલાંકમાં તો નર પોતાની નારીને બની શકે એટલી સહાયતા આપે છે. કેટલાક નર પોતાની નારીને વિરામ આપવાને ઇંડાં સેવવા પણ બેસે છે. અને નારી સેવવાને કારણે બહાર જઇ ન શકતી હોય ત્યારે તેને ખાવાનું પણ આણી આપે છે. બચ્ચાં થયા પછી પણ નારી સાથે નર બચ્ચાંને હેતે ખવડાવે છે ને ઉછેરે છે.

પણ પશુપક્ષીમાં આ સ્નેહ બહુ થોડા વખત માટે જ ટકે છે. બચ્ચાં મોટાં થયાં એટલે એમને ધકેલી મૂકે છે. બેશક કેટલાંક પક્ષી પોતાનાં બચ્ચાંને ઊડતાં પણ શીખવે છે. કેટલાંક જળચર પ્રાણી તરતાં પણ શીખવે છે. પણ અવલોકનથી એ પણ જણાયું છે કે જે જાતિઓ પોતાનાં બચ્ચાંનું જેમ વધારે જતન કરે છે, તેમ તે જાતિનાં બચ્ચાં આત્મરક્ષણ કરવા જલદી તૈયાર થઇ શકતાં નથી; તેમને લાંબા વખત સુધી માબાપના રક્ષણની જરૂર પડે છે. માનવી એ આ નિયમનું સ્પષ્ટ ઉદાહરણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે ઉપર જોયું તેમ ઘણાંખરાં પ્રાણીમાં બચ્ચાં ઉછેરવાનું કાર્ય માતા કરે છે, કોઇ કોઇ વાર પિતા માતાને સહાયતા આપે છે કે આખા કુટુંબનું રક્ષણ કરે છે એટલું એ જ. અતિપ્રાચીન કાળે માનવજાતિની પણ એ જ સ્થિતિ હતી—માનવીનો વિકાસ તો ઇતર પ્રાણીમાંથી જ થયો છે ને! માનવમાતા પોતાનાં શિશુને ઉછેરવા—જેમ પંખી માળો, તેમ એ માળા જેવું કંઇક—ઘર બાંધીને રહેતી; પિતા તો હાથ ઊંચા કરીને ચાલ્યો જતો, એના હૈયામાં કંઇક દયામાયા હોય તો વળી નારીની પડખે થોડો વખત ઊભો રહે. અને આવી સ્થિતિમાં બાળકો પિતાને ઓળખે પણ શેનાં? એ તો માતાને જ ઓળખે.

વળી એ પ્રાચીન યુગમાં લગ્નપ્રણાલી વ્યવસ્થિત થઇ નહોતી; લગ્ન જ નહોતાં અથવા ગણલગ્ન હતાં, અથવા તો અનેકપતિ લગ્ન થવા લાગ્યાં હતાં, ત્યાં બાળકો પિતાને ઓળખે પણ શેનાં? એ તો માતાને જ ઓળખે. માતા બાળકોને ઉછેરવા ઘર બાંધીને રહે, તેમાં અનેક પુરુષો રહી રહીને ચાલ્યા જાય, બાળકો તો માતા પાસે જ રહે, માતાના ઘરમાં રહે. આમ માતાનું કુટુમ્બ બંધાયું, માતૃગૃહ (Matriarchy) રચાયું.

આવાં માતૃગૃહ અથવા એના અવશેષ ઘણી જાતિઓમાં જોઇ શકાશે, પણ ઉત્તર અમેરિકાની આદિજાતિમાં એ બહુ સ્પષ્ટ રીતે હજી યે પ્રવર્તે છે. ત્યાં બાળકો પોતાની પાછળ પિતાનાં નહિ પણ માતાનાં નામ લખાવે છે; કારણકે માતાને ઘેર આવતા જતા પિતાને તો એ ઓળખતાં જ નથી, ઘરમાં સ્થિર રહેલી માતાને જ ઓળખે છે. ઑસ્ટ્રેલિયાની કેટલીક જાતિઓમાં પણ આમ જ છે.

અને આવી સ્થિતિમાં ઘરમાંની માલમિલ્કત ઉપર પુરુષનો નહિ, પણ સ્ત્રીનો જ અધિકાર હોય એ દેખીતું છે. પુરુષ તો એ ઘરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરોણા (સં. પ્રાઘુણ રખડતા, પ્રાહ્ણ બોલાવેલા) જેવો અસ્થિર છે, સ્ત્રી જ ગૃહપત્ની જેવી સ્થિર છે. ઘરમાં પરોણાનો તે વળી અધિકાર કેવો ?

પરિણામે ઘરમાં સત્તા પણ સ્ત્રીની જ જામે છે. તે પોતાનાં બાળકની ને મિલ્કતની માલેક છે. ગમે ત્યાં જવાને, ઘરમાં ગમે તે પુરુષને રાખવાને કે કાઢવાને, ગમે તે કરવાને કુલમુખ્ત્યાર છે. પરિણામે પુરુષની પદવી પણ નીચી હોય છે. હેરોડોટસના (Herodotus, ઇ. પૂ. ૪૯૦-૪૨૦) સમયમાં ઇજિપ્તમાંથી માતૃગૃહ લગભગ અદશ્ય થઇ ગયું હતું, છતાં ત્યાં સ્ત્રીની પદવી કેવી પ્રભાવશાળી હતી, તે એ ઇતિહાસકના નીચેના શબ્દોથી જણાશે :

"ત્યાં સ્ત્રી ચૌટામાં જાય છે ને વેપાર કરે છે; પુરુષ ઘેર રહે છે ને શાળે બેસી વણે છે. ... પુરુષ બોજો માથે ઊંચકે છે, સ્ત્રી ખભે વહે છે. ... માબાપનું ભરણપોષણ પુત્રને કરવું હોય તો કરે, તેના ઉપર તેમ કરવાની ફરજ નથી. એવી ફરજ તો પુત્રી ઉપર જ છે, એમ કરવાની એની ઇચ્છા ન હોય તોય કરવું પડે છે." આ છેવટનાં વાક્ય જણાવે છે કે વારસો પુત્રને નહિ પણ પુત્રીને ત્યારેય ઊતરતો.

આર્થર રાઇટ (Arthur Wright) નામે પાદરીએ ઉત્તર અમેરિકાના ઇરોક્વાઅસ (Iroquois) વિષે ૧૮૭૫માં આમ લખ્યું છે: "એમનામાં સ્ત્રી જ ઘરમાં રાજ્ય ચલાવે છે. પુરુષે તો શિકારે જઇ ઘેર ખાવાનું લેઇ આવવાનું છે. જે પુરુષ જોઇતો શિકાર ન લેઇ આવ્યો તેના ભોગ મળ્યા સમજવા! ઘરમાં એનાં ગમે એટલાં છોકરાં હોય કે ગમે એટલું રળતર હોય, પણ એકાદ વખત આળસ કરીને નાખુશ કરનાર ભાયડાને તેની ગોદડી એને ખભે ફેંકી ઘરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ રાણી ઘરમાંથી હાંકી મૂકે છે! ત્યાર પછી કોઇ વૃદ્ધ સ્ત્રી એ ગૃહરાજ્ઞીને મનાવી તેના પુરુષને ઘરમાં રખાવે નહિ, તો તેને બીજી કોઇ સ્ત્રી પાસે, તેને રળી રોટલો ખવરાવવાને સાટે તેના ઘરમાં રહેવા જવું પડે. ત્યાં સ્ત્રીઓ જ સત્તાધારી છે."

અને કેટલીક જાતિઓમાં નારીરાજ્ય જેવું પણ કંઇક છે. અમેરિકાની વ્યાણ્ડોટ (Wyandot) જાતિમાં ચાર સ્ત્રીઓની રાજસભા હોય છે અને દરેક કુટુમ્બની ગૃહરાજ્ઞીઓ એ ચારને ચૂંટી કાઢે છે. આ રાજસભા પોતાની જાતિના પુરુષોમાંથી એકને બહારનો વહીવટ કરવા ચૂંટી કાઢે છે.

શાર્લેવોઇ (Charlevoix, ઇ. સ. ૧૬૮૨–૧૭૬૧) નામે ફ્રેંચ ઇતિહાસક લખે છે કે અમેરિકાની નાચે (Natche) જાતિમાં જે સ્ત્રી રાજ્ય કરતી હતી તેના હાથમાં કુલ સત્તા હતી ઇ. સ. ૧૭૨૧માં તે મરી ગઇ, ત્યારે તેને પુત્રે પોતાના પિતાને– રાણીના પતિને– પોતાના કુળના રિવાજ પ્રમાણે ગળે ફાંસો દેઇ મારી નાખ્યો. નિકારાગુઆમાં પતિએ ગુલામની પેઠે સ્ત્રીને તાબે રહેવું પડે છે.

અને આ માતૃગૃહમાં વારસો પતિના કુટુમ્બમાં ન જ જાય એ વાત સહેજે સમજાય એવી છે. અમેરિકાની પ્યુબ્લો (Pueblo) જાતિમાં સ્ત્રી મરતાં તેનાં પિયેરીઆં તેની બધી મિલ્કત લે છે; તેના પતિને વારસે તો તેનો પોતાનો ઘોડો, હથિયાર અને કપડાં, એટલું જ જાય છે. ત્યાંની અનેક જાતિઓમાં પતિને કે પુત્રને વારસામાં કશું ય મળતું નથી, મોટી પુત્રીને કે તે ન હોય તો સ્ત્રીના ભાઇને સૌ મિલ્કત મળે છે. એમાંની કેટલીક જાતિઓમાં એવો રિવાજ છે કે પરણ્યા પછી વરવહૂ પોતાનું અગવું ઘર માંડતાં નથી, પણ પોતપોતાના કુટુમ્બમાં જ રહે છે. એમનાથી જે બાળકો થાય છે તે માતાના જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુટુમ્બમાં રહે છે, પિતા સાથે તેમને કંઇ લેવા દેવા નથી. તે બાળકોમાં પણ માતાની મિલ્કત દીકરીઓને જ મળે છે. દીકરા તો માત્ર નિર્વાહના જ અધિકારી છે.

માનવજાતિનો ઇતિહાસ જોઇશું તો જેમ જેમ સંસ્કૃતિ વધતી જાય છે, તેમ તેમ જીવનનિર્વાહનો આધાર માત્ર શિકાર જ ઉપર નહિ પણ ખેતી ઉપર પણ થતો જાય છે. એક બાજુથી આમ ખેતી અને મિલ્કત જેવી વસ્તુ થતી જાય છે, બીજી બાજુ અનેકપતિ લગ્નમાંથી અનેકપત્ની લગ્નની સંસ્થાનો ઉદ્ભવ થતો જાય છે. એ સંધિકાળમાં કેટલીક સ્ત્રીઓને અનેક પતિ હોય, કેટલાક પુરુષોને અનેક પત્ની હોય. તેવા સમાજમાં વારસાના પણ ગૂંચવાડા હોય. ભાઇબેન ભેગાં રહે, ભાઇ કમાય તોપણ તેની કમાણી બેનને કબજે જાય. ભાઇ ખેતરનો વહીવટદાર ખરો, પણ માલેક તો બેન જ. અને વહીવટનો પણ વારસો પોતાના નહિ, પણ બેનના દીકરાને – ભાણેજને – મળે.

આવી સ્થિતિમાં બેનના જેવા ભાવ પુછાય તેવા પોતાના દીકરાના ભાવ ન પુછાય. એથી કોઇ કોઇ પ્રભાવશાળી પુરુષને લાગી આવે એ દેખીતી વાત છે. તેવા પુરુષો બેનથી જુદા રહે ને પોતાની કમાણી પોતાના પુત્રોને આપે. અનેકપતિ લગ્નમાં પણ સ્ત્રીને પોતાથી નહિ પણ ગમે તે પતિથી થએલાં સંતાનને વારસો મળે એ પ્રભાવશાળી પુરુષથી સાંખી શકાય નહિ. એટલે પોતાના પુત્રને ઓળખાવવા પોતે સુવાવડ ખાઇને તે પુત્રને જુદો પાડી તેને વારસો આપે (પૃષ્ઠ ૧૯). આમ તે સ્ત્રીના સંયુક્ત કુટુમ્બથી જુદો પડે. અને આમ ધીરે ધીરે માતાનાં સંતાનને બદલે પિતાનાં સંતાનને વારસા મળવા લાગ્યા. ફાંડાબળિયો પિતા પોતાનું ઘર માંડી બેઠો ને ઘરનો મુખી પણ થઈ બેઠો. આમ પિતૃગૃહની (Patriarchy) શરૂઆત થઇ ચૂકી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે જગતની ઘણીખરી જાતિઓમાં પિતૃગૃહની પ્રથા પ્રવર્તે છે. જ્યાં માતૃગૃહની પ્રથા છે ત્યાંથી પણ ધીરે ધીરે તે અદૃશ્ય થતી જાય છે. યુરોપિયનોના પ્રભાવથી પોલીનેસિયામાં ધીરે ધીરે માતૃગૃહને બદલે પિતૃગૃહ બનતું જાય છે, પણ હજી પૂરી રીતે નથી થયું. અમેરિકાની આદિજાતિઓમાં પણ આ ફેરફાર થતો જાય છે. આમ ધીરે ધીરે અનેકપતિ લગ્નમાંથી અનેકપત્ની લગ્નનો અને માતૃગૃહમાંથી પિતૃગૃહનો ઉદ્ભવ થયો છે, કારણકે દરેક બળવાન પુરુષ પોતાની આગવી મિલ્કત, આગવી પત્ની, આગવાં બાળક લેઇને ઘર માંડવાની આકાંક્ષા રાખે.

જેમ જેમ જાતિઓ વિકાસ પામતી ગઇ, અર્થાત્ સ્ત્રી ઉપર પુરુષ પોતાને કાંડાબળે પ્રભાવ જમાવતો ગયો, તેમ તેમ સ્વાભાવિક પ્રેરણાએ વહી આવતા માતૃગૃહના પ્રવાહને રુંધીને પિતૃગૃહના કૃત્રિમ ફુવારાને સુંદર દેખાય એ રીતે ઉડાવતો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૨

હિંદુ લગ્નસંસ્થાનો વિકાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૨

હિંદુઓમાં લગ્નભાવનાનો ઉદય

લગ્નસંસ્થા એ કોઇ ઈશ્વર-પ્રેરિત કે -પ્રણીત સંસ્થા નથી, પણ સમાજ-પ્રેરિત કે -પ્રણીત સંસ્થા છે. સરખી સંસ્કૃતિના માનવસમાજમાં સૌ સંસ્થાઓ લગભગ સરખી રીતે સરખે માર્ગે સરખે રૂપે વિકાસ પામે છે. જે સમાજ વહેલો સંસ્કૃતિ પામે, એની સંસ્થા વહેલી વિકાસ પામે; મોડો સંસ્કૃતિ પામે, એની સંસ્થા મોડી વિકાસ પામે, પણ એ રીતે History repeats itself – ઇતિહાસ વારે વારે સરખી રીતે પ્રકટ થાય છે એ વાત તો ખરી જ છે. હિંદુ સમાજ પણ માનવસમાજ છે અને એની સૌ સંસ્થાઓ તેમ જ લગ્નસંસ્થા પણ બીજા માનવસમાજોની પેઠે જ વિકાસ પામી છે. ગયા ખંડમાં એ હકીકત દેખાડી શકાત. પણ ફૂલ છૂટક છૂટક વેરાતાં પડ્યાં હોય ત્યારે એનું સ્પષ્ટ દર્શન ન થાય, એની માળા ગૂંથી હોય ત્યારે બહુ સ્પષ્ટ દર્શન થાય; એવી જ રીતે હિંદુ લગ્નસંસ્થાની હકીકતો ગયા ખંડનાં પ્રકરણોમાં છૂટક છૂટક વેરાતી મૂકી હોત તો એનું સ્પષ્ટ દર્શન ન થાત, એટલા માટે આ ખંડમાં એને જ ગૂંથવાની વ્યવસ્થા રાખી છે એટલે આપણા હિંદુઓને આપણી લગ્નસંસ્થાનો વિકાસ સ્પષ્ટ રૂપે દેખાઇ આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ હિંદુ કોણ? આ દેશમાં આર્યો પ્રાચીન કાળે આવી વસ્યા અને અમુક પ્રકારની સંસ્કૃતિ પામ્યા, વેદ વગેરે ગ્રંથો રચ્યા. તે આર્યોની સંસ્કૃતિ જે જે પ્રજાઓએ લીધી અને પોતાની મૂળ સંસ્કૃતિ લગભગ ધોઇ નાખી તે તે પ્રજાઓ પણ પોતાના આર્ય ગુરુઓની સાથે પાછળથી હિંદુ કહેવાઇ. આમ આ દેશની દ્રાવિડ અને બીજી અનેક આદિજાતિઓ હિંદુ ગણાઇ. એ સંસ્કૃતિ વિકાસ પામીને જૈન, બૌદ્ધ વગેરે રૂપે પ્રચાર પામી. એ સંસ્કૃતિ સ્વીકારનાર જૈનોને તથા હિંદી બૌદ્ધોને આ ખંડને માટે મેં હિંદુ ગણ્યા છે. પણ જેમણે પોતાના પ્રાચીન સંસ્કૃતિના પાયા દૃઢ રાખીને હિંદુઓની સંસ્કૃતિ માત્ર ઉપરના પડ રૂપે સ્વીકારી છે, તેવી પ્રજાઓને આ ખંડમાં હિંદુ માન્યા નથી—ચીનના ને જાપાનના બૌદ્ધોને અને યુરોપના છેક આજે પોતાનો ખ્રિસ્તી ધર્મ ત્યજીને થતા હિંદુઓને આ ખંડ માટે હિંદુ માન્યા નથી, એટલા માટે કે આ સૌના લગ્નનો વિકાસ આ દેશના હિંદુઓથી સ્વતંત્ર રીતે થયો છે. અને આપણે તો આ ખંડમાં આ જ દેશની હિંદુ લગ્નસંસ્થાનો વિકાસ જોવાના છીએ.

અને એ વિકાસ જોવા માટે હિંદુ ગ્રન્થો ઉકેલવા જોઇએ. પણ આપણે તો મહાભારત એકલું જોઇએ તોપણ જોઇતી સામગ્રી મળી રહે એમ છે. ખરે જ મહાભારતે હિંદુ જીવનની માહિતી જાણવાની એટલી સામગ્રી આપી છે કે એ ગ્રન્થને હિંદુ સંસ્કૃતિનો સર્વદર્શન-સંગ્રહ કહીએ તો એમાં જરા ય ખોટું નથી. જરૂર પડતાં આપણે બીજા ગ્રંથોમાં જોઇશું, પણ મુખ્યત્વે તો મહાભારતની સહાયતા લેઇશું.

આપણે પાછળ જોઇ ગયા કે આદિમાનવ લગ્નહીન અવસ્થામાં રહેતો (પૃ. ૧૦). મહાભારત એ વાતની બરાબર સાખ પૂરે છે. પાણ્ડુ રાજા પોતાની રાણી કુન્તીને કહે છે: "હે કુન્તી, હે કલ્યાણિ, હવે હું તને ધર્મવેત્તા મહાત્મા ઋષિઓએ જોએલું પુરાતન ધર્મતત્ત્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહું છું તે તું સાંભળ. હે સુંદરમુખિ, પૂર્વે સ્ત્રીઓને કોઇ જાતનું બંધન ન હતું. તેઓ સ્વતંત્ર અને ઇચ્છામાં આવે એમ રતિસુખને માટે વિહાર કરતી હતી. હે સુભગે, તે સ્ત્રીઓ કૌમાર વયથી જ પુરુષપુરુષાન્તર વિહાર કરતી ; પણ તે અધર્મ કહેવાતો નહિ. કારણકે પહેલાં તે ધર્મ ગણાતો. તે પ્રાચીન ધર્મને હજી પણ કામક્રોધથી રહિત પશુપક્ષીઓ અનુસરે છે. હે રંભોરુ, આ પ્રમાણે દૃષ્ટ ધર્મ છે. મહર્ષિઓ પણ તેને માને છે અને ઉત્તરકુરુ દેશમાં હજી પણ તે ધર્મ માનથી પ્રવર્તે છે. સ્ત્રીઓના ઉપર અનુગ્રહ કરનારો તે પુરાતન ધર્મ છે. પછી આ લોકમાં થોડા સમયથી મર્યાદા બંધાઇ છે. તે કોણે બાંધી ને શા માટે બાંધી તે તું સાંભળ. મેં સાંભળ્યું છે કે પૂર્વે ઉદ્દાલક નામે મહર્ષિ હતા. તેનો શ્વેતકેતુ નામે પુત્ર હતો. શ્વેતકેતુની માનો હાથ તેના પિતા સમક્ષ કોઇ બ્રાહ્મણે પકડ્યો ને 'ચાલ આપણે જઇએ' એમ તેને કહ્યું. પોતાની માતાને બળાત્કારે લેઇ જવાતી જોઇને શ્વેતકેતુને ક્રોધ ચઢ્યો, તે જોઇને ઉદ્દાલક ઋષિએ તેને કહ્યું : 'હે વત્સ, તું ક્રોધ મા કર, કેમકે એ તો સનાતન ધર્મ છે. પૃથ્વી ઉપર સર્વે વર્ણની સ્ત્રીઓ બંધનરહિત છે. હે તાત! જેમ સંગને માટે ગાય વગેરે પશુઓ સ્વતંત્ર છે તેમ પોતપોતાના વર્ણમાં પ્રજા સ્વતંત્ર છે.' પરંતુ શ્વેતકેતુ તે ધર્મને સહન કરી શક્યો નહિ. હે મહાભાગે! તેણે પૃથ્વીમાં સ્ત્રીપુરુષોને માટે આ પ્રમાણે મર્યાદા બાંધી. તે પણ મનુષ્યો માટે જ, બીજાં પ્રાણીઓ માટે નહિ" (આદિપર્વ અધ્યાય ૧૨૨ : ૩-૧૬).

અને દેવ લોકની-મોટા લોકની-સાથે સમયે સમયે સંભોગ કરી ચાલતી થનારી-પાણીના રેલાની પેઠે ચાલતી થનારી નારી-તે અપ્સરા (अप् પાણી, सर् સરી જવું). આવા સંયોગને આપણે નૈમિત્તિક લગ્ન (Free Marriage) કહીએ. ભલભલા ઋષિઓ પણ કામવશ થઇને આવી અપ્સરાઓ સાથે સંભોગ કરતા. વાયુથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્ત્ર ઊડી ગયાં, "આવી વિષમ સ્થિતિમાં વસ્ત્ર લેવાની ઇચ્છાથી દોડતી તથા ગભરાતી, અને અવર્ણનીય રૂપ તથા વય વાળી મેનકાને મુનિશ્રેષ્ઠ વિશ્વામિત્રે નગ્ન સ્થિતિમાં દીઠી. તે પ્રસંગે તેનું રૂપ જોઇને કામાતુર થએલા મુનિશ્રેષ્ઠ વિશ્વામિત્રને તેને વિષે ભાવ ઉત્પન્ન થયો ને તેને પોતાની પાસે બોલાવવા લાગ્યા. સુંદર મેનકાએ પણ ઋષિની કામના કરી. એટલે તે બન્ને લાંબા કાળ સુધી યથેષ્ટ વિહાર કરવા લાગ્યાં. પછી તે ઋષિએ મેનકામાં શકુન્તલાને ઉત્પન્ન કરી. જન્મ થતાં જ તે કન્યાને હિમાલયની તળેટીમાં માલિની નદીના તીર ઉપર મૂકી દેઇને કૃતકાર્ય થએલી મેનકા તત્કાળ ઇંદ્રસભામાં ચાલી ગઇ" (આદિ ૭૨ : ૬ – ૧૧). મહર્ષિ ગૌતમના પુત્ર "શરદ્વાને વનમાં એક વસ્ત્ર વાળી અને લોકમાં અતુલ અવયવ વાળી દેવકન્યા જાનપદીને દીઠી, તેથી તેનાં નેત્રો કામવિકારથી પ્રફુલ્લ થયાં તથા શરીરમાં કમ્પ થયો" (આદિ ૧૩૦ : ૭). એ બેના નૈમિત્તિક લગ્નથી કૃપાચાર્ય અને તેની બેન કૃપીનો જન્મ થયો. અપ્સરા ઘૃતાચી "ગંગામાં પ્રથમ સ્નાન કરીને નદીના તીર ઉપર ઊભી હતી એટલામાં તેનું વસ્ત્ર પવનથી ઊડ્યું. તેને વસ્ત્ર વિનાની જોતાં મહર્ષિ ભરદ્વાજને કામવાસના જાગી" (આદિ ૧૩૦ : ૩૫–૩૬). એ નૈમિત્તિક લગ્નથી દ્રોણાચાર્યનો જન્મ થયો. "એક સમયે ભગવાન વ્યાસ ઋષિએ પોતાના તેજ વડે પરમ સુંદર રૂપને ધારણ કરનારી ઘૃતાચી નામની અપ્સરાને જોઇ. તે અપ્સરાને જોતાં જ ભગવાન વ્યાસ ઋષિ એકાએક કામાતુર બની ગયા" (શાન્તિપર્વ ૩૨૪ : ૨ – ૩). એ બેના નૈમિત્તિક લગ્નથી તપસ્વી શુકદેવનો જન્મ થયો. આ બે ઘૃતાચી જો એક જ હોય તો તો દ્રોણાચાર્ય અને શુકદેવ એ બે દૂધભાઇ થાય. આ અપ્સરાઓ દેવલોકની સાથે વિનાલગ્ન રહેતી અને તેમની ઇર્ષ્યાપ્રેરણાથી, દેવ થવા ઇચ્છતા માનવનાં તપ ભંગાવી તેમને ભ્રષ્ટ કરતી. દેવો આમ કરવા માત્ર અપ્સરાને જ નહિ, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાનપદી જેવી પોતાની કન્યાઓને પણ મોકલતા. પ્રાચીન કાળે જેમ અપ્સરા હતી તેમ આજે દક્ષિણમાં દેવદાસી છે. એ દેવદાસી પણ નિત્યલગ્ન કરતી નથી, નૈમિત્તિક લગ્નથી જ જીવન ગુજારે છે.

અર્જુન અસ્ત્રવિદ્યા શીખવા ઇંદ્રલોકમાં ગયો હતો. ત્યાં કામ-વાસનાથી પ્રેરાઇને એક રાતે અપ્સરા ઉર્વશી એની પાસે ગઇ અને કામયાચના કરી. અર્જુન તો એને 'ગુરુપત્ની સમાન,' 'કુન્તી તથા ઇંદ્રપત્ની શચી સમાન,' 'પૌરવવંશની માતા' સમાન માને છે, 'માતા' માને છે; અને તેથી ઉર્વશીની કામયાચનાનો અસ્વીકાર કરે છે; ત્યારે ઉર્વશી કહે છે: "હે ઇંદ્રનન્દન, અમે સઘળી અપ્સરાઓ પ્રતિબંધ વિનાની – અર્થાત્ સ્વતંત્ર છીએ; માટે હે વીર, તમારે અહીં મને માતાને સ્થાને ગણવી યોગ્ય નથી. પુરુના વંશમાંના જે પુત્રો તથા તે વંશની પુત્રીના પુત્રો તપશ્ચર્યા કરવાને આ લોકમાં આવ્યા છે અને અમારી સાથે વિહાર કરે છે, તોપણ તેઓને ધર્મનું ઉલ્લંઘન કરવાનો દોષ લાગતો નથી. માટે હે માન આપનારા, તું કૃપા કર, મારો કામાતુરનો ત્યાગ કરવો તને યોગ્ય નથી; હું કામવડે તપી ઊઠી છું અને તારી ભક્ત છું, માટે મારો તું સ્વીકાર કર" (વનપર્વ ૪૬ : ૪૨ – ૪૪). છતાં અર્જુને ઉર્વશીનો સ્વીકાર ન કર્યો, તેથી એને એ અપ્સરાનો શાપ ખાવો પડ્યો. આવાં નૈમિત્તિક લગ્નમાં માતાપુત્રનાં પણ લગ્ન થઇ શકતાં એમ આ ઉપરથી જણાઇ આવે છે. નાગકન્યા ઉલૂપી સાથેના અર્જુનના નૈમિત્તિક લગ્નથી પુત્ર થયો હતો (આદિ ૨૧૪).

દેવકન્યા અને અપ્સરા જ જ્યારે આમ નૈમિત્તિક લગ્ન કરતી, ત્યારે સાધારણ સ્ત્રીઓ એમ કરે તેમાં તો આશ્ચર્ય જ શું! મત્સ્યગંધા "પિતાની સેવાનિમિત્તે પાણીમાં નાવ ફેરવતી હતી. એક વખતે તીર્થયાત્રા કરતા કરતા પરાશર ઋષિ ત્યાં આવ્યા. અને તેમણે, સિદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષોએ પણ આકાંક્ષા કરવા યોગ્ય, અત્યન્ત રૂપ વાળી તે કન્યાને દીઠી. સુંદર હાસ્ય વાળી તથા કેળના જેવી જંઘા વાળી તે વસુની દિવ્ય કન્યાને જોતાંની સાથે જ બુદ્ધિમાન એવા મુનિશ્રેષ્ઠ પરાશર તેની કામના કરવા લાગ્યા (આદિ ૬૩ : ૬૨–૬૫). અને એ એના નૈમિત્તિક લગ્નથી વ્યાસદેવનો જન્મ થયો.

મહર્ષિ ગૌતમની પાસે સત્યકામ નામે કુમાર બ્રહ્મવિદ્યા શીખવા ગયો. બ્રહ્મવિદ્યા શીખવાનો અધિકાર તો બ્રાહ્મણનો જ હોવાથી મહર્ષિ ગૌતમે સત્યકામને તેનું ગોત્ર પૂછ્યું. સત્યકામ પોતાનું ગોત્ર જાણતો નહિ હોવાથી પોતાની માતા જબાલાને પૂછવા ગયો. બીજે દિવસે સત્યકામે આવીને ગૌતમને કહ્યું : " મારી માતા તો કહે છે : યૌવનમાં દારિદ્રદુઃખે અનેકને સેવીને તને પામી છું, આ પતિહીન જબાલાને પેટે તું જન્મ્યો છે, તારું ગોત્ર હું જાણતી નથી. " ગૌતમઋષિ કુમારને આલિંગન દેઇ બોલ્યા : "સત્ય વાણી ઉચ્ચરનાર તું અબ્રહ્માણ ન હોય, તાત ! તું દ્વિજોત્તમ, તું સત્યકુળે જન્મેલો ! " અને તેને પિતાના નામની તથા ગોત્રની ખબર ન હોવાથી તેણે પોતાના નામ પાછળ માતાનું નામ મૂક્યું અને સત્યકામ જાબાલ કહેવાયો (છાંદોગ્ય ઉપનિષદ્ પ્રપાઠક ૪, અધ્યાય ૪). આમ આવાં અનેક નૈમિત્તિક લગ્નથી ઉત્પન્ન થનાર પુત્ર દ્વિજોત્તમ બ્રાહ્મણ પણ ગણાતા.

અને વળી આમ નૈમિત્તિક લગ્ન કર્યા પછી પણ તે સ્ત્રીઓ કન્યાવસ્થામાં જ રહેતી. પરાશરે મત્સ્યગંધા સાથે સંયોગ કર્યા પછી છાતી ઠોકીને કહેલું કે " મારું પ્રિય કર્યા પછી પાછી તું કન્યાભાવને જ પ્રાપ્ત થઇશ " (આદિ ૬૩ : ૭૮). " ' હું કન્યા છું ' એવા વિચારથી કુન્તી સૂર્યના સંયોગને ઇચ્છતી નહોતી, ત્યારે વળી સૂર્યે તેને આ પ્રમાણે કહ્યું : ' હે રાજપુત્રિ, મારી કૃપાથી તારા કન્યાભાવને દોષ લાગશે નહિ ' " (આદિ ૧૧૧ : ૧૫ – ૧૭). અને પછી એ એના સંયોગથી કર્ણનો જન્મ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વામિત્રના શિષ્ય ગાલવે વિદ્યાભ્યાસ કરી રહ્યા પછી ગુરુકુળમાંથી ઘેર જતી વખતે ગુરુને પુછ્યું કે હું ગુરુદક્ષિણામાં શું આપું? ત્યારે ગુરુ વિશ્વામિત્રે કહ્યું: "હે ગાલવ, તું મને એક તરફ કાળા કાન વાળા તથા ચંદ્રના જેવી ઉજ્જવળ કાન્તિ વાળા આઠસો ઘોડા લાવી આપ. જા, વિલંબ કર મા" (ઉદ્યોગ પર્વ ૧૦૬ : ૨૭). ગાલવ ગરીબ બ્રાહ્મણ ઘોડા કયાંથી લાવે? તે યયાતિ રાજા પાસે ગયો. રાજા પાસે પણ એવા ઘોડા નહોતા, પણ તેણે પોતાની માધવી નામે કન્યા આપી: "રાજાઓ આ કન્યાના મૂલ્ય બદલ તમને અવશ્ય રાજ્ય પણ આપી દેશે, તો પછી કાળા કાન વાળા આઠસો ઘોડા આપે એમાં તો કહેવું જ શું? તેથી તમે મારી માધવી નામની આ કન્યાને ગ્રહણ કરો" (૧૧૫ : ૧૨ – ૧૪). ગાલવ મુનિ ઇક્ષ્વાકુ વંશના મહારાજા હર્યશ્વ પાસે જઇને બોલ્યા: "હે રાજેન્દ્ર, તમે આ કન્યા મૂલ્ય આપીને લો અને ભાર્યા કરો. આનું મૂલ્ય હું તમને કહું છું, તે સાંભળ્યા પછી તમે નિશ્ચય કરો" (૨૧). "રાજાએ કહ્યું: 'તમે મારા વૈભવ તરફ દૃષ્ટિ રાખીને એ કન્યાનું મૂલ્ય કહો.' ગાલવે કહ્યું: 'તમે આ કન્યાના મૂલ્યમાં એક તરફ કાળા કાન વાળા, ચંદ્રના જેવા ઉજ્જવળ રંગના . . . આઠસો ઘોડા મને આપો. એટલે અરણી જેમ અગ્નિઓને ઉત્પન્ન કરે તેમ વિશાળ નેત્ર વાળી આ શુભ કન્યા તમારા પુત્રોને ઉત્પન્ન કરનારી થશે.' રાજાએ કહ્યું: 'તમે કહ્યા તેવા ઘોડા તો મારી પાસે બસો જ છે, . . . તેથી હું આ સ્ત્રીમાં એક જ પુત્ર ઉત્પન્ન કરીશ.' . . . રાજાનું એ વચન સાંભળીને માધવી કન્યાએ ગાલવ મુનિને કહ્યું કે 'મને કોઇક બ્રહ્મવાદીએ વર આપ્યો છે કે તું પ્રત્યેક પ્રસવને અન્તે ફરી કન્યા જ થઇ જઇશ, તેથી તમે બસો ઉત્તમ ઘોડા લેઇને મને રાજાને અર્પણ કરો. આ રીતે તમને મારી દ્વારા ચાર રાજાઓ પાસેથી પૂરા આઠસો ઘોડા મળી જશે. અને મને પણ ચાર પુત્રો પ્રાપ્ત થશે'" (૧૧૬ : ૪ – ૧૨). ગાલવે કન્યા હર્યશ્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાને સોંપી, કન્યાને રાજાના સંયોગથી પુત્ર થયો, એટલે તેણે એ કન્યા ગાલવને પાછી આપીને બસો ઘોડા આપ્યા. પછી ત્યાંથી ગાલવ-મુનિ કાશીના રાજા દિવોદાસ પાસે ગયા ને તેને વાત કરી. એટલે રાજા બોલ્યો: "હે ગાલવ, હર્યશ્વની પેઠે મારી પાસે પણ બસો જ ઘોડા છે, તે આપીને હું પણ આ કન્યામાંથી એક જ રાજપુત્ર ઉત્પન્ન કરીશ" (૧૧૭: ૬). ગાલવે તેને કન્યા સોંપી અને પછી "રમણ કરતા દિવોદાસ રાજાથી માધવીએ પ્રતર્દન નામના પુત્રને ઉત્પન્ન કર્યો" (૧૮). ત્યાંથી બસો ઘોડા લેઇને ગાલવ ભોજનગરના રાજા ઉશીનર પાસે ગયો અને તેને પણ એ જ શરતે માધવી ભાડે આપી ને તેની પાસેથી બસો ઘોડા લીધા (૧૧૮). હવે બાકી રહ્યા બસો, તે મળી શકે એમ નહોતા એટલે ગુરુદક્ષિણામાં બાકીના ઘોડા પૂરા થયા માની લેવાની શરતે ગુરુ વિશ્વામિત્રને માધવી સોંપી. ગુરુએ માધવીથી અષ્ટક નામે પુત્ર ઉત્પન્ન કર્યો, તેમને છસો ઘોડા સોંપી દીધા ને તેમણે ગાલવને માધવી પાછી આપી. ગાલવે માધવીને તેના પિતાને પાછી સોંપી ઉપકાર માન્યો (૧૧૯). અને છતાં માધવી કન્યા જ રહી!

આમ છૂટક છૂટક નૈમિત્તિક લગ્ન થતાં, પણ સાથે સાથે જ બીજી બાજુએ ગણલગ્ન પણ થતાં. પાછળ જણાવ્યા (પૃષ્ઠ ૮૧) પ્રમાણે ઉદ્દાલક ઋષિએ શ્વેતકેતુને કહેલું કે "જેમ સંગને માટે ગાય વગેરે પશુઓ સ્વતંત્ર છે, તેમ પોતપોતાના વર્ણમાં પ્રજા સ્વતંત્ર છે." અહીં વર્ણ એટલે સંઘ, યૂથ અથવા ગણ સમજવાનો છે, એટલે તે કાળે પ્રજા–પુરુષ તથા સ્ત્રી–પોતપોતાના વર્ણમાં સંયોગ કરવાને સ્વતંત્ર હતાં. આનું જ નામ ગણલગ્ન, અને તેથી ગણલગ્ન કે યૂથલગ્ન કરનારી સ્ત્રી ગણિકા કે ગણસ્ત્રી, યૂથી કે યૂથિકા, અથવા સામાન્યા કહેવાતી. ગણના મુખી ગણપતિને આખો ગણ આધીન રહેતો. આખો ગણ સાથે રહેતો, સાથે ખાતો અને ગણના બધા પુરુષો બધી સ્ત્રીઓ સાથે વારાફરતી લગ્નસંબંધ ભોગવતા. એથી તો એ સ્ત્રીઓ વારાંગના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(વાર=ગણ, સંઘ, દિવસ, વારો) પણ કહેવાતી. ગણપતિ ગણનાં દરેક સ્ત્રીપુરુષને લગ્નસંબંધ માટે અમુક દિવસોના વારા બાંધી આપતો.

નીલગિરિ પર્વતના ટોડા લોકમાં એવો રિવાજ છે કે મોટો ભાઇ જે સ્ત્રીને પરણે તે સ્ત્રી બધા ભાઇઓની પત્ની ગણાય, અને વળી તે પત્નીની બધી બેનો પણ તેમની પત્નીઓ ગણાય. વેસ્ટર્માર્ક કહે છે કે: "ચાર કે પાંચ ભાઇઓ હોય તેમાંનો સૌથી મોટો ભાઇ જે સ્ત્રી સાથે લગ્ન કરે તે બીજા બધા ભાઇઓની સ્ત્રી હોવાનો અધિકાર કરે. બીજા ભાઇઓ જેમ જેમ મોટા થતા જાય તેમ તેમ તેમની સાથે સંયોગ કરતી થાય. વળી તે સ્ત્રીને એક કે વધારે નાની બેનો હોય તે સૌ મોટી થતાં મોટી બેનના પતિઓની પત્ની બને છે." આમ અનેકપતિ લગ્ન તેમ જ અનેકપત્ની લગ્ન એકીસાથે થવાથી ગણલગ્ન સમાન બની રહે છે. આ લોકમાં પણ વારા બાંધવામાં આવે છે અને તે ઘણી વાર તો એક એક મહિનાના. વળી પોતાની જાતિમાંનો કોઇ યુવક કોઇ સાથે લગ્નમાં જોડાયો ન હોય તો તેને પણ એ સ્ત્રીઓનું પતિમંડળ પોતાની સ્ત્રીઓ સાથે રહેવા માટે એકાદ માસનો વારો કાઢી આપે છે. આ લગ્નથી જે પહેલું બાળક જન્મે તે સૌથી મોટા ભાઇનું ગણાય, બીજું જન્મે તે બીજા ભાઇનું ગણાય, અને એ રીતે અનુક્રમ ચાલે.

આ તો સામાજિક ગણલગ્નની વાત કરી, પણ વિચિત્ર વાત તો એ છે કે સિરિયાની યાઝીદી જાતિની પેઠે (પૃષ્ઠ ૧૨) હિંદુઓમાં આજે પણ કોઇ કોઇ સ્થળે ગુપ્ત રીતે ધાર્મિક ગણલગ્ન થાય છે. શાક્તધર્મનો વામમાર્ગ એનું પ્રચલિત ઉદાહરણ છે. એ સંપ્રદાયના લોક કોઇ ગુપ્તસ્થાને અંધારી રાતે એકઠા થાય છે. ત્યાં બધા પુરુષો ભૈરવ ને સ્ત્રીઓ ભૈરવી કહેવાય છે. બધાં દારૂ પીએ છે. અમુક પુરુષને અને અમુક સ્ત્રીને નગ્ન કરી તેમની પૂજા કરે છે અને પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગમે તે પુરુષ ગમે તે સ્ત્રી સાથે સંભોગ કરે છે. મહાનિર્વાણ તંત્ર નામે એમનો ધાર્મિક ગ્રંથ કહે છે કે मातृयोनिं परित्यज्य विहरेत् सर्व-योनिषु (માતૃયોનિ સિવાય કોઇ પણ સ્ત્રી સાથે વિહાર કરવો), પણ વળી તુરત જ કહે છે કે मातरमपि न त्यजेत् (માતાને પણ છોડવી નહિ)! એ સંબંધે એક ગણમાં એવો નિયમ છે કે એક ઘડામાં સૌ સ્ત્રીઓની ચોળીઓ મૂકવી, પછી દરેક પુરુષ તેમાંથી એકે એકે ચોળી ખેંચી લે; જેના હાથમાં જે સ્ત્રીની ચોળી આવે તે સ્ત્રી સાથે તે તે રાતે સંભોગ કરે. આથી એ સંપ્રદાયને ચોળીમાર્ગ કહે છે. અને આવા તો અનેક સંપ્રદાય એ વામમાર્ગમાં છે.

આમ આ વામમાર્ગ તે પ્રાચીન ગણલગ્નના અવશેષને સાચવી રહ્યો છે એમ કહેવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૩

અનેકપતિ લગ્ન

બીજા અધ્યાયમાં લખ્યું છે એમ ગણલગ્નમાંથી અનેક પ્રકારની લગ્નસંસ્થાઓનો વિકાસ થયો છે. તેમાં અનેકપતિ લગ્નની સંસ્થા સૌથી વધારે સ્વાભાવિક છે. હિંદુઓમાં પણ ગણલગ્નમાંથી અનેકપતિ લગ્નનો વિકાસ થએલો. પણ તે એટલે અતિપ્રાચીન કાળે – આપણી સ્મૃતિની ને શ્રુતિની યે એટલે પૂર્વકાળે – થએલો ને ત્યારપછી અનેકપત્ની રૂપે વિકાસ પામી ગએલો કે તેને વિષે આપણી પાસે ઇતિહાસપુરાણનાં કશાંય પ્રમાણ નથી રહ્યાં, રહ્યાં છે તે માત્ર છૂટાંછવાયાં ઉદાહરણ. પણ એ ઉદાહરણ જ સિદ્ધ કરે છે કે હિંદુઓમાં એક કાળે અનેકપત્ની લગ્નસંસ્થા પ્રવર્તતી હતી ત્યારે એ છૂટાંછવાયાં ઉદાહરણ આપીને આપણે તો સંતોષ પકડવો રહ્યો.

પાંચ પાણ્ડવોએ એક દ્રૌપદી સાથે લગ્ન કર્યાં હતાં એ તો મહાભારતની પ્રસિદ્ધ કથા છે. પણ એમ દ્રૌપદી સાથે પાંચ પતિનું લગ્ન થાય કે કેમ તે વિષે દ્રૌપદીનો પિતા અને ભાઇ શંકા ઉઠાવે છે, ત્યારે સૌથી મોટા પાણ્ડવ ધર્મરાજ યુધિષ્ઠિર કહે છે: "મારી વાણી કોઇ બખત અસત્ય બોલતી નથી, તેમ મારી બુદ્ધિ પણ અધર્મમાં પ્રવૃત્ત થતી નથી. આ સંબંધે મારું મન તો એમ કહે છે કે એ કોઇ પણ રીતે અધર્મ નથી. પુરાણમાં પણ સંભળાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન થએલી અને ધર્મધુરંધરોમાં શ્રેષ્ઠ એવી જટિલા નામની બ્રાહ્મણી સાત ઋષિઓને પરણી હતી. તેમ જ મુનિથી ઉત્પન્ન થએલી અને વૃક્ષોના રક્ષણમાં રહેલી [1]વાર્ક્ષી નામની કન્યા તપશ્ચર્યા વડે પવિત્ર અંતઃકરણ વાળા અને 'પ્રચેતા' એવું એક જ નામ ધારણ કરનારા દશ ભાઇઓની સાથે પરણી હતી." આ સાંભળીને માતા કુન્તી બોલ્યાં: "ધર્મ પ્રમાણે વર્તનારા યુધિષ્ઠિર જે પ્રમાણે કહે છે તેજ પ્રમાણે મારું પણ માનવું છે." ત્યારે વ્યાસ બોલ્યા: "હે પંચાલરાજ, યુધિષ્ઠિરે જે કંઇ કહ્યું છે, તે ધર્મ જ છે એમાં સંશય નથી. જે રીતે એ ધર્મ- અને શાસ્ત્ર-વિહિત છે તથા જે કારણથી એ સનાતન ધર્મ કહેવાય છે તે હુ સર્વની સમક્ષ કહીશ નહિ" (આદિ ૧૯૬ : ૧૩–૨૦).

અને પછી પાંચ પાણ્ડવો એક દ્રૌપદી સાથે લગ્ન કરે છે. અને આ લગ્નસંસ્થામાં સ્વાભાવિક રીતે બને છે એમ, દરેક પાણ્ડવ પાસે દ્રૌપદી વર્ષમાં ૭૨–૭૨ દિવસ જાય એવા વારા પાંચેય ભાઇઓએ મળીને બાંધી દીધા. વાત એટલેથી જ અટકતી નથી. પાણ્ડવ અને કૌરવ વચ્ચે યુદ્ધની તૈયારી થાય છે. ત્યારે કૃષ્ણ કર્ણને પાણ્ડવ-પક્ષમાં આવવા સમજાવે છે. અનેક પ્રકારની લાલચો આપ્યા પછી કહે છે: "તું અહીંથી મારી સાથે આવીશ એટલે પાણ્ડવો આજે તને યુધિષ્ઠિરથી પ્રથમ ઉત્પન્ન થએલા કુન્તીપુત્ર તરીકે સ્વીકારશે" અને "દ્રૌપદી વર્ષના છઠ્ઠા ભાગમાં એટલે બે માસ તારી પાસે આવશે" (ઉદ્યોગપર્વ ૧૪૦ : ૧૧, ૧૫). આમ વિષ્ણુના અવતાર ગણાતા કૃષ્ણ જ પાણ્ડવો ભેગો કર્ણને પણ દ્રૌપદીનો વારો બાંધી આપે ત્યારે તો તે કાળે આ પ્રથા ધર્મ્ય ગણાતી હશે એમાં શંકા લેવાનું કારણ નથી. છતાં યે દ્રૌપદીને મહાભારતમાં કોઇ સ્થળે વારાંગના કહી નથી.

---

૧ વાર્ક્ષીનું બીજું નામ મારીષા. તે દક્ષ પ્રજાપતિની માતા થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ અશ્વિનીકુમાર ભાઇઓ પણ એક જ સ્ત્રીને પરણ્યા હતા.

આજે હિંદુ સમાજમાંથી અનેકપતિ લગ્નની પ્રથાનો લોપ થયો દેખાય છે એ ખરું. પણ છેક તેવું નથી. આજે પણ લંકાના મધ્ય ભાગમાં સુખી લોકોમાં એ પ્રથા પ્રવર્તે છે. ત્યાં એક સ્ત્રી ત્રણથી તે આઠ સુધી પતિ કરે છે. એમર્સન ટેનણ્ટ (Emerson Tennent) કહે છે કે પૂર્વે એ પ્રથા આખા લંકાદ્વીપમાં સામાન્ય રીતે પ્રવર્તતી, પણ ડચ અને પોર્ચ્યુગીઝ લોકોના પ્રભાવથી બહુ ઓછી થઇ ગઇ છે.

તિબેટમાં અને હિમાલયની અનેક જાતિઓમાં આ પ્રથા હજી યે ચાલે છે. ત્યાં મોટા ભાઇ જે સ્ત્રીને પરણે તે સૌ ભાઇઓની સ્ત્રી ગણાય છે. તે સ્ત્રીને જે બાળકો થાય તે કોઇ વાર મોટા ભાઇનાં તો કોઇ વાર સૌ ભાઇનાં ગણાય છે. એ સૌ ભાઇઓ હળીમળીને રહે છે ને સ્ત્રી વિષે ઈર્ષ્યા કરતા નથી ઊલટું એમ બને છે કે અનેકપત્ની લગ્નમાં પતિ જેમ સ્ત્રીને વિષે શંકા ને ઇર્ષ્યા કરે છે, તેમ આ અનેકપતિ લગ્નમાં સ્ત્રી પુરુષને વિષે શંકા ને ઈર્ષ્યા કરે છે, પુરુષને બાજી સ્ત્રી પાસે જતાં ખૂબ સભાળથી સાચવે છે.

આમ "અનેક ભાઇઓ વચ્ચે એક વહૂ હોય તે એક પ્રકારનું અનેકપતિ લગ્ન, તે વિકાસ પામીને બીજા પ્રકારનું અનેકપતિ લગ્ન થયું. ભાઇઓમાં કલેશકંકાસ થતાં તે છૂટા પડે ત્યારે જુદો વસવાટ કરે અને ત્યારે પેલી સ્ત્રી એક બળવાન કે મનગમતા બંધુમંડળ સાથે જઇ રહે. એ સ્ત્રી તરફ જે ભાઇને આકર્ષણ હોય તે સામા મંડળમાં હોય તો તે સ્ત્રીવાળા બંધુમંડળમાં જઇ રહેવાનો પ્રયત્ન કરે અને સ્ત્રી તેને રાખે તો જઇ રહે. આમ ધીરે ધીરે સ્ત્રી પ્રબળ થવા લાગી ને ગમે તેને — બંધુમંડળના હોય કે બહારના હોય તો ય ગમે તેને — ઘરમાં વર તરીકે રાખતી થઇ. આમ ધીરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીરે એવો રિવાજ પડતો ગયો કે વરને ઘેર વહૂ જતી તેને બદલે હવે વહૂને ઘેર વર રહેવા જવા લાગ્યો.

"અને ઉપરનાં બે પ્રકારનાં અનેકપતિ લગ્નમાં પહેલા કરતાં બીજું સ્ત્રીને લાભજનક નીવડ્યું. પહેલામાં પુરુષ સ્ત્રીને તાબે રાખતો; પાલવે ત્યાં સુધી તેને રાખે, પછી હાંકી કાઢે. બીજામાં સ્ત્રી પુરુષને તાબે રાખતી; પાલવે ત્યાં સુધી તેને રાખે, પછી હાંકી કાઢે ને ગમે તે બીજા પુરુષને પોતાને ઘેર વસાવે." (પૃષ્ઠ ૧૮)

અને આ બીજા પ્રકારનાં અનેકપતિ લગ્નની પ્રથા મલબારના નાયરમાં અને નામ્બુદરી બ્રાહ્મણમાં આજે ય પ્રવર્તે છે. નાયર માબાપ પોતાની કન્યાનું લગ્ન નાનપણમાં – બારેક વર્ષની થાય તેવામાં – ગમે તેની સાથે નામનું, પણ પૂરા વિધિથી અને ભભકાથી કરી નાખે છે. એ તો માત્ર ભાડાનો વર હોય છે એટલે મજૂર હોય તોય ચાલે. કુળવાન લોક આરબ કે બીજા કોઇ પરદેશીને લાવે. એ ભાડાના વરને ઘરમાં ચાર પાંચ દિવસ એ કન્યા સાથે રાખે ને પછી પૈસા આપી રજા આપે. પછી એ કન્યા પોતે વર પસંદ કરે એવડી મોટી થાય ત્યારે ગમે તેને ઘેર લાવી વસાવે – માત્ર પેલા ભાડાના વરને નહિ! એવા એવા તો ચારથી માંડીને બાર સુધી વર કરે. એમાંના તો કોઇ એક દિવસ કે દશ દિવસ રહે. પણ એ દરેકે પોતપોતાને ભાગે આવે તે પ્રમાણે સ્ત્રીને જીવનનિર્વાહનું ખર્ચ આપવું પડે.

ત્યાં સ્ત્રી પુરુષોને પોતાને ઘેર નથી રાખતી. ઘરમાં પોતાના ખંડમાં તેનો કોઇ પણ પુરુષ આવીને ચાલ્યો જાય એવી વ્યવસ્થા હોય છે. અને જે પુરુષ એ સ્ત્રીના ખંડમાં જાય, તે પુરુષ અંદર પેસતા પહેલાં પોતાની ઢાલ કે તલવાર ખંડના બારણા આગળ મૂકી જાય, એટલા માટે કે બીજો પુરુષ અંદર પેસે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રથામાં સહજે સ્ત્રીની સત્તા વધારે જામે એ તો જોઇ જ શકાય છે. આ પ્રથા તોડીને બીજા હિંદુઓની પેઠે તેમનામાં પણ એકપતિ લગ્ન દાખલ કરવા થોડાં વર્ષ ઉપર ધારાસભામાં પ્રયત્ન કરવામાં આવેલા, પણ તે નિષ્ફળ ગએલા. એ પ્રયત્નમાં આપણા પ્રખ્યાત રાજપુરુષ શંકર નાયરનો ભારે હિસ્સો હતો, કારણકે એ પણ અનેકપતિ લગ્ન કરનાર નાયર જાતિના હતા.

વળી દક્ષિણ હિંદના રેડી લોકમાં યુવાન સ્ત્રીને પાંચ છ વર્ષના છોકરા સાથે પરણાવે છે, પણ તે સ્ત્રીને એ છોકરાના મામા કે મોસાળના બીજા કોઈ સાથે કે સસરા સાથે પણ સંયોગ કરવાની છૂટ હોય છે. વળી તે ગમે તેને બીજા પતિ રૂપે રાખી પણ શકે છે.

આવાં અનેકપતિ લગ્નથી બાળકોનો સાચો પિતા કોણ એ શોધવું અશક્ય નહિ તો અતિશય કઠણ તો છે જ; માતા કોણ એ શોધવા જવું પડે એમ તો છે જ નહિ. અને વિકાસક્રમે જ્યારે પોતાના પુત્રને લેઇને જુદા રહેવાની ઇચ્છા પિતાને થઇ હશે ત્યારે બીજા દેશોની પ્રજાઓની પેઠે (પૃષ્ઠ ૧૯) હિંદુ પિતાએ પણ માતાને બદલે પોતે સુવાવડ (Couvade) ખાવાની યોજના કરી હશે કે કેમ તે વિષે હિંદુ ગ્રન્થો કંઇ બોલતા નથી. પણ "પોમલી જણે ને પોમલો શીરો ખાય" એવી જે આપણામાં કહેવત છે તે માત્ર કહેવત નથી, પણ એ રિવાજનો અવશેષ છે એમ લાગે જ છે. અસલ એ દ્રાવિડી જાતિના આ રિવાજ સંબંધે એવી હકીકત છે, કે "પ્રસૂતિ થયા પછી સુવાવડી સ્ત્રીને લીંબડાની છાલનો રસ ને તેલ પાવામાં આવે છે. પછી તેને ઘર બહાર કાઢવામાં આવે છે ને ૫ દિવસ સુધી ઘરમાં પેસવા દેવામાં આવતી નથી. તે ૫ દિવસમાં તેનો ધણી ખાટલે પડ્યો પડ્યો સુવાવડનાં ઔષધો ને પુષ્ટિકારક ખોરાક ખાય છે. પોમલા એમ કહેતા કે તેઓ અમથા રૂઢિને વશ થઇ ખાટલે પડ્યા રહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી; પણ તેમને તે મુદતમાં સુવાવડની પીડા થતી ને તે પીડા થાય તે માતાની કૃપા હોય તો જ થાય એમ તે માનતા ... આ લોકોનાં થોડાં ઘર નડીઆદ, અમદાવાદ, ભરૂચ અને સુરતમાં છે. ... પોમલા હવે સુવાવડ ખાતા નથી. એ રિવાજ બંધ થઇ ગયો છે" (વડોદરા રાજ્યની વસ્તીગણત્રીનો સંક્ષિપ્ત હેવાલ, ૧૯૩૧ : પૃષ્ઠ ૧૪૮) અને તેમનામાં હવે અનેકપતિ લગ્નનો રિવાજ પણ બંધ થઇ ગયો છે. વળી બંગાળની કોઇ કોઇ જાતિમાં પુરુષ સુવાવડ ખાય એવો રિવાજ હજી યે છે.

હિંદુસ્થાનના બે મુખ્ય વિભાગ પડી શકે: (૧) મોટે ભાગે આર્યોથી વસેલો તે આર્યાવર્ત અથવા ઉત્તર હિંદુસ્થાન; અને (૨) મોટે ભાગે દ્રાવિડ જાતિઓથી વસેલો તે દક્ષિણ હિંદુસ્થાન.

આર્યો આર્યાવર્તમાં ક્યાંથી આવ્યા તે વિષે હજી સ્પષ્ટ નિર્ણય નથી થયો. એવો એક મત છે કે તેઓ તિબેટમાંથી આવ્યા, બીજો મત એવો છે કે તેઓ ટિબેટમાં થઇને પણ આવ્યા. આ બન્ને મતમાંથી ગમે તે પણ એક સ્વીકારીએ તો એમ પણ સ્વીકારીએ કે આર્યો હિંદુસ્થાનમાં આવ્યા તે પૂર્વે તેઓમાં પણ અનેકપતિ લગ્ન થતાં હતાં, આવ્યા પછી પણ થતાં હતાં. ટિબેટમાં ને હિમાલયના પ્રદેશોમાં આજે પણ થાય છે. મહાભારત (ઇ. પૂ. ૪૦૦ – ઇ. સ. ના આરંભ સુધી) અને રામાયણ (ઇ. પૂ. ૩૦૦–૧૦૦) ગ્રંથાતાં હતાં તે વેળાએ એ લગ્ન લુપ્ત થઇ ગયાં હતાં, પણ એ ગ્રંથોના ગ્રંથકારોની સ્મૃતિમાંથી તે ભૂંસાયાં ન હતાં, તેમ જ તેમને એમાં કંઇ અધર્મ નહોતો લાગતો, ઊલટું એ જ લગ્નમાં તેમને સનાતન ધર્મ દેખાતો.

બીજી બાજુએ દ્રાવિડ જાતિઓ તો આ દેશની આદિપ્રજા છે, તેમની સંસ્કૃતિ પણ અતિપ્રાચીન છે, અને તેમનામાં અનેકપતિ લગ્ન તો આજે પણ કોઇ ને કોઇ સ્વરૂપે થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે માનવું ઘટે છે કે આ લગ્નસંસ્થા એ બન્ને જાતિઓમાં સ્વતંત્ર ભાવે વિકાસ પામીને ઉદ્ભવ પામી છે. એ બન્ને જાતિઓએ એક બીજાના અનેક સંસ્કાર સ્વીકારી લીધા છે, એ બન્ને એકરૂપ બની હિંદુ થઇ ગઇ છે, છતાં આ લગ્નસંસ્થા તો બન્નેમાં સ્વતંત્ર ભાવેજ વિકાસ પામી છે એમ ઉપરની હકીકતથી સ્વીકારવું ઘટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૪

અનેકપત્ની લગ્ન

માનવીના સ્વભાવમાં લગ્નસંબંધની નિષ્ઠા તો છે જ નહિ. સ્ત્રી અનેક પુરુષ સાથે, પુરુષ અનેક સ્ત્રી સાથે વંશવર્ધનની પ્રેરણાએ સંયોગ કરે એ એના સ્વભાવમાં જ છે. સમાજરક્ષણ માટે લગ્નની યોજના વિષે અનેક પ્રયોગ થયા. અનેકપતિ લગ્નના, તેમાંથી અથવા સ્વતંત્ર રીતે અનેકપત્ની લગ્નના પણ પ્રયોગ થયા. કાંડાબળે પુરુષે અનેકપતિ લગ્નની સંસ્થાને ધીરે ધીરે દબાવી દીધી, છતાં પોતે તો અનેકપત્ની લગ્ન સ્વચ્છન્દે કરતો જ રહ્યો. જગતની સર્વ પ્રજાઓના લગ્નવિકાસનો આ સામાન્ય ક્રમ છે.

જેમ જગતની તેમજ આર્યાવર્તની આર્યપ્રજાનો પણ એ જ ક્રમ છે. ગયા અધ્યાયમાં જોયું તેમ આર્યોમાં અનેકપતિ લગ્ન થતાં, પણ મહાભારતના ને રામાયણના ગ્રંથનસમય પૂર્વે તેનો લોપ થઇ ગયો હતો.

જે પ્રજા પ્રવાસ કરતી કરતી પરદેશ જઇ વસે છે તે પોતાનું સંખ્યાબળ વધારવા ઇચ્છે છે. અનેક સ્ત્રીઓને પરણવાથી જન્મ-સંખ્યા વધે છે ને તેથી તેમનું સંખ્યાબળ વધે છે. આર્યો પણ પરદેશથી આવીને વસેલા, એટલે પોતાનું સંખ્યાબળ વધારવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમને પણ અનેકપત્ની લગ્ન કરવાની આવશ્યકતા લાગેલી. આથી આ દેશની આદિપ્રજાની અનેક કન્યાઓ સાથે તેમણે લગ્ન કરેલાં, એવાં પણ ઉદાહરણ રામાયણ–મહાભારતમાંથી મળી આવે છે.

વળી રાજામહારાજાઓ તો વૈભવ, વિલાસ ને આબરૂની ખાતર પણ અનેક સ્ત્રીઓ પરણે ને પોતાના અન્તઃપુરના વાડા ભરે! રામાયણ–મહાભારત આ વાતની ખૂબ સ્પષ્ટ રીતે સાખ પૂરે છે.

એમાંનાં બહુ પ્રસિદ્ધ ઉદાહરણો લઈએ :

પાણ્ડુને બે સ્ત્રી હતી : કુન્તી ને માદ્રી. ધૃતરાષ્ટ્રને ગાન્ધારી સિવાય બીજી સ્ત્રી દેખાતી નથી, પણ એક વૈશ્યપુત્રી મહારાજા ધૃતરાષ્ટ્રની સેવા કરતી હતી. “હે રાજન્, તે વર્ષમાં એ વૈશ્યામાં ધૃતરાષ્ટ્રથી મહાયશસ્વી અને બુદ્ધિમાન એવો યુયુત્સુ નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો” (આદિ ૧૧૫ : ૪૨). પાણ્ડવોને દ્રૌપદી તો સહિયારી હતી, પણ તે ઉપરાંત દરેક પાણ્ડવને એકેક આગવી પણ સ્ત્રી હતી (આદિ ૯૫ : ૭૬ – ૮૧).

“યયાતિ રાજાએ શુક્રની પ્રદક્ષિણા કરી અને શાસ્ત્રોક્ત વિધિથી દેવયાનીની સાથે શુભવિવાહ કર્યો. પછી શુક્રની પાસેથી ઘણું ધન, બે હજાર કન્યાદાસીઓ તથા શર્મિષ્ઠા સહિત . . . રાજા યયાતિ . . . પ્રસન્ન થઈ પોતાના નગર પ્રત્યે ગયો” (આદિ ૮૧ : ૩૬ – ૩૯). નગર પ્રત્યે ગયા પછી શર્મિષ્ઠાએ એક દિવસ યયાતિ રાજાને કહ્યું : “હે રાજન્, અમારા બંનેના વિવાહ, બુદ્ધિથી સમાન થએલા જ ગણાય; અર્થાત્ જ્યારે દેવયાનીએ તમને મનથી વર્યા, ત્યારે હું પણ તમને મનથી વરી હતી. તેથી મારી સખીના પતિ તમે થયા તે વખતે મારા પતિ થયા જ. લોકો પણ મુખ્ય સખીનાં લગ્ન થતાં બીજી સખીઓનાં પણ લગ્ન થએલાં જ ગણે છે; એટલે હું ઋતુદાનને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમને પતિપણાથી વરી છું" (૮૨ : ૧૯). અને પછી શર્મિષ્ઠામાં યયાતિએ ત્રણ પુત્ર ઉત્પન્ન કર્યા. દેવયાનીને બે જ પુત્ર થએલા, તેણે શર્મિષ્ઠાને રાજા જોડે સંયોગ કર્યાથી ઠપકો આપ્યો, ત્યારે શર્મિષ્ઠા બોલી: "હું તારાથી બીતી નથી. હે શોભને, જ્યારે તું પતિને વરી હતી, ત્યારે હું પણ તેને વરી જ હતી. વળી સખીનો જે ભર્તા હોય તે ધર્મથી પોતાનો પણ ભર્તા જ ગણાય છે" (૮૩ : ૨૧). આમ મુખ્ય સખીના લગ્ન સાથે જ બધી સખીઓનાં લગ્ન તે જ પતિ સાથે થયાં મનાતાં.

"અપ્સરાઓનો ગણ . . . ઇન્દ્રની આજ્ઞાથી પૃથ્વીમાં સોળ હજાર રાજપુત્રીઓ થઇ હતી અને હે નરાધિપ, તેઓ મનુષ્ય લોકમાં વાસુદેવ શ્રી કૃષ્ણની સાથે પરણી હતી" (આદિ ૬૭ : ૧૫૫). આ તો કૃષ્ણની સામાન્ય નારીઓ, પણ તે ઉપરાંત એમને આઠ તો પટરાણીઓ હતી; અને વળી તે છતાં પાછા ગોપિકાવલ્લભ! વિષ્ણુના અવતાર રૂપ કૃષ્ણે જનસમાજ સામે કેવું સુંદર દૃષ્ટાન્ત મૂક્યું છે!

આખા મહાભારતમાં સિદ્ધાન્તરૂપે એકપત્ની લગ્નનું એક પણ ઉદાહરણ જડવું કઠણ છે.

હવે રામાયણનાં એકાદ બે ઉદાહરણ લેઇએ: કુશનાભ રાજાએ "નિશ્ચય કર્યો કે હું મારી સોએ કન્યાઓ અત્યન્ત પરાક્રમી બ્રહ્મદત્તને જ પરણાવીશ. પછી મહાતેજસ્વી અને પૃથ્વીપતિ કુશનાભ રાજાએ પોતાના દૂતો દ્વારા બ્રહ્મદત્તને પોતાને ત્યાં તેડાવ્યો, અને શુભ દિવસે શુભ મુહૂર્તે અત્યન્ત પ્રસન્ન ચિત્ત વડે પોતાની સોએ કન્યાઓનાં તેની સાથે લગ્ન કર્યાં" (રામાયણ, બાલકાણ્ડ ૩૨ : ૨૦ – ૨૧).

રાજા દશરથને અનેક રાણીઓ હતી (અયોધ્યાકાણ્ડ ૬૬). અને તેમાં ત્રણ પટરાણી હતી. સમસ્ત પ્રાચીન હિંદુ ગ્રન્થોમાં એકપત્ની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્નનું માત્ર એક જ ઉદાહરણ તરી આવે છે અને તે રામનું. એ લગ્ન આદર્શભાવના રૂપે મૂકાયું છે અને આદર્શભાવના જ રૂપે રહ્યું છે, કારણકે સિદ્ધાન્તને કારણે એકપત્ની લગ્ન થયાનું બીજું કોઇયે ઉદાહરણ પ્રાચીન ગ્રન્થોમાં જડતું નથી. એ જ કારણે રામને હિંદુઓએ વિષ્ણુના અવતાર માન્યા પણ હોય; પણ એમ માનીને જ એ બેશી જ રહ્યા છે, એમનું અનુકરણ નથી કર્યું. આર્થિક કે બીજી કોઇ મુશ્કેલીએ અનેકપત્ની લગ્ન ન કરી શકાય એમાં તો કંઇ સિદ્ધાન્ત નથી.

પણ જૈનોને તો આ ઉન્નત ને સુંદર આદર્શનું આટલું આ ઉદાહરણ પણ ગમ્યું નથી. તેમણે તો રામને પણ અનેકપત્ની લગ્નમાં ઉતાર્યા છે. ગુજરાતના પ્રસિદ્ધ જૈનપંડિત કળિકાળસર્વજ્ઞ હેમચન્દ્રે 'ત્રિષષ્ઠી શલાકાપુરુષ ચરિત્ર' નામે ગ્રન્થ લખ્યો છે, તેના સાતમા પર્વમાં રામાયણ આવે છે. એ જૈન રામાયણમાં લખ્યું છે કે "પછી પૂર્વે પરણવાને કબુલ કરેલી સિંહોદર વગેરે રાજાની કન્યાઓને રામની આજ્ઞાથી વિદ્યાધરો ત્યાં લાવ્યા. અને પોતપોતાની પ્રતિજ્ઞા પ્રમાણે રામલક્ષ્મણ તે કુમારીઓને, ખેચર સ્ત્રીઓથી ગીતમંગળ ગવાતે, વિધિપૂર્વક પરણ્યા. સુગ્રીવાદિથી સેવાતા રામલક્ષ્મણે નિર્વિઘ્ને ભોગ ભોગવતાં લંકાનગરીમાં છ વર્ષ નિર્ગમન કર્યાં." રામને ચાર રાણીઓ હતી. તેમનાં સીતા, પ્રભાવતી, રતિપ્રભા, શ્રીદામા એવાં નામ હતાં. લક્ષ્મણને સોળ હજાર સ્ત્રીઓ થઇ; તેમાં વિશલ્યા, રૂપવતી, વનમાળા, કલ્યાણમાળા, રત્નમાળા, જિનપ્રભા, અભયવતી અને મનોરમા એ આઠ પટરાણીઓ હતી (સર્ગ ૮).

"એક વખત રાવણ, પડખે લટકતા મેઘમંડલથી જાણે પાંખો વાળો હોય તેવા મેઘરવ નામના પર્વત ઉપર ક્રીડા કરવાને ગયો. ત્યાં ક્ષીરસાગરમાં અપ્સરાની જેમ એક સરોવરમાં સ્નાન કરતી છ હજાર ખેચરકન્યાઓ તેના જોવામાં આવી. તે વખતે પદ્મિનીઓ જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર્યને જુએ તેમ કમળને પ્રફુલ્લિત કરતી તેઓ પોતાનો સ્વામી કરવાની ઇચ્છાએ રાવણને અનુરાગથી જોવા લાગી. સ્વલ્પ સમયમાં કામથી અતિપીડિત થતાં તેઓ લજ્જા છોડી 'તમે અમારા પતિ થાઓ' એમ સ્વતઃ રાવણની પ્રાર્થના કરવા લાગી. તેઓમાં સર્વશ્રી અને સુરસુન્દરની પુત્રી પદ્માવતી, મનોવેગા અને બુદ્ધની દુહિતા અશોકલતા તથા કનક અને સંધ્યાની પુત્રી વિદ્યુત્પ્રભા મુખ્ય હતી. તેમને તથા તે સિવાય બીજી પણ જગત્પ્રખ્યાત વંશમાં ઉત્પન્ન થએલી તે સર્વ સરાગી કન્યાઓને રાગી રાવણ તે જ વખત ગાન્ધર્વવિધિથી પરણ્યો" (સર્ગ ૨).

વરુણે સત્યવતી નામની પોતાની પુત્રી હનુમાનને આપી, કારણકે "પોતાની જાતે જેનું બળ જોએલું છે, એવો જમાતા દુર્લભ છે. રાવણ ત્યાંથી લંકામાં આવ્યો અને ચન્દ્રણખાની (સૂર્પણખાની) અનંગકુસુમા નામની પુત્રી તેણે હર્ષથી હનુમાનને આપી. સુગ્રીવે પદ્મરાગા, નલે હરિમાલિની અને બીજાઓએ પણ પોતાની હજારો દુહિતા હનુમાનને આપી. રાવણે હર્ષથી દૃઢ આલિંગન કરી વિદાય કરેલો પરાક્રમી હનુમાન હનુપુર ગયો. અને બીજા પણ જે વાનરપતિ (સુગ્રીવ) વગેરે વિદ્યાધરો હતા તે પણ હર્ષસહિત પોતપોતાને નગરે ગયા" (સર્ગ ૩).

બ્રાહ્મણ રામાયણમાં હનુમાનને બ્રહ્મચારી કહ્યો છે, ત્યારે જૈન રામાયણમાં તેને હજારો સ્ત્રીઓ પરણતો વર્ણવ્યો છે! બ્રાહ્મણ રામાયણમાં રાવણ તેનો શત્રુ છે, જૈન રામાયણમાં મામોસસરો છે! આમ તો અનેક રીતના એ બે રામાયણમાં ભેદ છે, પણ તેનું વિવેચન લગ્ન સંબંધેના આ પુસ્તકમાં અસ્થાને છે.

પ્રાચીન કાળથી તે ઠેઠ આજ સુધી હિંદુ અનેકપત્ની લગ્ન કરતો જ આવ્યો છે. મધ્યકાળમાં માળવાના રાજા ભર્તૃહરિને ત્રણસો રાણીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી ને તેમાં પિંગલા વગેરે ચાર પટરાણીઓ હતી. આજે પણ એ જ દશા છે. ૧૮૯૨ની હિંદ સંસારસુધારા પરિષદમાં એક બંગાળીએ જણાવેલું કે કુલીનતાને બળે એક બંગાળી જમીનદારને ૧૦૮ જીવતી સ્ત્રીઓ છે, એક બી. એલ. મુનસફને ૬૦ જીવતી સ્ત્રીઓ છે. મુનસફ ભણેલો એટલે અભણ્યા જમીનદાર જેટલી બધી તો ન કરી શકે ને!

પણ જ્યાં પાંચમા વેદ જેવો ગણાતો મહાભારત ગ્રન્થ અને મનુસ્મૃતિ જેવો ધર્મગ્રન્થ બહુપત્ની લગ્નની આજ્ઞા આપે ત્યાં પછી બાકી શું રહે?

ભીષ્મ યુધિષ્ઠિરને કહે છે: "બ્રાહ્મણને ચાર સ્ત્રીઓ કરવાનો અધિકાર હોય છે. . . . ક્ષત્રિયને ત્રણ વર્ણની સ્ત્રીઓ કરવાનો અધિકાર હોય છે. . . . વૈશ્યને બે વર્ણની સ્ત્રીઓ કરવાનો અધિકાર હોય છે. . . . તેમ જ શૂદ્રને એક જ ભાર્યા કરવાનો અધિકાર છે" (અનુશાસન ૪૮: ૪, ૭, ૮). અને છતાં યે વળી પાછળ (પૃષ્ઠ ૯૭, ૯૮) શર્મિષ્ઠાએ કહ્યું છે તેમ "લોકો પણ મુખ્ય સખીનાં લગ્ન થતાં બીજી સખીઓનાં પણ લગ્ન થએલાં જ ગણે છે." "સખીનો જે ભર્તા હોય તે ધર્મથી પોતાનો પણ ભર્તા જ ગણાય છે."

"બ્રાહ્મણને અનુક્રમે ચારેય જાતિની સ્ત્રીઓ હોય." "જે સ્ત્રી સદા દારૂ પીનારી . . . હોય, તે સ્ત્રીના ઉપર તેના ધણીએ બીજી સ્ત્રી કરવી. ઋતુ પ્રાપ્ત થયા પછી આઠ વર્ષ સુધી વાંઝણી રહે તો તેના ઉપર બીજી સ્ત્રી પરણવી, જે સ્ત્રીને છોકરાં અવતરીને મરી જતાં હોય તેવી સ્ત્રી ઉપર દશ વર્ષ પછી બીજી સ્ત્રી પરણવી, જે સ્ત્રીને કન્યાઓ જ અવતરતી હોય તેવી સ્ત્રી ઉપર અગિયારમે વર્ષે બીજી સ્ત્રી પરણવી અને જે સ્ત્રી કડવાં વચનો બોલનારી હોય તેવી સ્ત્રી ઉપર તુરત જ બીજી સ્ત્રી પરણી લાવવી. પરંતુ જો સ્ત્રી રોગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં પતિનું હિત કરનારી અને સદ્‌ગુણી હોય તો તેના ધણીએ તે સ્ત્રીની સમ્મતિ લેઇને તેના ઉપર બીજી સ્ત્રી પરણવી તથા કોઇ પણ દહાડો તે સ્ત્રીનું અપમાન કરવું નહિ. એક સ્ત્રી ઉપર બીજી સ્ત્રી પરણવાથી પેલી સ્ત્રી ક્રોધ કરીને ઘરમાંથી બહાર નાશી જવાને તૈયાર થાય તો તેને તુરત ઘરમાં કેદ કરવી અથવા તો પોતાના તથા તે સ્ત્રી તરફના સંબંધીઓની સમક્ષ તેનો ત્યાગ કરવો" (મનુસ્મૃતિ ૯ : ૧૪૯, ૮૦ – ૮૩). સ્ત્રીને સંકટકાળે આવા કોઇ પણ આપદ્ધર્મનો અધિકાર મનુમહારાજે આપ્યો નથી, કારણ કે તે તો પુરુષ હતા ને!

"દક્ષ પ્રજાપતિએ મનમાં પ્રસન્ન થઇને સત્કારપૂર્વક ધર્મને દશ, કશ્યપને તેર અને સોમ રાજાને સત્તાવીશ પુત્રીઓ પરણાવી હતી" (મનુ ૯ : ૧૨૯).

"પરીક્ષા કરેલી અને શુદ્ધ વેશ તથા શુદ્ધ આભૂષણો વાળી સ્ત્રીઓએ ... રાજાની સેવા કરવી. ભોજન કર્યા પછી રાજાએ અંતઃપુરમાં થોડો વખત રાણીઓ સાથે વિનોદ કરવો" અને પછી રાતે પણ "સ્ત્રીઓની સાથે ભોજન કરવા માટે અંતઃપુરમાં પ્રવેશ કરવો" (મનુ ૭ : ૨૧૯, ૨૨૧, ૨૨૪). આમ મનુએ રાજાને તો વળી પાર વિનાની સ્ત્રીઓ કરવાનો અધિકાર આપ્યો છે. અને આજે પણ હિંદુ રાજાઓ સ્ત્રીઓનાં ટોળાંથી પોતાના ઝનાના ભર્યે જાય છે! પરિણામે એ ઝનાનાની રાણીઓ વારંવાર પોતાની કરુણ કથનીઓ છાપાંમાં પ્રકટ કરે છે, તે વાંચીને ગમે તેવા પણ પાષાણપુરુષનું હૃદય ગળ્યા વિના ના રહે.

વળી શૂદ્ર કરતાં બ્રાહ્મણ ઊંચો, એટલે બ્રાહ્મણને શૂદ્ર કરતાં વધારે સ્ત્રી કરવાનો અધિકાર હિંદુ શાસ્ત્રે આપ્યો. એમાંથી કુળનો વિકાસ થયો ને પરિણામ એવું આવ્યું કે કુળહીન કરતાં કુળવાન વધારે સ્ત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરણી શકે. પછી પરિણામ એ આવ્યું કે કુળવાનને અનેક પત્ની મળે, કુળહીનને એકેય ન મળે, એણે તો વાંઢા મરવું રહ્યું. એનું સ્વાભાવિક પરિણામ એ આવે કે અનેક સ્ત્રીઓમાં અણમાનિતી ને વારંવાર માનિતી પણ પતિથી અસંતુષ્ટ થાય, એટલે તે પરપુરુષ સાથે અને વાંઢા સાથે સંયોગસંબંધ બાંધે; વાંઢા તો તાકી જ રહ્યા હોય છે – પોતાને કુળહીન કહી અન્યાય કરનાર અનેક પત્નીના કુળવાન પતિનાં ઘર કાણાં કરવાને તાકી જ રહ્યા હોય છે. અને આ બધાંનાં પરિણામ આજે આપણી આંખો સામે જે બને છે તે જોઇએ છીએ, જે જોતા નથી તે આંધળા છે અથવા દેખતા છતાં આંધળા હોવાનો દાવો કરે છે. એક પરિણામ તો એ આવ્યું છે કે પોતાની સ્ત્રીને સાચવવા પુરુષ ખૂબ કાળજી રાખતો થઇ ગયો છે, ઇર્ષ્યાળુ બની ગયો છે; અને તેથી સ્ત્રીને ખૂણેખોચરે સંતાડતો થઇ ગયો છે, તેને પડદા પાછળ સંતાડતો થઇ ગયો છે. જે જાતિમાં અનેકપત્ની લગ્નનો રિવાજ છે, તેમાં જ મોટે ભાગે પડદાનો રિવાજ છે.

ખ્રિસ્તી અને પારસી સમાજે અનેકપત્ની લગ્નનો નિષેધ કર્યો છે, એમને ધર્મે નિષેધ કર્યો છે. એવું લગ્ન કરનારને એમનો કાયદો સજા કરે છે. મુસલમાન ધર્મમાં એ નિષેધ નથી, પણ ચારથી વધારે સ્ત્રીઓ કરવાનો નિષેધ છે; બેશક તે ઉપરાંત ગમે તેટલી રખાતો રાખવાની છૂટ છે! પણ – પણ હિંદુ ધર્મ ગમે તેટલી સ્ત્રીઓ કરવાની છૂટ આપે છે, સમાજના ધનવાનો ને કુળવાનો એ છૂટ લે છે. પરિણામે બીજા સૌ સમાજોની કરતાં હિંદુ સમાજની નારીની અવગતિ વધારે ભયંકર છે, એની દુર્દશા વધારે કરુણ છે, એ આપણે ધીરે ધીરે જોઇશું.

બેશક આ નવજુગમાં એકપત્ની લગ્ન તરફ આદરભાવ ધીરે ધીરે વધતો જાય છે, પણ છતાં યે એમાં એવું શું છે, જે એને માટે – એકપત્ની લગ્ન માટે – આખો અધ્યાય લખી શકાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૫

લગ્નવિધિના પ્રકાર

મનુસ્મૃતિના ૩જા અધ્યાયના ૨૧-૩૪ શ્લોકોમાં તેમ જ મહાભારતના આદિપર્વના ૭૩મા અધ્યાયના ૬-૧૩ શ્લોકોમાં, વળી અનુશાસનપર્વના ૪૪-૪૫ અધ્યાયમાં હિંદુ લગ્નવિધિના આઠ પ્રકાર આમ આપ્યા છે: (૧) વરને બોલાવી અલંકાર પહેરાવેલી કન્યાનું દાન કરવું તે બ્રાહ્મવિવાહ, (૨) યજ્ઞને અંતે ઋત્વિજને અલંકાર પહેરાવેલી કન્યાનું દાન કરવું તે દૈવવિવાહ, (૩) વરની પાસેથી ગાય અને વૃષભરૂપે દ્રવ્ય લેઇ કન્યા આપવી તે આર્ષવિવાહ, (૪) બન્ને સાથે રહી ધર્માચરણ કરો એવું કહીને કન્યાનું દાન કરવું તે પ્રાજાપત્ય અથવા ક્ષાત્રવિવાહ, (૫) ધન લેઇને કન્યા આપવી તે આસુરવિવાહ, (૬) વરકન્યાની પોતાની ઇચ્છાથી કરવામાં આવે તે ગાન્ધર્વવિવાહ, (૭) બન્ધુબાન્ધવ પાસેથી બળાત્કારે કન્યા ઉપાડી લાવી-હરણ કરી લાવી-લગ્ન કરવું તે રાક્ષસવિવાહ અને (૮) ઊંઘમાં કે કેફમાં પડેલી કન્યાને ઉપાડી લાવી લગ્ન કરવું તે પૈશાચવિવાહ.

હવે આ આઠ પ્રકારના ક્રમને જો ઉલટાવી નાખીએ તો લગ્ન-વિકાસનો સ્વાભાવિક ક્રમ નીકળી આવે. માનવપુરુષ સ્વાભાવિક રીતે જ નારીહરણ કરવા પ્રેરાય છે. તેમાં વળી પરદેશમાં નવા સવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવાસીઓ વસવા જાય ત્યારે પોતાની જાતિમાં નારીસંખ્યા ઓછી હોય તેથી. કે બીજાનાં અનેકપત્ની લગ્નને લીધે પોતે કુંવારા રહી જતા હોય તેથી પણ પુરુષ નારીહરણ કરવા પ્રેરાય. પ્રાચીન હિંદુઓ પણ એવી જ અવસ્થાને અનુભવે નારીહરણ કરતા.

પુરુષમાં કામવિકારનો વિકાસ થયા પછી તેને નાની નારી, ખાસ કરીને કન્યા સાથે પરણવાનું વધારે ગમ્યું છે; વળી પરણેલી સ્ત્રીનો ભોક્તા ધણી બેઠો છે, કન્યાનો તેવો ધણી કોઇ નથી, એટલે તકરાર થવાનો બહુ સંભવ નથી; આથી પરણેલી કરતાં કુંવારીનાં હરણ વધારે થતાં.

ક્ષત્રિયો માટે તો રાક્ષસ અને ગાન્ધર્વ વિવાહ સારા માન્યા છે. અને તેથી રામાયણમાં તથા મહાભારતમાં આવા વિવાહ ઠામઠામ નજરે પડે છે. ભીષ્મે કાશીરાજની અંબિકા ને અંબાલિકા નામની બે કન્યાઓને સ્વયંવરમાંથી હરી આણી પોતાના નાના ભાઇ વિચિત્ર-વીર્યની સાથે પરણાવી હતી (આદિપર્વ ૧૦૨). અર્જુને દ્વારકામાંથી કૃષ્ણની બેન સુભદ્રાનું હરણ કર્યું હતું અને તેમાં તો કૃષ્ણની પોતાની પણ સમ્મતિ હતી (આદિ ૨૨૦). કૃષ્ણે અર્જુનને કહેલું કે "હે પુરુષશ્રેષ્ઠ, ક્ષત્રિયોને માટે સ્વયંવર વિવાહ શ્રેષ્ઠ ગણાય છે, પણ સ્ત્રીઓના સ્વભાવનું ઠેકાણું ન હોવાથી તે વિવાહ શકભરેલો છે; અર્થાત્ અમુક પુરુષને જ તે કન્યા વરે એવો તેમાં નિશ્ચય રહેતો નથી. માટે શૂરવીર ક્ષત્રિયોને સારુ તો બળાત્કારે કન્યાનું હરણ કરવું એ જ માર્ગ પ્રશંસનીય છે. હે અર્જુન, એટલા માટે તું મારી કલ્યાણી ભગિનીને બળથી હરણ કર; કારણકે સ્વયંવર કરવામાં એ કન્યા કોને વરશે તે કોણ જાણી શકે?" (૨૧૯ : ૨૧-૨૩) અને તેથી અર્જુને સુભદ્રાનું હરણ કર્યું.

એવી જ રીતે શિશુપાલ "વિશાલાપુરીના રાજાની તપસ્વિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભદ્રા નામની કન્યાને કપટ વડે કરુષરાજનો વેશ લેઇને હરી લાવ્યો હતો, કારણકે તે કન્યા કરુષરાજને આપવાની હતી" (સભાપર્વ ૪૫:૧૧).

"એક વખત શ્રીકંઠ મેરુપર્વત ઉપરથી પાછો આવતો હતો, તેવામાં રૂપમાં પદ્મા જેવી પુષ્પોત્તર રાજાની પદ્મા નામની દુહિતા તેના જોવામાં આવી. તત્કાળ તે શ્રીકંઠ અને પદ્માને કામદેવના વિકારસાગરના ઉલ્લાસ સમાન પરસ્પર અનુરાગ થયો. પદ્માકુમારી સ્નિગ્ધ દૃષ્ટિથી જાણે સ્વયંવરની માળા નાખતી હોય તેમ શ્રીકંઠ તરફ પોતાનું મુખકમળ રાખીને ઊભી રહી. તેનો અનુકૂળ અભિપ્રાય જાણી કામાતુર શ્રીકંઠ તેને ઉપાડી લેઇને તત્કાળ આકાશમાર્ગે જવા પ્રવર્ત્યો" (જૈન રામાયણ, સર્ગ ૧).

જૈનો રાવણને જૈન માને છે, તેથી "એક વખત રાવણ અન્તઃપુર સહિત હાથી ઉપર બેશીને ચૈત્યવંદન કરવા મેરુગિરિ ઉપર ગયો હતો. તેવે વખતે મેઘપ્રભના પુત્ર ખર નામે એક ખેચરે લંકામાં ચન્દ્રણખાને (સૂર્પણખાને) જોઇ. જોતાં જ પોતે અનુરાગી થઇ એ સાનુરાગી કન્યાનું હરણ કર્યું" (જૈ. રા., સર્ગ ૨).

કન્યાહરણના નિવારણ માટે અતિપ્રાચીન કાળથી જ બાળલગ્નની યોજના થઇ હતી.

વળી કામવાસનાથી કે વૈરવૃત્તિથી પરણેલી સ્ત્રીનું પણ હરણ કરવામાં આવતું. શિશુપાલે "તપસ્વી એવા બભ્રુની ભાર્યા, જે હસ્તિનાપુરથી સૌવીર દેશમાં જતી હતી તેને તેની ઇચ્છા વિના મોહથી હરી લીધી હતી" (સભા પર્વ ૪૫ : ૧૦). સિંધુદેશના રાજા જયદ્રથે પાણ્ડવોની પત્ની દ્રૌપદીનું હરણ કર્યું હતું (વન પર્વ ૨૬૮). વળી લંકાના દ્રાવિડ અને તેથી રાક્ષસ ગણાતા રાજા રાવણે રામની સ્ત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતાનું હરણ કર્યું, તેથી તો આખું રામાયણ રચાયું. પણ જાણે રાક્ષસો જ સ્ત્રીહરણ કરતા હોય એમ એ પ્રકારના વિવાહનું નામ રાક્ષસવિવાહ પડ્યું.

સ્ત્રીહરણના નિવારણ માટે સ્ત્રીને પડદે રાખવાની યોજના થઇ.

આ રાક્ષસવિવાહ હવે હિંદુઓમાં પ્રવર્તતો નથી, છતાં યે કોઇ કોઇ જાતિમાં એ સાપના લીસોટા રહી ગયા છે. કાચારની અમુક જાતિઓમાં વર પોતાના મિત્રોને લેઇને કન્યાને ઘેર જાય છે, ત્યાં કન્યાપક્ષના માણસો તેમની સામે આવે છે ને યુદ્ધનો આડમ્બર કરે છે. અને તેમાં સદા ય વરપક્ષ જીતે એ તો સ્વાભાવિક જ છે. પછી કન્યાને ઉપાડી જવાનો આડમ્બર કરે છે. પછી વરના કપાળમાં જાણે યુદ્ધમાં ઘા થયો હોય ને લોહી નીકળ્યું હોય એમ કંકુનો ચાંલ્લો કરે છે. વર બન્ને પક્ષને જમાડે છે, કન્યાના પિતાને કન્યાના પૈસા આપે છે ને કન્યાને લેઇ ચાલતો થાય છે.

અને હજી યે હિંદુઓમાં વર કન્યાને હરી લાવવા નહિ, તો પરણી લાવવા તેને જ ઘેર જાય છે. બધા હિંદુઓમાં લગ્ન વખતે વરને ચાંલ્લો કરવામાં આવે છે, તે એ યુદ્ધનો ઘા હશે? જાનમાં જાનૈયા જાય છે, તે વરપક્ષના યોદ્ધાઓ હશે? નહિ તો લગ્નક્રિયામાં એટલા બધાની જરૂર શી? વળી કેટલીક નાતોમાં જાન કન્યાને ત્યાં પહોંચતાં જ કન્યા-પક્ષના લોક સામૈયું કરવા જાય છે તે યુદ્ધ કરવા સામે જતા હશે? અને વર કન્યાને પરણવા જાય છે ત્યારે હજી યે કન્યાપક્ષની સ્ત્રીઓ ગાય છે કે 'આવ્યો આવ્યો રે ચૌટાનો ચોર, કે લાખેણી લાડી લેઇ ગયો રે.' અને હજી યે છાપાંમાં નજર નાખશો તો રોજ રોજ વાંચશો કે દેશમાં ચારે બાજુ નારીહરણ થઇ રહ્યાં છે; બેશક આ રાક્ષસવિધિ અત્યારે તો હિંદુઓ કરતાં મુસલમાનો વધારે આચરી રહ્યા છે.

માત્ર આચારમાં નહિ, ભાષામાં પણ આ રાક્ષસવિવાહ પોતાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ અમર કરી ગયો છે: વિવાહ શબ્દ વહ્ ધાતુ ઉપરથી થયો છે. વધૂ (વહી આણેલી) અને નવોઢા (નવી આણેલી) એ શબ્દો પણ એ જ ધાતુ ઉપરથી થયા છે. 'પરણવું' શબ્દ પરિ + ની (લેઇ આવવું) ધાતુ ઉપરથી થયો છે. 'આણવું' શબ્દ (आ + नी) ઉપરથી ચરોતરમાં એ જ અર્થમાં ગાળ ગણાય છે ને એ શબ્દ બોલો તો કડી પ્રાન્તમાં સ્ત્રીઓ મશ્કરી કરે કે ગાળ દે! અને છતાં ય વહૂને 'આણાં' આવ્યાં કહેવાય છે.

આ બધા વિવરણથી સમજી શકાશે કે જગતની બીજી જાતિઓ પેઠે હિંદુઓમાં પણ કન્યાહરણ ને વળી નારીહરણ પણ એવે સચરાચર ને પ્રચંડ ભાવે પ્રવર્તી રહ્યું હતું કે એનો સાપ ગયો છે તોય પોતાનો આબાદ લીસોટો મૂકતો ગયો છે.

પણ એથી છેક જ અવળી વાત ક્યાં ય સાંભળી છે? વરહરણની કથા ક્યાં ય સાંભળી છે? આસામમાં ગારો નામે જાતિ છે. ત્યાં રિવાજ એવો છે કે કન્યા પોતાને માટે વર પસંદ કરે. પછી કન્યા-પક્ષના માણસો જઇને વરહરણ કરવાનો આડંબર કરે, વર નાશી જવાનો અને આખરે પકડાઇ જવાનો આડંબર કરે. પછી તેનાં સગાંવહાલાં રડતાં કકળતાં રહે ને પકડી આણેલા વરને કન્યા સાથે મારી ઠોકીને પરણાવી દે!

કેટલેક પ્રસંગે વળી એમ પણ બને છે કે એક કન્યાને માટે અનેક ઉમેદવાર હોય છે અને ત્યારે મારામારીના ને યુદ્ધના પ્રસંગ ઊભા થાય છે. એવે પ્રસંગે કન્યાહરણ બહુ ભયંકર બની જાય છે. એટલે બહુ કાળ પછી એમ થયું કે જે વર રાજાઓની સભા વચ્ચે અમુક ઠરેલે પ્રકારે પોતાનું બળ સર્વોત્કૃષ્ટ રીતે સાબિત કરી બતાવે તે તે કન્યાને જીતી જાય, જેમ આજે વ્યાયામના મેળાવડા વચ્ચે અમુક કસરતમાં પોતાનું બળ સર્વોત્કૃષ્ટ રીતે સાબિત કરી બતાવે તે ચાંદીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપ જીતી જાય છે એમ! જનકરાજાની રાજસભામાં શિવધનુષ્ તોડીને રામ સીતાને જીતી ગયા હતા (રામાયણ, બાલકાણ્ડ ૬૭), અને દ્રુપદ રાજાની રાજસભામાં નિશાન તાકીને અર્જુન દ્રૌપદીને જીતી ગયો હતો (મહાભારત, આદિપર્વ ૧૮૮). આ વિધિને સ્વયંવર કહ્યો છે.

પણ સાચા સ્વયંવરમાં તો કન્યા પોતે વરને પસંદ કરી લે. દમયન્તીએ એ રીતે અનેક રાજાઓમાંથી નળને પસંદ કરી લીધો હતો (વનપર્વ ૫૭). "આદિત્યપુરમાં મંદિરમાલી નામે વિદ્યાધરનો રાજા હતો, તેને શ્રીમાલા નામે કન્યા હતી. તેના સ્વયંવરમાં મંદિરમાલીએ વિદ્યાધરોના રાજાઓને બોલાવ્યા. . . . વિદ્યાધરના રાજાઓને રાજકુમારી શ્રીમાલા, નીક જેમ જલથી વૃક્ષોને સ્પર્શે તેમ, દૃષ્ટિથી સ્પર્શ કરવા લાગી. . . . ગંગા નદી જેમ સમુદ્ર પાસે જાય તેમ શ્રીમાલા કિષ્કિંધિકુમાર પાસે જઇ ઊભી રહી. ભવિષ્ય કાળમાં ભુજલતાના આલિંગનની નિર્દોષ જામીન હોય તેવી વરમાળા તેના કંઠમાં આરોપી" (જૈન રામાયણ, સર્ગ ૧). અને છેક આધુનિક કાળમાં સંયુક્તાના સ્વયંવરમાં પૃથ્વીરાજને તેડાવ્યો નહોતો, તોય સંયુક્તાની ઇચ્છા જાણીને તે ત્યાં ગએલો ને તેને ઉપાડી લાવેલો.

વળી કોઇ કોઇ વાર વરકન્યાના પ્રથમ મિલનને જ પ્રસંગે પરસ્પર હૃદય આકર્ષાય તો બીજા વિધિની પરવા કર્યા વિના ત્યાં ને ત્યાં જ તેઓ લગ્ન કરી નાખે. આને ગાન્ધર્વવિવાહ કહ્યો છે અને "સર્વ વિવાહોમાં ગાન્ધર્વવિવાહ શ્રેષ્ઠ ગણાયો છે" (આદિ ૭૩ : ૪), એમ રાજા દુષ્યન્તે શકુન્તલાને કહી એની સાથે કણ્વઋષિના આશ્રમમાં જ ગાન્ધર્વવિવાહ કરી નાખ્યો. જૈન રાજા રાવણે પણ ૭ હજાર ખેચર કન્યાઓ સાથે મેઘરત પર્વત ઉપર ગાન્ધર્વવિવાહ કર્યો હતો (પૃષ્ઠ ૧૦૦).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ (પૃષ્ઠ ૧૦૮) જણાવ્યું તેમ કન્યાહરણથી યુદ્ધના પ્રસંગો ઊભા થયા, ત્યારે સ્વયંવરની યોજના થઇ. પણ સ્વયંવરમાં પણ એક જ ઉમેદવાર સંતોષાય, એટલે અસંતુષ્ટ ઉમેદવારો મારામારીના ને યુદ્ધના પ્રસંગ ઊભા કરે. કાશીરાજે પોતાની ત્રણ કન્યાઓનો સ્વયંવર રચેલો, ત્યારે વૃદ્ધ ભીષ્મ ત્યાં ગયા ; પોતાને લગ્ન ન કરવાની પ્રતિજ્ઞા હતી અને તેના નાના ભાઇ વિચિત્રવીર્યમાં કંઇ દમ નહોતો. એટલે એને માટે પોતે કાશીરાજની બે કન્યાઓને બળાત્કારે ઉપાડી. આથી પછી ત્યાં આવેલા રાજાઓ સામે એમને ભયંકર યુદ્ધ થયું, તેમાં એ જીત્યા ને કન્યાઓને ઘેર લાવી વિચિત્રવીર્ય સાથે પરણાવી દીધી. દ્રૌપદીના સ્વયંવરમાં પણ અર્જુન દ્રૌપદીને જીતી ગયાથી બીજા રાજાઓ ક્રોધે ભરાયા ને યુદ્ધે ચઢ્યા, અર્જુને સૌને હરાવ્યા. એટલે એ પ્રણાલી પણ ધીરે ધીરે બંધ થઇ અને પછી તો જે સૌથી વધારે બળ દાખવી શકે તેના કરતાં જે સૌથી વધારે ધન આપી શકે તેને કન્યાપિતા પોતાની કન્યા આપે એવો કન્યાવિક્રયનો આસુરવિવાહ વિકાસ પામ્યો, હળવો આસુરવિવાહ તે આર્ષવિવાહ.

અને આજે તો આખા હિંદુ સમાજમાં કન્યાવિક્રયનો વેપાર ધમધોકાર ચાલી રહ્યો છે. સૌથી વધારે પૈસા આપનાર વૃદ્ધ, રોગી કે નપુંસક હોય તોપણ હિંદુ પિતા પોતાની કુમળી બાળકન્યા તેને આપતાં જરાય અચકાતો નથી. આથી કન્યા પતિએ અને પૈસે બન્ને રીતે ખુવાર થાય છે. અને મનુ પોતે તો એટલે સુધી કહે છે કે "પરણનાર વરને એક કન્યા બતાવીને બીજી પરણાવવામાં આવે તો પરણનાર એક જ મૂલ્ય આપીને એ બન્ને કન્યાને પરણી શકે છે" (૮ : ૨૦૪). પૈસા તે આખરે પૈસા ને વેપાર તે આખરે વેપાર!

પણ જે ગરીબ લોકમાં પૈસાની બહુ છૂટ ન હોય તે લોક કન્યા ખરીદવા તેના પિતાની મજૂરી કરવા ગુલામ બની રહે છે. આવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રિવાજ જેમ જગતની અનેક જાતિઓમાં છે (પૃષ્ઠ ૩૪), તેમ હિંદુઓમાં પણ છે. બંગાળની લિંબુ વગેરે કેટલીક જાતિઓમાં એવો રિવાજ છે કે કન્યાના પિતાને ઘેર ઠરાવેલી મુદત સુધી વર મજૂરી કરવા રહે ને તેટલી મુદત સુધી મજૂરી કર્યા પછી કન્યાને લેઇ ચાલતો થાય. આસામના નાગ લોકોમાં પણ એવો જ રિવાજ છે. આથી ત્યાં પરિણામ એ આવ્યું છે કે પતિના ભાવ ઘટ્યા છે ને પત્નીના વધ્યા છે એટલે એ બે લગભગ સમાન પદવીએ આવ્યાં છે. અને એ વાત તો નક્કી જ છે કે જ્યાં વરવિક્રય થાય છે ત્યાંની સ્ત્રીઓ કરતાં જ્યાં કન્યાવિક્રય થાય છે ત્યાંની સ્ત્રીઓ મોંઘી હોય છે ને તેથી તેનું જતન વધારે થાય છે; કારણકે વરવિક્રયમાં તો સ્ત્રી મરે તો તુરત બીજી આવે ને વળી પૈસા લેતી આવે, પણ કન્યાવિક્રયમાં તો સ્ત્રી મરે એટલે આપેલા પૈસાનો એ દાગીનો ગયો!

નવસારી પ્રાન્તમાં રહેતી માવચી જાતિમાં પણ પૈસાને બદલે મજૂરી આપવાનો રિવાજ છે. એ રિવાજને ખંધાડીઆનો રિવાજ કહે છે. લગ્નના "ઉમેદવાર જમાઇને પાંચ વર્ષની બોલી કરી રાખવામાં આવે છે; પણ ઘણી વખત આ મુદતમાં ઘટાડો કરવામાં આવે છે ને પૂરાં પાંચ વર્ષ થતા પહેલાં છોકરીને ખંધાડીઆ સાથે વહૂ તરીકે રહી પ્રજોત્પત્તિ કરવા દેવામાં આવે છે" ('વડોદરા રાજ્યની વસ્તી-ગણત્રીનો સંક્ષિપ્ત હેવાલ, ૧૯૩૧': પૃષ્ઠ ૧૭૧).

"પરંતુ ભીલોમાં વધારે સામાન્ય રિવાજ તો 'ઉદાર' લેઈ જવાનો છે. કોઇ પુરુષ પાસે લગ્નના પૈસા ન હોય તો ઢોર ચારવા જાય ત્યાં કોઇ કન્યા સાથે સંબંધ કરવાનું છાની રીતે નક્કી કરે છે. પછી ભીલ લોકોના મેળા આવે તેમાંથી એકાદમાં જઇ કન્યાનું હરણ કરી જાય છે. એ ત્રણ મહિના સુધી બન્ને સંતાતાં રહે છે અને પછી છતાં થાય છે. કન્યાનો બાપ બદલા તરીકે કાંઇ આપવાનું કહે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે વર ગામના પટેલને બોલાવી તેની મારફત કેટલું આપવું તે નક્કી કરે છે. એક ગાય અથવા બળદ અને પૈસાની થોડી રકમ વર આપે છે. તે પછી વર કન્યાને ખુલ્લી રીતે સ્ત્રી તરીકે સાથે રાખી શકે છે" ('ગુજરાતની લગ્નવ્યવસ્થા અને કુટુંબસંસ્થા' : પૃષ્ઠ ૧૧૨).

જેમ જેમ પુરુષ બળવાન બનતો ગયો તેમ તેમ તેની મહત્તા વધતી ગઇ, તેની કિંમત વધતી ગઇ, અને તેમ તેમ સ્ત્રીની મહત્તા ઘટતી ગઇ, તેની કિંમત ઘટતી ગઇ. પછી તો ધીરે ધીરે સરખવટે લગ્ન થતાં ગયાં, કોઇએ કશું આપવું નહિ એમ ઠર્યું. આ વિવાહને પ્રાજાપત્ય અથવા ક્ષાત્ર કહ્યો. પછી અનુલોમ લગ્નની મહત્તા વધતી ગઇ, કુળવાન વર શોધાવા લાગ્યા, એટલે વરની કિંમત ઉપજવા લાગી. શરૂઆતમાં તો અલંકારથી શણગારેલી કન્યા ઋત્વિજને —આમંત્રેલા વરને—આપીને દૈવ- કે બ્રાહ્મ-વિવાહ કરવા માંડ્યા, પણ પછી તો કુળવાન વરના ભાવ વધવા લાગ્યા, એટલે શાસ્ત્રે પણ નહિ વર્ણવેલો એવો વરવિક્રય વિવાહ થવા લાગ્યો. આવો વરવિક્રય વિવાહ આજે પારસી, અનાવલા, ઔદિચ્યો, પાટીદારો વગેરે જમીનદાર જાતિઓમાં ધમધોકાર ચાલી રહ્યો છે. એક બાજુ વરવિક્રયના અશાસ્ત્રીય વિવાહ અને બીજી બાજુ કન્યાવિક્રયના આસુરવિવાહથી લગ્ન અસમાન થઇ ગયાં છે : એક બાજુ અનેકપત્ની વગેરે લગ્ન ચાલી રહ્યાં છે, બીજી બાજુ અનેકપતિ લગ્ન થવાની સ્થિતિ ઊભી થઇ છે, પણ તેમ હવે થઇ શકતું ન હોવાથી અનેક પુરુષ વાંઢા રહે છે. સમાજ આમ આજે લગ્નસંકટે રિબાય છે.

આમ મનુએ અને મહાભારતે આપેલા આઠ પ્રકારના વિવાહના ક્રમને ઉલટાવી નાખ્યાથી લગ્નવિકાસના સ્વાભાવિક ક્રમનો ઇતિહાસ નીકળી આવે છે. અને પછી તો તે વરવિક્રયને માર્ગે આગળ ચાલે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૬

પુત્રના પ્રકાર

હિંદુ લગ્નના જેમ અનેક પ્રકાર છે, તેમ તેથી થનારા પુત્રોના પણ અનેક પ્રકાર છે. મહાભારતમાં ને અનેક સ્મૃતિઓમાં એ પુત્રોના પ્રકાર અને તેમને મળવાના વારસા સંબંધે વિવેચન છે. આપણે એ પુત્રો વિષે માત્ર મનુસ્મૃતિ અને મહાભારત જોઇશું તોય ઘણું છે. મહાભારતના આદિપર્વ ૧૨૦ : ૩૩ – ૩૫ શ્લોકોમાં બાર પુત્રોનાં નામ આપ્યાં છે, અનુશાસનપર્વમાં પણ ૪૯મા અધ્યાયમાં આ વિષે વિવેચન છે. મનુસ્મૃતિના ૯મા અધ્યાયમાં આપેલા વર્ણનને આપણે અનુક્રમે લેઇએ :

(૧) પોતાની પરણેલી સ્ત્રીમાં પોતાથી ઉત્પન્ન થએલો પુત્ર તે औरस (૯ : ૧૬૬). મહાભારત આને स्वयंजात કહે છે.

(૨) "જેનો પતિ મરી ગયો હોય, નપુંસક હોય અથવા તો રોગી હોય તેવી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે નિયુક્ત થએલી સ્ત્રીમાં જે પુત્ર ઉત્પન્ન થાય તે પુત્રને क्षेत्रज કહે છે" (૧૬૭). આવા પુત્રને नियुक्तज પણ કહે છે (અનુશાસન ૪૯ : ૩). પૂર્વે આમ નિયોગથી પુત્ર ઉત્પન્ન કરવાનો રિવાજ બહુ જ પ્રચલિત હતો. "સંતાન ન હોય ત્યારે પોતાના પતિના ગુરુજનોએ જેને આજ્ઞા કરેલી હોય એવી સ્ત્રીએ દિયેરની પાસેથી અથવા તો પોતાના સપિંડ પુરુષની પાસેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધિપૂર્વક મનગમતી પ્રજા ઉત્પન્ન કરતી. પતિ તરફના ગુરુજનોએ જેને આજ્ઞા કરી હોય તેવે પુરુષે આખા શરીર ઉપર ઘી ચોળી, વાણીને નિયમમાં રાખી, રાત્રે વિધવામાં એક જ પુત્ર ઉત્પન્ન કરવો, પરન્તુ બીજો પુત્ર કદી પણ ઉત્પન્ન કરવો નહિ. નિયોગની વિધિને જાણનારા કેટલાએક ઋષિઓ, એક પુત્રથી નિયોગનું પ્રયોજન સિદ્ધ થતું નથી, માટે સ્ત્રીઓને વિષે ધર્મ પ્રમાણે બીજો પુત્ર ઉત્પન્ન કરવો, એમ માને છે. વિધવા સ્ત્રીને વિષે નિયોગનું પ્રયોજન સિદ્ધ થઇ રહ્યા પછી નાના ભાઇએ મોટા ભાઇની સ્ત્રી સાથે માતાની પેઠે વર્તવું, અને મોટા ભાઇએ નાના ભાઇની સ્ત્રી સાથે પુત્રની વહૂ પેઠે વર્તવું. જેનો નિયોગ કરવામાં આવ્યો હોય તે બન્ને શાસ્ત્રના વિધિને તજી દેહને ઇચ્છા પ્રમાણે વર્તે તો તે બન્ને પાતકી થાય છે, તથા પુત્રની વહૂની સાથે અને ગુરુની પત્નીની સાથે ગમન કરનારા ગણાય છે" (૯ : ૫૯–૬૩). "ગુરુની સ્ત્રી સાથે વ્યભિચાર કરનાર શિષ્ય પાતકી છે, પરન્તુ ગુરુની આજ્ઞાથી તેની સ્ત્રી સાથે ગમન કરવાથી શિષ્યને પાપ લાગતું નથી. આવા જ આશયથી ઉદ્દાલક ઋષિએ પોતાના શિષ્ય દ્વારા શ્વેતકેતુ નામના પુત્રને ઉત્પન્ન કરાવ્યો હતો. કોઇ પરસ્ત્રીએ પણ માત્ર ગર્ભાધાન માટે જ જો મૈથુન માટે પ્રાર્થના કરી હોય તો તેવું પરસ્ત્રીગમન પણ પુરુષને ધર્મભ્રષ્ટ કરતું નથી" (શાન્તિ ૩૪ : ૨૨, ૨૭).

અને આમ નિયોગથી પ્રાચીન કાળે પુત્રોત્પતિ કર્યાનાં મહાભારતમાં તો અનેક ઉદાહરણ છે. "મહાત્મા ભાર્ગવે . . . પૂર્વે એકવીશ વાર પૃથ્વી નિઃક્ષત્રિય કરી હતી. . . . ત્યારે ચોતરફની ક્ષત્રિયાણીઓએ વેદપારાંગત બ્રાહ્મણોનો સંગ કરીને પ્રજાઓ ઉત્પન્ન કરી હતી અને તેઓ ક્ષત્રિય કહેવાયા હતા, કારણકે સ્ત્રીથી ઉત્પન્ન થએલો પુત્ર તે સ્ત્રીના પ્રથમ પતિનો જ ગણાય એવો વેદમાં નિશ્ચય કરેલો છે. તે ક્ષત્રિયપત્નીઓ વંશવર્ધનની ધર્મભાવનાને જ મનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખીને બ્રાહ્મણોની પાસે ગઇ હતી" (આદિ ૧૦૪ : ૪–૭). અંધ વિપ્ર દીર્ઘતમાને "સત્ય પરાક્રમી તથા ધર્માત્મા એવા બલિ રાજાએ . . . પ્રાર્થના કરીને કહ્યું : 'હે મહાભાગ, હે માનદ, તમે મારા વંશની વૃદ્ધિને માટે મારી ભાર્યાથી ધર્માર્થમાં કુશળ એવા પુત્રોને ઉત્પન્ન કરવાને યોગ્ય છો.' આ પ્રમાણે રાજાનું કહેવું સાંભળીને તે તેજસ્વી ઋષિએ 'ભલે તેમ થાઓ' એમ કહ્યું ત્યારે રાજાએ પોતાની સુદેષ્ણા નામની ભાર્યાને ઋષિની પાસે મોકલી; પણ તે અંધ અને વૃદ્ધ છે એમ માનીને સુદેષ્ણા ઋષિની પાસે ગઇ નહિ અને પોતાની દાસીને તે વૃદ્ધ ઋષિની પાસે મોકલી દીધી. તે શૂદ્ર જાતિની દાસીમાં ધર્માત્મા ઋષિએ કાક્ષીવાન આદિ અગિયાર પુત્રો ઉત્પન્ન કર્યાં" (આદિ ૧૦૪ : ૪૩–૪૫). પણ રાજાને આ વાતની ખબર પડી એટલે તેણે "ફરીથી તે ઋષિશ્રેષ્ઠને પ્રસન્ન કર્યા અને ફરી પોતાની ભાર્યા સુદેષ્ણાને ઋષિની પાસ મોકલી. દીર્ઘતમાએ સુદેષ્ણાના અંગોનો સ્પર્શ કર્યો અને તેને કહ્યું : 'તને સૂર્યના જેવા તેજસ્વી અંગ, બંગ, કલિંગ, પુંડ્ર અને સુહ્મ નામના કુમારો થશે અને તેમના દેશો તેમના નામથી પ્રસિદ્ધ થશે'" (૫૧–૫૩). અને તેમજ થયું. વળી આ નિયોગવિધિથી જ વ્યાસ મુનિથી અંબિકાએ ધૃતરાષ્ટ્રને, અંબાલિકાએ પાણ્ડુને, અને દાસીએ વિદુરને (આદિ ૧૦૬); કુન્તીએ ધર્મથી યુધિષ્ઠિરને, વાયુથી ભીમને, અને ઇંદ્રથી અર્જુનને (૧૨૩); તેમજ માદ્રીએ અશ્વિનીકુમારોથી "પૃથ્વીમાં અતુલ રૂપવાળા નકુલ તથા સહદેવ નામના જોડીઆ બે પુત્રો ઉત્પન્ન કર્યાં" (૧૨૪ : ૧૬, ૧૭). અને આવા ક્ષેત્રજ પુત્રોનાં ઉદાહરણ તો મહાભારતમાં પુષ્કળ મળી આવે છે. પછીથી અનેક સ્મૃતિકારોએ આ નિયોગવિધિનો નિષેધ કર્યો ને ધીરે ધીરે એ વિધિ અટકી પડ્યો.

(૩) માતાપિતાએ આપેલો પુત્ર તે दत्त કે दत्तक કહેવાય છે (મનુ ૯ : ૧૬૮).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) "પોતાની મેળે આવેલો" (આદિ ૧૨૦ : ૩૪), અથવા "માતાપિતાની સેવા કરનારા અને પોતાની જાતના પુત્રને દીકરો કરી" લીધેલો હોય તેને કૃત્રિમ પુત્ર કહે છે (મનુ ૯ : ૧૬૯).

(૫) "કોનાથી ઉત્પન્ન થયો છે તે જાણવામાં આવે નહિ ને ઘરમાં ગૂઢ એટલે છૂપી રીતે ઉત્પન્ન થએલો તે ગૂઢોત્પન્ન પુત્ર, જેની સ્ત્રીમાં ઉત્પન્ન થયો હોય તેનો તે પુત્ર ગણાય છે" (૧૭૦). પણ બૌદ્ધાયન કહે છે કે જેનાં માબાપનો પત્તો ન હોય તેવાને પુત્ર કરી લીધેલો તે ગૂઢજ પુત્ર કહેવાય (પ્રશ્ન ૨, અધ્યાય ૨, કંડિકા ૩, સૂત્ર ૨૨).

(૬) ત્યારે વળી ઘણું કરીને તેવા જ, એટલે "માતાપિતાએ અથવા તેમાંના એકે તજી દીધેલા પુત્રને ઉછેર્યો હોય તેને અપવિદ્ધ પુત્ર કહેવો" એમ મનુ કહે છે (૯ : ૧૭૧). બૌદ્ધાયન પણ એમ જ કહે છે (સૂત્ર ૨૩).

(૭) "કોઇ કન્યા પિતાના ઘરમાં પુત્રને ઉત્પન્ન કરે તે કાનીન પુત્ર કહેવાય છે અને તે, પછી કન્યાને પરણનારનો પુત્ર ગણાય છે" (મનુ ૯ : ૧૭૨), પણ મહાભારત કહે છે કે "વિવાહ પહેલાં 'આનાથી જે પુત્ર થાય તે મારો ગણાય' એવી શરતે આપેલી કન્યાથી થએલો તે કાનીન પુત્ર ગણાય (આદિ ૧૨૦ : ૩૩). આ પ્રમાણે ગાલવે માધવીને ત્રણ રાજાઓને તથા વિશ્વામિત્રને ભાડે આપી, ને તેથી જે પુત્રો થયા (પૃષ્ઠ ૮૫, ૮૬) તે બધા કાનીન પુત્રો ગણાય. પણ એથી વિરુદ્ધ અને મનુને મળતો અભિપ્રાય મહાભારતમાંથી જ મળી આવે છે: "જે કન્યાને લગ્ન થતા પહેલાં પુત્ર થયો હોય અથવા જે પુત્ર લગ્ન વખતે પેટમાં હોય તે બન્ને પુત્રો કાનીન કહેવાય છે, અને તે કન્યા સાથે લગ્ન કરનાર તેમનો પિતા ગણાય એમ શાસ્ત્રવેત્તા લોકો કહે છે. હે કર્ણ, તું પણ તે પ્રમાણે જ ઉત્પન્ન થયો છે, એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મથી તું પાણ્ડુનો પુત્ર છે" (ઉદ્યોગ ૧૪૦ : ૭ – ૯), એમ કૃષ્ણે કર્ણને કહેલું. આમ કર્ણ પાણ્ડુનો કાનીન પુત્ર ગણાય.

(૮) ઉપર મહાભારતને મતે "જે પુત્ર લગ્ન વખતે પેટમાં હોય" તે કાનીન પુત્ર કહ્યો, પણ મનુ કહે છે કે "અમુક કન્યા ગર્ભવતી છે એમ જાણીને કે જાણ્યા વિના તેની સાથે લગ્ન કરવામાં આવે અને તે ગર્ભમાંથી જન્મનાર સહોઢ કે અધ્યૂઢ પુત્ર કહેવાય અને તે પુત્ર તે કન્યા સાથે લગ્ન કરનારનો કહેવાય છે" (૯ : ૧૭૩).

(૯) ધાર્મિક ક્રિયાઓ કરવા માટે તેનાં માતાપિતા પાસેથી ધન આપીને ખરીદેલો ને क्रीत કે क्रीतक પુત્ર કહેવાય (૧૭૪).

(૧૦) "પતિએ ત્યજેલી અથવા વિધવા સ્ત્રી પોતાની ઇચ્છાથી પુનર્લગ્ન કરે ને તેથી થએલો પુત્ર તે पौनर्भव કહેવાય છે" (૧૭૫). પણ "પરણેલી સ્ત્રીને પરણ્યાથી થએલો પુત્ર તે पौनर्भव" (આદિ ૧૨૦ : ૩૪), એમ મહાભારત કહે છે.

(૧૧) "જે પુત્ર માતાપિતા વિનાનો હોય અથવા માતાપિતાએ વિનાકારણ તેનો ત્યાગ કર્યો હોય તે પુત્ર પોતાની મેળે કોઇનો પુત્ર થઇને રહે તો એ स्वयंदत्त કહેવાય" (મનુ ૯ : ૧૭૭). "પોતાની મેળે આવેલો" તે कृत्रिम પુત્ર એમ મહાભારત કહે છે (આદિ ૧૨૦ : ૩૫).

(૧૨) "બ્રાહ્મણ કામનાથી શૂદ્ર વર્ણની સ્ત્રીમાં જે પુત્રને ઉત્પન્ન કરે છે તે પુત્ર જીવતાં (શવ) મુઆ જેવો જ ગણાય છે, માટે તે पारशव કહેવાય છે" (મનુ ૯ : ૧૭૮). શૂદ્ર વર્ણની સ્ત્રી હોવાથી એનો પુત્ર शौद्र પણ કહેવાય છે.

આ "પુત્રે પિતાની આજ્ઞા પ્રમાણે પિતાની મિલ્કતમાંથી પોતાનો ભાગ લેવો એવી શાસ્ત્રની આજ્ઞા છે" (૧૭૯). બીજા "ઔરસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે પૂર્વ પૂર્વના પુત્રો ન હોય તો ઉત્તરોત્તર પુત્ર વારસ ગણાય છે અને જો ઘણા પુત્રો સમાન હોય તો તે સર્વે ધનના વારસ ગણાય છે" (૧૮૪).

મનુએ ગણાવેલા એ બાર પ્રકારના પુત્રો ઉપરાંત બીજા પણ મળી આવે છે:

(૧૩) નિયોગથી ઉત્પન્ન થએલા પુત્રને મનુ (૨) क्षेत्रज (૯:૧૬૭) કહે છે, મહાભારત એને नियुक्तज (અનુશાસન ૪૯:૩) કહે છે. વળી ત્યાં જ મહાભારત નિયોગનો ભેદ પાડીને જણાવે છે કે "પોતે કહ્યું ન હોય છતાં પોતાની સ્ત્રીએ બીજાની પાસે વીર્ય-સિંચન કરાવીને ઉત્પન્ન કરેલા પુત્રને प्रसृतज જાણવો" (૪૯:૩).

(૧૪) પોતાની "સ્ત્રીમાં મહાત્માના અનુગ્રહથી થએલો પુત્ર प्रणीत" કહેવાય છે (આદિ ૧૨૦:૩૩).

(૧૫) 'ભાઇ વિનાની આ મારી અલંકૃત કન્યા હું તને આપું છું. એને વિષે જે પુત્ર ઉત્પન્ન થાય તે મારો પુત્ર ગણાશે,' એવો સંકેત કરીને આપેલી કન્યાથી થએલો તે पुत्रिक પુત્ર કહેવાય છે. મણિપુરના રાજા ચિત્રવાહને અર્જુનને કહ્યું: "'હે ભરતકુલમાં શ્રેષ્ઠ, પુત્રની કામનાથી થએલી એ પુત્રીને મેં પુત્રિકાધર્મના વિધિથી આપવા ધારી છે. હે ભારત, તમારાથી એ મારી પુત્રીમાં જે એક પુત્ર થાય તે પુત્ર તમે આ કન્યાના મૂલ્યમાં મને આપજો. ...હે પાણ્ડવ, જો આ ઠરાવ તમને કબુલ હોય તો તમે સુખેથી મારી કન્યાનો સ્વીકાર કરો.' 'ભલે તેમ થશે,' એમ કહીને અર્જુને એ વાત સ્વીકારી અને તે રાજકન્યાની સાથે સંયોગ કર્યો. પછી કુંતીપુત્ર અર્જુન તે નગરમાં ત્રણ વર્ષ સુધી રહ્યો. જ્યારે ચિત્રાંગદાથી એક પુત્ર ઉત્પન્ન થયો, ત્યારે તે સુંદર સ્ત્રીને ભેટીને તથા રાજાની આજ્ઞા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેઇને અર્જુન પાછો પૃથ્વીમાં ફરવા માટે ચાલી નીકળ્યો" (આદિ ૨૧૫ : ૨૪ – ૨૭). પછી કેટલેક કાળે "સમર્થ અર્જુન બીજી વાર ચિત્રાંગદાને મળવા માટે પાછો મણિપુર ગયો. હે રાજન્, ત્યાં તેણે બભ્રુવાહન રાજાને ઉત્પન્ન કર્યો હતો તેને જોઇને અર્જુને ચિત્રવાહનને કહ્યું : 'હે નરાધિપ, ચિત્રાંગદાના મૂલ્યને પેટે આ બભ્રુવાહનને તમે લો. એ પુત્ર આપવાથી હવે ઋણમુક્ત થએલો ગણાઇશ" (૨૧૭ : ૨૩ – ૨૫). આમ પુત્રિકાધર્મથી "કન્યામાં જે પુત્ર ઉત્પન્ન થાય છે તે કન્યાના પિતાનો ગણાય છે, પણ કન્યાને પરણનારનો ગણાતો નથી, એવી શાસ્ત્ર મર્યાદા છે" (અનુશાસન ૪૪ : ૧૫). પણ આવા પુત્રિક પુત્રને બીજે સ્થળે કાનીન કહ્યો છે (આદિ ૧૨૦ : ૩૩).

(૧૬) "પોતાની સ્ત્રીમાં વીર્યનું મૂલ્ય આપીને ઉત્પન્ન કરાવેલો પુત્ર તે परिक्रीत પુત્ર જાણવો" (આદિ ૧૨૦ : ૩૩).

(૧૭) "પોતાના પિત્રાઇ વગેરેનો પુત્ર તે ज्ञातिरेता પુત્ર જાણવો" (૩૩).

(૧૮) એકના પતિએ અને બીજાની પત્નીએ 'આ પુત્ર આપણા બન્નેનો થશે' એવી શરતે ઉત્પન્ન કરેલો તે द्वामुष्यायण પુત્ર જાણવો. એ પુત્ર એ બન્નેની ઉત્તરક્રિયા કરી શકે ને વારસ થઇ શકે.

(૧૯) "પતિ જીવતાં વ્યભિચારથી થએલો પુત્ર कुंड કહેવાય છે.

(૨૦) "અને પતિ મરી ગયા પછી વ્યભિચારથી થએલો પુત્ર गोलक કહેવાય છે" (મનુ ૩ : ૧૭૪). પણ આ બે પુત્રને પિતાની મિલકતમાંથી વારસો મળતો નથી (૯ : ૧૪૩).

અને વળી એકંદરે એવું ઠરાવ્યું છે કે "જે પરણેલો પુરુષ પૈસા બીધીને બીજી સ્ત્રી પરણે છે તે પુરુષને માત્ર રતિનું જ ફળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે છે, તેનાથી થતી સંતતિ તો તેને પૈસા આપનારની જ ગણાય છે" (મનુ ૧૧ : ૫).

પણ ત્યારે ધૃતરાષ્ટ્રને "વૈશ્યામાં ઉત્પન્ન થએલો એક યુયુત્સુ નામે પુત્ર હતો" (આદિ ૬૭ : ૯૧) તેને, પરાશરથી મત્સ્યગંધામાં થએલા પુત્ર વ્યાસને અને ઋષિઓથી અપ્સરાઓમાં ઉત્પન્ન થએલા પુત્રો કૃપાચાર્ય, દ્રોણાચાર્ય, શુકદેવ વગેરેને ઉપરના કયા વર્ગમાં મૂકવા એ જાણવું કઠણ થઇ પડે એમ છે.

અને આ સૌ ઉપરાંત મનુએ દશમા અધ્યાયની શરૂઆતમાં જુદા જુદા વર્ણનાં સ્ત્રીપુરુષના સંબંધથી જે પુત્રો અને જાતિઓ ઉત્પન્ન થાય તેનાં અનેક નામ આપી વિશાળ વર્ણન કર્યું છે. એ બધું વર્ણવવાની અહીં જરૂર નથી.

પ્રાચીન હિંદુઓએ જેમ લગ્નની પ્રણાલીમાં અનેક રીતે વિકાસ કર્યો છે, તેમજ વારસાની દૃષ્ટિએ પુત્રોના પ્રકારમાં પણ અનેક રીતે વિકાસ કર્યો છે, એમ આ અધ્યાયમાં જણાઇ આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૭

હિંદુઓમાં લગ્નશિથિલતા

માનવસ્વભાવમાં અને તેથી માનવસમાજમાં લગ્નબંધન નથી એ આપણે સાતમા અધ્યાયમાં જોયું છે. હિંદુ કંઇ માનવસમાજનો અપવાદ નથી, એના સ્વભાવમાં પણ લગ્નબંધન નથી.. લગ્નભાવનાનો વિકાસ થતે થતે પણ તેમાં અનેક ઉચ્છૃંખલાઓ હતી, એ આપણે ગયા પાંચ અધ્યાયમાં જોયું છે. પુરુષે પોતાને કાંડાબળે અનેકપતિ લગ્ન દબાવી દીધું છે, અનેકપત્ની લગ્નના ઘોડા છૂટા મૂક્યા છે – મુસલમાન કે બીજી કોઇ પણ જાતિની પેઠે હિંદુએ લગામ રાખી નથી. એકપત્ની લગ્ન ભાવનામાં હશે, છતાં ય તેને કૃત્રિમ કરી નાખ્યું છે. પોતે લગ્નવિષયમાં છેક જ સ્વતંત્ર – ના, ઉચ્છૃંખલ – થયો છે, સ્ત્રીને છેક જ પરાધીન બનાવી દીધી છે; અનેક રીતે લગ્નબંધનની ગાંઠને એણે શિથિલ કરી દીધી છે.

અતિપ્રાચીન કાળથી હિંદુ પણ સ્ત્રીને પોતાની મિલ્કત માનતો; તેને આપી દેતો, જુગારમાં મૂકતો, ભાડે આપતો, લાંચમાં આપતો, વેચતો કે તેનું ફાવે તે કરતો. તેને મન લગ્ન તો વિકાર જ હતો. મહાભારત વગેરે આપણા ગ્રંથો તેની સાખ પૂરે છે.

ધર્મપ્રદેશમાં પુણ્ય વહોરવા હિંદુ પોતાની કે ગમે તેની સ્ત્રીકન્યાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાન કરતો. રાજસૂય યજ્ઞ કર્યા પછી યુધિષ્ઠિર રાજાએ "બ્રાહ્મણોને લાખો ગાયો, લાખો સુવર્ણના પલંગો તથા લાખો સ્ત્રીઓ પૃથક્ પૃથક્ આપી હતી" (સભાપર્વ ૩૩ : ૫૨). "વિદર્ભના પુત્ર નિમિ રાજાએ મહાત્મા અગસ્ત્યને પોતાનું આખું રાજ્ય તથા એક કન્યા અર્પણ કરી ... સ્વર્ગલોક સંપાદન કર્યો છે" (અનુશાસન ૧૩૭ : ૧૧). "રાજા મિત્રસહ મહાત્મા વસિષ્ઠને પોતાની પ્રિયપત્ની મદયન્તી અર્પણ કરી દેઇને સ્વર્ગલોકમાં ગયો છે" (૧૮)[1] "રાજર્ષિ મદિરાશ્વ સુન્દર કટિ વાળી પોતાની કન્યાનું હિરણ્યહસ્તને દાન કરીને દેવોથી વસાએલા લોકને પામ્યો છે. મહાસમર્થ રાજર્ષિ લોમપાદે પોતાની શાન્તા નામની કન્યાનું ઋષ્યશૃંગને દાન કરીને મોટી મોટી સર્વે કામનાઓ સંપાદન કરી હતી. રાજર્ષિ ભગીરથ હંસી નામની યશસ્વિની કન્યાનું કૌત્સને દાન કરીને આ લોકમાંથી અક્ષય લોકમાં ગયો છે" (અનુશાસનપર્વ, ૧૩૭ દાનની પ્રશંસા : ૨૪ – ૨૬). "વૃષાદર્ભનો પુત્ર યુવનાશ્વ રાજા સર્વ પ્રકારનાં રત્નો, પ્રિય સ્ત્રીઓ તથા સુન્દર ગૃહ દાનમાં આપી દેઇને સ્વર્ગલોકમાં ગયો છે" (શાન્તિપર્વ ૨૩૪ : ૨૫). અને અન્તે વૈશંપાયન ઋષિ જનમેજય રાજાને ઉપદેશ આપે છે કે "ભારતનું શ્રવણ કર્યા પછી ... સારી રીતે શણગારેલી અને સર્વ કામગુણોથી યુક્ત કન્યાઓ ... તેમજ પોતાનો આત્મા, સ્ત્રીઓ તથા પુત્રો સુદ્ધાં અર્પણ કરવાં" (ભારતશ્રવણ વિધિ : ૧૪, ૧૬). છેક ગયા જમાના સુધી વૈષ્ણવભક્તો પોતાની નવોઢા પોતાના ગુરુને એક રાત્રી માટે અર્પણ કરતા એ વાત સુપ્રસિદ્ધ છે. છેક ત્રીજે વર્ષે ઉત્તર હિંદના એક રાજાએ સૂર્યગ્રહણને પ્રસંગે હરદ્વારમાં એક પંડ્યાને પોતાની સ્ત્રી દાનમાં આપી હતી ને પછી પાછી ખરીદી લીધી હતી !

"શ્રીકૃષ્ણે એકે એક મહાત્મા પાણ્ડવોને મોસાળામાં અનેક સ્ત્રીઓ, રત્નો તથા વસ્ત્રો આપ્યાં" (વિરાટપર્વ ૭૨ : ૨૫).

---

૧ શાન્તિપર્વ ૨૩૪ : ૩૦ પણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી જૈન રામાયણમાં સુમિત્ર રાજાએ પોતાના કામપીડિત મિત્ર પ્રભવ પાસે પોતાની પત્ની વનમાળાને મોકલ્યાની કથા આવે છે. વનમાળાને જોઇને "કામપીડિત થતો પ્રભવ કૃષ્ણપક્ષના ચન્દ્રની જેમ દિવસે દિવસે કૃશ થવા લાગ્યો." રાજા સુમિત્રે તેને પૂછ્યું : "હે બાન્ધવ, તારા દિલમાં જે ચિન્તા કે દુઃખ હોય તે ખુલ્લી રીતે કહી દે." અતિઆગ્રહથી પૂછતાં તે બોલ્યો : "તમારી રાણી વનમાળા ઉપરનો અનુરાગ તે જ મારા દેહની દુર્બળતાનું કારણ છે." રાજાએ કહ્યું : "તારે માટે આ રાજ્યનો પણ ત્યાગ કરૂં. તો આ સ્ત્રી તે કોણ માત્ર? આજે જ એ સ્ત્રીને ગ્રહણ કર." આ પ્રમાણે કહી તેને વિદાય કરીને તેની પછવાડે જ રાત્રીના પ્રારંભમાં સ્વયંદૂતીની જેમ વનમાળાને તેને ઘેર મોકલી. તેણે આવી પ્રભવને કહ્યું : "તમને દુઃખી જોઇને રાજાએ મને તમને સોંપી દીધી છે." પણ મિત્રની સહૃદયતા જોઇને પ્રભવને પ્રથમ આશ્ચર્ય ને પછી પશ્ચાત્તાપ થાય છે ને વનમાળાને પાછી કાઢે છે (પર્વ ૭, સર્ગ ૨).

અતિથિસત્કારમાં સ્ત્રીને મોકલાતી. માહિષ્મતી નગરીના રાજા સુદર્શને પોતાની પત્ની ઓઘવતીને એવી રીતે અતિથિસેવા કરવાની આજ્ઞા આપી હતી. વનમાંથી સમિધ લેઇને એ ઘેર આવ્યો ત્યારે જાણ્યું કે ઓઘવતી કોઇ અતિથિ પાસે એકાન્તમાં છે. ત્યારે તે બોલ્યો : "હે શ્રેષ્ઠ બ્રાહ્મણ, તમે સુખેથી સુરતક્રીડા કરો. મને તેથી પરમપ્રીતિ ઉત્પન્ન થાય છે; કેમકે હું એક ગૃહસ્થ છું અને ગૃહસ્થોનો એ મુખ્ય ધર્મ છે કે તેઓએ હરકોઈ પ્રકારે પોતાને ત્યાં આવેલા અતિથિનું પૂજન કરવું. . . . અને મારૂં તો એ પ્રિય વ્રત છે કે મારા પ્રાણ, મારી સ્ત્રી અને મારી પાસે જે કંઇ દ્રવ્ય છે તે સર્વ મારે અતિથિઓને અર્પણ કરવું" (અનુશાસન ૨ : ૬૯, ૭૧). અશ્વમેધ યજ્ઞમાં અનેક રાજાઓ અતિથિ થઇને આવ્યા હતા. યજ્ઞ પૂરો થતાં "યુધિષ્ઠિરે રાજાઓને પણ અનેક રત્નો, હાથી, ઘોડા, અલંકારો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીઓ, સુવર્ણ તથા વસ્ત્રો અર્પણ કર્યાં" (આશ્વમેધિક પર્વ ૮૯ : ૩૨).

પોતાની સ્તુતિ માટે સ્ત્રીઓ ઇનામમાં અપાતી. વૈન્ય રાજા "અત્રિના પ્રત્યે પ્રેમથી બોલ્યો : હે બ્રહ્મર્ષિ, અહીં તમે મને મનુષ્યોમાં ઉત્તમ અને સર્વ દેવોની બરાબરીનો તથા શ્રેષ્ઠ કહ્યો છે, તેથી હું તમને • • • સારાં વસ્ત્રો તથા અલંકારો વાળી એક હજાર દાસીઓ • • • આપું છું" (વનપર્વ ૧૮૫ : ૩૩, ૩૪).

મેરુતુંગ પોતાના પ્રબંધચિંતામણીમાં લખે છે કે "ભોજરાજા અને તેનો સેનાપતિ કુલચંદ્ર જે પૂર્વકાળે દિગંબર હતો તે બન્ને એકવાર ચાંદનીમાં સાથે બેઠા હતા. તે વખતે રાજાએ એક શ્લોકાર્ધ કહ્યો કે 'જેઓ વલ્લભાની સાથે આખી રાત એક ક્ષણની પેઠે પસાર કરે છે તેઓને ચંદ્રમા શીતળ કિરણ વાળો લાગે છે, પણ વિરહીઓને તો ઉંબાડિયા જેવો સંતાપ કરનારો લાગે છે.' તે સાંભળી કુલચંદ્રે શ્લોકાર્ધ પૂરો કર્યો: 'અમારે તો વલ્લભા યે નથી અને વિરહે ય નથી, તેથી ઉભયભ્રષ્ટ અમારે તો ચન્દ્રમા અરીસા જેવો શોભે છે, એ નથી શીતળ કે નથી ઉષ્ણ' રાજાએ આ સાંભળી તેને એક સ્ત્રી ભેટ આપી." ખુશીને પ્રસંગે આમ સ્ત્રીઓ ભેટમાં પણ અપાતી.

પોતાનું કામ કરી આપવા માટે પણ સ્ત્રીઓ ઇનામમાં અપાતી. કુરુક્ષેત્રમાં કર્ણ અર્જુનને શોધતો હતો, ત્યારે તે બોલેલો કે અર્જુનને જે શોધી આપે તેને "મગધ દેશમાં જન્મેલી, સુવર્ણની માળાઓ વાળી તથા તરુણ વયની સો દાસીઓ ઇનામ તરીકે હું આપીશ. • • • પુત્રો, સ્ત્રીઓ, વિહારો, • • • સર્વ હું આપીશ" (કર્ણપર્વ ૩૮ : ૧૮, ૨૦).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીઓ ભાડે પણ અપાતી. વિશ્વામિત્રને ગુરુદક્ષિણામાં આઠસો ઘોડા આપવા માટે ગાલવ મુનિએ યયાતિ રાજા પાસેથી તેની માધવી નામે કન્યા લીધી. અને તેણે ત્રણ રાજાને પુત્ર માટે વારાફરતી તેને ભાડે આપી દરેક પાસેથી બસો બસો ઘોડા લીધા. પછી છેવટના ઘોડા આપનાર કોઇ ન નીકળ્યાથી ગુરુ વિશ્વામિત્રને એક પુત્ર માટે એ કન્યા ભાડે આપી. કામ સરી રહ્યે ગાલવ મુનિએ તે કન્યા તેના પિતા યયાતિને પાછી સોંપી (ઉદ્યોગ પર્વ ૧૦૬ – ૧૧૯). આ કથા પૃષ્ઠ ૮૫–૮૬ ઉપર કંઇક વિસ્તારથી આપી છે.

આજે ગુપ્ત રીતે, પણ પ્રાચીન કાળે પ્રકટ રીતે સ્ત્રી લાંચલાલચમાં પણ દેવાતી. મહાભારતના યુદ્ધમાં કર્ણ પાણ્ડવપક્ષમાં જાય તો તુરત વિજય મળે એમ કૃષ્ણને લાગ્યાથી એમણે કર્ણને એકલો બોલાવી કહ્યું : જો તું પાણ્ડવપક્ષમાં આવીશ તો "દ્રૌપદી વર્ષના છઠ્ઠા ભાગમાં એટલે બે માસ તારી પાસે આવશે" (ઉદ્યોગ ૧૪૦ : ૧૫). અને આ તો વિષ્ણુનો અવતાર ગણાતા કૃષ્ણે કહેલું!

પ્રાચીનકાળે ક્ષત્રિયો સ્ત્રીઓને પણ જુગારમાં રમતા એ તો પ્રસિદ્ધ વાત છે. રાજપાટ ને એકે એકે ચાર ભાઇઓને જુગારમાં હારી બેઠા પછી ધર્મરાજ યુધિષ્ઠિર કહે છે: "ઓ શકુનિ, જે નીચી નથી તેમ ઊંચી પણ નથી, જે સુકલી નથી તેમ અતિ રાતા રંગની પણ નથી, તેવી શ્યામ વાંકડીઆ કેશ વાળી દ્રૌપદીને દાવમાં મૂકીને હું તારી સાથે રમું છું." પછી મદ્યુમત્ત નિર્લજ્જની પેઠે એ રાજા દ્રૌપદીના સૌન્દર્યનાં ગાન ગાય છે અને અન્તે બોલે છે: "તેવી સુન્દરાંગી અને સુન્દર કટિ વાળી પંચાલરાજની પુત્રી દ્રૌપદીને દાવમાં મૂકીને, હે સુબલપુત્ર, હું ખેદપૂર્વક તારી સાથે દ્યૂત રમું છું" (સભાપર્વ ૬૫ : ૩૩ – ૩૯). અને અન્તે દ્રૌપદીને પણ હારી જાય છે. જિતાએલી દ્રૌપદીને કૌરવો સભામંડપમાં પકડી મંગાવે છે, ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્ણ એને આ વચનો સંભળાવે છે: "હવેથી ધૃતરાષ્ટ્રના પુત્રો તારા સ્વામી ગણાશે, પાણ્ડવો સ્વામી ગણાશે નહિ; અથવા તું પતિના પરાજયથી પોતાનો પરાજય ન માનતી હો તો, હે ભાવિનિ, જે પતિની દ્યૂતક્રીડાથી તને દાસીપણું પ્રાપ્ત થાય નહિ, તેવો બીજો પતિ તું શીઘ્ર કરી લે" (સભાપર્વ ૭૧ : ૨ – ૩).

નળરાજા પણ પોતાના પિત્રાઇ ભાઇ પુષ્કર સાથે દ્યૂત રમેલો. રમતાં રમતાં નળરાજા રાજપાટ વગેરે સૌ હારી બેઠો એટલે પુષ્કરે કહ્યું, કે "ફરી દ્યૂત ચાલવા દે. હવે તારી પાસે દાવમાં મૂકવાનું શું છે? માત્ર એક દમયંતી બાકી રહેલી છે, . . . માટે તું દમયંતીને દાવમાં મૂકવી યોગ્ય માનતો હોય તો ભલે દ્યૂત ચાલવા દે" (વનપર્વ ૬૧ : ૨, ૩). આ સાંભળીને નળરાજાને અત્યંત ક્રોધ ચઢ્યો ને ત્યાંથી ઊઠી દમયંતીને લેઇ વનમાં ચાલતો થયો. પતિપત્નીએ જુદાં પડી જઇને કંઇ કાળ સુધી પુષ્કળ દુઃખ ભોગવ્યું, પણ ત્યાર પછી સદ્ભાગ્યે એ એકઠાં થઇ ગયાં. અને વળી એટલેથી ન ધરાયો હોય એમ નળરાજા પાછો પુષ્કર પાસે આવ્યો ને બોલ્યો : "હે પુષ્કર, દમયંતી અને બીજું જે કંઈ મારી પાસે છે તે હું દાવમાં મૂકું છું અને તું રાજ્યને દાવમાં મૂક. ફરી આપણા બેની વચ્ચે દ્યૂત રમવાનો મેં નિશ્ચય કરેલો છે." એક વાર વિજય પામેલો પુષ્કર દર્પથી બોલ્યો : ભલે ત્યારે, "આજે દમયંતી આ જીતી લીધેલા ધનથી સુશોભિત થઇને, સ્વર્ગમાં અપ્સરાઓ જેમ ઇન્દ્રની સેવા કરે છે તેમ, જરૂર મારી સેવા કરશે. . . . હું આજે સુંદર જઘન વાળી અને નિર્દોષ અંગ વાળી દમયંતીને જીતીને કૃતાર્થ થઇશ ; કારણકે તે નિત્ય મારા હૃદયમાં વસી રહેલી છે" (વનપર્વ ૭૮ : ૫, ૬, ૨૩). દ્યૂત રમાયું, પણ નળરાજા પોતાને સદ્ભાગ્યે જીત્યો, નહિ તો એના દુઃખનો પાર નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી લગ્નનો ઇનકાર પણ થતો. દુષ્યન્તે શકુન્તલા સાથે કણ્વ ઋષિના આશ્રમમાં શકુન્તલા સાથે ગાન્ધર્વલગ્ન કર્યું ને તેની સાથે સંયોગ કરી ચાલતો થયો. જતે દિવસે શકુન્તલાને પુત્ર અવતર્યો. એ પુત્રને લેઇને શકુન્તલા પોતાના પતિ દુષ્યન્તના દરબારમાં ગઇ. પણ દુષ્યન્તને શકુન્તલા સાથેના લગ્નનું "સ્મરણ હતું, તોપણ તે બોલ્યો કે હે દુષ્ટ તાપસિ, મને કંઇ સ્મરણ નથી. તું કોની પુત્રી છે? તારી જોડે ધર્મ, કામ અને અર્થને માટે મારો વિવાહસંબંધ થયો હોય તેની મને સ્મૃતિ નથી; માટે તારે જોઇએ તો તું ચાલી જા કે ઊભી રહે, અથવા ઇચ્છામાં આવે તેમ કર' " (આદિ ૭૪ : ૧૯ – ૨૦).

પરણાવેલી કન્યાને બીજો વર સારો મળતાં તેને ફરી પરણાવવામાં વાંધો મનાતો નહિ. યુધિષ્ઠિરને સત્યવાનના શબ્દમાં ભીષ્મ કહે છે : "જ્યાં પોતાની ઇચ્છા હોય ત્યાં કન્યાને આપવી, એમાં કંઇ વિચાર કરવો જ નહિ. કન્યાનું શુલ્ક આપનારો વર જીવતો હોય છે, તોપણ બીજાને કન્યા આપી શકાય છે." (અનુશાસન ૪૪ : ૫૦).

વળી સ્ત્રીને વેચી નાખવામાં પણ આવતી. વિશ્વામિત્રનું દક્ષિણા-ઋણ પતવવા રાજા હરિશ્ચન્દ્રે નગરમાં જઇને પોતાની સ્ત્રી તારામતીને "બજારમાં મૂકીને ગળગળા કંઠ વડે કહ્યું : 'હે સઘળા નગરના લોકો, મારૂં વચન સાંભળો આ મારી પ્રાણપ્યારીને દાસી કરીને રાખવાનું કોઇને કામ હોય તો હું જેટલું કહું તેટલું ધન આપવાની જેની શક્તિ હોય તે તુરત બોલો" (ભગવતી ભાગવત, સપ્તમ સ્કંધ ૨૨ : ૩ – ૫). અને આમ ભરબજારમાં સ્ત્રીનું લીલામ કરી ઊપજેલી દશ કરોડ સોના મહોરથી ઋણ પતાવીને એ રાજા હરિશ્ચન્દ્ર સત્યવાદી થયો!

અને એમ વેચી નાખવાથી સ્ત્રી પોતાની ભાર્યા મટી જાય એવું કંઈ નહોતું. "વેચી નાખવાથી અથવા તો ત્યાગ કરવાથી સ્ત્રી પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભર્તારની ભાર્યા મટતી નથી. આ પ્રમાણે પ્રજાપતિએ પૂર્વે ધર્મ નિર્માણ કર્યો છે, એમ અમે માનીએ છીએ" (મનુ ૯ : ૪૬).

પરણેલી સ્ત્રીને તેનો પતિ રજા પણ આપી દેતો. ભયંકર યુદ્ધમાં રાવણને હણ્યા પછી રામે સીતાને પોતાની પાસે બોલાવી. પ્રથમ દર્શને જ રામે સતી સીતાને સંભળાવી દીધું, કે : "આ મહાયુદ્ધનો પરિશ્રમ . . . કાંઇ તારે માટે નથી કર્યો, પરંતુ તારૂં હરણ થયાથી મારા ઉપર તથા રઘુકુળ ઉપર આવેલું કલંક દૂર કરવા માટે જ છે. હે સીતે, તારા ચારિત્રમાં મને સંદેહ થયાથી તું અત્યારે મને . . . પ્રતિકૂળ થઇ પડી છે. હે ભદ્રે, હે જનકાત્મજે, તારે માટે દશે દિશાઓ ઉઘાડી છે, તું તારી મરજી પડે તે તરફ જા. મારે હવે તારૂં પ્રયોજન પણ નથી. હે ભદ્રે, હે સીતે, હું મારા કર્તવ્યનો નિશ્ચય કરીને જ તને કહું છું કે ફાવે તો લક્ષ્મણ પાસે કે ભરત પાસે – તને સુખ મળે ત્યાં તું રહે. અથવા તો હે સીતે, તું તારા સુખ માટે શત્રુઘ્ન, સુગ્રીવ કે રાક્ષસરાજ વિભીષણ પાસે રહે. તારા જેવી દિવ્ય સ્વરૂપ વાળી મનોરમા સ્ત્રીને પોતાના જ ઘરમાં જોઇ રાવણ ઘણો સમય ધીરજ રાખી શક્યો નહિ હોય" (યુદ્ધ ૧૧૫ : ૧૫ – ૨૪).

આપત્કાળમાં આવી પડેલી ને તેમાંથી અહુણા જ બચેલી સીતાને આશ્વાસન આપવાને બદલે વિષ્ણુનો અવતાર મનાતા રામ આવા કઠોર વાક્યપ્રહાર કરે ને તેને ચાલ્યા જવાની રજા આપે ત્યારે સ્ત્રીની અવદશાનો તે કંઇ પાર ? એ તો સદ્ભાગ્યે એ અગ્નિપરીક્ષામાંથી પાર ઊતરી એટલે એને રામે રાખી, નહિ તો એ શું કરત ? આ તે લગ્નબંધન કે લગ્નશિથિલતા ?

અને એમ અગ્નિપરીક્ષાથી પોતાનું સતીત્વ પ્રકટ કર્યા છતાં લોકવાયકા સાંભળીને રામે સગર્ભા સીતાને ઘરમાંથી હાંકી કાઢેલી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઉત્તરકાણ્ડ ૪૫થી). રામે સ્ત્રીધર્મને અવગણી રાજધર્મને મહત્ત્વ આપી એમ કર્યું હોય તો એની સામેના આરોપ સાંભળીને તથા સીતાનો ખુલાસો સાંભળીને એને કાઢવી જોઇતી હતી. આજે આરોપ જણાવ્યા ને તેનો અદાલતમાં ન્યાય કર્યા વિના અનેક હિંદીઓને સરકાર જેલમાં પૂરે છે ત્યારે ચિચિયારીઓ પાડી ઉઠીએ છીએ. રામે પણ એવું જ કર્યું છે અને છતાંયે આપણને રામરાજ્ય જોઇએ છે!

શત્રુના હાથમાં ગએલી સ્ત્રી ઉપરથી પોતાનો હક ઉઠાવી લેવાતો. "જે સમયે શત્રુ ચઢી આવ્યો હોય, તે સમયે રાજાએ અંતઃપુરની સ્ત્રીઓને ગુપ્ત રીતે નસાડી મૂકવી; પરંતુ તેઓને નસાડી મૂકવાનું ન બની શકે અને તે સર્વ સ્ત્રીઓ શત્રુઓના તાબામાં આવી ગઇ હોય તો તેઓને શત્રુઓના ધન તરીકે સમજીને જતી જ કરવી, પણ તેઓ માટે દયા કરવી નહિ" (શાન્તિપર્વ ૧૩૧ : ૮).

વળી સ્ત્રીઓ પોતાની મેળે પણ ચાલી જતી. યાદવોનો નાશ અને કૃષ્ણનું મરણ થયા પછી અર્જુન દ્વારકા ગયો. ત્યાં કૃષ્ણના શવનો અગ્નિસંસ્કાર કર્યા પછી અર્જુન "વીર પુરુષોથી રહિત થએલી યાદવોની સ્ત્રીઓ, . . . શ્રી કૃષ્ણની સોળ હજાર સ્ત્રીઓ, . . . આયુધોને ધારણ કરનારા કેટલાએક પુરુષો, . . . હજારો, લાખો અને અબજો ભોજ, યાદવ તથા અંધકવંશીઓની સ્ત્રીઓ"ને દ્વારકામાંથી લેઇને ઇન્દ્રપ્રસ્થ તરફ ચાલ્યો. માર્ગે પંચનદ નામના પ્રદેશમાં આભીર જાતના મ્લેચ્છ લૂંટારા તે સ્ત્રીઓથી લોભાયા ને અર્જુન ઉપર તૂટી પડયા. અર્જુન પાસે પોતાનાં અસ્ત્ર તો હતાં જ, પણ અસ્ત્રવિદ્યા ભૂલી ગયો. પરિણામે 'કાબે અર્જુન લૂંટિયો, એ ધનુષ એ બાણ!' અને "અર્જુનના દેખતાં જ યાદવોની તથા અંધકોની શ્રેષ્ઠ સ્ત્રીઓને લેઇને પેલા મ્લેચ્છ લોકો ચોતરફ ચાલ્યા ગયા. . . . સર્વ યોદ્ધાઓના દેખતાં લૂંટારાઓ તે ઉત્તમ સ્ત્રીઓને ચોતરફથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરી ગયા અને તેમાંની કેટલીક સ્ત્રીઓ તો પોતાની ઇચ્છાથી પણ ચાલી ગઈ" (મૌસલ પર્વ ૭ : ૩૩ - ૬૩)

એટલું જ નહિ પણ વ્યભિચાર કરવાનો પણ અમુક પ્રસંગે પુરુષનો ધર્મ મનાતો. "ઋતુની યાચના કરતી સ્ત્રીને જે પુરુષ ઋતુ-દાન આપતો નથી. તેને બ્રહ્મવાદી બ્રાહ્મણો ભ્રૂણ-અને ગર્ભ-હત્યારો કહે છે" (આદિપર્વ ૮૩ : ૩૩), એમ યયાતિએ કહેલું. વળી વ્યાસે યુધિષ્ઠિરને તો એટલે સુધી કહેલું કે : "ગુરુની આજ્ઞાથી તેની સ્ત્રી સાથે ગમન કરવાથી શિષ્યને પાપ લાગતું નથી" (શાન્તિ પર્વ ૩૪ : ૨૨) "વ્યભિચારિણી · · · સ્ત્રી પણ અમુક સમય ગયા પછી પવિત્ર થાય છે" (૩૦). "ભસ્મથી જેમ પાત્ર શુદ્ધ થાય છે, તેમ (વ્યભિચારિણી) સ્ત્રીઓ રજોદર્શનથી શુદ્ધ થાય છે" (૩૫ : ૩૦). ઇન્દ્ર તો કપટ કરીને ગૌતમઋષિને વેશે તેની સ્ત્રી અહલ્યા સાથે વ્યભિચાર કરવા ગયો અને અહલ્યા ઇન્દ્રને ઓળખી ગયા છતાં " 'અહો! દેવોનો રાજા ઇન્દ્ર મને ઇચ્છે છે,' એવા કૌતુકથી આનંદમાં આવીને અને દેવની સાથે રતિક્રીડાના સુખની લાલચમાં લપટાઇને ઇન્દ્રની સાથે સંભોગ કરવાનો નિશ્ચય કર્યો" (રામાયણ, બાળકાણ્ડ ૪૮ : ૧૯). અને સંભોગ કર્યો પણ ખરો અને વળી એમ કરીને પોતે 'કૃતાર્થ થઇ' માન્યું. ગૌતમઋષિ આવી ચઢ્યા ને એ બંનેને શાપ આપ્યા, પણ અહલ્યાને શાપનું મોચન પણ આપ્યું. એ પ્રમાણે પછીથી રામચંદ્રે તેને શાપમુક્ત કરી (૪૯ : ૧૭). આ અહલ્યા હજી સુધી એ પાંચ સતીઓમાં ગણાય છે!

અને અનેક પ્રકારના વ્યભિચારનાં ઉદાહરણ મહાભારત વગેરે પ્રાચીન ગ્રન્થોમાં એટલાં ભર્યાં છે કે જાણે ત્યારે લગ્ન જ નહોતાં. એ સૌ વાંચતાં આજે તો કંપ છૂટે, પણ વળી વ્યભિચારીને માટે સજા પણ એવી જ ભયંકર ઠરાવી છે. "જે સ્ત્રી પોતાના બ્રાહ્મણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિનો ત્યાગ કરી બીજા નીચ વર્ણના પુરુષ સાથે વ્યભિચાર કરે તેને રાજાએ કોઇ વિશાળ પ્રદેશમાં ઊભી રાખીને કૂતરાઓ પાસે કરડી ખવરાવવી (શાન્તિપર્વ ૧૬૫ : ૬૪). મનુએ પણ એવી જ ભયંકર સજા કરાવી છે: "વ્યભિચારી પાપી પુરુષને રાજાએ લોઢાના ધગધગતા પલંગ ઉપર સુવરાવીને બાળી નંખાવવો અને તે પાપી ઝટ બળી જાય તેમ તેના ઉપર સર્વ લોકોએ લાકડાં નાખવાં" (૮ : ૩૭૨). પણ જ્યાં 'રાજા,' 'સર્વ લોકો' ને સમસ્ત વાતાવરણ જ વ્યભિચાર-ભારથી ભારે થઇ ગયું હોય ત્યાં આવી સજાઓ શા કામમાં આવે? ખૂદ મનુ જ પક્ષપાત કરે છે. નીચા વર્ણનો પુરુષ ઊંચા વર્ણની સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો તેને ભારે સજા, ઊંચા વર્ણનો પુરુષ નીચા વર્ણની સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો તેને હળવી સજા: "બ્રાહ્મણ જાતિના પુરુષને વ્યભિચાર સંબંધે દેહાન્ત દંડને ઠેકાણે માથું મૂંડાવવાની શિક્ષા કરવી અને બીજા વર્ણોને દેહાન્ત દંડની શિક્ષા કરવી" (૮ : ૩૭૯), એવો પક્ષપાત થાય, સૌથી વધારે સંસ્કૃત હોવાથી બ્રાહ્મણને જ વધારે સજા કરવી ઘટે તેને બદલે તેને હળવી સજા કરવામાં આવે, ત્યાં અપરાધ શી રીતે ઘટે? અને એ કાળે વ્યભિચારનો અપરાધ નહોતો જ ઘટ્યો એ તો સારી રીતે જણાઇ આવશે.

આવી શિથિલ લગ્નપ્રણાલીમાં, "હે ભાવિનિ, કન્યા શબ્દની ઉત્પત્તિ कन् ધાતુથી થએલી છે અને તે ઉપરથી 'સર્વની કામના કરે તે કન્યા' એવો અર્થ થાય છે; તેથી હે સુંદર કટિ વાળી સુંદરિ, કન્યા આ જગતમાં સ્વતંત્ર છે. . . . હે સુંદરિ, સઘળી સ્ત્રીઓ અને પુરુષો પ્રતિબંધ વિનાનાં છે, અને લોકોની એ સ્વાભાવિક સ્થિતિ છે; એ વિના બીજા વિવાહાદિક નિયમો તે વિકાર જ છે" (વનપર્વ ૩૦૭: ૧૩ – ૧૫), એમ જો સૂર્ય કુંતીને કહે તો એમાં આશ્ચર્ય લાગે ખરું?

અને આ આખા અધ્યાય ઉપરથી જોઇ શકાશે કે પ્રાચીન કાળે આપણા પૂર્વજો સ્ત્રીને પોતાની મિલ્કત માનતા : તેને દાનમાં દેતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુગારમાં મૂકતા, ભાડે આપતા, લાંચમાં આપતા, વેચતા, કે ધનની ને પશુની પેઠે તેનું ફાવે તે કરતા. આમ નારીની પરાધીનતા બહુ કાળથી —પ્રાચીન કાળથી—થઇ ગઇ છે, અને ત્યારથી જ લગ્નપ્રપંચ પણ.

અને આપણા પૂર્વજોની આવી લગ્નશિથિલતા જાણ્યા પછી પણ, 'ખ્રિસ્તીઓનાં ને મુસલમાનોનાં લગ્ન તો માત્ર કરાર છે, અમારાં હિંદુઓનાં જ લગ્ન પવિત્ર ધર્મવિધાન છે,' એમ છાતી ને નાક ફુલાવીને બોલીએ, એ તે મિથ્યા અભિમાન ને આડંબર કે બીજું કંઇ? બેશક પૂર્વજો કરતાં આજની આપણી લગ્નશિથિલતા કંઇક ઓછી માનીએ તો ય શું? કદાપિ લગ્ન એ પવિત્ર ધર્મવિધાન જેવું કંઇક હશે, તો ય હિંદુ પુરુષોએ પોતાની સ્ત્રીઓને જ ગળે ધર્મને નામે જડી દીધેલી લગ્નબેડી છે, બાકી પુરુષ તો પશુપંખી કરતાં યે છૂટો છે. અને ત્યારે ગોવર્ધનરામે સાચું જ કહ્યું છે કે હિંદુ સ્ત્રીને રોવા વગર બીજો માર્ગ નથી. હા! પુરુષે સ્ત્રી ઉપર લગ્નને નામે યોજેલો ભયંકર પ્રપંચ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૮

લગ્નવિચ્છેદ અને વિધવાવિવાહ

સ્ત્રીની આવી પરાધીન અવસ્થામાં એ લગ્નવિચ્છેદ તો શી રીતે કરી શકે? પુરુષ તેને હાંકી મૂકે, પણ એ પોતાની મેળે શી રીતે ચાલી જાય? બેશક ક્વચિત્ પ્રસંગે લગ્નવિચ્છેદનાં વિધાન મળી આવે છે. અમુક પ્રસંગે "કન્યાનું શુલ્ક આપનારો વર જીવતો હોય છે, તોપણ બીજાને કન્યા આપી શકાય છે" (અનુશાસન ૪૪ : ૫૦). યાજ્ઞવલ્કય પણ એમ જ કહે છે: "સારો વર મળી આવે તો આપેલી કન્યા પણ પાછી લેઇ લેવી" (૧ : ૬૫). મનુ કહે છે કે "પોતાનો પતિ ધર્મ સંબંધી કામને માટે પરદેશ ગયો હોય તો સ્ત્રીએ તેની આઠ વર્ષ સુધી વાટ જોવી, વિદ્યા ભણવા માટે અથવા તો કીર્તિનાં કાર્ય માટે પરદેશ ગયો હોય તો ૭ વર્ષ સુધી વાટ જોવી અને સુખને માટે પરદેશ ગયો હોય તો ત્રણ વર્ષ સુધી વાટ જોવી" (૯ : ૭૬); પણ પછી બીજો પતિ કરી લેવો કે શું કરવું તે વિષે કંઇ કહ્યું નથી. પણ પરાશર તો સ્પષ્ટ રીતે કહે છે કે "પતિ નાશી ગયો હોય, મરી ગયો હોય, સાધુ થઇ ગયો હોય, નપુંસક હોય કે વટલી ગયો હોય તો એવી પાંચ પ્રકારની આપત્તિમાં નારીએ બીજો પતિ કરી લેવો" (૨ : ૩૧). મરી ગયો હોય તો તો વિધવા થઇ, પણ બાકીની ચાર અવસ્થામાં સધવા હોવા છતાંયે લગ્નવિચ્છેદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને બીજો પતિ કરી લેવાનું આ સ્પષ્ટ વિધાન છે. કાત્યાયન કહે છે કે "જો વર અન્ય જ્ઞાતિનો હોય, પતિત હોય, નપુંસક હોય, વિકર્મ હોય, સગોત્ર હોય, દાસ હોય, દીર્ઘામય હોય, તો પરણાવેલી કન્યા પણ બીજાને પરણાવી દેવી જોઇએ અને પેલાને આપેલાં આભૂષણ પણ છીનવી લેવાં જોઇએ." તેમ જ વળી "વર જો કુલ-શીલથી યુક્ત ન હોય તો નથી કંઇ મંત્રનું કારણ રહેતું કે નથી કન્યા જુદી થતી. બળપૂર્વક એ કન્યાને છીનવી લાવવી અને એ અક્ષતયોનિ કન્યાને બીજા ગુણવાન પુરુષને દેવી એમ શાતાતપે કહ્યું છે" વળી "એક બીજા ઉપર જેમને અપ્રીતિ હોય તેવાં વરકન્યાએ પતિપત્ની તરીકે સાથે રહેવું જ નહિ, એક બાજાનો ત્યાગ જ કરી દેવો" (અનુશાસન ૪૪ : ૨૩).

અને આમ લગ્નવિચ્છેદ કર્યાનાં કોઇ વિરલ ઉદાહરણ મહાભારતમાં મળી પણ આવે છે. દીર્ઘતમા મુનિને એક સમયે તેની સ્ત્રી પ્રદ્વેષીએ કહ્યું : "જન્માન્ધ એવા તમારું તથા તમારા પુત્રોનું મેં આજ સુધી પોષણ કર્યું, પરંતુ હવે હું તેમ કરવા અશક્ત છું." આમાંથી પતિપત્નીને કજિયો થયો. પોતાને છોડી એ બીજો પતિ કરી લેશે એમ પ્રદ્વેષીનાં વચનોથી શંકા પડતાં દીર્ઘતમાએ મર્યાદા બાંધી કે "'પતિ જીવતો હોય અથવા મરણ પામ્યો હોય, તોપણ સ્ત્રી બીજો પતિ કરી શકે નહિ. અને જો સ્ત્રી બાજો પતિ કરશે તો નિઃસંશય તે પતિત થશે. તેમજ પતિ વિદ્યમાન છતાં તેના વિના એકલી રહે-નારી નારીઓ પણ આજથી આરંભીને પાતકી ગણાશે.' . . . આવાં દીર્ઘતમાનાં વચન સાંભળી બ્રાહ્મણીને ઘણો ક્રોધ થયો અને બોલી : 'એ પુત્રો, આને ગંગામાં નાખી આવો.' આવું માતાનું કહેવું સાંભળીને લોભ અને મોહથી ભરેલા ગૌતમ વગેરે પુત્રોએ દીર્ઘતમાને બાંધી હોડકામાં નાખી ગંગામાં હડસેલી દીધા" (આદિપર્વ ૧૦૪ : ૩૧-૩૯).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ છતાં યે લગ્નવિચ્છેદની પ્રથા ત્યાર પછી પણ કંઇક કંઇક ચાલતી જ રહેલી જોવામાં આવે છે. બૌદ્ધ કાળમાં એને વિષે કંઇ નવાઇ નહોતી, કારણકે રાજકુમાર વિશ્વન્તર દેશનિકાલની સજા પામી પરદેશ જવા તૈયાર થાય છે અને પોતાની પત્ની માદ્રીને છેવટનો મળી લેવા જાય છે ત્યારે તેને કહે છે : "પ્રિયે, તારો હવે જે પતિ થાય, તેના તરફ માયાળુ, વફાદાર અને આજ્ઞાંકિત થજે; અને હું જાઉં તે પછી જો કોઇ તને પરણવા ન આવે તો તું પોતે કોઇ યોગ્ય પુરુષને પરણી જજે, પણ એકલી રવડીશ મા." જોકે ઉત્તરમાં માદ્રી કહે છે કે "આર્ય, આવું ન બોલવા જેવું શું બોલો છો ? હું તમારી સાથે જ રહીશ" (જાતક : ૫૪૭). તોપણ પતિ જ પત્નીને છેક સ્વાભાવિક શબ્દોમાં લગ્નવિચ્છેદ કરવાની પરવાનગી આપે છે, ત્યારે તે રિવાજ તે કાળે હશે એમ લાગ્યા વિના નથી રહેતું. અને આવા વિધાનનું એક વાકય તો ખૂદ ઋગ્વેદમાંથી પણ મળી આવે છે : अन्यमिच्छस्त्र सुभगे पतिं मत्। (मं. १०, सू. १, मं. १०) : હે સુભગે, તું મારાથી અન્ય પતિની ઇચ્છા કર.

પણ પછી બળવાન પુરુષ ધીરે ધીરે લગ્નવિચ્છેદની આ પ્રથાનો નિષેધ કરતો ગયો છે અને હિંદુ સમાજમાંથી એ પ્રથા આજે અદૃશ્ય થઇ ગઇ છે.

જ્યારે આમ લગ્નવિચ્છેદની પ્રથા પણ હતી, ત્યારે વિધવાલગ્નની પ્રથા તો હોય જ, એમાં નવાઇ શી ? વિધવા "અક્ષતયોનિ હોય અથવા પતિ પાસે જઇ આવેલી પણ હોય, તોપણ પૌનર્ભવ પતિની સાથે તેનો પુનઃસંસ્કાર કરવો જોઇએ" (મનુ ૯ : ૧૭૬). પરાશર (૨ : ૩૧), વશિષ્ઠ (૧૭), (નારદ ૧૨), બૌધાયન વગેરે અનેક સ્મૃતિકારોએ વિધવાવિવાહને અનુમતિ આપી છે. પરાશર ને નારદ તો જીવતે પતિએ પણ અમુક સંજોગોમાં સ્ત્રીને ફરી લગ્ન કરવાની અનુમતિ આપી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાભારતમાં વિધવાવિવાહનાં પણ ઉદાહરણ મળી આવે છે: "જ્યારે મહાત્મા ગરુડે એ નાગપુત્રીના પતિને મારી નાખ્યો ત્યારે ... નાગરાજ ઐરાવતે એ પોતાની પુત્રીને અર્જુન સાથે પરણાવી હતી" (ભીષ્મપર્વ ૯૦ : ૮). અને એ લગ્નથી અર્જુનને ઇરાવાન્ નામે પુત્ર થયો હતો, એણે મહાભારતના યુદ્ધમાં ભીષ્મ સામે સંગ્રામ મચાવ્યો હતો. નળ દ્યૂતમાં હારીને દમયંતી સાથે વનમાં ગયો, ત્યાં બન્ને વિખૂટાં પડ્યાં. કેટલેક કાળે દમયંતી પોતાના પિતાને ઘેર ગઇ. નળ ઋતુપર્ણ રાજાને ઘેર બાહુક રૂપે તેના સારથિનું કામ કરવા લાગ્યો. દમયંતીને એ વાતની ખબર પડી ને લાગ્યું કે કદાચ એ જ નળ હશે. પરીક્ષા કરવા તેને બોલાવવાની ઇચ્છા થઇ, ઋતુપર્ણ આવે તો તેનો સારથિ બાહુક પણ આવે, એ અભિપ્રાયથી "દમયંતીએ સુદેવને બોલાવીને તેને પોતાની માતાની સમક્ષ કહ્યું : 'હે સુદેવ, ... તું અયોધ્યા નગરીમાં રહેનારા ઋતુપર્ણ રાજાની પાસે ઝટ જા અને તેને કહે કે 'ભીમરાજાની પુત્રી દમયંતી ફરી સ્વયંવર કરવાની છે અને તે માટે ... અહીંથી ઝટ પ્રયાણ કરો. કાલે સૂર્યોદય થતાં જ તે બીજા પતિને વરશે; કારણકે શૂરવીર નળરાજા જીવે છે કે નહિ તેનો કંઇ પત્તો જ નથી.'" (વનપર્વ ૭૦ : ૨૨ – ૨૬). પુનર્વિવાહની આ પ્રકારની પ્રથા ન હોય તો દમયંતીથી આ રીતનો સંદેશો મોકલીને ઋતુપર્ણને તેડાવી શકાત જ નહિ, પરીક્ષણનો આવો પ્રયોગ કરી શકાત જ નહિ. પ્રસિદ્ધ મંત્રી વસ્તુપાળ તેજપાળ વિધવા-લગ્નનાં સંતાન હતાં.

અનેક જાતિઓમાં ઢોર વગેરે બીજી મિલકતની પેઠે વિધવા પણ વારસને મળતી (પૃષ્ઠ ૫૫). તેના અવશેષ જાણે હિંદુ સમાજમાં રહી ગયા હોય એમ અનેક સ્મૃતિકારોએ દેવરલગ્નને ખાસ અનુમતિ આપી છે. એ દેવર શબ્દ જ द्वितीय वर ઉપરથી થયો છે (निरुक्त ૩ : ૧૫). "જે કન્યાનું વાગ્દાન કર્યા પછી તેનો પતિ મરી જાય, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કન્યાને તેના દિયેરે પરણવી. કન્યાનો શુલ્ક આપનાર પતિ જો મરી જાય અને તેની જો ઇચ્છા હોય તો તેને તેના દિયેર સાથે પરણાવવી" (મનુ ૯ : ૬૯, ૯૭). મહાભારત પણ બરાબર એમ જ કહે છે (અનુશાસન ૪૪ : ૫૨), અને વળી વિધવાને એમ ઉદાહરણ રૂપે પણ વાપરે છે: "જેમ એક સ્ત્રી પોતાનો પતિ ન હોય ત્યારે પોતાના દિયેરને પતિ કરે છે, તેમ પૃથ્વી પણ બ્રાહ્મણ ન મળે ત્યારે ક્ષત્રિયને પોતાનો પતિ કરે છે" (અનુશાસન ૮ : ૨૨, શાન્તિપર્વ ૭૨ : ૧૨).

અને આમ વારસામાં ઊતરવા જેવી સ્થિતિમાં આવી પડેલી વિધવા સુખી તો ક્યાંથી જ હોય? તેની સ્થિતિ દુઃખી હતી. જાતક-કથાઓમાં તેની સ્થિતિ આમ વર્ણવી છે: "વિધવાસ્થિતિ ભયંકર છે, બધાંનું એંઠું તે જમે છે; ગમે તે માણસ એને ગમે તે ઇજા કરી શકે છે, ભાઇભાંડુ તરફથી ક્રૂર વચનોનો મારો ચાલતો જ ✓ રહે છે; વિધવાને ભલે દશ ભાઇઓ હોય તોય એ તો એકલી જ છે. આહ! આ ભયંકર છે" (૫૪૭). વિધવાના પુત્રને હલકો ગણી લોક એને વિધવાપુત્તો કહી મશ્કરી કરે છે (૫૩૯).

અને સધવાની જ જ્યાં પશુ પેઠે પરાધીનતા હોય, ત્યાં વિધવાની પરાધીનતાની તો વાત જ શી કરવી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૯

લગ્નક્ષેત્ર

માનવજાતિમાં લગ્નભાવનાનો ઉદય થયો, ત્યારે લગ્નક્ષેત્ર કેટલું સંકુચિત હતું તે દશમા અધ્યાયમાં વર્ણવ્યું છે. તે વારે માતૃગમન, પુત્રીગમન કે સ્વસૃગમન જેવો રુધિરસંબંધ (Incest) બાંધતાં કોઇને કશો ય સંકોચ લાગતો નહિ. એવો સંબંધ બહુ કાળથી અનેક સંસ્કૃત જાતિઓમાં બંધ થઇ પણ ગયો છે; આર્યોમાં પણ બંધ થઇ ગયો છે, છતાં પ્રાચીન આર્યોને એ વિષેનાં ઝાંખાં સંસ્મરણો તો હતાં જ.

વાયુપુરાણના દશમા અધ્યાયમાં આમ કથા છે :

द्विधाऽकरोत् स तं देहमर्धेन पुरुषोऽभवत् ॥ ७ ॥

अर्धेन नारी स तस्य शतरूपां व्यजायत ।

सा देवी नियतं तप्त्वा तपः परमदुश्चरम् ॥ १० ॥

भर्तारं दीप्तयशसं पुरुषं प्रत्यपद्यत ।
स वै स्वायंभुवः पूर्वं पुरुषो मनुरुच्यते ॥ ११ ॥

" બ્રહ્માએ પોતાના શરીરના બે ભાગ કર્યા, એક અર્ધા ભાગમાંથી પુરુષ થયો અને બીજા અર્ધા ભાગમાંથી નારી શતરૂપા થઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૭). પુરુષ ભાગ તે સ્વાયંભુવ મનુ. એ દેવીએ પરમદુશ્ચર તપ કરીને સ્વાયંભુવ મનુને પતિ તરીકે પ્રાપ્ત કર્યા" (૧૦-૧૧). મનુને શતરૂપાથી પ્રિયવ્રત ને ઉત્તાનપાદ નામે બે પુત્રો તથા આકૂતિ ને પ્રસૂતિ નામે બે પુત્રીઓ થએલી. આ જ કથા હરિવંશમાં (૨ : ૧-૪), વિષ્ણુપુરાણમાં (૧, ૭ : ૧૪-૧૫) અને બ્રહ્મપુરાણમાં (૨ : ૧-૫) પણ આપી છે. આ કથા સ્પષ્ટ રીતે જણાવે છે કે બ્રહ્માએ પોતાના શરીરમાંથી ઉત્પન્ન કરેલાં બે સંતાનોએ – મનુ અને શતરૂપાએ – એ બે ભાઈબેને લગ્ન કરેલાં.

યમ અને યમી બે ભાઈબેન મનાય છે અને તેમનો સંયોગસંબંધ થયે જગત ઉપરની માનવજાતિનો વિસ્તાર થયો એમ કહેવાય છે. નિરુક્તનો ટીકાકાર દુર્ગ લખે છે: यमी कील यमं प्रार्थयांचकार एहि मैथुनाय संगच्छावहा इति (યમીએ ખરે જ યમને પ્રાર્થના કરી: ચાલો આપણે મૈથુનને માટે જઈએ) પારસીઓના અવસ્તા ગ્રંથમાં પણ યમ-યમીની કથા આવે છે ને તે ઉપરથી લાગે છે કે આર્યો આર્યાવર્તમાં આવ્યા તે પહેલાંની આ કથા ચાલી આવે છે. અને ત્યાર પછી પણ ઈરાનમાં ભાઈબેનનું લગ્ન તો બિલકુલ કાયદેસર હતું (પૃષ્ઠ ૬૫). વળી यमी શબ્દ ઉપરથી સંસ્કૃતમાં यामि અને जामि શબ્દો થયા છે અને એનો અર્થ પ્રથમ 'બેન' હતો, તે ધીરે ધીરે વિસ્તરી 'પુત્રી', 'પુત્રવધૂ' ને પછી ઠેઠ 'કુલસ્ત્રી' સુધી ગયો (शब्दस्तोममहानिधिः). जामि શબ્દ મનુએ પણ 'કુલસ્ત્રી'ના અર્થમાં વાપર્યો છે.

જૈન ધર્મની કથાઓમાં લખ્યું છે કે સુષમસુષમા આરામાં (યુગમાં) "બધાં બાળક યુગલ અવતરતાં, અને તેમાં એક છોકરો ને એક છોકરી એવી રીતે અવતરતાં. આ બન્ને સદા જીવનસહચર્યામાં યોજાતાં" ('જૈનધર્મ' પૃષ્ઠ ૨૬૯).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શ્વેતામ્બરમતે (પહેલા તીર્થંકર) ઋષભદેવની સ્ત્રીઓનાં નામ સુમંગલા અને સુનન્દા હતાં. સુમંગલા તો ઋષભદેવની સાથે જન્મેલી હતી અને સુનન્દાનો જોડકાનો પુરુષ તાડફળના પડવાથી મરી ગયો અને તેથી તે તેનો સ્વામી થઇ શક્યો નહિ, એટલે ઋષભદેવની સાથે એનું લગ્ન થયું" (૨૭૨). આમ ઋષભદેવે પોતાની બે બેનો સાથે લગ્ન કરેલું.

"પોતનપુરમાં રિપુપ્રતિશત્રુ નામે રાજા હતો. તેની રાણી ભદ્રા ... ગર્ભવતી હતી. ... ત્યાર પછી રાણીને એક પુત્રી અવતરી, તેનું નામ મૃગાવતી પાડ્યું. યુવતી થતાં એ કન્યા એવી સુંદર થઇ કે તેનો પિતા તેના ઉપર મોહ પામ્યો અને તેની સાથે લગ્ન કરવાનો એણે નિશ્ચય કર્યો ... એણે ગાન્ધર્વલગ્નની પ્રણાલીએ મૃગાવતીની સાથે, પોતાની પ્રજાને આશ્ચર્યચકિત કરીને, લગ્ન કર્યું અને તેથી તે પ્રજાપતિ કહેવાયો. ... રિપુપ્રતિશત્રુને ત્યાં મૃગાવતીને પેટે પુત્ર અવતર્યો." આ પુત્ર તે પહેલો વાસુદેવ ત્રિપૃષ્ઠ (૨૮૧). આમ આ રાજા રિપુપ્રતિશત્રુએ પોતાની પુત્રી સાથે લગ્ન કર્યું હતું, અને વળી તે લગ્નથી એને પેટે વાસુદેવ નામે મહાપુરુષનો જન્મ થયો હતો.

આ બધી કથાઓ ઉપરથી એમ સાબિત થાય છે કે આર્યોને એવી કથાઓમાં કશું અનિષ્ટ નહોતું લાગતું. બેશક વ્યવહારમાં એવાં લગ્ન થયાનાં ઉદાહરણ પુરાણોમાં નથી મળી આવતાં. જોકે વામમાર્ગીઓ ધર્મને નામે કશો પણ ભેદ રાખ્યા વિના ગુપ્તમાં એવા સંયોગસંબંધ બાંધતાં સંકોચાતા નથી, પણ એને લગ્નની પ્રથા કહી શકાય નહિ.

પણ મામાફોઇનાં સન્તાનોનાં લગ્ન તો પુરાણોમાં વારંવાર આવે છે. યાદવ વંશના શૂરસેનને પુત્ર વસુદેવ અને પુત્રી પૃથા એમ બે સંતાન હતાં. વસુદેવને બળદેવ અને કૃષ્ણ નામે પુત્ર તથા સુભદ્રા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામે પુત્રી હતી. પૃથા કુન્તિભોજને આપી ને તેથી કુન્તી કહેવાઇ. કુન્તીનો પુત્ર અર્જુન સુભદ્રાને પરણ્યો હતો. આમ અર્જુન પોતાના સગા મામાની પુત્રી સુભદ્રા સાથે પરણ્યો હતો.

વળી જૈન રામાયણમાં લખ્યું છે તે પ્રમાણે અયોધન રાજાની બેન સત્યયશા તૃણબિંદુ સાથે પરણેલી, તૃણબિંદુની બેન દિતિ અયોધન સાથે પરણેલી. એમ આ બે લગ્ન સાટાંથી થયાં ગણાય. અયોધનને સુલસા નામે પુત્રી હતી, તૃણબિંદુને મધુપિંગ નામે પુત્ર હતો. સુલસાના લગ્ન માટે સ્વયંવર રચવાનો હતો. દિતિ પોતાના ભત્રિજા મધુપિંગને વરવા માટે પોતાની પુત્રી સુલસાને સમજાવી રહી હતી ને તેણે તેની પાસેથી એવું વચન પણ લીધું હતું (પર્વ ૭, સર્ગ ૨). પણ સુલસા અંતે સગર રાજાને પરણેલી, તેથી તેની માતાએ યોજેલું લગ્ન થયું નહિ; થયું હોત તો એવડી રીતે મામાફોઇનાં સંતાનનું લગ્ન ગણાત.

જૈન કથા પ્રમાણે રાજા શૂરને શૌરિ અને સુવીર નામે બે પુત્ર હતા. શૌરિનો પુત્ર અન્ધકવૃષ્ણિ અને તેનો પુત્ર વસુદેવ; સુવીરનો પુત્ર ભોજવૃષ્ણિ અને તેનો પુત્ર દેવક. દેવકની કન્યા દેવકી સાથે વસુદેવનું લગ્ન થએલું અને એ સગોત્ર લગ્નથી કૃષ્ણનો જન્મ થએલો. વળી અંધકવૃષ્ણિનો બીજો પુત્ર સમુદ્રવિજય અને તેનો પુત્ર તે બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિ; ભોજવૃષ્ણિનો બીજો પુત્ર ઉગ્રસેન અને તેની પુત્રી રાજીમતી. અરિષ્ટનેમિ સાથે રાજીમતીનાં લગ્ન ગોઠવાએલાં. અરિષ્ટનેમિ શણગારેલા રથ ઉપર બેશીને લગ્નક્રિયા માટે માંડવે ચાલ્યા. પણ લગ્નના જમણ માટે કપાનાં પશુની ભયંકર ચીસો સાંભળીને એમના હૃદયમાં દયાભાવ જાગ્રત થયો ને તરત જ એમણે સંસારનો ત્યાગ કર્યો. એમનું અનુકરણ કરીને રાજીમતીએ પણ સંસારત્યાગ કર્યો ને સાધ્વી થયાં. આ લગ્ન થયાં હોત તો તે પણ સગોત્ર જ ગણાત.

પણ એવાં છેક આન્તર લગ્નમાં ધીરે ધીરે દોષ જણાવા લાગ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને તેનો ત્યાગ થવા લાગ્યો. ધર્મપ્રદેશમાં એવાં લગ્ન પાપરૂપ મનાવા લાગ્યાં. સ્મૃતિકારોએ લગ્નવર્તુળની આન્તર સીમા બાંધી. મનુએ કહ્યું કે "જે કન્યા માતાની સપિંડ ન હોય અને પિતાની સગોત્ર ન હોય તેવી કન્યા વંશવર્ધનને માટે શ્રેષ્ઠ ગણાય છે" (૩ : ૫). સપિંડ એટલે કેટલાકને મતે માતાની ત્રણ પેઢી અને ગૌતમને મતે પાંચ પેઢી અંદરની તથા સગોત્ર એટલે પિતાની સાત પેઢી અંદરની કન્યા. આવી કન્યા સાથે લગ્ન થઇ શકે નહિ એવી આન્તર સીમા બાંધી, અને તેથી વિધવા ભાભીને પરણવામાં દોષ ન મનાયો (પૃ. ૧૧૬).

લગ્નવર્તુળની બાહ્ય સીમાઓ પણ આર્યોએ બાંધી છે. આર્યોના ચાર વર્ણ : બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર; અને તે અનુક્રમે એક પછી એક ઊતરતો. ઊતરતા વર્ણનો પુરુષ ઉપરના વર્ણની કન્યા સાથે લગ્ન કરે તે પ્રતિલોમ લગ્ન કહેવાય; ઉપરના વર્ણનો પુરુષ ઊતરતા વર્ણની કન્યા સાથે લગ્ન કરે તે અનુલોમ લગ્ન કહેવાય.

પ્રતિલોમ લગ્નનો નિષેધ નથી, છતાં એવાં લગ્ન આર્યોમાં બહુ વિરલ હતાં. બ્રાહ્મણ શુક્રાચાર્યની પુત્રી દેવયાનીની સાથે ક્ષત્રિય રાજા યયાતિએ લગ્ન કર્યું હતું. ક્ષત્રિય કન્યા દ્રૌપદીના સ્વયંવરમાં કર્ણ પોતાનું ધનુષ્ય લેઇને નિશાન તાકવા ઊભો થયો, "પરંતુ કર્ણને જોઇને જ દ્રૌપદીએ મોટે સાદે કહ્યું કે 'હું સૂતને વરીશ નહિ'" (આદિપર્વ ૧૮૭ : ૨૩); કારણકે તે વારે દ્રૌપદીને ખબર નહોતી કે કર્ણ ક્ષત્રિયકન્યા કુન્તીનો પુત્ર છે, એ તો એમ જ જાણતી હતી કે એ તો દાસીપુત્ર છે. આમ પ્રતિલોમ લગ્ન બહુ થતાં નહિ

મનુએ સવર્ણ લગ્ન ઉત્તમ માન્યું છે. "બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને ધર્મકર્મ કરવા માટે તથા વંશવર્ધન માટે પોતાના વર્ણની સ્ત્રી શ્રેષ્ઠ છે, પરંતુ કામનાથી પ્રેરાએલો પુરુષ બીજા વર્ણની સ્ત્રીઓ સાથે લગ્ન કરે" (૩ : ૧૨). આમ વિવર્ણ લગ્નની પરવાનગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યા પછી અનુલોમ લગ્નનું વિધાન કરે છે: 'શૂદ્ર જાતિનો પુરુષ શૂદ્ર કન્યાની સાથે, વૈશ્ય પુરુષ વૈશ્ય તથા શૂદ્ર કન્યા સાથે, ક્ષત્રિય પુરુષ ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર કન્યા સાથે અને બ્રાહ્મણ પુરુષ સર્વે વર્ણની કન્યા સાથે લગ્ન કરી શકે" (૧૩). પણ પછીના ત્રણ શ્લોકમાં વળી શૂદ્ર કન્યા સાથે ઉપરના ત્રણ વર્ણના પુરુષોને લગ્ન કરવાનો નિષેધ કર્યો છે. વળી કહે છે કે "દ્વિજ પુરુષ પોતાના તેમજ બીજા વર્ણની સ્ત્રીઓ સાથે લગ્ન કરે તો તેણે તેમને વર્ણના ક્રમ પ્રમાણે ઊંચું નીચું સ્થાન આપવું" (૯ : ૮૫).

આવાં અનુલોમ લગ્નનાં અનેક ઉદાહરણ મહાભારતમાં મળી આવે છે અને શૂદ્ર કન્યા સાથે લગ્ન કરવાનો નિષેધ હોવા છતાં "મહાત્મા તથા ઉત્તમ વ્રતવાળા ગૌતમ મુનિએ ઔશીનરી નામની શૂદ્ર કન્યામાં કાક્ષીવાન્ આદિ પુત્રોને ઉત્પન્ન કર્યા હતા. શૂદ્ર કન્યાથી ઉત્પન્ન થયા છતાં તે કાક્ષીવાન્ આદિના વંશજો ગૌતમના ઐશ્વર્યથી આ સ્થાનમાં માગધવંશના રાજાઓ ગણાય છે" (સભાપર્વ ૨૧ : ૫-૬). "ગંગાપુત્ર ભીષ્મે દેવક રાજાને ત્યાં સ્વરૂપ અને યૌવન વાળી પારશવી (બ્રાહ્મણથી શૂદ્રકન્યામાં ઉત્પન્ન થએલી) કન્યા છે એમ સાંભળ્યું, ત્યારે તેનું માગું કરીને તેને લાવી ભરતર્ષભ ભીષ્મે મહામતિ વિદુર સાથે તે કન્યાનાં લગ્ન કરાવ્યાં. કુરુનંદન વિદુરે તે સ્ત્રીમાં વિનયસંપન્ન અને પોતાના જેવા ગુણ વાળા પુત્રો ઉત્પન્ન કર્યા હતા" (આદિપર્વ ૧૧૪ : ૧૨-૧૪). અને બ્રાહ્મણ ઋષિઓએ અપ્સરાઓ સાથેના સંયોગથી ઉત્પન્ન કરેલા આચાર્યોનો ને ઋષિઓનો તો પાર નથી (પૃષ્ઠ ૮૧-૮૪). કહ્યું છે કે "નીચ કુળમાંથી પણ સ્ત્રીરૂપ રત્નને સ્વીકારવું; કેમકે ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ સ્ત્રી, રત્ન ને જળ સદા ય પવિત્ર ગણાય છે" (શાન્તિ ૧૬૫ : ૩૨).

બૌદ્ધકાળમાં પણ એવાં અનુલોમ લગ્ન થતાં. એક સેનાધ્યક્ષ વેપારીની કન્યાને પરણે છે અને એક રાજકુમાર વેપારીની કન્યાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરણવા તૈયાર થાય છે (જાતક કથા ૫૨૭). ત્યાર પછી પણ ઘણા કાળ સુધી અનુલોમ લગ્ન ચાલુ રહેલાં. " શૂદ્ર સ્ત્રીથી ઉત્પન્ન થએલા બ્રાહ્મણના પુત્ર પારશવનો " (બ્રાહ્મણ પુરુષથી શૂદ્ર કન્યામાં થએલો પારશવ પુત્ર નિષાદ જાતિનો ગણાય છે, મનુ ૧૦ : ૮) ઉલ્લેખ બાણ કવિએ કર્યો છે. . . . મંડોરના વિ. સં. ૮૯૪ અને ૯૧૮ના લેખોમાં બ્રાહ્મણ હરિશ્ચંદ્રનો ક્ષત્રિય કન્યા ભદ્રાની સાથેના વિવાહનો ઉલ્લેખ મળે છે. બ્રાહ્મણ કવિ રાજશેખરે પણ ચૌહાણ કન્યા અવંતીસુંદરીની સાથે વિવાહ કર્યો હતો. . . . ગુન્નવાડા ગામની આસપાસની બૌદ્ધ ગુફાના એક લેખમાં વલ્લૂરવંશીય બ્રાહ્મણ સોમનો બ્રાહ્મણ અને ક્ષત્રિય કન્યાઓની સાથે વિવાહ કર્યો તેવાં વર્ણન છે " ('મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ' : ૪૬). રાજા ચંદ્રગુપ્તે ગ્રીક સેલ્યુકસની પુત્રી સાથે લગ્ન કર્યું હતું. અને આપણા છેક આધુનિક કવિ સામળભટે ક્ષત્રિય કુમાર સદેવંત સાથે વણિક કન્યા સાવળિંગાનાં લગ્ન કરાવ્યાં છે.

પણ ત્યાર પછી ધીરે ધીરે એવા વિવર્ણ લગ્ન બંધ થતાં ગયાં, પોતાના જ વર્ણમાં—અને વર્ણમાંથી પણ જન્મ પ્રમાણે જ્ઞાતિ બંધાતી ગઈ ત્યારથી તો પોતાની જ જ્ઞાતિમાં—લગ્ન થઇ શકે એવો પ્રતિબંધ મુકાતો ગયો.

આમ, લગ્નક્ષેત્ર પૂર્વે માતા કે બેનથી શરૂ થતું ને છેક સાંકડા વર્તુળમાં હતું. પછી સગોત્ર અને સપિંડ લગ્નનો નિષેધ મુકાયો ને લગ્નક્ષેત્રના વર્તુળની આન્તર સીમા બંધાઇ ; બાહ્ય સીમા તો છેક દૂર દૂર સુધી—શૂદ્ર સુધી—પહોંચી, પણ એકપક્ષી જ. પાછી એ બાહ્ય મર્યાદા સંકોચાઇ તે આજે જ્ઞાતિ ને ગોળ સુધી આવી પહોંચી છે.

પ્રાચીન આર્યોએ લગ્નનું ક્ષેત્ર વિશાળ કર્યું, તેમાં સમાજની વ્યવસ્થિત રચનાની ઉપરાંત સુપ્રજનનની પણ દૃષ્ટિ હોય. દુહિતા દુર્હિતા દૂરે હિતા। કન્યાનો વિવાહ દૂર પ્રદેશમાં કરવાથી હિત થાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે એનું નામ દુહિતા છે (નિરુક્ત ૩ : ૪). સુપ્રજનનની દૃષ્ટિએ પ્રાચીન હિંદુઓએ લગ્નસંબંધનો વિચાર તો જરૂર જ કર્યો છે. "જે કુળમાં ધર્મક્રિયાઓ થતી ન હોય, પુરુષની પ્રજા થતી ન હોય, વેદનું અધ્યયન થતું ન હોય, સ્ત્રીપુરુષના શરીર ઉપર લાંબા વાળ થતા હોય તથા જેમને હરસ, ક્ષય, મંદાગ્નિ, ફેફરું, કોઢ વગેરે રોગ થતા હોય, તે કુળ સાથે લગ્નસંબંધ જોડવો નહિ. કપિલવર્ણી (જેના માથા ઉપરના વાળ રાતા હોય), અધિક અંગવાળી (હાથે છ આંગળી વગેરે), રોગી, કેશ વિનાની કે બહુ કેશ વાળી, વાચાળ અને પીળી આંખ વાળી કન્યા સાથે લગ્ન કરવું નહિ. નક્ષત્ર, વૃક્ષ, નદી, પર્વત, પક્ષી, સર્પ વગેરેને નામે જેનું નામ હોય અને જેનું નામ ભયંકર હોય એવી કન્યા સાથે લગ્ન કરવું નહિ. અતિસ્થૂળ, અતિ-કૃશ, બહુ ઊંચી, બહુ નીચી, ઉમરમાં મોટી, હીન અંગ વાળી ને કલહપ્રિય કન્યા સાથે લગ્ન કરવું નહિ. પરંતુ જે કન્યાનાં અંગ ખોડખાંપણ વિનાનાં હોય, નામ સુંદર હોય, ચાલ હંસ અથવા હાથીની જેવી હોય, વાળ રૂંવાટી અને દાંત સૂક્ષ્મ હોય અને અંગ કોમળ હોય એવી કન્યા સાથે લગ્ન કરવું" (૩ : ૭–૧૦).

વેદકાળથી બ્રાહ્મણ વગેરે વર્ણ અનુક્રમે એક પછી એક ઊતરતા મનાયા છે, તે ઉપરથી ઊંચાં નીચાં કુળ બંધાયાં. જન્મજડ જ્ઞાતિઓ બંધાઇ અને જ્ઞાતિમાં જ લગ્ન કરવું એવો પ્રતિબંધ મુકાયો, એટલે લગ્નક્ષેત્ર સંકોચાયું. ઊંચાં નીચાં કુળની ભાવના જ્ઞાતિઓમાં પણ પેઠી ને તેમાં પણ પ્રતિલોમ લગ્ન થાય નહિ—ઊંચા કુળની કન્યા નીચા કુળમાં જાય નહિ—એવી પણ ભાવના બંધાઇ, તેને પરિણામે લગ્નક્ષેત્ર અતિશય સંકોચાયું. અંતે ગોળ પડ્યા ને ગોળના કુળ-વાનોને તો કન્યા આપવાનાં છેક થોડાં જ કુટુમ્બ રહ્યાં. આવી છેક સંકુચિત સ્થિતિમાં સુપ્રજનનના—સારી પ્રજા ઉત્પન્ન કરવાના—વિચારને તો સ્થાન ક્યાંથી જ રહે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૨૦

નારીની અવમાનના

અત્યાર સુધીના વિવેચનથી જાણી શકાય છે કે સમસ્ત માનવ-જાતિએ નારીની અવગણના કરી છે, તેને પશુ જેવી વેપારની વસ્તુ માની છે. પ્રાચીન હિંદુઓ પણ માનવજાતિનો જ અંશ છે, તેમણે પણ નારીની અવગણના કરી છે, તેને પશુ જેવી વેપારની વસ્તુ માની છે. આ અધ્યાયમાં એ વિષે કંઇક વિસ્તારથી એ વાત જોઇએ.

સૌથી પ્રથમ તો હિંદુઓની લગ્નવિધિ જોઇએ. લગ્નવિધિમાં વર કન્યાને કહે છે: "હું ઋગ્વેદ છું, તું સામવેદ છે; હું સૂર્ય છું, તું પૃથ્વી છે." આનો અર્થ એ જ કે પુરુષ ઋગ્વેદની અને સૂર્યની પેઠે ઊંચે છે, સ્ત્રી સામવેદની ને પૃથ્વીની પેઠે નીચે છે. પછી જ્યારે વર કન્યાને અરુંધતીનો તારો દેખાડે છે, ત્યારે કન્યા બોલે છે: अरुन्धत्यासि रुद्धाऽहमस्मि। "તું અરુંધતીની પેઠે ન-રુંધાએલો છે – બંધનમુક્ત છે, હું રુદ્ધ – બંધનયુક્ત છું." આમ લગ્નની સપ્ત-પદીથી જ સ્ત્રીની પરાધીનતાનાં – અવમાનનાનાં પગરણ મંડાય છે.

પછી તો સમાજ જ એ પ્રકારે વિકાસ પામતો ચાલ્યો, પુરુષ સ્ત્રીનો સર્વ વિષયમાં સ્વામી થઇ પડ્યો. એણે પતિની ભક્તિ ને સેવા કરવી ઘટે, પતિ એની ભક્તિ કે સેવા કરવા જરાય બંધાએલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. અને માટે જ મહાભારતકારે દ્રૌપદી પાસે કહેવરાવ્યું કે "કેવળ પતિનો આશ્રય કરવો એ જ સ્ત્રીઓનો સનાતન ધર્મ છે, એવો મારો મત છે. સ્ત્રીનો પતિ એ જ દેવ છે તથા તે જ ગતિ છે, તે વિના બીજી ગતિ નથી" (વનપર્વ ૨૩૩ : ૩૭).

અને પતિની દૃષ્ટિએ સ્ત્રી કોણ છે? कार्येषु मंत्री, करणे दासी. भोज्येषु माता, शयनेषु रंभा। બધી રીતે સેવિકા! ચીના લોક કાગળનાં રમકડાં બનાવે છે, તે આમ વાળીએ તો પંખો થાય ને તેમ વાળીએ તો ટોપી થાય; એની પેઠે સ્ત્રી પણ આ પ્રસંગે આમ ને તે પ્રસંગે તેમ! આ પ્રસંગે એક હિંદી કહેવત યાદ આવે છે: देखा मने एसा नर। पीर बबर्ची भिस्ती खर॥ ઘડીમાં શ્રાદ્ધ સરાવવા ગોર બની બેશી જાય, ઘડીમાં રસોઇયો બની રસોઇ બનાવવા બેશી જાય, ઘડીમાં પાણીની કાવડ ખભે ટંગાવી ભિસ્તી બની જાય, ઘડીમાં ગધેડાની ગુણ જેવો દાળચોખાનો ખડીઓ ખભે નાખી ગધેડા જેવો બની જાય. એવો પુરુષ કોણ? બ્રાહ્મણ! પુરુષની ઇચ્છા પ્રમાણે જુદે જુદે પ્રસંગે મંત્રી, દાસી, માતા, રંભા અને એથી યે અનેક રૂપ લેનાર એ કોણ? સ્ત્રી! અને સ્ત્રીને માટે પુરુષનું એકમાત્ર રૂપ પતિદેવ!

અને શાસ્ત્રકારોએ નારીજનને જે સ્ત્રીધર્મ સંભળાવ્યો છે, તેમાં બીજા તો અનેક છે, પણ પતિસેવા એ મુખ્ય ધર્મ છે. "જે ઉત્તમ સ્ત્રી દેવની પેઠે પોતાના પતિની સેવા કરે છે, પતિ વિના બીજે કોઇ સ્થળે ભાવ કે મન રાખતી નથી, ... નિરંતર પોતાના સ્વામીના મુખને જોયા કરે છે ... અને પોતાના પતિને દેવની પેઠે નિરંતર જુએ છે, તે સ્ત્રી સાધ્વી ગણાય છે ... જે સ્ત્રી પતિને દેવતુલ્ય માનીને નિત્ય તેની સેવા કરે છે, પતિના અભિપ્રાયને વશ રહેનારી હોય છે, ... તે સ્ત્રી પોતાના પતિની સહધર્મચારિણી ગણાય છે. કોઇ સમયે પતિએ કઠોર વચન કહ્યાં હોય, ... તોપણ જે સ્ત્રી અત્યંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસન્ન મુખ રાખે છે તે સ્ત્રી પતિવ્રતા કહેવાય છે. જે સુંદર સ્ત્રી પોતાના પતિ વિના ચંદ્ર, સૂર્ય કે કોઇ નર જાતિના વૃક્ષને પણ જોતી નથી તે સ્ત્રી ધર્મચારિણી થઇ શકે છે. પોતાનો પતિ દરિદ્ર હોય, રોગી હોય, ગરીબ હોય અથવા પ્રવાસથી કૃશ થઇ ગયો હોય, તોપણ જે સ્ત્રી પોતાના પુત્રની પેઠે તેની સેવા કરે છે તે સ્ત્રી ધર્મભાગિની ગણાય છે. જે સ્ત્રી પતિની સેવામાં પ્રયત્ન કરતી હોય, . . . પતિ ઉપર પ્રીતિ રાખતી હોય અને પતિને જ પોતાના પ્રાણ માનતી હોય તે સ્ત્રી ધર્મભાગિની થઇ શકે છે . . . જે સ્ત્રી પતિમાં જ પરાયણ રહે છે અને પોતાના પતિનું જ વ્રત પાળે છે તે સ્ત્રી સાક્ષાત્ પુણ્યરૂપ છે, તપરૂપ છે, સનાતન સ્વર્ગરૂપ છે. સ્ત્રીઓને પતિ એ જ દેવ છે, પતિ એ જ બંધુ છે, પતિ એ જ ગતિ છે, અથવા પતિ સમાન સ્ત્રીઓનો કોઇ દેવ નથી કે ગતિ નથી" (અનુશાસન ૧૪૬ : ૩૭ – ૫૬). पतिर्ब्रह्मा पतिर्विष्णु पतिर्देवो महेश्वरः। पतिः साक्षात्परब्रह्म तस्मै श्रीपतये नमः॥ કેવા મીઠા ને મધુર શબ્દોમાં અફીણના ઘેન જેવા ઘેનમાં નાખી દેનારો ઉપદેશ! સ્ત્રીને દાસી – ગુલામડી બનાવી દેવાનો પુરુષશાસ્ત્રકારોનો કેવો પ્રપંચ! સ્ત્રીધર્મના આવા આવા ઉપદેશ તો હિંદુ શાસ્ત્રોને પાને પાને ભર્યા છે. અને પુરુષધર્મ વિષે? કેટલા ઉપદેશ છે એ શાસ્ત્રોમાં બતાવશો કોઈ?

અને પુરુષને આપેલા ઉપદેશમાં પણ નારીના દાસત્વ ઉપર છાપ મારવામાં આવી છે. ભીષ્મ યુધિષ્ઠિરને કહે છે: "જેઓની સ્ત્રીઓ પોતાના પતિના ભોજનપાત્રમાં કંઇક ઉચ્છિષ્ટ અન્નની રાહ જુએ છે તે પુરુષોને તારે જમાડવા" (અનુશાસન : ૨૩ : ૪૯).

પણ "જે પુરુષ સ્ત્રીના પાત્રમાં ભોજન કરે છે, સ્ત્રીઓનું ઉચ્છિષ્ટ ખાય છે અથવા સ્ત્રીની સાથે ભોજન કરે છે તે મદ્યનું જ ભોજન કરે છે; તત્ત્વદ્રષ્ટા મુનિઓએ પણ એ પાપનું પ્રાયશ્ચિત્ત જોયું નથી"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(આશ્વમેધિક પર્વ, વૈષ્ણવ ૧૪ : ૧૬). માર્કંડેય યુધિષ્ઠિરને ઉપદેશે છે : "સ્ત્રીઓને, સર્પ પકડનારને અને સેવાચાકરી કરનાર બ્રાહ્મણને આપેલું દાન વૃથા છે" (વન ૨૦૦ : ૮).

એક બાજુથી આમ સ્ત્રીને પતિપરાયણ દાસી બનાવી દીધી છે, છતાં બીજી બાજુથી તેની નિન્દા ને અવગણના કરવામાં બાકી રાખી નથી. મનુ સ્ત્રીની પૂજા કરવાનું કહે છે, પછી તેને રીઝવવા કે પટાવવા તેને વસ્ત્રોથી ને આભૂષણોથી શણગારવાનું સૂચવે છે, અને જણાવે છે કે "ઉત્સવોમાં નિત્ય આભૂષણ વસ્ત્ર ને ભોજનથી સ્ત્રીઓનો સત્કાર કરવો, ... સ્ત્રીને જો આભૂષણો તથા વસ્ત્રો વડે પ્રસન્ન કરવામાં ન આવે તો તે પુરુષને પ્રસન્ન કરી શકતી નથી." માટે "તેઓએ કન્યાનો ભોજન આદિથી સત્કાર કરવો તથા વસ્ત્રોથી અને આભૂષણોથી તેઓને શણગારવી" (૩ : ૫૫ – ૬૨). આમ એને પુતળીની પેઠે શણગાર્યા પછી પોતાના જેવો જ કોઇ કામી પુરુષ એના ઉપર તાકશે તો? એવી એ સ્ત્રીના સ્વામીને શંકા પડે છે!

અને એ શંકા શું ખોટી છે? યુધિષ્ઠિરને જુગારમાં હરાવ્યા પછી દુર્યોધન દ્રૌપદીને પકડી મંગાવી કૌરવસભામાં હાજર કરાવે છે. ભરસભામાં એ નિર્લજ્જ "દુર્યોધને, દ્રૌપદીનો પરિહાસ કરતો હોય તેમ તેના તરફ જોઇ. ... કેળના થાંભલા જેવી, સર્વલક્ષણયુક્ત હાથીની સૂંઢના જેવી જણાતી અને વજ્રના જેવી દૃઢ પોતાની ડાબી જંઘા, દ્રૌપદીના જોતાં પોતાનું વસ્ત્ર ઊંચું કરીને તેને દેખાડી" (સભા ૭૧ : ૧૦ – ૧૨).

પુરુષ આટલો કામવશ છે, છતાં યે એ પાપકલંકનો ટોપલો સ્ત્રી ઉપર ચઢાવતાં એ જરા યે શરમાતો નથી. "અગ્નિએ સ્ત્રીઓને વર આપ્યો હતો, કે તમને તમારી ઇચ્છા વિરુદ્ધ રોકવા કોઇ સમર્થ થશે નહિ. તેથી જ ત્યાંની સ્ત્રીઓ, અમારા પતિના અથવા અન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષના શરીરમાં પ્રવેશ કરીને અગ્નિ જ અમારો ઉપભોગ કરે છે એવું નિશ્ચયથી માનતી, ઇચ્છામાં આવે તેમ ફરે છે" (સભા ૩૧ : ૩૮). મહાભારતકાર અપ્સરા પંચચુડા નામની સ્ત્રીને જ મુખે પોતાની જાતિની આમ નિન્દા કરાવે છે: "સ્ત્રીઓ કુળવાન, રૂપાળી ને ધણી વાળી હોય છે, તોપણ તે મર્યાદામાં રહેતી નથી. ... અમારી સ્ત્રીજાતિમાં આ એક દુષ્ટ ધર્મ રહેલો જ છે કે અમે લજ્જાનો ત્યાગ કરીને અત્યંત પાપી પુરુષોને પણ ભજીએ છીએ. ... સ્ત્રીઓ હરકોઇ પુરુષ સાથે વ્યભિચાર કરવા તૈયાર થાય છે. અને તે સમયે એ પુરુષના વયની પણ દરકાર કરતી નથી. એ તો માત્ર પુરુષ જાણીને જ તેની સાથે વિષયભોગ કરે છે, ભલે પછી તે રૂપાળો કે કદરૂપો હોય. ... કુબડા, આંધળા, મૂર્ખા અને ઠીંગણા પુરુષોની સાથે વ્યભિચારકર્મમાં જોડાય છે, ... જેઓ અત્યંત નીચ જાતિના અથવા નિંદ્ય દેખાવના હોય છે, તેવા પુરુષો સાથે પણ સ્ત્રીઓ દુષ્ટ કર્મ કરવા તૈયાર થાય છે. ... હે બ્રહ્મન્, પોતાના પતિઓ પરદેશ હોય અને બીજા કોઇ પુરુષ ન મળે તો સ્ત્રીઓ અન્યોઅન્ય પણ મૈથુનકર્મમાં પ્રવૃત્ત થાય છે. ... જેમ અગ્નિ લાકડાથી તૃપ્ત થતો નથી, ... તેમ સ્ત્રીઓ અનેક પુરુષ સાથે સંભોગ કરે છે, છતાં યે સંતુષ્ટ થતી નથી" (અનુશાસન ૩૮ : ૧૧ – ૨૫).

"હે મનુષ્યવ્યાઘ્ર યુધિષ્ઠિર, સ્ત્રીઓ તીક્ષ્ણ સ્વભાવ વાળી હોઇને તીક્ષ્ણ પરાક્રમને કરનારી છે. તેઓને કોઇ પુરુષ ઉપર પ્રીતિ હોતી નથી. માત્ર જે પુરુષ મૈથુનમાં તેનો સંગ કરે છે તે જ તેને પ્રિય થઇ પડે છે. હે ભરતશ્રેષ્ઠ રાજા, સ્ત્રી માત્ર પુરુષોનો પ્રાણઘાત કરનારી કૃત્યાઓ રૂપ જ છે. તેઓને પ્રથમ એક પુરુષે સ્વીકારી હોય છતાં પાછળથી બીજાની સાથે પણ તેઓ જોડાય છે. હે પાણ્ડુનન્દન, સ્ત્રીઓ કદી એક જ પુરુષ સાથે રમણ કરતી જ નથી. માટે હે રાજા, પુરુષોએ સ્ત્રીઓની ઉપર સ્નેહ રાખવો નહિ, તેમ તેઓની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇર્ષ્યા પણ કરવી નહિ. વળી તેઓની ઉપર પ્રીતિ રાખ્યા વિના જ તેઓને ભોગવવી અને તે પણ ધર્માનુસાર ભોગવવી. અન્યથા, હે કૌરવનંદન, સ્ત્રી સાથે વિશ્વાસથી વર્તનારો પુરુષ વિનાશને જ પામે છે" (અનુ. ૪૩ : ૨૩–૨૬). આમ ભીષ્મ યુધિષ્ઠિરને કહે છે!

"પુરુષ જો મૈથુન ન કરે તો સ્ત્રી ક્રોધ કરે છે, ... જેમ જેમ વધારે મૈથુન થાય તેમ તેમ તે રાજી થાય છે અને ઓછું મૈથુન થાય તો દુઃખી થાય છે. ... જે પુરુષ સંભોગ કરવામાં કુશળ હોય તેને પ્રાણ કરતાં પણ પ્રિય ગણે છે. જો પુરુષ વૃદ્ધ કે મૈથુન કરવામાં અશક્ત હોય તો તેને શત્રુ સમાન ગણે છે. ... બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ આદિથી પણ વશ ન કરી શકાય એવી મોહરૂપ, સર્વદા તપના માર્ગમાં વિઘ્નરૂપ અને મોક્ષનાં દ્વાર બંધ કરવામાં કમાડ રૂપ છે" (ભગવતી ભાગવત, સ્કંધ ૯, અ. ૧૮ : ૪૦–૪૫). અને શંકરાચાર્યે પણ કહ્યું છે કે द्वारं किमेकं नरकस्य? नारी।

"હે યુધિષ્ઠિર, બ્રહ્મહત્યાના દોષના વિભાગો કરીને તેને વૃક્ષોમાં, નદીઓમાં, પર્વતોમાં, પૃથ્વીમાં, સ્ત્રીઓમાં તથા ભૂતોમાં વહેંચી આપીને ઇંદ્ર પાપ તથા તાપથી રહિત થયો" (ઉદ્યોગ ૧૩ : ૧૯ - ૨૦). "અને પછી તે વીર્યવાન મુનિએ યજ્ઞકર્મ સમાપ્ત કરીને મદને જુગાર, મૃગયા, મદ્યપાન તથા સ્ત્રીઓ, એ ચારેમાં સરખે ભાગે વહેંચી આપ્યો હતો" (અનુશાસન ૧૫૬ : ૩૨). પુરુષની દૃષ્ટિમાં સ્ત્રીનું સ્થાન જોયું? બ્રહ્મહત્યાનું અને મદનું આરોપણ કરવા જીવતાં જન્તુમાં એ ધર્માત્મા પુરુષોને સ્ત્રી સિવાય બીજું કોઇ જડયું છે?

આવી નારીનિન્દા તો શાસ્ત્રોમાં ને પુરાણોમાં ભારોભાર ભરી છે. વળી તેના એકંદર સ્વભાવની પણ ખૂબ નિન્દા કરી છે. બીજા બધા સ્વભાવમાંથી એક જ વાત અહીં લેઇએ. શાસ્ત્રકારો કહે છે કે સ્ત્રીનો કદાપિ વિશ્વાસ ન કરવો. નારદ યુધિષ્ઠિરને પૂછે છે: સ્ત્રીઓનાં "વચન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર શ્રદ્ધા તો નથી રાખતા ને? અને તેઓની આગળ ગુપ્ત વાતો પણ નથી કરતા ને?" (સભા ૫ : ૮૩). "સ્ત્રી, રાજા, સર્પ, વેદાધ્યયન, સમર્થ શત્રુ, વૈભવ અને આયુષ્ય, એટલાનો વિશ્વાસ કયો ડાહ્યો પુરુષ કરે?" (ઉદ્યોગ ૩૭ : ૫૭). "વળી વેદમાં પણ કહ્યું છે કે अनृताः स्त्रियः – સ્ત્રીઓ અસત્યમય છે" (અનુશાસન ૧૯ : ૭). અને યુધિષ્ઠિર પોતે જ શાપ દે છે કે : "આજથી જગતની કોઇ પણ સ્ત્રી પોતાના હૃદયમાં ગુપ્ત વાત રાખી શકશે નહિ" (શાન્તિ ૬ : ૧૧).

"પુરુષોની કોઇ પણ રીતે પ્રાપ્તિ ન થાય, અથવા પોતાના કુટુમ્બપરિવારથી અત્યંત ભય હોય અથવા પોતાના નાશનો કે બંધનનો ભય હોય તો જ સ્ત્રીઓ પોતાની મેળે શીલની રક્ષા કરે છે" (અનુશાસન ૩૮ : ૨૩). ભીષ્મ પોતે યુધિષ્ઠિરને કહે છે કે સ્ત્રીઓ "ભયંકર દેખાવની કૃત્યાઓ જ છે" (શાન્તિ ૨૧૩ : ૯). યુધિષ્ઠિર પણ એમને પૂછે છે : "શુક્રાચાર્ય અને બૃહસ્પતિ જે શાસ્ત્રો જાણે છે તે શાસ્ત્રો સ્ત્રીની બુદ્ધિથી ચઢે તેવાં નથી, એવી આ સ્ત્રીઓની પુરુષો કેવી રીતે રક્ષા કરી શકે? હે વીર પિતામહ, જે સ્ત્રીઓ અસત્યને સત્ય કહે છે ને સત્યને અસત્ય કહે છે તે સ્ત્રીઓને પુરુષો કેવી રીતે વશ રાખી શકે?" (અનુશાસન ૩૯ : ૯ - ૧૦).

સ્ત્રીજાતિ સ્વભાવે જ આવી હોય ત્યારે એનો તો જન્મથી જ નાશ સારો; અરે, એનો તો જન્મ જ અકારો! "જે પુરુષો પ્રૌઢ શીલ વાળા, મોટા તરીકે પ્રખ્યાત થએલા, કીર્તિ વાળા અને કોમળ હૃદય વાળા હોય છે, તેઓના કુળમાં કન્યાનો જન્મ ધિક્કારવા યોગ્ય છે; કારણ કે કન્યા ઉત્તમ માતાના કુળને, પિતાના કુળને અને પતિના કુળને, એમ ત્રણે કુળને સંશયમાં નાખી દે છે" (ઉદ્યોગ ૯૭ : ૧૫ - ૧૭).

પણ એવા લોકની ઇચ્છાને વશ થઇને ન જન્મવાની સ્ત્રીઓએ ના પાડીને જન્મી. ત્યારે હવે એમને વશ કરવા ને પછી કબજે રાખવા શું કરવું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને જુલમી રાજાની પેઠે મનુમહારાજ પણ સહેલો ઉપાય શોધી કાઢે છે ને આજ્ઞાપત્રિકા પ્રસિદ્ધ કરે છે:

હે પુરુષો, "બ્રહ્માએ સ્ત્રીને આવા સ્વભાવની નિર્માણ કરી છે, એમ જાણીને તમારે સ્ત્રીનું રક્ષણ કરવા માટે પરમપ્રયત્ન કરવો. સ્ત્રીઓને કદાપિ સ્વતંત્ર વ્યવહાર કરવા દેવો નહિ. રંગરાગ વગેરે વિષયોમાં આસક્ત રહેનારી સ્ત્રીઓને પોતાને વશ રાખવી. નાનામાં નાના પ્રસંગોમાંથી પણ સ્ત્રીઓને વિશેષે કરીને અટકાવવી. તેમ નહિ કરો તો બન્ને કુળને સંતાપ કરવો પડશે. એટલા માટે કુમારાવસ્થામાં તેનું પિતાએ રક્ષણ કરવું, યુવાવસ્થામાં પતિએ રક્ષણ કરવું, વૃદ્ધાવસ્થામાં પુત્રોએ રક્ષણ કરવું, સ્ત્રી સ્વતંત્રતાને યોગ્ય નથી" (૯ : ૧૬, ૨, ૫, ૩).

અને હે સ્ત્રીઓ, "તમારે પિતા, પતિ કે પુત્રોથી સ્વતંત્ર રીતે જુદાં રહેવાની ઇચ્છા કરવી નહિ, એમ સ્વતંત્ર રહ્યે બન્ને કુળને નિંદાપાત્ર બનાવશો. અને બાલાએ, યુવતીએ કે વૃદ્ધાએ ઘરમાં પણ કંઇ કાર્ય સ્વતંત્રભાવે કરવું નહિ. તમારે બાલ્યાવસ્થામાં પિતાને વશ રહેવું. યુવાવસ્થામાં પતિને વશ રહેવું, વિધવાવસ્થામાં પુત્રોને વશ રહેવું, તમારે કદાપિ સ્વતંત્ર રહેવું નહિ" (૫ : ૧૪૯, ૧૪૭, ૧૪૮).

વળી स्त्रीशूद्रौ नाधीयाताम् – સ્ત્રીશૂદ્રને ભણાવવાં જ નહિ, એમ પણ ઠરાવી દીધું. ભણે તો સ્વતંત્રતાની બુદ્ધિ આવે ને! અને આમ એ અતિપ્રાચીન કાળથી પુરુષ શાસ્ત્રકારોએ નારીજાતિને ગળે શાસ્ત્રને નામે ગુલામીની બેડી જડી દીધી છે ને તે રીતે પણ એની સામે લગ્નપ્રપંચ રમ્યા કર્યો છે.

અને છતાં યે સ્ત્રી ગાંઠે નહિ તો શ્રી રામચન્દ્રના પરમભક્ત તુલસીદાસજી સરસ ઉપાય બતાવે છે કે ढोल गंवार पशु अरु नारी, ये सब ताडन के अधिकारी !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૨૧

નારીની પ્રતિષ્ઠા

આમ અનેક પ્રકારે નારીજનની અવગણના થયા છતાં તેના પ્રત્યે શુદ્ધ સહાનુભૂતિ રાખનાર પુરુષો પ્રાચીન કાળે નહોતા જ એમ તો નહિ. 'બૃહત્સંહિતા'માં વરાહમિહીર લખે છે કે "જે લોકો સ્ત્રીઓના ગુણ તરફ ન જોતાં વૈરાગ્યભાવે તેના માત્ર દોષ જ દેખાડયે જાય છે તે મારે મન તો દુર્જન છે; એમનાં એ વાક્યોમાં સદ્‌ભાવ જ હોતો નથી."

મનુએ પોતાની સ્મૃતિમાં સ્ત્રી પ્રત્યે અનેક સ્થળે ખૂબ સદ્‌ભાવ બતાવ્યો છે: "ઉપાધ્યાય કરતાં આચાર્ય દશ ગણા પૂજ્ય છે, આચાર્ય કરતાં પિતા સો ગણા પૂજ્ય છે, અને માતા તો પિતા કરતાં પણ હજાર ગણાં પૂજ્ય છે" (૨ : ૧૪૫). આમ મનુએ માતૃજાતિનું સ્થાન સર્વશ્રેષ્ઠ માન્યું છે. અને તેથી તેના પ્રત્યે સમ્માનથી વર્તવાની સૂચના કરી છે: "જે પરસ્ત્રી હોય અને જેની સાથે કંઇ સગાઈ ન હોય તેની સાથે વાત કરતાં 'આપ, સુભગે બેન,' વગેરે શબ્દથી વ્યવહાર કરવો. માશી, મામી, સાસુ અને ફોઇ, એ બધાંને ગુરુપત્ની સમાન પૂજ્ય જાણવાં ને તે જ પ્રકારે માન આપવું. બ્રહ્મચારીએ મોટા ભાઇની સ્ત્રીને રોજ પ્રણામ કરવા, જ્ઞાતિની સંબંધી સ્ત્રીઓને પરદેશથી આવીને પ્રણામ કરવા. ફોઇ, માશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા મોટી બેનને માતા સમાન જાણવી, માતા તો એ સર્વ કરતાં શ્રેષ્ઠ છે જ" (૨ : ૧૨૯, ૧૩૧–૩). "જ્યાં નારીજન પૂજાય છે ત્યાં દેવલોક વસે છે, જ્યાં પુજાતી નથી ત્યાં સર્વ ક્રિયાઓ અફળ જાય છે જ્યાં સ્ત્રીજનને શોક કરવો પડે છે તે કુળ નાશ પામે છે, જ્યાં એને શોક નથી કરવો પડતો ત્યાં કુળ સદા વૃદ્ધિ પામે છે. નારી ન પુજાયાથી જ્યાં શાપ આપે છે તે ઘર જાણે કૃત્યાથી હણાયું હોય એમ ધનમાલ સાથે નાશ પામે છે. જે કુળમાં પતિથી પત્ની અને પત્નીથી પતિ સંતુષ્ટ રહે છે તે કુળનું નિત્ય કલ્યાણ થાય છે જ. પતિપત્ની પરસ્પર સ્નેહ વાળાં હોય છે, ત્યારે ધર્મ અર્થ ને કામ એ ત્રણે પદાર્થ મળી રહે છે." ત્યાર પછી મનુ સ્થૂલ વિષય ઉપર કંઇક ઊતરી પડે છે ને કહે છે : "વસ્ત્રાભૂષણથી જો સ્ત્રી શોભે છે તો કુળ પણ શોભે છે, તે શોભતી નથી તો કશું યે શોભતું નથી. વસ્ત્રાભૂષણથી જો સ્ત્રી શોભતી નથી તો પતિને આનંદ આપી શકતી નથી અને આનંદ આપી શકતી નથી તો પુરુષને સંતતિ થતી નથી. માટે સંપત્તિની કામના વાળા પુરુષોએ સદા સ્ત્રીને પૂજ્ય માનવી, સત્કારને તથા ઉત્સવને પ્રસંગે ભોજન, વસ્ત્ર તથા આભૂષણ વડે એનો સત્કાર કરવો" (૩ : ૫૫–૬૨). ઘણું કરીને નારીજન પ્રત્યેનો મનુનો આ પૂજાભાવ જોઇને પ્રખ્યાત જર્મન વિચારક નીચે (Nietzsche) આમ બોલી ઉઠેલો : I kenne kein Buch, wo dem Wiebe so viele zarte and geistige Dinge gesagt werden wie im Gesetzbuch des Manu (નારીજન પ્રત્યે જે સહૃદય અને ધાર્મિક ભાવનાઓ મનુસ્મૃતિમાં દર્શાવી છે એવી બીજા કોઇ ગ્રંથમાં દર્શાવી હોય એમ હું જાણતો નથી). પણ નીચેને એ ખબર નહિ હોય કે કોણ જાણે કેમ. પછીથી મનુએ એ બધી સહૃદય ને ધાર્મિક ભાવનાઓ ઉપર પાણી ફેરવીને, બધું ધોઇ વાળીને કહી દીધું કે न भजेत्स्त्री स्वतंत्रताम् – સ્ત્રીએ સ્વતંત્રતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોગવવી નહિ (૫ : ૧૪૮), કારણકે न स्त्री स्वातंत्र्यमर्हति – સ્ત્રી સ્વતંત્રતાને યોગ્ય નથી (૯ : ૩)[1].

અને મહાભારત પણ (અનુશાસન ૪૬ : ૩ – ૭) મનુએ ઉપર (૩ : ૫૫ – ૬૨) ગાએલી નારીપ્રતિષ્ઠા લગભગ એ જ શબ્દોમાં ગાય છે, પણ પછી ધીરે ધીરે ઊતરી પડે છે. અંતે તો મનુની પેઠે જ (૯ : ૩) કહી નાખે છે કે "સ્ત્રીની કુમાર અવસ્થામાં પિતા તેનું રક્ષણ કરે છે, તરુણ અવસ્થામાં પતિ તેનું રક્ષણ કરે છે અને વૃદ્ધાવસ્થામાં પુત્રો તેનું રક્ષણ કરે છે. આ રીતે સ્ત્રી સ્વતંત્રતાને યોગ્ય નથી" (૪૬ : ૧૪). જોઇએ તો મહાભારતના લેખકે મનુસ્મૃતિમાંથી કે મનુસ્મૃતિના લેખકે મહાભારતમાંથી આ ભાગ ઉતારી લીધો હોય એવું અનુમાન અહીં થયા વિના રહેતું નથી. એ બે ગ્રંથોમાં આમ મળતા આવતા ભાગ તો અનેક છે.

પણ મહાભારત બીજે સ્થળે નારીજન પ્રત્યે કંઇક ઉદાર ભાવ દેખાડે છે: "પુત્રો, પૌત્રો, વધૂઓ અને દાસદાસીઓથી ભરપૂર એવું પણ ગૃહસ્થ પુરુષનું ઘર સ્ત્રી વિનાનું હોય તો શૂન્ય જ લાગે છે. માટે જ વિદ્વાનો કહે છે કે એકલા ઘરને ઘર કહી શકાતું નથી, પણ गृहिणी गृहमुच्यते – સ્ત્રીને જ ઘર કહી શકાય છે. . . . ખરેખર, વૃક્ષના મૂળમાં ય વાસ કરી રહેલા પુરુષની પાસે તેની સ્ત્રી જો સહાય હોય તો એ એનું ઘર જ છે; પણ મોટા મહેલમાં પણ વસેલા પુરુષને તો સ્ત્રી વિના એ મહેલ પણ અરણ્ય સમાન ભાસે છે. એટલા માટે સ્ત્રી ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થો સિદ્ધ કરવાને સમયે પુરુષને સહાયરૂપ બને છે, એટલું જ નહિ પણ વિદેશ જતી વેળાએ પણ કેવળ સ્ત્રી જ પુરુષને વિશ્વાસજનક થઇ પડે છે. માટે જ એમ કહેવાય છે કે સ્ત્રી એ પુરુષનો પરમ અર્થ છે અને આ જગતના લોકવ્યવહાર ચલાવવાને પ્રસંગે

---

૧. પૃષ્ઠ ૧૫૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સહાય વિનાના પુરુષને સહાય થનારી એકલી સ્ત્રી જ છે. જે પુરુષ રોગોથી ઘેરાઇ ગયો હોય અને નિત્ય દુઃખ ભરેલી સ્થિતિમાં રહેતો હોય, તેને તેની સ્ત્રી સમાન બીજું કંઇ પણ ઔષધ નથી; તેમજ આ લોકમાં સ્ત્રીના જેવો બીજો કોઇ બંધુ નથી, સ્ત્રીના જેવો કોઇ આધાર નથી, અને ધર્મસંગ્રહ કરવાને પ્રસંગે પણ સ્ત્રીના જેવો કોઇ સહાયક નથી. જે પુરુષના ઘરમાં સદાચારિણી અને પ્રિયભાષિણી સ્ત્રી નથી, તેણે તો અરણ્યમાં જ ચાલ્યા જવું; કેમકે તેવા પુરુષને અરણ્યવાસ ને ગૃહવાસ સરખો જ છે" (શાન્તિ ૧૪૪ : ૫ – ૬, ૧૨ – ૧૭). સ્ત્રીહિત તરફ નહિ, તો આત્મહિત તરફ દૃષ્ટિ રાખીને પણ પુરુષે ગાએલી આ નારીપ્રતિષ્ઠા કંઇક ઉદાર છે.

"પુરુષે ... નીચકુળમાંથી પણ સ્ત્રીરૂપી રત્નને સ્વીકારવું અને ઝેરમાં પણ જો અમૃત રહેલું હોય તો પી લેવું; કેમકે ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ સ્ત્રીઓ, રત્નો અને જળ સદા પવિત્ર ગણાય છે" (શાન્તિ ૧૬૫ : ૩૨). "જેઓ સ્ત્રીઓને, અગ્નિને, સેવકોને તથા અતિથિઓને ભોજન જમાડ્યા વિના પોતે ભોજન કરી લે છે, ... તે પુરુષો અવશ્ય નરકમાં જાય છે. તેમ જ હે ભરતશ્રેષ્ટ રાજા. જે પુરુષો પોતાના ઉપાધ્યાયોનો, સેવકોનો, ભક્તોનો તથા નિર્દોષ સ્ત્રીનો ત્યાગ કરે છે તેઓ અવશ્ય નરકમાં જાય છે" (અનુશાસન ૨૩ : ૭૧, ૭૮).

વળી કહ્યું છે કે "કન્યા, કુમારિકા, નગ્ન, ઉન્મત્ત કે પરણેલી સ્ત્રીની નિંદા ન કરવી, જુગુપ્સા ન કરવી, મશ્કરી ન કરવી, અવમાનના ન કરવી. કોઇ પણ કુલનારીને અપ્રિય કે અસત્ય (અનૃત) વચન ન કહેવું. તેને કુરૂપ કે કાળી ન કહેવી. આ લોકમાં જે કોઇ સ્ત્રી છે તે માતૃકુળથી ઉત્પન્ન થએલી છે એમ માનવું. સ્ત્રીના સો દોષ થયા હોય છતાં તેને ફૂલથી યે મારવી નહિ; સ્ત્રીના દોષ ન ગણવા, તેના તો ગુણ જ પ્રકટ કરવા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરાહમિહીરે કહ્યું છે: "સ્ત્રી પત્ની હોય કે માતા હોય, પણ પુરુષની ઉત્પત્તિ સ્ત્રીમાંથી જ છે. હે કૃતઘ્નો, એ પત્નીની તથા માતાની નિંદા કરનારા તમને સુખ ક્યાંથી હોય? જાતે ચોરી કરતા અને વળી 'ઊભો રહે, ઊભો રહે' એમ બૂમો પાડતા ચોરોની પેઠે, નિષ્પાપ સ્ત્રીઓને નિંદનાર દુષ્ટ પુરુષોની ધૃષ્ટતા વિષે શું કહેવું?"

વળી લગ્નવિધિમાં ધર્મશાસ્ત્ર વર પાસે આમ બોલાવે છે: "સસરા પ્રતિ સમ્રાજ્ઞી થાઓ, સાસુ પ્રતિ સમ્રાજ્ઞી થાઓ, નણંદ પ્રતિ સમ્રાજ્ઞી થાઓ, દિયેરજેઠ પ્રતિ સમ્રાજ્ઞી થાઓ." આમ પત્નીને સસરાના ઘરમાં રાણીનું સ્થાન આપ્યું છે.

પણ પછીના યુગમાં એની હતી તે પ્રતિષ્ઠા પણ ધીરે ધીરે ઓછી થતી ગઈ, અવગણના વધતી ચાલી. બ્રાહ્મણધર્મની પણ હીનતા વધતી જતી હતી, એથી ઉદ્વેગ પામીને ઇ. પૂ. છઠ્ઠા સૈકામાં એ ધર્મ સામે બુદ્ધ, મહાવીર, બૃહસ્પતિ, ચાર્વાક, ગોશાલ વગેરે વિચારકોએ બંડ ઉઠાવ્યાં. એમણે સ્થાપેલા સંપ્રદાયોએ ધર્મમાં જેમ વિશુદ્ધિ કરવાના પ્રયત્ન કર્યા, તેમ નારીપ્રતિષ્ઠા વધારવાના પણ પ્રયત્ન કર્યા મહાવીર સ્વામીએ માતા દેવાનંદાને તથા પુત્રી પ્રિયદર્શનાને દીક્ષા આપી હતી, અને એમને જૈનસંઘે પણ નારીને સાધ્વીસંઘમાં સ્વીકારીને એને ઊંચું આસન આપ્યું. એમને શ્વેતામ્બર સંપ્રદાયે તો એક નારીને–મલ્લીને–પોતાના ૧૯મા તીર્થંકરનું સ્થાન પણ આપ્યું છે. દિગમ્બર સંપ્રદાયે નારીની એટલી ઊંચી પ્રતિષ્ઠા માની નથી, નારીને મોક્ષ મળે એમ પણ એ તો માનતો નથી ને તેથી મલ્લીને એ સંપ્રદાય સ્ત્રી નહિ પણ પુરુષ માને છે. નારી પ્રત્યેની એ સંપ્રદાયની એટલી બધી અવગણના છે કે છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામી પરણ્યા જ નહોતા એમ એ માને છે.

બુદ્ધ પ્રથમ તો તે કાળના સંપ્રદાય પ્રમાણે નારીજન પ્રત્યે કઠોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા ને સ્ત્રીઓને સંઘમાં લેવાની ના પાડતા હતા. પણ ગોતમીની ને શિષ્ય આનંદની પ્રાર્થનાથી એમનું હૃદય પીગળ્યું અને સ્ત્રીઓને સંઘમાં લેવાની અનુમતિ આપી. એમણે ગોતમીને દીક્ષા આપીને ભિક્ખુણી-સંઘમાં – સાધ્વીસંઘમાં – પણ લીધી ને એમ કરીને એ સંઘ સ્થાપ્યો. પછી તો એ સંપ્રદાયે નારીજાતિને માતૃજાતિ કહીને તેની પ્રતિષ્ઠા ખૂબ વધારી.

આર્યો હિંદુસ્થાનમાં આવ્યા ત્યારે તે તાન્ત્રિક સંપ્રદાય લેતા આવ્યા, અહીં આવ્યા પછી એમણે એને જન્મ આપ્યો, દ્રાવિડ પ્રજા પાસેથી લીધો કે ટીબેટન લોક પાસેથી લીધો, એ પ્રશ્ન હજી છણાતો જ રહ્યો છે. આ સંપ્રદાયને ને શાક્તસંપ્રદાયને ખૂબ સંબંધ છે. એ સંપ્રદાયોએ નારીપ્રતિષ્ઠા ખૂબ વધારી છે. બ્રાહ્મણધર્મે માનેલી અબળા નારીને એણે શક્તિ માની, એ શક્તિ વિના તો શિવ પણ શવ છે એમ માન્યું. આ સંપ્રદાયમાંથી જ ભગવતીપૂજાનો – દેવીપૂજાનો – સંપ્રદાય સ્થપાયો. દેવીને કાલી, રૂદ્રી, ભવાની, ઈશાની, ચંડી, વગેરે શક્તિશાળી નામરૂપગુણ અપાયાં. અંબાભવાની તો સિંહનું વાહન કરી હાથમાં તલવાર લેઈ મહિષાસુરનો વધ કરતાં મનાયાં ને તેથી એ મહિષાસુરમર્દિની કહેવાયાં. એમ એ કાળે નારીજાતિની પ્રતિષ્ઠા સારી હતી. બ્રાહ્મણોએ સ્ત્રીઓને ભણાવવાનો નિષેધ કરેલો, પણ તાન્ત્રિકોએ આદેશ આપ્યો કે कन्याप्येव पालनीया शिक्षणीयातियत्नतः (મહાનિર્વાણ તંત્ર ૮ : ૪૭).

પણ કાળ જતાં બ્રાહ્મણધર્મનું પરિબલ પાછું જામ્યું ; બૌદ્ધ, જૈન, શાક્ત વગેરે સંપ્રદાયો પાછા દબાયા. સાથે નારીપ્રતિષ્ઠા પણ ઓસરતી ચાલી. ખુદ બૌદ્ધધર્મના ગ્રંથોમાં પણ એની નિંદા થવા લાગી. જાતકોમાં નારીજાતિ પ્રત્યે ધિક્કાર, ઘૃણા ને અવમાનના ખૂબ દેખાડી છે. જ્યાં કંઇ સ્ત્રીની વાત આવી કે તેના પ્રત્યે તિરસ્કાર ઊભો જ છે "સ્ત્રી તો ચંચળ છે, એનું તો રક્ષણ જ ન થઇ શકે"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪૨૫). "તે ક્રૂર, કૃતઘ્ન અને અવિશ્વાસુ છે" (૪૧૫). 'કુણાલ-જાતક' તો આખુંય સ્ત્રીજાતિના દુર્ગુણોના, એમની કામવાસનાના ને ચંચળવૃત્તિઓના વર્ણનથી ભરેલું છે (૫૩૬). શાક્ત સંપ્રદાયની પણ અવગતિ થઇ. એણે એક બાજુથી દેવીને તૃપ્ત કરવા બકરાં વગેરેના હિંસાબલિ આરંભ્યા ને બીજી બાજુથી વામમાર્ગમાં વ્યભિ-ચારને ધર્માચારનું રૂપ આપી નારીનું પ્રતિષ્ઠિત સ્થાન ઉતારી દીધું.

આમ હિંદુઓમાં વારંવાર નારીપ્રતિષ્ઠાની માત્રા ઊંચે નીચે થઇ છે, પણ છતાં યે નારીજાતિની અવગણના એટલી પ્રચંડ છે કે હિસાબ લેતાં એની પ્રતિષ્ઠા આપણા પૂર્વજોને કીર્તિ અપાવે એવી તો નથી જ.

બેશક વેદકાળથી ઠેઠ મધ્યકાળ સુધી સહૃદય કવિઓએ બહુ ઉજ્જવળ ને ભવ્ય શબ્દોમાં નારીજનની પ્રતિષ્ઠા ગાઇ છે. પણ એ તો વૈયક્તિક સહૃદયતા હતી, ધાર્મિક કે સામાજિક નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૨૨

પ્રાચીન કાળે હિંદુ નારીના સ્થિતિ

પ્રાચીન કાળે હિંદુ નારીની સ્થિતિ અતિશય ઉન્નત હતી, સ્ત્રી પુરુષની સમાન કક્ષાએ હતી, એમ અનેક લેખકો લખે છે અને ગાર્ગી, મૈત્રેયી, સરસ્વતી, સાવિત્રી, સુલભા, વગેરે બ્રહ્મવાદિનીઓનાં ઉદાહરણ પણ આપે છે. પણ પ્રાચીન ગ્રંથો તપાસતાં જણાય છે કે એવી પ્રભાવશાળી સ્ત્રીઓ તો વિરલ ઉદાહરણ રૂપે જ હતી.

એવી વિરલ સ્ત્રીઓ તો યુગેયુગે પાકતી જ રહી છે. પુરુષને વેશે ઘોડે ચઢી અંગ્રેજ સામે યુદ્ધે ચઢનાર લક્ષ્મીબાઇ, કે દારૂગોળો ખૂટતાં તોપમાં સોનારૂપાના દાગીના ભરનાર ચાંદબીબી પણ ભારતના છેક જ અવનતિના કાળમાં પાકી છે. અને આજનાં શ્રી સરોજિની નેડુ કે સત્યાગ્રહના સંગ્રામમાં પુરુષ પોલીસની લાઠીઓથી માથાં ભંગાવનાર વીરનારીઓ તરફ દૃષ્ટિ રાખીને બે હજાર વર્ષ પછીનો કોઇ ઇતિહાસક એમ લખે કે વિક્રમની વીસમી સદીમાં હિંદી સ્ત્રી-જાતિની સ્થિતિ બહુ ઉન્નત હતી, તો એ ઇતિહાસ જેટલો વિશ્વાસપાત્ર મનાય તેટલો જ વિશ્વાસપાત્ર ઇતિહાસ આજે પ્રાચીન હિંદુ નારીની ઉન્નત સ્થિતિ વિષે લખાય છે.

બાકી, ખરી રીતે તો સમાજમાં એકંદરે પ્રાચીન હિંદુ સ્ત્રીની સ્થિતિ સારી ન હતી. આ ખંડના અત્યાર સુધીના અને ખાસ કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્નશિથિલતા વિષેનો અધ્યાય વાંચ્યા પછી તો હરકોઇને લાગશે કે તે કાળે પણ પુરુષ સ્ત્રીનો માલેક હતો; તે તેને દાનમાં દેતો, જુગારમાં મૂકતો, ભાડે આપતો, લાંચમાં આપતો, હાંકી મૂકતો કે પશુની પેઠે તેનું ફાવે તે કરતો, અને આ બધું તો રાજાલોક કરતા, ત્યારે પ્રજાલોક શું કરતા હશે? કારણકે यथा राजा तथा प्रजा: ।

તે કાળે અનેકપત્ની લગ્નનો રિવાજ હતો. તેનું એક પરિણામ તો એ આવેલું કે તે પુરુષ સર્વે સ્ત્રીઓને એકસરખો સંતોષ આપી શકે નહિ, એટલે એવી અસંતુષ્ટ સ્ત્રીઓ આડી નજર કરે. પરિણામે પુરુષ તેને માટે ઇર્ષ્યાળુ બને. અનેકપતિ લગ્ન બંધ થઇ ગયાથી સ્ત્રીઓમાં એ પ્રકારની ઇર્ષ્યા બહુ વિકાસ પામી નથી; એટલે સ્ત્રી બહુ ઇર્ષ્યાળુ નથી, પુરુષ બહુ ઇર્ષ્યાળુ છે. रूपवती भार्या शत्रु છે, એ અસંતોષ પામીને ચાલી જશે, એમ માનીને પુરુષે અધૂરું હતું તે પૂરું કર્યું—એને પડદામાં ઘાલી, એક પ્રકારે કેદ કરી.

પણ જંતુમાત્રનો સ્વભાવ સ્વતંત્રતાપ્રિય છે. સ્ત્રી કમમાં કમ જંતુ તો છે જ, એટલે એને પરાધીનતા ન ગમે, સ્વતંત્ર થવું ગમે, અને તેથી પતિને વશ કરવાના ઉપાય શોધે. પાણ્ડવોને પાંચ ભાઇ વચ્ચે એક પત્ની હતી, એટલે એમને તો નારીરક્ષણ માટે ઇર્ષ્યા હોય નહિ; ઊલટું દ્રૌપદીએ અનેકપતિ લગ્ન કર્યાં હતાં, એટલે સ્વાભાવિક રીતે જ અનેક અંશે તે સ્વતંત્ર હતી. કૃષ્ણે તો ૧૬૦૦૮ રાણીઓ કરી હતી, તેથી એ રાણીઓ અનેક અંશે સ્વામીને આધીન હતી; આથી પતિને વશ કરવાના ઉપાય તે શોધતી રહેતી. એક વાર "સત્યભામાએ એકાન્તમાં દ્રૌપદીને પૂછ્યું: 'હે દ્રૌપદિ, તમે કેવાં આચરણથી લોકપાલ જેવા શૂરવીર તથા દૃઢ અંગ વાળા પાણ્ડવોની ઉપર પોતાની સત્તા ચલાવો છો? હે કલ્યાણિ, તેઓ તમને કેવી રીતે વશ થયા છે? તમારા ઉપર શાથી ક્રોધ કરતા નથી? હે પ્રિયદર્શને, પાણ્ડવો હમેશાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમને વશ રહે છે, તથા તે સર્વ તમારું મુખ જોયા કરે છે તેનું ખરું કારણ શું છે તે મને કહો. એ પ્રમાણે થવામાં શું વ્રતાચરણ, તપ, સ્નાન, મંત્રેલાં ઔષધો, કામશાસ્ત્રોક્ત વિદ્યાનો પ્રભાવ, જડીબુટીનો પ્રભાવ, જપ, હોમ કે અંજન વગેરે ઔષધોનો પ્રભાવ કારણભૂત છે? હે પાંચાલિ, આજ તમે મને યશ આપનારું તથા સૌભાગ્યની વૃદ્ધિ કરનારું જે કંઇ વ્રતાદિક હોય તે કહો, જેથી હે કૃષ્ણા, શ્રીકૃષ્ણ નિરંતર મને વશ થઇ રહે'" (વનપર્વ ૨૩૩ : ૪–૮). આમ અનેકપતિ લગ્ન કરનાર સ્ત્રીના મુખ તરફ સૌ પતિઓને જોયા કરવું પડે છે, તેથી તે સ્વતંત્ર હોય છે. અનેકપત્ની લગ્નની સૌ સ્ત્રીઓને એક જ પતિના મુખ તરફ જોયા કરવાનું હોય છે, તેથી તેણે પતિને આધીન રહેવું પડે છે. એ પતિને પોતાનો આગવો કરી લેવાને – તેને વશ કરી લેવાને – વશીકરણ વિદ્યા શીખવી પડે છે સર્વ દેશકાળમાં એમ જ બન્યું છે ને બને છે.

પણ સ્ત્રીને સંતોષ આપવા કે પોતાનું ઘર શોભાવવા કે પછી પોતાની કામવાસના તૃપ્ત કરવા વસ્ત્રાભૂષણથી પુરુષ તેને રાજી રાખતો. (મનુ ૩ : ૫૯, ૬૧, ૬૨) મધ્યયુગમાં પણ સ્ત્રીઓ "શરીર ઉપર બહુ જ આછાં પણ બહુ કીમતી ઘરેણાં" પહેરતી (તરંગવતી : ૩૭). સ્ત્રીઓ વસ્ત્રાલંકારની રસિયણ આજના જેવી જ હતી (જાતક : ૫૪૭).

અને સ્ત્રીઓને ઝનાનાખાનામાં પુરાઇ રહેવાનું, બહારનો આનંદ ભોગવવાનો નહિ; એટલે ઝનાનાખાનામાં જેટલો આનંદ ભોગવાય તેટલો ભોગવવા પ્રયત્ન કરતી. કોઇ કોઇ વાર તેમને આનંદ કરાવવા વિહારસ્થાનમાં પણ લેઇ જવામાં આવતી. એક વાર કૃષ્ણ અને અર્જુન એમ સ્ત્રીઓને યમુના ઉપરના વિહારસ્થાનમાં લેઇ ગયા હતા. "વિશાળ નિતંબ વાળી, સુંદર પુષ્ટ પયોધર વાળી, રમ્ય નેત્રો વાળી, અને મદથી ઠમકતી ચાલ વાળી સ્ત્રીઓ ત્યાં ઇચ્છા પ્રમાણે ક્રીડા કરવા લાગી . . .

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે મહારાજ, તે વખતે મદથી મત્ત થએલી દ્રૌપદી તથા સુભદ્રા તે સ્ત્રીઓને પ્રસન્ન થઇને વસ્ત્રો તથા આભૂષણો આપતી હતી. ત્યાં કેટલીક સ્ત્રીઓ પ્રસન્ન ગઇને નૃત્ય કરતી હતી, કેટલીક વિચિત્ર શબ્દો કરતી હતી, કેટલીક હાસ્ય કરતી હતી, ત્યારે બીજી કેટલીક ઉત્તમ જાતનું મદ્ય પીતી હતી" (આદિપર્વ ૨૨૨ : ૨૧-૨૪). આમ સૌ સ્ત્રીઓની પેઠે દ્રૌપદી તથા સુભદ્રા પણ દારૂ પીને મત્ત થતી, એટલું જ નહિ પણ નાની ઉત્તરા પણ દારૂ પીતી. અભિમન્યુ યુદ્ધમાં મરાયો ત્યારે "મનોહર રૂપવતી એ લલના (ઉત્તરા), જે પૂર્વે મદ્યના મદથી મૂર્ચ્છિત થઇને અભિમન્યુ પાસે જતાં પણ શરમાતી હતી, તે જ આ સમયે અભિમન્યુને ભેટી પડી છે" (સ્ત્રીપર્વ ૨૦ : ૭, ૮). વળી, સ્ત્રીઓને પુરુષોની મદમત્ત નિર્લજ્જતા પણ સહેવી પડતી. ધૃતરાષ્ટ્રનો સંદેશો લેઇને સંજય કૃષ્ણ અને અર્જુન પાસે ગએલો, ત્યાંથી પાછા આવી એ વર્ણન કરે છે : "હે રાજા, તે અંતઃપુરમાં શ્રીકૃષ્ણ, અર્જુન, દ્રૌપદી તથા સુંદરી સત્યભામા એટલાં હતાં. ... શ્રીકૃષ્ણ તથા અર્જુન એ બન્ને મહુડાનો આસવ પીને મત્ત બનેલા હતા, ... શ્રીકૃષ્ણના બન્ને પગ અર્જુનના ખોળામાં મને જણાયા. મહાત્મા અર્જુનનો એક પગ દ્રૌપદીના ખોળામાં ને બીજો પગ સત્યભામાના ખોળામાં હતો" (ઉદ્યોગપર્વ ૫૯ : ૪-૮). આમ મધુ (મહુડી) પીતા માટે તો કૃષ્ણ માધવ નહિ કહેવાયા હોય ?

તે કાળે પોતાનાં લગ્ન પોતે જ કરી લેવાની સ્વતંત્રતા ભાગ્યે જ કોઇને હતી. સાહસિક વીરો પરદેશમાં જઇને પોતાનાં પરાક્રમથી કન્યાઓ પરણી લાવ્યાની કથાઓ સાંભળીએ છીએ, પણ સામાન્ય રીતે તો માબાપ જ પોતાનાં બાળકનાં લગ્ન કરાવતાં. આથી સ્વાભાવિક જ રીતે બાળલગ્ન થાય. પ્રાચીનકાળે બાળલગ્ન લગભગ સર્વસામાન્ય હતાં. ૨૫ વર્ષની ઉમર સુધી કુમારે ગુરુકુલમાં અભ્યાસ કરવો ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી લગ્ન કરવું એવાં ધર્મશાસ્ત્રોનાં વિધાન હોવા છતાં તે બહુ પળાતાં નહિ. પૈસાને લોભે માબાપ પુત્રીને તેની ઇચ્છા વિરુદ્ધ પણ પરણાવી દેતાં (જાતક: ૪૫૮, ૫૩૦). કંઇક ઉમરે આવેલાં વર-કન્યાને પોતાની ઇચ્છા પ્રમાણે લગ્ન કરવાની રજા માબાપ ન આપે તો તેઓ પોતે માબાપની ઉપરવટ થઇ ભાગ્યે જ લગ્ન કરી શકતાં. પણ છતાં યે વૈશ્યકન્યા તરંગવતીએ એવી અવસ્થામાં પોતાના વર સાથે નાશી જઇને ગાન્ધર્વલગ્ન કર્યું. પછી એમનાં માબાપે તેમને ખોળી મંગાવીને તેમનાં વિધિપુરઃસર લગ્ન કરાવ્યાં (તરંગવતી: ૮૪૯થી). અને આવે કારણે બાળલગ્નની પ્રથા કંઇક જડ પણ થઇ હોય. વિશ્વામિત્ર ઋષિ યજ્ઞરક્ષણ માટે રામને લેવા અયોધ્યા ગયા ને દશરથ પાસે તેમની માગણી કરી, ત્યારે દશરથે કહ્યું: “હે મહાત્મા, કમળ સરખાં નેત્રવાળા મારા પુત્ર રામચંદ્રને હજી સોળ વર્ષ પણ પૂરાં થયાં નથી, તેથી તે રાક્ષસોની સામે યુદ્ધ કરવાને સમર્થ હોય એમ મને લાગતું નથી” (બાલકાણ્ડ ૨૦ : ૨). પણ અંતે એ રાજા રામને જવાની પરવાનગી આપે છે. યજ્ઞભંગ કરતા રાક્ષસોનો સંહાર કરીને સીતાના સ્વયંવરમાં રામ જાય છે ને ત્યાં તેની સાથે લગ્ન કરે છે. આમ રામની ઉમર તે વેળાએ સોળ વર્ષથી મોટી ન હતી, સીતાની તો તેથી યે નાની હોય. વળી તે જ પ્રસંગે રામનાથી યે નાના તેમના ત્રણ ભાઇનાં લગ્ન કરી નાખવામાં આવ્યાં હતાં. મધ્યકાળમાં વરકન્યાની બન્નેની લગ્નની ઉમર સોળેક વર્ષની ગણાતી (જાતક: ૪૭૭, ૫૪૬). ત્યારે પણ લગ્ન તો માબાપ જ ગોઠવતાં (૫૪૬). લગ્નક્ષેત્ર ત્યારે પણ કંઇક વિશાળ હતું, આજની પેઠે જન્મજડ જ્ઞાતિઓએ રુંધી નહોતું નાખ્યું. ક્ષત્રિય કુમારો વૈશ્ય કન્યાઓ સાથે લગ્ન કરતા (૫૨૭).

૨૫ વર્ષની ઉમર સુધી કુમારે ગુરુકુલમાં અભ્યાસ કરવો એવું ધર્મશાસ્ત્રનું વિધાન હતું, પણ તે બહુ પળાતું નહિ. ઉપરના ઉદાહરણથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાશે કે ખૂદ રામચંદ્ર ગુરુકુલમાં અભ્યાસ કરવા નહોતા ગયા; ૧૬ વર્ષની ઉમરે તો પરણી ચૂક્યા હતા, જોકે લગ્ન પહેલાં આજની પેઠે સમાવર્તન સંસ્કારનો વેશ ભજવતો બડવો દોડાવવામાં આવ્યો હતો (બાલકાણ્ડ ૭૨ : ૨૧). ત્યારે એવી સ્થિતિમાં સીતાને તો ગુરુકુલનાં દર્શનેય શાનાં હોય? કન્યાઓને માટે પ્રાચીન ભારતમાં ગુરુકુલો હોય એવું પણ હું તો પ્રાચીન સાહિત્યમાં જોઇ શક્યો નથી. છતાં યે ઘેર કન્યાઓને કંઇક કેળવણી કુળની પદવી પ્રમાણે અપાતી. સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કન્યાઓને ભાગ્યે જ કરાવાતો, તેને પ્રાકૃતનો અભ્યાસ કરાવાતો. સર્વે સંસ્કૃત નાટકોમાં દાસજનની પેઠે સ્ત્રીપાત્રો પણ સંસ્કૃતમાં નહિ, પરંતુ પ્રાકૃતમાં જ બોલે છે. આજે અંગ્રેજીનો અભ્યાસ આપણી કન્યાઓ કરતી થઇ છે, તેમ તે કાળે ગાર્ગી, સરસ્વતી જેવી વિરલ કન્યાઓ સંસ્કૃતનો અભ્યાસ કરતી હતી. છતાં યે ઘેર કન્યાઓને અનેક વિષયની કેળવણી અપાતી હતી એમ લાગે છે. ભાસ્કરાચાર્યે પોતાની પુત્રીને શીખવવા લીલાવતી ગણિત રચ્યું હતું. કૌશામ્બીના નગરશેઠ ઋષભસેનની પુત્રી તરંગવતી પોતાની આત્મકથા કહે છે કે: "જન્મ પછી બારમે વર્ષે મારી સમજશક્તિ એટલી બધી ખીલી ઊઠી કે મારે માટે ઉત્તમ પ્રકારના શિક્ષકો રાખવામાં આવ્યા. રીતસર ધીરે ધીરે હું ગણિત, વાચન, લેખન, ગાન, વીણાવાદન, નૃત્ય અને પુષ્પઉછેરની કળાઓ શીખી. વળી વનસ્પતિશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર પણ મને શીખવવામાં આવ્યાં. આ ઉપરાંત મારા પિતા જૈન ધર્મના અનુરાગી હતા, તેથી તેમની ઇચ્છા એવી થઇ કે મારે ધર્મશાસ્ત્રમાં પણ પ્રવીણ થવું જોઇએ; એટલા માટે નગરમાં ઉત્તમ મનાતા ધર્મપંડિતો મારે માટે રાખ્યા અને તેમની પાસેથી . . . શ્રાવકધર્મની ભાવનાઓનો મેં સારો અભ્યાસ કર્યો" (તરંગવતી: ૧૧૬-૧૨૧). એ કન્યાને ચિત્રવિદ્યાનું પણ સારું જ્ઞાન હતું. (૪૫૫-૪૬૩). અર્જુને વિરાટ રાજાની કન્યાને, તેની સખીઓને ને દાસીઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાનવાદન શીખવ્યું હતું (વિરાટપર્વ ૧૧:૧૩). કન્યાઓને લલિત કલાઓનું જ્ઞાન અપાતું (જાતક:૪૯૮, ૫૩૮, ૫૪૧, ૫૪૫). ગરીબ કઠિયારાની પણ કન્યા ગાઇને આનંદ માણતી (૭). કુમાર કરતાં કન્યા સંગીતમાં વધારે પ્રવીણ મનાતી (૫૪૭). યમુનાતટના વિહાર-સ્થાનમાં "કેટલીક સ્ત્રીઓ પ્રસન્ન થઇને નૃત્ય કરતી હતી. વેણુ, વીણા ને મૃદંગોના મનોહર નાદથી" તે સ્થાન ગાજી રહ્યું હતું (આદિપર્વ ૨૨૨: ૨૪, ૨૬).

લલિતકલાઓને નામે પુરુષો પોતાની કામવાસના સંતોષતા, એથી તો મધ્યયુગમાં પણ ગણિકાસંસ્થા પોષાતી. રાજદરબારમાંની નર્તકીઓ (नत्तकित्थियो) વિષેના ઉલ્લેખ જાતકગ્રંથોમાં વારંવાર આવે છે (૩૪૦). નગરમાંની ગણિકાઓ 'નગરસોભની' (नगर-शोभिनी) અથવા 'વણ્ણદાસી' (वर्णदासी) કહેવાતી. તે ખૂબ ધનવાન હતી (૫૨૫, ૫૩૧, ૫૩૮, ૫૪૩), કારણકે એમને ત્યાં ધનવાનના દીકરા રોજ જતા (૫૪૬). એક રાત માટે એક હજાર દામ એ લેતી. વગર પૈસે કોઇ જતો તેને એ હાંકી મૂકતી (૫૩૫). મેરુતુંગ પોતાના 'પ્રબંધચિંતામણિ' નામે ગ્રંથમાં જણાવે છે કે ભીમદેવે ગુજરાતીઓનું ચાતુર્ય બતાવવા માટે ભરવાડના વેશમાં એક પંડિતને અને એક ગણિકાને ભોજરાજાના દરબારમાં મોકલ્યાં હતાં, તેમણે ભોજરાજાને મુગ્ધ કર્યો હતો. આમ છતાં યે ગણિકાનું સ્થાન સમાજમાં કંઇ ઊંચું નહોતું. સુલસા નામે એક ગણિકા પોતાના જીવનને કિલિટ્ઠ (ક્લિષ્ટ) માને છે ને ગૃહસ્થજીવન ગાળવા તલસે છે (૪૨૫). કાલી નામે ગણિકાનું આબેહૂબ અને રમુજી વર્ણન એક જાતકમાં સુંદર રીતે આપ્યું છે (૪૧૯).

સારો વર મળે એટલા માટે કન્યાઓ વ્રત કરતી (તરંગવતી: ૪૫૨-૪૫૪). 'વેસ્સન્તર' જાતકમાં રાજકુમારી જે દશ વરદાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગે છે, તે ઉપરથી મધ્યયુગની સ્ત્રીઓની કામના જણાઇ આવે છે: પટ્ટરાણી બનવું, પુત્ર પામવો, સુંદર શરીર હોવું, વાળ કાળા જ રહેવા, કોમળ ચામડી હોવી, એવી એવી સ્ત્રીઓની કામના હતી. વિવિધ રીતે વાળ હોળવા, શરીરે ચંદન વગેરે સુગંધિત પદાર્થો ચોળવા, હાથપગની આંગળીઓ ને નખ રંગવા, વગેરે વિષે સ્ત્રીઓની સૌન્દર્યભાવના ત્યારે પણ આજના જેવી જ હતી (જાતક: ૩૪૭).

સ્ત્રી એ પતિની પાદપરિચારિકા ગણાતી (જાતક: ૫૪૬). સમાનકુળમાં જન્મ, પતિની આજ્ઞાધીનતા, મધુરવાણી ને સૌન્દર્ય, એ આદર્શ સ્ત્રીનાં લક્ષણ ગણાતાં (૫૦૨). ઘરનું બધું કામ એ કરતી, અને ઘર એ જ એનું કાર્યક્ષેત્ર હતું. ગરીબ સ્ત્રીઓ ખેતરમાં જતી. સ્ત્રી કાંતવાનું, વણવાનું ને પીંજવાનું કામ પણ જાણતી (૫૪૬, कपासपोथन धनुक ૫૩૯). ધનવાનને ઘેર એ દાસી કે ધાત્રી તરીકે પણ રહેતી; ત્યાં તેની પ્રત્યેનું વર્તન સારું હતું, ઘરનાં બીજાં માણસોની પેઠે તેને રાખવામાં આવતી (૩૫૪, ૫૨૭). છતાં એકંદરે સમાજમાં તે કાળે નારીજનનું સ્થાન ઉન્નત નહોતું.

અને છતાં યે અપવાદરૂપ કેટલીક પ્રભાવશાળી ને નિર્ભય સ્ત્રીઓ તે વારે પાકતી હતી. અનેક પ્રાર્થના કર્યા છતાં સીતાને રામે વનમાં સાથે લેઇ જવા ના પાડી, ત્યારે નિરાશ થઇ સીતાએ એને સંભળાવી દીધું: "હે રામ, માત્ર ઉપરથી જ પુરુષના વેશ વાળા, પણ અંદરથી તો સ્ત્રીના જેવા ગુણ વાળા તમારા જેવા જમાઇ મેળવીને મારા પિતા મિથિલારાજ જનકે પોતાના મનમાં શું માન્યું હશે? તેમણે પ્રથમથી જ તમને આવા બીકણ સ્વભાવના જાણ્યા હોત, તો તે તમારી સાથે મારું લગ્ન કરત જ નહિ" (અયોધ્યાકાણ્ડ ૩૦ : ૩). પાણ્ડવો દ્યૂતમાં દ્રૌપદીને હારી જાય છે અને કૌરવો તેને સભામંડપમાં પકડી મંગાવે છે, ત્યારે પુણ્યપ્રકોપ દર્શાવીને તે બોલે છે: "તમને સૌને ધિક્કાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હો! . . . સભામાં કુરુકુલના ધર્મનું ઉલ્લંઘન થાય છે અને તેને સર્વે કુરુઓ જોયા કરે છે. આવા ઉગ્ર અધર્મને પણ કુરુકુલના મુખ્ય વૃદ્ધો પણ સાંખી રહ્યા છે તે ઉપરથી મને લાગે છે કે દ્રોણનું, ભીષ્મનું, આ મહાત્મા વિદુરનું તથા રાજા ધૃતરાષ્ટ્રનું પણ બળ હવે રહ્યું નથી" (સભાપર્વ ૬૭:૪૦, ૪૧). એટલે રોટલાની શરમે દબાઇ ગએલા પિતામહ ભીષ્મ બોલ્યા: અમે શું કરીએ? "સ્ત્રી પોતાના પતિને આધીન જ છે, એટલે પતિના પરાજયથી પત્નીનો પણ પરાજય જ ગણાય છે" (૪૭). એ વૃદ્ધે તો દ્રૌપદીને પતિઓની મિલ્કત કહી દીધી. પણ દ્રૌપદી વીરાંગના હતી, એ પાંચ પતિને પોતાની પાછળ ફેરવતી હતી. પાણ્ડવો વનમાં ગયા પછી, એ હકીકત જાણીને કૃષ્ણ એમને મળવા વનમાં ગયા. તે પાણ્ડવોને આશ્વાસન આપતા હતા, પણ સહન ન થયાથી દ્રૌપદી કૃષ્ણની પાસે આવી ક્રોધથી બોલવા લાગી. બોલતાં બોલતાં પાણ્ડવો ઉપર ઉકળી ઊઠી: "હે જનાર્દન, ભીમસેનના બળને ધિક્કાર હો! અર્જુનના ગાણ્ડીવ ધનુષને પણ ધિક્કાર હો! કારણકે નીચ કૌરવોએ મારું અપમાન કર્યું ને એ બંનેએ સાંખ્યા કર્યું! અલ્પ બળ વાળા પતિઓ પણ પોતાની ભાર્યાનું સર્વ રીતે રક્ષણ કરે. . . . મધુસૂદન, જે ગાણ્ડીવ ધનુષને તમે, અર્જુન અથવા ભીમ વિના બીજો કોઇ પણ દોરી ચઢાવી શકે નહિ એ ધનુષ પણ શા કામનું? ભીમસેનના બળને તથા અર્જુનના પુરુષાર્થને ધિક્કાર છે કે દુર્યોધન એ ઘડી પણ જીવતો રહી શકે છે" (વનપર્વ ૧૨ : ૬૭, ૬૮, ૭૭, ૭૮; ઉદ્યોગપર્વ ૮૨ : ૩૧). યુદ્ધમાં સૌ સગાં-સંબંધી હણાયાથી યુધિષ્ઠિરને ખેદ થાય છે ને સંન્યસ્ત લેવા તૈયાર થઇ જાય છે. બધા ભાઇઓ સમજાવે છે, છતાં ય યુધિષ્ઠિર સમજતા નથી, ત્યારે છેવટે તેમને દ્રૌપદી ખખડાવે છે: "જેમના કુળમાં સૌથી મોટો ગણાતો પુરુષ જ્યારે ઉન્મત્ત બની જાય છે, ત્યારે તેની પાછળ તેને અનુસરનાર સૌ મનુષ્ય પણ ઉન્મત્ત થઇ જાય છે. તમારા ઉન્માદથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સૌ પાણ્ડવો પણ ઉન્મત્ત દશામાં આવી પડ્યા છે. તે ઉન્મત્ત ન બન્યા હોત તો સૌ નાસ્તિકોની સાથે તમને બાંધી મૂકીને પૃથ્વીનું રાજ્ય કરવા મંડી પડ્યા હોત" (શાન્તિપર્વ ૧૪: ૩૨, ૩૩) રાજા દુષ્યન્તે કણ્વના આશ્રમમાં જઇ શકુન્તલા સાથે ગાન્ધર્વવિવાહ કર્યો ને તરત જ તેની સાથે સંયોગ કર્યો. એથી શકુન્તલાને પુત્ર થયો. પુત્ર લેઇને એ સાસરે ગઇ; એ લગ્નનું રાજાને સ્મરણ હતું, તોય લોકલાજથી ડરીને એણે એનો ઇનકાર કર્યો. શકુન્તલાને અત્યંત કોપ વ્યાપ્યો ને સંભળાવી દીધું: 'હું કંઇ આ અરણ્યરોદન નથી જ કરતી. તમે મારું કેમ સાંભળતા નથી? હું યાચના કરું છું, તેમ છતાં મારું કહેલું નહિ કરો તો હે દુષ્યન્ત, અહુણાં જ તમારા માથાના ચૂરેચૂરા થઇ જશે" (આદિપર્વ ૭૪: ૩૬)!

પણ ગાર્ગી, સરસ્વતીની પેઠે આ વીરાંગનાઓ પણ અપવાદ હતી, બાકી એકંદરે તો ભીષ્મે દ્રૌપદીને કહ્યું તેમ સ્ત્રીએ પોતાના પતિને આધીન રહેવું પડતું. અને જેને પતિ ન હોય એવી વિધવાની સ્થિતિ તો એથીયે અવનત હતી. "વિધવાની સ્થિતિ ભયંકર છે. બધાંનું એંઠું તે જમે છે. ગમે તે માણસ એને ગમે તેવી ઇજા કરી શકે, ભાઇભાણ્ડુ તરફથી ક્રૂર વચનનો મારો એના ઉપર ચાલુ જ હોય. વિધવાને ભલે દશ ભાઇઓ હોય, તોય એ એકલી છે. અરેરે! આ ભયંકર છે" (જાતક: ૫૪૭). વિધવાના દીકરાને વિધવાપુત્તો કહી લોક એની મશ્કરી કરતા (૫૩૯). એક જાતકમાં વિધવાવિવાહનો ઉલ્લેખ છે (૫૪૩), પણ વિધવાએ સતી થવાનો ચાલ પણ ખૂબ પ્રચલિત હતો. પાણ્ડુની પાછળ તેની એક પત્ની માદ્રી સતી થઇ હતી (આદિ-પર્વ ૧૨૭: ૨૨, ૨૩). વસુદેવની પાછળ દેવકી, રોહિણી, ભદ્રા તથા મદિરા, એ "તેમની ચાર પત્નીઓ પતિલોકમાં જવાની ઇચ્છાથી ચિતાગ્નિમાં પડેલા તે શૂરપુત્ર વસુદેવની ચિતામાં ચઢી બેઠી. . . .

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રુકિમણી, ગાન્ધારી, શૈબ્યા, હૈમવતી અને દેવી જાંબવતીએ અગ્નિમાં પ્રવેશ કર્યો" (મૌસલપર્વ ૭: ૨૪, ૭૩).

જે સતી નહોતી થતી તે વિધવા કુટુમ્બમાં રહેતી. માથે વાળ રાખતી. પણ તે સાદા હોળતી, તેમાં સેંથી નહોતી પાડતી. "આ સેંથી પાડ્યા વગરની તથા સફેદ ઉત્તરીય વસ્ત્રો ધારણ કરનારી રાજરાણીઓ છે, તે આ વૃદ્ધ રાજાના સો પુત્રોની પત્નીઓ છે, જેમના પતિઓ તથા પુત્રો યુદ્ધમાં હણાયા છે" (આશ્રમવાસિકપર્વ ૨૫ : ૧૬). પણ "જે ધણી વેપારને કારણે હમેશાં પરદેશમાં રહે. . . . એવા માણસને મારી કન્યા શી રીતે આપું? એને તો સદા પ્રોષિતભર્તૃકાના જેવા વાળ રાખવા પડે અને શણગાર સજવાના કદી પ્રસંગ જ આવે નહિ" (તરંગવતી : ૬૪૮ – ૬૪૯). આ 'પ્રોષિતભર્તૃકાના જેવા વાળ' કેવા હશે?

વળી. સ્ત્રીઓ સંસારત્યાગ પણ કરતી. મહાભારતના યુદ્ધ પછી અને કૌરવોના નાશ પછી "અક્રૂરની સ્ત્રીને વજ્રે અટકાવ્યા છતાં તેણે સંન્યાસ લીધો," અને "સત્યભામા તથા બીજી જે રાણીઓ કૃષ્ણની માનિતી હતી તેઓએ તપશ્ચર્યા કરવાનો નિશ્ચય કરી વનમાં પ્રવેશ કર્યો" (મૌસલપર્વ ૭ : ૭૨, ૭૪). સુલભાએ પણ સંન્યસ્ત લીધું હતું (શાન્તિપર્વ ૩૨૦ : ૭). બૌદ્ધ અને જૈન સમ્પ્રદાયમાં પણ સ્ત્રીઓ આજની પેઠે જ દીક્ષા લેતી. તરંગવતીએ એમ દીક્ષા લીધેલી (તરંગવતી : ૧૩૫૩ – ૧૩૫૯).

સંબંધીને મરણપ્રસંગે તે કાળે પણ સ્ત્રીઓ આજની પેઠે જ રોતી કૂટતી. વસુદેવના મરણ પછી "પોકે પોકે રુદન કરતી સ્ત્રીઓનું મહાદારુણ આક્રંદ થઇ રહ્યું. સર્વે સ્ત્રીઓ કેશને છૂટા મૂકી તથા અલંકાર અને માળાઓનો ત્યાગ કરી હાથ વડે છાતીઓ કૂટતી કરુણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિલાપ કરવા લાગી" (મૌસલપર્વ ૭ : ૧૬, ૧૭). દુર્યોધન મરાયો એમ ધારીને "ટીટોડીઓની પેઠે મોટો આક્રંદ કરીને રુદન કરતી તે રાજરાણીઓએ પૃથ્વીને ગજાવી મૂકી હતી સર્વે સ્ત્રીઓ નખ વડે શરીરને ઉતરડી નાખતી હતી, હાથ વડે માથાં કૂટતી હતી, માથાના વાળ પીંખતી હતી, મોટી મોટી બૂમો પાડતી હતી અને હાહાકાર શબ્દ કરીને ધડાધડ છાતીઓ કૂટતી હતી" (શલ્યપર્વ ૨૯ : ૬૫, ૬૬). દશરથ રાજાના મરણથી "સઘળી રાણીઓ અતિશોકને લીધે રુદન કરવા લાગી અને મૂર્છિત થઇ પૃથ્વી ઉપર પડી ગઇ" (અયોધ્યાકાણ્ડ ૬૫ : ૨૪). રાવણના મરણ પછી તેની સ્ત્રીઓ "જેમ વાછરડાના મરણથી ગાય શોક કરે તેમ છૂટા કેશ મૂકીને વાર્યા છતાં ધૂળમાં આળોટીને શોક કરવા લાગી" (યુદ્ધકાણ્ડ ૧૧૦ : ૨). અને મહાભારતના ભયંકર હત્યાકાણ્ડ પછી પોતાના સંબંધીઓના મરણને લીધે ગાન્ધારીએ જે વિલાપ કર્યો છે તે વર્ણવવા માટે તો સ્ત્રીપર્વમાં આખો સ્ત્રીવિલાપપર્વ મૂક્યો છે (સ્ત્રીપર્વ ૧૬ – ૨૫).

સ્ત્રી આર્થિક વિષયમાં કેવી પરાધીન હતી તેનું વિવેચન એક જુદા જ અધ્યાયમાં કરીશું.

ત્યારે હવે આ આખા અધ્યાય ઉપરથી જણાશે કે પ્રાચીન કાળે હિંદુ નારીજનની સ્થિતિ આજની કરતાં ઊંચી ન હતી, આજની પેઠે જ એ પુરુષને આધીન દાસી હતી અને વળી તેની આર્થિક દશા પણ બહુ ઊંચી ન હતી. તેને કોઇ પણ ક્ષેત્રમાં સ્વતંત્રતા ન હતી. અને માટે જ ગાર્ગી વગેરે થોડીક બ્રહ્મવાદિનીઓના અપવાદને બાદ કરતાં કોઇ પણ સ્ત્રીએ સાહિત્યના, દર્શનશાસ્ત્રના, વિજ્ઞાનના, ધર્મના કે કોઇ એવા ક્ષેત્રમાં નામ નથી કાઢ્યું; પુરુષની કક્ષાએ તો એ કદાપિ ઊભી શકી જ નથી. લગ્નવિષયમાં જ નહિ, સંસારના સર્વે વિષયમાં પ્રાચીન હિંદુએ એને પરાધીન કરી મૂકી છે, એની સાથે એ લગ્નપ્રપંચ રમ્યે ગયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૩

પુરુષની કામલોલુપતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૨૩

સંવનન

વનસ્પતિમાં ને પ્રાણીમાં વંશવર્ધનની પ્રેરણા સર્વવ્યાપક છે. એથી એ સૌ કોઇ ને કોઇ રીતે પોતાનો વંશવેલો સતત વધાર્યે જ જાય છે. પ્રથમ તો વનસ્પતિમાં ને પ્રાણીમાં નરનારીનું શરીર એક જ હતું. પછી ધીરે ધીરે વિકાસ પામીને એ એનાં શરીર જુદાં થઇ ગયાં. અને ત્યારે એ એના સંયોગથી સંતતિનો જન્મ થવા લાગ્યો. આ વાત પહેલા અધ્યાયમાં કંઇક વિસ્તારથી આપી છે.

વંશવર્ધનની પ્રેરણા નર અને નારીમાં બન્નેમાં હતી, તેથી એ બન્ને એક બીજા સાથે સંયોગ કરવા પ્રેરાયાં અને વળી સંયોગ માટે એક બીજાને આકર્ષવા પણ લાગ્યાં. એમ આકર્ષણ કરવાની કળાને આપણે સંવનન (સં. वन् સેવવું, યાચવું) કહીએ. નર ગતિશીલ (Active) છે, નારી સ્થિતિશીલ (Passive) છે, તેથી નારી ઘણું કરીને નરનું સંવનન કળે કરીને કરે છે. એ કળને કળા કહીએ; નર ઘણું કરીને નારીનું સંવનન બળે કરીને કરે છે. અને છતાં ય નારી વનિતા કહેવાઇ છે.

વનસ્પતિ અને પ્રાણીમાંથી વિકાસ પામીને માનવી જન્મ પામ્યો છે અને તેથી લગ્ન અને તેની સર્વ પ્રક્રિયાઓ પણ વનસ્પતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પ્રાણીમાંથી વિકાસ પામીને તેનામાં જન્મ પામી છે, સંવનનની પ્રક્રિયા પણ એ પોતાનાં એ પૂર્વજોમાંથી પામ્યો છે.

ત્યારે હવે સંવનનનો મર્મ સમજવા વનસ્પતિની વાત જવા દેઇને પ્રાણીથી શરૂ કરીએ. વંશવર્ધન માટેના સંયોગની પ્રેરણા પ્રાણીમાત્રમાં પ્રબળ છે. એ પ્રેરણાથી નરનારી એક બીજાને આકર્ષણ કરે છે ને તેથી એ આકર્ષણ પણ પ્રબળ છે. એ આકર્ષણને આપણે સ્નેહ (સં. स्निह् આકર્ષવું) કહીએ. અને એ સ્નેહ મૃત્યુ કરતાં પણ પ્રબળ છે. કરોળિયાને ને વીંછીને સંયોગ પછી તેની નારી મારી નાખે છે, છતાંય એ જાતિના નર સ્નેહને બળે સંયોગ કર્યા વિના નથી રહી શકતા. જે જે પ્રાણીઓમાં બુદ્ધિવિકાસ થતો ગયો તે તે પ્રાણીઓમાં એ સ્નેહપ્રેરણામાં શિથિલતા આવતી ગઇ.

નર સ્નેહમાં બળ વડે કામ લે છે ખરો, પણ કળામાં નિષ્ફળ ગયે જ એ બળનો ઉપયોગ કરે છે. ચાલે ત્યાં સુધી એ પણ કળે કામ કાઢે છે. પતંગિયાં વિચિત્ર રંગની પોતાની રૂપાળી પાંખો કલાકો સુધી ફફડાવીને સ્નેહ કર્યા પછી જ સંયોગ કરે છે; અને કલાકો એટલે એના ટૂંકા જીવતરમાં વર્ષો ગણાય. ભારદ્વાજ (Skylark) પક્ષીનર ધીરે પગલે ચાલે છે, પોતાનાં પીંછાંની કળા કરે છે ને પંખાની પેઠે પાછી સંકેલી લે છે; વળી ઝાડની ડાળીએ સતત ગાયા કરે છે. એમ નારીને રિઝવવા એ હાવભાવ કરે છે. આ પ્રસંગે બીજો નર વચ્ચે આવી પડ્યો તો તેના ભોગ જ મળ્યા સમજવા, તે તેના ઉપર તૂટી પડે છે. તે તેને નબળો હોય તો મારે છે, જબરો હોય તો પોતે મરે છે. જીતનાર નર તે નારી પાસે જાય છે. એમ કળાથી નારીને રિઝવવા અનેક પ્રાણીના નર પ્રયત્ન કરે છે. પીંછાંની કળા ને બીજાં શરીરસૌન્દર્ય દેખાડીને કે ગાન સંભળાવીને—તેની આંખને ને કાનને આનંદ આપીને—તે નારીને આકર્ષે છે. કબુતર નર પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારી સામે નૃત્ય કરે છે. અમેરિકાનો એક પક્ષીનર પોતાની નારી સામે વરણાગીથી ચાલે છે, પૂંછડીથી જમીન વાળે છે ને પછી નૃત્ય કરે છે. બતક પોતાનું માથું લહેરથી ઊંચું કરે છે, પોતાનાં ફેરી પીછાં સીધાં કરે છે, ગળામાંથી બોલતો બોલતો નારી સામે જઈ ઊભો રહે છે. અંધારી રાતે આગિયો નર પોતાની નારીને પ્રકાશના ચમકારાથી આકર્ષવા પ્રયત્ન કરે છે, યોગ્ય લાગે તેને ચમકારો કરીને એ નારી બોલાવે છે. જર્મનિમાં ને અમેરિકામાં કેટલાક પક્ષીનર તો પોતાના સૌન્દર્યનું પ્રદર્શન કરવા વસંતઋતુમાં ટોળે મળે છે અને તેમાંથી જેને સંમતિ મળે તે નર ચાલ્યો ચાલ્યો નારી પાસે જાય છે. દમયન્તીનો સ્વયંવર આ જ પ્રકારનો હતો.

દેડકો 'ડ્રૂં ડ્રૂં' શબ્દ કરીને પોતાની નારીને બોલાવે છે. કાચંડો પોતાના શરીરના રંગમાં વારંવાર ફેરફાર કરીને પોતાની નારીને ખુશ કરે છે. કાચબો ગતિએ ધીરો છે, પણ વિષયાન્ધ બને છે ત્યારે દોડાદોડ કરી મૂકે છે; પોતાની નારીની પીઠ ઉપર પોતાનો પંજો થાબડે છે ને તેનામાં કામવાસના ઉત્તેજે છે. સાપ સાપણ સાથે ગેલ કરે છે, તેની સામે નાચે છે અને અંતે તેની સાથે વીંટળાય છે.

અને નાચ તો અનેક પંખી કરે છે. કેટલીક વાર નરનારી સાથે નાચે છે. બેશક વિકાસ થતે પશુઓનાં શરીર એવાં બંધાયાં કે તે પંખીઓની પેઠે સારી રીતે નાચી શકતાં નથી, પણ છતાં યે વાનર બહુ સરસ રીતે નાચી જાણે છે.

પણ અનેક વખત એમ બન્યું છે કે સ્વયંવરમાં નિષ્ફળ નીવડેલા પુરુષો સફળ થનારની સામે યુદ્ધ કરે છે, અથવા એક નારીને માટે યુદ્ધ કરીને અંતે જીતનાર તે નારીને પ્રાપ્ત કરી શકે છે. અનેક પ્રાણીઓમાં યુદ્ધવૃત્તિ વિકાસ પામીને સ્વાભાવિક થઈ ગઈ છે. પ્રાણીઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ જેમ વિકાસ થતો ગયો છે તેમ તેમ એ યુદ્ધવૃત્તિ પણ વિકાસ પામતી ગઇ છે. મગર બીજા મગર સામે એમ યુદ્ધ કરતાં શરીર ફુલાવે છે, માથું ને પૂંછડી ઊંચાં કરે છે, પાણીમાં ઘુમરી ખાય છે ને તેની ઉપર તૂટી પડે છે. કેટલાક પક્ષીનર પરસ્પર ભયંકર યુદ્ધ કરે છે. પરિણામે એકાદ ઘાયલ થાય છે કે મરે છે. કૂકડા પણ યુદ્ધ કરે છે. કેટલીક વખતે વૃદ્ધ કૂકડા જુવાન નારીને માટે યુદ્ધ કરવામાં રોકાયા હોય છે, ત્યારે એ યુદ્ધમાં નહિ ઉતરેલા કોઇ જુવાન નરને લેઇને પેલી નારી ચાલતી થાય છે! આ બધાં યુદ્ધોમાં નારી જીતનારને વિજયમાળા, એટલે જ વરમાળા, પહેરાવે છે. હારેલો મરી જાય છે કે નાશી જાય છે. સીતાનો ને દ્રૌપદીનો સ્વયંવર આ જ પ્રકારનો હતો.

કેટલાંક પક્ષીઓમાં તો આ લગ્નયુદ્ધ નામનાં જ થાય છે. સામસામી આમ તેમ ચાલે છે, અમુક રીતે શબ્દ કરે છે ને યુદ્ધના ચાળા કરે છે; તેઓ એક બીજાનો સ્પર્શ પણ નથી કરતા, માત્ર સૌ પોતાની ભવ્યતા સામેની નારીને દેખાડવાના પ્રયત્ન કરે છે. ફ્લોરિડાના એક પ્રકારના પક્ષીમાં અનેક નર જાણે યુદ્ધ કરવાના હોય, તેમ એક સ્થાને સંધ્યાકાળે એકઠા થાય, આખી રાત યુદ્ધનો દંભ કરે ને પ્રભાતે એક બીજાને જાણે નમસ્કાર કરતા હોય એવા ભાવ દેખાડી ચાલતા થાય.

"બીજી બાજુએ નારી પણ કંઇ નવરી નહોતી બેશી રહી. એનામાં પણ વંશવર્ધનની અને તેને લીધે સંયોગવાસનાની પ્રેરણા સ્વાભાવિક જ હતી. એ વાસનાને પૂરી કરવાને એણે નર કરતાં જુદો જ માર્ગ શોધ્યો. ઝાડની ડાળીએ બેશીને ગાવા માંડ્યું ને પોતાનાં અંગ સુંદર રીતે મરોડવા માંડ્યાં. પોતાના સુંદર ગાનથી, અંગની સુંદર ભાવભંગીથી, અને નૃત્યથી એણે નરને આકર્ષવાના ને લોભાવવાના વિવિધ પ્રયત્ન કર્યા ને એમાં એ સફળ પણ થઇ. નર આકર્ષાયો, અનેક નર આકર્ષાયા. તે બધા એ એક નારી માટે સ્પર્ધા ને યુદ્ધ કરવા લાગ્યા. નારી તો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુદ્ધ જુએ ને તાનમાં આવી પોતાનું ગાન ને નૃત્ય ચલાવ્યે જાય. નરને એથી વધારે જોમ આવે ને વધારે જોસથી યુદ્ધ કરે. અંતે જે નર બધાને હરાવીને વિજયી થાય તેજ તે નારી પાસે જઇ શકે. લગ્નમાં પુરુષ ગતિશીલ છે, સ્ત્રી સ્થિતિશીલ છે. એ તો બેઠી બેઠી સ્વયંવર રચે છે. નારી જીતેલા નરનો સ્વીકાર કરી લે ને તેની સાથે સંયોગ કરે. સીતાએ અને દ્રૌપદીએ એમજ કરેલું ને? 'પરણ્યો તે મારો બાવન વીર જો' એમ સ્ત્રીઓ આજે પણ ગાય છે, તેમ બહુ પ્રાચીન કાળથી નારી બાવન વીરનેજ પસંદ કરે છે. પણ જે નારીમાં નરને આકર્ષવા જેવી ગાનની ને નૃત્યની કળા ના હોય તેની પાસે કોઇ ન જાય, અથવા જાય તો જુદ્ધમાં હારીને જે જીવતો રહ્યો હોય તેજ.

દરેક પશુપક્ષીને વસંતઋતુ—મન્મથકાળ—હોય છે. એ ઋતુમાં તેમનામાં ઊર્મિ ને ઉલ્લાસ ખાસ ખીલે છે. તે કાળે જ ઘણું કરીને તેઓ પાછળ વર્ણવેલું સંવનન કરે છે. સંવનનને પરિણામે જીતેલી નારીને લેઇ જઇ નર તેની સાથે સંયોગ કરે છે. તે પ્રસંગે કેટલાંક રસિક પક્ષીઓ પોતાના માળાને પીછાં વગેરેથી શણગારે છે. ઑસ્ટ્રેલિયાનું એક પંખી જમીન ઉપર માંડવો બાંધે છે. તેને પીછાં, શંખલા, હાડકાં અને પાંદડાં વગેરેથી શણગારે છે. આમાં નરનારી બન્ને કામે લાગે છે, પણ તેમાં ય નર વધારે કામપીડિત હોવાથી તે એ કામમાં વધારે રસ લે છે. વળી સ્વર્ગપક્ષી (Bird of Paradise) નામે ઓળખાતું અતિસુંદર પક્ષી તો અતિસુંદર કામકુંજ રચે છે. તે શંકુ આકારની હોય છે. કુંજ સામે નાનું સરખું ચોગાન રચે છે. તેના ઉપર લીલનો સુંવાળો ગાલીચો પાથરે છે, અને તેમાં શંખલી, દાણા ને ફૂલ વગેરે વેરે છે. વધારે તો એ કે એ ફૂલ કરમાઇ જાય છે ત્યારે તે કાઢી નાખે છે ને નવાં લાવી વેરે છે. આ ઉપરથી જોઇ શકાશે કે માનવી કરતાં કોઇ કોઇ ઇતર પ્રાણી કામકલામાં ઊતરતાં નથી.

કેટલાંક પશુપક્ષીમાં કામવાસનાનો બહુ વિકાસ જ થયો નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્ર પ્રેરણાનાં પ્રેરાયાં સંયોગ કરી ચાલતાં થાય છે, તેમનામાં સંવનન જેવુંય કશું હોતું નથી. એક જાતનાં પ્રાણીનાં નરનારી અકસ્માત એકઠાં થઇ જાય છે, એક બીજાને સૂંઘે છે, સંયોગ કરે છે, ને છૂટાં પડી ચાલતાં થાય છે. આપણાં કૂતરાં આટલો વિકાસ પામ્યા પછી યે લગભગ એવાં જ છે. વળી જુવાની જેમ જેમ ઓસરતી જાય છે, વૃદ્ધાવસ્થા જેમ જેમ આવતી જાય છે, તેમ તેમ લગભગ દરેક પશુપક્ષીને સંવનનનો કંટાળો આવતો જાય છે; નરનારી એમ ને એમ એકઠાં થાય, સંયોગ કરે ને પછી છૂટાં પડી પોતપોતાને માર્ગે ચાલતાં થાય.

પણ કામશાસ્ત્રીઓના અવલોકનથી એમ નક્કી કરવામાં આવ્યું છે કે નારી સંવનનમાં સ્થિતિશીલ રહ્યાથી ને નર ગતિશીલ બન્યાથી કામવાસનાનો વિકાસ પણ નારી કરતાં નરમાં વધારે થયો છે. પક્ષી-ઓમાં પણ નર વધારે કામાતુર હોય છે અને તેથી અનેક વાર ગમે તે નારીને સ્વીકારી લે છે. તે જ સ્થિતિ પશુઓમાં અને માનવ-જાતિમાં છે. નરની અદમ્ય કામવાસના કોઇ કોઇ વાર તો એવી પ્રબળ બને છે કે ત્યારે તે નારી ઉપર બળાત્કાર પણ કરે છે. અમુક પક્ષીઓમાં નારી જ્યારે ઇંડાં સેવવા બેઠી હોય ત્યારે પણ તેનો નર આવીને માળો ફેંદી નાખે છે, ઇંડાં ફેંકી દે છે ને તે નારી ઉપર બળાત્કાર કરે છે. આપણા કૂકડા પણ કૂકડી ઉપર બળાત્કાર કરવા વારંવાર દોડે છે. અને આપણે માનવનર ?

પણ કેટલાંક પ્રાણીઓમાં નરને અમુક નારી પ્રત્યે કંઇ પણ કારણ વિના તિરસ્કાર પણ હોય છે. કેટલીક જાતના કૂકડાને અમુક કૂકડી પ્રત્યે તિરસ્કાર હોય છે. જંગલી કબુતરનરને પાળેલી કબુતર-નારી પ્રત્યે તિરસ્કાર હોય છે. તેમ જ વળી કેટલાંક પ્રાણીઓની નારીને અમુક નર પ્રત્યે તિરસ્કાર હોય છે. અમુક ઘોડીઓ કે અમુક કબુતરનારીઓ તેને ન ગમતા નર પાસે કદી જનારી નહિ. જરૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડચે એવી ઘોડીઓને છેતરીને તે ઘોડા પાસે મોકલવી પડે. અને આ સ્નેહ કે તિરસ્કાર માટે કશું દેખીતું કારણ અવલોકન કરતાં યે જણાતું નથી.

"હવે આ બધાનું પરિણામ જોઇએ. ફાંકડો અને બળવાન નર સુંદર ગાનની અને નૃત્યની કળામાં નિપુણ નારી સાથે સંયોગ કરી શકે; અને તેમની સંતતિ પણ આનુવંશિક સંસ્કારને બળે તેવી જ થાય. તેમના પુત્રમાં રૂપ અને બળ ઊતરે, કારણકે પિતાનો વારસો પુત્રમાં વધારે ઊતરે છે. તેમની પુત્રીમાં ગાન, નૃત્ય વગેરે સુંદર કલાઓ ઊતરે, કારણકે માતાનો વારસો પુત્રીમાં વધારે ઊતરે છે. આ જ કારણે મોરને કલાપ, બકરાને દાઢી, સિંહને યાળ, કૂકડા વગેરેને માંજર, હાથીને દંતૂશળ, સાબરને શિંગ, પોપટને કાંઠલો, મૃગને કસ્તૂરી, મનુષ્યને દાઢીમૂછ અને બીજાં અનેક પ્રાણીનરમાં એવી રૂપસામગ્રીનો અને નારીમાં ગાન, નૃત્ય, વગેરે કલાસામગ્રીનો ધીરે ધીરે વિકાસ થયો છે" ('ઇશ્વરનો ઇનકાર': ૪૮). નારી બાહ્ય રૂપે તો સાદી જ છે. અનેક નર એક નારી માટે યુદ્ધ કરે, તેથી એક બીજા પ્રત્યે નરમાં ઇર્ષ્યાવૃત્તિ વિકાસ પામી છે, તેનામાં હિંમત અને બળ વિકાસ પામ્યાં છે. કોકિલ જેવા કોઇ કોઇ પંખીનરમાં નારીને ગાઇને ખુશ કરવાના પ્રયત્નથી ગાન પણ ખીલ્યું છે. સ્ત્રી કરતાં પુરુષ એકંદરે શરીરે મોટો ને બળવાન બન્યો છે. તેના શરીરમાં રક્ષણાત્મક અને હિંસાત્મક અંગનો વિકાસ થયો છે. પણ વળી કેટલાંક પક્ષીઓમાં નર કરતાં નારીનું શરીર વધારે બળવાન ને મોટું હોય છે, તે ઉપરથી એમ અનુમાન થાય છે કે તેમના પૂર્વજોમાં એક નર માટે અનેક નારીઓ યુદ્ધ કરતી હશે.

આમ પ્રાણીઓના કળે કે બળે કરેલા સંવનનથી આનુવંશિક સંસ્કારબળે નરમાં રૂપસૌન્દર્ય આવ્યું; ઇતર નર પ્રત્યે ઇર્ષ્યાભાવ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમુક નારી પ્રત્યે તિરસ્કાર, વગેરેનો વિકાસ થયો. સ્ત્રીમાં કલા-સૌન્દર્ય આવ્યું; તેનામાં પણ અમુક નર પ્રત્યે તિરસ્કાર વગેરેનો વિકાસ થયો. કામવાસનાનો વિકાસ બન્નેમાં થયો, પણ નરમાં તેની માત્રા વધી ગઈ, અને પરિણામે માનવનરમાં તો લોલુપતાની સીમાએ પહોંચી ગઇ.

ત્યારે હવે પ્રશ્ન એ ઊઠે છે કે સુંદર કોણ? નર કે નારી? રૂપસામગ્રીએ સમસ્ત પ્રાણીજગતમાં નર સુંદર છે. "સિંહણ કરતાં સિંહ જરૂર સુંદર દેખાય છે: સિંહની કેશવાળી જુઓ, એની કેડ જુઓ, એની હીંડવાની છટા જુઓ. ઢેલ કરતાં મોર જરૂર સુંદર દેખાય છે; એની કળા જુઓ, એનો કલાપ જુઓ, એનો ટૌકો સાંભળો. મેના કરતાં પોપટ જરૂર સુંદર દેખાય છે; એનો કંઠ સાંભળો, એનો કાંઠલો જુઓ, એનો ઘાટ જુઓ. આમ સમસ્ત પ્રાણીવર્ગમાં સ્ત્રી કરતાં પુરુષ વધારે સુંદર દિસે છે. ત્યારે તો કુદરતમાં માનવજાતિ અપવાદ ન જ હોય, માનવજાતિમાં પણ એ હિસાબે સ્ત્રી કરતાં પુરુષ સુંદર ઠરી શકે" ('પાટીદાર,' ૧૯૮૨ : ૨૪૧). નરમાં આ પ્રકટ રૂપસૌન્દર્ય છે એ તો ઠીક, બાકી નારીમાં જે કલાસૌંદર્ય છે તે ઓછું આકર્ષક નથી.

પરિણામે "નર નારીને તેની રૂપબળની સામગ્રીથી સુંદર અને આકર્ષક લાગે છે, નારી નરને તેની કલાસામગ્રીથી સુંદર અને આકર્ષક લાગે છે. એમ નર નારીને તેમ જ નારી નરને સુંદર ને આકર્ષક લાગે છે. પણ તમે પૂછશો કે ત્યારે ખરી રીતે એમાંથી સુંદર કોણ? એનો નિર્ણય કરવાને ન તો નર કે ન તો નારી એવો તટસ્થ ન્યાયાધીશ મળે તો જાણીએ, પણ એવો ન્યાયાધીશ લાવવો ક્યાંથી? બાકી આ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યા પછી આપણને લાગવું તો જોઇએ જ કે વંશવર્ધનની પ્રેરણાએ વિકસેલા આકર્ષણને-સ્નેહને-બળે એક બીજાને સુંદર લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાકી તો એ બંને તાત્ત્વિક વિકાસનાં જ પરિણામ છે, એટલે બંને સુંદર છે અથવા તો એકેય સુંદર નથી છતાં ય માનવનારીને કોણ જાણે પોતાના સૌન્દર્યમાં એવી તે શી ઊણપ લાગતી હશે કે પોતાની કૃત્રિમ રૂપસામગ્રી વધાર્યે જ જાય છે? પુરુષે માથેથી વાળ ઉતાર્યા, ત્યારે સ્ત્રીએ માથે વાળ વધારી એની વેણી ગૂંથવા માંડી! લૂગડેલત્તે ને આભૂષણે – એ બાહ્ય રૂપસામગ્રીએ – પોતાને શણગારવા માંડી! બીજી બાજુથી વળી પુરુષે સ્ત્રીની હરીફાઇમાં હવે માથે બાબરી રાખી તેમાં સેંથી પાડવા માંડી છે, દાઢીમૂછ ઉતારવા માંડયાં છે." ત્યારે વળી સ્ત્રીએ માથાના વાળ કતરાવીને ટૂંકા (Bobbed) કરવા માંડયા છે. "સુંદર દેખાવા માટે માનવજાતિનાં નરનારીએ ઠીક હરીફાઇ કરવા માંડી છે! અને હવે તો સ્ત્રીઓએ અખાડામાં કસરતથી શરીર કશીને બળમાં પણ પુરુષોની હરીફાઇ કરવી શરૂ કરી દીધી છે" ('ઈશ્વરનો ઇનકાર' : ૪૯).

સંવનનના આ દરેક ભાવના મૂળમાં વંશવર્ધનની પ્રેરણા છે. आहारनिद्राभयमिथुनं च। પ્રાણીમાત્રને આહાર, નિદ્રા, ભય અને મિથુન સ્વાભાવિક રીતે લાગેલાં જ છે; અને માનવી પણ એ નિયમથી મુક્ત નથી. ઘણા એમ માને છે કે ઇતર પ્રાણી તો માત્ર સ્વાભાવિક પ્રેરણાએ પ્રેરાઇને વંશવર્ધન માટે સંયોગ કરે છે, માનવી જ હેતુપૂર્વક વિચાર કરે છે ને પછી લગ્ન કરે છે. ના, કુદરતે માનવીને અપવાદમાં નથી મૂક્યો, એ પણ તેનું એક પ્રાણી છે, અને વિકાસક્રમે એ બીજાં પ્રાણીઓ કરતાં જેમ બાજા અનેક વિષયોમાં તેમ લગ્નવિષયમાં પણ વિકાસ પામીને આગળ ચાલ્યો છે એટલું એ જ.

આહાર ને મિથુનમાં એ ખૂબ આગળ ચાલ્યો છે. સ્વાભાવિક વાસનાનો વિકાસ કે વિકાર એવી રીતે થયો કે તે વાસના આજે લોલુપતા બની ગઇ છે. આહાર વિના આત્મરક્ષણ થઇ શકે નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે આહાર તો જોઇએ જ. એ આહારમાં રુચિકર ગંધ ને સ્વાદ હોય તો જ પ્રાણી તેને ખાય; પણ જ્યારથી માનવી ગંધ ને સ્વાદ પાછળ ઘેલો થયો, જ્યારથી આહારને અગ્નિથી પકવવાની એણે શોધ કરી, જ્યારથી આહારને જીવનસામગ્રીને બદલે ભોગસામગ્રી માનતો થયો, જ્યારથી आहारने બદલે ते भोजन (भुज् ભોગવવું) કરતો થયો, ત્યારથી એનું પતન શરૂ થયું. અને એ ભોજનલોલુપતા માનવી વધારતો જ ચાલ્યો છે. પ્રાચીન રોમનોને માટે એમ કહેવાય છે કે સ્વાદને હેતુએ તેઓ મિષ્ટાન્ન જમતા; પણ તેથી એમની ભોજન-લોલુપતા સંતોષાય નહિ, એટલે ખાધેલું મિષ્ટાન્ન જાણી જોઇને ઊલટી કરી કાઢી નાખે ને ફરી ખાય. આમ વારંવાર ખાય ને વારંવાર ઊલટી કરે! હા ભોજનલોલુપતા!

અને મિથુનમાં તો માનવીએ સર્વ સીમાઓ તોડી નાખીને સ્વચ્છંદભાવે દોટ મૂકી છે! એની કામલોલુપતાનો પાર નથી. મિથુન વિના વંશવર્ધન થઇ શકે નહિ, માટે મિથુન હોય જ. રુચિકર કામવાસના હોય તો જ પ્રાણી મિથુન કરે. પણ જ્યારથી ઘેલો થઇને કામવાસનાને બહેકાવી નાખી માનવી કામલોલુપ બન્યો, જ્યારથી સંયોગને–મિથુનને–વંશવર્ધનની સામગ્રીને બદલે ભોગ-વિલાસની સામગ્રી માનતો થયો, જ્યારથી संयोगને બદલે संभोग (भुज् ભોગવવું) માટે લોલુપ બનતો ગયો, ત્યારથી જ એનું પતન શરૂ થયું.

અને સંવનનમાં બળ વાપર્યાને કારણે નર શરીરે બળવાન થતો ચાલ્યો, નારી અબળા રહી ગઇ. વળી સંયોગમાં સ્ત્રી સ્થિતિશીલ, પુરુષ ગતિશીલ છે, તેથી પુરુષની કામલોલુપતા પણ સ્ત્રીના કરતાં વધારે વિકાસ પામી. પરિણામે સ્ત્રીના કરતાં પુરુષ વધારે કામલોલુપ બન્યો. વળી સ્ત્રી શરીરે અબળા રહી એટલે પુરુષ એને કાંડાબળે વશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને પોતાની કામલોલુપતાને પરિતોષવા માટે તેની ઉપર તૂટી પડ્યો. બીજા વ્યવહારમાં પુરુષ માલેક બનીને સ્ત્રીની સાથે પશુ વગેરે માલમતા જેવો વ્યવહાર રાખવા લાગ્યો. પણ લગ્નવિષયમાં તો તે સ્ત્રીની સાથે પોતાની કામલોલુપતાના શિકાર જેવો વ્યવહાર રાખવા લાગ્યો અને તે માટે લગ્નને નામે તેના ઉપર પ્રપંચ કરવા લાગ્યો. આ બહુ પ્રાચીન કાળથી ધીરે ધીરે થતું આવ્યું છે, ને ત્યારે એ જ કાળથી પુરુષનો સ્ત્રી ઉપરનો આ લગ્નપ્રપંચ પણ શરૂ થઈ ગયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૨૪

વસ્ત્રાલંકાર

બાઇબલના યાહુદી પુરાણમાં કથા છે કે દેવે પ્રથમ પુરુષને ને પછી તેની પાંસળીમાંથી સ્ત્રીને બનાવી. શરૂઆતમાં તો એ બંને કેવળ નગ્ન રહેતાં ને તેથી તે લજવાતાં નહિ. પછી કંઇ કાળે સેતાન સર્પે સ્ત્રીને જ્ઞાનવૃક્ષનું સુંદર ફળ દેખાડયું. "તે જોઇને સ્ત્રીએ ફળ તોડીને ખાધું ને તેની પાસે પોતાનો વર હતો તેને પણ આપ્યું, ને તેણે ખાધું. ત્યારે તે બંનેની આંખો ઊઘડી ગઇ; ને તેઓએ જાણ્યું કે અમે નાગાં છીએ; અને અંજીરીનાં પાતરાં શીવીને તેઓએ પોતાને સારુ આચ્છાદન બનાવ્યાં" (ઉત્પત્તિ ૩: ૬, ૭). અને છતાં યે ત્યાં યહોવાહ દેવ આવ્યો, ત્યારે તે બંને લાજનાં માર્યાં સંતાઇ ગયાં. દેવને સૌ વાતની ખબર પડી ત્યારે એ નિર્દોષ નગ્નજીવનમાંથી નીકળીને લજ્જામય જીવન પામવા જેવું વાસનામય જ્ઞાન એમણે સ્વીકાર્યું, એટલા માટે તેણે એ બન્નેને શાપ આપ્યો, બન્ને બિચારાં સ્વર્ગમાંથી નરકમાં પડયાં.

આ કથા સ્પષ્ટ રીતે જણાવે છે કે અતિપ્રાચીન કાળે માનવકુળ નગ્ન રહેતું. અને એ વાત સાચી જ છે કે ઇતર પ્રાણીમાંથી વિકાસ પામીને અવતરેલો માનવી વનમાં વસીને ફૂલફળ ખાતો ને નગ્ન રહેતો. તેને વસ્ત્ર પહેરવાની જરૂર નહોતી, કારણકે પોતાની આસપાસનાં હવા-પાણીથી એ નગ્ન રહેવાને ટેવાયો હતો; નગ્ન રહેવાથી આજે લાગતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લજ્જા પણ તેનામાં જન્મી નહોતી, કારણકે હજી પણ તેનામાં પશુપ્રાણી કરતાં કામવાસનાનો વિકાસ બહુ વધારે થયો નહોતો.

અને આપણા જેવી સંસ્કૃતિ (? કે વિકૃતિ ?) નહિ પામેલી અનેક વનવાસી પ્રાકૃત જાતિઓ આજે પણ નગ્ન રહે છે. બ્રાઝિલમાં, ઑસ્ટ્રેલિયામાં અને બીજા અનેક પ્રદેશોમાં અનેક જાતિઓ નગ્ન રહે છે. અમેરિકાની દક્ષિણે તેરા દલ ફુએગો નામે ટાપુ છે. એ ટાપુ શીત-કટિબંધમાં આવેલો છે, છતાં યે એ પ્રચંડ ટાઢની પરવા વગર ત્યાંનાં સ્ત્રીપુરુષો કેવળ નગ્ન રહે છે. સ્ત્રી છાતીએ બાળકને ધવરાવતી ધવરાવતી રસ્તામાં ઊભી રહી તમારી સાથે વાતો કરે, બાળકની છાતી ઉપર બરફના થર જામતા જાય ને તે લૂંછતી જાય; એને કે બાળકને ટાઢથી કશી યે ભીતિ નથી અને તેથી વસ્ત્રની પણ જરાય પરવા નથી. પોલીનેશિયા દ્વીપોમાં પણ હજી નગ્ન રહેવામાં લોક લજવાતા નથી. ત્યાં એક જ ઝૂંપડીમાં ઘરનાં સૌ સ્ત્રીપુરુષ નગ્ન સૂએ છે; વચ્ચોવચ્ચ ઘરનો વડેરો ને તેની સ્ત્રીઓ સૂએ છે. આફ્રિકાની અનેક જાતિઓનાં સ્ત્રીપુરુષ પણ એમ જ સૂએ છે. પણ વળી ઉત્તર અમેરિકાની એસ્કીમો જાતિમાં તો ધર્મશાળા જેવા સહિયારા ઘરમાં બસો ત્રણસો સ્ત્રીપુરુષો નગ્ન સૂએ છે. એ સૌ વનવાસી જાતિઓ અભ્યાસથી ગમે તેવો પ્રચંડ ટાઢતડકો સહન કરતાં શીખી ગઇ છે. વળી એમનામાં કામવાસનાની માત્રા પણ બહુ વધી ગઇ નથી ને તેથી નગ્ન રહેવામાં એમને લજ્જા પણ નથી લાગતી. પૂર્વ આફ્રિકામાં વિક્ટોરિયા ન્યાંઝા સરોવરને ઈશાન ખૂણે કવિરોણ્ડો નામે જાતિ રહે છે. યુરોપિયનોને ને હિંદીઓને સંસ્કારે ને સ્વાર્થે એમને સુધરવું (?) પડ્યું છે ને તેથી રેલવેની ધારે ધારે એ લોકોને પરદેશી વસ્ત્ર પહેરવાં પડ્યાં છે, પણ રેલવે મૂકીને જંગલમાં જાઓ તો તેમને કેવળ નગ્ન સ્થિતિમાં જુઓ. અને છતાં યે માનવશાસ્ત્રીઓ કહે છે કે તેઓ લગ્નધર્મમાં જગતની ઘણીખરી જાતિઓ કરતાં ઊંચે છે, વ્યભિચારનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામનિશાન તેમનામાં નથી. આપણી વસ્ત્રસંસ્કૃત સંગતિને પરિણામે એ લોક કેવા થશે એ હવે જોવાનું છે !

અતિપ્રાચીન કાળે તો સમસ્ત માનવજાતિ નગ્ન રહેતી. પરંતુ જેને આજે સંસ્કૃતિ કહીએ છીએ, પણ સાચી રીતે તો જે વિકૃતિ છે તે એ જાતિઓમાં દાખલ થઇ. જે ક્ષણે માનવીએ અગ્નિ વડે આહારને રાંધવાની શોધ કરી તે ક્ષણથી જ એ વિકૃતિનો આરંભ કર્યો. આહારમાં તેને સ્વાદ લાગ્યો ને તેમાં વળી કૃત્રિમ સ્વાદ ઉમેરતો ગયો. આથી એનું શરીર વિકૃત થતું ચાલ્યું ને ટાઢતડકો ખમવા અસમર્થ થતું ચાલ્યું. અને સાથે જ કામવાસનાની પણ માત્રા વધવા લાગી. આથી એને શરીર ઢાંકવા વસ્ત્રની ને નગ્નતા ઢાંકવા આચ્છાદનની જરૂર લાગી, એટલે પશુનાં ચામડાંથી શરીર ઢાંકયું ને ઝાડનાં પાનથી નગ્નતા ઢાંકી.

ચિત્રવિચિત્ર રંગનાં પશુઓને મારીને તેમનાં ચામડાં એ માનવી ઓઢવા લાગ્યો. વળી સ્ત્રી તો બહુ કાળથી પુરુષને રિઝવવા સંવનન કરતી આવી હતી. તેને આવાં ચિત્રવિચિત્ર ચામડાં ગમ્યાં ને તે પહેરવામાં આનંદ માનવા લાગી. એ મૃગને "હણીને તેનું ઉત્તમ સુવર્ણમય ચર્મ પણ મને આણી આપજો. હું સૂંવાળી તૃણની સાદડી ઉપર એ સુંદર મૃગચર્મ બિછાવી તમારી પાસે બેશીશ" (અરણ્યકાણ્ડ ૪૩ : ૨૦), એમ વનવાસમાં સીતાએ જ રામને નહોતું કહ્યું ? વળી સ્ત્રી શરીરને ચિત્રવિચિત્ર રંગનાં ફૂલથી પણ શણગારવા લાગી. એમ એવાં ચામડાંથી ને ફૂલથી શણગારાએલી સ્ત્રી પુરુષને ગમવા લાગી, એટલે સ્ત્રી એ પ્રયત્નમાં આગળ ચાલી. ચામડાંના ને ફૂલના ચિત્રવિચિત્ર રંગનું ને આકારનું અનુકરણ તો પોતાના શરીર ઉપર પણ કરવા લાગી, પોતાનાં શરીરને પણ ચિત્રવિચિત્ર રંગે રંગવા લાગી. એ રંગ ને આકાર શરીર ઉપર કાયમ કરી દેવાને માટે છૂંદણાંની શોધ થઇ. પુરુષે પણ સ્ત્રીનું એટલું બધું તો નહિ પણ આછુંપાતળું અનુકરણ કર્યું. આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સૌ દેશની સૌ જાતિઓમાં સ્ત્રીઓ ચિત્રવિચિત્ર રંગના છૂંદણાં છૂંદાવે છે, પુરુષો પણ કંઇક અંશે છૂંદાવે છે. અને હવે તો વિજળીથી છૂંદણાં પાડવાની શોધ થઇ છે.

પ્રથમ તો વનવાસી લોક ચામડાં પહેરતા, પછી ઝાડની છાલનાં વલ્કલ બનાવી પહેરવા લાગ્યા. આજે પણ આફ્રિકાના વનવાસી વલ્કલ પહેરે છે ને તેને એ લોક 'ભુગુ' કહે છે.

પછી તો દિવસો જતા ગયા ને માનવજાતિ આગળ ચાલવા લાગી. કપાસનાં વસ્ત્ર વણવાની શોધ થઇ ને સ્ત્રીપુરુષો વસ્ત્ર પહેરતાં થયાં. રોજ રોજ નવે નવે રંગે શરીર રંગવાનું લાગે તો મજાનું, પણ કઠણ હતું. મોટા લોકની સ્ત્રીઓને તો પ્રમાદને ને આળસને લીધે એ કડાકૂટ પાલવી પણ નહિ. વળી વસ્ત્રને રંગી શકાય એમ છે એ પણ એમણે જોયું એટલે શરીર ઉપરનો રંગ કપડાં ઉપર ઉતાર્યો. શરીરને બદલે કપડાં રંગવા માંડ્યાં ને ધીરે ધીરે એમાં ભાતો પાડવા માંડી. એ વસ્ત્રની વણાટકળા આજ સુધી એમ જ વિકાસ પામતી આવી છે, એ આપણી વર્તમાન સ્ત્રીઓનાં વસ્ત્રોથી જોઇ શકીશું. અને છતાં યે શરીર રંગવાનું હજી સુધી કંઇ ને કંઇ અંશે ચાલતું જ આવ્યું છે: આપણી સ્ત્રીઓના ચાંલ્લા ને કાજળ, યુરોપિયન સ્ત્રીઓના પાઉડર ને સર્વ દેશનાં સ્ત્રીપુરુષોનાં છૂંદણાં હજી ચાલતાં જ આવ્યાં છે.

ચિત્રવિચિત્ર વસ્ત્રથી નરનારીએ જેમ જેમ રીઝવા રિઝવવા માંડ્યું તેમ તેમ ધીરે ધીરે તેથી તેની કામવાસના વધતી ચાલી. જેમ જેમ કામવાસના વધતી ચાલી તેમ તેમ એવાં વસ્ત્રની પણ વાસના વધતી ચાલી. પછી શરીરનું રક્ષણ કરવા કે લાજ ઢાંકવા જ નહિ, પણ વિલાસને માટે ને એકબીજાને આકર્ષવા માટે વસ્ત્ર પહેરાવા લાગ્યાં. અને એને પરિણામે વસ્ત્રોના ઘાટ ઘડાવા લાગ્યા ને તે ઘાટે શિવાવા લાગ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠેઠ વેદકાળની એ વાત છે. ઋગ્વેદમાં (૨ : ૩૨ : ૪) સૂચિ (=સોય, એ ઉપરથી સઇ= દરજી) અને (૮ : ૪ : ૧૬) ભુરિજ (= કાતર) શબ્દો મળી આવે છે. તૈત્તિરીય બ્રાહ્મણમાં લોઢાની, ચાંદીની ને સોનાની એમ ત્રણ પ્રકારની સોયનો ઉલ્લેખ છે. સુશ્રુત પાતળે દોરે શીવવાનું વર્ણવે છે. આમ શીવવાની કળા પ્રાચીન કાળથી છે.

હવે શીવીને કપડાં પહેરવાનો ક્રમ વિકાસ થયો તે ટૂંકામાં જોઇ લેઇએ. ગરમ દેશમાં માણસ કપડું ખુલ્લું વીંટાળીને ફરે, ઠંડા દેશમાં લપેટાને ફરે. ઉત્તર હિંદુસ્થાનમાં લોક કચ્છો મારીને ફરે. કોઇને એમ લાગ્યું કે કચ્છાને આકારે પગની બાંયો શીવી લીધી હોય તો પહેરતાં સુલભ થાય આથી ધોતિયાનો સુરવાળ બન્યો. અને અફઘાનના સુરવાળ ને પંજાબીનો કચ્છો જોશો તો બહુ ફેર નહિ દેખાય.

આમ પૂર્વે પુરુષો શરીર આસપાસ કપડું વીંટાળતા તે પછી ઘાટ-ઘાટનાં શીવીને પહેરવા લાગ્યા. સ્ત્રીઓ પણ સર્વ દેશમાં પુરુષોની પેઠે વસ્ત્રોને પોતાના શરીર આસપાસ વીંટાળતી. આજે પણ હિંદુ સ્ત્રીઓએ તેમાં થોડો જ વિકાસ કર્યો છે. ચરણીઓ તે વીંટાળવાનો એક પ્રકાર જ છે. બેશક ચોળીને શીવી અમુક અનુકૂળ ઘાટ આપ્યો છે. પ્રાચીન કાળે નૃત્યપ્રસંગે સ્ત્રીઓ સુરવાળ જેવું જરીનું વસ્ત્ર પહેરતી. ઋગ્વેદ-માં (૨, ૩ : ૬) એવા વસ્ત્રને પેશસ્ કહ્યું છે. મથુરામાં એક શિલા ઉપર રાણી અને તેની દાસીઓનું પ્રાચીન ચિત્ર છે, તેમાં રાણીએ સુરવાળ પહેર્યો છે. સ્મિથે પોતાના પુસ્તકમાં એક જૈન મૂર્તિની નીચે બે શ્રાવક અને ત્રણ શ્રાવિકાઓની ઊભી મૂર્તિઓનું ચિત્ર આપ્યું છે, તેમાં પણ એ ત્રણે સ્ત્રીઓએ સુરવાળ પહેર્યા છે. અજંતાની ગુફાના એક ચિત્રમાં સ્ત્રીએ કમરથી નીચે સુધી અર્ધી બાંય વાળો સુંદર છીંટનો અંગિયો પહેર્યો છે.

શરીરના ઉપરના ભાગનાં કપડાં પણ પ્રાચીન કાળથી શોભાને માટે ઘાટઘાટનાં શિવાતાં. અથર્વવેદમાં (૧૮ : ૪ : ૩૧) રેશમી ઝભ્ભાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાર્પ્ય કર્યો છે, જૈમિનીય બ્રાહ્મણમાં (૧, ૩૮ : ૪) ઊનના કુરતાને શામૂલ કર્યું છે. સ્ત્રીઓ પણ કુરતાં પહેરતી અને આજે પણ ઉત્તરમાં પહેરે છે. કાલિદાસની શકુન્તલા ચોળી (चोली) કે કાંચળી (कंचुली) પહેરતી. મોગલોના સમયમાં હિંદુઓ જામા ને પાયજામા અથવા ઇજાર પહેરતા. જામાની – અંગરખાની કસ હિંદુઓ જમણી બાજુએ ને મુસલમાનો ડાબી બાજુએ બાંધતા થયા. અકબરના સમયમાં એ જામો લાંબો થતે થતે પગની પાનીએ પહોંચ્યો.

અકબરે ઇ સ. ૧૫૮૪માં દાઢી બોડાવી નાખવાનું સાર્વજનિક આજ્ઞાપત્ર પ્રસિદ્ધ કર્યું. જહાંગીરના વખતમાં એ આજ્ઞા પળાતી રહી. પછી પાછા લોક દાઢી રાખતા થયા, પણ ઔરંગઝેબે આજ્ઞાપત્ર કાઢ્યું કે ચાર આંગળથી વધારેની દાઢી કાપી નાખવી.

હવે માથાની વાત. પ્રથમ તાપને કારણે માથા ઉપર કપડું વીંટાળવા માંડ્યું. પછી જરૂરને કારણે, ખાસ કરીને શોભાને કારણે, એમાં અનેક ઘાટ ઘડાતા ગયા. માથે ફેંટો બાંધો, પછી કપાળ ઉપરનો ભાગ જમણા કાન ઉપર આવે એવી રીતે આખો ફેંટો ફેરવી નાખો, આજની પાઘડીની તેમાં કંઇક ઝાંખી થશે. એમ ફેંટામાંથી અનેક પ્રકારને વિકાસે જુદી જુદી જાતની પાઘડીઓ બની એ પાઘડી વારંવાર ભાંગી ન જાય એટલા માટે તેમાંથી પાકાં ખોખાં થયાં. વળી એવી જ રીતે રાજાઓનાં શિર મુકુટથી અને પ્રજાજનનાં શિર ટોપીથી (સં. સ્તૂપ ઉપરથી, વળી ટોપ, તપેલી, ટોપલી પણ) શોભવા લાગ્યાં.

કાશ્મીરમાં ઠંડી હોવાથી શાલ અને ઊનનાં વસ્ત્ર વપરાતાં આવ્યાં છે. દેશના બીજા પણ પ્રાન્તના લોકો શિયાળામાં ઊનનાં વસ્ત્ર પહેરતા. મોટા લોક વિલાસને કારણે રેશમી વસ્ત્ર પણ પહેરતા. હુએન્તસંગે આ દેશના પ્રવાસવર્ણનમાં સૂતરનાં, ઊનનાં ને રેશમનાં વસ્ત્રનું વર્ણન આપ્યું છે. રાજ્યશ્રીના લગ્ન માટે તૈયાર કરાવેલાં વસ્ત્રોનું વર્ણન કરતાં બાણકવિ પોતાના 'હર્ષચરિત'માં લખે છે કે સૂતરનાં, ઊનનાં ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેશમનાં સાપની કાંચળી જેવાં નરમ, શ્વાસથી પણ ઊડી જાય એવાં, સ્પર્શથી જ ખબર પડે તેવાં અને ઇંદ્રધનુષના જેવાં રંગીન વસ્ત્રોથી ઘર ભરાઇ ગયું હતું.

આપણે પૂર્વે ઊનનાં વસ્ત્ર પહેરતા ખરા, પણ ઠંડા મુલકમાંથી આવેલા મુસલમાનોનું જોઇને એવાં વસ્ત્ર વધારે પહેરતા થયા. મોટા લોકનું અનુકરણ સૌ કરે. આપણા વાતાવરણને પ્રતિકૂળ એવાં તંગ વસ્ત્રો આપણે આજે યુરોપનું અનુકરણ કરીને પહેરીએ છીએ. યુરોપ-માં તો ઠંડીને કારણે સુરવાળ વિકાસ પામીને તંગ પાટલુન બન્યો ને જામો વિકાસ પામીને તંગ કોટ બન્યો. આપણી ગરમ હવાને તો ખૂલતાં જ વસ્ત્ર અનુકૂળ છે. પણ શોભા કે વિલાસને લીધે આપણે વસ્ત્રોના ઘાટમાં ફેરફાર કરીએ છીએ એ આથી પણ જણાઇ આવે છે.

માથાના વાળને પણ શોભાવવામાં માનવીએ ઠીક શ્રમ લીધો છે: પ્રાચીન કાળે નરનારી બંને લાંબા વાળ રાખતાં. હજી યે અનેક વનવાસી જાતિઓ એમ જ કરે છે. આપણા દેશમાં પણ પ્રાચીન કાળે લોક વાળ વધારતા. પણ બ્રાહ્મણો માથાના ને દાઢીના વાળ કપાવતા, ક્ષત્રિયો લાંબી દાઢી રાખતા. પ્રાચીન મૂર્તિઓ ઉપરથી જણાય છે કે તે વારે પણ સ્ત્રીઓ વાળમાં ભાતભાતના ગુચ્છા પાડતી, પાછળ અંબોડો બાંધતી ને તેમાં ફૂલ ખોસતી. ધનવાન સ્ત્રીઓ વાળમાં અનેક જાતનાં મોતીની સેરો અને રત્નજડિત આભરણ પહેરતી. ત્યાર પછી તો ધીરે ધીરે વાળ હોળવાના આકારપ્રકારમાં સ્ત્રીઓ પરસ્પર સ્પર્ધા કરતી જ રહી છે અને તાજમહેલની કમાનોની પેઠે વાળના ખૂણા ને ખાંચા કપાળ ને લમણા ઉપર સ્ત્રીઓ હોળે એ વાત આજે શહેરોમાં તો છેક સર્વસામાન્ય થતી જાય છે.

પણ નરનારી એક બીજાને આકર્ષવા માટે શરીરશોભા વધારવા સ્પર્ધા કરવા નીકળે ત્યાં એટલાથી જ સંતોષ પામે? શરીરને પ્રથમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રવિચિત્ર રંગનાં ફૂલથી ને પછી અનેક પ્રકારના પદાર્થોથી શણગારવા માંડ્યાં. આજે પણ અનેક લોક એમ કરે છે. પણ ત્યાર પછી તો ધાતુ જેવા ચિરસ્થાયી પદાર્થોના શણગાર સજવા લાગ્યા. ધનવાનો સોનારૂપાનાં આભૂષણ સજવા લાગ્યા. આપણા દેશમાં પણ પૂર્વે "પુરુષ અને સ્ત્રીઓ બંને ઘરેણાંનાં શોખીન હતાં. હુએન્ત્સંગના કહેવા પ્રમાણે રાજાઓ અને તેમની પાસેના લોક ખાસ ઘરેણાં પહેરતા. અમૂલ્ય મણિઓ અને રત્નોના હાર, અંગુઠીઓ, કડાં અને માલાઓ તેમનાં આભૂષણ હતાં. સોનાચાંદીના રત્નજડિત ભુજબંધ, સાદાં અથવા મકરાકૃતિ સોનાનાં કુંડલ જેવાં ઘણાં ઘરેણાં હતાં. કોઇ કોઇ વાર સ્ત્રીઓ કાનના નીચલા ભાગમાં બે છેદ કરાવતી અને દરેક છેદમાં તાર નાખીને તેમાં સોનાની કડીઓ નંખાવતી. આવી છેદ વાળી સ્ત્રીઓની મૂર્તિઓ ઘણાં ઘરમાં જોવામાં આવે છે. પગમાં સાદાં અથવા ઘુઘરાવાળાં સાંકળાં પહેરાતાં. હાથમાં કડાં, શંખની અથવા હાથીદાંતની અનેક પ્રકારની ચૂડીઓ, બાહુ ઉપર ભિન્ન ભિન્ન જાતના બાજુબંધ, ગળામાં કીમતી હાર, આંગળીઓમાં તરેહ તરેહની અંગુઠીઓ પહેરાતી. સ્તનનો ભાગ કોઇ ઠેકાણે ખુલ્લો, કોઇ ઠેકાણે પટ્ટીથી બાંધેલો અને કોઇ ઠેકાણે ચોળીથી ઢંકાએલો રહેતો. પૈસાદાર સ્ત્રીપુરુષો સુગંધિત પુષ્પોની માળાઓ પહેરતાં. ચંડાળોની સ્ત્રીઓ પણ પગમાં રત્નજડિત ઘરેણાં પહેરી શકતી.[1] દરેક વ્યક્તિ પોતાની આર્થિક સ્થિતિને અનુસાર ઘરેણાં પહેરતી. કોઇને ગમે તે પહેરવાની મના ન હતી. નથણી અને નાકની વાળીનો ઉલ્લેખ પ્રાચીન સાહિત્યમાં નથી મળતો, કદાચ મુસલમાનો પાસેથી લીધી હોય" ('મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ' : ૫૨).

અને આકર્ષણને માટે શરીર શોભાવનારી આ બધી સામગ્રીને આભૂષણ (भूष् શોભાવવું), આભરણ (भृ ભરવું), અલંકાર (अलम्

૧ કાદંબરીમાં ચાણ્ડાલકન્યાનું વર્ણન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્ણ કરવું), વગેરે નામ અપાયાં. સ્ત્રીનાં અનેકપતિ લગ્ન બંધ થયા પછી અને ખાસ કરીને પુરુષનાં અનેકપત્ની લગ્ન ચાલુ થયા પછી પુરુષને પોતાની રૂપસામગ્રીથી આકર્ષવાની સ્ત્રીને ગરજ પેઠી. પુરુષ પોતાની કામવાસના પરિતૃપ્ત કરવા માટે સ્ત્રીને શરીર શણગારવામાં ઉત્તેજન આપવા લાગ્યો, માનવા લાગ્યો કે

कचधार्यं देहधार्यं परिधेयं विलेपनम् ।
चतुर्धा भूषणं प्राहुः स्त्रीणामन्यच्च देशिकम् ॥ रसाकरः ॥

"(૧) કેશમાં ધરવાનાં પુષ્પાદિ આભરણો. (૨) શરીર ઉપર સજવાનાં વિચિત્ર પ્રકારનાં હાર આદિ આભૂષણો, (૩) અંગ ઉપર પહેરવાનાં ચીર આદિ વસ્ત્રો, અને (૪) શરીરે લગાડવાનાં કેશર, કસ્તૂરી, ચંદન, અળતો, આદિ રંગરાગ, એ ચાર પ્રકારનાં ભૂષણ સ્ત્રીઓ માટે કહ્યાં છે; બીજાં તો દેશને અનુકૂળ હોય તે" (રસાકર).

સ્ત્રીનાં આવાં આવાં આભૂષણથી પુરુષ આકર્ષાતો ગયો; એની કામવાસના પણ વધતી ગઈ, તેમ તેમ તે સ્ત્રીને વધારે ને વધારે શણગારતો ચાલ્યો. મનુએ પણ એ કાર્યને ઉત્તેજન આપ્યું ને લખ્યું કે "બહુ કલ્યાણને ઇચ્છનારાએ સ્ત્રીને વસ્ત્રાલંકારથી શણગારવી, ઉત્સવપ્રસંગે તેનો વસ્ત્રાલંકારથી તેમ જ ભોજનથી સત્કાર કરવો; કારણકે એ જો વસ્ત્રાલંકારથી તે શણગારાતી નથી તો પુરુષને પ્રસન્ન કરી શકતી નથી; અને પુરુષ પ્રસન્ન ન થાય તો તેને સંતતિ થતી નથી" (૩ : ૫૫, ૫૯, ૬૧). અને પુરુષને પ્રસન્ન કરવાના મોહમાં પડીને સ્ત્રી અલંકારપ્રિય થતી ચાલી, પુરુષ તેને અલંકાર આપીને વશ કરતો ચાલ્યો. આ રીતે પણ પુરુષે તેને આધીન બનાવી દીધી.

પુરુષે વસ્ત્રાલંકારથી સ્ત્રીને પૂતળીની પેઠે શણગારી ને પોતે ખૂબ પ્રસન્ન થયો પણ જગતમાં એના જેવા બીજા અનેક પુરુષો હતા;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શણગારાએલી સ્ત્રીથી તો તેનો પતિ તેમ જ બીજા પુરુષો પણ પ્રસન્ન થાય, તેઓ પણ તેનાથી આકર્ષાય. પોતાની માલકીના રૂપાળા પ્રાણી ઉપર બીજો કોઇ નજર નાખે એ તે કંઇ ધણીથી જોયું જાય? ભર્તૃહરિ પોતે પોતાની માલકીનાં એવાં રૂપાળાં ૩૦૦ પ્રાણીઓ સાથે મોજ માણે, પણ એ ૩૦૦માંનું પિંગલા નામે પતિને આધીન પ્રાણી પતિથી અસંતુષ્ટ રહ્યે છતે પણ તેની પરવાનગી વિના બીજા પુરુષ પાસે સંતોષ પામવા જાય એ તે કંઇ ભર્તૃહરિથી જોયું જાય? આમ પોતાની સ્ત્રીથી બીજો કોઇ આકર્ષાય, તેથી પતિને તેની ઇર્ષ્યા આવી; એટલે તેણે તેને પડદામાં સંતાડી, એ કાચની પૂતળીને ઢાંકી દીધી, એ દાગીનાને ચોરને ભયે તીજોરીમાં હડસેલી દીધો!

પણ માનસશાસ્ત્રનો હરકોઇ અભ્યાસી કહેશે કે એ ઉપાય પાંગળો છે. સારું જગત અનુભવથી ને અવલોકનથી જાણી શક્યું છે કે કચરામાં નાખેલો દાગીનો અનેક વાર સલામત રહે છે, તીજોરીમાં સંતાડેલી ધૂળ જેવી ચીજ પણ વારંવાર ચોરાય છે. ખાલી છતાં બાંધી મૂઠી લાખની લેખાય છે. સંતાડેલી વસ્તુ જોવાને અનેકની ઉત્કંઠા પ્રબળ બને છે. સ્ત્રીને સંતાડવા માંડી, તો પરપુરુષે તેના તરફ તાકીને જોવા માંડ્યું. અને એ સજીવ વસ્તુએ–સ્ત્રીએ–પણ પડદામાં કાણાં પાડી પરપુરુષ તરફ તાકવા માંડ્યું. આપણે અહીં એ પ્રકાર ગુપ્ત રીતે ચાલી રહ્યો છે, યુરોપમાં પ્રકટ રીતે ચાલી રહ્યો છે. સ્ત્રીપુરુષે પગ સુદ્ધાં ઢાંકવામાં ત્યાં મર્યાદા મનાય છે, પગની ચામડી પણ પરપુરુષની દૃષ્ટિએ ન પડવી જોઇએ, એટલા માટે સ્ત્રીઓ ત્યાં મોજાં પહેરે છે. પણ પોતાના પગ ઢાંકેલા છે એમ ગણાય, છતાં ઉઘાડા છે એવો પરપુરુષને ભાસ થાય, એટલા માટે હવે ત્યાંની યુવાન સ્ત્રીઓ ચર્મરંગી (Skin-coloured) મોજાં પહેરતી થઇ છે. અને એમનો રાતનો પોષાક (Night-dress) જુઓ તો તો તમને ત્યાંથી પળવાર ખસી જવાનું મન થાય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે એ ફલિત થાય છે કે વસ્ત્ર આછાં હોય, ઓછાં હોય તો શરીરનાં અંગ ઉઘાડાં રહ્યાથી જોવાની ઉત્કંઠા ઘસાઇ જાય; વસ્ત્ર ઓછાં મોહક હોય, સાદાં ને ઘટતાં જ હોય તો કામવાસના ઓછી જાગ્રત થાય. આ વાત આપણા પૂર્વજો કંઇક અંશે આપણા કરતાં વધારે સમજતા હતા. સૂર્યસ્નાનનું – તાપમાં ઉઘાડા રહેવાનું – માહાત્મ્ય એ સમજતા હતા. વળી વસ્ત્ર જેવા નિરર્થક ઉપાધિ રાખવી એ હાનિજનક છે અને તેથી એને વિષે પણ અપરિગ્રહવ્રત પાળવું એમ આપણા અનેક ધર્માચાર્યોએ પ્રાચીન કાળથી માન્યું છે. અનેક સાધુસંન્યાસીઓ એટલા માટે નગ્ન – દિગંબર – રહેતા અને હજી યે રહે છે. જૈન તીર્થંકર મહાવીર સ્વામી અને એમના સાધુઓ પણ દિગંબર જ રહેતા. પછી કેટલાક સાધુઓએ લોકાચારને વશ થઇ વસ્ત્ર પહેરવા માંડયાં ને ત્યારે તેઓ શ્વેતામ્બર કહેવાવા લાગ્યા.

રાંધેલું અન્ન ખાઇને નિર્બળ બનેલાં શરીર ટાઢતડકો સહન કરવા અસમર્થ બન્યાં, ત્યારે વસ્ત્રથી તેનું આપણે રક્ષણ કરવા માંડયું. પરિણામે શરીરને વાયુપ્રકાશથી મળતું સ્વાસ્થ્ય પણ ખોવા માંડયું ને તે વધારે નિર્બળ બન્યું. કામવાસના ઉત્તેજાય નહિ એટલા માટે નગ્નતા ઢાંકવા જેમ જેમ વસ્ત્ર પહેરવા માંડયાં તેમ તેમ તે ઉત્તેજાવા લાગી. અને એ નગ્નતા વિષેની લાજ તો એટલે સુધી કેળવાઇ છે કે આપણામાં એક પુરુષ બીજા પુરુષની પણ સમક્ષ નગ્ન નથી રહી શકતો. સ્ત્રીઓમાં પરસ્પર નગ્ન દેખાવાની લાજ એટલી નથી કેળવાઇ, સમાન વયની સ્ત્રીઓ પરસ્પર સામે કે વૃદ્ધ સ્ત્રીઓ નાની સ્ત્રીઓ સામે નગ્ન રહેતાં લજવાતી નથી; નાની સ્ત્રીઓ વૃદ્ધ સ્ત્રીઓ સામે નગ્ન નહિ રહે, એટલું જ નહિ પણ કેટલેક સ્થળે તો વહૂ સાસુની લાજ પણ કાઢે છે – ઘૂમટો તાણે છે!

આ વસ્તુ હાનિજનક છે એમ આજે યુરોપ-અમેરિકાના વિચારકો સમજતા થયા છે. Back to Nature – ચાલો પાછા પ્રકૃતિમાતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોળે, એમ એ માનતા થયા છે અને આચરતા પણ થયા છે. જર્મની વગેરે દેશોમાં નગ્ન નરનારીનાં સંસ્થાન સ્થપાયાં છે. પણ સૌથી વધારે એવાં સંસ્થાનો તો અમેરિકામાં સ્થપાયાં છે. એવાં નગ્ન સંસ્થાનો આજે ત્યાં ૨૦૦ ઉપરાંત છે ને તેમાં દોઢેક લાખ નગ્ન નરનારીઓ વસે છે. દશ વર્ષ ઉપર એકેક હજાર હતાં, તેનાં આજે દોઢેક લાખ થયાં છે, એ જ એની પ્રગતિનો વેગ બતાવે છે. તેઓ 'સાર્વદેશીય નગ્નતા પરિષદ (International Nudist Conference)' ભરે છે ને *The Nudist Magazine* નામે પોતાનું મુખપત્ર ચલાવે છે. બીજાં પણ અનેક વર્તમાનપત્ર તેઓ ચલાવે છે. એ સંપ્રદાયના મત પ્રમાણે "માનવશરીરનાં સૌ અંગ નીરોગ રહેવાં જોઇએ એમ આપણે માનીએ છીએ. ત્યારે તો શરીરને આપણે લજ્જાનો વિષય નહિ માનવો જોઇએ તેમ જ કામવાસનાનું ક્ષેત્ર પણ નહિ જ માનવું જોઇએ. આ મતની વિરુદ્ધના સૌ આચારવિચાર માનવસમાજના શુદ્ધ આત્માની વિરુદ્ધ જાય છે, અને એવા આચારવિચારને આપણા સમાજમાં સ્થાન નથી. આપણો હેતુ માત્ર સ્વાસ્થ્ય, સંસ્કૃતિ કે કલાને અનુસરતો નથી, પણ એ સૌના સમન્વયને અનુસરે છે." અને તે હેતુને અનુસાર કંઇ પણ સંકોચ વિના એ નરનારીઓ નગ્ન શરીરે સૂર્યસ્નાન ને જલસ્નાન કરે છે, અને છતાં યે સાબિત થયું છે કે તેમનામાં અનાચાર જેવું કંઇ યે નથી; તેમનાં શરીરે નીરોગ બનતાં જાય છે, ટાઢતડકો સહવાને શક્ત બનતાં જાય છે.

પણ આ વાતો સ્વીકારવાને જગત આજે તો હજી તૈયાર નથી. યુગયુગના પડેલા વિકૃત સંસ્કારો એના હૃદય ઉપર ચોંટીને એવા પાષાણસ્વરૂપ બની ગયા છે કે હથોડાને ઘાએ પણ એ જલદી તૂટે એમ નથી. વળી કામવાસનાનો ભર્યો પુરુષ પોતાની વાસનાતૃપ્તિને માટે જકડેલી સ્ત્રીને એમ જલદી છોડે એમ પણ નથી. હજી તો એ પૂતળીને વસ્ત્રાલંકારથી શણગારીને આંખને ઠારવી છે, કામવાસનાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉશ્કેરવી છે. અને દુઃખનો વિષય તો એ છે કે પુરુષે એમ લગ્નપ્રપંચની સાંકળોએ જકડેલી એ પૂતળી એની નચાવી નાચે છે, એ કામી પુરુષની વાસનાલોલુપતા સંતોષવા એને ગમતાં વસ્ત્રાભૂષણથી પોતાના દેહને શણગારી એની સામે નાચે છે! ભયંકર શિકારીનો શિકાર બની પોતાનું જીવન વેડફી મારે છે. અને એ સૌ પવિત્ર લગ્નને નામે! ભયંકર લગ્નપ્રપંચ !

ગાંધીજીએ એક વાર કોલંબોમાં સ્ત્રીઓને આમ કહેલું : "તમને એક સવાલ પૂછું? સ્ત્રી પુરુષના કરતાં વધારે શણગાર કેમ સજતી હશે? શું તેનામાં વધારે અભિમાન છે? શું તેનામાં સૌન્દર્યનું વધારે ભાન છે? ના; મને તો કેટલીક બેનોએ કહ્યું છે કે પુરુષને ખુશ કરવા માટે જ એ આટલા ઢોંગ કરે છે. ત્યારે તો મારે તમને કહેવું જોઇએ કે જો તમારે કાંઇ લોકસેવાનું કાર્ય કરવું હોય, તો તમારે ખુશ કરવાનો ધંધો છોડવો જોઇશે. જો હું સ્ત્રી હોત તો જરૂર સ્ત્રીને પોતાનું રમકડું માનનારા પુરુષની સામે બંડ કરત."

અને ત્યારે કવિ કાળિદાસે વસ્ત્રાલંકાર વિનાની શકુન્તલાના સૌન્દર્ય વિષે સાચું જ કહ્યું છે કે "આ કૃશાંગી વલ્કલ પહેર્યાં હોવા છતાં અતિશય સુંદર લાગે છે. અથવા સ્વભાવથી જ સુંદર દેહને વિષે કઇ વસ્તુ આભૂષણરૂપ નથી થતી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૨૫

કામકલા

પ્રાણીમાત્રમાં આત્મરક્ષણની ને તેથી વંશવર્ધનની સ્વાભાવિક પ્રેરણા છે. અને તેટલા માટે શારીરિક લગ્નને હેતુએ પરસ્પર સ્નેહ એટલે આકર્ષણ પણ સ્વાભાવિક પ્રેરણા છે. આમ સ્નેહ તે લગ્નનું આવશ્યક અંગ છે. તથાપિ સ્નેહ જ્યારે મોહનું રૂપ લે છે ત્યારે એનાં પરિણામ વિપરીત આવે છે.

ઇતર પ્રાણીઓ તો હજુ શારીરિક લગ્નનો સાચો હેતુ જાળવી રહ્યાં છે—વંશવર્ધન માટે શારીરિક લગ્ન અને ત્યાર પછી સંયમ, એ પ્રાકૃતિક નિયમ સાચવી રહ્યાં છે. પણ માનવજાતિને પુરુષે તો એ બંધન તોડી નાખ્યાં છે, બ્રહ્મચર્યનો સંયમ તોડી નાખ્યો છે, એમ કરીને લગ્નની કલ્યાણભાવનાના ભાગીને ભુક્કા કરી નાખ્યા છે અને માત્ર કામલોલુપતામાં જ એ રચ્યો પચ્યો રહ્યો છે. પોતાની વિષય-વાસનાની લોલુપતાથી શરીર થાકી જાય ત્યારે વાજીકરણ વિદ્યા શીખે, પરોપકારી વૈદ્યરાજની ગુટિકાથી પાછો મર્દ બને! મન થાકી જાય તો કામવાસના ઉશ્કેરવા સ્ત્રીને તેના સ્વાભાવિક સૌન્દર્ય ઉપર કલાને નામે ઓપ ચઢાવીને વધારે મોહક બનાવે. પુરુષને પ્રસન્ન કરવામાં જ જન્મનું સાર્થક માનતાં શીખેલી ને તેથી તેની કામપૂતળી બનેલી તેની દાસી – સ્ત્રી – પોતે પણ વસ્ત્રાલંકાર વગેરે સામગ્રીથી વધારે મોહક ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शयनेषु रम्भा બનવા ટાપટીપ કરે. આમ આખા માનવસમાજમાં આજે સૌન્દર્યને નામે કામકલા પ્રવર્તી રહી છે. અને તે માત્ર પુરુષની અનર્ગલ કામલોલુપતાને પોષવા તથા સંતોષવા માટે જ.

ત્યારે તો કલા વિષે પણ અહીં કંઇક બોલવું અસ્થાને નહિ ગણાય. હું કલાનો કંઇ ઊંડો અભ્યાસી નથી, છતાં એને વિષે મને જેટલે અંશે ભાન થયું છે તેટલે અંશે પણ બોલવું કંઇક ઠીક લાગે છે. હું તો માનું છું કે માનવજીવનની ઉન્નતિને હેતુએ જ कलानुं સર્જન હોય. कलामां कल् ધાતુ છે અને તેનો અર્થ 'ગતિ કરવી, પ્રેરણા કરવી' એવો છે. માનવઆત્માને ઉન્નત ગતિ આપવા, ઉન્નત પ્રેરણા આપવા જે સર્જન થાય એને જ कला કહીએ. એ સર્જનથી વિશ્વની સુંદર ભાવનાઓ પ્રકટ થાય. અને ત્યારે સુંદર એટલે શું? सुंदरमां सुद् ધાતુ છે અને એનો અર્થ 'પ્રકાશ આપવો' એવો છે. અને તેથી જ અજવાળી રાતને સુદિની રાત કહીએ છીએ. ત્યારે સુંદર પ્રકાશમય હોય, જ્ઞાનમય હોય, સત્યસ્વરૂપ હોય, શિવસ્વરૂપ એટલે કલ્યાણસ્વરૂપ હોય; માટે તો ઉપનિષદ્ના ઋષિઓએ सत्यम् शिवम् सुन्दरम् એમ કોઇ ધન્ય ક્ષણે ગાયું છે. અને એ દિશાએ માનવહૃદયને પ્રેરે ને ઉન્નત કરે એ જ કલા. કલા જીવનમય હોય, જીવન કલામય હોય; એ જીવનનું શિવતત્ત્વ છે, સત્યતત્ત્વ છે. અને सत्य (હોવા યોગ્ય) જ भव्य (થવા યોગ્ય) બને છે.

આ મતને અનેક વિદ્વાનો અનુમોદન આપે છે: "જે સત્યને, સુંદરને—ટૂંકામાં કહીએ તો શુભને (શિવને) અનુભવી શકે તે જ કવિ છે. કવિ જગતના કલ્યાણપ્રદ ભાવના અસ્તિત્વ અને જ્ઞાનનો, તથા જ્ઞાન અને પ્રકટીકરણનો સંબંધ નક્કી કરે છે. વસ્તુ જે પ્રમાણમાં પોતાનો કલ્યાણપ્રદ ભાવ પ્રકટ કરે છે, તે પ્રમાણમાં તે સુંદર ગણાય છે" (શેલી). "કલા નૈતિક જ નહિ, પરંતુ દૈવી પણ છે; નીતિનિયમો સારા ને સત્ય જ નથી, પરંતુ સુંદર પણ છે, એમ રસ્કિન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માને છે" (નાઇટ). "જે પદાર્થો કોઇ પણ રૂપમાં જીવનને અને સ્વાસ્થ્યને અનુકૂળ હોય છે તે સુંદર છે; જે પદાર્થો દયા, માયા, પ્રેમ, વગેરે વૃત્તિઓને ઉત્તેજે છે ને પોષે છે તે સુંદર છે" (રામેન્દ્ર-સુંદર ત્રિવેદી). "જે કલ્યાણજનક છે તે આપણું પ્રયોજન સાધે છે, છતાં સુંદર છે. સૌન્દર્યમૂર્તિ જ કલ્યાણની પૂર્ણ મૂર્તિ છે અને કલ્યાણમૂર્તિ જ સૌન્દર્યનું પૂર્ણ સ્વરૂપ છે. છતાં સત્ય સુંદર છે અને સુંદર પણ સત્ય છે" (રવીન્દ્રનાથ).

અને એ જ દૃષ્ટિએ ડેન્માર્કની લોકશાળાના પિતા ગ્રુણ્ટ્વીગે (Grundtvig) "પોતાની કાવ્યશક્તિ કલારસિકોનો વાચનરસ પોષવા માટે કલાસર્જનમાં નહિ વાપરવાનો નિશ્ચય કર્યો. આખા ડેનીશ લોક-સમાજને–ઊંચા અને નીચા, ધનવાન અને નિર્ધન. સૌને માટે એ લખતો. પોતાનાં કાવ્યથી એમના જીવનમાં પ્રાણ રેડવો અને જાગી ઊઠેલી પ્રજાના સામાન્ય જીવનને ઉન્નત કરનારો બળવાન પ્રભાવ આપવો, એ જ પોતાના કાવ્યનું ધ્યેય એ માનતો થયો હતો. સાહિત્યના સાધારણ પ્રદેશમાં મહાકવિ થવાની લાલસા એણે ખુશીથી છોડી દીધી અને લોકસમાજના નિત્યજીવનનો એ મહાકવિ થઇ પડ્યો. પોતાનાં કાવ્યો વડે એણે નૂતન ડેન્માર્ક સર્જી કાઢ્યું." "પૂર્વે તો માત્ર ભજનો, પ્રણયગીતો કે યુદ્ધગીતો જ રચાતાં; પણ હવે તો ગ્રુણ્ટ્વીગે અને બીજા ડેનીશ કવિઓએ લોકજીવન ઉપર ગીતો રચવા માંડ્યાં."

આ ઉપરથી સ્પષ્ટ થશે કે પ્રકૃતિના સ્વરૂપમાં નહિ પણ તત્ત્વમાં, સ્ત્રીના કે પુરુષના દેહમાં નહિ પણ આત્મામાં, વસ્તુના આકારમાં નહિ પણ ભાવમાં, જે કંઇ કલ્યાણજનક છે એ જ સુંદર છે. બાકી કોલરીજ કહે છે એ સાચું જ કહે છે કે "પ્રકૃતિમાં સુંદર અથવા વિરૂપ કંઇ જ નથી." ત્યારે કોયલ, વન, પર્વત, નદી, સૂર્ય, ચંદ્ર, વગેરે પદાર્થો સુંદર પણ નથી, વિરૂપ પણ નથી; પણ એમાંથી સત્યની, પ્રકાશની, જ્ઞાનની, શિવની જે ભાવના મળે તે જ સુંદર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ભાવનાને કાવ્ય, નૃત્ય કે ચિત્ર રૂપે પ્રકટ કરવી, એ જ સાચી કલા છે. ગૌતમ શાક્ય જ્યારે પ્રચંડ તપશ્ચર્યા કરીને બુદ્ધ થયા ત્યારે એમનું શરીર તો ગળીને હાડકાંનો માળો જ રહ્યો, પણ આત્મા પરિપૂર્ણ થયો આત્માની એ પરિપૂર્ણતા પ્રકટ કરવા માટે શિલ્પીઓએ એમના કંકાલ દેહને પરિપૂર્ણરૂપે ઘડી કાઢ્યો, એ જ કલા. જેસસ ક્રૉસ ઉપર ચઢીને ક્રાઇસ્ટ થયા, ત્યારે એમના આત્માનો સૌમ્યભાવ ચિત્રકારોએ એમના દેહને અર્પ્યો, એ જ કલા. મહાભારતના ભયંકર સંહાર પછી ધૃતરાષ્ટ્ર અને ગાન્ધારી યુદ્ધક્ષેત્રમાં નીકળે છે. નિષ્ઠુર ધૃતરાષ્ટ્રના આત્મામાં દયામાયા નથી, એ તો રણક્ષેત્રમાં સુતેલા યોદ્ધાઓનાં શવ ઉપર ભારે પગલાં મૂકતો ચાલે છે; ગાન્ધારી દયામૂર્તિ છે, એના પગની આંગળીઓ નીચે જરા માંસનો લોચો કે હાડકાનો ટુકડો આવે તો ય દયાભાવે એની આંગળીઓ ઊંચી થઇ જાય! એ બંનેનાં સમસ્ત શરીર નહિ, પણ માત્ર પગ અને તેની આંગળીઓ ચીતરીને પણ ધૃતરાષ્ટ્રની નિષ્ઠુરતા અને ગાન્ધારીનો દયાભાવ પ્રકટ કરી શકાય, ને એ જ સાચી કલા. શાન્તિનિકેતનના પ્રસિદ્ધ ચિત્રકાર નંદલાલ બાબુએ એ ચિત્ર ચીતર્યું છે, જેને એમની એ કલા જોવી હોય તે ત્યાંના કલાભવનમાં જઇને જુએ. અને આપણા દેશના પ્રાચીન કલાધરોએ આપણાં મંદિરોમાં અને ગુફાઓમાં એ જ પ્રકારે પોતાની કલા પ્રકટ કરી છે.

"મારી અંતરની ભાવના ઉન્નત કરે, તે સિવાયનું બાહ્ય સ્વરૂપ મને તો છેક નિરર્થક છે. સુંદર પદાર્થો ઇશ્વર વિષે વિચારવામાં સહાયભૂત ન થાય તો તો એ વિડંબના છે. આત્માના ઉડ્ડયનમાં જે જે કંઇ વિડંબનારૂપ હોય તે સૌ માયા છે, માર છે" (ગાંધીજી).

કલા આત્માના ઉડ્ડયન માટે—કલ્યાણ માટે છે, ભોગવાસના માટે નથી. "તેની પ્રાપ્તિની અને ઉપભોગની વાસનાથી મુક્ત હોઇએ તો જ કલા આપણને તેના પોતાના ચિંતનથી આનંદ આપે છે" (કાણ્ટ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સૌન્દર્યો વેડફી દેતાં ના ના સૌન્દર્ય તો મળે, સૌન્દર્ય પામતા પહેલાં સૌન્દર્ય બનવું પડે" (કલાપી). "જો સૌન્દર્ય ભોગવવા ઇચ્છતા હો તો ભોગલાલસાને સંયમમાં રાખી, પવિત્ર થઇ, શાન્ત થાઓ. પતિપરાયણ સતી જ પ્રેમનું યથાર્થ સૌન્દર્ય અનુભવી શકે છે, વ્યભિચારિણી નહિ. સતીત્વ એ ચાંચલ્ય વિનાનો સંયમ છે, જેના વડે ગંભીરભાવે પ્રેમનો નિગૂઢ રસ પ્રાપ્ત કરવાનું સંભવિત બને છે. આપણી સૌન્દર્યપ્રિયતામાં પણ જો સતીત્વનો સંયમ ન હોય તો શું થાય? તે કેવળ સૌન્દર્યની આજુબાજુ ચંચળ બની ભમતી ફરે, મત્તતાને આનંદ માની બેસે; જેને મેળવીને તે એકીસાથે બધું ત્યજી શાન્તિથી બેશી શકત, તે તો એ રીતે મળતું નથી. યથાર્થ સૌન્દર્ય સંયમી સાધક આગળ જ પ્રત્યક્ષ થાય છે, લોલુપ ભોગીની આગળ નહિ" (રવીન્દ્રનાથ). વાસના ને વિલાસથી નહિ, પ્રેમ ને મોહથી નહિ, પણ સ્નેહ ને સેવાથી જ બુદ્ધ, ક્રાઇસ્ટ, ગાંધીજી, વગેરે મહાત્માઓની જીવનકલા પ્રકટ થઇ છે અને એ જ ભાવનાએ વેદમાં ઈશ્વરને कवि કહ્યો છે.

ત્યારે આ સૌ વિવેચનથી લાગશે કે કલા કલાને જ માટે નથી; નિષ્પ્રયોજન નથી; સપ્રયોજન છે. જીવનના માત્ર કલ્યાણ માટે છે.

અને ઊર્મિથી પ્રેરાઇ કોયલ જેમ ટૌકો કરે છે અને કલાપી જેમ કલાપ માંડે છે, તેમ કલા પણ સ્વભાવજન્ય નૈસર્ગિક પ્રેરણાથી સર્જાઇ હોય તો જ સાચી કલા છે; પ્રયાસજન્ય કલા વિકલ બની જાય છે, કૃત્રિમ બની જાય છે. માટે કલાધર अहम्‌ને વીસરીને ભાવ-સૌન્દર્યને ખોળે બેસે, ત્યારે જ સાચી કલા સર્જી શકે. વર્ડ્ઝવર્થ કોઇ કોઇ વેળા પ્રાકૃતિક સૌન્દર્યમાં એટલો બધો મુગ્ધ થઇ જતો કે તે પોતાની જાતને પણ વીસરી જતો. તેનું બધું જ્ઞાન અને બધા આકારો વિલીન થઇ જતા, કેવળ આત્મા વિદ્યમાન રહેતો. આમ પ્રકૃતિનું સાન્નિધ્ય અનુભવવાથી એ તેનું સૌન્દર્ય પામી શકયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ભાવનાને કાવ્ય, નૃત્ય કે ચિત્ર રૂપે પ્રકટ કરવી, એ જ સાચી કલા છે. ગૌતમ શાક્ય જ્યારે પ્રચંડ તપશ્ચર્યા કરીને બુદ્ધ થયા ત્યારે એમનું શરીર તો ગળીને હાડકાંનો માળો જ રહ્યો, પણ આત્મા પરિપૂર્ણ થયો આત્માની એ પરિપૂર્ણતા પ્રકટ કરવા માટે શિલ્પીઓએ એમના કંકાલ દેહને પરિપૂર્ણરૂપે ઘડી કાઢ્યો, એ જ કલા. જેસસ ક્રોસ ઉપર ચઢીને ક્રાઇસ્ટ થયા, ત્યારે એમના આત્માનો સૌમ્યભાવ ચિત્રકારોએ એમના દેહને અર્પ્યો, એ જ કલા. મહાભારતના ભયંકર સંહાર પછી ધૃતરાષ્ટ્ર અને ગાન્ધારી યુદ્ધક્ષેત્રમાં નીકળે છે. નિષ્ઠુર ધૃતરાષ્ટ્રના આત્મામાં દયામાયા નથી, એ તો રણક્ષેત્રમાં સુતેલા યોદ્ધાઓનાં શવ ઉપર ભારે પગલાં મૂકતો ચાલે છે; ગાન્ધારી દયામૂર્તિ છે, એના પગની આંગળીઓ નીચે જરા માંસનો લોચો કે હાડકાનો ટુકડો આવે તો ય દયાભાવે એની આંગળીઓ ઊંચી થઇ જાય! એ બંનેનાં સમસ્ત શરીર નહિ, પણ માત્ર પગ અને તેની આંગળીઓ ચીતરીને પણ ધૃતરાષ્ટ્રની નિષ્ઠુરતા અને ગાન્ધારીનો દયાભાવ પ્રકટ કરી શકાય, ને એ જ સાચી કલા. શાન્તિનિકેતનના પ્રસિદ્ધ ચિત્રકાર નંદલાલ બાબુએ એ ચિત્ર ચીતર્યું છે, જેને એમની એ કલા જોવી હોય તે ત્યાંના કલાભવનમાં જઇને જુએ. અને આપણા દેશના પ્રાચીન કલાધરોએ આપણાં મંદિરોમાં અને ગુફાઓમાં એ જ પ્રકારે પોતાની કલા પ્રકટ કરી છે.

"મારી અંતરની ભાવના ઉન્નત કરે, તે સિવાયનું બાહ્ય સ્વરૂપ મને તો છેક નિરર્થક છે. સુંદર પદાર્થો ઈશ્વર વિષે વિચારવામાં સહાયભૂત ન થાય તો તો એ વિડંબના છે. આત્માના ઉડ્ડયનમાં જે જે કંઇ વિડંબનારૂપ હોય તે સૌ માયા છે, માર છે" (ગાંધીજી).

કલા આત્માના ઉડ્ડયન માટે–કલ્યાણ માટે છે, ભોગવાસના માટે નથી. "તેની પ્રાપ્તિની અને ઉપભોગની વાસનાથી મુક્ત હોઇએ તો જ કલા આપણને તેના પોતાના ચિંતનથી આનંદ આપે છે" (કાણ્ટ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સૌન્દર્યો વેડફી દેતાં ના ના સૌન્દર્ય તો મળે, સૌન્દર્ય પામતા પહેલાં સૌન્દર્ય બનવું પડે" (કલાપી). "જો સૌન્દર્ય ભોગવવા ઇચ્છતા હો તો ભોગલાલસાને સંયમમાં રાખી, પવિત્ર થઇ, શાન્ત થાઓ. પતિપરાયણ સતી જ પ્રેમનું યથાર્થ સૌન્દર્ય અનુભવી શકે છે, વ્યભિચારિણી નહિ. સતીત્વ એ ચાંચલ્ય વિનાનો સંયમ છે, જેના વડે ગંભીરભાવે પ્રેમનો નિગૂઢ રસ પ્રાપ્ત કરવાનું સંભવિત બને છે. આપણી સૌન્દર્યપ્રિયતામાં પણ જો સતીત્વનો સંયમ ન હોય તો શું થાય? તે કેવળ સૌન્દર્યની આજુબાજુ ચંચળ બની ભમતી ફરે, મત્તતાને આનંદ માની બેસે; જેને મેળવીને તે એકીસાથે બધું ત્યજી શાન્તિથી બેશી શકત, તે તો એ રીતે મળતું નથી. યથાર્થ સૌન્દર્ય સંયમી સાધક આગળ જ પ્રત્યક્ષ થાય છે, લોલુપ ભોગીની આગળ નહિ" (રવીન્દ્રનાથ). વાસના ને વિલાસથી નહિ, પ્રેમ ને મોહથી નહિ, પણ સ્નેહ ને સેવાથી જ બુદ્ધ, ક્રાઇસ્ટ, ગાંધીજી, વગેરે મહાત્માઓની જીવનકલા પ્રકટ થઇ છે અને એ જ ભાવનાએ વેદમાં ઇશ્વરને कवि કહ્યો છે.

ત્યારે આ સૌ વિવેચનથી લાગશે કે કલા કલાને જ માટે નથી; નિષ્પ્રયોજન નથી; સપ્રયોજન છે. જીવનના માત્ર કલ્યાણ માટે છે.

અને ઊર્મિથી પ્રેરાઇ કોયલ જેમ ટૌકો કરે છે અને કલાપી જેમ કલાપ માંડે છે, તેમ કલા પણ સ્વભાવજન્ય નૈસર્ગિક પ્રેરણાથી સર્જાઇ હોય તો જ સાચી કલા છે; પ્રયાસજન્ય કલા વિકલ બની જાય છે, કૃત્રિમ બની જાય છે. માટે કલાધર अहम्‌ને વીસરીને ભાવ-સૌન્દર્યને ખોળે બેસે, ત્યારે જ સાચી કલા સર્જી શકે. વર્ડ્ઝવર્થ કોઇ કોઇ વેળા પ્રાકૃતિક સૌન્દર્યમાં એટલો બધો મુગ્ધ થઇ જતો કે તે પોતાની જાતને પણ વીસરી જતો. તેનું બધું જ્ઞાન અને બધા આકારો વિલીન થઇ જતા, કેવળ આત્મા વિદ્યમાન રહેતો. આમ પ્રકૃતિનું સાન્નિધ્ય અનુભવવાથી એ તેનું સૌન્દર્ય પામી શકયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊર્મિથી હસવું ને કૃત્રિમ હસવું એ બે વચ્ચે જે ભેદ છે તે જ ભેદ નૈસર્ગિક કલા અને કૃત્રિમ કલા વચ્ચે છે. દુઃખે રોતું બાળક જે કરુણ રસ પ્રકટ કરી શકશે તે લલિત ગાતો નટ નહિ જ પેદા કરી શકે. કૃત્રિમ કલા ખરી રીતે કલા જ નથી, અથવા તો અવકલા છે.

પ્રાણીમાત્રની નૈસર્ગિક અવસ્થામાં કલા પણ નૈસર્ગિક હોય છે. સ્વાભાવિક સંવનનથી પ્રેરાઇને પશુપંખી અનેક પ્રકારે જે કલા માંડે છે, તે નૈસર્ગિક હોય છે ને તેમને આનંદ આપે છે. પતંગિયાં, જીવજંતુ અને મોર વગેરે પંખીઓ નૃત્ય કરીને સંવનન કરે છે ને આનંદ પામે છે. હરણબાળ ને માનવબાળ ગાનથી આનંદ પામે છે. અને વનવાસી માનવજાતિઓ પણ નૃત્ય ને ગાન કરી આનંદ પામે છે; સંસ્કૃત ગણાતા માનવીના જેટલી કામવાસના હજી તેમનામાં વિકાસ પામી નથી, તેથી તે હજી ઘણે ભાગે નૈસર્ગિક ને નિર્દોષ આનંદ પામે છે. માનવી પ્રકૃતિની જેમ વધારે સમીપ, તેની કલા તેમ વધારે નૈસર્ગિક. હાસ્ય, રુદન વગેરે મુખના ભાવથી આપણે સુખદુઃખના જે ભાવ પ્રકટ કરીએ છીએ તે વાણીથી પ્રકટ કરી શકીએ નહિ અથવા કરવા જઇએ તો વિકૃત બને. આપણે બાળકોને તેમજ સ્ત્રીઓને પોતાના દેહની ભાવભંગીથી પોતાના ભાવ પ્રકટ કરતાં જોઇએ છીએ, ત્યારે આનંદ પામીએ છીએ. સ્ત્રી પણ પુરુષ કરતાં તો પ્રકૃતિની વધારે સમીપ છે. પુરુષમાં કામ- ને ભોગ-વાસના વધારે વિકાસ પામી છે, માટે તો એની કલા વધારે વિકૃત છે, અને સંસ્કૃત કહેવાતા સમાજમાં એ વાસના જેમ જેમ વધારે વિકાસ પામી છે, તેમ તેમ કલા વધારે વિકૃત થતી ચાલી છે. સોના-માણેક કરતાં ફૂલ વધારે સુંદર છે, પણ ધનવાનોના ધનભોગની વાસનાએ એ સુંદર ફૂલને રોળી નાખ્યું છે. એક ધનવાન જર્મન સ્ત્રી પૂર્વ આફ્રિકામાં ગએલી, ત્યાંની એક સીદી સ્ત્રીને ગળે શંખમાળા જોઇને એણે મશ્કરી કરી : “આ તે શા પથરા ગળે લટકાવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે !" એ સાંભળીને એ સીદી સ્ત્રી જર્મન સ્ત્રીના ગળામાંની મોતી-માળા તરફ આંગળી કરીને હસી પડી, બોલી કે "તમે આવી સો માળાઓ આપો તો ય બદલામા મારી માળા ન આપું એવી એ સુંદર છે." ચીન દેશની સ્ત્રીઓ સૌન્દર્યના ઉપભોગ માટે તો પોતાના પગની પાટલીઓ નાની–એટલે જ સુંદર – કરવાને માટે એવી જકડી બાંધે છે, કે તેઓ અતિશય દુઃખી થાય છે. અને આપણી સ્ત્રીઓ પણ નાકકાન વીંધાવે છે અને તેમાં તેઓ સૌન્દર્ય માને છે.

પ્રાણીમાત્રમાં આત્મરક્ષણની ને તેટલા માટે આહારની પ્રેરણા સ્વાભાવિક છે. એ આહારમાં રુચિકર રસ અને સ્વાદ હોય તો રસનાને રુચિકર લાગે ને ખાઇ શકાય. પણ આજે તો રુચિને નામે રસનાને બહેકાવી મૂકીએ છીએ ને રસિક તથા સ્વાદિષ્ટ ભોજન ખાઇને આત્મરક્ષણને બદલે આત્મભક્ષણ કરીએ છીએ. તેમજ વળી વંશવર્ધનની અને એટલા માટે લગ્નની પ્રેરણા પણ સ્વાભાવિક છે. એમાં પણ રુચિકર સામગ્રીની જરૂર છે. હાથીને મદ ને મૃગને કસ્તૂરી એ પ્રકારની સ્વાભાવિક સામગ્રી છે. પણ આજે તો રુચિને નામે બીજી અનેક કૃત્રિમ સામગ્રી વડે, કલાને નામે અવકલા વડે કામવાસનાને બહેકાવી મૂકીએ છીએ અને પરિણામે વંશવર્ધનને બદલે વંશનિકંદન કાઢીએ છીએ.

અને આજે સમસ્ત સંસારમાં દૃષ્ટિ ફેરવો તો કામોદ્દીપક કલાનો અવધિ નહિ પામો. પણ પોતાને જગદ્ગુરુ માનતા એ કલાધરો તો પ્રભુલોક, બિચારા દાસલોક – જનસમાજ એમનાં પગલાં પૂજે છે; એ પ્રભુલોક જેનાં વખાણ કરે તેનાં આ પણ વખાણ કરે, એ જેની પાછળ 'વન્સ મોર' બોલે, તેની પાછળ તાળીઓ પાડી આ પણ 'વન્સ મોર' બોલે ! કલાધરો અભિમાને છાતી ઠોકી બોલે છે કે અમે જન્મસિદ્ધ કલાધરો છીએ, કલા કાંઇ શીખવી આવડતી નથી. એમ તો ચોર પણ એમ જ કહી શકે. કલાધરોએ સાચા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગદ્દગુરુ થવું હોય તો સમાજજીવનને ઉન્નત માર્ગે વાળનાર કલા એમણે સર્જવી ઘટે, સમાજસેવક થવું ઘટે.

પણ આજે કલાના કોઇ પણ પ્રદેશમાં દૃષ્ટિ કરો કલાને નામે કામવાસનાને ઉશ્કેરનારી ભ્રષ્ટતા પ્રવર્તી રહેલી જોશો. બિહારના ધરતીકંપને સંકટસમયે ગુજરાતમાં કોઇ કવિનું હૃદય ફરકયું જાણ્યું નથી ; દુષ્કાળપ્રસંગે પણ એને ખેડૂતની દયા આવતી નથી, પણ પોંક ને ઊંધિયું તૈયાર થાય એટલે કવિનું હૃદય ખીલે ને ખેડૂતને લાડ લડાવતાં ગીત ગાતો એના ખેતરમાં જાય ! ગાંધીજીએ ખાદી-પ્રચારની શરૂઆત કરી, ત્યારે ૧૯૨૧માં ગુજરાતના એક કવિએ કહેલું કે ‘ સ્ત્રીઓનાં મોં ખાદીમાં વરવાં લાગે છે. ’ વરવાં (વિરૂપ) એટલે કલાહીન ! દરિદ્રનારાયણનાં દુઃખ જાણી ખાદી પહેરવી એ ભાવ કવિને મન કલામય નહિ, કલાહીન ! એમને તો નારીશરીરનાં અંગપ્રત્યંગ પ્રત્યક્ષ દેખાય એવાં વિલાયતી પાતળાં ગવન પહેરેલી સ્ત્રીનાં મુખ ને સમસ્ત દેહ સુંદર લાગે !

સ્ત્રીઓનાં મુખ સામે ને સમસ્ત દેહ સામે તાકીને કામગીતો ગાતાં કવિ કદી થાકયા છે ? ફારસી કવિ હાફેઝે કામવાસનાથી પ્રેરાઈ ગાયું, કે

‘અગર આં તુર્કે શિરાઝી બદસ્ત શરદ્દ દિલે મારા,
બખાલે હિંદુયશ્ બખ્શમ્ સમરકંદો બુખારા રા. ’

અને કામકલાની આ વાણી ઉપર આફરીન થઇ જઇ આપણા મસ્ત કવિ બાલાશંકરે એનું ભાષાન્તર ગાયું :

‘ અગર તે યાર શિરાઝી મારૂં મન મેળાવે
સમર્પું હું બુખારા ને સમર તિલ શ્યામને ભાવે ’

અને આજનું સાહિત્ય જુઓ. કલાપી કવિ કે સ્નેહી ? એ પ્રશ્ન ઉપર વિવેચકો વિવેચન કરે છે. એને હજી કોઇએ કામી કહ્યો છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને યુવકો એનાં કામોદ્દીપક કાવ્યો વાંચી કેવા રાચે છે! કૉલેજોમાં યુવકો અમરુશતક તથા મેઘદૂત વગેરે કાવ્યોના ને શાકુંતલ વગેરે નાટકોના કામોત્તેજક ભાગોને તારવી કાઢી કેવા રસથી વાંચે છે! તનમનાટથી ગવાતું અને અતિશય કામોદ્દીપક ક્રૉઇત્સર ઝોનાતા (Kreutzer Sonata) નામે ગાન અને તેનો રચનાર જર્મન ગાયક બેતોવન (Beethoven ૧૭૭૦ - ૧૮૨૭) આજે પણ યુરોપમાં કેટલાં લોકપ્રિય છે? આજના કાવ્યસાહિત્યમાં ઊંચી ભાવનાઓ હશે, પણ મોટે ભાગે કામકાવ્યો વધારે છે. ટ્રોય નગર બાળ્યાનું વર્ણન પોતાના કાવ્યમાં હોમરે આપ્યું છે તે પ્રત્યક્ષ કરવાને માટે રોમન બાદશાહ નિરોએ પોતાના જ નગર રોમને સળગાવી મૂક્યું ને સારંગી ઉપર તેનું વર્ણન ગાતો બેઠો! પોતાની માતાને મારી નંખાવી, તે પછી તેના શબ તરફ દૃષ્ટિ કરીને એ બોલેલો: “ શી સુંદર નારી! ” સૌન્દર્યની આ ભાવનાને અવધિ! અને કોરિયા ઉપર જુલમ કરનાર જાપાનની પ્રજાને સૌન્દર્યપૂજક કહી શકાય ?

અને આજે આપણાં નગરોમાં વારંવાર જે ગરબા ને રાસ ગવાય છે તે તરફ દૃષ્ટિ કરો. એનો વિકાસ ઝપાટાબંધ થતો જાય છે; પણ એ ગાનારી સ્ત્રીઓના ને બાળાઓના વસ્ત્રાભૂષણની ધાટી જુઓ, એમનાં તે પ્રસંગનાં નખરાં જુઓ, એ ગરબામાં ને રાસમાં ગવાતા ગાનના ભાવ જુઓ, ને પછી કહો કે એ તે કલા છે કે કલાને નામે ભ્રષ્ટતા છે? કવિઓ સમાજને શ્રેયસ્ તરફ દોરી જાય છે કે પ્રેયસ્‌ના મોહગર્તમાં ઉતારી પાડે છે? પ્રેક્ષકવર્ગનું માનસ તે પ્રસંગે કેવું બને છે? ગાનારી સ્ત્રીઓ ને બાળાઓ પ્રેક્ષકવર્ગને ખુશ કરવા શું શું નથી કરતી? આ તે કલા કે નરી ભ્રષ્ટતા? પણ કોડીલા કવિ કહેશે કે કા’ના વિનાનાં તે કંઇ ગીત!

કલાને નામે આપણો સમાજ હવે નૃત્યની દિશાએ ધસ્યો છે, પણ એમાંયે દૃષ્ટિ તો એ ને એ જ છે. યુરોપમાં તો નૃત્યકલાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હદ વાળી છે. ટૉલ્સ્ટૉય કહે છે : "સ્ત્રીઓ ને કુમારિકાઓ છાતી અરધી ખુલ્લી રાખીને તથા પાછળના ભાગમાં ડૂચા ભરી તે ફુલાવીને બહુ જ બેશરમ પોશાકમાં ફરે છે. કોઇ પણ સુશીલ સ્ત્રી કે કુમારિકા આવા વેશમાં પુરુષની નજરે ચડવાનું પસંદ ન કરે. પરંતુ આવી અર્ધનગ્ન દશામાં, આગળ ઊપસેલી ખુલ્લી છાતીઓ વાળી, ખભા સુધી ખુલ્લા હાથ વાળી, ડૂચા ઘાલીને કૃત્રિમ રીતે મોટા દેખાતા નિતમ્બ વાળી સ્ત્રીઓ અને લજ્જા જેમનો મુખ્ય ગુણ ગણાય છે તેવી કુમારિકાઓ દિવસ જેવા પ્રકાશમાં અજાણ્યા જેવા પુરુષો સામે ઊભી રહે છે. અને આ પુરુષોએ પણ બહુ તંગ, નિર્લજ્જ પોશાક પહેરેલો હોય છે. તેઓ એક બીજાને આલિંગે છે અને એમ પરસ્પર વળગીને ઉન્માદક સંગીતના તાલ સાથે નાચે છે. વૃદ્ધ સ્ત્રીઓ ઘણી તો યુવતીઓના જેવા જ નગ્ન પોશાકમાં હોય છે. તેઓ બેઠી બેઠી આ બધું જુએ છે અને જે ઠીક લાગે તે ખાય છે અથવા ચાખે છે. વૃદ્ધ પુરુષો પણ એમ જ કરે છે. આવું બધું કરવાનો સમય રાત્રિ જ હોય તેમાં નવાઇ નથી" ('ત્યારે કરીશું શું ?' : ૨૪૨). ત્યાં સ્ત્રીપુરુષોનાં એકઠાં નૃત્ય માનવ-આત્માને ઉન્નત કરે છે કે અવનત, એ કોઇ કહેશો ? અમેરિકાનાં નાટ્યગૃહોમાં નટીઓ પ્રેક્ષક પુરુષોને કામાકર્ષિત કરવા ભાતભાતનાં બાણ ફેંકે છે. પોતાના પગ નગ્ન દેખાડવા ચર્મરંગી મોજાં પહેરે છે; પણ આ અધિકાર મુખ્ય જ નટીને છે, કારણ કે એ ધનવાનોની ભોગ્ય વસ્તુ છે. ઇતર નટીઓએ તો બીજા જ રંગનાં મોજાં પહેરવાં પડે છે.

હવે જોઇએ તો ચિત્રકલા તરફ દૃષ્ટિ માંડો. જગતમાં બીજી વસ્તુઓ કરતાં પણ જાણે સ્ત્રીમાં જ વધારે સૌન્દર્ય આવી ભરાયું હોય એમ કવિ જેમ કાવ્યમાં, ચિત્રકાર તેમ ચિત્રમાં સ્ત્રી જ સામે તાકીને પોતાની કલા પ્રકટ કરે છે. જગતમાં જે કંઇ વસ્તુ સુંદર દેખાતી હશે તે સૌને ઉપમારૂપે સ્ત્રીમાં ભરી દે છે। આપણાં વર્તમાનપત્રોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને માસિક પત્રોમાં કાવ્યો અને ચિત્રો જોશો, તો એ વાતની પ્રતીતિ થયા વિના નહિ રહે. એક જ ઉદાહરણ આપું: 'મુંબઇ સમાચાર'ના સં. ૧૯૮૯ના તથા ૧૯૯૦ના દીપોત્સવીના અંક જુઓ. મુખપૃષ્ઠ તો કામાંગનાને શ્રીમુખે શોભતું હોય જ! તે ઉપરાંત તે અંકોમાં આખા પૃષ્ઠનાં ચિત્રો નીચે પ્રમાણે છેઃ

	૧૯૮૯										
	રંગીન		સાદાં		કુલ	રંગીન		સાદાં		કુલ
સ્ત્રીનાં	૫	+	૧૪	=	૧૯	૭	+	૬	=	૧૩
પુરુષનાં	૦	+	૧	=	૧	૧	+	૧	=	૨

સ્ત્રીઓનાં ચિત્રોમાં કેટલાં યે અર્ધનગ્ન–લગભગ નગ્ન જેવાં છે!

રાફેલે ચીતરેલી મેડોનાની કે કોઇ હિંદુ ચિત્રકારે ચીતરેલી મીરાંબાઇની છબિને જોતાં ભક્તિભાવે મસ્તક નમે, પણ આવાં ચિત્રો જોઇને મનમાં શું થાય એ કહેવાની જરૂર છે?

જાહેરખબરોમાં પણ શક્ય હોય ત્યાં મોટે ભાગે સ્ત્રીઓનાં ચિત્રો મુકાય છે. અસ્ત્રાની જાહેરખબર આપવાની હોય ને દાઢી બોડતા કોઇ માનવીનું ચિત્ર આપવાનું હોય ત્યારે તો પુરુષનું ચિત્ર આપ્યા વિના છૂટકો જ નહિ, એટલે નિરૂપાય!

અને બીજું કંઇ જાણો છો? ચિત્ર ચીતરતી વેળાએ વિદ્યાર્થીને સહાયભૂત થઇ પડે એટલા માટે નમુના રૂપે સામે વસ્તુ મૂકવી પડે છે. પણ નગ્ન સ્ત્રીનાં અમુક અંગ ચીતરતી વેળાએ એવો નમુનો લાવવો ક્યાંથી? એનો યે ઉપાય પુરુષે શોધી કાઢ્યો છે. આપણા દેશની એક જાણીતી આર્ટ્સ્ સ્કૂલમાં જ્યારે વિદ્યાર્થીને કોઇ નગ્ન સ્ત્રી ચીતરવાની હોય છે ત્યારે દર બેઠકના પાંચ રૂપિયા આપવાના કરીને બજારમાંથી કોઇ વેશ્યાને બોલાવીને તેને નગ્ન સ્વરૂપે વિદ્યાર્થી સામે બેસાડવામાં આવે છે, તેની સામે જોઇ જોઇને વિદ્યાર્થી તેનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગપ્રત્યંગ ચીતરે છે. વધારે વખત સ્ત્રીને બેસાડવાની જરૂર લાગે તો વિદ્યાર્થી પોતાના ઘરના પૈસા તેને આપે, પોતાને મનગમતી બીજી સ્ત્રી લાવવી હોય તોપણ પોતાના ઘરના પૈસા આપે. બેશક સ્ત્રીને નગ્ન બેસાડવામાં તેમને કશું હીણું લાગતું નથી, તેથી વિદ્યાર્થીની કામવૃત્તિ ઉશ્કેરાતી પણ નથી! પણ જો પુરુષનું ચિત્ર ચીતરતી વેળાએ એને સામે બેસાડવાનો હોય તો તેને લંગોટ પહેરાવે છે. એ આર્ટ્સ્ સ્કૂલમાં ભણી ઊતરેલા એક નિપુણ વિદ્યાર્થીએ ત્યાંની આ અને આવી આવી અનેક વાતો મને કહેલી.

વળી આજનાં સીનેમાએ તો કલાને નામે ભ્રષ્ટતા પ્રવર્તાવવામાં હદ જ મૂકી છે. લંડનના 'જોન બુલ' પત્રે એક સીનેમા કંપનીનાં દશ્યો ઉતારવાના એવા પ્રપંચનું આમ વર્ણન કર્યું છે: "સીનેમાને માટે ફીલ્મની છબિઓ પડાવવા દેનારી સુંદર સ્ત્રીઓને કંપની જાહેરખબરો આપીને તેડાવે છે. અનેક સુંદર સ્ત્રીઓ આવે છે. તેમની સાથે વાતચીત કરીને તેમાંથી અનુકૂળ સ્વભાવની સ્ત્રીને પસંદ કરે છે. પછી તેને કહે છે કે જળક્રીડાનું દશ્ય ફીલ્મમાં ઉતારવાનું છે, માટે તમો કપડાં બદલી લો. તે સ્ત્રીને કપડાં બદલવા માટે એકાન્ત શયનગૃહમાં મોકલે છે. તે તો જાણે છે કે અહીં હું એકલી છું, પણ ખંડની અમુક બાજુએ ગુપ્ત કેમેરા ગોઠવી રાખેલો હોય છે, તેમાં તેની કપડાં બદલતી વેળાની નગ્ન અવસ્થાની છબિ પાડી લે છે! તેની પાસે જળક્રીડા નામની જ કરાવીને તેને ખુશ કરી વદાય કરે છે. પછી તે જ ખંડમાં બીજા કોઇ નગ્ન પુરુષની છબિ તેવી જ રીતે પાડી લે છે. પછી પેલી સ્ત્રીની ને આ પુરુષની નગ્ન છબિઓ ચારે બાજુથી એવી રીતે કાતરી કાઢીને એવી એક નવી જ છબિ ઉતારવામાં આવે છે કે જાણે એ બંને સાથે જ નગ્ન અવસ્થામાં ઉભાં હોય! આવી અશ્લીલ ફીલ્મો દિવસમાં પાંચ પાંચ છ છ વખત પ્રેક્ષકોને દેખાડવામાં આવે છે ને છતાં ય પ્રેક્ષકો એ જોતાં ધરાતા નથી. કંપની એ બીભત્સ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્યથી ખૂબ ધન કમાય છે.” અને લંડન નગરીના આ અંગ્રેજ નાગરિકો હિંદીઓ કરતાં પોતાને બહુ સંસ્કૃત માને મનાવે છે! અને એ વાત કંઇક અંશે સાચી પણ ખરી, કારણકે સીનેમાના ક્ષેત્રમાં આપણે ધીરે ધીરે એ માર્ગે ધસીએ છીએ, પણ હજી તો આપણે એમની બહુ પાછળ છીએ! હા કલા!

અને આપણી નવલકથાઓ ને નાટકો પણ ધીરે ધીરે એ જ વિનાશમાર્ગે દોડે છે. કામવાસનાને દબાવી માનવજીવનને ઉન્નત માર્ગે દોરનાર બહુ થોડી નવલકથાઓ ને નાટકો જોશો. કોઇ પણ પુસ્તકાલય તમે જુઓ ને તપાસો તો માલમ પડશે કે ત્યાં એવાં જ પુસ્તક વધારે હશે, ને લોક વાંચતા પણ હશે એવાં જ પુસ્તકો વધારે! અને આજે અવનત માર્ગે જનસમૂહને ઉતારનાર ભણતરની પેઠે આ પુસ્તકાલયો ને તેમાંની નવલકથાઓ દેશને વેરી વળ્યાં છે!

ટૉલ્સ્ટૉય સાચું જ કહે છે: “કોઇ ચિત્રકારને કહો કે ખાસ ચિત્રશાળાઓ, ખાસ નમુના માટે નગ્ન સ્ત્રીપુરુષનાં પૂતળાં અને એવાં બીજાં સાધનો વિના, આના આનામાં આપી શકાય તેવાં ચિત્રો ચીતરી આપ. તે તમને કહેશે કે હું જે અર્થ જાણું છું તે પ્રમાણે કળાનો એથી ધ્વંસ થાય. સંગીતશાસ્ત્રીને એકતારા જેવાં સામાન્ય વાદ્યો બજાવવાનું અને સ્ત્રીઓને ગીતો શિખવવાનું કહો. કવિને તમે કહો કે તારાં કાવ્યો, નવલકથાઓ, મર્માળા કટાક્ષ વાળા ગ્રંથો, એ બધું ઊંચું મૂક અને નિરક્ષર લોકો સમજી શકે એવાં ગીતો અથવા વાર્તાઓ રચ. એ બંને તમને કહેશે કે તમારું ચક્કર ઠેકાણે નથી. પણ ચક્કર તે અમારું ઠેકાણે નથી કે તમારું? જે લોકો તમને ખવડાવે છે, કપડાં પૂરાં પાડે છે અને જીવાડે છે તે લોકોને માનસિક ખોરાક પૂરો પાડવાને બહાને જાતમહેનત કરવામાંથી તમે મુક્તિ મેળવી; અને હવે તમે તમારી જવાબદારી એવી વિસારી દીધી કે એ લોકોને જે ઉપયોગી છે તે ખોરાક તૈયાર કરવાની ટેવ જ તમે ખોઇ બેઠા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારી ફરજમાંથી ચલિત થવામાં જ તમારી વિશેષતા માની બેઠા!" ('ત્યારે કરીશું શું?': ૩૩૮)

"પોતાનું કર્તવ્ય તથા પોતાનું શ્રેય ગમે તેમાં રહેલું લોકો માને, પરંતુ વિજ્ઞાનનું કામ તે તેમને સાચેસાચું સમજાવવાનું છે અને કળાનું કામ તે શિક્ષણને મૂર્ત રૂપ આપવાનું છે. સોલન અને કૉન્ફ્યુશિયસનું શિક્ષણ તે સાચું વિજ્ઞાન કહેવાય. મુસા અને ઇશુનો ઉપદેશ તે વિજ્ઞાન કહેવાય. એથન્સની ઇમારતો, દાઉદનાં ભજનો અને દેવળમાંનાં પ્રવચનો એ કળા કહેવાય. પરંતુ પદાર્થોના ચતુર્થ પરિમાણનો અભ્યાસ તથા રાસાયણિક મિશ્રણોના કોઠા, એ કદી વિજ્ઞાન કહેવાયું નથી અને કદી કહેવાશે નહિ. આધુનિક જમાનામાં વિજ્ઞાનનું સ્થાન શાસ્ત્રપુરાણોએ તથા કાયદાશાસ્ત્રોએ લીધું છે. સાચી કળાનું સ્થાન મંદિરોએ અને રાજદરબારોના શિષ્ટાચારોએ લીધું છે. કોઇને તેમનામાં શ્રદ્ધા નથી, કોઇ તેમને સાચાં ગણતું નથી. આજે આપણે જેને વિજ્ઞાન અને કળા કહીએ છીએ તે તો એદી ચિત્ત અને આળસુ હૃદયની કૃતિઓ છે. તેનો ઉદ્દેશ તેમના જેવાં જ એદી ચિત્તોને અને આળસુ હૃદયોને વિનોદ કરાવવાનો છે. લોકોને તો એ અગમ્ય અને અર્થહીન છે, કારણકે તેમનું કલ્યાણ એ કદી તેનો ઉદ્દેશ છે જ નહિ" (પૃ. ૩૫૨).

પણ આળસુ, કલ્પનાશીલ, સાહિત્યપ્રમત્ત પુરુષે બુદ્ધિના વિકાસથી કે વિકારથી કલાને આજે ભ્રષ્ટ કરી મૂકી છે. ને એમ કરીને સમાજમાં કામલોલુપતા વધારી મૂકી છે. એ ભ્રષ્ટતાને કલા મનાવવા લોકને નશાગોળી આપીને ભ્રમમાં નાખ્યા છે, લોક તે ઉપર મોહ પામ્યા છે. આથી માનવી સત્યમાં ને શિવમાં સૌન્દર્ય નથી જોતા, કામલોલુપતામાં જુએ છે; પુરુષ કામવશ થઇ બાહ્ય ટાપટીપમાં સૌન્દર્ય જુએ છે. એ ભ્રષ્ટ ભાવનાએ સ્ત્રીને મદનસુંદરી બનાવે છે, વસ્ત્રાલંકારથી તેને કાચની પૂતળી પેઠે શણગારે છે, તેને કામિની, મોહિની રૂપે જુએ છે. પોતે ગર્તમાં પડે છે ને બિચારી સ્ત્રીને લેતો પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષે પોતાની કામલોલુપતાને હેતુએ ને કારણે સ્ત્રીને તાકી તાકી જોઇ છે ને તેના ઉપર કામવાસનાથી કળા અજમાવી ભ્રષ્ટ કરી મૂકી છે. એણે પવિત્ર લગ્નભાવનાના ભાગીને ભુક્કા કરી નાખ્યા છે!

[1] છેવટે એક વાત કહી લેઉં : तुण्डे तुण्डे मतिर्भिन्ना હોવાથી કલાનાં દૃષ્ટિબિંદુ પણ માણસે માણસે ભિન્ન હોય; કોઇને ગુલાબ ગમે, કોઇને મોગરો ગમે. વળી દેશકાળ બદલાતાં ધાર્મિક અને સામાજિક ભાવનાઓ પણ બદલાય અને તેને અનુસરી સૌન્દર્યભાવના ને કલાદૃષ્ટિ પણ બદલાય; આપણને રૂપ રંગ ને વાસ વાળાં ફૂલ ગમે, યુરોપિયન ફૂલના વાસ કરતાં રૂપરંગને વધારે મહત્ત્વ આપે. સીદીને પોતાનું કાળું બાળક સર્વાંગસુંદર લાગે, આપણને આપણું. નગરવાસી વનમાં જાય ત્યારે વનલીલા જોઇને "આહ, શું સુંદર!" બોલી નાખે ને આશ્ચર્યમુગ્ધ બની જાય; ગ્રામવાસી નગરમાં જાય ત્યારે પોતાની પાઘડી હાથથી દાબીને હવેલીઓને મથાળા સુધી નિહાળે ને "શહેરની શી શોભા!" એમ બોલી નાખી આશ્ચર્યમુગ્ધ થાય. આ જ કારણે કલામાં સંપ્રદાયો પડ્યા છે.

પાછળ (પૃ. ૨૦૨) જણાવ્યું છે કે બુદ્ધના "આત્માની એ પરિપૂર્ણતા પ્રકટ કરવા માટે શિલ્પીઓએ એમના કંકાલ દેહને પરિપૂર્ણ રૂપે ઘડી કાઢયો, એ જ કલા." પણ આ દૃષ્ટિ તો બૌદ્ધધર્મના, પછીથી વિકાસ પામેલા, મહાયાન સંપ્રદાયની હતી.

---

૧. આ ભાગ લખાયો ત્યાર પછી ગાંધીજીએ ખાદી વિષે લખેલા નીચેના શબ્દો વાંચ્યા : "કળાને નામે ખપતા ભપકાનો કદી વિચાર ન કરવો જોઇએ. સાચી કળા કેવી હશે એ કોણ જાણે છે? બહુ તો એમ કહેવાય કે કળા એ સાપેક્ષ શબ્દ છે. એક સ્થળે ને એક કાળે જે કળા મનાતી હશે તે બીજા સ્થળકાળમાં નહિ મનાતી હોય. જેને એક માણસ કળા ગણતો હશે તે બીજાને કદરૂપી લાગતી હશે" ('હરિજનબંધુ,' તા. ૧૭ : ૩ : ૧૯૩૫).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીન હીનયાન દૃષ્ટિના કલાધરોએ તો તાદૃશ કંકાલ દેહની મૂર્તિઓ ઘડી છે. એ એમ માનતા કે ડાંગરનો છોડ પોતાના દેહને નીચોવી નાખી પીળો કરી મૂકે છે, ત્યારે જ પોતાના જેવા અનેક દાણાને પેદા કરી શકે છે. આ દૃષ્ટિ પણ સુંદર છે ને એ દૃષ્ટિએ ઘડાએલી બુદ્ધમૂર્તિઓ અનેક કાળ સુધી હીનયાન સંપ્રદાયને ધારણ કરી રહેલા અફઘાનિસ્તાન વગેરે પ્રદેશોમાંથી મળી આવે છે. લાહોરના સંગ્રહસ્થાનમાં આવી એક મૂર્તિ છે. હિંદુસ્થાનમાં તો બૌદ્ધધર્મે બ્રાહ્મણધર્મને બળે વિકસી મહાયાન સંપ્રદાયનું સ્વરૂપ ધારણ કર્યું અને છેવટે એ એના સંમિશ્રણથી ધીરે ધીરે હિંદુધર્મ થયો. અને આજે બૌદ્ધધર્મ હિંદુસ્થાનમાં એમ ઓગળી ગયો છે. આમ દૃષ્ટિ-ભેદને કારણે કલામાં સંપ્રદાય પડચે જાય છે.

અને એ જ દૃષ્ટિભેદે કેટલાક કલાધારો ઇતિહાસનાં યાથાતથ્ય પૂરેપૂરાં સાચવીને કાવ્યો રચે છે, કેટલાક કલાધરો એ યાથાતથ્યના મુખ્ય અંશો સ્વીકારીને તેના ઉપર ઉન્નત ભાવનાઓ ખડી કરે છે, કેટલાક તો માત્ર કલ્પના ઉપર જ ઉન્નત રચના કરે છે. રામાયણ અને મહાભારત આવા પ્રકારનાં કાવ્યો છે.

કાળિદાસ પ્રકૃતિનું યથાતથ વર્ણન કરે છે, ભવભૂતિ તેમાંથી ઉન્નત ભાવનાઓ પ્રકટ કરે છે. રેનોલ્ડ્ઝ (Reynolds) અંગ્રેજ લોકોના સમાજજીવનની યથાતથ કથાઓ લખે છે, બર્નાર્ડ શૉ (Bernard Shaw) એ જીવનમાંથી ઉન્નત ભાવનાઓ પ્રકટ કરવા કથાઓ લખે છે. તાજમહેલની દેહમૂર્તિ આજે અનેક કલાધારોની યાત્રાદેવી થઇ પડી છે. બેગમના મૃતદેહની એ કબર પ્રજાનાં હાડકાં ને લોહીમાંસથી ચણાએલી છે તે વિચારીએ તો ? એને કયા સંપ્ર-દાયમાં મૂકીએ ? સૌ સંપ્રદાયોનો એક જ ઇષ્ટ હેતુ હોય : કલા માનવ-જીવનના કલ્યાણ માટે હોય; કેળવણી બાળહૃદયમાં રહેલા સૌ અંશો નહિ, પણ સારા ને કલ્યાણપ્રદ જ અંશો વિકસિત કરવા માટે હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ જ. આમ કલા કલાને જ માટે નથી, નિષ્પ્રયોજન નથી; સપ્રયોજન છે, માનવજીવનના કલ્યાણ માટે છે.

અને આજે રુશિયન સોવિયેટની ધર્મભાવના, લગ્નભાવના ને સાથે જ કલાદૃષ્ટિ પણ ફેરવાઇ છે. એ દેશોમાં પ્રવાસ કરી આવેલા શ્રી. નિત્યનારાયણ બૅનરજી તે વિષે આમ લખે છેઃ "આપણે કહીએ છીએ કે રુશિયાને નીતિની પરવા જ નથી. હા, આપણે આપણી નીતિભાવનાને અનુસરીને એમ બોલીએ છીએ, પણ કેટલીક રીતે તો તેઓ પશ્ચિમની ને વળી પૂર્વની પ્રજાઓ કરતાં વધારે નીતિમાન છે. પારીસ, બર્લિન, લંડન, રોમ અને યુરોપનાં બીજાં નગરોમાં દુકાનોની બારીઓ ઉપર સ્ત્રીઓનાં નગ્ન ચિત્રો મુકાય છે, પણ રુશિયનો એવાં પ્રદર્શનને ધિક્કારે છે. ગ્રાહકોને આકર્ષવા માટે માલ દેખાડવા કુમારિકાઓને દુકાન ઉપર રાખવાની પદ્ધતિને પણ તેઓ ધિક્કારે છે. ગ્રાહક વધારવા માટે માસિક અને દૈનિક પત્રોમાં અશ્લીલ છબિઓ તેઓ કદાપિ છાપતા નથી."

ત્યારે લગ્નશિથિલતા માટે બહુ ચવાએલા એ કુખ્યાત રુશિયાની પેઠે આપણે આપણું દૃષ્ટિપર્યટન ક્યારે કરીશું? આપણા સાહિત્યકારો ને કલાધરો પ્રેયસ્ છોડી શ્રેયસ્ તરફ ક્યારે દૃષ્ટિ કરશે? તેઓ સમાજના સાચા ગુરુ બની માનવજીવનને કલ્યાણમાર્ગે દોરતા ક્યારે થશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૨૬

પુરુષની કામલોલુપતા

પાછળ અનેક વાર જણાવ્યું છે કે લગ્નનો હેતુ વંશવર્ધન છે, તે હેતુ સાધવા માટે ઋતુકાળે શારીરિક લગ્ન હોય, પછી તો બ્રહ્મચર્ય જ હોય. નદીના જળને સમુદ્રમાં વહી જવા માટે ખુલ્લો માર્ગ હોય, પણ તે સંયોગમાં રહીને વહે એટલા માટે બે તટ હોય. ખુલ્લો માર્ગ ન હોય તો નદી ઊભરાઇ જાય અને આજુબાજુના પ્રદેશને બોળી કાઢે. જળને સંયમમાં રાખવા માટે બે બાજુ બે તટ ન હોય, તોપણ એ જ પરિણામ આવે. અને એ બેમાંથી એકે પ્રસંગે નદી પોતાના યાત્રાધામ સમુદ્રમાં જઇ ના શકે. યોગ્ય સંયમ માટેના બે તટ વચ્ચે થઇને નદી ખુલ્લે માર્ગે વહે, તો જ આજુબાજુના પ્રદેશની સેવા કરી શકે ને અંતે સમુદ્રમાં જઇ મોક્ષ પામી શકે. લગ્નવિષયમાં પણ એમ જ : શારીરિક લગ્ન ના જ હોય તો પ્રકૃતિનો ઇષ્ટ હેતુ—વંશવર્ધન—સધાવો અશક્ય થઇ પડે. પણ જો તે બ્રહ્મચર્યના સંયમતટ વચ્ચે રહીને ના વહે તો લગ્નહેતુને તોડી નાખે, નિરંકુશ વ્યભિચારથી સંસારને બોળી નાખી ભ્રષ્ટ કરી મૂકે. બ્રહ્મચર્ય પાળતે પાળતે લગ્નહેતુ સિદ્ધ થાય તો જ યોગ્ય ને ઇષ્ટ વંશવર્ધન વડે સંસારની સેવા કરી શકાય.

પણ આજે તો પુરુષે પોતાની કામલોલુપતાને પરિતૃપ્ત કરવા પોતાના સત્તાબળનો ઉપયોગ કરીને લગ્નના એ સુંદર, પવિત્ર હેતુનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાશ કરી મૂક્યો છે. લગ્નને નામે એણે વ્યભિચાર પ્રવર્તાવી મૂક્યો છે, નારીજન ઉપર અત્યાચાર પ્રવર્તાવી મૂક્યો છે. લૉટરી જેવા અનેક જુગારને કાયદાને બળે જેમ નિર્દોષ ઠરાવી દીધા છે, તેમ આ પ્રકારના વ્યભિચારને પોતાને સત્તાબળે પુરુષે લગ્નનું નામ આપીને નિર્દોષ ઠરાવી દીધો છે અને એ રીતે નિર્દોષ નારીજન પ્રત્યે એ પ્રપંચ રમી રહ્યો છે. બાકી તો એમાં પુરુષની નરી કામલોલુપતા જ છે. આજે કામલોલુપતા જ લગ્નનો હેતુ થઇ પડ્યો છે. એથી જાણ્યે અજાણ્યે વંશવર્ધન થાય, એટલું એ જ; એમ સંતાન તો આકસ્મિક ગૌણ પરિણામ – By-product – જ છે.

કહેવાતા આસ્તિકોમાં સાચા આસ્તિકો ભાગ્યે જ કો'ક હોય છે, બાકી આચારે તો તેમાંના મોટે ભાગે નાસ્તિક છે, ભ્રષ્ટ છે. તેમ જ કહેવાતાં સ્નેહલગ્નમાં સ્નેહલગ્ન તો ભાગ્યે જ કો'ક હોય છે, બાકી આચારે તો મોટે ભાગે મોહલગ્ન છે, ભ્રષ્ટ છે. આહારને જેમ ભોગ-વાસનાને બળે આપણે ભોજન બનાવી દીધો છે, તેમ જ લગ્નસંયોગને પણ ભોગવાસનાને બળે સંભોગ બનાવી દીધો છે.

આજે જગત અનેક રોગથી પીડાય છે ઇંદ્રિયલોલુપતા અને તેને માટે ધનસંગ્રહ એ બે તો મહારોગ છે. જીભના સ્વાદની લોલુપતાની – ભોજનલોલુપતાની – પેઠે બીજી અનેક પ્રકારની ઇંદ્રિયલોલુપતા છે અને તેમાં યે કામલોલુપતા – સંભોગલોલુપતા – તો પ્રચંડ છે. ધનસંગ્રહને પરિણામે ઇંદ્રિયલોલુપતા વધ્યે જ ગઈ છે.

અને તેમાં યે પુરુષની કામલોલુપતા સ્ત્રીની કરતાં અનેક ગણી વધારે છે. પશુપંખીમાં યે નારી માટે અનેક નર યુદ્ધ કરે છે, વિજયી નર નારી પાસે જાય છે, અનેક વાર તેની ઉપર બળાત્કાર પણ કરે છે; નારી તેની સાથે ખુશીથી સંયોગ કરે છે, અનેક વાર નરના બળાત્કારને તાબે થવું પડે છે. વાનરનરમાં પણ કામલોલુપતા જાગ્રત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયાના સ્પષ્ટ પુરાવા મળે છે. એ વાનરનારી જ સાથે નહિ, પણ માનવનારી સાથે પણ સંભોગ કરવા ઇચ્છે છે: "એક વાનર પાંજરામાંથી છૂટી ગયો. કોઇ ઉપાયે એ પાછો પાંજરામાં પેસતો ન હતો. તેનો સ્વભાવ પારખી લેનાર તેના રખેવાળે પાંજરાની સામી બાજુએ રંગીન કપડાં વાળી સ્ત્રીને ઊભી રાખી. કામવાસનાથી પ્રેરાઇ વાનર તેની તરફ ગયો. પાજરામાં તે સ્ત્રી છે એમ જાણી મૂર્ખ વાનર અંદર પેઠો ને રખેવાળે પાંજરૂં બંધ કરી દીધું! વાનર માનવનારીથી આકર્ષાયો, એથી કોઇ આશ્ચર્ય ના પામે. એવા પુષ્કળ વાનર આજે ય આફ્રિકાનાં જંગલોમાં છે, જે માનવનારીને એકલી દેખી ઝાડ ઉપરના પોતાના માળામાં ઊંચકી જાય છે. ત્યાં તેને પુષ્કળ ફળફૂલ લાવી ખવરાવે છે. પણ પછી તેને સંભોગથી છેક થકવી નાખે છે અને છેક નિર્બળ થઇ ગયે તેને પાછી હતી ત્યાં છાનોમાનો નાખી આવે છે" ('ઇશ્વરનો ઇનકાર': ૬૭). આમ પરાપૂર્વથી પુરુષ ગતિશીલ ને કામાતુર છે, સ્ત્રી સ્થિતિશીલ ને મર્યાદાશીલ છે. આ સ્વભાવ વિકાસ પામતો ગયો છે અને માનવજાતિમાં પણ નર અત્યંત ગતિશીલ ને કામાતુર છે, સ્ત્રી સ્થિતિશીલ છે. તેમાં યે વળી વનવાસી કરતાં સુધરેલા સમાજના પુરુષની કામવાસના વધારે વિકાસ પામી છે. વૉલ (Wall) લખે છે કે "સ્ત્રી કરતાં પુરુષમાં કામવાસના વધારે પ્રબળ અને પ્રચંડ હોય છે. પુરુષનો પ્રેમ વિષયી, સ્થૂલ, કામાસક્ત અને ચંચળ હોય છે અને સ્ત્રીના શારીરિક સૌન્દર્યથી આકર્ષાઇને જાગ્રત થઇ જાય છે; આથી પુરુષ દરેક રૂપવતી સ્ત્રીથી આકર્ષાય છે અને તેનો પ્રેમ અસ્થિર ને ચંચળ છે. તેને વિવિધતા જોઇએ છે." ખરે, સંસ્કૃત કવિએ સાચું જ કહ્યું છે કે नवं नवं प्रीतिकरं नराणाम् । સ્ત્રીને મૂળે જ કામવાસના પુરુષની જેટલી પ્રબળ નથી, તેમાં વળી એને માસે માસે ઋતુસ્રાવ આવે છે ત્યારે તો એ વિષે એને છેક જ અભાવ થાય છે; પુરુષને આમાંનું ય કંઇ નથી. વ્યભિચાર કરવાને ગએલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંદ્રે અહલ્યાને કહેલું કે "કામી પુરુષો સ્વરૂપવતી સ્ત્રીના ઋતુકાળની પણ વાટ જોઇ શકતા નથી" (રામાયણ, બાલકાણ્ડ ૪૮ : ૧૮).

પણ कामातुराणां न भयं न लज्जा। પોતાનો દોષ ઢાંકીને કામ-વાસનાનો બધો ટોપલો સ્ત્રીને માથે ઓઢાડતાં એને લાજ નથી આવતી, ભય તો હોય જ શાનો? એણે તો કહી નાખ્યું કે

स्त्रीणां द्विगुणमाहारो लज्जा चापि चतुर्गुणा।
साहसं षड्गुणं चैव कामश्चाष्टगुण: स्मृत: ॥

"પુરુષ કરતાં સ્ત્રીનો આહાર બમણો, લજ્જા ચાર ગણી, સાહસ છ ગણું ને કામ આઠ ગણો છે." વળી,

न शतेनाऽपि वर्षाणामपेति मदनाशय:।
तत्राशक्त्या निवर्तन्ते नरा धैर्येण योषित: ॥

"સ્ત્રીની કામવાસના સો વર્ષે પણ નાશ પામતી નથી. પુરુષો અશક્ત થયે તેમાંથી નિવૃત્ત થઇ જાય છે, પણ સ્ત્રી તો ધૈર્યથી જ નિવૃત્ત થાય છે." વળી મનુએ કહ્યું, કે "સ્ત્રીઓ રૂપને કે વયને જોતી નથી, એ તો સુરૂપ કે વિરૂપ ગમે તેવો પુરુષ મળે તેની સાથે ભોગ ભોગવે છે. સ્વભાવથી જ એ પરપુરુષ પાસે જનારી છે, ચંચળવૃત્તિ વાળી છે, સ્નેહરહિત છે, તેથી ગમે એટલે પ્રયત્ને પણ તે પતિવ્રતા રહેતી નથી" (૯ : ૧૪, ૧૫). અને એટલા માટે એને કામિની કહી.

રાજા ભંગાસ્વન એક વાર મૃગયા રમવા ગએલો. વનમાં એક સરોવર હતું. તેમાં સ્નાન કરતાં જ તે સ્ત્રી થઇ ગયો. પછી તેને ઇંદ્ર મળ્યો. ઇંદ્રને એ સ્ત્રીસ્વરૂપ રાજા ભંગાસ્વને કહ્યું : "સ્ત્રીને જ્યારે પુરુષનો સંયોગ થાય છે, ત્યારે તેને પુરુષ કરતાં યે વધારે રતિસુખ મળે છે. માટે હે ઇંદ્ર, હું તો સ્ત્રીત્વને જ ઇચ્છું છું. હે ઉત્તમ દેવ, એ વાત સાચી છે કે સ્ત્રીત્વમાં જ વિષયાનન્દ વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે છે, માટે હું સ્ત્રીત્વથી જ સંતુષ્ટ રહું છું" (અનુશાસન ૧૨ : ૫૨, ૫૩). અને તે વિષે યુધિષ્ઠિરે ભીષ્મને પૂછેલા પ્રશ્નનો ઉત્તર ભીષ્મ આમ આપે છે: "હે મહારાજા, સ્ત્રીને જ વિષયસુખ વધારે મળે છે" (૫૪).

અને કામલોલુપ પુરુષે કામવાસનાનો ટોપલો આમ સ્ત્રીને માથે ચઢાવી, પોતાની કામલોલુપતાને સંતોષવા આજ્ઞાપત્ર પ્રસિદ્ધ કર્યું કે સ્ત્રીએ તો બસ પરણવું જ જોઇએ, પરણ્યા વિના એને મોક્ષ નહિ મળે. કુણિગર્ગ ઋષિની કન્યાને કોઇ યોગ્ય પતિ ન મળ્યાથી તેણે તપશ્ચર્યા કરીને સ્વર્ગે જવાનો નિશ્ચય કર્યો. તપશ્ચર્યા કર્યાથી "જોતજોતામાં એ કન્યા છેક વૃદ્ધ થઇ ગઇ. . . . જ્યારે અશક્ત થઇ પડી ત્યારે પરલોકમાં જવાનો તેણે નિશ્ચય કર્યો." એવામાં નારદ મુનિ ત્યાં આવી ચઢ્યા, તેમણે તેને કહ્યું: "હે નિર્દોષ કન્યા, તું વિવાહ આદિ સંસ્કારથી હીન છે, કેવળ કન્યાવસ્થામાં જ છે, તેથી તને સ્વર્ગલોક કેમ મળી શકશે?" એટલે સ્વર્ગે જવાની ઇચ્છાએ તે બિચારી ઋષિકન્યાએ શૃંગવાન ઋષિ સાથે લગ્ન કર્યું. "તે દિવસની રાત્રીએ પેલી કન્યા તો તરુણી બની ગઇ, સુંદર વર્ણ વાળી બની ગઇ." અને પછી તો એ સ્વર્ગે પણ જઇ શકી (શલ્યપર્વ : ૫૨).

આવી આવી કથાઓ જોડી કાઢી, વળી સ્ત્રીને સમજાવ્યું કે પરણશો નહિ ને લગ્નના લાહવા લેશો નહિ તો ઉપરની કથામાંની કન્યા પેઠે યુવાવસ્થામાં જ વૃદ્ધ થઇ જશો; વૃદ્ધાવસ્થામાં પણ એ લાહવા લેશો તો જુવાન બની જશો. "સ્ત્રીઓને અસંભોગથી વૃદ્ધાવસ્થા આવે છે" એમ વિદુરે ધૃતરાષ્ટ્રને કહેલું (ઉદ્યોગ ૩૯ : ૭૮). વળી વાત્સાયને પોતાના કામસૂત્રમાં પણ કહી નાખ્યું કે **असंभोगो जरा स्त्रीणाम्** – સંભોગ વિના સ્ત્રી વૃદ્ધ થઇ જાય છે!

પોતાની કામલોલુપતાને સંતોષવા પુરુષે કોઇ સ્ત્રીને કુમારિકા રહેવા ન દેતાં સૌને લગ્ન કરવાની આજ્ઞા કરી. પોતે તો લગ્ન કર્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિના પણ વિષયસુખ માણે, જોઇએ તો લગ્ન કરી માણે; એક પત્ની સાથે લગ્ન કરે, અનેક પત્ની સાથે લગ્ન કરે — લગ્ને લગ્ને કુંવારારાજ બને! જુવાનીમાં લગ્ન કરે, ઘડપણમાં પણ લગ્ન કરે; અનેક પ્રકારે લગ્ન કરે. પણ એ સૌ લગ્નમાં પુરુષની જ કામલોલુપતા તરી આવશે. પુરુષ બસ માણીગર છે, માણારાજ છે! એ ભોક્તા છે, સ્ત્રી માત્ર તો ભોગ્યા જ છે! અને એટલા જ માટે જાણે હોય તેમ એ બિચારી પોષ્યા છે.

કાઉણ્ટ ટૉલ્સ્ટૉય કહે છે કે "પશુઓ તો સન્તાનોત્પાદન શક્ય હોય ત્યારે જ વિષયસેવનની છૂટ લે છે. પણ માનવી – આપણે[1] બધાં છીએ એવું અશુદ્ધ માનવી – તો સદા વિષયસેવન કર્યા કરે છે, અને એ આવશ્યક છે એવો વાદ પણ એણે તો ઊભો કર્યો છે. અને વિષયસેવનની આવશ્યકતાના આ ઊભા કરેલા વાદને જોરે સગર્ભાવસ્થા તેમ જ સ્તન્યપાનકાળ દરમિયાન પણ માતૃત્વના કાર્ય ઉપરાંત સાથે સાથે પોતાની પ્રેયસીનું પણ સત્ત્વશોષક અને પ્રકૃતિ-વિરોધી કાર્ય બજાવવાનું સ્ત્રીને સમજાવી પુરુષ એને બરબાદ કરી મૂકે છે. આ પ્રકારની માગણી કરીને સ્ત્રીની પ્રકૃતિમાં રહેલી બુદ્ધિ-સંપત્તિને આપણે જ બરબાદ કરી મૂકી છે. અને છતાં આપણે એની બુદ્ધિહીનતાની ફરિયાદ કરવા બેસીએ છીએ, અથવા તો પુસ્તકો ને વિદ્યાપીઠો દ્વારા એના વિકાસ સાધવા જઇએ છીએ! હં, ખરી વાત તો એ છે કે માનવપ્રકૃતિમાં જેટલાં જેટલાં પશુસમાન લક્ષણો છે, માનવીમાં જેટલી જેટલી પાશવ વસ્તુઓ કે ક્રિયાઓ

---

૧. ટૉલ્સ્ટૉય બિચારો ઠીકજ કબુલ કરી દે છે: એને પુત્રે ૧૯૧૩માં સુધીન્દ્ર બોઝને અમેરિકામાં કહેલું કે મારો પિતા ૬૦ વર્ષની ઉમરે પણ uxorious (ઉક્ષન્, ox, આખલો, નંદી) નંદીસ્વભાવ – કામલોલુપ હતો. સુધીન્દ્રે એ વિષે એ વર્ષના Modern Reviewના એક અંકમાં લખેલું. આપણે સૌ એમ પાપસ્વીકાર કરીએ તો સમાજમાંથી બહુ પાપ નાશ પામે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલુ છે, તે સઘળાંમાં બુદ્ધિપૂર્વક જાગ્રત પ્રયાસ કરીને માનવીએ પશુની ભૂમિકાએ પહોંચવાનું છે; પશુઓ આપોઆપ પાળી રહ્યા છે તે નિયમોનું પાલન કરવા જેવી સ્થિતિ પ્રાપ્ત કરવાની છે. જ્યારે વાસ્તવ સમજશક્તિનો ઉદય થાય છે ત્યારે આ વસ્તુ સ્વયમેવ સિદ્ધ થાય છે. એવી સમજશક્તિનો ઉદય ન થયો હોય ત્યાં સુધી તો માનવીની બુદ્ધિનો ઉપયોગ એની પાશવ સંપત્તિને વિકૃત કરવામાં કે બહેકાવવામાં જ થાય છે" ('સ્ત્રી અને પુરુષ': ૯૬).

અને આ વાત કેવળ સાચી છે. આપણે આજે આપણી બુદ્ધિનો ઉપયોગ આપણી પાશવ સંપત્તિને વિકૃત કરવામાં ને બહેકાવવામાં જ કરી રહ્યા છીએ. પ્રકૃતિમાં ઇતર પ્રાણીઓને તો વંશવર્ધનને હેતુએ શરીરલગ્નની પોતપોતાને અનુકૂળ ઋતુ હોય છે, પણ માનવપુરુષે તો એ ઋતુના અંકુશ પણ તોડી નાખ્યા છે. વંશવર્ધન માટે યોગ્ય સમયે જ શરીરલગ્ન કરવું ઇષ્ટ છે, પણ માનવપુરુષ તો કામલોલુપતામાં કશા અંકુશને ગાંઠતો નથી. સ્ત્રીની ગર્ભાવસ્થા પવિત્ર અવસ્થા છે. તે અવસ્થામાં સમાજસેવાને અર્પણ થનાર સુંદર અને ઇષ્ટ બાળકનું ગર્ભમાં પોષણ થાય છે; પ્રકૃતિના આ ઇષ્ટ હેતુને સફળ કરવાનો એ પવિત્ર સમય છે. પણ પુરુષને તો તેનું ય ભાન નથી, તે સમયે પણ તે સ્ત્રીને છોડતો નથી. તે સમયમાં શરીરલગ્નથી સ્ત્રીને અતિશય દુઃખ થાય છે, પણ 'પ્રિયા' કહીને સંબોધનાર એ નિષ્ઠુર પુરુષને એ 'પ્રિયા'ના દુઃખની યે પરવા નથી. છતાં ય આ સંબંધને આપણે 'પવિત્ર લગ્ન'નું નામ આપીએ છીએ! હા પુરુષની કામલોલુપતા!

ઇતર પ્રાણીઓ મોટે ભાગે પ્રકૃતિને અનુસરે છે; વનવાસી માનવીમાં કામવાસના વિકસી છે, પણ હજી યે તે સીમામાં છે; પણ પોતાને સંસ્કૃત માનનાર સમાજના પુરુષની વિષયલોલુપતાને તો કશી સીમા નથી, એણે તો બધાં સીમાબંધન તોડી નાખ્યાં છે, પવિત્ર લગ્નભાવનાના ભાગીને ભુક્કા કર્યા છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાની શી વાત કરીએ? જ્ઞાની ગણાતા પુરુષોની જ વાત લો ને! ટૉલ્સ્ટૉયની કામલોલુપતા વિષે તો પૃષ્ઠ ૨૨૧ ની નોંધમાં તેને પુત્રે જ કહેલી વાત જણાવી છે. જર્મન કવિ ગોએતે (Goethe) મહાજ્ઞાની ને તત્ત્વવેત્તા ગણાતો. તે વિધુર થયો ત્યાર પછી ૭૯ વર્ષની ઉમરે ૧૯ વર્ષની એક કન્યા સાથે લગ્ન કરવાનો મોહ રાખતો. એ કન્યા સાથે એ કવિ પ્રેમમાં પડ્યો હતો ને એક પ્રસંગે તો તેની ચોળીનાં બટન કાઢી તેનાં સ્તને પોતાનું માથું મૂકી ગેલ કરતો હતો, એમ રોમાં રોલાં (Romain Roland) જેવો પ્રખ્યાત લેખક પોતાના *Goethe and Beethoven* નામે પુસ્તકમાં જણાવે છે!

અને વિશ્વામિત્રે મેનકાને ફસાવી ને તેને પુત્રી જન્મતાં હાથ ઊંચા કરી ચાલતો થયો. એ પુત્રી શકુન્તલાને ફસાવીને પછી તેનો ઇનકાર કર્યો, માટે તો એ રાજા દુષ્યન્ત નહિ કહેવાયો હોય? કામલોલુપ રાજા દશરથે અનેક સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં હતાં અને છતાંયે વૃદ્ધાવસ્થામાં કૈકેયીને પરણ્યો. પોતાની કામવાસનાને પરિણામે કામાતુર વૃદ્ધ રાજાએ એ જુવાન સ્ત્રીને વશ થઇને અંતે રામચંદ્ર જેવા આર્યપુત્રને દેશવટો પણ દીધો. અને આપણાં પુરાણોએ એકે એક ઋષિમુનિને એવા તો ભ્રષ્ટચારિત્ર ચીતર્યા છે કે તે વાંચતાં હૃદય ઉપર ભ્રષ્ટ જ છાપ પડે. અને એ પુરાણોની કથાઓ આપણે મંદિરોમાં સાંભળવાની! આપણા ગુરુ ગુસાંઇજી મહારાજોએ ઊભી કરેલી વ્યભિચારી અને ભ્રષ્ટ કૃષ્ણ-ભક્તિએ તો લગ્નની પવિત્રતાની મર્યાદાનાં સૌ બંધન તોડી નાખ્યાં છે. નદીસંયમના બને તટ તોડીને જળજળ બંબાકાર કરી મૂક્યું છે! 'નારી નરકનું દ્વાર' બોલતા જાય છે અને પરનારીનું–પુત્રી સમી શિષ્યાઓનું–સેવન કરી તેમને નરકનાં દ્વાર દેખાડતા જાય છે; હા ધર્મગુરુઓ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને હિંદુ શાસ્ત્ર તો પત્ની ઉપર બળાત્કાર કરવાનો પણ પતિને અધિકાર આપે છે: "જો પત્ની કામનાના પૂરે તો પતિએ તેને વશ કરવી. છતાંય જો તે એવી કામના ના પૂરે તો લાકડીએ કે હાથ વડે જરા ઠઠારી તેનું અતિક્રમણ કરવું" (બૃહદારણ્યક ઉપનિષદ્ ૬, ૪ : ૭).

પોતાની કામલોલુપતાને સંતોષવા માટે પુરુષોને નવી નવી—નાની નાની—સ્ત્રીઓ પરણવાના કોડ બહુ થઇ આવે છે, અને એવાં લગ્નમાં સ્ત્રી ઉપરના અત્યાચારનો પાર નથી હોતો; એથી સ્ત્રી ભાગી જાય છે. સુવાવડમાં મરણ થાય છે તેમાં પણ બીજવરની સ્ત્રીઓની સંખ્યા વધારે હોય છે. પુરુષના અત્યાચારનો એવો એક પ્રસંગ યાદ આવે છે. સને ૧૮૯૧માં પ્રૌઢ ઉમરનો એક બંગાળી પુરુષ કોઇ લગ્નપ્રસંગે પોતાને સાસરે ગએલો. તેની પત્ની ફૂલમણિ છેક નાની હતી. અનેક પ્રસંગે તેમ જ લગ્નપ્રસંગે પણ મનુ મહારાજના વિધાન પ્રમાણે સ્ત્રીઓને વસ્ત્રાલંકારથી શણગારીને તેમને સંતોષ આપવામાં આવે છે. બાળા ફૂલમણિને પણ ખૂબ શણગારેલી. તેના કામલોલુપ પતિએ તેને જોઇ. તે કામાન્ધ બની ગયો. અને રાત્રે લાગ સાધીને એ નિર્લજ્જ પતિપશુએ એ બાળાનો બળાત્કારે નાશ કર્યો. તેના દુઃખની એ નિષ્ઠુરને પરવા ન હતી, એને તો પોતાની વિષયલોલુપતાની જ પરવા હતી. પરિણામે એ બાળા બીજે દિવસે સવારે મરણ પામી. હા પુરુષની વિષયલોલુપતા અને તેને જ પરિણામે નિર્દયતા! એ પ્રસંગે કવિ નરસિંહરાવે બળતે હૃદયે ગાયું કે:

"અધીરા એ ભૃંગે, કુસુમકળિ મર્દી બળ કરી,
ન જાણ્યું જે થાશે, પરિમૃદિત સાજી નવ ફરી;
દીઠું જે મોહાન્ધે, અનુભવ્યું ન તે સૌરભ વળી,
અને સોંપી મૃત્યુ-શરણ પશુનાથે ફુલમણિ."

અને એમના ભાઇ કૃષ્ણરાવે તો એ પ્રસંગ ઉપર 'મુકુલમર્દન' નામે આખી નવલકથા લખી. એ જ પ્રસંગને પરિણામે સરકારને 'સમ્મતિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મનો કાયદો કરવો પડ્યો ને એમ કરીને બાળાઓને પતિઓના અત્યાચારથી કંઇક રક્ષણ આપવું પડ્યું. પુરુષને પોતાને જ ભાન હોય, પોતાની વિષયલોલુપતા ઉપર પોતે જ સમજીને અંકુશ મૂકતો હોય, તો પોતાની જ પત્નીના સંબંધથી તેને દૂર રાખવા માટે સરકારને આવા કાયદા કરવા પડે? પણ એને તો સમજવું નથી અને સરકાર જ્યારે એવા કાયદા કરે છે ત્યારે 'અમારા હિંદુ ધર્મનો નાશ થાય છે' એવી કિકિયારીઓ પાડી કોલાહલ કરી મૂકવો છે!

અને પુરુષની લંપટતાનો તે કંઇ પાર છે? છોકરા કે પશુ સાથે પ્રકૃતિક્રમ વિરુદ્ધના પણ અપરાધ અનેક પુરુષ કરે છે! વિષય-સેવનની એની શક્તિઓ ક્ષીણ થાય છે, છતાં યે એને વિષયતૃપ્તિ થતી નથી. એ શક્તિને ઉત્તેજિત કરવા વાજીકરણ વિદ્યા શીખે છે, ઔષધો ખાય છે. કોઇ પણ વર્તમાનપત્ર જોશો તો તેમાં કામોદ્દીપક ગુટિકાઓની અને એવી ઔષધિઓની એટલી બધી જાહેરખબરો વાંચશો કે જાણે પુરુષવર્ગ તો હવે પંઢ થવા બેઠો છે!

આમ પુરુષે પોતાની કામલોલુપતાથી નારીજનનો નાશ કરી મૂક્યો છે. અને છતાં ય પોતાના આવા લગ્નપ્રપંચને સ્નેહલગ્નને નામે પૂજે છે. પૂજાવે છે અને તેમાં રાચે છે. ત્યારે લગ્નવિધિમાં મીંઢળ બંધાય છે તે સદનફલ જ છે ને! એ સ્નેહલગ્નને નામે પૂજાતા એ લગ્નપ્રપંચને પરિણામે સ્ત્રી થાકી જાય છે. ભાગી જાય છે, તેનો અવતાર રોળાઇ જાય છે, રોગનો ભોગ થઇ પડે છે. બર્નાર્ડ શૉ કહે છે કે "અનેક સ્ત્રીને વ્યભિચારથી ગુપ્ત રોગ થાય છે તેના કરતાં યે પોતાના પતિના સમાગમથી વધારે થાય છે." પછી સ્ત્રીને પુરુષ પ્રત્યે તિરસ્કાર છૂટે છે. પણ તે બિચારી પુરુષાધીન હોવાથી તેને એ તિરસ્કાર ઢાંકી રાખવો પડે છે, ને પુરુષની વિષય-લોલુપતાને તાબે થવું પડે છે. ઘણી વખત તે છણકાય છે ને બન્ને જણ ચડભડી ઊઠે છે, પણ પુરુષની કામવાસના મનામણાં કરાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરવહૂની સાંજની લઢવાડ રાત વીત્યે પતી જાય ! વળી પાછી વિષય-તૃપ્તિ થતાં પાછો ચડભડાટ ! બિચારી સ્ત્રીને બહુ ત્રાસ થાય છે, પણ ઘરકામમાં અને બાળજતનમાં એ ત્રાસ ભૂલે છે. પુરુષ તેને વસ્ત્રાલંકારથી એ ત્રાસ ભુલાવવા પ્રયત્ન કરે છે. પુરુષ એ કલહને ઘડીભર સંસારકાર્યમાં ને કોઇ વાર મિત્રો સાથેની રમતગમતમાં ભૂલે છે. કોઇ કોઇ વાર નાટકચેટકમાં કે દારૂ વગેરેના નશામાં પણ ભૂલવા પ્રયત્નો કરે છે. આમ બન્ને જણ આત્મવિસ્મરણ કરે છે, પોતાને! સંતાપ ઢાંકે છે. પણ સાચો ઉપાય લેવાનું, બ્રહ્મચર્ય પાળવાનું પુરુષને સૂઝતું નથી !

પતિની કામવાસના તૃપ્ત કરવાને સ્ત્રી છેક જ અસમર્થ થઇ જાય, છતાં યે પતિપશુ તેને હેરાન કરે, તો પરસ્પર ખૂબ જ તિરસ્કાર છૂટે છે. રોજ રોજ કજિયા થાય છે. જ્યાં કામવાસના સિવાય બીજું કશું સમાન તત્ત્વ એ બે વચ્ચે ન હોય ત્યાં બીજું શું પરિણામ આવે ? કોઇ કોઇ વેળા તો બેમાંથી એકનું ખૂન કે આત્મહત્યા પણ થાય ; અને તેવા પ્રસંગોએ આપણા હિંદુ સંસારમાં તો ઘણે ભાગે 'માડીને કહેજો જે દીકરી કૂવે પડી,' 'માડીને કહેજો જે દીકરી બળી મરી,' કે 'અજવાળી રાતે રે વખડાં ઘોળિયાં,' એવું જ સાંભળવાનું હોય ! કોઇ કોઇ વિરલ પ્રસંગે તો પતિના પાશ્વાચારથી થાકીને લોથ થઇ ગએલી પત્ની નિરુપાય બની જાય છે, ત્યારે બીજી કોઇને લોભાવી લલચાવી પોતાના પતિને આણી આપ્યાનાં ને એમ કરી તેના પશ્વાચારમાંથી મુક્ત થઇ ગયાનાં ઉદાહરણ પણ જાણ્યાં છે. અને છતાં યે આ લગ્નપ્રપંચને પુરુષ પ્રેમલગ્નને નામે પૂજાવે છે !

એટલેથી જ કંઇ વળે છે ? नवं नवं प्रीतिकरं नराणाम् — નરને તો રોજ રોજ નવી નવી નારી જોઇએ. એટલે લગ્નની સ્ત્રીને છોડીને બહાર રખડવાનો પણ અધિકાર એણે તો લીધો છે. ઘેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને સીતા જોઇએ છે, બહાર પોતે રાવણ થવું છે! અને આવા વ્યભિચારમાં એણે ઘણી યે નિર્દોષ બાળાઓના અને વિધવાઓના ભવ રોળી નાખ્યા છે. વેશ્યાસંસ્થા એ પુરુષે પોતાની કામલોલુપતા તૃપ્ત કરવાને જ ખોલેલું કારખાનું છે. એ સંસ્થાને નાબુદ કરવાના કે નિયમિત કરવાના તમામ પ્રયત્નો આવા કામલોલુપ પુરુષો રદ કરવાના છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૨૭

द्वारं किमेकं नरकस्य नारी?

પુરુષ શંકરાચાર્યે પ્રશ્ન પૂછ્યો કે द्वारं किमेकं नरकस्य?—નરકનું દ્વાર કયું? અને વૈરાગ્યભાવે[1] તુરત એમણે પોતે જ ઉત્તર આપી દીધો કે નારી। હું એ સમસ્ત વાક્યને એકઠું મૂકી પ્રશ્ન પૂછું છું કે द्वारं किमेकं नरकस्य नारी? નરકનું દ્વાર શું નારી છે? અને વસ્તુસ્થિતિ વિચારીને દૃઢભાવે ઉત્તર આપું છું કે "ના જ ના!"

વિશ્વસમસ્તને બ્રહ્મ માનનાર સંન્યાસી શંકરાચાર્ય નારીને નરકનું દ્વાર ઠરાવીને માતૃજાતિનું આવું હડહડતું અપમાન કરે એ તો છેક જ અસહ્ય છે. સ્ત્રીના હાથમાં પુરુષસમાજને હાંકવાની સત્તા ન હોવાથી જ એ પુરુષને નરકનું દ્વાર નથી ઠરાવી શકી, બાકી સાચી વાત તો એ છે કે પુરુષે જ સ્ત્રી ઉપર લગ્નપ્રપંચ રચીને પૃથ્વી ઉપર નરક ઉતાર્યું છે. કેવી રીતે તે કહું.

---

૧ આમ વૈરાગ્યદૃષ્ટિથી સ્ત્રીની અવગણના કરનાર માટે વરાહમિહીરે પોતાની 'બૃહત્સંહિતા'માં ઠીક જ લખ્યું છે કે

ये ह्यंगनानां प्रवदन्ति दोषान्
वैराग्यमार्गेण गुणान् विहाय।
ते दुर्जनाः मे मनसो वितर्कः
सद्भाववाक्यानि न च तानि तेषाम्॥

"સ્ત્રીના ગુણ છોડી દેઈને જેઓ વૈરાગ્યદૃષ્ટિએ તેના દોષ જ ગાયા કરે છે તેઓ મારા મનથી તો દુર્જન જ છે, એમનાં એ વાક્યો સદ્ભાવવૃત્તિનાં નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેશક એટલું કહી લેઉં કે પુરુષના લગ્નપ્રપંચમાં સ્ત્રીનો કંઇક હિસ્સો છે. પણ ગુલામી ટકાવીને કાયમ રાખવાના શેઠના પ્રપંચમાં ગુલામનો જેટલો ને જેવો હિસ્સો છે, તેટલો જ ને તેવો જ હિસ્સો આ અધર્મમાં સ્ત્રીનો છે. અમેરિકામાં ગુલામોને મુક્ત કરવાનો વિગ્રહ જાગ્યો, ત્યારે ગુલામીને કાયમ રાખવા માટે યુદ્ધે ચઢનાર અંગ્રેજોને તેમનાં ખેતર સાચવવાની જોગવાઇ તેમના ગુલામોએ જ કરી આપી હતી. નારીજીવનનો નાશ કરનાર પુરુષને લગ્નપ્રપંચની જોગવાઇ તેવી રીતે નારી જ કરી આપે છે! મદારી નચવે એમ એની વાનરી રતનબાઇ નાચે છે; પુરુષની કામવાસના સંતોષાય તેવી રીતે સ્ત્રી મદનસુંદરી, અનંગપૂતળી બનીને તેની સામે નાચે છે. પુરુષને પ્રસન્ન કરવા ગુલામ નારીને સુંદર દેખાવાનો નશો લાગ્યો છે. ગુલામગીરીનો ને ધર્મનો. તેમ જ આ નશો અતિભયંકર છે; દારૂના નશા કરતાં યે વધારે ભયંકર છે. કારણકે દારૂના નશાની હાનિ પ્રત્યક્ષ હોવાથી તુરત સમજાય છે. લગ્નપ્રપંચના આ નશાની હાનિ પરોક્ષ હોવાથી તુરત સમજાતી નથી, ને તેથી તેમાંથી જલદી છુટાતું નથી.

પરાધીન સ્ત્રી આત્મરક્ષણને હેતુએ, ઘરમાં પોતાનું સ્થાન ટકાવી રાખવાને હેતુએ પુરુષને સંતોષ આપવાનો પ્રયત્ન કરે છે, ત્યારે 'ચોર ઊલટો કોટવાળને દંડે' એમ[1] પુરુષ કહે છે કે સ્ત્રી આકર્ષક છે માટે

---

[1] जाया वास्याजनित्री वा संभवः स्त्रीकृतो नृणाम् ।
हे कृतघ्नास्तयोर्निन्दां कुर्वतां वः कुतः सुखम् ॥
अहो धार्ष्ट्यमसाधुनां निन्दातामनघाः स्त्रियः ।
मुष्णतामिव चौराणां तिष्ठ तिष्ठेति भाषताम् ॥ वराहमिहीर ॥

સ્ત્રી પત્ની હોય કે માતા હોય, પણ પુરુષની ઉત્પત્તિ સ્ત્રીમાંથી છે. હે કૃતઘ્નો, એ પત્નીની તથા માતાની નિંદા કરનારા તમને સુખ ક્યાંથી હોય? જાતે ચોરી કરતા અને વળી 'ઊભો રહે, ઊભો રહે,' એમ બૂમો પાડતા ચોરો પેઠે, નિષ્પાપ સ્ત્રીઓને નિંદનાર દુષ્ટ પુરુષોની ધૃષ્ટતા વિષે શું કહેવું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષ ફસાય છે! સ્ત્રીને એમ કહીને નરકનું દ્વાર મનાવે છે! લગ્નપ્રપંચ ઉપર વળી પોતાને અશરાફ મનાવવાનો પુરુષનો આ બીજો પ્રપંચ! એમ જોવા જઇએ તો પુરુષ શું સ્ત્રીને આકર્ષક નથી ને એ રીતે ત્યારે નારીને મન પુરુષ એ નરકનું દ્વાર તો શું, સાક્ષાત્ નરક (नर + क)જ નથી ?

પુરુષને પોતાને આકર્ષક સ્ત્રી જોઇએ છે, માટે તો એ બિચારી આકર્ષક બનીને પૂતળી પેઠે એની સામે નાચે છે. બાકી ગાંધીજી જેવા સિદ્ધ થએલા પુરુષોને સ્ત્રી કામાકર્ષણ કરી શકે? એમણે જેટલો સંયમ કેળવ્યો છે તેટલો આપણે કેળવ્યો નથી, માટે જ સ્ત્રી આપણને આકર્ષક લાગે છે. આપણી દૃષ્ટિ વિકારી હોવાથી આકર્ષાઇએ છીએ, તેમાં સ્ત્રીના કરતાં આપણો દોષ વધારે છે. પુરુષે તો એમ પણ લખ્યું છે કે प्राप्ते तु षोडशे वर्षे गर्दभ्यप्यप्सरा भवेत्!

એક જૈન કથા આમ કહે છે: "કૌશામ્બી નગરીમાં લીલાવતીનો પતિ કોઇ વેશ્યાને ત્યાં પડી રહેતો. પતિનો પિતા રાજા પાસે એ વાતની ફરિયાદ કરવા ને વેશ્યાને સજા કરાવવા ગયો. રાજાએ પૂરી હકીકત સાંભળી શેઠને કહ્યું:

'પરનું ખેતર (૨) ઢોર આપણાં ખાયે,
ક્ષેત્રપતિને શેઠજી, કહો શી રીતે શિક્ષા થાયે?'

શેઠ નિરાશ થઇને ઘેર આવ્યા અને લીલાવતીને એ વાત કહી. લીલાવતી નિરાશ થાય એમાંની અબળા નહોતી. એ તો જાણતી હતી કે કામી પુરુષ સ્ત્રીના રૂપથી આકર્ષાય છે. તેણે મહિયારીનો વેશ લીધો ને 'મીઠડાં મહી વેચું, મહી વેચું,' એમ સુંદર સ્વરે લલકારતી, વેશ્યાના ઘર આગળ થઇને ચાલી. એનો પતિ એનો આકર્ષક સ્વર સાંભળી બારીએ આવ્યો, સુંદર મહિયારીને જોઇ એના રૂપથી મોહ પામ્યો, વેશ્યાને છોડી મહિયારીની પાછળ પાછળ ચાલ્યો. મહિયારી ચેતી, ત્યાંથી સીધી પોતાને ઘેર પહોંચી. તેનો પતિ તેની પાછળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ ઘેર પહોંચ્યો ને ત્યારે જ એને ભાન થયું કે આ તો મારી સ્ત્રી છે. આવી સુંદર ને મોહક સ્ત્રીને છોડીને પોતે વેશ્યાને ઘેર પડી રહેતો એનું ત્યારે એને ભાન થયું ને એ રીતે એ પસ્તાયો, કારણકે એને તો રૂપસૌન્દર્ય જ જોઇતું હતું." ત્યારે આ કથામાંની વેશ્યાનો દોષ હતો ને એ શિક્ષાપાત્ર હતી? લીલાવતીનો આકર્ષક થવાનો દોષ હતો? એને તો કોઇ પણ ઉપાયે પતિને ઘેર લાવવો હતો. ત્યારે રૂપસુંદર અને આકર્ષક થયા વિના એને આરો હતો? રૂપસૌન્દર્યથી આકર્ષાતા એના પતિનો—એની કામાતુર દૃષ્ટિનો દોષ નહિ તો બીજા કોનો દોષ? અને પછી નારીને નરકનું દ્વાર માનવું એ તે કોના ઘરની વાત!

સ્વાદિષ્ટ ભોજન ખાવાનું મન થાય છે, માટે તો ભોજનને સ્વાદિષ્ટ બનાવીએ છીએ; ખૂબ ખાઇએ છીએ અને પછી કહીએ છીએ કે ભોજન સ્વાદિષ્ટ હતું. માટે રસના—જીભ—આકર્ષાઇ ને ખૂબ ખાઇ જવાયું ને માંદા પડાયું! આમ સ્વાદિષ્ટ ભોજનનો દોષ કાઢીએ છીએ, આપણી રસલોલુપતાનો દોષ નથી કાઢતા.

અને એમ તો જગતમાં અનેકને આકર્ષક અનેક પદાર્થો છે. શિથિલ મનનો માનવી તેને વળગે અને દુઃખી થાય, તેમાં તેનો પોતાનો દોષ કે તે પદાર્થોનો? દારૂ અનેકને આકર્ષક છે, તે પીએ છે ને દુઃખી થાય છે, તેમાં દોષ પીનારનો કે દારૂનો? તમારા ઘરની અમુક વસ્તુ મને આકર્ષક લાગે છે, તેની હું ચોરી કરું તો સજા મને થાય કે તે આકર્ષક વસ્તુને?

અને વળી પુરુષ સ્ત્રીને કૃત્રિમ સામગ્રીથી વધારે મોહક ને આકર્ષક બનાવે છે. બર્ક કહે છે કે "સ્ત્રી સૌના આકર્ષણ માટે નથી, પણ એકના સુખના માટે છે." આ વાત આપણે ભૂલ્યા છીએ. કામલોલુપતા પરિતૃપ્ત કરવા માટે, સ્ત્રીને આકર્ષક બનાવવા માટે સંસારમંદિરમાં પ્રવેશતી નાની બાળાઓની શી દશા કરવામાં આવે છે? તેમને પુરુષની વિષયસામગ્રી રૂપે, ભોગ્યા સ્વરૂપે તૈયાર કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. શુભેચ્છક માતાપિતા પોતાના પેટની કન્યાને પુરુષની કામવેદી ઉપર હોમવાને માટે બકરાની પેઠે શણગારે છે, વસ્ત્રાલંકારથી દેખાવડી કરીને ફેરવે છે, ખવરાવી પીવરાવી તાજી રાખે છે. કન્યાકેળવણીને નામે શાળાઓમાં ગાનવાદન વગેરે કામકલાઓમાં નિપુણ કરી તેને પુરુષની વિલાસસામગ્રી રૂપે તૈયાર કરે છે. અને એનું જ નામ accomplishments–ઓપ ! શાળાઓમાં બાળકોને જ બ્રહ્મચર્યનું શિક્ષણ ન અપાય એટલે બાળાઓને અપાય એ તો પુરુષના હિત વિરુદ્ધ જાય; પછી તો તે તેની આકર્ષક ભોગ્યા ન બને ! શાળામાં ઓપાઇને તૈયાર થએલી બાળાને પછી માબાપ લગ્નના ચૌટામાં બેસાડે. તેને યોગ્ય મનાતો કોઇ ઘરાક જાગે તો તે ઘરાકને પોતાની પેટની પુત્રીનું વેશ્યાખત લખી આપે; પુત્રીને ગળે ગુલામગીરીની સાંકળ બાંધે ને એ સાંકળ પેલા ઘરાકના હાથમાં સોંપે. કોઇ તેવો ઘરાક ના જાગે તો ગમે ત્યાં ગરદન મારે કે ઘેર ગરદન ઉપર છરી મૂકે ! માંસાહારીઓ પશુને ખવરાવી પીવરાવી તાજું કરે ને પછી એને કાપી ખાય તેમ પુરુષ પણ સ્ત્રીને શણગારે છે ને પછી, શિકારી જેમ શિકારનો તેમ, પુરુષ સ્ત્રીના જીવનનો નાશ કરે છે.

કામકલામાં કન્યા જેમ વધારે પ્રવીણ, કુશળ, નિપુણ તેમ તે વધારે આકર્ષક ને તેથી તેના ઘરાક વધારે જાગે. પુરુષની કામવાસના પરિતૃપ્ત કરવા માટે યુરોપ અમેરિકાની કન્યાઓ આકર્ષક બનવાને આજે ખૂબ પ્રયત્ન કરી રહી છે. મુખ ઉપર સ્વાભાવિક લાલીથી સંતોષ ના પામતાં યુનિવર્સિટીમાં ભણતી કન્યાઓ મુખ ઉપર બનાવટી રંગો ચઢાવે છે. આપણે અહીં જેમ ઘણાં સ્ત્રીપુરુષ પોતાની પાસે છીંકણીની ડબીઓ રાખે છે, તેમ ત્યાં રંગની (Powderની) ડબીઓ લગભગ બધી કન્યાઓ રાખે છે. મુખ ઉપર રંગ ચઢાવવાની ક્રિયા ઘરને ખૂણે નહિ, પણ સર્વ સ્થળે –

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળાના વર્ગમાં, રસ્તામાં, આગગાડીમાં, સર્વત્ર–કરે છે. વળી આકર્ષક થવાને શરીરનાં અંગ પણ ખુલ્લાં રાખે છે. અને આપણે અહીં એનું અનુકરણ હવે થવા નથી માંડ્યું?

પુરુષની કામવાસનાની સામગ્રી રૂપે સ્ત્રીને તૈયાર કરવાનો રસ સુધરેલી જ પ્રજાઓમાં નથી, કેટલીક પ્રાકૃત વનવાસી પ્રજાઓમાં પણ છે. પોલીનેસિયામાં કન્યાઓને કામકલાની દૃષ્ટિએ રમતો રમતાં શિખવાય છે, અમુક પ્રકારના આહારવિહારથી તેમને રાતીમાતી બનાવવામાં આવે છે; અને છેક નાનપણથી તેમની માતાઓ તેમને અશ્લીલ ગીત ગાતાં ને અશ્લીલ નૃત્ય નાચતાં શીખવે છે.

અરે, એટલું જ નહિ પણ અનેક દેશમાં પુરુષની કામવાસનાનો ભોગ બનાવવા નાના છોકરાને પણ તૈયાર કરવામાં આવે છે. ઉત્તર અમેરિકાની ઇનોઇટ (Inoit) જાતિમાં રૂપાળા છોકરાને છોકરીનાં વસ્ત્રાભૂષણ પહેરાવી તેમને છોકરીના જેવા હાવભાવ શીખવે છે અને પંદરેક વર્ષની ઉમરે ભારે કિંમતે વેચે છે.

આમ પોતાની કામવાસના સંતોષવા પુરુષ કૃત્રિમ પ્રયત્નો કરતો કે કરવા સ્ત્રીને ઉત્તેજતો જાય; તેને કન્યા (कन् = આકર્ષવું, તે ઉપરથી कनक સોનું વગેરે), કાન્તા, કામા, કામિની, મદિરાક્ષી, રમણી, લલના, शयनेषु रंभा, વગેરે કામોદ્દીપક નામો આપતો જાય ને બીજી બાજુથી તેને ગાળ ભાંડતો જાય કે સ્ત્રી આકર્ષક હોવાથી પુરુષ આકર્ષાય છે ને ફસાય છે, માટે એ તો નરકનું દ્વાર છે. આગગાડીનાં જાજરૂને બીભત્સ લખાણથી નરકનું દ્વાર કોણ બનાવે છે, કહેશો કોઇ?

આમ પુરુષ પોતાની કામલોલુપતાની ભ્રષ્ટ ભાવનાએ સ્ત્રીને સુંદરી બનાવે છે; તેને કામિની મોહિની રૂપે જુએ છે, વસ્ત્રાલંકારથી તેને કાચની પૂતળીને પેઠે શણગારે છે–ઠઠારે છે; મોહમયી ભોગ્યા બનાવે છે. કામવાસનાનો ગુલામ પુરુષ કામલોલુપતાની તૃપ્તિને અર્થે સ્ત્રીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્ગુણ વેઠવા તૈયાર છે, તેનો મિજાજ સહન કરવા તૈયાર છે, માત્ર તેના દેહની વિરૂપતા સહન કરવા તૈયાર નથી. પોતે દારૂબાજીનો વ્યસની હોય; એ વ્યસનથી સ્ત્રી વિરૂપ થઇ જાય, માટે તેનાં એ વ્યસન વેઠવા તૈયાર નથી. એને તો કામકલાવતી જોઇએ છે. અને તેથી કામરૂપ સિવાયના સ્ત્રીના બધા દુર્ગુણ સહન કરવા તૈયાર છે એના રૂપને કામોત્તેજક બનાવવા પુરુષ એને અનેકરૂપ કામકલાથી શણગારે છે; કલાને નામે પુજાતી આ ભ્રષ્ટતાના નશાથી કેટલાય પુરુષ ખુવાર થઇ જાય છે, પણ પાછું વાળી જોતા નથી. 'નારી નરકનું દ્વાર' છે, એમ સ્ત્રીને ગાળ ભાંડી માત્ર આશ્વાસન લે છે.

અને સ્ત્રી તો બિચારી પુરુષના કાંડાબળની ગુલામડી, करणेषु दासी ! ગુલામ શેઠને આ કે તે પ્રકારે – तया यया विधिना – પ્રસન્ન કરવાના પ્રયત્ન કરે જ ને? પુરુષ પોતાને છોડી બીજા કોઇના મોહ-પાશમાં ન જતો રહે, એટલા જ માટે તેની કામલોલુપતા તૃપ્ત કરવા તે અનેક પ્રકારનાં કામણ કરે છે, મોહનમાળા ગૂંથે છે. એમ કરીને એ બિચારી અબળા પોતાના પતિને પોતાનો કરી રાખવા તેને એ મોહનમાળાએ બાંધવા પ્રયત્ન કરે છે. એમ કર્યા વિના એને બીજો આરો નથી જડતો. પતિ એને જોઇને રાચે છે. અને તેનું પરિણામ આજે શું આવ્યું છે? વસ્ત્રાલંકારથી ને બીજી કામકલાથી સ્ત્રી પોતાના દેહને એવા રીતે શણગારે છે કે ગૃહનારીના ને વેશ્યાના સ્વરૂપમાં કશો ફેર નથી રહ્યો. એને જોઇને, એ માતા કે ભગિની છે એવું ભાન જોનારને ભાગ્યે જ થાય.

પુરુષ પોતાની કામલોલુપતાર્થી ને તેને નામે પોતે પ્રકટ કરેલા કામકલાની મદિરાથી સ્ત્રીજાતિનો, પોતાનો ને જગતનો કેટલો વિનિપાત કરી રહ્યો છે, તેનું એને ભાન નથી. એની કામાન્ધતા આગળ એને ભાન આવવાનું પણ નથી. પણ બેનો, આ વાત સમજવી તમારે કઠણ નથી. તમે સમજો તો પુરુષના મોહપાશમાંથી છૂટી શકો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષની કામવાસના ઉપર અંકુશ મૂકી શકો, તેની સામે બંડ કરીને પણ એમ કરી શકો. ગાંધીજીએ એક વાર કૉલેજોમાં સ્ત્રીઓને આમ કહેલું: "તમને એક સવાલ પૂછું? સ્ત્રી પુરુષના કરતાં વધારે શણગાર કેમ પહેરતી હશે? શું તેનામાં વધારે અભિમાન છે? શું તેનામાં સૌન્દર્યનું વધારે ભાન છે? ના; મને તો કેટલીક બેનોએ કહ્યું છે કે એ પુરુષને ખુશ કરવા માટે જ આટલા ઢોંગ કરે છે. ત્યારે મારે તમને કહેવું જોઇએ કે જો તમારે લોકસેવાનું કંઇ કાર્ય કરવું હોય, તો તમારે ખુશ કરવાનો ધંધો છોડવો જોઇએ. જો હું સ્ત્રી હોત તો જરૂર સ્ત્રીને પોતાનું રમકડું માનનારા પુરુષની સામે બંડ કરત."

ખરે જ, બંડ નહિ કરો અને તમે પોતાને પુરુષની વિલાસસામગ્રી માન્યે જશો, તો ચુસાયે જશો, ચગદાયે જશો, તમારું જીવતર રોળાયે જશે. તમારી જુવાની વીત્યે તમારા ઉપરનો એનો આદર ટળી જશે, તમારા ઉપર સ્નેહને નામે જે મોહ તે રાખતો હતો તે ગળી જશે, એના હૃદયની ઉષ્મા શીતલ પડી જશે. પછી તો બાપીકાં ઘરખેતર છોડવાં ગમતાં નથી, એમ આભિમાનિકી મમતાને કારણે એ તમને વળગી રહેશે અને તમારે પણ પડ્યાં પાનાં નિભાવી લેવાં પડશે. તમારે એવું કહેવાના દિવસ આવશે કે

पुराऽभूदस्माकं नियतमविभिन्ना तनुरियं
ततोऽनु त्वं प्रेयानहमपि हताशा प्रियतमा।
इदानीं नाथस्त्वं वयमपि कलत्रं किमपरं
हतानां प्राणानां कुलिशकठिनानां फलमिदम् ॥ ८० ॥ अमरु॥

"જ્યારે આપણે જુવાન હતાં તે કાળે તો આપણાં બેનાં શરીર મળીને આ એક શરીર હતું. પછી દિવસો જતે તમે મારા પ્રિય બન્યા, હું બિચારી માત્ર તમારી પ્રિયતમા જ થઇ રહી. અને જુવાની જતે આજે તમે મારા નાથ બની ગયા છો અને હું તો વળી માત્ર તમારી ભાર્યા જ બની રહી છું. વજ્ર જેવા કઠણ થઇને આ હતપ્રાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેહને છોડતા નથી, તેનું આ ફળ ભોગવવાનું જેટલું બાકી છે તેટલું ભોગવ્યા કરીશું, બીજું શું ત્યારે હવે?"

માટે બેનો, પુરુષનાં હૃદય સમજી લેજો. રસ્તે જતાં જુવાન સ્ત્રીના હાથમાંનો રૂમાલ પડી જશે, સાથે ચાલતો યુવક ઝુકીને એ રૂમાલ ઉપાડી લેઇ એ સ્ત્રીના હાથમાં આપશે; વરસાદમાં કે તાપમાં એ સ્ત્રીના ઉપર છત્રી ધરશે. પણ એથી એ યુવક નારીપ્રતિષ્ઠાની કે નારીસ્વાતંત્ર્યની પૂજા કરે છે એમ માની રખે ભોળવાતાં, એ તો કામદેવની પૂજા કરવા નીકળ્યો છે. રસ્તે જતી વૃદ્ધ ખેડૂત સ્ત્રીને માથે ઘાસનો ભારો જે ચઢાવે, એ નારીપ્રતિષ્ઠાની કંઇક સાચી પૂજા કરે છે એમ માનજો.

ત્યારે બેનો, પુરુષની કામલોલુપતાની વેદી ઉપર ગરીબ બિચારા બકરાની પેઠે મૂગાં મૂગાં ના વધેરાતાં, બંડ કરીને પણ તમારે ગળે એણે બાંધેલા બંધ તોડી નાખજો, એના લગ્નપ્રપંચના બંધ તોડી નાખજો; તો જ તમારો, એનો ને સમગ્ર સમાજનો ઉદ્ધાર છે. એ વિના બીજો ઉપાય નથી, ના નથી જ.

અને પુરુષને તો કહેવું જ શું? ટોલ્સ્ટોય સાચું જ કહે છે કે માનવપુરુષ પશુથી યે નપાવટ છે. આપણે સાચા માનવી બનવું હોય તો પ્રથમ તો આપણે "પશુની ભૂમિકાએ પહોંચવાનું છે." એટલે કે સ્વાભાવિક ધર્મ પાળતાં શીખવાનું છે અને પછી સંયમ-ધર્મ પાળતે પાળતે માનવી થવાનું છે. ત્યારે જ સ્ત્રીની સાચી ભાવના સમજી શકીશું ને તેને આપણી કામલોલુપતામાંથી મુક્ત કરી શકીશું. ત્યારે જ માનવસમાજનો ઉદ્ધાર છે. સંયમજીવન એ જ માનવસંસ્કૃતિનું પ્રથમ લક્ષણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૨૮

વિધવા

"હિંદુ વિધવાને ઘડીને વિધાતાએ હાથ ધોઇ નાખ્યા છે," એમ ગાંધીજી કહે છે. હિંદુ વિધવા જેવી અતિપવિત્ર મૂર્તિ ઘડ્યા પછી વિધાતાને એથી વધારે પવિત્ર બીજું કંઇ ઘડવાનું ન જડ્યું, એટલે એણે હાથ ધોઇ નાખ્યા, એમ પણ એમના કહેવાનો આશય હોય. પણ સાચી વાત તો એ છે કે હિંદુ વિધવા જેવી નિરાધાર ને કરુણ નારીમૂર્તિ ઘડ્યા પછી વિધાતાએ હાથ ધોઇ નાખ્યા છે, ત્યાર પછી તો એની શી દુર્દશા થઇ છે તે જોવાની પણ એણે પરવા નથી કરી.

હિંદુ વિધવા ખરે જ અનાથ નિરાધાર પ્રાણી છે. અને 'વિધવા' શબ્દનો અર્થ પણ 'અનાથ' જ છે. વિ (વિના) + ધવ (પતિ, નાથ) = પતિ વિનાની સ્ત્રી તે વિધવા. ધવ શબ્દનો ધાતુ ધુ (ધુણવું) ગતિવાચક છે. ગતિ સાથે જ પ્રકાશ હોય છે, અને તેથી ધવનો અર્થ પ્રકાશમાન પણ થાય છે. એ ઉપરથી ધવલ (ધોળું), ધોળવું, ધોવું, વગેરે પ્રકાશજનક શબ્દો નીકળ્યા છે. આમ ધવ (પતિ) તે પ્રકાશમાન છે, સૂર્ય સમાન છે; સ્ત્રી તે પ્રકાશ ઝીલનાર છે, પૃથ્વી સમાન છે. ધવ શબ્દની ઉત્પત્તિને સમયે પણ ત્યારે તો બળવાન થએલે પુરુષે પોતાને કાંડાબળે અબળા બનાવી દીધેલી સ્ત્રીને પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં નીચી કોટીએ મૂકી દીધી હતી.[૧] અને તેજ રીતે આજે પણ ધવ, પતિ જતાં સ્ત્રી વિધવા બની જાય છે, સાચે જ અનાથ થઇ પડે છે!

પૂર્વે જ્યારે સમાજમાં લગ્નસંસ્થા જ વિકાસ પામી ન હતી, અને પછી ગણલગ્નની ને અનેકપતિ લગ્નની સંસ્થા વિકાસ પામી, ત્યારે પણ વિધવા જેવી વસ્તુ જ ન હતી; એને તો પતિની પરંપરા ચાલે – જેમ આજે પુરુષને પત્નીની પરંપરા ચાલે છે એમ જ. પણ સ્ત્રીને માથે એક જ પતિ હોય એવા એકપતિ અને અનેકપત્ની લગ્નની સંસ્થા જ્યારથી જન્મ પામી, ત્યારથી જ વિધવાનો જન્મ થયો ને ત્યારથી જ તેની કરુણ અવનતિનાં પગરણ મંડાયાં.

જ્યાં પુરુષ કાંડાબળે સ્ત્રી ઉપર પારિપત્ય મેળવે, જ્યાં તેને ઢોર પેઠે પોતાની મિલ્કત માને, ત્યાં વિધવા એ તે નધણિયાતું ઢોર કે બાજું કંઇ? વિધવા (वि=વિના+धव=ધણી), જેનો કોઇ ધણી (धनी=ધનનો માલિક) નહિ, તેના (वि=વિશેષ+धव=ધણી) સૌ કોઇ ધણી. પૂર્વે તો તે વારસામાં ઊતરતી, પિતાની ઢોરઢાંક જેવી મિલ્કત સાથે તેની સ્ત્રીઓને પણ પુત્ર વારસામાં લેતો અને તે સૌનો માલેક બનતો. એ વ્યવસ્થા હિંદુઓમાં તો બહુ કાળથી ઘસાઇ ગઇ છે, છતાં વિધવા દિયેરને વારસામાં મળતી, એનું પ્રમાણ પ્રાચીન આર્ય શાસ્ત્રોમાં મળી આવે છે. દિયેરનો શબ્દાર્થ જ એ છે: देवरः कस्माद् द्वितीयो वर उच्यते। निरुक्त ३:१५॥ બીજો વર તે દેવર–દિયેર. વળી એથી યે પ્રાચીન અથર્વવેદમાં સ્ત્રીને देवृकामा કહી છે. મનુએ પણ વિધવાને દિયેરવટું કરવાનું વિધાન

---

૧ લેટિન Vidua, અંગ્રેજી Widow, જર્મન Witwe, વગેરે વિધવાના અર્થમાં વપરાતા યુરોપિયન ભાષાના શબ્દો પણ સ્પષ્ટ રીતે સાબિત કરે છે કે પ્રાગ્વૈદિક કાળથી આર્ય પુરુષોએ સ્ત્રીની આ અવદશા કરી મૂકી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યું છે (૯ : ૬૯, ૭૦). પ્રાચીનકાળે તો વિધવાવિવાહ પણ થતા, પણ પછી બંધ થયા.

વળી વિધવા સતી પણ થતી. અને રાજા રામમોહનરાયના પ્રયાસથી અંગ્રેજ સરકારે એ ક્રૂર પ્રથા કાયદાને બળે બંધ ન પાડી હોત તો આજે પણ અનેક વિધવાઓએ બળાત્કારે સતી થવું પડત. બળાત્કારે એટલા માટે કે આજે ભાગ્યે જ કોઇ વિધવા સ્વેચ્છાએ સતી થાય છે. વળી વિધવા સાધ્વી પણ થતી, આજે પણ થાય છે.

પ્રાચીન કાળથી જ વિધવાની દશા કરુણ હતી અને ત્યાર પછી તો દિવસે દિવસે વધારે કરુણ થતી આવી છે પૂર્વે તો વિધવા માથાના વાળ ઉતારતી નહોતી, પણ સ્મૃતિકાર વશિષ્ઠે વિધવાને યોગીજીવન જીવવાની ને તેથી શિરોમુંડન કરવાની આજ્ઞા કરી. આમ એ ભયંકર રિવાજ હિંદુ સમાજમાં પ્રવર્તી રહ્યો. પણ સ્મૃતિકાર આપસ્તંબે વિધવાના વાળ માત્ર બે જ આંગળ કાપવા, એવું વિધાન આપ્યું. છતાં જડ હિંદુ સમાજે એ વિધાન માન્યું નથી. બેશક હવે તો વિધવાઓ એ ક્રૂર શાસ્ત્રોની છાતી ઉપર પગ મૂકીને માથે વાળ રાખતી થઇ છે, પણ એને તો સમાજ બંડ ગણે છે.

સમસ્ત નારીજાતિની તેમ જ વિધવાજનની અવદશા પુરુષે જ કરી મૂકી છે એમ કહેવાની કંઇ જરૂર છે? સમાજના સર્વ વિષયના તેમ જ લગ્નવિષયના પણ સર્વાધિકાર એણે પોતાને જ સ્વાધીન રાખ્યા છે અને સ્ત્રી પ્રત્યે એ લગ્નપ્રપંચ રમ્યે ગયો છે. પુરુષને માટે લગ્ન મરજિયાત છે, સ્ત્રીને માથે ફરજિયાત છે. વિધુર થતાં સ્ત્રીને માથે આજે તો વૈધવ્ય ફરજિયાત ચઢી બેઠું છે. જડ રૂઢિથી બંધાઇ ગએલે આજને સમાજે પુરુષના પુનર્લગ્નના પ્રાચીન અધિકાર અખંડિત રાખ્યા છે, સ્ત્રીના એ અધિકાર ખંડી નાખ્યા છે. સ્ત્રીએ તો અમુક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમરે પરણવું, પરણી નાખવું, પરણી મરવું જ પડે અને એમ પરણીને પસ્તાવું પણ પડે; પરણ્યા પછી બીજી જ પળે પણ વિધવા થતાં મરતા સુધી વૈધવ્ય પાળવું જ પડે! આમ સ્ત્રીના લગ્નવિષયના સર્વ અધિકાર પરાધીન છે, પણ પુરુષના લગ્નવિષયના સર્વ અધિકાર સ્વાધીન છે. લગ્નવિષયના સર્વ વ્યવસ્થાના અધિકાર પુરુષે પોતાના હાથમાં રાખ્યા, એટલે સ્ત્રીએ પરણવું જ અને વળી અમુક જ ઉમરે પરણી જવું પડે એમ પણ ઠરાવી દીધું. સ્ત્રીને મોટી ઉમરની થવા દે, તો લગ્નવિષયમાં પુરુષની સામે થઇ એ બંડ ઉઠાવે; માટે તેને નાનપણમાં પરણાવી દેવી, નહિ તો રજસ્વલા થયે કુંવારી રહેતાં તેનાં માબાપ નરકમાં પડે એવી પણ સ્વાર્થી અને ભ્રષ્ટ પુરુષ સ્મૃતિકારોએ મૂર્ખ જનસમાજને બીક દેખાડી દીધી. પુરુષને માથે આવાં કશાં બંધન ન નાખ્યાં. આથી પરિણામ એવું આવ્યું કે ગમે તે વયનો અને ગમે તે અવસ્થાનો પુરુષ નાની કુમળી કન્યા સાથે લગ્ન કરી શકે, સ્વાર્થી માબાપ કુળને કે પૈસાને કે બીજે કોઇ પણ સ્વાર્થે કન્યાના હિત તરફ દૃષ્ટિ ન રાખતાં તેને લગ્નવેદી ઉપર હોમી દે. વર ૨૦ વર્ષનો હોય કે ૬૦ વર્ષનો હોય, બુદ્ધિવાન હોય કે મૂર્ખ હોય, રૂપાળો હોય કે કદરૂપો હોય, સદ્‌ગુણી હોય કે દુર્ગુણી હોય, ગમે તેવો હોય, પણ સ્વાર્થવશ થઇ માબાપ પોતાની ફૂલ જેવી કુમળી કન્યાને હોમી દે. कन्यां यच्छति वृद्धाय नीचाय धनलिप्सया। कुरुपाय कुशीलाय स प्रेतो जायते नरः ॥ "ધનને લોભે કન્યા વૃદ્ધને, નીચને, કુબડાને કે દુર્ગુણીને દેનાર નર પ્રેત થાય છે," એવા એવા સ્મૃતિકારોના નિષેધને અવગણીને પણ સ્વાર્થી માબાપ પોતાની કુમળી કન્યાઓને ભ્રષ્ટ લગ્નવેદી ઉપર હોમે છે.

સ્ત્રીજાતિ ઉપર અને તેથી સમસ્ત જનસમાજ ઉપર આનાં કેવાં ભયંકર પરિણામ આવ્યાં છે! અનેક કુમળી નવોઢાઓ પ્રૌઢ બળવાન પુરુષની કામલોલુપતાને પરિણામે જુવાનીમાં જ મરણ પામે છે, જીવતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે છે તે ભાગી જાય છે ને તેમનાં જીવતર હણાય છે. વૃદ્ધ પુરુષની જુવાન સ્ત્રીઓ કુદરતી કારણે ઘણું કરીને વિધવા થઇ પડે છે, બીજે પણ અનેક કારણે વિધવા થાય છે. વિધવા પુનર્લગ્ન કરી શકે નહિ, વિધુરને પરણ્યા વિના ગમે નહિ! વળી કેટલાકને તો સાથેલાગી, બે બે કે ત્રણ ત્રણ સ્ત્રીઓ જોઇએ! પરિણામે લગ્નસંસ્થામાં કેટલી દુરવસ્થા થઇ પડી છે, તેનું માપ વડોદરા રાજ્યના ૧૯૩૧ના વસતિપત્રકમાંથી હકીકત આપી બતાવીશ. વસતિપત્રકને દિવસે ૧૦૦૦ પુરુષમાંથી ૪૫૪ કુંવારા, ૪૭૯ પરણેલા અને ૬૭ વિધુર હતા; ૧૦૦૦ સ્ત્રીઓમાંથી ૩૨૯ કુંવારી, ૫૨૪ પરણેલી અને ૧૪૭ વિધવા હતી; પણ મૂળે જ એ રાજ્યમાં દર હજાર પુરુષે ૯૪૨ સ્ત્રીઓ હતી, એટલે એ હિસાબે ૧૦૦૦ પુરુષે ૩૧૦ કુંવારી, ૪૯૩ પરણેલી અને ૧૩૯ વિધવા હતી. આમ ૪૫૪ કુંવારા + ૬૭ વિધુર=૫૨૧ લગ્નના ઉમેદવાર માટે માત્ર ૩૧૦ એટલે દર સો પુરુષે માત્ર ૬૦ કન્યા બાકી રહી, વિધવા તો પરણવા કામ ન લાગે. ત્યારે બાકી રહેતા ૨૧૧ એટલે ૪૦ ટકા ઉમેદવાર શું કરશે? કામવાસના તો તેમને ય પીડતી હશે ને? અને વિધવાઓને પણ? વિચારી લેજો પરિણામ!

આખા દેશના સમાજનું પણ આ જ પ્રમાણ હોવું જોઇએ. અને વિધવાઓનું ભારે પ્રમાણ તો મોટે ભાગે બાળલગ્નને જ કારણે છે, કારણ કે જ્યાં બાળલગ્ન નથી થતાં એવા યુરોપમાં તો દર ૧૦૦ સ્ત્રીએ ૯ વિધવાઓ છે, આપણા સમાજમાં ૧૫ છે.

કુલીનતાને પરિણામે અને વિધવાને વિવાહ કરતાં અટકાવ્યાને કારણે ઉપર જણાવ્યું તેમ પરણનાર ઉમેદવારોની સંખ્યા કન્યાઓની સંખ્યા કરતાં લગભગ દોઢ ગણી થઇ જાય છે. એ સ્થિતિમાં એવા લોક વિધવાઓ પ્રત્યે કુદૃષ્ટિ કરે એમાં કંઇ નવાઇ ખરી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણકે વિધવા એ તો નધણિયાતો માલ પડ્યો! આથી આજે વાતાવરણ એવું તો ભ્રષ્ટ થઇ પડ્યું છે કે પછી ગૃહસ્થોનાં ઘર પણ ઘણી વાર સલામત નથી રહેતાં. સમાજની આટલી બધી વિધવાઓને અને તેથી યે વધારે પુરુષોને બળાત્કારે લગ્ન કરતાં અટકાવ્યાથી અત્યારે સમાજમાં સર્વત્ર વ્યભિચારનું વિષ વ્યાપી ગયું છે. આઘાતની સામે તેટલા જ બળથી પ્રત્યાઘાત થયો છે. પુરુષસમાજે નારીસમાજ ઉપર વૈધવ્યધર્મને નામે જે લગ્નપ્રપંચ રચ્યો છે. તેને પરિણામે આજે આખો સમાજ ભયંકર રોગથી પીડાઇ રહ્યો છે.

લગ્નજીવનમાં શારીરિક લગ્ન માત્ર સંતતિ માટે હોય, પછી તો શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું ઘટે. એ નિયમે પણ સંતતિ વિનાની વિધવાને તો પુનર્લગ્નની છૂટ હોવી જોઇતી હતી. અને એને એવી છૂટ આપી હોત તો સંતતિ વિનાના વિધુરને એવી છૂટ ક્ષમ્ય ગણાત. પરંતુ કોઇ પણ વિધવાને પુનર્લગ્નની છૂટ ન આપી. સૌ પ્રકારના વિધુરને તેવી છૂટ આપી, પછી તેને સંતતિ હોય કે ન હોય; અરે એટલેથી જ પત્યું નથી, સૌ પ્રકારના સધુરને પણ ગમે તેવા પ્રકારનાં નંદીલગ્ન કરવાની પરવાનગી આપી! ત્યારે પુરુષનો આ તે લગ્નપ્રપંચ નહિ તો બીજું શું? રાનીપરજની ગામીત જેવી જંગલી ગણાતી પ્રજામાં પણ વિધુરને વિધવા સાથે જ લગ્ન કરવાની પરવાનગી છે.

ઘરમાં જુવાન વહૂદીકરી વૈધવ્યના દુઃખથી પીડાતી હોય અને એથી યે નાની નવી વહૂ સાથે ઉપર મેડીએ સસરો કે પિતા પોતાની કામલોલુપતાની તૃપ્તિને અર્થે રાસરમણાં લેતો હોય ત્યારે એ વહૂદીકરીના મન ઉપર કેવી ભ્રષ્ટ છાપ પડે એ કંઇ કહેવા જવું પડે એમ છે? વિધવાઓના દેખતાં સંસારીઓ હાથતાળી ખેલે, પછી વિધવાઓ તેમાં ભળે, તેમાં તે કંઇ નવાઇ ખરી? ભ્રષ્ટ વાતાવરણમાં બીજું શું હોય? અને છતાં આવા લોક બાળવૈધવ્ય પળાવવાની વાતો કરે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિએ કહી નાખ્યું કે "સ્નેહલગ્નની વિધવાને પુનર્લગ્ન સમું પાપ નથી, દેહલગ્નની વિધવાને પુનર્લગ્ન સમું પુણ્ય નથી." એ પુરુષકવિએ એમ કેમ ન કહ્યું કે "સ્નેહલગ્નના વિધુરને પુનર્લગ્ન સમું પાપ નથી, દેહલગ્નના વિધુરને પુનર્લગ્ન સમું પુણ્ય નથી"? પુરુષમાં સ્નેહલગ્ન સંભવતું જ નથી એમ માનીને? કૌરવોની સભામાં દુઃશાસન દ્રૌપદીનાં વસ્ત્ર ઉતાર્યે જતો હતો, નવાં નવાં આવ્યે જતાં હતાં. બરાબર એ કથા પ્રમાણે આપણા ભ્રષ્ટ સમાજના દુઃશાસન વિધુરો પણ દ્રૌપદીનાં વસ્ત્ર પેઠે પોતાનાં જૂનાં લગ્ન ઉતાર્યે જાય છે, નવાં નવાં ચઢાવ્યે જાય છે! વિધુરે વૈધુર્ય પાળવું નથી, વિધવાને વૈધવ્ય બળાત્કારે પણ પળાવવું છે! ખરે જ સમાજ વિધુર કરતાં વિધવા પ્રત્યે, એકંદરે પુરુષ કરતાં સ્ત્રી પ્રત્યે, વધારે કઠોર નીવડ્યો છે.

વિધવાએ અખંડ બ્રહ્મચર્ય પાળવું જ, એવી આજ્ઞા—પ્રકૃતિનિયમ વિરુદ્ધ આજ્ઞા—સર્વ વિધવાઓ પ્રત્યે પુરુષસમાજ એક બાજુથી આપે છે, અને બીજી બાજુથી એ જ પુરુષો વિધવાઓને ભ્રષ્ટ કરી મૂકે છે, તેમના ભવ રોળી નાખે છે. કામલોલુપ પુરુષોની અને કહેવાતા ધર્મગુરુઓની પણ કામલોલુપતાની તૃપ્તિને અર્થે પુરુષસમાજે વિધવાઓનું જાણે એક અમાનત દળ (Reserved Force) ખડું કરી દીધું હોય એવી અવસ્થા કરી મૂકી છે!

પોતાની કામલોલુપતા પરિતૃપ્ત કરવાને પુરુષે બિચારી અનેક વિધવાના ભવ રોળ્યા છે. સ્ત્રીપુરુષનાં શરીરની સ્વાભાવિક રચના જ એવી છે કે સ્ત્રીને માથે વધારે જોખમ છે પુરુષ તો વિધવાને પતિત કરીને છેટે ઊભો રહે, મૂછે હાથ દેતો સમાજમાં અશરાફ થઇને ફરી શકે. વિધવા તો બિચારી એકાદ વખત લપસ્યાથી પણ વખતે ફસાઇ પડે. ગર્ભવતી થતાં તેની મૂંઝવણનો પાર નથી. સમાજ જાણે અશરાફ હોય એમ તેને તોડી ખાય. શરમની મારી એને કૂવોહવાડો કરવો પડે કે ગર્ભપાત કરવા જાત્રાએ નાસવું પડે. ગર્ભહત્યા કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળહત્યા કરતાં પકડાય તો સરકાર એને સજા કરે. ન્યાયાધીશ દયાળુ હોય તો ય પુરુષનો રચેલો કાયદો એવો નિષ્ઠુર છે કે તેણે એ વિધવાને સજા કરવી જ રહી. સજાને પાત્ર પેલો પુરુષ તો તે સમયે વળી કોઇ બીજી વિધવાનો નાશ કરવાના પ્રપંચ રચતો જ હોય! હા નિષ્ઠુર પુરુષસમાજ!

પુરુષ આટલો કામલોલુપ છે, તે કામજ્વાળા નથી સહન કરી શકતો, છતાં ય સ્ત્રી જાણે પત્થરની મૂર્તિ હોય એમ એના માનસની અવગણના કરે છે. વિધવા થતાં પણ તેને પુનર્લગ્નની પરવાનગી આપતો નથી. જર્મન તત્ત્વવેત્તા કવિ ગેઓટે ૭૯ વર્ષની વૃદ્ધાવસ્થાએ પણ ૧૯ વર્ષની કુમારિકા સાથે ગેલ કરતો હતો (પૃષ્ઠ ૨૨૩), ટૉલ્સ્ટોય ૬૦ વર્ષની ઉમરે પણ નંદીસ્વભાવ હતો (પૃષ્ઠ ૨૨૧, ૨૨૩). પ્રાચીનકાળના કોઇ ઋષિમુનિને શુદ્ધચારિત્ર જાણ્યો નથી. અને છતાં યે જાણે પોતે શીલાદિત્ય હોય એમ ન્યાયશિલા ઉપર બેશીને આજ્ઞાપત્ર કાઢે છે કે "બસ, વિધવાએ આમરણ વૈધવ્ય પાળવું જ પડશે. ન પળાતું હોય તો બળાત્કારે પાળવું જ પડશે. એ જ એનો ધર્મ છે." હા જ તો, વિધવા પછી સધવા થાય તો પુરુષની અનામત રાખેલી સેના ભાગી પડે ના!

કવિ કલાપીને બે તો જીવતી રાણીઓ હતી, છતાં શોભનાને દેખીને એના હૃદયમાં 'હૃદયત્રિપુટી'ની ગડમથલ ચાલી રહી છે, અને વળી તેવે જ સમયે 'વિધવા બ્હેન બાબાંને' રૂડી શીખ દે છે કે

"છે વૈરાગ્યે વધુ વિમલતા, બ્હેન, સૌભાગ્યથી કંઇ !
છે ભક્તિમાં વધુ વિમલતા, બ્હેન ! શૃંગારથી કંઇ !"

શું આ સ્નેહના અને પશ્ચાત્તાપના ઉદ્ગાર હતા? એમ હોય તો ત્યાર પછી "સર્વની પરવાનગી પછી, એના માલેકોની ઇચ્છા પછી" એના પતિથી છૂટાછેડા કરાવી શોભનાને એ પોતાની કરી લે? ત્યારે કલાપી સ્નેહી, કવિ કે કામી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આ સૌનો અર્થ ત્યારે તો એ જ ને કે પુરુષે પોતે તો કામવ્રત વિના બીજું કંઇ વ્રત પાળવું જ નથી, વિધવા પાસે વૈધવ્ય-વ્રત પળાવવું છે! એણે પોતાને ધર્મવ્રતે સ્વર્ગે ચઢવું નથી, વિધવાને વૈધવ્યપુણ્યે સ્વર્ગે ચઢવું છે! હા ભ્રષ્ટ પુરુષસમાજ! હિંદુસમાજના સ્વર્ગની કેવી ભયંકર સીડી!

માનવજન્મ ધરીને સંયમ રખાય તો એનાથી બીજું રૂડું શું? એનાથી બીજો મોટો ધર્મ કયો? સંયમ પાળીને વૈધુર્યધર્મ અને વૈધવ્યધર્મ આચરનારના પગમાં તો ભક્તિભાવે માથું સહજે નમી પડે. પણ સાથે પ્રકૃતિધર્મ પણ વિચારવો રહ્યો. કળિકાળના આ ભ્રષ્ટ વાતાવરણમાં — ચારે બાજુ જ્યાં વ્યભિચારસાગરમાં જગત ડૂબી રહ્યું છે ત્યાં — સૌ કોઇને એ ધર્મ સુસાધ્ય નથી, એ ભૂલવું ના ઘટે. આજના પ્રખર તપસ્વી મહાત્માજી લખે છે કે "મને કાયિક બ્રહ્મ-ચર્યના પાલનમાં પણ મહાકષ્ટ વેઠવું પડ્યું છે. અત્યારે એમ કહી શકાય કે તેને વિષે નિર્ભય બન્યો છું. પણ મારા વિચારોની ઉપર જે જય મારે મેળવવો જોઇએ તે મને મળી શક્યો નથી. મારા પ્રયત્નમાં ન્યૂનતા હોય એમ મને લાગતું નથી. પણ ક્યાંથી અને કઇ રીતે આપણે ન ઇચ્છીએ તે વિચારો આપણા પર ચડાઇ કરે છે તે હું જાણી નથી શક્યો" ('આત્મકથા, ૨ : ૧૦૪). વૃદ્ધાવસ્થાને કિનારે પહોંચેલા એ મહાન તપસ્વીના આ ઉદ્ગાર ખરેખર સાચા જ છે. સંયમ અસાધ્ય તો નથી જ, પણ દુઃસાધ્ય તો છે જ; અને છતાં ગે. બાળવિધવા ઉપર પણ વૈધવ્ય પળાવવાનો આપણો આટલો બળાત્કાર! પણ એને ઘડીને જ્યાં વિધાતાએ પણ હાથ ધોઇ નાખ્યા છે, ત્યાં હિંદુસમાજ શું કરવા પાછું વાળી જુએ!

૩૦૦ રાણીઓના પાળનાર રાજા ભર્તૃહરિને એ ભાન નહોતું કે બધી રાણીઓને સન્તોષ આપી ન જ શકાય. અને એ સ્થિતિમાં એકાદ પિંગળા વિપથગામી થાય ત્યારે એ રાજા વૈરાગ્ય પામી સંન્યાસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ જાય. પણ પછી એને અનુભવ થાય ત્યારે બોલે કે:

भिक्षाशनं तदपि नीरसमेकवारम्
शय्या च भूः परिजनो निजदेहमात्रम्।
वस्त्रं सुजीर्णं शतखण्डमयी च कन्था
हा हा तथापि कामा न परित्यजन्ति ॥ [1]

"ભીખ માગીને ખાઉં છું, તે પણ ધોઇ નાખી કે બધું એકઠું ભેળવી દેઇ નીરસ બનાવીને ખાઉં છું ને વળી એક જ વાર ખાઉં છું; ભોંયે સૂઇ રહું છું; કોઇ પણ સેવક નથી, જાતે જ બધું કામ કરૂં છું; વસ્ત્ર ફાટી ગએલાં છે, ને સેંકડો થીંગડાં દીધેલી આ કંથા છે; અરેરે, તોય કામ મને જંપવા દેતો નથી." આ સ્થિતિમાં નિર્બળહૃદય આપણે પુરુષો વિધવાને—બાળવિધવાને પણ—બળાત્કારે બ્રહ્મચર્ય પાળવાનું ફરમાવીએ એ તે દંભ ને જુલ્મ કે બીજું કંઇ?

ગીતામાં અર્જુન પણ સ્વીકારી દે છે કે

चंचलं हि मनः कृष्ण प्रमाथि बलवद्दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥ ६ : ३४ ॥

"હે કૃષ્ણ, ખરે જ મન ચંચળ છે, મનુષ્યને વલોવી નાખે છે; એ બહુ બળવાન છે. જેમ વાયુને બાંધી દેવો કઠણ છે તેમ મનને વશ રાખવું એ મને બહુ કઠણ લાગે છે." અને ત્યારે કૃષ્ણ પણ કહે છે કે "ચંચળ મનને વશ કરવું બહુ કઠણ છે એમાં જરા ય શંકા નથી." પણ એ સ્વાભાવિક વસ્તુસ્થિતિની અવગણના કરીને આજનો પુરુષસમાજ, જાણે પોતે મનને વશ કરીને સિદ્ધ બ્રહ્મચારી બન્યો હોય તેમ, વિધવાને તેની ઇચ્છા વિરુદ્ધ બ્રહ્મચર્ય પળાવવા બળાત્કાર કરી રહ્યો છે; પોતે તો પોતાની કામલોલુપતાના ઘોડા બે-લગામ છોડી મૂકયા છે.

---

૧ પાઠાન્તર: हा हा तथापि विषयान्न जहाति चेतः ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધવાઓ પાસે બ્રહ્મચર્ય પળાવવા તેમને સ્વર્ગની સીડી દેખાડી, પણ એમ એકપક્ષી બ્રહ્મચર્ય સ્વાભાવિક રીતે જ નિષ્ફળ નીવડયું; સ્વર્ગની વાત તો કયાં રહી, પણ આજે તો પૃથ્વી ઉપર વ્યભિચારનું રૌરવ નરક પ્રવર્તી રહ્યું છે. હિંદુસમાજમાં પુરુષોની કામલોલુપતાને પરિણામે પતિત થએલી કેટલી વિધવાઓને વેશ્યાવૃત્તિ સ્વીકારવી પડે છે, કેટલીને વિધર્મી થવું પડે છે, કેટલા ગર્ભપાત ને કેટલી બાળહત્યા થાય છે, એનો હિસાબ કોણ કાઢી શકે?

લગ્નજીવનથી એને વંચિત રાખીને પુરુષસમાજે વિધવાનું લગ્નસુખ લૂંટી લીધું છે, એનો આખો ભવ રોળી નાખ્યો છે. સતી થવામાં એક વાર બળવાનું દુઃખ ઉઠાવ્યે બધાં દુઃખ સાથે લાગ્યાં બળી જાય છે, પણ આ તો આખો જન્મારો દુઃખે બાળવો પડે છે!

માબાપના ખોળામાં ઉલ્લાસથી ખેલતી બાળાનો બાળપતિ ગૂજરી જતાં એ બિચારી વિધવા થઇ પડે છે. ગઇ કાલ સુધી જે બાળાના કોડ પૂરવા તેનાં માતાપિતા ને સગાંવહાલાં ખડેપગે તૈયાર રહેતાં, તે જ નિર્દોષ બાળાને આજે સૌ કોઇ તિરસ્કારી કાઢે છે! પોતે જ ઘડી કાઢેલી બેડીઓનાં બંધન તોડવાની શક્તિ પોતામાં નહિ હોવાથી અકળાઇને સૌ કોઇ બધી રીસ તે બિચારી બાળવિધવા ઉપર ઠાલવે છે. ચારે બાજુ છવાએલા વિલાસી જીવન વચ્ચે તેને સંન્યાસીજીવન પળાવવા બળાત્કાર થાય છે. પુરુષની વિકારી દૃષ્ટિને ડામ દેવાને બદલે તેનું રૂપ બેડોળ બનાવવામાં આવે છે: તેના વાળ ઉતારી લેવામાં આવે છે, સૌ શણગાર ઉતારી લેવામાં આવે છે. તેની ઉપર દશે દિશામાં ચોકીપહેરો ગોઠવી દેવામાં આવે છે. સંન્યાસીજીવન બળાત્કારે ગળાવવા માટે તેના માનવહૃદયમાં ઊઠતી સ્વાભાવિક ઊર્મિઓને છૂંદી નાખવામાં આવે છે. સમાજ ભૂલી જાય છે કે આખરે તો તે પણ નિર્બળ માનવપ્રાણી છે, તેના હૃદયમાં બધાંને ઊઠે છે એવા ઊર્મિઓ ઊઠે, બધાંને થાય છે એવા કોડ એને થાય. મનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંચળતા એમ સહજે દબાવી શકાય નહિ. ઉપર કહેલા અર્જુનના વચનને કૃષ્ણે ઉત્તર દેતાં કહેલું કે

अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥ ६ : ३५ ॥

"સતત અભ્યાસથી ને વૈરાગ્યથી જ મનને વશ કરી શકાય છે." અને આપણા કામોદ્દીપક ચંચળ સમાજમાં એવું વાતાવરણ છે જ ક્યાં, જ્યાં વિધવા સતત અભ્યાસથી ને વૈરાગ્યથી મનને વશ કરી શકે? ત્યારે આવા ભ્રષ્ટ વાતાવરણમાં દબાએલી ચંપાએલી એ બિચારી વિધવા ભવિષ્યની કંઇ પણ આશા વિના જીવન જીવતી ઉપરથી તો સાધ્વી દેખાય છે, પણ એના હૃદયમાં કેવો ધખધખતો જ્વાળામુખી સળગી રહ્યો હશે એની કલ્પના એ સમાજગુરુઓને આવે છે?

એવી સ્થિતિમાં રુંધાઇ પડેલી વિધવા એક દિવસ બંડ કરી ઊઠે, સમાજને ઠોકરે ચઢાવી પુનર્લગ્ન કરી નાખે, ત્યારે આંખ લાલ કર્યે શો લાભ?

એક વિધવા એને આવી સ્થિતિમાં પુનર્લગ્ન કર્યા પછી પોતાની માતાને પત્ર લખેલો, તેમાંથી થોડોક ભાગ અહીં ઉતારું છું: "હું પણ એક માનવી જ છું. અન્ય માનવીહૃદયમાં વસતા કોડ, ઉલ્લાસ, ઊર્મિ મારામાં પણ હોય જ ને? આજ બાર બાર વર્ષ થયાં એ સઘળા ઉલ્લાસના ઉમળકાને, ઊર્મિના અવિરત વહેણને, કોડના અવનવા કલ્પનાતરંગને જેટલા દબાવી શકાય તેટલા દબાવવા મેં પ્રયત્ન કર્યા: સાધ્વીજીવન ગાળવા સતત ઉપચારો આદર્યા. પણ બા! મને નગ્ન સત્ય કહેવા દો કે મારા માનવહૃદયને સ્વાભાવિક, એવા એ ઊર્મિઉલ્લાસને દબાવવા જેમ જેમ પ્રયત્ન કરતી તેમ તેમ તે દ્વિગુણિત થતા જણાયા. બા! જ્યારે તું પાસેના ઓરડામાં ઊંઘતી ત્યારે હું પથારીમાંથી ઊઠી મારાં સૌભાગ્યચિહ્નો ધારણ કરતી અને કલ્પિત સુખ માણતી. આખરે અનેક દિવસની અકળામણે, અનેકાનેક રાત્રીને ઉજાગરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારૂં મન મરી જતું જણાયું અને મારી કાયા દુર્બળ થતી જણાઇ. હૃદયની આ અકળામણ વખતસર ન સાચવવામાં જીવનનાવ કોઇ ખડક સાથે અથડાઇ જાય તે પહેલાં મેં મારૂં લગ્ન કરી નાખવું ઉચિત ધાર્યું.... અને બા! હું તારા ઘરમાં બેશી અન્ય વિધવાઓ પેઠે કાળાં કર્મો કરૂં એના કરતાં ભાવનાશાળી ને આદર્શમય જેનું જીવન છે એવા એક યુવાનનો હાથ ઝાલી જીવનનો ઉલ્લાસ માણું અને ઉલ્લાસિત મને એકબીજાની હૂંફે જે કંઇક કાર્ય કરાય તે કરૂં એ શું ખોટું છે?" ('પાટીદાર': ૧૯૮૮ ભાદરવો) એની માતાએ આ પત્ર વાંચી શું ધાર્યું હશે તેની ખબર નથી.

ત્યારે આવી અવદશામાં વિધવાશ્રમો તેમનો ઉદ્ધાર નથી કરી શકવાના. બ્રહ્મચર્યનો અને તે દ્વારા સ્વર્ગનો પોકળ ઉપદેશ તેમને ને તેથી સમસ્ત સમાજને નરકમાંથી નથી બચાવી શકવાનો. સાચો ઉપાય તો એ છે કે પુરુષે પોતાની કામલોલુપતા ઉપર સંયમ રાખવો ઘટે, સંતતિ માટે શારીરિક લગ્ન કરવું અને પછી બ્રહ્મચર્ય પાળવું જ ઘટે. બાળલગ્ન ને વૃદ્ધલગ્ન જેવાં ભ્રષ્ટ લગ્ન તુરત જ બંધ કરી દેવાં ઘટે અને એમ કરીને વિધવાની સંખ્યા ઓછી થાય એમ કરવું ઘટે. અને છતાં ય વિધુર અને વિધવા તો સમાજમાં હોવાનાં જ, તેવે પ્રસંગે વિધુરની પેઠે વિધવાને પણ પુનર્લગ્ન કરવાની છૂટ આપવી જ ઘટે—તેમને લગ્નનો શુદ્ધ માર્ગ લેવા દેવો જ ઘટે. સમાજના જે આચાર્યો એમ માનતા હોય કે વૈધવ્ય પાળવામાં જ પુણ્ય છે, તેમણે વિધુર થતાં વૈધુર્ય પાળીને વિધવાને એ પુણ્યમાર્ગ દેખાડવો ઘટે; ત્યાં સુધી પુનર્લગ્નનો શુદ્ધ માર્ગ તેમને લેવા દેવો ઘટે. અને આમ ધીરે ધીરે વ્યભિચારનું વાતાવરણ આછું કરતે કરતે બ્રહ્મચર્યના વાતાવરણને ગાઢું કરતા જવું ઘટે.

અસ્પૃશ્યતા એ હિંદુ સમાજનું કલંક છે, બળાત્કાર વૈધવ્ય એથી યે મોટું એનું બીજું કલંક છે. હિંદુ સમાજ પોતાનું એ કાળું કલંક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યારે ધોઇ નાખશે? જેમ વહેલું તેમ સારૂં.

અને સમાજની બેનો, લગ્નપ્રપંચ રચીને પુરુષજાતિએ તમારી કેવી ભયંકર અવદશા કરી છે અને છતાંય એ તમને કેવી કલંકિત ચીતરે છે એ વિચારો. ત્યારે ઊઠો, આ આત્મનિર્ણયના નવયુગમાં; એ લગ્નપ્રપંચની મડાગાંઠને તોડી નાખો ને શુદ્ધ લગ્નભાવના પ્રવર્તાવો. ત્યારે જ તમારો ને સમાજનો ઉદ્ધાર થશે. એ વિના બીજો ઉપાય નથી, ના નથી જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૨૯

આ પુસ્તકના બીજા અધ્યાયમાં જણાવ્યું જ છે કે માનવજાતિના આદિકાળમાં આજના જેવાં લગ્નબંધન હતાં જ નહિ. અને પછી અમુક વર્ણ, જાતિ કે સંઘનાં બધાં સ્ત્રીપુરુષ પતિપત્ની તરીકે સંબંધ જોડતાં: "જેમ સંગને માટે ગાય વગેરે પશુઓ સ્વતંત્ર છે, તેમ પોતપોતાના વર્ણમાં પ્રજા સ્વતંત્ર છે," એવું ઉદ્દાલકનું વચન મહાભારતમાં ટાંકેલું છે (આદિપર્વ ૧૨૨ : ૧૫). આમ અતિપ્રાચીન કાળે પ્રજા – પુરુષ તથા સ્ત્રી – પોતપોતાના વર્ણમાં સંયોગ કરતાં. અને આને આપણે ગણલગ્નનું નામ આપ્યું છે. એ ગણમાંની સૌ સ્ત્રીઓ ગણિકા કે ગણસ્ત્રી, યૂથી કે યૂથિકા અથવા સામાન્યા કે વારાંગના (વાર = ગણ) કહેવાતી. ગણનો મુખી ગણપતિ કહેવાતો, તેણે કંઇક વ્યવસ્થા માટે અમુક અમુક સ્ત્રીપુરુષોને અમુક અમુક દિવસોના વારા બાંધી આપેલા, એટલે પણ તે સ્ત્રીઓ વારાંગના કહેવાતી. દ્રૌપદીને માટે દરેક પાણ્ડવના પણ આમ ૭૨ – ૭૨ દિવસના વારા હતા.

ગણલગ્નમાંથી વિકાસ પામીને અનેકપતિ લગ્ન કેમ થયું એ આપણે ત્રીજા અધ્યાયમાં જોયું છે. ત્યારે પણ એક સ્ત્રી ગમે તે એક કે અનેક પતિને ઘરમાં રાખતી, પાલવે ત્યારે તેને કે તેમાંથી ગમે તેને રજા આપતી કે તે પોતે ચાલ્યો જતો. પણ આ લગ્નમાં યે સન્તાનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉછેરવાં ને કુટુમ્બનું ભરણપોષણ કરવું એ હેતુ હતો. તે કાળે સ્ત્રી સારી રીતે સ્વતંત્ર હતી.

આ લગ્નપ્રથામાંથી પ્રસંગોને અનુસરીને અનેકપત્ની લગ્નનો વિકાસ કેમ થયો એ આપણે ચોથા અધ્યાયમાં જોયું છે. એક બાજુથી અનેકપત્ની લગ્નનો વિકાસ થતો ગયો ખરો, પણ બીજી બાજુથી સ્વતંત્રતાપ્રિય સ્ત્રીઓ લગ્નના કોઇ પણ બંધનમાં આવવા ઇચ્છતી ન હોવાથી તે લગ્નહીન અવસ્થામાં રહેવા લાગી અને ભરણપોષણ માટે પૈસા લેઇને ગમે તે પુરુષ સાથે એકાદ પ્રસંગ માટે કે અમુક દિવસો માટે સંયોગસંબંધ બાંધી રહેવા લાગી. સમાજમાં લોકો જેમ જેમ વધારે ને વધારે લગ્નસંબંધથી બંધાતા ગયા, તેમ તેમ આવી બંધન-હીન સ્ત્રીઓની સંખ્યા ઓછી થતી ગઇ અને તેમ તેમ સમાજની દૃષ્ટિમાં તે હીણી પડતી ગઇ. પ્રાચીન ગ્રીસમાં આવી સ્ત્રીઓ Hetaïrä કહેવાતી, આજે અંગ્રેજીમાં Prostitute[1] કહેવાય છે; આપણે અહીં પ્રાચીન કાળથી આજ સુધી એ વેશ્યા[2] કહેવાય છે. ગુજરાતમાં એ પાતર (पात्री[3] ઉપરથી) પણ કહેવાય છે.

સર્વ દેશોમાં અને સર્વ જાતિઓમાં આ વેશ્યાસંસ્થા અતિપ્રાચીન કાળથી તે આજ સુધી ચાલતી આવી છે અને હજી અનેક કાળ સુધી ચાલશે. બિલકુલ એ નાબુદ થશે કે કેમ તે પણ શંકાસ્પદ જ છે. જ્યાં સુધી પુરુષ ઉપરથી લગ્નશીલ, પણ અંદરથી લગ્નશિથિલ અને કામલોલુપ હશે, ત્યાં સુધી એ સંસ્થાને એ ટકાવી જ રાખશે, નાબુદ નહિ જ થવા દે.

---

૧ Pro આગળ, સામે, Status ધરવું, મૂકવું = પોતાનું શરીર આગળ-સામે ધરનાર – મૂકનાર.

૨ (अ) विश् પેસવું=જેને ત્યાં ગમે તે પેસે તે; (आ) विश = વૈશ્ય, પૈસાદાર = જેને ત્યાં પૈસા આપનાર જાય તે.

૩ पात्र=વાસણની નારી જાતિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વે લગ્નબંધન શિથિલ હતાં ત્યારે વેશ્યાવૃત્તિ ઉપર બહુ બંધન ન હતાં. પેરુ, મેક્સિકો, નિકારાગુઆ વગેરે કેટલાક અમેરિકન પ્રદેશોમાં એવો રિવાજ હતો કે અમુક તહેવારોએ લગ્નબંધન બિલકુલ તૂટી જાય અને જે સ્ત્રીપુરુષને તે રાત્રે સંયોગસંબંધ જોડવો હોય તે જોડી શકે. આપણા વામ માર્ગમાં પણ પૂર્વે એવી જ વ્યવસ્થા હતી. ભૈરવીચક્ર પ્રવર્તતાં તે પ્રસંગે લગ્નનાં સૌ બંધન તૂટી જતાં. આજે એના અવશેષરૂપે ચોળીમાર્ગ વગેરે પંથો હજી પણ પ્રવર્તે છે.

કેટલાક દેશોમાં વેશ્યાઓ કુશળ હતી, તેમની મારફત રાજપુરુષો અને બીજા પણ પુરુષો પોતાનું કાર્ય સાધવાના પ્રયત્ન કરતા. આપણાં પુરાણોમાં પણ આનાં અનેક ઉદાહરણ છે. મુનિ ઋષ્યશૃંગને દરબારમાં કેમ તેડી આણવા તેનો ઉપાય રાજા દશરથને બતાવતાં પુરોહિત કહે છે કે "હે રાજન્, તે મુનિને તેડી લાવવાનો એક ઉપાય છે, અને તે એ કે નિરંતર વનમાં રહેવાથી તે મુનિ સંસારસુખથી અજાણ્યા છે અને સ્ત્રીઓને ઓળખતા જ નથી. માટે અમે સુંદર સ્વરૂપ વાળી વેશ્યાઓને તે મુનિની પાસે મોકલીશું અને તેમને વેશ્યાઓનો સંગ નહિ થાય તેવી રીતે મોહ પમાડી અહીં તેડી લાવીશું, જેથી વિભાણ્ડક મુનિના શાપનો ભય નહિ રહે" (રામાયણ બાલ. ૯ : ૧૭). અને પછી એમ મોકલેલી વેશ્યાઓ ઋષ્યશૃંગને દશરથના દરબારમાં લેઇ આવેલી અનેક ઋષિઓનાં તપમાં ભંગ પાડવા ઇંદ્રાદિ દેવોએ અપ્સરાઓનો પણ એવો જ ઉપયોગ કરેલો. એવી પ્રતિભાશાળી વેશ્યાઓનાં સમાજમાં પણ ભારે માન હતાં. એવીને ઘેર જવામાં ને એમની સાથે સંબંધ બાંધવામાં ભલભલા પણ શરમાતા નહિ. ગ્રીસની સંસ્કૃતિ બહુ ઊંચા પ્રકારની મનાતી, ત્યારે પણ ઍસ્પેશિયા (Aspasia) નામની વેશ્યાને ઘેર સોક્રેટિસ (Socrates) અને પૅરિક્લિસ (Pericles) જેવા પ્રખ્યાત અને સમર્થ પંડિતો પણ બેસતા અને જ્ઞાનગોષ્ઠિ ચલાવતા એ સમયે ઍસ્પેશિયાનું માન ત્યાંના સમાજમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ ભારે હતું ને ધારે તે કરી શકે એવી એ સમર્થ હતી. શૂદ્રકે લખેલા મૃચ્છકટિકા નામે નાટકમાં વસન્તસેના નામે વેશ્યાનું પણ એવું જ ઊંચું સ્થાન છે.

યુદ્ધમાં કેટલાક વાર પકડેલી સ્ત્રીઓને વેચી દેવામાં આવતી અને ખરીદનાર તેની પાસે વેશ્યાવૃત્તિ કરાવી તેમાંથી ધન કમાતો. ગયા મહાયુદ્ધમાં લાખો લગ્નયોગ્ય યુવાન પુરુષો હણાયા અને તેથી લાખો સ્ત્રીઓ વિધવા થઇ, લાખો કુમારિકા લગ્નહીન રહી. આવી સ્ત્રીઓને માટે ઉપાય શો? એક જર્મન મિત્રની સાથે તે જ દિવસોમાં ચર્ચા કરતાં અમને બે ઉપાય શક્ય લાગેલા: (૧) અનેકપત્ની લગ્ન અથવા (૨) વેશ્યાવૃત્તિ. યુરોપનો સમાજ અનેકપત્ની લગ્નને સંસ્કૃત પ્રણાલિકા નથી માનતો, એટલે એણે એ સ્વીકારી નહિ. પરિણામે વેશ્યાસંસ્થાને એણે પોષી. આજે વેશ્યાઓનો કેવડો મોટો વેપાર અનેક યુરોપિયનો કરી રહ્યા છે, કેટલી સ્ત્રીઓને વેશ્યાવૃત્તિ કરવા ને તેમાંથી લાભ ઉઠાવી લેવા પૂર્વના દેશોમાં વેચી રહ્યા છે તે એ વસ્તુના અભ્યાસી સારી રીતે જાણે છે. આ પણ યુરોપિયન સંસ્કૃતિ! ત્યાં ઉપર ઉપરથી તો એકપત્ની લગ્નની જડ પ્રથા છે, પણ ખરી રીતે તો મોટે ભાગે લગ્નશિથિલતા જ પ્રવર્તે છે. અને સાચી જ રીતે હેવલોક એલીસ લખે છે કે યુરોપમાં "અર્ધ કરતાં વધારે લોક પોતાના કાયદેસર લગ્નની બહાર વિષયસેવન કરે છે." આવી પ્રબળ જ્યાં વિષયવાસના હોય ત્યાં વેશ્યાસંસ્થા પણ પ્રબળ બને જ.

ચીનમાં ને જાપાનમાં પણ વેશ્યાઓના વેપાર ચાલી રહ્યા છે. ત્યાંની ચાની દુકાનો આને માટે પ્રખ્યાત છે. એમના મોટા મોટા મહોલ્લા હોય છે. ત્યાં આવો ખુલ્લો વેપાર ચાલે છે. એ સંસ્થાને નિયમમાં રાખવાના કાયદા પણ છે.

પણ વધારે આશ્ચર્યજનક તો એ છે કે પિતા પોતાની પુત્રીઓનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ત્યાં વેપાર કરે છે. ચૌદ પંદરની ઉમરથી જ નાની કુમારિકાઓને વેશ્યાગૃહમાં દાખલ કરવામાં આવે છે. ત્યાં તેને ગાતાં, વગાડતાં અને નૃત્ય કરતાં શીખવવામાં આવે છે. પછી તેને ભવ્ય મકાનમાં રાખે છે. ત્યાં ગમે તે પુરુષ વિનાસંકોચ જાય છે. આથી એમને કોઇને કલંક લાગ્યું ગણાતું નથી અને અમુક કાળ પછી એ કુમારિકાની ઇચ્છા થાય ત્યારે સારી રીતે લગ્ન પણ કરી શકે છે.

જાપાનમાં પિતાનું દેવું ફેડવા માટે પણ પુત્રી વેશ્યાવૃત્તિ કરી શકે છે અને એવી પુત્રીનાં સમાજમાં વખાણ પણ થાય છે! પણ આ સર્વ વ્યાપારમાં પુત્રી જાણે પિતાની માલિકીની વસ્તુ હોય તેવી જ રીતે પિતાની પરવાનગી કે આજ્ઞા પ્રમાણે પુત્રીએ આચરવું પડે છે, એટલે કે આ વ્યાપારમાં પણ સ્ત્રી પુરુષને આધીન છે.

આપણા દેશમાં ને આપણા સમયમાં પણ આ પ્રકારે વેશ્યાવૃત્તિ ચાલે છે એ જાણીને અનેકને આશ્ચર્ય થશે. મુસલમાન થઇ ગએલી ગંધ્રપ (સં. ગન્ધર્વ) કરીને એક જાતિ છે. પાટણ તરફના બાલીસણા ગામમાં તેમની વધારે વસતિ છે. "તેમની છોકરીઓ નાચનારીનો તથા વેશ્યાનો ધંધો કરતી હોવાથી મરદો પોતાની નાતમાં કદાપિ પરણતા નથી. . . . માબાપ પોતાની છોકરીની આવક ઉપર જીવે છે."

જાગરી નામે "ઉપરના જેવી જ એક હિંદુ ધર્મ પાળનારી જાતિ હારીજ તાલુકામાં છે. તેમાં માત્ર ૧૭ મરદ અને ૧૫ સ્ત્રીઓ છે. કોઇ પણ જાતની શરમ કે મર્યાદા સિવાય આખી નાત ખુલ્લી રીતે જારકર્મ કરવાનો એટલે વેશ્યાનો ધંધો કરે છે. . . . છોકરીનો જન્મ થયો કે તરત જ તે દેખાવડી ને સુન્દર હોય તો તેણે વેશ્યાનો જ ધંધો કરવાનું ઠરેલું હોય છે. તેને કદાપિ પરણાવવામાં આવતી નથી; પણ તે ૧૪ વર્ષની ઉમરની થાય છે ત્યારે તેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તલવારની સાથે લગ્ન કરવામાં આવે છે. એક શુભ દિવસ અને સમય નક્કી કરવામાં આવે છે; ગણેશની પ્રતિષ્ઠા કરી રીતસર લગ્નનો વિધિ કરવામાં આવે છે; ચારથી આઠ દિવસ સ્ત્રીઓ લગ્નપ્રસંગનાં ગીતો ગાય છે, અને અવશ્ય હાજર રહેતો બ્રાહ્મણ બધી ધાર્મિક ક્રિયાઓ કરાવી છેવટે છોકરીને તલવાર સાથે પરણાવે છે. આ પ્રસંગે કન્યાના બાપને સોથી ચારસો રૂપિયાનો ખર્ચ થાય છે. ત્યાર પછી પોતાના વડીલોની સમ્મતિથી તે ખુલ્લી રીતે વેશ્યાનો ધંધો ચાલુ કરે છે. તલવારની સાથે લગ્ન કરવાનો વિધિ થાય તે પહેલાં દલિત કોમ સિવાયનો કોઇ પણ હિંદુ તેને પસંદ કરે તો તેને તેની સાથે પરણવાની તક આપવામાં આવે છે. આ પુરુષે લગ્નખર્ચનો હિસ્સો આપવો પડે છે. તેનું અને આ છોકરીનું લગ્ન રીતસર થતું નથી, પણ ભીલકોમોમાં ખંધાડીઓ હોય છે તેની પેઠે લગભગ એ પુરુષ કન્યાના સહચર તરીકે કન્યાના બાપના ઘરમાં તેમના ભેગો રહે છે, અને તે કન્યાને માટે કામ કરી તેનું ભરણપોષણ કરે છે; પણ વર તરીકેના કાયદાથી ઠરેલા હક તે ભોગવી શકતો નથી. તેની મરજીમાં આવે ત્યાં તેને છોડી જઇ શકે છે, પણ કન્યાને તેની સાથે જવાની છૂટ નથી હોતી. તેનો કહેવાતો આ વર તેની સાથે રહે છે, ત્યારે પણ તે સંકોચ વિના વેશ્યાનો ધંધો ચલાવી શકે છે અને તેની આવક આખા કુટુંબના (તેના બાપના પણ) ખર્ચ માટે વપરાય છે. બહુ જ થોડા બાપ પોતાની સુંદર છોકરીને આ ધંધામાં દાખલ થતી અટકાવવા હિંમત કરી શકે છે. ઈશ્વરે સુંદરતા ન બક્ષેલી હોય એવી બીજી કન્યાઓ રીતસર લગ્ન કરી સામાન્ય જીવન ગાળે છે. આ આખી નાત મુખ્યત્વે પોતાની છોકરીઓના છચોક વ્યભિચાર ઉપર જીવે છે, તોપણ થોડા જાગરીઓ ખેતી કરવા લાગ્યા છે. પાલનપુર સંસ્થાનમાં અને ત્યાંથી આગળ સિંધમાં આવેલા થરપારકરના પ્રદેશમાં પણ આ નાતનાં કુટુંબો વસે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની કુલ સંખ્યા ૧૫૦ કરતાં વધારે કુટુંબોની નથી" (વડોદરા રાજ્યની વસતિગણત્રીનો સંક્ષિપ્ત હેવાલ – ૧૯૩૧ : પૃષ્ઠ ૧૩૮).

મનુના કાળમાં પણ એવું જ હતું. એ સ્મૃતિકાર જણાવે છે કે: "જેઓ જાહેરમાં નાચવાનો તથા ગાવાનો ધંધો કરે છે તેવા લોકોની સ્ત્રીઓ સાથે તથા જેઓ પોતાની સ્ત્રી ઉપર આજીવિકા ચલાવનારા છે તેઓની સ્ત્રીઓ સાથે વાત કરવામાં અપરાધ ગણવામાં આવતો નથી, કારણકે તેઓ પોતાની સ્ત્રીઓને આભૂષણાદિકથી શણગારીને છૂપી રીતે પરપુરુષોની પાસે મોકલે છે" (૮ : ૩૬૨).

આમ સર્વ દેશોમાં અને સર્વ જાતિઓમાં કોઇ ને કોઇ સ્વરૂપે વેશ્યાવૃત્તિ બહુ પ્રાચીન કાળથી ઠેઠ આજ સુધી ચાલતી આવી છે. ઇંગ્લેંડમાં એને નિયમનમાં રાખવાના કાયદા છે, પણ કામલોલુપ પુરુષોએ એ કાયદાને છેક નિરર્થક કરી નાખ્યા છે ને વેશ્યાવૃત્તિને ખૂબ ઉત્તેજન આપ્યું છે.

વળી સર્વે યુદ્ધપ્રિય પ્રજાઓ પોતાની સેનાના સૈનિકોને સંતોષ આપવાને ખુલ્લી રીતે વ્યવસ્થિત વેશ્યાસંસ્થા રાખે છે.

પણ આ સંસ્થાને જ્યારે ધાર્મિક સ્વરૂપ આપવામાં આવે ત્યારે તો એની ભયંકરતાને સીમા જ ન રહે. અને ઘણા દેશોમાં એને ધાર્મિક સ્વરૂપ અપાયું પણ છે.

પ્રાચીન લેખક હિરોડોટસે (Herodotus) બાબિલોનિયાની એ સંસ્થા વિષે જે લખ્યું છે તેમાંનો એક આખો ફકરો અહીં ઉતારવા જેવો છે: "બાબિલોનિયાનો સૌથી ભ્રષ્ટ રિવાજ તો આ છે. દરેક સ્ત્રીએ પોતાના જીવનમાં એક વાર તો વિનસ (Venus) દેવીને મંદિરે બેસવું પડે જ, અને કોઇક પરદેશી સાથે સંયોગ કરવો પડે જ. પોતાના ધનથી જે કેટલીક અભિમાની હોય છે તે બીજી સામાન્ય સ્ત્રીઓ સાથે બેસવા ઇચ્છતી નથી, તે ઢાંકેલી ગાડીમાં આવે છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંદિર પાસે પોતાના અનેક ચાકરો વચ્ચે બેસે છે. પણ મોટા ભાગની સામાન્ય સ્ત્રીઓ તો આમ જ કરે છે. વિનસના મંદિરમાં માથે દોરાનો મુગટ પહેરીને અનેક સ્ત્રી બેસે છે; કેટલીક આવ્યા કરે છે, કેટલીક ગયા કરે છે. આમ બેઠેલી સ્ત્રીઓમાં થઇને ચારે બાજુ જવા આવવાના સીધા માર્ગ હોય છે, તેમાં થઇ પુરુષો જાય છે ને અમુકને પસંદ કરી લે છે. સ્ત્રી એક વાર ત્યાં બેઠી એટલે જ્યાં સુધી કોઇ પુરુષ એના ખોળામાં કંઇ રૂપાનાણું ફેંકે નહિ અને પછી એને મંદિર બહાર લેઇ જાઇ એની સાથે સંયોગ કરે નહિ, ત્યાં સુધી એ વૃત્તિ છોડી એનાથી કાયમનું ઘેર જવાય નહિ. રૂપાનાણું નાખનાર પુરુષે આમ બોલવું જોઇએ: 'તારા પર કૃપા કરવા માટે દેવી મીલિટાની પ્રાર્થના કરું છું.' કારણકે આસીરિયનો (Assyrians) વિનસદેવીને મીલિટા (Mylitta) કહે છે. રૂપાનાણું ગમે એટલું નાનું હોય તોપણ તે સ્ત્રીથી ના પડાય નહિ, કાયદેથી જ એ ના પાડી શકે નહિ, કારણકે આવું રૂપાનાણું પવિત્ર મનાય છે. જે પહેલો પુરુષ રૂપાનાણું ફેંકે તેની સાથે તે સ્ત્રી જાય છે અને કોઇને ના નથી પાડતી. પણ જ્યારે એક વાર પુરુષ સાથે એ સંયોગ કરે છે અને દેવીના ધર્મઋણમાંથી એમ પોતાને મુક્ત કરે છે એટલે પછી ઘેર જાય છે. અને પછી કોઇ એને ગમે એવડી મોટી રકમ આપે તોપણ તેની પાસે તે જાય નહિ. જે સ્ત્રી રૂપે સુરેખ અને સુંદર હોય તે વહેલી મુક્ત થાય છે; પણ જે વિરૂપ હોય છે તેને જલદી કોઇ પસંદ કરે નહિ ને મુક્ત થઇ શકે નહિ અને તેથી તેને લાંબો કાળ બેશી રહેવું પડે છે. કેટલીકને ત્રણ ચાર વર્ષ સુધી ત્યાં બેસવું પડે છે. સાઇપ્રસ (Cyprus) દ્વીપના કેટલાક પ્રદેશોમાં પણ આવો રિવાજ છે."

સ્ટ્રેબો (Strabo) કહે છે કે આર્મિનિયા (Armenia) પ્રદેશમાં તો "એવો રિવાજ છે કે મહાપ્રભાવશાળી પુરુષો પણ પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંવારી પુત્રીઓ દેવીને અર્પણ કરે. એ કુમારિકાઓએ ગમે એટલા લાંબા કાળ સુધી મંદિરમાં વેશ્યાવૃત્તિ કરી હોય, તોપણ પછીથી વર મળવામાં તેમને જરા ય મુશ્કેલી નડતી નથી. એમને પત્ની તરીકે સ્વીકારવામાં કોઇ પણ પુરુષને ઘૃણા થતી નથી." પ્રાચીન ગ્રીસમાં પણ ધાર્મિક વેશ્યાસંસ્થા હતી.

દક્ષિણ હિંદુસ્થાનમાં આ જ પ્રકારની ધાર્મિક વેશ્યાસંસ્થા છે. ત્યાં આબરૂદાર ગૃહસ્થો પણ પોતાની કુમારી કન્યાઓને દેવમંદિરે દાસી થવા અર્પણ કરે છે. આથી એ કુમારિકા દેવદાસી કહેવાય છે. મંદિરમાં કે રથયાત્રાને પ્રસંગે રસ્તામાં એ દેવનાં કીર્તન ગાય છે અને મંદિરમાં દેવની પૂજા ને સેવા કરે છે, તથા તેની સામે નૃત્ય કરે છે. વળી ગમે તે પુરુષ સાથે તે સંયોગ કરે છે ને તેથી મળતા પૈસા દેવમંદિરના પૂજારીઓને આપે છે. આવો ધાર્મિક વ્યભિચાર દક્ષિણ હિંદુસ્થાનમાં ખૂબ પ્રવર્તી રહ્યો છે. એ પ્રકારની વેશ્યાવૃત્તિ બંધ કરવા માટે હાલ ધારાસભામાં પ્રયત્ન ચાલી રહ્યા છે.

આ તો થઇ જડ દેવની ઋણસેવાની કથા. હવે કરીએ જીવતા દેવ ધર્મગુરુઓની ઋણસેવાની કથા. બોઇટિયસ (Boetius) લખે છે કે : ફ્રાન્સના "બૂર્ઝસ (Bourges) નગરના ન્યાયાધીશ પાસે અમુક ગામના ધર્મગુરુઓએ ફરિયાદ કરેલી મેં જાણી છે. તે ધર્મ-ગુરુઓએ જાહેર કરેલું કે ચાલતા આવેલા રિવાજ પ્રમાણે નવી પરણેલી સ્ત્રીઓની પ્રથમ રાત્રી ઉપર અમારો અધિકાર છે."

જે. ફોર્બ્સ (J. Forbes) જણાવે છે કે મલબારમાં "બીજી બધી સ્ત્રીઓની પેઠે રાજરાણીએ પણ પ્રથમ રાત્રીનું એ ધર્મઋણ ધર્મગુરુને ચૂકવવું પડતું, તેને પહેલી ત્રણ રાત્રી ધર્મગુરુ પાસે જવું પડતું, ને વળી ધર્મગુરુના આ પરિશ્રમ માટે તેને પચાસ સોના-મહોર આપવી પડતી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રકારનું ધર્મઋણ પતવવાની રીત કામબોડિયામાં તો વળી ખૂબ આશ્ચર્યજનક છે. બધી કુમારિકાઓએ આ પ્રકારનું ઋણ લગ્ન પહેલાં જ પતવી દેવું પડતું, અને એ ક્રિયા પૂરભપકાથી થતી. એ ક્રિયા માટે કોઇ શુભ દિવસ નક્કી થતો અને તે દિવસે કન્યાનાં માબાપ સગાંવહાલાંને નોતરતાં. પિતા કોઇ બૌદ્ધ સાધુને જઇને એ ક્રિયા કરવા પ્રાર્થના કરતો ને ખૂબ ધન આપતો. ધન એટલું બધું આપવું પડતું કે ધનવાનની કન્યા ઝટ લગ્ન કરી શકતી. નિર્ધનની કન્યાનું લગ્ન જલદી થઇ શકતું નહિ, કારણકે આ ધર્મ-ક્રિયા થયા વિના કુમારિકાનું લગ્ન થઇ શકે જ નહિ! આપણા દેશમાં કન્યાના લગ્ન માટેનાં નાણાંની ભીડમાં આવી પડેલા બ્રાહ્મણોને ધન આપનાર ધર્માર્થી લોક હોય છે, તેમ એ દેશમાં પણ ધર્માર્થી લોક નિર્ધન લોકને આવી ધર્મક્રિયા કરાવવા ધનનું દાન કરે છે! તે શુભ દિવસે એ સાધુને વાજતે ગાજતે વરઘોડો કાઢીને ઘેર આણે છે ને શણગારેલા ખંડમાં પોતાની કુમારિકાની સાથે તે રાતે એને રાખે છે. બીજે દિવસે એ સાધુને પાલખીમાં બેસાડી, માથે છત્ર ધરી વાજતે ગાજતે પાછો મઠમાં મૂકી આવે છે. અને ત્યારે પાછી મોટી ભેટ તેને ધરે છે.

આવડી મોટી રકમથી નહિ અને લગ્ન પહેલાં નહિ, પણ પરણ્યા પછી પ્રથમ રાત્રીએ આપણા ગુજરાતમાં, કચ્છમાં ને મુંબઇમાં સ્ત્રીઓ ગોસાંઇજી મહારાજનું એ ધર્મઋણ પતવતી એની સાખ 'મહારાજ લાઇબલ કેસ' પૂરે છે. આ તો છેક જ ગયા જમાનાની વાત છે!

આપણાં શિવમંદિરોમાંની લિંગપૂજાનો ઇતિહાસ શિવપુરાણમાં છે. એ શિવપુરાણમાં આવેલા લિંગપુરાણમાં વિસ્તારથી આપેલી લિંગપૂજાની કથા એવી તો બીભત્સ છે કે અહીં આપી શકાય જ નહિ. ગ્રીસમાં પણ પ્રાચીન કાળે Phallus (फलम् ?) નામે લિંગદેવની પૂજા થતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામલોલુપ પુરુષે લિંગપૂજાની ગાંડછામાં તેને ધર્મ સાથે જોડવા માટે અનેક પ્રકારે ભ્રષ્ટ સ્વરૂપ આપ્યાં છે, આપે છે અને હજી યે આપ્યે જશે. બધા દેશોનાં પુરાણો જોવાથી જણાઇ આવશે કે લિંગ-પૂજાને માટે અનેક પ્રકારના ધાર્મિક સંપ્રદાય કાળે કાળે ઊભા થયા છે અને તેની પાછળ તેવા જ ક્રિયાકાણ્ડ પણ ઊભા થયા છે.

ધર્મગુરુઓના જ નહિ પણ રાજગુરુઓના–રાજાના ને સર-દારોના–પણ આવા હક સ્થાપિત થયા છે. આફ્રિકાના કાફરોમાં અને ન્યુ ઝીલૅણ્ડમાં પરણ્યા પછી દરેક સ્ત્રીએ પહેલી રાત્રી રાજા પાસે જવું પડે છે. ન્યુ મેક્સિકોની ટોહાઉસ (Tohous) જાતિમાં એવો રિવાજ છે કે કોઇ કન્યાને તેના પિતા પાસેથી ખરીદી લાવ્યા પછી પહેલી રાત તેના સરદાર પાસે મોકલવી પડે છે. વળી માર્કો પોલો તો લખી ગયો છે કે " રાજા પાસે જઇ આવ્યા પહેલાં કોઇ કુમારિકાથી પરણી શકાય જ નહિ."

યુરોપમાં પૂર્વે જ્યારે માણ્ડલિક રાજ્યપ્રણાલી (Feudal System) હતી, ત્યારે પણ રાજા કે માણ્ડલિકો નવોઢા ઉપર આવા અધિકાર ધરાવતા. સ. ૧૫૦૭ના એક દસ્તાવેજમાં ફ્રાન્સના એક માણ્ડલિક Count d'Euનો પોતાની પ્રજાની સર્વે નવોઢાઓને પ્રથમ રાત્રીએ પોતાની સાથે રાખવાના અધિકારનો ઉલ્લેખ છે. આ અધિકાર છેક અહુણા સુધી ભોગવાતો. અને આજે પણ હોલૅણ્ડ, જર્મની અને પ્રશિયાના કેટલાક માણ્ડલિકો પોતાનો આવો અધિકાર માને છે!

રાજાની ગુલામગીરી પ્રજાના પુરુષોને જ નહિ, તેમની સ્ત્રીઓને પણ કેમ ઉઠાવવી પડી છે ને પડે છે, એ આ હકીકતો સ્પષ્ટ રીતે સિદ્ધ કરે છે. કરમાં પૈસા ને બીજી વસ્તુઓ આપવી પડે તેમ નારી પણ આપવી પડે! આમ નારી તે પુરુષને મન વસ્તુ કે પશુ હોય એવી જ કંઇક વસ્તુસ્થિતિ છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા દેશોની પેઠે આપણા દેશમાં પણ પુરુષે પોતાની કામલોલુપતા અને બીજી અનેક વૃત્તિઓ પોષવાને માટે પોતાને કાંડાબળે અને ધનબળે પણ સ્ત્રીને પરાધીન કરી મૂકી છે અને તેને પરિણામે બીજાં સર્વ અનિષ્ટો પેઠે જ વેશ્યાવૃત્તિ આપણે અહીં પણ અતિપ્રાચીન કાળથી પોષાતી આવી છે ઋષ્યશૃંગ મુનિને લલચાવી તેડી લાવવા રાજા દશરથે મોકલેલી વેશ્યાઓ વિષે તેમ જ વસંતસેના ગણિકા વિષે તો આ અધ્યાયમાં જ (પૃ. ૨૫૩–૪) ઉલ્લેખ કર્યો છે. બૌદ્ધ કાળમાં પણ આપણા સમાજની દશા એવી જ હતી: "રાજદરબારમાંની નર્તકીઓ (नत्तकित्थियो) વિષેના ઉલ્લેખ જાતકગ્રંથોમાં વારંવાર આવે છે (૩૪૦). નગરમાંની ગણિકાઓ 'નગરસોભની' (नगरशोभिनी) અથવા 'વણ્ણદાસી, (वर्णदासी એટલે જ ગણિકા) કહેવાતી. તે ખૂબ ધનવાન હતી (૫૨૫, ૫૩૧, ૫૩૮, ૫૪૩), કારણકે એમને ત્યાં ધનવાનના દીકરા રોજ જતા (૫૪૬). એક રાત માટે એક હજાર દામ એ લેતી. વગર પૈસે કોઇ જતો તેને એ હાંકી મૂકતી[1] (૫૩૫). મેરુતુંગ પોતાના 'પ્રબંધચિંતામણિ' નામે ગ્રંથમાં જણાવે છે કે ભીમદેવે ગુજરાતીઓનું ચાતુર્ય બતાવવા માટે ભરવાડના વેશમાં એક પંડિતને અને એક ગણિકાને ભોજરાજાના દરબારમાં મોકલ્યાં હતાં, તેમણે ભોજરાજાને મુગ્ધ કર્યો હતો. આમ છતાં યે ગણિકાનું સ્થાન સમાજમાં કંઇ ઊંચું નહોતું. સુલસા નામે એક ગણિકા પોતાના જીવનને किलिट्ठ (કિલષ્ટ) માને છે ને ગૃહસ્થજીવન ગાળવા તલસે છે (૪૨૫). કાલી નામે ગણિકાનું આબેહૂબ અને રમુજી વર્ણન એક જાતકમાં સુંદર રીતે આપ્યું છે (૪૧૯)." (પૃષ્ઠ ૧૬૭).

અને આજે તો આપણા સમાજની સ્થિતિ એથી યે વધારે

---

૧ માટે જ વેશ્યાનો અર્થ 'વૈશ્ય – પૈસાદાર જેને ઘેર પૈસા આપીને જાય તે' (પૃ. ૨૫૨ નીચેની નોંધ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભયંકર થઇ પડી છે. અને તેમાં યે હિંદુ સમાજની સ્થિતિ તો સૌથી વધારે ભયંકર છે. કલકત્તાની વસતિ આશરે ૧૨ લાખ માણસની છે, તેમાં આશરે ૨૦ હજાર વેશ્યાઓ છે. તેમાં ૧ હજાર ઇતર જાતિની, ૪ હજાર મુસલમાન અને ૧૫ હજાર હિંદુ વેશ્યાઓ છે! બંગાળામાં સેંકડે ૫૫ ટકા મુસલમાન અને ૪૪ ટકા હિંદુ વસતિ છે, પણ વેશ્યાઓમાં સેંકડે ૨૦ ટકા મુસલમાન ને ૭૫ ટકા હિંદુ!

આનાં કારણોનું પૃથક્કરણ કરીએ :

(૧) ગામડાં કરતાં શહેરોમાં હમેશાં વેશ્યાઓ વધારે હોય છે. કારણકે ગામડાંના પુરુષો શહેરોમાં કમાવા જાય છે, પણ શરૂઆતમાં પોતાની સ્ત્રીઓને સાથે નથી લેઇ જઇ શકતા. આમ શહેરોમાં હમેશાં ગૃહનારીઓની સંખ્યા ઓછી હોય છે. આથી ત્યાંના પુરુષો પોતાની કામવાસના પરિતૃપ્ત કરવા માટે વેશ્યાને ત્યાં જાય છે. વેશ્યા એ પુરુષની કામલોલુપતાની સલામત બારી (Safety Valve) છે. કલકત્તાની ૧૨ લાખ માણસની વસતિમાં ૭ લાખ પુરુષો ને ૫ લાખ સ્ત્રીઓ ધારીએ તો ય એ હિસાબે ૩૫ પુરુષે ૧ વેશ્યા, ૨૫ સ્ત્રીએ ૧ વેશ્યા! લગ્નની દુરવસ્થાને લીધે કેટલાક પુરુષ વાંઢા રહી જાય છે એ કારણ પણ આમાં સમાઇ જાય.

(૨) હિંદુ વિધવાને બળાત્કારે વૈધવ્ય પળાવ્યાથી અને છતાં યે પુરુષે પોતાના લગ્નની મર્યાદા તોડી નાખ્યાથી સમાજમાં વ્યભિચારની રેલંછેલ થઇ રહી છે. એવી વિધવાસંસ્થાને પરિણામે આપણા સમાજમાં વેશ્યાસંસ્થાને વેગ મળ્યો છે. અનેક વિધવાઓને પુરુષો પોતાની કામલોલુપતાથી અભડાવે છે, કે અનેક વિધવાઓ પોતાની કામવાસના તૃપ્ત કરવાનો યોગ્ય માર્ગ સમાજે રુંધ્યો હોવાથી પોતે પતિત થાય છે. વ્યભિચારના એ કલંકમાંથી બચવા અનેક વિધવા-ઓને જાત્રા કરવી પડે છે, આત્મહત્યા કરવી પડે છે, કે વેશ્યાસંસ્થામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ કરવો પડે છે. આથી પણ હિંદુ વેશ્યાની સંખ્યા વધારે હોય છે. મુસલમાનોમાં વિધવાને પુનર્લગ્ન કરવાનો પ્રતિબંધ નથી.

માણીગર માણારાજને એવી સજા ખમવાની હોતી નથી, અને વળી વેશ્યાસંસ્થા વિશાળ બને એમાં એ હાનિ માનતો નથી. વિધવાસંસ્થા એની કામલોલુપતાની તૃપ્તિ અર્થે અનામત સેના નં. ૧ છે, તો વેશ્યાસંસ્થા અનામત નં. ૨ છે!

(૩) કોઇ હિંદુ સ્ત્રીને કોઇ મુસલમાન ફોસલાવીને કે બળાત્કારે ઉપાડી જાય, એટલે પછી પતી ગયું! પછી એ પાછી પોતાના હિંદુ કુટુમ્બમાં, તે ગમે તેટલું ઇચ્છે તો ય, પ્રવેશ પામી શકે જ નહિ. મુસલમાનને ઘેર એણે જખ મારીને રહેવું પડે, તેમ ન કરવું હોય તો એણે વેશ્યાસંસ્થામાં જોડાવું પડે. મુસલમાન સ્ત્રીને આવી મુશ્કેલી હોતી નથી, માટે પણ હિંદુ કરતાં મુસલમાન વેશ્યાઓ ઓછી હોય છે અને આ હિંદુ માનસ પારખી ગયાથી જ મુસલમાનો હિંદુ સ્ત્રીઓને જરા જરામાં ઉપાડી જાય છે અને તુરત તેમને વટાળી દેઇ મુસલમાન બનાવી દે છે; પછી તેને પોતાની માનવામાં તેને જરા ય ભય નથી. બેશક આમાં મુસલમાનોનો દોષ તો છે જ, પણ હિંદુઓનો કંઇ ઓછો નથી. તેવી સ્ત્રીઓને પ્રાયશ્ચિત્ત આપાને સ્વીકારી લેવાય તો મુસલમાનોનો એ પ્રકારનો અત્યાચાર બહુ ઓછો થઇ જાય, એમાં જરા ય શંકા નથી. પછી તો એ પણ સમજી જાય.

(૪) અને છેલ્લું, પણ આ ધનવાદના જુગમાં કંઇક વધારે મહત્ત્વનું થઇ પડેલું કારણ સ્ત્રીઓની આર્થિક પરાધીનતા છે. અનેક સ્ત્રીઓને અને વિધવાઓને પેટ ભરવાના સાંસા હોય છે. પૈસાની અવ્યવસ્થિત વહેંચણીના ને યંત્રવાદના આ કાળમાં તેને ઘરકામથી મળતી મજૂરી પણ બંધ થતી જાય છે ને તેવે પ્રસંગે કોળિયો ધાનને માટે કામલોલુપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સધનોને ઘેર તેને પોતાની જાત વેચવી પડે છે. શહેરોનાં કારખાનાંમાં જાય તો ત્યાંનું ભ્રષ્ટ વાતાવરણ તેને ભ્રષ્ટ કરી મૂકે. અને એવા વાતાવરણમાં રીઢી થતાં વિનાપરિશ્રમ મોજ માણવા વેશ્યાઘર ખોલે!

આ વિષયનો ગંભીર અભ્યાસ કરનાર ડૉ. બ્લેસ્કો (Dr. Alfred Blascho) આમ લખે છે: "વેશ્યાસંસ્થા તો પરાપૂર્વથી ચાલતી આવે છે, પણ પ્રચંડ સામાજિક સંસ્થા રૂપે વિકાસાવવાનું તો આ ઓગણીસમી જ સદીને કપાળે લખાયું હતું. વેપારનો આ વિકાસ, ભયંકર સ્પર્ધાએ ચાલતાં કારખાનાંમાં લોકનાં આ ટોળાં, વૃદ્ધિ પામતાં ને ભીડવાળાં આ નગરો, કામધંધો મળશે કે નહિ તેની આ અનિશ્ચિતતા, એ સઘળાએ વેશ્યાસંસ્થાને એવું બળ આપ્યું છે, જેનું માનવજાતિના આખા ઇતિહાસમાં કદી કોઇને સ્વપ્ન સરખું નથી આવ્યું."

ઇંગ્લેણ્ડનો પ્રખ્યાત વિચારક બર્નાર્ડ શૉ લખે છે કે: "જે સ્ત્રીઓ નિષ્કલંક જીવન ગાળતી હતી, તેમને પગાર ઓછો આપવા માંડયો. 'એટલાથી અમારું પૂરું થતું નથી' એમ તેમણે કહ્યું ત્યારે તેમને હમેશની પેઠે કહેવામાં આવ્યું કે: 'પણ બીજાઓનું એટલાથી પૂરું થાય છે, ત્યારે તમારે પણ એટલામાં ચલાવી લેવું જોઇએ.' કેટલાક ધંધામાં આ સ્થિતિ ફરજિયાત સ્વીકારવી પડે છે. અથવા તો બીજો એક જ માર્ગ: ભૂખે મરી જવું. . . . કેટલાક ધંધા જાતે ભ્રષ્ટ નથી હોતા, છતાં ત્યાં સ્ત્રીઓને ભ્રષ્ટ થવું પડે છે: અમુક દુકાનોમાં ખરીદનાર પુરુષોને આકર્ષવા માટે રૂપાળી ને લુગડેલત્તે શણગારાએલી, પણ કંઇક કમઅક્કલ સ્ત્રીઓને બેસાડવામાં આવે છે. એ ઠાઠ રાખવા પૂરતો પગાર ન મળે ત્યારે તેને કોઇ પુરુષને પોતાનો દેહ વેચવો પડે છે."

ધનની યોગ્ય વહેંચણી થાય અને સૌને શ્રમ પ્રમાણે જીવન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્વાહનાં સાધન મળે તો જ આ પ્રકારે પોષાતી વેશ્યાવૃત્તિનો નાશ થાય અને એકંદરે પોષાતી વેશ્યાવૃત્તિ ઓછી થઇ જાય. સોવિયેટ રુશિયાએ આ દિશામાં પ્રયોગ શરૂ કરી દીધો છે. નિત્યનારાયણ બૅનરજી લખે છે કે : "પારીસ, બર્લિન, રોમ, અને યુરોપનાં બીજાં નગરોમાં દુકાનોની બારીઓ ઉપર સ્ત્રીઓનાં નગ્ન ચિત્રો મૂકાય છે, પણ રુશિયનો એવા પ્રદર્શનને ધિક્કારે છે. ગ્રાહકોને આકર્ષવા માટે માલ દેખાડવા કુમારિકાઓને દુકાન ઉપર રાખવાની પદ્ધતિને પણ તેઓ ધિક્કારે છે. ગ્રાહક વધારવા માટે તેઓ માસિક અને દૈનિક પત્રોમાં અશ્લીલ છબિઓ કદાપિ છાપતા નથી. રાજ્ય મિતાચારનો પ્રચાર પ્રચંડ રૂપે કરે છે. ઇંગ્લેણ્ડની પેઠે કાયદાથી નહિ, પણ વ્યવહારાચારથી એમણે વેશ્યાવૃત્તિનો લગભગ નાશ કરી દીધો છે. એમણે અનેક શુદ્ધિગૃહ બાંધ્યાં છે, ત્યાં વેશ્યાઓને રાખે છે, સુધારે છે ને તેમને કામ આપે છે. તેમને એવા ઉદ્યોગ શીખવે છે, જેથી તેઓ સ્વતંત્ર રીતે જીવન ગાળી શકે. એક વર્ષ સુધી તો તેમને એ શુદ્ધિગૃહોમાંથી કાયમને માટે બહાર જવા દેવામાં આવતી નથી. તે દરમિયાન સોવિયેટો તેમના આચારવિચાર શુદ્ધ કરવાના પ્રયત્ન કરે છે. બેશક તેમને ઉત્સવોમાં કે સભાઓમાં જવા દેવાય છે પણ તે સિવાય તેમને રોકી રાખવામાં આવે છે અને સુધારવામાં આવે છે. એકાદ વર્ષ પછી તેમને માટે કામ શોધીને તેમને તે કામે વળગાડે છે. છતાં કોઇ પાછી વેશ્યાવૃત્તિ તરફ વળે છે તો તેને શુદ્ધિગૃહમાં લેઇ જાય છે ને તેને સુધારવાના પ્રયત્ન થાય છે. પહેલાં રુશિયામાં વેશ્યાવૃત્તિ કાયદેસર હતી, તેમને 'પીળી ટીકિટ' અપાતી અને તેથી યાહુદી સ્ત્રીઓ પણ નગરોમાં વસીને વેશ્યાવૃત્તિ ચલાવી શકતી. 'પંચવર્ષીય યોજના'ની શરૂઆતમાં મૉસ્કો નગરનાં શુદ્ધિગૃહોમાં ૪૦૦૦ વેશ્યાઓ હતી, હવે માત્ર ૫૭૫ જ છે અને શુદ્ધિગૃહ પણ એક જ રહ્યું છે. સોવિયેટો અનીતિનો નાશ કરે છે એનું આ પ્રમાણ નથી? જે દેશો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેશ્યાવૃત્તિને કાયદેસર ઠરાવે છે ને વેશ્યાઓને પરવાના આપે છે તે દેશો રુશિયા કરતાં પોતે વધારે નીતિમાન હોવાનો દાવો કરી શકે એમ છે?" ('મૉડર્ન રિવ્યુ,' ડિસેમ્બર, ૧૯૩૩, પૃષ્ઠ ૬૮૯)

આર્થિક સંકટને પરિણામે કરવી પડતી વેશ્યાવૃત્તિનો મોટે ભાગે નાશ કરવાનો આ મુખ્ય ઉપાય છે.

વેશ્યાવૃત્તિ જેવી પ્રકટ નહિ, પણ બીજી એક ગુપ્ત વૃત્તિ પણ સમાજમાં પ્રાચીન કાળથી ચાલી આવે છે તેનો પણ છેવટે ઉલ્લેખ કરી લેઇએ. એ વૃત્તિ આચરનાર વેશ્યા નથી કહેવાતી, રખાત કહેવાય છે. એ સમાજના – ગણના દરેક માણસની વિષયતૃપ્તિ કરવા ચૌટામાં બેસતી નથી, તેથી ગણિકા નથી કહેવાતી; અમુક પુરુષ તેને પોતાના ઘરમાં રાખે છે, માટે તે રખાત કહેવાય છે. પણ છતાં યે એ સીમાબદ્ધ વેશ્યાવૃત્તિ તો છે જ, ખાસ કરીને એટલા માટે કે વૈશ્ય – પૈસાદાર – તેને રાખી શકે છે.

સર્વ દેશોમાં આવી રખાતો રાખવાનો રિવાજ પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે. આપણાં પુરાણોમાં અનેક રાજાઓને અમુક પટ્ટ-રાણીઓ – મુખ્ય પત્નીઓ – અને તે ઉપરાંત અનેક ઉપપત્નીઓ હોવાની કથાઓ આવે છે. યુરોપમાં પણ એમ જ હતું. અને આજે પણ યુરોપ એકપત્ની લગ્નની સંસ્થા સ્વીકાર્યા છતાં રખાતો રાખ્યે જ જાય છે, અથવા એમ પણ કહી શકાય કે એ સંસ્થા સ્વીકાર્યાને લીધે જ રખાતો રાખ્યે જાય છે; કારણકે પુરુષ એકપત્ની લગ્નથી સંતોષ પામતો નથી, તેથી અનેકપત્ની લગ્નના પોતાના મૂળ સ્વભાવ તરફ વળે છે. રુશિયોમાં તો રખાત એ ઉમરાવ ઘરની શોભા ગણાતી ને ટૉલ્સ્ટૉય પણ તેનો ભોગ થઇ પડ્યો હતો. પરિણામે યુરોપ જેમ જેમ એકપત્ની લગ્નનો પ્રકટ આડંબર કરતો જાય છે, તેમ તેમ ગુપ્ત રખાતો રાખવાને માર્ગે વધારે પ્રચંડ ભાવે ધસતો જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંના એકે એક દેશમાં અનૌરસ (Illegitimate) બાળકોની સંખ્યા વધતી જ જાય છે. એકલા ફ્રાન્સમાં જ જુઓ :

ઇ. સ. ૧૮૦૦ – ૧૮૦૫માં	સેંકડે	૪·૭૫ ટકા અનૌરસ બાળક હતાં.
૧૮૦૬ – ૧૮૧૦		૫·૪૩
૧૮૨૧ – ૧૮૨૫		૭·૧૬

ત્યાર પછી ફ્રાન્સમાં એ સંખ્યા ૭·૨૫ની આસપાસ ભમ્યા કરે છે. પણ સ્વેડનમાં ૧૭૭૬માં એવાં બાળકો ૩·૧૧ હતાં, તે ૧૮૬૬માં ૯·૫ ટકા થયાં અને સૅક્સનીમાં તો ૧૮૬૨ – ૧૮૬૪માં ૧૫·૩૭ ટકા અનૌરસ બાળક હતાં.

આપણા દેશમાં પણ અનેક ધનવાનો રખાતો રાખે છે. બેશક ગુજરાતી કરતાં દખણીમાં એ રિવાજ વધારે છે. તેઓ એને અંગવસ્ત્ર કહે છે. મનુસ્મૃતિમાં પણ આવી રખાતોનો ઉલ્લેખ છે (૮ : ૩૬૩). મેરુતુંગ 'પ્રબંધચિંતામણિ'માં લખે છે તે પ્રમાણે ભીમની રખાતનો પુત્ર હરિપાલ, તેનો પુત્ર ત્રિભુવનપાલ ને તેનો પુત્ર કુમારપાલ હતો.

સંસારીની પેઠે સાધુને પણ આ રોગ વળગેલો હોય છે, સાધુને ખાસ એટલા માટે કે સંસારીની પેઠે એ લગ્ન કરી શકે નહિ, અને છતાં પોતાની કામવાસના પરિતૃપ્ત કરવા એને સલામત બારી તો જોઇએ જ. ઇંગ્લૅણ્ડમાં આવેલા કૅણ્ટર્બરીના એક મઠની સ. ૧૧૭૧માં તપાસ થએલી, ત્યારે ત્યાંના મુખ્ય આચાર્યને જ, વળી એક જ ગામમાં, ૭૦ અનૌરસ બાળકો હતાં એમ જણાએલું ! યુરોપના અનેક પ્રદેશોમાં રખાતો રાખનાર સાધુઓ પાસેથી રીતસર કર લેવાતો. વળી સાધુઓ પોતાનાં ઘર ભેલાડે નહિ, એટલા માટે ખૂદ સંસારીઓ જ એ સાધુઓને રખાતો રાખવાની ફરજ પાડતા. આવું કરનાર સંસારીનો બહિષ્કાર કરવો એવો ઠરાવ પાલેન્શિયાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(Palencia – સ્પેનમાં) ધર્મસભાએ સ. ૧૩૩૨માં કરેલો. અનેક સ્વીસ પરગણાંમાં આ રિવાજ હતો, અને સાધુઓ બ્રહ્મચર્ય પાળી શકે જ નહિ એમ છડેચોક આચાર્યો પણ બોલતા. "જાહેર સભાઓમાં પણ એ સાધુઓ પોતાની વેશ્યાઓને સાથે લેઇને જતા. અનાચારને માટે જુવાન રસોઇયણો રાખતા. તોફાન ખૂબ વધી ગયું અને લોકાપવાદ અસહ્ય થઈ પડ્યો, ત્યારે પોપમહારાજે આજ્ઞાપત્ર કાઢ્યું, જે કોઇ સાધુએ 'ચાળીસ વર્ષથી નાની' રસોઇયણ રાખવી નહિ. આજ્ઞાપત્રને માન આપ્યા વિના તો છૂટકો નહિ, એટલે ઉસ્તાદ સાધુઓએ બાવીસ બાવીસ વર્ષની બે રસોઈયણો રાખી અને એ બે મળીને ચૂંવાળીસ વર્ષની એટલે 'ચાળીસ વર્ષથી નાની' નહિ, એવી એક રસોઇયણ બનાવી દીધી! એકને બદલે બે રસોઇયણ રખાઇ ને વળી કાયદાને માન પણ અપાયું!" ('ઇશ્વરનો ઇનકાર': ૧૫૩). હવે ત્યાં ધર્મગુરુઓ અને સાધુઓ પ્રકટ રીતે રખાતો રાખી શકતા નથી, પણ ગુપ્ત રીતે હજી યે રાખે છે

અને આપણા દેશમાં? અહીં અનેક રખડતા સાધુઓ રામકીને લેઇને પ્રકટ રીતે ફરે છે તેમની વાત જવા દેઇએ, તોપણ અનેક મંદિરવાસી અને મઠવાસી સાધુઓ અને આચાર્યો પણ રખાતો રાખે છે એમ તપાસતાં જણાશે. એક સંસારી ધર્માચાર્યને પોતાના રસાલામાં સેવકો ભેગી, પુરુષના વેશમાં પોતાની એક રખાતને ફેરવતો મેં સાંભળ્યો છે!

આ આખા અધ્યાય ઉપરથી જોઇ શકાશે કે એકપત્ની લગ્નની સંસ્થા માનવસમાજમાં જ્યારથી વિકાસ પામી, ત્યારથી જ સાથે સાથે વેશ્યાસંસ્થા વિકાસ પામી છે. નરનારીની સંયોગભાવનાના એક જ વૃક્ષમાંથી ફૂટેલી એ બે શાખાઓ છે. આજ સુધી વેશ્યાવૃત્તિની એ શાખા ફૂટતી જ રહી છે. કોઇ જાતિ, કોઇ ધર્મ, કોઇ રાજ્ય એ શાખાને સમૂળી છેદી શક્યું નથી; વારંવાર ઝૂડી કર્યા છતાં આમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે તેમ ગમે ત્યાંથી એ ફૂટતી જ રહી છે. કોઇ પણ કાળે એને સમૂળી છેદી શકાશે કે કેમ તે પણ શંકાસ્પદ છે. પુરુષ એકપત્ની લગ્નથી સંતોષ પામતો નથી, એને नवं नवं प्रीतिकरम् વૃત્તિ છોડવી ગમતી નથી, એની કામલોલુપતાનો પાર નથી. જ્યાં સુધી પુરુષ સંયમધર્મ શીખશે નહિ, ઉપરથી લગ્નશીલ પણ અંદરથી લગ્નશિથિલ અને કામલોલુપ રહેશે, ત્યાં સુધી તો વેશ્યાસંસ્થાને ગમે તેવો કાયદો કે વ્યવસ્થા પણ સમૂળી છેદી શકશે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૩૦

વ્યભિચાર

અત્યાર સુધીના અધ્યાયોથી આપણે જાણી શક્યા છીએ કે આદિ-માનવોમાં લગ્ન જેવું કંઇ યે હતું નહિ. ધીરે ધીરે વિકાસથી ગણ-લગ્ન, પછી અનેકપતિ લગ્ન અને પછી પુરુષને કાંડાબળે અનેકપત્ની લગ્નનો વિકાસ થયો.

જ્યાં લગ્ન ન હોય ત્યાં તો વ્યભિચાર જેવું કંઇ હોય જ નહિ. ગણલગ્નમાં પણ એક ગણનો પુરુષ બીજા ગણની સ્ત્રી સાથે સંયોગ કરે, તોપણ લગ્નનાં બંધન જેવું કંઇ ખાસ ન હતું એટલે તેમાં કંઇ ખાસ અપરાધ ગણાતો નહિ. અનેકપતિ લગ્નમાં સ્ત્રી ગમે તે પુરુષને રાખે ને ગમે તેને કાઢે, પછી પુરુષ ગમે તે સ્ત્રી સાથે રહેવા જાય. આ સ્થિતિમાં યે લગ્નનાં બંધન સજડ નહિ, એટલે વ્યભિચાર જેવું કંઇ ન હતું. પણ જ્યારથી પુરુષે પોતાને કાંડાબળે સ્ત્રીને પોતાની કરી, અનેક સ્ત્રીઓ સાથે લગ્ન કરવા માંડ્યાં અને બીજી વસ્તુઓ અને પશુઓ પેઠે તેમને પણ પોતાની માલેકીની ગણવા માંડી, ત્યારથી તેના ઉપરના સર્વ અધિકાર તેણે સ્વાધીન રાખવા માંડ્યા. પોતાના માલની કે ઢોરની કોઇ ચોરી કરે તો ચોરનારને જેમ સજા થાય, તેમ પોતાની સ્ત્રીની સાથે ચોરીથી – ગુપ્તરીતે -- કોઇ પુરુષ સંયોગ કરે તો તે પુરુષને પણ તેવી જ રીતે સજા થવી જોઇએ, એવો ભાવ પેદા થયો. પણ માલમાં જીવ હોતો નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઢોરમાં જીવ હોય છે પણ પોતાના માલેકને અનુરક્ત રહેવા ન રહેવાનો એને વિવેક હોતો નથી, એટલે માલને કે ઢોરને સજા થતી નથી, માત્ર ચોરનારને જ સજા થાય છે. પણ પોતાના ધણીને (ધનીને) – માલેકને – અનુરક્ત રહેવું એટલું ભાન સ્ત્રીને તો હોવું જ જોઇએ એમ માન્યાથી વ્યભિચારને પ્રસંગે તો તે પુરુષને અને પોતાની સ્ત્રીને પણ સજા થવી જ જોઇએ એમ પુરુષે માન્યું. પણ ચોરાએલા માલ કે પશુ માટે તેનો ધણી ચોરનારને ક્ષમા કરે તો તેને સજા થાય નહિ, તેમ પોતાની સ્ત્રી સાથે સંભોગ કરનાર પુરુષને તે સ્ત્રીનો ધણી ક્ષમા કરે તો તેમાં વ્યભિચારનો અપરાધ ગણાય નહિ. આવા પ્રકારના સંભોગનો સમાવેશ મોટે ભાગે વેશ્યાવૃત્તિમાં જ થઇ જાય છે એમ આપણે ગયા અધ્યાયમાં જોયું છે. આથી પોતાના માલ કે પશુની ચોરીના અપરાધ માટે તેને માલેકે જ ફરિયાદી કરવાની હોય છે, તેમ પોતાની સ્ત્રી સાથેના વ્યભિચારના અપરાધ માટે પણ તેના ધણીએ – માલેકે – જ ફરિયાદી કરવાની હોય છે. વિધવાને કોઇ ધણી હોતો નથી એટલે એના વ્યભિચાર માટે કોઇથી ફરિયાદ થઇ શકતી નથી; વળી સ્ત્રી તો પોતાના ધણીનો ધણી કે માલેક નથી, ધણીનો કોઇ ધણી નથી, તેથી તે સ્ત્રીથી પણ પોતાના પુરુષ ઉપર બીજી સ્ત્રી સાથેના વ્યભિચારના અપરાધ માટે ફરિયાદ થઇ શકતી નથી; એ પુરુષ ઉપર તો, એણે જે પુરુષનો સ્ત્રી-માલ બગાડ્યો હોય કે ચોર્યો હોય, તે જ પુરુષ ફરિયાદ કરી શકે. તાત્પર્ય એટલું જ કે પુરુષ કોઇ વિધવા સાથે વ્યભિચાર કરે તો તેના ઉપર સમાજનો કે રાજ્યનો કોઇ અપરાધ ઠરતો નથી. બીજું તાત્પર્ય એ કે વ્યભિચાર જો સજાપાત્ર અપરાધ હોય તો પુરુષ પોતાની સ્ત્રીએ પરપુરુષ સાથે કરેલા વ્યભિચારને એવો સજાપાત્ર અપરાધ ગણી શકે. બાકી સ્ત્રી પોતાને પુરુષે પરસ્ત્રી સાથે કરેલા વ્યભિચારને એવો સજાપાત્ર ગણી શકે નહિ; આમ એ શબ્દ એકપક્ષી છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં પણ સ્ત્રીની પરાધીનતા સ્પષ્ટ થાય છે, પુરુષને પોતાના અને સ્ત્રીના સર્વ અધિકાર સ્વાધીન છે.

વ્યભિચારના અપરાધ માટે સ્ત્રીને અને તેના જારને જુદા જુદા કાળમાં જુદી જુદી સજાઓ થતી હતી ને થાય છે. સમાજ જ્યારે બાલ્યાવસ્થામાં હતો અને લગ્નબંધન શિથિલ હતાં ત્યારે પુરુષનો સ્ત્રી ઉપરનો માલકીહક પણ શિથિલ હતો અને ત્યારે વ્યભિચારના અપરાધ માટે બહુ ક્રૂર સજાઓ નહોતી થતી. સમાજ જેમ જેમ કિશોર અને યુવાન અવસ્થામાં આવતો ગયો તેમ તેમ એ અપરાધ માટે અતિ ભયંકર અને ક્રૂર સજાઓ થવા લાગી. પણ એ વિષયમાં જેમ જેમ સમાજ કંઇક વૃદ્ધ થવા લાગ્યો તેમ તેમ તેને અનુભવ-જ્ઞાન આવતું ગયું, ડહાપણ આવતું ગયું. માનવસ્વભાવની લગ્નભાવના વિષેની સ્વાભાવિક નિર્બળતાનું ભાન તેને આવતું ગયું તેમ તેમ તે આત્મપરીક્ષણ કરતો ગયો, અપરાધી પ્રત્યે સહૃદય બનતો ગયો અને તેને સજા કરવામાં નરમ પડતો ગયો.

કાળે કાળે જુદી જુદી જાતિઓમાં એ પ્રમાણે વિકાસ પામતા સજાઓના પ્રકાર આપણે હવે સંક્ષેપમાં જોઇએ.

અહુણા જ જણાવ્યું છે કે "સ્ત્રી પોતાને પુરુષે પરસ્ત્રી સાથે કરેલા વ્યભિચારને સજાપાત્ર અપરાધ ગણી શકે નહિ." જગતમાં આ નિયમ સર્વસામાન્ય થઇ પડ્યો છે, તોપણ તેમાં એક આશ્ચર્ય-જનક અપવાદ માલમ પડ્યો છે: ડોર્સે (J. O. Dorsey) કહે છે કે ઉત્તર અમેરિકામાં વસતી ઓમાહા (Omaha) જાતિમાં સ્ત્રી પોતાના વ્યભિચારી પુરુષને અને તેની સાથે વ્યભિચાર કરનાર સ્ત્રીને પણ સજા કરાવી શકે છે. આખા જગતમાં આ એકમાત્ર અપવાદ છે, બાકી તો પુરુષ સર્વત્ર માણીગર છે, માણારાજ છે, સ્ત્રીનો ધણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે; અને ધણીનો કોઇ ધણી છે? એના અપરાધ માટે સજા કરનાર સ્ત્રી વળી કોણ ?

અને ધણી તો પોતાની સ્ત્રીને અને તેના જારને સજા કરી કે કરાવી શકે એવો કાયદો તો આખા જગતમાં છે. આમાં અપવાદ નથી. પણ જ્યાં લગ્નશિથિલતા છે ત્યાં વ્યભિચાર વિષે ધણીની ઇર્ષ્યા તીવ્ર નથી. ત્યાં પરપુરુષ સાથેના સંબંધને વ્યભિચાર જેવો લેખવામાં આવતો નથી. કેટલેક સ્થળે તો વસ્તુસ્થિતિ ઊલટી જ છે. પોલીને-સિયાની કેટલીક જાતિઓમાં તો હરકોઇ પુરુષને પોતાની મિત્રપત્ની સાથે સંબંધ રાખવાનો હક છે. નૌકાહીવામાં તો રાજાના રાણી-વાસમાં અમુક પુરુષ રહે છે. રાજા ઘેર હોય ત્યાં સુધી એ પુરુષ રાણીની સેવા કરે, રાજા બહારગામ જાય ત્યારે એ રાણીના અવેજી પતિનું કાર્ય બજાવે! અમેરિકાના એસ્કીમોમાં પણ અવેજી પતિનો રિવાજ છે. લગ્નશિથિલતાના અધ્યાયોમાં આવા અનેક પ્રસંગો આપણે જોયા છે.

લગ્નબંધન કંઇક જડ થવા માંડે છે તેમ સજાઓ પણ કંઇક વધારે થવા લાગે છે, છતાં યે બહુ સખ્ત નહિ. ન્યુ કેલેડોનિયામાં કોઇ પરણેલો પુરુષ વ્યભિચાર કરે તો તેની સ્ત્રી ઉપર ગામના જુવાનિયા અત્યાચાર કરીને સંતોષ માને છે, વ્યભિચારી પુરુષને એથી વધારે સજા નથી થતી; પારકો માલ આણે બગાડ્યો, માટે આનો માલ ગામના સૌએ મળી બગાડવો એ એમાં ભાવ છે. બોર્નોઉ (Bornou) પ્રદેશમાં (આફ્રિકામાં) વ્યભિચાર કરનાર સ્ત્રીપુરુષના હાથપગ બાંધે છે અને તેમનાં માથાં એકબીજાના સામે અફાળે છે. સેનીગાલ પ્રદેશમાં વ્યભિચારી પુરુષ પાસેથી થોડા પૈસા લેઇ તેને જતો કરે છે. તિબેટમાં અનેકપતિ લગ્ન છે અને તેથી વ્યભિચાર ભારે અપરાધ ગણાતો નથી. ત્યાં વ્યભિચારને પ્રસંગે સ્ત્રીને થોડી મારે અને તેનો જાર તેના પતિઓને થોડા પૈસા આપે એટલે વાત પતી જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓર્નિયોના ડચાક લોકોમાં પણ થોડા પૈસા આપ્યે પતી જાય.

સ્ત્રી સુંદર અને આકર્ષક છે, માટે પુરુષ આકર્ષાય છે અને વ્યભિચાર કરે છે: પુરુષની કામલોલુપતા ઢાંકવાને માટે પ્રવર્તી રહેલા એ ખોટા ખ્યાલ વિષે આપણે द्वारं किमेकं नरकस्य नारी? એ અધ્યાયમાં વિસ્તારથી ચર્ચા કરી છે. આપણા દેશની પેઠે અનેક દેશોમાં એ ખ્યાલ પ્રવર્તી રહ્યા છે અને તેથી વ્યભિચારના અપરાધને પ્રસંગે સ્ત્રીને વિરૂપ બનાવવાની સજા કરવામાં આવે છે. એક બર્બર (Berber) જાતિમાં વ્યભિચાર કરનાર સ્ત્રીનું માથું મૂંડાવી નાખે છે. અમેરિકાના મૂળ વતનીઓ (Redskins) તેવી સ્ત્રીનું નાક અને અનેક વખતે કાન પણ કરડીને તોડી નાખે છે. આપણા દેશમાં પણ હલકી ગણાતી વર્ણોમાં આ રિવાજ અજાણ્યો નથી. મેક્સિકોમાં અને યુકાતાનમાં તો ન્યાયાધીશો પણ તેવી સ્ત્રીને આવી સજા ફરમાવે છે. ડિયોડોરસ (Diodorus) કહે છે તે પ્રમાણે પ્રાચીન ઇજીપ્તમાં પણ તેવી સ્ત્રીનું નાક કાપી લેવાની સજા થતી. કૉકેસસ પર્વતમાં પ્રાચીન કાળે વસતી થેર્કેસ (Therkess) જાતિમાં તેવી સ્ત્રીનું માથું મૂંડાવી દેવાતું, તેના કાન કાપી નંખાતા અને પછી તેના બાપને ત્યાં મોકલી દેવાતી; બાપ તેને વેચી નાખે કે મારી નાખે. કેન્યુટ (Canute) રાજાના સમય સુધી ઇંગ્લૅણ્ડમાં પણ તેવી સ્ત્રીનું માથું મૂંડાવી દેવાતું, કેડ સુધી તેનું શરીર ઉઘાડું કરી દેવાતું; પછી તેનાં સગાંવહાલાંના દેખતાં તેના ઘરમાંથી તેને ઘસડી કાઢતા ને મરી જાય ત્યાં સુધી રસ્તા ઉપર થઇ ચાબુકે મારતા ખેંચી જતા. તેના જારને ઝાડ ઉપર લટકાવી મારતા. આબિસિનિયામાં પુરુષ એવી સ્ત્રીને ચીંથરાં પહેરાવીને હાંકી મૂકતો ને એટલેથી સંતોષ પામતો.

યુરોપમાં મધ્યકાળે વ્યભિચારી સ્ત્રીનું સ્ત્રીધન જપ્ત થતું અને તેને મરતા સુધી કોઇ મઠમાં પૂરી રાખવામાં આવતી. ૧૫૬૧ના એક કાયદા પ્રમાણે એ સજા ઉપરાંત તેને ચાબુકોનો માર પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારવામાં આવતો. કેટલીક વખત તેને નિર્લજ્જ સજા પણ કરવામાં આવતી. જોને (૧૩૬૨માં), ચાર્લ્સ લ બેલે (Charles le Bel ૧૩૨૫માં), અને ૧૧મા લુઇ રાજાએ (૧૪૬૩માં) કરેલા કાયદાથી જણાય છે, કે વ્યભિચારી સ્ત્રીને નગ્ન કરીને આખા નગરમાં દોડાવવામાં આવતી, એવો પ્રાચીન રિવાજ અમુક નગરોમાં તે સમયે પણ પળાતો. અમેરિકાની ઓમારા જાતિમાં તો એવો નિર્લજ્જ અને ભ્રષ્ટ રિવાજ હતો કે વ્યભિચારી સ્ત્રીને નગ્ન કરીને થાંભલે બાંધે, પચીસ ત્રીસ માણસો તેની સાથે નિર્લજ્જ અને અશ્લીલ વ્યવહાર કરે અને પછી તેને તેનો ધણી હાંકી મૂકે!

પણ જેમ જેમ લગ્નબંધન સજડ થતાં ગયાં અને અનેકપત્નીલગ્નની પ્રથા પણ ચાલતી રહી, તેમ તેમ સ્ત્રી ઉપરની ચોકીની ચીવટ પુરુષને વધી ને વ્યભિચારને માટે સજા વધારે ભયંકર થતી ગઇ. આફ્રિકાનો હોટેણ્ટોટ પુરુષ પોતાની સ્ત્રીનો—તેના જીવનમરણનો—કુલ મુખ્ત્યાર ને ધણી ગણાય છે. નાના નાના અપરાધને માટે પણ તે પોતાની સ્ત્રીને મારી નાખે, ને વ્યભિચાર જેવા ગંભીર અપરાધને માટે તો તેને મારી નાખ્યા વિના છોડે જ કેમ?

પ્રાચીન કાળે યાહુદીઓમાં વ્યભિચારિણીને પત્થરબાજી કરીને મારી નાખતા. ડેન્માર્કમાં ખૂનને માટે દંડની સજા થતી, પણ વ્યભિચારી સ્ત્રીને બાળી મૂકવામાં આવતી; તેના જારને તેની હોલવાઇ ગએલી આગ ઉપર ફાંસી દેવાતી. ઇંગ્લૅણ્ડમાં રાજા એડ્મંડ ખૂનને અને વ્યભિચારને એકસરખા અપરાધ માનતો. ન્યુ ઝીલૅણ્ડમાં એક ઠાકોરે પોતાની વ્યભિચારી સ્ત્રીને માથામાં ગદા મારીને મારી નાખી હતી એમ માર્સ્ડન (Marsden) નામે પાદરી જણાવે છે. અને તાહિતી (Tahiti) દ્વીપમાં એવી જ રીતે એક જણે પોતાની સ્ત્રીને મારી નાખતાં કૂકે (Cook) જોએલી. સર્વે દેશોમાં આવા પ્રસંગો અવારનવાર બન્યા જ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આપણા મનુમહારાજે યોજેલી સજા તો સૌથી ભયંકર છે: “જે સ્ત્રી સગાંસંબંધીઓના તથા સૌન્દર્યના અભિમાનને લીધે પોતાના પતિનું ઉલ્લંઘન કરે એટલે વ્યભિચાર કરે તે સ્ત્રીને રાજાએ ઘણાં મનુષ્યોની સમક્ષ પ્રસિદ્ધ સ્થાનમાં કૂતરાઓ પાસે ફાડી ખવરાવવી” (૮: ૩૭૧), જોકે “ઊંચી જાતના પુરુષ સાથે સમાગમ કરનારી કન્યાને જરા પણ દંડ કરવો નહિ” (૩૬૫), એવું પણ એમણે વિધાન આપ્યું છે. આ બે શ્લોકો ઉપરથી સ્ત્રી વિષે મનુની કેવી ભાવનાઓ હતી તે વિષે પુષ્કળ અનુમાનો કાઢી શકાશે.

પોતાના બગડેલા માલ ઉપર પુરુષ જો આટલો ક્રૂર થાય, તો આ માલને બગાડનાર ઉપર તો એથી યે વધારે ક્રૂર થાય એમાં તો આશ્ચર્ય જ શું!

ન્યુ કેલેડોનિયન જાતિમાં વ્યભિચારી પુરુષને મારી નાખવા સુધીની સત્તા સ્ત્રીના પતિને છે અને તેથી તે પતિ પોતાની સ્ત્રી સાથે વ્યભિચાર કરનાર પુરુષને ઘણું કરીને મારી જ નાખે છે. પણ કનાલામાં (Kanala) વ્યભિચાર એ સામાજિક અપરાધ ગણાય છે અને તેથી વ્યભિચારી પુરુષને જાતિના પંચ સમક્ષ ખડો કરવામાં આવે છે; અપરાધ સાબિત થાય તો તેને ત્યાં ને ત્યાં જ મારી નાખવામાં આવે છે. દાહોમીમાં (Dahomey) વ્યભિચારી પુરુષને જીવતો બાળી મૂકતા. ઉગાણ્ડામાં રાજા મ્તેસા (M'tesa) વ્યભિચારીઓનાં અંગપ્રત્યંગ કપાવી નાખતો અને અપરાધીઓની નજર સમક્ષ તે અંગપ્રત્યંગ ગીધસમળીઓને નાખતો અને છેવટે અપરાધીઓને મારી નંખાવતો. ઉત્તર અમેરિકાની કોરીઆક (Koriak) જાતિ વ્યભિચારમાં પકડાએલાં સ્ત્રીપુરુષને તુરત જ મારી નાખે છે. અલ્જિરિયાની કાબીલે જાતિમાં કોઇ પુરુષ કોઇ સ્ત્રીને લેઇને નાશી જાય તો તે આખા સમાજનો શત્રુ ગણાય છે; જે ગામમાં તે જઇ ભરાયો હોય તે ગામને પેલા લોક ઘેરો ઘાલે છે અને તે નાશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનાર પુરુષ હાથ આવે તો તેને મારી નાખે છે. વ્યભિચાર વિષે એ જાતિમાં એટલા તીવ્ર ખ્યાલ છે કે સ્ત્રીને ચુંબન કરનારને પણ વ્યભિચારી ગણી મારી નાખે છે. પ્રાચીન ગ્રીસમાં પણ પુરુષ પોતાની સ્ત્રી સાથે વ્યભિચાર કરનાર પુરુષને મારી નાખવાનો અધિકારી હતો. તાસ્માનિયામાં કોઇ સ્ત્રી કોઇ યુરોપિયન પુરુષ સાથે વ્યભિચાર કરે તો તે સ્ત્રીનો પતિ રાજી થાય ને માનપાત્ર ગણે, પોતાની જાતિનો કોઇ પુરુષ વ્યભિચાર કરે તો તેને મારી નાખે! સુધરેલા અમેરિકામાં યુરોપિયન પુરુષ કોઇ સીદી સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો તેનો એ અપરાધ છેક સામાન્ય મનાય; પણ કોઇ સીદી પુરુષ કોઇ યુરોપિયન સ્ત્રી સાથે વ્યભિચાર તો શું, પણ તેવા પ્રકારનું તેને કંઇ અડપલું કરે, તોપણ યુરોપિયનો એકઠા મળીને રાજ્યના કાયદાની ઉપરવટ કરીને પણ તે સીદીને જીવતો બાળી (Lynching) મૂકે. પૂર્વ આફ્રિકામાં પણ યુરોપિયનો સીદીઓ સાથે લગભગ આવો વ્યવહાર કરે છે. આમાં વ્યભિચારના અપરાધ ઉપરાંત જાતિનું ને વર્ણનું અભિમાન છે.

દુ ચાઇલુ (Du Chaillu) જણાવે છે કે પશ્ચિમ આફ્રિકામાં આવેલા ગાબૂન (Gaboon) પ્રાન્તમાં રાજાની રાણીઓના સ્થાન પ્રમાણે તેની સાથે વ્યભિચાર કરનારને સજા થાય છે. એની પટરાણી સાથે વ્યભિચાર કરનારને અતિભયંકર સજા થાય છે. વ્યભિચારનો ઇસારો પણ કરનાર પુરુષને ગુલામ બનાવી વેચી દેવામાં આવે છે. બીજી સામાન્ય રાણી સાથે વ્યભિચાર કરનારને મોટો દંડ કરીને જતો કરવામાં આવે છે.

વળી સમાજમાં પુરુષનું સ્થાન જેમ ઊંચે, તેમ તેની સ્ત્રી સાથે વ્યભિચાર કરનારને ભારે સજા, એવો પણ નિયમ અનેક જાતિઓમાં હોય છે. ન્યુ કેલેડોનિયામાં રાજાની રાણીઓ બીજી સ્ત્રીઓ કરતાં વધારે પવિત્ર મનાય છે. આથી રાણી પ્રત્યે વ્યભિચાર સંબંધેતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરા પણ અપકૃત્ય કરનારને ભયંકર સજા થાય છે. રાણી એક વાર શીપોલીઓ વીણતી હતી, ત્યારે તેના પ્રત્યે આંખ ફરકાવનારને પણ મારી નાખ્યો હતો એમ મૉન્સેલિયોંએ (M. Moncelon) જોએલું.

અને આપણા મનુમહારાજની પણ એ જ મનોવૃત્તિ છે: "શૂદ્ર પુરુષ બ્રાહ્મણ સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો તેને પ્રાણાન્ત દંડની સજા કરવી" (૮: ૩૫૯). "શૂદ્ર પુરુષ દ્વિજ જાતિની નધણિયાતી સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો તેનું ગુપ્ત અંગ કાપી નાખવું ને તેનું સર્વસ્વ હરી લેવું, ધણિયાતી સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો તેનાં સર્વે અંગ કાપી નાખવાં ને તેનું સર્વસ્વ હરી લેવું" (૩૭૪). "ક્ષત્રિય અથવા વૈશ્ય પુરુષ નધણિયાતી બ્રાહ્મણ સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો અનુક્રમે તેમનો ૧૦૦૦ અને ૫૦૦ પણ દંડ કરવો, પણ ક્ષત્રિય અથવા વૈશ્ય પુરુષ ધણિયાતી બ્રાહ્મણ સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો તે બંનેને શૂદ્રના જેટલી જ સજા કરવી અથવા તો તે બંનેને કટ જાતના ઘાસના અગ્નિમાં બાળી મૂકવા" (૩૭૬, ૩૭૭). "નીચ જાતિનો પુરુષ ઉચ્ચ જાતિની કન્યા સાથે વ્યભિચાર કરે તો તે અંગભંગની સજાને પાત્ર થાય છે, પણ કોઇ પુરુષ પોતાની જ જાતિની કન્યા સાથે વ્યભિચાર કરે અને તે કન્યાના પિતાની ઇચ્છા હોય તો તે કન્યાનું મૂલ્ય આપીને તેની સાથે લગ્ન કરે" (૩૬૬).

પણ મનુએ વ્યભિચારી બ્રાહ્મણ પુરુષનું તો સારી રીતે સાચવી લીધું છે, તેને તો હલકી સજાથી જવા દીધો છે: "બ્રાહ્મણ નધણિયાતી ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો તેનો ૫૦૦ પણ દંડ કરવો અને અંત્યજ સ્ત્રી સાથે કરે તો ૧૦૦૦ પણ દંડ કરવો" (૩૮૫). "બ્રાહ્મણ પુરુષને વ્યભિચાર સંબંધે પ્રાણાન્ત દંડને બદલે માથું મૂંડાવવાની સજા કરવી અને બીજા વર્ણોના પુરુષોને પ્રાણાન્ત દંડની સજા કરવી" (૩૭૯). "પૃથ્વી ઉપર બ્રાહ્મણની હિંસા જેવું બીજું મહાપાપ નથી, માટે રાજાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણના વધનો વિચાર મનમાં પણ ન કરવો" (૩૮૧). બાકી તો "વ્યભિચારી પાપી પુરુષને રાજાએ લોઢાના ધગધગતા પલંગ ઉપર સુવરાવીને બાળી નંખાવવો અને તે પાપી ઝટ બળી જાય તેટલા માટે તેના ઉપર લોકે લાકડાં નાખવાં" (૩૭૨).

મોટા લોકનું કોણ નામ દેઇ શકે? ઇરાનમાં રાજા પોતાના તરંગમાં આવે તેવી પ્રજાજનની કન્યાને કે સ્ત્રીને પકડી મંગાવીને તેની સાથે વ્યભિચાર કરી શકે, તેનું કોઇ નામ પણ દેઇ શકે નહિ. આપણા દેશમાં આપણા રાજાઓ વિષે પણ આવી જ કથાઓ વારંવાર પ્રકટ થાય છે.

પુરુષોએ સ્ત્રીની અને સબળ પુરુષોએ નિર્બળ પુરુષોની નિર્બળતાનો કેવો ભયંકર લાભ લીધો છે, તે આ સર્વ હકીકતોથી સ્પષ્ટ રીતે સમજાઇ જશે. બાકી ખરી રીતે તો અપરાધને પ્રસંગે મોટાને વધારે સજા થવી ઘટે, કારણકે તે વધારે જ્ઞાની ગણાય. અને વળી નાના લોક મોટા લોકનું જ અનુકરણ કરે છે, માટે મોટાએ સારૂં દૃષ્ટાન્ત પોતાના આચરણથી આપવું ઘટે. આવું ઉદાહરણ ચીનમાં મળી આવે છે. પોતાની સત્તાનો ને સામાજિક પદવીનો લાભ લેઇ કોઈ પુરુષ વ્યભિચાર કરે તો ત્યાં તેને બીજા કરતાં ભારે સજા થાય છે. ચીનના કાયદામાં લખ્યું છે કે "જે માણસ પોતાની સત્તાને કે પદવીને બળે લગ્ન કરવાને હેતુએ બીજાની સ્ત્રીને કે પુત્રીને ઉપાડી જશે તેને કેદ કરવામાં આવશે અને ફાંસી દેવામાં આવશે."

સજાથી અપરાધ ભાગ્યે જ અટકે છે એવું માનવજાતિને જેમ જેમ ભાન આવતું ગયું છે તેમ તેમ સજા ઓછી થતી ગઇ છે. સર્વે દેશોમાં સૌ અપરાધો માટે તેમ જ વ્યભિચાર માટે પણ સજા ઓછી થઇ ગઇ છે. અને છતાં યે અપરાધો વધ્યા નથી, એ જ બતાવે છે કે અપરાધો ઓછા કરવા માટે સજા નહિ પણ બીજા જ ઉપાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દેશના અંગ્રેજી મુલકમાં વ્યભિચાર માટે ફોજદારી કાયદામાં આ પ્રમાણે સજા છે: કલમ "૪૯૭. જે સ્ત્રી અમુક પુરુષ સાથે પરણેલી છે એમ જાણ્યા છતાં અથવા એમ જાણવાનું કારણ મળ્યા છતાં, અને તેના પતિની સમ્મતિ વિના અથવા એણે આંખ આડા કર્યા વિના, તે સ્ત્રી સાથે વિના બળાત્કારે સંભોગ કરનાર પુરુષ વ્યભિચારનો અપરાધી છે, અને તેને પાંચ વર્ષથી વધારે નહિ એવી સાદી કે સખ્ત કેદની અથવા દંડની અથવા બંનેની સજા થશે. આવે પ્રસંગે વ્યભિચારમાં મદદગાર થવા માટે તે સ્ત્રીને સજા થશે નહિ."

જોકે બલુચિસ્તાન, વાયવ્ય પ્રાન્તો, ચીન, ફ્રાન્સ વગેરે દેશોમાં વ્યભિચાર માટે સ્ત્રીને પણ સજા થાય છે; પણ આપણા દેશના કાયદા પ્રમાણે તેને સજા નથી થતી. કાયદો ઘડનારા નોંધ કરે છે કે "આ દેશમાં સ્ત્રીઓની દશા દુ:ખી અને ઇંગ્લેણ્ડ અથવા ફ્રાન્સની સ્ત્રીઓની કરતાં જુદી છે: બાલ્યાવસ્થામાં તેમનાં લગ્ન કરવામાં આવે છે, નાની ઉમરમાં જ તેમના ઉપર શોકોનું સાલ ઠોકી તેમની અવગણના કરવામાં આવે છે, . . . પુરુષને પોતાનો ઝનાનો સ્ત્રીઓથી ભરી કાઢવાની કાયદાથી છૂટ છે, તેવી સ્થિતિમાં સ્ત્રીને વ્યભિચાર માટે સજા કરવાનો કાયદો કરવાની . . . અને તેની વિરુદ્ધ નમી ગએલા ત્રાજવામાં વળી કાયદાનો બોજો નાખી વધારે નમાવવાની અમારી ઇચ્છા નથી થતી."

કાયદો ઘડનાર આ અંગ્રેજોએ હિંદી સ્ત્રીઓ પ્રત્યે સાચી સહાનુભૂતિ દર્શાવી છે, જોકે એ કાયદાના હિંદુ ટીકાકારોને એ કાયદો રુચ્યો નથી અને વડોદરાના હિંદુ રાજ્યે પાછલી (૪૯૬) કલમમાં વ્યભિચારી સ્ત્રીને અપરાધી ઠરાવવાનો ઉમેરો કર્યો છે.

પણ સંભોગને પ્રસંગે પુરુષ જ ગતિશીલ (active) હોય છે, સ્ત્રી તો માત્ર (passive) જ હોઇ શકે છે; પુરુષ બળવાન છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી અબળા છે; એટલા માટે વ્યભિચારમાં દોષ મોટે ભાગે પુરુષનો જ હોય છે; સ્ત્રી તો અનેક વાર પુરુષના બળાત્કારનો પણ ભોગ થઇ પડે છે. ભીષ્મપિતા પણ એ જ કહે છે: "સ્ત્રી વ્યભિચાર કરે છે, તેમાં પુરુષનો જ અપરાધ છે, સ્ત્રીનો અપરાધ નથી; કારણકે પરસ્ત્રી-ગમન રૂપ મહાદોષનો આરંભ કરનાર (active) પુરુષ જ છે અને તેથી જ વ્યભિચારકર્મમાં પુરુષ જ અપરાધી છે, સ્ત્રી નથી. . . . વળી સ્ત્રીઓ નિર્બળ હોવાને લીધે પુરુષોની પ્રત્યેક ઇચ્છાને આધીન થનારી છે, જેથી પુરુષો બળાત્કારે વ્યભિચાર કરે, તેમાં સ્ત્રીઓનો અપરાધ ગણાતો નથી." (શાન્તિપર્વ ૨૨૬ : ૩૮ – ૪૦).

आत्मवत् सर्वभूतेषु દૃષ્ટિ રાખનાર અને આત્મપરીક્ષણ કરીને એ જ દૃષ્ટિએ નારીજાતિ પ્રત્યે પણ જોનાર ક્રાઇસ્ટ જેવો બીજો મહાત્મા કોઇ ભાગ્યે જ થયો હશે. ક્રાઇસ્ટ મંદિરમાં બેશીને લોકને ઉપદેશ આપી રહ્યો છે તે સમયે "શાસ્ત્રીઓ તથા ફરોશીઓ વ્યભિ-ચારમાં પકડાએલી એક સ્ત્રીને લાવે છે ને તેને વચમાં ઊભી રાખીને તેઓ ક્રાઇસ્ટને કહે છે: 'ગુરુ, આ સ્ત્રી વ્યભિચાર કરતાં પકડાઇ છે. મુસાએ તો નિયમશાસ્ત્રમાં આપણને આજ્ઞા આપી છે કે એવીને પત્થરે મારવી; ત્યારે એને વિષે તમે શું કહો છો?' ક્રાઇસ્ટના ઉપર દોષ મૂકવાનું કારણ તેમને મળી આવે, એટલા માટે તેનું પરીક્ષણ કરવા એમ એને તેમણે પૂછ્યું. પણ ક્રાઇસ્ટે તો નીચા વળીને ભોંય ઉપર આંગળીએ લખ્યું, છતાં ય તેમણે તેને પૂછ્યા કર્યું ત્યારે તેણે ઊભા થઇને તેમને કહ્યું કે તમારામાં જે પાપ વિનાનો હોય તે તેના ઉપર પ્રથમ પત્થર નાખે. અને ફરી તેણે નીચા વળીને ભોંય ઉપર લખ્યું. અને એ સાંભળીને તેઓ વૃદ્ધથી માંડીને સૌ એક એક નીકળી ગયા અને ક્રાઇસ્ટને તથા વચમાં ઊભેલી પેલી સ્ત્રીને મૂકીને ચાલતા થઇ ગયા. ત્યારે ક્રાઇસ્ટે ઊભા થઇને એ સ્ત્રીને પૂછ્યું: 'બાઇ, તેઓ ક્યાં છે? શું કોઇએ તને દુષિત ઠરાવી નહિ?' તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તર આપ્યો: 'ના પ્રભુ, કોઇએ નહિ.' ત્યારે ક્રાઇસ્ટે કહ્યું : 'હું પણ તને દુષિત નથી ઠરાવતો; ચાલી જા, હવેથી પાપ કરતી ના'" (જોન ૮ : ૩ – ૧૧). ખરે જ, પાપીનો ન્યાય પાપીને અને વ્યભિચારીનો ન્યાય આપણા જેવા વ્યભિચારીને તોળવાનો શો અધિકાર? અને નિષ્પાપ ક્રાઇસ્ટ તો કોઇનો ય ન્યાય તોળવા ઇચ્છતો નથી. માનવીને નિષ્પાપ કરવાનો આ જ સાચો ઉપાય છે.

આ આખા અધ્યાયના દોહનથી તાત્પર્ય એ માલમ પડશે કે પુરુષે સ્ત્રીને લગ્નવિષયમાં પરાધીન રાખી છે. પોતે માલેક હોવાથી લગ્નશીલ રહેવાને બંધાએલો નથી, લગ્નશિથિલ થવાને અને તેથી વ્યભિચાર કરવાને પણ પોતે સ્વતંત્ર છે એમ તેણે માન્યું છે; અને તેથી તો એકાદ અપવાદ સિવાય કોઇ કાળના ને કોઇ દેશના કાયદામાં પતિના વ્યભિચારને માટે તેને સજા કરાવવાનો અધિકાર તેની પત્નીને નથી. પત્ની પતિને આધીન હોવાથી, તેનો માલ હોવાથી વ્યભિચાર કરે તો તેના જારને જરૂર જ અને તેને પણ અનેક પ્રસંગે સજા કરાવવાનો અધિકાર તેના પતિને છે. આનો અર્થ એ જ કે પત્ની જ વ્યભિચારનો દોષ કરે છે, પતિ કદાપિ દોષ કરતો નથી; માટે પત્નીએ પતિવ્રતા રહેવું એ એનો ફરજિયાત ધર્મ છે, પુરુષનો પત્નીવ્રત ધર્મ મરજિયાત છે.

એવો એકપક્ષી ધર્મ પળાવો અશક્ય છે, આજ સુધી પળાયો નથી, આજે પણ પાળી શકાતો નથી; અને જ્યાં સુધી પુરુષ પોતાનો સત્તામદ છોડીને નીચે ઊતરશે નહિ, સ્ત્રીની સમાન કક્ષાએ આવીને ઊભો રહેશે નહિ, સંયોગ જેમ સ્ત્રીપુરુષના સહકાર વિના સંભવતો નથી તેમ જ લગ્નશીલતા પણ પતિપત્નીના સહકાર વિના સંભવી શકે જ નહિ એમ સમજતો થશે નહિ, સ્ત્રીની પરાધીનતા ટાળીને તેને સર્વ વાતે સમાનતામાં લાવશે નહિ – એકંદરે પુરુષ પોતાનું હૃદય-પર્યટન કરીને જેવી રીતે સ્ત્રીની લગ્નશીલતાને ઇચ્છે છે તેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્નશીલતા પોતે પાળતો થશે નહિ, અથવા સત્તાબળે લગ્નશીલતામાં સ્ત્રીને માથે જે અતિશયતા ઠોકી ઘાલી છે તે શિથિલ કરશે નહિ, ત્યાં સુધી ભવિષ્યમાં પણ એ ધર્મ પાળી શકાવાનો નથી જ નથી.

લગ્નશીલતામાં કોઇનો બળાત્કાર નહિ ચાલે, કોઇનો પ્રપંચ નહિ જ ચાલે; બંનેનો સંયમ જ લગ્નશીલતા લાવશે. અને સંયમ એ જ માનવસમાજની પ્રથમ અને સાચી સંસ્કૃતિ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૪

સંતતિનિરોધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૩૧

પુત્રૈષણા

आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत् पशुभिर्नराणाम् ।

આ પુસ્તકની શરૂઆતમાં જ કહ્યું છે કે "વનસ્પતિમાત્રમાં તેમ જ પ્રાણીમાત્રમાં આત્મરક્ષણની અને વંશવર્ધનની પ્રેરણા સ્વાભાવિક રીતે જ રહેલી છે. એ પ્રેરણાને બળે જ જગત ચાલી રહ્યું છે. વનસ્પતિ અને પ્રાણી એ પ્રેરણાને જ શરીરના રક્ષણ માટે આહાર લે છે, શ્રમથી બચવાને માટે નિદ્રા લે છે, જીવનસંગ્રામમાં સંકટથી બચવા ભય પામી દૂર ભાગે છે ને આત્મરક્ષણ પામે છે; નરનારી મૈથુનથી વંશવર્ધન કરે છે. ખરી રીતે તો વંશવર્ધન પણ એક રીતે આત્મરક્ષણ જ છે. વનસ્પતિ કે પ્રાણી આત્મરક્ષણના ગમે એટલા પ્રયત્ન કરે તોપણ મરે જ, ચિરંજીવ કદાપિ ન રહે; છતાંય ચિરંજીવ રહેવાની–પોતાનું સાતત્ય સાચવવા–પ્રેરણાને બળે પોતાનામાંથી પોતાના જેવી જ સંતતિ મૂકી જવાના પ્રયત્ન કરે ને તે રીતે ચિરંજીવ બની રહે. આમ આત્મરક્ષણમાં અને વંશવર્ધનમાં તાત્ત્વિક ભેદ નથી, છે તે પ્રકારનો નહિ પણ પ્રમાણનો જ છે." નિરુક્તકારે પણ પિતાના મુખમાં આ શબ્દો મૂક્યા છેઃ

अंगादंगात्संभवसि हृदयादधिजायसे ।
आत्मा वै पुत्रनामासि स जीव शरदः शतम् ॥ ३ : ४ ॥

"પુત્ર, તું મારા અંગેઅંગમાંથી ઉત્પન્ન થયો છે, મારા હૃદય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી તું ઉત્પન્ન થયો છે, મારો આત્મા જ તું પુત્ર નામ ધારણ કરીને અવતર્યો છે. સો વર્ષનો થજે." આમ વંશરક્ષણ એક પ્રકારે આત્મરક્ષણ જ છે અને પુત્રને 'સો વર્ષનો થજે' એમ આશીર્વાદ દેવામાં પણ પોતે ચિરંજીવ રહેવાની સ્વાભાવિક પ્રેરણા જ છે. યાજ્ઞવલ્ક્ય વિવાહપ્રકરણમાં લખે છે કે तत्रात्मा जायते स्वयम् । ५६ ॥ "ત્યાં (પુત્રમાં) આત્મા પોતે જન્મે છે."

આજે અંગ્રેજી રાજ્યમાં યુનિવર્સિટીની શિક્ષણસંસ્થા છે અને વિદ્યાર્થીઓ ડિગ્રી લેઇને સંસારમાં જાય છે તે પ્રસંગે મહામાત્ર તેમને Convocation Lecturesમાં જીવનચર્યાનો ઉપદેશ આપે છે. પ્રાચીન કાળે આર્યોમાં જ્યારે ગુરુકુલની શિક્ષણપ્રણાલી હતી, ત્યારે ત્યાં અભ્યાસ કરી રહ્યા પછી બ્રહ્મચારી શિષ્ય જ્યારે સંસારમાં જવા નીકળતો, ત્યારે ગુરુ તેને એવે જ પ્રકારે ઉપદેશ આપતા. એ ઉપદેશનો નમૂનો તૈત્તિરીય ઉપનિષદ્‌માં આ પ્રમાણે છે: सत्यं वद। धर्मंचर। स्वाध्यायान्मा प्रमदः। आचार्याय प्रियं धनमाहृत्य प्रजातंतुं मा व्यवच्छेत्सीः। सत्यान्न प्रमदितव्यम्। धर्म्मान्न प्रमदितव्यम्। कुशलान्न प्रमदितव्यम्। १ : ११॥ "સત્ય બોલજે, ધર્મ આચરજે. સ્વાધ્યાયમાં પ્રમાદ કરતો ના. આચાર્યને યોગ્ય ધન દક્ષિણામાં આપીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરજે, પ્રજાતંતુને તોડી નાખતો ના સત્યમાં પ્રમાદ કરતો ના. ધર્મમાં પ્રમાદ કરતો ના. કુશલમાં પ્રમાદ કરતો ના." આ અને બીજા સુંદર ઉપદેશ કર્યા છે, પણ તેમાં પ્રજાતંતુને ન તોડતાં સતત લંબાવ્યે જવાનો ઉપદેશ પણ છે. બેશક આજે યુનિવર્સિટીનાં Convocation Lecturesમાં તેવો ઉપદેશ અપાતો નથી, અપાવાની જરૂર પણ રહી નથી, કારણકે આજે તો વિદ્યાર્થીઓએ એ પ્રસંગ પહેલાં જ પોતાનો પ્રજાતંતુ માત્ર લંબાવ્યો જ હોતો નથી, વિસ્તાર્યો પણ હોય છે! અને તેથી તો તેઓ સંતતિ-નિયમનની કે -નિરોધની વાતો કરતા થયા છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સ્વાભાવિક નિયમ જ કંઇક એવો છે કે સ્ત્રીઓ કરતાં પુરુષો વધારે મરે છે. "કરોળિયામાં અને વીંછીમાં નર પોતાનું વંશ-વર્ધનનું કાર્ય કરી રહ્યો એટલે નારી તેને મારી નાખે છે. કુદરતમાં કંઇ એવું જ છે કે જેણે તેણે પોતપોતાનું કાર્ય કરી રહ્યા પછી ખપી જવું. પુરુષે વંશવર્ધનનું કાર્ય કરી રહ્યા પછી ચાલ્યા જવાનું, સ્ત્રીએ બાળકોનું જતન કરી તેમને ઉછેરવા માટે જીવતી રહેવાનું. હિંદુ સંસારમાં નારીજન પ્રત્યે આટલી અવગણના હોવા છતાં સ્ત્રી પુરુષ કરતાં સરેરાશ લાંબું જીવે છે" (પૃષ્ઠ ૮). અને બધા દેશનાં વસતિ-પત્રક એ જ કહે છે.

"સંસારનો પ્રખર તાપ પુરુષને તાવી નાખે છે ને તેથી તેની વસતિસંખ્યા ઘટી જાય છે. આહાર મેળવવા નારી કરતાં નરને બહુ પ્રાચીન કાળથી જ અતિશય વધારે અને કઠોર શ્રમ કરવો પડે છે, તે કારણે તેની મરણસંખ્યા વધારે હોય છે; વળી આહાર મેળવવા તેને બીજી જાતિઓ સાથે યુદ્ધ કરવાં પડે છે ને તેમાં બંને પક્ષના યોદ્ધાઓ હણાય છે" (પૃષ્ઠ ૨૩), આથી પણ પુરુષવસતિ ઘટે છે. અને તેને વધારવાને માટે માનવસમાજમાં પુત્રી કરતાં પુત્રની કામના વધવા લાગી.

વળી માતૃગૃહને સ્થાને પિતૃગૃહનો વિકાસ થયો ને પુત્રથી વંશ-રક્ષણ થાય એ નિયમનો સ્વીકાર થયો, ત્યારથી પુત્રને ખાસ મહત્ત્વ મળ્યું ને તેના જન્મને વધાવી લેવામાં આવ્યો.

આર્યો હિંદુસ્થાનમાં આવ્યા તે પહેલાંથી તેમનામાં પિતૃગૃહની સંસ્થા વિકાસ પામી હતી અને તેથી પુત્ર માટેની આકાંક્ષા – પુત્રૈષણા – પણ એમના મનમાં ત્યારથી જાગ્રત થઇ હતી. વેદોમાં પણ એનાં પ્રમાણુ સ્પષ્ટ છે. સામવેદનો મંત્ર છે કે पुमांसं पुत्रं विन्दस्व । "પુત્રને પ્રાપ્ત કરો." पुमान्गर्भस्तवोदरे । પતિ પત્નીને કહે છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તારા ઉદરમાં પુત્રગર્ભ રહો." લગ્નપ્રતિજ્ઞામાં મંત્ર છે કે पुत्रान् विन्दावहै बहून्। – વર કન્યાને કહે છે કે "આપણે બહુ પુત્રો પ્રાપ્ત કરીએ." दशास्यां पुत्रानाधेहि पतिमेकादशं कृधि। "દશ પુત્રો ને અગિયારમો પતિ."

પણ ધર્મગુરુઓએ જેમ સર્વે સામાજિક વિષયોને તેમ જ આ વિષયને પણ ધર્મક્ષેત્રમાં મૂકી દીધો; એકે એક પિતાને માથે પુત્ર પ્રાપ્ત કરવાની ફરજ નાખી અને તેનું પુણ્ય બતાવ્યું.

આ વિષે મહાભારતમાં એક કથા છે: જરત્કારુ મુનિએ "એક વખતે ફરતાં ફરતાં એક મોટા ખાડામાં પોતાના પિતૃઓને ઊંચે પગે ને નીચે માથે લટકતા દીઠા. . . . જરત્કારુએ તેમને પૂછ્યું કે 'આ ખાડામાં નીચે માથે લટકતા તમે કોણ છો?' . . . પિતૃઓ કહે છે: 'હે બ્રહ્મન્, અમે યાયાવર નામના તીવ્ર વ્રત વાળા ઋષિઓ છીએ. અમારી સંતતિનો ક્ષય થયાથી અમે નીચે પૃથ્વી ઉપર જઈએ છીએ. અમારી સંતતિમાં જરત્કારુ નામનો એક પુત્ર છે; પરંતુ અમારાં અલ્પ ભાગ્યને લીધે તે મંદભાગ્ય વાળો માત્ર તપ જ કર્યા કરે છે. તે મૂર્ખ પુત્ર પુત્રોત્પત્તિને માટે સ્ત્રી સાથે લગ્ન કરવાની ઇચ્છા રાખતો નથી અને આ રીતે સંતતિનો ક્ષય થયાથી અમે આ ખાડામાં લટકીએ છીએ. અમારા કુલનો તે નાથ છે, છતાં અમે દુષ્કર્મ કરનારાઓની પેઠે અનાથ થઇ ગયા છીએ.' . . . જરત્કારુ કહે છે: 'તમે મારા પિતામહો સાથે પૂર્વજ પિતૃઓ છો અને હું જ પોતે જરત્કારુ છું. બોલો, હમણાં હું તમારૂં શું કાર્ય કરૂં?' પિતૃઓ કહે છે: 'હે સમર્થ વત્સ, આપણા કુલની વૃદ્ધિને માટે, તારે પોતાને માટે, અમારે માટે, અથવા ધર્મ સમજીને તું ઉપાયપૂર્વક પ્રયત્ન કર. હે તાત, પુત્ર વાળા પુરુષો જે ગતિને પ્રાપ્ત થાય છે, તે ગતિ ધર્મનાં ફળ વડે અથવા સારી પેઠે સંચય કરેલાં તપ વડે પણ પ્રાપ્ત થતી નથી. માટે હે પુત્ર, અમારી આજ્ઞાથી તું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીનું પાણિગ્રહણ કરવાનો યત્ન કર અને પ્રજા ઉત્પન્ન કરવાની વાત મન ઉપર લે, કારણકે એથી જ અમારું પરમહિત થશે" (આદિપર્વ ૧૩ : ૧૬ – ૨૬). પછી પિતૃઓની આજ્ઞા પ્રમાણે જરત્કારુ મુનિએ વાસુકિની બેન જરત્કારુ સાથે લગ્ન કર્યું, તેથી તેને આસ્તીક નામે પુત્ર થયો ને ત્યારે જ તેના પિતૃઓ સ્વર્ગલોકમાં જઈ શક્યા. આમ સ્વર્ગે જવા માટે ધર્મનાં કે તપનાં ફળ પણ કામ લાગતાં નથી, પિંડદાન દેનાર પુત્ર જ કામ લાગે છે.

અને ધર્મશાસ્ત્રે પુત્રને એટલું બધું મહત્ત્વ આપ્યું છે કે તે પિતાને સ્વર્ગે મોકલે એટલું જ નહિ, પણ નરકમાંથી પણ તેને તારે. મનુસ્મૃતિ કહે છે :

पुत्रेण लोकाञ्जयति पौत्रेणानन्त्यमश्नुते ।
अथ पुत्रस्य पौत्रेण ब्रध्नस्याप्नोति विष्टपम् ॥ १३७ ॥
पुन्नाम्नो नरकाद्यस्मात्त्रायते पितरं सुतः ।
तस्मात्पुत्र इति प्रोक्तः स्वयमेव स्वयंभुवा ॥ ९ : १३८ ॥

"પુરુષ પુત્ર વડે સ્વર્ગાદિ લોકને પ્રાપ્ત કરે છે, પૌત્ર વડે તે લોકમાં ચિરકાળ સુધી રહે છે અને પ્રપૌત્ર વડે સૂર્યલોકને પ્રાપ્ત કરે છે. પુમ્ નામના નરકમાંથી પિતાને તારે છે, માટે તો સ્વયંભૂ બ્રહ્માએ પોતે તેને પુત્ર કહ્યો છે (મનુ ૯ : ૧૩૭, ૧૩૮). परदाराभिगमनादिभिः षोडशभि पातकैःનાં ફળ ભોગવવા પુરુષઃ પુન્નામનરકે પડ્યો હોય તો તેને પણ તે નરકમાંથી પુત્ર તારે છે. અને ધર્મની આવી આજ્ઞા જ્યારે જડશ્રદ્ધાથી પળાવા માંડે ત્યારે પુત્ર ઉત્પન્ન કરવા જતાં છોકરાંની ભૂંજરવટથી ઘર ભરાઇ જાય એમાં કંઇ આશ્ચર્ય! તેમાં યે પુત્રીની અવગણના થાય ને તેને ભોગે પુત્ર પ્રત્યે પિતાને પક્ષપાત થાય એમાં પણ કંઇ આશ્ચર્ય!

વળી જે પ્રજા પ્રવાસ કરતી કરતી પરદેશમાં જઇ નવાં સંસ્થાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસાવે છે, તે પ્રજાને સ્વાભાવિક જ કારણે પોતાની જનસંખ્યા વધારવાની ઇચ્છા ને વૃત્તિ હોય છે. આથી તેમાંના બધા પુરુષોએ લગ્ન કરવું ઇષ્ટ લાગે છે. તેવી પરદેશી પ્રજામાં સ્વાભાવિક રીતે જ સ્ત્રીઓની સંખ્યા ઓછી હોય છે, તેથી પુરુષો આ નવા સંસ્થાનની આસપાસની કન્યાઓ સાથે લગ્ન કરે છે ને વારંવાર તેવી કન્યાઓનાં હરણ કરીને પણ લગ્ન કરે છે. એક સ્ત્રીના અનેક પતિ સાથેના લગ્નથી જેટલાં સંતાન જન્મે. તેના કરતાં વધારે સંતાન એક પુરુષના અનેક સ્ત્રી સાથેના લગ્નથી જન્મે. આ કારણે પણ એવી પ્રજામાં અનેકપત્ની લગ્નનો રિવાજ પડે. ભારતવર્ષમાં નવા આવી વસેલા આર્યોમાં પણ એથી જ અનેકપત્ની લગ્નનો રિવાજ પડ્યો હશે.

અને છતાં યે પુત્ર ન થાય તો અનેક પ્રજાઓમાં તેમ જ આર્યોમાં પણ નિયોગથી વંશરક્ષણ કરવામાં આવતું. નિયોગ વિષે આવતા અધ્યાયમાં વિચારીશું. દત્તકપુત્ર પણ લેવાતા અને આજે પણ લેવાય છે. મનુ વગેરે સ્મૃતિકારોએ જણાવ્યા પ્રમાણે તો વીશેક પ્રકારના પુત્રો હોય છે!

સ્પાર્ટાને પ્રાચીન સ્મૃતિકાર લાઇકર્ગસે તો એવું વિધાન આપ્યું હતું કે લશ્કરી તાલીમની પેઠે લગ્ન પણ સર્વેને ફરજિયાત હોય. જુવાનિયાને લગ્ન કરવાની પ્રેરણા થાય એટલા માટે અખાડામાં તેમને મદદ કરવા નગ્ન કન્યાઓ આપવામાં આવતી. અને પ્લેટો કહેતો કે ભૂમિતિમાં જેમ પ્રતિજ્ઞાને અંતે સિદ્ધાન્ત પરિણામે છે, તેમ અખાડામાં આને અંતે લગ્ન પરિણામે છે. વસતિ વધારવાને હેતુએ જ જુવાનિયાને આ પ્રકારે લગ્ન કરવા પ્રેરવામાં આવતા.

આજે હજી સંસ્કૃત ગણાતી પ્રજાઓ પણ કાંડાબળને મહત્ત્વ આપે છે અને તેથી જનસંખ્યા વધારવાના પ્રયત્ન કરે છે. ગયા મહાવિગ્રહમાં જર્મની ઉપર તેનાં શત્રુરાજ્યોએ તેને કલંકિત ચીતરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક આરોપ મૂક્યા હતા, તેમાં એક એવો પણ હતો કે સમરાંગણમાં ગએલા યોદ્ધાઓની સ્ત્રીઓ સાથે, દેશમાં રહેલા પુરુષોના સંબંધથી સંતાન ઉત્પન્ન કરાવી જનસંખ્યા વધારવાનો પ્રયત્ન એ દેશે કર્યો હતો. આજે ત્યાંના પ્રજાશાસક હિટ્લરે એ જ હેતુએ ૨૫ વર્ષનાં બધાં કુંવારાં સ્ત્રીપુરુષોને નોકરીમાંથી બાતલ કર્યાં છે. અને જે દેશોમાં જનસંખ્યા ઘટે છે એવા ફ્રાન્સ વગેરે અનેક દેશો વસતિ વધારવા અનેક પ્રકારના કાયદા કરે છે. અને છતાં ત્યાંનાં–યુરોપઅમેરિકાનાં–જ સંસ્કારી સ્ત્રીપુરુષો સંતતિનિયમનની વાતો પ્રચંડ શબ્દે કરી રહ્યાં છે!

આપણા દેશની સ્થિતિ વિચારીએ તો આજની પરિસ્થિતિમાં હવે જનસંખ્યા વધારવાની જરા યે જરૂર નથી. પણ ધર્મશાસ્ત્રોએ પ્રાચીન કાળે આપેલી યોગ્ય આજ્ઞાઓ આપણી જડશ્રદ્ધાને બળે ગળે ઘંટીના પડિયા પેરે વળગી છે ને સૌને પુત્રૈષણાની જ એક પ્રકારે લોલુપતા લાગી રહી છે. ઘરમાં ખાવાનું હોય કે ન હોય, નવા જન્મનાર બાળકને પાવા દૂધ હોય કે ન હોય, પણ ઘરમાં ઘોડિયું બંધાવનાર પુત્ર વિના કપાળે વાંઝિયામહેણું ચોંટે, જન્મ અફળ જાય, એમ મનાય છે; જીવનમાં લાખો પાપ કર્યાં હોય, પણ મુઆ પછી પિંડદાન આપીને સ્વર્ગે ચઢાવનાર પુત્ર જોઇએ જ જોઇએ! સામાજિક વિષયને ધાર્મિક ક્ષેત્રમાં મૂકી દીધે અને તેનું જડ શ્રદ્ધાબળે પાલન કરાવ્યે સ્વર્ગપ્રાપ્તિને બદલે આવી તો અનેક નરકયાતના હિંદુપ્રજાએ ભોગવી છે, હજી યે ભોગવે છે, ક્યાં સુધી ભોગવશે તે કોણ કહી શકે? ભુંડણનાં સો કરતાં સિંહણનું એક પણ વધારે પ્રતાપી ને બળવાન છે એમ આપણી માતાઓ પણ ક્યારે સમજતી થશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૩૨

નિયોગ

વંશવર્ધનની – પ્રજાતંતુ સતત ચાલતો રાખવાની – પ્રેરણા પ્રાણીમાત્રના, તેમ જ માનવીના પણ, સ્વભાવમાં સહજ ભાવે જડાઇ ગઇ છે. માનવોએ તે માટે અનેક પ્રકારની લગ્નસંસ્થાઓ યોજી કાઢી. લગ્નથી પણ પુત્ર ન થાય તો બીજાને દત્તક લે કે નિયોગ કરી કરાવીને પણ પુત્રપ્રાપ્તિ કરે. બેશક આજે લગ્ને જડ સ્વરૂપ ધારણ કર્યું છે એટલે નિયોગ આપણી દૃષ્ટિએ એક પ્રકારે લગ્નશિથિલતા લાગે. કેટલાક સમાજશાસ્ત્રીઓ તો એને અનેકપતિ લગ્નનો અવશેષ – રહી ગએલો પ્રકાર – માને છે.

પણ લગ્નસંસ્થામાં જ્યારે પ્રાચીન કાળે શિથિલતા હતી, ત્યારે અનેક જાતિઓમાં નિયોગ (Levirate) દ્વારા પુત્ર ઉત્પન્ન કરવાની રૂઢિ હતી. બાઇબલના યાહુદીપુરાણમાં એને વિષે સ્પષ્ટ આજ્ઞા છે: "ભાઇઓ ભેગા રહેતા હોય અને તેમાંનો એક અપુત્ર મરે, તો તેની સ્ત્રી પરાયા પુરુષ સાથે ન પરણે; તેના પતિનો ભાઇ તેની પાસે જાય, તેને પત્ની તરીકે ગણે અને તેના પ્રત્યે તેના પતિના ભાઇ તરીકેનો ધર્મ બજાવે. અને તેનાથી તે સ્ત્રીને પ્રથમ પુત્ર થશે તે પેલા મરનાર ભાઇનું નામ રાખશે, જેથી તેનું નામ ઇસ્રાએલમાંથી ભૂસાઇ ન જાય" (પુનર્નિયમ ૨૫ : ૫, ૬).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એ ભાઇ પોતાના ભાઇનો વંશ રાખવાનો પોતાનો ધર્મ ન બજાવે તો તેને માટે સજા પણ ઠરાવી છે: " અને જો તે માણસ પોતાના ભાઇની સ્ત્રી પાસે ન જાય તો તે સ્ત્રી ચોરામાં મહાજન પાસે જાય અને ફરિયાદ કરે કે 'મારા પતિનો ભાઇ ઇસ્રાએલમાં પોતાના ભાઇનું નામ કાયમ રાખવા ના પાડે છે, તે મારા પતિના ભાઇ તરીકેનો ધર્મ બજાવવા ઇચ્છતો નથી.' ત્યારે નગરનું મહાજન તેને બોલાવે અને પૂછે; અને છતાં યે તે નિશ્ચળ રહે અને કહે કે 'હું તેને નહિ સ્વીકારૂં,' તો મહાજનની સમક્ષ તેના ભાઇની સ્ત્રી તેની પાસે આવે, તેના પગમાંથી તેનો જોડો કાઢી નાખે, તેના મોં ઉપર થૂંકે અને કહે, કે 'પોતાના ભાઇનું ઘર ઉઘાડું ન રાખનારની આ દશા થજો' " (૭–૯).

દિયેર સાથે નિયોગ કરવાનું ઉદાહરણ પણ યાહુદીપુરાણમાં છે: યુડાહને (Judah) ત્રણ પુત્રો હતા: એર (Er), ઓનાન (Onan) ને શેલાહ (Shelah). એરનાં લગ્ન તામાર (Tamar) સાથે થયાં હતાં. લગ્ન પછી એર અપુત્ર મરણ પામ્યો, ત્યારે પિતા "યુડાહે વચટ પુત્ર ઓનાનને કહ્યું: 'તારા ભાઇની સ્ત્રી પાસે જા, તેની સાથે સંયોગ કર અને તારા ભાઇને માટે પુત્ર પેદા કર.' પણ ઓનાનને લાગ્યું કે ભાઇનો વંશ ન રહેવો જોઇએ. અને પછી એવું થયું કે તે પોતાના ભાઇની સ્ત્રી પાસે ગયો ખરો, પણ પોતાના ભાઇનો વંશ ન રહે એટલા માટે વીર્ય બહાર કાઢી નાખ્યું. અને એના આ કૃત્યથી ભગવાનને માઠું લાગ્યું ને તેથી તેણે તેને મારી નાખ્યો" (ઉત્પત્તિખંડ ૩૮: ૮–૧૦). આમ નિયોગ દ્વારા પ્રજાતંતુ ચાલતો રાખવાને બદલે સંતતિનિરોધ કર્યો, માટે ભગવાનને પણ માઠું લાગ્યું એ આસ્તિકોએ જાણવું રહ્યું. "પછી યુડાહે પોતાની પુત્રવધૂ તામારને કહ્યું: 'મારો પુત્ર શેલાહ જુવાન થાય ત્યાં સુધી તું તારા પિતાને ઘેર વિધવાવસ્થામાં રહે' " (૧૧).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાહુદીઓમાં દાસીઓ સાથે નિયોગ કર્યાનાં પણ ઉદાહરણ છે: યાકોબને (Jacob) બે સ્ત્રીઓ હતી. લેહ (Leah) અને રાખલ (Rachel). લેહ અણમાનિતી અને રાખલ માનિતી. લેહને ઉપરાછાપરી ચાર પુત્ર થયા, પણ રાખલને કંઇ નહિ. રાખલને આથી લેહની ઇર્ષ્યા આવી ને તેથી તેણે પોતાના સ્વામી યાકોબને "કહ્યું: 'જુઓ, આ મારી દાસી બિલ્લાહ (Bilhah), તેની પાસે જાઓ, તે મારે ખોળે જન્મ આપશે, જેથી એની દ્વારા હું પણ પુત્રવતી થઇશ.' અને તેણે પોતાની દાસી બિલ્લાહ તેને પત્ની રૂપે આપી અને યાકોબ તેની પાસે ગયો. અને બિલ્લાહ ગર્ભવતી થઇ ને તેણે યાકોબને પુત્ર આપ્યો" (ઉત્પત્તિખંડ ૩૦: ૩-૫). પછી તો ફરી પણ તે દાસી સાથે યાકોબે નિયોગ કર્યો ને તેને બીજો પુત્ર થયો. હવે ચાર પુત્ર થયા પછી અણમાનિતી સ્ત્રી લેહને લાગ્યું કે હવે મારો જનનકાળ પૂરો થયો છે, એટલે તેણે પણ પોતાની દાસી ઝિલ્પાહ (Zilpah) પોતાના પતિને નિયોગ માટે આપી ને તેને પણ બે પુત્ર થયા.

યાહુદીઓમાં અનિષ્ટ પ્રકારના નિયોગનાં ઉદાહરણ પણ છે. અહુણા આપણે જોયું છે કે પોતાનો પુત્ર શેલાહ જુવાન થાય ત્યાં સુધી પોતાની વિધવા પુત્રવધૂ તામારને તેના પિતાને ઘેર વિધવાવસ્થામાં રહેવાનું કહ્યું હતું. ઘણા વખત સુધી તામારે રાહ જોઇ, પણ તેનો દિયેર શેલાહ તેની પાસે આવ્યો નહિ. એક દિવસ તામારને કોઇએ કહ્યું: "'તારો સસરો પોતાનાં ઘેટાંને કતરાવવા તિમ્નાહ જાય છે.' અને તેણે પોતાનો વિધવાવેશ ઉતારી નાખ્યો અને લૂગડે પોતાને લપેટી તથા ઘૂમટો તાણી તિમ્નાહને રસ્તે મેદાનમાં બેઠી. યુડાહે તેને જોઇ ને વેશ્યા માની, કારણકે તેણે ઘૂમટો તાણ્યો હતો. યુડાહ તેની પાસે ગયો ને બોલ્યો: 'ચાલ, તારી પાસે મને આવવા દે.' (કારણકે તેને એ ખબર નહોતી કે આ મારી પુત્રવધૂ છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેણે પૂછ્યું : 'મારી પાસે આવવાના કેટલા દામ આપીશ?' અને તેણે કહ્યું : 'ટોળામાંથી ઘેટાનું એક બચ્ચું તને મોકલીશ.' ત્યારે તેણે કહ્યું : 'પણ તું તે મોકલે ત્યાં સુધી બાનામાં શું આપીશ?' અને તેણે પૂછ્યું : 'બાનામાં તારે શું જોઇએ?' તેણે ઉત્તર દીધો :'તારી મુદ્રા, તારો અછોડો ને તારી લાકડી.' એણે એ સૌ તેને આપ્યું અને તેની પાસે ગયો. આથી તે વિધવાને ગર્ભ રહ્યો. . . . અને ત્રણ માસ પછી યુડાહને કોઇએ કહ્યું કે તારી પુત્રવધૂ તામારે વેશ્યાવૃત્તિ કરી છે; અને જો, એથી એને ગર્ભ રહ્યો છે. • અને યુડાહે કહ્યું : 'એને અહીં પકડી લાવો ને બાળી નાખો.' અને તેને આણી ત્યારે તેણે પોતાના સસરાને કહેવરાવ્યું, કે જેની આ વસ્તુઓ છે તેનાથી મને ગર્ભ રહ્યો છે. કૃપા કરીને શોધી કાઢો કે કોનાં છે આ મુદ્રા, અછોડો ને લાકડી.' અને એ પોતાનાં છે એમ યુડાહે સ્વીકારી લીધું અને કહ્યું: 'મારા કરતાં એ વધારે ન્યાયશીલ છે, કારણકે મેં મારા પુત્ર શેલાહને તેની પાસે મોકલ્યો નહિ.' પણ ફરી યુડાહ એની પાસે ગયો નહિ" (ઉત્પત્તિખંડ ૩૮ : ૧૩ – ૨૬). અને કથા કહે છે કે એ ગર્ભથી તામારને બે પુત્ર થયા : ફારેઝ (Pharez) અને ઝારા (Zarah); અને તે વીર્યદાતાના – વિધવાના સસરા યુડાહના – નહિ, પણ વિધવાના પતિના – એરના – પુત્ર ગણાયા.

એથી યે ભ્રષ્ટ પ્રકારના નિયોગનું એક ઉદાહરણ યાહુદીપુરાણમાં છે: લોટ (Lot) નામે વૃદ્ધ પુરુષ પોતાની બે પુત્રીઓ સાથે શત્રુઓના ભયથી પર્વતની ગુફામાં જઇ વસ્યો હતો. "અને મોટીએ નાનીને કહ્યું : 'આપણા પિતા વૃદ્ધ થયા છે, અને સંસારની રીત પ્રમાણે આપણી પાસે આવનાર કોઇ પુરુષ જગતમાં નથી. ચાલ, આપણા પિતાને દ્રાક્ષાસવ પાઇએ ને આપણે એમની પાસે જઇએ, જેથી આપણે આપણા પિતાનો વંશ રાખીએ. અને તે રાતે તેમણે પોતાના પિતાને દ્રાક્ષાસવ પાયો, ને મોટી પુત્રી અંદર ગઇ અને તેણે તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતા સાથે સંયોગ કર્યો; અને તેણે ક્યારે એમ કર્યું ને ક્યારે એ ઊઠીને ચાલતી થઇ એનું એના પિતાને ભાન ન હતું. અને બીજે દિવસે સવારે મોટીએ નાનીને કહ્યું: 'ગઇ રાતે મેં પિતા સાથે સંયોગ કર્યો હતો. હવે આજે રાતે પણ એમને દ્રાક્ષાસવ પાઇએ; તું અંદર જજે અને એમની સાથે સંયોગ કરજે, જેથી આપણે આપણા પિતાનો વંશ રાખીએ.' તે રાતે પણ એમણે પોતાના પિતાને દ્રાક્ષાસવ પાયો. અને નાનીએ ઊઠીને તેની સાથે સંયોગ કર્યો. અને તેણે ક્યારે એમ કર્યું ને ક્યારે એ ઊઠીને ચાલતી થઇ એનું એના પિતાને ભાન ન હતું. એમ લોટની બંને પુત્રીઓ પોતાના પિતાથી ગર્ભવતી થઇ. અને મોટીને પુત્ર જન્મ્યો. અને તેનું નામ મોઆબ (Moab) પાડ્યું. અને એ જ આજ સુધીના મોઆબાઇટ્ના (Moabites) કુળનો આદિ પિતૃપુરુષ છે. અને નાનીને પણ પુત્ર જન્મ્યો અને તેનું નામ બેન-આમી (Ben-ammi) પાડ્યું, અને એ જ આજ સુધીના આમોન (Ammon) કુળનો આદિ પિતૃપુરુષ છે." (ઉત્પત્તિખંડ ૧૯ : ૩૧ – ૩૮). પણ આવા ભ્રષ્ટ પ્રકારના નિયોગને કારણે યાહુદીઓનાં બાર કુળમાં આ બે કુળ છેક હલકાં ગણાય છે એમ બાઇબલનો જર્મન ભાષ્યકાર કાઉટ્ઝ્શ (E. Kautzsch) જણાવે છે.

પ્રાચીન ગ્રીસમાં પણ નિયોગની રૂઢિ હતી. પ્લુટાર્ક (Plutarch ઇ. ૪૬ – ૧૨૦) કહે છે કે સ્પાર્ટાના (Sparta) પ્રાચીન સ્મૃતિકાર લાઇકર્ગસે (Lycurgus ઇ. સ. પૂર્વે ૯મી સદી) એવું વિધાન આપ્યું હતું, કે "જો કોઇ વૃદ્ધ પુરુષને જુવાન સ્ત્રી હોય તો તેણે તેનો સંબંધ કોઇ સુંદર ને સુયોગ્ય જુવાન પુરુષ સાથે બાંધી આપવો અને આ ઉદાત્ત સંબંધથી તેને જે બાળક થાય તેને પોતાનું માનીને ઉછેરવું. વળી કોઇ સ્ત્રી પ્રત્યે તેની સંસ્કારિતાને કારણે અને તેને સુંદર બાળકો થાય એ હેતુએ કોઇ સદાચારી પુરુષને સ્નેહ જાગે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને માટે તેના પતિ પાસે માગણી કરે, જેથી ફળદ્રુપ ભૂમિમાં સારાં બીજ વવાય, તેમ તે તે સ્ત્રીમાં ઉત્તમ બાળકો પેદા કરી શકે." અને આ પ્રકારનો નિયોગ ત્યાં સ્તુત્ય ગણાતો.

પ્રાચીન રોમમાં પણ નિયોગની રૂઢિ હતી. પ્લુટાર્ક જણાવે છે તે પ્રમાણે કેટોને (Cato of Utica ઇ. સ. પૂ. ૯૫ – ૪૬) પોર્શિયા (Portia) નામે પુત્રી હતી અને તેને બિબ્યુલસ (Bibulus) સાથે પરણાવી હતી. એ લગ્નથી તેમને બે બાળક પણ થયાં હતાં. છતાં પોર્શિયાને સારૂં સંતાન જન્માવી આપવાની અને પછી તેને તેના પતિને પાછી સોંપી દેવાની વાત કરીને તે પુત્રીની તેના પિતા કેટો પાસે એ કેટોના જ મિત્ર હોર્ટન્સીઅસે (Hortensius) માગણી કરી હતી; જો કે કેટોએ એ માગણી સ્વીકારી નહોતી, પણ એ માગણીમાં તેને કંઇ અજૂગતું લાગ્યું તો નહોતું જ.

પ્રાચીન આર્યોમાં પણ નિયોગની પ્રથા પ્રચલિત હતી. વેદમાં પણ તેનાં વિધાન છે. વિધવાને એવી આજ્ઞા છે "હે વિધવા, તું આ મૃત પતિની આશા છોડી બાકીના જીવતા પુરુષોમાંથી કોઇને પ્રાપ્ત કર; તને ગ્રહણ કરનાર પુરુષના નિયોગથી જે બાળક થશે તે તારા પતિનું ને તારૂં ગણાશે" (ऋग्वेद १० : ५० : २). મનુ પણ વિધાન આપે છે કે: "સંતાન ન હોય તો સ્ત્રીએ દિયેર અથવા પતિના સપિંડ પુરુષ સાથે નિયોગ કરીને તે પ્રાપ્ત કરવું. તેવા પુરુષે શરીર ઉપર ઘી ચોળી, વાણીને સંયમમાં રાખી, તે વિધવા પાસે રાત્રે જઇને એક જ પુત્ર ઉત્પન્ન કરવો, બીજો કદાપિ નહિ. નિયોગવિધિને જાણનાર કેટલાએક ઋષિઓ, એક પુત્રથી નિયોગનું પ્રયોજન સિદ્ધ થતું નથી, માટે સ્ત્રીઓને વિષે ધર્મ પ્રમાણે બીજો પુત્ર ઉત્પન્ન કરવો, એમ માને છે. વિધવા સાથે યથાવિધિ નિયોગનું પ્રયોજન સિદ્ધ કર્યા પછી નાના ભાઇએ મોટા ભાઇની સ્ત્રી સાથે માતા પેઠે અને મોટા ભાઇએ નાના ભાઇની સ્ત્રી સાથે પુત્રવધૂ પેઠે વર્તવું"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૯ : ૫૯ – ૬૨). નારદસ્મૃતિ જણાવે છે કે "જે સ્ત્રીને પ્રજા ઉત્પન્ન થઈ ન હોય તેવી સ્ત્રીનો પતિ જો મરી જાય તો તેના શ્વસુરવર્ગની અનુમતિથી તે સ્ત્રીએ પુત્રની ઇચ્છાથી પોતાના દિયેર પાસે જવું. કુળમાં તે એકલી જ બાકી હોય તો સંતાનને અર્થે તેણે નિયોગ કરવો, પણ કામવાસનાથી નહિ" (૧૨ : ૮૦ – ૮૩).

નિયોગથી થએલા પુત્રને મનુએ 'ક્ષેત્રજ' પુત્ર કહ્યો છે : "જેનો પતિ મરી ગયો હોય, નપુંસક હોય અથવા તો રોગી હોય તેવી, શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે નિયુક્ત થએલી સ્ત્રીમાં જે પુત્ર ઉત્પન્ન થાય તે પુત્રને ક્ષેત્રજ જાણવો" (૯ : ૧૬૭). અને આવો ક્ષેત્રજ પુત્ર તેના પિતાના ધનનો અધિકારી પણ છે : "જે પુરુષ પોતાના મરી ગએલા ભાઇની સ્ત્રીનું પોષણ કરે અને તેના ધનનું રક્ષણ કરે તેણે તે સ્ત્રીને વિષે નિયોગવિધિ પ્રમાણે પુત્ર ઉત્પન્ન કરીને તેને પોતાના મૃત ભાઇનું ધન સોંપી દેવું" (૧૪૬). પુત્રિકાકરણ પણ એક પ્રકારે શિષ્ટ નિયોગ છે : "જેને પુત્ર ન હોય તેણે કન્યાદાન સમયે જમાઇની સાથે એવો ઠરાવ કરવો કે આ પુત્રીને જે પુત્ર અવતરે તેણે મારી શ્રાદ્ધાદિ ઉત્તરક્રિયા કરવી. આ ભાઇ વિનાની કન્યા તમને પરણાવું છું તેને પુત્ર થશે તે મારો થશે" (૧૨૭).

અને આમ નિયોગથી પુત્રોત્પત્તિ કર્યાનાં ઉદાહરણ મહાભારતમાં તો અનેક છે. "મહાત્મા ભાર્ગવે . . . પૂર્વે એકવીશ વાર પૃથ્વી નિઃક્ષત્રિય કરી હતી, . . . ત્યારે ચોતરફની ક્ષત્રિયાણીઓએ વેદપારંગત બ્રાહ્મણોનો સંગ કરીને પ્રજાઓ ઉત્પન્ન કરી હતી અને તેઓ ક્ષત્રિય કહેવાયા હતા, કારણકે સ્ત્રીથી ઉત્પન્ન થએલો પુત્ર તે સ્ત્રીના પતિનો જ ગણાય એવો વેદમાં નિશ્ચય કરેલો છે. તે ક્ષત્રિયપત્નીઓ વંશવર્ધનની ધર્મભાવના જ મનમાં રાખીને બ્રાહ્મણોની પાસે ગઇ હતી" (આદિપર્વ ૧૦૪ : ૪ – ૭). શાન્તનુની રાણી સત્યવતીએ ભીષ્મને કહ્યું : "હે પરમશ્રેષ્ઠ, મારો પુત્ર અને તારો ભાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચિત્રવીર્ય ... સંતતિ ઉત્પન્ન કર્યા વિના જ બાલવયમાં સ્વર્ગે ચાલ્યો ગયો છે. હે ભારત, આ કાશિરાજની બે પુત્રીઓ, જે તારા ભાઇની રાણીઓ છે, તે રૂપયૌવનથી સંપન્ન, પવિત્ર તથા પુત્રની કામના વાળી છે. હે મહાબાહુ, આપણા કુલની વૃદ્ધિને માટે તે બંનેથી તું પ્રજા ઉત્પન્ન કર. મારી આજ્ઞા વડે એ ધર્મ કરવો તને ઉચિત છે" (૧૦૩ : ૮ – ૧૦). પણ ભીષ્મ તો આમરણ બ્રહ્મચારી હતો એટલે એણે સત્યવતીને કહ્યું : "તમે કોઇ ગુણવાન બ્રાહ્મણને ધન આપીને બોલાવો, જે વિચિત્રવીર્યની રાણીઓમાં પુત્રો ઉત્પન્ન કરે" (૧૦૫ : ૨). પછી સત્યવતીએ પોતાની કન્યાવસ્થામાં પરાશર મુનિથી ઉત્પન્ન થએલા પુત્ર વ્યાસમુનિને સ્મરણ કરીને બોલાવ્યા. એ આવ્યા એટલે એમને સત્યવતીએ કહ્યું : "જેમ પિતાથી ઉત્પન્ન થએલા ભીષ્મ વિચિત્રવીર્યના ભાઇ થાય છે તેમ માતાથી ઉત્પન્ન થએલા તમે પણ વિચિત્રવીર્યના થાઓ છો. ... હે પુત્ર, તમારા નાના ભાઇની દેવકન્યા જેવી રૂપ અને યૌવન વાળી બે રાણીઓ છે, જેઓ ધર્મથી પુત્રની ઇચ્છા રાખે છે ; માટે તમે તે બંનેથી સંતતિના વિસ્તારને માટે આ કુલને યોગ્ય એવી પ્રજા ઉત્પન્ન કરો" (૩૨ – ૩૯). આ નિયોગથી અંબિકાને – કૌસલ્યાને – ધૃતરાષ્ટ્ર અને અંબાલિકાને પાણ્ડુ નામે પુત્ર ઉત્પન્ન થયા.

વિધવાને જ નહિ, સધવાને પણ વંશક્ષયને આપત્તિપ્રસંગે નિયોગ કરીને વંશવર્ધન કરવાનું વિધાન વેદમાં પણ છે. સંતાનોત્પત્તિ કરવામાં અસમર્થ પતિ પોતાની પત્નીને સૂચના કરે કે अन्यमिच्छस्व सुभगे पतिं मत् – "મારાથી બીજા પતિની ઇચ્છા કર" (ऋग्वेद ૧૦ : ૧૦). મહાભારતમાં આનાં પણ ઉદાહરણ છે : અંધ વિપ્ર દીર્ઘતમાને "સત્ય પરાક્રમી તથા ધર્માત્મા એવા બલિરાજાએ ... પ્રાર્થના કરીને કહ્યું : 'હે મહાભાગ, હે માનદ, તમે મારા વંશની વૃદ્ધિને માટે મારી ભાર્યાથી ધર્માર્થમાં કુશળ એવા પુત્રોને ઉત્પન્ન કરવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગ્ય છો.' આ પ્રમાણે રાજાનું કહેવું સાંભળીને તે તેજસ્વી ઋષિએ 'ભલે તેમ થાઓ' એમ કહ્યું, ત્યારે રાજાએ પોતાની સુદેષ્ણા નામની ભાર્યાને ઋષિની પાસે મોકલી. પણ તે અંધ અને ઘરડો છે એમ માનીને સુદેષ્ણા ઋષિની પાસે ગઇ નહિ, અને પોતાની દાસીને તે વૃદ્ધ ઋષિની પાસે મોકલી દીધી. તે શૂદ્ર જાતિની દાસીમાં ધર્માત્મા ઋષિએ કાક્ષીવાન આદિ અગિયાર પુત્રો ઉત્પન્ન કર્યા" (આદિ ૧૦૪ : ૪૩ – ૪૭). પણ બલિરાજાને આ વાતની ખબર પડી એટલે તેણે "ફરીથી તે ઋષિશ્રેષ્ઠને પ્રસન્ન કર્યા અને ફરી પોતાની ભાર્યા સુદેષ્ણાને ઋષિ પાસે મોકલી. દીર્ઘતમાએ સુદેષ્ણાનાં અંગોનો સ્પર્શ કર્યો અને તેને કહ્યું : 'તને સૂર્યના જેવા તેજસ્વી અંગ, બંગ, કલિંગ, પુંડ્ર અને સુહ્મ નામના કુમારો થશે અને તેમના દેશો તેમના નામથી પૃથ્વીમાં પ્રસિદ્ધ થશે." (૫૧ – ૫૩). અને તેમ જ થયું. પાણ્ડુ રાજાએ એક વાર શિકાર કરતાં એક મૃગને મૃગી સાથે મૈથુનધર્મ સેવતો જોયો : "તે મૃગ કોઇ તપોધન અને મહાતેજસ્વી ઋષિપુત્ર હતો, જે તેજસ્વી મૃગનું રૂપ ધારણ કરીને મૃગીરૂપ ધારણ કરેલી પોતાની ભાર્યા સાથે વિહાર કરતો હતો" (આદિ ૧૧૮ : ૭). આ વાતનું ભાન ન હોવાથી પોતાનાં "બાણથી પાણ્ડુએ તે મૃગ તથા મૃગીને વીંધી નાખ્યાં" (૬). આથી મૃગે તેને શાપ આપ્યો : રાજા, "જ્યારે તું કામમોહિત થઇને પ્રિયાની સાથે સમાગમ કરીશ, ત્યારે મારા જેવી જ અવસ્થામાં તું પણ મૃત્યુ પામીશ" (૩૧). પછી આ આપત્તિમાં પાણ્ડુએ પોતાની પત્ની કુન્તીને કહ્યું : "પુત્ર ઉત્પન્ન કરવો એમ હું નિશ્ચયથી જોઉં છું. ... પણ મારૂં રતિકર્મ મૃગરૂપધારી મુનિના શાપથી નષ્ટ થયું છે. ... માટે હે યશસ્વિનિ, હું પોતે પુત્ર ઉત્પન્ન કરવાને અયોગ્ય હોવાથી તને આજ પ્રેરણા કરૂં છું કે આપણા સમાન અથવા આપણાથી શ્રેષ્ઠ હોય તેવાથી તું પુત્ર પ્રાપ્ત કર. હે કુન્તિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સંબંધમાં શારદંડાયનની સ્ત્રીની કથા તું સાંભળ: તે વીર પત્નીને તેના પતિએ પુત્રજન્મને માટે આજ્ઞા કરી હતી. હે કુન્તિ, ત્યારે તે સ્ત્રી ઋતુવ્રત પાળી સ્નાન કરીને રાતે ચકલામાં ગઇ અને ત્યાંથી એક સિદ્ધ બ્રાહ્મણને બોલાવી લાવી. પછી અગ્નિમાં પુત્રપ્રાપ્તિને માટે હોમ કરીને તે કર્મ થયા પછી તે બ્રાહ્મણની સાથે રહી અને તેણે દુર્જય વગેરે ત્રણ મહારથી પુત્રો ઉત્પન્ન કર્યા. હે કલ્યાણિ. તેમ તું પણ મારી આજ્ઞાથી તપ વડે શ્રેષ્ઠ એવા બ્રાહ્મણથી પુત્રોત્પત્તિને સારૂ તત્કાળ પ્રયત્ન કર" (૧૨૦ : ૩૦, ૩૧, ૩૭–૪૧). અને ત્યારે કુન્તીએ ધર્મથી યુધિષ્ઠિરને, વાયુથી ભીમને અને ઇન્દ્રથી અર્જુનને (૧૨૩), તથા એવી જ રીતે બીજી રાણી માદ્રીએ અશ્વિનીકુમારોથી "પૃથ્વીમાં અતુલ રૂપવાળા નકુલ તથા સહદેવ નામના જોડીઆ બે પુત્રો ઉત્પન્ન કર્યા" (૧૨૪ : ૭) નિયોગથી ઉત્પન્ન થએલા આવા ક્ષેત્રજ પુત્રોનાં ઉદાહરણો મહાભારતમાં તો અનેક મળી આવે છે.

પણ જેમ જેમ લગ્નબંધન સજડ ને દૃઢ થતાં ગયાં, વળી વસતિ વધ્યાને લીધે પ્રજોત્પત્તિની આકાંક્ષા ઘટતી ગઇ, તેમ તેમ નિયોગની પ્રથા અદૃશ્ય થતી ગઇ. છતાં હજી યે કેલિડોનિયન, અમેરિકાની કેટલીક જાતિઓ, મોંગોલ, અફઘાન, આબિસીનિયન, વગેરે જાતિઓમાં જુદે જુદે સ્વરૂપે નિયોગની પ્રથા પ્રવર્તે છે. આબિસીનિયામાં યુદ્ધથી કે કોઇ બીજા અકસ્માતથી પુરુષની પ્રજનનશક્તિ નાશ પામે તો તેની સાથેનો પ્રજનનધર્મ – એટલે નિયોગધર્મ – એ પુરુષના ભાઇને માથે આવી પડે છે.

અને ગયા અધ્યાયને અંતે જણાવ્યું છે કે "ગયા મહાવિગ્રહમાં જર્મની ઉપર તેનાં શત્રુરાજ્યોએ તેને કલંકિત ચીતરવા અનેક આરોપ મૂક્યા હતા, તેમાં એક એવો પણ હતો કે સમરાંગણમાં ગએલા યોદ્ધાઓની સ્ત્રીઓ સાથે, દેશમાં રહેલા પુરુષોના સંબંધથી સંતાન ઉત્પન્ન કરાવી જનસંખ્યા વધારવાનો પ્રયત્ન એ દેશે કર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. " આ આરોપ સાચો નીવડ્યો નથી, પણ એમાં જણાવેલા સંબંધને નિયોગ જ કહી શકાય.

પણ હવે તો સંસ્કૃત ગણાતી સૌ જાતિઓમાં નિયોગની પ્રણાલી અદૃશ્ય થઇ ગઇ છે; પ્રકટ રીતે તો અદૃશ્ય થઇ જ ગઇ છે, બેશક ગુપ્ત રીતે કોઇ કોઇ પુત્રલોલુપ પતિઓ પોતાની સ્ત્રીને પરપુરુષ સાથે યોજતા તો સર્વત્ર માલમ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૩૩

અતિવસતિ

સ્વાભાવિક પ્રેરણાએ પ્રેરાઇને માનવીએ અનેક પ્રકારનાં લગ્નથી અને ગયા અધ્યાયમાં જણાવ્યા પ્રમાણે નિયોગથી પણ પ્રજા વધારવાના અનેક પ્રયોગ અને પ્રયત્ન કર્યા. પણ પ્રકૃતિમાં જ કંઇક એવો નિયમ છે કે "દરેક જાતિ પોતાની જીવનયોગ્યતાને બળે છેક છેવટની સીમા સુધી વધવા પ્રયત્ન કરે છે; એ સીમાએ પહોંચ્યા પછી અટકી પડે છે, પછી વધી શકતી નથી. દર માસે તમે માથાના વાળ કતરાવો અને તેનો હિસાબ રાખો તો ૧૦૦ વર્ષમાં તો પચાસેક હાથનો હિસાબ થાય. પણ વગર કતરાવ્યે વધાર્યે જ જાઓ તો ચારેક હાથથી ભાગ્યે જ મોટા થાય. ગાય અને બકરાં ઘણાં ય કપાય છે, પણ તે પોતાની સીમા તરફ વધવા પ્રયત્ન કરતાં હોવાથી તે જાતિનો નાશ નથી થતો. ગધેડાંને ને કૂતરાંને કોઇ કાપી ખાતું ન હોવા છતાં પોતાની સીમા મૂકીને એ વધી શકતાં નથી. માણસ સીમા મૂકીને વધવા જાય છે, તો જીવનસંગ્રામની તાણાતાણ માટેનાં યુદ્ધોથી, કે જીવનસામગ્રી ખૂટ્યે થતા દુષ્કાળથી અને રોગોથી તેનો સંહાર થાય છે" ('ઇશ્વરનો ઇનકાર': ૪૫).

"હર્શલે કરેલી એક ગણતરી ઉપરથી જણાય છે કે માણસ જાતની વસતિ અત્યારની પેઠે જો આરંભથી દર વર્ષે બમણી થતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઇ હોત, તો માનવજાતિના આદિયુગલના જન્મથી આજ સુધીમાં ૭૦૦૦ વર્ષ થયાં એમ ગણીએ તો, અત્યારે માનવપ્રાણીઓની સંખ્યા એવડી મોટી હોત કે દરેક માણસને એક એકના ખભા ઉપર ઊભું રાખી એ રીતે એક પિરામિડ રચ્યું હોય તો તેનું શિખર કેવળ સૂર્યને જ ન અડકત પણ સૂર્ય છે તેથી પણ ૨૭ ગણી દૂર જગાએ તે પહોંચત" ('સ્ત્રી અને પુરુષ': ૬૯). પણ ઉપર જણાવ્યું છે તેમ કોઇ પણ જાતિ પોતાની સીમા સુધી વધીને પછી અટકી જ પડે છે. "માણસ સીમા મૂકીને વધવા જાય છે, તો જીવનસામગ્રીની તાણાતાણ માટેનાં યુદ્ધોથી, કે જીવનસામગ્રી ખૂટ્યે થતા દુષ્કાળથી અને રોગોથી એનો સંહાર થાય છે." અને તેથી જ માનવજાતિનો આ પૃથ્વી ઉપર ઉદ્ભવ થયે ત્રણ લાખ વર્ષ થઇ ગયા છતાં તેને વસવા હજી પિરામિડ રચવાની જરૂર નથી પડી, એટલું જ નહિ પણ હજી તો તેને વસવા માટે પૃથ્વી ઉપર બહુયે સ્થાન છે.

વંશવર્ધનની પ્રેરણા દરેક પ્રાણીમાં છે, પણ બેશક બુદ્ધિમાન માનવીમાં તો તે પ્રચંડ રૂપે વધી ગઇ છે. તેની એક જાતિને બીજી જાતિઓ સામે જીવનસામગ્રીની તાણાતાણ માટે જનસંખ્યા વધારવાની ખૂબ જરૂર લાગે છે, વસતિ એ વધાર્યે જ જાય છે; અને પછી યુદ્ધો, દુષ્કાળ કે રોગ! માનવીમાં રહેલી આત્મરક્ષણની ને તેથી વંશવર્ધનની સ્વાભાવિક પ્રેરણાએ વિકાર પામીને સ્વાર્થરૂપ ધારણ કરી લીધું છે ને તેથી તેણે બીજાના આત્મરક્ષણ ને વંશવર્ધન ઉપર ઘા કરવા માંડ્યા છે. તેની એ વૃત્તિનો નાશ ન થાય, માનવહૃદયનું પર્યટન ન થાય ત્યાં સુધી તો યુદ્ધો, દુષ્કાળ અને રોગ રહેવાનાં જ; અને વળી વિકૃત માનસને એ સ્વાભાવિક જ લાગતાનાં જ.

પણ હજી યુરોપઅમેરિકા જીવનસામગ્રીની તાણાતાણને માર્ગે દોડ્યા જ જાય છે અને એ હેતુએ વસતિ વધારવાના પ્રયત્નો કર્યે જ જાય છે. વસતિ અતિશય વધી ગઇ છે એવે ભ્રમે એક બાજુથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામલોલુપ માનવીઓ સંતતિનિયમનની વાતો કરતા થઇ ગયા છે, ત્યારે બીજી બાજુથી સ્વાર્થલોલુપ રાજપુરુષો વસતિ વધારવાના ઉપદેશ ને કાયદા કરતા થઇ ગયા છે. મુસોલિનીએ છેક અહુણા જ ઉચ્ચારેલું કે હજી તો પૃથ્વી ઉપર આજના કરતાં વીશ ગણી વસતિ માઇ શકે એમ છે. અને આથી યુરોપની વસતિ ગાઢી થયે જ જાય છે.

પણ યુરોપગુરુને ચરણે બેશીને ભણેલા હિંદી નિશાળિયા પણ આજે એમ માની બેઠા છે કે હિંદુસ્થાનમાં પણ જીવનયોગ્યતાના પ્રમાણ કરતાં યે તેની વસતિ અતિશય વધી ગઇ છે, તેથી હિંદીઓએ પણ સંતતિ-નિયમનના અને વળી -નિરોધના કૃત્રિમ ઉપાય યોજીને વસતિ વધતી અટકાવી દેવી જોઇએ. ત્યારે તો એ વિષયમાં યુરોપની સાથે આપણી સ્થિતિની તુલના કરીને વસ્તુસ્થિતિ સ્પષ્ટ કરવી ઘટે. આથી કોઇ એમ ન જ સમજે કે આપણે વસતિ વધારી મૂકવી જોઇએ એમ હું માનું છું હું તો એટલું જ માનું છું કે સંતતિ-નિરોધના ભ્રષ્ટ ને નાશજનક ઉપાયો લેવા પડે એવી આપણી સ્થિતિ નથી થઇ. એ હિતવસ્તુ સાબિત કરવા માટે જ હું આ તુલના કરૂં છું.

પ્રથમ તો સમગ્ર પૃથ્વીની વસતિનો વિચાર કરીએ :

પૃથ્વીનું ક્ષેત્રફળ	૧૯,૨૦,૦૦,૦૦૦	ચોરસ માઇલ છે.
બાદ સમુદ્રોનું ,,	૧૩,૮૦,૦૦,૦૦૦	,,
બાકી જમીનનું ,,	૫,૪૦,૦૦,૦૦૦	,,

અને માણસની વસતિ ૨,૦૭,૩૦,૦૦,૦૦૦ છે. એ હિસાબે પૃથ્વી ઉપર દર માઇલે સરેરાશ વસતિ ૩૮ માણસને આશરે છે, તેથી દર માણસે સરેરાશ ૧૬ એકરને આશરે જમીન આવે.

જુદા ખંડો વાર વસતિ નીચે પ્રમાણે છે :

ખંડ	ક્ષેત્રફળ ચો. મા.	વસતિ	દર ચો. માઇલે
યુરોપ	૩૭ લાખ	૪૫,૪૦ લાખ	૧૧૭ માણસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એશિયા	૧૭૦ લાખ	૧,૧૪,૦૦ લાખ	૬૬ માણસ
અમેરિકા	૧૬૦	૧,૮૬૦	૧૨ ,,
આફ્રિકા	૧૧૫	૧૮,૦૦	૧૬ ,,

હવે શ્રી. દાસ નામે લેખક જુદા જુદા દેશોની વસતિની આમ તુલના કરે છે:

દેશની દર ચોરસ માઇલે વસતિ.		દેશની દર ચોરસ માઇલે વસતિ.	
બેલ્જિયમ	૬૫૬	ઇટાલી	૩૩૩
હોલૅણ્ડ	૫૯૧	હંગરી	૨૨૧
ઇંગ્લૅણ્ડ	૪૮૪	ઑસ્ટ્રિયા	૨૦૦
જાપાન	૩૯૪	ફ્રાન્સ	૧૮૫
જર્મનિ	૩૪૪	હિંદુસ્થાન	૧૭૪

બીજા કોઇ લેખકની ગણત્રી પ્રમાણે બેલ્જિયમમાં દર ચોરસ માઇલે ૬૪૯, જાપાનમાં ૪૪૧, ફ્રાન્સમાં ૧૯૧ અને હિંદુસ્થાનમાં ૧૭૭ માણસની વસતિ છે. વડોદરાને વસતિપત્રકે બેલ્જિયમમાં ૬૮૬ અને સ્વીટ્ઝર્લૅણ્ડમાં ૨૫૫ માણસની વસતિ છે. કોઇ પણ ગણત્રી પ્રમાણે હિંદુસ્થાનની વસતિ પ્રમાણમાં ઓછી છે. અમેરિકા ને ઑસ્ટ્રેલિયા જેવાં નવાં સંસ્થાનોમાં તો વસતિ ઓછી હોય જ.

હવે જુદા જુદા દેશોમાં વસતિ કેમ વધી છે તેનું પ્રમાણ કાઢીએ. 'પબ્લીક ફિનેન્સ એણ્ડ અવર પ્રોપર્ટી' નામના અંગ્રેજી પુસ્તકમાં શ્રી. કુમારાપ્પા જણાવે છે:

વર્ષ	ઇંગ્લૅણ્ડ	ફ્રાન્સ	હિંદુસ્થાન
૧૮૭૧	૧૦૦	૧૦૦	૧૦૦
૧૮૮૧	૧૧૪·૪	૧૦૪·૬	૧૦૫·૫
૧૮૯૧	૧૨૮	૧૦૬·૩	૧૦૬·૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૦૧	૧૪૩·૪	૧૦૮	૯૭·૬
૧૯૧૧	૧૫૮·૮	૧૦૮·૬	૧૦૭·૯
૧૯૨૧	૧૬૬·૮	૧૦૫·૭	૧૦૫·૧

યુરોપના મહાવિગ્રહમાં ફ્રાન્સની વસતિ ઘટી ગઈ ને ૧૦૮·૬ની ૧૦૫·૭ થઇ ગઇ, ઇંગ્લૅણ્ડ તો ત્યારે ય આબાદ રહ્યું, એટલું જ નહિ પણ વધ્યું. હિંદુસ્થાનમાં ૧૯૦૦ને દુષ્કાળે વસતિ એકદમ ઘટાડી દીધી, ૧૦૬·૫ની ૯૭·૬ કરી નાખી. ઉપરના કોષ્ટકથી જણાશે કે વસતિના ઘટાડાથી ભયભીત બની ગએલા ફ્રાન્સ કરતાં યે હિંદુસ્થાનમાં વસતિ ઓછી વધે છે. અને છતાં યે યુરોપની નિશાળના હિંદી નિશાળિયા દેશમાં વસતિ વધી ગયાની બૂમો પાડે છે ને તેથી સંતતિનિયમનનાં સાધનો વાપરવાની શિખામણ આપે છે!

હિંદુસ્થાનની વસતિ વધતી શાથી નથી? મોં બ્યુરો કહે છે કે દેશની સમૃદ્ધિ જેમ વધે તેમ વસતિ વધે. "અને પોતાના પક્ષની પુષ્ટિમાં જર્મનીનું વધતું જતું જન્મપ્રમાણ અને તેની સાથેસાથે વધતી જતી સમૃદ્ધિ, તેમજ ફ્રાન્સનું ઘટતું જતું જન્મપ્રમાણ અને તેની સાથેસાથે ઘટતી જતી સમૃદ્ધિ એ બેની તે તુલના કરી બતાવે છે. વળી તે એમ પણ કહે છે કે જર્મન વ્યાપારમાં થએલી અસાધારણ વૃદ્ધિ બીજા દેશોના કરતાં જર્મન મજૂરોને વધારે ભોગે થઇ છે એમ પણ નથી. મોં. રૉસિગ્નોલનું પ્રમાણ ટાંકીને તે કહે છે: 'જર્મનીમાં જ્યારે ૪ કરોડ ૧૦ લાખની વસતિ હતી ત્યારે ભૂખમરો હતો, પણ તે વસતિ વધીને ૬ કરોડ ૮૦ લાખ થઇ ત્યારથી પ્રજા વધારે ને વધારે આબાદ થતી ગઇ છે'" ('નીતિનાશને માર્ગે': ૧૩).

ડેન્માર્કમાં વસતિ ઘટતી જાય છે, "પરંતુ ત્યાંના અર્થશાસ્ત્રીઓ વધારે આશાવાદી છે. તેમના મત પ્રમાણે જેમ જેમ આબાદી વધતી જશે તેમ તેમ વસતિનું પ્રમાણ પણ વધશે. અત્યારે તો ડેન્માર્કમાં બહુ ઓછાં કુટુંબોમાં એક કે બેથી વધારે છોકરાં છે. પચાસ વર્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં ૧૦૦૦માંથી ૨૫૪ પરિણીત સ્ત્રીઓને છોકરાં હતાં, અત્યારે ૧૦૦૦માંથી ફક્ત ૮૭ સ્ત્રીઓને છોકરાં છે. કેટલેક સ્થળે નિશાળો બંધ કરવી પડી છે, કેમકે નાની ઉમરના નિશાળીઆનો અભાવ છે." ડેન્માર્કની વસતિ દર ચોરસ માઇલે ૨૦૭ માણસની છે.

વળી વસતિ વધે એટલે સમૃદ્ધિ પણ વધે એવું યે કંઇ નથી. બર્નાર્ડ શૉ લખે છે કે "વસતિ વધવાની સાથે દેશ સમૃદ્ધ થાય કે નહિ તેનો આધાર જમીનની ફળદ્રુપતા ઉપર નથી, પણ વધતી વસતિને ઉપયોગી ને ઉત્પાદક કામે લગાડવા ઉપર છે. જો એમ થાય તો જ દેશ સમૃદ્ધ થાય." અને એમ કામે લગાડેલાં માણસની સારી રીતે સંભાળ લેવાય તો પાછી વસતિ વધ્યે જ જાય. "દાર્જીલિંગના અને લંકાના ચાના બગીચાઓમાં વિલાયતના જમીનદારોને સ્વાર્થે મજૂરોની દવાદારૂ સારી રીતે કર્યાથી ૨૫ ટકા મજૂરો વધ્યા છે" આમ દેશની સમૃદ્ધિ ને વસતિ એક બીજાને આધારે વધે ઘટે છે.

વળી રૂશિયાનો સમર્થ ક્રાન્તિકાર પ્રિન્સ ક્રોપોટ્કિન કહે છે કે: "આપણે ખરેખર જાણીએ છીએ કે ઉત્પાદકો દેશની વસતિના ત્રીજા ભાગ જેટલા પણ નથી, છતાં અત્યારે પણ તેઓ માલનો એટલો બધો જથો ઉત્પન્ન કરી શકે છે કે ઘેર ઘેર અમુક પ્રમાણમાં તો સુખારામ આપી શકે છે. પછી આપણે સમજી શકીએ છીએ કે આજે જેઓ બીજાની મહેનતને પાણીમાં તણાવી દે છે તેઓ ફળદાયી કામમાં રોકાશે તો ઉત્પાદકોની સંખ્યા વધશે અને તેટલા પ્રમાણમાં આપણી સંપત્તિ પણ વધશે. છેવટે, આપણે પેલા મધ્યમ વર્ગના 'કાળવેત્તા' અર્થશાસ્ત્રી માલ્થુસના સિદ્ધાન્તની વિરુદ્ધ જતી આ વાત પણ સમજી લેઇએ કે પ્રજનનશક્તિને મુકાબલે માનવજાતિની ઉત્પાદકશક્તિ અતિવેગથી વધે છે. જે ભૂમિ ઉપર વસતિની વધારે સઘનતા છે, તે ભૂમિની ધનોત્પાદનશક્તિનો વિકાસ ઘણો વેગીલો છે" ('ભૂખમરાનો ઉપાય' : ૧૯).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ હિંદુસ્થાનમાં અવળી જ વ્યવસ્થા ચાલી રહી છે, એટલે સમૃદ્ધિ ઘટતી ચાલી છે અને તેથી વસતિ પણ ઘટતી જ ચાલી છે —બીજા દેશોના પ્રમાણમાં વધતી નથી, એટલે ઘટતી જ ચાલી છે એમ કહેવાય. તે કેમ તે હવે જોઈએ

	૧૯૨૨–૨૩	૧૯૩૨–૩૩	
હિંદુસ્થાનની કુલ જમીન	૬૬.૭	૬૬.૭	કરોડ એકર
ખેડાય નહિ તેવી	૧૫.૨	૧૪.૫	,, ,,
જંગલ	૮.૫૫	૮.૮૪	,, ,,
છેડા Fallow	૪.૭	૫.૦૪	,, ,,
ખેડવા જોગ પડતર	૧૫.૪	૧૫.૪	,, ,,
ખેડાએલી	૨૨.૪૯	૨૨.૮	,, ,,
નહેરોવાળી	૪.૭૮	૪.૯૬	,, ,,

(*'The Labour Monthy'* ઉપરથી *'The Modern Review,'* ઑગસ્ટ, ૧૯૩૫; પૃષ્ઠ ૨૩૧)

બીજી ગણત્રી પ્રમાણે હિંદુસ્થાનમાં કુલ જમીન ૬૬,૪૧,૫૭,૫૮૯ એકર છે. તેમાંથી ૨૨,૫૮,૪૫,૭૩૪ એકર જમીનમાં વાવેતર થાય છે અને રાજ્યપદ્ધતિની ખામીને કારણે ૧૫,૧૮,૭૪,૫૫૫ એકર વાવેતર થાય એવી જમીન ઉજડ પડી રહી છે. બાકીની જમીનમાં જંગલો વગેરે છે. વાવેતર થાય એવી સૌ જમીનમાં વાવેતર થઈ ગયું હોત તો દેશનો ખેડૂત 'શું ખાઉં ?' એમ કરીને રાતે રડતો કકળતો સૂતો ન હોત. પણ આજે તો દેશને ૮૧૦ લાખ ટન (૧ ટન= ૫૬ મણ) ધાન્યની જરૂર છે, ત્યાં ૭૬૦ જ લાખ ટન ધાન્ય ઉત્પન્ન થાય છે. આમાંથી ૨૧૮ લાખ ટન ઢોરઢાંક, બિયાવું અને બગાડ વગેરેમાં જાય છે. અને દેશમાં જાણે બહુ જ પાકી ગયું હોય તેમ ૫૫ લાખ ટન અનાજ તો પરદેશ ખાતે ચઢાવી દેવામાં આવે છે! એટલે બાકી રહ્યું ૪૮૭ લાખ ટન. આમ દેશના પેટમાં ૩૨૩ લાખ ટનનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાડો પડ્યો. અને આનું પરિણામ શું? ભૂખમરો ને દુઃખમરો! અંગ્રેજી અમલમાં એવા દુષ્કાળનો – ભૂખમરાનો – પાર નથી. ખ્રિ. સ. ૧૮૦૦થી ૧૮૨૫ સુધીમાં નાના મોટા ૫, ૧૮૨૬થી ૧૮૫૦ સુધીમાં ૨, ૧૮૫૧થી ૧૮૭૫ સુધીમાં ૭ અને ૧૮૭૬થી ૧૯૦૦ સુધીમાં ૧૮ દુષ્કાળ પડ્યા. ૧૮૫૪થી ૧૯૦૦ સુધીના દુષ્કાળોથી ૨,૮૮,૨૫,૦૦૦ માણસો અન્ન વિના તરફડી મર્યાં એમ ડિગ્બી કહે છે.

અને આવી નબળી પાતળી ખેતીની યે દિનપ્રતિદિન શી દશા થાય છે? સરકારી વેપારનીતિએ ખેતી ભાગતી જાય છે, ખેડૂત ખેતી છોડીને શહેરનાં કારખાનાંમાં મજૂરી કરવા જતો થયો છે. સ. ૧૮૯૧માં ૧,૮૬,૮૩,૨૦૬ ખેડૂતો ખેતી છોડી મજૂરી કરીને પેટ ભરતા હતા, તે વધીને સ. ૧૯૧૧માં ૪,૧૨,૪૬,૩૩૫ થયા – વીશ વર્ષમાં બેવડા કરતાં યે વધારે! અને ત્યાર પછી ૧૯૨૧માં દર ૧૦૦૦ ખેડૂતે ૨૭૧ જમીન વિનાના થઇ ગયા, ત્યારે ૧૯૩૨માં ૪૦૭ ખેડૂત જમીન વિનાના થઇ ગયા! અને કારખાનાં તે કેટલાંને પોષે? ૧૯૨૩માં હિંદુસ્થાનમાં શહેરોનાં કારખાનાં ૧૫,૬૦,૦૦૦ જ મજૂરોને કામ આપી શકતાં. ત્યારે બાકીના લોકનું શું? સતત ભૂખમરાથી ને દુઃખમરાથી મરવાનું, બીજું શું?

બીજી મજૂરી યે શી મળે! ચીનનો દેશભક્ત ડૉ. સુન્-યાત્-સેન કહે છે: "યંત્રોએ મજૂરોની સ્થિતિમાં કેવો ભયંકર પલટો કરી મૂક્યો છે! . . . પહેલાંના દિવસોમાં કંતાનથી શિંકાઉ સુધી માલનાં ૧૦૦૦૦ પોટલાં ઊંચકી જતાં ૧૦૦૦૦ મજૂરોને ૧૦ દિવસ મજૂરી મળતી; આજે એટલો જ માલ રેલવે ગાડીમાં લેઇ જતાં ૧૦ જ માણસને ૮ જ કલાક મજૂરી મળે છે. કંતાન અને શિંકાઉ વચ્ચે રેલવે ગાડીઓ દોડતી થઈ, એટલે તેણે મજૂરોની મજૂરી ઝૂંટવી લીધી ને મજૂરો બિચારા અદૃશ્ય થઇ ગયા. યંત્રો દાખલ થયા પછી પુષ્કળ લોકો પોતાનો ઉદ્યોગ એકદમ ખોઈ બેઠા અને જીવનનિર્વાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતા અટકી પડ્યા. યુરોપિયનો આ ભયંકર પલટાને 'ઔદ્યોગિક વિપ્લવ (Industrial Revolution)' કહે છે, પણ એણે અનેક શ્રમણોને (Workers) ભયંકર દુઃખગર્તમાં નાખી દીધા છે" ('*Harijan*' તા. ૧૧ : ૧ : ૧૯૩૫).

પારિસ યુનિવર્સિટીના પ્રો. Etienne Dennery કહે છે કે "નાના કારીગરોની કોઢો ઘરાક વિનાની થઇ પડી છે, હાથે ખાંડવા મજૂરોને ચોખા મળતા નથી, ખેડૂતોના ઘરમાં રેંટિયા મૂંગા મરી રહ્યા છે. ગામડાંમાં દુઃખી લોકનાં ટોળાં ભૂખે મરી રહ્યાં છે. એશિયાનાં ગામડાંમાં જ્યાં પૂરી વસતિ નથી, તેમાં વસતિ ઉભરાઇ જતી (Over-populated) દેખાવા લાગી છે" ('*Harijan*,' તા. ૧૧ : ૧ : ૧૯૩૫). સંતતિનિરોધના જે ભક્તોને હિંદુસ્થાનમાં વસતિ ઉભરાઇ ગએલી જણાતી હોય તે જરા કૃપા કરીને આ વાતો વિચારે.

અને વળી સરકારી રાજ્યનીતિને અને પરદેશોના ઔદ્યોગિક આક્રમણને લીધે હિંદુસ્થાનની પેદાશ કેવી ઘટી ગઇ છે તે નીચેનું કોષ્ટક કહેશે :

દેશ	માણસ દીઠ પેદાશ		દેશ	માણસ દીઠ પેદાશ	
	વાર્ષિક પૌંડ	રોજના રૂ.		વાર્ષિક પૌંડ	રોજના રૂ.
યુના. સ્ટેટ્સ	૭૨	૨–૧૧–૦	જર્મની	૩૦	૧– ૨–૦
ઑસ્ટ્રેલિયા	૫૪	૨– ૦–૦	ઇટાલી	૨૩	૦–૧૪–૦
ઇંગ્લૅંડ	૫૦	૧–૧૪–૦	સ્પેન	૧૧	૦– ૬–૬
કૅનેડા	૪૦	૧– ૮–૦	જાપાન	૬	૦– ૩–૬
ફ્રાન્સ	૩૮	૧– ૬–૬	હિંદુસ્થાન	૩	૦– ૧–૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેપારની મંદી પહેલાં હિંદના ખેડૂતની રોજની સરેરાશ પેદાશ ૭ પૈસા હતી તે પછી ૪ પૈસા થઇ ગઇ! દેશની ખેતીની કુલ આવક મંદી પહેલાં ૧૦ અબજ રૂપિયાની હતી, તે પછી ઘટીને ૫ા અબજની થઇ ગઇ! દેશના ખેડૂતોનું કુલ દેવું ૧૯૨૯માં ૯ અબજ રૂપિયાનું અંકાતું હતું તે વધીને ૧૯૩૬માં ૧૮ અબજ અંકાયું, ત્યારે આ સ્થિતિમાં માણસ 'ખાઉં શું?' 'ખાઉં શું?' કરતો વહેલો મરે, એમાં કંઇ આશ્ચર્ય! નીચેના કોષ્ટક ઉપરથી જુદા જુદા દેશોનાં માણસોનો આયુકાળ જણાઇ આવશે :

દેશ	આયુકાળનાં વર્ષ		દેશ	આયુકાળનાં વર્ષ	
	સ્ત્રીનાં	પુરુષનાં		સ્ત્રીનાં	પુરુષનાં
નૉર્વે	૫૭.૭૨	૫૪.૮૪	ઇંગ્લેણ્ડ	૫૨.૩૮	૪૮.૫૩
સ્વેડન	૫૫.૯૮	૫૪.૫૩	ફ્રાન્સ	૪૯.૧૩	૪૫.૭૪
ડેન્માર્ક	૫૭.૯	૫૪.૯	જર્મની	૪૮.૩૩	૪૪.૮૨
હોલેણ્ડ	૫૩.૪	૫૧.૦	ઇટાલી	૪૪.૮૩	૪૪.૨૪
યુના. સ્ટેટ્સ	૫૨.૫૪	૪૯.૩૨	જાપાન	૪૪.૮૫	૪૩.૯૭
સ્વીટ્ઝર્લૅણ્ડ	૫૨.૧૫	૪૯.૨૫	હિંદુસ્થાન	૨૩.૩૧	૨૨.૫૯

ઉપરનાં બે કોષ્ટક સરખાવવાથી જણાશે કે દરેક દેશમાં અનુક્રમે કમાણીના પ્રમાણમાં માણસનો આયુકાળ છે : જે વધારે કમાય છે તે લાંબું જીવે છે, હિંદુસ્થાન સૌથી ઓછું કમાય છે ત્યારે સૌથી ટૂંકું જીવે છે

(વળી ઉપરના કોષ્ટકમાં સ્ત્રીપુરુષોનો આયુકાળ સરખાવતાં જણાશે કે પુરુષ કરતાં સ્ત્રી લાંબું જીવે છે. એમાંથી એક સ્વાભાવિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધાન્ત તરી આવે છે: પિતા ગર્ભાધાન કરીને વેગળો રહે છે, માતાને ગર્ભ સંભાળવો પડે છે એટલું જ નહિ પણ જન્મેલા સંતાનને લાંબા કાળ સુધી સંભાળવું પડે છે. આમ કુદરતમાં પુરુષ કરતાં સ્ત્રીની વધારે કાળ સુધી જરૂર છે, માટે ઇતર પ્રાણીજાતિમાં તેમજ માનવજાતિમાં પણ પુરુષ કરતાં સ્ત્રી વધારે લાંબું જીવતી થઇ છે, સમસ્ત માનવજાતિમાં પુરુષવર્ગે સ્ત્રીવર્ગની અવગણના કરી છે છતાં યે.)

અત્યાર સુધીના વર્ણનથી જણાશે કે હિંદુસ્થાનમાં અતિવસતિ નથી જ થઇ ગઇ,[1] ખરી રીતે તો યુરોપમાં પણ નથી થઇ. પણ થઇ છે એમ જે દેખાય છે તે ધનવાનોએ જે યંત્રચક્ર માંડયું છે તેથી જ. બર્નાર્ડ શૉએ કહ્યું છે, કે: "વધતી વસતિને ધનવાનોની નોકરી કરવામાં કે તેમના ધનનો હક સાચવવા હથિયારબંધ ચોકીદાર બનાવવામાં કે તેમના ધંધાના ઉપયોગમાં કે એવા જ અનુત્પાદક કાર્યમાં રોકવામાં આવે, તો ધનવાનો તો બેશક વધારે ધનવાન થશે, તેમના હીરામાણેકનાં ને સુંદર વસ્ત્રોનાં પ્રદર્શનો થશે, તેમના નોકરોને ને બીજા આશ્રિતોને વધારે પગાર મળશે, પણ દેશ સમસ્ત તો ભિખારી જ થતો જશે."

અને આજે તો એ જ સ્થિતિ થઇ રહી છે. જગતના ગણ્યાગાંઠ્યા ધનવાનો સમસ્ત પ્રજાને દાસ બનાવી પોતે પ્રભુ થઇ બેઠા છે, સમસ્ત ધન પોતાના કબજામાં રાખી ગાદીભાગ્યાં શરીર ને ગાડીભાગ્યા પગ વાળા એ ધનલોલુપો ગરીબોને ચૂશીને ભરેલી ધનથેલીઓ ઉપર મડાગાંઠ પાડી ચઢી બેઠા છે, જગતના આર્થિક ક્ષેત્રમાં ભયંકર દુરવસ્થા કરી રહ્યા છે ને લોકને ભૂખે મારી રહ્યા છે. ભૂખે મરતાં ટોળાંને

---

૧. ગાંધીજી કહે છે: "મારા મત પ્રમાણે જમીનની યોગ્ય વહેંચણી થાય, ખેતી સુધરે અને તેને અંગે બીજા ઉદ્યોગ હોય તો આ જ દેશમાં અત્યારે છે તેથી બમણી વસતિનો નિર્વાહ થઈ શકે" ('નીતિનાશને માર્ગે': ૬૫).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખી એ પ્રભુલોક જાણે વિશ્વસેવા કરવા જીવતા હોય એમ પછી અતિવસતિની બૂમો મારે છે ને સંતતિનિરોધની શિખામણ આપે છે!

વસતિનો મોટો ભાગ ગરીબ છે, ગણ્યાગાંઠ્યા ધનલોલુપ પ્રભુલોકના ધનપ્રપંચને પરિણામે સમસ્ત જગતનો કપાસ તેમની મીલો ગળી જાય છે, હિમાલય જેવડો ઢગલો મારે એટલાં વસ્ત્ર એ મીલો ઓકી કાઢે છે; એ વસ્ત્ર પાણીને મૂલે વેચાય, પણ એ પ્રભુલોકે ગરીબોની એવી ભયંકર અવદશા કરી મૂકી છે કે તેવાં સસ્તાં વસ્ત્ર પણ એ ખરીદી શકે નહિ એ બિચારા દિવસે અર્ધનગ્ન સ્થિતિમાં મજૂરી કરે છે, રાતે ટાઢે ઠૂંઠવાઇને થીજી જાય છે! એ દાસલોક પેલા પ્રભુલોકની દયા માગે, ત્યારે પ્રભુલોક એમને તિરસ્કારી કાઢે: "આટલાં બધાં જણો છો શું કરવા?"

દાસલોક બિચારા પરસેવાના રેલા પાડી ધરતીનાં કઠણ હાડકાં ચીરીને તેમાંથી ઢગલે ઢગલા અનાજ બહાર કાઢે છે. પણ પ્રભુલોકે એમની એવી દુરવસ્થા કરી મૂકી છે કે એ બિચારા પોતાનું પકવેલું પણ સુખે ખાઇ શકે નહિ. ખેતરમાંથી ઘેર આવતા પહેલાં તો સીધું એ અનાજ ધનલોલુપ પ્રભુને ઘેર ચાલતું થઇ જાય!

માલના ભાવ ઊંચા રાખવાને ધનલોલુપ પ્રભુલોક કેવા ભ્રષ્ટ પ્રપંચ રચે છે! એક બાજુએ રૂપિયાને મોંઘો કરી દેઇ ગરીબોએ ઉત્પન્ન કરેલા પદાર્થો, તેમના ભાવ બેસાડી દેઇ, સસ્તામાં ઘસડી લેવાય છે. બીજી બાજુ અમેરિકામાં વધારે દેખાતા અનાજને નદીમાં ફેંકી દેવાય છે કે કપાસને બાળી દેવાય છે! "ભાવ ઊંચા લેઇ જવા માટે નારંગીના ઢગલે ઢગલા રસ્તામાં નાખી દેવામાં આવ્યા હતા. આ ચિત્રમાં નારંગીનો એક જ ઢગલો દેખાય છે, આ ચિત્ર કેલીફોર્નિયામાં આનાહીમ ગામનું છે. ત્યાં નારંગીનો જથો ખૂબ જ વધી ગયો છે. આ ચિત્રમાં નારંગીનો જથો એક માઇલનો વિસ્તારમાં પથરાએલો જણાય છે" (*'The World To-Morrow,'* તા. ૧૪ : ૯ : ૧૯૩૩,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃષ્ઠ ૫૧૮). વધારે થએલી નારંગીનો કેમ નાશ કરવામાં આવેલો, તેનું એ પત્રે ચિત્ર આપીને ઉપરનું વર્ણન કર્યું હતું.

આમ લોક અને અનાજ તથા વસ્ત્રના ભંડાર વચ્ચે ધનપતિઓ પલાંઠી મારી બેસે, ત્યારે લોક ભૂખે મરે ને નાગા ફરે એમાં લોકનો શો દોષ? અને એવી અવસ્થામાં 'વસતિ અતિઘણી વધી ગઇ છે, માટે સંતતિનિરોધ કરો' એવી ડાહી ડાહી શિખામણ આપવી એનો અર્થ સ્વાર્થપ્રપંચ કે બીજું કંઇ?

પૃથ્વી કોઇ એક કે અમુક ધનપાલોની, કે દિક્પાલોની નથી. કુદરતની આ પૃથ્વી ઉપર સર્વ માણસોને સુખે માથું મૂકી સૂઇ જવાનો હક છે. પણ આ પૃથ્વીના મોટા મોટા ખંડ આંતરી, તેની આસપાસે મજબુત કોટ ચણી પોતાના દીકરા માટે જ એ દિક્પાલો બોટી રાખે તો એ ગરીબો પોતાનું માથું ક્યાં ટેકવે? શું ખેડે ને શું ખાય? હિંદુસ્થાનમાં જ અનેક ગરીબને માથું ટેકવવા જમીન નથી. પૃથ્વી ઉપરના બીજા વેરાન દેશો તો યુરોપિયનોએ પોતાના દીકરા માટે આંતરી લીધા છે. ત્યારે ગરીબ હિંદી જાય ક્યાં? યુરોપિયનોની એ કોલોનીઓમાં જાય તો એની શી વલે થાય એ તો આજે સૌ હિંદી જાણે છે. આ દશામાં આ ગરીબ દાસપ્રજા—હિંદી પ્રજા—એ પ્રભુલોકની દયા—હક નહિ પણ દયા—માગે, ત્યારે 'તમારી વસતિ અતિઘણી વધી ગઇ છે, માટે સંતતિનિરોધ કરો,' એવી ઠંડે પેટે શિખામણ દેવી એમાં છેક જ તિરસ્કારભરી નિર્દયતા ને ક્રૂરતા નથી? એ શિખામણમાં સાચો ઉપાય નથી, સાચો ઉપાય તો એ જ કે કુદરતની ધરતી ઉપર સૌ સુખે માથું મૂકી ઊંઘી શકે, તેના ઉપર ખેતી કરીને ખાઇ શકે, એવી જમીનની સુવ્યવસ્થિત વહેંચણી કરવી. બાકીના સૌ ઉપાય મિથ્યા પ્રપંચ છે.

દેશમાં આન્તરવિગ્રહ થવાનો ભય હોય, ત્યારે કુશળ રાજપુરુષો બીજા દેશ સામે વિગ્રહ જગાવી દેશની પ્રજાનું ધ્યાન તે તરફ વાળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને દેશમાં આવતો ભય ટાળે. એવી રીતે પોતાને પાપે ઊભો કરેલો ભૂખમરો ભુલાવવાનો આ પ્રપંચ છે!

પણ આ સમસ્ત ચર્ચા ઉપરથી કોઇ એમ ન જ સમજે કે ગરીબોએ કે કોઇએ ઊંધું ઘાલીને વસતિ વધાર્યે જ જવું. ના, હું તો એથી ઊલટું જ કહું છું. જરૂર વિના ને પોતાની પરિસ્થિતિનો વિચાર કર્યા વિના કોઇએ પણ સંતતિ ઉત્પન્ન કરવી ન જ ઘટે. પુત્રૈષણાને આપણે ધર્મ માનીએ છીએ, પણ પુત્રધર્મ – સંતતિને સારી રીતે પોષવી ને તેને સારી રીતે કેળવવી એ પુત્રધર્મ – આપણે છેક જ ભૂલ્યા છીએ, કેટલેક અંશે એ ધર્મ બજાવવામાં આપણે નિરાધાર છીએ, પાંગળા છીએ, અને ત્યારે એ અવસ્થામાં પુત્રૈષણા ત્યજવી એ જ ધર્મ રહ્યો. દાસપ્રજા વધારી વધારીને દાસનાં ટોળાં ભેગાં કરે એથી તો મહાઅનર્થ ને અધર્મ થાય.

ગરીબોએ વધારે ચેતવાનું બીજું પણ એક કારણ છે: જે શ્રમ કરીને અને સાદો, છેક જ સ્વાભાવિક ખોરાક ખાઇને જીવે છે તેને ઘેર સંતતિ વધારે થાય છે, ના જોઇએ તો ય. જે લોક બેઠાખાઉ છે તે ધનને જોરે મરીમશાલા વાળા અપ્રાકૃતિક ખોરાક ખાઈને સૂંવાળાં જીવન જીવે છે તેમને સંતતિ ભાગ્યે જ થાય છે, બહુ યે ઝંખે તો ય. આ સ્થિતિમાં પ્રભુલોકને જાણે દાસલોકની ઇર્ષ્યા આવતી હોય ને તેથી જ જાણે તેમને સંતતિનિરોધની શિખામણ આપતા હોય! ના, એમની શિખામણ તો જુદે જ હેતુએ છે: એક બાજુથી એમને સસ્તા મજૂર મળે એટલા ગરીબોની વસતિ વધે તેમાં તો એ અંદરખાનેથી રાજી છે, પણ ગરીબોની પ્રત્યેનો એમનો અન્યાય દેખાઇ આવે એટલે અતિવસતિની બૂમ મારે ને સંતતિનિરોધની શિખામણ આપે!

પણ ગરીબોએ પોતાનું હિત સમજી જઇને સંતતિ ઓછી થાય એવા ઉપાય કરવા જ ઘટે. બાળલગ્ન વગેરે જે કુરૂઢિઓથી વધારે ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્બળ વસતિ વધે એવી સૌ કુરૂઢિઓનો નાશ કરવો ઘટે. આપણી કામલોલુપતા ઉપર અંકુશ રાખવો ઘટે. આ વિષયમાં આપણે કંઇ નહિ તો પશુ તરફ પણ જોવું ઘટે. પશુઓ આહારની ને સંતાનની સ્વાભાવિક પ્રેરણા થયે જ આહાર લે છે ને સંયોગ કરે છે. માનવી – પોતાને ડાહ્યું માનતું – માનવી તો સ્વાદલોલુપતાને ને કામ-લોલુપતાને પરિતૃપ્ત કરવા ભોજન ને સંભોગ કરે છે. આથી તે અકરાંતિયો થઇ જાય છે ને અનિચ્છાએ પણ સંતતિ વધાર્યે જાય છે. પોતાને અને એ સંતતિને પોષવા અશક્ત હોવાથી એ સંતતિથી કંટાળો આવે છે ને ત્યારે ધનવાનોએ સંતતિનિરોધની આપેલી શિખામણ તેને સાચી લાગે છે.

આ સ્થિતિમાં ત્યારે ચેતવું જ રહ્યું. પોતાની આર્થિક અને સાંસ્કારિક સ્થિતિને પ્રતિકૂળ થઇ પડે એવી રીતે વસતિનો વધારો કરતાં અટકી જવું રહ્યું. તે માટે પોતાની કામલોલુપતાને વશમાં રાખ્યા વિના, તેના ઉપર સંયમ મૂકયા વિના નહિ ચાલે. બાકી પોતાને સ્વાર્થે પ્રભુલોકોએ દાસલોકને આડે માર્ગે દોરવાને બતાવેલા ઉપાયમાં તો નાશ જ છે. પોતાની શક્તિ કેળવીને ધનની ને જમીનની યોગ્ય વહેંચણી થાય અને શ્રમ કરે તે જ સુખે જીવી શકે એવી સ્થિતિ ઊભી કરવી એ છેવટનો ને એકમાત્ર સાચો ઉપાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૩૪

સંતતિનિરોધ

પાછળ વારંવાર જણાવ્યું છે કે સ્ત્રીપુરુષના શારીરિક લગ્નનો એક માત્ર હેતુ વંશવર્ધનનો – સંતતિના જનનનો – જ છે. આ નિર્ધન દેશમાં આજે તો બહુ સંતતિની જરૂર રહી નથી. વંશવર્ધનને હેતુએ નહિ, પણ આપણી – પુરુષની – કામલોલુપતાની તૃપ્તિને હેતુએ એક બાજુથી આપણે ખૂબ ભૂંજરવટ વધારી મૂકી છે, બીજી બાજુથી સમાજની આર્થિક દુરવસ્થાને અને સરકારની સ્વાર્થપરાયણ રાજ્યનીતિને પરિણામે દેશમાં ઘર કરી રહેલા દારિદ્ર્યને લીધે એ ભૂંજરવટના પેટનો ખાડો પૂરવા જેટલું અનાજ પણ મળતું નથી. ત્યારે આ સ્થિતિમાં બેશક સંતતિનિયમનની જરૂર છે. અને તેનો ધનની સુયોગ્ય વહેંચણી, અને ખાસ તો બ્રહ્મચર્ય એ જ એકમાત્ર ઉપાય છે. સંતાનની ઇચ્છાએ દંપતી શરીરસંયોગ કરે, પછી બ્રહ્મચર્ય પાળે.

પણ આજે તો કૃત્રિમ સાધનોથી સંતતિનિરોધના કાર્યનો ખૂબ પ્રચાર થઈ રહ્યો છે. પ્રાચીન કાળે આવાં કૃત્રિમ સાધનો હતાં કે નહિ એ હું જાણતો નથી, પણ કૃત્રિમ રીતે સંતતિનિરોધનો ઉપદેશ થતો એવું સંસ્કૃત સાહિત્યમાં કંઇક મળી આવે છે ખરૂં. બૃહદારણ્યક ઉપનિષદ્‌માં લખ્યું છે, કે

अथ यामिच्छेन्न गर्भं दधितेति तस्यामर्थं निष्टाय मुखेन मुखं संधायाभिप्राण्यापान्यादिन्द्रियेण ते रेतसा रेत आदद इत्यरेताण्य भवति ॥ अ. ६ : ब्रा. ४ : म. १० ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આના ઉપર શંકરાચાર્યે નીચે પ્રમાણે ભાષ્ય આપ્યું છે:

अथ यामिच्छेन्न न गर्भं दधित न धारयेत गर्भिणी मा भूदिति । तस्या-मर्थं प्रजननेन्द्रियं निष्ठाय निक्षिप्य मुखेन मुखं संधाय उपस्थमस्या आभ-मृश्य प्राण्याभिप्राणानं प्रथमं कृत्वा पश्चादपान्यादिन्द्रियेण 'ते रेतसां रेत आदद' इत्यनेन मंत्रेण अरेता एव भवति इत्यर्थः ॥

ઉપનિષદ્‌ના આ મંત્રનો અર્થ આમ છે: "હવે જેને (વિષે પુરુષ) એમ ઇચ્છે કે એ (પત્ની) ગર્ભને ધારણ ન કરે, તેનામાં (તેની યોનિમાં) અર્થને (લિંગને) મૂકીને, મોં ઉપર મોં રાખીને, 'અભિપ્રાણ' કરીને પછી 'અપાન' કરવું, (અને મંત્રથી સંકલ્પ કરવો કે) 'ઇન્દ્રિયથી અને રેતસથી તારૂં આ રેતસ હું લેઇ લઉં છું,' એટલે એ (પત્ની) રેતસ્ વિનાની થાય છે, ગર્ભિણી થતી નથી."

આમ કૃત્રિમ રીતે સંતતિનિરોધ કરવાનો હેતુ શો હશે, એ એ ઉપનિષદ્‌માંના આજુબાજુના ભાગ ઉપરથી કંઇ પણ સમજી શકાતું નથી

સ્ત્રીપુરુષનો સંયોગ થવા છતાં ગર્ભનિરોધ થઇ શકે, એવું એક ઉદાહરણ મહાભારતમાં પણ છે. ઉતથ્ય ઋષિની સ્ત્રી મમતા પાસે, તે ઋષિના નાના ભાઇ – દેવોના પુરોહિત – બૃહસ્પતિ કામવાસનાથી ગયા. મમતાએ કહ્યું: "તમારા મોટા ભાઇ ઉતથ્યનો ગર્ભ મારા પેટમાં રહીને ષડંગ વેદનું અધ્યયન કરે છે. તમે પણ અમોઘ વીર્યવાળા છો અને એ પુત્રનો અહીં સમાવેશ થાય એમ નથી; આમ હોવાથી તમારે હાલ વિરામ પામવું ઘટે છે." પણ કામાતુર બૃહસ્પતિ ચિત્તને વશ કરી શક્યા નહિ અને મમતા સાથે સંયોગ કર્યો. જ્યારે તેમણે વીર્યસેચન કરવા માંડ્યું, ત્યારે ગર્ભમાંનો બાળક બોલ્યો: "તાત, ભગવન્, તમે કામપરાયણ થશો નહિ, કારણકે અહીં બેને રહેવાનો સંભવ નથી. અવકાશ અલ્પ છે અને હું પ્રથમથી આવેલો છું. તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સફળ વીર્યવાળા છો, માટે મને પીડા કરવી તમને ઉચિત નથી." છતાં પણ કામાતુર ઋષિએ ન જ માન્યું અને વીર્યસેચન કર્યું, એટલે ગર્ભમાંને બાળકે વીર્યમાર્ગ એ પગથી રોકી દીધો અને તેથી તે વીર્ય પૃથ્વી ઉપર પડ્યું. બૃહસ્પતિએ ક્રોધે ભરાઇ બાળકને શાપ આપ્યો ને તે અંધ થયો (આદિપર્વ ૧૦૪ : ૯–૧૬).

કથામાં બતાવેલો સંતતિનિરોધનો ઉપાય છેક જ અશક્ય છે, પણ તે કથા લખનારનું માનસ સ્પષ્ટ કરે છે. દેવોના પુરોહિત ઋષિ બૃહસ્પતિની કામલોલુપતા તો સ્પષ્ટ જ છે.

પરપુરુષથી રહેલા ગર્ભનું પતન કરવાનું વિધાન યાજ્ઞવલ્ક્ય પણ આપે છે (વિવાહપ્રકરણ : ૭૨).

બાઇબલના યાહુદીપુરાણમાં પણ જુદી જ વસ્તુસ્થિતિમાં વર્ણવાએલું આવું એક ઉદાહરણ છે. લગ્ન પછી એર અપુત્ર મરણ પામ્યો, ત્યારે પિતા "યુડાહે વચટ પુત્ર ઓનાનને કહ્યું : 'તારા ભાઇની સ્ત્રી પાસે જા, તેની સાથે સંયોગ કર અને તારા ભાઇને માટે પુત્ર પેદા કર.' પણ ઓનાનને લાગ્યું કે ભાઇનો વંશ ન રહેવો જોઇએ. અને પછી એવું થયું કે તે પોતાના ભાઇની સ્ત્રી પાસે ગયો ખરો, પણ પોતાના ભાઇનો વંશ ન રહે એટલા માટે વીર્ય બહાર કાઢી નાખ્યું. અને એના આ કૃત્યથી ભગવાનને માઠું લાગ્યું ને તેથી તેણે તેને મારી નાખ્યો" (ઉત્પત્તિખંડ ૩૯ : ૮–૧૦). આમ ભાઇનો વંશ ન રહે એવી ઇર્ષ્યાને કારણે એણે સંતતિનિરોધ કર્યો, એટલા માટે પણ ભગવાનને માઠું લાગ્યું ને તેમ કરનારને તેણે મારી નાખ્યો. એમ કરનાર ઓનાનને કામલોલુપતા નહોતી એ તો સ્પષ્ટ જ છે.

પણ આજે તો પુરુષની કામલોલુપતાની માત્રા અતિશય વધી ગઇ છે, એટલી બધી કે તેને બ્રહ્મચર્યનું નામનિશાન ભૂંસી નાખવું છે, કામવાસના જ તૃપ્ત કરવી છે. દેશના ગુરુજનો ગુલામી ભોગવતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ભૂખે મરતી પ્રજા વધારવા સામે બૂમ મારી રહ્યા છે, પણ કામાતુરને દેશની કે દરિદ્રતાની કંઇ પડી નથી, એને તો પડી છે પોતાની કામલોલુપતાની. બાળકોની ઉપાધિ વચ્ચે એ પોતાની ભોગ્યાને નિરંકુશ ભોગવી શકતો નથી, એટલે એ પ્રજા ન જ જન્મે એમ ઇચ્છે છે. અને દેશના ગુરુજનોના સૂર સાથે સૂર મિલાવીને રાગ કાઢે છે કે "હા, હવે સંતતિનિયમનની જરૂર છે, અને માટે યથેષ્ટ ઉપાય લેવા ઘટે." આમ એ પોતાનો સ્વાર્થ સાધવા દેશભક્ત બની જાય છે.

ખરી રીતે તો વસતિ બહુ વધી પડી જ નથી, પણ સમાજની આર્થિક દુરવસ્થાને અને સરકારની સ્વાર્થપરાયણ રાજ્યનીતિને કારણે દેશમાં દરિદ્રતા વધી છે અને તેથી જ વસતિ બહુ વધી પડેલી દેખાય છે, એ ગયા અધ્યાયમાં વીગતવાર દેખાડયું છે. એ સ્થિતિમાં દરિદ્રતા વધારનાર કારણોને દૂર કરવાના પ્રયત્ન કરવા ને ત્યાં સુધી કામવાસના ઉપર સંયમ રાખી બ્રહ્મચર્ય પાળવું, એ જ સાચો ઉપાય છે. પણ એ બ્રહ્મચર્યનો ઉપાય તો કામીજનોને પાલવે એવો નથી.

અને આપણે ઇન્દ્રિયોના ઘોડા લગામ કાઢી લેઇને છૂટા મૂક્યા છે. આપણે જીવવા ખાતર ખાવું ઘટે, ઇતર પ્રાણી એમ જ કરે છે; પણ ખાવાને માટે જ જીવતા હોઇએ એમ ભાતભાતના સ્વાદની પાછળ ગાંડાતુર થઇ જઇએ છીએ. મોદક (मुद् આનંદ પામવો) સૌને વહાલા લાગે છે. અન્નને (अद् ખાવું) ભોજન (भुज् ભોગવવું) બનાવી મૂકીએ છીએ અને પછી ભોજનના ભોગ થઇ પડીએ છીએ. આપણા ગુસાંઇજી મહારાજ તો છપ્પનભોગ ભોગવે છે! ગુરુ થઇને રસના ને કામના ભોગ ભોગવતાં જે શરમાય નહિ, તે પોતાનાં શિષ્યશિષ્યાને કેવા ગુરુમંત્ર આપે તે જાણવા વેગળે જવું પડે એમ નથી. જીભના સ્વાદના ઘોડા છૂટા મૂકી ઘેર ને બહાર ખાયા કરીએ છીએ. હિંદુઓએ એટલા માટે તો જ્ઞાતિભોજનોનો આંકો રાખ્યો નથી. હવે તો પરગજુ લોકોએ નગરોમાં હોટેલો ખોલી છે અને એ હોટેલો પગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને ગામડાંમાં પણ પેશી ગઇ છે! આને પરિણામે લોક પેટને ન પૂછતાં જીભને પૂછીને અકરાંતિયું ખાયા કરે છે. પછી માંદા પડે છે ત્યારે દવા કરે છે. પણ અકરાંતિયું ખાયે ય માંદા ન પડાય, એટલા માટે પરગજુ વૈદ્યરાજો અનેક પ્રકારનાં ચૂર્ણો તૈયાર કરે છે. બસ, એ ચૂર્ણો ખાઓ ને પછી ગમે તે અને ગમે તેટલું ગળચો! પણ પ્રકૃતિ તો પોતાના નિયમના ભંગ કરનાર ઉપર વ્યાજ સાથે વેર લે છે, એ આપણાથી ક્યાં અજાણ્યું છે?

બંગાળમાં બાઉલ નામે સાધુસંપ્રદાય છે, તે સંપ્રદાયના સાધુ જીભ ઉપર સંયમ રાખવાને હેતુએ 'ભોજન'ને બદલે 'સેવા' શબ્દ વાપરે છે. પુણ્યકર્મને જ અર્થે શરીર જીવાડવું અને એ હેતુએ અન્ન લેવું, એને તેઓ શરીરની સેવા કહે છે અને તેના વિલાસથી દૂર રહે છે.

તેવી જ રીતે સંતતિ માટે જ શરીરસંયોગ ઘટે, ઇતર પ્રાણીઓ એમ જ કરે છે; પણ શરીરસંયોગનું – કામવાસનાની તૃપ્તિનું – આડકતરૂં ને અણગમતું પરિણામ જાણે સંતતિ હોય એમ સંતતિ તરફ તો આપણી દૃષ્ટિ છે જ નહિ. આપણે તો કામલોલુપતાની જ પાછળ ગાંડાતુર થઇ જઇએ છીએ, સંયોગને (યુજ જોડવું) સંભોગ (ભુજ ભોગવવું) બનાવી મૂકીએ છીએ. અને એટલા માટે તો પુરુષ પોતાની ગુલામ સ્ત્રીને શણગારીને કામિની બનાવે છે, મદનમોહના બનાવે છે. સ્ત્રી બિચારી પોતાના ભ્રષ્ટ પુરુષને પાલવે પડી, એટલે કરે પણ શું? એને રાજી રાખવાને એને ગમે એ ચાળા એણે કરવા પડે. પુરુષને બાળક પોતાના કામવિલાસમાં આડખીલી રૂપે લાગે છે, એટલે એને એ બહુ ગમતાં નથી. એને તો પ્રકૃતિના સમર્થ નિયમનો – વંશવર્ધનના નિયમનો – અંત આણવો ઇષ્ટ લાગે છે, કામવાસનાના યથેષ્ટ ભોગ જ ભોગવવા માટે. સ્ત્રીની ગર્ભાવસ્થા, પ્રસૂતિઅવસ્થા અને ત્યાર પછીની સ્તનપાનઅવસ્થા એ બ્રહ્મચર્યને માટે બહુ અનુકૂળ અવસ્થા છે. ઇતર પ્રાણી એ અવસ્થામાં શરીરલગ્ન કરતાં નથી. પણ સંસ્કૃતિનું અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્કૃષ્ટિનું અભિમાન કરનાર માનવપુરુષને તો બ્રહ્મચર્ય સમૂળું જોઇતું નથી, એને તો નિરંકુશ વિલાસ ભોગવવા છે અને એટલા માટે સ્ત્રીની એ પવિત્ર અવસ્થાઓનો પણ એ નાશ કરી રહ્યો છે.

બાળકોની ઉપાધિમાંથી બચી જવાય ને કામવિલાસ નિરંકુશ ભોગવી શકાય – બેજવાબદાર બન્યા છતાં કામવિલાસના ઘોડા બે-લગામ છોડી મૂકાય તો કેવી મજા! આવો કંઇ ઉપાય ન જડે? એવો બેજવાબદાર વિલાસ ભોગવવાની લોલુપતાએ એ કામાતુર પુરુષ દાક્તર પાસે દોડ્યો. અને પોતાના ધંધાને પવિત્ર કહેવરાવનાર દાક્તરો ને વૈદ્યો આવા કામાતુર લોકોની વહારે ચઢ્યા. વૈદ્યોએ સ્ત્રીને વંધ્યા રાખવાના કે ગર્ભનિરોધ, ગર્ભસ્રાવ અને ગર્ભપાત કરવાના ઉપાયો પ્રાચીનકાળથી શોધી રાખ્યા છે, એમ આયુર્વેદશાસ્ત્રોના અને કામ-શાસ્ત્રના ગ્રંથોના અભ્યાસીઓ સાખ પૂરે છે. અને આજે વિજ્ઞાન-યુગમાં તો તે માટે દાક્તરોએ કંઇ ભાતભાતનાં સાધનો શોધી કાઢ્યાં છે. ક્ષણિક હેતુસિદ્ધિને માટે દૂરનાં પરિણામો વિષે દાક્તરોને પરવા નથી. કામલોલુપ પુરુષને તો એવી પરવા કરવાની યે પરવા શી? એને તો 'ભાવતું'તું ને વૈદ્યે કહ્યું'!

પિતા કરતાં માતાને પુત્રૈષણાની પ્રેરણા પ્રબળ હોય છે. એ તો પુત્ર માટે દેવદેવીઓની બાધાઆખડી રાખે છે, દેરીએ દેરીએ દીવા કરે છે, અનેક પ્રકારના જંતરમંતર કરે છે, દોરાધાગા બાંધે છે; કોઇ પણ પ્રકારે વાંઝિયામહેણું ટાળવા સ્ત્રી સૌ ઉપાય કરી છૂટે છે, એવી પ્રચંડ પુત્રૈષણા એને હોય છે. બાળક થયે એના રક્ષણ માટે પિતા કરતાં યે માતા વધારે ભોગ આપે છે; પિતા દૂર ઊભો ઊભો ચપટિયો વગાડી બાળકને રમાડે છે, માતા તો બાળકને માટે જાતને ઘોઇ નાખે છે. ભય આવતાં પિતા બાળકનું રક્ષણ કરવા નીકળી પડે છે, માતા તો મરવા નીકળી પડે છે. કૂતરીનાં બચ્ચાંને તમે અડવા તો જાઓ, પછી જોશો કે તેમને લેતાં તો શું, અડતાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારી કેવી વલે થાય છે! બાળકને મારીને રડે એવી એ માતા, લાડ લડાવીને એને બગાડે તોય એ માતા. માતા આવી બાલવત્સલ છે.

પણ પુરુષના નિરંકુશ વિલાસથી તેની એ ગુલામ નારી થાકી જાય છે. દર ત્રણ વર્ષે બે બાળકનો જન્મ થયા કરે ત્યાં એ બિચારી ચુસાઇ જ જાય. પ્રૌઢ પુરુષની નાની સ્ત્રી તો અકાળે મરી જાય છે. બીજવરની સ્ત્રીને કસુવાવડો વધારે થાય છે. આમ સ્ત્રીનું હીર હણાઇ જાય છે ને એકવારની બાલવત્સલ માતા થોડાં જ વર્ષમાં બાળકોથી કંટાળી જાય છે. એવે પ્રસંગે લાગ જોઇને કામાતુર પુરુષ થાકી ગએલી સ્ત્રીને પરોપકારી દાક્તરોએ શોધી આપેલાં સંતતિનિરોધનાં સાધનો બતાવે છે. અંતરાએલો માણસ અનિચ્છાએ પણ જાલીમને દસ્તાવેજ લખી આપે છે, એમ અંતરાએલી એ સ્ત્રી પોતાને પુરુષે આપેલાં સાધનો અનિચ્છાએ પણ સ્વીકારે છે. પરિણામે હૃદયસ્નેહના બાળકને એ ખુએ છે ને બદલામાં શરીરસુખ ને પુરુષનો આદર પામે છે. પછી એ સ્થિતિમાં એ ટેવાય છે એટલે એને પણ બાળક ગમતું નથી, ગમે છે માત્ર પુરુષનો આદર ને એનો કામવિલાસ, અને છતાં યે શરીરસુખ. આમ પુરુષનો સ્ત્રી ઉપરનો લગ્નપ્રપંચ–કામપ્રપંચ–વળી વિજયથી વિસ્તાર પામે છે.

પછી તો સ્ત્રી જેમ જેમ એ સ્થિતિમાં ટેવાતી જાય છે તેમ તેમ એને પણ બાળક ઉપાધિરૂપ લાગે છે, બાળક થયાથી એને પોતાનું શરીરસૌન્દર્ય હણાતું લાગે છે. નિરોધના ઉપાય લીધા છતાં કામવિલાસના આડકતરા–પરોક્ષ–પરિણામરૂપ કદાપિ ગર્ભ રહી જાય ને બાળક જન્મે તો તેને આડખીલી જેવું લાગે છે. તેને સ્તનપાન કરાવતાં પણ તેને પોતાનું શરીરસૌન્દર્ય હણાતું લાગે છે, અને એ સૌન્દર્ય સાચવી રાખવાને કામવિલાસી પુરુષ બાળક માટે ભાડુતી ધાવ રાખી આપે છે. હવે તો માતાને પોતાનાં બાળક પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની સાથે પોતાનાં સખીમંડળોમાં ફેરવતાં શરમ આવે છે! અને તેનો પુરુષ બાળકને રમાડવાને ને ફેરવવાને માટે નોકર કે આયા રાખી આપે છે. આવા નોકરોને ને આયાને હાથે બાળકો કેવાં ઊછરે – માતાના સ્નેહ વિના ભાડુતી નોકરોને હાથે બાળકો કેવાં ઊછરે તેનું એ સ્ત્રીપુરુષને ભાન નથી. આમ અત્યાર સુધી પોતાની જાત પ્રત્યે પાપ કરતાં સ્ત્રીપુરુષ હવે બાળકો પ્રત્યે પણ પાપ કરે છે, પોતાનું પાપ સમાજના વર્તુલમાં વિસ્તારે છે.

અને હવે તો યુરોપને આંગણે ભણેલા પુરુષો જેમ, તેમ જ ત્યાંનું ભણતર ભણેલી ને પુરુષના કામપ્રપંચમાં ઘેરાએલી સ્ત્રીઓ પણ સંતતિનિરોધ વિષે વાતો કરવાની ને સભાઓમાં ઠરાવ કરવાની ફેશનમાં ફસાઇ પડી છે. ગોખલામાંથી છાનામાના બે પૈસા લેઇ જઇ હોટેલમાં ચા પીનાર પુરુષની સ્ત્રીને બાળકો પોષવામાં કેટલું કષ્ટ પડે છે, એવા પ્રશ્નો પૂછીને એ ગરીબ સ્ત્રીઓની દયા ખાય છે ને તેમને સંતતિનિરોધના ઉપાય બતાવે છે, ગરીબાઇ ટાળવાના સાચા ઉપાય બતાવવાને બદલે એ અજ્ઞાન સ્ત્રીઓને પાપમાર્ગ બતાવે છે. પણ વિલાસને હેતુએ આ માર્ગ પકડનાર ધનવાન સ્ત્રીઓને બાળકો કેમ અણગમતાં લાગે છે, એની વાતો એ સભામાં કોઇ કરતું નથી. સંતતિનિરોધનાં આવાં કૃત્રિમ સાધનોના ઉપદેશથી સ્ત્રીજાતિ પોતાના ગૌરવને હીણપત લગાડે છે, પણ એની ફેશનમાં એ આ વાતનું ભાન ભૂલે છે.

અને પુરુષો તો સ્ત્રીઓના આવા કાર્યને પોતાની સ્વાર્થવૃત્તિથી અનુમોદન આપે જ, પણ આમ "સ્ત્રીજાતિને વિષે ચિંતા બતાવવામાં આવે છે તે અત્યંત કરુણાજનક છે. કૃત્રિમ રીતે જનનમર્યાદાને ટેકો આપતાં સ્ત્રીજાતિનો પક્ષ કરવાનો આડંબર કરવો એમાં મારા મત પ્રમાણે સ્ત્રીજાતિનું અપમાન છે. વાત એમ છે કે પુરુષે પોતાની વિષયલંપટતાથી સ્ત્રીની અધોગતિ કરી છે, અને કૃત્રિમ પદ્ધતિઓના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિમાયતીઓ ગમે તેવા શુભ આશય વાળા હોય તોપણ તેને પરિણામે સ્ત્રીની વધારે દુર્દશા થાય. . . . પુરુષ સ્ત્રીનો હિતેચ્છુ હોય તો તે આત્મસંયમ કરે. સ્ત્રી કેવળ નિર્દોષ છે. પુરુષ અગ્રેસર છે. ખરી રીતે તે જ અપરાધી છે" ('નીતિનાશને માર્ગે' : ૬૬).

પણ પોતાનો એ અપરાધ એને તો ચાલુ રાખવો છે ને તેથી કૃત્રિમ પ્રણાલીનો એ બચાવ કર્યે જાય છે. એને વિધવાની દયા આવે છે, વિધવાને વ્યભિચારથી પણ બાળપ્રસવ થાય નહિ એટલા માટે એને સંતતિનિરોધના કૃત્રિમ ઉપાય બતાવે છે. વિધવાને પુનર્લગ્નમાં યોજી ગુપ્ત વ્યભિચારમાંથી બચાવી લેવાની એ સુધારકને પરવા નથી, એ બાળપ્રસવમાંથી બચી સુખેથી વ્યભિચાર કરી લે એટલી જ એને તો પરવા છે! એ સુધારકને બાળવધૂની દયા આવે છે, બાળપણામાં પ્રસવ થવાથી એ બિચારી ભાગી ન જાય એટલા માટે એ એને સંતતિનિરોધના કૃત્રિમ ઉપાય બતાવે છે. એ બાળવધૂ સાથે પ્રૌઢ પુરુષો વિધુરલગ્ન, સધુરલગ્ન કે પ્રૌઢલગ્ન વગેરે પાપ-લગ્નો ને એને ભાગી નાખે છે, તેમાંથી બચાવી લેવાની એ સુધારક પરવા નથી; ગમે તેવો પણ પ્રૌઢ પુરુષ એ બાળવધૂને ભાગી નાખ્યા વિના એની સાથે સુખેથી અનર્ગલ વિલાસ કરી શકે એટલી જ એને તો પરવા છે!

માણસનું ખૂન કરનાર ફાંસીએ ચઢે, ગર્ભના બાળકનું ખૂન કરનાર પણ સજા પામે. પણ દાક્તરોએ બનાવેલાં ને બતાવેલાં કૃત્રિમ સાધનોથી પુરુષ વીર્યનાશ કર્યે જાય, કંઇ જ નહિ! શરતના ઘોડાને જુગારમાં ખેલવો એ મોટા લોક માટે કાયદેસર, તેમ જ કૃત્રિમ સાધનોથી સંતતિનિરોધ કરવો એ પણ કામલોલુપ પુરુષો માટે કાયદેસર! कामातुराणां न भयं न लज्जा !

ખરે જ આ કૃત્રિમ ઉપાયોનો બચાવ કરતાં એ કામાતુરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાજ નથી આવતી, ભય તો હોય જ કોનો? એ તો કહે છે કે "સંતતિનિરોધનાં દાક્તરોએ યોજેલાં સાધનો કેવળ જ સ્વાભાવિક છે, એને તમે કૃત્રિમ કહો છો જ શાના? અને એને જો કૃત્રિમ કહેવાં હોય તો તમારી આંખ ઉપર ચશ્માં છે તે પણ કૃત્રિમ છે, શા માટે પહેરો છો?" આપણે કહી શકીએ કે આંખ નબળી પડી તે સારી રીતે જોઇ શકે એ ભવિષ્યના હિતને માટે પહેરીએ છીએ; સંતતિનિરોધનાં સાધનોથી આજે સુખ દેખાતું હશે, પણ ભવિષ્યમાં હાનિ થવાની છે માટે વારીએ છીએ. એક રીતે એ સાધનો સ્વાભાવિક માનો, પણ એમ તો બધુંય સ્વાભાવિક છે. અને ત્યારે એ સર્વ સ્વાભાવિક વસ્તુઓનો ઉપયોગ કરવો? પેટમાં કટાર મારવી એ સ્વાભાવિક છે, માટે તે મારવી? ઝેર સ્વાભાવિક છે, માટે તે પીવું? ભીંત સાથે માથું અફાળવું છેક સ્વાભાવિક છે. માટે અફાળવું? ભવિષ્યનાં લાભહાનિનો વિચાર કર્યા વિના બધાનો વિનાવિવેક સ્વીકાર કરવો એ તે કંઇ સંસ્કૃતિ છે? રાંધીને ખાવું કે કપડાં પહેરવાં એ કૃત્રિમ છે, પણ જેનાથી માનવીનું ને સમાજનું કલ્યાણ થાય એને સ્વાભાવિક ને શ્રેયસ્ માની સ્વીકારવું અને જેનાથી હાનિ થાય તેને પ્રેયસ હોય તોય, કૃત્રિમ માની તેનાથી દૂર રહેવું એમાં જ સાચું શ્રેયસ છે ને એમાં જ સાચી સંસ્કૃતિ છે. અને જીવનમાં આજ સુધી હાનિજનક કૃત્રિમતા આણી હોય તો તે ઓછી કરવામાં સંસ્કૃતિ છે કે વધાર્યે જવામાં સંસ્કૃતિ છે?

અને આ કૃત્રિમ સાધનોથી કેવાં હાનિજનક પરિણામ આવે છે તે હવે જોઇએ.

કૃત્રિમ સાધનોથી સંતતિનિરોધના ઉપાય લીધે તો નાશ જ છે. બાળકોનો જન્મ થતો અટકયો, એ મોટી આડખીલી ટળી, એટલે પુરુષ નિરંકુશ ભોગ ભોગવ્યે જ જવાનો; બાળકને ઉછેરવાની જવાબદારી પણ ટળી, એટલે વિલાસઘોડાને લગામ કાઢી લેઇ દોડાવ્યે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાનો! પછી તો એને પત્ની સાથે વ્યભિચારનો ને પશ્વાચારનો પરવાનો મળ્યો! કશું વિઘ્ન નહિ, કશી આડખીલી નહિ, કશી જવાબદારી નહિ; બસ ભોગ ભોગ ને ભોગ જ!

પરંતુ સમાજસેવાને ધર્મ માનનાર દાક્તરો પણ છે. કૃત્રિમ ઉપાયો દ્વારા સંતતિનિરોધ કરવાથી શાં શાં અનિષ્ટ પરિણામો આવે છે એ વિષે એમણે ગંભીર અને સૂક્ષ્મભાવે અભ્યાસ કર્યો છે અને એ પરિણામો સ્પષ્ટ કર્યાં છે. સામાન્ય અનુભવ પણ આપણને એમ જ કહે. કશા પણ અંકુશ વિના કામવાસના પરિતૃપ્ત કરવાને માટે એ સાધનો વાપરવાથી સંતતિ થવાની ઉપાધિ ટળી, એટલે પ્રથમ તો પુરુષ પોતાની કામલોલુપતાના ઘોડા છૂટા મૂકે છે, ત્યારે બિચારી સ્ત્રીએ એ કહેવાતા લગ્નજીવનમાં પણ વેશ્યાજીવન જીવવું પડે છે; એ બિચારી થાકી જાય છે, ચુસાઇ જાય છે. પરિણામે એને પુરુષ પ્રત્યે અણગમો થાય છે ને પછી એના પ્રત્યે તિરસ્કાર પણ છૂટે છે. પછી તો નજીવી વાતોમાં પણ ક્લેશ, ને છેવટે કદાચ છૂટાછેડા!

પણ વાત એટલે સુધી ન આવી, તો ઊલટું જ પરિણામ આવે છે. આઘાત પાછો વળીને પ્રત્યાઘાતનું સ્વરૂપ ધારણ કરે છે. પુરુષે પોતાની કામલોલુપતાને કારણે લગ્નને નામે સ્ત્રી ઉપર છોડેલું પ્રપંચ-બાણ પાછું વળીને તેની પોતાની છાતીમાં આવી ચોંટે છે: થોડા જ વખત પછી હવે એ પોતે સંભોગની અતિશયતાથી થાકી જાય છે, સ્ત્રીને આરામ મળતો જાય છે. પ્રસવની વેદનાથી એ છેક જ છૂટી થઇ, એટલે એનું શરીર મસ્ત થતું જાય છે. પુરુષ અકાળે નપુંસક બનતો જાય છે, સ્ત્રી ધીરે ધીરે મદમાતી થતી જાય છે, તેનું રૂપ ખીલ્યે જાય છે. પુરુષ હવે તેને સંતોષ આપી શકતો નથી, એટલે સ્ત્રીને વ્યભિચાર ને વેશ્યાવૃત્તિ કરવાની પ્રચ્છા થાય છે. પુરુષે જ શિખવેલાં અને આપેલાં કૃત્રિમ સાધનોથી સ્ત્રી વેશ્યાવૃત્તિ કરવામાં પોતે નિર્ભય બને છે. પુરુષ તો નપુંસક બનવા લાગ્યો છે એટલે એ હજી યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકર્ષક અને મદમાતી બનતી જતી સ્ત્રી પ્રત્યે અવિશ્વાસ અને આશંકાની દૃષ્ટિએ જોવા લાગે છે. પોતાની કામવાસના માટે સ્ત્રીને કામપૂતળી ને મદનમોહના બનાવેલી; હવે પોતાને માટે તો તે નિરર્થક બનતી જાય છે, બીજાને આકર્ષતી ને લોભાવતી થતી જાય છે. પુરુષનો અવિશ્વાસ, ઇર્ષ્યા ને તિરસ્કાર વધ્યે જાય છે; સ્ત્રીને એ પાલવતું નથી. ઘરમાં આ અવિશ્વાસ, છેતરપંડી ને ક્લેશ ઘર કરી રહે છે. છેવટે છૂટાછેડા કે એમાંથી એકાદનું ખૂન પણ, અને ઘણું કરીને તો સ્ત્રીનું!

'ક્રૅાઇત્સર ઝોનાતા' વાળી પોતાની વાર્તાનાં[1] એ પાત્રો વિષે ટૉલ્સ્ટૉય લખે છે: "પેલાએ પોતાની વિષયવૃત્તિ વધારી મૂકી હતી, ને દાક્તરોએ સંતાનજન્મની મના કરેલી. પેલી તો વિષયરસથી છલોછલ ભરેલી જ હતી – દારૂથી ભરેલી બંદૂકના જેવી જ એ વિષયવાસનાથી ભરપૂર હતી – ને એવી અવસ્થામાં કલાનાં સમગ્ર પ્રલોભનો એની આગળ આવી પડ્યાં. આવા સંજોગોમાં પોતાનું પતન એ શી રીતે રોકી શકે? પેલાએ જાણવું જ જોઇતું હતું કે એણે જ પોતાની બૈરીને આવી સ્થિતિમાં આણી મૂકી છે, ને જ્યારે એ તેને ધિક્કારવા માંડેલો ત્યારે જ એ તેની હત્યા તો કરી ચૂક્યો હતો. પછી તો એ કેવળ હત્યાને વ્યાજમી ઠરાવે એવું બહાનું જ શોધતો હતો, ને જ્યારે એવું બહાનું એને મળી આવ્યું ત્યારે એણે આનંદપૂર્વક એનો લાભ લેઇ લીધો" ('સ્ત્રી અને પુરુષ': ૧૨૩).

સંતતિનિરોધનાં કૃત્રિમ સાધનોથી ગર્ભ રહેવાનો સંભવ ન રહે એટલે કામાતુર સ્ત્રીપુરુષને નિર્ભયતાથી વ્યભિચાર કરવાનો પરવાનો મળ્યો. આ કૃત્રિમ ઉપાયોના મહાગુરુ યુરોપ-અમેરિકાએ આ વિષયમાં પોતાની શી સ્થિતિ કરી મૂકી છે તે ત્યાંના એક બે વિદ્વાનોના અભિપ્રાય આપ્યે સ્પષ્ટ થઇ જશે. આ વિષયનો ગંભીર અભ્યાસક હૅવલોક ઍલિસ (Havelock Ellis) કહે છે: "સંભોગની આ

૧ એનો ગુજરાતી અનુવાદ 'પ્રેમનો દંભ' એ નામે થયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃત્તિથી સોળ વર્ષથી મોટી કોઇ છોકરી કુમારિકા હોતી નથી એમ અનેક જણ માને તો તેમાં કંઇ નવાઇ નહિ. . . . અર્ધ કરતાં વધારે સંભોગ લગ્નક્ષેત્ર બહાર ભોગવાય છે.”

અને આને પરિણામે ચાંદીનો રોગ એ દેશોમાં એટલો બધો વધી ગયો છે કે ત્યાંની આજની સંસ્કૃતિને Civilizationને બદલે એક વિદ્વાને Syphilizationનું નામ આપ્યું છે! એ રોગ ત્યાંની પ્રજાના લોહીમાં એટલો બધો પચી ગયો છે, કે તે નરમ પડી ગયો દેખાય છે. વળી અતિશય કામવિલાસને લીધે શરીર એટલું બધું નબળું પડી જાય છે કે બીજા રોગોના હુમલા સામે તે ટકી શકતું નથી, શરીર રોગનું ઘર થઇ પડે છે.

તેમાં યે વળી આ કૃત્રિમ સાધનોના ઉપયોગથી સ્ત્રીને જ વધારે હાનિ થાય છે. એથી એના ગુહ્ય ભાગમાં કેન્સર જેવા રોગ થાય છે. સ્ત્રીના અતિ કોમળ મજ્જાતંતુ ઉપર અતિશય ખરાબ અસર થાય છે અને તેમાંથી અનેક રોગ પેદા થાય છે. કોઇ કોઇ વાર તો એ સમૂળી વંધ્યા થાય છે. એ સાધનોને પરિણામે થતા અતિસંભોગથી વળી બીજા અનેક રોગ થાય છે. છેવટે એ હતાશ થઇ જાય છે, સંસાર એને કડવો ઝેર થઇ જાય છે.

અને વળી આ કૃત્રિમ સાધનો હમેશ સફળ નીવડે છે જ એમ માનવાનું કશું કારણ નથી; અનેકવાર તે નિષ્ફળ નીવડે છે. એવા પ્રસંગોમાં પેટ ચીરીને પ્રસવ કરાવતાં તે જગાનો સાંધો નબળો પડી જાય છે. મૉ. બ્યુરો કહે છે કે “ ફ્રાન્સમાં આવાં સાધનોનો વાપર છેલ્લાં ૨૫ વર્ષમાં વધી પડ્યો તે દરમ્યાન હરામ ગર્ભપાતની સંખ્યા બિલકુલ ઓછી થઈ નથી . . . તેમની સંખ્યાનો આંકડો પોણાત્રણથી સવાત્રણ લાખ જેટલો આવે છે, એટલું જ નહિ પણ અગાઉ આવા ગર્ભપાતોથી લોકોને જે આઘાત પહોંચતો તે હવે નથી પહોંચતો. વળી ગર્ભપાતના પાપમાંથી બાળહત્યા, અગમ્યગમન (માતૃગમન વગેરે)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સૃષ્ટિક્રમ વિરુદ્ધનાં પાપ ઉત્પન્ન થાય છે. અવિવાહિત માતાઓને આપવામાં આવતી બધી સગવડો છતાં અને ગર્ભાધાન અટકાવવાનાં કૃત્રિમ સાધનો અને ગર્ભપાત વધી ગયા છે, તે છતાં બાળહત્યા ઓછી થઇ નથી, પણ વધી ગઇ છે. કહેવાતા 'આબરૂદાર' લોકોમાં આ પાપ પહેલાંના જેટલી ઘૃણા નથી ઉપજાવતું, અને જ્યુરીઓ આવા ગુનાના આરોપી વિષે 'બિનગુનેગાર' હોવાનો જ ફેંસલો આપે છે" ('નીતિનાશને માર્ગે' : ૫).

અને સંતતિની ઇચ્છા થાય તો ય અતિભોગથી છેક નપુંસક જેવા થઇ ગએલા પુરુષથી ને છેક હણાઇ ગયા જેવી સ્ત્રીથી સંતતિ કેવી થાય એ તો તુરત કલ્પી શકાય એવી વાત છે. વળી એ સંતતિ ઊછરે પણ કેવી?

એવાં કૃત્રિમ સાધનોથી ગર્ભાધાન અટકાવવાનો પ્રયત્ન કર્યા છતાં અને તે પ્રયત્ન નિષ્ફળ થવાથી જે સંતતિ ઉત્પન્ન થાય છે તેના ઉપર પણ તેનાં વિકૃત માનસનાં માબાપની માનસિક અસર થાય છે. બ્રેસ્ફર્ડ કોર્ટના (Bresford Court) માનસિક ઔષધાલયના સંચાલક ન્યુસમ (Newsome) કહે છે કે: "આ જમાનામાં માનસિક વિકૃતિવાળાં જે બાળક છે, તેમાંના ૫ જ ટકાનાં મા કે બાપ કે બંને માનસિક વિકૃતિવાળાં હોય છે. બાકીનાં એવાં ૯૫ ટકાનાં માબાપ દેખીતી રીતે સારાં હોય છે. એમાં તો કશી યે શંકા નથી કે સંતતિ-નિરોધને પરિણામે આ જમાનામાં માનસિક વિકૃતિ વાળાં બાળકો ઘણાં વધી પડ્યાં છે. અને એ ૯૫માંના ૫૦ ટકાનાં બાળકો એવે કારણે જન્મ્યાં છે, જે કારણોને અટકાવવાનું આપણા હાથમાં છે." ઇચ્છા વિરુદ્ધ થએલી ને તેથી અણગમતી સંતતિ એવી જ હોય ને?

ત્યારે આ બધી ચર્ચાથી જણાયું હશે કે કૃત્રિમ સાધનોથી સંતતિનિરોધ કરવામાં આવે તો સમાજને અત્યંત હાનિ થાય. સમાજને હાનિ એ જ ધર્મનાશ. સંતતિનિરોધના ઉપદેશકો કહે છે કે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકારના સંતતિનિરોધને ધર્મ સાથે કંઈ લેવાદેવા નથી. એ લોક ધર્મ શેને કહે છે તે હું જાણતો નથી શાસ્ત્રધર્મની તો મને ય પરવા નથી; સમાજનું જે વ્યવસ્થાથી હિત થાય, કલ્યાણ થાય એને જ હું ધર્મ માનું છું–સમાજને ધારણ કરે તે ધર્મ. કૃત્રિમ સાધનોથી સંતતિનિરોધ ને બેજવાબદાર કામવિલાસ, એથી સુખ લાગતું હશે, પણ તેમાં કલ્યાણ તો નથી જ. सुखमां ને कल्याणमां બહુ ભેદ છે. सुख (सु સારૂં + ख મન, શરીર) મનને ને શરીરને મજા પડે તે સુખ. कल्याण = कल्य + आण; कल् ગતિ કરવી, તે ઉપરથી कल्य આવતી કાલ – ભવિષ્ય, अण જીવવું તે ઉપરથી आण, ત્યારે कल्याणમાં ભાવિજીવનની ઉન્નત યોજના હોય છે. सुखमां આજની જ મજા તરફ દૃષ્ટિ હોય છે.

અને ત્યારે સંતતિનિરોધ માટેનાં કૃત્રિમ સાધનોના ઉપયોગથી કોઈ પણ જવાબદારી વિના અનર્ગળ કામવિલાસ ભોગવાય ને તેથી કદાપિ સુખ પણ થાય, પણ તેમાં કલ્યાણ નથી ને તેથી ધર્મનાશ જ છે. સંતતિને હેતુએ શરીરસંબંધ જોડાય અને પછી તો બ્રહ્મચર્ય પળાય એમાં જ માનવીનું ને માનવસમાજનું સાચું કલ્યાણ છે, અને ત્યારે એમાં જ સાચો ધર્મ રહ્યો છે.

અને ત્યારે બ્રહ્મચર્ય એમાં જ સાચી ધર્મરક્ષા – સમાજરક્ષા છે. સંતતિનિરોધના ઉપાસકો બ્રહ્મચર્યને અશક્ય માનતા દેખાય છે. બેશક એ દુઃસાધ્ય છે, માનવપ્રકૃતિને એ અસાધ્ય તો નથી જ. એને સાધ્ય કરવા પ્રયત્ન ન કરીએ ત્યાં સુધી જ અસાધ્ય લાગે. જગતનો માનવી માનતો કે માંસાહારનો ત્યાગ માનવપ્રકૃતિને અસાધ્ય છે, પણ મહાવીરની ને બુદ્ધની તપશ્ચર્યાથી આ ભારતવર્ષે જગતને દેખાડી આપ્યું કે એ અસાધ્ય નથી; આજે તો આપણે માટે એ સુસાધ્ય જ નહિ, છેક સ્વાભાવિક છે; અસાધ્ય માનનાર યુરોપને માટે હજી યે અસાધ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને જ્યારે બ્રહ્મચર્ય અસાધ્ય નથી, દુ:સાધ્ય જ છે, ત્યારે બ્રહ્મચર્યના આદેશનો ભંગ કરવાનું, કૃત્રિમ સાધનો વાપરવાનું વિધાન તો કેમ જ આપી શકાય? सत्यं वद એ આદેશ પાળવો દુ:સાધ્ય છે, સાચી રીતે તો લાખે એકાદ માણસ એ આદેશનું યથાર્થ પાલન કરતો હશે; પણ ત્યારે એ દુ:સાધ્ય છે, એટલા જ માટે असत्यं वद એવો આદેશ આપી શકાય? અને ત્યારે દુ:સાધ્ય બ્રહ્મચર્યનો ભંગ કરીને સુસાધ્ય કૃત્રિમ સાધનો વાપરવાનો આદેશ કેમ આપી શકાય?

આપણે સમુદ્રમાં પ્રવાસે નીકળીએ ત્યારે જે સ્થળે પહોંચવું હોય તે સ્થળની દિશા સામે સુકાન રાખીને વહાણ હંકારીએ, એ દિશા તરફ જ દૃષ્ટિ રાખવા હાથમાં હોકાયંત્ર પણ રાખીએ. સમુદ્રના પાણીનાં મોજાંના ધક્કાથી સુકાન વારંવાર ફરી જાય, પણ તેથી કંટાળી જઇએ અને એ દિશાએ જ સુકાન રાખ્યે જવું અસાધ્ય છે એમ માનીને સુકાન ઉપરથી હાથ ઉઠાવી લેઇ તેને ફરવું હોય એમ ફરવા દેઇએ ને તેથી વહાણને જવું હોય એમ જવા દેઇએ એમ કર્યે કંઇ પાલવે? એ તો હોકાયંત્ર તરફ દૃષ્ટિ રાખીને સુકાનને વારંવાર –પળે પળે– ઠેકાણે રાખ્યે જ ધારેલે સ્થળે પહોંચી શકાય. બરાબર એ જ રીતે બ્રહ્મચર્યને આદર્શે પહોંચવા આપણે જીવન ઉપર સંયમ રાખવો ઘટે. એ પ્રયત્નમાં કંઇ કંઇ પ્રલોભનોથી ક્ષતિઓ આવે પણ ખરી; પણ એ પ્રલોભનોની પળોમાં, એ પતનની પણ પળોમાં આપણે તો બ્રહ્મચર્યના આદર્શ સામે જ દૃષ્ટિ રાખવી ઘટે. પતન માટે પશ્ચાત્તાપ કરીને પણ આદર્શને માર્ગે દૃઢ પગલે પ્રયાણ કરવું ઘટે. અને અંતે એ આદર્શે પહોંચીશું જ. પેઢી દર પેઢી એમ થાય તો માંસાહારત્યાગની પેઠે બ્રહ્મચર્ય પણ સુસાધ્ય જ નહિ, છેક સ્વાભાવિક થઇ જાય. ત્યારે આ જ સાચો ધર્મમાર્ગ છે.

આહાર, નિદ્રા, ભય અને મિથુન એ પશુ અને માનવી બંનેને સામાન્ય છે. પણ પશુઓ એ વિષયોમાં પોતાના સહજ સ્વભાવને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુસરે છે. તેમના સહજ સ્વભાવમાં અતિરેક ભાગ્યે જ હોય છે, તેથી યોગ્ય સીમામાં રહીને જ તે આચરે છે. માનવીને બુદ્ધિશક્તિ છે, તેથી તે સીમાની આ બાજુ રહી શકે છે કે સીમા તોડીને પાર પણ નીકળી શકે છે. પોતાના ને સમાજના કલ્યાણને માટે તેણે સીમાની આ બાજુ રહેવા સંયમ પાળવો ઘટે એ તેનો ધર્મ છે. અને માટે જ કહ્યું છે કે એ વિષયો પશુને અને માનવીને બંનેને સામાન્ય હોવા છતાં, માનવી પોતાના ધર્મને જ કારણે પશુથી વિશેષ છે. પણ આજે તો આપણે એ ધર્મનો નાશ કરીને – સીમા તોડીને – ઇન્દ્રિયવિહાર કરીએ છીએ, અને તેથી પશુથી યે નપાવટ બની ગયા છીએ. ત્યારે આપણે છીએ ત્યાંથી પાછા ફરીને પ્રથમ પશુની કોટીમાં આવી, પછી સાચા માનવી બનવું ઘટે. આ વાત આપણે ન સમજીએ? બાકી હજી યે મજાને મોકળે પાપમાર્ગે ધસ્યા જ જઇશું તો તો પછી ત્યાંથી પાછા ફરીને સંયમને સાંકડે ધર્મમાર્ગે ચઢવાનું ખરે જ અશક્ય થઇ પડશે. પાપમાર્ગે ખૂબ ટેવાયાથી પછી તો ત્યાંથી પાછા વળીને ધર્મમાર્ગે ચઢવાનો વિચાર સુદ્ધાં નહિ આવે.

સંતતિનિયમનની બેશક જરૂર છે; પણ તે માટે બ્રહ્મચર્ય એ જ મહામાર્ગ છે, કુટિલપંથે તો નાશ જ છે. આપણે સમાજજીવન સુંદર બનાવવું હોય તો આપણા ઘરમાં ને સમાજમાં બ્રહ્મચર્યનું વાતાવરણ ઉત્પન્ન કરવું ને પોષવું ઘટે. માતાપુત્રના અને બેનભાઇના પવિત્ર સંબંધની શીતળ છાયાએ સ્ત્રીપુરુષના સંબંધમાં બ્રહ્મચર્ય પાળવું ઘટે, તેને બદલે આજે અનેક સ્થાને કામાગ્નિની પ્રચંડ જ્વાળાથી મા-બેનને દઝાતાં બચાવી લેવાં પડે એ કેવું ભયંકર વાતાવરણ! ત્યારે આપણે આ વાત સમજી લેઇએ કે બ્રહ્મચર્ય એ કામેન્દ્રિય ઉપર સંયમ છે, કૃત્રિમ સાધનોનો હેતુ તો બ્રહ્મચર્યનું અનર્ગળ સ્ખલન છે. દરેક પ્રકારની ઇન્દ્રિયલાલસા ઉપર, તેમ જ કામેન્દ્રિય ઉપર પણ ત્યારે સંયમ રાખવો ઘટે. સંતતિનિરોધનાં કૃત્રિમ સાધનોની સહાયતાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામેન્દ્રિયના ઘોડાને લગામ છોડી દેઇ પૂરપાટ દોડાવવામાં હાનિ જ છે. ત્યારે તો તેના ઉપર સંયમ રાખીને—બ્રહ્મચર્ય પાળીને—એ માનવધર્મનું વાતાવરણ ઘરમાં, સંસારમાં ને સમાજમાં પ્રવર્તાવવું ઘટે. માનવી વિવેકશીલ પ્રાણી હોય—અને છે—તો આ એનો મુખ્ય ધર્મ રહ્યો. અને ધનસંપત્તિ નહિ, પણ સંયમસંપત્તિ જ માનવસંસ્કૃતિનું મુખ્ય લક્ષણ છે.

અને બ્રહ્મચર્યના લાભનો હિસાબ તો કોણ કાઢી શકે? એથી થતી વીર્યરક્ષાને પરિણામે શરીર ને આત્મા બળવાન બને છે બ્રહ્મચર્યના અને તેને પરિણામે શરીરબળના ને આત્મબળના આપણા આદર્શપુરુષ હનુમાન છે. વળી કોઇ પણ વસતિપત્રક તપાસ્યે જણાશે કે બ્રહ્મચર્યવ્રત પાળનાર સ્ત્રીપુરુષો લાંબું આયુષ્ય ભોગવે છે. બ્રહ્મચર્યથી બુદ્ધિબળ પણ વધે છે. શંકરાચાર્ય, દયાનંદ, ડાર્વિન, વગેરે મહાપુરુષો આજીવન બ્રહ્મચારી હતા, અને એમના જેવો બુદ્ધિપ્રભાવ જગતમાં બહુ ઓછા જ પુરુષો બતાવી શક્યા છે. આ આપણે ન સમજીએ?

અને પુરુષો ન સમજે તો સ્ત્રીઓએ તો સમજી લેવું જ ઘટે કે સંતતિનિરોધને નામે કૃત્રિમ સાધનોની સહાયતાથી પુરુષે પોતાની કામલોલુપતાના ઘોડા છોડી મૂક્યાથી હાનિ મોટે ભાગે તો સ્ત્રીઓને જ થાય છે. તેથી સ્ત્રીજાતિએ આ કૃત્રિમ સાધનો સામે પ્રચંડ વિરોધ ઉઠાવવો જોઇએ. અને એવો વિરોધ ઉઠાવવાનો તેને અધિકાર પણ છે. વળી દરિદ્રતાને લીધે બાળકોનું પોષણ ન થઇ શકે એમ હોય તો તેવી સ્થિતિમાં બ્રહ્મચર્યથી સંતતિનિયમન કરવાનો પણ એને અધિકાર છે. ઈ. સ. ૧૯૩૧ના એપ્રિલ માસમાં ન્યુ યૉર્કની કચેરીમાં એક કેસ આવ્યો હતો નીરિયન કાહન નામની સ્ત્રીના પતિએ ન્યાયાધીશને એવી અરજ કરી હતી કે "મારી એ પત્નીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્ન કરતા પહેલાં મને એવું વચન આપ્યું હતું કે હું બાળકને જન્મ આપીશ. પરંતુ પછીથી તેણે તેમ કરવાની ના પાડી છે. માટે એ લગ્ન રદ્દ કરી આપવું." પત્નીએ પોતાના બચાવમાં એવી દલીલ કરી હતી કે "મારા આ પતિને પગાર એટલો ઓછો મળે છે કે બાળકને ઉછેરવાનું પોષાતું નથી, માટે મારે બાળકને જન્મ આપવો નથી." યુનાઇટેડ સ્ટેટ્સની અપીલ કોર્ટે એવો ચુકાદો આપ્યો હતો કે "પત્નીએ પોતાની શારીરિક તબિયત સારી હોય અને તેથી જન્મ આપવાનું વચન આપ્યું હોય, તે કંઇ લગ્નની મુખ્ય શરત ગણાય નહિ બાળકને જન્મ આપવાની ના પાડવાનો પણ અધિકાર પત્નીને છે." પણ બાળકને જન્મ ન આપવા માટે કૃત્રિમ સાધનોનો ઉપયોગ કરવામાં તો બેશક હાનિ જ છે અને વધારે હાનિ સ્ત્રીને જ છે. માટે પોતાના, પુરુષના અને તેથી સમસ્ત સમાજના કલ્યાણને માટે એણે આ સામે પ્રચંડ વિરોધ ઉઠાવવો જોઇશે, પોતાના ઉપર પુરુષે તેની કામલોલુપતાને હેતુએ પાથરેલી લગ્નપ્રપંચની ને તેની ગ્રે ઉપર પાથરેલી વળી આ કૃત્રિમ સાધનોની જાળ તોડવી જ જોઇશે, બ્રહ્મચર્ય પ્રવર્તાવવા પ્રગાઢ પ્રયત્ન કરવા જ જોઇશે. અને ત્યારે જ સંસારમાં સ્વર્ગ ઊતરી આવશે. અન્યથા નહિ જ.

અંતે એક વાત : સંતતિનિરોધને માટે બ્રહ્મચર્ય એ ધર્મ છે, કૃત્રિમ સાધનોનો ઉપયોગ એ અધર્મ છે; પણ એ બેની વચ્ચેનો મધ્યમાર્ગ – આપદ્ધર્મ – પણ છે, અને તે એ કે જેની કામવાસના શાન્ત થતી ન હોય, છતાં જેણે સંતતિનિરોધ કરવો હોય, તે પોતાને ષંઢ કરી દે.

સંખ્યાવાચક કરતાં ગુણવાચક વસતિથી જ સમાજને લાભ છે, એટલે હાનિકર વસતિ ઉત્પન્ન ન થાય એને વિષે સમાજે સાવધાન રહેવું જોઇએ. અસાધ્ય અને વંશાનુગત રોગ વિષે ખાતરી જ થતી હોય તેને લગ્ન કરવાની પરવાનગી જ ન આપવી. તેવા માણસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યભિચારવૃત્તિ વાળાં હોય તો શસ્ત્રક્રિયાથી તેમને ષંઢ કરવાં ઘટે. લગ્નજીવનમાં ય અતિશય કામલાલસા વાળા હોય તેમને પણ ષંઢ કરવા ઘટે; અર્થાત્ સધુરલગ્ન, વૃદ્ધલગ્ન વગેરે પાપલગ્ન કરવાની વૃત્તિ વાળાને પણ શસ્ત્રક્રિયાથી ષંઢ કરવા ઘટે.

પ્રકૃતિનો કોઇ અદ્ભુત નિયમ છે કે બેઠાખાઉ, આળસુ, ને વિલાસી ભોજન ખાઇ જીવનારને બહુ સંતતિ નથી થતી. પરસેવો ઉતારી સાદો ખોરાક ખાનાર શ્રમણને યથેષ્ટ સંતતિ થાય છે. બેઠાખાઉ, આળસુ લોક શ્રમણોને ભિખારી ને રોટલા વિના રખડતા કરી મૂકે છે અને સમાજને અસ્તવ્યસ્ત કરી મૂકે છે. અકર્મક લક્ષ્મીનંદનો નહિ, પણ સકર્મક શ્રમણો જ સમાજનું હિત સાધે છે. લક્ષ્મીરાજ્યનો નાશ ન થાય ત્યાં સુધી તો આવા માનસિક રોગ વાળા લક્ષ્મીનંદનોને પણ ષંઢ કરી દેવા જોઇશે. એથી લક્ષ્મીરાજ્યનો નાશ ને શ્રમરાજ્યનો ઉદય પણ થવા માંડશે. બાકી તો અત્યારના ઉપદેશ પ્રમાણે લક્ષ્મીનંદનોને સંતતિ વધારવા દેવાથી અને શ્રમણોની સંતતિનો નિરોધ કરવાથી લક્ષ્મીરાજ્ય પ્રબળ થયા જશે. લક્ષ્મીનંદનોને તો સસ્તી મજૂરી માટે મજૂરોની વસતિ વધારવી છે ને મજૂરી સસ્તી થઇ ગયે મજૂરો ભૂખની બૂમ પાડે ત્યારે 'બચ્ચાં ઓછાં જણો' કહી સંતતિનિરોધના ઉપાય દેખાડવા છે!

બીજા પ્રકારના અસાધ્ય અને વંશાનુગત માનસિક રોગવાળાને પણ ષંઢ કરવા જોઇશે.

સમાજના કલ્યાણને માટે આવું કૃત્રિમ ષંઢીકરણ માત્ર આપદ્ધર્મ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૫

નારીની પરાધીનતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૩૫

લગ્નમાં નારીની પરાધીનતા

પુરુષે લગ્નને નામે સ્ત્રી ઉપર પ્રપંચજાળ પાથરીને જુદા જુદા વિષયોમાં તેને કેમ પરાધીન કરી મૂકી છે એ અહીં સુધીના અધ્યાયોમાં આપણે જોયું. હવે એ વિષે જરા સ્પષ્ટીકરણ કરી જઇએ. પ્રથમ તો લગ્નવિષયમાં જ એને કેવી પરાધીન કરી મૂકી છે એ જોઇએ.

અતિપ્રાચીન કાળે માનવી જ્યારે વનમાં રહેતો ને વનફળ ખાઇને જીવતો ત્યારે તો લગ્ન જેવું કંઇ હતું જ નહિ. બેશક ત્યારે પણ પુરુષ કરતાં એ શરીરે તો નિર્બળ થતી જ જતી હતી, પણ સ્વાભાવિક પ્રેરણાને બળે ગમે તે પુરુષ સાથે સંયોગ કરીને વંશવર્ધનની ક્રિયા કરતી. એ લગ્નહીન અવસ્થામાંથી લગ્નભાવનાનો ઉદય કેમ થયો અને અનેકપતિ લગ્નની સંસ્થા કેમ ઉદ્ભવી ને ત્યારે માતૃગૃહની સ્થાપના કેમ થઇ એ આપણે પાછળ જોઇ ગયા છીએ. ત્યાં સુધી યે સ્ત્રીની સ્વતંત્રતા અખંડ હતી. પછી વસ્તુસ્થિતિને બળે અનેકપત્ની લગ્નનો વિકાસ કેમ થયો ને ત્યારે પિતૃગૃહની સ્થાપના કેમ થઇ તે પણ આપણે પાછળ જોઇ ગયા છીએ.

માતૃગૃહમાં ઘરની માલેક સ્ત્રી હતી ને તેની પુત્રીને તેનો વારસો મળતો. તેનો પુત્ર તો મોટો થતાં ગમે તે કોઇ સ્ત્રી સાથે રહેવા નીકળી પડતો. આ સ્થિતિમાં સ્ત્રીની સ્વતંત્રતા અખંડિત રહે એ સ્પષ્ટ છે. પણ જ્યારથી પિતૃગૃહની સ્થાપના થઈ ત્યારથી પિતાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારસો પુત્રને મળવા લાગ્યો, પુત્રીને બીજા કોઇ પુરુષને ઘેર જઇ રહેવું પડ્યું, ત્યારથી એની સ્વતંત્રતા ખંડાવા લાગી.

અને એ પિતૃગૃહમાં પણ જ્યાં અનેકપતિ લગ્ન થયે જતાં હતાં ત્યાં પણ સ્ત્રીની સ્વતંત્રતા છેક ખંડાઈ ગઇ ન હતી. પાંચ પતિને પરણનારી દ્રૌપદી પ્રસંગ પડ્યે તેના પતિઓ, દ્રોણ, ભીષ્મ, વિદુર, ધૃતરાષ્ટ્ર, એ સૌને પ્રચંડ શબ્દોથી ખખડાવતી (પૃષ્ઠ ૧૬૮).

પણ પિતૃગૃહમાં જ્યાં અનેકપત્ની લગ્નનો ઉદ્ભવ થયો, ત્યાં નારી પરાધીન થઇ. ખાસ કરીને એટલા માટે કે તેને એક જ પતિ હોવાથી તેને પોતાના ને બાળકોના નિર્વાહનો આધાર તેના જ ઉપર રાખવો પડ્યો. પૂર્વે તો અનેક પતિઓ સ્ત્રીસ્નેહ પ્રાપ્ત કરવાને તેનો સમસ્ત ભાર ઉપાડી લેવાને સ્પર્દ્ધા કરતા, તે હવે કંઇ રહ્યું નહિ અને એકને જ પાલવે પડી ઓશિયાળું જીવન ગાળવાનું થયું. લગ્નસંસ્થા સ્થાપન થયા પછી સ્ત્રીને નિર્વાહ માટે મજૂરી કરવા જવાનું ઓછું થઇ ગયું હતું. અને આમ એનું પરાધીન જીવન શરૂ થયું. પછી તો अनाश्रया न शोभन्ते पंडिता वनिता लता: — પંડિત, સ્ત્રી અને લતા આશ્રય વિના શોભે નહિ — એ સ્થિતિ થઇ પડી.

પિતૃગૃહમાં વારસો પુત્રે ઊતરે એટલે સ્વાભાવિક રીતે જ પિતાને પુત્રજન્મની ઇચ્છા થાય, પુત્ર જ તરફ પક્ષપાત થાય; પુત્રીની અવગણના થાય. એવી સ્થિતિમાં પિતા કન્યાને ગમે ત્યાં પરણાવે; દયાળુ પિતા હોય તો દીકરીનું કંઇક સુખ જુએ, સ્વાર્થી જ હોય તો પોતાને સ્વાર્થે ગમે ત્યાં પરણાવી દે ને તેવે પ્રસંગે તેને વેચી પૈસા પણ ઉપજાવી લે. આમ પિતા એ પુત્રીઓનો માલેક થઇ બેઠો. એવી સ્થિતિમાં પુત્રીના લગ્નનો અધિકારી પિતા બને એ તો છેક સ્વાભાવિક છે. આમ પુત્રીઓ લગ્નના પોતાના અધિકાર ખોઇ બેઠી, પરાધીન બની બેઠી. પ્રાચીન ગ્રીસમાં ને રોમમાં પુત્રીને પરણાવવાનો અધિકાર પિતાનો જ હતો, જાપાનમાં ગયા જમાના સુધી પણ એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. પ્રાચીન ગ્રીસમાં કન્યાને પરણાવવાનો અધિકાર તેના પિતાને હતો. એટલું જ નહિ પણ પિતા ન હોય તો તેના ભાઇને અને તે પણ ન હોય તો તેના દાદાને એ અધિકાર હતો. આજે પણ જગતની અનેક જાતિઓમાં કન્યાને પોતાની મેળે પરણવાનો અધિકાર નથી, તેને પરણાવવાનો અધિકાર તેના પિતાને કે વડીલોને જ છે.

અને તેમ જ હિંદુ કન્યાને પોતાની મેળે પરણવાનો અધિકાર નથી, તેને પરણાવવાનો અધિકાર તેના પિતાને કે વડીલોને જ છે. આજે જ નહિ, બહુ પ્રાચીન કાળથી એમ છે. સંવરણ રાજાએ સૂર્યની કન્યા તપતીને કહ્યું : " 'હે સુંદરિ, તું મને ગાન્ધર્વવિવાહ વડે જ પ્રાપ્ત થા. કારણકે હે રંભોરુ, સર્વે વિવાહોમાં ગાન્ધર્વવિવાહ શ્રેષ્ઠ ગણાય છે.' તપતી બોલી : 'હે રાજન્, હું કન્યા છું અને મારે માથે મારા પિતા છે. એટલે હું પોતાને માટે સ્વતંત્ર નથી; તેથી મારા ઉપર પ્રીતિ હોય તો મારા પિતાની પાસે મારે સારૂ માગણી કરો. હે નરેશ્વર, જેમ મેં તમારા પ્રાણ વશ કર્યા છે, તેમ દર્શન આપીને તમે પણ મારા પ્રાણોને અત્યંત હરી લીધા છે. પણ હે નૃપતિશ્રેષ્ઠ, હું મારા શરીરને માટે સ્વતંત્ર નથી અને તેથી જ હું તમારી પાસે આવતી નથી; કારણકે સ્ત્રીઓ સ્વતંત્ર નથી. કઇ એવી કન્યા હોય, જે સર્વલોકમાં પ્રસિદ્ધ એવા કુળમાં ઉત્પન્ન થએલા અને ભક્તવત્સલ એવા રાજાને પોતાનો ભર્તા કરવા અભિલાષા ન રાખે? પણ હું પરતંત્ર છું, માટે તમે મારા પિતા સૂર્યને પ્રણામ કરીને, તપ કરીને અને નિયમ રાખીને યાચના કરો. હે અરિસૂદન રાજા, જો તે મારા પિતા તમને આપવા ઇચ્છા કરે તો આજે જ હું તમને નિરંતરને માટે વશ થઇને રહીશ. હે ક્ષત્રિયશ્રેષ્ઠ, આ લોકને પ્રકાશ કરનારા સૂર્યની સાવિત્રીથી નાની તપતી નામે હું કન્યા છું' " (આદિપર્વ ૧૭૨ : ૧૯ – ૨૬). "પિતા હયાત હોય, છતાં તેની કન્યા પોતાની મેળે જ પતિને શોધી લે એ વર્તન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न स्त्री स्वातंत्र्यमर्हति એ શાસ્ત્રીય આજ્ઞાથી વિરુદ્ધ હોવાને લીધે પ્રશંસાપાત્ર કેમ થઇ શકે? . . . અને તે માર્ગ અસત્ અથવા દુષ્ટ હોઇને આસુર ધર્મરૂપ ગણાય છે,'' એમ ભીષ્મે યુધિષ્ઠિરને કહેલું (અનુશાસન પર્વ ૪૫ : ૬ – ૮).

બેશક કેટલેક પ્રસંગે વરકન્યા પોતે જ ગાન્ધર્વવિવાહ કરી લેતાં, પણ મનુએ તે વિવાહને સારો ગણ્યો નથી. સ્વયંવર થતા, પણ તે પણ પિતાની ઇચ્છાએ થતા. અમુક ઉમરની કન્યા થાય છતાં યે પિતા ન પરણાવે તો કન્યાએ પોતે લગ્ન કરી લેવાની મનુ પરવાનગી આપે છે (૯ : ૯૦, ૯૧) એ ખરું, પણ જેમ જેમ લગ્નનાં બંધન જડ થતાં ગયાં તેમ તેમ હિંદુ કન્યાના પોતે લગ્ન કરવાના અધિકાર ખંડાતા ગયા. આજે તો એ વિષયમાં તે છેક પરાધીન છે, તેમની ઇચ્છા પણ પુછાતી નથી. પિતા ગમે તેવા વરને શોધી લાવી તેને પરણાવી દે છે, પરણાવી મારે છે. અને હવે તો કન્યાની ઇચ્છા હોય કે ન હોય તોપણ તેણે પરણવું જ પડે. પુરુષને કંઇ બંધન નહિ!

વળી પિતા કન્યાના હિત તરફ દૃષ્ટિ ન રાખતાં મોટે ભાગે પોતાના સ્વાર્થ તરફ દૃષ્ટિ રાખે છે. કુળહીન પિતા પોતે સારો દેખાવા કે કુળવાન બનવા પોતાની કન્યા પૈસા આપીને પણ કુળવાનને ઘેર દે છે; ત્યાં એ કન્યાની શી દશા થાય છે એની એને પરવા નથી. ધન-લોભી પિતા પૈસાને સાટે પોતાની કન્યા ગમે તેવા મૂર્ખને કે વૃદ્ધને વેચે છે, ત્યાં પણ કન્યાનું મોટે ભાગે અહિત જ થાય છે. આજે આપણા સમાજમાં ખૂબ કન્યાવિક્રય ચાલી રહ્યો છે.

માલેક પોતાની વસ્તુનું દાન કે વેચાણ કરે, જેના ઉપર પોતાનો માલકીહક ન હોય તેનું દાન કે વેચાણ ન જ થઇ શકે. આપણી લગ્નક્રિયામાં 'કન્યાદાન' થાય છે, એ શબ્દ જ સાબિત કરે છે કે કન્યા નામે પદાર્થનો માલકીહક પિતાનો છે. 'કન્યાવિક્રય' શબ્દ પણ એ જ સાબિત કરે છે, અને વળી આડંબર તો એટલો મોટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે વેચેલી કન્યાનું લગ્નક્રિયાને પ્રસંગે દાન થાય છે! હિંદુ સમાજમાં મોટે ભાગે આવા આડંબર ને પાપપ્રકાર ચાલી રહ્યા છે.

હિંદુ સમાજમાં જ નહિ પણ જગતની અનેક પ્રજાઓમાં પ્રાચીન કાળથી આજ સુધી કન્યાવિક્રય ચાલતો આવ્યો છે, પિતા પોતાની કન્યાને ગાયભેંસની પેઠે વેચતો આવ્યો છે, એને પોતાની માલકીની વસ્તુ માનતો આવ્યો છે. એટલું જ નહિ પણ વેચાયા પછી એ પુત્રીધન તેના ધણીનું બને છે અને એ ધણીની મરજીમાં આવે તેમ તેનું કરે : તેને ભાડે આપે, જુગારમાં મૂકે કે બીજાને વેચે; તેને વારસામાં પણ આપે. ડેમોસ્થેનિસ (Demosthenes ઇ. પૂ. ૩૮૪ – ૩૨૨) નામે પ્રખ્યાત ગ્રીક રાજપુરુષની પુત્રી કહે છે કે : "મારા પિતા ડેમોસ્થેનિસે પોતાની મિલકત વારસામાં આપી હતી. એ મિલકતમાં ૧૪ ટેલંટ નાણું. સાત વર્ષની હું, પાંચ વર્ષની મારી બેન અને મારી માતા. મરતી વખતે, અમારું બધાંનું શું કરવું, એવું એમને પૂછ્યું, ત્યારે આ બધી મિલકત એમણે ઍફોબસ (Aphobus) અને ડેમોફોણ્ટેસ (Demophontes) નામે બે ભત્રિજાને લખી આપી.

કન્યાવિક્રયમાં કન્યાના ભાવ અનેક વાર એટલા ઊંચા ચઢે છે કે તેને ખરીદવા માટે પૈસા મેળવવા મુસ્કેલ થઇ જાય છે. એટલા પૈસા કમાતે કમાતે અનેક પુરુષો ૪૦ – ૫૦ વર્ષની ઉમરે પહોંચે છે. અને એટલી ઉમરે પહોંચેલાને પણ પૈસાને સ્વાર્થે પોતાની કુમળી પુત્રી વેચનાર પિતા આપણા સમાજમાં મળી જ આવે છે. અને એવાં કજોડાંમાં સ્ત્રીનું બીજું દુઃખ ન વિચારીએ તો યે સ્વાભાવિક રીતે જ પુરુષ વહેલો મરે અને ત્યારે સ્ત્રી વિધવા થાય. અને આપણા સમાજમાં, જ્યાં વિધવા પુનર્લગ્ન ન કરી શકે ત્યાં, વિધવાની કેવી દુર્ગતિ થાય છે એ તો આપણે રોજ રોજ જોઇએ છીએ.

પણ બીજી એક વાત : કન્યાવિક્રય કે વરવિક્રય બંને અનિષ્ટ છે, બંનેમાં વિક્રયના દ્રવ્ય પ્રત્યે માબાપની દૃષ્ટિ હોય છે ને તેથી એકેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરણનારના હિત તરફ દૃષ્ટિ હોતી નથી. પણ જ્યાં વરવિક્રય હોય છે, ત્યાં કન્યાની કિંમત કોડી જેટલી પણ નથી, મરે તો વરનું ફરી વેચાણ થાય ને વળી નવી વહૂ આવે. આથી ત્યાં સ્ત્રીની સંભાળ ઓછી જ લેવાય. કન્યાવિક્રયમાં કન્યાના પૈસા પડે ને જે પ્રમાણમાં એના પૈસા પડે, તે પ્રમાણમાં તેનો પુરુષ તેની કિંમત આંકે; કારણકે એ મરી જાય તો એટલા પૈસાનો એ દાગીનો ચાલ્યો જાય, વળી બીજી પરણતાં બીજા એટલા પૈસા આપવા પડે. આથી એ પુરુષ પોતાની સ્ત્રીની ખૂબ જ સંભાળ લે. આમ વરવિક્રયમાં કરતાં કન્યાવિક્રયમાં કન્યાની કિંમત વધારે અંકાય, એની સંભાળ વધારે લેવાય.

પણ વળી કન્યાવિક્રય હોય કે વરવિક્રય હોય, પણ જે લગ્નમાં કન્યા મોટી મિલકત લેઇને સાસરે જાય ત્યાં પુરુષ વારંવાર તેનો ઓશિયાળો રહે છે. *The Clouds* નામે હાસ્યપ્રધાન નાટકમાં એવી સ્ત્રી વિષે તેનો ઓશિયાળો પતિ આમ બોલે છે: "ગામડામાં હું બહુ સરળ ને આનંદી જીવન જીવતો હતો; કશી ચિન્તા નહિ, સદા આનંદ; મધમાખીઓ, ઘેટાં અને ફળવૃક્ષો; ખૂબ લહેર હતી! પછી હું મેગાકિલસની (Megacles) દીકરી સાથે પરણ્યો. હું ગામડાનો, એ હતી શહેરની. ખરેખર એ માથાફરેલ ને ઉડાઉ હતી. લગ્નની રાતે જ્યારે હું સૂતો, ત્યારે એનું મોં દારૂથી ગંધાતું લાગ્યું. એને તો અત્તર, કેશર, મધુર ચુંબન, છૂટે હાથે ખર્ચ, વિલાસ ને લહેજત, બસ એ જ જોઇએ; બીજા કશાની કે કોઇની પરવા નહિ. ના, હું એમ નથી કહેતો કે એ આળસુ છે; મારી ખાનાખરાબી કરવામાં તો એ બહુ યે ઉદ્યોગી છે!"

આવી સ્થિતિમાં આવી પડેલો બિચારો એક પતિ આમ રોદણાં રડે છે: "જેણે લગ્નસંસ્થા યોજી હશે એ પ્રથમ પુરુષનું સત્યાનાશ જજો, અને પછી જે બીજા, ત્રીજા, ચોથા અને બધા એ સંસ્થાને વળગી રહ્યા એ સૌનું પણ સાથેલાગ્યું સત્યાનાશ જજો!" બીજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વૃદ્ધ પતિ આમ આંસુ સારે છે: "પૈસા માટે હું ડાકણને પરણ્યો. એનાં ઘરખેતર મારાં કરી લેવા એને પરણ્યો, ને ઓ ભગવાન, એ જ ભૂંડું થયું!" વળી એક પતિ આમ પસ્તાવો કરે છે: "તમે નિર્ધન હોઇને પૈસાદાર બૈરી પરણશો તો જાણજો કે ઘરમાં તમે વહૂ નહિ પણ શેઠાણી આણી છે, ઘરમાં એ આવી કે તુરત જ તમે એના ગુલામ થયા સમજજો."

આ તો પ્રાચીન ગ્રીસના થોડાક અપવાદો છે, આજે પણ આવા અપવાદ સર્વે દેશમાં હશે, પણ છતાં યે અત્યાર સુધી આપણે જોઇ ગયા તે ઉપરથી જણાશે કે મૂળે સ્ત્રી શરીરે નિર્બળ છે, તેથી પુરુષે પોતાને કાંડાબળે તેને લગ્નવિષયમાં પોતાને આધીન કરી રાખી છે.

સ્ત્રી લગ્નવિષયમાં પરાધીન બની છે, તેની મહોરછાપ તો લગ્નવિધિમાં એણે લેવી પડતી પ્રતિજ્ઞા ઉપર જ વાગી છે.

અંગ્રેજ લગ્નમાં કન્યાદાન દેનારની ને બીજાં સગાંસંબંધીની રૂબરૂમાં પુરોહિત વરને પૂછે છે: "આ કન્યાને તારી પત્ની રૂપે તું સ્વીકારે છે? મૃત્યુ પર્યંત એના ઉપર સ્નેહ રાખશે? એને માન આપશે? રોગમાં કે સ્વાસ્થ્યમાં એની સંભાળ રાખશે? અને બીજાં બધાંનો ત્યાગ કરીને પણ એને વળગી રહેશે?" વર ઉત્તર આપે છે: "હા."

પછી પુરોહિત કન્યા તરફ જોઇને એ જ શબ્દો બોલે છે, પણ વળી આટલા શબ્દો ઉમેરે છે: "તું તારા પતિની સેવા કરશે? એની આજ્ઞામાં રહેશે?" કન્યાએ ઉત્તર આપવો જ રહ્યો કે: "હા."

અને હિંદુઓના લગ્નવિધિમાં સ્પષ્ટ રીતે નહિ તો રૂપકમાં સ્ત્રીને પુરુષથી નીચી માની છે. લગ્નવિધિમાં વર કન્યાને કહે છે: "હું ઋગ્વેદ છું, તું સામવેદ છે; હું સૂર્ય છું, તું પૃથ્વી છે." આનો અર્થ એ જ કે: પુરુષ ઋગ્વેદની અને સૂર્યની પેઠે ઊંચે છે, સ્ત્રી સામવેદની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પૃથ્વીની પેઠે નીચે છે. પછી જ્યારે વર કન્યાને અરુંધતીનો તારો દેખાડે છે, ત્યારે કન્યા બોલે છે : "अरुन्धत्यासि रुद्धाऽहमस्मि। —તું અરુન્ધતીની પેઠે અ-રુંધાએલો છે — બંધનમુક્ત છે, હું રુદ્ધ — બંધનયુક્ત છું." આમ લગ્નવિધિથી જ સ્ત્રીની પરાધીનતાનાં પગરણ મંડાય છે.

અને જ્યાં બળ એ જ ન્યાય હોય ત્યાં બીજું શું બને? કાંડાબળિયે પુરુષે લગ્નખતથી પોતાની સ્ત્રીને ગુલામ બનાવી દીધી છે — અતિપ્રાચીન કાળથી બનાવી દીધી છે. પ્રાચીન રોમનોએ કાયદાથી જ સ્ત્રીના ઉપર પોતાનો માલકીહક સ્થાપેલો. ખ્રિસ્તીધર્મની શરૂઆતમાં એ ધર્મના લોક કહેતા કે સ્ત્રી મુઆ પછી ભલે પરી થશે, પણ અહીં જીવતાં તો એ પોતાના પતિની દાસી — અરે ગુલામડી છે.

વૉલ્ટર એમ. ગેલિકન (Walter M. Gallichan) નામને લેખકે પોતાના *The Psychology of Marriage* નામે પુસ્તકમાં, પુરુષે લગ્નવિષયમાં સ્ત્રી ઉપર કરેલા પ્રપંચ વિષે જે લખ્યું છે તે એના પોતાના જ શબ્દોમાં આપું : "In the domain of love, sex and marriage woman has suffered more than man from the long heritage of ignorance. Even the prophets and poets have often conspired to veil the truths of life from women's eyes — સ્નેહ, જાતિ અને લગનના પ્રદેશમાં લાંબા કાળના વંશાનુગત અજ્ઞાનને પરિણામે પુરુષ કરતાં સ્ત્રીને વધારે ખમવું પડ્યું છે. જીવનનાં સત્યો સ્ત્રીઓની નજરે ન પડે એવી રીતે સંતાડી રાખવાનો પ્રપંચ પંડિતો ને કવિઓ પણ અનેક વાર રમ્યા છે" (પૃષ્ઠ ૧૨૩).

સ્ત્રી શરીરે નિર્બળ છે એનો લાભ લેઇને એકે એક જાતિમાં પુરુષે પોતાને કાંડાબળે એને લગનની નાથે નાથીને પરાધીન બનાવી છે ને પોતે તેનો નાથ થઇ બેઠો છે! પાછળ જોયું એમ એના પૈસાએ એનું કંઇક રક્ષણ કર્યું છે, પણ એ તો વિરલ પ્રસંગોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપવાદ રૂપે. સહૃદય પુરુષોની સહાનુભૂતિએ એના હિતને માટે કાયદા કર્યા કે કરાવ્યા, ત્યારથી એને કંઇક રક્ષણ મળતું થયું છે. પણ પોતે થઇને સમાનભાવે લગ્ન કરતી નહિ થાય, પોતે જ પોતાના રક્ષણના ઉપાય નહિ યોજે, ત્યાં સુધી એને સાચું રક્ષણ નથી જ મળવાનું. ત્યારે એ પ્રકારે રક્ષણ મેળવવા–સ્વાધીન થવા–લગ્નવિષયમાં એણે આત્મનિર્ણયનો અધિકાર પ્રાપ્ત કરવો જ રહ્યો.

અને કલિયુગ આવશે ત્યારે શું શું થશે તે વિષે માર્કંડેય ઋષિ યુધિષ્ઠિર રાજાને વર્ણવી બતાવતાં કહે છે: "યુગક્ષયના સમયમાં પુરુષો ભાર્યાના મિત્રો થઇ રહેશે. યુગક્ષય આવતાં કોઇ કન્યાનું માગું કરશે નહિ, તેમ કોઇ કન્યાદાન પણ કરશે નહિ, પરંતુ કન્યાઓ પોતે જ વર મેળવીને પરણશે" (વનપર્વ ૧૯૦: ૨૦, ૩૬). યુગજય થવાનો હોય કે યુગક્ષય થવાનો હોય, સત્યયુગ આવવાનો હોય કે કલિયુગ આવવાનો હોય, પણ જ્યાં સુધી લગ્ન કરવામાં કન્યાને સ્વતંત્રતા નહિ મળે ત્યાં સુધી એને તો શૃંખલાયુગ જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૩૬

કુટુંબસંસ્થામાં

અગિયારમા અધ્યાયમાં જોયું છે કે લગ્નસંસ્થાનો જેમ જેમ વિકાસ થતો ગયો છે તેમ તેમ કુટુંબસંસ્થાનો વિકાસ થતો ગયો છે. આ અધ્યાયમાં જોવું છે કે જેમ જેમ કુટુંબસંસ્થાનો વિકાસ થતો ગયો છે તેમ તેમ નારીની સ્વતંત્રતાનો :લોપ થતો ગયો છે, તેની પરાધીનતામાં વધારો થતો ગયો છે.

એક એક કે એકીસાથે અનેક પતિઓને ઘરમાં રાખી તેમની સહાયતાથી સ્ત્રી પોતાનાં બાળકોને ઉછેરતી. ગમે તે પતિને રાખી શકે, રજા આપી શકે કે કોઇ નવાને ઘરમાં વસાવી શકે એવી એની સત્તા હતી. અને ત્યારે આ સ્થિતિમાં ઘરની તે કુલમુખત્યાર હતી, કુટુંબમાં તે મુખ્ય અધિષ્ઠાત્રી હતી. આમ સ્ત્રીને સ્થાયી ઘર હતું, પુરુષને નહોતું; એ તો જે કોઇ સ્ત્રી તેને રાખે, તેને ત્યાં જઇને રહેતો. આજે પણ આવી સ્થિતિ કોઇ કોઇ જાતિમાં છે. આર્થર રાઇટ (Arthur Wright) નામે પાદરીએ ઉત્તર અમેરિકાના ઇરોકવોઇસી (Iroqusis) વિષે ૧૮૭૫માં આમ લખ્યું છે: "એમનામાં સ્ત્રી જ ઘરમાં રાજ્ય ચલાવે છે. પુરુષે તો શિકારે જઇ ઘેર ખાવાનું લેઇ આવવાનું છે. જે પુરુષ જોઇતો શિકાર ન લેઇ આવ્યો તેના ભોગ મળ્યા સમજવા! ઘરમાં એનાં ગમે એટલાં છોકરાં હોય કે ગમે એટલું રળતર હોય, પણ એકાદ વખત આળસ કરીને નાખુશ કરનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાયડાને તેની ગોદડી એને ખભે ફેંકી ઘરની એ રાણી ઘરમાંથી હાંકી મૂકે છે! ત્યાર પછી કોઇ વૃદ્ધ સ્ત્રી એ ગૃહરાજ્ઞીને મનાવી તેના પુરુષને ઘરમાં રખાવે નહિ, તો તેને બીજી કોઇ સ્ત્રી પાસે, તેને રળી રોટલો ખવરાવવાને સારુ તેના ઘરમાં રહેવા જવું પડે. ત્યાં સ્ત્રીઓ જ સત્તાધારી છે" (પૃષ્ઠ ૭૩). આમ સત્તાધારી સ્ત્રીઓના કુટુંબરાજ્યની – માતૃગૃહની – પ્રથા અતિપ્રાચીન કાળે સંસારમાં લગભગ સર્વત્ર હતી. તે કાળે એ માતૃગૃહમાં પુરુષનું સ્થાન છેક નીચે હતું.

અને આમ જ્યાં પુરુષને ફરતા રહેવાનું હોય, સ્ત્રીને જ સ્થાયી ભાવે ઘર સાચવી બેસવાનું હોય, ત્યાં ઘરનો વારસો પણ પુત્રીઓને મળે એ તો છેક જ સ્વાભાવિક છે.

એ સંસ્થાના અવશેષ આજે સર્વત્ર – આપણા દેશમાં પણ – કોઇ ને કોઈ રૂપે ટકી રહ્યા છે. બંગાળની ને દક્ષિણની અનેક જાતિઓમાં આજે પણ સ્ત્રી નહિ, પરંતુ પુરુષ પોતાને સાસરે રહેવા જાય છે, ઘરની માલકી સ્ત્રીની ગણાય છે અને તેનો વારસો પુત્રોને નહિ, પણ પુત્રીઓને મળે છે; પુત્રો તો પિતાઓની પેઠે પાછા પોતાને સાસરે રહેવા જાય છે. ધીરે ધીરે પતિઓની સંખ્યા ઓછી થતાં કે બીજાં કારણોએ અનેક જાતિઓમાં હવે સ્ત્રી એક જ પતિ કરે છે, છતાં વારસો તો પુત્રીને જ મળે છે.

મિલકત વધતી જતાં તેનો વહીવટ કરવામાં એ પુત્રીને તેનો ભાઇ મદદ કરે છે ને ધીરે ધીરે મિલકતનો વહીવટદાર ભાઇ બની રહે છે, જોકે માલેક તો તેની બેન જ ગણાય છે. ખાસીઆ જાતિમાં રાજ્યની માલકી બેનની હોવા છતાં રાજ્યનો વહીવટદાર એટલે રાજા તેનો ભાઇ ગણાય છે. પણ એ મરતાં તેની પોતાની મિલકત પણ તેની બેનના પુત્રને – ભાણેજને – મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મલબારના નાયર લોકમાં પણ આવો જ રીતે માતૃગૃહ છે અને દીકરીએ વારસો ઊતરે છે. નાયરોની લગ્નસંસ્થા ને કુટુંબસંસ્થા વિષે કંઇક વધારે જાણવા જેવું છે. કન્યા બારેક વર્ષની થાય ત્યારે તેને તેનો મામો ગમે તેની સાથે ખૂબ આડંબરથી પરણાવે છે. પણ આ લગ્ન તો નામનું જ હોય છે; અને એને 'તાલીકેથુ કલ્યાણમ્' કહે છે, કારણકે વર કન્યાના કંઠમાં તાલી (=લગ્નમાળા) પહેરાવે છે. આ વિધિ તો માત્ર બાહ્યાચાર છે. અને ગમે તે પુરુષ સાથે–કોઇ મજૂર, ખલાસી કે બહુ તો કોઇ આરબ સાથે–કરી નાખવામાં આવે છે ને એ વિધિ માટે તેને પૈસા પણ અપાય છે.

આ લગ્નનો એકમાત્ર હેતુ કૌમાર્યભંગ જ છે. પતિપત્ની ચાર દિવસ ભેગાં રહે છે ને પાંચમે દિવસે પતિએ ત્યાંથી ચાલ્યા જવું પડે છે. સ્ત્રી તો ત્યાં પોતાનાં માબાપ સાથે જ રહે છે. પછી અનુકૂળ પ્રસંગે એ સ્ત્રી બીજા કોઇને પતિ તરીકે સ્વીકારે છે. ગમે ત્યારે તેને કાઢે ને ગમે તે બીજાને સ્વીકારે. અને એવી રીતે ૧૦–૧૨ પતિ વારાફરતી કરે. બેશક તેની માતા કે મામા દરેક વખતે તેને પતિ દેખાડે ને તેને ગમે તો સ્વીકારે.

વળી નાયર કન્યાએ નાયર પતિ જ લેવો એવો પણ કંઇ નિયમ નથી; વારંવાર એ નામ્બુદ્રી બ્રાહ્મણને પણ પતિ તરીકે લે છે, અને એમ કરવામાં એ બ્રાહ્મણોએ પુણ્ય મનાવ્યું છે. એ બ્રાહ્મણોની મિલકત ભેલાઇ જાય નહિ, તેથી તેમાંનો મોટો ભાઇ પરણીને પુત્રોને વારસો આપે છે, બાકીના ભાઇઓ નાયર કન્યાઓના પતિ થતા ફરે છે. પણ તેથી નાયર સ્ત્રીઓને થતાં બાળકોના ભરણપોષણ માટે એમને કશી ચિંતા કે જવાબદારી નથી, કારણકે તે સ્ત્રીને તો પોતાની માતાનો વારસો મળેલો જ હોય છે અને તેનો ભાઇ કુટુંબનો વહીવટ કરતો હોય છે. ઑટો રોથફેલ્ટ (Otto Rothfeld) પોતાના *Women of India* નામના પુસ્તકમાં જણાવે છે કે હવે નાયર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીઓ અનેકપતિ લગ્ન ભાગ્યે જ કરે છે અને છતાં યે વારસો તો પુત્રીએ જ ઊતરે છે.

નાયર જાતિ કંઇ જંગલી નથી, એ તો પ્રતાપી ક્ષત્રિય ગણાય એવી દ્રાવિડ જાતિ છે અને તેથી તેમની અનેકપતિ લગ્નસંસ્થાની અસર આજુબાજુની જાતિઓ ઉપર – મુસલમાનો ઉપર પણ – થઇ છે. લેતૂર્નો (Ch. Letourneau) પોતાના *The Evolution of Marriage and of the family* નામના પુસ્તકમાં કહે છે: "સ. ૧૮૭૭ના ફેબ્રુઆરીમાં અંગ્રેજી વર્તમાનપત્રોએ જણાવેલું કે લખદીવનો સુલતાન ઇંગ્લૅણ્ડનો માણ્ડલિક બન્યો ત્યારે તેણે પોતાની પ્રજાને પોતાની નવી સ્થિતિ સમજાવવા એક જાહેરનામું કાઢયું. એમાં એણે જણાવ્યું કે 'હું હવે મારી જૂની રાજરાણી કાનાનોરની બીબીનો પતિ અને પ્રજાજન મટી ગયો છું, કારણકે સીલોનની સરકારે ખાસ કૃપા કરીને અને ઇંગ્લૅણ્ડની રાણીના પતિમંડળમાં અર્થાત્ માણ્ડલિકમંડળમાં દાખલ કર્યો છે.' અહીં સમજી લેવાનું કે એ પ્રદેશના હિંદીઓને હિસાબે ઇંગ્લૅણ્ડની રાણી તે ઇસ્ટ ઇંડિયા કંપનીની પુત્રી છે અને લંડનના પોતાના મહેલમાં અનેક પુરુષો સાથે રહે છે" (પૃ. ૩૧૨).

અનેકપતિ લગ્નમાં બાળકોને પોતાના પિતાની ખબર પડે નહિ, એટલે પોતાના નામ પાછળ પિતાના નામને બદલે માતાનું નામ જોડે. આપણા પ્રાન્તમાં પણ અંત્યજ અને રાનીપરજ વગેરે હલકી ગણાતી કોમોમાં દીકરીઓ પોતાના નામ પાછળ માતાનું નામ મૂકે છે અને તેથી કેટલાક એમ અનુમાન કરે છે કે તેમનામાં પણ દ્રાવિડ લોકના સંસ્કાર છે. આ કોમોમાં દીકરીએ વારસો ઊતરતો નથી, છતાં યે ઊંચી કોમોની સ્ત્રીઓ કરતાં એ કોમોની સ્થિતિ પોતાનાં કુટુંબોમાં ઓછી પરાધીન છે. વળી 'વડોદરા રાજ્યની વસ્તીગણત્રીનો સંક્ષિપ્ત હેવાલ – ૧૯૩૧' લખનાર મી. સત્યવ્રત મુકરજી જણાવે છે કે "આર્ય ધર્મનાં જે તત્ત્વો વેદમાં છે તે હિંદમાં આવ્યાં તે પહેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રાનીપરજના લોકોમાં ઘણા જ પ્રાચીન સમયમાં માતાનું રાજ્ય અને સત્તા કદાચ ચાલતાં હશે ને તેનો ઘણો જ અધિકાર હોઇ સમાજની રચના તે આધારે બંધાઇ હશે. તે ભાવનાના અવશેષ તરીકે હજી આ લોકોમાં માતાઓની - સ્ત્રીતત્ત્વની – વિશેષ પૂજા થાય છે એમ લાગે છે" (પૃષ્ઠ ૧૬૭). દેવીપૂજા આર્યોએ દ્રાવિડો પાસેથી લીધી છે એમ ઘણા વિદ્વાનો માને છે, અને આર્ય જાતિથી વસાએલા ઉત્તર હિંદુસ્થાનમાં કરતાં દ્રાવિડોથી વસાએલા દક્ષિણ હિંદુસ્થાનમાં સ્ત્રીનો દરજ્જો સાધારણ રીતે ઊંચો છે.

પુત્રીએ વારસો ઊતરે, અર્થાત્ મામાનો વારસો ભાણેજને મળે એ વાત મહાભારતના યોજનારને ખબર હતી, પણ એ પ્રથા તેને માન્ય નહોતી: એ લખે છે કે "સતીના એ શાપથી હજી સુધી પણ વાહીકોમાં માલમિલકતનો તેઓના ભાણેજોને જ હક્ક હોય છે, પણ તેઓના પુત્રોને હક્ક હોતો નથી" (કર્ણપર્વ ૪૫ : ૧૩). આ વાહીકો આર્ય હતા કે દ્રાવિડ હતા તે હું જાણતો નથી, પણ આર્ય હોય તો આ ઉપરથી એવું અનુમાન થઇ શકે કે મહાભારતના કાળ સુધી યે માતૃગૃહની સંસ્થા કોઇ કોઇ આર્ય જાતિમાં પણ હતી. અને આજે આર્ય જાતિઓમાં પિતૃગૃહની સંસ્થા દૃઢ રૂપે પ્રચલિત હોવા છતાં, કોઇ કોઇ સ્થળે જમીનદાર જાતિઓમાં પિતાનું ધન માએ વહેંચાય છે; એટલે કે એક પુરુષને બે પત્નીઓ હોય તો તે પુરુષના ધનના બે સરખા ભાગ પડે, એક પત્નીને એક પુત્ર હોય તો તેને તેની માતાનો આખો, એટલે પિતાની મિલકતનો અર્ધો ભાગ મળે; અને બીજી પત્નીને બે પુત્ર હોય તો તે દરેકને પોતાની માતાને ભાગે આવેલી મિલકતનો અર્ધો, એટલે પિતાની મિલકતનો ચોથો ભાગ મળે. પરિણામે એમ થાય કે પિતાની મિલકતમાંથી એક માતાના એક પુત્રને અર્ધો અને બીજી માતાના બે પુત્રને દરેકને પા પા ભાગ મળે. આમ માએ ભાગ ન વહેંચાતા હોત તો દરેક પુત્રને ત્રીજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ મળ્યો હોત. માએ ભાગ વહેંચવાની પ્રથાને માતૃગૃહની સંસ્થા સાથે દૂરનો સંબંધ હોય પણ ખરો.

પણ આ સૌ વિવેચન ઉપરથી સમજાય છે કે માતૃગૃહમાં સ્ત્રીના અધિકાર પુરુષના કરતાં વધારે હતા, તેને સારી પેઠે સ્વતંત્રતા પણ હતી. પછી જેમ જેમ એ માતૃગૃહમાંથી પિતૃગૃહનો વિકાસ થતો ગયો તેમ તેમ પુરુષનું મહત્ત્વ વધતું ગયું, પુત્રને વારસો મળતો ગયો, સ્ત્રીની સ્વતંત્રતા ઘટતી ગઇ ને તેને સ્થાને તેની પરાધીનતા વધતી ગઇ.

આજે ટિબેટની પેઠે પૂર્વે પણ અનેક ભાઇઓ એક સહિયારી સ્ત્રી પરણતા, તે પણ અનેકપતિ લગ્ન તો કહેવાય જ. પણ આ પ્રકારના અનેકપતિ લગ્નમાં તો પુરુષ નહિ, પણ સ્ત્રી પોતાને સાસરે જતી. ત્યાં તો પિતૃગૃહ ક્યારનું ય સ્થપાઇ ગયું હતું અને ત્યાં તો વારસો પણ પુત્રીને નહિ પણ પુત્રને જ મળતો. પાણ્ડવોના રાજ્યનો વારસો તેમના પુત્રવંશમાં ઊતર્યો હતો. આમ હોવાથી પાછળ જણાવેલા નાયર જાતિના જેવા અનેકપતિ લગ્નમાં સ્ત્રીને જેટલી સ્વતંત્રતા હતી, તેટલી તો આ પાણ્ડવ જેવા અનેકપત્નીમાં નહોતી જ; છતાં યે એકપતિ લગ્નની સ્ત્રી કરતાં તો તેને વધારે હતી જ, એમ અનેકપતિ લગ્ન કરનાર દ્રૌપદી સાથે એકપતિ લગ્ન કરનાર સીતાની તુલના કરવાથી જણાશે.

જેમ જેમ આ પ્રકારનું અનેકપતિ લગ્ન બંધ થતું ગયું ને એકપતિ લગ્ન સ્થિર થતું ગયું, તેમ તેમ પિતૃગૃહ દૃઢ થતું ગયું ને કન્યાને વારસો મળતો બંધ થતો ગયો. વેદ રચાયા તે કાળે તો આર્યોમાં અનેકપતિ લગ્નની સંસ્થાને બદલે એકપતિ લગ્નની સંસ્થા જામી ગઇ હતી, દ્રૌપદી જેવાં થોડાંક અનેકપતિ લગ્નનાં ઉદાહરણ તો પ્રાચીન સંસ્થાના અવશેષરૂપ હતાં. તેવી જ રીતે માતૃગૃહને સ્થાને પિતૃગૃહની સંસ્થા પણ જામી ગઇ હતી, જોકે માતામહીનું ને માતાનું ધન પુત્રીને મળે તથા ભાઇઓએ પિતાના ચોથા ભાગનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધન કુંવારી બેનોને આપવું એવું વિધાન સ્મૃતિકારોના સમય સુધી ચાલતું આવતું હતું (મનુ ૯ : ૧૧૮, ૧૩૧, ૧૯૨, ૧૯૩). આમ સ્ત્રીના અધિકાર ખંડાતા ચાલ્યા.

બેશક સ્ત્રી પરણીને સાસરે જતી અને ત્યારે પતિની મિલકતમાં એનો અધિકાર પતિ જેટલો ગણાતો, એ બે ઘરનાં સરખાં માલેક એટલે દંપતી ગણાતાં. તે વારે એ ગૃહરાજ્ઞી ગણાતી. એના વિના યજ્ઞ વગેરે ધર્મક્રિયા પતિથી થઇ શકતી નહિ. એ કુટુંબમાં ત્યારે જોકે પત્નીની પદવી પતિના કરતાં નીચી હતી, તો યે ઠીક ઠીક હતી.

પણ પછી તો જ્યાં પુત્રને વારસો આપવો ઠર્યો, એટલે પુત્રી કરતાં પુત્રની મહત્તા વધી અને તેથી કુટુંબમાં પુત્ર હોવો જ જોઇએ એમ આવશ્યક મનાયું, એટલે તો "સ્ત્રી ઋતુપ્રાપ્તિ પછી આઠ વર્ષ સુધી વંધ્યા રહે તો તેના પતિએ ફરી પરણવું, જે સ્ત્રીને બાળક અવતરીને મરી જતાં હોય તે સ્ત્રીના પતિએ દશમે વર્ષે ફરી પરણવું, જે સ્ત્રીને કન્યાઓ જ અવતરતી હોય, તે સ્ત્રીના પતિએ અગિયારમે વર્ષે ફરી પરણવું" એમ ઠરાવ્યું (મનુ ૯ : ૮૧). પુત્ર ન થવામાં પુરુષનો દોષ છે કે સ્ત્રીનો જ છે, એ તપાસવાની પુરુષ સ્મૃતિકારોને પરવા ન હતી. અને આમ એક વાર સ્ત્રીનાં માન ઊતર્યાં, એટલે "અપ્રિય વચનો બોલનાર સ્ત્રીના પતિએ તો તુરત જ ફરી પરણવું" એમ પણ ઠરાવી દીધું (૮૧). અને જો આમ પુરુષનું ધાર્યું કરવામાં સ્ત્રી આડખીલી નાખે, "જો એક ઉપર બીજી સ્ત્રી પરણવાથી પહેલી સ્ત્રી ક્રોધ કરીને ઘરમાંથી બહાર નાશી જવાને તૈયાર થાય, તો તેને તુરત ઘરમાં કેદ કરવી, અથવા તો પોતાના તથા તે સ્ત્રીના તરફના સંબંધીઓની સમક્ષ તેનો ત્યાગ કરવો" એવી પણ આજ્ઞા થઇ (૮૩).

પ્રાચીન કાળથી આજ સુધી વસતિના મોટા ભાગનો વ્યવસાય ખેતીનો છે. એ વ્યવસાયમાં જેમ અનેક માણસનો સહકાર, તેમ તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે સફળતા ને વધારે લાભ. પુત્રો પિતાથી જુદા થઇને પોતપોતાની આગવી ખેતી કરે તેના કરતાં પિતા સાથે બધા એકઠા રહીને સહિયારી ખેતી કરે તો વધારે લાભ થાય. આથી પિતાએ, પુત્રોએ અને વળી પૌત્રોએ એકઠા રહીને गोत्राण (गो= પૃથ્વી, જમીન; त्राण= રક્ષણ) – ખેતી કરવા માંડી. અને આમ गोत्राण કરવા એકઠો રહેલો કુટુંબનો સમૂહ તે गोत्र. આને આપણે સંયુક્ત કુટુંબ કહીએ છીએ. સંયુક્ત કુટુંબની સંસ્થા પ્રથમ તો આમ ખેતી કરવાને માટે જ ઉદ્ભવી.

ખેતીમાં વધારે માણસની જરૂર પડતાં તે કાળનો ખેડૂત એક જીવતી ઉપર બીજી, ત્રીજી, એમ અનેક સ્ત્રીને પરણવા લાગ્યો. આથી એ સ્ત્રીઓ ખેતીમાં મદદ કરે, તેનાથી થતા પુત્રો પણ મદદ કરતા થાય. અને આજે પણ ખેતીનું કામ કરાવવા જ માટે પુરુષ અનેક સ્ત્રીઓ કરે છે, એ તો મેં જાતે આફ્રિકામાં જોયું છે. અનેકપત્ની લગ્નની ભ્રષ્ટ ભાવનાનું મૂળ આ સંયુક્ત કુટુંબની સંસ્થામાં પણ છે.

ખેતીપ્રધાન જાતિઓમાં આમ ગોત્રસંસ્થા – સંયુક્ત કુટુંબની સંસ્થા – સ્થપાઇ ને ધીરે ધીરે વિકાસ પામી. જુગજુગમાં વિકાસ પામતી પામતી માનવીની એ સંસ્કૃતિસંસ્થા પણ સંસ્કાર પામતી ગઇ છે. માનવસમાજમાં ધર્મભાવના ખીલતી ગઇ તેમ તેમ એ સંસ્થામાં પણ ધર્મભાવના અંતર્ગત થતી ગઇ. અને ઠેઠ વેદકાળમાં પણ ધર્મ-ભાવનાએ સહકાર પામેલી સંયુક્ત કુટુંબની સંસ્થા તો હતી જ. જાતક કથાઓ (૪૩૨, ૪૪૭) ઉપરથી જણાય છે કે બૌદ્ધ જુગમાં પણ સંયુક્ત કુટુંબની સંસ્થા હતી. આજે પણ છે. એટલે એમ કહી શકાય કે વેદકાળથી આજ સુધી આ સંયુક્ત કુટુંબની સંસ્થા અખંડિત રીતે ચાલતી આવી છે. એમાં કાળે કાળે આમ કે તેમ વિકાસ થયો હશે, પરિવર્તન થયાં હશે; પણ સ્ત્રીના અધિકાર તો ધીરે ધીરે ખંડાતા જ આવ્યા છે, એની પરાધીનતા વધતી જ ચાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ગૃહમાં જાણે માતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ જ ના હોય તેમ પિતાની અંદર જ એની ગણત્રી કરી લેઇ પિતરૌ શબ્દ યોજી કાઢ્યો.

પ્રાચીન કાળથી સંયુક્ત કુટુંબમાં પિતા ગૃહપતિ ગણાતો આવ્યો છે, એની સત્તા સામે કોઇથી વિરોધ થઇ શકે નહિ. બીજાં સર્વ કુટુંબી જનોને અને ખાસ કરીને સ્ત્રીઓને એની નિરંકુશ સત્તા નીચે રહેવું પડે. અને આથી સૌ કુટુંબીઓ ગૃહપતિનાં ગુલામ જેવાં પણ થઇ પડ્યાં, તેમનો વૈયક્તિક વિકાસ અટકી પડ્યો.

છતાં પિતાએ ધર્મની મર્યાદામાં તો રહેવું જ પડતું. "જે પિતા રાજવધ કરે, શૂદ્રો માટે અથવા શૂદ્રો પાસેથી પૈસા લેઇ પોતાને માટે યજ્ઞ કરે, અપાત્રને વેદનું અધ્યયન કરાવે, વિદ્વાન બ્રાહ્મણને મારી નાખે, નીચ ગણાતા વર્ણના માણસ સાથે વસે કે નીચ ગણાતા વર્ણની સ્ત્રીઓ સાથે અયોગ્ય સંબંધ રાખે, તેનો પુત્રોએ ત્યાગ કરવો એમ ગૌતમ કહે છે. વશિષ્ઠના મત પ્રમાણે જ્ઞાતિથી બહિષ્કૃત થવા જેવો ગુનો કરનાર પિતાનો પુત્રે ત્યાગ કરવો જોઇએ, પણ માતા પુત્રને માટે કદી પણ ત્યાજ્ય બનતી નથી. બહિષ્કૃત થએલાં માબાપનું પણ પુત્રોએ પોષણ તો કરવું જ જોઇએ એમ ગૌતમની માન્યતા છે. પણ એવાં માબાપની મિલકત ન ગ્રહણ કરવી જોઇએ એમ એ માને છે." છતાં ધીરે ધીરે પિતાની સત્તા નિરંકુશ બનતી ગઇ. બીજાં સર્વે કુટુંબી જનોને એની નિરંકુશ સત્તા નીચે રહેવું પડે અને તેમને ગૃહપતિના ગુલામ બનવું પડે. આથી તેમનો વૈયક્તિક વિકાસ અટકી પડ્યો. પિતૃપૂજાનું ને પિતૃશ્રાદ્ધનું મૂળ પણ અહીં જ છે.

અને ત્યારે આ સંયુક્ત કુટુંબમાં નારીજનને માથે પરાધીનતાની કેવી ખીલીઓ ઠોકાઇ હશે એ તો વગર જણાવ્યે જણાઇ જાય એવી વાત છે. મનુ, વશિષ્ઠ, બૌધાયન, વગેરે અનેક સ્મૃતિકારો કહે છે કે સ્ત્રીએ બાલ્યાવસ્થામાં પિતાના, યુવાવસ્થામાં પતિના અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃદ્ધાવસ્થામાં પુત્રના રક્ષણમાં રહેવું જોઇએ, न स्त्री स्वातंत्र्यमर्हति – સ્ત્રી સ્વતંત્રતાને યોગ્ય જ નથી. બૌધાયન વળી કહે છે કે માટે તો વેદોએ સ્ત્રીને શક્તિહીન ને ભાગ વગરની ગણી છે. આમ સ્ત્રી કદાપિ સ્વતંત્ર હોઇ શકે નહિ, એણે તો એના માલેકને તાબે રહેવાનું છે એમ ઘણાખરા સૂત્રકાર માને છે. હા, મનુ કહે છે એમ એને ઘરેણાંગાંઠાંથી, લૂગડાંલત્તાંથી ને ખાવેપીવે રાજી રાખવી એટલું બસ છે. સ્મૃતિકાળમાં નારી કેવી પરાધીન હતી એનાં આ પ્રમાણ. પ્રાચીન કાળે કુટુંબમાં નારીની કેવી અવદશા હતી તે આ પુસ્તકનો ૨૨મો અધ્યાય કહી દેશે, અહીં એની પુનરુક્તિ કર્યે કંઇ વધારે છે?

પછી તો સંયુક્ત કુટુંબમાં નારીની પરાધીનતા વધી ગઇ. કામ કરાવવાને ચાકરડી જોઇએ તે ભાડે લાવો; એ ચાકરડીને પગાર આપો ને ખાવાનું આપો, એ જ શરતે તમારા ખેતરની ને ઘરની એ મજૂરી કરે; પણ પરણી લાવો એ સ્ત્રી તો બિચારી પગાર ન માગે, ખાવાની જ શરતે મજૂરી કરે. ખેતરનું ને ઘરનું કામ કરનારને ખાવા જોઇએ, ત્યારે રોટલા ઘડવા રસોઇયો ભાડે લાવો; એ રસોઇયાને પગાર આપો ને ખાવાનું આપો, એ જ શરતે તમારાં માણસો માટે રોટલા ટીપે; પણ પરણી લાવો એ સ્ત્રી તો બિચારી પગાર ન માગે, ખાવાની જ શરતે રોટલા ટીપે. ચાકરડી મજૂરી જ કરે, રોટલા ના ટીપે. રસોઇયો રોટલા જ ટીપે, મજૂરી ના કરે; પરણીને ગુલામ કરી આણેલી સ્ત્રી બિચારી પ્રસંગ પડ્યે મજૂરી યે કરે, પ્રસંગ પડ્યે રોટલા ય ટીપે; करणेषु दासी યે બને, भोज्येषु माता યે બને. ચાકરડીને ને રસોઇયાને રિઝવી રાખવાં પડે, ખીજાય તો નાશી જાય; લગ્નને નામે ગુલામગીરીને બાંધણે બાંધી – ગુલામડી કરી – ઘેર આણી, એટલે એ ગમે તો રીઝે કે ગમે તો ખીજે તો ય નાશીને જાય ક્યાં? નાશી જાય તો પુરુષોની બનેલી સરકારને કાયદે, તેના પુરુષ સિપાઇઓ પાસે પકડાવી મંગાવીને ઘરમાં પૂરી દેવાય! ખરીદી આણેલી ગુલામડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં ય સ્ત્રી સસ્તી : ગુલામડીના ખરીદીપૈસા આપવા પડે, મોટા લોકને તો સ્ત્રીનાં પૈસા આપવાના ના હોય, એ તો ઊલટી લેતી આવે. ગુલામડી તો માત્ર મજૂરણ, પરણી આણેલી સ્ત્રી તો करणेषु दासी, भोज्येषु माता, મૂંઝવણને પ્રસંગે કોઇ કોઇ વાર कार्येषु मंत्री અને વળી शयनेषु रंभा તો છે જ. કેવી સુંદર નારીપ્રતિષ્ઠા ને નારીપૂજા!

આવી પરાધીન અવસ્થાથી સ્ત્રીઓની આત્મરક્ષણ કરવાની શક્તિ ઘસાતી ચાલી ને તેનું રક્ષણ કરવાનો ભાર પુરુષો ઉપર આવી પડ્યો. કુટુંબ એ નારીજનનો રક્ષણગઢ બની રહ્યો, ને એમાં લાભ મનાયો. સ્ત્રીઓને પણ એ પરાધીન ભાવના સ્વાભાવિક થઇ પડી ને જતે કાળે ખુશીથી એમણે પણ એ પરાધીનતા સ્વીકારી લીધી. પરિણામે એ આત્મરક્ષણની પોતાની શક્તિ છેક જ હારી બેઠી ને અંતઃપુરમાં આનંદથી ને સંતોષથી ભરાઈ બેઠી.

અનેકપત્ની લગ્નની સંસ્થામાં પુરુષ અનેક સ્ત્રીઓને સંતોષ ન આપી શકે એટલે તેના પ્રત્યે શંકાદૃષ્ટિથી જોયા કરે. "પરપુરુષને જોઇને સંભોગ કરવાની ઇચ્છા વાળી હોવાથી, ચંચળ ચિત્તની હોવાથી અને સ્વાભાવિક રીતે સ્નેહ વિનાની હોવાથી પ્રયત્ન વડે રક્ષણ કર્યાં છતાં યે સ્ત્રી પોતાના ભર્તા પ્રત્યે બેવફા નીવડે છે. બ્રહ્માએ સ્ત્રીને આવા સ્વભાવની ઘડી છે, એમ જાણીને પુરુષે સ્ત્રીનું રક્ષણ કરવા માટે પરમપ્રયત્ન કરવો" (મનુ ૯ : ૧૫, ૧૬). મનુ જ જ્યાં આવું વિધાન કરે ત્યારે તો કહેવાનું જ શું! ઇર્ષ્યાવશ થઇ પુરુષે એને વફાદાર ને નીતિશીલ બનાવવા ઘરને ખૂણે ઘાલી. બહાર જાય તો એને अवगुण्ठनથી (ઘૂમટાથી) ઢાંકી, એને કોઇ જોઇ ના જાય એવો પ્રબંધ કર્યો. ઘૂમટાનું મૂળ આમ આ કુટુંબસંસ્થામાં પણ છે.

સ્ત્રીઓના માનસમાં કુટુંબની કુલભાવના ઓતપ્રોત થઇ જાય, તેમના વ્યવહારમાં કુટુંબનો કુલાચાર ઓતપ્રોત થઇ જાય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુટુંબની ઉન્નતિ સારી રીતે સધાય. પણ પારકે ઘેરથી આણેલી મોટી સ્ત્રી તો પોતાના પિયેરની કુલભાવના ને કુલાચાર લેતી આવે. તેનામાં એ કુલભાવના ને કુલાચાર એવી રીતે જડ થઇ ગએલ હોય કે તે એમ જલદી ટળી શકે નહિ ને સાસરાના કુટુંબનાં કુલભાવના ને કુલાચાર તેનામાં જલદી પ્રવેશ પામી શકે નહિ કોમળ આચાર-વિચારની કન્યા પિયેરના સંસ્કાર જલદી ભૂલી શકે ને સાસરિયાના જલદી સ્વીકારી શકે. ત્યારે પારકે ઘેરથી નાની કન્યા લવાય તો તેથી કુલભાવના ને કુલાચાર સતત ને સરળ રીતે વંશમાં ઊતર્યે જાય. આ નાની કન્યાઓ લાવવા માટે પોતાના ઘરના નાના વર પરણાવવા પડે. અને આ રીતે બાળલગ્નનું મૂળ સંયુક્ત કુટુંબની સંસ્થામાં પણ છે. બાળલગ્નથી આ એક લાભ થયો.

હિંદુ સમાજની નીતિરીતિને વખાણનાર પરદેશીઓએ પણ હિંદુ બાળલગ્નમાં આ લાભ દેખ્યો છે. ઑટો રૉટફેલ્ટ (Otto Rothfeld) પોતાના 'હિંદની સ્ત્રીઓ (*Women of India*)' નામે પુસ્તકમાં લખે છે કે "વ્યાવહારિક રીતે તો બાળલગ્નના સ્પષ્ટ લાભ છે. કારણકે નવાં પરણેલાં વરવહૂ માબાપના ઘરમાં બાળકો હોય એમ ઊછરે છે, ધીરે ધીરે એક બીજાના સહવાસમાં પરસ્પર ચાહતાં શીખે છે અને ભવિષ્યમાં પોતાને જે સંયુક્ત કુટુંબમાં રહેવાનું છે તેમાં પોતાનું સાચું સ્થાન ક્યાં છે તે જાણતાં થાય છે. યુરોપિયન વરવહૂની પેઠે હિંદુ વરવહૂ કેવળ વિખૂટાં રહી શકે નહિ; એ તો વડીલોને હાથે ચાલતા સંયુક્ત કુટુંબના એક અંગ રૂપે છે. એ બાળદંપતીનું સાચું લગ્ન – શરીરલગ્ન – તો બહુ મોડે, ઘણે વર્ષે થાય છે; એ બાળદંપતી ઘરના કામકાજમાં મદદ કરતાં થાય છે ને યોગ્ય ઉમરે આવે છે તથા માબાપ સમ્મતિ આપે છે, ત્યારે જ તેમનું સાચું લગ્ન – શરીરલગ્ન – થાય છે. ત્યારે આવાં બાળલગ્નને દોષ દેવા જેવું કંઇ નથી, દોષ તો અજ્ઞાનને લીધે અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાતોમાં ઋતુપ્રાપ્તિ થતાં જ શરીરલગ્ન કરવામાં આવે છે તેને દેવાનો છે. કારણકે અજ્ઞાનને લીધે, જેમ મધ્ય યુગે યુરોપમાં તેમ, આજે હિંદુસ્થાનમાં ઋતુપ્રાપ્તિના સમયને જનનસમય માની લેવામાં આવે છે અને ત્યારે જ શરીરલગ્ન કરી નાખવામાં આવે છે" (પૃષ્ઠ ૫૩).

બીજે ઘેરથી આવેલી નાની કન્યામાં સસરાના કુટુંબની કુલભાવના ને કુલાચાર જલદી વસી જાય એ લાભ થયો છે એ ખરું, પણ એથી એ કન્યા પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ પણ જલદી ભૂલી જાય, કુટુંબની બીજી સ્ત્રીઓની પેઠે કુટુંબની ગુલામગીરી પણ જલદી સ્વીકારી લે, એ હાનિ પણ થઇ છે જ.

આ ઉપરાંત બાળલગ્નથી જે અનવધિ હાનિ થઇ છે અને જેથી આજે સમસ્ત હિંદુ સમાજ પીડાઇ રહ્યો છે, એ તો ઉઘાડી આંખે ફરનાર હરકોઇ જોઇ શકે છે.

પણ એથી એક વધારે ભયંકર હાનિ તો પ્રત્યક્ષ છે: બાળલગ્નને જ પરિણામે હિંદુ જાતિમાં વિધવાઓ વધી પડી છે. સંયુક્ત કુટુંબની સંસ્થાએ બાળલગ્નની યોજના કરી, ત્યારે તેને પરિણામે થએલી વિધવાના પાલનની પણ યોજના કરી. તેના ભરણપોષણની વ્યવસ્થા કરી ને તેથી વિભક્ત કુટુંબની વિધવા પેઠે તેના પતિને ભરણપોષણ માટે વીમાની જરૂર ન રહી.

સંયુક્ત કુટુંબનાં સૌ માણસ એક શરીરનાં અનેક અંગ જેવાં થઇ રહ્યાં. શરીરમાંથી એક અંગ છેદાય તો સમસ્ત શરીરને દુ:ખ થાય; એમ કુટુંબની વિધવા પુનર્લગ્ન કરી કુટુંબમાંથી છેદાઇ બીજે ચાલી જાય તો કુટુંબને દુ:ખ થાય અને તેથી વિધવાલગ્ન નિષિદ્ધ મનાતું ગયું, વિધવાએ દિયેરવટું કરીને કે સંતતિની ઇચ્છા થયે નિયોગ કરીને પણ ઘરમાં ને ઘરમાં જ રહેવાનો ચાલ પડતો ગયો. વિભક્ત કુટુંબની વિધવાને તો પતિ મરતાં કુટુંબ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મર્યું, એટલે તેને પુનર્લગ્ન કરવું પડે.

વિધવાને વૈધવ્ય ભારરૂપ ન લાગે એટલા માટે વિધવાને ગંગાસ્વરૂપ માની, વૈધવ્યને પુણ્યસ્વરૂપ માન્યું. કુટુંબમાં સૌ એને માન આપે, ધર્મદૃષ્ટિએ નિહાળે, કુટુંબને માટે એણે આત્મસમર્પણ કર્યું માને. કુલભાવનાનું અને કુલાચારનું સાતત્ય સાચવવામાં આમ વિધવા પણ પુણ્યસહાય બની હતી. કુટુંબ વિભક્ત થતાં તેને પતિના ધનમાંથી કંઇક વારસો પણ મળતો.

આમ એક જ ઘરમાં પિતાની સાથે તેના પુત્રો ને પૌત્રો રહે, તેમની સ્ત્રીઓ રહે ને કુટુંબની વિધવાઓ પણ રહે, એટલે પિતાની ભાવના ને આચારવિચાર સંતાનમાં ઊતરે. અને તેથી કુલધર્મ ને કુલાચાર કપાઇ ન જતાં તેનું સાતત્ય સચવાય, બહુ કાળે એ વિશિષ્ટ ને તીવ્ર રૂપે વિકાસ પામે. આમ સંયુક્ત કુટુંબની સંસ્થાએ માનવ-સમાજને—ખાસ કરીને હિંદુ સમાજને—બહુ સુંદર પરિણામ આપ્યાં છે.

પણ જેમ માણસના આયુને અવધિ હોય છે, એમ સંસ્થાઓના આયુને પણ અવધિ હોય છે. સંયુક્ત કુટુંબની સંસ્થા હવે વૃદ્ધ થઇ છે; એક કાળે જુવાનીમાં એ ગમે એટલી સુંદર હતી, પણ આજે હવે એ વૃદ્ધ થઇ છે; એનામાંથી ધર્મભાવના ઊડી ગઇ છે, એટલે એ વિરૂપ બની ગઇ છે, એનું મરણ સમીપ દેખાય છે. દેશકાળ ફર્યો છે, લોકને નવું નવું જ્ઞાન મળ્યું છે, નવા નવા અનુભવ મળ્યા છે, વૃત્તિઓ ફેરવાઇ છે, એટલે હવે સંયુક્ત કુટુંબની ઉપયોગિતા ઓછી થઇ ગઇ છે. હવે એ સંસ્થા નિરર્થક જ નહિ, કેટલેક પ્રસંગે અનર્થક પણ થઇ પડી છે.

વડીલોના મનમાંથી બીજાં પ્રત્યેની સમભાવના ને ધર્મભાવના ગઇ છે, છતાં પોતાને સૌ માન આપે એ વૃત્તિ સતેજ રહી છે કારકૂનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોકરીમાંથી પેન્શન લેઇ ઘેર બેઠેલો ૮૦ વર્ષનો પિતા, દીવાનગીરી કરતા ૬૦ વર્ષના બુદ્ધિશાળી ને લોકમાન્ય પુત્રને પણ છોકરો જ ગણે, પિતા માને કે મારી ગમે એવી આજ્ઞા પણ એણે પાળવી જ જોઇએ. અને વળી એ ડોસો પૌત્રોને તો આજ્ઞા પળાવવા ધમકાવે!

કુટુંબની જમીન વગેરે મિલકતના ભાગ પડી ન જાય, એટલા માટે "મોટો ભાઇ જ પિતાની સર્વ મિલકતનો ધણી ગણાય છે અને બીજા ભાઇઓએ પિતાના જીવતાં જેમ પિતાને વશ રહી આજીવિકા ચલાવી હોય, તેમ મોટા ભાઇને વશ રહીને આજીવિકા ચલાવવી" (મનુ ૯: ૧૦૫) એવી વ્યવસ્થા પૂર્વે હતી, આજે પણ રાજાઓનાં ને જમીનદારોનાં કુટુંબોમાં હોય છે. તે વારે સંયુક્ત કુટુંબમાં મોટો ભાઇ નાના ભાઇઓ ઉપર વાત્સલ્યભાવ રાખતો. પણ પછી તો એ જ્યાં નાના ભાઇઓને માત્ર વશ જ રાખવાનું કરે, ત્યારે તેની સ્ત્રી પણ પોતાની દેરાણીઓ ઉપર હકુમત રાખવાના કેવા પ્રયત્ન કરે એ તો અનુમાનથી જ સમજાય.

અને ધર્મભાવ વિનાનાં સંયુક્ત કુટુંબનાં ખોખાંમાં વિધવાની સ્થિતિ કેવી થાય એ તો આજે આપણે જોઇએ જ છીએ. કુટુંબી જનો એને હડે હડે કરે, અન્નપાણીના લાંઘા કરાવે. કોઇ ભ્રષ્ટ હોય તે એને ભ્રષ્ટ કરવાના પ્રપંચ રમે, ત્યાં એને પુનર્વિવાહ કર્યા વિના બાજે કંઇ આરો? વિધવાવિવાહને લાખ ગાળો દે તો ય સમાજે જાણવું જ જોઇએ કે વિધવાને વિવાહ કરવાની ફરજ એ પોતે જ પરોક્ષ રીતે પાડી રહ્યો છે.

વળી એક કુટુંબમાં અનેક માણસ હોય. કોઈ સબળાં, કોઇ નબળાં; નબળાંને નિભાવી લેવાં એ સંયુક્ત કુટુંબમાં સબળાંનો ધર્મ. કોઇ જુવાન હોય, કોઇ વૃદ્ધ; વૃદ્ધને નિભાવી લેવાં એ સંયુક્ત કુટુંબમાં જુવાનનો ધર્મ. આથી નબળાં ને વૃદ્ધ માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપંગાશ્રમની જરૂર ન પડે. પણ સંયુક્ત કુટુંબમાંથી ધર્મભાવના ગઇ એટલે સબળાં ને જુવાન નબળાંને ને વૃદ્ધને નિભાવવામાં ભાર રૂપ માને, વળી અપંગ નબળાંની સાથે આળસુ નબળાં પણ પોતાના નિભાવનો દાવો કરે. પરિણામે આળસુ નબળાં સબળાં થવાનો પ્રયત્ન પણ ન કરે, આળસુ થઇને પડી રહેવામાં જ ધર્મ માને. સબળાં તેમને પોષવાનો ધર્મ માને તો ય તેમનો શ્રમ ફોકટ વેરાય. આમ સદ્ભાવના વાળાં નબળાં માણસોને માટે સંયુક્ત કુટુંબ વીમા કંપની છે, તો દુર્ભાવના વાળાં માણસોને માટે એદીખાનું છે. અને એવાં એદીખાનાંની સંખ્યા દેશમાં જેમ વધારે, તેમ દેશની ગરીબાઇ વધારે. આજે આપણો દેશ આ પ્રકારનું વિશાળ એદીખાનું બની રહ્યું છે. અને ત્યારે હવે તો ધર્મભાવના વિનાની આ સંયુક્ત કુટુંબની સંસ્થા તૂટે તો સારું એમ મનમાં થયા કરે છે.

પણ આજનું સંયુક્ત કુટુંબ તે એદીખાનું જ બન્યું છે એમ નથી, કજિયાખાનું કે કૂતરાખાનું પણ બની ગયું છે. ત્રણ ત્રણ ચાર ચાર પેઢીનાં દીકરાદીકરીઓ ને પારકી જણી વહૂઓ જ્યાં સ્વાર્થે ટોળે મળે, ત્યાં જુદી જુદી શેરીનાં કૂતરાંને એક પાંજરામાં ભર્યાં હોય ને જે તમાસો થાય, તે જ તમાસો થાય, તે જ તમાસો જામે! વહૂઘેલા દીકરા વહૂનું સાંભળી મા સામે દાંતિયાં કરે, માવડિયા દીકરા માનું સાંભળી વહૂને બચકાં ભરે, નણંદનું સાંભળી સાસુ વહૂઓ સામે ભસ્યાં કરે, નણંદો તેમની સામે ઘૂરકિયાં કરે, વહૂઓ બિચારી બે પગ વચ્ચે પૂંછડી ઘાલી લપાતી છૂપાતી ખૂણે ભરાય, પતિ દયાળુ હોય તો રાતે તેની સામે જોઇ પૂંછડી પટપટાવી ગેલ કરે ને પોતાનાં દુઃખ રડે. વહૂ ઘરડી થાય કે જુદી નીકળે ત્યાં સુધી આ દશા. સ્વતંત્ર થઇને સાસુ બને કે પાછી પોતાની સાસુઆવૃત્તિ નવેસરથી નવે સાજે વસેલા એ કૂતરાખાનામાં કરી દેખાડે! આજનું આ આપણું સામાન્યતઃ સંયુક્ત કુટુંબ. અને કયા હિંદુ વાચકને આનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષ વર્ણન આપવું પડે? કોણે આનો અનુભવ નથી કર્યો? અને ત્યારે હવે તો આ સંયુક્ત કુટુંબની સંસ્થા તૂટવી જ જોઇએ એમ લાગ્યા કરે છે.

અને લાગે કે ના લાગે, પણ સંયુક્ત કુટુંબ તૂટવાની નોબતો તો ગડગડી જ રહી છે. નવું ભણતર ભણવા ગએલો યુવાન વર્ગ નિશાળમાં યુરોપના વ્યક્તિસ્વાતંત્ર્યના પાઠ ભણીને ઘેર આવે, પણ ત્યાં આ એદીખાનામાં ને કૂતરાંખાનામાં જુદા જ રંગ દેખે. એથી હવે એનું મન સંયુક્ત કુટુંબથી ઊઠી ગયું છે, અને માસ્તર અંગ્રેજની પેઠે હૂતો-હૂતીનું આગવું વિભક્ત ઘર માંડી વ્યક્તિસ્વાતંત્ર્યની મોજ માણવાનું એને મન થઇ ગયું છે. આ નવા પ્રકારના ઘરમાં પણ ધારીએ એટલું સુખ નથી, એમાં પીળું દેખીએ એ બધું સોનું નથી. પણ ધર્મભાવના વિનાના સંયુક્ત કુટુંબને એ વળગી જ રહે એવી યે આશા શી રીતે રાખી શકાય? અને જુવાનિયાનું દિલ ઊઠયું એટલે હવે તો ના કહો તો ય જુદું ઘર માંડવાનો જ, સંયુક્ત કુટુંબ વિખેરી નાખવાનો જ, ત્યાં ત્યારે ઉપાય પણ શો?

સંયુક્ત કુટુંબમાં બાળકોનાં લગ્ન કરવાનો અધિકાર વડીલોનો છે. નવું ભણતર ભણેલો ને વ્યક્તિસ્વાતંત્ર્યના પાઠ પઢેલો જુવાન વર્ગ પોતાનાં લગ્ન પોતાની મેળે પોતાની પસંદગીથી કરવા ઇચ્છે છે. સ્નેહલગ્નને નામે મોહલગ્ન કરી નાખીને અનેક વાર થપ્પડો ખાઇ પસ્તાય છે - એમ પરણીને ઘણી વાર તો સ્ત્રીને જ પસ્તાવું પડે છે અને છતાં યે વ્યક્તિસ્વાતંત્ર્યનો સંતોષ માનવો પડે છે. અનુભવી વડીલોની સલાહ લેવી ઠીક લાગશે ત્યારે લેશે, પણ હાલ તો એ જુવાન વર્ગ લગ્નવિષયમાં વડીલવર્ગની ગુલામગીરી તોડવા ઇચ્છે છે.

જમીનમાં ભાગ પડી ગયાથી કે ઘેર કમાણીનાં સાધન ખૂટયાથી, તેમ જ સ્વતંત્ર ઘર માંડવાની ઇચ્છા થયાથી ભણેલા ગણેલા જુવાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીકરા સંયુક્ત કુટુંબનું ઘર છોડીને કમાણી કરવા કે મોજ માણવા વહૂને લેઇ પરદેશ જાય એટલે ઘેર સંયુક્ત કુટુંબ તો માત્ર કહેવા જેવું જ રહે, સાપ ગયા પછીના માત્ર લિસોટા જેવું જ રહે. થોડો વખત સૌ દીકરા પોતાની કમાણી સંયુક્ત કુટુંબના ધનભંડારમાં મોકલે; પણ આજે વ્યક્તિસ્વાતંત્ર્યની સાથે વ્યક્તિજીવનનો ને વ્યક્તિ-વિલાસનો પણ વિકાસ થયો છે, તેવે સમે પોતાની વહૂને ને પોતાને માટે એ તે સાડીકોટ, ચંપલબૂટ, એરિંગઅછોડા જેવી વિલાસસામગ્રીમાં પોતાની કમાણી ખર્ચે કે સંયુક્ત કુટુંબના ધનભંડારમાં અર્પે ?

સંયુક્ત કુટુંબમાં સર્વે બાળકોને સરખી કેળવણી અપાતી; પણ હવે વધારે અને આગવી કમાણીમાંથી પોતાનાં જ બાળકોને સારી રીતે કેળવણી આપી શકાય એ રીતના સ્વાર્થલાભથી સંયુક્ત કુટુંબથી નીકળી દૂર રહેનારને સંતોષ થવા લાગ્યો છે.

ધણીધણિયાણીનું કુટુંબ અજાણ્યા લોકમાં એકલું રહેતું હોય છે, તો કંઇક નિરાધાર થઇ જાય છે. સંયુક્ત કુટુંબમાં એ બંનેને – ખાસ કરીને સ્ત્રીને – જે રક્ષણ મળતું તે હવે નથી મળતું. એથી આત્મ-રક્ષણની શક્તિ કંઇક કેળવાય છે પણ ખરી. પણ વળી એ કુટુંબલાજ ને લોકલાજ વિનાનાં પણ થઇ જાય; જો તે ઉન્નત ભાવના વાળાં હોય તો આત્માની લાજે ખોટું કરતાં ડરે, અવનત ભાવના વાળાં હોય તો ભ્રષ્ટ થઇને વગર મોતે મરે. સંયુક્ત કુટુંબમાં જુવાન સ્ત્રી-પુરુષોને વૃદ્ધોની મર્યાદા રાખવી પડતી, તેવી મર્યાદા રાખવાની હવે જરૂર રહી નહિ. એટલે તેઓએ સંયમ કેળવ્યો હોય છે તો કામવાસનાના સ્વચ્છંદમાં નથી પડતાં; તેવો સંયમ ન કેળવ્યો હોય તો વચ્ચેથી વૃદ્ધોની આડખીલી નીકળી જવાથી કામલોલુપ બની જઇને જીવન ભ્રષ્ટ કરી નાખે છે, ને તેમાં યે સ્ત્રીનો તો ઘાણ જ નીકળી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધણીધણિયાણીના કુટુંબમાં વહૂઓને સંયુક્ત કુટુંબને રંગે રંગવાની જરૂર રહી નહિ, એટલે નાનપણમાં વહૂ લાવવાની પણ જરૂર રહી નહિ. આમ બાળલગ્નનો નિષેધ થયો અને ઘણા પિતાઓ તો નીવડેલો બીજવર પરદેશમાં કમાતો હોય તેને પોતાની દીકરી — વર કરતાં બહુ યે નાની હોય તો ય તેને — દેવામાં દીકરીનું સુખ માનવા લાગ્યા. વિલાસપ્રિય નિશાળોમાં ભણેલા જુવાનિયા નાની વહૂઓને વધારે પસંદ કરે છે અને તેમનાં શરીર રોળી નાખે છે, એ વાત તો સુપ્રસિદ્ધ છે; અને વળી પરદેશમાં રહ્યાથી કુટુંબીઓની મર્યાદા રહી નહિ એટલે પછી તો પૂછવું જ શું? નિરંકુશ બની સ્ત્રીને ચૂસ્યે જાય છે, સ્ત્રી ન ગમતી હોય તો નિરંકુશ બની બહાર રખડતા ફરે છે ને સ્ત્રીને સતાવે છે. એટલે આ વિભક્ત કુટુંબસંસ્થામાં તો, પુરુષ સંયમી ન હોય તો, વધારે નાશ છે; સ્ત્રીનો તો ખાસ નાશ જ છે.

એવાં ધણીધણિયાણીના કુટુંબમાં વિધવાનું સ્થાન ક્યાં? સ્ત્રીધન હોય તો ય તે કેટલું ચાલે? સધવાવસ્થામાં શક્તિ કેળવી હોય તો કંઇક ઉદ્યોગ કરીને જીવનનિર્વાહ ચલાવે, નહિ તો એણે કોઇ સહૃદય સગાંની દયા ઉપર જીવવું રહ્યું કે પુનર્લગ્ન કરીને – અને એમ કરી નવું ઘર માંડીને – પોતાનું સ્થાન કરી લેવું રહ્યું. જુવાનિયા વિધવાની આ નિરાધાર સ્થિતિ દેખીને ચેત્યા છે: સંયુક્ત કુટુંબની પરોક્ષ વીમા કંપની તૂટી, એટલે પ્રત્યક્ષ વીમા કંપનીમાં પ્રિમિયમ ભરીને પોતાનાં સ્ત્રીબાળકોના રક્ષણનો માર્ગ કરી લેવા લાગ્યા છે.

સંયુક્ત કુટુંબનાં સબળાંની છાયામાં જીવતાં આળસુ, અપંગ ને વૃદ્ધ, એ સૌને હવે નિરાધાર થવાનો પ્રસંગ આવવા લાગ્યો છે. આળસુએ તો કંઇક ઉદ્યોગ કર્યે જ છૂટકો. સંયુક્ત કુટુંબના સંસ્કાર રહેશે ત્યાં સુધી અપંગની ને વૃદ્ધની વ્યવસ્થા નવીનો કોઇ ને કોઇ રીતે કરશે, એ સંસ્કાર ભૂંસાયે તેમને માટે અપંગાશ્રમ ને વૃદ્ધાશ્રમ કાઢ્યે જ છૂટકો થવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુસ્થિતિ આ પ્રકારે છે. સંયુક્ત કુટુંબસંસ્થા સારી કે નઠારી એનો ઉત્તર આપવા માટે જાણી લેવું જોઇએ કે એમાં વસનાર માણસ કેવાં છે. ઉન્નત અને ઉદાત્ત ધર્મભાવના વાળાં માણસોને માટે એ અમૃત જેવી છે અને એ સંસ્થાએ માનવસમાજ ઉપર અનેક ઉપકાર કર્યા છે, એમ આ આખા અધ્યાયના વિવેચનથી જણાશે. પણ જ્યાં માણસો અવનત અને સ્વાર્થભાવના વાળાં છે, જ્યાં વડીલોની આજ્ઞાપનવૃત્તિને સીમા નથી, નાનાંને આજ્ઞાપાલન સિવાય બીજો ધર્મ નથી, ત્યાં તો એ સંસ્થા ઝેર જેવી નીવડી છે; એણે મનુષ્યનું મનુષ્યત્વ હણી નાખ્યું છે. એટલે જ્યાં સુધી આપણી ભાવનાઓ ઉન્નત ન થાય, ત્યાં સુધી તો એનાથી દૂર રહેવું ને ધણીધણિયાણીના વિભક્ત કુટુંબમાં જે કંઇ લાભ રહેલા છે તે ઉઠાવી લેવા એ જ ઇષ્ટ છે, જોકે એમાં વસનાર ધણીધણિયાણી અવનત ભાવના વાળાં હશે તો એ કુટુંબ સંયુક્ત કુટુંબ કરતાં પણ વધારે ભયંકર છે.

અને પિતૃકુટુંબની એ બંને પ્રકારની સંસ્થામાં સ્ત્રીની સ્વતંત્રતા તો હણાતી જ ગઇ છે, એના અધિકાર તો નાશ પામતા જ ગયા છે અને પરિણામે સ્ત્રી તો એ બંને સંસ્થામાં છેક જ પરાધીન બની ગઇ છે.

કુટુંબસંસ્થાએ વિકાસ પામતાં પામતાં માતૃગૃહમાંથી પિતૃગૃહનું સ્વરૂપ ધારણ કર્યું ને તેમાં યે સંયુક્ત ને વિભક્ત એવાં બે સ્વરૂપ ધારણ કર્યાં. અને હવે શું એનો વિકાસ અટકી પડશે? જગતમાં સૌ કોઇ ને સૌ કંઇ વિકાસને પાત્ર છે, કશું અવિચલ નથી. વિશ્વના આ પ્રચંડ નિયમનો ભંગ કરીને આ કુટુંબસંસ્થા ત્યારે શું અવિચળ રહી શકશે? ના, એણે પણ વિકાસને માર્ગે ધકેલાવું પડશે જ. કયે માર્ગે, એ તો કોણ જાણે? પરિમિત શક્તિનો માનવી અનંત વિશ્વનાં પગલાંની દિશા કેમ જાણી શકે? પણ એટલું તો નક્કી કે પુરુષ જ્યાં સુધી કાંડાબળિયો હશે, સત્તાલોલુપ હશે, કામલોલુપ હશે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્નને નામે નારીજાતિ પ્રત્યે પ્રપંચ રમવાની વૃત્તિ વાળો હશે, ત્યાં સુધી તો પિતૃગૃહની જ કુટુંબસંસ્થાના વિકાસને ગમે તે દિશાએ વાળવાના પ્રયત્ન કર્યા કરશે. એના એ પ્રયત્ન કેટલે અંશે સફળ થશે, સફળ થશે કે નિષ્ફળ જશે એ પણ કોણ જાણે?

આજે જોઇએ છીએ કે સમગ્ર જગતમાં નારીસમાજ જાગ્રત થઇ ઊઠ્યો છે, એને પોતાની શક્તિનું ભાન આવ્યું છે, એને પુરુષનો લગ્નપ્રપંચ ખૂંચ્યો છે, પોતાની પરાધીનતા ખૂંચી છે. હવે પોતાની પરાધીનતાનો નાશ કરીને સ્વાધીનતા પ્રાપ્ત કરવા એણે પુરુષ સામે રણસંગ્રામમાં મોરચા બાંધવા માંડ્યા છે. એ મોરચા કેટલે અંશે સફળ થશે, સફળ થશે કે નિષ્ફળ જશે એ પણ કોણ જાણે?

પણ આ સર્વ અવલોકન ઉપરથી હું તો એ જ નિર્ણય ઉપર આવ્યો છું કે પિતૃગૃહની સંસ્થા વિલીન થઇ જાય ને તેને સ્થાને માતૃગૃહની સંસ્થા પુનર્જીવન પામે એ જ ઇષ્ટ છે. સ્ત્રી સ્વાધીન થઇને યથાર્થ માતૃપદ પામે, કુટુંબનો આર્થિક, શારીરિક, માનસિક ને સાંસ્કારિક વારસો પુત્રીએ ઊતરે એમાં સમાજનું કલ્યાણ જોઉં છું. આજે પિતૃગૃહ સંસ્થામાં પુરુષ ધન પેદા કરે છે ને સાચવે પણ છે, વારસો પણ પુત્રે ઊતરે છે, જેથી પુરુષ સર્વ રીતે બળવાન ને સ્વાધીન છે; સ્ત્રી સર્વ રીતે નિર્બળ ને પરાધીન છે. માતૃગૃહ સંસ્થામાં બહાર જઇ કુટુંબના જીવનનિર્વાહનાં સાધન પેદા કરવાનો ધર્મ પુરુષનો હશે, ઘેર રહી કુટુંબના જીવનનિર્વાહની વ્યવસ્થા કરવાનો ધર્મ સ્ત્રીનો હશે. વારસો પુત્રીએ ઊતરતો હશે, તેથી સ્ત્રીપુરુષ બંને સમાન હશે. પુરુષ સ્ત્રીની મિલકત ઉપર સાસરે રહેવા જતો થશે, તેથી પણ પુરુષના વધારે પડતા અધિકાર ચાલ્યા જશે ને સ્ત્રીપુરુષ બંનેના અધિકાર સમાન થશે. તમે કહેશો કે કમાઇને સાચવવા માટે પૈસો સ્ત્રીના હાથમાં સોંપવાનો થશે તો પુરુષને આજની પેઠે કમાવાનો રસ નહિ રહેશે. હું માનું છું કે પોતાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતાનની આજીવિકા માટે જોઇતું ધન કમાવાની તો એને સ્વાભાવિક જ પ્રેરણા હશે; આજના જેટલું ઢગલાબંધ કમાવાનો રસ નહિ રહેશે તો એ તો ઊલટું સારું છે. એથી મૂડીવાદનો નાશ થશે ને જગતનાં સૌ સુખે જીવશે. આ લાભ પણ કંઇ નાનોસૂનો નથી.

આજે પુરુષના હાથમાં લગ્નના અધિકાર છે, તેથી એણે પોતાની કામલોલુપતાની દૃષ્ટિએ લગ્ન કરીને અનેક રીતે તેમ શારીરિક સ્થિતિએ પણ સ્ત્રીનો વિનાશ કરી મૂક્યો છે. પુરુષ કરતાં સ્ત્રી ઓછી કામલોલુપ ને વધારે સંતાનવત્સલ હોવાથી માતૃગૃહની સંસ્થામાં લગ્નના અધિકાર સ્ત્રીના હાથમાં આવશે ત્યારે એ કામલોલુપતાની દૃષ્ટિએ નહિ, પણ સંતાનની દૃષ્ટિએ લગ્ન કરશે. એથી લગ્નવય સમાન થશે તથા સાચાં ને સ્વાભાવિક લગ્ન થશે. અને ત્યારે સ્ત્રીની શારીરિક ઉન્નતિ થશે, કામલોલુપતાને લીધે થતી પુરુષની પણ શારીરિક અવનતિ અટકશે.

આજે પિતૃગૃહમાં પુત્રોની કેળવણી તરફજ વધારે પક્ષપાત થાય છે, પુત્રીની કેળવણીની છેક જ અવગણના થાય છે, કારણકે એ તો ભણીને સાસરે જતી રહેવાની એટલે એવા પારકા ધન ઉપર શ્રમ લેવો નિરર્થક ગણાય છે. માતૃગૃહમાં પુત્રીઓનું મહત્ત્વ હશે, એટલે એમને તો આજે પુત્રોને અપાય છે એવી કેળવણી અપાવાની જ. પુત્ર સાસરે જવાનો ને તેથી પારકું ધન થવાનો એ વાત સાચી, પણ આજે પુરુષના હાથમાં સ્ત્રી જેટલી પરાધીન છે તેટલો બધો એ સ્ત્રીના હાથમાં ત્યારે પણ પરાધીન નહિ હશે, પુત્રપુત્રી સમાન હશે, એટલે એ પણ પુત્રીના જેટલી જ કેળવણી પામવાનો.

વળી પુરુષો તો પેદા કરી જાણે, સ્ત્રીઓ જ સાચવી જાણે – ધન ને સંતાન બંને. ત્યારે સાચી ને સ્વાભાવિક કેળવણી તો માતા જ આપી શકે. આજે પિતૃગૃહની પરાધીન માતા કેળવણી આપે તો યે કેવી આપે? માતૃગૃહમાં માતાઓ સ્વાધીન થશે ત્યારે સાચી ને સ્વાભાવિક કેળવણી આપી શકશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કાર હૃદયનું ધન છે, સ્ત્રીનું કોમળ હૃદય સંસ્કારને સારી રીતે સાચવી જાણે. માતૃગૃહમાં માતૃકુળના સંસ્કાર પુત્રીવંશમાં સારી રીતે ઊતરશે. પણ તેને અખંડ ઊતરતા રાખવા માટે વિભક્ત કુટુંબ સંસ્થા બહુ ઉપયોગી નહિ નીવડે. એટલે કુલસંસ્કાર ને કુલાચાર અખંડ રૂપે વંશાનુગત ઉતારવાને માટે સંયુક્ત સંસ્થા જ યોજવી જોઇશે. અને ઉપરની વિચારશ્રેણીએ એ સંસ્થાનાં માણસ વધારે ઉન્નત ને ઉદાત્ત ભાવના વાળાં હશે, એટલે એ માતૃગૃહની સંયુક્ત કુટુંબ-સંસ્થા સંસારને અમૃતરૂપ નીવડશે, આજના કરતાં તો ઓછી વિષરૂપ હશે એમ અનુમાન કરવું નિરર્થક નથી. જેઓ સંયુક્ત કુટુંબ-સંસ્થાને છેક જ નિરર્થક ને નિષ્ફળ માને છે તેમને માટે એક જ પ્રશ્ન વિચારવાનો છે કે દેશના એક અંશરૂપે એક એક સંયુક્ત કુટુંબસંસ્થા નિરર્થક ને નિષ્ફળ છે, તો રુશિયાના સામ્યવાદ (Communism) જેવી આખા દેશની સંયુક્ત પ્રજાસંસ્થા શી રીતે સાર્થક ને સફળ થવાની ? કુટુંબનાં ને દેશનાં માણસોનું માનસ લગભગ જ એક જ પ્રકારનું હોય છે એમ જાણીને જ આ પ્રશ્ન પૂછું છું.

અને અંતે, કુટુંબસંસ્થા વિષે સર્વ પ્રકારના વિચારમંથન પછી હું તો એ જ અનુમાન ઉપર આવું છું કે માતૃગૃહની સંયુક્ત કુટુંબ-સંસ્થા આજના કરતાં સમાજનું વધારે સારી રીતે કલ્યાણ સાધી શકશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૩૭

લગ્નવય

પ્રાચીન કાળે માનવીની લગ્નહીન અવસ્થા હતી, ત્યારે તો લગ્ન નહોતાં એટલે લગ્નવયનો પ્રશ્ન જ નહોતો. પછી ગણલગ્નમાં સ્વાભાવિક પ્રેરણા થતાં સ્ત્રીપુરુષ લગ્નથી જોડાતાં. એ સ્થિતિ અનેકપતિ લગ્નમાં, અનેકપત્ની લગ્નમાં અને ત્યાર પછી એકપતિ લગ્નમાં પણ કેટલોક કાળ ચાલી. પણ અનેકપત્ની લગ્નને લીધે માતૃગૃહ ફીટીને પિતૃગૃહની સ્થાપના થઈ, ત્યારે વારસો પુત્રને મળવા લાગ્યો; એટલે સ્વાભાવિક રીતે જ પિતાને પુત્ર તરફ પક્ષપાત થયો, પુત્રીની અવગણના થવા લાગી. એવી સ્થિતિમાં પિતા પુત્રીને ગમે ત્યાં પરણાવી દે, અને પુત્રી લગ્નવિષયમાં પોતાની સ્વતંત્રતા ખોઇ બેઠી, એટલે તો પિતા પોતાનો સ્વાર્થ વિચારીને તેને ગમે ત્યાં ને તેની ગમે તે ઉમરમાં પણ પરણાવી દે. લગ્ન તો સંતાનને માટે હોય, એટલે કન્યા માતૃપદ ધારણ કરવાને યોગ્ય થાય ત્યારે તેનું લગ્ન થવું ઘટે. પણ પિતા પોતાને સ્વાર્થે કન્યા એવડી થાય ત્યાં સુધી વાટ ન જુએ, એવડી થતા પહેલાં પણ પરણાવી દે. પ્રાચીન કાળે કન્યાહરણ થતાં, ત્યારે પોતાની કન્યા સુખી થશે કે નહિ એ આશંકાથી પણ પિતા પોતાની કન્યાને તેના હિતને અર્થે બાળપણમાં પરણાવી દેતો. સંયુક્ત કુટુંબને નાની ઉમરની કુળવધૂઓ જોઇએ, માટે પણ કન્યાઓનાં લગ્ન નાની ઉમરમાં થવા લાગ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં પણ આઘાત-પ્રત્યાઘાતનો નિયમ લાગુ પડ્યો છે. બધી યે અથવા તો અનેક કન્યાઓ બાળપણમાં પરણે તો તેમને સૌને માટે પ્રૌઢ વર લાવવા ક્યાંથી? એટલે વરને પણ બાળપણમાં પરણાવવાનો રિવાજ પડવા લાગ્યો ને એવા વરના લગ્નના અધિકાર પણ તેના પિતાના હાથમાં જઇ પડ્યા. જોકે તે છતાં યે ગમે તેવડો મોટો વર ગમે તેવડી નાની કન્યા સાથે વિધુરલગ્ન કે સધુરલગ્ન કરી શકે અને એવે પ્રસંગે એ વરના લગ્નના અધિકાર અખંડિત રહ્યા, કન્યાનું તો બાળલગ્ન જ થાય ને તેથી યે તેના હક તો ખંડાઇ જ ગયા.

ઘણા એમ માને છે કે પ્રાચીનકાળે આર્યોમાં બાળલગ્ન નહોતાં થતાં; તેઓ માને છે કે પ્રાચીન કાળે સૌ કુમારો ૨૫ વર્ષના થતા સુધી અને સૌ કન્યાઓ ૧૬ વર્ષની થતાં સુધી ગુરુકુલમાં અભ્યાસ કરતાં અને પછી ત્યાંથી ઘેર આવીને લગ્ન કરતાં; અર્થાત્ વર ૨૫ વર્ષનો ને કન્યા ૧૬ વર્ષની થાય તે પહેલાં લગ્ન કરતાં નહિ. બેશક એવાં વિધાન મળી આવે છે ખરાં ને વૈદ્યરાજ સુશ્રુત એ ઉમરને પરિપક્વ માને છે, કહે છે કે "૧૬ વર્ષથી નાની સ્ત્રીમાં ૨૫ વર્ષથી નાનો પુરુષ જો ગર્ભાધાન કરે તો તે ગર્ભ પેટમાં જ નષ્ટ થઇ જાય, કદાચિત્ જન્મ પામે તો લાંબું જીવી શકે નહિ, જીવે તો દુર્બળ ઇંદ્રિયો વાળો રહે, માટે અત્યંત બાલ્યાવસ્થામાં ગર્ભાધાન કરવું નહિ" (શારીરસ્થાન ૧૦ : ૪૭, ૪૮). બેશક આ વિધાન સારું છે, પણ તે પ્રાચીન કાળે સૌ લોક પાળતા એમ માનવું એ ભ્રમ છે; અને વળી મુસલમાનો આ દેશમાં આવ્યા, તેમણે હિંદુઓની કન્યાઓનાં હરણ કરવા માંડ્યાં તેથી હિંદુઓ બાળલગ્ન કરતા થઇ ગયા એમ માનવું એ તો છેક જ ભ્રમ છે. મુસલમાનો તો કન્યાને જ નહિ, પણ પરણેલીને પણ ઉપાડી જતા. ગુજરાતના છેલ્લા રાજપુત રાજા કરણની સ્ત્રી કમળાદેવીને અલ્લાઉદ્દીને પોતાના ઝનાનામાં દાખલ કરી દીધેલી એ તો સુપ્રસિદ્ધ ઉદાહરણ છે. અને એ જ કમળાદેવીએ પછીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની પુત્રી દેવળદેવીનું હરણ કરાવીને પોતાના ઓરમાન પુત્ર ખીજરખાં સાથે પરણાવી ને એમ કરીને પોતાના પાછલા પતિને પ્રચંડ આઘાત લગાડ્યો એ પણ સુપ્રસિદ્ધ છે.

ત્યારે સાચી વાત તો એ છે કે બીજી સૌ પ્રજાઓની પેઠે આર્યોમાં પણ પ્રાચીન કાળથી – પિતાએ પુત્રીના લગ્નના અધિકાર છીનવી લીધા ત્યારથી – બાળલગ્ન પ્રચલિત છે. મનુ પોતે કહે છે કે "ઋતુકાળ આવી જવાના ભયથી કન્યાના પિતાએ કન્યાને નગ્નિકા વયમાં જ પરણાવવી, કારણકે કન્યા જો ઋતુમતી થઇ જાય તો કન્યાદાતાને તેનું પાતક લાગે છે. ૩૦ વર્ષને પુરુષે મનગમતી ૧૨ વર્ષની કન્યા સાથે, અથવા તો ૨૪ વર્ષને પુરુષે ૮ વર્ષની કન્યા સાથે લગ્ન કરવું" (૯ : ૮૮, ૯૪). મહાભારતકાર કહે છે કે "૩૦ વર્ષને પુરુષે ૧૦ વર્ષની નગ્નિકા સાથે, અને ૨૧ વર્ષને પુરુષે ૭ વર્ષની કન્યા સાથે લગ્ન કરવું" (અનુ. ૪૪ : ૧૪). આમ આ વિધાનથી એકી સાથે બાળલગ્ન ને કજોડાં દાખલ કરી દીધાં છે. વળી પરાશર કહે છે કે "આઠ વર્ષની કન્યા ગૌરી થાય, નવમે વર્ષે રોહિણી થાય, દશમે વર્ષે કન્યા ગણાય ને તેથી મોટી રજસ્વલા ગણાય. એવી રજસ્વલાને કન્યારૂપે રખાય – અર્થાત્ તેનું લગ્ન કરી દેવામાં ન આવે તો તેનો પિતા, માતા ને મોટો ભાઇ ત્રણે જણ નરકે જાય." આમ નરકનો ભય દેખાડવામાં આવે તો બાળલગ્ન ફરજિયાત થાય એમાં શું આશ્ચર્ય !

પણ મનુ ને મહાભારત કન્યા પ્રત્યે કંઇક ઉદાર ભાવ દેખાડે છે; અથવા તો તેનો પિતા તેનાં લગ્ન ઉતાવળે કરી નહિ નાખે તો શું પરિણામ આવશે તે દેખાડે છે : "ઋતુમતી થયા છતાં કન્યાને તેનો પિતા ન પરણાવે તો કન્યાએ ત્રણ વર્ષ વાટ જોયા પછી પોતાના જેવો વર શોધી તેની સાથે લગ્ન કરી નાખવું. જે કન્યાને તેનો પિતા પરણાવતો ન હોય તે કન્યા પોતે જ પરણી લે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તેમાં તે કન્યાને જરાય પાપ લાગતું નથી, તેમ જ તેને પરણનારને પણ પાપ લાગતું નથી. એવી ઋતુમતી કન્યા સાથે પરણનાર પુરુષે કન્યાના પિતાને કન્યાનું મૂલ્ય (शुल्क) આપવું નહિ કારણકે ઋતુમતી કન્યા થયા પછી કન્યા ઉપરથી તેના પિતાનો માલકી હક ઊડી જાય છે[1] (મનુ ૯ : ૯૦, ૯૧, ૯૩) "ઋતુમતી કન્યાએ ત્રણ વર્ષ સુધી વાટ જોવી, પણ ચોથે વર્ષે તેણે પોતે જ વર મેળવી લગ્ન કરી લેવું. એવી કન્યાની જે પ્રજા થાય છે તે હીન ગણાતી નથી, તેમ તેની સાથે મૈથુન કરવામાં પણ તેના પતિને દોષ લાગતો નથી" (અનુશાસન પર્વ ૪૪ : ૧૬, ૧૭).

૨૫ વર્ષના થતા સુધી ગુરુકુલમાં અભ્યાસ કરવો ને ત્યાંથી ઘેર આવી ૧૬ વર્ષની કન્યા સાથે લગ્ન કરવું એવો ધર્મશાસ્ત્રનો આદેશ તો હતો, પણ તે કેટલે અંશે પળાતો તે રામાયણ-મહાભારત ઉપરથી સ્પષ્ટ રીતે નથી સમજાતું. ઊલટું એમાંથી તો બીજું જ જડે છે. દશરથ રાજાએ પોતાના કોઇ પુત્રને ગુરુકુલમાં મોકલ્યાનો રામાયણમાં ઉલ્લેખ નથી. રાક્ષસો યજ્ઞભંગ કરતા, એમાંથી રક્ષણ પામવા વિશ્વામિત્ર ઋષિ રાજા દશરથ પાસે ગયા ને યજ્ઞરક્ષણ કરવા રામચંદ્રને પોતાની સાથે મોકલવાનું તેને કહેવા લાગ્યા. સુકુમાર પુત્રને રાક્ષસો સામે યુદ્ધ કરવા વનમાં મોકલતાં રાજા દશરથને આઘાત લાગ્યો ને તે મૂર્છામાં ઢળી પડ્યા. "થોડે સમયે તેમની મૂર્છા ટળી ગઇ અને સ્વસ્થ થએલા દશરથરાજા વિશ્વામિત્ર પ્રત્યે કહેવા લાગ્યા : 'હે મહાત્મા, કમળ સરખાં નેત્ર વાળા મારા પુત્ર રામચંદ્રને હજી સોળ વર્ષ પણ પૂરાં થયાં નથી, તેથી તે રાક્ષસો સામે યુદ્ધ કરવાને સમર્થ હોય એમ મને લાગતું નથી'" (રામાયણ, બાલકાણ્ડ ૨૦ : ૧, ૨).

---

૧ આ શ્લોકોમાં બતાવેલી પરિસ્થિતિ ન હોય તો મનુ પણ પિતાનો પુત્રી ઉપરનો માલકીહક ને તેને પરણાવવાનો હક સ્વીકારે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને છતાં યે રાજા દશરથ રામચંદ્રને તથા લક્ષ્મણને વિશ્વામિત્ર સાથે મોકલે છે. રામચંદ્ર વનમાં રાક્ષસોનો સંહાર થોડા જ સમયમાં કરે છે અને ત્યાંથી વિશ્વામિત્રની સાથે એ બંને ભાઇ સીતાસ્વયંવરમાં જાય છે. આ બધું થોડા જ દિવસોમાં બને છે. ધનુર્ભંગ કરીને રામ સ્વયંવરમાં સીતાને જીતે છે ને વરે છે. આમ તે સમયે રામચંદ્રને સત્તરેક વર્ષ થયાં હશે અને સીતા પણ એથી મોટાં તો નહિ જ હશે. વળી એ જ પ્રસંગે રામચંદ્રથી નાના તેમના ત્રણે ભાઇઓનાં લગ્ન લગભગ સરખી ઉમરની કન્યાઓ સાથે કરી નાખવામાં આવે છે. આમ તે કાળે સોળ વર્ષનાં વરકન્યાનાં લગ્ન થતાં.

બૌદ્ધ કાળમાં પણ એ જ સ્થિતિ હતી. વિવાહની ઉમર સાધારણ રીતે પુરુષ અને સ્ત્રી બંનેની સોળ વર્ષની ગણાતી, એમ અનેક જાતકકથાઓ (૪૭૭, ૫૪૬) ઉપરથી જણાય છે.

આમ વરકન્યાની ઉમર પ્રાચીન કાળે લગભગ સરખી રહેતી, જોકે શાસ્ત્રમાં તે એની ઉમરમાં ૯ કે વધારે વર્ષનો ફેર રાખવાની આજ્ઞા હતી. આજે રાનીપરજની કંઠોડિયા જાતિમાં વરકન્યા બંને સરખી ઉમરે – ૧૫ વર્ષની ઉમરે – લગ્ન કરવાને યોગ્ય મનાય છે; કોકણા જાતિમાં વર માટે ૧૫થી ૨૦ અને કન્યા માટે ૧૫થી ૧૮ વર્ષની ઉમર લગ્ન કરવાને માટે યોગ્ય મનાય છે (વડોદરા વસતિપત્રક, સ. ૧૯૩૧ : પૃષ્ઠ ૧૬૭, ૧૬૮).

સમાજમાં ઊંચાંનીચાં કુળ મનાયાં, તેને પરિણામે વરવિક્રયને ને કન્યાવિક્રયને ઉત્તેજન મળ્યું. આથી માબાપને પોતાનાં બાળકને બાળપણમાં પરણાવવાની વૃત્તિ થઇ. વળી બાળપણમાં પરણીને કન્યા સાસરામાં રહે તો તે કુટુંબને રંગે વહેલી રંગાઇ જાય, ત્યાંના સંસ્કાર સ્વીકારતાં તેને કઠણ ન પડે, એટલા માટે સંયુક્ત કુટુંબમાં કન્યા પરણીને વહેલી આવે એ કંઇક આવશ્યક લાગ્યું. સંયુક્ત કુટુંબ વિભક્ત થતા પહેલાં પોતાની કન્યાઓ સહિયારે ખર્ચે પરણી જાય, એમાં જે તે કન્યાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાનો આર્થિક સ્વાર્થ સધાતો હોવાથી એ દૃષ્ટિએ તેમને બાળલગ્ન હિતજનક લાગ્યું. અને પરાશર વગેરેની ધાર્મિક આજ્ઞા તો બાળલગ્ન માટે જ હતી. આથી હિંદુઓમાં ધીરેધીરે બાળલગ્નનો પ્રચાર વધતો ચાલ્યો. અને બાળલગ્નની ઉમર જતે જતે એટલી નીચી ગઇ કે વરકન્યાની માતાઓ પોતાનાં બાળકોને કેડે બેસાડી મંગળફેરા ફરે અને તેમનાં લગ્નવિધિ કરાવે; એટલું જ નહિ પણ કડવા કણબી વગેરે જાતિઓમાં તો ગર્ભલગ્ન થાય છે, જન્મ્યાં ન હોય એવાં ગર્ભસ્થ બાળકોનાં લગ્ન પણ કરવામાં આવે છે. એ પ્રસંગે એવી સમજુત કરવામાં આવે છે કે બે ગર્ભવતી સ્ત્રીઓમાં એકને છોકરો ને બીજીને છોકરી સાંપડે તો એ છોકરાં વરવહૂ થયાં જાણવું અને નહિ તો એ લગ્ન ફોક; એવી સમજુતી કરીને એ બે ગર્ભવતી સ્ત્રીઓ જન્મનાર બાળકોના વતી ચોરીમાં અગ્નિની ચારે બાજુ મંગળફેરા ફરે છે! કડવાઓમાં અમુક વર્ષોને ગાળે એક જ દિવસે બધાં બાળકોનાં લગ્ન કરી નાખવાનાં હોય છે તેથી જ આ રિવાજ પડ્યો છે. અને તેને પરિણામે એમ પણ બને છે કે કોઇ કન્યાને માટે તે પ્રસંગે વર ન મળી આવે તો તેને ફૂલના દડા સાથે પરણાવી નાખે છે. પછી ફૂલના એ દડાને કૂવામાં ફેંકી દે છે, એટલે તે કન્યા વિધવા થઇ ગણાય છે ને પછી ગમે ત્યારે વર મળતાં તેને ફરી પરણાવવામાં આવે છે.

આવાં ગર્ભલગ્ન હિંદુઓમાં જ થાય છે એમ નથી, બીજી પણ કોઇ કોઇ જાતિઓમાં થાય છે. મોંગોલિયામાં પણ અનેક જાતિઓ ગર્ભલગ્ન કરે છે. કેલિડોનિયામાં તુરતનાં જન્મેલાં બાળકોના વિવાહ કરી દેવાય છે. પ્રાચીન રોમમાં પણ આવા બાળવિવાહ થતા. ઇ. પૂ. પહેલી સદીમાં એગ્રીપાની (Agrippa) દીકરી વિસ્પાનિયા એગ્રીપીના (Vispania Agrippina) એક વર્ષની હતી, ત્યારથી એનો વિવાહ ટાઇબેરિયસ (Tiberius) સાથે કરી મૂક્યો હતો.

બેશક આવાં લગ્ન તો અપવાદરૂપ છે. બાકી બાળલગ્ન તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતની અનેક જાતિઓમાં છે. અને અમેરિકાની પ્રાચીન જાતિઓના સંસ્કારથી ત્યાં રહેતા જેસ્યુટ પાદરીઓ પણ પોતાનાં બાળકોનાં બાળલગ્ન કરતા થયા છે; ૧૦ વર્ષની કન્યા સાથે ૧૨ વર્ષના વરને પરણાવ્યાના અનેક દાખલા એમનામાં છે! ઇંગ્લેણ્ડમાં વરની ઉમર ૧૪થી અને કન્યાની ઉમર ૧૨ વર્ષથી નાની ન હોય તો એ લગ્ન નિરર્થક નથી ગણાતાં. હિંદુઓમાં તો ગમે તેવાં બાળલગ્ન નિરર્થક નથી ગણાતાં, જોકે હાલમાં વડોદરા રાજ્યે ૮ વર્ષથી નાનાં બાળકનાં લગ્ન નિરર્થક ઠરાવ્યાં છે.

હિંદુઓમાં બાળલગ્ન લગભગ સર્વવ્યાપક છે, છતાં અનેક નાતોમાં એવો રિવાજ છે કે કન્યા ઉમરમાં આવે ત્યારે જ સાસરે જાય. આથી બાળલગ્નનાં સ્ત્રીપુરુષને શારીરિક બહુ હાનિ નથી થતી. વળી સુવાવડો – ખાસ કરીને શરૂઆતની સુવાવડો – પિયેરમાં જ થાય અને બાળકના જન્મ પછી પણ લાંબો કાળ સ્ત્રી પિયેરમાં જ રહે એવો રિવાજ આજ સુધી અનેક નાતોમાં હતો, અને તેથી સ્ત્રીના શરીરનું સારી રીતે રક્ષણ થતું. પણ હવે વિલાયતી સુધારાની અસરથી એ રિવાજ ઘસાતો જાય છે ને તેની વિપરીત અસર સ્ત્રીજાતિ ઉપર જણાવા પણ લાગી છે.

બાળલગ્નથી પરણનાર સ્ત્રીપુરુષને – ખાસ કરીને સ્ત્રીને – હાનિ થાય છે જ એમાં કશી યે શંકા નથી, પણ કજોડાંથી – જેમાં વર મોટો ને કન્યા નાની હોય તેવાં લગ્નથી - તો સ્ત્રીને બહુ જ હાનિ થાય છે. હિંદુઓમાં વિધવાને પુનર્વિવાહ કરવાની છૂટ નથી, પુરુષને ગમે તે ઉમરે વિધુરલગ્ન કે સધુરલગ્ન પણ કરવાની છૂટ છે. શાસ્ત્રોએ પણ ૨૫ વર્ષના પુરુષને ૧૬ વર્ષની કન્યા સાથે લગ્ન કરવાની છૂટ આપી છે. કોઇ કોઇ શાસ્ત્રીકારે તો ૪૮ વર્ષની ઉમર થતા સુધી બ્રહ્મચર્ય પાળ્યા પછી પુરુષને લગ્ન કરવાની પરવાનગી આપી છે. સ્ત્રીજાતિને આથી ભયંકર પરિણામ વેઠવાં પડ્યાં છે. આ મસ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરના પુરુષની કામલોલુપતાએ નબળા શરીરની સ્ત્રીની શારીરિક શક્તિ હણાઇ જાય છે. અખો ભગત કહે છે એમ ' નાની નારી હવે પ્રસૂત, અંગ વાધે નહિ અદ્ભુત ' પણ અનેક પ્રૌઢ વરની દિવાસળી જેવી છેક નાની નારી પહેલી સુવાવડે જ ભાગી જાય છે. કસુવાવડ મોટે ભાગે બીજવરની સ્ત્રીને થાય છે, ને તેમાં જ મરે છે. જે જીવે છે તે આખો જન્મારો ભાગલો જ રહે છે. આમ મોટા પુરુષની નાની સ્ત્રીનું શરીર ચુસાઇ જાય છે, ચૂંથાઇ જાય છે, કથળી જાય છે કે મરી જાય છે. વળી તે જીવે છે ત્યાં સુધી આ જ કારણે પણ માનસિક નિર્બળતા આવે છે – સ્ત્રીઓને જ ભૂત આવે છે. તેમને જ હિસ્ટીરિયા થાય છે. અને છતાં યે બાર વર્ષની બાળાવહૂને પુત્ર અવતરતાં સાકર વહેંચાય છે! હા નિષ્ઠુર હિંદુ સમાજ!

આ પ્રકારનાં કજોડાં યુરોપમાં પણ થાય છે. પોતાને સંસ્કૃત ગણાતા એ દેશોમાં પણ કામલોલુપ વૃદ્ધ પુરુષો પોતાના ધનને જોરે નાની નારીને ખરીદીને તેમનાં જીવતર કેમ રોળી નાખે છે તે સૌથી આગળ વધેલા જગતગુરુ જેવા મનાતા એ દેશોની સં. ૧૮૯૧માં નોંધાએલી ને નીચે આપેલી હકીકત જોવાથી જણાશે:

સ્ત્રીની ઉમર	૬૦ વર્ષના ને તેથી મોટા પુરુષ સાથે થએલાં લગ્નની સંખ્યા.	
	ઇંગ્લેણ્ડ	ફ્રાન્સ
૧૫ થી ૨૦ વર્ષ સુધીની	૨	૯૪
૨૦ થી ૨૫ ,,	૧૫	૧૩૯
૨૫ થી ૩૦ ,,	૩૨	૧૭૬
૩૦ થી ૩૫ ,,	૪૯	૨૪૨

પણ ત્યાં આવાં લગ્ન બહુ નથી થતાં; વળી એકંદરે સ્ત્રીઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટી ઉમરે અને વિધવાઓને પણ પરણવાની સ્વતંત્રતા હોવાથી આપણા જેવી વિષમ સ્થિતિ ત્યાં નથી થતી.

પણ ત્યાં વળી બીજા જ પ્રકારનાં કજોડાં પણ છે. सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते। જેમ પુરુષો પૈસા વડે સ્ત્રીઓને ખરીદે છે, તેમ વળી ધનાઢ્ય સ્ત્રીઓ ધનને બળે પુરુષોને ખરીદે છે! એ જ બે દેશોના એ જ સાલમાં નોંધાએલી ને નીચે આપેલી હકીકત આપણને એ સુધરેલા દેશોની લગ્નસ્થિતિ વિષે આશ્ચર્યચકિત કરી મૂકે છે:

પુરુષની ઉમર	૫૦ વર્ષના ને તેથી મોટી સ્ત્રી સાથે થએલાં લગ્નની સંખ્યા.	
	ઈંગ્લેણ્ડ	ફ્રાન્સ
૧૮ થી ૨૦ વર્ષ સુધીની	૦	૬૪
૨૦ થી ૨૫ ,,	૫	૧૦૯
૨૫ થી ૩૦ ,,	૧૨	૧૫૧
૩૦ થી ૩૫ ,,	૨૨	૧૮૮
૩૫ થી ૪૦ ,,	૪૦	૨૫૭

વળી તા. ૬ : ૧૦ : '૨૯નું *The Sunday Observer* પત્ર જણાવે છે કે ઇ. સ. ૧૯૨૮ની સાલમાં

૩૦ વર્ષની	૨૧ સ્ત્રીએ	૨૦ વર્ષના		૫૫ વર્ષની	૧ સ્ત્રીએ	૨૭ વર્ષના	
૩૦ ,,	૧ ,,	૧૭ ,,		૫૫ ,,	૧ ,,	૨૯ ,,	
૩૮ ,,	૧ ,,	૧૯ ,,		૫૭ ,,	૧ ,,	૨૪ ,,	
૪૦ ,,	૧ ,,	૨૦ ,,		૬૩ ,,	૧ ,,	૨૯ ,,	
૪૧ ,,	૧ ,,	૧૭ ,,		૬૯ ,,	૧ ,,	૩૪ ,,	
૪૦થી૫૧,	૧૭ ,,	૨૨ ,,		પુરુષ સાથે લગ્ન કર્યાં હતાં!			

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા પ્રસંગોમાં સ્ત્રીઓએ કામલોલુપતાને કે બીજે કોઇ હેતુએ પોતાના ધનબળથી પુરુષોને ખરીદી લીધેલા હોય છે. પુરુષો જ્યાં સ્ત્રીઓને ખરીદે છે ત્યાં તેમને ગુલામડી જેવી ગણવા છતાં યે દાગીનાની પેઠે તેમની કંઇક કદર કરે છે. પણ સ્ત્રીઓ જ્યાં પુરુષોને ધનબળે ખરીદે છે ત્યાં તો તેમને પાળેલા કૂતરા પેઠે જ ફેરવે છે! ૧૯૧૩માં એક ફ્રેંચ આગબોટમાં મુસાફરી કરતી વેળાએ મેં આશરે ૨૫ × ૫૫ વર્ષનાં નરનારીનું ફ્રેંચ દંપતી – જોડું જોયું હતું. એ પલિતા – પળિયાં વાળી — નવયૌવના પત્ની પરપુરુષો સાથે દાંતકીક્રિયા કરે, પાલિત પતિ બિચારો નીચું ઘાલું બેસી રહે. એ જરા પણ ઇર્ષ્યાનો ભાવ દેખાડે કે પેલી રિસાય, અબલા બલારૂપ ધારણ કરે, ને તે માનિનીને મનાવવાને ઊલટું તે બિચારાને પાળેલા કૂતરાની પેઠે તેની પાછળ પાછળ ફરવું પડે! મોટાનો પ્રભાવ નાના ઉપર સદા આમ જ પડતો હશે?

રુશિયામાં સોવિયેટ રાજ્ય થયું તે પહેલાં કોઇ બીજે જ કારણે આવાં કજોડાં થતાં. ત્યાં તે વારે આઠ દશ વર્ષના વરને પચીશ ત્રીશ વર્ષની વહૂ સાથે પરણાવવામાં આવતો અને જ્યાં સુધી આ કાયદેસર પતિ મોટો થાય ત્યાં સુધી કુટુંબનો વડીલ એ સ્ત્રીનો અવેજી પતિ બનતો! અને આપણા દેશમાં ય આમ નથી જ બનતું એમ તો નથી જ. મદ્રાસ ઇલાકામાં રેડ્ડી કરીને ખેડૂત જાતિના લોકો છે. તેમાં ૧૬થી ૨૦ વર્ષની કન્યાને ચાર પાંચ વર્ષના વર સાથે પરણાવવામાં આવે છે પછી તે સ્ત્રી પોતાના સસરાની, કાકાસસરાની, કે મામાસસરાની સાથે રહેવા જાય છે જ્યારે એ બાળપતિ મોટો થાય છે, ત્યારે તો તેની પેલી વહૂ આધેડ થઇ ગઇ હોય છે અને ત્યારે એ પતિ ચાલતા આવતા રિવાજ પ્રમાણે પાછો બીજા કોઇ બાળપતિની જુવાન પત્ની સાથે સંબંધ બાંધે છે અને એ બાળપતિ માટે સંતાન ઉત્પન્ન કરે છે! દેશદેશના શા વિચિત્ર રિવાજ!

યુરોપમાં શુદ્ધ સેવાભાવનાએ પણ વૃદ્ધલગ્ન થાય છે. એક જર્મન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાદરી વીશેક વર્ષની ઉમરે જર્મન પૂર્વ આફ્રિકામાં ગએલો. ચાળીશેક વર્ષ સુધી ત્યાં લોકસેવા કર્યા પછી તે અંધ થયો. આફ્રિકામાં એ અંધ અને વૃદ્ધ પાદરીની સેવાશુશ્રૂષા નહિ થઇ શકે એમ જાણીને ત્યાંની જર્મન સરકારે એને જર્મની મોકલી દીધો. બહુ વર્ષો સુધી એ પરદેશમાં રહેલો, તે દરમિયાન એ કદાપિ ઘેર ગએલો નહિ, એટલે જ્યારે એને જર્મની મોકલી દીધો ત્યારે ત્યાં એને ન હતાં ઘરબાર, ન હતાં કોઇ સગાંવહાલાં. આ સ્થિતિમાં તેની દયા ખાઇને તેના જેવડી એક વૃદ્ધ વિધવાએ તેની જોડે સેવાભાવે લગ્ન કર્યાં, એટલા જ માટે કે તેથી તેની સેવાશુશ્રૂષા સારી રીતે ને વિનાસંકોચ થઇ શકે. યુરોપ અનેક રીતે આપણાથી ઊંચે છે, આ રીતે પણ ઊંચે છે. આજે તો આપણી લગ્નપ્રણાલીની દુર્દશાને પરિણામે આવાં સેવાલગ્નનાં ઉદાહરણ અશક્ય થઇ પડ્યાં છે, બેશક પુરાણોમાં ક્યાંક ક્યાંક વાંચીએ છીએ.

પણ આજે યુરોપનું ઇષ્ટ અનુકરણ આપણને સૂઝતું નથી. ત્યાંનું ભ્રષ્ટ અનુકરણ આંખો મીંચીને કરીએ છીએ. યુરોપનું ઇષ્ટ જોઇને આપણું ભ્રષ્ટ ટાળવા પણ તૈયાર નથી. સાચી વાત તો એ છે કે દેશકાળનો વિચાર કરીને વિવેકથી આપણા રીતરિવાજમાં ફેરફાર કરવા જ જોઇશે, યુગધર્મ સમજવો જ જોઇશે, નહિ તો મૃત્યુ જ છે. અને મૃત્યુ કેટલું સમીપ છે, એ એક ઉદાહરણ આપીને બતાવું: તા. ૭ : ૬ : '૩૨ને રોજ દિલ્હીના 'વિક્ટોરિયા ઝનાના હોસ્પિટલ'માં સાઢા છ વર્ષની બાળાએ પૂરે નવ માસે પુત્રીને જન્મ આપેલો! ડૉક્ટરો આશ્ચર્યમુગ્ધ બની ગયા અને તે બાળાની ઉમર નક્કી કરવા સમિતિ નિમાઇ. એ સમિતિએ બારીક તપાસ ચલાવીને નક્કી કર્યું કે તે બાળમાતાનો જન્મ તા. ૮ : ૧૦ : '૨૫ને રોજ થએલો, એટલે પ્રસવસમયે તે બાળમાતા ૬ વર્ષ ૮ માસની હતી! આ તે બાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે માતા ? માતા કે બાળા ? અરેરે, બાળમાતા ! પોતાને પુણ્યપવિત્ર માનતો, સંસ્કૃતિમાં પોતાને જગદ્‌ગુરુ માનતો, ભારતદેશ જ આવી બાળમાતાઓનું ભયંકર ને દુઃખજનક પ્રદર્શન જગત સામે ધરે છે!

આવાં અત્યંત ઉત્કટ ઉદાહરણની વાત જવા દેઇએ, અને શાસ્ત્રની વાત કરીએ. શાસ્ત્રવિધાન પ્રમાણે પુરુષ ૨૫ વર્ષનો થતા સુધી ને કન્યા ૧૬ વર્ષની થતા સુધી બ્રહ્મચર્ય પાળીને ગુરુકુળમાં વિદ્યાભ્યાસ કરે ને પછી લગ્ન કરે. પણ એ વિષમ લગ્નવયથી સ્ત્રીને જ હાનિ થાય. જોકે એ વિધાન અક્ષરશઃ પળાયું નથી, છતાં જે રીતે પળાયું છે, તેથી પણ સ્ત્રીની ત્રિવિધ અધોગતિ થઇ છે, એની ત્રિવિધ શક્તિ હણાઇ ગઇ છે : શારીરિક, બૌદ્ધિક અને માનસિક. મોટી ઉમરના પુરુષ સાથે નાની ઉમરની સ્ત્રીનું લગ્ન થયે શારીરિક શક્તિ કેમ હણાય છે એ તો અત્યાર સુધીના અનેક અધ્યાયોમાં જોઇ ગયા છીએ. પુરુષ ૨૫ વર્ષનો થતા સુધી અને સ્ત્રી તો ૧૬ જ વર્ષની થતા સુધી ગુરુકુળમાં અભ્યાસ કરે, એટલે પુરુષના કરતાં સ્ત્રીને અભ્યાસ કરવા માટે ૯ વર્ષ ઓછાં મળે. આથી એનો બૌદ્ધિક વિકાસ પુરુષના જેટલો ના થઇ શકે એ તો દેખીતું જ છે. આમ સ્ત્રીની બૌદ્ધિક અવગતિ થઇ છે. સંસારમાં અસામાન્ય બુદ્ધિશાળી ને પ્રતિભાશાળી સ્ત્રીઓ પાકતી નથી તેનું આ પણ એક કારણ છે ; પાકે છે તે અપવાદરૂપ છે. હવે પુરુષ શરીરે ને બુદ્ધિએ સ્ત્રી કરતાં આમ બળવાન રહ્યો ; અને બળવાનની છાયા નિર્બળ ઉપર પડે, નિર્બળ બળવાનની ગુલામગીરી સેવે, એ તો પ્રસિદ્ધ વાત છે. એ સિદ્ધાન્તે સ્ત્રી પુરુષની ગુલામડી થઇ પડે એ સ્પષ્ટ છે, અને આજે પ્રત્યક્ષ જોઇએ છીએ કે સ્ત્રી પુરુષની ગુલામડી થઇ પડી છે. અને ત્યારે એની માનસિક અવનતિ પણ થઇ રહી છે. મોટી ઉમરના પુરુષ સાથે નાની ઉમરની સ્ત્રીનું લગ્ન થયે આમ સ્ત્રીની ત્રિવિધ અવગતિ થઇ છે, એની ત્રિવિધ શક્તિ હણાઇ છે. અને આમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ હણવા માટે જ જાણે ઍરિસ્ટોટલ કહે છે કે "પુરુષે ૩૭ વર્ષની ઉમરે ૨૦ વર્ષની છોકરીને પરણવું; વીશેક વર્ષની છોકરી ત્રીશેક વર્ષના પુરુષ જેવી હોય છે, પણ તેને ૩૭ વર્ષનો પાકેલો જોદ્ધો વશ રાખી શકે." વળી એ કહે છે કે "સ્ત્રી કે પુરુષ એમાંથી એક સંતતિને જન્મ આપવા માટે શક્ત રહે ને બીજું અશક્ત થાય તો બે વચ્ચે વૈમનસ્ય થાય. પુરુષ ૭૧ વર્ષ સુધી અને સ્ત્રી ૫૦ વર્ષ સુધી સંતતિને જન્મ આપવા માટે શક્ત રહે છે, માટે સ્ત્રીપુરુષના લગ્નવયમાં પણ એટલો તફાવત રહેવો જોઇએ." આમ ઍરિસ્ટોટલે પુરુષને સ્ત્રીનો માલેક બનાવવા તફાવત રાખ્યો છે ને પછી વિકૃત વસ્તુસ્થિતિનો આધાર લેઇ એનો ખોટો બચાવ કર્યો છે. આમ સ્ત્રીનો ત્રિવિધ નાશ કરીને આપણે ડાહ્યા ડમરા બની ઉચ્ચારીએ છીએ :

आत्मबुद्धिः सुखायैच गुरुबुद्धिर्विशेषतः ।
परबुद्धिर्विनाशाय स्त्रीबुद्धिः प्रलयावहा ॥

"પોતાની બુદ્ધિ સુખજનક છે, ગુરુની બુદ્ધિ એથી યે વધારે સુખજનક છે; પારકાની બુદ્ધિ વિનાશજનક છે, અને સ્ત્રીની બુદ્ધિ તો પ્રલય જ લાવનારી છે!"

અને મને તો આ વિષય ઉપર ગંભીર વિચાર કર્યા પછી એમ સૂઝયું છે કે પુરુષે પોતાની કામવાસનાની તૃપ્તિને અર્થે સ્ત્રી ઉપર જે પ્રપંચબાણ છોડયું છે તે તેને તો વાગ્યું છે જ, પણ પાછું વળીને પુરુષની પોતાની છાતીમાં પણ ચોંટયું છે. લગ્નવયના વિષયમાં પણ એમ જ બન્યું છે: ઉપર જણાવ્યું તેમ સ્ત્રીને તો અતિશય હાનિ થઇ છે જ, પણ પુરુષને યે થયા વિના નથી રહી. વિષમ વયનાં લગ્નથી સ્ત્રીપુરુષના જીવનમાં અનેક પ્રકારની વિષમતા આવી ગઇ છે; લગ્નજીવન અનેક પ્રકારે વિષમ, અનેક વાર તો વિષમય પણ, બની ગયું છે. આખો સમાજ આજે એમ વિષમ ને વિષમય લગ્નજીવનથી પિડાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ત્યારે અનેક પ્રકારે વિચારમંથન કર્યા પછી હું તો એવા નિર્ણય ઉપર આવ્યો છું કે સ્ત્રીપુરુષના લગ્નવયમાં કશો તફાવત ન હોવો જોઇએ, પતિપત્ની સરખી ઉમરનાં હોવાં જોઇએ.

જાણું છું કે શાસ્ત્રજડ અને રૂઢિજડ લોકને આ નિર્ણય ભયંકર લાગશે, એની સામે એ વિરોધ કરશે એ તો કહેશે કે વેદ ને અનેક સ્મૃતિઓ વરકન્યાનું લગ્નવય ૨૫ : ૧૬ ઠરાવે છે એટલે એ જ યોગ્ય છે. હું તો માનું છું કે વેદ રચાયા પૂર્વે પણ બહુ કાળથી પુરુષ પોતાનાથી નાની સ્ત્રી સાથે લગ્ન કરતો આવેલો, વેદકાળમાં પણ એમ જ હતું; તે યુગના લોકને તેથી એ છેક જ સ્વાભાવિક લાગેલું એટલે વેદે પણ એ સ્વીકારી લીધેલું — સમાજશાસ્ત્રની એ રૂઢિની ઐતિહાસિક નોંધ વેદે સ્વાભાવિક માનીને ટાંકી લીધેલી. વેદને પ્રમાણભૂત માનનાર સ્મૃતિઓએ પણ પોતાની સમક્ષ પ્રવર્તતી એ રૂઢિને સ્વાભાવિક માની લીધી ને પ્રજાને એ જ પ્રમાણે વિધાન આપ્યું. પ્રાચીન છે માટે જ એ રૂઢિને સ્વાભાવિક ને હિતજનક માની શકાય નહિ. ત્યારથી આજ સુધીના અનુભવનું અવલોકન કરીને રૂઢિમાત્રમાં વિવેકપૂર્વક ફેરફાર કરવા ઘટે, એમાં જ જાતિનું જીવન અને એની સંસ્કૃતિ છે.

વૈદ્યકશાસ્ત્રી કહેશે કે પુરુષનું શરીર ૨૫ વર્ષે પરિપક્વ થાય છે, પણ સ્ત્રીનું શરીર તો ૧૬ વર્ષે પાકી ઊઠે છે, માટે સ્ત્રીપુરુષનું લગ્નવય ૧૬ : ૨૫ વર્ષ જ સ્વાભાવિક છે. પણ હું તો માનું છું કે પુરુષે પોતાની કામવાસનાની લોલુપતાને પરિણામે, કેરીકેળાંની પેઠે, કૃત્રિમ ઉપાયે સ્ત્રીને વહેલી પકવી નાખી છે, નાની ને નાની પરણીને એનું શરીર વહેલું પકવી નાખ્યું છે, વિષયી ને લંપટ વાતાવરણમાં રાખીને એનું શરીર ને મન વહેલું પકવી નાખ્યું છે; નહિ તો શહેરના મલિન વાતાવરણમાં સ્ત્રીઓ વહેલી પાકી ઊઠે છે અને ગામડાના કંઇક શુદ્ધ વાતાવરણમાં ત્યાંની સ્ત્રીઓ કંઇક મોડી પાકે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનું કારણ શું? જુદા જુદા દેશની અને વાતાવરણની કન્યાએની ઋતુપ્રાપ્તિની ઉમર સરખાવ્યે કંઇક વધારે સ્પષ્ટતા થશે:

કન્યાની જાતિ	ઋતુપ્રાપ્તિની ઉમર	કન્યાની જાતિ	ઋતુપ્રાપ્તિની ઉમર
હિંદુ	૧૧ વર્ષે	અંગ્રેજ (હિંદુસ્થાનમાં)	૧૩-૧૪ વર્ષે
બ્રાહ્મસમાજસ્થ	૧૩ ,,	,, (ઇંગ્લેણ્ડમાં)	૧૫-૧૬ ,,
યાહુદી	૧૪ ,,	અમેરિકન-યુરોપિયન	૧૪ ,,
કાશ્મીરી	૧૪-૧૫ ,,	,, એસ્કીમો	૧૯ ,,

બ્રાહ્મસમાજસ્થ અને હિંદુસ્થાનમાંની અંગ્રેજ કન્યા કરતાં હિંદુ કન્યાને વહેલી ઋતુપ્રાપ્તિ થાય છે તે તેના મલિન વાતાવરણને લીધે તો છે જ, પણ તેના બાળલગ્નને લીધે ખાસ જ છે. અમેરિકાની એસ્કીમો કરતાં યુરોપિયન કન્યાને વહેલી ઋતુપ્રાપ્તિ થાય છે તે તેના મલિન વાતાવરણને લીધે છે. કાશ્મીરી કરતાં હિંદી કન્યાને અને ઇંગ્લેણ્ડમાંની કરતાં હિંદુસ્થાનમાંની અંગ્રેજ કન્યાને ઋતુપ્રાપ્તિ વહેલી થાય છે તે ગરમ હવાપાણીને લીધે છે. આ વિષયના અભ્યાસીઓ પોતાના અવલોકનને પરિણામે એવા નિર્ણય ઉપર આવ્યા છે કે:

(૧) ગામડાની કન્યા કરતાં શહેરની કન્યાને,

(૨) નિર્ધન માબાપની કન્યા કરતાં ધનવાન માબાપની કન્યાને, અર્થાત્ શ્રમજીવન જીવનાર કન્યા કરતાં શ્રમજીવનથી દૂર રહેનાર વિલાસપ્રિય કન્યાને,

(૩) વિલાસી કથાઓ વાંચનાર અને તેવાં નાટક-સીનેમામાં રસ લેનાર કન્યાને,

(૪) પરણેલી ને વિલાસી સ્ત્રીઓના સહવાસમાં રહેનાર કન્યાને,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) સમાનવયના પણ વિલાસપ્રિય કુમારોના સહવાસમાં રહેનાર કન્યાને,

(૬) શીત પ્રદેશમાં રહેનાર કન્યા કરતાં ઉષ્ણ પ્રદેશમાં રહેનાર કન્યાને, પરિણામે સાધારણ રીતે ગોરી ચામડી ને ભૂંખરા વાળ વાળી કન્યા કરતાં કાળી ચામડી ને કાળા વાળ વાળી કન્યાને, અને

(૭) બાળલગ્નના વાતાવરણમાં ઊછરેલી ને તેનો ભોગ થએલી કન્યાને સાધારણ રીતે ઋતુપ્રાપ્તિ વહેલી થાય છે.

શીત પ્રદેશમાં રહેનાર કન્યા કરતાં ઉષ્ણ પ્રદેશમાં રહેનાર કન્યાને વહેલી ઋતુપ્રાપ્તિ થાય છે એ વાત કેટલાક વિદ્વાનો નથી સ્વીકારતા. ડૉ. હોલીક કહે છે કે "તપાસ કરવાથી માલુમ પડ્યું છે કે સંસારની સર્વ જાતની કન્યાઓ લગભગ એક જ વયે ઋતુમતી થાય છે. જો આફ્રિકા જેવા ગરમ દેશની હબસી કન્યા અને યુરોપ જેવા ઠંડા દેશની ગોરી કન્યાને એક જ રીતે ઉછેરવામાં આવે તો બંને એક-સાથે જ ઋતુમતી થાય." આ મતભેદની ચર્ચામાં આપણે ન ઊતરીએ, તોપણ આપણે સ્વીકારેલા મુખ્ય કારણને તો એ ડૉકટર સ્વીકારે જ છે. એ કહે છે કે "ભારતમાં સ્ત્રીઓને એવી મૂર્ખ રાખવામાં આવે છે, તે એવી સખ્ત ગુલામીમાં જકડાએલી છે, ત્યાંના વિવાહ સંબંધે ધાર્મિક ગ્રંથોમાં એવો ખરાબ ઉપદેશ આપવામાં આવ્યો છે, કે ત્યાં કન્યાઓ પ્રકૃતિના નિયમો વિરુદ્ધ જલદીથી યુવાવસ્થા પ્રાપ્ત કરે છે. જો ઇંગ્લેણ્ડ અથવા અમેરિકામાં આવી દશા હોય તો ત્યાં પણ કન્યાઓ આટલી જ જલદીથી ઋતુમતી થાય." અને જ્યારે પૂર્વે ઈંગ્લેણ્ડમાં પણ બાળલગ્ન પ્રચલિત હતાં, ત્યારે ત્યાં પણ કન્યાઓ ૧૦-૧૨ વર્ષને વયે ઋતુમતી થતી.

આ સમગ્ર હકીકતો ઉપરથી વિદ્વાનો એવા નિર્ણય ઉપર આવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે જાતિઓ જેમ વધારે સંસ્કૃત — બેશક આજની દૃષ્ટિએ — અને વિલાસી, તેમ તેની કન્યા વહેલી ઋતુમતી થાય; જાતિઓ જેમ પ્રાકૃત અને સંયમી તેમ તેની કન્યા મોડી ઋતુમતી થાય — એસ્કીમો કન્યા ૧૯ વર્ષની ઉમરે ઋતુમતી થાય છે એ તો પાછળ કોષ્ટકમાં જણાવ્યું જ છે.

પ્રાકૃત જાતિઓમાં કામલોલુપતાનો વિકાસ સાધારણ રીતે જ ઓછો હોય છે. પોતાને સંસ્કૃત માનનાર આપણે તો કામલોલુપતાને અનર્ગળ વધારી મૂકી છે, એટલે સુધી કે વૃદ્ધાવસ્થામાં પણ પુરુષના શરીરમાં વાનરની રસી મૂકીને તેને જુવાન બનાવવા માંડ્યો છે. એ વિદ્યામાં નિષ્ણાત મનાતા ડો. સર્જ વોરોનોફે પોતાની ૬૮ વર્ષની ઉમરે પોતાના શરીરમાં વાનરની રસી મુકાવીને ૨૧ વર્ષની ઑસ્ટ્રિયન કન્યા હીલ્ડા સ્વાટે સાથે બે જ વર્ષ ઉપર લગ્ન કર્યું !

તાત્પર્ય એ છે કે પુરુષ પોતાની કામલોલુપતાને કારણે નાની ને નાની સ્ત્રી પરણ્યે ગયો છે, ને તેથી તેને વહેલી પકવી નાખી છે. અને ધીરે ધીરે જુગજુગના અભ્યાસથી વહેલી પરિપકવ થવા એ ટેવાઇ ગઇ એટલે આજે આપણને એ જ સ્વાભાવિક લાગે છે. અને એ પણ યાદ રાખવું જોઇએ કે સ્ત્રી જેમ કૃત્રિમ રીતે પુરુષથી વહેલી પાકે છે, તેમ તેના કરતાં વહેલી સુકાઇ પણ જાય છે; પુરુષમાં લગભગ ૬૦ વર્ષ સુધી જનકશક્તિ રહે છે, ત્યારે સ્ત્રીની જનનશક્તિ લગભગ ૪૫ વર્ષે સુકાઇ જાય છે. પ્રાણીમાત્રમાં, તેમ જ માનવજાતિમાં પણ — સ્વાભાવિક રીતે જ પુરુષ કરતાં સ્ત્રી લાંબું જીવે છે (પૃ. ૩૧૪), ત્યારે તે વહેલી પાકે ને વહેલી સુકાય એ અસ્વાભાવિક નથી લાગતું ?

કુદરતમાં તો સૌ પશુપંખીનાં નરનારી લગ્નને માટે લગભગ સરખી ઉમરે પાકે છે, સરખી ઉમરે સુકાય છે. વધારે દૂર ન જતાં વાનર, ગાય, ભેંસ, ઘોડો, હાથી, કૂતરો, બિલાડી, વાઘ, સિંહ વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરોડવાળાં પશુઓનું અવલોકન કરશો તો જણાશે કે પશુઓમાં નરનારી લગ્નને માટે લગભગ સરખી ઉમરે પાકે છે, સરખી ઉમરે લગ્ન – સંયોગ – કરે છે, સરખી ઉમરે સુકાય છે.

જેને આપણે પ્રાકૃત માનીએ છીએ, અને સાચી જ રીતે આપણા કરતાં જે પ્રકૃતિની વધારે સમીપ છે તે વનવાસી જાતિઓમાં પણ લગ્નસમયે નરનારી લગભગ સરખી ઉમરનાં હોય છે. દક્ષિણ ગુજરાતની રાનીપરજ જાતિની લગભગ સર્વે પેટાજાતિઓમાં વરકન્યાની ઉમર લગભગ સરખી હોય છે, તેઓ ૧૬થી ૨૦ વર્ષ સુધીમાં લગ્ન કરે છે. આપણી ઊજળિયાત કોમોના કુસંસ્કારથી તેમનામાં હવે કયાંક કયાંક બાળલગ્ન થવા લાગ્યાં છે. મધ્ય આફ્રિકાની સીદી જાતિઓમાં લગ્નસમયે વરકન્યા બંને ૧૯ – ૨૦ વર્ષનાં હોય છે. જગતની સર્વે પ્રાકૃત જાતિઓમાં વરકન્યાની ઉમર લગભગ સરખી હોય છે.

આ સર્વ અવલોકન ઉપરથી હું તો એ જ નિર્ણય ઉપર આવું છું કે સ્ત્રીપુરુષનાં લગ્ન સરખી ઉમરે થવાં જોઇએ. વેદ અને સ્મૃતિઓ વરકન્યાનું લગ્નવય સાધારણ રીતે ૨૫ : ૧૬ વર્ષનું આપે છે. જોકે તે વિધાન આજે ભાગ્યે જ પળાય છે, છતાં વરકન્યાની ઉમરમાં તફાવત તો રખાય જ છે. આજે વસ્તુસ્થિતિ શી છે એ મારો પ્રશ્ન નથી, મારો પ્રશ્ન તો એ છે કે વસ્તુસ્થિતિ શી હોવી જોઇએ. અને ઉપરની ચર્ચાને પરિણામે હું તો માનું છું કે વરકન્યાનું લગ્ન-વય સાધારણ રીતે ૨૦ : ૨૦નું હોવું ઇષ્ટ છે. ૧૬થી નાની અને ૨૫થી મોટી સ્ત્રીનો પ્રથમ પ્રસવ વધારે કષ્ટજનક હોય છે, માટે ૨૦ વર્ષને મધ્યવયે સ્ત્રીએ લગ્ન કરવું ઘટે અને તે જ વયે પુરુષે પણ. પાંચથી વધારે વર્ષનો તફાવત હોય તો એ લગ્ન કાયદેથી પણ અટકાવવું જોઇએ. આમ થશે તો જ નારીજાતિની શારીરિક, બૌદ્ધિક અને માનસિક અવનતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતી અટકશે. નારીજાતિની અવનતિ અટકશે તો જ નરજાતિ અને આખો માનવસમાજ ઉન્નતિને પંથે પળશે.

પુરુષસમાજે આ વાત વિચારવી રહી. અને એ ના વિચારે તો ય સ્ત્રીસમાજે તો પોતાના ઉપર થતો અન્યાય અટકાવવા, સમાજની એ માતૃજાતિએ તો સમસ્ત સમાજને ઉન્નતિને પંથે ચઢાવવા આ વાત વિચારવી જ જોઇશે. એ વિના બીજી ગતિ નથી. પુરુષે પોતાની કામલોલુપતાથી યોજેલાં કજોડાં ને પિતાગૃહની સંયુક્ત કુટુંબસંસ્થાએ યોજેલાં બાળલગ્ન તોડ્યા વિના સ્ત્રીની ને તે રીતે પુરુષની તથા સમસ્ત સમાજની ઉન્નતિ થવાની નથી એમ હું તો સ્પષ્ટ માની રહ્યો છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૩૮

ઘૂમટો

માનવજીવનમાં કેટલાંક કાર્ય ગુપ્તમાં કરવા ઇષ્ટ છે. પ્રકટદાન કરતાં ગુપ્તદાન વધારે ઇષ્ટ છે. કેટલાંક કાર્ય ગુપ્ત કરવાથી સારી રીતે સાધી શકાય છે, કારણકે ગુપ્તમાં – અર્થાત્ એકાન્તમાં – શાન્તિ હોવાથી માનસિક એકાગ્રતા સાધી શકાય છે. પ્રાર્થના, અધ્યયન, નિદ્રા, વગેરેને એકાન્ત વધારે અનુકૂળ પડે છે. કોલાહલમાં એ કાર્ય કરવા ટેવાએલાને એકાન્તની જરૂર લાગતી નથી.

સમાજ જેને પાપાચાર માને છે, અથવા બીજા જેમાં ભાગ પડાવશે એવો ભય હોય, તેવાં કાર્ય કરવાની વૃત્તિવાળા માણસો એ કાર્ય કરવા ગુપ્તિ શોધે છે. રુશિયામાં ફાંશીની સજા દાખલ થઇ, ત્યારે એ પાપાચાર કરનાર ચાણ્ડાલ બીજા લોકથી સંતાતો ફરતો, એમ ટૉલ્સ્ટૉય કહે છે. ચોર પણ ગુપ્તિ શોધે છે.

બીજાંને જેથી સૂગ ચઢે એવાં ગંદાં ગણાતાં કાર્ય ગુપ્તમાં – એકાન્તમાં – કરવાં એ સમાજધર્મ છે. આપણે દાતણ પ્રકટમાં કરીએ છીએ, કારણકે આપણી આજુબાજુ તેવી રીતે દાતણ કરનાર અનેક છે, તેમને તેમાં સૂગ ચડતી નથી. જે લોક એવી રીતે દાતણ કરતા નથી, તેમને દાતણ કરવાની આપણી રીત ગંદી લાગે છે અને તેથી સૂગ ચઢે છે. તેમને એવી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂગ ન ચઢે, એટલા માટે તેઓ ન દેખે એવી રીતે મર્યાદામાં રહી એકાન્તમાં કે ગુપ્તમાં એ ક્રિયા કરવી એ આપણો સમાજધર્મ છે. આપણને માંસ દેખવે સૂગ ચઢે છે. માટે આપણી સામે માંસ ન લાવવું એ માંસાહારીનો સમાજધર્મ છે. આમ કેટલાક હિંદુઓની પાડોશમાં કેટલાક આરબ રહેતા. એ લોક ચૌટામાંથી માંસ ખરીદી લાવે. પણ હિંદુઓની નજરે ન પડે, એટલા માટે કપડામાં સંતાડીને ઘેર લાવે. એક વાર એક આરબ ગૃહસ્થ સવારમાં મારી પાસે આવ્યા ને મને કહેવા લાગ્યા: "ભાઇ, અમુક હિંદુ ભાઇ અમારા ઘરની સામે પોતાને ઓટલે બેશીને એવી ગંદી રીતે દાતણ કરે છે કે અમારાથી તે જોયું જતું નથી. આજ સુધી તો સહન કર્યું, પણ ગઇ કાલે મારી મોટી દીકરીને એથી એટલી સૂગ ચઢી કે તેને ઊલટી થઇ. પાછળ વાડામાં બેશી એ ભાઈ દાતણ કરે એવું એમને તમે ના કહો?" "જરૂર કહીશ," એવુ આશ્વાસન મેં તેમને આપ્યું ને એ ભાઇ ગયા. ચોકમાં ઓટલે બેશી દાતણ કરતા એ અને એવા બીજા સૌ ભાઇઓને હું મળ્યો ને તેમને એ વાત સમજાવી. એ સૌ સમજી ગયા ને પછી વાડામાં જ દાતણ કરવા લાગ્યા. આ ગંદી ક્રિયા એમ ગુપ્તમાં કરવા લાગ્યાથી—એ સમાજધર્મ પાળવા લાગ્યાથી—પહેલાંના કરતાં પણ પછી અમે હિંદુ ને આરબ ભાઇઓ વધારે શાન્તિથી રહેવા લાગ્યા.

શરીરનાં અમુક અંગ સાફ કરવાં, ઝાડોપેશાબ કરવો, વગેરે ક્રિયાઓ પણ ગંદી ને સૂગ ચઢે એવી હોવાથી ગુપ્તમાં કરવી ઇષ્ટ ગણાય છે.

પિતૃગૃહમાં પિતૃસત્તા જામી, એટલે પિતાની ને વડીલોની મર્યાદા નાનાંએ રાખવી એ કુલધર્મ ઠર્યો. વડીલોના દેખતાં બેસાય નહિ, એમ પણ અનેક કુટુંબોમાં મનાય છે. ત્યારે એમના દેખતાં વિલાસની ક્રિયાઓ તો થાય જ કેમ? નાનાએ વડીલની સામે બીડી કે હુકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિવાય નહિ, સાસુના દેખતાં વહૂએ છીંકણી સૂંઘાય નહિ, કારણકે એ વિલાસની ક્રિયા છે. પાણી પીવાય, કારણકે તે સ્વાભાવિક આવશ્યકતાની ક્રિયા છે. આફ્રિકાના વનવાસી લોકો મોટે ભાગે સ્વાભાવિક પ્રેરણાએ જીવન ચલાવે છે, એટલે એમને આવશ્યકતાના ને વિલાસના ભેદ નથી. નાના સરખા એક જ ઝૂંપડામાં માતાપિતા, પુત્રપુત્રીઓ, પુત્રવધૂઓ ને બાળકો રાત્રે સૂઇ રહે છે. વસ્ત્રવિલાસ એ લોક જાણતા નથી, એટલે નગ્નતાની લજ્જાને પણ એ જાણતા નથી ને તેથી રાત્રે એ બધાં નગ્નાવસ્થામાં જ પાસપાસે સૂઇ રહે છે. શરીરસંયોગ પણ ત્યાં જ કરે છે, કારણકે સંયોગને એ સ્વાભાવિક ધર્મ માને છે. આપણ સંસ્કૃત મનાતા લોકની પેઠે એમણે કામલાલસાથી એ સ્વાભાવિક ધર્મને વિલાસની વસ્તુ કરી મૂકીને સંભોગનું સ્વરૂપ આપી દીધું નથી. આથી એમને મન એ લજ્જાનો વિષય નથી ને એ ક્રિયા કરવા માટે તેને ગુપ્તિ શોધવાની જરૂર લાગતી નથી. આપણે એને અત્યંત વિલાસની વસ્તુ કરી મૂકીને સંભોગનું સ્વરૂપ આપી દીધું છે, તેથી એ ક્રિયા પ્રકટમાં કરતાં લજવાઇએ છીએ, એટલે સુધી કે એ ક્રિયાનું સૂચન કરતી દૂર દૂરની ક્રિયાઓ પણ વડીલના દેખતાં થઇ શકે નહિ. હિંદુઓની અનેક નાતોમાં વહૂથી વડીલ પુરુષની સમક્ષ આવી શકાય નહિ; જ્યાં આવી શકાય છે, ત્યાં વરવહૂથી સાથે તેમની સમક્ષ આવી શકાય નહિ; જ્યાં આવી શકાય છે, ત્યાં એકબીજાને દેખી હસી શકાય નહિ કે એવું કંઇ થઇ શકે નહિ. સંભોગવિલાસને પરિણામે થએલા બાળકને પિતાના દેખતાં પુત્રે કે પુત્રીએ અડી શકાય નહિ, દાદરેથી પડતા બાળકને પણ ઊંચકી લેવાય નહિ!

આમ સંતતિને માટે કરવી જોઇતી સંયોગની સ્વાભાવિક ક્રિયાને કામલોલુપતાને હેતુએ કરી મૂકેલી સંભોગની વિલાસયુક્ત ક્રિયા સમસ્ત સંસ્કૃત (કે વિકૃત ?) પ્રજાઓને લજ્જારૂપ ને જુગુપ્સાજનક થઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી છે. માટે જ ટૉલ્સ્ટૉય કહે છે : " સંભોગ કરતાં વિશેષ તિરસ્કાર-પાત્ર ને જુગુપ્સાજનક ક્રિયા કોઇ હોઇ શકે ખરી? માણસને એની ભારેમાં ભારે ચીતરી ચડે એવું કરવું હોય તો એનું વીગતવાર વર્ણન કરવાની જ જરૂર છે. તેથી જ પાશવ દશામાંથી બહાર આવી અધ્યાત્મ-જીવનમાં પ્રવેશ કરનારી સઘળી પ્રજાઓ સંભોગક્રિયા તેમ સંભોગો-પયોગી અવયવોની બાબતમાં સદા યે શરમની લાગણી – લજ્જાનો ભાવ – અનુભવે છે. એમ હોવાનું કારણ શું, એમ તમે પૂછતા હો, તો ઉત્તર સ્પષ્ટ છે : માનવી એ જેટલા પ્રમાણમાં બુદ્ધિપ્રધાન અને આત્માનુશાસિત પ્રાણી છે તેટલા પ્રમાણમાં આવી ક્રિયા કરતાં એ અટકે, અને આવી ક્રિયા કરવા એને પરવશ બનાવી ધકેલતી વિષયવાસના સામે એ જ્યારે ટક્કર ઝીલી ન શકે ત્યારે જ કેવળ એ એવું કામ કરે, એટલા માટે જ આ લજ્જાનો ભાવ એના હૃદયમાં મુકાએલો છે. અને છતાં આવું કામ કરવાની આવેગપૂર્ણ અને દુર્દમ પાશવ વૃત્તિ એના હૃદયમાં રોપવામાં આવી છે તે તો આવશ્યક હોય ત્યાં સુધી માનવજાતિનો વંશવેલો ચાલુ રહે એટલા જ માટે. તેથી આ સંભોગ-ક્રિયાનાં તેમ એ ક્રિયામાં ઉપયોગી એવા અવયવોનાં સ્તુતિગાન ગાવાં અને તેનો યશવિસ્તાર કરી કરીને તેને સાતમે આસમાને ચડાવી દેવાં એ તો માનવપ્રકૃતિનો કેવો ભયંકર વિપર્યાસ છે! ને આ કહેવાતા રસકોવિદો તથા કલાકારોને અત્યારે એ સિવાય બીજું કંઇ યે સૂઝતું જ નથી", (સ્ત્રી અને પુરુષ : ૧૫૯)!

ત્યારે આથી સ્પષ્ટ થયું હશે કે કામલોલુપતાથી શરીરલગ્નની સ્વાભાવિક ક્રિયાને પણ વિલાસપૂર્ણ બનાવી દીધી છે ને તેથી તે ક્રિયાને એવી લજ્જાસ્પદ બનાવી મૂકી છે કે બાજી સ્વાભાવિક ક્રિયાઓની પેઠે તેને પ્રકટમાં કરતાં લાજ આવે છે, તે ક્રિયાના ઉપયોગમાં આવતાં અંગને ખુલ્લાં રાખતાં લાજ આવે છે. ઝાડોપેશાબની ક્રિયા ગંદી તો છે જ, પણ તે ક્રિયાના ઉપયોગમાં આવતાં અંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરલગ્નની ક્રિયાના ઉપયોગમાં આવતાં અંગ છે, માટે પણ ઝાડોપેશાબ ગુપ્તમાં કરીએ છીએ.

ત્યાર પછી સંસ્કૃત ગણાતી પ્રજાઓને બીજી એક પીડા વળગી છે. ધનની વિષમ વહેંચણીથી સમાજમાં થોડાક લોક અતિશય ધનવાન થઇ ગયા છે, અનેક લોક અતિશય નિર્ધન થઇ ગયા છે. નિર્ધન લોક અનેક રીતે સ્વાભાવિક જીવન જીવે છે. ધનવાન લોક અનેક રીતે વિલાસી જીવન જીવે છે. આથી ધનવાનને અનેક ઉપભોગો ને વિલાસ નિર્ધનથી દૂર રહીને ભોગવવા પડે છે– તેઓ નિર્ધનને દૂર રાખીને એ ઉપભોગો ને વિલાસ ભોગવે છે. નિર્ધનને એવા ભેદ નથી હોતા. એના રગશિયા ગાડામાં તો કોઇ પણ બેશી શકે, ધનવાન ધારે તો નિર્ધનનું ગાડું બળાત્કારે ઝૂંટાવી પણ લે. ધનવાન પોતાની ચપળ મોટરનો ઉપભોગ પોતે એકલો જ કરે, એની તરફ નિર્ધન નજર પણ ના કરી શકે. નિર્ધન પોતાના રોટલાનો ટુકડો બધા સાથે વહેંચીને ખાય, ધનવાન ધારે તો એ નિર્ધનનો રોટલો બળાત્કારે ઝૂંટાવી પણ લે. નિર્ધન પોતાનું ઝૂંટાવી લે, માટે તેની નજરે જ ન પડવા દેવું એવો શિષ્ટાચાર બાંધી ધનવાન પોતાનાં વિલાસી ભોજન એકલો, બહુ તો પોતાનાં સ્ત્રીબાળકની જ સાથે, ભોજનગૃહમાં એકાન્તે બેશીને જમે. એ જમતો હોય ત્યારે નિર્ધન, તેના ચાકરો પણ, એની તરફ નજર પણ ના કરી શકે. મોટા લોક જમવા બેસે ત્યારે ત્યાં બીજાથી જવાય નહિ એ રિવાજનું મૂળ ત્યારે અહીં છે.

ધનની વિષમ વહેંચણીને પરિણામે સમાજમાં અનેક વિષમતાઓ આવી છે. કુળાકુળ પણ તેનું જ પરિણામ છે. ધનને કે સત્તાને કે કુળને જોરે મોટા લોક અનેક સ્ત્રીઓના વિલાસ માણી શકે, નિર્ધનને કે કુલહીનને ભાગ્યે જ સ્ત્રી મળે. ધનવાન કે સત્તાવાન ધારે તો નિર્ધનની સ્ત્રીને બળાત્કારે ઝૂંટાવી લે. અનેક પુરુષો ભાગ્યે જ એક સ્ત્રી પામે અથવા તો પ્રકટ કે ગુપ્ત રીતે એક સહિયારી સ્ત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખે. બાકીનાને સ્ત્રી મળી શકે નહિ, વાંઢા જ રહે. અનેક પત્નીના ધનવાન પતિ સર્વ સ્ત્રીઓને એક સરખો સંતોષ આપી શકે નહિ એટલે એવી અસંતુષ્ટ સ્ત્રીઓ આડી નજર કરે, વાંઢા તો તેમની તરફ તાકીને બેશી જ રહ્યા હોય છે. પરિણામે પેલો પતિ પોતાની પત્નીઓ પ્રત્યે શંકાશીલ બને, ઇર્ષ્યાળુ બને. रूपवती भार्या शत्रु છે, એ અસંતોષ પામીને ચાલી જશે, કોઇ વાંઢો એને ઉપાડી જશે, એવા ભયથી પત્નીઓને ગુપ્તમાં રાખવાની વ્યવસ્થા કરે. બહાર જાય ત્યારે એના મોં ઉપર ઘૂમટો ચઢાવે. અથવા તો બહાર જ જવા ના દે, પડદામાં ઘાલી તેમને કેદમાં રાખે. અનેકપત્ની લગ્ન કરનાર સર્વ જાતિઓમાં ઘૂમટાનો રિવાજ આ જ કારણે દાખલ થયો છે. ભયથી પણ આમ ગુપ્તિ પાળવી પડે છે.

रूपवती भार्या शत्रु છે એ ઇર્ષ્યાભાવનાએ તિબેટમાં દાટ વાળ્યો છે. Evariste Regis Hue નામે પ્રવાસી પોતાના *Souvenirs dun Voyage dans la Tartarie, le Thibet et le Chine* નામે પુસ્તકમાં પોતે ઇ. સ. ૧૮૪૬માં ટિબેટમાં કરેલા પ્રવાસમાં ટિબેટની સ્ત્રીઓ વિષે આમ લખે છે : "ઘરમાંથી બહાર નીકળતા પહેલાં તેઓ પોતાનાં મોં ઉપર કાળો ને ચીકણો રંગ ચોપડે છે. પોતાનાં મોં વરવાં ને ઘૃણાજનક બનાવવા એ એવી રીતે રંગ ચોપડે છે કે જાણે એ માણસનાં મોં જ ન હોય એવો ભાસ થાય." આમ કરવાનું કારણ એ છે કે સ્ત્રીઓ ત્યાં પ્રથમ તો સાદે મોંએ ફરતી, પણ લોકમાં ને સાધુઓના મઠમાં પણ અનાચાર વધી ગએલો લાગ્યો ત્યારે ત્રણસોએક વર્ષ ઉપર થઇ ગએલા મુખ્ય લામા નોમેખાને કાયદો કર્યો કે સ્ત્રીઓએ પોતાનાં મોં કાળે રંગે કુબડાં કરીને જ બહાર નીકળવું.

લેતૂર્નો (Ch. Letourneau) કહે છે : "અનેકપત્ની લગ્નથી સર્વે દેશોમાં લગભગ અનિવાર્ય પરિણામ આવ્યું છે – સ્ત્રીઓની ગુલામગીરી આ તો સ્વાભાવિક જ છે. શિમ્પેન્ઝી વાનરોના ટોળામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષ બળથી બીજા હરીફોને હાંકી કાઢીને પોતાની સ્ત્રીઓ ઉપર પોતાની સત્તા જમાવ્યે રાખે છે; તેવી જ રીતે માનવસમાજમાં અનેક પત્નીનો પતિ પોતાના તાબાનાં પ્રાણી–સ્ત્રીઓ–ઉપર સત્તા જમાવીને તેમનો માલેક જ થઇ બેસે છે, એ બિચારીને સ્વતંત્રતાનું સ્વપ્ન પણ ન આવે, તેમ એવા પતિએ પોતાના પત્નીમંડળને ખૂબ ખૂણામાં ખોશી ઘાલીને બહાર જતું અટકાવ્યું છે અથવા ભય દેખાડીને દબાવી દીધું છે" (*The Evolution of Marriage and of the Family*: પૃષ્ઠ ૧૪૮).

લેતૂર્નો કહે છે એમ અનેકપત્ની લગ્નસંસ્થા જે જે જાતિઓમાં છે તે તે જાતિઓએ પોતાની સ્ત્રીઓને પરાધીન કરી છે, ઘૂમટો ઓઢાડ્યો છે ને પડદામાં કેદ પણ કરી રાખી છે. પ્રાચીન કાળથી નારીની આ પરાધીનતા ને અવદશા થતી આવી છે.

પ્રાચીન યાહુદીઓમાં પણ ઘૂમટાનો રિવાજ હતો: "અને રેબેકાએ આંખો ઊંચી કરીને આઇઝાકને જોયો ત્યારે તે ઊંટ ઉપરથી ઊતરી પડી. અને તેણે ચાકરને પૂછ્યું કે આપણને મળવા ખેતરમાં આ કોણ આવે છે? ત્યારે ચાકરે કહ્યું કે એ તો મારા શેઠ છે, એટલે તેણે પોતાનો ઘૂમટો લીધો ને ઓઢ્યો" (યાહુદીપુરાણ, ઉત્પત્તિખંડ ૨૪ : ૬૪, ૬૫).

આજે ખ્રિસ્તી સમાજમાં અનેકપત્ની લગ્ન નથી ને તેથી ઘૂમટો પણ નથી. પણ ઉપર જણાવેલા યાહુદી રિવાજના અવશેષ ખ્રિસ્તી ધર્મમાં રહી ગયા છે: પૉલે કોરિંથિયનોને જે પહેલો પત્ર લખેલો, તેમાં તેણે જણાવેલું કે "પ્રત્યેક પુરુષનું શિર ક્રાઇસ્ટ છે ને સ્ત્રીનું શિર પુરુષ છે; તથા ક્રાઇસ્ટનું શિર પ્રભુ છે. જે પુરુષ પ્રાર્થના કે ભવિષ્યવાદ કરતાં પોતાનું માથું ઢાંકેલું રાખે છે તે પોતાના માથાનું અપમાન કરે છે; પણ જે સ્ત્રી ઉઘાડે માથે પ્રાર્થના કે ભવિષ્યવાદ કરે છે તે પોતાના માથાનું અપમાન કરે છે, કારણકે એમ કરવું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂંડાવા બરાબર છે. ત્યારે સ્ત્રી ઘૂમટો ન રાખે તો તેના વાળ કાતરી નાખવા. પણ જો વાળ કતરાયાથી કે માથું મૂંડાયાથી સ્ત્રીને લાજ લાગતી હોય તો તે માથે ઓઢે. તમે પોતે જ વિચાર કરી જુઓ: સ્ત્રીઓ ઉઘાડે માથે પ્રાર્થના કરે એ ઠીક દેખાય છે?" (૧૧: ૩-૬, ૧૩). અને આ વિધાનની અસર હજી સુધી ખ્રિસ્તી સમાજમાં ચાલી આવે છે: કોઇ પણ યુરોપિયન કે બીજી ખ્રિસ્તી સ્ત્રી આજે પણ દેવળમાં કે સભાગૃહમાં કે જાહેરમાં ઉઘાડે માથે નહિ જઇ શકે, પુરુષ ગમે ત્યાં ઉઘાડે માથે જઇ શકશે

પ્રાચીન આરબોમાં અનેકપત્ની લગ્નને આંકો નહોતો; એટલે એમનામાં પણ ઘૂમટાનો રિવાજ હતો. મહમદ સાહેબ અનેકપત્ની લગ્નનો સમૂળો નાશ ન કરી શક્યા, પણ એમણે એવો અંકુશ મૂક્યો કે એક પુરુષ એકીસાથે ચારથી વધારે સ્ત્રી ન પરણી શકે, પછી ભલે રખાતો ગમે તેટલી રાખે. પરિણામે અનેકપત્ની લગ્ન તો રહ્યું જ અને તેથી મુસલમાન થયા પછી પણ આરબોમાં ઘૂમટો ચાલુ રહ્યો જ. મોંગોલિયા અને ચીનમાં અનેકપત્ની લગ્નનો રિવાજ નથી, એટલે ત્યાંના મુસલમાનોમાં પણ ઘૂમટાનો રિવાજ નથી. આમ મુસલમાન ધર્મ સાથે ઘૂમટાના રિવાજને ધાર્મિક સંબંધ નથી. આરબ મુસલમાનોના સંસર્ગમાં આવ્યા પછી મોંગોલ મુસલમાનોએ એ રિવાજને સ્વીકારી લીધો.

આરબ વગેરે જે મુસલમાનો હિંદુસ્થાનમાં આવ્યા તે ઘૂમટાનો રિવાજ પણ પોતાની સાથે લેતા આવ્યા. તે ઉપરથી અનેક જણ એમ માને છે કે મુસલમાનોનું જોઇને હિંદુઓએ ઘૂમટાનો રિવાજ સ્વીકારી લીધો; વળી મુસલમાનોએ હિંદુ સ્ત્રીકન્યાઓનાં હરણ કરવા માંડ્યાં, એથી પણ હિંદુઓએ એ રિવાજ સ્વીકારવો પડ્યો. બેશક આમાં કંઇક તથ્યાંશ છે. મુસલમાન રાજસત્તા સ્થપાઇ, અને રાજ-લોકનું પ્રજાલોક અનુકરણ કરે; તેમ જ કામલોલુપ મુસલમાનો આજની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેઠે ત્યારે પણ હિંદુ સ્ત્રીકન્યાઓનાં હરણ કરી જતા; પરિણામે હિંદુઓએ ઘૂમટાનો રિવાજ વધારે જડ કરવો પડ્યો એ વાત સાચી છે. આથી મુસલમાન પ્રભાવવાળા પ્રાન્તોમાં એ રિવાજ વધારે પ્રચલિત છે.

પણ એ ઉપરથી કોઇ એમ કહે કે મુસલમાનો હિંદુસ્થાનમાં આવ્યા તે પહેલાં હિંદુઓમાં ઘૂમટાનો રિવાજ હતો જ નહિ, તો એ વાત સાવ ખોટી છે એમ આપણો ઇતિહાસ કહી દે છે. પ્રાચીન કાળે પણ જે હિંદુઓ અનેકપત્ની લગ્ન કરતા તેમનામાં ઘૂમટાનો રિવાજ હતો. જે હિંદુઓ અનેકપત્ની લગ્ન કરતા નહિ તેમનામાં એ રિવાજ ન હતો. મુસલમાનો આવ્યા પછી પણ, દ્રાવિડ આદિ દક્ષિણ હિંદુસ્થાનના તેમ જ ઉત્તર હિંદુસ્થાનના અનેક લોકે એ રિવાજને સ્વીકાર્યો નથી.

સાચી વાત તો એ છે કે અનેકપત્ની લગ્ન આર્યોમાં જેટલાં પ્રાચીન છે, ઘૂમટો પણ એમનામાં એટલો જ પ્રાચીન છે. ખુદ વેદમાં પણ એનો ઉલ્લેખ છે : यज्ञैभिरावृत्तोऽधिवस्त्रा वधूरिव। અધિવસ્ત્રે કરીને ઢંકાએલી વહૂની પેઠે યજ્ઞદ્વારા આવૃત્ત (ऋग्वेद ८ : ४ : २६). સ્ત્રીને असूर्यपश्या (જેને સૂર્ય પણ ના જોઇ શકે એવી) કહી છે.

રામાયણમાં પણ ઘૂમટા વિષે સ્પષ્ટ ઉલ્લેખ છે : રાવણ રણસંગ્રામમાં પડ્યો ત્યારે તેની અનેક રાણીઓની સાથે મંદોદરી પણ તેના શવ પાસે આવી વિલાપ કરવા લાગી. વિલાપ કરતાં કરતાં તે બોલી : "હે પ્રભુ અધિવસ્ત્ર ઓઢ્યા વિના (ઘૂમટો નાખ્યા વિના) પગે ચાલી નગરમાંથી બહાર આવેલી મને જોઇને તમને ક્રોધ કેમ ચઢતો નથી? અરે, ઉત્તરીય વસ્ત્ર (ઘૂમટા) વિના નગરની બહાર આવેલી આ તમારી બીજી પણ પ્રિય સ્ત્રીઓને જોઇને તમે કેમ ક્રોધ પામતા નથી?" (યુદ્ધકાણ્ડ ૧૧૧ : ૬૨, ૬૩). પછી હનુમાન અશોકવાટિકામાં જઇને સીતાને લેઇ આવે છે ને તેમને રામચંદ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે આણે છે. સીતાને જોઇને રાજસેવકોએ સૌને ખસેડી મૂકવા માંડ્યા ને સૌ ઊડવા લાગ્યા, એટલે રામે કહ્યું : "વિપત્તિમાં, રોગ-દુઃખમાં, યુદ્ધમાં, સ્વયંવરમાં, યજ્ઞમાં ને વિવાહમાં સ્ત્રીઓ પરપુરુષની દૃષ્ટિએ પડે તો તેમાં દોષ નથી" (૧૧૪ : ૨૮). ઇ. સ. પૂર્વે થઇ ગએલા ભાસ કવિએ પ્રતિમા નાટક લખ્યું છે. તેમાં એવું વર્ણન છે કે રામ જ્યારે વનવાસ નીકળે છે, પ્રજાજન એમને વળાવવા આવે છે ને સીતા ઘૂમટો તાણે છે, ત્યારે રામ સીતાને કહે છે : मैथिलि, अपनीयताम् अवगुण्ठनम् (સીતા, ઘૂમટો ખસેડી નાખો). પ્રજાજનને કહે છે : "યજ્ઞમાં, વિવાહમાં, વિપત્તિમાં અને વનમાં સ્ત્રીઓ પરપુરુષની દૃષ્ટિએ પડે તો ય તેમાં દોષ નથી" (૧ : ૩૬).

મહાભારતમાં પણ ઘૂમટા વિષે સ્પષ્ટ ઉલ્લેખ છે : કૃષ્ણ કૌરવોને મળવા આવતા હતા, ત્યારે ધૃતરાષ્ટ્રે તેમના સત્કારની યોજના કરતાં કહ્યું કે "વળી નગરમાંથી જે પવિત્ર કન્યાઓ શ્રીકૃષ્ણનાં દર્શન માટે જાય, તે પણ ઘૂમટા વિના ખુલ્લી રીતે જ જાય" (ઉદ્યોગપર્વ ૮૬ : ૧૬). મહાભારતના રણસંગ્રામમાં દુર્યોધન હણાયો જાણીને રાજ-રાણીઓ નગરમાં જવાની તૈયારી કરવા લાગી. "પૂર્વે રાજમંદિરોમાં વસનારી જે મહારાણીઓને સૂર્ય પણ જોઇ શક્યો નહોતો, નગર તરફ જતી તે જ રાણીઓને સામાન્ય મનુષ્યો પણ તે સમયે જોઇ શક્યા" (શલ્યપર્વ ૨૯ : ૭૪).

ધર્મધ્વજની પુત્રી તુલસીને શંખચુડની સાથે લગ્ન કરવાની કામના હતી, તેથી "એ મનોહર શંખચુડને આવતો જોઇ તુલસી ઘૂમટો તાણીને વારંવાર મંદહાસ્ય સહિત કટાક્ષપૂર્વક જોવા લાગ્યાં" (ભગવતી ભાગવત, સ્કંધ ૯ : ૨૦).

કવિ કાળિદાસ પોતાના अभिज्ञानशाकुन्तल નાટકના પાંચમા અંકમાં, શકુન્તલા પોતાના પતિ દુષ્યન્ત રાજાના દરબારમાં જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, તેનું વર્ણન આપે છે. રાજા વિચારે છે જે "आ अवगुण्ठन (ઘૂમટા) વાળી સ્ત્રી કોણ હશે?" પછી શકુન્તલાને ગૌતમ સમય વર્તી જઇ કહે છે: "પુત્રી, ક્ષણવાર લાજ છોડ, તારો ઘૂમટો હું ખસેડી નાખું, એટલે તારો પતિ તને ઓળખશે." અહીં જે અવ-ગુણ્ઠન શબ્દ આવ્યો છે, તેનો જ અપભ્રંશ 'ઘૂમટો' શબ્દ છે.

આ બધા ઉલ્લેખો સ્પષ્ટ રીતે સાબિત કરે છે કે પ્રાચીનકાળે અનેકપત્ની લગ્ન કરનાર મોટા લોકની સ્ત્રીઓએ પડદે પુરાઇ રહેવું પડતું અને એ રીતે એ પરાધીન હતી. વળી સંયુક્ત કુટુંબની સંસ્થામાં મોટાઓની મર્યાદા (મલાજો) પાળવા ઘૂમટાનો રિવાજ વધારે સજડ થયો હતો. મનુએ તો સ્ત્રીઓની અનેક રીતે નિંદા કર્યા પછી પોતાના હાથ ધોઇ નાખ્યા છે: "આજ્ઞાધીન ને વિશ્વાસુ માણસો દ્વારા સ્ત્રીઓને ઘરમાં રુંધી રાખવાથી તેમની રક્ષા થવાની નથી. એ તો પોતે જ પોતાનું રક્ષણ કરશે ત્યારે જ શુદ્ધ રહેશે" (૯ : ૧૨).

જે વર્ણોમાં એકપત્ની લગ્ન થતાં ત્યાં ઘૂમટાનો રિવાજ પ્રાચીન કાળે નહોતો. સ્ત્રી સસરા સાથે તથા ઘરના બીજા મોટા પુરુષો સાથે વાત કરી શકતી (બૌદ્ધ જાતક : ૧૨૫).

આજે પણ અનેકપત્ની લગ્ન કરનાર હિંદુઓમાં ઘૂમટાનો રિવાજ છે, અને એવા મોટા લોકનું કંઇક અનુકરણ કરીને એકપત્ની લગ્ન કરનારે–ખાસ કરીને તેમના આશ્રિત લોકોએ – પણ ઘૂમટાનો રિવાજ સ્વીકાર્યો છે.

કાઠિયાવાડમાં તો ઘૂમટાને રિવાજે એવું વિચિત્ર સ્વરૂપ ધારણ કર્યું છે કે અનેક સ્થળે સાસુ વહુની લાજ કાઢે છે! વળી કોઇ કોઇ સ્થળે સ્ત્રી સ્ત્રીની લાજ કાઢે છે, એ તો મેં જાતે જ જોયું છે. સ. ૧૯૧૦માં હું. મારાં પત્ની તથા ત્રણ બાળકો કાઠિયાવાડને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવાસે ગએલાં. મોટા ગણાતા એક રાજ્યની રાજધાનીમાં એક મિત્રને ત્યાં અમે ઊતર્યાં હતાં. એક સાંજે તે મિત્રની સાથે અમે ફરવા ગએલાં. સરોવર જેવા મોટા તળાવની ચારે બાજુ બાંધેલી પાળ ઉપર અમે ફરવા માંડ્યું, તેવામાં સામેથી એક સિપાઇએ આવી અમને કહ્યું કે રાણીસાહેબ આવે છે એટલે નીચે ઊતરી જાઓ. મારા મિત્ર ને હું નીચે ઊતર્યા. સ્ત્રી સ્ત્રીની લાજ તો ના જ કાઢે એમ માનીને મારાં પત્નીએ તો આગળ ચાલવા જ માંડ્યું; પણ તેમને ય તે સિપાઇએ કહ્યું કે તમે પણ ઊતરી જાઓ. તે આશ્ચર્ય-ચકિત થઇને નીચે ઊતર્યાં. રાણીસાહેબ ગયા પછી અમે પાછાં પાળ ઉપર ચઢી ફરવા માંડ્યું તળાવની બરાબર સામેની બાજુ પહોંચતાં પાછો બીજો સિપાઇ આવ્યો ને અમને ઊતરી જવા સૂચવ્યું. અમે ઊતર્યા, પાછલે અનુભવે મારાં પત્ની પણ ઊતરવા લાગ્યાં. પણ આ સિપાઇએ તેમને જણાવ્યું કે તમે નહિ ઊતરો તો ચાલશે. એટલે એમણે નહિ ઊતરતાં આગળ ચાલવા માંડ્યું. થોડી જ વારમાં રાણીસાહેબ સાથે એમને ભેટો થયો. રાણીસાહેબે પૂછ્યું: “ કયાંથી આવો છો?”

આમણે ઉત્તર આપ્યો : “વડોદરા તરફથી, કાઠિયાવાડ જોવા નીકળ્યાં છીએ.”

“કયાં ઊતર્યાં છો?” “અમારા મિત્ર ....ને ત્યાં.”

“આ શહેરમાં કંઇ જોવા જેવું મળ્યું?”

“બીજું તો ખાસ નહિ, પણ અહીં સ્ત્રી સ્ત્રીની લાજ કાઢે છે એ જોવા જેવું ખાસ મળ્યું. અમારા તરફ તો એવો રિવાજ કયાં ય નથી.”

“ના ના, એવું તો કંઇ ખાસ નથી; તમે એ કયાં જોયું?”

“અહીં જ. સામે કાંઠે અમે ફરતાં હતાં, ત્યારે તમે આવતાં હતાં એટલે તમારા સિપાઇએ મારી સાથેના પુરુષોને ઉતાર્યા, મને પણ ઉતારી!”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળીને રાણીસાહેબનું મોં ગંભીર બની ગયું. બીજી થોડી વાતો પછી એ બે છૂટાં પડ્યાં ને અમે સૌ ઘેર આવ્યાં. મારા એ મિત્રને રાજમહેલમાં પરિચય હતો, રાણીસાહેબ સાથે વાત કરવાનો સંબંધ હતો. તે રાત્રે એ રાજમહેલમાં ગયા ત્યારે રાણીસાહેબે તેમને તે દિવસે બનેલા પ્રસંગની વાત કરી. તે મિત્રે એ વાતની સાખ પૂરી ને રાણી કંઇક સંકોચ પામ્યાં. મિત્રે આવીને અમને એ વાત કહી.

સ્ત્રીને વસ્ત્રાભૂષણથી સજાવી કામપૂતળી બનાવવી અને પછી તેના પ્રત્યે શંકાશીલ થઇ, પરપુરુષ પ્રત્યે ઇર્ષ્યાળુ થઇ તેને સંતાડવી – તેને ઘૂમટામાં કે પડદામાં રાખવી અથવા લાજ કઢાવવી – એ પુરુષની કામલોલુપતાની પારાશીશી છે.

હિંદુઓના ઘૂમટાના રિવાજનાં કેટલાક યુરોપિયનો સ્તુતિગાન કરે છે. ઓટો રોટફેલ્ટ (Otto Rotfeld) કહે છે કે હિંદુ સ્ત્રીઓ "પડદામાં ને તેથી એકાન્તમાં રહે છે તેથી તેમનું લાવણ્ય ખીલે છે ને તે વાતનું એમને પોતાને ભાન પણ છે. અમેરિકન શાળાઓમાં સ્ત્રીપુરુષો એકઠાં ભણે છે ને રમે છે, એ કઢંગી પદ્ધતિથી પરસ્પરનું આકર્ષણ ઘસાઇ જાય છે. હિંદુસ્થાનમાં સ્ત્રીઓ પુરુષોને પ્રસંગોપાત્ત જ દેખા દે છે ને ભાગ્યે જ મળે છે, તેથી તો એટલી એમની કિંમત અંકાય છે, ને એમની અર્ધી સત્તા પણ એથી જ જામે છે.

વળી બાર્બારા વિંગ્ફીલ્ડ સ્ટ્રૅટફર્ડ (Barbara Wingfield-Stratford) નામે હિંદુસ્થાનમાં રહી ગએલી અંગ્રેજ બાઇ *India and the English* નામે પોતાના પુસ્તકમાં જણાવે છે કે "હિંદુસ્થાનની સ્ત્રીઓને પડદો બહુ આશ્ચર્યજનક ભાવે બંધબેસતો આવી ગયો છે, અથવા તો સંસારભરમાં એ રિવાજ સ્ત્રીત્વનો સુંદરતમ નમુનો પેદા કરે છે એની ના પાડી શકાય એમ નથી. અને વળી એ પણ ભૂલવું ન જોઇએ કે પુરુષો કરતાં સ્ત્રીઓ એ રિવાજને વધારે વળગી રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

. . . કારણકે પડદા પાછળ રહેવામાં માન મનાય છે. ઊંચા કુળની જ સ્ત્રીઓ પડદેનશીન હોય છે, અને જેમ કુળ ઊંચું તેમ પડદો વધારે સખ્ત પળાય છે. વળી ઝનાનો દુઃખનું સ્થાન છે એમ માનવું એ પણ ભૂલ છે. એ તો આનંદ ઉડાવવા ને ગમે તેવી વાતો કરવા માટેની કન્યાશાળા જેવું સ્થાન છે. . . . અને એ બધીની ઉપર મહેતી જેવી કઠણ પણ માયાળુ સાસુ હોય છે. તેમની ભાવના પ્રમાણે તેઓ આનંદ પણ ભોગવે છે — પવિત્ર નદીએ જાય કે મંદિરે જાય કે તેમના જેવો જ ઝનાનો પાળનાર કુળવાનને ઘેર બેસવા જાય. અર્થાત્ પડદા પાછળનું જીવન આનંદભર્યું હોય છે, અને ત્યાંની નાની વહૂઓ આનંદ ઉડાવે છે" (પૃષ્ઠ ૧૧૯).

પણ ભીતરની વાતો પરદેશીઓ શું જાણે? મિસ મેયો જેવાં કેટલાંક પરદેશીઓ હિંદુસ્થાનને ગાળો જ ભાંડીને આનંદ માણે, આવા લોક એનાં સ્તુતિગાન ગાઇને સંતોષ માને. ઉપર ઉપરથી જોનારને સાચી વાતો ના સમજાય. બાકી ગંભીર અભ્યાસ કરનારને જ સમજાય કે ઘૂમટાને કે લાજને કે પડદાને રિવાજે સ્ત્રીઓને અને તેથી પુરુષોને ને આખા સમાજને કેવી ગંભીર હાનિ કરી છે. પડદા પાછળ રહેનાર સ્ત્રીઓનાં શરીર, હવાપ્રકાશ વિના ને બહાર હરવાફરવા વિના, રોગી બને છે. પડદા પાછળ રહેનાર સ્ત્રીઓ વધારે પ્રમાણમાં ક્ષયરોગનો ભોગ થઇ પડે છે. તેમનાં જીવન નિરાશ ને શુષ્ક બની જાય છે, બહારનો આનંદ એ લેઇ શકતી નથી. એથી જે હાનિ થાય છે એને વર્ણવવાની જરૂર છે?

પરપુરુષની દૃષ્ટિથી બચાવવા માટે સ્ત્રીને પડદા પાછળ રાખવામાં આવે છે, પણ એ ઉપાય મિથ્યા છે. જે વસ્તુની મના કરો તે વસ્તુ વિષે વધારે આકર્ષણ થવાનું. કોઇને તમે કહો કે 'તારા ચૂલા નીચે ધન છે, પણ ખોદતી વખતે કાળિયા કૂતરાને યાદ ન કરતો. યાદ કરીશ તો ધન ખશી જશે.' ખોદવાને માટે તે માણસ કોદાળી હાથમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેશે કે તુરત જ તેને કાળિયો કૂતરો જરૂર યાદ આવવાનો. કૃષ્ણે પેટીમાં પૂરી રાક્ષસને માર્યો. તે પેટી ઘેર લાવી સુભદ્રાને સાચવવા આપી ને તે ના ઉઘાડવાની ચીવટથી સૂચના કરી. કૃષ્ણના ગયા પછી સુભદ્રાએ તે જરૂર ઉઘાડી.

ત્યારે "પુરુષની કુદૃષ્ટિથી સ્ત્રીઓનું રક્ષણ કરવા સારૂ પડદો એ ઇલાજ નથી, પણ પુરુષની પવિત્રતા એ ઇલાજ છે. પુરુષને પવિત્ર કરવામાં સ્ત્રી બહુ મોટો ભાગ લેઈ શકે છે. પડદામાં રહેલી દબાએલી સ્ત્રી પુરુષને પવિત્ર કેમ બનાવી શકે? તેને પુરુષથી બ્હીને ચાલવાની પ્રથમથી જ ટેવ પાડવામાં આવે તો પુરુષને કેમ સુધારે? વળી પડદામાં રાખવામાં જ સ્ત્રીમાં એક દોષ પેદા કરવું જેવું થાય છે. મારી માન્યતા છે કે પડદો નીતિનો પોષક નથી પણ ઘાતક છે. નીતિને પોષવા નીતિની કેળવણી, નીતિનું વાતાવરણ, મોટેરાંઓમાં નીતિનું આચરણ, એ જોઇએ" ('ત્યાગમૂર્તિ અને બીજા લેખો' : ૧૨૪).

પણ જ્યાં પુરુષો અનેકપત્ની લગ્ન કરે ત્યાં નીતિની કેળવણી, નીતિનુ વાતાવરણ, મોટેરાંઓમાં નીતિનું આચરણ, એ સૌની આશા ક્યાંથી જ રખાય? અને પછી એવા લોકને તો સ્ત્રીઓને પડદે પૂરવાનું સૂઝે જ ને? પડદો નહિ રાખનારી સ્ત્રીઓ પડદો રાખનારી સ્ત્રીઓ કરતાં વધારે નીતિભ્રષ્ટ નથી હોતી એ જાણ્યા છતાં પોતાના આચારવિચારને પરિણામે એ પુરુષો ભય પામે છે ને સ્ત્રીઓને પડદે પૂરે છે. અને એનું સૌથી ભયંકર પરિણામ તો એ આવ્યું છે કે સ્ત્રીઓની પરાધીનતાની માત્રા ખૂબ વધી ગઇ છે. પણ એ તો સત્તાસ્વાર્થમાં રમતા પુરુષને જોઇએ જ છે!

આ ઉપરથી એમ સમજવાનું જરા ય કારણ નથી કે એકબીજાની મર્યાદા જાળવવાની જરૂર નથી. સ્ત્રીએ પુરુષની, પુરુષે સ્ત્રીની, નાનાંએ મોટાંની, મોટાંએ નાનાંની, સૌએ એકબીજાની મર્યાદા રાખવાની જરૂર છે જ. કોની સાથે શું ને કેમ બોલવું, કેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસવું ઊઠવું ને કેમ વર્તવું એમાં વિનય ને મર્યાદા રાખવાની જરૂર છે જ. નાનાં ઉપર મોટાંના અને સમાનો ઉપર સમાનોના ઉપકાર વારંવાર થાય છે. પરાધીનતા સેવ્યા વિના પણ ઉપકાર પામેલાંએ ઉપકાર માટે વિનયથી પોતાની લાગણી દેખાડવી ઘટે જ.

આવા વિનયપ્રદર્શન માટે પણ અનેક પ્રકારના આચાર નીકળ્યા છે. ઋગ્વેદમાં પુરુષસૂક્તના ઋષિઓએ ઈશ્વરનું નામ ન દેતાં તેને પુરુષને નામે વર્ણવ્યો છે. આજે આપણે મહાપુરુષને નામ દેઇ નથી બોલાવતા. એ આચાર જડ થતાં આજે આપણામાં પતિપત્ની પણ એકબીજાનું નામ નથી બોલતાં. કામવિલાસનું પાત્ર હોવાને કારણે પણ એ શરમ આવી હોય.

અતિપરિચયમાં રહ્યાથી મર્યાદાના બાહ્યાચારની બહુ જરૂર ન પણ રહે. જર્મનોમાં પતિ પત્નીને, પત્ની પતિને, પિતામાતા પુત્ર-પુત્રીને, પુત્રપુત્રી પિતામાતાને, સૌ એકબીજાને Du (તું) શબ્દથી જ સંબોધે છે. આપણામાં પતિ પત્નીને તથા માબાપ બાળકોને 'તું' શબ્દથી સંબોધે છે, પત્નીએ પતિને તથા બાળકોએ માબાપને 'તમે' શબ્દથી સંબોધવાં પડે છે. આ પત્નીની ને બાળકોની કંઇક પરાધીનતાની પણ નિશાની છે.

પણ મર્યાદા શબ્દનો અપભ્રંશ મલાજો થયો ને તેનો ભાવ વિકૃત પામ્યો ત્યારે તેમાંથી સ્ત્રીની પરાધીનતાનો વિકાસ થઇને તેને માટે એ મલાજાએ ઘૂમટાનું સ્વરૂપ લીધું. જેમ આપણે અહીં તેમ અનેક જાતિઓમાં એમ થયું છે. ઉત્તર અમેરિકાની ઓમાહા (Omaha) જાતિની કન્યાઓ પોતાના દાદા, પિતા કે ભાઇ સાથે જ બોલી શકે. કોઇ પણ સ્ત્રી પોતાના જમાઇની પણ પાસે થઇને બનતા સુધી નહિ જાય, અને અનિવાર્ય પ્રસંગ વિના પોતાના સસરાની સાથે નહિ બોલે. ત્યાં કોઇ પુરુષ પોતાની સાસુ કે વડ-સાસુ સાથે એક શબ્દ પણ બોલે નહિ. ત્યાંની ઇરોકવોઇસ (Iroquois)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતિમાં ગયા સૈકા સુધી એવું હતું કે પોતાના શ્વશુરપક્ષની કોઇ કન્યા સાથે વાત કરવા કોઇ પુરુષ ઊભો રહે તો તેનું અપમાન કરવામાં આવતું. તે જાતિની કોઇ કન્યા પોતાના ફુઆને એનું નામ દેઇને બોલાવે તો એ ગુનો ગણાતો. પણ આ તો મર્યાદાને નામે સ્ત્રીજાતિ પ્રત્યે શંકા ને તેની પરાધીનતા છે. આવી અઘટિત મર્યાદા જવી જ જોઇએ, સાચી મર્યાદા જળવાવી જોઇએ.

બાકી ઘૂમટો અને એમાંથી વિકાસ પામેલો પડદો, વગેરે બધા રિવાજો નારીજાતિની પરાધીનતા છે અને એ રિવાજોએ પાછી પરાધીનતાને પોષી વધારી છે.

આ આખા અધ્યાયની ચર્ચા ઉપરથી જણાશે કે અનેકપત્ની લગ્ન કરનાર પુરુષોએ પત્નીઓ પ્રત્યે શંકાશીલ અને પરપુરુષો પ્રત્યે ઇર્ષ્યાશીલ બનીને પોતાની સ્ત્રીઓને સંતાડવાને – અનાચારથી તેનું રક્ષણ કરવાને – ઘૂમટાની યોજના કરી છે. પણ તેથી ધાર્યાં પરિણામ આવ્યાં નથી, અનેક વાર તો ઘૂમટાની છત્રછાયા નીચે જ અનાચાર ઢંકાયા છે. અને જ્યાં સુધી અનેકપત્ની લગ્ન હશે ત્યાં સુધી અનાચાર એ તો સ્વાભાવિક પરિણામ હશે જ. માટે અનાચાર અટકાવવાને પ્રથમ તો અનેકપત્ની લગ્નની પ્રથા એકદમ અટકાવવી જોઇએ ને એમ થતાં ઘૂમટો પણ આપોઆપ ચાલ્યો જશે, એની જરૂર જ નહિ રહે.

સ્ત્રી અનાચાર ન કરે એમ પુરુષવર્ગ ઇચ્છતો હોય તો તેણે જ અનાચાર કરતાં અટકી જવું જોઇશે, કારણકે સ્ત્રીને અનાચારમાં રગદોળનાર પુરુષ જ છે. પુરુષ વાતાવરણને પવિત્ર કરશે તો સમાજ પવિત્ર થશે, બાકી ઘૂમટા વગેરે ઉપાય તો હવાતિયાં છે.

પિતૃગૃહની સંયુક્ત કુટુંબની સંસ્થાએ પણ ઘૂમટાના રિવાજને પોષણ આપ્યું છે. માતૃગૃહના સંયુક્ત કુટુંબમાં ઘૂમટો નહિ હશે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણકે ત્યારે નારીની આજની પરાધીનતા નાશ પામી હશે. અને ઘૂમટો નારીની પરાધીનતાનું લક્ષણ છે એની તો કોણ ના પાડી શકે એમ છે? ઉચ્છૃંખલ સ્વતંત્રતા ભોગવનાર નર, ગમે એટલો અનાચાર કરતો છતે, કોઇ પણ પ્રકારના ઘૂમટા ક્યારે સ્વીકારે છે?

અને જ્યારે નારીની પરાધીનતાનો નાશ થશે, પુરુષની ઉચ્છૃંખલતાનો નાશ થશે, પવિત્રતા પ્રવર્તશે, ત્યારે ઘૂમટો તો આપોઆપ જશે જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૩૯

નારીની આર્થિક પરાધીનતા

પાછળ વારંવાર જણાવ્યું છે તેમ આદિ માનવસમાજમાં માતૃગૃહની કુટુંબસંસ્થા હતી. એ સંસ્થામાં માતા ગૃહરાજ્ઞી હતી તથા દીકરીએં વારસો ઊતરતો. આમ તે કાળે સ્ત્રી જ કુટુંબના સૌ ધનની માલેક હતી, પુરુષ નિર્ધન હતો. અને સર્વ ગુણાઃ કાઞ્ચનમાશ્રયન્તે એમ માનવી માનવા લાગ્યો ત્યારથી – એમ માનીને માનવી ધનસંગ્રહ કરવા લાગ્યો ત્યારથી – સ્ત્રીની સત્તા સ્વતંત્ર મનાવા લાગી. તે વારે ધનને પ્રતાપે સ્ત્રી સર્વસ્વતંત્ર હતી. આવી માતૃગૃહની કુટુંબસંસ્થા પૂર્વે સર્વે જાતિઓમાં હતી, આજે પણ અનેક જાતિઓમાં છે

હેરોડોટસના (Herodotus, ઇ. સ. પૂ. ૪૯૦ – ૪૨૦) સમયમાં ઇજિપ્તમાંથી માતૃગૃહ લગભગ અદૃશ્ય થઇ ગયું હતું, છતાં ત્યાંની સ્ત્રીઓની આર્થિક સ્વતંત્રતા અખંડ હતી. અને તેથા તેને કેટલીક ફરજો બજાવવી પણ પડતી: "માબાપનું ભરણપોષણ પુત્રને કરવું હોય તો કરે, તેના ઉપર તેમ કરવાની ફરજ નથી. એવી ફરજ તો પુત્રી ઉપર જ છે, એમ કરવાની એની ઇચ્છા ન હોય તો ય કરવું પડે છે." હેરોડોટસનાં આ વાક્ય જ જણાવે છે કે વારસો પુત્રને નહિ, પણ પુત્રીને ત્યારે પણ ઊતરતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી ઘરના સર્વ વ્યવહારમાં સ્ત્રીનો બોલ પળાતો. કેટલીક વખત તો પોતાના પુરુષને બિલકુલ નિર્ધન કરી મૂકતી ને તેથી એ સ્ત્રી પોતાને 'જીવતાં પાળે ને મરતાં બાળે' એટલા માટે એનો પુરુષ બરાબર કહ્યાગરો રહેતો. છતાં ધન કમાનારો પુરુષ રહ્યો એટલે ઘરમાં એ બંનેની સત્તા કંઇક અંશે સમતોલ રહેતી.

આમ ઇજિપ્તમાં આર્થિક સ્વતંત્રતાને બળે સ્ત્રીને સર્વ પ્રકારની સ્વતંત્રતા હતી પ્રાચીન ગ્રીસમાં ને રોમમાં પણ એ જ બળે સ્ત્રી સ્વતંત્રતા ભોગવતી. આજે પણ અમેરિકાની, આફ્રિકાની, તિબેટની ને નાયર વગેરે હિંદુસ્થાનની અનેક જાતિઓમાં દીકરીએ વારસો ઊતરે છે અને તેથી ત્યાં સ્ત્રીઓ અનેક વિષયોમાં સ્વાધીન છે, પરાધીન તો નથી જ. આ ઉપરથી સમજાશે કે માતૃગૃહમાં સ્ત્રી આર્થિક સ્વાધીનતા ભોગવે છે.

પણ કાળે કરીને માતૃગૃહની કુટુંબસંસ્થા લુપ્ત થતી ગઇ અને પિતૃગૃહની સંસ્થા સ્થપાતી ગઇ, તેમ તેમ પુત્રને વારસો મળવાની વ્યવસ્થા થયાથી પુત્રી કરતાં તેની મહત્તા વધતી ગઇ, સ્ત્રીની આર્થિક સ્વતંત્રતા ઘટતી ગઇ, તે પરાધીન થતી ગઇ

છતાં યે પિતૃગૃહની શરૂઆતમાં તો સ્ત્રીની સ્થિતિ આજના કરતાં બહુ જ સારી હતી. માતૃગૃહમાં પુત્રી માતાના જ ઘરમાં રહેતી ને માતાની મિલકતની માલેક થતી, પિતૃગૃહમાં તેને સાસરે જવું પડ્યું, છતાં મિલકત ઉપરના તેના હક છેક નષ્ટ ન થયા. પરણીને સાસરે જતાં પતિની મિલકતની એ સહભાગિની થઇ, પુરુષ અને સ્ત્રી એ બે ઘરનાં સરખાં પતિ – દમ્પતી – થયાં.

આર્યો આર્યાવર્તમાં આવ્યા ત્યારે તેમનામાં પિતૃગૃહની કુટુંબ-સંસ્થા સ્થપાઇને સ્થિર થઇ ગઇ હતી, છતાં યે ત્યાર પછી અનેક કાળ સુધી માતૃગૃહની કુટુંબસંસ્થાના અવશેષ રહી ગયા હતા, પુત્રીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઇક વારસો આપવાની વ્યવસ્થા ચાલુ હતી : "બ્રાહ્મણી સ્ત્રીને તેના પિતાએ જે ધન આપ્યું હોય તે તેની કન્યાએ જ લેવું, કારણકે જેવો પુત્ર છે તેવી જ પુત્રી છે અને શાસ્ત્રમાં પણ પુત્રીને પુત્ર સમાન કહેવામાં આવી છે" (મહાભારત, અનુશાસન પર્વ ૪૭ : ૨૫). "જેવો પોતાનો પુત્ર તેવી જ પુત્રી ગણાય છે. માટે પોતાની પુત્રી જ્યાં સુધી પોતાની પાસે હોય ત્યાં સુધી બીજા ભાઇઓ વગેરે પોતાના ધનને કેમ લેઇ શકે? માતાનું જે કંઇ ધન હોય છે તે પુત્રીના જ ભાગરૂપ ગણાય છે અને જે પુરુષ પુત્રહીન અવસ્થામાં મરણ પામે તેનું પણ ધન પુત્રીને જ મળવું જોઇએ, અથવા પુત્રી મરણ પામી હોય તો દૌહિત્ર જ તે ધનને લેઇ શકે છે" (અનુ-શાસન પર્વ ૪૫ : ૧૦ – ૧૨). "માતા મરી ગયા પછી સર્વે સગા ભાઇઓએ તથા સગી બેનોએ માતાના ધનને સરખે ભાગે વહેંચી લેવું, તથા તેઓની જે અવિવાહિત કન્યાઓ હોય તેઓને પણ માતામહીના ધનમાંથી પ્રીતિપુર્વક કંઇક ઉચિત ધન આપવું. વળી માતામહી તરફથી માતાને મળેલું ધન માતા મરી ગયા પછી દીકરીનો જ ભાગ ગણાય છે." પિતાના ધનમાંથી પણ "પ્રત્યેક ભાઇએ પોતપોતાના ભાગમાંથી ચોથો ભાગ પોતાની કુમારી બેનોને આપવો. જે ચોથો ભાગ આપવાને ઇચ્છતા નથી તે પાતકી ગણાય છે" (મનુસ્મૃતિ ૯ : ૧૯૨, ૧૯૩, ૧૩૧, ૧૧૮).

માતૃગૃહની કુટુંબસંસ્થાના આવા અવશેષ મહાભારત અને સ્મૃતિકાળ સુધી પણ પિતૃગૃહની કુટુંબસંસ્થામાં ટકી રહ્યા, ત્યારે ઠેઠ વેદકાળમાં તો સ્ત્રીની પદવી કેટલી ઊંચે હશે એ તો સહજે કલ્પી શકાય. ઘરમાં એ રાણીની પદવી ભોગવતી. તેને સાસરે જતી વેળાએ આશીર્વાદ અપાતા કે

संराज्ञी श्वशुरे भव संराज्ञी श्वश्रुवान् भव ।
ननान्दरि संराज्ञी भव संराज्ञी अधिदेवेषु ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તારા સસરાના સંબંધમાં, તારી સાસુના સંબંધમાં, તારી નણંદના સંબંધમાં, કુટુંબનાં સર્વેના સંબંધમાં તું રાણી થજે." અને ત્યારે તેને પોતાનું ધન સ્વતંત્ર રીતે પ્રાપ્ત કરવાના પણ સંપૂર્ણ અધિકાર હતા. લગ્નક્રિયાને પ્રસંગે કન્યાનો પિતા જમાઇને કહેતો : धर्मे च अर्थे च कामे च नातिचरेदिमाम् (આને–આ મારી પુત્રીને–ધર્મ, અર્થ ને કામ પ્રાપ્ત કરતાં અટકાવવી નહિ), ત્યારે એ જમાઇ વચન આપતો કે नातिचरामि (નહિ અટકાવું).

અને સ્ત્રી પરણીને સાસરે ગઇ કે તે પતિના ગોત્રની થઇ, પતિના ધનમાં તેની સહભાગિની થઇ, સ્ત્રીપુરુષ ઘરનાં સરખાં પતિ–દંપતી–થયાં. આ વાત સ્મૃતિકારોએ પણ સ્વીકારી છે. જૈમિની કહે છે કે दंपत्योः सहाधिकारात् (દંપતીના સહિયારા અધિકારને લીધે). દત્ત કહે છે કે दंपत्योर्मध्यगं धनम् (દંપતીનું મઝિયારૂં ધન છે). અને તેથી કુટુંબની મિલકત જ્યારે વહેંચાતી ત્યારે સ્ત્રીને પણ એક પુત્રના જેટલો ભાગ મળતો. "કારણ વગર સ્ત્રીનો ત્યાગ કરવામાં આવે તો પતિની મિલકતમાંથી તેને ત્રીજો ભાગ મળે. તેના ઉપર શોક લાવવામાં આવે તોપણ તેને તે ભાગ મળે. જેને પતિ તરફથી કે પિતા તરફથી સ્ત્રીધન ન મળ્યું હોય તેને સરખો ભાગ મળે." આમ યાજ્ઞવલ્ક્યે ઠરાવ્યું છે.

પણ પછી પિતૃગૃહ જડ થતું ગયું, લગ્નવિષયમાં સ્ત્રી ઉપરનાં બંધન વધતાં ગયાં તેમ તેમ તેના આર્થિક અધિકારો લોપાતા ગયા. ઘરની સૌ મિલકતનો અધિકારી એકલો પતિ થઇ બેઠો. એવી નિરાધાર સ્થિતિમાં તેને કંઇક સ્ત્રીધન આપીને વાત પતવી દેવામાં આવી. આજે અંગ્રેજ સરકાર હિંદી પ્રજાના સ્વરાજ્યના અધિકાર લુપ્ત કરી દેઇને થોડીક નોકરીઓ કે બીજા થોડાક અધિકારો આપીને જેમ પતવી દે છે તેમ જ તે કાળે પુરુષોએ સ્ત્રીઓને થોડુંક સ્ત્રીધન આપીને તેના સ્વતંત્ર આર્થિક અધિકાર લુપ્ત કરી દીધા. પછી તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"(૧) લગ્નપ્રસંગે પિતા વગેરેએ આપેલું, (૨) સાસરે જતાં પતિ વગેરેએ આપેલું, (૩) ત્યાર પછી પ્રીતિએ કરીને પતિએ (૪) ભાઇએ, (૫) માતાએ અને (૬) પિતાએ આપેલું, એ ૬ પ્રકારનાં ધન તે સ્ત્રીધન છે" (મનુ ૯ : ૧૯૪). અને એટલા જ ધનની એ માલેક છે. પણ વળી, "પુત્રનો પુત્ર ગુજરી જાય અને તેની પાછળ સ્ત્રી ન હોય તો તેની મા ધનની વારસ થાય છે અને મા મરી ગયા પછી બાપની મા વારસ થાય છે" (૯ : ૨૧૭). છતાં યે એ ધન ઉપર સ્ત્રીનો સ્વતંત્ર અધિકાર નથી, માત્ર મર્યાદિત જ છે. એમાંથી કશું ય એ સ્વતંત્ર રીતે વાપરી શકે નહિ. મનુ કહે છે કે 'પોતાના પતિની આજ્ઞા વિના સ્ત્રીએ પોતાના ધનમાંથી કંઇ પણ વાપરવું નહિ, તેમ જ સઝિયારી મિલકતમાંથી તેણે ધનનો સંચય કરવો નહિ" (૯ : ૧૯૯). "પુરુષે પોતાના ધનમાંથી ત્રણ હજાર દામ પોતાની સ્ત્રીને આપવા અને સ્ત્રીએ પોતાના પતિએ આપેલા ધનનો યોગ્ય રીતે જ ઉપયોગ કરવો. અપુત્ર મરણ પામેલા પતિના ધનનો તેની સ્ત્રીઓએ માત્ર ઉપભોગ કરવો એમ શાસ્ત્રમાં કહ્યું છે, પણ સ્ત્રીઓએ પતિના ધનમાંથી કોઇ રીતે અપહાર કરવો નહિ" (અનુશાસન પર્વ ૪૭ : ૨૩, ૨૪). અને અંતે તો "હે રાજા ભાર્યા, દાસ અને પુત્ર એ ત્રણ નિર્ધન કહેવાય છે" (આદિપર્વ ૮૨ : ૨૨). તેમજ "ભાર્યા દાસ અને પુત્ર આ ત્રણે નિર્ધન કહેવાય છે. તેઓ જે ધન સંપાદન કરે છે તે ધન તેઓ જેનાં હોય તેનું ગણાય છે" (મનુ ૮ : ૪૧૬). આમ મહાભારતે અને મનુસ્મૃતિએ જાણે બંનેએ એકસંપ કરીને સ્ત્રીને નિર્ધન કરી મૂકી છે ને એ રીતે પરાધીન પણ.

અને આમ આર્થિક પરાધીન દશામાં સ્ત્રીની અવસ્થા કેવી હોય તે સહેજે સમજી શકાય. મહાભારત- અને સ્મૃતિ-કાળ પછી તો તેની પરાધીનતા વધતી જ ચાલી છે. તે કાળે જ પુરુષની એ कार्येषु

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાસી તો થઇ પડી હતી, આજે એનું એ દાસીત્વ સજ્જડ થઇ ગયું છે. સંસારના સર્વ વ્યવહાર લક્ષ્મીનારાયણને પ્રતાપે ધનથી ચાલી રહ્યા છે. મહાભારતે અને મનુસ્મૃતિએ એને નિર્ધન બનાવી મૂકી છે, એ આધારે ઘરની મિલકત ઉપરના એના સૌ અધિકાર નષ્ટ કરીને એનો લક્ષ્મીનારાયણ પતિ સ્ત્રીની જાતનો પણ ધણી થઇ બેઠો છે; એણે એને ગુલામગીરીની નાથે નાથી લીધી છે, પોતે એનો નાથ થઇ બેઠો છે! પરિણામે ધનવાન પતિની પત્નીને બે પૈસાની બંગડી ખરીદવી હોય તો ય પતિ પાસે એને દીનમુખે હાથ ધરવો પડે પોતાને શોખે પતિએ પહેરાવેલાં વસ્ત્રાભૂષણ વડે ઉપર ઉપરથી રાજરાણી જેવી દેખાતી શેઠાણીને ભર્યાભાદર્યા ઘરમાં પણ પળે પળે આવી દીનતા અનુભવવી પડે છે. ધણી ધારે તો એ વસ્ત્રાભૂષણ પણ ઉતારી લેઇ તેની દીનતા વધારી મૂકે છે. પરિણામ ઘણે પ્રસંગે તો એ આવે છે કે અનેક સ્ત્રીઓ નિરુપાય થયે કોઇ ને કોઇ રીતે પાઇ પૈસો ચોરી ચોરીને એકઠો કરે છે. એમ કરીને પોતે છાનો ધનસંગ્રહ કરે છે અને કંઇક આર્થિક સ્વતંત્રતા ભોગવવાનો પ્રયત્ન કરે છે, પોતાની દીનતામાં કંઇક આશ્વાસન લે છે. અનેકના અનુભવમાં આવ્યું હશે કે અનેક સારે ઘેર પણ સ્ત્રીઓ આમ ચોરીને ગુપ્ત ધનસંગ્રહ કરે છે. અને એ ધનસંગ્રહ ગુપ્ત હોવાથી તેનો ઉપયોગ પણ ગુપ્ત રીતે જ કરે છે. અનેક સ્ત્રીઓ ખોટે માર્ગે વાપરે છે, અનેક દુરાચારી મહારાજોને ને સાધુઓને પોષે છે અને એમ કરીને એમના દુરાચારને પણ પોષે છે. અનેકના એવા ધનસંગ્રહ જેને ત્યાં ગુપ્ત રીતે રાખ્યા હોય તે જ ખાઇ જાય છે ને તે ગુપ્ત હોવાથી ચોરની માને કોઠીમાં મોં ઘાલીને રોવા જેવું થાય છે. અને આમ આવા ગુપ્ત ધનસંગ્રહ ઘણું કરીને અનર્થક માર્ગે જ વહી જાય છે, થોડીક જ સ્ત્રીઓનો એવો ધનસંગ્રહ સારે માર્ગે વપરાતો હશે. અને સધન ઘરની, પણ નિર્ધનતાએ અંતરાએલી સ્ત્રી એમ ગુપ્ત ધનસંગ્રહ કરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ તો બીજું કરે પણ શું? આમાં જો દોષ હોય—અને છે જ, તો તેને નિર્ધન કરી મૂકનાર પુરુષનો જ છે.

અને જ્યાં સધવાની આ દશા છે ત્યાં વિધવાની તો સારી ક્યાંથી જ હોય? પ્રાચીન કાળે સધવાના આર્થિક અધિકાર હણાતા ગયા તેમ તેમ સાથે સાથે જ વિધવાના પણ હણાતા ગયા. મધ્ય યુગમાં તો તેને બિચારીને છેક જ નિરાધાર ને અનાથ બનાવી મૂકેલી. પતિનો વારસો દંપતીના હકથી તેની વિધવાને મળવાને બદલે પતિનાં બીજાં સગાંને મળે ત્યાં બીજું શું હોય? આથી વિધવાની સ્થિતિ એટલી બધી લાચાર થઇ ગઇ કે ગમે તો તેણે સતી થઇને મરી જવાનો, અને એમ કરીને પોતાની દીન સ્થિતિનો અંત આણવાનો, અથવા તો જીવવું હોય તો દીન દાસી થઇ પેટ ભરવાનો માર્ગ લેવો પડતો.

પણ યુગે યુગે સહૃદય પુરુષો ઉત્પન્ન થાય છે એમ એ મધ્યયુગમાં પણ કેટલાક સહૃદય પુરુષ ઉત્પન્ન થયા, એમણે વિધવા ઉપર દયા આણી. પતિનાં સગાંઓને બદલે વિધવાને વારસાનો હક મળવો જોઇએ એવું યાજ્ઞવલ્કયે પ્રતિપાદન કર્યું. પરંતુ દંપતીના હકથી પતિની મિલકત વિધવાને મળવી જોઇએ એવું તો એ યુગમાં સૌથી પ્રથમ વિજ્ઞાનેશ્વરે જ ઠરાવ્યું. એણે મિતાક્ષરામાં ઠરાવ્યું કે પતિ સંયુક્ત કુટુંબમાંથી જુદો નીકળ્યો હોય તો જ વિધવાને પતિની મિલકતનો વારસો મળે, સંયુક્ત કુટુંબમાં પતિ મરી જાય તો વિધવાનો હક તે મિલકત ઉપરથી નષ્ટ થાય છે ને પતિના બીજા સહભાગીઓને એ વારસો મળે છે. પણ વિજ્ઞાનેશ્વરનો એ મત જીમૂતવાહને સ્વીકાર્યો નથી. એણે તો ઠરાવ્યું છે કે પત્ની લગ્નપ્રસંગથી જ પતિની મિલકતની સહભાગિની થાય છે અને પતિના મરણથી વિધવાના એ અધિકાર નષ્ટ નથી જ થતા. અનંતદેવે અને નંદપંડિતે તો દત્તક લેવાના અધિકાર પણ વિધવાને આપ્યા. અને મિથિલાના વાચસ્પતિમિશ્રે તો બાળકના વાલીપણા માટે પિતા કરતાં ય માતાને અગ્રસ્થાન આપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ સૌ સુધારકોના પ્રયત્નો નિષ્ફળ જ નીવડ્યા, સમાજે તો વિધવાને નિર્ધન ને નિરાધાર જ રાખી. પતિની મિલકતમાંથી એ પોતાનો જીવનનિર્વાહ ચલાવે એટલું જ એને માટે ઠરાવ્યું.

પ્રાચીન રોમનોમાં પણ વિધવાની દશા પરાધીન જ હતી, પણ પાછળથી જરાતરા સુધરી. એવું ઠર્યું કે વિધવા નિર્ધન હોય, તેને સ્ત્રીધન પણ ન હોય, ત્યારે તેને પોતાનાં બાળકો જેટલો ભાગ મૃત પતિની મિલકતમાંથી મળે—ત્રણ બાળકો હોય તો ચોથો, એકેય ન હોય તો આખો ભાગ મળે. પણ પછી એ પ્રજાએ ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો, એટલે પાછી વિધવાની અવદશા બેઠી. યાહુદીઓમાં વિધવાને વારસો મળતો નહિ. તેને પોતાના નિર્વાહનો આધાર પોતાના પુત્રો ઉપર રાખવો પડતો, પણ "પુત્ર ન હોય ને પોતાના પિતાના ઘરમાં પાછી આવી હોય તો જેમ જુવાનીમાં ખાતી હતી તેમ તે પોતાના પિતાના ઘરમાં ખાય" (બાઇબલ, યાહુદી પુરાણ, લેવીય ૨૨ : ૧૩). અને નહિ તો સદાવ્રત ઉપર જીવે: "ત્રીજું વર્ષ જે દશમાંશ લેવાનું વર્ષ છે તેમાં જ્યારે તું પોતાની ઉપજનો દશમાંશ લેઇ ચૂકે ત્યારે તારે લેવીને, પરદેશીને, અનાથને તથા વિધવાને તે આપવું કે તારે બારણે તેઓ ખાઇને તૃપ્ત થાય" (પુનર્નિયમ ૨૬ : ૧૨). વિધવાને આમ અનાથ કે રસ્તાની ભિખારણ બનાવી મૂકનાર આ યાહુદી પુરાણ ખ્રિસ્તી ધર્મે સ્વીકારી લીધું. અને રોમનોએ એ ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો, એટલે તેમણે વિધવાને પાછી ભિખારણ બનાવી દીધી. અને ખ્રિસ્તી ધર્મ સ્વીકારનાર સૌ દેશોએ—ઇંગ્લેણ્ડ સુદ્ધાંએ—પણ એમ જ કર્યું.

ઇંગ્લેણ્ડમાં વિધવાની સ્થિતિ છેક અહુણા સુધી પરાધીન હતી, પણ સદ્ગત લૉર્ડ બર્કનહેડને પ્રયાસે ૧૯૨૨થી ત્યાં જે કાયદા થયા, તેનાથી સ્ત્રીની પરાધીનતા ટળવા લાગી. મરનારે "જો મૃત્યુપત્ર કર્યું ન હોય તો તેના બધા પુત્રો તથા પુત્રીઓને વારસામાં સરખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ મળે એમ નવા કાયદાથી ઠરાવવામાં આવ્યું છે. જાતિ અને ઉંમરને કારણે જૂના કાયદામાં વારસો મળવામાં જે ભેદ રાખવામાં આવતો હતો તે દૂર થયો છે અને બધાં છોકરાંને માટે એકસરખું વારસાનું ધોરણ નક્કી કરવામાં આવ્યું છે. પરણેલી સ્ત્રીઓએ સ્વતંત્ર મિલકત ધારણ કરવાની બાબતમાં જે અસમર્થતા હતી તે હવે પૂરેપૂરી દૂર કરવામાં આવી છે, એને મિલકત ઉપરના સ્વામિત્વના સંબંધમાં સ્ત્રીઓને પુરુષોના જેટલે સરખે દરજ્જે મૂકવામાં આવી છે. જો પતિ મૃત્યુપત્ર કરે તો તે પોતાની સઘળી મિલકતની વ્યવસ્થા કરી શકે છે અને સ્ત્રી અને છોકરાંને કાંઇ પણ ન આપતાં ગમે તેને મિલકત આપી શકે છે; પરંતુ જો મૃત્યુપત્ર કરવામાં ન આવ્યું હોય તો મરનારનું દેવું આપ્યા પછી તેની મિલકતમાંથી જે કાંઇ વધે તેમાંથી પ્રથમ તેની વિધવાને આ પ્રમાણે મળે છે: (૧) ઘરશણગાર તથા રાચરચીલા સાથે ઘરવાખરાની તમામ ચીજો, (૨) પતિના મરણની તારીખથી ૫ ટકા પ્રમાણે વ્યાજ સાથે એક હજાર પાઉંડ, (૩) જો સંતતિ ન હોય તો બાકીની તમામ મિલકતનું ઉત્પન્ન પોતાની જિંદગી સુધી, (૪) જો સંતતિ હોય તો બાકીની અડધી મિલકતનું ઉત્પન્ન પોતાની જિંદગી સુધી, અને (૫) માબાપ, ભાઈ, બેન, વૃદ્ધ માબાપ, કાકા અને કાકીના જેવા વારસોને અભાવે સ્વતંત્ર અધિકારથી તમામ મિલકત. . . . પતિની હયાતિ દરમ્યાન પત્નીને પતિની મિલકતમાં કાંઇ પણ હક્ક હોતો નથી" ('હિંદુ સ્ત્રીઓના મિલકત ઉપરના હક્ક: શ્રીમંત સરકાર મહારાજા સયાજીરાવ ગાયકવાડ એમણે નીમેલી સમિતિનું નિવેદન,' પૃષ્ઠ ૨૨). પણ "પરણેલી સ્ત્રીને કોઇ નોકરીમાં, ધંધામાં અગર વેપારમાં કાંઇ ધન મળ્યું હોય તો તે, તેમ જ સાહિત્ય, કલા અગર હુન્નરથી કાંઇ મિલકત મળી હોય તો તે તેની આગવી મિલકત થાય છે, અને તેના ઉપર તેને સ્વતંત્ર અધિકાર મળે છે" (પૃષ્ઠ ૭૭).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ફ્રાન્સમાં ઇંગ્લૅણ્ડથી એક સૈકા પહેલાં નેપોલિયને સ્ત્રીને આર્થિક અધિકાર આપ્યા હતા. "નેપોલિયનના કાયદા પ્રમાણે લગ્ન કરનાર વધૂવર (સાર્વજનિક નીતિથી વિરુદ્ધ ન હોય એવો) મિલકત સંબંધે કરાર કરી શકે છે, અગર 'જાતકાયદા' (Law of Community) પ્રમાણે અથવા 'પહેરામણીના કાયદા' (Law of Dowry) પ્રમાણે લગ્ન કરવા વિચાર હોય તો તેમ કરવાનો પણ તેઓ કરાર કરી શકે છે. વિરુદ્ધ કરારને અભાવે તેમની મિલકતની બાબતમાં 'જાતકાયદો' લાગુ પડે છે. તે કાયદા પ્રમાણે લગ્નને દિવસે દંપતીની જે મિલકત હોય તે, અથવા લગ્ન પછી પાછળથી જે મિલકત તેમને મળે તે, તેમ જ તેમની પરિણીત સ્થિતિમાં જે સ્થાવર મિલકત (એક જ જણને વારસામાં અગર બક્ષિસથી મળેલી મિલકત સિવાયની) મળે તે બધી મિલકત તેમને બંનેને એકઠી રીતે સંપ્રાપ્ત થાય છે. જોકે પત્નીની સંમતિની કેટલીક બાબતોમાં જરૂર પડે છે તોપણ ... લગ્ન ચાલુ હોય ત્યાં સુધી ધણીને એકલાને જ મિલકતની વ્યવસ્થા કરવાની સત્તા હોય છે. પરંતુ સ્થાવર મિલકતનું સ્વત્વાર્પણ કરવું હોય તો, પતિ અથવા પત્નીને કેદમાંથી છોડાવવાના અથવા કુટુંબનું ભરણપોષણ કરવાના જરૂરિયાત પ્રસંગ સિવાય અથવા એવા બીજા યોગ્ય કારણ સિવાય, ધણી એકલો અગર એકલી પત્ની સ્વત્વાર્પણ કરી શકતાં નથી. સ્પષ્ટ કરારને અભાવે લગ્ન ચાલુ હોય ત્યાં સુધી સ્ત્રીને પોતાની મિલકત ઉપર ફ્રાન્સના કાયદા પ્રમાણે સ્વતંત્ર સત્તા હોતી નથી" (સમિતિનું નિવેદન, પૃષ્ઠ ૭૬). આમ અંગ્રેજ તેમ જ ફ્રેંચ સ્ત્રીની આર્થિક સ્થિતિ કંઇક અંશે સુધરી છે.

મુસલમાન વિધવાની સ્થિતિ તો કુરાને (૪:૧૪) જ સારી કરી દીધી છે. વિધવા "પત્નીને (પછી એક પત્ની હોય કે ચાર હોય તોપણ દરેકને) $\frac{1}{8}$ ભાગ મળે છે અને મરનારને જ્યારે પુત્ર અથવા બીજી સંતતિ હોતી નથી ત્યારે $\frac{1}{4}$ ભાગ મળે છે. માતાને,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો સંતતિ હોય અથવા પુત્રની સંતતિ હોય અથવા ભાઇની કે બેનની સંતતિ હોય તો, ૧/૬ ભાગ મળે છે; પરંતુ તેમને અભાવે તેને ૧/૩ મળે છે. માને અભાવે માની માને અને પિતાને અભાવે પિતાની માને ૧/૬ મળે છે પુત્રને અભાવે પુત્રીને ૧/૨ મળે છે અને જો એક કરતાં વધારે હોય તો તેમને ૨/૩ મળે છે. જો પુત્ર જીવતો હોય તો તેની સાથે તે શેષાધિકારી બને છે અને તેને પુત્રના ભાગ કરતાં અડધો ભાગ મળે છે. પુત્ર અને પુત્રીને અભાવે દીકરાની દીકરીને ૧/૨ મળે છે અને જો તેઓ એક કરતાં વધારે હોય તો ૨/૩ મળે છે. તેવી જ રીતે દીકરાની દીકરીને અને દીકરાના દીકરાની દીકરીને ૧/૨ મળે છે અને જો તેઓ એક કરતાં વધારે હોય તો તેમને ૨/૩ મળે છે. પુત્ર અથવા પૌત્રની સાથે તે શેષાધિકારી થાય છે અને તેના ભાગ કરતાં પુત્રને બમણો ભાગ મળે છે. સગા ભાઇને અભાવે સગી બેનને જો તે એક હોય તો ૧/૨ મળે છે અને જો એક કરતાં વધારે હોય તો ૨/૩ મળે છે. જો ભાઇ હોય તો તે શેષાધિકારી બને છે અને ભાઇને બમણો ભાગ મળે છે. સંતતિ, પિતા, વૃદ્ધ માતા, એમને અભાવે ઓરમાન બેનને ૧/૬ મળે છે, અને જો તેઓ એક કરતાં વધારે હોય તો તેમને ૧/૩ મળે છે અને તેમાં દરેકનો સરખો ભાગ હોય છે" (સ. નિ. ૨૩). ઠેઠ કુરાનના સમયથી—સુધરેલા ગણાતા ખ્રિસ્તીઓની પહેલાં ૧૩૦૦ વર્ષથી—મુસલમાન સ્ત્રીને આટલા પણ હક્ક મળ્યા છે એ ઓછા આશ્ચર્યની વાત ન કહેવાય.

પારસી વિધવાની પણ સ્થિતિ છેક પરાધીન ને નિરાધાર નથી. "પારસીઓમાં જ્યારે કોઇ માણસ મિલકતની વ્યવસ્થા કર્યા સિવાય મરી જાય છે અને પાછળ તેની વિધવા અને સંતતિ હોય છે ત્યારે પુત્રને ચાર ભાગ મળે છે, વિધવાને બે ભાગ મળે છે અને પુત્રીને એક ભાગ મળે છે. સંતતિ ન હોય પરંતુ માબાપ અથવા તેમાંથી કોઇ પણ એક જીવતાં હોય ત્યારે વિધવાને ૧/૨ મળે છે અને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માબાપને બાકીનો અડધો ભાગ મળે છે. તેવી જ રીતે જ્યારે ફક્ત પિતા તરફનાં સગાં જ હોય ત્યારે તેને $\frac{૧}{૨}$ મળે છે અને તે સગાંઓને બાકીનો અડધો ભાગ મળે છે. પુત્રીને પોતાના ભાઇની સાથે પુરુષોનો વારસો મળે છે, પરંતુ જ્યારે તેને કોઇ સ્ત્રીનો વારસો મળવાનો હોય છે ત્યારે પણ તેને પોતાના ભાઇના જેટલો જ ભાગ મળે છે. સંતતિને અભાવે મરનારના પિતાની સાથે જ માતાને પણ વારસો મળે છે. જો પિતા અને માતા બંને જીવતાં હોય તો માતાના કરતાં પિતાનો ભાગ બમણો હોય છે" (સ. નિ. ૨૪). આમ મુસલમાન કરતાં પણ પારસી સ્ત્રીના આર્થિક અધિકાર વધારે છે.

બ્રિટિશ હિંદુસ્થાનમાં ખ્રિસ્તી સ્ત્રીઓને પણ આર્થિક અધિકાર મળેલા છે. એમને "સ્વતંત્ર સ્વામિત્વની મિલકત મળે છે. તેઓ વારસાથી, લગ્ન વખતની થએલી વ્યવસ્થાથી, બક્ષિસથી અને જાત-મહેનતથી મિલકત મેળવી શકે છે. પતિ અને પત્ની લગ્ન વખતે જે કરાર કરે તે પ્રમાણેની વ્યવસ્થાથી તેમને મિલકત મળે છે. પુરુષોને મૃત્યુપત્રથી વ્યવસ્થા કરવાનો સંપૂર્ણ અધિકાર હોય છે. સંતતિ હોય ત્યારે વિધવાને $\frac{૧}{૩}$ વારસો મળે છે અને સંતતિને $\frac{૨}{૩}$ મળે છે; સંતતિ ન હોય ત્યારે તેને $\frac{૧}{૨}$ મળે છે અને બાકીનો $\frac{૧}{૨}$ ભાગ સગાંઓને મળે છે. જો કોઇ સગાં ન હોય તો બધી મિલકત વિધવાને મળે છે. પુત્રીને પિતાની મિલકતમાં વારસો મળવાનો હક હોય છે અને તેને તેના ભાઇ જેટલો જ ભાગ મળે છે. પ્રથમ મરી ગયા હોય એવા પુત્ર અથવા પુત્રીની દીકરીને તેના માબાપનો ભાગ મળે છે. જ્યાં સુધી પિતા હયાત હોય ત્યાં સુધી મરનારની માતાને કંઇ હક્ક મળી શકતો નથી, પણ જો તે હયાત ન હોય અને મરનારનાં ભાઇઓ અને બેનો હોય તો માતા અને તે દરેક હયાત ભાઇ અથવા બેનને સરખે ભાગે મિલકત મળે છે. પહેલેથી મરી ગએલા હોય એવા ભાઇ અથવા બેનનાં છોકરાંને તેમનાં માબાપનો ભાગ મળે છે. જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઇ અથવા બેન અથવા દીકરો કે દીકરી ન હોય તો બધી મિલકત માતાને મળે છે. જ્યારે પિતા, માતા તેમ સંતતિ ન હોય ત્યારે બેનને ભાઇઓની સાથે સરખો વારસો મળે છે" (સ. નિ. ૨૫).

ઉપર જણાવ્યા પ્રમાણે અનેક જાતિની વિધવાઓને અને એકંદરે સર્વે જાતિની સ્ત્રીઓને આર્થિક સ્થિતિમાં અન્યાય થયો છે, તેમને પતિના જેવા ને જેટલા અધિકાર મળ્યા નથી – દંપતીને સરખે હકે તેમને અધિકાર મળ્યા નથી, છતાં તેમને છેક જ રસ્તાની ભિખારણ નથી કરી મૂકી. હિંદુ સમાજે તો તેમને રસ્તાની ભિખારણ કરી મૂકી છે, બહુ દિવસથી કરી મૂકી છે; પાછળ જણાવ્યું તેમ યાજ્ઞવલ્કય, વિજ્ઞાનેશ્વર, જીમૂતવાહન વગેરે સહૃદય પુરુષોના પ્રયત્નોને વિફળ કરી મૂકયા છે ને તેમને ભિખારણ રાખી છે.

હિંદુસ્થાનમાં અંગ્રેજી રાજ્ય સ્થપાયું તે વારે સ્ત્રીઓની એ સ્થિતિ હતી. અંગ્રેજોએ કોઇ ધર્મમાં હાથ નાખવો નહિ એવી નીતિને પરિણામે સ્ત્રીઓના આર્થિક અધિકારના કજિયા ન્યાયકચેરીમાં આવે ત્યારે હિંદુ કાયદાને આધારે ન્યાય આપવા માંડ્યો. પણ એ હિંદુ કાયદાનું તેમને જ્ઞાન નહિ, એટલે સંસ્કૃત સ્મૃતિ વગેરેના આધાર માટે તેમને હિંદુ પંડિતોની સહાયતા લેવી પડી. અને સ્ત્રીજાતિને છેક જ નિરાધાર બનાવી મૂકનાર શાસ્ત્રોના એ પંડિતો કેવી સ્મૃતિના આધાર આપે અને તેના કેવા અર્થ કરે એ તો સહેજે સમજી શકાય! એવા પંડિતોની સહાયતાથી કોલબ્રુકે મનુના સિદ્ધાન્તોનું રૂપાન્તર કરી તેને કાયદા તરીકે લાગુ કર્યા અને સ્ત્રીઓના જે કંઇ રહ્યાસહ્યા હક હતા તે પણ હણી નાખ્યા.

એટલે પરિણામે હિંદુ સ્ત્રી છેક જ નિર્ધન બની ગઇ. પતિની મિલકતમાં તેનો કંઇક હક છે, પણ તે જુદો પડાવીને લેવાનો તેને હક નથી; "એટલું જ નહિ, પણ જ્યારે કુટુંબની મિલકતની પુત્રો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે વહેંચણી થાય છે ત્યારે માતાને જે ભાગ મળે છે તેના સંબંધમાં ઉત્તરાધિકારીઓનું હિત સાચવવા માટે એટલાં બધાં બંધનો રાખવામાં આવ્યાં છે કે તેને મળેલો ભાગ એ કાંઇ ખરેખરો ભાગ નથી, પણ ભરણપોષણના બદલામાં ફક્ત હયાતી પૂરતું કાંઇક આપવામાં આવ્યું છે એમ થાય છે. જ્યારે પતિ સંતાન વગર મરી જાય છે ત્યારે સ્ત્રીને વારસામાં તેની જે મિલકત મળે છે તેના ઉપર તેને ફક્ત મર્યાદિત અધિકાર હોય છે અને તેના પતિનાં વેગળેનાં સગાંઓ, જેમણે તેની હયાતી દરમ્યાન તેમ જ તેની છેવટની માંદગીમાં પણ તેની દરકાર કરેલી હોતી નથી, તેમના લાભ માટે પોતાને મળેલી મૂળ મિલકત તેને યથાસ્થિત રાખી મૂકવી પડે છે. સ્ત્રીને પુત્રી તરીકે પોતાના પિતાની અને પિતાનાં સગાંઓની પૂરેપૂરી દયા ઉપર જ રહેવું પડે છે અને પોતાની મિલકત ગમે તેટલી મોટી હોય તોપણ તેને તેમાં ભાગ મળતો નથી. અવિભક્ત કુટુંબની પદ્ધતિથી વિધવા અને પુત્રીના સઘળા હક લેઇ લેવામાં આવ્યા છે અને તેમને કેવળ સમાશ્રિતની સ્થિતિમાં જ આણી મૂક્યાં છે. જ્યારે પુરુષસંતતિ ન હોય ત્યારે મરનાર સહભાગીનો હિતસંબંધ બીજા સહભાગીઓમાં ઊતરે છે. વિધવાને ભરણપોષણનો અને કુટુંબના ઘરમાં રહેવાનો માત્ર હક્ક મળે છે અને પુત્રીને કુટુંબની મિલકત-માંથી નિર્વાહનો ને લગ્નખર્ચનો હક્ક જ માત્ર મળે છે. ધણીની મિલકત ઉપર તેની પત્નીના ભરણપોષણના અને રહેવાના હક્કને બોજા તરીકે સ્વીકારવામાં આવ્યો નથી અને તેથી તદ્દન દુર્દશામાં લાવી મૂકે એવી રીતે બીજા સહભાગીઓ મિલકતની વ્યવસ્થા કરી તેનો એ હક્ક પણ નિરર્થક કરી શકે છે" (સ. નિ. ૨૬). લગ્નને પવિત્ર ધર્મસંસ્કાર માનનાર અને મનુના શબ્દોમાં નારીપૂજા કરનાર હિંદુ સમાજે વિધવાની કેવી નિરાધાર ને પરાધીન અવદશા કરી મૂકી છે! અને એ અવદશામાંથી છૂટવા માટેય એ બિચારી પુનર્વિવાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ન કરી શકે. કેવી પરાધીન! પણ "સ્ત્રીએ બાલ્યાવસ્થામાં પિતાને વશ રહેવું, યુવાવસ્થામાં પતિને વશ રહેવું અને વૃદ્ધાવસ્થામાં પુત્રોને વશ રહેવું; એણે સ્વતંત્રતા ભોગવવી નહિ" (૫ : ૧૪૮), એમ મનુમહારાજે જ નથી કહ્યું? અને એ ધર્મપિતા મનુમહારાજના આજ્ઞાંકિત વંશજો આજ સુધી એમની આજ્ઞા પાળીને સ્ત્રીને વશ કરી અખંડ પરતંત્રતામાં રાખી રહ્યા છે!

આનંદદેવે અને દત્તપંડિતે અપુત્ર વિધવાને દત્તકપુત્ર લેવાના અધિકાર આપેલા, તે પણ હિંદુ સમાજે પાળ્યા નથી. પણ હાલમાં જ એક નિર્ભય વિધવાએ સરકારદરબારે ચઢીને પોતાના એ હક લીધા છે. ચરોતરમાં આવેલા અહિમાના ઠાકોર ચંદ્રસિંહજીનો એકમાત્ર પુત્ર છત્રસિંહજી ભમરીઆ સ્ટેટમાં દત્તક લેવાએલો. આથી ચંદ્રસિંહજી અપુત્ર મરણ પામ્યા. ને તેમની મિલકત ઉપર તેમના પિત્રાઇઓએ હક કર્યો. પણ મરનારનાં વિધવાએ મરનારના આધ્યાત્મિક હિતને માટે એક બાળકને દત્તક લીધો. મરનાર ચંદ્રસિંહજીએ તેવો અધિકાર આપ્યાનું કોઇ વીલ કર્યું નથી, એમ કહીને તેમના કાકાના દીકરા માનસિંહજીએ વાંધો ઉઠાવ્યો ને એ સરકારકચેરીએ ચઢ્યા. નડિયાદની અને મુંબઇની કચેરીઓએ માનસિંહજીના લાભમાં ચુકાદો આપ્યો. નિર્ભય વિધવા બાઈ ઠેઠ પ્રીવી કાઉંસિલમાં ગયાં. એ કચેરીએ ઠરાવ્યું કે મરનાર પતિનું વીલ હોય કે ન હોય પણ પતિના આધ્યાત્મિક હિતને માટે દત્તક લેવાનો તેની વિધવાને અધિકાર છે. અને આમ છેવટે હિંદુ વિધવાને ન્યાય મળ્યો.

પણ એથી તો હિંદુ પુરુષો કકળી ઊઠ્યા ને વિધવાના એ હક હરી લેવા ને હણી નાખવા માટે કોઇ શ્રી. દેસાઇ મુંબઇની ધારાસભામાં પ્રસ્તાવ પણ લેઇ ગયા! પણ મુંબઇની વીર રમણીઓએ ઠેઠ ધારાસભા સુધી જઇને એવો પ્રચંડ કોલાહલ ઉઠાવ્યો કે શ્રી. દેસાઇને એ પ્રસ્તાવ પડતો મેલવો પડ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે આમ વિધવાને છેક નિરાધાર ને પરાધીન કરી મૂકયે બીજું શું પરિણામ આવે? લક્ષાધિપતિની સ્ત્રી સધવા હોય ત્યારે પોતાના રંગમહેલમાં રાજરાણી પેઠે વિલાસ માણે, બીજે દિવસે અકસ્માત્ વિધવા થતાં તે સૌની દાસી થઇ પડે કે રસ્તાની ભિખારણ પણ થઇ પડે! એને પતિના ધનનો વારસો મળી શકે નહિ; કુટુંબનાં માણસ સુજન હોય તો એ એને સુખે રોટલો ખવરાવે, દુર્જન હોય તો એનો જીવ ખાઇ નાખે. એ અપુત્ર હોય તો એના પતિનો વારસો ખાનારને એ ભારે પડે, એ લોક એની પરવા ન કરે. એ લોકની એ ચાકરી કરે, દિવસરાત તેમનું ગદ્ધાવૈતરું ને વેઠ કરે તો કૃપા કરીને તેને વધ્યોઘટ્યો એંઠોજૂઠો સૂકોપાકો રોટલો નીરે, નહિ તો તેને ઘરમાંથી યે તગેડી મૂકે! દેશની અઢી કરોડ વિધવામાંથી કેટલી સુખે રોટલો ખાઇ શકતી હશે એનું માપ કંઇ વસતિપત્રકમાંથી નીકળી શકે એમ છે? અનેક બિચારીનાં તો સ્ત્રીધન પણ સાસરીઆં ને પિતરાઇઓ ચાવી ખાય છે. આવી અનેક નિરાધાર વિધવાઓને પેટ ભરવા માટે જ કામલોલુપ પુરુષોને તેમની પાપવાસના સંતોષવાને પોતાના દેહ વેચવાની ફરજ પડે છે અને એમ પતિત થએલી અનેક વિધવાઓને અંતે વેશ્યાવૃત્તિ સ્વીકારી પેટ ભરવું પડે છે. બીજી કોઇ પણ જાતિની કરતાં હિંદુ વેશ્યાઓ પ્રમાણમાં વધારે હોય છે, એનું કારણ હિંદુઓની સામાજિક દુરવસ્થા અને હિંદુ સ્ત્રીની આર્થિક પરાધીનતા છે. આવી સ્થિતિમાં વિધવાશ્રમો એનો ઉદ્ધાર નહિ જ કરી શકે, એને માટે તો કારણના મૂળમાં જ ઘા કરવો જોઇશે.

સ્ત્રીને આર્થિક વિષયમાં પરાધીન કરી મૂકવાની ભ્રષ્ટ પ્રથાથી કેટકેટલાં ભ્રષ્ટ પરિણામ આવ્યાં એ વિચારવું આ ટૂંકા અધ્યાયમાં બની શકે એમ નથી. બાકી સાચી વાત તો એ છે કે આ પ્રથા આપણે માથે કલંકરૂપ છે. પતિપત્નીને સાચી રીતે દંપતી માનીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો મિલકત ઉપર બંનેના સમાન અધિકાર માનવા જોઇએ. પતિપત્ની એક જ રૂપ છે અને તેટલા માટે પતિ જીવતાં, સંયુક્ત કે વિભક્ત કુટુંબમાં, તેના સરખા જ અધિકાર પત્નીના હોવા જોઇએ, પતિ મરતાં તેનું જ સ્થાન તેની પત્નીને મળવું જોઇએ. પિતા પોતાના જીવનકાળમાં જેમ પુત્રો સાથે મિલકત વહેંચતાં સરખે ભાગે પોતે ભાગ લે છે, તેમ જ પિતા મરતે પણ વિધવા માતાને તેના પતિને સ્થાને સરખે ભાગે ભાગ મળવો ઘટે. અપુત્ર વિધવાને સર્વ મિલકત ઉપર સ્વતંત્ર અધિકાર હોવો જોઇએ. તેમાં તેનો જીવનનિર્વાહ ન થઇ શકે તો ધનવાન પિતાની મિલકતમાંથી જીવનનિર્વાહ કરવાનો અધિકાર તેને મળવો જોઇએ. પતિ જીવતે જો લગ્નવિચ્છેદનો પ્રસંગ આવે તો દંપતીની મિલકતમાંથી તેને અર્ધો ભાગ મળવો ઘટે. પુનર્વિવાહ કરનાર વિધવાના તેના પતિની મિલકત ઉપરના અધિકાર ઊઠી જવા જોઇએ, પણ તેવી પરવાનગી પતિએ અગાઉથી આપી મૃત્યુપત્રમાં જણાવ્યું હોય તો એ અધિકાર રહે.

જે પુત્રીઓ આમરણ કુમારિકા રહેવાની હોય તેમને ને પુત્રોને સરખે ભાગે વારસો મળવો જોઇએ. આજે તો કુમારિકા રહીને સેવા કરવા ઇચ્છતી હોય, તોપણ અનેક કુમારિકાઓને ઉદરપોષણની ચિન્તાથી જ પરણવું પડે છે. એના વારસાના હક સ્વીકારાય તો એ સુખેથી સમાજસેવા કરી શકે. બેશક પરણ્યા પછી તેની એ મિલકત તેના ભાઇઓ લે.

પરણ્યા પછી દીકરીએ પિતાના વારસાની મિલકત સાસરે લેઇ જવી ઘટતી નથી. પિતાને ત્યાંથી પગ ઉપાડીને પતિના ઘરમાં મૂક્યો એટલે એણે ગોત્ર પણ પતિનું સ્વીકાર્યું ને પતિની મિલકતમાં એ સહભાગિની થઇ. આથી પિતાની મિલકત ઉપરનો એનો અધિકાર ઊઠી જાય અને ભાઇને ઘેર પત્ની થઇને આવનારનો થાય એ જ ન્યાયપદ્ધતિ છે. દત્તકપુત્રનો અધિકાર જનક પિતાની મિલકત ઉપરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊડી જાય છે તેમ જ પરણેલી પુત્રીનો પણ ઊડી જાય. બધી પુત્રીઓ પોતાનો ભાગ સાસરે લેતી જાય તો પરિણામ તો એ ને એ જ આવે. વળી જમીન જેવી સ્થાવર મિલકત પરણેલી પુત્રીને જો વારસામાં અપાય તો પુત્રીપરંપરાએ છ સાત પેઢીની પુત્રીઓને છ સાત ગામમાં સ્થાવર મિલકતના ટુકડા વારસામાં મળે ને તેનો વહીવટ પણ અશક્ય થઇ જાય. પતિ નિર્ધન હોય તો સધન પિતાની જંગમ મિલકતમાંથી તેને યોગ્ય ભાગ મળવો ઘટે.

દંપતીને ન્યાયે જો સાચી રીતે મિલકત ઉપર પત્નીના અધિકાર પતિ જેટલા જ સ્થપાય, એ સાચી રીતે મિલકતમાં પતિની સહભાગિની બને, તો જેમ પુરુષને આગવું ધન – પુરુષધન – હોતું નથી, તેમ સ્ત્રીને પણ પોતાના આગવા ધનની – સ્ત્રીધનની – જરૂર ન રહે. સ્વલ્પમાં રાજી થાય એવા લોકને અંગ્રેજ સરકારે થોડીક નોકરીઓ આપી તેમને તેમના સ્વરાજ્યના અધિકાર ભુલાવી દીધા છે, બરાબર તેમ જ પુરુષે સ્ત્રીને થોડુંક ધન આપીને તેને દંપતીની મિલકત ઉપરના તેના સહાધિકાર ભુલાવી ખૂંચાવી લીધા છે, અને એમ બિચારી બની ગએલી સ્ત્રીને સ્વલ્પ સ્ત્રીધનથી રાજી કરી દીધી છે. પુરુષનો આ પણ સ્ત્રીને પરાધીન રાખવાનો તેના ઉપર પ્રપંચ છે, લગ્નપ્રપંચનો એક ભાગ છે.

કેટલાક એવી દલીલો કરે છે કે એમ જો વિધવાને વારસો આપશો, તો એ કુટુંબની પરવા કર્યા વિના મિલકત ઉડાવી દેશે, કુમાર્ગે વેડફી દેશે. આ દલીલ છેક જ પોકળ છે. એમ તો ઘણાય પુત્રો ધનવાન પિતાના વારસાની મિલકત ઉડાવી દે છે, તેનું કેમ કોઇ નામ દેતું નથી? આજે ઘણાંય કુટુમ્બમાં વિધવાની કોણ પરવા કરે છે? તેનું પોતાનું સ્ત્રીધન જ તેના પતિના મરણ પછી ઘણાં કુટુંબો ઓહિયાં કરી જાય છે, તેને રસ્તાની ભિખારણ કરી મૂકે છે, તેને કેમ કોઇ પૂછતું નથી? " સ્ત્રીઓ મિલકત ધારણ કરી શકે નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ તેનો વહીવટ કરી શકે નહિ એ જૂની માન્યતાનો જરા પણ જવાબ આપવાનો રહેતો નથી, કારણકે સ્ત્રીધન ઉપર સ્ત્રીનું સંપૂર્ણ સ્વામિત્વ છે એમ જણાવીને ટીકાકારોએ તથા શાસ્ત્રકારોએ એ પ્રશ્નનો સચોટ રીતે જવાબ આપી દીધો છે જ. હાલના જમાનાની હિંદુ સ્ત્રીઓ સામાજિક તથા રાજકીય હીલચાલોમાં આગળ પડતો ભાગ લે છે અને તેથી આવી દલીલોમાં કાંઇ વજુદ રહેતું નથી. સ્ત્રીઓનો મોટો ભાગ અજ્ઞાન તથા અશિક્ષિત છે એ દલીલ પણ ચાલી શકે એમ નથી, કારણકે મિલકત ઉપરના હક્ક સામે આવી દલીલ કરવામાં આવે તો ઘણા પુરુષોએ પણ મિલકત ઉપરથી હક્ક છોડી દેવા જોઇએ એમ થશે. અમુક વ્યક્તિ અભણ છે માટે તેને મિલકત ઉપર સ્વામિત્વ આપવું નહિ એવું ધોરણ ધારાશાસ્ત્રમાં કોઇ પણ સ્થળે સ્વીકારવામાં આવ્યું નથી, કારણકે વાંચવાના ને લખવાના જ્ઞાનને અને મિલકતની વ્યવસ્થા કરવાની શક્તિને કશો સંબંધ નથી; મુસલમાન સ્ત્રીઓ હિંદુ સ્ત્રીઓ કરતાં વિશેષ અભણ હોય છે, છતાં તેઓને મિલકતમાં સ્વતંત્ર રીતે હિસ્સો આપવામાં આવે છે તેમ તેમની માલકી સંપૂર્ણ હોય છે. દગલબાજ તથા લુચ્ચા લોકો અજ્ઞાન તથા નબળા લોકોને છેતરી ન જાય એ વાત સૌને માન્ય હોઇ શકે, પરંતુ તેટલા ખાતર તેઓને મિલકત ઉપર હક્ક ન આપવો એમ કહેવું તેના કરતાં આવી રીતે છેતરાઇ ન જાય એવા રસ્તાઓ સૂચવવા એ વધારે સારું છે. પુરુષો પોતાની સત્તાનો તદ્દન દુરુપયોગ કરી પોતાનાં બૈરાંછોકરાંની તદ્દન કફોડી સ્થિતિ કરી મૂકે છે, તેમ કરવાથી પુરુષોને અટકાવવા માટે આવી દલીલ કરનારાએ જરા પણ શ્રમ લીધો છે કે કેમ એ પ્રશ્ન તેમને પૂછવા જેવો છે. કેટલીક વખત એમ કહેવામાં આવે છે કે સ્ત્રીઓને જો વધારે હક્કો આપવામાં આવશે તો તેઓ અનીતિને રસ્તે જશે, જાણે કે તેમના કહેવાનો અર્થ એમ હોય કે કાયદામાં જણાવેલી મુશ્કેલીઓમાં નીતિબંધારણનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્ત્વ સમાએલું હોઇ તેમને નિયમમાં રાખવા માટે કાયદાથી હક્ક ન આપવો એ એક રસ્તો છે. અવિભક્ત કુટુંબમાં સ્ત્રીને સહભાગી તરીકે હક્ક આપવાથી અવિભક્ત મિલકતના વધારે ભાગ પડવાનો પ્રસંગ આવશે એવી દલીલ કરવામાં આવે, તો તેનો ઉત્તર આપણે એટલો જ આપીએ કે બીજો કોઇ સરળ રસ્તો નીકળતો ન હોય તો એમ પણ થવા દેવું જોઇએ. કુટુંબનો દરેક પુરુષસહભાગી વહેંચણી કરાવી શકે છે અને અવિભક્ત મિલકત હમેશને માટે અવિભક્ત જ રહી શકતી નથી. જેટલા હિતસંબંધ ધરાવતા હોય તે દરેક માણસના ઉપભોગ માટે તે મિલકત હોય છે અને જો પુરુષો સાથે સ્ત્રીઓ સરખી રીતે તે ઉપભોગ ન કરી શકે તોપણ તેમાંથી કાંઇ પણ તેમને ન મળે એમ માનવું એ તદ્દન વિચિત્ર છે. સ્ત્રીઓને કશો હક્ક ન હોય અને પુરુષો મિલકતનો ગમે તેવો ઉપભોગ કરે તથા બૈરાંછોકરાંને ભૂખે મરવું પડે તેવી સ્થિતિ પણ તે લાવે એ કેટલું યોગ્ય અને ન્યાયસર ગણાય ? અમારું તો કહેવું એટલું જ છે કે સ્ત્રીઓને પણ સમાન હક્ક મળવા જોઇએ અને તેઓના હક્કનું પણ પુરુષોના હક્કના જેટલું રક્ષણ થવું જોઇએ. અને કદાચ ભવિષ્યમાં એવું પગલું લેવામાં આવે કે મિલકતના ભાગ કોઇ પણ વખતે ન પાડી શકાય તો, અગર તો અવિભક્ત કુટુંબની સંસ્થા તોડી પાડવામાં આવે તો, પછી પુરુષોના હક્ક જેટલા પ્રમાણમાં કાપવામાં આવશે તેટલા જ પ્રમાણમાં સ્ત્રીઓના હક્કો ઉપર પણ કાપ મૂકી શકાશે" (સ. નિ. ૧૬૩ : શ્રી વાસુદેવ વિનાયક જોષીની સૂચનાઓ). ત્યારે સ્ત્રીને પરાધીન જ રાખી મૂકવાની વૃત્તિવાળા પુરુષોના સૌ વાંધા આમ નિરર્થક છે અને સ્ત્રીસ્વાતંત્ર્યના આ જુગમાં ચાલી શકે એવા નથી.

યુરોપમાં પુરુષસત્તા સામે સ્ત્રીશક્તિએ માથું ઉઠાવ્યું છે, પોતાને પરાધીન રાખનાર પુરુષ સામે એ રણસંગ્રામે ચઢી છે. એ સમજી ગઇ છે કે જ્યાં સુધી सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते મનાય છે, અર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ સર્વ સત્તાનો માનદંડ મનાય છે, ત્યાં સુધી તો આર્થિક સ્વાતંત્ર્ય મેળવ્યા વિના બીજો માર્ગ નથી. અને એમણે આર્થિક સ્વાતંત્ર્યને માર્ગે ધીરાં પણ દૃઢ પગલાં ભરવા માંડ્યાં છે. યુરોપનો એ સંદેશો હિંદુસ્થાનમાં પણ આવી પહોંચ્યો છે ને આપણે અહીંની શિક્ષિત સ્ત્રીઓએ એ સંદેશો ઝીલી લીધો છે, એ વાત એમની પરિષદો સ્પષ્ટ શબ્દે પોકારી રહી છે. ત્યારે આપણે પુરુષોએ સવેળા સમજી જવું જોઇએ. સમજીને સ્ત્રીઓના સર્વે તેમજ આર્થિક અધિકાર તેમને પાછા નહિ આપીએ તો હારીને તો આપવા જ પડશે !

વડોદરા સરકારે આ દિશાએ પગલાં ભરવા માંડ્યાં છે, તે માટે તેને ધન્યવાદ ઘટે છે. પણ આવા નાના નાના કાયદા કર્યે, પુરુષે લગ્નને નામે સ્ત્રી પ્રત્યે કરેલા અનેકવિધ તેમ જ આર્થિક પ્રપંચને બળે તેના ઉપર જડેલી પરાધીનતાની સાંકળ કંઇ તૂટવાની નથી. એ સાંકળ તો સ્ત્રીઓએ પોતે જ ઊઠીને તોડવી જોઇશે. પુરુષો દબાવી પાડેલી સત્તા ન જ છોડે તો તેમની સામે એમણે સત્યાગ્રહને રણ-સંગ્રામે ચઢવું જોઇશે, પોતાની સ્વતંત્રતાનો પ્રદેશ ધીરે ધીરે પણ દૃઢ પગલે છોડાવવો જોઇશે ને ઠેઠ માતૃગૃહની સ્થાપના કરતા સુધી જાગ્રત રહી યુદ્ધ કર્યા કરવું જ જોઇશે. તે સિવાય બીજો માર્ગ નથી, ના ના, નાઽન્યેવ પન્થાઃ ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૪૦

નારીની નરી પરાધીનતા

પુરુષે લગ્નને નામે સ્ત્રી ઉપર પ્રપંચજાળ પાથરીને જુદા જુદા વિષયમાં તેને કેમ પરાધીન ગુલામ બનાવી છે એ અત્યાર સુધીના અધ્યાયોમાં આપણે જોયું. એ લગ્નપ્રપંચની જાળથી સ્ત્રી એકંદરે કેવી ભયંકર પરાધીનતામાં ને અવદશામાં આવી પડી છે, તે એ સર્વે અધ્યાયોનું તારણ કાઢીને હવે આ અધ્યાયમાં જોઇએ.

માનવસમાજના આજ સુધીના શોધાએલા ને કલ્પાએલા ઇતિહાસથી આપણે જોઇ ગયા કે પૂર્વે સ્વાભાવિક રીતે જ માતૃરાજ્ય હતું. ઘરની માલેક સ્ત્રી હતી એટલે ઘરનો મુખ્ય અધિકાર એના હાથમાં હતો; પણ પુરુષ કાંડાબળિયો થએલો એટલે એણે ધીરે ધીરે સ્ત્રીના અધિકાર ઉથાપી પિતૃગૃહ સ્થાપ્યું અને ઘરના સર્વ અધિકાર સ્વાધીન કરી લીધા. પછી તો જેમ જેમ એ પોતાના અધિકાર વધારતો ગયો તેમ તેમ સ્ત્રીના અધિકાર હણાતા ગયા, સાથે સાથે જ સ્ત્રીની પરાધીનતા ને પરિણામે અધોગતિ વધતી ચાલી.

માનવી ઈશ્વરને જગતનો ને પોતાનો પાલક ને સ્વામી માને છે. પણ એ જ ઈશ્વરની મૂર્તિ બનાવી જાણે એનો પોતે જ પાલક હોય તેમ એને થાળ ધરાવે છે; અને એના અધિકારનો એ થાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ, એને તો ધંટડી જ બતાવી, પોતે આરોગી જાય છે અને એમ જગતના અને પોતાના એ પાલકનો અને સ્વામીનો એ પોતે જ પાલક ને સ્વામી થઇ બેસે છે, અને નવરાવે ત્યારે એ નહાય ને ખવરાવે ત્યારે ખાય એવી એ ઇશ્વરની પરાધીન દશા કરી મૂકી છે. કાંડાબળિયે પુરુષે એકવારની એ સર્વસત્તાધીશ સ્ત્રીની આજે એવી જ પરાધીન દશા કરી મૂકી છે. એના અનેક ગુણોમાં યે એ દોષ જુએ છે, રાઇ જેવડા દોષોને પર્વત જેવડા કરી દેખાડે છે; અને પોતાનામાં તો દોષ હોય જ નહિ! ભક્તકવિ તુળસીદાસે જ નથી ગાયું કે समरथ को नहि दोष गुंसाई? અને પુરુષ તો આજે कर्तुं अकर्तुं अन्यथाकर्तुं सर्वथा कर्तुं સમર્થ બન્યો છે!

માનવજાતિ જ્યાં સુધી પ્રાકૃત અવસ્થામાં હતી, ત્યાં સુધી સ્ત્રી આવી પરાધીન નહોતી, આજની અનેક વનવાસી જાતિમાં હજી યે પરાધીન નથી. પણ માનવી જેમ જેમ સંસ્કૃત થતો ગયો, પ્રકૃતિના ઉપર છેદ મૂકતે મૂકતે કૃત્રિમ સંસ્કૃતિ ખિલવતો ગયો તેમ તેમ પુરુષ સ્ત્રીને પરાધીન ને અવનત કરતો ગયો.

બાઇબલમાં પુરુષ શાસ્ત્રકારે લખ્યું : "દેવે આદમને ભરઊંઘમાં નાખ્યો; અને તે ઊંઘી ગયા પછી તેણે તેની એક પાંસળી કાઢી લેઇને તેને ઠેકાણે માંસ ભર્યું. અને દેવે જે પાંસળી પુરુષમાંથી કાઢી લીધી હતી એમાંથી એક સ્ત્રી બનાવી" (ઉત્પત્તિપુરાણ ૨ : ૨૧, ૨૨). અને તે સ્ત્રીને દેવે કહ્યું : "તું તારા પતિને આધીન થશે ને તે તારા ઉપર ધણીઆપું ભોગવશે" (૩ : ૧૬). આમ પુરુષે સ્ત્રીને પોતાની અર્ધાંગના કરવાના અને પોતાને આધીન રાખવાના ઘાટ ઘડ્યા. આથી સ્ત્રીએ પરણવું જ પડે એવી તેને માથે ફરજ નાખી. સંતતિને માટે લગ્ન કરવું એ તો એનો સ્વાભાવિક ધર્મ હોય, તેથી દૂર રહેવાનો પણ તેને અધિકાર હોય; પણ આ તો પોતાના સ્વાર્થ માટે પુરુષે તેને માથે પરણવાની ફરજ નાખી ને સત્તાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળે તેને આધીન રાખી. વળી તેને પરણાવવાનો અધિકાર પણ તેના પિતાએ પોતાના હાથમાં લેઇ લીધો, એટલે પોતાની કન્યા કોને પરણાવવી ને કોને ના પરણાવવી એ અધિકાર પણ પિતાના જ હાથમાં ગયો. પોતાની કન્યાને માટે પિતા વર પસંદ કરે, છતાં યે જાણે કન્યાએ પસંદ કર્યો હોય એમ દેખાડવાને તેનું નામ વર (વૃ પસંદ કરવું) પાડ્યું.

અને આજે સાચી રીતે તો કુંવારી કન્યા તેના પિતાનું ધન છે. તે તેનું કોઇ પુરુષને દાન કરી શકે, એટલે તો લગ્નપ્રસંગે તેનો પિતા કન્યાદાન કરે છે. તે તેને એક ગાયથી માંડીને તે હજારો રૂપિયા સુધી લેઇ વેચી શકે, માટે તો કન્યાવિક્રય કહેવાય છે. કન્યાઓની છત ખૂબ વધી પડે છે, ત્યારે આંગણામાંનો કચરો પૈસા આપીને પણ ઉપાડી લેવરાવવામાં આવે છે, તેમ કોઇ પુરુષને પૈસા આપીને પણ કન્યાનો નિકાલ કરી દેવામાં આવે છે; અથવા તેમ કરતાં યે મુશ્કેલી પડતી હોય તો આંગણામાંનો કચરો જેમ એક ખૂણે બાળી દેવાય છે તેમ એવી કન્યાને ઘરને ખૂણે ટૂંપો દેવાય છે. 'દીકરી ને વળી ગાય, દોરે ત્યાં જાય, કશું નવ ચાલે'! પિતા એની જે ગતિ કરે તે તેણે મૂગે મોંઢે વેઠવી જ જોઇએ! અને પિતાએ તેને ગમે તેમ પરણાવી એટલે તે પિતાની મિલકત મટીને વર નામે બીજા કોઇ પુરુષની એ મિલકત બની.

સ્ત્રી એ કોઇ પુરુષની સતા કે મિલકત થઈ છે અથવા થવાની છે એમ જગત જાણે એટલા માટે તેણે અમુક ચિહ્નો ધારણ કરવાં જોઇએ: માથે વાળ રાખવા જોઇએ,[1] કપાળે ચાંલ્લો કરવો જોઇએ,[1]

---

૧ પુરુષને પ્રસન્ન રાખવા, તેને આકર્ષવા સૌ દેશની સૌ જાતિઓમાં સ્ત્રીએ માથાના વાળ વધારવાનો ને પોતાનાં શરીર વિધવિધ રંગે રંગવાનો રિવાજ છે. આજે વાળ કંઇ કંઇ તરેહથી કાતરવામાં આવે છે, મોં ઉપર પાઉડર છાંટવામાં આવે છે કે કપાળે ચાંલ્લો કરવામાં આવે છે, પણ હેતુ તો પુરુષને આકર્ષવાનો જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથે ચૂડીબંગડી[૨] પહેરવી જોઇએ. એને સૌભાગ્યના શણગાર કહે છે સ્ત્રી-મિલકતનો માલેક મરી જાય તો એ શણગાર તેણે ઝટપટ ઉતારી નાખવા પડે અને પછી તો આખો જન્મારો વિધવા – ન-ધણિયાતાં થઇ રહેવું પડે. એ કોઇની મિલકત ન થઇ હોય તો તેવું જગતને જાહેર કરવા પોતાના નામ આગળ કુ.(મારિકા) કે Miss, કોઇની મિલકત થઇ હોય તો સૌ.(ભાગ્યવતી) કે Mrs. અને એ મિલકતનો માલેક મરી ગયો હોય તો ગં.(ગાસ્વરૂપ) લખવું જોઇએ. પુરુષને તો શણગાર ધારણ કરવાના ય નહિ, ઉતારવાના ય નહિ! તે વિધુર હોય કે સધુર હોય, પણ ગમે એટલી વાર પરણી શકે એટલે એ તો સદા સૌભાગ્યવાન! ત્યારે એને શણગાર ઉતારવાના તો હોય જ ક્યાંથી? અને વળી મિલકતના માલેકને પોતાના નામ આગળ કંઇ લખવાનું હોય તો ય 'રાજ્યમાન રાજશ્રી'! અનેક સ્ત્રી કરનાર માલેકને પણ નં.(દીસ્વરૂપ) લખવાનું કારણ નહિ! સ્ત્રી કોઇની મિલકત થતા પહેલાં कन्या કહેવાય, કારણકે તે પ્રીતિ (कन् પ્રીતિ ઉપજાવવી) ઉપજાવે છે. કોઇની મિલકત થયા પછી ललना, कामा વગેરે અનેક કામોદ્દીપક અને વળી दारा જેવાં અશ્લીલ નામોથી ઓળખાય. એવા ઓળખાણ માટે પુરુષનું કોઇ નામ હોતું નથી. સ્ત્રીને શુદ્ધ રાખવા સતી વિશેષણ યોજાયું છે; પુરુષને માટે એ હેતુએ કોઇ એવું વિશેષણ કલ્પાયું પણ નથી, કારણકે પુરુષ શુદ્ધ રહેવા બંધાયો નથી જ! પૂર્વે તો વિધવા થતાં સ્ત્રીએ સતી થવું – બળી મરવું – પડતું, પુરુષે બળી મરવાનું કંઇ યે કારણ નથી! સ્ત્રીની આ ઓછી પરાધીનતા છે? પુરુષની ઓછી સ્વચ્છંદતા ને ધૃષ્ટતા છે?

અને પુરુષે સ્ત્રીને પરણીને વ્યવહારમાં તેનું જુદું વ્યક્તિત્વ પણ રહેવા દીધું નથી, સર્વે કાર્યવ્યવહાર પુરુષને નામે થાય. ભાષામાં

---

૨. એનું ગ્રામ્ય નામ શેંખલાં કે શેંખિયાં છે, તે સંસ્કૃત शृंखला (સાંકળ) શબ્દનો અપભ્રંશ છે અને સ્ત્રીની ગુલામગીરીની નિશાની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સ્ત્રીનું વ્યક્તિત્વ નથી રહેવા દીધું : મહાન વૈયાકરણ પાણિનિએ પોતાના પ્રસિદ્ધ અષ્ટાધ્યાયી વ્યાકરણમાં દ્વંદ્વ સમાસનાં સૂત્રોમાં पिता मात्रा (૧ : ૨ : ૭૦) સૂત્ર મૂકી જણાવ્યું કે પિતામાતા બંને શબ્દને માટે पितरौ શબ્દ યોજી શકાય. તેમ જ ભાઇબેનને માટે भ्रातरौ શબ્દ યોજી શકાય. 'પ્રયત્ન'ને અર્થે 'પુરુષાર્થ' શબ્દ વપરાય છે, પણ સ્ત્રી પ્રયત્ન કરે તો ય 'પુરુષાર્થ' જ કહેવાય છે!

અને લગ્નક્રિયામાં વરને આધીન રહેવાની પ્રતિજ્ઞા હિંદુ, ખ્રિસ્તી અને બીજા અનેક ધર્મની ને સમાજની કન્યાએ લેવી પડે છે.

યાહુદી ધર્મશાસ્ત્ર સ્વીકારનાર ખ્રિસ્તી ધર્મે પણ સ્ત્રીને પુરુષના અધિકારમાં સોંપી દીધી. "કારણકે પુરુષ સ્ત્રીથી થયો નથી, પણ સ્ત્રી પુરુષથી; અને પુરુષ સ્ત્રીને સારૂ સર્જાયો નથી, પણ સ્ત્રી પુરુષને સારૂ." એમ પૉલે કૉરિંથિયનો ઉપરના પ્રથમ પત્રમાં લખ્યું (૧૧ : ૮, ૯). અને પછી ઍફેસિયો ઉપરના પત્રમાં લખ્યું : "પત્નીઓ, જેમ પ્રભુને, તેમ તમારા પતિઓને તમે આધીન થાઓ; કેમકે પતિ પત્નીનું શિર છે. . . . અને તે શરીરનો ત્રાતા છે. . . . સ્ત્રીએ સર્વમાં પોતાના પતિને આધીન થવું" (૫ : ૨૨ – ૨૪). એ જ પ્રેરિતે પાછું તીમોથીને પ્રથમ પત્રમાં લખેલું કે "સ્ત્રીએ સંપૂર્ણ આધીનતાથી છાની રહીને શીખવું. ઉપદેશ કરવાની કે પુરુષ ઉપર અધિકાર ચલાવવાની હું સ્ત્રીને રજા નથી આપતો, તેણે છાનું રહેવું. કારણકે આદમ પ્રથમ ઉત્પન્ન થયો, પછી ઇવ; અને આદમ છેતરાયો નહિ પણ ઇવે છેતરાઇને ઉલ્લંઘન કર્યું" (૨ : ૧૧ – ૧૪). ટિટસને લખ્યું : વૃદ્ધ સ્ત્રીઓ "જુવાન સ્ત્રીઓને . . . પોતાના પતિને આધીન થવાનું સમજાવે" (૨ : ૪, ૫).

મુસલમાન ધર્મમાં પણ સ્ત્રી પુરુષને આધીન છે. પયગમ્બર સાહેબ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે "સ્ત્રીઓની ઉપર પુરુષોને મૂકવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે અલ્લાએ પુરુષોને જે ગુણો આપ્યા છે અને પુરુષો સ્ત્રીધન આપવામાં જે પૈસો ખર્ચે છે તેને કારણે પુરુષો સ્ત્રીઓથી ચઢિયાતા છે. ગુણવાન સ્ત્રી આજ્ઞાંકિત ને આધીન રહે છે; અલ્લાએ સમગ્ર સાચવી રાખવા જે તેમને સોંપ્યું છે, તેને તે પતિની ગેરહાજરીમાં કાળજીથી સંભાળી રાખે છે. જે સ્ત્રીઓ તારી આજ્ઞાનું ઉલ્લંઘન કરશે એવો તને ભય લાગતો હોય, તેમને સજા કરજે: તેમને જુદી પથારીએ સુવાડજે, તેમને માર મારજે; પણ તારી આજ્ઞા ઉઠાવે કે તુરત જ તેમની સાથે કજિયા કરવાનું છોડી દેજે. અલ્લા દયાળુ ને મહાન છે" (કુરાન, સુરા ૪ : ૩૮).

અને હિંદુ ધર્મે સ્ત્રીઓને જે પરાધીનતાની બેડી પહેરાવી છે, તે વિષે ગયા અધ્યાયોમાં એટલું બધું કહેવાઇ ગયું છે કે મનુના બે શ્લોકો આપીને જ પતાવી દેઇશું. "સ્ત્રીએ બાલ્યાવસ્થામાં પિતાને વશ રહેવું, યુવાવસ્થામાં પતિને વશ રહેવું, વિધવાવસ્થામાં પુત્રોને વશ રહેવું, નારીએ કદાપિ સ્વતંત્ર રહેવું નહિ" (૫ : ૧૪૮). નારીનું કુમારાવસ્થામાં પિતાએ રક્ષણ કરવું, યુવાવસ્થામાં પતિએ રક્ષણ કરવું, વૃદ્ધાવસ્થામાં પુત્રોએ રક્ષણ કરવું, સ્ત્રી સ્વાતંત્ર્યને યોગ્ય નથી. न स्त्री स्वातंत्र्यमर्हति (૯ : ૩). એમ લખીને સ્ત્રીને કબજે રાખવાની પુરુષને આજ્ઞા પણ કરે છે. જોકે બીજી બાજુથી તેને ઘરેણાંગાંઠાંથી, લૂગડાંલત્તાંથી, મિષ્ટાન્નભોજનથી રાજી રાખવાનું સૂચવે છે, અને લખે છે કે એવી રીતે જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતા રમે છે. હાસ્તો, જ્યાં એવી પોલી પૂજા થાય ને ढोल गँवार पशु अरु नारी, ये सब ताडनके अधिकारी એમ કહીને ભક્તરાજ તુલસીદાસજી ઢોલ, ગમાર અને પશુની હારમાં સ્ત્રીને બેસાડીને લાકડીથી નક્કર પૂજા કરાવે ત્યાં બીજું પરિણામ શું હોય? એવી પૂજાને જ પ્રતાપે આજે હિંદુ સંસારમાં ઘેર ઘેર દેવતા રમી રહ્યો છે-સળગી રહ્યો છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ પુરુષ સર્વસત્તાધીશ સ્વામી થઇ બેઠો, સ્ત્રીને તેની આજ્ઞાંકિત દાસી થવું પડ્યું. પુરુષ વૃક્ષ બન્યો, સ્ત્રી એ વૃક્ષને આધારે ચઢનારી વેલ બની, કે તેની ડાળ ઉપર બેશી તેનાં ફળ ખાઇને જીવનારૂં ને કલ્લોલ કરનારૂં પંખી બન્યું. અને આપણા પ્રખ્યાત સાહિત્યકાર ગોવર્ધનરામે જ પોતાનાં પત્નીના મૃત્યુ પછી નથી ગાયું કે "આવા રૂડા આંબલિયાની ડાળ મૂકીને કોયલ કયાં ગયાં રે"?

ચીના લોક કાગળનાં રમકડાં બનાવે છે, તે આમ વાળીએ તો ટોપી થાય, તેમ વાળીએ તો પંખો થાય! હિંદીમાં કહેવત છે કે देखा मैंने ऐसा नर, पीर बवरची भिस्ती खर। ઘડીમાં પીર બની ધર્મક્રિયા કરાવવા બેશી જાય, ઘડીમાં બબરચી બની રાંધવા બેશી જાય, ઘડીમાં પાણીની કાવડ ખભે ટગાવી ભિસ્તી બની જાય, ઘડીમાં ગધેડાની ગુણ જેવો દાળચોખાનો ખડીઓ ખભે ટંગાવી ગધેડો બની જાય; એવો પુરુષ કોણ? બ્રાહ્મણ! સંસ્કૃત કવિને જાણે આવો જ ખ્યાલ આવ્યો હોય એમ એ ગાય છે: कार्येषु मंत्री, करणेषु दासी, भोज्येषु माता, शयनेषु रंभा। मनोनुकूला क्षमया धरित्री गुणैश्च दारा कुलमुद्धरन्ति॥ કાર્યમાં મંત્રી, કામમાં દાસી, રસોડામાં માતા, શયનમાં રંભા, પતિને અનુકૂળ, પતિ દુઃખ દે તો ય પૃથ્વી જેવી જેનામાં ધીરજ; એવા ગુણ વાળી કોણ? સ્ત્રી! અને એવી જ સ્ત્રી કુળનો ઉદ્ધાર કરે!

અને ત્યારે એવી સ્ત્રીને મન પતિ કોણ? पतिर्ब्रह्मा पतिर्विष्णु पतिर्देवो महेश्वरः। पतिः साक्षात् परब्रह्म तस्मै श्रीपतये नमः॥ પુરુષે પોતાને માટે બાકી રાખ્યું છે કાંઇ? પોતે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, અરે સાક્ષાત્ પરબ્રહ્મ! ગમે તેવો હોય તો ય પરબ્રહ્મ! જાણે અંગ્રેજી રાજયમાં અંગ્રેજ સિવિલિયન! કોઇ પણ ઑફિસનો વડો બની જાય! ત્યારે આવા પુરુષ નામે પરબ્રહ્મને સ્ત્રી નામે દાસીએ તો નમસ્કાર જ કરવા રહ્યા ને!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં યે વળી પોતાનાથી નાની ને નાની સ્ત્રી પરણીને તેની પરાધીનતા વધારી મૂકી છે, એવાં કજોડાંથી સ્ત્રીની શારીરિક, માનસિક ને બૌદ્ધિક પરાધીનતાની માત્રા ખૂબ વધારી મૂકી છે. તેને પોતાની મિલકત બનાવી મૂકી છે.

'જર, જમીન ને જોરૂ, એ ત્રણ કજિયાનાં છોરૂ.' જર ને જમીન જેમ પુરુષની મિલકત છે તેમ જોરૂને – સ્ત્રીને – પણ એણે પોતાની મિલકત બનાવી મૂકી છે. જરના જેવી એ જંગમ મિલકત છે, પછી તો એ એને હરી લાવે, વિવાહ (वह् વહી લાવવું) કરી લાવે – તેના પિતાને ત્યાંથી પરણી (परि + नी લેઇ આવવું) લાવે તેને માટે માલિકીવૃત્તિથી યુદ્ધ કરે – રામચંદ્રે પોતાની સીતા માટે, તેને પચાવી પડેલા રાવણ સાથે યુદ્ધ કર્યું હતું. તેને પાલવે ત્યારે નજીવે કારણે ઘરમાંથી હાંકી મૂકે – કોઇ પ્રજાજનનાં વેણ સાંભળીને વિષ્ણુનો અવતાર મનાતે રામચંદ્રે સીતાને, તેની ગર્ભાવસ્થાનો યે વિચાર કર્યા વિના, હાંકી કાઢી હતી. તેને વેચી શકે, પોતાનું દેવું ફેડવા હરિશ્ચન્દ્રે પોતાની માલિકીની સ્ત્રી તારામતીનું ભરબજારે લિલામ કરીને વેચી હતી ને એમ કરીને સત્યવાદી થયા હતા. આજે પણ કોઇ કોઇ હિંદુ મુસલમાન ને અંગ્રેજ સુદ્ધાં પારકી તો શું, પોતાની પણ સ્ત્રી વેચનાર પુરુષો મળી આવે છે. સ્ત્રીને એનો માલેક પુરુષ જુગારમાં પણ મૂકી શકે, ધર્મરાજ યુધિષ્ઠિરે પોતાની જ નહિ પણ પોતાના ચાર ભાઇની પણ માલિકીની સ્ત્રી દ્રૌપદીને જુગારમાં મૂકી હતી. આજે પણ ઘણા યે પુરુષો પોતાની સ્ત્રીને આંખફરકના જુગારમાં મૂકતા જાણ્યા છે. કમાણી કરવા વ્યભિચાર માટે પોતાની સ્ત્રીને ભાડે આપતા, પોતાનું કામ કઢાવી લેવા માટે લાંચલાલચમાં બીજાને ત્યાં પોતાની સ્ત્રીને મોકલતા અથવા મિત્રધર્મ બજાવવા કે પોતાના મિત્ર ઉપર ઉપકાર કરવા પોતાની સ્ત્રી તેને સોંપતા પુરુષો પણ ખૂદ હિંદુઓમાં આજે પણ પંક્યા છે. આ હિંદુ ધર્મના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવિત્ર લગ્નસંસ્કાર ! પણ જ્યાં પોતાની સ્ત્રીને જરની પેઠે જંગમ મિલકત માની લીધી હોય ત્યાં બીજું હોય પણ શું ?

અને ધારે તો પુરુષ પોતાની જમીનની પેઠે સ્ત્રીને સ્થાવર મિલકત પણ બનાવી શકે. એનાથી એના પુરુષ ધણીનું ઘર છોડી ચસકાય નહિ. ચાલી જાય તો કેટલાંક દેશી રાજ્યોમાં પોલીસ એને પકડીને એના ધણીને સોંપી દે !

પુરુષ પોતાના શોખ પૂરા કરવા તથા પોતે ધનવાન દેખાવા માટે પોતાની લાકડીને ચાંદીનો મૂઠો નંખાવે છે, અનેક રાજપુતો ને પાટીદારો પોતાના હુક્કાને ચાંદીએ મઢાવે છે, તેમ પુરુષ પોતાની કામલોલુપતાને પૂરી કરવા તથા પોતે ધનવાન દેખાવા માટે પોતાની સ્ત્રીને મનુના વિધાન પ્રમાણે વસ્ત્રાભૂષણે શણગારીને ફેરવે છે, નવીન પુરુષ તો વળી તેના ઉપર વિદ્યાભૂષણનો ઓપ ચઢાવીને ફેરવે છે, તેને પોતાની કામપૂતળી બનાવીને નચવે છે. પણ પોતાને માટે શણગારીને તૈયાર કરેલી એ ચાંદીના મૂઠા વાળી લાકડીને કે ચાંદીએ મઢેલા હુક્કાને દેખીને કોઇ શોખીન લોભાઇને ઉપાડી જાય નહિ, એટલા માટે તેને બરાબર કબ્જામાં રાખવામાં આવે છે; પોતાને માટે શણગારીને તૈયાર કરેલી એ કામપૂતળીને બીજો કો'ક કામ-પુરુષ દેખી જાય ને ઉપાડી જાય કે પેલી પોતે જ ચાલી જાય, એ ઇર્ષ્યાભયે તેને કબ્જે રાખવા તેનો માલેક પુરુષ તેને ઘરમાં ઘાલી પડદો નાખી લાજ કઢાવે છે. પ્રાચીન પુરુષો પ્રત્યક્ષ અને નવીન પુરુષો પરોક્ષ રીતે પોતાની માલકીના પોપટને સોનાને પિંજરે પૂરે છે. છતાં યે પુરુષ પોતે તો બહાર ગમે ત્યાં રખડવા છૂટો ! કામપુરુષને પાપે સ્ત્રીએ પડદો પાળવો પડે, અને એ કામપુરુષ તો નિરંકુશ ને છૂટો ! કોઇકની સ્ત્રી ભૂલ્યેચૂકયે કામદષ્ટિએ દેખી જાય એટલા માટે સાચી રીતે તો પુરુષે પડદો પાળવો જોઇએ; પણ એ તો માલેક રહ્યો, માલેકને વળી પડદો શો ? પોતાની સ્ત્રીના આચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે તેના પુરુષ માલેકને શંકા આવે તો મારે પીટે ને કનડે. પુરુષના આચાર માટે સ્ત્રીને શંકા કરવાનો અધિકાર નહિ, મારવા પીટવા ને કનડવાની વાતે તો નેવનાં પાણી મોભે ચઢ્યાં ગણાય !

અને સ્ત્રીની પવિત્રતા માટે પુરુષ કંઇ ઓછો શંકાશીલ છે? એને પવિત્ર રાખવા સાધન પણ કંઇ વિચિત્ર યોજ્યાં છે ! પૂર્વે કોઇ કોઇ જાતિમાં સ્ત્રી પરપુરુષ સાથે વ્યભિચાર ન કરે એટલા માટે એના ગુહ્ય ભાગને ઢાંકતો પટ્ટો તેની કેડે બાંધવામાં આવતો અને એ પટ્ટાને તાળું દેવાતું. આ પટ્ટો તેની પવિત્રતાનું રક્ષણહાર મનાતો, અને તેથી તેનું નામ Zona Virginalis હતું. અંગ્રેજી એનું નામ Chastity Belt – પવિત્રતારક્ષક પટ્ટો – છે. ૧૯૧૨માં સોમાલી દેશમાં હતો ત્યારે ત્યાં મને કોઇએ કહેલું કે તે જાતિની કુમારિકાઓની પવિત્રતાના રક્ષણ માટે છેક નાનપણથી અમુક યોજના કરવામાં આવે છે. લગ્નપ્રસંગે તેનો પતિ તે યોજના તપાસી લે. જો તે અખંડ હોય તો તેને પત્ની તરીકે રાખે, નહિ તો પાછી કાઢે. અને પછી એવી સ્ત્રીને બીજો પણ પતિ મળવો કઠણ પડે.

આ સૌનું કારણ એ જ માત્ર કે સ્ત્રીરૂપ મતામિલકતનો માલેક પુરુષ છે. અને એટલે જ કારણે તો સ્ત્રીના વ્યભિચાર માટે તેનો માલેક જ રાજદરબારે ચઢી શકે, બીજું કોઇ નહિ. સ્ત્રી કંઇ પુરુષની માલેક નથી, એટલે પુરુષના વ્યભિચાર વિરુદ્ધ તેનાથી ચું કે ચાં થાય નહિ. એણે તો કૂતરાની પેઠે પુરુષને નિમકહલાલ રહેવું એ જ એનો ધર્મ. પુરુષ રાજ્યકર્તાઓના સ્ત્રીને લગ્નગુલામીમાં રાખવાના પ્રપંચકાયદા આજના સુધરેલા ગણાતા કાળ સુધી પણ જીવી રહ્યા છે ! નારીની નરી પરાધીનતા !

અને સરકારી અનેક કાયદાએ સ્ત્રીને પુરુષની ગુલામડી કરી રાખી છે. આર્થિક વિષયમાં તેને કેવી ગુલામડી કરી મૂકી છે એ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે ગયા અધ્યાયમાં જોયું જ છે. અને વળી પેલા વૈયાકરણ પાણિનિની પેઠે સરકારે પણ એનું વ્યક્તિત્વ અનેક રીતે ભૂંસી નાખ્યું છે. પરણેલી સ્ત્રીને અનેકવાર એ જુદા ખિતાબ આપતી નથી, તેના પુરુષના જ ખિતાબ સાથે એને વળગાડી દે છે: Sir પુરુષની માલિકીની સ્ત્રી Lady કહેવાય. વળી અહુણા જ સરકારે જાહેર કર્યું છે કે "જે ગૃહસ્થોને સરકાર તરફથી સરદારનો ઇલકાબ આપવામાં આવેલો હોય, તે જો હિંદુ હોય તો તેમની સ્ત્રીને 'શ્રીમંત સૌભાગ્યવંતાં બાઇ સાહેબ', તે જો પારસી હોય તેમની સ્ત્રીને 'બાઇ સાહેબ' અને તે જો મુસલમાન હોય તો તેમની સ્ત્રીને 'બેગમ સાહેબા' એવું સંબોધન લગાડવું."

બહાર આબરૂ દિપાવવાને માટે પુરુષ પોતાની સ્ત્રીને આટઆટલી શણગારીને ફેરવે છે, તો ય સાચી રીતે તો એની કિંમત કોડી જેટલી જ લેખે છે. સારા સારા કેળવાએલા ને સાધનસંપન્ન અધિકારીઓ પણ પોતે રેલવે ગાડીના પહેલા કે બીજા વર્ગમાં બેસે છે, તે જ ગાડીમાં સ્ત્રીને ત્રીજા વર્ગમાં બેસાડે છે. ઘરમાં ખાવાપીવામાં પણ ભેદભાવ હોય. સાધારણ ઘેર તો સ્ત્રીની કિંમત ખાસડાના તળિયાં જેટલી જ હોય, અનેક ઘેર તો એટલી યે નથી હોતી. ઉનાળાના તાપમાં એણે દાઝતી દોડવું પડે, પણ તેનાથી જોડા પહેરાય નહિ; ચોમાસામાં વરસાદથી ભીંજાઇને શરદીએ મરે, તો ય એનાથી છત્રી ઓઢાય નહિ, પુરુષનો ઓવર કોટ પહેરવાની તો વાત જ કેવી!

બેશક શહેરોમાં આ નવજુગમાં થોડા થોડા ફેરફાર થયા છે, નહિ તો ગરીબની સ્ત્રીથી રાજાની રાણીઓ સુધીની પરાધીનતા લગભગ એક જ પ્રકારની એકસરખી છે. રાજાની 'રાણીઓની કરુણ કથની' વિષે કોઇ રાણીએ પોતાના દુઃખની વેદનાથી એક લેખ લખ્યો હતો તે *Bombay Chronicle*ના તા. ૧૯ : ૧૨ : ૧૯૨૬ના અંકમાં પ્રસિદ્ધ થયો હતો. એ લેખ વાંચ્યે સ્પષ્ટ રીતે જણાશે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાના મહેલોમાં, પૈસાદારની હવેલીઓમાં કે કુળવાનના કિલ્લામાં નર્યું સુખ જ સુખ ભર્યું નથી. બહારના કોઇને ના દેખાય એવી રીતે એ રાજમહેલોમાં, એ હવેલીઓમાં, એ કિલ્લામાં નારીજાતિ કેવાં ભયંકર દુઃખ ભોગવે છે; એ રાજમહેલો, એ હવેલીઓ, એ કિલ્લા નારીજાતિ માટે કેવાં જીવતાં ખદબદતાં નરકધામ છે એનું એ લેખમાં સ્પષ્ટ ને સ્વચ્છ વર્ણન કર્યું છે. પોતાને ગળે છરો ફેરવનાર કસાઇના હાથ ચાટતી ગાયના જેવી અતિકરુણ દશા આપણા સમાજમાં નારીની કરી મૂકવામાં આવી છે એમ તા. ૫ : ૧ : ૧૯૨૭ને રોજ પૂનામાં ભરાએલી 'અખિલ ભારત સ્ત્રીપરિષદ'ને પ્રમુખપદેથી વડોદરાનાં મહારાણી બોલેલાં તે ભારોભાર સાચું છે, નહિ તો કોઇ રાણીને રાજવાડાના ઝનાનામાં રહીને વર્તમાનપત્રોમાં આવા કાગળ શા માટે લખવા પડે? આ એક દશ્ય.

હવે બીજું દશ્ય : થોડાંક વર્ષ ઉપર એક ખેડૂતે પોતાની સ્ત્રીને, તેના કંઇક વાંક માટે સજા કરવાને, હળે જોડી હતી. ન્યાયાધીશે એટલા માટે એ ખેડૂતને ચાર માસના કેદખાનાની સજા કરી હતી.

આ બંને દશ્ય વિષે વિચાર કરતાં જણાશે કે રાજાની રાણીથી તે ગરીબ ખેડૂતની સ્ત્રી સુધીની સૌ સ્ત્રીઓની એકસરખી પરાધીન ને કરુણ દશા સમાજના પુરુષોએ કરી મૂકી છે; ફેર એટલો કે નિર્ધન ખેડૂત જેલમાં જાય, સધન રાજા મૂછ ઉપર હાથ ફેરવતો ને લોકની સલામો ઝીલતો સભ્ય સમાજમાં ય ફરી શકે! ત્યારે નારીની અવદશાનો કંઇ પાર?

ત્યારે આ સૌ વાતો એ જ સિદ્ધ કરે છે કે સ્ત્રી નામે માલ-મિલકતનો પતિ નામે પુરુષ માલેક છે, ધનનો ધણી (ધની) છે. શેકસપિયરે પોતાના *Taming of the shrew* નામે નાટકના એક પાત્રને મુખે એ વાત આમ સ્પષ્ટ કરાવી છે : "I will be master of what is mine own, she is my goods,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

my chattels; she is my household stuff, my field, my barn, my horse, my ox, my ass, my anything and here she stands, touch her whoever dare" (મારી જે મિલકત છે એનો તો હું માલેક રહેવાનો જ. આ સ્ત્રી મારી મિલકત છે, મારૂં રાચરચીલું છે; મારો ઘરવાખરો છે. મારૂં ખેતર છે, મારા અનાજનો એ કોઠાર છે; મારો ઘોડો છે, મારો બળદ છે, મારો ગધેડો છે; અરે મારૂં ગમે તે એ છે અને એ અહીં ઊભી છે; એને અડી તો જુઓ જેની માએ શેર સૂંઠ ખાધી હોય તે). આજે અંગ્રેજ પુરુષો પોતાની સ્ત્રીઓ પ્રત્યે ગમે તેવી ભાવના રાખતા હશે, પણ એ નાટક જ્યારે (ઇ. ૧૫૯૬માં) લખાયું ત્યારે કેવી ભાવના રાખતા હશે એનું સ્પષ્ટ ચિત્ર એ કવિએ ઉપરના શબ્દોમાં આપ્યું છે.

અને પછી? એ ઘોડો, બળદ ને ગધેડો ધણીને ધાર્યું કામ આપે ત્યાં સુધી તેમને પેટપૂરતું ખાવા આપે ને તેમની પાસેથી કામ લે; પછી ઘરડાં થાય એટલે પાંજરાપોળમાં કે કસાઇવાડે મોકલી દે. દૂઝણી ગાય દૂધ દે ત્યાં સુધી એનો ધણી એને ખવરાવે, ગળે હાર ચઢાવે ને કપાળે ચાંલ્લા કરે. પછી ઘરડી થતાં ને દૂધ દેતી બંધ થતાં તેને પણ પાંજરાપોળમાં કે કસાઇવાડે મોકલી દે. પુરુષમાલેક પોતાની સ્ત્રીમિલકતનો ઉપયોગ કામવાસનામાં કે ઘરકામમાં કે બીજી રીતે થઇ શકે એમ હોય, ત્યાં સુધી તેને એ જ હેતુએ ખવરાવે પીવરાવે, લૂગડેલત્તે ને દરદાગીને ઠઠારે કે બીજી રીતે સંભાળે એ ઉપયોગમાંથી એ નીકળી જાય એટલે એની અવગણના કરે. સાવરણી તૂટલી તૂટલી તો ય મારી, તેમ સ્ત્રી ગમે તેવી તો ય મારી એવી મામકીય ને આભિમાનિકી વૃત્તિને લીધે પુરુષે એવી ઊતરી ગએલી સ્ત્રીને માટે પાંજરાપોળની કે કસાઇવાડાની યોજના નથી કરી, એટલા માટે એ કૃપાભિમાન લેઇ શકે! પણ અત્યારની આ અવગણના કરતાં તો એવી સંસ્થાઓ જ પુરુષે યોજી હોત તો તો વધારે સાચી કૃપા થાત એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક સ્ત્રીઓ – ખાસ કરીને જુવાનીમાં લાડપાડમાં ને માનમાં રહેલી ને વૃદ્ધાવસ્થામાં ઊતરી ગએલી સ્ત્રીઓ – હૃદયમાં કકળાટ કરીને કહી રહી છે! આમ પુરુષે પવિત્ર લગ્નને નામે સ્ત્રી ઉપર પ્રપંચજાળ રચીને એ પવિત્ર લગ્નભાવનાના જ ભાગીને ભુક્કા કરી નાખ્યા છે!

અને આ સ્થિતિ સર્વે દેશોની સર્વે જાતિઓમાં પ્રાચીનકાળથી ચાલી આવે છે. ભૌતિક ઉન્નતિને બળે પ્રાચીન હિંદુ ભૌતિક શાન્તિ પ્રાપ્ત કરી શકયો ને ત્યારે અનેક વિલાસસામગ્રીઓ યોજી શકયો. વિલાસને અર્થે કવિતા ને કલા પણ યોજવા લાગ્યો, વિલાસપ્રિયા સ્ત્રી પ્રત્યે પણ કવિતા ને કલા યોજવા લાગ્યો. તાત્પર્ય એ જ કે પ્રાચીન કાળથી પુરુષ સ્ત્રીને પોતાની પ્રેયસી માનતો આવ્યો છે, શ્રેયસી તો ભાગ્યે જ. પુરુષે પોતાને ભ્રમર માન્યો છે, સ્ત્રીને પુષ્પ માન્યું છે; માટે જ ભ્રમર પુષ્પે પુષ્પે ફરી વળે, પુષ્પથી પોતાનું સ્થાન ના છોડાય. સાચી રીતે તો પુરુષ શિકારી છે, સ્ત્રી શિકાર છે; માટે જ પુરુષશિકારી સ્ત્રીશિકારની શોધમાં અહર્નિશ દોડી રહ્યો છે, તેના ભયથી સ્ત્રી ભડકતી ફરે છે, સંતાતી ફરે છે. સ્ત્રીની આ પરાધીન ને ભયભીત અવદશા સર્વે દેશોની સર્વે જાતિઓમાં પ્રાચીન કાળથા ચાલી આવે છે. ગાર્ગી, સરસ્વતી કે મૈત્રેયીનાં નામથી મિથ્યા રાચીને એમ ન માની લેતાં કે તે જુગમાં નારીસમાજની ઉન્નતિ હતી. અત્યાર સુધીના અધ્યાયોના અધ્યયનથી તમે સમજી શકશો કે ત્યારે પણ નારીજનની અવદશા તો એવી જ હતી. એમ તો નારીપરાધીનતાના આ અંધકાર-યુગમાં પણ સરોજિની દેવી કે એવી થોડીક પ્રતિભાશાળી સ્ત્રીઓનાં અપવાદરૂપ નામ ઇતિહાસને પાને નોંધાવી બે હજાર વર્ષ પછી એમ પણ મનાવી શકાય, કે વિક્રમની વીશમી સદીમાં ભારતવર્ષનો નારી-સમાજ અતિ ઉન્નત અવસ્થામાં હતો! પણ આજે આપણો નારીસમાજ કેવી પરાધીનતાથી પિડાય છે ને તેથી પુરુષ- તથા એકંદરે માનવ-સમાજ કેવી ભયંકર દશામાં સડે છે એ આપણે કયાં નથી જાણતા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પરાધીન અવસ્થામાં પડેલું કોઇ પણ માનવી પોતાના ધણીને કોઇ પણ ઉપાયે ખુશ કે વશ કરીને બને એટલી સ્વતંત્રતા ભોગવવા પ્રયત્ન કરે એ તો છેક સ્વાભાવિક છે. સ્ત્રી પણ પોતાના ધણીને કોઇ પણ ઉપાયે ખુશ કે વશ કરીને બને એટલી સ્વતંત્રતા ભોગવવા પ્રયત્ન કરે એ પણ છેક સ્વાભાવિક છે. તે તેની કામપૂતળી બનીને તેને ખુશ કરવા કે કામણટ્રમણ કરીને પણ તેને વશ રાખવા પ્રયત્ન કરે છે અને એ તો સર્વ દેશમાં પરાપૂર્વથી ચાલતું આવ્યું છે. સત્યભામાએ પોતાના ધણી કૃષ્ણને વશ રાખવા માટે કેવાં "વ્રતાચરણ, તપ, સ્નાન, મંત્રેલાં ઔષધો, કામશાસ્ત્રોક્ત વિદ્યાનો પ્રભાવ, જડીબુટીનો પ્રભાવ, જપ, હોમ કે અંજન વગેરે ઔષધોનો" પ્રયોગ કરવો એ વિષે દ્રૌપદીને પૂછ્યું હતું (વનપર્વ ૨૩૩ : ૪–૭). આજે પણ અનેક પરાધીન સ્ત્રીઓ પોતાના ધણી–પુરુષને વશ કરવા આવા આવા અનેક પ્રયોગ કરે છે, ઇગ્લેણ્ડ જેવા સુધરેલા ગણાતા દેશોમાં પણ કરે છે. અંગ્રેજી પાઠ્યપુસ્તકની એક કવિતામાં આવો પ્રયોગ વર્ણવ્યો છે : ત્યાં અમુક પ્રદેશમાં એમ મનાતું કે લગ્નક્રિયા પછી જે પતિ કે પત્ની અમુક કૂવાનું પાણી પહેલું પીએ, તેનું ઘરમાં ચલણ થાય. એક પતિરાજ લગ્ન પછી એ કૂવાનું પાણી પહેલું પીવા જવા માટે અગાઉથી જ તૈયાર રાખેલા ઘોડા ઉપર ચઢ્યા. નવવધૂએ એમ કરવાનું કારણ પૂછ્યું ને વર-રાજાએ સાચું કારણ કહ્યું. ઉસ્તાદ વધૂ ધીરે રહીને બોલ્યાં : "રાખો, રાખો હવે; એટલો બધો શ્રમ લેશો ના. મેં પહેલેથી જ એટલા માટે તો શીશામાં એ કૂવાનું પાણી મંગાવી રાખ્યું છે." એમ કહીને પાસે જ રાખેલો શીશો બહાર કાઢ્યો ને તેમાંનું પાણી એ ગટગટાવી ગઇ! લગ્નપ્રસંગે ટોળે મળેલું લોક તાળીઓ પાડી ખડ-ખડાટ હસી પડ્યું. વરરાજાનું મોં તે પ્રસંગે કેવું થઇ ગયું હશે એ તો કલ્પી જ લેશો. આ કથામાં વર કરતાં કન્યાની દીર્ઘદૃષ્ટિ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બુદ્ધિચાતુર્ય સ્પષ્ટ દેખાઇ આવે છે, તેથી એ દંપતીના સંસારમાં એ પત્નીનું ચલણ થવાનું એ તો સહેજે કલ્પી લેવાય. ઘરમાં કોનું ચલણ થશે એ જાણવા આપણા લોકમાં વરવહૂ પાસે કંકુપાણીની કથરોટમાં રૂપિયાપૈસા નાખી રમત રમાડે છે. બુદ્ધિના પ્રયોગમાં જે ચતુર નીવડે તેનું તો ઘરમાં ચલણ થાયજ, પણ કામણ વગેરે પ્રયોગોથી પ્રત્યક્ષ રીતે ધાર્યું પરિણામ ન પણ આવે, અને પરોક્ષ રીતે વિપરીત ને અનર્થક પરિણામ આવે છે એ તો સૌ જાણે છે.

નારીસમાજની પરાધીનતાને જ પરિણામે પુરુષ- તથા એકંદરે માનવ-સમાજ પરાધીન થઇ ભયંકર દશામાં સડે છે એનાં કારણ તો સ્પષ્ટ જ છે. આઘાતની સામે તેટલે જ બળે પ્રત્યાઘાત થાય છે. પુરુષે લાદેલી સ્ત્રી ઉપરની ગુલામગીરીને આઘાતે તેના ઉપર પણ પ્રત્યાઘાત થયો છે. તે પોતે પણ સ્ત્રીનો કંઇક ગુલામ થઇ પડ્યો છે. બીજાના પણ ગુલામ થઇ પડવાનો સ્વભાવ તેના લોહીમાં ઊતરી ગયો છે. એ અંગ્રેજનો ગુલામ થઇ પડ્યો છે, અનેક વાસનાનો પણ ગુલામ થઇ પડ્યો છે. સ્ત્રી ને અંગ્રેજ વિના તે પોતાને પાંગળો માને છે, એ વાસનાઓની તૃપ્તિ વિના પોતાને દરિદ્ર માને છે. હિંદીને ગુલામીમાં રાખવા જતાં અંગ્રેજ પોતે પણ હિંદીનો ગુલામ બની ગયો છે, હિંદી વગર અંગ્રેજ પોતે પણ પાંગળો બની ગયો છે. આમ ગુલામ રાખનારને પોતાને પણ ગુલામના ગુલામ બની રહેવું પડે છે, જોકે એ બહારથી શેઠ દેખાય છે એટલું એ જ. આમ ગુલામી-પર પરાએ આજે સમસ્ત જગત ભયંકર પીડા પામી રહ્યું છે.

વળી બીજું : પ્રાચીન કાળે રોમનોએ કાંડાબળથી ગ્રીકોને પરાભૂત (defeated) કર્યા; પણ ગ્રીકોએ પોતાના સંસ્કૃતિબળથી રોમનોને અભિભૂત (hypnotized) કર્યા. પુરુષે પોતાના કાંડાબળથી સ્ત્રીને પરાભૂત કરી, સ્ત્રીએ પોતાના સૌન્દર્યથી, લાલિત્યથી, વિલાસસામગ્રીથી ને બીજાં વશીકરણના ઉપાયથી પુરુષને અભિભૂત કર્યો છે; પુરુષે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની કામલોલુપતાને હેતુએ સ્ત્રીને ગુલામ બનાવી, પરિણામે એ જ કામલોલુપતાની જાળમાં સપડાઇ પુરુષ પણ સ્ત્રીનો ગુલામ થઇ પડ્યો! આમ પરસ્પરની ગુલામીથી આજે સમસ્ત જગત ભયંકર પીડા પામી રહ્યું છે.

આ આખા અધ્યાયના અને અત્યાર સુધીના સમસ્ત અધ્યાયોના અધ્યયનથી શું એમ નથી લાગતું કે પુરુષે પોતાની કામલોલુપતાની માત્રા અતિશય વધારી મૂકી છે, એ કામલોલુપતા પરિતૃપ્ત કરવાને માટે પોતાને કાંડાબળે તેણે સ્ત્રીને પરાધીન ગુલામડી બનાવી મૂકી છે ને પરિણામે લગ્નની ઉન્નત ભાવનાનો ભાગીને ભુક્કો કરી નાખ્યો છે? કંઇ વાર જાણી જોઇને ને કંઇ વાર જાણ્યે અજાણ્યે પુરુષે પોતાના એ લગ્નપ્રપંચથી સ્ત્રીનો ઘાણ વાળી નાખ્યો છે, અને તેના પ્રત્યાઘાતથી પુરુષનો અને સમસ્ત સમાજનો પણ ઘાણ વળી ગયો છે એમ પણ નથી લાગતું? ભ્રષ્ટ અધર્મને ધર્મ મનાવતા દામ્ભિકો આ લગ્નમાં પવિત્રતા જુએ, શૃંગારરસમાં જ બધો રસ જોતા કવિઓ તેમાં ભવ્યતા દેખે ને સ્ત્રીના શરીરસૌન્દર્ય ઉપર બેઠા બેઠા ગીતડાં ગાય, પોતાને કલાધરો મનાવતા જાલંધરો કલાને નામે લગ્નને વિષે માયાજાળ પાથરે, એથી શું સ્થિતિ વિફરી નથી? આજે લગ્નજીવનમાં કચરાતી સ્ત્રીઓને અને તેથી જીવનભ્રષ્ટ થઇ પડેલા સમાજને જોઇને જગતના વિચારકો કંપી ઊઠ્યા છે અને માની રહ્યા છે કે પુરુષ લગ્નભાવનાના આમ ભુક્કા કરી નાખે તેના કરતાં તો આ લગ્નસંસ્થાના જ ભુક્કા નીકળી જાય તો સારૂં. અને જગત આજે આ વિચારોને સેવી રહ્યું છે. બેશક જાણું છું કે કામલોલુપતા મુક્તબંધને ને અનર્ગલભાવે પરિતૃપ્ત કરી શકાય એટલા જ માટે લગ્નસંસ્થા તોડવા અનેક જણ ઇચ્છે છે, પણ શુદ્ધ વિચારકો સમાજનો વિનિપાત થતો જોઇને પણ એમ ઇચ્છે છે એ ય ભૂલવું નથી ઘટતું.

૨૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે આ પીડામાંથી મુક્ત થવું હોય તો એકમાત્ર ઉપાય એ જ છે કે નારીજન ઉપર આપણે પુરુષોએ ઠોકી બેસાડેલી બેડીઓ એકેવારે તડાતડ તોડી નાખવી જોઇશે, તેને સાચી સ્વતંત્રતા આપવી જોઇશે. દેશમાં આન્તરવિગ્રહ જાગવાનો ભય દેખાય, ત્યારે બહારના દેશ સાથે વિગ્રહ જગાવીને કે બીજી રીતે પ્રજાનું ધ્યાન બીજે માર્ગે ચઢાવી દેવું એ રાજપુરુષોની નીતિ છે; પણ એ સાચી રાજનીતિ નથી. આજે નારીજનની પરાધીનતા દૂર કરવા, તેને સ્વતંત્રતા આપવા જાણે પ્રયત્ન કરતા હોઇએ એમ તેમને કાઉન્સિલોમાં કે કચેરીઓમાં પ્રવેશવાની કે ધન કમાવા જવા દેવાની વાતો કરીએ છીએ; પણ એ સાચી સ્વતંત્રતા નથી, એ તો એને આડે માર્ગે ચઢાવી એનું મન મનાવી લેવાની વાતો છે. તેનું ને આપણું સાચું કલ્યાણ તો એ છે કે આપણી કામલોલુપતાને પોષવા તેના ઉપર આપણે ગુલામગીરીની જે બેડી ઠોકી બેસાડી છે, તે જ તોડવી જોઇશે; કારણકે એ બેડી બીજી બધી બેડીઓ કરતાં વધારે ભયંકર છે. આપણે એના વિષયસ્વામી થઇ બેઠા છીએ, આપણે આપણા સ્વામીત્વનો એ અધિકાર ઉડાવી લેવો જોઇશે. આપણે એને વિષયસામગ્રી માનતા અને એના શરીર સાથે એનું જીવન રોળી નાખતા અટકી જવું જોઇશે. દારૂ, અફીણ, તમાકુ વગેરે ઉત્તેજક પદાર્થોનું અને કામોત્તેજક ઔષધોનું સેવન કરીને આપણે નારીનાશને માર્ગે ધસ્યા જઇએ છીએ. સ્ત્રી શીલવતી રહેવી જોઇએ એ ઇર્ષ્યાએ અને સુંદર રહેવી જોઇએ એ મોહે તેને એ પદાર્થોએ ને એ ઔષધોએ નથી ચઢાવતા એ હજી યે એનું અહોભાગ્ય છે. પણ છતાં યે તેના શરીરનો ને જીવનનો આપણે નાશ કરી મૂકયો છે, તેને હિસ્ટીરિયા લાગુ કરી દીધો છે, આપણી વિષયતૃપ્તિને માટે હવે તેને સંતતિનિરોધના કૃત્રિમ ઉપાયો સેવતી કરી મૂકી છે. તેના શરીરની ને જીવનની યોજના આપણા વિલાસ અને બીજા ઉપયોગ માટે યોજીએ છીએ, તેના કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા કલ્યાણ માટે તો નહિ જ. અને આપણી કલ્પનાના સ્વર્ગમાં ય કામવિલાસ માટે આપણે તો અપ્સરા સર્જી છે. આપણા જીવનનો હેતુ જ જાણે કામવાસના છે. એ હેતુએ આપણે એને ખવરાવીએ છીએ, પણ એવે હકે તેને એક બાજુથી રોળીએ છીએ ને બીજી બાજુથી તેને વશ રાખવા આર્થિક પરાધીનતામાં જકડીએ છીએ. જેમ આપણે બહાર રળીએ છીએ તેમ ઘરમાં એ નંદનવન બનાવે છે, એ ઘરની મિલકતમાં એનો સરખો ભાગ હોવો જોઇએ. ત્યારે જગતના કલ્યાણને માટે સ્ત્રી ને પુરુષ સમાન પદે સ્થપાવાં જોઇશે. એ બેમાં સ્વાભાવિક જાતિભેદ તો છે જ, પણ એ જ કારણે કૃત્રિમ સામાજિક ભેદ ન હોવા જોઇએ. અને ત્યારે આપણે પુરુષે કામલોલુપતાને ભયંકર પાપમાર્ગેથી પાછા વળીને બ્રહ્મચર્યને પુણ્યમાર્ગે ચઢવું જોઇશે; આપણે વિલાસને અર્થે નહિ, પણ સેવાને અર્થે લગ્ન કરવાં જોઇશે. આ સિવાય નારીજનનો, આપણો, સમસ્ત જનસમાજનો ઉદ્ધાર નથી; ના નથી જ.

નારીજનની સ્થિતિને માપે આખા સમાજની સંસ્કૃતિનું માપ મપાય છે

આ વાતો પુરુષો ન સમજે તો એનોએ તો સમજવી જ જોઇશે. પણ દુઃખનો વિષય તો એ છે કે એમને પોતાને એ ગુલામગીરીની બેડીઓ એવી સદી ગઇ છે, એવી બંધબેસતી ફાવી ગઇ છે કે એમને આજે એ સાલતી જ નથી. ગુલામોની મનોદશા એવી જ હોય છે. ૧૯૨૩માં મારાં પત્ની અને બે બાળકો સાથે હું આગ્રાથી ફત્તેહપુર સિક્રી જતો હતો. ઘેરથી જમી લેવાનો વખત નહિ, તેથી કંઇક સાથે બાંધી લીધું હતું. ગાડી ચાલ્યા પછી એક થાળીમાં એ કાઢીને અમે ચારે ખાવા લાગ્યાં. સામે ત્રણ ચાર મારવાડી સ્ત્રીઓ હતી, અમને ચારેને એક જ થાળીમાંથી ખાતાં જોઇને તેમને કંઇક આશ્ચર્ય થયું. વાતચીત ઉપરથી તેમણે જાણી લીધું કે અમે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિપત્ની છીએ, એટલે તેમાંની એક સ્ત્રી આંખો ફાડી બોલી ઊઠી: क्या ओरत अपने खाविंद की साथ एक ही पात्रमें खा शकती है? उस का तो ये धर्म है के खाविंद के खाये बाद खाय, उनका झूंठा खाय, प्रसाद खाय. મને તે કહેવા લાગી કે तुम भी कैसे हो, औरत कों ऐसे पापमें डालते हो! મેં પૂછ્યું, क्या औरत मानुष नहि? અને ત્યાર પછીની ચર્ચાથી એ બોલતી તો બંધ થઇ, પણ આખે રસ્તે અમારે વિષે ગુપચુપ વાતો કરતી જ રહી. આમ સ્ત્રીજાતિ પોતે જ ગુલામીમાં ટેવાઇ ગઇ છે!

આપણી અનેક સ્ત્રીઓ લેખો લખે છે. તેમાં પણ 'પ્રાચીન કાળે આપણે ઉન્નત હતા,' એમ પોતાને વિષે પણ નરજાતિ વાપરે છે એવું વારંવાર દેખાય છે!

જુગજુગની ગુલામગીરીને અભ્યાસે નારીજનની નસેનસમાં એ ગુલામગીરીનું વિષ વ્યાપી ગયું છે, એ વાતની સાખ તો આવાં આવાં અનેક ઉદાહરણો પૂરે છે. એ વિષના નશામાં એને પોતાની સાચી સ્થિતિનું ભાન નથી રહ્યું. ઘેટાંના ટોળામાં સિંહનું બચ્ચું ઊછરે તે પોતાનું સાચું સ્વરૂપ ભૂલી પોતાને ઘેટું જ જાણે, એમ ગુલામગીરીમાં ઊછરી સ્ત્રી પોતાનું સાચું સ્વરૂપ ભૂલી પોતાને પુરુષની ગુલામ માની રહી છે. પણ એથી એનો પોતાનો ને સમાજનો વિનિપાત થઇ રહ્યો છે એ એણે હવે જાણવું જોઇશે. એણે જાણવું જોઇશે કે 'હું ગુલામ નથી, પણ પુરુષની સહચરી, સહધર્મિણી, સહભાગિની છું.' એણે જાણવું જોઇશે કે 'હું પોતે અબળા નથી, પણ પ્રબળા, ચંડી, રુદ્રી, કાલી, ભવાની છું. હાથમાં તલવાર લેઇ સિંહને આસને બેઠેલી અંબા છે, મહીષાસુરમર્દિની છું. હું શક્તિ છું, શિવ પોતે પણ શક્તિ વિના શવ જ છે. મારા વડે તો શંકર અર્ધનારીશ્વર છે.'

ગોપીજનવલ્લભના પ્રિયક્ષેત્ર વૃંદાવનમાં ગૌરાંગ પ્રભુ ચૈતન્યદેવ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિષ્ય જીવગોસાંઇ, જેનું નરત્વનું અભિમાન હજી ટળ્યું નહોતું, તેનાં દર્શન કરવા વીરભક્તાણી મીરાંબાઇ ગયાં. નારીને તુચ્છ માનનાર જીવગોસાઇએ કહેવરાવી દીધું કે હું નારીનું મોં જોતો નથી ને એમ કરીને નારીત્વનું અપમાન કર્યું. એ અપમાનથી વીરાંગના ભક્તાણીનો આત્મા બળી ઊઠ્યો ને ઉત્તર દેવડાવ્યો કે "આજ સુધી તો હું જાણતી હતી કે વૃંદાવનમાં તો માત્ર કૃષ્ણ એ એક જ નર છે, બાકી તો સૌ નારીજન છે; આજે જ જાણ્યું કે અહીં બીજો કોઇ નર વશી શકે છે." જીવભક્તને ભાન આવ્યું ને પોતે સામે જઇને મીરાંબાઇને પગે લાગ્યા! મીરાંબાઇએ એમ પોતાની જાતિની પ્રતિષ્ઠા સ્થાપી દીધી. સ્ત્રીઓએ પોતાની સાચી પ્રતિષ્ઠા પાછી સ્થાપવી જોઇશે.

ત્યારે બેનો, તમારે સાચી વાત સમજવી જોઇશે. બળવાન પુરુષને રાજી રાખવા તમે એની ગુલામગીરી ઉઠાવી, તમારા આચારવિચારનું ને સમસ્ત જીવનનું ઘડતર એને હાથે ઘડાવા દીધું, તમારે વિષે વિધિનિષેધના નીતિનિયમો ને કાયદા એને હાથે ઘડાવા દીધા, અને એ સમસ્તનું પરિણામ એ આવ્યું કે તમારી ગુલામગીરી દિનપ્રતિદિન જડ થતી ગઇ. કૂતરા જેવી જ નીમકહલાલી પ્રજાએ દાખવવી એ સાચો પ્રજાધર્મ છે એમ રાજા કહે; કૂતરા જેવી જ નીમકહલાલી સ્ત્રીએ દાખવવી એ સાચો સ્ત્રીધર્મ છે એમ પુરુષ કહે. એ તો નરી ગુલામગીરી છે એમ કહીને એવો પ્રજાધર્મ ફેંકી દેવા આજે પ્રજાઓ રાજાઓ સામે બંડ કરવા ને એમ કરીને પણ સ્વતંત્રતા પ્રાપ્ત કરવા ઊઠી છે; એ તો નરી ગુલામગીરી છે એમ કહીને એવો સ્ત્રીધર્મ ફેંકી દેવા હવે તમારે પુરુષો સામે બંડ કરવા ને એમ કરીને પણ સ્વતંત્રતા પ્રાપ્ત કરવા ઊઠવું જોઇશે.

અનેક સહૃદય પુરુષો તમારે પક્ષે છે. 'હિંદસ્વરાજ્યમાં ભેદભાવ વિના સ્ત્રીપુરુષના તમામ નાગરિકોના સમાન અધિકાર ને સમાન ધર્મ'નો સ્વીકાર મહાસભાએ કર્યો છે. પણ એ વિશ્વાસે ય તમે નિરાંતે બેશો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેશો ને પુરુષને વિશ્વાસે રહેશો તો છેતરાશો, એટલું આજ સુધીને અનુભવે નક્કી શીખી લેજો. થોડાક મતના કે કાઉન્સિલની થોડીક બેઠકોના અધિકારથી તમે છેતરાતાં ના. તમારી સ્વતંત્રતાના સાચા અધિકાર તો તમારે જાતે જ યોગ્યતા પ્રાપ્ત કરીને લેવા જોઇશે. પીડકોએ દયાધર્મ જાણીને પીડિતોની પીડા ટાળી હોય એવું ઇતિહાસનાં પાન ઉપર એક પણ ઉદાહરણ ખોળ્યું જડશે નહિ; એ તો જગતભરના પીડિતો પોતાની પીડા ટાળવા પોતે જ ઊઠ્યા છે, તેમ તમારે પણ તમારી પીડા ટાળવા તમારે પોતે જ ઊઠવું જોઇશે. તમારે પુરુષસત્તાની સામે બંડ ઉઠાવી તે તોડવી જોઇશે.

પણ એક વાતે સાવધાન રહેવું જોઇશે. પુરુષોએ તમારા પ્રત્યે આજ સુધી જે જે અન્યાય કર્યા છે, જે જે જુલમો કર્યા છે, તેનું વેર ને બદલો લેવા એ બંડ ન હોય, તમારી ને સમસ્ત માનવ-જાતિની ઉન્નતિને માટે જ એ બંડ હોય.

અને એ બંડ ઉઠાવવા જોઇએ તો તમે સત્યાગ્રહ કરો, જોઇએ તો અદાલતોમાં જાઓ, જોઇએ તો કાઉન્સિલોમાં જાઓ; પણ હરકોઇ ધર્મમાર્ગે પુરુષે તમારા ઉપર લાદેલી ગુલામગીરીનો અંત આણો, સ્વતંત્રતા પ્રાપ્ત કરો, પુરુષની સમાનકક્ષા પ્રાપ્ત કરો. કેટલીક બેનોએ તો લગ્નવિષયમાં બંડ કરવાં શરૂ કરી દીધાં છે—માબાપની ઇચ્છાએ નહિ પણ પોતાની ઇચ્છાએ લગ્ન કરવા માંડ્યાં છે અને એમ કરીને માબાપના અધિકાર તોડી પોતાની સ્વાધીનતા દાખવી છે.

જેમ કેટલીક સ્ત્રીઓ યુદ્ધમાં જાય, તેમ કેટલીકે કાઉન્સિલોમાં જાય; અને એમ જુદાં જુદાં સેવાક્ષેત્રમાં જઇને તમારે તમારા ધર્મ બજાવવા જોઇશે. સૂર્યની પાછળ પ્રકાશ તો એની મેળે જ ચાલ્યો આવે છે તેમ ધર્મની પાછળ અધિકાર તો એની મેળે જ ચાલ્યા આવશે, અને સ્વતંત્રતા પણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એમ કરીને પુરુષનાં તમારા ઉપર માલિકીબંધન છે, તે છેદી નાખવાં જોઇશે. આર્થિક સમાનતા પ્રાપ્ત કરીને સાચાં દંપતી થવું જોઇશે. પુરુષની સાથે તેનાં સાચાં સહચરી, સહભાગિ ી, સહ-ધર્મિણી થવું જોઇશે. જાતિભેદને જ કારણે જે કંઇ વિશિષ્ટ અધિકાર પુરુષે દબાવી રાખ્યા હોય તે સૌ તોડવા જોઇશે. અને એમ કરતે કરતે પિતૃગૃહને ગાળી નાખી માતૃગૃહની સ્થાપના કરશો ત્યારે જ સાચી સ્વાધીનતા ને સમાનતા દેખશો. તે વારે પુરુષ વર્તમાન જીવનને માટે ઘટતું પોષણ કરશે, તમે ભાવિજીવનને માટે ઉન્નત સંતતિ ઉછેરશો. પોતપોતાના ધર્મ પાળીને બંને સમાન થયાં હશે ને ત્યારે જ સાચી રીતે બોલી શકશે : सहनाववतु सहनौ भुनक्तु सहवीर्यं करवावहै ।

અને ત્યારે જ તમારો, પુરુષનો ને સમસ્ત સમાજનો ઉદ્ધાર થશે.

અને એ સ્થિતિ લાવવા માટે, આજે લગ્નવેદી ઉપર વધેરાતી, પુરુષને હાથે હલાલ થતી બેનો,

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૬

લગ્નની કલ્યાણભાવના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૪૧

લગ્નનો કલ્યાણહેતુ

ગયા અધ્યાયમાં જણાવ્યું છે તે પ્રમાણે "આજે લગ્નજીવનમાં કચરાતી સ્ત્રીઓને અને તેથી જીવનભ્રષ્ટ થઇ પડેલા સમાજને જોઇને જગતના વિચારકો કંપી ઊઠ્યા છે અને માની રહ્યા છે કે પુરુષ લગ્નભાવનાના આમ ભુક્કા કરી નાખે તેના કરતાં તો આ લગ્નસંસ્થાના જ ભુક્કા નીકળી જાય તો સારૂં. અને જગત આજે આ વિચારો સેવી રહ્યું છે. બેશક જાણું છું કે કામલોલુપતા મુક્તબંધને ને અનર્ગલભાવે પરિતૃપ્ત કરી શકાય એટલા જ માટે લગ્નસંસ્થા તોડવા અનેક જણ ઇચ્છે છે, પણ શુદ્ધ વિચારકો સમાજનો વિનિપાત થતો જોઇને પણ એમ ઇચ્છે છે એ ય ભૂલવું નથી ઘટતું."

પણ આપણે વિચારવું જોઇશે કે લગ્નસંસ્થાનો એમ નાશ કરવો શક્ય છે? અને કદાપિ શક્ય હોય તો ઇષ્ટ છે?

પ્રથમ વિચારી લેઇએ કે આજે જગતમાં પ્રચલિત લગ્નસંસ્થાનો નાશ કરવો શક્ય છે? પશુપંખી સ્વાભાવિક પ્રેરણાએ પ્રેરાઇને જે પ્રકારે લગ્ન કરે છે, આદિમાનવ પણ તેજ પ્રેરણાએ પ્રેરાઇને જે પ્રકારે લગ્ન કરતો, તેમાં વિકાસ કરતો કરતો સંસ્કૃત માનવી આજે લગ્નપ્રણાલીની એવી સ્થિતિએ આવી ઊભો છે કે તેમાંથી પાછા વળીને ફરી મૂળ સ્થિતિએ જવું હવે અશક્ય નહિ તો અશક્યવત્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ પડયું છે યાદ રાખવું ઘટે કે નદીપ્રવાહ પાછો ફરીને પોતાને મૂળ સ્થાને જઇ શકતો નથી. બેશક એ પ્રવાહનું પાણી સમુદ્રમાં જઇને સૂર્યપ્રતાપે વરાળ બની પાછું પોતાને મૂળ સ્થાને પહોંચે એ શકયતા ખરી, તેમ માનવસમાજ પણ પોતાના વર્તુળમાં ફરીને પોતાને મૂળ સ્થાને પહોંચે એ પણ શકયતા ખરી; પણ એ તો વિકાસમાર્ગ, વિપ્લવમાર્ગ નહોય.

કેટલાંક પક્ષીમાં નરનારી પ્રાસંગિક લગ્ન કરે છે, બચ્ચાંને ઉછેરવા માળો બાંધે છે, બચ્ચાં મોટાં થાય એટલે એ નરનારી પોતપોતાને માર્ગે ઊડી જાય છે. કેટલાંક પશુ પણ એમ કરે છે. આ પશુપક્ષીઓએ હજી પોતાના સમાજ બાંધ્યા નથી અને તેથી સ્વતંત્ર રીતે આત્મરક્ષણ કરવાની શક્તિ એમણે ખોઇ નથી; છતાં તેમાંના એકાદ ઉપર બીજી જાતિનું કોઇ પ્રાણી આક્રમણ કરે, તો તેની સહાયતાએ તેની જાતિનાં પ્રાણી દોડી આવે છે. કીડી, ઉધઇ, મધમાખી, વગેરે જંતુઓએ ને કેટલાંક પશુઓએ તો સમાજ બાંધ્યા પણ છે. તેઓ દરમાં કે રાફડામાં કે મધપુડામાં સામાજિક વ્યવસ્થાએ જ પોતાનાં બચ્ચાં ઉછેરે છે, તેઓ બચ્ચાં માટે પોતાનાં અલગ સાધનો બાંધતાં નથી. શત્રુ સામે પણ સામાજિક વ્યવસ્થાએ જ આક્રમણ કે આત્મરક્ષણ કરે છે. આ પ્રાણીઓ પોતાના સમાજ વિના એકલાં રહી શકે નહિ એવો એમનો સ્વભાવ બંધાઇ ગયો છે.

માનવી પણ સમાજ વિના રહી શકે નહિ. અતિપ્રાચીન કાળે માનવજાતિમાં ગમે તે નરનારી લગ્ન કરતાં, બાળક ઉછેરવા માળો કે ઘર બાંધતાં, બાળક મોટું થતાં એ નરનારી પોતપોતાને માર્ગે ચાલ્યાં જતાં. ત્યાંથી વિકાસ પામતે પામતે આજે એ સમાજ એવી સ્થિતિએ આવી પહોંચ્યો છે કે એનાં નરનારી ચિરંજીવ લગ્ન કરે છે. પણ તેઓ સામાજિક વ્યવસ્થાએ પોતાનાં બાળકને ઉછેરતાં નથી, એને માટે પોતાનું અલગ ઘર બાંધે છે અને લગ્નની પેઠે એમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ઘરને પણ ચિરંજીવ સ્થાપી દીધું છે. જુગજુગના વિકાસને પરિણામે આજે તો સમાજ, ચિરંજીવ લગ્ન અને ચિરંજીવ ગૃહ એ માનવીને છેક સ્વાભાવિક ને સ્વયંસિદ્ધ બની ગયું છે. એટલે વર્તમાન લગ્ન-સંસ્થાનો નાશ કરવો એ નદીપ્રવાહને પાછો વાળવા જેવું છેક અશક્ય નહિ તો અશક્યવત્ થઇ પડ્યું છે. માનવસમાજ એ સંસ્થાના વર્તુળમાં ફરીને પાછો લગ્નહીન અવસ્થાએ પહોંચે એ શક્યતા ખરી; પણ એ તો વિકાસમાર્ગ, વિપ્લવમાર્ગ નહોય.

અનેક વિષયોમાં વિપ્લવ જ ઇષ્ટ હોય છે, વિકાસની વાટ જોતાં કદાચ નાશ આવે છે. પણ અનેક વિષયોમાં વિકાસ જ ઇષ્ટ હોય છે, વિપ્લવથી કદાચ નાશ આવે છે. બહુ બહુ ચિન્તનને પરિણામે હું તો એ નિર્ણય ઉપર આવું છું કે લગ્નસંસ્થામાં વિપ્લવ આણવાથી માનવ-સમાજ અને એણે જે કંઇ સંસ્કૃતિ પ્રાપ્ત કરી છે તે જ નષ્ટભ્રષ્ટ થઇ જશે, દલિત અને પરાધીન સ્ત્રીજાતિ ઉપર સત્તાધીશ પુરુષનો અત્યાચાર ખૂબ વધી જશે. આથી સમાજને એ વિષયમાં મહાપ્રયત્ન કરીને પણ વિકાસને માર્ગે લેઇ જવો ઇષ્ટ છે. નદીપ્રવાહ અનિષ્ટ માર્ગે વહેતો જણાતો હોય અને તેને ઇષ્ટ માર્ગે લેઇ જવો હોય તો સમસ્ત પ્રવાહને તોડી નષ્ટભ્રષ્ટ કરવા કરતાં તો તેમાંથી નહેરો ખોદી ઇષ્ટ માર્ગે વાળવો એ જ હિતજનક છે. લગ્નસંસ્થા ને માનવ-સમાજની અનેક સંસ્થાઓ વિષે પણ એમ જ છે.

સમગ્ર વિશ્વમાં સમસ્ત વનસ્પતિ ને પ્રાણી ઉપર જે એક નિયમ પ્રચંડભાવે રાજ્ય કરી રહ્યો છે, તે આત્મરક્ષણની ને વંશ-વર્ધનની પ્રેરણા — આત્મરક્ષણની ચિરંજીવ ને ઉત્કટ પ્રેરણા એ જ વંશવર્ધનની પ્રેરણા છે માનવજાતિ આ મહાનિયમમાંથી છટકી શકી નથી, છટકી શકે એમ પણ નથી. આત્મરક્ષણની પ્રેરણાએ એણે લગ્નની યોજના કરી છે. કેટલાક મહાપુરુષો ઊંચા પ્રકારની સંસ્કૃતિ પ્રાપ્ત કરીને યજ્ઞાર્થહેતુએ જીવન ધારણ કરી રહ્યા હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ આ બે પ્રેરણાની પાર તરી ગયા હોય છે. તેઓ આત્મરક્ષણની ઉપેક્ષા કરે છે, નિર્ભય–મૃત્યુંજય બની જાય છે; વંશવર્ધનની પણ ઉપેક્ષા કરે છે, આજીવન બ્રહ્મચર્ય પાળે છે, સમાજને પોતાની સંતતિ માને છે ને તેની જ સેવામાં જીવન વ્યતીત કરે છે. સમાજસેવા એ જ એમનું જીવનવ્રત છે.

ત્યારે નિયમ એ હોય કે વંશવર્ધનની પ્રેરણાએ જ લગ્ન થાય, જેને એ પ્રેરણા ન થાય તે લગ્ન ન કરે. સૌએ લગ્ન કરવું જ જોઇએ એવી ફરજ કોઇને ન પાડી શકાય; વંશવર્ધનની પ્રેરણા થયે પણ લગ્ન ન કરવું એવી અટકાયત પણ કોઇને—વિધવાને પણ—ન થાય.

સમાજસેવાને અર્થે વૈરાગ્યની પ્રબળ પ્રેરણા જાગ્યે જ માનવી સંન્યસ્તનો અધિકારી બને છે, તેમ જ સમાજસેવાને અર્થે વંશ-વર્ધનની પ્રબળ પ્રેરણા જાગ્યે જ માનવી લગ્નનો અધિકારી બને છે. પણ ઉત્તરાવસ્થામાં સૌએ સંન્યસ્ત લેવું એવી યોજના સમાજમાં જાગી, ત્યારથી સંન્યસ્તસંસ્થાની પવિત્રતાનો નાશ થયો, એ જ પ્રમાણે પૂર્વાવસ્થામાં સૌએ લગ્ન કરવું એવી યોજના સમાજમાં જાગી, ત્યારથી લગ્નસંસ્થાની પવિત્રતાનો નાશ થયો.

અને ત્યારે લગ્ન વંશવર્ધન માટે જ હોય. प्रजायै गृहमेधीनाम, पुत्रप्रयोजना भार्या, पुत्रार्थे क्रीयते भार्या, એવાં એવાં અનેક વચન એ જ અર્થે પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં લખાયાં છે અને પ્રજા થયા પછી તેનું સારી રીતે પોષણ કરવા તથા તેને ઉન્નત ભાવનાએ ઉછેરવા માટે ગૃહ બાંધવું, ઘર કરીને સ્ત્રીપુરુષે એ જ હેતુએ ગૃહબંધને બંધાઇને સાથે રહેવું એ જ ઇષ્ટ છે, પુરુષે ગૃહસ્થધર્મ અને સ્ત્રીએ ગૃહિણીધર્મ પાળવો એ જ ઇષ્ટ છે. અને પ્રજાને સારી રીતે તો માતા જ ઉછેરી શકે એટલે ગૃહમાં માતા જ મધ્ય બિંદુએ છે. गृहिणी गृहमुच्यते ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે આત્મરક્ષણ અને વંશવર્ધનને માટે પ્રથમ સ્થાન ગૃહ છે. પણ માનવી સામાજિક પ્રાણી બન્યો છે, એટલે સમાજ એનું વિશાળ રક્ષણસ્થાન છે. સમાજના રક્ષણમાં જ એનું સાચું રક્ષણ છે, માટે સમાજના રક્ષણ માટે પણ એણે પ્રયત્ન કરવો જોઇએ. એ પ્રયત્નનું નામ સમાજસેવા. પુરુષાર્થ એ પોતાની ને યજ્ઞાર્થ એ સમાજની સેવા છે. આત્મરક્ષણ ને વંશવર્ધન માટેનું ગૃહ એ સમાજદેહનું નાભિચક્ર છે. સમસ્ત દેહનું રક્ષણ કર્યે જ નાભિચક્રનુ સાચું રક્ષણ થઇ શકે. સમાજ સમગ્ર છે, ગૃહ એનું एकम् છે. સમાજની વર્તમાન સેવા પોતાના પ્રયત્નથી થાય, ભાવિ સેવા તો ઉન્નત સંતતિ જ તેને ચરણે સમર્પ્યે થાય. એમ વંશપરંપરા ઉન્નત સંતતિ સમર્પ્યે જવાય તો સમાજનો ઉન્નત માર્ગે વિકાસ થાય. લગ્નજીવનનો ને ગૃહજીવનનો આ જ એકમાત્ર હેતુ.

પણ અનેક વાર કાર્યના શુદ્ધ અને સાર્થક હેતુ છેક જ ભુલાય છે ને તેને બદલે બીજા જ — અનેક વાર તો અનર્થક — હેતુ કલ્પી લેવાય છે. અનેક કવિઓએ પણ એ શુદ્ધ અને સાર્થક હેતુ વિસારીને તેને બદલે લગ્નજીવન ઉપર પોતાના કાવ્યમોહમાં માદક ને અનર્થક હેતુનો ઓપ ચઢાવ્યો છે અને કામોદ્દીપક ગીત ગાયાં છે સંધ્યાકાળે આકાશમાં વાયુબળે મેઘના રંગબેરંગી ઘોડા બને ત્યારે કવિ કલ્પના કરીને તેના ઉપર તેવા જ માનવીને બેસાડવા ગીત ગાય. વિજ્ઞાન-પુરુષ જ સાચી વાત જાણે કે એ તો મિથ્યા કલ્પના છે. અનેક કલાધરોએ પણ લગ્નજીવન ઉપર આવી મિથ્યા જાળ પાથરી છે. તેને પરિણામે પણ આજે સમાજમાં લગ્નજીવનનો સાચો હેતુ ભુલાયો છે ને કામલોલુપતા જામી છે. પોતાની કામલોલુપતા પોષ-વાને માટે નહિ, પણ સમાજને ચરણે ઉન્નત સંતતિ અર્પવાને જ માટે લગ્ન છે, લગ્નજીવન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ હેતુ માનવી સારી રીતે સાધવા પ્રેરાય, એ હેતુથી વિમુખ ન બને, એટલા માટે ધર્મગુરુઓએ તેને સ્વર્ગની લાલચ આપી. પુત્ર હશે તો પુન્ નામે નરકમાંથી તરી સ્વર્ગે જવાશે એવી લાલચ આપી, પુત્ર નહિ હશે તો નરકે જવાશે એવો ભય દેખાડ્યો. આથી સ્વર્ગે જવાની લાલચે ગમે તેવા અને ગમે તેટલા પુત્ર ઉત્પન્ન કરવા, એમ જ માનવી સમજ્યો. લગ્નનો ને લગ્નજીવનનો સાચો હેતુ એ નથી, પણ સમાજને ચરણે ઉન્નત સંતતિ અર્પવી એ જ છે. ત્યારે લગ્ન એ રીતે ધાર્મિક નહિ, પણ સામાજિક છે.

એ લગ્નધર્મ પાળવા માનવીએ સ્વાર્પણ કરવું ઘટે. ડાંગેરનો કે બાજરીનો છોડ પોતાનું સત્ત્વ નીચોવી નાખી પીળો પડી જાય, કૃશ બની જાય, ત્યારે જ તેની છેક ટોચે સુંદર ને પોષક कर्षण આવે. લગ્નધર્મ આવો કઠણ પણ સુંદર ધર્મ છે.

ત્યારે સંતતિધર્મ એ લગ્નનો એકમાત્ર ધર્મ છે. એ માત્ર સુખ ભોગવવા માટે નથી, કલ્યાણને હેતુએ કષ્ટ (कष् કસવું, એ ઉપરથી કસોટી પણ) ઉઠાવવા માટે છે. એટલા માટે તો પ્રસવ પહેલાંની ઘડીઓમાં 'સ્ત્રી કષ્ટાય છે' એમ આપણામાં કહેવાય છે. અને શુદ્ધ રીતે સંતતિધર્મ પાળવો એ એક પ્રકારે સમાજસેવા જ છે, જીવનની કસોટી છે.

ત્યારે ભવભૂતિ કહે છે એમ,

व्यतिषजति पदार्थनान्तरः कोऽपि हेतु-
र्न खलु वहिरुपाधीन्प्रीतयः संश्रयन्ते ।
विकसति हि पतंगस्योदये पुण्डरीकं
द्रवति च हिमरश्मा बुद्गते चन्द्रकान्तः ॥ उत्तररामचरितम् ६:४

આનું ભાષાન્તર શ્રી મણિલાલ દ્વિવેદીએ આમ કર્યું છે:

મનમહીં કંઇ હેતુ પ્રીતિ સૌને કરાવે,
નહિ નહિ કદી બાહ્યાકર્ષણે પ્રેમ આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિનકર ઉદયેથી પદ્મ પામે વિકાસ,
શિતકર ઉદયેથી જો દ્રવે ચંદ્રકાન્ત.

જેમ સૂર્યના ઉદયથી પદ્મ વિકાસ પામે, જેમ ચંદ્રના ઉદયથી ચંદ્રકાન્ત દ્રવે, એમ સંતતિની આન્તર પ્રેરણાથી જ લગ્નની ભાવનાનો ઉદય થાય; શરીરના બાહ્ય સૌન્દર્યથી આકર્ષાઇને લગ્ન થાય, એમાં સાચો સ્નેહ હોઇ શકે નહિ. આજકાલ 'સ્નેહલગ્ન' કરવાનો વાયરો ખૂબ પ્રચંડ રીતે વાઈ રહ્યો છે. પણ એ તો મોટે ભાગે બાહ્યાકર્ષણથી તણાઇને થતાં 'મોહલગ્ન' જ હોય છે જર્મન સિલ્વર જેમ સાચી રીતે નથી જર્મન કે નથી સિલ્વર, તેમ આવાં સ્નેહલગ્નમાં નથી સાચો સ્નેહ કે નથી સાચું લગ્ન. એ તો રૂપસામગ્રીના મોહથી તણાઇને થએલો કાયદેસર વ્યભિચાર છે. કાયદેસર એટલા માટે કે સમાજે એ વ્યભિચાર ઉપર લગ્નને નામે સીલશિક્કો માર્યો છે. બાકી શરીરસૌન્દર્યની સામગ્રીના ને કામલોલુપતાના બધા મોહ ઊતરી ગયા પછી – ૫૦ વર્ષની ઉમર પછી – જે સ્નેહ નીતરીને ઠર્યો હોય તે જ સાચો સ્નેહ, અને ત્યારે જ એ તે સ્નેહલગ્ન હતું કે મોહલગ્ન હતું તેનાં સાચાં પારખાં જડે. સ્નેહ અને મોહ એ બે વસ્તુ જ જુદી છે.

ત્યારે વિષયવાસનાના સેવનને અર્થે લગ્ન કરવું એ પોતાની ઉપર, પોતાની સાથે લગ્ન કરનાર ઉપર, તેથી અનાયાસે થનાર સંતતિ ઉપર અને સમસ્ત સમાજ ઉપર ભયંકર અત્યાચાર છે. ફરી વાર કહું કે ઉન્નત સંતતિ ને સમાજસેવા માટે જ લગ્ન હોય. સમાજમાં એવી માન્યતા ભરાઇ બેઠી છે કે બસ સૌએ પરણવું જોઇએ; એ માન્યતાના મૂળમાં જ અપરાધ છે. જે સ્ત્રીપુરુષને સંતતિની પ્રબળ પ્રેરણા થાય તેમણે જ પરણવું ઘટે ને તે પણ જીવનધ્યેયનો નિર્ણય કરીને જે સ્ત્રીપુરુષને સમાન જીવનધ્યેય હોતાં નથી, તેમનું લગ્નજીવન સફળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી થતું. યાત્રાળુઓ ત્યારે જ સાથે યાત્રા કરી શકે કે એક જ તીર્થ-ક્ષેત્રે તેમને જવાનું હોય. “જગતમાં એવો નિયમ છે કે જે સ્ત્રી અને પુરુષને અન્યોન્ય સંબંધ બાંધવાની ઇચ્છા હોય છે તે સ્ત્રી અને પુરુષનો સંબંધ અમૃતતુલ્ય થઇ પડે છે; પરંતુ રક્ત સ્ત્રીને પોતાના જેવો રક્ત પુરુષ ન મળે અને કોઇ વિરક્ત પુરુષની સાથે સંબંધ બંધાય તો તેઓનો એ સંબંધ દોષજનક જ નહિ, પરંતુ પરિણામે વિષતુલ્ય થઇ પડે છે” (શાન્તિપર્વ ૩૨૦ : ૬૯).

ત્યારે સો ગળણે ગાળીને પાણી પીવું ઘટે. સ્ત્રીપુરુષે પ્રેમાન્ધ બનીને નહિ, પણ બહુ વિચાર કરીને લગ્ન કરવું ઘટે, ઇષ્ટ ધ્યેય સાધવાને માટે પોતાના એ ધ્યેયને અનુકૂળ જીવનસાથી શોધી લેવો ઘટે. સ્નેહને નામે ઊંધું જોઇને પરણનારને પછીથી પસ્તાવું પડે છે. એવી લગ્નાતુર સ્ત્રીને લગ્ન પછી હિસ્ટીરિયા લાગુ પડ્યાના અનેક પ્રસંગો જાણીએ છીએ. સ્પેનમાં કહેવત છે કે જે મોહાતુર થઇને પરણે છે તે પરણ્યા પછી શોકાકુલ બને છે. પ્રકૃતિ એમને સંતતિ તો આપે જ, પણ તેમને અનુરૂપ જ આપે. ત્યારે સ્વભાવપ્રતિકૂળ સ્ત્રીપુરુષ સ્નેહને નામે મોહથી છેતરાઇને લગ્ન કરે તો તેનાં પરિણામ અનિષ્ટ જ નીવડે. માટે જ લગ્ન કરતાં ઇષ્ટ સ્વજનોની સલાહ પણ લેવી ઘટે

જર્મન વિચારક નીચે (Nietzsche) લગ્નની ઇચ્છા કરનારને પૂછે છે: “તું જુવાન છે અને લગ્નની ને સંતતિની ઇચ્છા કરે છે; ઠીક. પણ તને પૂછું છું કે સંતતિની ઇચ્છા કરવાની તારામાં તાકાત છે? તું આત્મસંયમ કરવામાં, તારી ઇંદ્રિયોને વશ રાખવામાં, તારા સ્વભાવ ઉપર ગુરુ થવામાં તેં વિજય મેળવ્યો છે? અથવા તો તારી ઇચ્છા નીચે સંતાઇને પેલો પશુ બોલે છે? હું ઇચ્છું છું કે તારો વિજય અને મુક્તિ જ સંતતિની કામના કરે. એ સંતતિમાં તારા વિજયનો ને તારી મુક્તિનો સ્મારકસ્તંભ તું ચણજે. તારી યે પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભો રહે એવો સ્મારકસ્તંભ તું ચણજે. પણ પ્રથમ તો તારા દેહમાં ને તારા આત્મામાં સમભાવે તારી જાતને તું સ્થાપજે. તારી જાતને માત્ર એમ જ વિસ્તારતો ના, પણ ઉચ્ચ ભાવે વિસ્તારજે. ત્યારે પોતાના કરતાં યે ઉન્નત સંતતિના સર્જન માટે બે જણ જે ઇચ્છા કરે તેને હું લગ્ન કહું છું." આવી ઊંચી ભાવનાએ પ્રેરાઇને લગ્ન કરનાર સ્ત્રીપુરુષનું લગ્નજીવન ઘણું કરીને કલ્યાણપ્રદ નીવડે છે. અને એ તો સ્પષ્ટ છે કે આવાં લગ્નમાં ધનના કે માનના સોદા જ ન હોઇ શકે. બીજાંની દખલગીરી કે દરમ્યાનગીરી પણ ન જ હોઇ શકે. બેશક ઊંચી ભાવનાએ પ્રેરાઇને લગ્ન કરનાર જુવાન સ્ત્રીપુરુષ આ વિષે ગંભીર વિચાર કરશે ને પ્રસંગ પડચે વધારે અનુભવીની સલાહ પણ લેશે, એ ભૂલતાં હશે તો તેમના હિતૈષી તેમને સૂચના પણ કરશે. આવાં દંપતીનું કલ્યાણજનક ઐક્ય તે સંતાનસંભવ કુમારસંભવમાં કહ્યું છે કે क्रियाणां खलु धर्माणां सत्पत्न्या मूलकारणम् – 'સત્પત્ની જ સમસ્ત ધર્મકાર્યનું મૂળ કારણ છે,' અને તેથી જ સત્પતિ પણ.

આમ "સ્ત્રી અને પુરુષનો પતિપત્ની તરીકેનો સંબંધ અત્યંત સૂક્ષ્મ છે, કેવળ શાસ્ત્ર દ્વારા જ જાણી શકાય એવો છે. માટે તે સંબંધ શાસ્ત્રમર્યાદાનો લોપ કરીને કેવળ મૈથુનરૂપ સાધારણ ધર્મને જ લક્ષમાં રાખીને ગમે તે પ્રકારે બાંધી દેવો નહિ" (અનુશાસન પર્વ ૪૫ : ૯). બેશક કામપ્રેરણાને લગ્નસંબંધમાં સ્થાન નથી જ એમ નથી, છે પણ તે સૌમ્ય છે. પ્રકૃતિનો નિયમ છે કે ઇષ્ટ અને હિતજનક વસ્તુ ઇન્દ્રિયોને રુચિકર હોય. ઇષ્ટ અને હિતજનક આહારમાં સુવાસ હોય, સુસ્વાદ હોય; પ્રાણીમાત્ર પોતાના શરીરપોષણને માટે ઇષ્ટ અને હિતજનક આહાર સૂંઘીને ને ચાખીને ખાય છે; અરુચિકર લાગે તો તેને અડે પણ નહિ. ઇતર પશુપંખી સ્વાભાવિક પ્રેરણાબળે હજી એમ જ કરે છે; પણ આપણે માનવી–બુદ્ધિબળે પશુપંખી કરતાં પોતાને સંસ્કૃત માનનાર માનવી–શરીરપોષણના ઇષ્ટ અને હિતજનક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આહારને તરછોડી સ્વાદને વળગ્યા છીએ, આહારમાં કૃત્રિમ સ્વાદને ઉમેરી ભોજન બનાવીએ છીએ ને તે સ્વાદે ભોગવીએ છીએ અને એ ભોગને પરિણામે આપણે પોતે જ રોગના ભોગ થઇ પડ્યા છીએ. પ્રાકૃતિક આહાર કરનાર પશુપંખીમાં માનવીના પ્રમાણમાં નહિ જેવા જ રોગ છે, પ્રમાણમાં એ નીરોગ છે.

બરાબર એ જ સ્થિતિ વંશવર્ધનમાં પણ છે. વંશવર્ધન એ પ્રકૃતિમાં ઇષ્ટ અને ઉપયોગી છે અને એ સધાય એટલા માટે પ્રાણી-માત્રમાં કામપ્રેરણા ઇષ્ટ રૂપે રહેલી છે. પશુપંખી એ સ્વાભાવિક પ્રેરણાને વળગી રહી વંશવર્ધન કર્યે જાય છે. પણ આપણે માનવી–બુદ્ધિબળે પશુપંખી કરતાં પોતાને સંસ્કૃત માનનાર માનવી–વંશવર્ધનના ઇષ્ટ કાર્યને તરછોડી વિષયવાસનાને વળગ્યા છીએ, કામલોલુપ બની વિષયવાસનામાં ઊંધું જોઇને ઝુકાવીએ છીએ. અને એ ભોગને પરિણામે આપણે પોતે જ રોગના ભોગ થઇ પડ્યા છીએ. વંશવર્ધનની પ્રાકૃતિક ક્રિયા કરનાર પશુપંખીમાં માનવીના પ્રમાણમાં નહિ જેવા જ રોગ છે, પ્રમાણમાં એ નીરોગ છે.

આમ આપણી કામલોલુપતાથી આપણે શારીરિક, માનસિક અને આત્મિક, એમ ત્રિવિધ તાપ વેઠી રહ્યા છીએ, એટલું જ નહિ પણ પ્રકૃતિના ઇષ્ટ હેતુનો–વંશવર્ધનનો–પણ નાશ કરી મૂકીએ છીએ, આપણા જેવી જ ભ્રષ્ટ સંતતિને જન્મ આપીએ છીએ ને સ્વર્ગસમાન આ પૃથ્વી ઉપર નરક ઉતારીએ છીએ. આ પ્રસંગે એક પુરાણકથા યાદ આવે છે: દેવલોકોએ પોતાની વિલાસ-વાસનાએ કરીને સ્વર્ગને ભ્રષ્ટ કરી મૂક્યું ને ત્યાં દૈત્યોનો અધિકાર સ્થપાયો. અનેક પ્રયત્નો કર્યા છતાં દૈત્યોના અધિકારમાંથી દેવો સ્વર્ગને છોડાવી શક્યા નહિ, એટલે એ શિવ પાસે ગયા ને સ્વર્ગપ્રાપ્તિને માટે એમની પ્રાર્થના કરવા લાગ્યા. પણ તુરત જ એ જોઇ શક્યા કે સમાધિસ્થ શિવ તો શક્તિ વિના શવ રૂપ હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી તેમણે શક્તિની ઉપાસના કરી અને શિવ સાથે સંયુક્ત થવાની તેમને પ્રાર્થના કરી. પોતાનું કાર્ય સત્વર સિદ્ધ કરવાને માટે દેવોએ શક્તિમાં કામપ્રેરણા મૂકી; પણ શિવની શક્તિ જ અગ્નિ જેવી પ્રબળ ને પવિત્ર, એ ત્રિલોચનની દૃષ્ટિમાત્રથી જ કામ બળીને ભસ્મ થઇ ગયો. ત્યારે હવે શક્તિએ તપસ્યા દ્વારા શિવની સાથે સંયુક્ત થવાનો સંકલ્પ કર્યો. એમણે પ્રચંડ તપસ્યા આદરી. આહારનો ત્યાગ કર્યો, માત્ર વૃક્ષનાં પર્ણ ઉપર એ રહેવા લાગ્યાં; અને પછી તો એ પર્ણનો પણ ત્યાગ કર્યો ને અપર્ણા બન્યાં. હવે જ શિવ પ્રસન્ન થયા ને ત્યારે જ શિવશક્તિનો યોગ થયો. એ યોગને પરિણામે કુમારસંભવ – કુમારનો જન્મ – થયો. અને કામવાસનાને પરિણામે નહિ પણ તપસ્યાને જ પરિણામે જન્મ પામેલે એ કુમારે સ્વર્ગનો ઉદ્ધાર કર્યો. ત્યારે લગ્નસંબંધ વિષયવાસનાને માટે નહિ, તપસ્યાને માટે હોય.

અને એ તપસ્યાપૂર્ણ પવિત્ર યોગથી જ શિવશક્તિ એ બે મળી એક થયાં અને શક્તિને યોગે જ શિવ અર્ધનારીશ્વર કહેવાયા. અને આવા પવિત્ર યોગથી જોડાએલાં સ્ત્રીપુરુષ એકરૂપ થઈ રહેશે. દેવે કહેલું કે "પુરુષ પોતાની સ્ત્રીને વળગી રહેશે અને તેઓ બંને એકરૂપ થશે" (બાઇબલ, યાહુદીપુરાણ, ઉત્પત્તિખંડ ૨ : ૨૪). અને વંશવર્ધનને પવિત્ર હેતુએ લગ્ન થાય તો તો પિતામાતાની પવિત્ર ભાવનાને અનુરૂપ સંતાન થયે એ બેનો સ્નેહ એ સંતાનમાં વળી વધારે ગાઢ રૂપે ઠરશે ને એ બેની એકતા એમ પ્રબળ થશે. સમાજને ચરણે એ સંતતિને અર્પવા માટે પોતાનાં સુખને એ વીસરશે ને તેમને પવિત્ર ભાવે ઉછેરવા પોતાના પ્રાણ રેડશે. બર્ટ્રેણ્ડ રસેલ કહે છે કે: When marriage is conceived in relation to children, a quite different ethic comes into play. Thus husband and wife, if they have any

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

love for their children, will so regulate their conduct as to give their children the best chance of a happy and healthy development. This may involve at times very considerable self-suppression.– 'વંશવર્ધનને હેતુએ લગ્ન થાય છે, ત્યારે જુદા જ પ્રકારનો ધર્મ પ્રવર્તે છે. પતિપત્નીને પોતાનાં સંતાન પ્રતિ સ્નેહ હશે તો તેઓ પોતાના આચાર એવી રીતે ઘડશે કે તેથી તેમનાં સંતાનને સુખી ને કલ્યાણજનક વિકાસ પામવાના ઉત્તમ પ્રસંગ સાંપડે. આને માટે તો એમણે વારંવાર ખુબ સંયમ રાખવો પડે – તપશ્ચર્યા કરવી પડે.'

એવી રીતે, તપશ્ચર્યા કરીને, પોતાનાં સુખને અને વિલાસને અવગણીને સંતાનનો સુખી અને કલ્યાણજનક વિકાસ કરવો, એ સંતાનસંસ્કૃતિને સમાજને ચરણે ધરવી અને એમ થયે નિવૃત્ત થવું એજ એકમાત્ર ધર્મલગ્ન છે. લગ્નની એ જ એકમાત્ર કલ્યાણભાવના છે. એમ વંશપરંપરાએ કલ્યાણજનક સંતતિ સમાજને સમર્પિત થતી જાય તો સમાજ ઉત્તરોત્તર કલ્યાણકુશળ થતો જાય અને આ પૃથ્વી ઉપર સ્વર્ગ ઊતરી આવે. અને ત્યારે જ માનવીએ યોજેલી લગ્નસંસ્થા સફળ નીવડે. આપણે સૌ આ સમજીએ ને આચરીએ.

* * *

એ તો સ્પષ્ટ જ છે કે કલ્યાણપ્રદ ભાવનાથી થએલા આ લગ્નમાં સ્ત્રીપુરુષ પોતાની જાતને પોતાનાં સંતાનમાં ગાઢભાવે સમર્પી દે, એકપ્રાણ કરી દે, ત્યાં તેમને જુદાઇનો ભય તો ક્યાંથી જ હોય? દેવે કહ્યું કે સ્ત્રીપુરુષ "બંને એકરૂપ થશે. માટે તેઓ હવેથી બે નથી, એકરૂપ છે; એ દેવે જે જોડ્યું છે તેને માણસે જુદું ન પાડવું" (બાઇબલ, ખ્રિસ્તપુરાણ, મેથ્યુ ૧૯ : ૬; માર્ક ૧૦ : ૯). અને કલ્યાણલગ્નનું ધ્યેય તો એ જ હોય. છતાં સમાજમાં એવાં લગ્ન વિરલ હોય છે; આપણે ઇચ્છીએ કે એવાં કલ્યાણલગ્ન સર્વસામાન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, પણ એવાં લગ્ન વિરલ હોય છે એ પણ ભૂલીએ નહિ. એવી સ્થિતિમાં સ્ત્રીપુરુષ પરણ્યાં એટલા જ માટે કોઇ મિથ્યા લગ્નબંધનની સાંકળે બે કેદીની પેઠે તેમને બાંધી રાખવાં એ પણ સમાજને ને તેમને પોતાને માટે અનિષ્ટકર છે.

આપણે જોયું તેમ ઉન્નત વંશવર્ધન એ જ કલ્યાણલગ્નનો એક-માત્ર હેતુ છે. એ હેતુ ભૂલીને સ્ત્રી કે પુરુષ માત્ર વિષયવાસના તરફ જ દૃષ્ટિ રાખે ત્યાં એ લગ્નસંબંધ નહિ, પણ વ્યભિચારસંબંધ બને છે; કારણ કે ત્યાં લગ્ન તો માત્ર નામનું છે, વ્યભિચારને કાયદેસર કરાવવાની ક્રિયામાત્ર છે. આવાં લગ્ન નિરર્થક ગણાય એ જ ઇષ્ટ છે.

ઇષ્ટ લગ્ન કરતી વખતે પણ અમુક વસ્તુઓ ધ્યાનમાં ન રહી હોય, ઊર્મિઓના આવેગમાં લગ્ન થયું હોય તો એકબીજાની બધી ક્ષતિઓ નજરે ન પડે. એ આવેગ બેશી જતાં પેલી ક્ષતિઓ તરી આવવા માંડે છે અને લગ્નની નિરર્થકતા દૃષ્ટિગોચર થવા માંડે છે. થનાર સંતતિના હિતને માટે સ્ત્રીપુરુષે પોતાના સુખની વાસના ઉપર સંયમ રાખવો ઘટે, સ્નેહમાં સહનશક્તિ હોવી ઘટે. સ્ત્રીપુરુષ બે મળીને સર્વ રીતે એક ન થાય ત્યાં સુધી બંનેને વ્યક્તિત્વ રહેવાનું જ, મતભેદ પણ રહેવાના જ. એ મતભેદ બનેએ સહન કરવા જોઇએ, સિદ્ધાન્તને નામે હઠીલાઇથી તો બંને વચ્ચેનો ભેદ ચિરાઇને વધવાનો. અમુક વિષયમાં અમુક સીમા સુધી બંનેની સ્વતંત્રતા ગળી જાય અને હિત તરફ જ દૃષ્ટિ રહે તો જ લગ્ન કંઇક સફળ થાય. આમ એકની ઇચ્છાને ને સ્વતંત્રતાને અમુક સીમા સુધી સહન કરવા બીજાએ ઉદારવૃત્તિ રાખવી જોઇએ – લગ્નહિત તરફ દૃષ્ટિ રાખીને ઉદારવૃત્તિ રાખવી જોઇએ. એવી ઉદારવૃત્તિ જેમનામાં હોય તેમણે જ લગ્નમાં સુખની અને કલ્યાણની આશા રાખવી. બેશક એ ઉદારવૃત્તિને પણ સીમા તો હોય છે જ. અને લગ્નનો હેતુ સફળ થવાની સર્વ આશાઓ તૂટી જ પડતી દેખાય, તો એ સ્ત્રીપુરુષ બંને પોતાની ઇચ્છાએ અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેમાંથી એકની ઇચ્છાએ એ લગ્નને નિરર્થક કરે, લગ્ન વિચ્છિન્ન કરે.

એ તો સ્પષ્ટ છે કે લગ્નનો ઇષ્ટ હેતુ વંશવર્ધન છે. ફૂલ ન આવે તો એ બાગ નહિ, એમ સંતતિ ન થાય તો એ લગ્ન નહિ. સંતતિનો અસંભવ સિદ્ધ થતાં એ સ્ત્રીપુરુષ બંને પોતાની ઇચ્છાએ અથવા બેમાંથી એકની પણ ઇચ્છાએ એ લગ્નને નિરર્થક કરે, લગ્ન વિચ્છિન્ન કરે.

અને લગ્નનો હેતુ માત્ર સંતતિ નહિ, પણ સુસંતતિ – કલ્યાણ-જનક સંતતિ છે. ત્યારે જે લગ્નથી એવી સંતતિ થઇ શકે એમ ન હોય, અર્થાત્ સ્ત્રીપુરુષમાંથી એક અથવા બંને શરીરે કે મને વંશાનુગત વ્યાધિથી પિડાતાં હોય, દુર્વ્યસનમાં આસક્ત હોય, બે વચ્ચે માનસિક ભેદ ને તેથી અણગમો વધ્યે જતો હોય અને તેથી વારંવાર એ બંને વચ્ચે ક્લેશ જાગતો હોય; આવાં અને થનાર સંતતિ ઉપર માઠી અસર થવાનો સંભવ હોય એવાં બીજાં કારણો હોય અને તેનું નિવારણ અશકય જ હોય તો એ સ્ત્રીપુરુષ બંને પોતાની ઇચ્છાએ અથવા બેમાંથી એકની પણ ઇચ્છાએ એ લગ્નને નિરર્થક કરે, લગ્ન વિચ્છિન્ન કરે.

અને બેમાંથી એકનું મરણ થતાં એ લગ્ન તો આપોઆપ નિરર્થક થાય છે જ.

પણ જે સ્ત્રીપુરુષને લગ્નથી સંતતિ થઇ હોય, તેમની સ્થિતિ વિષમ છે. સંતતિના હિત તરફ દૃષ્ટિ રાખીને લગ્નવેદિ ઉપર પોતાના મતભેદ ને વ્યક્તિસ્વાતંત્ર્ય તો એ બંનેએ હોમી દેવાં ઘટે. પણ સંતતિ થયા પછી થએલા શારીરિક કે માનસિક રોગ અસાધ્ય હોય તો તેની માઠી અસર ભાવિ સંતતિ ઉપર ન પડે, એટલા માટે એ સ્ત્રીપુરુષે લગ્નક્રિયા બંધ કરી દેવી ઘટે – બ્રહ્મચર્ય પાળવું ઘટે અને તે જ સંતતિને સુસંસ્કાર આપવામાં પોતાનું જીવન ગાળવું ઘટે. એ જ એ બેનું આમરણ વ્રત હોય છતાં મતભેદને, વ્યક્તિસ્વાતંત્ર્યને કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગને કારણે એ બે જણ સાથે ન જ રહી શકે એમ હોય, તો એ સ્ત્રીપુરુષ બંને પોતાની ઇચ્છાએ અથવા બેમાંથી એકની પણ ઇચ્છાએ એ લગ્નને નિરર્થક કરે, લગ્ન વિચ્છિન્ન કરે.

એક લગ્ન વિચ્છિન્ન થતાં ઇષ્ટ હેતુએ સ્ત્રી અથવા પુરુષ યોગ્ય સાથી શોધી લગ્ન કરવા ઇચ્છે તો તેમ પણ કરવાનો તેમને સરખો અધિકાર હોવો જોઇએ.

લગ્નને વિચ્છિન્ન કરવાનો અધિકાર સ્ત્રીને અને પુરુષને સરખો જ હોવો જોઇએ, અને તેમાં ધર્મનો, સમાજનો ને રાજ્યનો કશો ય અંતરાય ન હોવો જોઇએ.

અને એવે પ્રસંગે તેમની સંતતિને સુસંસ્કૃત બનાવવાનો ધર્મ સમાજનો છે, સમાજે એવાં સંતાન ઉછેરવાની વ્યવસ્થા કરવી જોઇશે. જોકે માતાપિતા અને તેમાં યે માતા પોતાના સંતાનને જેવું સારી રીતે ઉછેરી શકે, તેવું તો જગતમાં કોઇ પણ નહિ ઉછેરી શકે, પણ આવે પ્રસંગે સમાજને માથે એ આપદ્ધર્મ આવી પડે છે ને તેણે પોતાના હિતને માટે એ પાળવો જ રહ્યો.

વળી જેમને પ્રજનનની પ્રેરણા જ ન થાય, તેમણે લગ્ન ન જ કરવું ઘટે. તેવામાંથી જે સ્ત્રીને કે પુરુષને સમાજસેવાની પ્રેરણા થાય અને તેમાં કોઇ પુરુષના કે સ્ત્રીના સહકારની જરૂર લાગે તો તે તેનો સહકાર જરૂર સાધે, પણ શરીરલગ્ન તો ન જ કરે. પ્રજનનની પ્રેરણા વિના શરીરલગ્ન પાપ છે, તેવે પ્રસંગે તો બ્રહ્મચર્ય જ પુણ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૪૨

સુપ્રજનન

प्रजननं वै प्रतिष्ठा । लोके प्रजायासतंतुं तन्वानः पितृणामनृणो भवति । तदेव तस्य नृणं तस्मात् प्रजननं परमं तपं वदन्ति । 'પ્રજાનું ઉત્પાદન કરવું એ પ્રતિષ્ઠાકાર્ય છે, લોકમાં ઉત્તમ પ્રજાના તંતુને નિરંતર ચાલુ રાખવાથી પિતૃઋણમાંથી મુક્ત થવાય છે, માટે પ્રજા ઉત્પન્ન કરવી એ પણ પરમ તપ મનાય છે.' આમ લગ્ન એક પ્રકારે તપશ્ચર્યા છે, વિલાસ નથી, એ વાત અનેક ઉપનિષત્કારો જાણતા હતા. કામલોલુપ કવિઓએ અને કલાધરોએ સુંદર ને પ્રિય લાગતાં જે ભ્રષ્ટ ને જડ આડંબર લગ્નની કલ્યાણજનક ભાવના ઉપર ચઢાવ્યાં છે તે તોડી નાખશો તો તેના ગર્ભમાંથી તેનો શુદ્ધ હેતુ પ્રકટ થશે.

એકે એક પ્રાણી પ્રજનનને માટે પ્રેરાયા જાય છે. બીજારોપણ પછી કરોળિયાને તેની નારી મારી નાખે છે, છતાં એ પ્રજનન માટે પ્રેરાય છે. જે સંતતિનું મુખ પણ જોવા પામવાનો નથી, તે સંતતિને માટે ભમરો આહારસામગ્રી સંઘરવા શ્રમ કર્યા કરે છે. અને માનવી પણ પોતાની સંતતિનું ભરણપોષણ કરવામાં પોતાની જાતને ઘોઇ નાખે છે. આમ પોતાના મરણ પછી યે પોતાના જીવનને એક પ્રકારે સતત ચાલુ રાખવું – સન્તતિ ઉત્પન્ન કરવી, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કરીને મરણ ઉપર વિજય પ્રાપ્ત કરવો એ પ્રાણીમાત્રનો એક-માત્ર પ્રેરણાહેતુ છે. મરણ ઉપર વિજય પ્રાપ્ત કરવાનો આ પ્રેરણાહેતુ જ્ઞાન અને વિચાર ઉપર પણ રાજ્ય ચલાવે છે, તત્ત્વજ્ઞાનીઓ પણ એ હેતુને વશ થઇ સંતતિને જન્મ આપે છે. આ પ્રેરણાહેતુમાં કલ્યાણભાવના આરોપવા પ્રાચીન ગ્રીકો લિંગની (Phallus – ફલસની) પૂજા કરતા, કામદેવને બાળી સ્વર્ગનો ઉદ્ધાર કરવાની ભાવનાએ કુમારનો જન્મ આપનાર શિવની ને તે જ હેતુએ તપશ્ચર્યા તપનાર અપર્ણા શક્તિની લિંગ અને યોનિ રૂપે હિંદુઓ પ્રાચીન કાળથી પૂજા કરતા આવ્યા છે.

બેશક મરણ ઉપર વિજય મેળવવા માટે પ્રજનનક્રિયા એ તો પ્રાણીમાત્રનો પ્રેરણાહેતુ છે જ, પણ માનવી તો વિવેકબુદ્ધિ વાળું સામાજિક પ્રાણી રહ્યો, એટલે એણે તો પોતાની ઉન્નતિ સાધવી રહી, સ્વર્ગરાજ્યનો ઉદ્ધાર કરવો રહ્યો. ત્યારે ઉન્નત પ્રકારની સંતતિ ઉત્પન્ન કરવી એ જ એણે લગ્નનો હેતુ રાખવો રહ્યો. પશુપાલકો ઊંચી કોટિનાં પશુ કેમ જન્મે તેને માટે સતત પ્રયત્ન કરે છે, ત્યારે આપણે આપણી પોતાની સંતતિ ઉન્નત જ પ્રકારની કેમ જન્મે એ વિષે વિવેક ન કરીએ તો તો આપણી સંસ્કૃતિ લાજે.

માનવી સામાજિક પ્રાણી રહ્યો, એટલે આખો સમાજ ઉન્નત થાય તો જ પૃથ્વી ઉપર સ્વર્ગ ઊતરે. સમાજના અનેક પ્રદેશમાં સેવા કરનાર માણસ જોઇએ, એટલે દરેક માણસે ઇષ્ટ પ્રદેશમાં સેવા કરવી અને ઇષ્ટ પ્રદેશમાં સેવા કરે એવી સંતતિને જન્મ આપવો ઘટે. ત્યારે લગ્ન કરતી વખતે જ આ સૌનો વિચાર કરી લેવો ઘટે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે: "મારે તો અત્યારે લોખંડ જેવા મજબૂત સ્નાયુઓ વાળાં સેવકો અને સેવિકાઓ જોઇએ છે. તેમનાં વજ્ર જેવાં મજબૂત શરીરમાં મન પણ વજ્ર જેવાં દૃઢ હોય, તેમનામાં ક્ષત્રિયનું વીર્ય હોય અને બ્રાહ્મણનું તેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય. પરંતુ હાય! આપણા લાખો સુંદર યુવકોની ને યુવતીઓની દર વરસે કતલ થાય છે. સમાજને, પેલી પશુતા જેને લોકો લગ્ન કહે છે, તેની ઘેલછા લાગી છે. દર વરસે લાખો યુવકો અને બાળાઓ તેની બેડીમાં પડે છે" ('કન્યાને પત્રો' : ૩૯). જેનામાં કંઇ પણ મનુષ્યત્વ હોય તેવા યુવકોએ ને બાળાઓએ એ લગ્નની ઘેલછાથી છૂટવું જ રહ્યું, સુપ્રજનન માટે જ લગ્ન કરવું એ તેમનો ધર્મ રહ્યો.

ત્યારે સમાજસેવાને અર્થે સમર્પણ કરવા યોગ્ય સંતતિની પ્રાપ્તિ માટે જો લગ્ન કરવું હોય તો તેને માટે સ્ત્રીપુરુષે અગાઉથી તયારી કરવી ઘટે. 'ક્ષત્રિયનું વીર્ય હોય અને બ્રાહ્મણનું તેજ હોય' એવી સંતતિ માટે સ્ત્રીપુરુષે શારીરિક અને માનસિક કેળવણી લેવી જોઇએ. વીશ વર્ષની ઉમર સુધી તો યુવતીઓએ ને યુવકોએ એ માટે ખૂબ અભ્યાસ કરવો જોઇએ. વળી પોતાનો અને થનાર સંતતિનો જીવન-નિર્વાહ કરી શકાય ને સમાજસેવા કરી શકાય એ માટે પણ તેમણે તૈયારી કરી લેવી ઘટે. અને ત્યાર પછી જ લગ્નનો વિચાર કરવો ઘટે.

ટોલ્સ્ટોય કહે છે: "અલબત્ત, માનવજાતિને ચાલુ રાખવા માટે લગ્ન ઇષ્ટ અને આવશ્યક છે, પણ લોકો જો આ હેતુથી પરણતાં હોય તો એમની અનિવાર્ય ફરજ છે કે એમનાં સંતાનો પરોપજીવી કે ભિખારચટ્ટાં ન બનતાં માનવજાતિના તેમ ઇશ્વરના સેવકો બને એવી રીતે તેમને કેળવવાની એમનામાં તાકાત હોવી જોઇએ. અને એમ થઇ શકે એટલા માટે તેઓ બીજાની મહેનત ઉપર નિર્વાહ ન કરતાં પોતાની જ મહેનતથી ભરણપોષણ કરવાની શક્તિ ધરાવતાં હોય, માણસો પાસેથી પોતે જેટલું મેળવતાં હોય એથી વિશેષ તેમને આપી શકે એ પ્રકારનું જીવન ગાળવાની શક્તિ ધરાવતાં હોય એ આવશ્યક છે.

"ત્યારે આપણે તો ઊલટા એવા શહેરી ખ્યાલ ધરાવીએ છીએ કે પુરુષ પાસે જ્યારે 'સાધનસંપત્તિ હોય' અર્થાત્ પુરુષ જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારકાની ગરદન ઉપર બરાબર ગોઠવાઇને સ્થિર પદવી પ્રાપ્ત કરી બેસી ગયો હોય ત્યારે જ એ પરણી શકે. પણ જે જરૂર છે તે તો આથી ઊલટી જ સ્થિતિની છે. જે પુરુષ 'સાધનસંપત્તિ' વિના ભરણ-પોષણ કરવાની અને સંતતિને કેળવવાની શક્તિ ધરાવતો હોય તેણે જ લગ્ન કરવું જોઇએ. આવાં જ માબાપો પોતાનાં સંતાનોને યોગ્ય કેળવણી આપી શકે" ('સ્ત્રી અને પુરુષ': ૬૭).

અને સુપ્રજનન માટે આવી તૈયારીનો જે કાળ, તેને આર્યોએ પોતાની સમાજવ્યવસ્થામાં બ્રહ્મચર્યાશ્રમ કહ્યો છે. અને આ બ્રહ્મચર્યા-શ્રમમાં સુપ્રજનન વિષેની સર્વે તૈયારીઓ કરી રહ્યા પછી જ યુવક અને યુવતી સામે લગ્નનો પ્રશ્ન આવે. સાથે જ કેવે યુવકે કેવી યુવતી સાથે અને કેવી યુવતીએ કેવા યુવક સાથે લગ્ન કરવું એ પ્રશ્ન પણ આવે. સુપ્રજનન માટે લગ્ન છે એ દૃષ્ટિએ જોતાં લગ્ન કરનાર સ્ત્રીપુરુષમાં શારીરિક, માનસિક અને આત્મિક અનુકૂળતાઓ હોવી ઇષ્ટ છે. માત્ર ઉપરની ટાપટીપથી મોહ પામીને સ્નેહલગ્નને નામે સંબંધ જોડી નાખવો એ તો અનિષ્ટ જ છે. મોહ અને લગ્ન એ બે વસ્તુઓ મૂળથી જ જુદી છે.

લગ્નક્ષેત્ર વિશાળ હોવું ઘટે. આદિમાનવ માતા સાથે, બેન સાથે કે પુત્રી સાથે પણ લગ્ન કરતો. પણ ધીરે ધીરે જેમ જેમ તેની અનિષ્ટતા સમજાતી ગઇ, જેમ જેમ બંધુસ્નેહ કેળવાતો ગયો, તેમ તેમ એવાં આન્તર લગ્ન વિષે મર્યાદાઓ બંધાતી ગઇ. બંધુસ્નેહથી બ્રહ્મચર્યની ભાવના ખીલતી જાય છે એટલે એ ભાવનાનો પ્રદેશ વિશાળ થતો જાય એ ઇષ્ટ છે. અને માટે જ આર્યોએ ગોત્રલગ્ન નિષિદ્ધ ગણ્યાં છે. હિંદુઓમાં આજે એવી ઘણી યે જ્ઞાતિઓ છે, જે પોતાના ગામમાં પણ લગ્નસંબંધને નિષિદ્ધ માને છે અને ગામનાં સૌ એકબાજાને ભાઇબેન માને છે. કોકેશિયન જાતિઓમાંના ખેવસોર લોકો "પોતાના ગામની છોકરીઓને નહિ પરણવાના પણ સોગંદ લેતા"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

('સહાયવૃત્તિ' : ૨૦૫). આ ભાવના સુંદર ને ઇષ્ટ છે. આથી યુવકોમાં ને યુવતીઓમાં કામવાસના વહેલી જાગ્રત નથી થતી. આશ્રમોમાં રહેતાં ને શાળાપાઠશાળાઓમાં ભણતાં યુવકયુવતીઓમાં આમ બંધુ. સ્નેહ કેળવાય તો સહશિક્ષણમાં આજે સમાજને જે ભય લાગે છે તે ઘણે ભાગે નિર્મૂળ થાય. વળી અમુક પ્રકારે સમાનતાઓ હોવા છતાં પણ સ્ત્રીપુરુષમાં અમુક વિશેષતાઓ હોય તો જ સંતતિમાં લાક્ષણિક વિશિષ્ટતા આવે એમ રસાયણશાસ્ત્રની દૃષ્ટિએ સિદ્ધ છે. આર્યોએ એ માટે પણ ગોત્રલગ્નને નિષિદ્ધ ગણ્યાં છે. નિરુક્તકાર તો સ્પષ્ટ રીતે જણાવી દે છે કે दुहिता दुर्हिता दूरे हिता । ३ : ४ ॥ 'દીકરીનું લગ્ન દૂર કરવું એમાં જ હિત છે.' આ દૃષ્ટિએ હિંદુઓની સાંકડી નાતોમાં ને એથી યે સાંકડા ગોળોમાં થતાં લગ્ન માટે ભાગે અનિષ્ટ છે. તેમ જ વળી જ્યાં સમાનતાઓ કરતાં વિશેષતાઓ વધારે હોય તેવી દૂર દૂરની જાતિઓમાં સ્ત્રીપુરુષોનાં લગ્નથી પણ ઇષ્ટ કરતાં અનિષ્ટ સંતતિનો વધારે સંભવ છે. આથી એવાં બહિર્લગ્ન વિષે પણ મર્યાદાઓ બંધાઇ ગઇ. આજે વિજ્ઞાન પણ એ બે મર્યાદામાં વચ્ચે રહીને લગ્ન કરવું ઇષ્ટ માને છે.

હવે એવી મર્યાદામાં રહીને કેવાં સ્ત્રીપુરુષે લગ્ન કરવું ઘટે એ વિચારીએ. "આપણામાં કહેવત છે કે 'વડ તેવા ટેટા ને બાપ તેવા બેટા.' તાત્પર્ય કે વડમાંથી વડ ને માણસમાંથી માણસ થાય. એ ઉપરથી એવો નિયમ નીકળે છે કે પૂર્વજના – જનકના – ગુણ વંશજોમાં ઊતરે છે. આ ગુણને લીધે જ જાતિનો નાશ ન થતાં તેનું રક્ષણ થાય છે. તંતુ આગળ ચાલે છે, લંબાય છે. . . . વળી વનસ્પતિ અને પ્રાણી સંયોગથી વધતાં ચાલ્યાં, ત્યારથી જનક અને જનેતા બંનેના કેટલાક ગુણ સંતાનમાં જુદા ઊતર્યા, કેટલાક મિશ્ર ઊતર્યા. નરસંતાનમાં રૂપ પિતાનું હોય, અનેક ગુણ પિતાના હોય, કેટલાક માતાના હોય, થોડાક મિશ્ર હોય. નારીસંતાનમાં રૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતાનું હોય, અનેક ગુણ માતાના હોય. કેટલાક પિતાના હોય, થોડાક મિશ્ર હોય. એ સૌ સંસ્કાર યુવાની આવતાં પૂર્ણ રૂપે ખીલે" ('ઇશ્વરનો ઇનકાર' : ૩૫).

પ્રાચીન આર્યો પણ આ વાત જાણતા. નિરુક્તકાર કહે છે:

अंगादंगात्संभवसि हृदयादधिजायसे ।
आत्मा वै पुत्रनामाऽसि स जीव शरदः शतम् ॥ ३ : ४ ॥

'મારા અંગેઅંગમાંથી તું ઉત્પન્ન થયો છે, મારા હૃદયમાંથી તું ઉત્પન્ન થયો છે, મારો આત્મા જ તું પુત્ર નામ ધારણ કરીને અવતર્યો છે. સો વર્ષનો થજે.'

વળી, કવિ કાળિદાસ પોતાના रघुवंशમાં अजराजાના જન્મ વિષે કહે છે:

रूपं तदोजस्वि तदेव वीर्यम्
तदेव नैसर्गिकमुन्नतत्वम् ।
न कारणत्स्वाद्बिभिदे कुमारः
प्रवर्तितो दीप इव प्रदीपात् ॥ ५ : ६७ ॥

'એ જ રૂપ, એ જ તેજ, એ જ શૌર્ય, એ જ નૈસર્ગિક ઉન્નતત્વ; રઘુમાં ને કુમારમાં–પિતાપુત્રમાં–જરા ય તફાવત નથી, જાણે એક દીવામાંથી બીજો દીવો પ્રકટ્યો હોય'

આમ માબાપના પ્રતિબિંબરૂપ સંતતિ થાય છે; અને બીજા કોઈ અંતરાય કે પ્રતિરોધ ન હોય તો એક દીવામાંથી બીજો દીવો પ્રકટ્યો હોય તેમ રૂપેગુણે સંતતિ માબાપના બરાબર પ્રતિબિંબરૂપે ઉત્પન્ન થાય છે. પ્રાચીન આર્યોને તેમ જ બીજી અનેક જાતિઓને આ વાતની ખબર હતી. બાઇબલમાં એ વિષે કથા છે: પોતાનાં ઢોરને પટાદાર બચ્ચાં જન્મે એમાં યાકુબને સ્વાર્થ હતો. ઢોર ખૂબ તરસ્યાં થાય ત્યારે તેને હવાડે પાણી પાવા લેઇ જાય અને તે પહેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીમાં રંગદાર ડાળીઓ મૂકે. તે ઢોર પાણી પીતાં પટા જેવી આ રંગદાર ડાળીઓ દેખે. પછી જ્યારે જ્યારે ઢોર તરસ્યાં થાય ત્યારે ત્યારે તેમને હવાડાનું પાણી યાદ આવે અને સાથે સાથે જ પટાદાર ડાળીઓ પણ યાદ આવે. આવી જ સ્થિતિમાં યાકુબ તે નરનારીઓનો સંયોગ કરાવે, એટલે તેથી થતાં બચ્ચાંનાં શરીર ઉપર ડાળીઓ જેવા પટા પડે (યાહુદીપુરાણ, ઉત્પત્તિખંડ : ૩૦).

"જનકજનેતાના ગુણદોષ વગેરે સંસ્કાર કેટલીક વાર તો સુષુપ્ત રહીને ચોથી પાંચમી પેઢીનાં સંતાનમાં પ્રકટ થાય છે. વળી અનેક વખત જનક અને જનેતાના સંસ્કારોના સરવાળા-બાદબાકી ને ગુણાકાર-ભાગાકાર થઇને પણ તે સંસ્કારો સંતાનમાં જુદે જ રૂપે પ્રકટે છે." આમ બને છે ત્યારે સંતાન અને તેનાં જનકજનેતા વચ્ચેના સંસ્કારનો નિયમ શોધવો કઠણ થઇ પડે છે. પણ છતાં યે એવો નિયમ તારવી શકાય કે "દરેક વનસ્પતિ અને પ્રાણી પોતાના જન્મસમયે પોતાનાં પૂર્વજના સર્વ સંસ્કારોનું કુલ પરિણામ જ માત્ર છે. આ વંશાનુગત સંસ્કારને આપણે આનુવંશિક (heriditary) સંસ્કાર કહીશું. આ સંસ્કાર એટલા બધા બળવાન છે કે તે દરેક જાતિને ચિરંજીવ રાખી શકે છે એથી જાતિનું જલદી પરિવર્તન થતું નથી" ('ઇશ્વરનો ઇનકાર' : ૩૬).

જનક અને જનેતા બે જુદા વંશોમાંથી ઊતરી આવેલાં હોય, એટલે એ બંને પોતપોતાના આનુવંશિક સંસ્કાર પોતાની સંતતિમાં રેડે. આથી દર પેઢીએ નવા સંસ્કાર ઉમેરાતા જાય, જૂના ઘસાતા પણ જાય. પરિણામે એમ જ બને કે પૂર્વજો જેમ સમીપનાં તેમ તેમના સંસ્કાર સંતતિમાં વધારે ને ગાઢ સ્વરૂપે, પૂર્વજો જેમ દૂરનાં તેમ તેમના સંસ્કાર સંતતિમાં ઓછે ને ઓછે સ્વરૂપે હોય. અને ત્યારે આ સિદ્ધાન્તને અનુસરતાં આ પ્રમાણે સમીકરણ બાંધી શકાય:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

$\ldots\ldots + \frac{૧}{૩૨} + \frac{૧}{૧૬} + \frac{૧}{૮} + \frac{૧}{૪} + \frac{૧}{૨}$ (= પિતા $\frac{૧}{૪}$ + માતા $\frac{૧}{૪}$) = ૧ જન્મપ્રસંગે સંતતિ. પણ સંતતિમાં પૂર્વજોના સંસ્કારોનો સરવાળો જ નથી થતો, બાદબાકી અને ગુણાકાર–ભાગાકાર પણ થાય છે. એટલે ચોક્કસ સમીકરણ કરવું અશક્ય છે.

અનેક કુટુંબોમાંથી પ્રમાણો શોધી શોધીને ડાર્વિન, વૉલેસ, સ્પેન્સર, વીઝમાન, ગૅાલ્ટન વગેરે વિદ્વાનોએ આ સિદ્ધાન્ત સ્થાપ્યો છે. થોડાંક ઉદાહરણ લેઇએ : અનેક રોગો વારસામાં ઊતરે છે, કેટલાક રોગો તો વચ્ચે બે ત્રણ પેઢી સુષુપ્ત રહ્યા પછી ત્રીજી કે ચોથી પેઢીની સંતતિમાં દેખા દે છે. એ રોગ સંતતિમાં સ્પષ્ટ રૂપે ન ઊતરે તો ય તેના શરીરમાં એવી નિર્બળતા મૂકે કે એ રોગ થવાનો સંભવ રહે. ગુપ્ત રોગ. ક્ષય, વગેરે રોગ એવા હોય છે. વાઈનો (epilepsyનો) રોગ પણ એવો જ છે અને જુલિયસ સીઝર, સેણ્ટ પૉલ, મહમદ પેગંબર, પિટર ધી ગ્રેટ, નૅપોલિયન, વૅલિંગ્ટન, સ્વીડનબોર્ગ વગેરે અનેકને એ રોગ વારસામાં મળેલો.

જેમ પૂર્વજોના વારસામાં સંતતિને શારીરિક સંસ્કાર મળે છે, તેમ જ માનસિક સંસ્કાર પણ મળે છે. સાહસવીર બાબરનો આખો મોગલ વંશ સાહસવીર હતો, જોકે બાબરની સાહસપ્રિયતા હુમાયુમાં સુષુપ્ત રહીને અકબરમાં જાગ્રત થઇ હતી. સાહસ ખેડીને પરદેશમાં જઇ સંસ્થાનો વસાવનાર પૂર્વજોની સંતતિમાં સાહસ ઊતરે છે; યુરોપની કરતાં અમેરિકાની પ્રજા વધારે સાહસિક છે એ એનું સ્પષ્ટ પ્રમાણ છે. ગામડેથી કંઇક સાહસ ખેડીને શહેરોમાં ઉદ્યોગ કરવા જે જાય છે તે લોકની સાહસવૃત્તિ તો ત્યાં કેળવાય જ છે, પણ શહેરના શારીરિક ને માનસિક રોગ પણ તેમને નવા મળે છે. એ સાહસ ને રોગ તેઓ પોતાની સંતતિને વારસામાં સોંપે છે. પરિણામે એ સંતતિને શહેરો જ અનુકૂળ લાગે છે, ગામડાં ગમતાં નથી ને ગામડાંમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેવા તે પાછી આવતી નથી. હિંદુઓએ તિરસ્કારી કાઢીને અંત્યજો અને અસ્પૃશ્યો કરી મૂકેલા લોક ગમે તે કારણે એક વાર ખ્રિસ્તી થઇ ગયા, પણ પાદરીઓના ને બીજા ખ્રિસ્તીઓના સહવાસથી તેમનામાં જે ગુણદોષ વિકાસ પામ્યા, તે તેમણે પોતાની સંતતિને વારસામાં આપ્યા. પરિણામે હિંદુ રહેલા અંત્યજોમાં તથા અસ્પૃશ્યોમાં અને તેમના જ ખ્રિસ્તી પિત્રાઇઓમાં ગુણદોષનો જે તફાવત પડી ગયો છે તે પ્રત્યક્ષ રૂપે તરી આવે છે.

વારસામાં મળતા ગુણદોષ વિષેનું એક સ્પષ્ટ ઉદાહરણ એચ. એચ ગોડાર્ડે આપ્યું છે: માર્ટીન કેલીકાક (Martin Kallikak) "જ્યારે પંદરેક વર્ષનો હતો, ત્યારે એનો બાપ મરણ પામ્યો. એ માબાપની સંભાળ તથા દેખરેખ વિનાનો થઇ ગયો. બળવાની શરૂઆત વખતે દેશનું રક્ષણ કરવાને જે ઘણી લશ્કરની ટુકડીઓ ઊભી થઇ તેમાં એ એકવીસ વર્ષનો થવાની તૈયારીમાં હતો ત્યારે જોડાયો. જે દારૂના પીઠામાં લશ્કરના માણસો ઘણી વાર જતા તેમાં એ એક નિર્બળ મનની છોકરીને મળ્યો. એનાથી એ એક નિર્બળ મનના પુત્રનો પિતા થયો. આ બાળકને એની માતાએ એના પિતાનું પૂરેપૂરૂં નામ આપ્યું. આ પ્રમાણે એના વંશજોને એના પિતાનું નામ અને માતાની માનસિક શક્તિ વારસામાં મળ્યાં છે. આ અનૌરસ બાળક તે માર્ટીન કેલીકાક. એના ચારસો આઠ વંશજો થયા છે. આમાંથી એકસો તેંતાળીસ નિર્બળ મનવાળા હતા અથવા છે એ વિષે સ્પષ્ટ પુરાવા છે. માત્ર છેંતાળીસ સાધારણ પ્રકારના માણસ છે. બીજા વિષે માહિતી નથી અથવા શંકા પડતી વાત છે.

"બળવા વખતનું સૈન્ય છોડ્યા પછી માર્ટીન સુધરી ગયો અને એક સારા કુટુંબની સુશીલ કન્યા સાથે પરણ્યો. એ સંબંધથી તદ્દન જુદા જ પ્રકારનો બીજો વંશ ઉત્પન્ન થયો છે. આમાંથી સીધા વંશજો ચારસો છન્નુ છે. એ બધા ય સામાન્ય પ્રકારના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યો છે. આ કુટુંબ અને એ સંબંધી બીજી શાખાઓમાં ઉચ્ચ પ્રકારનું નાગરિકત્વ જ નજરે પડે છે" ('સ્ત્રી સ્વાતંત્ર્યવાદ' : ૨૪૮).

પ્રાચીન છતાંયે જર્જરિત થઇ ગએલી કુલીનતા લગ્નમાં નિરર્થક જ નહિ, અનર્થક પણ છે એમ ગૉલ્ટન માને છે. એ પોતાના *Hereditary Genius* નામે પુસ્તકમાં કહે છે : "ઉમરાવપદને મોટી અનર્થક સંસ્થા માનું છું. આપણી મૂલ્યવાન પ્રજા ઉપર એણે વિનાશક અસર કરી છે. અતિબુદ્ધિમાન પુરુષોને ઉમરાવપદ આપવામાં આવે છે. એમના જ્યેષ્ઠ પુત્રો શ્રીમંત કન્યાઓ સાથે લગ્ન કરવા લલચાય છે. બીજા પુત્રો તો લગ્ન કરવાની ઇચ્છા જ નથી કરતા, કારણકે કુટુંબનો જીવનનિર્વાહ કરવા અને સાથે અમીરાઇનો ઠાઠ સાચવવા એમની પાસે પૈસા હોતા નથી. વંશવૃક્ષની આ બાજુની શાખાઓ આમ નાશ પામે છે, મુખ્ય શાખામાં સડો પેસે છે અને એકંદરે આખા કુળનો નાશ થાય છે" ('સ્ત્રી સ્વાતંત્ર્યવાદ' : ૨૫૪). અને ધનવાન કુટુંબોનાં જીવન જ એવાં એશઆરામી અને કૃત્રિમ બની જાય છે કે તેમની સંતતિ અપંગ અને નિરાશ્રિત બની જાય છે, એટલું જ નહિ પણ વારંવાર એવાં કુટુંબમાંનાં લગ્ન ઘણું કરીને સંતતિરહિત વંધ્ય નીવડે છે.

ત્યારે વંશને અને સમસ્ત સમાજને ઉન્નત કરવાને હેતુએ કેવાં સ્ત્રીપુરુષોએ લગ્નયોગ કરવો ઇષ્ટ છે એ વિષય અતિ ગંભીર છે, અતિ વિશાળ છે; આજે યુરોપમાં એ વિષય સંબંધે ખૂબ વિચારાયું છે, ખૂબ લખાયું છે. એટલા વિસ્તારથી અહીં લખવું અશક્ય છે, છતાં ઉપરના ટૂંકા વિવેચનથી એની આછી રૂપરેખા સમજી શકાશે. હવે એ વિવેચન ઉપરથી થોડાક નિયમ તારવી કાઢીએ :

૧ લગ્ન પૂર્વે સુપ્રજનન માટેની સર્વ તૈયારીઓ કરેલી હોવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ સુપ્રજનનની પ્રેરણા થયે જ લગ્ન કરવું.

૩ એવી પ્રેરણા થયા વિના પશુલગ્નની ઘેલછાએ લગ્ન ન જ કરવું. કલાધરો જેમ 'કલાને ખાતર કલા'ની વાતો કરે છે તેમ આપણામાં 'લગ્નને ખાતર લગ્ન' થાય છે, સ્નેહને નામે મોહલગ્ન થાય છે. Will Durant PH. D. પોતાના *The Story of Philosophy* (તત્ત્વજ્ઞાનની કથા) નામે પુસ્તકમાં લખે છે કે: "માત્ર સ્નેહને ખાતર પ્રતાપી પુરુષોને હલકી સ્ત્રીઓ સાથે લગ્ન કરવા દેવું એ એકંદરે હલકી અક્કલવગરની વાત છે. સ્નેહ કંઇ સુપ્રજનન નથી. માણસ જ્યારે સ્નેહાતુર બને ત્યારે માત્ર એટલે જ કારણે તેને તેના સમસ્ત જીવનને બાંધનાર લગ્ન જેવું કાર્ય કરવા દેવાય નહિ. સ્નેહીઓએ લીધેલી પ્રતિજ્ઞાઓને ફોક માનવી જોઇએ અને લગ્નમાં સ્નેહને કાયદાથી વિઘ્નરૂપ ઠરાવવો જોઇએ. શ્રેષ્ઠોએ શ્રેષ્ઠોની જ સાથે લગ્ન કરવાં, સ્નેહ તો ઘેલાં જ માટે રહેવા દેવો. લગ્નનો હેતુ માત્ર પ્રજનન જ નથી, પરંતુ વિકાસ પણ છે." આમાં અનેકને અતિશયોક્તિ લાગશે, પણ એ વાત તો નક્કી જ છે કે લગ્ન આત્મવિકાસ અને વંશોન્નતિ માટે જ છે.

૪ આન્તર અને બાહ્ય મર્યાદાઓની વચ્ચેના ક્ષેત્રમાં લગ્ન ઇષ્ટ છે.

૫ વંશાનુગત સંસ્કાર એ લગ્નમાં બહુ મહત્ત્વની વસ્તુ છે એ કદાપિ ભૂલવું નહિ. અને એટલા માટે શરીરે તથા મને નીરોગ અને બળવાન સ્ત્રીપુરુષોએ લગ્નયોગ યોજવો.

૬ સમાન ગુણશીલ વાળાં સ્ત્રીપુરુષોએ લગ્ન કરવું.

૭ જે સ્ત્રીપુરુષો શરીરે અને મને એવાં રોગગ્રસ્ત હોય કે તે ફરી સાજાં થવાની કદાપિ આશા ન હોય તે લગ્ન કરે તો તેમની સંતતિ સમાજને શાપરૂપ છે, માટે રાજ્યે તેમનું તો વંધીકરણ કરવું એમાં જ સમાજનું હિત ને ઉન્નતિ છે. સંખ્યાવાચક નહિ, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણવાચક વસતિ સમાજને હિતકર ને ઉન્નતિજનક છે. Wolf પોતાના *Readings in Social Problems* પુસ્તકમાં જણાવે છે તે પ્રમાણે એમ ષંઢીકરણના કાયદા અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સમાં ઇંડિયાનાએ ૧૯૦૭માં, કેલીફોર્નિયાએ અને કનેકટીકટે ૧૯૦૯માં, ન્યૂ જર્સીએ ૧૯૧૧માં, ન્યૂ યૉર્કે ૧૯૧૨માં, આયોવાએ, ઉત્તર ડેકોટાએ અને મિશીગાને ૧૯૧૩માં ષંઢીકરણના કાયદા કર્યા છે. વૉશિંગ્ટને બળાત્કાર કરનારા માટે ૧૯૦૯માં અને નેવાડાએ બળાત્કાર કરનારા તથા વારંવાર ગુના કરનારા માટે ૧૯૧૨માં ષંઢીકરણના કાયદા કર્યા છે.

લગ્નયોગ યોજ્યા પછી સુપ્રજનનને હેતુએ સાધના કરવી ઘટે. પરસ્પર સખ્ય (स સમાન + ख[1] શરીર, મન, ઇંદ્રિય) સાધવું ઘટે. પોતાનો સંસાર સરળ, સરસ, સુંદર. રમ્ય અને પવિત્ર બનાવવો ઘટે. પોતાના સંસારનું વાતાવરણ એવું ઉન્નત હોય કે જીવનમાં તે સ્વાભાવિક બની રહે, અને શરીરસંબંધને પ્રસંગે પણ બંનેના આત્મા પવિત્ર ને મન પ્રફુલ્લ હોય. તે પ્રસંગના આત્માની ને મનની પ્રતિમા સંતતિ ઉપર બરાબર પડે છે એમ, એક જ વ્યાસથી ત્રણ જુદી જુદી પ્રકૃતિની સ્ત્રીઓને પેટે અવતરેલા ધૃતરાષ્ટ્ર, પાણ્ડુ અને વિદુરના ઉદાહરણથી, સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે.

પ્રજનનને હેતુએ ઇષ્ટ લાગે ત્યારે જ શરીરસંબંધ કરવો, પછી તો બ્રહ્મચર્ય જ પાળવું ઘટે. એથી જ શરીર, મન અને આત્મા ઉન્નત રહેશે ને સંતતિ- તથા સમાજ-સેવા સારી રીતે કરી શકાશે. અકારણ માત્ર કામવાસનાથી શરીરસંબંધ વારંવાર કર્યા જવો એ તો વ્યભિચાર જ છે અને નાશનો જ માર્ગ છે.

ગર્ભ રહ્યા પછી વૈજ્ઞાનિક નિયમોએ તેનું સારી રીતે જતન કરવું. એ સમયથી જ સ્ત્રી માતૃધર્મને પામે છે, પુરુષ પિતૃધર્મને

---

[1] ख આકાશ પણ; તે ઉપરથી खेचर પક્ષી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામે છે; એ સમયથી સ્ત્રીપુરુષ સાચી રીતે એકતાને પામે છે અને પોતાનો સંયુક્ત સ્નેહ ગર્ભમાંના સંતાન ઉપર વાળતાં થાય છે.

સંતાન જન્મતાં માતાપિતાનો ધર્મ વિસ્તરે છે, તેમની જવાબદારી વધે છે. પાછળ (પૃષ્ઠ ૪૮૦) જણાવ્યું છે તેમ "દરેક વનસ્પતિ અને પ્રાણી પોતાના જન્મસમયે પોતાનાં પૂર્વજના સર્વ સંસ્કારોનું કુલ પરિણામ જ માત્ર છે. આ વંશાનુગત સંસ્કારને આપણે આનુવંશિક (Hereditary) સંસ્કાર કહીશું." ત્યારે પૃથ્વી ઉપર અવતરેલું આ નવું સંતાન પોતાનાં પૂર્વજના સર્વ સંસ્કારોનું પરિણામ જ માત્ર છે. પણ "માત્ર આ આનુવંશિક જ સંસ્કાર હોત તો મૂળ જાતિ અવિચળ રહેત, આદિથી અંત સુધી કંઇ પણ ફેરફાર વિના વખતે એકધારી ચાલી જાત. ... પણ એ આનુવંશિક સંસ્કાર ઉપરાંત બીજા પણ સંસ્કાર જગતમાં પ્રવર્તે છે. જન્મ થતાંની સાથે જ દરેક જાતિનું સંતાન આજુબાજુના વાતાવરણમાં આવી પડે છે. જમીન, હવા, પાણી, ગરમી, ઠંડી, એ સૌ આજુબાજુના પરિવારની તેના ઉપર અસર થાય છે. સીદી સૂર્યની ગરમીથી કાળો બને છે, યુરોપિયન ઠંડીથી ગોરો બને છે. ... એ સંસ્કારને આપણે પારિવારિક સંસ્કાર કહીશું. કેળવણી પણ આ પારિવારિક સંસ્કાર છે" ('ઇશ્વરનો ઇનકાર' : ૩૬).

એટલે હવે માતાપિતા સામે સંતાનની કેળવણીનો પવિત્ર પણ વિકટ પ્રશ્ન આવી પડે છે. પિતા કરતાં યે માતાને એ પ્રશ્નની તીવ્રતા વધારે લાગવી જોઇએ, કારણકે વધારે તો એ એનો સ્વાભાવિક ધર્મ છે. મનુ કહે છે કે "ઉપાધ્યાયના કરતાં આચાર્યનું ગૌરવ દશગણું, આચાર્યના કરતાં પિતાનું ગૌરવ સોગણું અને પિતાના કરતાં માતાનું ગૌરવ હજારગણું છે" (૨ : ૧૪૫). આમ જે સંતાનોને કેળવણી આપવા યોગ્ય માતા હોય અને વળી પિતા પણ હોય તેમને માટે જગતની સર્વે શાળાપાઠશાળા નિરર્થક જ નહિ, અનર્થક પણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવાં માતાપિતાને હાથે ઊછરનાર સંતાન ભાગ્યશાળી છે. આપણે દુર્ભાગ્યે આજે એમ નથી; પણ પૃથ્વી ઉપર સ્વર્ગનો ઉદ્ધાર કરવો હશે તો એવી કેળવણીને માટે માતાપિતાએ – માતાએ તો ખાસ – તૈયારી કરવી જોઇશે. અને આ તૈયારી તો એણે કન્યાવસ્થામાંથી જ કરવી જોઇશે.

બાળઉછેરમાં સ્નેહ અને જ્ઞાન બંનેનો સમન્વય હોવો જોઇએ. માત્ર સ્નેહથી અજ્ઞાન માતા સંતાનને બગાડી મૂકે, વખતે મરણ પણ નિપજાવે; માત્ર જ્ઞાનથી નિષ્ઠુર પિતા પણ તેની એ જ દશા કરી મૂકે. 'માતાએ બાળકને ગર્ભમાં સેવ્યું છે, પિતાના કરતાં વધારે કષ્ટ વેઠ્યું છે. એમ વધારે આપેલા ભોગને પરિણામે બચ્ચા ઉપર પિતા કરતાં માતાને વધારે હેત હોય છે. બાળક પણ પિતાની કરતાં માતાની ગોદ પહેલી શોધે છે. . . . બાપના રાજ્યમાં બાળક ના પલવાય, માના રેંટિયામાં ય પલવાય! લાડ લડાવીને બગાડે તો ય માતાનો સ્નેહ! મારે ને પછી રડે એ માતાનો સ્નેહ" ('ઇશ્વરનો ઇનકાર': ૧૨૦). આમ માતામાં સ્નેહ તો સહજ-સ્વભાવ છે. પણ ઇષ્ટ જ્ઞાનને અભાવે માતાએ અને તેને અનુસરીને પિતાએ – આપણ માનવજાતિએ – બાળકને સ્નેહની અતિરેકતાથી – કહેવાતા સ્નેહથી – બગાડીને એવાં નિરાધાર ને અપંગ બનાવી મૂક્યાં છે કે બહુ મોડે સુધી એ સ્વાવલંબનશીલ ને સ્વતંત્ર થઇ શકતાં નથી. ઇતર પ્રાણીનાં બાળકની સ્થિતિ સરખાવ્યે એ હકીકત સ્પષ્ટ ભાવે સમજાશે. કૂતરીનાં બચ્ચાં આંખો ઊઘડતા પહેલાં ફરતાં થઇ જાય છે; ભેંસનાં પાડાં, ગાયનાં વાછરડાં ને ઘોડીનાં વછેરાં પણ થોડા જ દિવસમાં હરતાંફરતાં ને પછી સ્વતંત્ર ભાવે જીવનનિર્વાહ ચલાવતાં થઇ જાય છે. માણસના જેટલું લાંબુ જીવનાર હાથીનાં બચ્ચાં પણ થોડા જ માસમાં સ્વતંત્રભાવે જીવનનિર્વાહ ચલાવતાં થઇ જાય છે. આ વાત વિચારીએ તો આપણે કૃત્રિમ વાત્સલ્યથી આપણાં બાળકને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવાં પાંગળાં કરી મૂક્યાં છે તે સાચી રીતે સમજી શકાશે. ત્યારે સંતાનને સ્વાભાવિક ને સુંદર રીતે ઉછેરવાને ને કેળવવાને માતાએ ઉચિત જ્ઞાન પોતાની બાલ્યાવસ્થાથી જ પામવું જોઇશે.

પણ માનવજાતિએ અને તેમાં યે માનવપુરુષે પોતાની કામ-લોલુપતાને એટલી બધી બહેકાવી દીધી છે, એણે એટલી બધી વિષયપૂજા કરી છે કે પ્રજનનશાસ્ત્ર વિષે પ્રકટ રૂપે બોલતાં ય લાજ આવે છે. પ્રાચીન આચાર્યોએ એ વિષે ઘણું લખ્યું છે, આજે વિચારકો આગ્રહ કરી રહ્યા છે કે કન્યાઓને સુપ્રજનન વિષે ઉચિત જ્ઞાન આપવું જોઇશે. બેર્ટ્રૅણ્ડ રસેલ લખે છે કે એ લાજની કે "વહેમની બીજી ખરાબ અસર તો એ થઇ છે કે જાતિસંબંધ વિષેની હકીકતોને આપણી કેળવણીમાંથી બાતલ રાખવામાં આવી છે. જે ઉમરે પરિપક્વતા હજી થઇ નથી, હજી તેમનાંમાં એ સંબંધ વિષે કંઇ જાગૃતિ આવી નથી, તે ઉમરે એ વિષયનું શરીરજ્ઞાન સામાન્ય પ્રમાણમાં સાદી ને સ્વાભાવિક રીતે આપી દેવું ઘટે પરિપક્વતા આવતે એ વિષયની નીતિભાવના શિખવવી જોઇએ" (*What I Believe*). એટલે ખોટી લાજ છોડીને બાળકોને છેક બાલ્યાવસ્થા-માંથી જ જાતિવિષય સંબંધે ઉચિત જ્ઞાન આપીને તેમને ભયમાર્ગે જતાં બચાવી લેવાં જોઇએ. ધર્મદૃષ્ટિ પ્રબળ થતી જશે, તેમ તેમ કામદૃષ્ટિ ઓસરતી જશે અને એવા વિષયનું જ્ઞાન આપવાનો સંકોચ પણ ઓસરતો જશે.

પણ આજકાલ કેટલાક વિચારકો ને શિક્ષકો, અનેક યુવકો તો રસપૂર્વક કુમારકુમારિકાના સહશિક્ષણની ચર્ચા ચલાવી રહ્યા છે ને તેનો પક્ષપાત કરી રહ્યા છે. આ વિશાળ વિષયને આ સંક્ષિપ્ત અધ્યાયમાં ચર્ચી શકું એમ નથી, પણ એને એમ ને એમ જતો કરવો એ ય ઉચિત લાગતું નથી.

સમાજમાં સ્ત્રીપુરુષનાં સેવાક્ષેત્ર સર્વથા એક નથી, અનેક અંશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિન્ન છે. સૌથી મોટો ભેદ તો એ છે કે સ્ત્રી સંતાનને જન્મ આપે, પુરુષ સ્ત્રીસંતાનના જીવનનિર્વાહની વ્યવસ્થા કરે. ત્યારે એ બેને માટે શિક્ષણવિષય અનેક અંશે ભિન્ન હોય.

પણ જે શિક્ષણવિષય બંનેને માટે સમાન હોય તેમાં ય સહશિક્ષણ આપવું એ આજે તો મને ભયંકર લાગે છે. ગયા ખંડોમાં જોયું તેમ પુરુષે પોતાની કામલોલુપતાથી આજે લગ્નભાવનાના ભાગીને ભુક્કા કરી નાખ્યા છે. સુપ્રજનનને હેતુએ નૈષ્ઠિક કલ્યાણલગ્ન સમાજને ઇષ્ટ હોય તો તો કામલોલુપતાના આ જુગમાં સહશિક્ષણ ભયંકર રીતે કામલોલુપતાને વધારી મૂકશે આવાં નૈષ્ઠિક લગ્ન ઇષ્ટ જ ન હોય તો તો રુશિયાની પેઠે છાત્રાલયોમાં પણ યુવાન કુમારોને ને કુમારિકાઓને અનિરુદ્ધ રીતે એકઠાં રાખવામાં યે બાધ ન હોય; એમની કામવાસનાથી ઉત્પન્ન થએલાં બાળકોને પાઠશાળાનાં બાળાશ્રમોમાં રખાશે ને તેમનાં વિદ્યાર્થી માતાપિતા ભલે ભણશે કે વિષયવાસના ભોગવશે!

પણ સહશિક્ષણનાં પક્ષપાતી કહે છે કે સ્ત્રીપુરુષને અલગ રાખ્યાથી જ કામલોલુપતા આજે વધી પડી છે, એ બેને એકઠાં રાખ્યાથી જ અને એમ પરસ્પર ઘર્ષણમાં આણ્યેથી જ એમની કામલોલુપતા ઘસાઇ જશે ને શુદ્ધાચાર જાગ્રત થશે. એમ તો કોઇ આમ પણ કહે કે દારૂદેવતાને અલગ રાખ્યાથી જ સળગી ઊઠવાની એમની વૃત્તિ આજે વધી પડી છે, એ બેને એકઠાં રાખ્યાથી જ અને એમ પરસ્પર ઘર્ષણમાં આણ્યેથી જ એમની સળગી ઊઠવાની વૃત્તિ ઘસાઇ જશે ને શૈત્ય જાગ્રત થશે! સાચી વાત તો એમ છે કે દેવતાની સળગાવવાની વૃત્તિને શાન્ત કરીને દિવાસળીમાં સંયમિત કર્યા પછી જ તેને દારૂ સાથે નિર્ભયતાથી રાખી શકાય. એમ જ નૈષ્ઠિક લગ્નની કલ્યાણજનક ભાવનાએ પેઢીદરપેઢી સુપ્રજનન-વાસનાને પુરુષમાં સંયમિત કર્યા પછી તેને સ્ત્રી સાથે નિર્ભતાથી રાખી શકાય ને સહશિક્ષણ નિર્ભયતાથી યોજી શકાય. આજે તો એ ભયંકર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આજે એ ભયંકર છે એનો અનુભવ યુરોપ-અમેરિકા—એ સહશિક્ષણની માતૃભૂમિઓ — કરી રહી છે. જજ લિંડ્સેનું *Revolt of The Youth* પુસ્તક એ વાતની સાખ પૂરે છે. અને વાત સાચી જ છે કે એવી સ્થિતિમાં તો વિદ્યાર્થીઓ ને વિદ્યાર્થિનીઓ પાઠ્યપુસ્તકોને બદલે પ્રેમપુસ્તકો ને પ્રેમપત્રો જ મોટે ભાગે વાંચે. ત્યાં પરસ્પર પરિચય થાય ખરો, પણ ગુણદોષના પરિચય કરતાં રૂપલાવણ્યનો ને કામવાસનાનો પરિચય વધારે થાય. એ પ્રેમવાસનાની ઉષ્મામાં ઊંધું જોઇને તેઓ મોહલગ્ન તો કરી નાખે, પણ એ અપૂતરંગ પ્રેમ સાથે ઉષ્મા ઊડી જાય ને પછી શૈત્ય જામ્યે ભગ્નહૃદયે લગ્નભંગ કરે અને આવા લગ્નભંગનો હિસાબ કાઢ્યા પછી સહશિક્ષણ વિષે જે ચર્ચા થાય એ જ ઇષ્ટ છે.

અને ત્યારે હાલ તો કુમારકુમારિકાના જીવનમાં લગ્નની પવિત્ર ભાવના સાંગોપાંગ ઊતરે, ઓતપ્રોત થઇ જાય એવી રીતે તેમને યોગ્ય શિક્ષણ આપવું એ જ ઇષ્ટ છે. ત્યાર પછી યોગ્ય સમયે નિપુણ શિક્ષણશાસ્ત્રીઓ સહશિક્ષણના પ્રશ્નનો યોગ્ય વિચાર કરી લેશે, સહશિક્ષણ આપવું ત્યારે ઇષ્ટ હશે તો તેમ પણ કરશે.

અને વળી આજે કુમારિકાઓને તો એવું પણ શિક્ષણ આપવું જોઇશે કે તેમના મનમાંથી પુરુષ તરફના ભયની ને પરાધીનતાની છાયા છેક જ ભૂંસાઇ જાય બર્ટ્રૅણ્ડ રસેલ કહે છે: "આજના મોટા ભાગનું દામ્પત્યજીવન થોડેઘણે અંશે અસંતોષી છે, એનું કારણ કંઇક અંશે અનિષ્ટ કેળવણી અને કંઇક અંશે સત્તાધીશોની ને રૂઢિબળની સતાવણી છે. એક આખા જમાનાની સ્ત્રીઓમાંથી કામવિષયક નિરર્થક ભય ભૂસી નાખવામાં આવે તો એ સ્થિતિનો અંત આવી જાય. આજે તો સ્ત્રીઓને શીલવતી રાખવા માટે ભય એ જ એકમાત્ર માર્ગ છે એમ માનવામાં આવે છે. જે સ્ત્રીની પ્રેમવૃત્તિ ચિમળાઇ જાય છે તે પોતાના પતિને ક્રૂર તથા પાખંડી બનવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તેજન આપે છે અને તેથી તેનાં બાળકોની સહજવૃત્તિઓ વક્ર બને છે. એક જમાનાની બધી યે સ્ત્રીઓ એકેવારે નિર્ભય બની જાય, તો એવાં જ નિર્ભય બાળકોનો નવો યુગ પેદા કરી તેઓ આખી દુનિયાને પલટાવી નાખે. પછી એ નવી પ્રજામાં આજની વિવિધ વિકૃતિ તો ક્યાંથીજ જોવામાં આવે! સરળ, નિષ્કપટ, પ્રેમળ અને સ્વતંત્ર નૂતન પ્રજા શું ન કરી શકે? એમનો ઉત્સાહ ક્રૂરતાને અને પીડાને ક્યાંય ભસ્મ કરી નાખે! આજે આપણે એદી, બાયલા, પાષાણહૃદય અને બેવકૂફ ન હોત તો આ બધું સહન કરવાનું ન હોત. કેળવણીએ આપણને આ દુર્ગુણો આપેલા છે અને કેળવણી જ આપણને એના વિરોધી સદ્ગુણો આપી શકે. કેળવણી એ નવી દુનિયાની ચાવી છે" (*On Education*).

માત્સિની (Mazzini) Lamennaisના *Words of a Believer*માંથી આ શબ્દો ઉતારે છે: "તમારાં સંતાન તમારા જેવાં થશે, અને જેટલે અંશે તમે સદાચારી કે દુરાચારી હશો, એટલે જ અંશે એ પણ સદાચારી કે દુરાચારી હશે. જો તમે તમારા બંધુઓ પ્રત્યે ઉદારવૃત્ત નહિ હશો તો તેઓ પ્રામાણિક, ઉદારવૃત્ત કે દયાળુ શી રીતે હશે? તમારામાં જ કંઇ સંયમ નથી એમ તેઓ જોશે તો તેઓ મિતાચારી કેમ બનશે? બીભત્સ આચારથી ને શબ્દોથી તેમનું અપમાન કરતાં તમે નહિ સંકોચાઓ તો તેઓ પોતાની સ્વાભાવિક સરળતા કેવી રીતે સાચવી શકશે? તેમના બાળસ્વભાવને અનુસરવા માટે તમે જીવંત આદર્શ છો. ત્યારે તમારાં બાળકો માનવી થાય કે પશુ થાય એનો આધાર તમારા પોતાના ઉપર રહેલો છે" (*The Duties of Man* : ૧૨૫).

ત્યારે શિવની પેઠે પુરુષે કામને ભસ્મ કરીને, શક્તિ અપર્ણાની પેઠે સ્ત્રીએ તપશ્ચર્યા કરીને–પોતે એવી ઉન્નત અવસ્થા પ્રાપ્ત કરીને–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતાનને જન્મ આપવો ને તેમને પણ પોતાને અનુરૂપ બનાવવાં એ જ સાચી રીતે સુપ્રજનન છે. અને એમ સુપ્રજનિત સંતાનોને સમાજસેવા અર્થે સમાજને ખોળે સમર્પિત્ત કરવાં ને એ રીતે તેને પેઢીદરપેઢી ઉન્નત કર્યે જવો એ જ લગ્નની કલ્યાણભાવના છે.

પૃથ્વી ઉપર સ્વર્ગ ત્યારે જ ઊતરશે, સ્વર્ગનો ઉદ્ધાર ત્યારે જ થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૪૩

નારીના જાતિભેદ

સ્ત્રીપુરુષ કલ્યાણભાવનાએ લગ્ન કરે, ઘર માંડે અને સુપ્રજનિત સંતાનને ઉન્નત ભાવનાએ કેળવીને સમાજને ચરણે સમર્પે. આમ એ સમાજસેવા પણ કરે. પણ સમાજસેવા એ બંને એક જ પ્રકારે કરી શકે એમ નથી, કારણકે એ બંનેમાં અનેક પ્રકારના જાતિભેદ સ્વાભાવિક જ રીતે છે ત્યારે તેઓ સમાજસેવા કેવે પ્રકારે કરી શકે એ નિર્ણય કરવા માટે આપણે તેમના સ્વાભાવિક જાતિભેદ જાણી લેવા જોઇશે.

વિશ્વના આદિકાળમાં જ્યારે વનસ્પતિનો ઉદ્‌ભવ થયો ત્યારે તેમાં નરનારીના ભેદ નહોતા, ધીરેધીરે તેમાં એ ભેદ પડ્યા; હજી યે અનેક વનસ્પતિમાં એ ભેદ નથી. વનસ્પતિમાંથી વિકાસ પામેલાં આદિપ્રાણીમાં પણ નરનારીના ભેદ નહોતા, ધીરે ધીરે તેમાં એ ભેદ પડ્યા; હજી યે અનેક નાનાં પ્રાણીમાં એ ભેદ નથી. જેમાં એ ભેદ પડ્યા તેમાંથી વિકાસ પામતાં પામતાં, અનેક રૂપાન્તર થતાં થતાં માનવીનો અવતાર થયો. આમ માનવીમાં નરનારીના જે ભેદ છે તે તેના અનેક પૂર્વજ પ્રાણીમાંથી ઊતરી આવ્યા છે. અને એ ભેદ જેમ રૂપના તેમ જ ગુણના પણ વિકસતા વિકસતા ઊતરી આવ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવગર્ભનો વિકાસ તપાસીએ તો એમાંથી એ ભેદનો સમસ્ત ઇતિહાસ મળી આવશે. ગર્ભની શરૂઆતમાં એ ભેદ દેખાતો નથી. પછી જે જે પ્રાણીમાંથી વિકાસ પામતે પામતે માનવીનો અવતાર થયો તે તે સર્વે પ્રાણીના ઘાટ અને નરનારીના ભેદ ગર્ભમાં અનુક્રમે બંધાય છે અને અંતે બાળક કે બાળકી રૂપે અવતરે છે. અને ત્યારે પણ તેમનાં અંગ પ્રજનનની ક્રિયાને માટે પૂરી રીતે વિકસ્યાં નથી હોતાં. એ માટેની મનોવૃત્તિ પણ તેમનામાં ઉદય પામી નથી હોતી. લગભગ ૧૬ વર્ષની ઉમરે એ બંનેનાં અંગ ને મનોવૃત્તિ પોતપોતાને અનુકૂળ ભાવે વિકાસ પામી રહે છે અને ખરી રીતે ત્યારે જ નરનારીના ભેદ વિકાસ પામી રહે છે.

છેક પ્રાણીઅવસ્થામાં પણ નારીને માટે અનેક નર યુદ્ધ કરતા. હજી યે કરે છે. તેને પરિણામે નારી કરતાં નર શરીરે બળવાન બન્યો. પ્રાણીમાંથી બળનો એ વારસો માનવનરને પણ મળ્યો ને તે પોતાની નારી કરતાં વધારે બળવાન બન્યો. માનવી બુદ્ધિએ પણ બળવાન બન્યો અને સમાજ બાંધીને રહેવા લાગ્યો. તેણે સામાજિક લગ્નની યોજના પણ યોજી ને ત્યારે પણ તે નારી માટે તે બીજા નરો સાથે યુદ્ધ કરીને લગ્ન કરતો થયો આનું વિપરીત પરિણામ તો એ આવ્યું કે પોતાને શરીરબળે તેણે નારીને દબાવી પણ દીધી ને તેને પોતાની દાસી બનાવી દીધી.

અને પ્રભુના આગળ દાસીની તે કિંમત શી ? પુરુષે સ્ત્રીને હલકી ગણી કાઢી. ધર્મનો આવિર્ભાવ થયો ત્યારે ધર્મગુરુઓએ પણ તેને હલકી ગણી કાઢી ; અને તે પણ પ્રભુને નામે ! પાછળ જોયું તેમ વનસ્પતિના અને નરનારીના ભેદ વિનાના પ્રાણીશરીરમાંથી વિકાસ પામીને નરનારીનાં શરીર જુદાં થયાં. પણ બાઇબલે તો કહી દીધું કે : "દેવે આદમને ભર ઊંઘમાં નાખ્યો ; અને તે ઊંઘી ગયા પછી તેણે તેની એક પાંસળી કાઢી લીધી ને તેને બદલે માંસ ભર્યું. જે પાંસળી તેણે પુરુષમાંથી કાઢી લીધી હતી તેની સ્ત્રી બનાવીને તે પેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષની પાસે લાવ્યો" (યાહુદીપુરાણ, ઉત્પત્તિખંડ ૨ : ૨૧, ૨૨). આમ પુરુષમાંથી દેવે સ્ત્રી બનાવીને તેને સોંપી એટલે તે તેની થઇ, એટલે તેનાથી હલકી ગણાઇ! "દેવે પૃથ્વીની માટીમાંથી પુરુષને બનાવ્યો ને તેનાં નસકોરાંમાં જીવનશ્વાસ ફૂંક્યો એટલે તે સજીવ પ્રાણી થયો" (૨ : ૭, ૮). દેવે પુરુષની પાંસળીમાંથી સ્ત્રીને બનાવ્યા પછી તેનાં નસકોરાંમાં જીવનશ્વાસ ફૂંક્યાનું બાઇબલમાં ક્યાંય લખ્યું નથી, એમ કહીને કેટલાક ધર્મગુરુઓએ સિદ્ધ કર્યું કે સ્ત્રીમાં જીવ છે જ નહિ! અને એમ કરીને સ્ત્રીને પુરુષથી ઊતરતી ને હલકી સિદ્ધ કરી. અને પછી એ વાતની છાપ બરાબર ઊંડી પડે એટલા માટે ઠરાવ્યું કે "સ્ત્રીએ પુરુષનો વેશ ન ધરવો ને પુરુષે સ્ત્રીનું વસ્ત્ર ન પહેરવું, કેમકે જે કોઇ આવાં કૃત્ય કરે છે તેઓ દેવને અમંગળરૂપ લાગે છે" (પુનર્નિયમ ૨૨ : ૫). આમ યાહુદી ધર્મે, અને તેમાંથી વિકાસ પામેલા ખ્રિસ્તી તથા મુસલમાન ધર્મોએ પણ સ્ત્રીઓને ઊતરતી ને હલકી ગણી કાઢી છે. આ વિષે કંઇક વિવેચન ૩૮મા ને ૪૦મા અધ્યાયમાં કર્યું છે, અને બીજા અધ્યાયોમાં પણ ઉલ્લેખ કર્યો છે, એટલે અહીં તેની પુનરુક્તિ કરવી ઉચિત નથી. હિંદુ ધર્મે સ્ત્રીની જે અવદશા કરી નાખી છે એ તો આ પુસ્તકમાં ઠામ ઠામ વર્ણવ્યું છે, સમસ્ત પાંચમો ખંડ એ વિષે વર્ણન કરે છે; બીજા ખંડમાં ૨૦મો ને ૨૨મો અધ્યાય પણ તે વિષે વર્ણન કરે છે. બેશક કેટલાક સહૃદય પુરુષોએ સ્ત્રીનાં ગુણગાન ગાયાં છે તે ૨૧મો અધ્યાય વાંચ્યે જણાશે, પણ એવા ઉલ્લેખ બહુ વિરલ છે.

પણ એમ સ્ત્રીજાતિ પ્રત્યે પ્રતિરાગ (prejudice) કે અનુરાગ (prepossesion) બાંધી દેઇને તેને વિષે કોઇ અભિપ્રાય આપી દે એથી તેને અન્યાય થાય ને સમાજને હાનિ થાય. વિજ્ઞાનની દૃષ્ટિએ સ્ત્રીપુરુષના ભેદનો નિર્ણય થાય તો સમાજના અનેક વિષયો સંબંધે સાચી દિશા ઊકલે. વિજ્ઞાનની દૃષ્ટિએ એ ભેદનો નિર્ણય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાના પ્રયત્નો છેક આધુનિક જ કાળમાં પ્રાણીશાસ્ત્રના નિષ્ણાતોએ કરવા માંડ્યા છે. આપણે એ જ દૃષ્ટિએ સ્ત્રીપુરુષ વચ્ચેના ભેદ અહીં જોઇશું.

પાછળ જણાવ્યું છે તેમ પૂર્વે વનસ્પતિના ને પ્રાણીના અંગમાં નરનારીના ભેદ ન હતા, એક જ અંગમાં જનક-જનનીની ઇંદ્રિયો વિકાસ પામી હતી. પછી જનક-જનનીનાં અંગ પણ જુદાં પડ્યાં ને એક જ જાતિનાં બે જુદાં પ્રાણી બન્યાં. પછી પ્રકૃતિના સંયોગોને અને પોતાના જીવનપ્રયાસને અનુસરીને જનકનો ને જનનીનો વિકાસ જુદી જુદી દિશાએ થતો ચાલ્યો. પુરુષ જનકક્રિયાને અને સ્ત્રી જનનક્રિયાને પરિણામે જુદી જુદી પણ પોતપોતાની દિશાએ વિકાસ કરતાં ચાલ્યાં. આજે સ્ત્રી પુરુષમાં જે ભેદ જોઇએ છીએ તે એ જ પ્રકારનો છે. વળી કાંડાબળે કરીને પુરુષે સ્ત્રીના અનિરુદ્ધ વિકાસ ઉપર અવરોધ મૂક્યો છે અને તેનાં કેટલાંક અંગને ને શક્તિઓને ખીલવા દીધાં નથી, રુંધી નાખ્યાં છે; પોતાની કામલોલુપતાની તૃપ્તિ અર્થે કેટલાંક અંગને ને શક્તિઓને અકાળે પકવી નાખ્યાં છે. આથી પુરુષના પોતાના વિકાસને પણ હાનિ થઇ છે. એ કૃત્રિમ અવરોધને ને અકાળ પક્વતાને દૂર કરવાના પ્રયત્ન થશે, ત્યારે જ માનવજાતિનો સાચો વિકાસ થશે. અને એમ કરવું જ જોઇશે, લગ્નનો કલ્યાણહેતુ સિદ્ધ કરવો જ હશે તો.

આજે સ્ત્રીપુરુષ વચ્ચે શા ભેદ છે, એ જ અત્યારે તો આપણે જોઇએ.

જન્મસમયે છોકરી કરતાં છોકરાનું શરીર ભારે હોય છે. પણ છોકરા કરતાં છોકરીને જુવાની વહેલી આવે છે, પુરુષે નાની ને નાની સ્ત્રીઓ પરણીને એને અકાળે – વહેલી – પકવી નાખી છે. આથી ૧૬ વર્ષના છોકરા કરતાં ૧૬ વર્ષની છોકરી મોટી જણાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વજનમાં પણ ભારે હોય છે. પછી છોકરો મોટો ને ભારે થતો જાય છે.

અતિપ્રાચીન કાળે પશુનર સંવનનને પ્રસંગે નારીને રિઝવવા ફાંકડો ને વરણાગિયો થઇને ફરતો, પરિણામે તેની ભાવનાને અનુસરી તેને દાઢીમૂછ થયાં; બીજા નર સાથે યુદ્ધ કરતો, ત્યારે ભયંકર શબ્દનાદ કરતો ને શરીરબળ વાપરતો, પરિણામે તેનો સ્વર કર્કશ ને ઘર્ઘર બન્યો, તેના શરીરબળનો વિકાસ થયો. નારી તો મૃદુ સ્વરથી ગાન ગાઇને ને અંગભંગીથી નરને રિઝવતી. અનેક જુગના વંશાનુગત સંસ્કારથી માનવજાતિનાં નરનારીમાં પણ તે વિકાસ ચાલતો આવ્યો છે, વિકસતો આવ્યો છે. જન્મસમયે તો પ્રાચીન કાળની પેઠે નરનારીમાં એ વિષયનો બહુ ભેદ નથી હોતો, પણ જેમ જેમ પરિપક્વતા આવતી જાય છે તેમ તેમ ભેદ પડતા જાય છે. પુરુષને દાઢીમૂછ ઊગે છે, સ્ત્રીને નથી ઊગતી; પુરુષનો સ્વર યુદ્ધને અનુસરી કર્કશ ને ઘર્ઘર બનતો જાય છે, સ્ત્રીનો સ્વર ગાનને અનુસરી મૃદુ બનતો જાય છે; તેનામાં લજ્જાનો ઉદય થતો જાય છે; પુરુષ સ્ત્રી કરતાં શરીરે બળવાન બનતો જાય છે; પુરુષ બહુ બોલીને પોતાના ભાવ પ્રદર્શિત કરે છે, સ્ત્રી બોલવા કરતાં પોતાની ભાવભંગીથી તેમ વધારે કરે છે. અને એકંદરે પુરુષ કરતાં સ્ત્રી પ્રકૃતિની સમીપ વધારે રહેલી છે. જર્મન વિચારક નીચે (Nietzsche) પણ એમ જ માને છે: 'Woman is more closely related to Nature than is Man.'

પુરુષમાં જનકેન્દ્રિયનો ને સ્ત્રીમાં જનનેન્દ્રિયનો વિકાસ થએલો છે. પક્ષીમાતા ઈંડાં મૂકે છે ને પોતાનાં બાળકોને જન્મથી જ ચારો ચરાવે છે; પશુમાતા ને તેમાંથી વિકાસ પામેલી માનવમાતા ગર્ભ ધારણ કર્યાને અને પોતાના બાળકને સ્તનપાન કરાવ્યાને પરિણામે તેના ઉદરપ્રદેશ ને સ્તનપ્રદેશ વિસ્તાર પામ્યા છે. પુરુષના કરતાં સ્ત્રીનો ઉદરપ્રદેશ વિશાળ થયો છે. પુરુષનો સ્તનપ્રદેશ, તેનો ઉપયોગ

૩૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન રહ્યાથી, સંકોચ પામી ગયો છે, અતિપ્રાચીન કાળે નરનારીનાં અંગ એક જ શરીરમાં હતાં તેના ચિહ્ન રૂપે જ અવશેષ રહ્યો છે.

પુરુષને કરતાં સ્ત્રીને નિતંબની અને ઉરુની માંસપેશીઓ વધારે હોવાથી વિશાળ ને બળવાન હોય છે. પુરુષની કરતાં સ્ત્રીની માંસ-પેશીઓમાં પાણીનો ભાગ વધારે હોય છે. પુરુષની માંસપેશી સબળ વધારે, સ્ત્રીની માંસપેશી કોમળ વધારે હોય છે. Engelmann કહે છે કે સ્ત્રીઓ અતિવ્યાયામથી માંસપેશીઓનો વિકાસ કરે તે સારૂં નથી, કારણકે વ્યાયામના શક્તિવ્યયથી તેની જનનશક્તિને હાનિ થાય છે અને પ્રસવપ્રસંગે તેને વધારે પીડા થાય છે; એના ઉદરની માંસપેશીઓ સારી રીતે વિકાસ પામે તો તેથી જનનશક્તિને લાભ થાય છે ને એકંદરે એનું સ્વાસ્થ્ય વધે છે; આથી ઉદરપ્રદેશની માંસપેશીઓ વિકાસ પામે એ પ્રકારે સ્ત્રીએ વ્યાયામ કરવો ઇષ્ટ છે.

પુરુષના હૃત્પિંડનું સરેરાશ વજન આશરે ૧૧ અધોળ અને સ્ત્રીના હૃત્પિંડનું સરેરાશ વજન આશરે ૯ અધોળ હોય છે. પણ પુરુષના કરતાં સ્ત્રીનું લોહી વધારે ત્વરિત ગતિએ દોડે છે: ઉમરે આવેલા પુરુષનાં સરેરાશ નાડીસ્પંદન દર મીનિટે આશરે ૭૦ હોય છે, સ્ત્રીનાં સરેરાશ નાડીસ્પંદન આશરે ૭૭ હોય છે. ઇતર પશુઓમાં પણ એમ જ હોય છે: સિંહનાં નાડીસ્પંદન દર મીનિટે ૪૦, સિંહણનાં ૬૮; આખલાનાં ૪૬, ગાયનાં ૫૬; ઘેટાનાં ૬૮, ઘેટીનાં ૮૦ હોય છે.

પુરુષ કરતાં સ્ત્રીમાં શ્વાસ લેવાની શક્તિ ઓછી હોય છે. પુરુષ શ્વાસ લે છે ત્યારે મોટે ભાગે પેટ ઊપસે છે, સ્ત્રી શ્વાસ લે છે ત્યારે મોટે ભાગે છાતી ઊપસે છે. પુરુષની છાતીનો ઘેરાવો સ્ત્રીની છાતીના ઘેરાવા કરતાં વધારે છે.

આમ સ્ત્રીપુરુષના શરીરનો વિકાસ જુદી જુદી દિશાએ થતો ચાલ્યો છે. રોગ પણ તે જ પ્રકારે એકને અમુક રોગ વધારે તો બીજાને તે ઓછા થતા જણાયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ એનો શારીરિક વિકાસ જુદી જુદી દિશાએ થતો ચાલ્યો છે, એને અનુસરીને એ એનો માનસિક વિકાસ પણ જુદી જુદી દિશાએ થતો ચાલ્યો છે. સ્ત્રી જનની છે. એ સંતાનને ગર્ભમાં સેવે છે, સંતાનને માટે પોતાની કાયા ઘોઇ નાખે છે, એમ વધારે આપેલા ભોગને પરિણામે – એ તપસ્યાને પરિણામે – સંતાન ઉપર માતાને વધારે સ્નેહ છે. આથી પુરુષ કરતાં સ્ત્રીમાં સ્નેહનો વિકાસ વધારે થયો છે. એનામાં સંતાનસ્નેહ એટલો બધો વિકાસ પામ્યો છે કે તેની આગળ પતિને તો શું, સમસ્ત જગતને ય ભૂલી જાય. કરણરાજા હારીને ગુજરાતમાંથી નાઠો ને બાગલાણમાં જઇ ભરાયો. તેની રાણી કમળાદેવીને મુસલમાનો દિલ્લી લેઇ ગયા ને અલ્લાઉદ્દીને તેને પોતાના ઝનાનામાં બેસાડી. તેની બે પુત્રીઓ પિતા કરણદેવ સાથે બાગલાણમાં હતી ને એ પુત્રીઓ જ ભગ્નહૃદય પિતાના એકાન્તવાસમાં આશ્વાસન-રૂપ હતી. તેમાંથી એક પુત્રી તો મરણ પામી. હવે ભગ્નજીવન પિતાને બાકી રહેલી પુત્રી દેવળદેવી જ જીવનજ્યોત હતી. પતિનું જીવન કેવું અંધકારમય થશે તેની યે પરવા કર્યા વિના રાણી કમળાદેવીએ પુત્રી દેવળદેવીને પોતાના એ પતિ પાસેથી ઝૂંટવી મંગાવી! આ તે માતાનું વાત્સલ્ય!

સંતાનને ઉછેરવા માટે પિતા કરતાં માતા વધારે કષ્ટ ઉઠાવે છે અને પરિણામે પુરુષ કરતાં સ્ત્રીમાં સહનશક્તિનો ને ધૈર્યનો વધારે વિકાસ થયો છે — માતા ધૈર્યમાં જાણે ધરતી છે. સંતાનના લાખ દોષ હોય તો ય માતાની ક્ષમાનો પાર નથી — क्षमया धरित्री । પુરુષ એટલો બધો ક્ષમાશીલ નથી, એનામાં ક્રોધનો વિકાસ વધારે થયો છે.

સંતાનને ખવરાવ્યા વિના માતા ખાય નહિ, અને એ ગુણનો એનામાં એટલો બધો વિકાસ થયો છે કે ઘરનાં સૌને ખવરાવ્યા વિના એ ખાય નહિ. स्त्री भोज्येषु माता છે. સ્ત્રી ત્યાગમૂર્તિ છે, એનામાં અપાર શ્રદ્ધા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી ઘરમાં રહીને સંતાનને જન્મ આપે ને તેને ઉછેરે, ત્યારે તેમના જીવનનિર્વાહને અર્થે પુરુષ બહાર જઇને કઠોર શ્રમ કરે. આથી પુરુષમાં શ્રમ કરવાનો ગુણ વિકાસ પામ્યો છે. શ્રમિત થઇને એ ઘેર આવે ત્યારે તેને વિશ્રામ આપવાના અભ્યાસને કારણે સ્ત્રીમાં વિશ્રામ આપવાનો ગુણ વિકાસ પામ્યો છે. માંદા સંતાનની પરિચર્યા કરવાના અભ્યાસને કારણે પણ તેનો એ ગુણ વિકાસ પામ્યો છે. નીચે (Nietzsche) કહે છે કે: 'In her being lies the healing strength, the beneficent rest which restores spent energies — એનામાં આરોગ્યકર શક્તિ છે, વપરાએલી શક્તિને બદલે નવી આણવાનું હિતકર વિશ્રામસ્થાન એ જ છે.'

સ્ત્રી કરતાં પુરુષનું મગજ (Brain) મોટું હોય છે, તે સ્ત્રી કરતાં પુરુષમાં બુદ્ધિશક્તિનો વિકાસ વધારે થયાને પરિણામે છે. પણ બુદ્ધિમાન કરતાં કર્મયોગીનાં મગજ નાનાં હોય છે. અને વળી પરીક્ષણથી માલમ પડ્યું છે કે પુરુષ બુદ્ધિમાન હોવા છતાં ઉતાવળિયો છે. તેના કરતાં સ્ત્રીમાં શાન્તિથી નિર્ણય કરવાની વિવેકશક્તિનો વધારે વિકાસ થયો છે. અને તેનામાં વિવેકશક્તિ છે માટે જ તે कार्येषु मंत्री છે. સ્ત્રી પુરુષ કરતાં સત્યનો સ્વીકાર જલદી કરે છે. બર્ડાક (Burdach) લખે છે કે: 'Women take truth as they find it, while men want to create truth — સ્ત્રી દેખે છે એવું સત્ય સ્વીકારી લે છે, પુરુષ સત્ય બનાવવાનો પ્રયત્ન કરે છે.'

પુરુષ ઉતાવળિયો છે, માટે જ તે ગતિશીલ છે. સ્ત્રી સ્થિતિશીલ (conservative) છે. આથી જ્યાં પુરુષ ઉતાવળિયું વિવેકહીન પગલું ભરે છે, ત્યાં સ્ત્રી અંકુશ (brake) બની તેને વારે છે કુટુંબમાં પુરુષ કરતાં સ્ત્રી કુલાચારને વધારે સારી રીતે સાચવી જાણે છે, ઘણુંકરીને કુલધર્મને એ જ સાચવી રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષ તેને જુગજુગથી દબાવતો આવ્યો છે, તેને પરિણામે તે પુરુષથી ભયભીત રહેતી થઇ ગઇ છે, તેનામાં નિર્બળતાને ને ગુલામીને પરિણામે આવતા સ્વાભાવિક ગુણોનો વિકાસ થતો ગયો છે. બળથી તે પોતાનું રક્ષણ ન કરી શકે, તેથી કળકપટથી એમ કરવાનો ગુણ તેનામાં વિકાસ પામે એ છેક સ્વાભાવિક છે. અને આજે તો હિંદુ પુરુષ પોતાના વતનમાં પણ તેનું રક્ષણ બળ વડે નથી કરી શકતો, એટલે પડદા પાછળ પૂરીને રક્ષણ કરવા પ્રયત્ન કરે છે; પરિણામે હિંદુ સ્ત્રી પોતાના વતનમાં – હિંદુસ્થાનમાં – પણ છડેચોક બહાર ફરવાની હિંમત નથી કરી શક્તી, ઘરમાં જ પુરાઇ રહેવામાં નિર્ભયતા માને છે. યુરોપિયન સ્ત્રી તો ઉઘાડી છાતીએ એકલી ગમે ત્યાં ફરી શકે છે, એ જાણે છે કે મારૂં કોઇ નામ દે તો મારો પુરુષ પુરુષાતન વાળો છે, પિસ્તોલ લેઇને જીવતો બેઠો છે!

પુરુષે પોતાને કાંડાબળે સ્ત્રીને દબાવી દીધી છે, તેને શરીરે નિર્બળ અને બુદ્ધિએ અજ્ઞાન રાખી છે. પરિણામે એ જ માર્ગે એનો વિકાસ થતો ચાલ્યો ત્યારે પાછો પુરુષ એને અબળા કહી નિંદે છે, 'સ્ત્રીની મતિ પાનીએ' કહી તેને તિરસ્કારે છે. અંગ્રેજી ભાષામાં પણ એવો પ્રયોગ છે : 'Long haired but short brained — લાંબા વાળ વાળી પણ ટૂંકી બુદ્ધિ વાળી' એવાં સ્ત્રીને માટે તિરસ્કારવચન વપરાય છે.

અને સ્ત્રી પ્રત્યેનો તિરસ્કાર એટલી સીમાએ વિકાસ પામ્યો છે કે જે કામ સ્ત્રીઓ કરે તેને હલકું માની પુરુષો હાથ પણ નહિ અડાડે. એટલી બધી એને હલકી પાડી છે કે કોઇ પુરુષને ગાળ ભાંડવી હોય તો તેને કોઇ નારીજાતિના શબ્દથી સંબોધે, જાણે નારીજાતિ જ તુચ્છ હોય!

ના ના, એવું કંઇ યે નથી. આપણે પોતે યોજેલા કેટલાક શબ્દોમાં નરજાતિના કરતાં નારીજાતિના શબ્દોનું મહત્ત્વ વધારે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પાટો' ને 'દોરો' પાતળો, ટૂંકો ને નિર્બળ છે, 'પાટી' ને 'દોરી' જાડી, લાંબી ને મજબુત છે; 'વાડો' નાનો છે, બહુ ઉપયોગનો નથી, 'વાડી' વિશાળ ને પુષ્પથી સુવાસિત છે; બળવાન 'કોદાળી' મજબુત હાથે માટી ખોદે, ત્યાર પછી બિચારો 'કોદાળો' શિથિલ હાથે એ ખોદેલી માટી ખસેડે; અને નાગરિકોને પૂછશો તો 'રોટલો' તો ગામડિયાનો, બાકી એમને હિસાબે સંસ્કારી તો 'રોટલી' જ! એટલે વ્યાકરણમાં સ્ત્રીની નારીજાતિ હોવાને કારણે તો તે તુચ્છ નથી જ, પુરુષથી ઊતરતી નથી જ.

પોતાની કામલોલુપતાને પરિતૃપ્ત કરવા માટે પુરુષે એક બાજુથી સ્ત્રીને પોતાને કાંડાબળે પરાભૂત કરીને વશ કરી દીધી છે; બીજી બાજુથી તેને લલના, લલિતા, સુલભા, કામિની, મોહિની, વગેરે કામોદ્દીપક નામોથી અભિભૂત કરીને મુગ્ધ કરી દીધી છે. અને દુઃખ તો એ છે કે સ્ત્રી પોતે એવી પરાભૂત ને અભિભૂત બની ગઇ છે કે પુરુષને વશ રહેવામા જ પોતાનો ધર્મ માની બેઠી છે. એ અબળા નથી, પણ પ્રબળા છે; પુરુષની એ કામપૂતળી નથી, પણ ભાવિ સુસંતાનની માતા છે. આ વાત એણે અને પુરુષે બંનેએ સમજવી જોઇશે, લગ્નની કલ્યાણભાવના સિદ્ધ કરવી હશે તો.

અનેક સંસ્કારી પુરુષો પણ સ્ત્રીજાતિની અવગણના કરતાં દલીલ કરે છે કે "જગતના ઇતિહાસમાં સ્ત્રીઓએ રાજકીય, ધાર્મિક, સામાજિક, સાહિત્યિક, કલાવિષયક, વૈજ્ઞાનિક કે એવા કોઇ યે પ્રદેશમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો નથી એ જ સાબિત કરે છે કે સ્ત્રી પુરુષથી ઊતરતી છે, પુરુષની બરાબરી કરી શકે એમ છે જ નહિ. પ્રાચીન કાળના સુલભા, સરસ્વતી વગેરે અને અર્વાચીન કાળની લક્ષ્મીબાઇ, મીરાંબાઇ વગેરે તો અપવાદ રૂપ છે." આવી દલીલ કરનારે સમજવું જોઇએ કે પુરુષજાતિએ સ્ત્રીજાતિને બહુ પ્રાચીન કાળથી જ દબાવી દીધી છે ને દબાવી રાખી છે, એને કોઇ ક્ષેત્રમાં સ્વતંત્ર ભાગ ભજવવા દીધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ નથી; તેમને પોતાની અભિરુચિનાં ક્ષેત્રમાં સ્વાભાવિક ને સ્વતંત્ર ભાગ લેવા દીધો હોત તો એ આપણને આજે બતાવી આપત કે સુલભા ને સરસ્વતી, લક્ષ્મીબાઇ ને મીરાંબાઇ એ અપવાદરૂપ નથી, પણ એવી તો કેટલી યે સ્ત્રીઓ પોતપોતાના વિષયમાં પ્રખ્યાત થાત ને સ્ત્રી પુરુષથી ઊતરતી નથી, પણ બરાબરી કરી શકે એવી છે એ નિયમરૂપે સિદ્ધ કરી બતાવત. સ્ત્રીજાતિ આટલી દબાએલી છે, છતાં અપવાદરૂપે ગણાતી સ્ત્રીઓ પ્રખ્યાત થઇ છે એ જ એમની શક્તિની મહત્તા સાબિત કરી આપે છે.

આજે પણ જે પ્રદેશમાં એ ભાગ લેઇ શકી છે, તે પ્રદેશમાં પોતાનું શૌર્ય ને સાહસ દેખાડી શકી છે. યુરોપમાં મતાધિકાર માટે પુરુષની સામે યુદ્ધ મચાવતી સફ્રેજેટ (Suffragette) સ્ત્રીઓએ પોતાની શક્તિની પ્રતિભાથી પુરુષને મૂઢ કરી મૂક્યો છે! અને ગાંધીજીએ યોજેલા સત્યાગ્રહસંગ્રામમાં આપણી બેનોએ પુરુષ પોલિસની લાઠીથી પોતાનાં માથાં સ્વેચ્છાએ ભંગાવીને એવું તો સાહસ ને શૌર્ય પ્રકટ કર્યું હતું કે ત્યારે શત્રુઓ મૂઢ બની ગયા હતા ને મિત્રો મુગ્ધ બની ગયા હતા!

ત્યારે સ્ત્રી પુરુષથી ઊતરતી છે એવી દલીલ શબ્દોથી કરનારને સ્ત્રીઓએ પોતાનાં કાર્યથી સિદ્ધ કરી આપ્યું છે કે એ દલીલ છેક જ ખોટી છે. અને સ્ત્રીઓ માટે બંધ કરી રાખેલાં સેવાક્ષેત્રો જો ઉઘાડાં કરી દેવામાં આવે તો તેઓ હજી યે સિદ્ધ કરી આપે કે તે પુરુષથી ઊતરતી નથી જ, બરોબરી કરે એવી છે.

હવે બીજી વાત: અંગ્રેજ સરકાર આપણને કહે છે કે તમે રાજ્યક્ષેત્રમાં અંગ્રેજોથી ઊતરતા છો. ત્યારે એ દલીલને હસી કાઢીએ છીએ ને કહીએ છીએ કે અમે ઊતરતા છીએ કે બરાબરિયા છીએ એ તો તમે અમને રાજકારભારમાં ભાગ લેવા દો ત્યારે એનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચાં પારખાં જડે. અને બીજી બાજુથી સ્ત્રીઓનાં સ્વાભાવિક સેવાક્ષેત્રો રુંધી રાખીએ, એમાં એમને પગ જ ન મૂકવા દેઇએ ને પછી કહીએ કે સ્ત્રી પુરુષથી ઊતરતી છે એવી દલીલ કરીએ, એ કેટલું આશ્ચર્ય! અંગ્રેજ સરકારના જેવી જ એ દલીલ કે બીજું કાંઇ!

અને બીજી એક વાત કહું? આજે જે પ્રદેશો – ખાસ કરીને ઉદ્યોગ પ્રદેશો – આપણે પુરુષો દબાવી બેઠા છીએ, જેમાં સ્ત્રીઓને આજે પગ પણ મૂકવા દેતા નથી, એ પ્રદેશો તો એક વાર સ્ત્રીઓના અધિકારમાં હતા. પૂર્વે જ્યારે માતૃગૃહ હતું ત્યારે એ સૌ પ્રદેશો સ્ત્રીઓના અધિકારમાં હતા. તે વારે પુરુષો તો સ્ત્રીઓની બતાવી મજૂરી કરતા કે ખેતી કરતા, સ્ત્રીઓ જ ઉદ્યોગો ચલાવતી. જેમ જેમ પુરુષ બળવાન થતો ગયો તેમ તેમ એ પ્રદેશો એ દબાવતો ગયો ને અંતે આજે સ્ત્રીના હાથમાંથી પડાવી લેઇ એ સત્તાધીશ થઇ પડ્યો. એથી તો પુરુષ આજે નારીભાવ પામ્યો છે, એમ ન મનાય એવી વાત હેવલોક એલીસ (Havelock Ellis) કહે છે! પોતાના *Man and Woman* (પુરુષ અને સ્ત્રી) નામે પુસ્તકમાં એ લખે છે, કે: "Modern civilization is becoming industrial i.e. feminine in character, for the industries belonged primitively to women., and they tend to make men like women — આધુનિક સંસ્કૃતિ ઔદ્યોગિક થતી જાય છે એટલે કે એમાં નારીભાવ આવતો જાય છે, કેમ કે અતિપ્રાચીન કાળે ઉદ્યોગો સ્ત્રીઓના હાથમાં હતા; અને તેઓ પુરુષોને સ્ત્રીઓ જેવા બનાવતા જાય છે"! આ વાત સાચી હોય તો 'સ્ત્રી પુરુષ કરતાં ઊતરતી છે' એવી દલીલ કરતાં ભોંય ખોતરવી પડે!

અને કવિઓ, કલાધરો, વગેરેમાં નર- કરતાં નારી-ભાવ વધારે હોય છે એમ તો આજે ઘણા યે કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક વૈજ્ઞાનિકો માને છે કે અતિવિકસિત સ્ત્રી તે પુરુષ છે, કેટલાક માને છે કે અપૂર્ણવિકસિત પુરુષ તે સ્ત્રી છે. આ બંને મતમાંથી એક જ એ વસ્તુ પ્રતિપાદિત થાય છે કે સ્ત્રી પુરુષને જ માર્ગે વિકાસ પામતી ચાલે છે, પણ પુરુષના જેટલી એ વિકાસ પામી નથી, પામશે તો એ પુરુષ કે પુરુષ જેવી થશે. આ બંને મત અસત્ય છે એમ હું માનું છું. સાચી વાત તો આપણે ઉપર જોઇ તે જ છે કે સ્ત્રી અને પુરુષ બંને પોતપોતાને જુદે જુદે માર્ગે – સ્ત્રી જનનીમાર્ગે, પુરુષ જનકમાર્ગે – વિકાસ પામ્યે જાય છે. એક જ દિશાએ એ વિકાસ હશે, તો ય સમાન્તર રેખામાર્ગે છે. અને બે સમાન્તર રેખાઓ એકબીજાને મળતી નથી. પ્રાચીન કાળે એક દેહમાંથી છૂટી સ્ત્રીપુરુષના જુદા દેહ વિકસ્યા, તેમ વળી ભવિષ્યમાં પાછા એ બે દેહ મળીને એક થઈ જાય તો કંઇ કહેવાય નહિ, પણ આજે તો સ્ત્રીપુરુષ દેહે ને મને જુદાં છે, જુદે જુદે માર્ગે વિકાસ પામ્યે જાય છે.

ત્યારે આપણે સમજવું ઘટે કે જન્મથી એક પુરુષ છે, બીજી સ્ત્રી છે; જન્મથી જ એ જાતિભેદ છે અને એ જાતિભેદને અનુસરતા સ્વાભાવિક ગુણ પોતપોતાની દિશામાં વિકાસ પામ્યા છે. એથી સ્ત્રી-પુરુષમાં કોઇ ઊંચું નથી, કોઇ નીચું નથી, પોતપોતાને સ્થાને બંને શ્રેષ્ઠ છે. એકબીજાની તુલનામાં બંને પ્રકારના ગુણોની જરૂર છે, પુરુષગુણ એકલા અપૂર્ણ છે, સ્ત્રીગુણ પણ એકલા અપૂર્ણ છે. બંનેનો સમન્વય થાય તો જ સેવા સફળ થાય; એટલે એ બે ગુણો પરસ્પર વિરોધક નહિ, પણ પરસ્પરપૂરક છે – પરસ્પરસહાયક છે. આમ સ્ત્રી-પુરુષમાં કોઇ ઊંચું નથી, કોઇ નીચું નથી, બંને સમાન છે. સેવાક્ષેત્રમાં સ્ત્રી એકલી કે પુરુષ એકલો અપૂર્ણ છે, બંનેનો સમન્વય થયે જ સાચી સેવા થઈ શકશે. સેવાપક્ષીની બે પાંખો : સ્ત્રી અને પુરુષ; એક પાંખે પક્ષી ઊડી શકે નહિ. અથવા તો સ્ત્રીપુરુષમાં જુદા જુદા પ્રકારના વિશિષ્ટ ગુણો હોવાથી સાચી ઉપમા તો એ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે એક અંધ છે, બીજું પંગુ છે. આંધળો પગ હોવા છતાં આંખ વિના એકલો ચાલી શકે નહિ, એને રસ્તો જ જડે નહિ; પાંગળો આંખ હોવા છતાં ને રસ્તો દેખવા છતાં પગ વિના ચાલી શકે જ નહિ. આંધળાને ખભે બેશીને પાંગળો માર્ગ દેખાડે, ત્યારે જ બંને આગળ ચાલી શકે. આમ સંસારમાં સ્ત્રી પુરુષ વિના ને પુરુષ સ્ત્રી વિના અપંગ છે, બંનેનો સમન્વય થાય ત્યારે જ સેવાપ્રદેશમાં पंग्वन्धवत् ચાલી શકે.

જ્યાં સુધી એ બે છૂટાં હોય ત્યાં સુધી અપૂર્ણ છે. પુરુષ અર્ધાંગન છે, સ્ત્રી અર્ધાંગના છે, બે મળીને ગૃહમાં પૂર્ણ દંપતી બને છે. પુરુષ શિવ છે, સ્ત્રી શક્તિ છે, બે મળીને સમાજમાં પૂર્ણ અર્ધનારીશ્વર બને છે.

ત્યારે સ્ત્રીપુરુષ સમાન છે અને તેમણે એકબીજા પ્રત્યે સમાનભાવે વર્તવું ઘટે. જર્મનોમાં પતિ પત્નીને du (તું) કહે છે, પત્ની પતિને du (તું) કહે છે; એટલે અંશે તો એમાં સમાનતા છે જ. આપણે સમજવું ઘટે એકે બીજાની જાતને, તેની સ્વતંત્રતાને, તેના અધિકારને માન આપવું ઘટે; તેમાં વિક્ષેપ નહિ નાખવો ઘટે, તેનો નાશ કરવાનો પ્રયત્ન નહિ કરવો ઘટે. એથી હાનિ જ છે, ગૃહજીવનનો ને સમાજ-જીવનનો નાશ જ છે.

ટૉલ્સ્ટૉય પુરુષોને ચેતવે છે: “સ્ત્રીઓને મર્યાદિત જ હક્ક આપવા એવું ન હોવું જોઇએ, પુરુષના જેવાં જ માન અને પ્રેમ એમના પ્રત્યે દર્શાવવાં જોઇએ, અને અધિકારોના વિષયમાં એ પુરુષોની સમાન જ છે,—આ બધી બાબતોમાં શંકાને અવકાશ છે જ નહિ. પણ પછી એમ કહીએ કે સાધારણ સ્ત્રીઓમાં પુરુષોના જેવું જ આધ્યાત્મિક સામર્થ્ય રહેલું છે; અને એવી આશા રાખીએ કે દરેક પુરુષમાં જે હોય છે તે દરેક સ્ત્રીમાં પણ હોય જ એ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણી જોઈને જાતને છેતરવા બરાબર છે અને એવી જાતછેતરપંડીથી સ્ત્રીઓને જ નુકશાન છે. કારણકે તમે જો એવી શક્તિની દરેક સ્ત્રીમાં આશા રાખીને બેસશો તો પછી સ્ત્રી પાસેથી હક્કપૂર્વક એવી શક્તિની માગણી કરશો, અને તમારી એ માગણી જ્યારે નિષ્ફળ જશે ત્યારે તમે ચિડાઇ જશો. અને વસ્તુતઃ જે ગુણસંપત્તિ ધરાવવી સ્ત્રીઓને માટે કેવળ અશક્ય જ છે તે ગુણસંપત્તિના અભાવને તમે એની આડાઇ ને દુર્વૃત્તિનું જ પરિણામ માની બેસશો" ('સ્ત્રી અને પુરુષ': ૧૩૫).

અને વસ્તુતઃ જે ગુણસંપત્તિ ધરાવવી પુરુષોને માટે કેવળ અશક્ય જ છે તે ગુણસંપત્તિના અભાવને વિષે સ્ત્રીઓને પણ એવી જ ચેતવણી આપી શકાય.

અને બીજી જ દિશાએ દૃષ્ટિ રાખીને ગાંધીજી સ્ત્રીઓને આમ ચેતવે છે: "સ્ત્રીઓ હીનપદ કે ગુલામી અવશ્ય ન સ્વીકારે. પણ મને આશા છે, કે સ્ત્રીઓને પુરુષોથી કેવળ સ્વતંત્ર કરી મૂકવાની પશ્ચિમમાં દુષ્ટ પ્રવૃત્તિ ચાલે છે એનો આમાં આભાસ પણ નહિ હોય. એ પ્રવૃત્તિ આર્યસંસ્કૃતિથી વિરુદ્ધ તથા હાનિકર છે. સમાજ પરત્વે સ્ત્રી ને પુરુષ એક બાજાનાં અવિભાજ્ય અંગ છે ને એક બીજાની ન્યૂનતા પૂરે છે સ્ત્રીને અબલા કહે છે કેમકે તે શરીરે પુરુષથી દુબળી છે. પણ આધ્યાત્મિક દૃષ્ટિએ તે પુરુષથી શ્રેષ્ઠ છે. પુરુષ પશુબળનું મિથ્યાભિમાન પોષે છે, પણ પશુબળમાં પોતે પુરુષની બરાબરી ન કરી શકે તેથી સ્ત્રીએ મૂંઝાવાનું કોઇ કારણ નથી. ભીમકાયમાં મહાઆત્મા ક્વચિત જ વાસ કરતો હશે. શરીર વધારી જાણવું ને શરીરને નરવું રાખવું એમાં બહુ ફેર છે. સીતાના હૃદયમાં જે શુદ્ધિ-જ્વાળા ઝળઝળ બળતી હતી તે તમારા પણ હૃદયમાં પ્રકટાવો તો અર્ધી રાતે પણ તમે નિર્ભયપણે વિચરી શકો; મનમાંથી માત્ર આપણે હીન છીએ એવો ભય કાઢી નાખો એટલે બસ. આ તમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગળે ઊતરે તો કટારી કે રિવોલ્વરનું કામ નહિ પડે. એ સાધન તો આપણા શત્રુનો જ અર્થ સારે. એના કરતાં આત્મબળ તથા શૂરાતન ખીલવો. જગતમાં કોઇ કોઇને દાબી શકતું નથી. આત્મા જ આત્માનો મિત્ર ને આત્મા જ આત્માનો શત્રુ છે. તમે વ્યાયામ અવશ્ય કરો, પણ મારા કહેવાનું તાત્પર્ય એમ છે કે આત્મબળને અભાવે એ કાળી રાતે કામ ન આવે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૪૪

નરનારીના સેવાવિભાગ

આપણે માનવી જીવીએ છીએ, ત્યારે આપણે જીવનધર્મ હોય એ સ્વાભાવિક છે. પ્રાણીમાત્રને તેમ જ માનવીને પણ આત્મરક્ષણનો તથા વંશવર્ધનનો સ્વાભાવિક ધર્મ છે. માનવી સામાજિક પ્રાણી છે, માટે સમાજના રક્ષણમાં માનવીના એ સ્વાભાવિક ધર્મ સિદ્ધ થાય છે. પ્રત્યેક માનવી સમાજદેહનું અંગ છે, તેથી સમસ્ત સમાજના રક્ષણમાં પ્રત્યેક માનવીનું રક્ષણ છે. ત્યારે આત્મરક્ષણને અને વંશ-વર્ધનને માટે પ્રત્યેક માનવીએ સમાજનું રક્ષણ સાધવું ઘટે, અને સમાજના રક્ષણને માટે સ્નેહે અને જ્ઞાને સમાજની સેવા કરવી ઘટે. પ્રત્યેક માનવીનો ત્યારે આ ધર્મ રહ્યો.

પણ માનવીમાં નરનારીના સ્વાભાવિક જાતિભેદ છે એ આપણે ગયા અધ્યાયમાં જોયું. ત્યારે એ જાતિભેદને અનુકૂળ અને અનુરૂપ નરનારીના સેવાધર્મમાં પણ ભેદ ને વિભાગ હોય એ પણ છેક જ સ્વાભાવિક છે. આદિ માનવસમાજમાં લગ્નસંસ્થાનો ઉદય થયો નહોતો, ત્યારથી એ સેવાવિભાગ સ્વાભાવિક રીતે વિકસવા લાગ્યા હતા. લગ્નસંસ્થાનો ઉદય થયો ને એ સેવાવિભાગ એક બીજાને સહાયક બન્યા ને સામંજસ્ય પામ્યા

નરનારી લગ્નમાં જોડાઇને દંપતી બન્યાં, બે મટી એક બન્યાં. અને એ પ્રાચીન કાળે પણ એ સમાજનાં નરનારીને સૂઝ્યું તે પ્રકારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે આત્મરક્ષણ અને વંશવર્ધન માટે સમાજરક્ષણ કરવા તેની સેવા કરવા માંડેલી. એ કાળે પણ માનવી સમજેલો કે પતિપત્ની લગ્ને તો એક થયાં, પણ બીજી રીતે – શરીરે અને બુદ્ધિએ – તો સ્વાભાવિક રીતે જ જુદાં જુદાં કાર્ય કરી શકે. પુરુષમાં બીજધર્મ – જનકધર્મ છે, એટલે એ સ્વતંત્ર ભાવે સદાસર્વદા બહાર રખડી શકે છે, તેમાં એને બહુ અંતરાય નડતો નથી. સ્ત્રીમાં ક્ષેત્રધર્મ – જનનીધર્મ છે, એટલે બહાર રખડવામાં એને વારંવાર અંતરાય નડે છે, અનેક પ્રતિકૂળતાઓ નડે છે, એટલે એને ઘરમાં રહેવું અનુકૂળ પડે છે. પુરુષના જેવું સ્ત્રીનું શરીર ખડતલ નથી, એટલે પણ સ્ત્રીને બહાર રખડવા કરતાં ઘેર રહેવું વધારે અનુકૂળ પડ્યું છે.

આથી સ્ત્રી ઘેર રહી પ્રજનન કરે અને સંતાનસેવા કરે, સાથે સાથે અનુકૂળ હોવાથી ગૃહવ્યવસ્થા પણ કરે; પુરુષ એ સ્ત્રીસંતતિ – કુટુંબ – માટે જીવનનિર્વાહની વ્યવસ્થા કરવા બહાર ફરે. એવા સેવા-વિભાગ પ્રાચીનકાળે સ્વાભાવિક રીતે જ પડવા લાગ્યા ભરણપોષણનું મુખ્ય સાધન તે કાળે ખેતી હતું. અને એ સહજ સેવાવિભાગે કરીને પ્રાચીન સૅકસન (Saxon) ભાષામાં પતિનું નામ Hus-Bonda Husbunda (hus ઘર, bonda બાંધી રાખનાર) પડ્યું, અને એનો અર્થ વિકાસ પામીને 'કરકસર કરનાર' અને 'ખેતી કરનાર' પણ થયો. એ મૂળ શબ્દ વિકાસ પામીને અંગ્રેજીમાં Husband (પતિ) અને Husbandman (ખેડૂત) શબ્દો થયા છે. તેવી જ રીતે Wife શબ્દ (જ. weben અં weave, સં. વપ કાંતવું. એ ધાતુ ઉપરથી) થયો છે અને તેનો મૂળ અર્થ 'કાંતનારી' છે. પુરુષ ખેતરમાં ખેતી કરી, અનાજ પકવે, કપાસ પણ પકવે; સ્ત્રી ઘેર રહી કુટુંબને એ અનાજમાંથી જમાડે, એ કપાસને કાંતીને વસ્ત્ર બનાવે. પુરુષ कृष्ण (કિસાન, ખેડૂત) છે, સ્ત્રી रुक्मिणी (रुक्म=સોનું) છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરનું ધન સાચવનાર છે. પરિણામે પુરુષમાં શરીરબળનો ને બુદ્ધિબળનો વિકાસ થતો આવ્યો છે, સ્ત્રીમાં સ્નેહબળનો ને વાત્સલ્યબળનો, વિકાસ થતો આવ્યો છે. આમ કાળે કરીને બંનેનો વિકાસ જુદી જુદી દિશામાં અને જુદા જુદા પ્રમાણમાં થયો છે. પ્રાચીન કાળથી સર્વે દેશની સર્વે જાતિઓના સેવાવિભાગનો આ આછો ઇતિહાસ છે.

અને એમ વિકાસ પામેલા સેવાવિભાગમાં કોઇ ઊંચું નથી, કોઇ નીચું નથી; બંને પોતપોતાને સ્થાને ઊંચું ને પવિત્ર છે, એક વિના બીજું વંધ્ય છે, નિરર્થક, અપૂર્ણ છે; એક બીજાને સફળ ને પરિપૂર્ણ બનાવે છે. અને ધર્મમાં અધિકારનો પ્રશ્ન તો ઊભો થઇ શકતો જ નથી, અથવા ધર્મ પાછળ અધિકાર તણાતો જ આવે છે.

પણ પશુમાંથી માનવીનો અવતાર થયો ત્યારથી જ પુરુષ સ્ત્રી કરતાં શરીરબળિયો હતો, અને તેથી તે સ્ત્રીને દબાવતો આવતો હતો. પરિણામે જ તેણે માતૃગૃહની સંસ્થા ધીરે ધીરે તોડી નાખી ને પિતૃગૃહની સ્થાપી દીધી. પછી તો તેણે પોતાને ઊંચો માન્યો, સ્ત્રીને નીચી માની; પોતાની સેવાને મહત્ત્વની માની, સ્ત્રીની સેવાને તુચ્છ માની. વળી એણે સેવામાં અધિકારનાં બીજ વાવ્યાં, સ્ત્રીને પુરુષના સેવાક્ષેત્રમાં પેસવાનો અધિકાર નથી એમ માન્યું, મનાવ્યું. પરિણામ એ આવ્યું કે પુરુષ કરે એ સર્વ સેવા – અને પછી તો ધંધા ઊંચા, સ્ત્રી કરે એ સર્વ સેવા – ધંધા તુચ્છ મનાયા. પુરુષ કુટુંબનિર્વાહ માટે ધન કમાય માટે सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते એમ મનાયું, પ્રજનન જેવી ભાવિ સમાજની ઉત્તમ સેવા પણ સ્ત્રી કરે માટે જ તુચ્છ મનાઇ!

પુરુષે સમાજમાં આ દુર્ભાગ્ય ખડું કર્યું, પણ સ્ત્રીએ એ વાત માની લીધી તે દિવસે સમાજનું એ દુર્ભાગ્ય પરિપૂર્ણ થયું. સ્ત્રીએ પોતાને પુરુષની દાસી માની લીધી, પુરુષની સેવા કરતાં પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવાને તુચ્છ માની લીધી આ ભ્રમણાનો જતે કાળે વિકાસ થતો ગયો. અને આ નૂતન યુગમાં સ્ત્રીજાતિ જાગ્રત થઇ ઊઠી, એટલે એ ભ્રમણા તેને ઓથાર રૂપે દબાવવા લાગી. સ્ત્રીપુરુષ બંને પોતપોતાના સ્થાનમાં ને સેવાક્ષેત્રમાં સમાન છે એ વાત એ ભૂલી, પુરુષે તેને નીચી માની છે માટે પોતે નીચી થઇ ગઇ છે એ ભ્રમણાએ તે પુરુષની સાથે સર્વ ક્ષેત્રમાં સ્પર્દ્ધા કરીને સમાનતા પ્રાપ્ત કરવા મથી રહી છે, સેવા ભૂલીને અધિકારને નાદે ચઢી છે; અનેક પ્રકારે એ પોતાને પરાધીન માની રહી છે ને તેમાં યે તેને આર્થિક પરાધીનતા અતિઘણી સાલી રહી છે. બેશક એને પુરુષે સર્વ વિષયોમાં પરાધીન બનાવી દીધી જ છે. પણ પોતે પુરુષથી નીચી અને પરાધીન છે એ ભ્રમણાએ તેને વધારે નીચી ને પરાધીન બનાવી મૂકી છે. અને વળી પુરુષના સેવાક્ષેત્રમાં ધસી જઇ તેની સ્પર્દ્ધા કરવાથી પોતાને મુક્તિ મળશે એમ માનીને આજે એવી સ્પર્દ્ધા કરી રહી છે, એ એનું ને સમસ્ત સમાજનું દુર્ભાગ્ય છે.

પુરુષ પોતાને ઊંચો માને છે, સ્ત્રીને નીચી માને છે; એટલે તો એ પોતાના ઊંચા માનેલા કાર્યક્ષેત્રમાંથી નીકળીને નીચા માનેલા કાર્યક્ષેત્રને અડવામાં પણ લાજ માને છે. મહાત્માજીએ રેંટિયાનો ઉપદેશ કરવા માંડ્યો, ત્યારે અનેક પુરુષોએ 'એ તો સ્ત્રીનું કામ છે' એમ કહીને રેંટિયાને હાથ અડાડવાની સાફ ના પાડેલી; અને મહાત્માજી જેવા સમર્થ ધર્મપુરુષ ન આવ્યા હોત તો આજે પણ ભાગ્યે જ કોઇ પુરુષ રેંટિયાને હાથ અડાડતો હોત. પણ સ્ત્રી તો આજે પુરુષના કાર્યક્ષેત્રમાં પ્રવેશવા દોડી રહી છે, કારણકે એણે પુરુષને પોતાના કરતાં ઊંચો સ્વીકારી લીધો છે, એના કાર્યક્ષેત્રમાં પોતાની મુક્તિ માની લીધી છે. સાચી રીતે તો આ દાસ્યવૃત્તિમાં જ એની પરાધીનતા છે, એ દાસ્યવૃત્તિ (Inferiority Complex) ત્યજવામાં જ એની, એને દાસી માની બાંધી રાખનાર પુરુષની ને સમસ્ત સમાજની મુક્તિ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષમાં પણ એવી દાસ્યવૃત્તિ નથી એમ નથી. પ્રભુલોકના અનેક આચારવિચારનું અનુકરણ વિના સમજ્યે દાસલોક કરે છે. અંગ્રેજ પ્રભુઓનાં કોટ પાટલૂન હેટ, આપણા ગરમ દેશને પ્રતિકૂળ હોવા છતાં અનેક હિંદી દાસો પહેરે છે, એમાં એ દાસ્યવૃત્તિ સ્પષ્ટ રીતે પ્રકટ થાય છે. સેવાને અને અનુકૂળતાને અર્થે સર્વ રૂઢિબંધનો તોડવાં એ ઇષ્ટ છે, પણ છોકરાઓ પહેરે છે માટે જ છોકરીઓ પહેરણ ચડ્ડી પહેરે તો એ દાસ્યવૃત્તિ છે. ભવિષ્યમાં કોઇ કાળે બનવા જેવું દેખાતું તો નથી, પણ કદાચ એમ બને કે પુરુષ સ્ત્રીને પોતાના કરતાં ઊંચી માનતો થશે, આજે છે તેથી ઊલટી જ રીતે સ્ત્રી પુરુષની આદર્શદેવતા થશે ત્યારે પુરુષ સ્ત્રીના વેશનું અનુકરણ કરીને સાડી ચરણિયા પહેરતો થશે અને 'પ્રજનન ને વાત્સલ્ય ન આવડે એ તે માણસ છે?' એવાં સ્ત્રીનાં મહેણાં ખાતો થશે! પણ એ દાસ્યવૃત્તિથી પુરુષનો ઉદ્ધાર નથી. આજની દાસ્યવૃત્તિથી સ્ત્રીનો ઉદ્ધાર નથી, એણે એ દાસ્યવૃત્તિ તોડવી જ જોઇશે. અને ત્યારે પુરુષે પણ પોતાની પ્રભુવૃત્તિ (Superiority Complex) છોડવી જ જોઇશે.

પણ પુરુષના કાર્યક્ષેત્રમાં પ્રવેશી તેની સાથે સ્પર્દ્ધા કર્યાથી સ્ત્રી પોતાની દાસ્યવૃત્તિ નથી જ તોડી શકવાની. પુરુષે સ્ત્રીને હલકી માની છે, મનાવી છે; એટલે સ્ત્રીનાં કાર્યને પણ એ હલકાં માને છે. રેંટિયાને સ્ત્રીનું કાર્ય માને છે, રસોઇને સ્ત્રીનું કાર્ય માને છે, માટે એ નથી કરતો. યુરોપમાં હવે સ્ત્રીએ પુરુષના કાર્યક્ષેત્રમાં પ્રવેશીને ટાઇપિંગનું ને ટેલિફોનિંગનું કાર્ય કરવા માંડ્યું છે, ત્યારે એને સ્ત્રીનું ને તેથી હલકું કાર્ય માની પુરુષે છોડવા માંડ્યું છે અને શેઠનો શબ્દે શબ્દ સદેશો બોલનાર પુરુષ હોય તોપણ તેને મશ્કરીમાં 'ટેલીફોન ગર્લ' કહે છે! અને એમ પુરુષે સ્ત્રીને હલકી માન્યા જ કરી છે.

રુશિયામાં પ્રવાસ કર્યા પછી અને ત્યાંના સમાજનું સારી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવલોકન કર્યા પછી બેન કપિલાબેન ખાંડવાળા આમ લખે છે: "અત્યારે આપણા સમાજસુધારકોનો આદર્શ પશ્ચિમના દેશો છે. ત્યાંના સમાજમાં સ્ત્રીની સ્થિતિ આપણા સમાજની સરખામણીમાં સ્વર્ગ જેવી લાગે છે. ત્યાંની સ્ત્રીઓ ડૉકટરો ને વકીલો થાય છે. પુરુષના લગભગ દરેક ધંધામાં સ્ત્રી માથું મારે છે. પણ તેથી શું? પુરુષના ધંધા સ્ત્રીએ કરવા માંડ્યા એટલે સ્ત્રી પુરુષની હરોલમાં ઊભી રહી ગઇ? આપણે ત્યાં બજારમાં ઘણી સ્ત્રીઓ શાક વેચવાનો ધંધો કરે છે. મુંબઇ બાજુએ માછલી વેચવાનો ધંધો લગભગ માછણોથી ચાલે છે, મીલમાં સ્ત્રી અને પુરુષ બંને કામ કરે છે. એ વર્ગની સ્ત્રીઓને એ વર્ગના પુરુષો જેટલા હક્કો મળી ગયા છે એમ કોઇ પણ એમની સ્થિતિનો અભ્યાસી કહી શકશે? આપણે ત્યાં જે સ્થિતિ થોડા પ્રમાણમાં છે તે સ્થિતિ ત્યાં આખા દેશમાં પ્રસરી છે, બીજું કાંઇ વધારે છે? આપણા દેશમાં સ્ત્રીઓને મારે પીટે છે ને ત્યાં નથી મારતા, ત્યાં સ્ત્રીને ફૂલની માફક રાખે છે. ગાડીમાં ઊભા થઇને જગ્યા આપે છે કે મોટરમાં ચડતી વખતે હાથ આપે છે. આપણા દેશમાં આવી સ્થિતિ નથી, એટલી આપણા સંસ્કારમાં ખામી છે અથવા તો આપણે આપણી વસ્તુઓને સારી રીતે રાખતાં શીખ્યા નથી. પણ એમાં કઇ રીતે અમેરિકાની ને ઇંગ્લૅણ્ડની સ્ત્રીઓ પુરુષોની સમાન કહી શકાય? આપણે સ્ત્રીઓને ઢોરની માફક રાખીએ છીએ, તે લોકો ઢીંગલીની માફક રાખે છે. એ સિવાય બીજો કયો ફેર છે? સ્ત્રીને વિષે મિલકતની ભાવના, ભોગ્ય વસ્તુની ભાવના. સ્ત્રી રક્ષણને યોગ્ય છે, સ્ત્રી અબળા છે, એવી ભાવના તો કાયમ જ રહી. કઇ રીતે સ્ત્રીનું માન સમાજમાં વધ્યું કહેવાય?" ('ગુજરાત સમાચાર,' તા. ૨૯ : ૭ : ૧૯૩૪)

અને ત્યારે ટૉલ્સ્ટૉય સાચું જ કહે છે કે "જે સ્ત્રીઓ પુરુષોચિત કાર્યોની અને પુરુષસમાન સ્વતંત્રતાની માગણી કરે છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય રીતે તો સ્વચ્છંદાચાર કરવાની છૂટની જ માગણી કરે છે, જોકે એમની એ માગણીનો એવો અર્થ થાય એનું એમને ભાન નથી હોતું, અને આવી સ્વચ્છંદાચારની છૂટને પરિણામે કુટુંબજીવનની ભૂમિકાથી ઉચ્ચ સ્થિતિ ભણી પોતે ગતિ કરી રહી છે એમ એ ધારે છે, પણ ખરેખર તો કુટુંબજીવનની ભૂમિકા કરતાં પણ એ નીચે જ સરતી જાય છે" ('સ્ત્રી અને પુરુષ' : ૧૨૮).

અને એવા સ્વચ્છંદાચારથી એની સ્ત્રીશક્તિને હાનિ પણ થાય છે. એક લેખક લખે છે કે 'The woman who spends the whole day at a desk, in the law courts, or in a house of assembly, may be a most honourable and most useful individual, but she is no longer a woman; she cannot be a wife, she cannot be a mother ('અભિનવ કામશાસ્ત્ર' : ૨૪૧) – જે સ્ત્રી આખો દિવસ કચેરીમાં, ન્યાયમંદિરમાં કે ધારાસભામાં ગાળે તે બહુ જ સંમાનિત અને બહુ જ ઉપયોગી વ્યક્તિ હશે, છતાં પછી તે સ્ત્રી તો નથી જ; એ ન તો પત્ની થઇ શકે, ન તો માતા થઇ શકે.' અને જે પોતાનો જનનીધર્મ – માતૃધર્મ અવગણે તે પોતાના સ્વાભાવિક ધર્મ અને સમાજ વિરુદ્ધ દ્રોહ કરે છે, એમ પુરુષની સામે તેના કાર્યક્ષેત્રમાં સ્પર્ધા કરવા માટે અવિવાહિત રહેનાર સ્ત્રીએ પણ સમજવું ઘટે.

અને ગાંધીજી પણ કહે છે : "ઓફિસો, ધંધા તથા નોકરીનાં સ્થાનો સ્ત્રીઓ માટે ખુલ્લાં રહે એ જોવાની મારી ઇચ્છા છે, નહિ તો પછી ખરી સમાનતા સંભવી જ ન શકે. પરંતુ હું નિખાલસપણે આશા રાખું છું કે સ્ત્રીઓ ગૃહરાજ્ઞી બનવાનો પોતાનો પરાપૂર્વથી ચાલતો આવેલો હક જાળવી રાખશે અને તેનો અમલ કરશે. આ ઉચ્ચ પદ ઉપરથી તેને કદી ઉતારી પાડવી ન જોઇએ. ગૃહરાજ્ઞી વિનાનું ઘર તે શૂન્ય સ્મશાનવત્ જ હોય. દાખલા તરીકે હું એવું એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સુખી ઘર નથી કલ્પી શકતો કે જેમાં સ્ત્રી 'ટાઇપિસ્ટ' હોઇને ભાગ્યે જ ઘરમાં રહેતી હોય. બાળકોની સંભાળ કોણ રાખે? ગરીબ ઘરના ઉજ્જ્વળ રત્ન સમાન બાળક વિનાનું ઘર તે ક્યાંથી જ શોભે?

"કોઇ ચતુર સ્ત્રીએ દુનિયામાં કમાવા માટે બહાર પડીને પોતાનાં બાળકોની સંભાળ રાખવા પૂરતું ધન ખર્ચીને ઘણો પૈસો પેદા કર્યો હોય અને પોતાનાં બાળકોને માટે ઘણું કર્યું હોય, એવા જુજ દાખલા કદાચ ટાંકી બતાવવામાં આવશે. અસાધારણ સ્ત્રીઓ અપવાદરૂપ જ ગણાય. જીવનના દરેક દૃષ્ટિબિંદુમાં અપવાદ હોય છે, પરંતુ અપવાદ ઉપરથી સામાન્ય નિયમ બાંધી શકીએ નહિ. સામાન્ય રીતે પિતાએ જ ગુજરાનનું સાધન મેળવવું જોઇએ. જો તેને એવી ખાત્રી હોય કે તેનું ઘર સુખી છે તો તે વધુ સરસ રીતે ગુજરાન મેળવી શકે. માતા આપી શકે એવી સુંદર સંભાળમાંથી બાળકને વંચિત રાખવું એ તેના ઉપર અન્યાય કરવા સમાન જ છે. બાળકને ઉછેરવું અને તેનું ચારિત્ર ઘડવું એ સ્ત્રીઓનું કર્તવ્ય છે અને તે ઉમદા કર્તવ્ય છે. પુરુષોના જેટલી જ સમાનતા સ્ત્રીઓને મળે એવું હું ઇચ્છું છું, પરંતુ પોતાનાં બાળકો પ્રત્યેની પવિત્ર ફરજમાં જો તે ચૂકે તો પછી થએલી હાનિનો કોઇ પણ રીતે બદલો મળી શકે જ નહિ" ('ડેલી હેરોલ્ડ'માંના ખાસ લેખ ઉપરથી 'મુંબઇ સમાચાર,' તા. ૧૫:૧૦:'૩૧).

અને છતાં યે સ્ત્રી પ્રત્યે સમ્માન ને સહાનુભૂતિ રાખનાર પુરુષો સ્ત્રીઓને પોતાનાં કાર્યક્ષેત્રમાં પ્રવેશવા ઉત્તેજન આપશે પણ ખરા; પણ તેથી પરિણામ તો એ ને એ જ આવશે. આજે મજૂરી સ્ત્રીને તેના શરીરબળના પ્રમાણમાં જ, એટલે પુરુષ મજૂર કરતાં ઓછી મળે છે. અને જ્યારે પુરુષની કમાણી ઉપર સ્ત્રીઓ કાપ મૂકતી તેમને લાગશે ત્યારે દેશપરદેશની આર્થિક વ્યાપારનીતિમાં જોઇએ છીએ તેમ પુરુષો સ્ત્રીઓને પોતાના કાર્યક્ષેત્રમાંથી કાંડાબળે પણ હાંકી મૂકશે. આજે હેર હિટ્લરે જર્મન રાજ્યની બધી ઑફિસોમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીઓને રજા આપી દીધી છે અને તેમની જગાએ પુરુષોને ગોઠવી દીધા છે! સ્ત્રીઓને કેન્દ્રીય વિદ્યાપીઠોમાં દાખલ નહિ કરવાનો પણ તેણે નિયમ કરી દીધો છે. કૅનેડાના કિવબેક પ્રાન્તમાં સ્ત્રીઓને ઘર બહાર કામે નહિ જવા દેવાની હિલચાલ ઊભી થઇ છે. આગળ દોડતા યુરોપમાં પણ સ્ત્રીઓની આમ અવદશા થવા લાગી છે.

ત્યારે પુરુષના કાર્યક્ષેત્રમાં તેની સ્પર્ધા કરવી એ સ્ત્રીની દાસ્યવૃત્તિનો નાશ કરવાનો સાચો ઉપાય નથી. સાચો ઉપાય તો એ જ છે કે સ્ત્રીએ પોતાનું સ્વાભાવિક ને સાચું સ્થાન જાણવું, પોતે જનની છે એ સમજવું. જનનીસહજ કાર્યક્ષેત્રમાં રહી ત્યાં ઉત્તમ પ્રકારે સમાજસેવા કરવી. એ ક્ષેત્રમાં એ પોતે અબળા નથી, પણ પ્રબળ જગદંબા છે, એમ સમજવું. એકંદરે એને પોતાનું સાચું આત્મભાન થવું, એ જ એની પોતાની દાસ્યવૃત્તિના નાશનો સાચો ઉપાય છે; એમાં જ એનો, પુરુષનો ને સમસ્ત સમાજનો ઉદ્ધાર છે.

અને ત્યારે સ્ત્રીપુરુષ પોતપોતાનાં સ્વાભાવિક કાર્યક્ષેત્રમાં રહીને સમાજસેવા કરે એ જ તેમનો સાચો ધર્મ છે. સમર્થ વિચારક બર્નાર્ડ શૉ કહે છે: "સ્ત્રીઓએ જીવન તરફ દૃષ્ટિ રાખવાની છે, પુરુષોએ મૃત્યુ તરફ. અને સ્ત્રીધર્મ અને પુરુષધર્મ વચ્ચે એ જ મહત્ત્વનો ભેદ છે. સ્ત્રીઓને ભય પામવાની ફરજ પડી છે, પુરુષોને સાહસ કરવાની. સ્ત્રીનું શૌર્ય જીવનની શુશ્રૂષા અને રક્ષા કરવામાં છે, પુરુષનું શૌર્ય પોતાનો નાશ કરવામાં ને મૃત્યુને ભેટવામાં છે" (*The Intellectual Women's Guide to Capitalism and Socialism*, પૃષ્ઠ ૪૪૦).

"બાળકોને જન્મ આપવો અને તેમને ઉછેરવાં તથા ગૃહવ્યવસ્થા રાખવી એ સ્ત્રીનો કુદરતી ઇજારો છે. અને માનવસમાજનું એ સૌથી મહત્ત્વનું અંગ હોવાથી સ્ત્રીને એવી સત્તા ને એવું મહત્ત્વ આપ્યું છે કે તેને બીજા સૌ ધંધાથી મુક્તિ મળી છે. અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષ તો એના ઇજારાને અડી શકે પણ નહિ. વળી આમાં જો કંઇ ગુલામગીરી હોય તો તે કુદરતે આપેલી છે, પુરુષે નહિ. એથી તો સ્ત્રી પુરુષને ગુલામ બનાવે છે ને પુરુષસમસ્યા (Man Question) ખડી કરે છે, જેને આજે છેક ખોટી રીતે સ્ત્રીસમસ્યા (Woman Qnestion) કહેવામાં આવે છે. સ્ત્રી પત્ની છે, માતા છે. . . . નાના પુત્રોની પેઠે કુંવારી પુત્રીઓ ડૉક્ટર, બૅરિસ્ટર, ધર્મગુરુ, વહીવટદાર, હિસાબનીસ, દુકાનદાર, ટાઇપિસ્ટ (અને અમેરિકામાં સ્ટૅનોગ્રાફર) થાય છે, ત્યારે પોતાના સ્ત્રીત્વને તે રુંધી દે છે" (પૃષ્ઠ ૧૭૬).

"સ્ત્રીનું મહત્ત્વનું ને અનિવાર્ય કાર્ય બાળકોને જન્મ આપવાનું અને તેમને ઉછેરવાનું તથા ગૃહવ્યવસ્થા રાખવાનું છે. એ કાર્ય માટેનો બદલો તેને પ્રત્યક્ષ રીતે પૈસા દ્વારા નથી ચૂકવાતો, પણ પરોક્ષ રીતે પુરુષ દ્વારા ચૂકવાય છે. અનેક મૂર્ખ માણસો સ્ત્રીના એ કાર્યને કાર્ય જ નથી લેખવતા અને કુટુંબનું ભરણપોષણ કરવાના પોતાના કાર્યને જ કાર્ય માને છે. આ છેક જ મૂર્ખાઇ છે. સમાજના અસ્તિત્વને માટે ઘરમાં સ્ત્રીનું કાર્ય પહેલેથી તે છેલ્લે સુધી ઉપયોગી છે, બાકી તો લાખો પુરુષો નિરર્થક અથવા તો સ્પષ્ટ રીતે અનર્થક કામમાં પડેલા હોય છે. એમાં એમનો બચાવ એટલો જ છે કે એ રીતે તેઓ પોતાની ઉપયોગી અને આવશ્યક પત્નીઓનું પોષણ કરે છે. પણ પુરુષોએ કંઇક પ્રપંચથી, કંઇક વિવેકભ્રષ્ટતાથી, અને સ્ત્રીઓની સાચી કિંમત કબૂલીશું તો એ માથે ચઢી વાગશે અને ઘરની ધણિયાણી થઇ બેસશે એ ભયથી, ઘણું કરીને તો એવી ભાવના ખડી કરી દીધી કે સ્ત્રીઓ તો કશું ય કમાતી નથી, જે કંઇ કમાય છે તે પુરુષો જ કમાય છે; અને એમ કહીને ગૃહવ્યવસ્થા ને ધન ઉપર પત્નીઓને અધિકાર આપવાની ના પાડી" (પૃષ્ઠ ૧૯૬).

પણ સમાજનું સાતત્ય અખંડ રાખવાને પુરુષ કરતાં યે સ્ત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે મહત્ત્વની છે. યુદ્ધોમાં "સો જુવાન જોદ્ધાઓમાંથી નવ્વાણું માર્યાં જાય તો એ ખોટ પૂરી શકાય, સો જુવાન સ્ત્રીઓમાંથી નવ્વાણું મારી જાય તો તો જાતિનો અંત જ આવી ગયો સમજવો. આમ સ્ત્રી જેવા અતિ મહત્ત્વના અંગને યુદ્ધમાં મોકલીને તેનો નાશ કરવો એ ભયંકર હોવાથી તેને લશ્કરમાંથી બાતલ રાખી છે એ યોગ્ય જ કર્યું છે. પણ આજે તો યુદ્ધો રણક્ષેત્રોમાં જ નથી લડાતાં, પણ ઘેર કામકાજ કરતાં સ્ત્રીપુરુષો ઉપર કંઇ પણ વિવેક વિના બોમ્બ ને ઝેરી વાયુ છોડવામાં આવે છે. અને તેથી આજનાં યુદ્ધો પહેલાંના કરતાં અતિભયંકર છે" (પૃષ્ઠ ૧૯૫).

અને માટે જ પ્રકૃતિથી પણ પુરુષ કરતાં સ્ત્રીને વધારે લાંબું આયુષ્ય મળેલું છે, એ પૃષ્ઠ ૩૧૪ ઉપર આપેલા કોષ્ટકથી જોઇ શકાશે.

ત્યારે સ્ત્રી અને પુરુષ એ બે પ્રકૃતિથી જ શરીરે, સ્વભાવે ને ગુણે ભિન્ન હોવાથી એ બેના સ્વાભાવિક ધર્મ પણ ભિન્ન જ હોઇ શકે. એક બીજાના ક્ષેત્રમાં પ્રવેશીને બંનેનાં સેવાક્ષેત્રને એકાકાર કરી નાખે તો સમાજને કે સ્ત્રીપુરુષમાંથી કોઇને લાભ નથી, હાનિ જ છે. परधर्मो भयावहः એ ગીતાવાક્ય અહીં અક્ષરશઃ સાચું છે.

પતિપત્નીના ધર્મ પરસ્પર પ્રત્યે, સંતાન પ્રત્યે અને સમાજ પ્રત્યે નિરનિરાળા છતાં, એકબીજાને એ ધર્મો પરસ્પરસહાયક છે, પરસ્પર-પૂરક છે. જેમ પતિપત્નીમાં એક અંધ છે, બીજું પંગુ છે; એક વિના બીજું અંધ છે, પંગુ છે, બંને મળીને पङ्ग्वन्धवत् સંપૂર્ણ છે; તેમ તેમના ધર્મો વિષે પણ છે. બંનેના ધર્મનો જ્યારે સમન્વય થાય છે ત્યારે જ पङ्ग्वन्धवत् સમસ્ત ને સંપૂર્ણ બની તેઓ એકબીજાની, ગૃહની ને સમાજની સેવા કરી શકે છે, નહિ તો એક બીજા વિના અંધ છે, પંગુ છે.

"સ્ત્રીપુરુષના સેવાના પ્રકાર વચ્ચે ભલેને ભેદ હોય. એ બંને પ્રકારની સેવાઓ સરખી મહત્ત્વની છે. એકના વિના બીજીનો સંભવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કલ્પી શકાય એમ નથી. એક ઉપરથી બીજીનું સ્વરૂપ નિર્ણીત થાય છે. પોતાનું કર્તવ્ય સિદ્ધ કરવા માટે એ ઉભય પ્રકારની સેવાઓમાં સત્યજ્ઞાનની આવશ્યકતા છે, અને આવા સત્યજ્ઞાનને અભાવે સ્ત્રી અને પુરુષ બંનેની પ્રવૃત્તિઓ માનવજાતિને કેવળ નિરુપયોગી જ નહિ, પણ વધારામાં ઊલટી હાનિકારક પણ નીવડે છે" ('સ્ત્રી અને પુરુષ': ૧૩૩). અને ત્યારે સ્ત્રીપુરુષની સેવાઓ રથનાં બે ચક્રની પેઠે સમાન નથી, ધનુષના કામઠાની ને પણછની પેઠે ભિન્ન પણ સરખા જ મહત્ત્વની છે. અને એ સેવાઓ વિષે બંનેને સત્યજ્ઞાન હોવું જોઇએ.

સ્ત્રીપુરુષ લગ્ન કરીને ઘર માંડે, ત્યારથી તેમના પરસ્પર પ્રત્યેના દંપતીધર્મ શરૂ થાય છે. વેપારી પેઢીના ભાગીદારો પરસ્પર નિષ્ઠા રાખે તો જ એ પેઢી સફળ ને ઉન્નત થાય, જો કે એ પેઢી તો માત્ર આર્થિક દૃષ્ટિએ, ઘણું કરીને તો સ્વાર્થદૃષ્ટિએ બંધાએલી હોય છે. દંપતીમાં જીવનબંધનનું ગૃહ સેવાદૃષ્ટિએ બંધાએલું છે એટલે એમાં તો પરસ્પર સ્નેહ શ્રદ્ધા ને નિષ્ઠા અત્યંત આવશ્યક છે. કોઇ કોઇ પક્ષી- અને પશુ-દંપતીમાં પણ એટલો પ્રચંડ સ્નેહ હોય છે કે એક વિના બીજું જીવી પણ શકતું નથી, એમ કવિએ હરણદંપતીના દૃષ્ટાન્તથી બતાવ્યું છે (પૃષ્ઠ ૩૦), ત્યારે સેવાવ્રતને અર્થે માનવ-દંપતીમાં તો એવા સ્નેહ વિના ચાલે જ કેમ? એ સ્નેહ શ્રદ્ધા ને નિષ્ઠા એ દંપતીનો સૌથી મોટો ને આવશ્યક ધર્મ છે, તે વિના ગૃહયજ્ઞમાં ભંગ પડવાનો.

પોતાના શરીર- અને બુદ્ધિ- બળને અનુસરી પુરુષ બહાર જઇ કઠોર તપસ્યા વડે ગૃહનિર્વાહ માટે સામગ્રી પ્રાપ્ત કરે, તે સામગ્રી વડે સ્ત્રી ગૃહવ્યવસ્થા રાખે. એ પરિશ્રમમાં તેમની જે જે શક્તિઓનો નાશ થાય તેને પાછી ફરી પૂરવા બંને એકબીજાની સેવાશુશ્રૂષા કરે. પુરુષ ગૃહનો સેવક છે, સ્ત્રી સેવિકા છે. થાકયોપાકયો પુરુષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહારથી આવે તેને સ્ત્રી આશ્વાસન આપી તેની ક્ષીણ શક્તિને સમર્થ કરે. સ્ત્રીને પણ પુરુષ એમ આશ્વાસન આપ્યે જાય એટલું જ નહિ, પણ ઘેર અવકાશ હોય તો તેના કાર્યમાં સહાયતા કરે. "આપણે પુરુષો પોતે જેને હાથ અડકાડતાં શરમાતા હોઇએ એવું કોઇ પણ કામ ખાસ સ્ત્રીઓને જ માટે નિર્માએલું છે એમ ન ગણવું; પણ શરીર-વિષયમાં પુરુષ કરતાં સ્ત્રી નિર્બળ છે એ જ કારણે પોતાના સઘળા સામર્થ્યનો ઉપયોગ કરી એને સહાયભૂત થવું, અને પોતે જે કામ ઉપાડી શકે એમ હોય તે કામના બોજામાંથી એને મુક્ત કરવી" ('સ્ત્રી અને પુરુષ': ૧૨૫).

"બાળકોના ધારણપોષણમાં આમેય સ્ત્રીને અનિવાર્ય રીતે વિશેષ બોજો ઉઠાવવો પડે છે, એટલે પુરુષ પોતાના જીવનવ્યવસાયમાં અડચણ ઊભી ન થાય એવી રીતે—અડચણ ઊભી થાય તો તો હાનિ જ છે, કેમકે એનો પોતાનો વ્યવસાય પણ કુટુંબપોષણને માટે આવશ્યક છે—બાકીની જેટલી ચિંતાઓ કે પ્રવૃત્તિઓ ઉપાડી શકે એમ હોય તેટલી તેણે ઉપાડી લેવી એમાં અસ્વાભાવિક્તા જેવું કશું લાગતું નથી. અને પોતાને માથેથી ઉતારી બધો બોજો સૌથી નિર્બળ તેમ સૌથી આજ્ઞાધારક વ્યક્તિ ઉપર જ લાદી દેવાની જંગલી પ્રથા આપણા સમાજમાં આટલી બધી જડમૂળ ઘાલીને ન બેઠી હોત તો દરેક પુરુષ એમ અવશ્ય કરત પણ ખરો. પણ આ પ્રથા આપણી આદતોમાં એટલી બધી ઓતપ્રોત થઇ ગઇ છે કે પુરુષવર્ગ સ્ત્રીની સમાનતાનો સ્વીકાર કરે છે તોપણ ભારેમાં ભારે ઉદારચિત્ત, સંસ્કારી ને દાક્ષિણ્યવૃત્તિ વાળો પુરુષ પણ વિદ્યાગુરુ કે ધર્મગુરુની પદવી મેળવવાનો સ્ત્રીઓનો હક છે એમ પોતાની સઘળી શક્તિથી પ્રતિપાદન કરશે, અથવા કોઇ સ્ત્રીના હાથમાંથી પડી ગએલો રૂમાલ લેવા પોતાના જાનને જોખમે પણ ધસશે; પણ પોતાની પત્ની આજારી બનીને પથારીવશ પડી હોય, અથવા થાકીને લોથ થઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય અથવા પોતાના બાળકના ધારણપોષણમાં વીતેલા લાંબા ગાળા પછી તે કંઇ વાંચવા વિચારવા ઇચ્છતી હોય તે વખતે પોતાના બાળકનાં બગડેલાં કપડાં ધોવાં કે પોતાના પુત્રનાં મોજાં તૂણવાં – એવું કામ કરવાનો વિચાર સુદ્ધાં એના મગજમાં નહિ ઊતરી શકે.

"આ બાબતમાં લોકમત એટલો બધો વણસી ગએલો છે કે આવાં કામકાજ કોઇ કરે તો એ હાસ્યપ્રદ લેખાય, એટલે એવાં કામકાજ કરવામાં ભારે હિંમત ને પુરુષાતનની જરૂર છે" (પૃષ્ઠ ૧૨૪). આપણે ભણેલા તો ખાસ એવાં કામકાજ કરતાં શરમાઇને દૂર ભાગીએ છીએ, એટલું જ નહિ પણ બેઠા બેઠા કેરમના ટચાકા ઠોકતા હોઇએ કે સૂતા સૂતા સાહિત્યગ્રંથો વાંચતા હોઇએ છીએ ત્યારે પણ બાળકને સ્તનપાન કરાવતી કે કપડાં ધોતી કે વાસણ ઊટકતી કે દળણું દળતી સ્ત્રીને પાણીના પ્યાલા માટે પણ ઉઠાડતાં શરમાતા નથી !

પત્નીને બનતે પ્રયત્ને પતિએ સહાયતા કરવી, પતિને બનતે પ્રયત્ને પત્નીએ સહાયતા કરવી એ ધર્મમાં જ ગૃહસેવા સમાપ્ત નથી થતી. ઘરનાં બીજાંની પણ સેવા એ દંપતી કરે. વૃદ્ધોની સેવા પણ અગત્યની છે. સંસારની સેવા કરતાં કરતાં જ્યારે એમની શક્તિઓ ક્ષીણ થાય ત્યારે તેમને યોગ્ય વિશ્રામ મળવો જ જોઇએ. વળી હવે એ વૃદ્ધજન મૃત્યુને માર્ગે પ્રવાસ કરી રહ્યાં છે, એમનો એ પ્રવાસમાર્ગ બને એટલો એમને સરળ કરી આપવો ઘટે, એ માર્ગમાંના બધા કાંટા આપણે વીણી નાખવા ઘટે, એમનો એ માર્ગ નિષ્કંટક કરી દેવો ઘટે. આપણે પણ એક દિવસ એ માર્ગે જવાનું છે.

ત્યાર પછી એથી યે મોટો – કદાચ સૌથી મોટો – દંપતીધર્મ સંતાનસેવાનો છે. એ ધર્મમાં પિતા બ્રહ્મા છે, સંતાનને જન્મ આપે છે; માતા વિષ્ણુ છે, સંતાનને સ્નેહે પાળી પોષી ઉછેરે છે. માતાપિતા પોતાનો સ્નેહ એ સંતાનમાં રેડી એકરૂપ બને છે, અર્ધનારીશ્વર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવસ્વરૂપ બને છે; પણ એ સ્નેહધર્મ ને સેવાધર્મ જો દંપતી ચૂકે ને પરસ્પર સ્પર્ધા કરે તો ત્રિલોચનસ્વરૂપ બની સંતાનને ને સમાજને બાળી ભસ્મ કરી દે.

અધિકારમાં નહિ પણ ધર્મમાં પિતા સૂર્ય છે, માતા ધરિત્રી છે. પિતાસૂર્યથી સંતાન પ્રકાશ ને ઉષ્મા પામે, માતાધરિત્રીથી સ્નેહ (= આકર્ષણ) ને પોષણ પામે. સૂર્ય સૂર્યપણું છોડી ધરિત્રીનું સ્વરૂપ ધારણ કરે તો શૈત્યથી ધરિત્રી ઉપરનાં પ્રાણીમાત્રનો સંહાર થાય. ધરિત્રી ધરિત્રીપણું છોડી સૂર્યસ્વરૂપ ધારણ કરે તો એ સૂર્યની પ્રચંડ ગરમીથી પણ સૌનો સંહાર થાય. પિતા પિતાપણું છોડી માતા-સ્વરૂપ ધારણ કરે તો સંતાન પ્રકાશ વિના મરે, માતા માતાપણું છોડી પિતાસ્વરૂપ ધારણ કરે તો એ પિતાના પ્રકાશથી સ્નેહ વિના મરે. સંતાનને માટે માતાપિતા બંનેની સેવા પોતપોતાને સ્થાને ઇષ્ટ છે.

"કેવળ પોતાને પ્રવૃત્તિ દ્વારા જ ઈશ્વર ને માનવીની સેવા કરવાનું કર્તવ્ય પુરુષને સોંપાયું છે, ને કેવળ પોતાની સંતતિ દ્વારા જ સેવા કરવાનું કર્તવ્ય સ્ત્રીને સોંપાયું છે. અને તેથી સ્ત્રીસહજ એવો પોતાનાં અંગત સંતાનો પ્રત્યેનો પ્રેમ — જેની સામે દલીલમાત્ર વ્યર્થ છે એવો સહજ, અનન્ય, એકપરાયણ પ્રેમ — એ માતૃત્વમંડિત સ્ત્રીને માટે સદા યે યોગ્ય ગણાશે અને ગણાવો જોઈએ. સંતાનની શૈશવાવસ્થા દરમિયાન એના પ્રત્યે રખાતો આ પ્રેમ, મિથ્યા મતપ્રચાર કરી કહેવામાં આવે છે એવો અહંકાર નથી, એ તો કારીગર પોતે જે કામ કરી રહ્યો હોય તે કામ જ્યાં સુધી પોતાના હાથમાં હોય ત્યાં સુધી તેના પ્રત્યે જેવો પ્રેમ ધરાવે છે તેવો જ પ્રેમ છે, પોતાના કાર્યવિષય પ્રત્યેનો આ પ્રેમ તમે લેઇ લો એટલે એ કાર્ય પછી અશક્ય જ બનવાનું" ('સ્ત્રી અને પુરુષ': ૧૩૨).

"પુરુષને માનવજાતિની સેવા વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા કરવાનું સોંપાયું છે, એટલે એ પ્રવૃત્તિઓ એ કરી રહ્યો હોય એટલો વખત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના પ્રત્યે તેને પ્રેમ હોય છે. સ્ત્રીને પોતાની સંતતિ દ્વારા સેવા કરવાનું સોંપાયું છે, એટલે એ સંતાનોને પોતે જ્યાં સુધી ઉછેરી રહી હોય — અર્થાત્ એ સંતાનો ત્રણ, સાત કે દશ વર્ષનાં થાય, ત્યાં સુધી એમના પ્રત્યે તેને પ્રેમ ઉપજ્યા વિના રહેજ નહિ" (પૃષ્ઠ ૧૩૨).

અને માટે જ માતા પોતાના ગંદા ગોબરા બાળકને આલિંગન દેતાં, ચુંબનથી નવડાવી દેતાં થાકતી નથી. ચુંબન એ માતાને માટે સ્નેહક્રિયા છે. કેટલાકનો એવો મત છે કે હિંસ્ર પશુઓમાં બીજાને કરડી ખાવાનો જે સ્વભાવ છે તે માનવજાતિમાં ચુંબન રૂપે અવશેષ રહ્યો છે. વાઘસિંહ જેવાં ભયંકર હિંસ્ર પ્રાણીઓ પણ બીજી જાતિનાં પ્રાણીને કરડી ખાય છે; પોતાની જાતિનાંને, ને સંતાનને તો, નહિ જ. આથી આ મત સાચો લાગતો નથી. ફ્રોઇડ (Freud) કહે છે કે પુત્ર માતાને અને પુત્રી પિતાને ચાહે છે અને પછી એ માનસશાસ્ત્રી એવા મત ઉપર આવે છે કે એ ક્રિયામાં કામવાસનાના આકર્ષણનો અંશ છે, અને તેથી જ માતા પુત્રને ચુંબન કરે છે! મને તો સાચી વાત એ લાગે છે કે માતાના ચુંબનમાં તો વાત્સલ્ય જ છે, સ્નેહ જ છે. પૃથ્વી પોતામાંથી અવતરેલી સર્વ વસ્તુઓને જાણે પાછી પોતામાં ગળી જવા આકર્ષી રહી છે, બરાબર એમ જ માતા પણ પોતામાંથી અવતરેલા સંતાનને જાણે પાછું પોતામાં સમાવી દેવું હોય એમ એને સ્નેહે કરીને આલિંગન ને ચુંબન ઉપર ચુંબન દેઇ રહી છે. સ્નેહ (स्निह् આકર્ષવું) શબ્દનો અર્થ આકર્ષણ જ છે. માત્સિની (Mazzini) કહે છે: "સંતાન માતાના ચુંબનમાંથી સ્નેહનો પ્રથમ પાઠ શીખે છે. સંતાનવત્સલ માતાના એ પ્રથમ પવિત્ર ચુંબનથી માનવી પોતાના જીવનની આશાનો ને શ્રદ્ધાનો પાઠ શીખે છે; એ આશા અને એ શ્રદ્ધા ઉન્નતિની પ્રબળ આકાંક્ષાને તથા એ ઉન્નતિને ધીરે ધીરે પ્રાપ્ત કરવાની શક્તિને — ટૂંકામાં, ભાવિને — સર્જે છે; એ ભાવિનો જીવંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિનિધિ, આપણુ ને આપણા ભાવિ વંશ વચ્ચેની પીરી – પેઢી (પર્વન્), તે સંતાન છે" (*The Duties of Man* : ૧૧૯).

"એમને સાચા, ગંભીર ને પ્રબળ સ્નેહથી ચાહે ; પણ એ સ્નેહ તુચ્છ, અંધ ને વિવેકશૂન્ય ન હોવો જોઇએ, એવો સ્નેહ તો તમારું અભિમાન છે ને સંતાનોનો નાશ કરશે. જે કંઇ અતિપવિત્ર છે તેને નામે કદાપિ ભૂલતાં નહિ, કે એમની મારફત ભવિષ્યની પેઢીઓની જવાબદારી તમને સોંપવામાં આવી છે . . . અને એ રીતે માનવસમાજ વિષેની ભારેમાં ભારે જવાબદારી તમને સોંપવામાં આવી છે" (૧૨૪).

સંતતિસેવા એક પ્રકારે સમાજસેવા જ છે. સમાજસેવા કરવામાં "સ્ત્રી અને પુરુષ વચ્ચે અતિમહત્ત્વનો ભેદ રહેલો છે. પુરુષ છે તે શારીરિક, માનસિક અને નૈતિક પ્રવૃત્તિ દ્વારા માનવજાતિની સેવા કરે છે. એની સેવાના પ્રકારોમાં પુષ્કળ વૈવિધ્ય રહેલું છે. બાળકોને જન્મ આપવો અને એમને ઉછેરવાં એ સિવાયની માનવજાતિની સઘળી પ્રવૃત્તિઓ એના સેવાક્ષેત્રમાં આવી જાય છે. સ્ત્રી પણ એ જ પ્રકારને જીવનસ્વરૂપે માનવજાતિની સેવા કરી શકે એવો સંભવ રહેલો છે, પણ એ ઉપરાંત જે એક જ સેવા પુરુષના પ્રવૃત્તિક્ષેત્રમાંથી બાતલ રાખવામાં આવી છે તે સેવાને માટે એની વિશિષ્ટ પ્રકારની શરીરઘટનાથી જ એ અનિવાર્ય રીતે નિર્માઇ છે. માનવજાતિની સેવાના બે સ્વાભાવિક વિભાગો પડે છે : એક વિભાગ એ કે વર્તમાન માનવજાતિના કલ્યાણમાં વૃદ્ધિ કરવી ; અને બીજો એ કે ખુદ માનવજાતિને સતત ચાલુ રાખવી. બીજા પ્રકારની સેવા કરવાની શક્તિથી પુરુષો વંચિત છે, એટલે પહેલા પ્રકારની સેવા કરવાનો ધર્મ એમને સોંપાયો છે અને બીજા પ્રકારની સેવા સ્ત્રીઓને સોંપાઇ છે, કારણકે કેવળ એમનામાં જ એ પ્રકારની સેવા કરવાની શક્તિ રહેલી છે" (૧૩૦).

"લગ્ન કરીને માણસને મનમાં થાય છે કે : 'મારે જે કરવું જોઈતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું ને જે હું કરી શકત તે જો બધું મારાથી ન બન્યું હોય તો મારી અવેજીમાં કામ કરવા માટે મારાં સંતાનો આ રહ્યાં. મારે બદલે તેઓ એ કર્તવ્ય કરશે." ('સ્ત્રી અને પુરુષ' : ૧૧૫).

અને આ પ્રકારે સમાજસેવા સતત ચાલુ રાખવા માટે સુસંતાનને જન્મ આપવો એ જ લગ્નધર્મ છે. પુરુષ પોતાની સેવાનાં પ્રમાણ પોતે જ વર્તમાન સમાજની સેવા કરીને આપે છે. સ્ત્રી પોતાની સેવાનાં પ્રમાણ સુસંતાન દ્વારા ભાવિ સમાજની સેવા કરીને આપે છે. માત્સિની લખે છે : "સ્ત્રી જ દ્વારા વંશવર્ધનના કોઇ અલૌકિક સંકેતથી કુટુંબ અનંતની દિશાએ પગલાં ભરે છે" (*The Duties of Man* : ૧૨૦).

એ બાળકોને જેમ જન્મ આપવાનો તેમ જ ઉછેરવાનો ઇજારો પણ કુદરત તરફથી માતાને જ મળેલો છે. હવે તો રુશિયન અદાલતો પણ માને છે કે પિતા ગમે એટલો માયાળુ ને કાળજી વાળો હોય, છતાં માતા લે તેટલી કાળજી તે લેઇ શકતો નથી. માતા નશાબાજ કે બીજી રીતે અધમ હોય તો જ પિતાને બાળકનો કબજો સોંપવાનો અદાલત હુકમ કરે છે. છૂટાછેડા લીધેલા સામ્યવાદીઓ ઘણી વાર દલીલ કરે છે કે પોતાની લગ્નવિચ્છિન્ન સ્ત્રી કરતાં પોતે રાજદ્વારી શિક્ષણ આપવામાં કુશળ છે, છતાં પણ ત્યાંની અદાલતો બાળકનો કબજો તેમને સોંપતી નથી. અને વળી એ પણ સાચું છે કે માતાને પોતાનાં સંતાન પ્રત્યે જે સ્વાભાવિક સ્નેહ હોય છે એ બીજાનાં સંતાન પ્રત્યે નથી હોતો. એ સ્થિતિમાં સંતાનને તેની પોતાની માતા જે સ્નેહથી ઉછેરે તે સ્નેહથી બાજી સ્ત્રી ન જ ઉછેરી શકે. માતા વિનાનાં બાળકને બીજી માતાને હાથે કે રાજ્યના બાળમંદિરમાં ઊછરવું પડે તે એનું દુર્ભાગ્ય છે અને રાજ્યનો આપદ્ધર્મ છે. આ વસ્તુ પણ સિદ્ધ કરે છે કે સંતાનની માતા ઘર છોડીને બહુ વખત બહાર ગાળી શકે નહિ, કમાવા જઇ શકે નહિ. સંતાનને સારી રીતે ઉછેરવા તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે માટે પણ સારી રીતે ગૃહવ્યવસ્થા રાખવા સારુ એને એટલું બધું ધ્યાન આપવું પડે કે તે બહાર બહુ જઇ શકે નહિ. એટલા માટે જ એને ગૃહિણી કહી છે, અને ગૃહિણી વાળું જ ઘર સાચી રીતે ગૃહ છે : न गृहं गृहमित्याहुः गृहिणी गृहमुच्यते ।

પણ "જો પુરુષનું કામ માત્ર બાળકોનું ખર્ચ પૂરું પાડવું એટલું જ હોય તો તે અન્યાય છે બાળકોના માનસિક વિકાસમાં એણે પણ હિસ્સો આપવાનો છે બાળકને ઉત્પન્ન કરવામાં પોતાનો હિસ્સો આપ્યા પછી એને બાળક પ્રત્યે ફરજો બજાવવાની છે. ઘણા ઉદ્દામ સ્ત્રીસ્વાતંત્ર્યવાદીઓની મરજી મુજબ પુરુષને જો એ ફરજોમાંથી મુક્ત કરી દેઇએ તો એથી ક્ષણિક વાસના, આળસુપણું અને બીન-જવાબદારીને ઉત્તેજન મળે છે. માતા, પિતા તથા બાળકની ત્રિપુટીના ઐક્યથી જ કુટુંબજીવન બને છે. આ ત્રિપુટીમાંનાં ત્રણે સરખાં જ ઉપયોગી છે. એમાંનું એક પણ કાઢી નાખીએ તો કુટુંબ અપૂર્ણ રહે છે" ('સ્ત્રી સ્વાતંત્ર્યવાદ' : ૧૨૦). પુરુષ અને સ્ત્રી કુટુંબમાં એકબીજાનાં સહચર, સહધર્મી છે.

ગાંધીજી કહે છે : "ગમે તેમ હોય, પરંતુ કૌટુંબિક જીવન એ પ્રથમ અને મુખ્ય છે. તેની પવિત્રતા જાળવવી જોઇએ. રાષ્ટ્રોના કલ્યાણનો આધાર તેના ઉપર છે. સારા અથવા નરસા માટે પણ ઘરના સંસ્કાર લાંબો વખત ટકે છે; તે સંબંધે શંકા જ ન હોય. ગૃહજીવનનું પવિત્ર વાતાવરણ જાળવી રાખવામાં ન આવે તો કોઇ પણ રાષ્ટ્ર ટકી શકે જ નહિ. કદાચ એવી કેટલીક વ્યક્તિઓ હોય, જે મારી પેઠે કોઇ મહાન આદર્શ અથવા સિદ્ધાન્તને ખાતર કૌટુંબિક જીવનની આશ્વાસના જતી કરે અને તેને બદલે આત્મભોગ તથા બ્રહ્મચર્યનો આશ્રય લે, પરંતુ સાધારણ લોકો માટે તો કૌટુમ્બિક જીવનના રક્ષણની આવશ્યકતા છે" ('ડેલી હેરલ્ડ' ઉપરથી 'મુંબઇ સમાચાર,' તા. ૧૫ : ૧૦ : ૧૯૩૧).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કૌટુંબિક જીવનના રક્ષણને માટે ધનની પણ જરૂર છે. સંતાનસેવાનો ધર્મ સ્ત્રી સારી રીતે બજાવી શકે, એટલા માટે એને ધનોપાર્જનની ચિન્તામાંથી મુક્ત કરી દેવી ઘટે — ધનોપાર્જનનો ધર્મ પુરુષે પોતે ઉઠાવી લેવો ઘટે. જેમ સંતાનપ્રત્યે માતાપિતાનો સમાન ધર્મ છે, તેમ ધન પ્રત્યે પતિપત્નીનો સમાન ધર્મ છે, સમાન અધિકાર છે. એ બે સહાધિકારી છે. ગૃહનાં એ બે દંપતી છે.

પણ પુરુષના સ્ત્રી પ્રત્યેના આર્થિક પ્રપંચથી — એ ધન કમાય છે માટેજ પોતાને ઊંચો માને છે, સ્ત્રીને નીચી માને છે તેથી સ્ત્રીમાં દાસ્યવૃત્તિ (Inferiority Complex) જન્મ પામી, પુરુષમાં પ્રભુવૃત્તિ (Superiority Complex) જન્મ પામી.

પરિણામે બંને પોતપોતાના સેવાક્ષેત્રનો ધર્મ ચૂક્યાં. પુરુષે માન્યું કે ઘરકામ તો સ્ત્રીઓનું જ છે, હલકું છે; એમ કહીને નવરાશની વેળાએ પણ ઘરકામમાં સ્ત્રીને મદદ કરવાની એણે ના પાડી. એથી સ્ત્રીઓએ પણ ઘરકામ હલકું માની લીધું : " અમારે પણ એ કામ શા માટે કરવું? રસોડાના ભઠિયારામાં અમારે શા માટે પડી રહેવું? પુરુષોનું એંઠુંજુઠું, વધ્યુંઘટ્યું લૂખુંપાખું અમારે શા માટે ખાવું?" આવી પ્રશ્નપરંપરા હવે સ્ત્રીઓએ પૂછવા માંડી છે. પુરુષોના અન્યાયને પરિણામે સ્ત્રીઓમાં પણ આ વિષે દૃષ્ટિભેદ ઊભો થયો છે.

ગૃહસ્થધર્મની એક આજ્ઞા છે : अतिथिदेवो भव। અતિથિ જેનો દેવ છે એવો થા – અતિથિનો સત્કાર કર, એને જમાડ્યા પછી જમ. ભગવદ્ગીતા કહે છે :

यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः ।
भुंजते ते त्वघं पापाः ये पच्यन्त्यात्मकारणात ॥ ३ : १३ ॥

'પંચમહાયજ્ઞનો શેષ ભાગ ખાનાર મનુષ્યો સર્વ પાપથી મુક્ત થાય છે; જે પાપીઓ પોતાને જ માટે રાંધે છે તે અઘનું – પાપનું – ભક્ષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે." આમ અતિથિ વગેરે પંચયજ્ઞને માટે નહિ, પણ પોતાને જ માટે રંધાએલા અન્નને ગીતામાં અઘ કહેલું છે. મનુ કહે છે:

विघसाशी भवेन्नित्यं नित्यं वाऽमृतभोजनः।
विघसो भुक्तशेषं तु यज्ञशेषं तथाऽमृतम् ॥ ३ : २८५ ॥

'સૌ જમી રહ્યા પછીનું અન્ન વિઘસ છે. પંચયજ્ઞ કરી રહ્યા પછી વધેલું અન્ન તે અમૃત છે. નિત્ય એ વિઘસનું અને અમૃતનું ભોજન કરવું ઘટે.' પંચયજ્ઞ કર્યા પૂર્વે જમનારને મનુ પણ ઉપર આપેલા ગીતાના જ લગભગ શબ્દોમાં અઘાશી કહે છે. આમ અતિથિ વગેરેને જમાડ્યા વિના ગૃહસ્થથી જમાય નહિ, એ સૌના જમી રહ્યા પછી શેષ - બાકી – રહેલું. વધ્યુંઘટ્યું ખાવું એ જ ગૃહસ્થનો ધર્મ.

અને ગૃહસ્થનો ધર્મ એ જ ગૃહિણીનો ધર્મ. અને એ તો વળી માતા, પતિની પણ भोज्येषु माता। પિતા તો રક્ષણ કરે, માતા જ સ્નેહમૂર્તિ. એ પતિને, સંતાનને, વૃદ્ધને, રોગીને, સૌને જમાડ્યા વિના જમી જ કેમ શકે? અન્નનો કોળિયો પણ એને ગળે ઊતરે જ કેમ? એનો સ્નેહ એને એ કોળિયો પોતાના મોંમાં મૂકવા દે જ કેમ? આવી સુંદર ધર્મભાવના આજે વેઠરૂપે માથે પડી મનાય છે, વિઘસ ને અમૃત એ વધ્યુંઘટ્યું, એંઠુંજુઠું, લૂખુંપાખું મનાય છે, એવી આપણી અવદશા આજે થઇ પડી છે!

બેશક, આમાં સૌ દોષ સ્ત્રીઓનો જ છે એમ નથી, આપણો પુરુષોનો જ પ્રથમ દોષ છે, આપણે પુરુષોએ જ એ દોષ સ્ત્રીઓમાં ઘડ્યો છે. મનુ કહે છે:

सुवासिनीः कुमारीश्च रोगिणो गर्भिणीः स्त्रियः।
अतिथिभ्योऽग्र एवैतान्भोजयेदविचारयन् ॥ ३ : ११४ ॥

"સુવાસિનીને, કુમારિકાને, રોગીજનને અને ગર્ભિણીને તો કંઇ પણ વિચાર કર્યા વિના અતિથિની યે પહેલાં જમાડી દેવાં." એ આજ્ઞાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાલન પુરુષે જ ન કર્યું ને સ્ત્રી ગમે તે અવસ્થામાં હોય તો ય તેની પરવા ન કરી; સુંદર ગૃહધર્મને એણે સ્ત્રીને માથે વેઠ રૂપે ઠોકી બેસાડ્યો, એટલે સ્ત્રી પણ એને વેઠ માનતી થઇ ગઇ. પરિણામે આજે નવજુગની ભણેલી નારીનું ચિત્ત ઘરમાંથી જ ઊઠી ગયું છે.

Arthur Lloyd નામે અંગ્રેજ પ્રવાસી પોતાના *Everyday Japan* નામે પુસ્તકમાં લખે છે: "જાપાનીઝ ગૃહમાં સૌ વિષયનું મધ્યબિંદુ ગૃહમાતા જ છે. અને જાપાને પોતાના સદ્ગુણોથી ને શક્તિઓથી જગતને આશ્ચર્યચકિત કરી મૂકયું છે તેનું બધું માન ત્યાંની માતૃજાતિને જ ઘટે છે, કારણકે પોતાનો માતૃધર્મ એ બહુ સુંદર રીતે સમજે છે ને બજાવે છે."

અને મિસિસ કૅલેબ (Mrs Caleb) પોતાના *Family Budget of Clerks* નામે પુસ્તકમાં લખે છે: 'I would deny higher education to no one, but first and foremost a woman should be a good housewife – ઊંચી કેળવણી લેતાં હું કોઇને વારતી નથી, પણ સૌથી પહેલાં તો સ્ત્રીએ સુગૃહિણી થવું ઘટે.'

વળી Charlotte Perkins Gilman નામે બાઇએ *The Century Magazine* નામે માસિકમાં એ વિષે આમ લખ્યું છે:

"અમુક વિષયમાં પ્રવીણતા મેળવવાની પ્રેરણાએ પોતાનું બુદ્ધિકૌશલ વાપરવાના આનંદને હેતુએ, તેમ જ તેનો લાભ લેવાને હેતુએ સ્ત્રી ઘરમાંથી બાહ્ય સમાજમાં વધારે ને વધારે તણાતી જાય છે.

"પણ એથી તો ગૃહસેવાને હાનિ પહોંચે છે. આજનાં આપણાં ઘરને એક, અથવા પુરુષની શક્તિ હોય તો, અનેક સ્ત્રીની સેવાની જરૂર છે. ઘર બહાર નીકળી જતી આ સ્ત્રીઓ ઘર બહુ સુધારી શકતી નથી. આજ સુધી જે કામ એ કરતી આવી છે તે કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિલકુલ છોડી દેવાનું એમને મન થાય એ કદાચ સ્વાભાવિક છે. છતાં યે બાળકોને લગતું ગૃહકાર્ય એ તો સદાને માટે એમનો ધર્મ છે.

"અને આ ધર્મમાંથી ખસવાનો એમને જરા યે અધિકાર નથી. આપણી સંસ્કૃતિની સપાટીએ એ ધર્મને તારવી લાવવો, એને ઊંચી સમાજસેવાનું સ્વરૂપ આપવું, એ એમની ફરજ છે. ગૃહસેવામાં જ્યાં સંતાનસેવા છે ત્યાં પ્રવીણતાની જરૂર તો છે જ ને તે તો મળી શકશે.

"આપણા સમયની સ્ત્રીઓ રસોડાની ને બાળઉછેરની પુરાણી પદ્ધતિઓનાં બંધન તરછોડે એ તો સારું જ છે. પણ જો એ ધર્મો એથી વધારે સારી રીતે ન બજાવે તો બહુ જ ખરાબ છે.

"બાળકોની સંભાળ લેવી એ માતાનો ધર્મ છે; અને આજે આટલાં બધાં બાળકોની સારી સંભાળ લેવાતી નથી, તેથી આજની માતાઓએ શરમાવું ઘટે છે. વનની પશુમાતા ઉછેરે એવી પુરાણી રીતોથી બાળક સારાં ઊછરી શકે નહિ; એને માટે તો માનવમાતાની જરૂર છે અને એ જ સાચી સમાજસેવા છે. માનવમાતા વિના આપણાં બાળક અને આપણો સમાજ ન-માયાં છે.

"ગમે એટલા સ્નેહથી, ચૂલા આગળની ગમે એટલી મજૂરીથી, જગતનાં બાળકોની જોઇતી સંભાળ લેવાવાની નથી. માતા અને બાળક વચ્ચેના નૈસર્ગિક સ્નેહસંબંધ ઉપરાંત કેળવાએલા વ્યવસ્થિત નિપુણ માતૃત્વની જરૂર છે.

"બાળકેળવણી એ સમાજસેવાનું સર્વોત્તમ સ્વરૂપ છે. એટલા માટે બધી શિક્ષિકાઓમાં મહાઅટપટી ને ભવ્ય શક્તિની, ઊંચા બુદ્ધિકૌશલની અને સ્પષ્ટ દીર્ઘદૃષ્ટિની જરૂર છે. લોક જો નિર્બળ અને મૂર્ખ રહે, દુરાચારી થાય તો પ્રજા ગમે એ શીખે, ગમે એ કરે, ગમે તેનું સંશોધન કરે, પણ એ સૌ લાભ નકામા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પ્રજાને ઘણી સારી રીતે ઉછેરવી, તેને ઘણા સારા વાતાવરણમાં આણવી, ઘણી સારી રીતે કેળવવી, એ ધર્મ સ્ત્રીઓનો જ છે."

યુરોપમાં પુરુષના સેવાવિભાગમાં પ્રવેશી સ્પર્દ્ધા કરવાનો સ્ત્રીઓમાં વાયરો વાઇ રહ્યો છે. પરિણામે ત્યાંનાં સેવાક્ષેત્રો એકાકાર થઇને છિન્નભિન્ન થવા બેઠાં છે. ઘર ભાગતાં ને હોટેલો જામતી થઈ છે. અવિવાહિત રહીને પણ લગ્નવિલાસ ભોગવવાની ને લગ્નવિલાસ ભોગવીને પણ સંતતિધર્મથી દૂર રહેવાની લાલસાઓ વધતી જાય છે. થતાં સંતાનનું ને તેથી સમસ્ત સમાજનું જીવન ધૂળધાણી થતું જાય છે. આ પરિસ્થિતિથી ત્યાંનાં વિચારક નરનારી ભડકી ઊઠયાં છે ને વિનાશને માર્ગે ધસ્યે જતી સ્ત્રીઓને પાછી વાળવા વિનવી રહ્યાં છે, એ ઉપરનાં થોડાંક અવતરણોથી સમજી શકાશે.

ત્યારે સાચી વાત તો એ છે કે પુરુષે સંતાનનો પિતાધર્મ સેવવો, સ્ત્રીએ માતાધર્મ સેવવો. એ જ સ્ત્રીપુરુષના સાચા ને ઇષ્ટ ધર્મપ્રદેશ છે. વિગ્રહસમયે શરીરે બળવાન યોદ્ધા સમરાંગણમાં જાય, બીજા ગૃહાંગણમાં બેશી યુદ્ધસામગ્રી તૈયાર કરે ને સમરાંગણમાં લડતા યોદ્ધાને પહોંચાડે. એ સામગ્રી તૈયાર કરવી પડી મૂકી સૌ જણ સમરાંગણમાં દોડી જાય તો યુદ્ધસામગ્રી બે દિવસમાં ખૂટી જાય ને ગમે તેવી બળવાન સેના પણ હારી પડીને મારી જાય કે ઘેર પાછી આવે. સ્ત્રીપુરુષના સેવાવિભાગ વિષે પણ બરાબર એમ જ છે. સમાજનાં કઠોર ને ઉગ્ર કાર્ય કરવા પુરુષ સંસારમાં વિચરે ને ગૃહના જીવન-નિર્વાહ માટે પ્રયાસ આદરે. એ પિતાસામગ્રી ખૂટી ન પડે એટલા માટે માતા ગૃહાંગણમાં રહી નવી ઉછેરે, એવી ઉછેરને માટે માતાસામગ્રીને પણ ઉછેરે. સમાજમાં સ્ત્રીપુરુષના સેવાવિભાગની આ જ સાચી ધર્મભાવના છે. એ ધર્મભાવનાઓમાં નવી સુંદર ભાવનાઓ ઉમેરવી, જૂની ભ્રષ્ટ ભાવનાઓ દૂર કરવી, એ સમાજગુરુઓનો ધર્મ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આ સેવાવિભાગ સાચી રીતે પળાવવા હોય તો પુરુષે પોતાની પ્રભુવૃત્તિનો સમૂળો નાશ કરવો જોઇશે. સ્ત્રી ઉપર તેણે કરેલા અન્યાયપાપનું પ્રાયશ્ચિત્ત કરવું જોઇશે. તેના ઉપર ધારણ કરેલું પ્રભુપદ ત્યજવું જોઇશે. સમજવું જોઇશે કે પોતે સેવક છે, પ્રભુ નથી; સ્ત્રી સેવિકા છે, દાસી નથી. એમાંથી કોઇની સેવા ઊંચી નથી, કોઇની નીચી નથી. બંને પોતપોતાને સ્થાને શ્રેષ્ઠ છે. પેલા ઇસપની કથા યાદ રાખવી જોઈશે: 'હાથ કહે કે પેટ એઠું એઠું ખાય ને માત્ર મારે જ પરિશ્રમ ઉઠાવવાનો? એ તો મારાથી ન બને. કામ ન કર્યાને પરિણામે પેટ ભૂખ્યું રહ્યું ને ત્યારે હાથને જીવનરસ ન મળ્યે તે પણ નબળા પડી ગયા.' પુરુષે સમજી લેવું જોઇશે કે સ્ત્રીને નિર્બળ ને પરાધીન કરી મૂકયે પોતે પણ નિર્બળ ને પરાધીન થઇ પડવાનો છે, અને થઇ પડ્યો પણ છે. કઠોર દાંત ને કોમળ જીભ પોતપોતાને જ સ્થાને રહીને સુંદર સેવાધર્મ બજાવી શકે છે, બંનેના સહકારથી જ સમગ્રની સેવા થઇ શકે છે, એક વિના બીજું નિરર્થક છે पंग्वन्धवत् । આપણે પુરુષો આપણો પોતાનો ધર્મ ચૂકયા છીએ, કુટુંબનિર્વાહ માટે ધન રળીએ છીએ તે જાણે સ્ત્રી ઉપર ઉપકાર કરી નાખતા હોઇએ એમ ઘરમાં પ્રભુપદ પકડી બેઠા છીએ. પરિણામે સંતાનસેવાને અને તે માટેની ગૃહસેવાને સ્ત્રીઓ વેઠ માની પોતે દાસ્યવૃત્તિ માનતી થઈ ગઇ છે, અને એ વૃત્તિમાંથી મુક્તિ મેળવવા વિનાશને માર્ગે દોડી રહી છે. આમ સમસ્ત સમાજ અસ્તવ્યસ્ત થતો જાય છે ને તેનો મૂળ પાપભાગ પુરુષને જ માથે છે. ત્યારે સમાજને સર્વાંગસુંદર બનાવવો હોય તો પુરુષે સ્ત્રીને સાચી રીતે મુક્તિ આપવી જોઇશે, તેને તેનું સાચું ધર્માસન પાછું સોંપવું જોઇશે.

અને અધર્મવશ થઇ પુરુષ ન સોંપે તો સ્ત્રીએ સ્નેહસંગ્રામ, સેવા-સંગ્રામ મચાવીને પણ પોતાનું એ સાચું ધર્માસન પ્રાપ્ત કરવું જ જોઇશે. સ્ત્રીઓ સ્નેહસહજ કલા જાણે, સમયનો સદુપયોગ કરી બુદ્ધિકૌશલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાપ્ત કરે, સંતાનની વૃદ્ધની ને રોગીની સ્નેહે ને બુદ્ધિએ સેવાસુશ્રૂષા કરે, પોતાની શારીરિક ને માનસિક દુર્બળતાઓ છેદે ને બળવાન થાય, કુટુમ્બની સુવ્યવસ્થા રાખે, સમાજનાં દુષ્ટ બંધનોનો નાશ કરે, "સ્ત્રીઓ પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બલવતી રોગહીન ને સુંદર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુંબબંધનમાંથી તેઓ મુક્ત – સ્વતંત્ર – થાય ને મુક્તતાથી ને સ્વતંત્રતાથી કુટુંબની મૂર્ખ ઇચ્છાઓ અને ક્લેશમાંથી છૂટી એ કુટુંબનાં ખરાં કલ્યાણ કરવા શક્તિમતી ને ઉત્સાહિની બને, કુટુંબના બાળકવર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધવર્ગની કલ્યાણવાસનાઓને તૃપ્ત કરે" ('સરસ્વતીચંદ્ર' ભાગ ૪, પૃષ્ઠ ૩૨૩). અને આમ સેવામાર્ગે સ્નેહસંગ્રામ મચાવે તો તેને પોતાનું સાચું ધર્માસન પ્રાપ્ત કરતાં અટકાવે એવી આ જગતમાં કોઇ પુરુષની તાકાદ નથી !

ઇષ્ટ જણાય ત્યાં ઘર બહાર જઇને પણ સમાજસેવા કરે. સંઘ બાંધીને પણ સેવા કરે. તેનામાં એ શક્તિ આજે સુષુપ્ત પડી છે અને ગાંધીજી કહે છે એમ "સ્ત્રીને જો પુરુષે નીચોવી ન હોત અથવા સ્ત્રી ભોગમાં પડી પુરુષને વશ ન રહી હોત તો સ્ત્રી પોતાની અનંત શક્તિ જગતને બતાવી શકત. ગઇ લડાઇમાં તેણે પોતાની શક્તિની થોડી ઝાંખી કરાવી છે. જ્યારે પુરુષોના જેટલો જ અવકાશ સેવાકાર્યને સારૂ તે મેળવી લેશે, પોતાની સંઘશક્તિ વધારી મૂકશે, ત્યારે આ દેશને અને જગતને તેની અદ્‌ભુત શક્તિનું દર્શન થશે" ('નવજીવન,' તા ૩ : ૫ : ૧૯૩૧).

"૨. સ્ત્રી અને પુરુષમાં કુદરતી ભેદો છે. તેથી, નિત્યજીવનમાં તેમને બજાવવાની ફરજોમાં યે ભેદો હોય; છતાં બે વચ્ચે કોઇ ઊંચ કે નીચ નથી, પણ સમાજનાં સરખાં મહત્ત્વનાં અને પ્રતિષ્ઠાપાત્ર અંગો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"૫. યોગ્ય ઉંમરે પહોંચેલો પુરુષ જેટલી સ્વતંત્રતાનો અધિકારી છે તેટલી જ સ્ત્રી પણ છે.

"૬. સ્ત્રી અબળા નથી પણ, પોતાની શક્તિ સમજે તો, પુરુષ કરતાં યે વધારે સબળા છે એ માતા થઇ જેવી રીતે બાળકને ઘડે છે, અને પત્ની થઇ જેવી રીતે પતિને દોરે છે, મોટે ભાગે, પુરુષો તેવા બને છે.

"૭. સ્ત્રીજાતિમાં રહેલી અપાર શક્તિ એની વિદ્વત્તાને લીધે કે એના શરીરબળને લીધે નથી; પણ એનું કારણ એનામાં રહેલી તીવ્ર શ્રદ્ધા, ભાવનાનો વેગ અને અત્યંત ત્યાગશક્તિ છે. એ સ્વભાવે જ કોમળ અને ધાર્મિક વૃત્તિની છે. અને પુરુષ જ્યાં શ્રદ્ધા ખોઇ બેસી ઢીલો પડી જાય છે, અથવા ખોટા હિસાબો કરવામાં ગૂંચાઇ જાય છે, ત્યાં એ ધીર બની સીધે માર્ગે સ્થિર પગલે જાય છે.

"૯. સ્ત્રીજાતિ પોતાનું બળ અને પોતાના કાર્યક્ષેત્રની દિશા બરાબર સમજે તો એ પુરુષની ઓશિયાળી છે એમ માને જ નહિ, અને પુરુષનું તથા એની પ્રવૃત્તિઓનું અનુકરણ કરવાનો જ આદર્શ રાખે નહિ. એ પુરુષને રિઝવવા કે આકર્ષવા શરીરને સજે નહિ, પણ પોતાના હૃદયના ગુણોથી જ શોભવા પ્રયત્ન કરે" ('ગાંધીવિચારદોહન' : ૪૬).

અને એમ થાય ત્યારે જ સ્ત્રી પોતાનું સાચું ધર્માસન પ્રાપ્ત કરે, જે ગૃહ ગૃહિણી વિના ગૃહ પણ ન કહેવાય તે ગૃહની એ રાણી – ગૃહરાજ્ઞી – થાય. તે વખતે એની શક્તિનો અનાદર કોઇથી યે નહિ થાય. આજે એની પરાધીનતાના કાળમાં પણ ચતુર ને સેવાભાવી સ્ત્રી ઘરમાં રાજ્ય ચલાવી શકે છે, પતિને પણ ગૃહકાર્યમાં કશો અધિકાર હોતો નથી, એમ આપણાં ઘણાં યે ઘરમાં જોઇએ છીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે જો સ્ત્રી સાચી ગૃહરાજ્ઞી બને તો એની પરાધીનતાનો નાશ થાય જ. સ્ત્રીપુરુષના સેવાપ્રદેશ સમાન બને. એની સેવાની કદર થયા વિના રહે જ નહિ, પુરુષવર્ગ એને ચરણે આભારથી માથું નમાવે.

અને યુરોપ-અમેરિકામાં એમ થવા પણ લાગ્યું છે. ડૉ. સુમન્ત મહેતા લખે છે: "મિસીસ એલીઅસ કૉમ્પટન નામની એક ૮૦ વર્ષની અમેરિકન સ્ત્રીને LL. D. એટલે ડૉકટરેટની ઉપાધિ એક અમેરિકન યુનિવર્સિટીએ આપી હતી, તેની નોંધ લેવા જેવું છે. એ બાઇનો પતિ પ્રો. કૉમ્પટન યુનિવર્સિટીની એક કૉલેજમાં ૪૫ વર્ષ સુધી અધ્યાપક હતા અને તેમાંનાં છેલ્લાં ૨૦ વર્ષથી મુખ્ય આચાર્ય હતા. આ દંપતીનો મોટો છોકરો પ્રો. કાર્લ માસાચ્યુસેટના પ્રખ્યાત ઉદ્યોગગૃહનો પ્રમુખ છે; એક છોકરી અલ્લાહાબાદ કૉલેજના એક અધ્યાપક સાથે પરણી છે; બીજો છોકરો વિલ્સન અર્થશાસ્ત્રી, વકીલ અને જબરો વેપારી છે; અને ત્રીજો છોકરો આર્થર ચિકાગો યુનિવર્સિટીનો પદાર્થશાસ્ત્રનો અધ્યાપક છે, અને તેને હાલ સંશોધનને માટે જ જગન્માન્ય નોબેલનું ઇનામ મળ્યું છે. આ ત્રણે છોકરાઓ પ્રીન્સ્ટન યુનિવર્સિટીના ડૉકટરો થયા છે.

"મિસીસ કૉમ્પટનને ડૉકટરની માનનીય ઉપાધિ સુજનનને (Motherhood) માટે આપવામાં આવી ત્યારે કુલપતિએ કહ્યું કે 'તમે દેશને વિદ્વાન અને ઉપયોગી પ્રજા આપી છે, માટે અમે તમને માન આપીએ છીએ. પત્ની તરીકે તેમ જ માતા તરીકે તમે ઉત્તમ સેવા કરી છે અને ઉત્તમ ગુણો કેળવ્યા છે. આ જગતમાં સારી ગાય, બળદ, ઘોડા અને ઘેટાં ઉછેરવા માટે પ્રદર્શનોમાં ઇનામો અપાય છે; તમે ઉત્તમ મનુષ્યો કેળવ્યાં છે તે માટે અમે તમારા ઋણી છીએ અને તમને નમન કરીએ છીએ. જગત સુજનન અને સુપાલનની કિંમત કરતું થાય, તેટલા માટે આ યુનિવર્સિટી તમને આ ઊંચામાં ઊંચી ઉપાધિ અર્પણ કરે છે" ('પ્રસ્થાન,' ચૈત્ર ૧૯૯૦ : ૫૪૧).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કવિકુલગુરુ રવીન્દ્રનાથે વીરપ્રસવિની માતાનું આત્મભાન કરાવતા આ શબ્દો ચિત્રાંગદાને મુખે અર્જુન પ્રત્યે બોલાવ્યા છે:

आमि चित्रांगदा ।
देवी नाहि, नाहि आमि सामान्या रमणी ।
पूजा करि' राखिवे माथाय, से ओ आमि
नइ, अवहेला करि' पुषिया राखिवे
पिछे से ओ आमि नहि। जदि पार्श्वे राख
मोरे संकटेर पथे, दुरुह चिन्तार
जदि अंश दाओ, जदि अनुमति कर'
कठिन व्रतेर तव सहाय हइते,
जदि सुखे दुःखे मोरे कर सहचरी,
आमार पाइवे तबे परिचय। गर्भे
आमि धरेछि जे संतान तोमार, जदि
पुत्र हय, आशैशव वीरशिक्षा दिये
द्वितीय अर्जुन करि' तारे एकदिन
पाठाइया दिवो जबे पितार चरणे,
तखन जानिबे मोरे प्रियतम !
आज
शुधु निवेदी चरणे, आमि चित्राङ्गदा,
राजेन्द्रनन्दिनी ।

अर्जुन: प्रिये, आज धन्य आमि।

"ચિત્રાંગદા: 'હું તો ચિત્રાંગદા; દેવી યે નહિ, સામાન્ય રમણી યે નહિ. પૂજા કરીને માથે મૂકી રાખો તેવી યે નહિ, અવગણના કરી ભરણપોષણ કરી પાછળ ધકેલી રાખો તેવી યે નહિ. સંકટને માર્ગે મને પાસે રાખશો, ગૂઢ ચિન્તામાં જો ભાગ લેવા દેશો, કઠણ વ્રતમાં સહાય થવાની જો અનુમતિ આપશો, સુખદુઃખમાં મને જો સહચરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરશો, તો મારો પરિચય પામશો. તમારું જે સંતાન મેં ગર્ભમાં ધારણ કર્યું છે તે જો પુત્ર અવતરશે, તો એને નાનપણથી વીરશિક્ષા દેઇને બીજો અર્જુન બનાવી એને એના પિતાના ચરણમાં સોંપીશ ત્યારે જ, પ્રિયતમ, તમે મને સાચે સ્વરૂપે જાણશો! આજે તો હું તમારે ચરણે એટલું જ નિવેદન કરું છું કે હું માત્ર ચિત્રાંગદા છું, રાજકન્યા છું.'

"અર્જુન : 'પ્રિયે, આજે હું ધન્ય થયો.'"

અને એમ નૈષ્ઠિક લગ્નજીવનમાં સમાન કક્ષાએ રહી પોતપોતાના કાર્યક્ષેત્રમાં સમાજસેવા કરનારાં નરનારી આનંદે બોલે : सहनाववतु सह नौ भुनक्तु सहवीर्यं करवावहै। तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै॥— 'આપણે પરસ્પર એકબીજાનુ રક્ષણ કરીએ, આપણે સાથે આનંદ ભોગવીએ, આપણે એકબીજાની શક્તિ વધારીએ, આપણે સાથે રહી આપણા જ્ઞાનથી સંસારને તેજસ્વી કરીએ, આપણે એકબીજાનો દ્વેષ ન કરતાં સ્નેહથી સાથે રહીએ.'

અને આ જ લગ્નની કલ્યાણભાવના છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૪૫

બ્રહ્મચર્ય

સંતાનસેવા ને સમાજસેવા કરવા માટે માનવીએ બ્રહ્મચર્ય પાળવું આવશ્યક છે. પ્રાણીમાત્રને આત્મરક્ષણની ને લગભગ એટલી જ વંશવર્ધનની સ્વાભાવિક પ્રેરણા છે. માનવીને પણ એ સ્વાભાવિક પ્રેરણા છે, અને તેથી તેને સ્વાભાવિક કામપ્રેરણા પણ છે. પણ જેઓ ષંઢ છે તેમની એ પ્રેરણા નાશ પામી હોય છે. ષંઢ બે પ્રકારના છે : (૧) જન્મષંઢ, જન્મથી જ ષંઢ અવતરેલા; અને (૨) કૃતષંઢ, જેને કોઇ પણ કારણે માનવીએ ષંઢ કરેલા. આવા લોકને વંશવર્ધનની પ્રેરણા હોતી નથી અને તેને લીધે તેમને કામ-પ્રેરણા પણ હોતી નથી. અને જેમને કામપ્રેરણા જ નથી તેમને વિષે બ્રહ્મચર્ય સંબંધે કંઈ બોલવાપણું જ હોતું નથી. ત્યારે આ અધ્યાયમાં ષંઢ વિષે કંઇ યે કહેવાનું નથી.

ઇતર પ્રાણીમાં કામપ્રેરણા સ્વાભાવિક સીમામાં જ રહી છે, વંશવર્ધન પૂરતી જ રહી છે. પ્રાકૃત વનવાસી માનવી પણ લગભગ એ જ અવસ્થામાં છે. સંસ્કૃતિમાં પગલાં માંડતા માનવીએ સામાજિક વ્યવસ્થા ઉન્નત કરવાને હેતુએ લગ્નસંસ્થાની યોજના કરી, પણ સાથે જ બુદ્ધિવિકાસને પરિણામે કામવાસનામાં વિકાર પણ કરી મૂક્યો, વંશવર્ધનનો હેતુ છોડી કામવિલાસને જ હેતુએ એ શરીરલગ્ન કરવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પોતાની એ કામલોલુપતાને પરિણામે બળવાન પુરુષોએ સમાજમાં બીજા અનેક અત્યાચાર પ્રવર્તાવી મૂક્યા બળવાન ધનલોલુપ પુરુષો આર્થિક દુરવસ્થા પ્રવર્તાવીને પોતે ધનવાન થઇ બેઠા, બીજા અનેકને નિર્ધન કરી ભૂખે મરતા કરી મૂકયા ; તેમ બળવાન કામલોલુપ પુરુષો અનેક સ્ત્રીઓ પરણવા લાગ્યા, બાકીના અનેક પુરુષોને વાંઢા (સં. वंड) રાખ્યા ; હિંદુ સમાજે તો વિધવાઓને પણ લગ્ન કરતાં અટકાવી. આ વાંઢાને ને વિધવાઓને કામલોલુપતા નહિ, તો સ્વાભાવિક કામપ્રેરણા તો હોય જ; પણ તે સંતોષવા માટેનાં તેમનાં દ્વાર બંધ કરી દીધાથી તેમણે ગૃહસ્થનાં ઘર ભાગવા માંડ્યાં. અનેક સ્ત્રી કરનાર પુરુષોની અસંતુષ્ટ સ્ત્રીઓએ લગ્નવંચિત પુરુષોને સાથ દીધો. આથી પણ સમાજમાં કામલોલુપતાની માત્રા વધી. ત્યારે સમાજે સમજવું ઘટે કે વંશવર્ધનને હેતુએ કામપ્રેરણા સૌને સ્વાભાવિક છે, સમાજને ઉન્નત માર્ગે પ્રેરવા યોજેલી લગ્નસંસ્થામાં ઇચ્છા હોય એ સૌએ લગ્ન કરવું એ ધર્મ છે અને તેથી એવાં સૌને લગ્ન કરવાની વ્યવસ્થા હોવી જોઇએ; નહિ તો સમાજનું પતન છે અને એ પતન આપણે નજરે નિહાળીએ છીએ. બેશક સમાજને અવનત કરનારનાં લગ્ન તો અટકાવવાં જોઇએ, પણ એ તો અપવાદ છે.

સમાજમાં વિસ્તરેલી આર્થિક દુરવસ્થાએ પણ સમાજના આ પ્રકારના પતનમાં ખૂબ ભાગ ભજવ્યો છે. દરિદ્રતાને લીધે પણ અનેક લોક લગ્ન કરી શકતા નથી, ભિખારી તો નથી જ કરી શકતા ડૉ. ઍડોલ્ફ બર્ટીલને (Dr. Adolphe Bertillon) આ વિષયમાં ફ્રેંચ સમાજનો ગંભીર અભ્યાસ કરીને સિદ્ધ કર્યું છે કે આવા લોક જે વર્ણસંકર પ્રજા ઉત્પન્ન કરે છે, તે લગ્નથી ઉત્પન્ન થએલી પ્રજા કરતાં સ્પષ્ટ રીતે અવનત નીવડે છે. તેવી પ્રજામાંથી ૪૫ ટકા મરે છે એ તો ઠીક જ છે, પણ જીવતી રહેલી વર્ણસંકર પ્રજામાંથી ઘેલી, આત્મઘાતક, ચોર ને ખૂની માણસો બાદ કરતાં થોડા જ ટકા સારી રહે છે. વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લશ્કરમાં જોડાનાર અનેક પુરુષોને પણ લગ્નહીન રહેવું પડે છે, તેમને અને એકંદરે સૌ લશ્કરીઓને સંતોષવા માટે ત્યાં વેશ્યાસંસ્થા પોષાય છે. આથી પણ એવી જ વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય છે. આમ આર્થિક દુરવસ્થા અને યુદ્ધો પણ સમાજના પ્રજાજીવનને કેમ અવનત કરે છે અને સમાજની સૌ સંસ્થાઓને એકબીજા સાથે કેવો ગાઢ સંબંધ રહેલો છે એ પણ આથી સ્પષ્ટ જણાય છે. એ સૌ સંસ્થાઓ સુવ્યવસ્થિત થાય તો જ સમાજ સર્વાંગસુંદર થાય, કારણકે અંશ જ સમસ્તનો ભાગ છે.

ત્યારે જેને જેને લગ્ન કરવાની ઇચ્છા થાય તે સૌને યોગ્ય રીતે લગ્ન કરવાની સમાજે વ્યવસ્થા કરી આપવી ઘટે, કોઇને લગ્નનો પ્રતિબંધ ન હોઇ શકે, કોઇને તેની ફરજ પણ ન હોઇ શકે.

છતાં લગ્ન કરીને પણ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરનાર સ્ત્રીપુરુષે બ્રહ્મચર્ય પાળવું એ એમનો મુખ્ય ધર્મ રહ્યો. જે લોક વૃત્તિ હોવા છતાં લગ્ન ન કરી શકવાને પરિણામે શરીરસંયોગ નથી કરી શકતા, અથવા શરીરસંયોગ કરવાની શક્તિ ન હોવાને લીધે તેવો સંયોગ નથી કરી શકતા, તેઓ પણ બ્રહ્મચર્ય પાળે છે એમ કહેવું એ તો 'બ્રહ્મચર્ય' શબ્દનો દુરુપયોગ છે વૃત્તિ હોવા છતાં દેખતાને તમાશો જોવાના સંયોગ જ ન હોવાથી તમાશો જોઇ શકે નહિ આંધળો જોવાની શક્તિ ન હોવાથી તમાશો જોવા ન જાય, એમાં તો કશોય સંયમ નથી. ઇંદ્રિયવિષયો ભોગવવાની વૃત્તિ ને શક્તિ અખંડ હોય, તે ભોગવવાને સર્વ સંયોગો અનુકૂળ હોય, છતાં યે કોઇ ઉચ્ચ ધર્મ-હેતુએ એ વિષયો ભોગવવાની વૃત્તિ ઉપર અંકુશ રાખી શકાય તો જ એ અંકુશને સંયમ કહી શકાય. એવો આત્મસંયમ જ માનવીને તારે છે, બાકી બહારથી આવી પડેલું બંધન તો ડુબાડે છે.

ઇતર પ્રાણીમાં સ્વાભાવિક કામપ્રેરણા છે. એ વિષયમાં તે પોતાના સહજસ્વભાવને અનુસરે છે, એ સહજસ્વભાવને ઓળંગીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામવિલાસ ભોગવવાની વૃત્તિ તેનામાં ભાગ્યે જ હોય છે. તેથી પોતાના સહજસ્વભાવની સીમામાં રહી વંશવર્ધનને હેતુએ શરીરસંયોગ કરે, તેથી વિશેષ કંઇ ન કરે, એમાં કંઇ વિશેષતા નથી; એ પ્રાણીનો એમાં કંઇ સંયમ નથી, એ એનું કંઇ બ્રહ્મચર્ય નથી. માનવીએ કામપ્રેરણાને વિકૃત કરી કામલોલુપતા વધારી મૂકી છે; પણ એનામાં વિવેકશક્તિ છે, તેથી સ્વાભાવિક કામપ્રેરણાની સીમાની આ બાજુ રહી શકે છે કે સીમા તોડીને પાર પણ નીકળી શકે છે. ત્યારે માનવી પોતાની વૃત્તિ ઉપર અંકુશ રાખીને એ સીમાની આ બાજુ રહી વંશવર્ધનને જ માટે શરીરલગ્ન કરે, અને પછી એક બીજાનાં શરીરને પવિત્ર માની દૂર રહે, ત્યારે જ એણે સંયમ પાળ્યો કહેવાય, બ્રહ્મચર્ય પાળ્યું કહેવાય. અને એ બ્રહ્મચર્ય સંતાનસેવાને માટે, સમાજસેવાને માટે ઇષ્ટ છે. અને એ પ્રકારે આપણે બ્રહ્મચર્ય ન પાળીએ તો આપણે માનવી તો નથી જ, પશુ યે નથી, પશુથી યે અધમ છીએ.

ત્યારે આપણે ગૃહસ્થાવસ્થામાં પણ બ્રહ્મચર્ય પાળવું ઘટે. ટૉલ્સ્ટોય લખે છે: "મારી સમજ એવી છે કે લગ્નમર્યાદામાં રહીને કરેલું વિષયસેવન નીતિવિરુદ્ધ નથી, છતાં જો પ્રમાણપુરુષ તરીકે મારે અભિપ્રાય લખી આપવાનો હોય તો આ પ્રશ્નને હજુ વિશેષ સાવધાનીથી સૂક્ષ્મતાપૂર્વક વિચારી જોવાની મારી ઇચ્છા છે. કારણકે પોતાની પત્ની સાથે પણ આ પ્રકારનું વિષયસેવન, જો એ કેવળ વિષયતૃપ્તિ અર્થે જ હોય તો, પાપમય છે એવો જે અભિપ્રાય છે એમાં પણ સત્ય રહેલું છે. . . . પોતાના માનવબંધુની સેવા કરવાની શક્તિ બક્ષનાર શરીરનિર્વાહક આહાર જેમ શાસ્ત્રવિહિત અને યોગ્ય જ છે, તેમ માનવજાતિનો વંશવેલો જીવતો રાખનાર વિષયસેવન પણ શાસ્ત્રવિહિત અને યોગ્ય જ છે.

"પોતાની પત્ની સાથે પરસ્પર પ્રેમ વિના કેવળ વાસનાતૃપ્તિ અર્થે ઋતુકાળ ન હોય એવે અયોગ્ય વખતે વિષયસેવન કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે તો તે પણ નીતિ વિરુદ્ધ છે, અને વ્યભિચાર તુલ્ય જ છે. . . . પણ પ્રજોત્પત્તિને ખાતર અને પરસ્પર આત્મપ્રીતિપ્રેરિત હોય એવું વિષયસેવન પણ પાપરૂપ છે એમ જે તેઓ કહે છે તે ખોટું છે, કેમકે એવું વિષયસેવન કંઇ પાપ નથી, પણ ઇશ્વરેચ્છાનું અનુસરણ માત્ર જ છે" ('સ્ત્રી અને પુરુષ' : ૬૪).

પત્નીની ગર્ભાવસ્થામાં તો બ્રહ્મચર્ય પાળવું ઘટે એ વિષે એ જ વિચારક લખે છે : "જ્યારે સગર્ભાવસ્થા શરૂ થાય છે ત્યારે એ અવસ્થાની અસરને લીધે પતિપત્ની વચ્ચેનું કામમૂલક આકર્ષણ મંદ પડે છે – અને મનુષ્યો જો મૈથુનને ધર્મ્ય ને વિહિત પ્રમોદરૂપ ન ગણતાં હોત તો કામમૂલક આકર્ષણની આ મંદતા બહુ સ્પષ્ટ રીતે દેખી શકાત, અને એ મંદતાને લીધે જાનવરોની પેઠે માનવીઓમાં પણ આવું મૈથુન અમુક મુદતપૂરતું તો બંધ જ પડત. વખત જતાં સંતાનજન્મ થાય છે એટલે કામમૂલક આકર્ષણની આવી મંદતાને સ્થાને, જન્મેલા બાળકના ઉછેર અને લાલનપાલન વિશેની કાળજીની લાગણી ઉદ્ભવે છે, અને એવી લાગણી જ્યાં સુધી બાળકને ધાવણ મુકાવી દેવામાં આવતું નથી ત્યાં સુધી ચાલુ રહે છે અને સુયોગ્ય લગ્નજીવનમાં (પશુ અને માનવી વચ્ચે જે ભેદ રહેલો છે તે આ બાબતમાં જ રહેલો છે) બાળકનું ધાવણ મુકાવી દેવામાં આવે છે એટલે પછી એ ને એ વ્યક્તિઓ વચ્ચે કામમૂલક આકર્ષણ ફરી પાછું શરૂ થાય છે.

"આવી સ્થિતિથી આપણે ગમે એટલા દૂર હોઇએ, તોપણ સ્થિતિ તો વાસ્તવમાં આવી જ હોવી ઘટે એમાં કશો શક નથી. ને એનાં કારણો આ રહ્યાં : પહેલું કારણ તો એ, કે જ્યારે ગર્ભાધાનને અવકાશ ન હોય — અર્થાત્ જ્યારે સ્ત્રી સગર્ભા થએલી જ હોય — ત્યારે કામસંબંધ ચાલુ રાખવો એમાં કશો બુદ્ધિમાન્ય અર્થ રહેલો નથી, પણ એ તો કેવળ વિષયાનંદ અર્થે જ હોય છે; અને દરેક સદસદ્-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિમાન મનુષ્ય જાણે છે તેમ એ વિષયાનંદ પણ છેક અધમ કોટિનો અને લજ્જાસ્પદ પ્રકારનો હોય છે — નીચમાં નીચ સૃષ્ટિક્રમવિરોધી કામવાસના જેવું જ એ કાર્ય છે. માનવી જ્યારે આવા કામસંબંધનો વ્યસની બને છે ત્યારે તો એ પોતાની વિવેકબુદ્ધિને વિવેકબુદ્ધિના જ આદેશોનો ભંગ કરવામાં વાપરે છે. બીજું કારણ એ, કે સૌ જાણે છે ને કબૂલ કરે છે તેમ, મૈથુન એ માનવીને ચૂસી લેઇને નિઃસત્ત્વ ને અશક્ત બનાવી મૂકે છે — અને તે પણ માનવીને સર્વથા અનિવાર્ય એવી જે આધ્યાત્મિક પ્રવૃત્તિ તેમાં જ એને અશક્ત બનાવી મૂકે છે. 'મિતાચારનું સેવન કરો' ચાલુ રસમોનો બચાવ કરનારા આ સાંભળીને કહેશે : પણ જ્યાં વિવેકબુદ્ધિએ વિહિત કરેલાં શાસનોનો જ ભગ કરવામાં આવતો હોય ત્યાં પછી વાસ્તવિક મિતાચાર શક્ય જ નથી. પણ પુરુષનો પ્રસંગ જો એક જ સ્ત્રી સાથે હોય તો મિતાચારપાલનથી પુરુષને તો આ લંપટતા — સ્ત્રી જ્યારે ગર્ભવતી હોય ત્યારે વિષયસંબંધ રાખવો એ લંપટતા જ છે — થી કદાચ એટલી બધી હાનિ ન થાય; પરંતુ પતિને જે વર્તન મિતાચારરૂપ લાગતું હોય — આવી પરિસ્થિતિમાં કરેલા વિષયસેવનને 'મિતાચાર' એવું નામ આપવું એ કેવું જુગુપ્સાકારક છે! — તે બાપડી પત્નીને તો, તે સગર્ભા હોય અથવા તો બાળકનો સ્તનપાનકાલ હજુ ચાલુ હોય ત્યારે, ભયંકર અત્યાચારરૂપ જ નીવડે છે" (૮૯).

'દંપતીમાં બ્રહ્મચર્ય' વિષે ગાંધીજી આમ કહે છે :

"૧. વિવાહિત સ્ત્રીપુરુષે ઋતુકાળે ભોગ કરવો જ જોઇએ એ માન્યતા ભૂલભરેલી છે. વળી, એમાંથી એકની ઇચ્છા ન હોય છતાં તેણે બીજાની ભોગેચ્છાને તૃપ્ત કરવી જ જોઇએ એ માન્યતા પણ ખોટી છે.

"૨. આથી બેમાંથી એકેની વિષયેચ્છા પોતાના શરીરને સ્વાધીન રાખી શકે એટલી મંદ પડી જાય તો તેને બ્રહ્મચર્ય લેવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધિકાર છે. એમ કરતી વખતે એ બીજાનો સહકાર શોધશે, પણ સંમતિને આવશ્યક નહિ માને.

"૩. પતિ અસંમત હોય તો સ્ત્રીના આવા નિર્ણયથી એની સ્થિતિ મુશ્કેલ થવાનો સંભવ છે ખરો. પોતાનો ધર્મ જેને સ્પષ્ટ થયો છે એવી સ્ત્રી એ મુશ્કેલીને સત્યાગ્રહના બળથી સહન કરી લે, અને દુઃખ પડે તે વેઠી લે.

"૪. જ્યારે પતિ આવો નિર્ણય કરે, ત્યારે પણ તીવ્ર ભોગેચ્છા ધરાવનાર સ્ત્રીની સ્થિતિ મુશ્કેલ થાય છે; કારણ, બંને પરિસ્થિતિમાં કાયદો તેમ જ લોકમત પત્નીને પ્રતિકૂળ છે. પણ, જે પતિ આવી રીતે ધર્મભાવનાથી બ્રહ્મચર્યવ્રત સ્વીકારે તે પોતાની પત્નીનો માર્ગ સરળ કરી આપશે. એ તેને એવો યોગ્ય પુરુષ શોધવામાં મદદ કરશે કે જે કાયદાનો અભિપ્રાય ન સ્વીકારતાં પોતાને એવી સ્ત્રી સાથે ધર્મ-વિવાહથી જ જોડાયેલો માનશે, અને સમાજ તથા કાયદાથી ઊઠતી મુશ્કેલીઓને સહન કરી લેશે. આ રીતે કાયદાને સુધારવાનો માર્ગ પણ એ સરળ કરી મૂકશે. જ્યાં સુધી એવો પતિ ન મળી શકે, ત્યાં સુધી તેને આદરથી રાખશે" ('ગાંધીવિચારદોહન': ૫૫).

પોતાના મૃત્યુ ઉપર વિજય મેળવીને પોતાને સંતત રાખવા માટે શારીરિક સંતતિને જન્મ આપવો, એ જ હેતુએ શરીરલગ્ન યોજવું; અને પછી પતિપત્નીએ ભાઇબેન જેવો સંબંધ રાખવો, બ્રહ્મચર્ય પાળવું એ ગૃહસ્થધર્મ છે, તપશ્ચર્યા છે. પણ વળી કેટલાંક એવાં છે, જેઓ શારીરિક સંતાનને બદલે માનસિક કે આધ્યાત્મિક સંતતિ દ્વારા પોતાને સંતત રાખવા ઇચ્છે છે. તેઓ તો લગ્ન જ કરવા ઇચ્છતાં નથી, ગૃહસ્થાશ્રમને જ સ્વીકારતાં નથી અને આજીવન બ્રહ્મચર્ય પાળવા ઇચ્છે છે, તેઓ સમાજસેવા માટે તપશ્ચર્યા તપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી બ્રહ્મચર્યતપસ્યા તપનાર સ્ત્રીને આપણી ધર્મભાષામાં બ્રહ્મવાદિની કહી છે અને પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં ગાર્ગી, સુલભા, વગેરે અનેક બ્રહ્મવાદિનીઓનાં જીવન મળી આવે છે. શંકરાચાર્ય, દયાનંદ અને યુરોપમાં કૅણ્ટ, ગૅલીલિયો, ન્યૂટન, સ્પિનોઝા, વૉલ્ટર, માત્સિની, ડાર્વિન વગેરે અનેક સમાજસેવકો આજીવન બ્રહ્મચર્ય પાળી પોતપોતાના પ્રદેશમાં ઉત્તમ પ્રકારે સમાજસેવા કરી ગયા છે અને એ પ્રકારે પોતાનાં માનસિક કે આધ્યાત્મિક સંતાન મૂકી જઇ પોતાને સંતત — અમર કરી ગયા છે, મૃત્યુ ઉપર વિજય મેળવી ગયા છે.

બ્રહ્મચર્યમાં શારીરિક સંબંધ ન હોય, એટલું જ નહિ પણ માનસિક વિકાર પણ ન જ હોય. આંખે સ્ત્રીદર્શન થવાથી માનસિક વિકાર થાય તો આંખ ફોડી નાખે, અથવા બીજી રીતે વિકાર થાય તો અંગ-ઉપાંગનું છેદન કરી નાખે, એવાના બ્રહ્મચર્યનું કંઇ મહત્ત્વ નથી. એમની ઇચ્છાઓ ઊંચે ચઢવાની છે એમ માની લેઇએ, તોપણ એમના માર્ગ તો ઊંઘ વેચીને ઉજાગરા લેવા જેવા છે, કોઇકને ગાળ દેવાનું મન થઇ જાય છતાં ન દેઇ શકાય એટલા માટે જીભ કાપી નાખવા જેવા છે. સાચી વાત તો એ છે કે ઇંદ્રિયવિષય ભોગવવાની વૃત્તિ ને શક્તિ અખંડ હોય, તે ભોગવવાને સર્વે સંયોગો અનુકૂળ હોય, છતાં યે કોઇ ઉચ્ચ ધર્મહેતુએ એ વિષય ભોગવવાની વૃત્તિ ઉપર સંયમ રાખીને વિષયતૃપ્તિથી શરીરે ને મને એકવારે દૂર રહેવું એ જ સાચું બ્રહ્મચર્ય છે.

પણ કેટલાંક એમ તર્ક છે કે એમ આખી માનવજાતિ બ્રહ્મચારી બની જાય તો એકએ પેઢીમાં પૃથ્વી ઉપરથી આખી માનવજાતિનો નાશ થઇ જાય. આવા તર્ક કરનાર વિષે પ્રથમ તો કહીએ કે પૃથ્વી ઉપર માનવજાતિને સતત – અમર રાખવાની શુભેચ્છાએ જ તેઓ ઘણું કરીને એવો તર્ક નથી કરતા, માત્ર પોતાની વિષયવાસનાના સેવનનો બચાવ કરવા જ કરે છે. પણ જો કોઇ શુદ્ધ બુદ્ધિથી એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તર્ક કરતા હોય તેમણે જાણવું જોઇએ કે આખી માનવજાતિ બ્રહ્મચર્ય પાળે કે ન પાળે એની પરવા આપણે શાને કરવી? અનેક જણ અસત્ય બોલે છે, જીભના સ્વાદ કરીને કે બીજી રીતે શરીર બગાડે છે, માટે આપણે પણ એમ કરવા બંધાયા છીએ? બીજા દુષ્ટ હોય માટે આપણે પણ દુષ્ટ બનવાની ઇચ્છા કરવી? ત્યારે આપણે તો આ વિષયમાં આપણને આપણી ધર્મબુદ્ધિ બતાવે તે કલ્યાણમાર્ગે જવું એ જ આપણો માનવધર્મ રહ્યો. આખી પૃથ્વીને ચામડે મઢવા કરતાં આપણા પગને જ જોડાથી રક્ષવા એમાં જ બુદ્ધિવિવેક રહેલો છે.

ઉપર જણાવેલ બ્રહ્મચર્યનિષેધના પ્રચારકોના અને સંતતિનિરોધના પ્રચારકોના તર્ક લગભગ એકસરખા છે. સંતતિનિરોધના પ્રચારકો કહે છે કે હાલ વધે છે એ વેગે વસતિ વધ્યે જશે તો પૃથ્વી થોડાં જ વર્ષમાં માણસોથી એવી ભરાઇ જશે કે પછી તલપૂર પણ જગા નહિ રહે. પણ "હર્શલે કરેલી એક ગણતરી ઉપરથી જણાય છે કે માણસજાતની વસતિ અત્યારની પેઠે જો આરંભથી દર વર્ષે બમણી થતી ગઇ હોત, તો, માનવજાતિના આદિયુગલના જન્મથી આજ સુધીમાં ૭૦૦૦ વર્ષ થયાં એમ ગણીએ તો, અત્યારે માનવપ્રાણીઓની સંખ્યા એવડી મોટી હોત કે દરેક માણસને એક એકના ખભા ઉપર ઊભું રાખી એક પિરામિડ રચ્યું હોય તો તેનું શિખર કેવળ સૂર્યને જ ન અડકત, પણ સૂર્ય છે તેથી પણ ૨૭ ગણી દૂર જગાએ તે પહોંચત" ('સ્ત્રી અને પુરુષ': ૬૯). માત્ર ૭૦૦૦ નહિ પણ ૩૦૦૦૦૦ વર્ષથી માનવજાતિ આ પૃથ્વી ઉપર છે, છતાં સૂર્ય સુધીની યે પિરામિડ તો નથી જ થઇ એટલું જ નહિ, હજી તો પૃથ્વી ઉપર માનવજાતિને વસવાને પુષ્કળ જગ્યા છે. એવો તર્ક કરનારાએ સમજવું જોઇએ કે નિર્બળ માનવી ઉપર પ્રબળ પ્રકૃતિ એવું રાજ્ય કરે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે માનવીની ઇચ્છા હોય કે ન હોય તો ય જાતિમાત્રની વસતિ પોતાની જે અમુક સીમા છે તે સીમા સુધી જ વધી શકે, એથી આગળ કોઇ પણ જાતિ વધી શકે જ નહિ, વધતી જતી જાતિનો કોઇ ને કોઇ રીતે સંહાર કરીને પ્રકૃતિ તેને સીમાબદ્ધ કરી દે છે.

તેવી જ રીતે, સમસ્ત માનવજાતિ બ્રહ્મચર્ય પાળશે તો એક બે પેઢીમાં માનવજાતિનો નાશ થઇ જશે, એ પ્રકારનો શોક બ્રહ્મચર્ય-નિષેધના પ્રચારકો કરતા હોય તો તે પણ મિથ્યા છે. એવો તર્ક કરનારાએ સમજવું જોઇએ કે નિર્બળ માનવી ઉપર પ્રબળ પ્રકૃતિ એવું રાજ્ય કરે છે કે માનવીની ઇચ્છા હોય કે ન હોય તો ય જાતિમાત્રની વસતિ પોતાની અમુક સીમા સુધી વધ્યે જ જવાની. બ્રહ્મચર્ય ધર્મ ખાંડાની ધાર જેવો છે, પૃથ્વી ઉપરની સમસ્ત માનવજાતિ બ્રહ્મચર્ય પાળી શકવાની નથી, ભાગ્યે જ થોડા બ્રહ્મચારીઓ બાદ જતાં બીજા સૌ લગ્ન કરવાના જ, અમુક સીમા સુધી માનવજાતિની વસતિ વધ્યે જવાની જ. સાચા બ્રહ્મચારીને પૃથ્વી નિર્જન થવા વિષે ચિંતા નથી, બ્રહ્મચર્યનિષેધના પ્રચારકોએ એ વિષે શોક કરવો મિથ્યા છે. અને પ્રાચીન કાળથી આજ સુધીનો પૃથ્વીનો ઇતિહાસ તપાસશો તો જગતના વિકાસમાર્ગમાંથી આજ સુધી અનેક જાતિઓને ખશી જવું પડ્યું છે; માનવજાતિએ પણ જગતના વિકાસમાર્ગમાંથી એમ ખશી જવું પડે, મરીને બીજાને માટે સ્થાન કરવું પડે તો એનો આપણને શોક શો? છેક આજથી જ શોક શો? પ્રબળ પ્રકૃતિ સામે નિર્બળ માનવી મિથ્યા શોક કરે એમાં વળે ય શું? આપણે તો ઇષ્ટ લાગે તો બ્રહ્મચર્ય પાળવું, એ જ આપણો ધર્મ રહ્યો.

પણ આજકાલ અનેક લોકનો એવો મત બંધાયો છે કે બ્રહ્મચર્ય પાળવું આવશ્યક નથી; મૈથુન અનિવાર્ય છે. વાત સાચી છે કે આહાર, નિદ્રા ભય ને મૈથુન પ્રાણીમાત્રમાં સામાન્ય છે, પણ તેથી એમ ઠરતું નથી કે આહાર અને નિદ્રા પેઠે ભય અને મૈથુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનિવાર્ય છે. આહાર અને નિદ્રા વિના પ્રાણી જીવી શકે નહિ, ભય અને મૈથુન વિના જીવી શકે, એમ અનેક વીરોએ ને બ્રહ્મચારીઓએ આત્મદષ્ટાન્તથી સિદ્ધ કરી આપ્યું છે.

કેટલાક યુરોપિયન દાકતરોનો એવો પણ મત બંધાયો છે કે બ્રહ્મચર્ય પાળવાથી સ્ત્રીપુરુષને શારીરિક હાનિ થાય છે, તેમના આરોગ્યને હાનિ થાય છે. તેઓ એમ પણ માને છે કે બ્રહ્મચારીઓને વહેલું વૃદ્ધત્વ આવે છે; જ્ઞાનતંતુ ઉપર બ્રહ્મચર્યની હાનિજનક અસર થાય છે અને તેને લીધે હિસ્ટીરિયા વગેરે જ્ઞાનતંતુના અનેક રોગ થાય છે. વળી તેઓ એમ પણ માને છે કે પરણેલાં કરતાં બ્રહ્મચારીઓ ઓછું જીવે છે.

પણ એમ માનવું એ ભ્રમ જ છે. પ્રો. ફોર્નિયર કહે છે: "બ્રહ્મચર્યથી આરોગ્યને હાનિ થાય છે, એમ કહેનારાએ શરમાવું જોઇએ. દાકતર તરીકે હું પણ કહું છું કે એ વાતમાં રજમાત્ર વજૂદ નથી. વળી ૨૧ વર્ષની ઉમર પહેલાં વિષયશક્તિ આવતી જ નથી, વિષયેચ્છા પણ ન જ જાગ્રત થવી જોઇએ — જો કૃત્રિમ ઉત્તેજન ન થતું હોય તો અકાળ વિષયેચ્છા એ અધૂરી અને ઊંધી તાલીમનું પરિણામ છે" ('નીતિનાશને માર્ગે': ૧૯).

૧૯૦૨માં જગતના પ્રખ્યાત દાકતરોનું ને રોગચિકિત્સકોનું સંમેલન બ્રસેલ્સમાં મળેલું, તે સંમેલનમાં સર્વાનુમતે આ પ્રમાણે ઠરાવ થએલો: "યુવાનોને ખાસ શીખવવું જોઇએ કે બ્રહ્મચર્ય અને સંયમ હાનિકર્તા નથી, એટલું જ નહિ પણ એ વૈદ્યકની અને આરોગ્યની દૃષ્ટિએ પરમ આવશ્યક છે" (૧૯).

બ્રહ્મચર્યથી હાનિ થાય છે એ મત એક રીતે સાચો જ છે. કામવાસના હોય, કામ ભોગવવાની વૃત્તિ હોય, છતાં તેને તૃપ્ત કરવાના સંયોગ ન હોય, તેમને વિષે એ દાકતરો જે કહે છે એ સાચું જ કહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. રાત્રિદિવસ માણસ કામેચ્છાના વિચાર કર્યા કરે, એવા જ કામાતુર વાતાવરણમાં ફર્યા કરે અને છતાં તેને યોગ્ય દ્વાર મળે નહિ તો તેને શારીરિક અને માનસિક અનેક રોગ થાય, સ્વપ્નદોષ થાય અને અનેક કુટેવો પણ એ શીખે, એમાં કશું આશ્ચર્ય નથી. પણ એની એ સ્થિતિને તો કામનિરોધ કે કામનિયંત્રણ જેવું કંઇક નામ આપી શકાય, બ્રહ્મચર્ય તો નહિ જ. બંધન જ માનવીને ડુબાવે છે, સંયમ તો એને તારે છે.

સમાજસેવાની કોઇ ઉચ્ચ ભાવનાએ જે માનવી સમસ્ત જીવન કે અમુક કાળપર્યંત પવિત્ર ભાવે ઊર્ધ્વરેતસ્ રહે એ જ સાચો બ્રહ્મચારી ને એ પાળે તે જ બ્રહ્મચર્ય. વાત સાચી છે કે પૃથ્વી ઉપરનાં સૌ માનવીને તો એવું નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવું અશકય છે. જેને શકય હોય તે જ પાળે દંભને કે સ્વાર્થને હેતુએ બ્રહ્મચર્યનો મિથ્યાડંબર ને મિથ્યાચાર કરવાથી તો પતન જ છે, માટે જેનાથી બ્રહ્મચર્ય ન પળાય તે લગ્ન જ કરી લે. સમાજે અત્યાચારથી કુલહીન ગણાતા પુરુષોને કે વિધવા જેવી સ્ત્રીઓને પરાણે કામનિરોધની સ્થિતિમાં મૂકી દેવાં, એથી તો તેનું વધારે પતન થાય છે. માટે સમાજે એવી સુવ્યવસ્થા કરી દેવી ઘટે કે જેને લગ્ન કરવું હોય તે લગ્ન કરી શકે, બ્રહ્મચર્ય પાળવું હોય તે બ્રહ્મચર્ય પાળી શકે.

વળી યુરોપના કેટલાક આધુનિક માનસશાસ્ત્રીઓ અને એમની નિશાળમાં ભણતા કેટલાક આપણા દેશના લોક – ખાસ કરીને યુવકો – પ્રાણીની માત્ર પ્રાકૃતિક પ્રેરણા તરફ જ દૃષ્ટિ રાખે છે, તે બ્રહ્મચર્યને કૃત્રિમ કામનિરોધ માને છે. તેઓ ભૂલી જ જાય છે કે એ પ્રેરણાને અમુક ઉન્નત દિશાએ વાળવી એ પણ માનવસ્વભાવમાં છે અને એમાં જ માનવસંસ્કૃતિ રહેલી છે. જુગજુગના એવા પ્રયત્નથી માનવીએ આજ સુધીમાં જે સંસ્કૃતિ પ્રાપ્ત કરી છે, તેની છેક જ ઉપેક્ષા કરીને નવા અવતરેલા બાળકને તેના પોષણ પૂરતી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યવસ્થા કરીને, વનમાં મૂકી દીધો હોય તો તેના માનવસંસ્કાર છેક જ ભૂંસાઇ જાય ને જે પશુઓ ભેળું એ ઊછરે એ પશુઓ જેવું એ થઇ રહે. અને તેથી તો માનવી પતનશીલ કહેવાય છે. માટે જ પ્રકૃતિ ઉપર સંસ્કૃતિને સદાસર્વદા પ્રયત્નથી તોળી રાખવી પડે. અને આ ઉન્નત દિશાનો પ્રયત્ન તે સંયમ. કામમીમાંસામાં એ સંયમને બ્રહ્મચર્ય કહે છે. આપણા આધુનિક માનસશાસ્ત્રીઓએ સમજી લેવું જ ઘટે કે આપણી અવનત પ્રેરણાને વશ થઇને કામ-વિલાસના ઘોડા બે-લગામ છોડી મૂકીએ તો પશુ કરતાં યે આપણે નપાવટ થઇ જઇએ, કારણકે પશુ તો સ્વાભાવિક પ્રેરણાએ પણ અમુક પ્રકારે સંયમ પાળે છે. ત્યારે આપણે સંસ્કૃત રહેવાને અને હજી યે વધારે સંસ્કૃત થવાને કામવાસના ઉપર સંયમ રાખવો ઘટે, બ્રહ્મચર્ય પાળવું ઘટે.

અને બ્રહ્મચર્યના લાભ તો કોણ ગણાવી શકે? 'ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः । બ્રહ્મચર્ય પાળવાથી વીર્યલાભ – એટલે તેજોલાભ, ઉત્સાહ-લાભ થાય છે,' એમ યોગસૂત્રકાર પતંજલિ પોતે જ કહે છે. અત્યારે આપણને ભરજુવાનીમાં વૃદ્ધાવસ્થા આવી જાય છે, તેનું કારણ બ્રહ્મચર્યનો નાશ જ છે, વીર્યનાશ જ છે. અને દેશમાં ઉભરાતાં અકાલ વૃદ્ધ માનવી – કીટપતંગ જેવાં માનવી કરોડો હોય તો ય સમાજનો ને જાતિનો ઉત્કર્ષ એ તે શું કરવાનાં હતાં?

*Laws of Sexual Philosophy*ના લેખક જે. એલ. ચંદ્ર (કલકત્તા) બ્રહ્મચર્યના લાભ આમ ગણાવે છે: "બ્રહ્મચારીનું શરીર ખૂબ માંસલ ને સુઘટ હોય છે. મેદ યોગ્ય પ્રમાણમાં હોવાથી સુંદર હોય છે; એને અકાળે વૃદ્ધત્વ આવતું નથી ને વૃદ્ધાવસ્થામાં પણ બાળકના જેવો એ નિર્દોષ રહે છે. તેની પાચનક્રિયા બળવાન રહે છે, શ્વાસો-ચ્છ્વાસક્રિયા પણ સારી રહે છે. આંખ વગેરે પાંચેય જ્ઞાનેન્દ્રિયો બળવાન રહે છે. બ્રહ્મચારી પ્રતિભાસંપન્ન, શાન્ત, ગંભીર, સહનશીલ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદાર, ઉદાત્તચરિત બને છે. તેનામાં અત્યંત ઉત્સાહ ને સાહસ આવે છે. તેની પ્રજ્ઞા, મેધા ને ગૃહણશક્તિ તથા કલ્પનાશક્તિ સારી રીતે વિકાસ પામે છે. આત્મોન્નતિ ને ઉન્નત ભાવનાઓ માટે તેને તીવ્ર ઇચ્છા જાગે છે. ગૃહસ્થ બ્રહ્મચારીની સંતતિ પણ તેને અનુરૂપ શરીરે, મને ને આત્માએ શક્ત બને છે" (પૃષ્ઠ ૧૫૫).

પ્રૉ. એકસન પોતાના *Reproductive Organs* નામે પુસ્તકમાં લખે છે : બ્રહ્મચારીની "બુદ્ધિ કુશાગ્ર અને વિશદ હોય છે, તેનો અવાજ મોહક હોય છે. તેની વાક્છટા પ્રશંસનીય હોય છે. તેની યાદશક્તિ સારી હોય છે, તેનો સ્વભાવ આનંદી અને ઉત્સાહી હોય છે, તેનું મુખ તેજસ્વી હોય છે. તેના શરીરનો દરેક અવયવ પોતાનું કામ નિયમિત કર્યા કરે છે. એને થાક ભાગ્યે જ જણાય છે. એ ચિંતાતુર નથી હોતો. તેની ઇંદ્રિયો તેના કબ્જામાં રહે છે, કારણકે સુદૃઢ શરીર વાળા માટે સંયમ સાધ્ય છે. તેનો બધો વખત અભ્યાસ અને આનંદમાં જાય છે. તેને પોતાને પોતાની સમગ્ર શક્તિઓ પ્રતિદિન વધતી જણાય છે અને તે આગામી જીવન-સંગ્રામ માટે પોતાની જાતને હમેશાં તૈયાર રાખે છે" ('અભિનવ કામશાસ્ત્ર': ૧૯૭).

અને આપણી પ્રાચીન આશ્રમવ્યવસ્થામાં તો બ્રહ્મચર્યાશ્રમને બહુ મહત્ત્વનું સ્થાન આપ્યું છે. વિદ્યાર્થીએ ગુરુકુલમાં બ્રહ્મચર્ય પાળી વિદ્યાભ્યાસ કરવો એવો આપણો પ્રાચીન કાળે ધર્મ મનાયો હતો. આજે વિજ્ઞાનશાસ્ત્રીઓનો મત બંધાયો છે કે વિદ્યાર્થીઅવસ્થામાં બ્રહ્મચર્ય પાળવું જોઇએ. વિદ્યાપ્રાપ્તિને માટે બ્રહ્મચર્ય ખાસ આવશ્યક છે. વિષયસુખમાં જેનું ચિત્ત ભમતું હોય તે વિદ્યાની ઉપાસના ભાગ્યે જ કરી શકે છે. જેને ગહન ચિંતનો કરવાં હોય કે ગંભીર સંશોધનો કરવાં હોય તેને વિષયસુખમાં મન રાખ્યે પાલવે જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્નજીવનમાં બ્રહ્મચર્ય પાળતા સંસારીઓ પણ બીજા સામાન્ય લોક કરતાં શારીરિક અને માનસિક દૃષ્ટિએ તેમજ ચારિત્રની દૃષ્ટિએ વધારે સમર્થ હોય છે. લગ્નજીવનની જવાબદારી પણ તેઓ પેલાના કરતાં સારી રીતે સમજે છે અને અદા કરે છે. ત્યારે લગ્નજીવનમાં સ્ત્રીપુરુષનો તો એ જ ધર્મ રહ્યો કે સંતાનપ્રાપ્તિને માટે શરીરલગ્ન ને પછી બ્રહ્મચર્ય. યુવકોએ એ ઉમરે બ્રહ્મચર્ય પાળીને બળસંગ્રહ કરવો એ ધર્મ છે. પાછલી ઉમરમાં રોગ રોકવાની શક્તિ ઓછી થતી જાય છે, માટે જુવાનીમાં જ શરીર બળવાન કરી લેવું ઘટે, અને એટલા જ માટે એ કાળે વિષયેચ્છા ઉપર સંયમ રાખવો ઘટે.

અને આજીવન બ્રહ્મચર્યના પ્રતાપ વિષે મો. પોલ બ્યુરો (Paul Bureau) પોતાના *Towards Moral Bankruptcy* નામે પુસ્તકમાં લખે છે : “ વિષયદાસત્વમાંથી મુક્તિ આપનાર આજીવન બ્રહ્મચર્યને પાળનારા વીરોમાં એવાં યુવકયુવતીઓ પડ્યાં છે કે જેઓ કોઇ જીવનકાર્યનો નિશ્ચય કરી લઇ તેને વરે છે, અને બીજું લગ્ન કરવાની ના પાડે છે. કોઇએ પોતાનાં માતાપિતાની સેવા એ કર્તવ્ય માન્યું છે, તો કોઇએ પોતાનાં નમાયાં ભાઇભાંડુઓનાં માતાપિતાનું સ્થાન લેવાનો નિશ્ચય કર્યો હોય છે. કોઇ કળા અને વિજ્ઞાનને પોતાનું જીવન અર્પણ કરીને બેઠો હોય છે, તો કોઇ પીડિત અને રોગીઓની સેવાને અથવા શિક્ષણકાર્યને વરેલો હોય છે. આ નિશ્ચયના પાલનમાં કોઇને પોતાના વિકારોની સામે ભારે યુદ્ધ ખેલવાં પડ્યાં હોય છે, તો કોઇનો રસ્તો પરમાત્માએ સાફ રાખ્યો હોય છે. ગમે તેમ હોય, સૌ પોતપોતાના મન સાથે અથવા ઈશ્વરની આગળ પ્રતિજ્ઞા કરી લે છે કે જે ધ્યેયને વર્યા તે વર્યા, બીજા લગ્નનો વિચાર કરવો એ વ્યભિચાર છે. માઇકલ ઍંજેલોને કોઇએ વિવાહ કરવાની સૂચના કરી, ત્યારે તેણે કહેલું : ‘ ચિત્રકળા મારી એવી સહચરી છે કે તે કોઇ સપત્ની સાંખી નથી શકતી ’ ” (‘ નીતિનાશને માર્ગે ’ : ૨૬).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ આજીવન બ્રહ્મચર્ય પાળનાર ગાર્ગી અને સુલભા જેવી અનેક બ્રહ્મવાદિનીઓ તથા શંકરાચાર્ય. દયાનંદ, કેણ્ટ, ગેલીલિયો, ન્યૂટન. સ્પિનોઝા. વૉલ્ટેર. માત્સિની, ડાર્વિન જેવા અનેક બ્રહ્મચારીઓ જગતની મહાસેવા કરી ગયા છે, જગતગુરુનું સ્થાન પામી ગયા છે.

અને જાતિની સંસ્કૃતિનું માપ કે પ્રમાણ તેના જનબળથી કે ધનબળથી નથી નીકળતું. એ તો તેનાં સ્ત્રીપુરુષના સંયમથી — બ્રહ્મચર્યથી — જ નીકળે છે એ આપણે કદાપિ ન ભૂલીએ. અને ત્યારે સમાજને સંસ્કૃત કર્યે જવા માટે માત્ર વંશવર્ધન જ કરવું એમ નહિ, પણ [1]પર્વપ્રતિપર્વ (પેઢીદરપેઢી) સંયમી – બ્રહ્મચારી – સંતાન પેદા કર્યે જવાં. અને લગ્નનો એ જ એકમાત્ર હેતુ છે.

---

૧ વંશને – વાંસને – વચ્ચે વચ્ચે ગાંઠ – સીમા હોય છે એને પર્વન્ કહે છે. એ શબ્દ ઉપરથી પેઢી, પીરી, અંગ્રેજીમાં period શબ્દો નીકળ્યા છે. બે ગાંઠો વચ્ચેના ભાગને પીરી કહે છે. માનવવંશમાં પણ વંશજોની પેઢી કહેવાય છે. કાળવંશમાં પણ અમુક સીમા દેખાડનાર દિવસોને પર્વ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૪૯

બ્રહ્મચર્યની સાધના

સંસારમાં બ્રહ્મચારીઓનાં ઉજ્જવળ ઉદાહરણો મળી આવે છે, એ જ સિદ્ધ કરે છે કે બ્રહ્મચર્ય અશક્ય નથી, અસાધ્ય નથી. બેશક દુઃસાધ્ય છે અને તેને માટે સાધના સાધવી જોઇએ. દુઃસાધ્ય છે, માટે અસાધ્ય છે એમ માનીને કામેચ્છા ઉપરનો સંયમ જ છોડી દેઇને કામલેલુપતાના ઘોડા છોડી મૂકવા, એથી તો માનવજાતિની અવનતિ જ થાય, સંસ્કૃતિ ટળીને વિકૃતિ જ આવે. सत्यं वद એ ધર્માચાર અસાધ્ય તો નથી જ; પણ દુઃસાધ્ય છે માટે જ કંઇ એ આચાર-માર્ગ છોડી દેવાય નહિ, સાધના સાધીને પણ સુસાધ્ય કરી લેવો પડે. એમ બ્રહ્મચર્યને પણ સાધના વડે સુસાધ્ય કરી લેવું એ જ આપણો ધર્મ રહ્યો.

અને દુઃસાધ્ય બ્રહ્મચર્યને સુસાધ્ય કરી લેવા તો સાધના જ કરવી રહી. આત્મ-, સંતાન- અને સમાજ-કલ્યાણને માટે બ્રહ્મચર્ય પાળવું જ એવો દૃઢ સંકલ્પ કરવો એ એ સાધનાનું પ્રથમ અંગ છે. 'मरणं बिंदुपातेन जीवितं बिंदुधारणात् – એક પણ વીર્યબિંદુના પતનથી મરણ જ છે, તેને અખંડ ધારણ કરવામાં જ જીવન છે,' એ ખૂબ ગંભીરરૂપે મનમાં ઠસાવવું જોઇએ.

આપણી ઇન્દ્રિયોનો સ્વભાવ જ એવો છે કે તેની ઉપર સંયમ ન હોય તો તે પોતપોતાના વિષય તરફ દોડે છે, અને માટે જ કહેવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે માનવી પતનશીલ છે. અને વિષયભોગથી ઇન્દ્રિયોને તૃપ્તિ તો નથી જ થતી, ઊલટી એથી તો એની લાલસાઓ વધ્યે જ જાય છે. એક ઇન્દ્રિયના વિષયભોગથી બીજી ઇન્દ્રિયોની ભોગલાલસા વધે છે એવો પણ નિયમ છે. આથી સૌ ઇન્દ્રિયો ઉપર અને ખાસ કરીને કામેન્દ્રિય ઉપર સંયમ રાખવો એ જ બ્રહ્મચર્યની સાધના છે.

આખો દિવસ શુદ્ધ વિચારનાં માણસોના ને પુસ્તકોના સહવાસમાં ગાળવો, શુદ્ધ વિચારો કર્યા કરવા, રાત્રે પણ શુદ્ધ વિચારો કરતે કરતે સૂઇ જવું. એથી સ્વપ્નદોષ થવાનો પણ સંભવ નહિ રહે. વાત એટલી જ કે ઇન્દ્રિયો ભોગની દિશાએ વળે એવું તેમને વિચારમાં પણ સ્થાન ન આપવું.

અને એમ માનસિક સાધના સાધનાર બ્રહ્મચારીએ એવું અભિમાન તો કરવું ન જ ઘટે કે હું કોઇ પણ કારણે બ્રહ્મચર્યથી પતિત ન જ થાઉં. એવું અભિમાન ટાળી દેઇને પતનના દરેકે દરેક પ્રસંગથી દૂર રહેવું ને તે દૃષ્ટિએ જીવનચર્યાને માટે અમુક સ્થૂલ નિયમો પાળવા.

સ્ત્રીસહવાસથી પણ બનતા સુધી દૂર રહેવું. ટોલ્સ્ટોય કહે છે: “સ્ત્રીઓના સહવાસમાં કોઇ વિશિષ્ટ પ્રકારનું શુભ ને માર્દવપ્રેરક તત્ત્વ રહેલું છે એવી કલ્પના તમને થતી હોય તો એ કલ્પના ઉપર તમે શ્રદ્ધા રાખશો જ મા. એ બધો વિષયલોલુપતાએ ઊભો કરેલો ભ્રમ જ છે. માનવમાત્રના તેમ સ્ત્રીના સહવાસમાં આનંદ મળે એવું ઘણું છે; પણ તે માનવી તરીકે, સ્ત્રી તરીકે નહિ. સ્ત્રી તરીકેના સ્ત્રીસહવાસમાં ખાસ આનંદપ્રદ એવું કશું નથી. અને છતાં જો આનંદપ્રદ જેવું કંઇ લાગતું હોય તો તે વિષયલોલુપતાનો ભ્રમ છે, પછી ભલેને ગમે તેવા આચ્છાદન નીચે એ ઢંકાએલો હોય, છતાં એ વિષયલોલુપતાજન્ય ભ્રમ છે એમાં શક નથી” (‘સ્ત્રી અને પુરુષ’: ૫૯).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેથી મનુએ તો એટલે સુધી કહ્યું છે, કે

मात्रा स्वस्रा दुहित्रा वा न विविक्तासनो भवेत्।
बलवानिन्द्रियग्रामो विद्वांसमपि कर्षति॥ २:२१५॥

'પુરુષે માતા, બેન કે દીકરીની સાથે પણ એકાન્તમાં બેસવું નહિ, કારણકે ઇંદ્રિયોનો બળવાન સમુદાય વિદ્વાનને પણ ખેંચી જાય છે.'

घृतकुम्भसमा नारी तप्तांगारसमो नरः।
तस्माद्घृतं च वह्निं च न तु संतुकारयेत्॥

'સ્ત્રી ઘીના ઘડા જેવી છે, પુરુષ તપતા અગ્નિના અંગાર જેવો છે, માટે ઘીને અને અગ્નિને એકઠાં કરવાં જ ન ઘટે.' ત્યારે સ્ત્રીએ પુરુષનો ને પુરુષે સ્ત્રીનો એકાન્તસહવાસ સેવવો ન જ ઘટે.

બ્રહ્મચર્યવ્રત પાળનાર ગૃહસ્થાશ્રમી પુરુષે પણ પોતાના વ્રતનું રક્ષણ કરવા સતત પ્રયત્ન કરવા જોઇએ. એણે Davy's Lampની[1] પેઠે પોતાની કામશિખાનું રક્ષણ કરવું જોઇએ. સંતાનોત્પત્તિને માટે સ્ત્રીસહવાસ સાધે, પછી તેના સંસર્ગથી દૂર જ રહે. અને એટલા માટે પતિપત્નીએ પણ અલગ પથારીએ સૂવું ઘટે. કારણકે એકપથારી બ્રહ્મચર્યનો નાશ કરનારી છે, કામોદ્દીપક છે. કહ્યું છે કે

यत्रैकशयनस्थापि प्रमदा नोपभुज्यते।
असिधाराव्रतं नाम वदंति मुनिपुंगवाः॥

'એક પથારીએ સૂવા છતાં પ્રમદાને ન ભોગવવી એ તો ખરે જ તલવારની ધાર ઉપર ચાલવા જેવું વ્રત છે એમ મોટા મોટા મુનિઓ

૧. કોયલાની ખાણોમાં અંધારે કામ કરવા માટે દીવા લેઇ જવાતા. ત્યાંના અગ્નિવાહક વાયુનો સ્પર્શ થતાં ભડકો થઇ ઊઠતો, તેથી ખાણમાં ભડકો થઇ તે ઊડી જતી ને માણસો માર્યાં જતાં. આથી Sir Humphry Davyએ એવા ફાનસની શોધ કરી કે આસપાસ જડી દીધેલી જાળીમાંથી દીવાનો પ્રકાશ બહાર નીકળે, પણ ગરમી ન નીકળે. આથી ભડકો ન થાય. હવે તો એથી યે સલામત વિજળીના દીવા થયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કહે છે.' અને એટલા માટે વાત્સાયને પોતાનાં કામસૂત્રમાં प्रतिशय्यिका – અલગ પથારી, ને તે પણ જુદા ઓરડામાં રાખવાની કહી છે. અલગ પથારીથી બાળકોને પણ બ્રહ્મચર્યના સંસ્કાર પડતા જાય છે, એ મહત્ત્વની વાત છે.

અને ત્રણેક સંતાન થયા પછી તો વેદવ્યાસે કહ્યું છે એમ

आत्मात्मनैव जनितः पुत्र इत्युच्यते बुधैः ।
तस्माद्भार्यां नरः पश्येत् मातृवत्पुत्रमातरम् ॥

'પોતાના આત્મામાંથી પુત્રનો જન્મ થયો છે એમ ડાહ્યા પુરુષો કહે છે, માટે પુત્રની માતા થએલી ભાર્યાને પોતાની માતા જેવી ગણવી.' અને એમ એની સાથે કામસંબંધ ન રાખવો.

મનુ કહે છે: "બ્રહ્મતેજની કામનાવાળો શ્રેષ્ઠ દ્વિજ, સ્ત્રી પોતાની આંખો આંજતી હોય ત્યારે, તેલ ચોળીને બેઠેલી હોય ત્યારે, વસ્ત્ર વિનાની હોય ત્યારે અને બાળકને જન્મ આપતી હોય ત્યારે તેને જોવી નહિ" (૪ : ૪૪, શાન્તિપર્વ ૨૧૪ : ૧૨). બ્રહ્મચારીના ધર્મ વિષે પણ મનુ કહે છે: "બ્રહ્મચારીએ મધ, માંસ, સુગંધ, પુષ્પમાળા, રસ, આસવ, સ્ત્રી અને હિંસાનો ત્યાગ કરવો. શરીરે તેલ ચોળવું નહિ, આંખમાં અંજન આંજવું નહિ, જોડા પહેરવા નહિ, છત્રી ઓઢવી નહિ, કામક્રોધલોભનો ત્યાગ કરવો, નૃત્ય કરવું નહિ, ગીત ગાવાં નહિ, વાદ્ય વગાડવાં નહિ" (૨ : ૧૭૭, ૧૭૮).

આજે આપણને એમાં કંઈક અત્યુક્તિ લાગશે, પણ જ્યાં કામોદ્દીપન થતું લાગ્યું ત્યાં ઋષિએ મર્યાદા બાંધી ટૉલ્સ્ટૉય પણ કંઇક એમ જ કહે છે: "શણગારેલું ઘર, સુશોભિત રાચરચીલું, ટાપટીપ ભરેલો ભભકાદાર પોશાક, સંગીત, મઘમઘતાં તેલઅત્તર, સ્વાદિષ્ટ ને મસાલાદાર અન્નપાન ને સ્પર્શેન્દ્રિયને આનંદમગ્ન કરે એવાં લીસાં સુંવાળાં મૃદુ આસનશયનો — પંચેન્દ્રિયોને લાડ લડાવવા નિત્ય નવી શોધાતી યોજાતી આ સામગ્રી વિષયવાસનાને ઉત્તેજનારી વસ્તુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. . . . વિષયવાસના તો વીજળીની રોશની, શણગારસામગ્રી, ભભકાદાર વસ્ત્રાલંકાર, સંગીત, ખુશબોદાર અત્તરો, સ્વાદિષ્ઠ વાનીઓ ને મૃદુ આસનશયનોથી ઉત્તેજાય છે" ('સ્ત્રી અને પુરુષ' : ૧૬૦).

વળી,

स्मरणं कीर्तनं केलीः प्रेक्षणं गुह्यभाषणम् ।
संकल्पोऽध्यवसायश्च क्रियानिवृत्तिरेव च ॥
एतन् मैथुनमष्टांगं प्रवदन्ति मनीषिणः ।
विपरीतं ब्रह्मचर्यमेतदेवाष्टलक्षणम् ॥

'સ્ત્રીનું સ્મરણ, કીર્તન, તેની સાથેની ક્રીડા, દર્શન, ગુપ્ત વાતો, એને વિષેના સંકલ્પ, એકાન્ત વાસ અને સમાગમ, એ આઠે ક્રિયાઓથી દૂર રહેવું. કારણકે વિદ્વાન પુરુષોએ એ આઠેને મૈથુનનાં લક્ષણ કહ્યાં છે ને તે આઠે લક્ષણ બ્રહ્મચર્યનો નાશ કરનાર છે.'

બ્રહ્મચારીએ પાંચે ઇન્દ્રિયોની વાસના ઉપર સંયમ રાખવો ઘટે. ડૉ. કેલોગ પોતાના *Plain Facts* નામે પુસ્તકમાં લખે છે: "નૃત્ય જોવાથી મનોભાવ ઉત્તેજિત થઇ જાય છે, દુર્વાસનાઓ જાગી ઊઠે છે અને તેથી માણસ કુકર્મોમાં પ્રવૃત્ત થઇ જાય છે. એવાં કુકર્મો સઘળા સદાચારને ધક્કો મારે છે અને માણસની શારીરિક તથા માનસિક ઉન્નતિનો નાશ કરે છે."

દર્પણમાં મોં જોયા કરવાથી પણ દુર્વાસના ઉત્તેજિત થાય છે. હેવલોક એલીસ પોતાના *Sexual Selection in Man* નામે પુસ્તકમાં એ વિષે આમ લખે છે: "આજકાલ વેશ્યાઓનાં મકાનમાં તથા બીજાં મોહક સ્થાન ઉપર દર્પણનો ઉપયોગ મોટા પ્રમાણમાં થતો જોવામાં આવે છે. ભોળાં બાળકો પોતાને દર્પણમાં જોઇ પોતાના વિષયમાં તરેહ તરેહની કલ્પનાઓ કરવા લાગે છે; અને એ રીતે સૌથી પ્રથમ, દર્પણ દ્વારા જ દુર્વાસનાઓનું બીજ તેમનામાં રોપાય છે." અને એટલા માટે તો એને દર્પણ (દૃપ = આનંદથી ઉત્તેજિત થવું) કહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ લેખક એ જ પુસ્તકમાં સંગીત વિષે આમ કહે છે: "એમાં કશો ય સંદેહ નથી કે ભિન્નભિન્ન પ્રાણીઓમાં – ખાસ કરીને જંતુવર્ગમાં, પતંગિયાંમાં, અને પક્ષીઓમાં સંગીતનો ઉદ્દેશ નર તરફ માદાને આકર્ષવાનો જ હોય છે. ડાર્વિને આ વિષયમાં ઘણું અવલોકન કર્યું છે અને તે આ સિદ્ધાન્તને સ્વીકારે છે. . . . આ ઉપરથી ગાવાનો અને યૌવનના માનસિક ભાવોનો પરસ્પર ઘણો સંબંધ છે એમ સમજવામાં જરા પણ સંદેહ રહેતો નથી." સ્પર્શથી પણ વિકાર થવાનો ઘણો સંભવ છે.

અને વિકાર પામેલા મનને અંકુશમાં રાખવું દુષ્કર છે. માટે વિકાર જ થાય નહિ એવી સ્થિતિપ્રવૃત્તિ રાખવી એ બ્રહ્મચર્યને સુસાધ્ય કરવાની એક સાધના છે. પાણી પહેલાં જ પાળ બાંધવી એ પણ એક સુંદર સાધના છે.

આથી બ્રહ્મચર્ય પાળવાની ઇચ્છા રાખનારે ઇંદ્રિયવિલાસનો ત્યાગ કરવો, સારા વિચાર ને કર્મમાં પ્રવૃત્ત રહેવું, પુરુષે સત્પુરુષના ને સ્ત્રીએ સત્સ્ત્રીના સહવાસમાં રહેવું; સારા વાચનનું ને વિચારનું સેવન રાખવું. સરલ જીવન જીવવું ને સત્કર્મમાં કાળનિર્ગમન કરવું. અને મહત્ત્વની વાત તો એ છે કે બ્રહ્મચર્ય પાળવાની દૃઢ પ્રતિજ્ઞા વારંવાર યાદ કર્યા કરવી અને બ્રહ્મચર્યને સુરક્ષિત રાખવાને જે જે યોગ્ય લાગે તે બીજા અનેક ઉપાયો પણ યોજવા જોઇએ.

પણ સૌથી મહત્ત્વની વાત તો એ છે કે શિક્ષાગુરુએ શાળામાંથી જ શિષ્યોને એ માર્ગે ચઢાવવા. આજના આપણા અભ્યાસક્રમમાં ને પાઠ્યપુસ્તકોમાં બ્રહ્મચર્યને સ્થાન જ નથી, કામોદ્દીપક જ સાહિત્ય મોટે ભાગે શિખવાય છે. ત્યારે આપણી વર્તમાન શિક્ષણપ્રણાલિકા જ બદલાવી જોઇશે.

અને આપણે સદૈવ ધ્યાનમાં રાખવું જોઇએ કે બ્રહ્મચર્ય એ જ માનવીનું ને જાતિનું ગૌરવ છે, એ જ સાચી સંસ્કૃતિ છે.

इति ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવનીત

૧. સમગ્ર વિશ્વમાં સમસ્ત વનસ્પતિ ને પ્રાણી ઉપર જે એક નિયમ પ્રચંડભાવે રાજ્ય કરી રહ્યો છે, તે આત્મરક્ષણની ને વંશવર્ધનની પ્રેરણા – આત્મરક્ષણની ચિરંજીવ ને ઉત્કટ પ્રેરણા એ જ વંશવર્ધનની પ્રેરણા છે. માનવજાતિ આ મહાનિયમમાંથી છટકી શકી નથી, છટકી શકે એમ પણ નથી. એ પ્રેરણાએ એણે લગ્નની યોજના કરી છે. (પૃષ્ઠ ૪૬૧)

૨. ત્યારે નિયમ એ હોય કે વંશવર્ધનની પ્રેરણાએ જ લગ્ન થાય, જેને એ પ્રેરણા ન થાય તે લગ્ન ન કરે. સૌએ લગ્ન કરવું જ જોઇએ એવી ફરજ કોઇને ન પાડી શકાય; વંશવર્ધનની પ્રેરણા થયે પણ લગ્ન ન કરવું એવી અટકાયત પણ કોઇને — વિધવાને પણ — ન થાય. (૪૬૨)

૩. આત્મરક્ષણ અને વંશવર્ધનને માટે પ્રથમ સ્થાન ગૃહ છે. પણ માનવી સામાજિક પ્રાણી બન્યો છે, એટલે સમાજ એનું વિશાળ રક્ષણસ્થાન છે. સમાજના રક્ષણમાં જ એનું સાચું રક્ષણ છે, માટે સમાજના રક્ષણ માટે પણ એણે પ્રયત્ન કરવો જોઇએ. એ પ્રયત્નનું નામ સમાજસેવા. પુરુષાર્થ એ પોતાની ને યજ્ઞાર્થ એ સમાજની સેવા છે. આત્મરક્ષણ ને વંશવર્ધન માટેનું ગૃહ એ સમાજ-દેહનું નાભિચક્ર છે. સમસ્તદેહનું રક્ષણ કર્યે જ નાભિચક્રનું સાચું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્ષણ થઇ શકે. સમાજ સમગ્ર છે, गृह એનું एकम् છે. સમાજની વર્તમાન સેવા પોતાના પ્રયત્નથી થાય, ભાવિ સેવા તો ઉન્નત સંતતિ જ તેને ચરણે સમર્પ્યે થાય. એમ વંશપરંપરા ઉન્નત સંતતિ સમર્પ્યે જવાય તો સમાજનો ઉન્નત માર્ગે વિકાસ થાય. લગ્નજીવનનો ને ગૃહજીવનનો આ જ એકમાત્ર હેતુ. (૪૬૩)

૪. ત્યારે વિષયવાસના માટે નહિ પણ "પોતાના પે કરતાં ઉન્નત સંતતિના સર્જન માટે એ જણ જે ઇચ્છા કરે તેને હું લગ્ન કહું છું" — જર્મન વિચારક નીચે (Nietzsche). (૪૬૭)

૫. ઉન્નત વંશવર્ધન એ કલ્યાણલગ્નનો એકમાત્ર હેતુ છે. એ હેતુ ભૂલીને સ્ત્રી કે પુરુષ માત્ર વિષયવાસના તરફ જ દૃષ્ટિ રાખે ત્યાં એ લગ્નસંબંધ નહિ, પણ વ્યભિચારસંબંધ બને છે; કારણકે ત્યાં લગ્ન તો માત્ર નામનું છે, વ્યભિચારને કાયદેસર ઠરાવવાની ક્રિયામાત્ર છે (૪૭૧). કાયદેસર એટલા માટે કે સમાજે એ વ્યભિચાર ઉપર લગ્નને નામે સીલશિક્કો માર્યો છે. (૪૬૫)

૬. ત્યારે સો ગળણે ગાળીને પાણી પીવું ઘટે. સ્ત્રીપુરુષે પ્રેમાન્ધ બનીને નહિ, પણ બહુ વિચાર કરીને લગ્ન કરવું ઘટે, ઇષ્ટ ધ્યેય સાધવાને માટે પોતાના એ ધ્યેયને અનુકૂળ જીવનસાથી શોધી લેવો ઘટે. સ્નેહને નામે ઊંધું જોઇને પરણનારને પછીથી પસ્તાવું પડે છે. ત્યારે સ્વભાવપ્રતિકૂળ સ્ત્રીપુરુષ સ્નેહને નામે મોહથી છેતરાઇને લગ્ન કરે તો તેનાં પરિણામ અનિષ્ટ જ નીવડે. માટે જ લગ્ન કરતાં ઇષ્ટ સ્વજનોની સલાહ પણ લેવી ઘટે. (૪૬૬)

૭. પણ સ્ત્રીપુરુષમાં સ્વભાવપ્રતિકૂળતા હોય તો ય લગ્નહિત તરફ દૃષ્ટિ રાખીને ઉદારવૃત્તિથી અમુક સીમા સુધી તો તે વેઠી જ લેવી ઘટે. છતાં લગ્નનો હેતુ સફળ થવાની સર્વ આશાઓ તૂટી જ પડતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાય, તો એ સ્ત્રીપુરુષ બંને પોતાની ઇચ્છાએ અથવા એમાંથી એકની પણ ઇચ્છાએ એ લગ્નને નિરર્થક કરે, લગ્ન વિચ્છિન્ન કરે. (૪૭૧)

૮. જે સ્ત્રીપુરુષ ઊંચા પ્રકારની સંસ્કૃતિ પ્રાપ્ત કરીને યથાર્થ હેતુએ જીવનધારણ કરી રહ્યાં હોય છે, તેઓ આત્મરક્ષણની ઉપેક્ષા કરે છે, નિર્ભય – મૃત્યુંજય બની જાય છે; વંશવર્ધનની પણ ઉપેક્ષા કરે છે, આજીવન બ્રહ્મચર્ય પાળે છે, સમાજને પોતાની સંતતિ માને છે ને તેની જ સેવામાં જીવન વ્યતીત કરે છે. સમાજસેવા એ જ એમનું જીવનવ્રત છે. (૪૬૧)

૯. તેવાંમાંથી જે સ્ત્રીને કે પુરુષને સમાજસેવામાં કોઇ પુરુષના કે સ્ત્રીના સહકારની જરૂર લાગે તો તે તેનો સહકાર જરૂર સાધે, પણ શરીરલગ્ન તો ન જ કરે. પ્રજનનની પ્રેરણા વિના શરીરલગ્ન પાપ છે, તેવે પ્રસંગે તો બ્રહ્મચર્ય જ પુણ્ય છે. (૪૭૩)

૧૦. પોતાના મૃત્યુ ઉપર વિજય મેળવીને પોતાને સંતત રાખવા માટે શારીરિક સંતતિને જન્મ આપવો, એ જ હેતુએ શરીરલગ્ન યોજવું; અને પછી પતિપત્નીએ ભાઇબેન જેવો સંબંધ રાખવો, બ્રહ્મચર્ય પાળવું એ ગૃહસ્થધર્મ છે, તપશ્ચર્યા છે. (૫૪૫)

૧૧. અને બ્રહ્મચર્ય એટલે શું? ઇંદ્રિયવિષયો ભોગવવાની વૃત્તિ ને શક્તિ અખંડ હોય, તે ભોગવવાને સર્વ સંયોગો અનુકૂળ હોય, છતાં યે કોઇ ઉચ્ચ ધર્મહેતુએ એ વિષયો ભોગવવાની વૃત્તિ ઉપર અંકુશ રાખી શકાય તો જ એ અંકુશને સંયમ કહી શકાય. અને એવાં સંયમી સ્ત્રીપુરુષની ધર્મદષ્ટિએ વિષયમાં પ્રવૃત્તિ તે બ્રહ્મચર્ય. એવો આત્મસંયમ જ માનવીને તારે છે, બાકી બહારથી આવી પડેલું બંધન તો ડુબાડે છે. (૫૪૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨. બ્રહ્મચર્ય પાળવાની ઇચ્છા રાખનારે ઇંદ્રિયવિલાસનો ત્યાગ કરવો, સારા વિચારમાં ને કર્મમાં પ્રવૃત્ત રહેવું, પુરુષે સત્પુરુષના ને સ્ત્રીએ સત્સ્ત્રીના સહવાસમાં રહેવું; સારા વાચનનું ને વિચારનું સેવન રાખવું. સરલ જીવન જીવવું ને સત્કર્મમાં કાળનિર્ગમન કરવું. અને સૌથી મહત્ત્વની વાત તો એ છે કે બ્રહ્મચર્ય પાળવાની દૃઢ પ્રતિજ્ઞા વારંવાર યાદ કરવી અને બ્રહ્મચર્યને સુરક્ષિત રાખવા જે જે યોગ્ય લાગે તે બીજા અનેક ઉપાયો પણ યોજવા. (૫૬૦)

૧૩. અને જાતિની સંસ્કૃતિનું માપ કે પ્રમાણ તેના જનબળથી કે ધનબળથી નથી નીકળતું. એ તો તેનાં સ્ત્રીપુરુષના સંયમથી — બ્રહ્મચર્યથી — જ નીકળે છે, એ આપણે કદાપિ ન ભૂલીએ અને ત્યારે સમાજને સંસ્કૃત કર્યે જવા માટે માત્ર વંશવર્ધન જ કરવું એમ નહિ, પણ પર્વપ્રતિપર્વ (પેઢીદરપેઢી) સંયમી — બ્રહ્મચારી — સંતાન પેદા કર્યે જવાં. (૫૫૪)

૧૪. પણ માનવપુરુષે પોતાની સ્વાભાવિક પ્રેરણાને બહેકાવી મૂકી પોતાની કામલોલુપતાને વધારી મૂકી છે. એ કામલોલુપતાને પરિતૃપ્ત કરવા પોતાના સત્તાબળનો ઉપયોગ કરીને લગ્નના એ સુંદર, પવિત્ર હેતુનો નાશ કરી મૂક્યો છે. લગ્નને નામે એણે વ્યભિચાર પ્રવર્તાવી મૂક્યો છે, નારીજન ઉપર અત્યાચાર પ્રવર્તાવી મૂક્યો છે. આ પ્રકારના વ્યભિચારને પોતાને સત્તાબળે પુરુષે લગ્નનું નામ આપીને નિર્દોષ ઠરાવી દીધો છે અને એ રીતે નિર્દોષ નારીજન પ્રત્યે એ પ્રપંચ રચી રહ્યો છે. આજે કામલોલુપતા જ લગ્નનો હેતુ થઇ પડ્યો છે. એથી જાણ્યે અજાણ્યે વંશવર્ધન થાય, એટલું એ જ; એમ સંતાન તો આકસ્મિક ગૌણ પરિણામ – By-product – જ છે. (૨૧૬)

૧૫. પણ, એમ અકસ્માત થતાંય બાળકોની ઉપાધિમાંથી બચી જવાય ને કામવિલાસ નિરંકુશ ભોગવી શકાય – બેજવાબદાર બન્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં કામવિલાસના ઘોડા બે-લગામ છોડી મુકાય, એટલા માટે પુરુષ દાક્તરે એને સંતતિનિરોધનાં સાધનો શોધી આપ્યાં. (૩૨૫)

૧૬. અને પુરુષ પોતાની કામલોલુપતા નિર્વિઘ્ને પરિતૃપ્ત કરી શકે, સ્ત્રી એમાં વિરોધ ન કરે, એટલા માટે એણે એને અનેક રીતે નિર્બળ બનાવી મૂકી છે ને પછી એ નિર્બળતાનો એણે લાભ લીધો છે. ગૅલિકન કહે છે એમ "સ્નેહ, જાતિ અને લગ્નના પ્રદેશમાં લાંબા કાળના વંશાનુગત અજ્ઞાનને પરિણામે પુરુષ કરતાં સ્ત્રીને વધારે ખમવું પડ્યું છે જીવનનાં સત્યો સ્ત્રીઓની નજરે ન પડે એવી રીતે સંતાડી રાખવાનો પ્રપંચ પંડિતો ને કવિઓ પણ અનેક વાર રમ્યા છે." (૩૫૦)

૧૭. આ પ્રપંચથી તો સમાજનો નાશ થઇ રહ્યો છે. એમાંથી સમાજને બચાવવો હશે તો આ પ્રપંચનો જ નાશ કરવો જોઇશે. સ્ત્રીનું, પુરુષનું ને સમાજનું સાચું કલ્યાણ તો એ છે કે પોતાની કામલોલુપતાને પોષવા સ્ત્રીના ઉપર પુરુષે ગુલામગીરીની જે બેડી ઠોકી બેસાડી છે, તે જ તોડવી જોઇશે; પુરુષ એનો વિષયસ્વામી થઇ બેઠો છે, એણે એ સ્વામીત્વનો અધિકાર ઉઠાવી લેવો જોઇશે; અને એને કલ્યાણલગ્નની સાચી ભાવના પામવા દેવી જોઇશે. (૪૫૦)

૧૮. અને એટલા માટે લગ્નજીવનમાં સ્ત્રીપુરુષને સમાનતા હોવી જોઇશે. મોટી ઉમરના પુરુષ સાથે નાની ઉમરની સ્ત્રીનું લગ્ન થયે સ્ત્રીની અનેક અંશે અવનતિ થાય છે. સ્ત્રીપુરુષનો શારીરિક, માનસિક ને આત્મિક વિકાસ સમાનભાવે પક્વ થાય, એટલા માટે આશરે બંનેની ૨૦–૨૦ વર્ષની ઉમરે તેમનું લગ્ન થવું જોઇએ. (૩૯૨)

૧૯. અને એ દંપતી ઘરની ને સમાજની સમાનભાવે સેવા કરે. પણ એ સેવા કરતાં એટલું ધ્યાનમાં રાખવું ઘટે કે સ્ત્રી-પુરુષનાં શારીરિક ને માનસિક અંગ ભિન્ન ભિન્ન ભાવે વિકસિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયાં છે. સ્ત્રી અને પુરુષ બંને પોતપોતાને જુદે જુદે માર્ગે – સ્ત્રી જનનીમાર્ગે, પુરુષ જનકમાર્ગે – વિકાસ પામ્યે જાય છે. પણ તેથા એ એમાંથી કોઇ ઊંચું નથી, કોઇ નીચું નથી, પોતપોતાને સ્થાને બંને શ્રેષ્ઠ છે. એકબીજાની તુલનામાં બંને પ્રકારના ગુણોની જરૂર છે, પુરુષગુણ એકલા અપૂર્ણ છે, સ્ત્રીગુણ પણ એકલા અપૂર્ણ છે. બંનેનો સમન્વય થાય તો જ સેવા સફળ થાય, पंग्वन्धवत्. (૫૦૫)

૨૦. અને ત્યારે એ સેવા માટે સમજવું જોઇશે કે પતિપત્ની લગ્ને તો એક થયાં, પણ બીજી રીતે – શરીરે અને બુદ્ધિએ – તો સ્વાભાવિક રીતે જ જુદાં જુદાં કાર્ય કરી શકે. પુરુષમાં બીજધર્મ – જનકધર્મ છે, એટલે એ સ્વતંત્રભાવે સદાસર્વદા બહાર રખડી શકે છે, તેમાં એને બહુ અંતરાય નડતો નથી. સ્ત્રીમાં ક્ષેત્રધર્મ – જનનીધર્મ છે, એટલે બહાર રખડવામાં એને વારંવાર અંતરાય નડે છે, અનેક પ્રતિકૂળતાઓ નડે છે, એટલે એને ઘરમાં રહેવું અનુકૂળ પડે છે. આથી સ્ત્રી ઘેર રહી પ્રજનન કરે અને સંતાનસેવા કરે, સાથે સાથે અનુકૂળ હોવાથી ગૃહવ્યવસ્થા પણ કરે; પુરુષ એ સ્ત્રીસંતતિ – કુટુંબ – માટે જીવનનિર્વાહની વ્યવસ્થા કરવા બહાર ફરે. (૫૧૦)

૨૧. વળી ગૃહસેવા ઉપરાંત સમાજની – એટલે પોતાની પણ – ઉન્નતિ અર્થે સ્ત્રીપુરુષે સમાજસેવા કરવાની છે. તેમાં પણ એ બંનેએ પોતાના ગુણસ્વભાવને અનુકૂળ જુદે જુદે સ્વરૂપે એ સેવા કરવાની છે. માત્સિની કહે છે એમ: " માનવજાતિની સેવાના બે સ્વાભાવિક વિભાગો પડે છે: એક વિભાગ એ કે વર્તમાન માનવજાતિના કલ્યાણમાં વૃદ્ધિ કરવી; અને બીજો એ કે ખુદ માનવજાતિને સતત ચાલુ રાખવી. બીજા પ્રકારની સેવા કરવાની શક્તિથી પુરુષો વંચિત છે, એટલે પહેલા પ્રકારની સેવા કરવાનો ધર્મ એમને સોંપાયો છે અને બાજા પ્રકારની સેવા સ્ત્રીઓને સોંપાઇ છે, કારણકે કેવળ એમનામાં જ એ પ્રકારની સેવા કરવાની શક્તિ રહેલી છે. " (૫૨૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨. અને એ સેવાઓમાં પતિપત્નીના ધર્મ પરસ્પર પ્રત્યે, સંતાન પ્રત્યે, અને સમાજ પ્રત્યે નિરનિરાળા છતાં, એકબીજાને એ ધર્મો પરસ્પરસહાયક છે, પરસ્પરપૂરક છે. બંનેના ધર્મનો જ્યારે સમન્વય થાય છે ત્યારે જ પંગ્વન્ધવત્ સમસ્ત ને સંપૂર્ણ બની તેઓ એકબીજાની, ગૃહની ને સમાજની સેવા કરી શકે છે, નહિ તો એક બીજા વિના અંધ છે, પંગુ છે. (૫૧૯)

૨૩. પણ પશુમાંથી માનવીનો અવતાર થયો ત્યારથી જ પુરુષ સ્ત્રી કરતાં શરીરબળિયો હતો, અને તેથી સ્ત્રીને દબાવતો આવતો હતો. પરિણામે જ તેણે સ્વાભાવિક માતૃગૃહની સંસ્થા ધીરેધીરે તોડી નાખી ને પિતૃગૃહની સ્થાપી દીધી. પછી તો તેણે પોતાને ઊંચો માન્યો, સ્ત્રીને નીચી માની; પોતાની સેવાને મહત્ત્વની માની, સ્ત્રીની સેવાને તુચ્છ માની. વળી એણે સેવામાં અધિકારનાં બીજ વાવ્યાં, સ્ત્રીને પુરુષના સેવાક્ષેત્રમાં પેસવાનો અધિકાર નથી એમ માન્યું, મનાવ્યું. આમ પુરુષે પ્રભુવૃત્તિ (Superiority Complex) ધારણ કરી. (૫૧૧)

૨૪. પુરુષે સમાજમાં આ દુર્ભાગ્ય ખડું કર્યું, પણ સ્ત્રીએ એ વાત માની લીધી તે દિવસે સમાજનું એ દુર્ભાગ્ય પરિપૂર્ણ થયું. સ્ત્રીએ પોતાને પુરુષની દાસી માની લીધી. પુરુષની સેવા કરતાં પોતાની સેવાને તુચ્છ માની લીધી અને એમ પોતાની દાસ્યવૃત્તિ (Inferiority Complex) સ્વીકારી લીધી. આ ભ્રમણાએ તે પુરુષની સાથે સર્વ ક્ષેત્રમાં સ્પર્દ્ધા કરીને સમાનતા પ્રાપ્ત કરવા મથી રહી છે, સેવા ભૂલીને અધિકારને નાદે ચઢી છે; અનેક પ્રકારે એ પોતાને પરાધીન માની રહી છે ને તેમાંયે તેને આર્થિક પરાધીનતા અતિઘણી સાલી રહી છે. પુરુષના સેવાક્ષેત્રમાં ધસી જઈ તેની સ્પર્દ્ધા કરવાથી પોતાને મુક્તિ મળશે એમ માનીને આજે એવી સ્પર્દ્ધા કરી રહી છે, એ એનું ને સમસ્ત સમાજનું દુર્ભાગ્ય છે. (૫૧૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫. પણ સ્ત્રી અને પુરુષ એ બે પ્રકૃતિથી જ શરીરે, સ્વભાવે ને ગુણે ભિન્ન હોવાથી એ બેના સ્વાભાવિક ધર્મ પણ ભિન્ન જ હોઇ શકે. એક બીજાના ક્ષેત્રમાં પ્રવેશીને બંનેનાં સેવાક્ષેત્રને એકાકાર કરી નાખે તો સમાજને કે સ્ત્રીપુરુષમાંથી કોઇને લાભ નથી, હાનિ જ છે. परधर्मो भयावहः એ ગીતાવાક્ય અહીં અક્ષરશઃ સાચું છે. (૫૧૯)

૨૬. ત્યારે પુરુષના કાર્યક્ષેત્રમાં તેની સ્પર્ધા કરવી એ સ્ત્રીની દાસ્યવૃત્તિનો નાશ કરવાનો સાચો ઉપાય નથી. સાચો ઉપાય તો એ જ છે કે સ્ત્રીએ પોતાનું સ્વાભાવિક ને સાચું સ્થાન જાણવું, પોતે જનની છે એ સમજવું. જનનીસહજ કાર્યક્ષેત્રમાં રહી ત્યાં ઉત્તમ પ્રકારે સમાજસેવા કરવી. એ ક્ષેત્રમાં એ પોતે અબળા નથી, પણ પ્રબળ જગદંબા છે, એમ સમજવું. એકંદરે એને પોતાનું સાચું આત્મજ્ઞાન થવું, એ જ એના પોતાની દાસ્યવૃત્તિના નાશનો સાચો ઉપાય છે; એમાં જ એનો, પુરુષનો ને સમસ્ત સમાજનો ઉદ્ધાર છે. (૫૧૭)

૨૭. કૌટુંબિક જીવનના રક્ષણને માટે ધનની પણ જરૂર છે. સંતાનસેવાનો ધર્મ સ્ત્રી સારી રીતે બજાવી શકે, એટલા માટે એને ધનોપાર્જનની ચિંતામાંથી મુક્ત કરી દેવી ઘટે – ધનોપાર્જનનો ધર્મ પુરુષે પોતે ઉઠાવી લેવો ઘટે. જેમ સંતાન પ્રત્યે માતાપિતાનો સમાન ધર્મ છે, તેમ ધન પ્રત્યે પતિપત્નીનો સમાન ધર્મ છે, સમાન અધિકાર છે. એ બે સહાધિકારી છે. ગૃહનાં એ બે દંપતી છે. (૫૨૮)

૨૮. અને પતિપત્નીને સાચી રીતે દંપતી માનીએ તો મિલકત ઉપર બંનેના સમાન અધિકાર માનવા જોઇએ. પતિપત્ની એક જ રૂપ છે અને તેટલા માટે પતિ જીવતાં, સંયુક્ત કે વિભક્ત કુટુંબમાં, તેના સરખા જ અધિકાર પત્નીના હોવા જોઇએ. પતિ મરતાં તેનું જ સ્થાન તેની પત્નીને મળવું જોઇએ. પતિ જીવતે જો લગ્નવિચ્છેદનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગ આવે તો દંપતીની મિલકતમાંથી તેને અર્ધો ભાગ મળવો ઘટે. (૪૨૭).

૨૯. પણ પુરુષના સ્ત્રી પ્રત્યેના આર્થિક પ્રપંચથી – એ ધન કમાય છે માટે જ પોતાને ઊંચો માને છે, સ્ત્રીને નીચી માને છે, તેથી સ્ત્રીમાં દાસ્યવૃત્તિ જન્મ પામી, પુરુષમાં પ્રભુવૃત્તિ જન્મ પામી. (૫૨૮)

૩૦. આમ સમસ્ત સમાજ અસ્તવ્યસ્ત થતો જાય છે ને તેનો મૂળ પાપભાગ પુરુષને જ માથે છે. ત્યારે સમાજને સર્વાંગસુંદર બનાવવો હોય તો પુરુષે સ્ત્રીને સાચી રીતે મુક્તિ આપવી જોઇશે, તેને તેનું સાચું ધર્માસન પાછું સોંપવું જોઇશે. (૫૩૩)

૩૧. અને અધર્મવશ થઇ પુરુષ ન સોંપે તો સ્ત્રીએ સ્નેહસંગ્રામ, સેવાસંગ્રામ મચાવીને પણ પોતાનું એ સાચું ધર્માસન પ્રાપ્ત કરવું જ જોઇશે (૫૩૩). અને એમ પોતાનું સાચું ધર્માસન પ્રાપ્ત કરીને સ્ત્રી સાચી ગૃહરાજ્ઞી બને તો એની પરાધીનતાનો નાશ થાય જ. સ્ત્રી-પુરુષના સેવાપ્રદેશ સમાન બને. એની સેવાની કદર થયા વિના રહે જ નહિ. પુરુષવર્ગ એને ચરણે આભારથી માથું નમાવે. (૫૩૬)

૩૨. અને સેવાધર્મમાં અધિકારનો પ્રશ્ન તો ઊભો થઇ શકતો જ નથી, અથવા ધર્મ પાછળ અધિકાર તણાતો જ આવે છે. અને સ્ત્રીઓ એમ જો પોતાનો સેવાધર્મ બજાવશે તો સૂર્યની પાછળ પ્રકાશ તો એની મેળે જ ચાલ્યો આવે છે તેમ ધર્મની પાછળ અધિકાર તો એની મેળે જ ચાલ્યો આવશે, અને સ્વતંત્રતા પણ. (૪૫૪)

૩૩. ફરી કહું છું કે પુરુષ આ વાતો ન સમજે તો, બેનો, તમારે તો સમાજના ઉદ્ધાર માટે એ સમજવી જ જોઇશે. પુરુષનાં તમારા ઉપર માલેકીબંધન છે, તે સેવાધર્મ વડે છેદી નાખવાં જોઇશે. આર્થિક સમાનતા પ્રાપ્ત કરીને સાચાં દંપતી થવું જોઇશે. પુરુષની સાથે તેનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચાં સહચરી, સહભાગિની. સહધર્મિણી થવું જોઇશે. જાતિભેદને જ કારણે જે કંઇ વિશિષ્ટ અધિકાર પુરુષે દબાવી રાખ્યા હોય તે સૌ પાછા મેળવવા જોઇશે. અને એમ કરતે કરતે એણે બળાત્કારે સ્થાપેલી કૃત્રિમ પિતૃગૃહ-સંસ્થાને ગાળી નાખી સ્વાભાવિક માતૃગૃહ-સંસ્થાની સ્થાપના કરશો, ત્યારે જ સાચી સમાનતા ને સ્વતંત્રતા દેખશો. તે વારે પુરુષ વર્તમાન જીવનસેવાને માટે યોગ્ય આયોજન કરશે, તમે ભાવિ જીવનસેવાને માટે ઉન્નત સંતતિ ઉછેરશો. પોતપોતાના ધર્મ પાળીને બંને સમાન થયાં હશો ને ત્યારે જ સાચી રીતે બોલી શકશો : सहनाववतु सहनौ भुनक्तु सहवीर्यं । करवावहै तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै ॥ 'આપણે પરસ્પર એકબીજાનું રક્ષણ કરીએ, આપણે સાથે આનંદ ભોગવીએ, આપણે પરસ્પર એકબીજાની શક્તિ વધારીએ, આપણે સાથે રહી આપણા જ્ઞાનથી સંસારને તેજસ્વી કરીએ, આપણે એકબીજાનો દ્વેષ ન કરતાં સ્નેહથી સાથે રહીએ.'

૩૫. અને ત્યારે જ તમારો, પુરુષનો ને સમસ્ત સમાજનો ઉદ્ધાર થશે.

૩૬. અને એ સ્થિતિ લાવવા માટે, આજે લગ્નવેદી ઉપર વધેરાતી અને પુરુષને હાથે હલાલ થતી બેનો,

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરક અધ્યાય

લેખક

કિશોરલાલ ઘ. મશરૂવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરક અધ્યાય

૧

આજના જમાનામાં જીવનના સર્વે પ્રશ્નોને વર્ગવિગ્રહની પરિભાષામાં વિચારવાનો રિવાજ પડ્યો છે. એવો ગણાવાતો એક વર્ગ-વિગ્રહ તે સ્ત્રી-પુરુષનો ઝગડો છે. જેમની જેમની વચ્ચે વિગ્રહ ચાલતો આવેલો મનાયો છે. એવા સર્વે વર્ગોમાં, કદાચ, સ્ત્રીપુરુષના વર્ગો, એક રીતે, સૌથી વધારે સાચા ગણાય; અને જો વર્ગવિગ્રહ એ એક અનિવાર્ય વસ્તુ હોય તો તે બેની વચ્ચેનો ઝગડો મટાડવાનો કદાચ ઉપાય પણ ન મળે. કારણ, માલિક-મજૂર જેવા બીજા સર્વે વર્ગો, ગમે તેટલા પ્રાચીન કાળથી હોય તો યે માણસ જાતે પોતે બનાવેલા છે; એટલે, તેનો અંત આણવાની આશા સેવે. પણ, સ્ત્રી-પુરુષનો વર્ગ કુદરતે બનાવેલો હોવાથી એ વર્ગ ટાળવાની આશા દેખાતી નથી.

બીજા વર્ગવિગ્રહો ટાળવા માટે બે ઉપાયો છે, અને સૂચવાયા છે. એક, સમન્વયથી એટલે અહિંસાથી; બીજો, સત્તાથી એટલે હિંસાથી, એક વર્ગનો નાશ કરીને. પણ, સ્ત્રી-પુરુષનો વર્ગવિગ્રહ બીજે માર્ગે ટાળી શકવાનું તો, મનુષ્યજાતિના જ નાશનો વિચાર કર્યા વિના, કલ્પનામાં યે લાવી શકાય એમ નથી. તેથી એ વર્ગવિગ્રહ ટાળવા માટે તો સમન્વય સિવાય બીજો માર્ગ જ સંભવી શકતો નથી. પછી, ભલે, એ સમન્વય સિદ્ધ કરવા માટે સત્તાનું થોડું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે બળ વાપરી લેવાનો કોઇ વિચાર કે પ્રયોગ કરે. પણ, એમાં બન્ને વર્ગો કાયમ રાખી એ વચ્ચે સમન્વય સાધવો, એ સિવાય બીજું ધ્યેય રાખી શકાય એમ નથી.

પુરુષે પોતાના વધુ કાંડાબળથી સ્ત્રીજાતિની બધી રીતે અવદશા કરી મૂકી છે, એ આ પુસ્તકનું એક મુખ્ય ધ્રુવપદ છે. સ્થૂળ હિસાબે તપાસીએ તો વાત ખોટી પણ નથી. આ પુસ્તકમાં અનેક પ્રમાણો આપીને એ સાબીત કરવાનો પ્રયત્ન થયો છે.

છતાં, આ વિષયમાં વધારે ઊંડા ઊતરતાં મને એમ જણાય છે કે પુરુષનો એકંદરે સ્ત્રી ઉપર અધિકાર જામવામાં કાંડાબળ કરતાં બીજી બે ચીજોએ પહેલો ભાગ ભજવ્યો હશે. તેમાંની એક સ્ત્રી-પુરુષની જુદી જુદી 'ધૃતિ', અને બાજી માનવજાતિની દંડનીતિ પરની અત્યંત શ્રદ્ધા.

'ધૃતિ' શબ્દ હું અહીં ગીતાના અર્થમાં વાપરું છું. એનો અર્થ ધારણા અથવા દઢતા : કોઇ કાર્યને, વિચારને કે હેતુને ચોંટી રહેવાની ચિત્તની શક્તિ.

મને લાગે છે કે સ્ત્રી પોતાના શારીરિક જીવનમાં પુરુષને અધીન અને ઓશિયાળી બની, તે પહેલાં જ તેનું ધૃતિબળ કાંઇક પણ કારણસર ઘટી કે ગુણમાં ઊતરી ગયું હોવું જોઇએ ; એટલે કે, તે પોતાના મનથી વધારે અધીન, ઓશિયાળી અને દીન બની હોવી જોઇએ. પુરુષ પોતા કરતાં શ્રેષ્ઠ છે, શરણ્ય છે, અથવા તેનો અવશ્ય આધાર છે, અથવા પોતે પુરુષ કરતાં વધારે હીન છે, શરણગત છે, કે તેના વિના દુ:ખી, લાચાર, વેલીની જેમ પાંગળી છે – એવો વિચાર કોઇ પણ નિમિત્તોથી એના મનમાં ચોંટ્યો, — એવી એની ધૃતિ કે ગ્રહ બંધાયો, અને તે પોષાતો રહ્યો. એથી ઊલટી ધૃતિ પુરુષના મનમાં બંધાઇ. આ બે ગ્રહોને શ્રી. નરસિંહભાઇએ અનુક્રમે સ્ત્રીમાં દાસ્યવૃત્તિ (इन्फिरियॉरिटी कॉम्प्लेक्स) તથા પુરુષમાં સ્વામીવૃત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(सुपिरियॉरिटी कॉम्प्लेक्स) નામો આપ્યાં છે. એ પુરુષના કાંડાબળને, ખુશામતને, ઘરેણાંગાંઠાને, કે ધન વગેરેને વશ થઇ, તે પહેલાં જ એની ધૃતિ ઘટી ગયેલી હશે; તે પહેલાં જ એ બીજી વસ્તુઓની કે જીવનલાલસાની પુરુષ કરતાં વધારે પ્રમાણમાં દાસી બની હશે, અને પુરુષ પાસેથી વધારે સહેલાઇથી મેળવી શકાય છે એમ માન્યું કે અનુભવ્યું હશે. આમ સ્ત્રીની સ્થૂળ અધીનતા એ પુરુષના કાંડાબળનું સીધું પરિણામ નહિ, પણ પહેલાં જ એની માનસિક ધૃતિ ઘટવાના પરિણામ રૂપે આવી હશે. અપવાદ નિયમને સિદ્ધ કરે છે, એ ન્યાયે વિચારતાં પણ આમ જ જણાય છે. જે સ્ત્રીની ધૃતિ પુરુષ કરતાં વિશેષ છે, તે સ્ત્રી આજેયે—આજના સ્ત્રીજાતિને પ્રતિકૂળ સર્વ કાયદા અને રિવાજો છતાં—જુલમી પુરુષને યે અધીન નથી રહેતી, ઊલટી એને હંફાવે છે, હરાવે છે અને વશમાં યે રાખે છે એવા દાખલા મળી આવે છે. એ બતાવે છે કે પ્રત્યક્ષ કાંડાબળ કરતાં ધૃતિ વધારે મહત્ત્વની છે. આ વિષે વધારે વિસ્તારથી હજુ આગળ કહેવું પડશે.

સ્ત્રીજાતિની જ નહિ, પણ મનુષ્યસમાજમાં જ્યાં જ્યાં એકની બીજાને પરાધીનતા છે, ત્યાં ત્યાં તપાસીશું તો માલમ પડશે કે કાંડાબળનો ઉપયોગ કરનાર કે તેને વશ થનાર બન્નેના મનમાં એક શ્રદ્ધા સમાનપણે રહેલી છે, અને એ શ્રદ્ધાને લીધે જ કાંડાબળનો ઉપયોગ થાય છે અને તેને राजीखुशीथी સ્વીકારાય છે. આજ સુધી સમગ્ર માનવજાતિમાં દંડશાસ્ત્ર વિષે અખૂટ શ્રદ્ધા પોષાયેલી છે. મનુષ્યજાતિએ પ્રાચીન કાળથી અહિંસાથી—પ્રેમથી—સમન્વયવૃત્તિથી કામ તો ઘણી યે વાર લીધું છે. પણ શ્રદ્ધાના એક સિદ્ધાન્ત તરીકે તો તે દંડશાસ્ત્રમાં જ માનતો આવ્યો છે. આ શ્રદ્ધા કેવળ પુરુષની નથી, સ્ત્રીની પણ છે, એટલે કે. પોતાના ક્ષેત્રમાં સ્ત્રી પણ એનો ઉપયોગ કરવામાં માને છે; કેવળ સ્ત્રીજાતિ વિષે નથી, પણ જ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં એકને બીજાને નિયમમાં રાખવાની જરૂર ઉત્પન્ન થાય ત્યાં બધે જ છે. રાજ્યશાસનના આજના છેલ્લામાં છેલ્લા મત – સમાજવાદ (સોશિયાલિઝમ્) કે સામ્યવાદ (કૉમ્યુનિઝમ્) – પણ માને છે કે રાજ્યસત્તાનો અંતિમ આધાર એની દંડશક્તિ જ છે. પોતાની ઇચ્છાનો જબરદસ્તીથી અમલ કરાવવાની શક્તિ એ જ રાજ્યનો પ્રાણ. આ બાબતમાં પૂર્વના કે પશ્ચિમના, પ્રાચીન કે અર્વાચીન વિચારકોમાં મતભેદ નથી. વિદ્વાન તેમ જ આમ લોકોમાં યે મતભેદ નથી. જાણે, અણશીખવી બુદ્ધિથી જ સૌ કોઇએ માની રાખ્યું છે કે સમાજ-વ્યવસ્થાનું અંતિમ બળ 'દંડ' જ હોઇ શકે. રાજા પ્રજાને, માલિક નોકરને, ધણી ઢોરને, ગુરુ શિષ્યને, પુરુષ સ્ત્રીને, વડીલ બાળકને, મોટાં છોકરાં નાનાં છોકરાંને, એમ ગમે તે કારણથી બનેલા બધા જ જ્યેષ્ઠ ગમે તે કારણથી બનેલા બધા જ કનિષ્ઠને 'દંડ'થી જ નિયમમાં વર્તાવે; એ જ શાસ્ત્રીય માર્ગ અને, તેથી, રાજ્યનીતિ સમજનારાઓની દૃષ્ટિએ તેમનો ધર્મ પણ. 'બુધે જાર-બાજરી, બુધે નાર પાંશરી, બુધે છોરુ છાનું રહે. બુધે ડોબું દોહવા દે'– એમાં મનુષ્ય-જાતિની દંડનીતિ પરની શ્રદ્ધાનો લોકભાષામાં અર્ક આવી જાય છે.

આ શ્રદ્ધા તળે સમગ્ર માનવજાતિ ઊછરેલી અને ઊછરતી હોવાથી પુરુષે સ્ત્રી ઉપર કાંડાબળનો ઉપયોગ કર્યો હોય તેમાં નવાઇ જેવું કશું નથી. પુરુષે પુરુષ પર, અને સ્ત્રીએ સ્ત્રી પર, તથા લાગ ફાવ્યો હોય ત્યારે સ્ત્રીએ પુરુષ પર પણ એનો ઉપયોગ કર્યો છે. જે કાળે શાકાહારનો વિચાર જ ઉદ્ભવ્યો નહોતો, તે કાળે લખાયેલા રામાયણમાં રામ-લક્ષ્મણને માંસ-મત્સ્યનું ભોજન કરતાં ચીતર્યા હોય તેમાં કાંઇ નવાઇ છે? તેમ દંડબળનો નિષેધ કરનાર વિચાર જ જ્યાં માનવજાતિમાં ઉદ્ભવ્યો ન હોય, ઊલટું એ જ સ્વાભાવિક અને તર્કશુદ્ધ, નીતિશુદ્ધ અને શાસ્ત્રીય માર્ગ છે એમ મનાયું હોય, ત્યાં પુરુષે સ્ત્રી ઉપર કાંડાબળનો ઉપયોગ કર્યો હોય તેમાં નવાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવું કશું નથી. એમાં દંડ ચલાવનારને હંમેશાં દંડશક્તિનું ગુમાન જ હોય, કે જેને દંડે તે પ્રત્યે પ્રેમનો અભાવ જ હોય એમ પણ ન કહેવાય. પ્રેમ છતાં, પોતાની લાગણી દુભાતી હોય, હૃદય ચીરાઇ જતું હોય છતાં દંડને કર્તવ્ય–ધર્મ–સમજીને યે વાપરે એમ બને. મા બાળકને મારે અને રડે; કારણ, મારવું એ આવશ્યક માને, અને મારવું ગમે નહિ માટે રડવું આવે. પુરુષ ઝટ લઇને રડે નહિ, તો યે મનમાં બળે તો ખરો જ.

માનવજાતિમાં આજ સુધી પોષાયેલી આવી શ્રદ્ધાનો વિચાર કરીએ તો, 'ઢોલ, ગઁવાર, શૂદ્ર, પશુ, નારી, યે સબ તાડના કે અધિકારી' – એ તુળસીદાસજીની ટીકાપાત્ર થઇ પડેલી ચોપાઇ કેવળ એટલું જ બતાવે છે કે એમના જમાના સુધી દંડ એ જ સમાજ-વ્યવસ્થાનું અંતિમ શસ્ત્ર તેમ જ શાસ્ત્ર છે એ માન્યતા ચાલુ જ હતી. એટલા જ ઉપરથી ગમાર, શૂદ્ર, પશુ અને નારી પ્રત્યે એમના પોતાના મનમાં ઘૃણા હતી એમ ન કહેવાય. એ હશે કે કેમ એ તો એમના જીવનના તથા લેખનના બીજા ભાગો પરથી ઠરાવવું જોઇએ. એમ હોય એમ જણાતું નથી; પણ એ પ્રસ્તુત વિષય નથી.

ખરી વાત તો એ છે કે મહાવીર, બુદ્ધ કે ઇશુ જેવાએ પણ ભલે અહિંસા કે પ્રેમનો મહિમા ઘણો વધાર્યો હોય અને અહિંસા-ધર્મના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો હોય છતાં, તેમણે યે સમાજનિયમનના આવશ્યક ઉપાય તરીકે દંડનીતિનો સાવ નિષેધ કર્યો હોય એમ જણાતું નથી. એ વિચાર જ નવો ઉપજેલો છે. ટૉલ્સ્ટૉયે જ કદાચ દંડશાસ્ત્ર પરની શ્રદ્ધા ઉડાડવા માટે સૌથી જોરદાર લેખી પ્રચાર કર્યો, અને ગાંધીજી સર્વે ક્ષેત્રોમાં એનો શકય તેટલો પ્રયોગપૂર્વક પ્રચાર કરી રહ્યા છે. કેળવણીના ક્ષેત્રમાં–એટલે ગુરુશિષ્ય સંબંધમાં—ગૂજરાતમાં દંડશાસ્ત્ર વિરુદ્ધ પ્રચાર કરવામાં દક્ષિણામૂર્તિનો ફાળો સૌથી મોટો ગણી શકાય. પણ આ બધી દંડશાસ્ત્ર પરની માનવશ્રદ્ધાને લૂલી કરવાની હજૂ શરૂઆત જ થયેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણાય. એ સ્થિતિમાં 'અધિકારી' શબ્દ એક જુદા અર્થમાં વાપરીએ તો બધા દલિત વર્ગો તુળસીદાસજીની ચોપાઇને એક કરુણ સત્ય રૂપે પોતાની તરફેણમાં યે ટાંકી શકે. 'અધિકારી,' એટલે જે વિષયમાં પોતાને અધિકાર છે, પોતાના હાથની વાત છે તે. જેમ कर्मण्ये-वाऽधिकारस्ते, मा फलेषु कदाचन । એટલે કર્મ કરવું એ પોતાના હાથની વાત છે, ફળ નીપજાવવું એ હાથની વાત નથી, તેમ બાપડાં દલિતો કહી શકે કે માર સહન કરવો એ એમના હાથની — એમના ભાગ્યમાં લખાયેલી — વાત છે. *

* તુલસીદાસજીએ એ જ અર્થ અહીં કલ્પ્યો તો નહિ હોય? આમ શંકા ઊઠવાનું કારણ એ છે કે આ ચોપાઇ સુંદરકાંડમાં સમુદ્રને મુખે કહેવડાવેલી છે. સમુદ્રને રામના બાણને વશ થઇ એને અનિચ્છાએ માર્ગ કાઢી આપવો પડે છે, ત્યારે ભયભીત અને દીન બનેલો, રામને રીઝવવા ઇચ્છા રાખતો એ કહે છે:

'હે નાથ, મારા સર્વે અવગુણો ક્ષમા કરો. આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી, એ બધાંની ક્રિયાઓ, હે નાથ, સ્વભાવથી જ જડ હોય છે. સૃષ્ટિના હેતુ માટે તમારી માયાના પ્રેરેલા તેઓ ઊપજ્યા છે, એમ સર્વે ગ્રંથો ગાય છે. પ્રભુની આજ્ઞાથી જ્યાં જ્યાં જે હોય, તે તે રીતે ત્યાં રહે તો સુખ પામે છે. હે પ્રભુ, તમે મને શિક્ષા આપી તે સારું કર્યું; સર્વે મર્યાદાઓ તમારી જ ઠરાવેલી છે. (એટલે તમારી મર્યાદાને અનુસરી ચાલનારને તમે શિક્ષા કરો એ કેવું શોભે! અથવા, તમારી મર્યાદા ફેરવવાની તમને સત્તા છે, તેથી તમે મને શિક્ષા કરીને તે ફેરવવા ઇચ્છો તો તમે ધણી છો, મારાથી કેમ વાંધો લેવાય?) ઢોલ, ગમાર, શૂદ્ર, પશુ અને નારી એ બધાં મારનાં જ અધિકારી છે. (તેથી, તમે મને મારો તેમાં શું નવાઇ?) ભલે, આપના પ્રતાપથી હું હવે સુકાઈ જઇશ, એટલે તમે સેના ઉતારજો; એમાં મારી કાંઈ મોટાઈ નથી. (એટલે, તમે જ મારી મોટપ તોડશો.) પ્રભુની આજ્ઞા અનુલ્લંઘનીય છે, એમ સર્વે શ્રુતિઓ ગાય છે, તેથી હવે તમને જે ઠીક લાગે તે ઉતાવળે કરો.'

આવાં વિનયનાં વચન સાંભળી કૃપાળુ (રામ) સ્મિત કરીને બોલ્યા, 'હે ભાઇ, જે રીતે સેનાને ઉતારી શકાય, તેવો ઉપાય બતાવો.' અર્થાત્ સમુદ્રના મ્હેણાંથી રામને શરમ લાગી એવો ભાવ છે. એટલે, આ ચોપાઇ અહીં મ્હેણા રૂપે છે એમ જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

ત્યારે, પ્રત્યક્ષ કાંડાબળના ઉપયોગ કરતાં ધૃતિમાં ઉત્પન્ન થયેલો દોષ અને દંડશાસ્ત્રની આવશ્યકતા અને યોગ્યતા વિષે માનવમાત્રમાં પોષાયેલી અત્યંત શ્રદ્ધા એ જ, સ્ત્રી શું કે બીજા દલિત કે અધીનતામાં મૂકાયેલા વર્ગો શું, બધાની અવદશાનું આદિ કારણ જણાય છે. આ હજુ વધારે તપાસીએ.

વાસ્તવિક રીતે તો, બધા યે સમજે છે કે સ્ત્રી અને પુરુષ બન્નેનો મળીને સંસાર છે. ગાડાને ડાબું પૈડું કે ડાબી બાજૂનો બળદ વધારે ચલાવે છે, કે જમણું પૈડું કે જમણી બાજૂનો બળદ વધારે ચલાવે છે – એ ચર્ચા જેમ અર્થ વિનાની છે; તાળી પાડવામાં ડાબો હાથ ગતિશીલ અને જમણો સ્થિતિશીલ હોય છે, કે એથી ઊલટું હોય છે, કે બન્ને ગતિશીલ થાય છે, એ ચર્ચા જેમ નકામી છે, તેમ સ્ત્રીપુરુષ વચ્ચે આવો ભેદ શોધનારી ચર્ચા મને નિષ્પ્રયોજન લાગે છે. ચોમાસામાં વીજળી ચમકે છે ત્યારે વીજળીનો પ્રવાહ મેઘમાંથી પૃથ્વી તરફ જાય છે કે પૃથ્વીમાંથી મેઘ તરફ જાય છે, એ વિષે એકાન્તિક નિયમ કહેવો મુશ્કેલ છે. બેમાંથી કોનામાં 'પૉઝિટિવ' અને કોનામાં 'નૅગેટિવ' નામે ઓળખાતો સંચાર હોય છે તેનો પણ એકાન્તિક નિયમ માલૂમ પડતો નથી. તે જ પ્રમાણે પુરુષ અને સ્ત્રીઓમાં બધા યે પુરુષો ગતિશીલ જ છે અને બધી યે સ્ત્રીઓ સ્થિતિશીલ જ છે એમ એકાન્તિક સિદ્ધાન્ત ઠરાવવો મુશ્કેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલીક વાર પુરુષો ગતિશીલ હોય છે, કોઇ વાર સ્ત્રીઓ હોય છે, કોઇ વાર બન્ને સામસામા ગતિ કરે છે એમ મને ભાસે છે. પણ, ટેવને પરિણામે જેમ ઘણા પુરુષો જમણિયા હોય છે, અને ડાબોડિયા પુરુષો કરતાં તેવી સ્ત્રીઓ વધારે હોય છે, તેમ ભિન્ન ભિન્ન સમાજની રૂઢિઓ પ્રમાણે ઘણી જગ્યાએ પુરુષો તરફથી પહેલ કરવાનો આચાર અપેક્ષિત ન હોય અથવા સ્થિતિશીલતામાં પુરુષો કરતાં સ્ત્રીની સંખ્યા વધારે હોય એ સંભવનીય છે. પણ એ સ્ત્રી-પુરુષના અંતર્ગત ભેદ કરતાં રૂઢિ અને ટેવનું જ પરિણામ હોવાનો સંભવ છે.

પરંતુ, સ્ત્રી અને પુરુષ બન્ને સંસારનાં આમ સમાન ચક્રો હોવા છતાં, ઉપર કહ્યા મુજબ, – સાધારણપણે – એકમાં જે હીનતા-ગ્રહ (इन्फिरियॉरिटी कॉम्प्लेक्स) અને બીજામાં શ્રેષ્ઠતા-ગ્રહ (सुपिरियॉरिटी कॉम्प्लेक्स) ઊપજ્યા છે, તેથી બન્નેનાં સુખદુઃખમાં અને મગરૂબી-લાચારીમાં ઘણો ફરક પડી ગયો છે. એ ફરક તેમના શરીરબળથી સ્વતંત્રપણે છે. એટલે કે, કાંડાબળ વિનાના પુરુષમાં યે શ્રેષ્ઠતાગ્રહ અને મજબૂત શરીરની સ્ત્રીમાં યે હીનતાગ્રહ દેખાય છે. હકીકત તો એ છે કે સામાન્ય પુરુષ એક દિવસ પણ સ્ત્રી વિના બરાબર સંસાર ચલાવી શકતો નથી; ઊલટું સામાન્ય પુરુષ કરતાં સામાન્ય સ્ત્રી પુરુષ વિના વધારે ઠીક રીતે નભતી જોવામાં આવે છે. દુઃખ સહન કરવાની, ખેંચ્યા કરવાની, તાણ સહન કરવાની શક્તિ પણ સામાન્ય રીતે સ્ત્રીમાં વધારે છે. છતાં, ઘણાખરા પુરુષોના મનમાં એક મિથ્યાભિમાન રહેલું હોય છે કે તે સ્ત્રીનો આધાર છે, અને એને સ્ત્રીની કશી યે ગરજ નથી; અને, સાથે જ, ઘણીખરી સ્ત્રીઓના મનમાં પણ એક વહેમ પોષાયેલો હોય છે કે પુરુષ જ એમનો જીવનનો બેલી છે, અને એ ન હોય તો એ સુકાન વિનાની નાવડી જેવી છે. આ દૈન્યવૃત્તિ મોટે ભાગે માનસિક જ છે. આપણે હિંદીઓને આ વાત સમજવી કઠણ ન હોવી જોઇએ. જેમ હકીકતે ઇંગ્લંડને જ હિંદુસ્તાનની વધારે જરૂર છે, અને હિંદુસ્તાન વિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંગ્લંડની સ્થિતિ પાછલી ઉંમરે ઘરભંગ થયેલા પુરુષ જેવી બને એમ છે, છતાં અંગ્રેજોના મનમાં હિંદુસ્તાનના બેલી હોવાનું મિથ્યાભિમાન રહેલું છે એટલું જ નહિ, પણ ઘણા યે હિંદીઓના મનમાં પણ એવો વહેમ રહેલો છે કે ઇંગ્લંડ ન હોય તો હિંદુસ્તાન રખડી પડે. તેવી જ આ સ્ત્રીપુરુષના શરણશરણ્યની મનોદશા છે. હિંદુસ્તાનની લાચારીની સ્થિતિ ઇંગ્લંડના કાંડાબળે થયેલી છે એમ કહેવું ઇતિહાસનો ખોટો અર્થ બેસાડનારું છે. કાંડાબળ ઘટવાને પરિણામે હિંદુસ્તાન પરતંત્ર નથી થયું, પણ આજે એનું કાંડાબળ ઓછું હોય તો યે તે એની પરતંત્રતાના પરિણામ રૂપે થયું છે. એનું કાંડાબળ ઘટયું તે પહેલાં એનું ધૃતિબળ ઘટી ગયું હતું, એનામાં એને આશ્રિત અને ઓશિયાળો બનાવનાર રોગ કે રોગો પેસી ચૂકેલા હતા. સ્ત્રીજાતિ વિષે પણ હું એમ જ માનું છું.

પણ આ કરતાં વધારે હિંદ-ઈંગ્લંડ અને સ્ત્રી-પુરુષની સરખામણી ન કરી શકાય. હિંદ-ઇંગ્લંડનો સંબંધ સ્ત્રી-પુરુષનો નથી; એ બન્નેનો એક બીજાથી કાયમનો વિચ્છેદ નભી શકે. સ્ત્રીપુરુષનું એમ થઇ શકે એમ નથી. કોઇક પુરુષવ્યક્તિઓ કે સ્ત્રીવ્યક્તિઓ ભલે એક બીજાથી સ્વતંત્ર જીવન ગાળે; એમની સંખ્યા હજારે એકાદની થાય તો ઘણી થઇ ગણાય. બાકીનાં નવસો નવ્વાણું સ્ત્રી-પુરુષોનો સંસાર એક બીજાની જોડે જ ચાલી શકે. સ્ત્રી-પુરુષ લડે વઢે કે સંપથી રહે; માતૃગૃહ સંસ્થા બાંધીને કે પિતૃગૃહ સંસ્થા બાંધીને રહે; એકપત્નીક, બહુપત્નીક, એકપતિક, બહુપતિક, ગમે તે રિવાજો રાખે; લગ્નનાં બંધન અછેદ્ય રાખે કે વિચ્છેદ્ય રાખે; સંયમી જીવન ગાળે કે સ્વેચ્છાચારી થાય; સંતતિ વધારવાવાળાં થાય, કે નિરોધ કરવાવાળાં થાય; અરેબિયન નાઇટ્સમાંના બાદશાહની જેમ રોજ એક એક સ્ત્રીને પરણી બીજે દિવસે તેનો શિરચ્છેદ કરે, અથવા કરોળિયા અને વીંછીમાં કહેવાય છે તેમ સ્ત્રીઓ પુરુષનો વધ કરનારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય; ઈર્ષ્યાથી કે પ્રેમની નિરાશાથી કોઈ પુરુષ બેવફા સ્ત્રીનું ખૂન કરે, કે કોઈ સ્ત્રી આડખીલી થનારા પતિનું કાસળ કાઢે; કે બન્ને ભેગાં આત્મઘાત કરે; પુરુષ સ્ત્રીનો માલિક થઈને બેસે અને કાયદો એને તેના પર સત્તા આપે, કે સ્ત્રી તેને ગુલામ કરી રાખે અને એને મરજીમાં આવે ત્યારે હાંકી મૂકવાનો કાયદેસર અધિકાર મેળવે; પુરુષ પોતાનું 'સ્વામીનાથ'પણું દેખાડતાં છતાં સ્ત્રીના વિના પાંગળો થઈ બેસે, કે સ્ત્રી પોતાને ધણીની 'ચરણરજ દાસી' માનતાં છતાં તે પીવાડે તેટલું જ એનાથી પાણી પીવાય એવો એને પૂરેપૂરો કબજામાં રાખે;— આમ ગમે તેવા સારા-નરસા, સુખમય-દુઃખમય, નીતિમય-અનીતિમય, સમાન-અસમાન સંબંધો બન્ને વચ્ચે દેખાતા હોય છતાં, જ્યાં સુધી પુરુષ અને સ્ત્રી બન્ને એક યોનિનાં પ્રાણી મટ્યાં નથી અને પોતાના નર-નારીના ભેદો ટાળી શકતાં નથી, ત્યાં સુધી સોએ નવ્વાણું પુરુષ સ્ત્રીજાતિ સાથે અને સોએ નવ્વાણું સ્ત્રીઓ પુરુષજાતિ સાથે સહવાસમાં આવ્યા વિના રહેવાનાં નથી. ક્યારે ઈચ્છાપૂર્વક આવશે, ક્યારેક બળાત્કારથી, ક્યારેક ફસાઈને; ક્યારેક બીજાઓના પ્રયત્ન કે સલાહથી, તો ક્યારેક બીજાઓની સલાહને અવગણીને પણ.

શ્રી. નરસિંહભાઈના વિવેચન પ્રમાણે પુરુષે સ્ત્રીજાતિ સામે જે પ્રપંચ કર્યો છે, તેમાં એનું મહત્ત્વનું સાધન કાંડાબળ છે, અને મુખ્ય પ્રેરક હેતુ એની કામલોલુપતા છે. પોતાની નિરંકુશ કામલોલુપતાને નિર્વિઘ્ન રાખવા માટે જ એણે લગ્નને નામે અનેક યુક્તિઓ રચી છે.

કાંડાબળ વિષે મેં મારું વલણ ઉપર જણાવ્યું છે. પુરુષ અને સ્ત્રીની કામલોલુપતાનું પ્રમાણ પરસ્પર કેટલું છે એ મને પોતાને તો ઠરાવવું અશક્ય લાગે છે. પુરુષમાં કામવિકારનો વેગ કેટલો જબરો હોય છે તેની સ્વાનુભવથી તથા બીજા પુરુષોએ કરેલા એકરારો પરથી હું કાંઈક કલ્પના કરી શકું. પણ, સાધારણપણે ઘણીખરી સ્ત્રીઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વેગ કેટલો જોરમાં આવે છે અથવા કેટલો કાળ ટકે છે તેની કલ્પના કરવા હું પોતાને અશક્ત સમજું છું. સ્ત્રીઓએ એ બાબતમાં કંઇ લખ્યું હોય તો તે મારા વાંચવામાં નથી. સ્ત્રીઓના એકરાર તરીકે મહાભારતમાં કેટલાંક વિધાનો છે ખરાં; પણ તે સાચે જ કોઇ સ્ત્રીઓના એકરારો પરથી છે કે કવિએ પોતાના સ્ત્રીજાતિ વિષેના મત પ્રમાણે ઉપજાવી કાઢેલાં કાલ્પનિક વિધાનો છે એ આપણે જાણતા નથી. સાચા એકરારના આધારે ન હોય એમ માનવાને ઘણાં કારણો છે.

સમગ્ર પુરુષજાતિ કે સમગ્ર સ્ત્રીજાતિ વિષે વ્યાપક સૂત્રોમાં રજૂ થતી માન્યતાઓ પ્રત્યે હું સામાન્ય રીતે અશ્રદ્ધાથી જોઉં છું. છતાં, જો એવું એક વ્યાપક વિધાન કરવાની છૂટ લઉં તો મને આમ ભાસે છે: સ્ત્રીપુરુષ બન્ને કામવિકારી થાય છે; અને, થાય એ જ પ્રકૃતિનો નિયમ હોઇ શકે, નહિ તો પ્રજાતંતુ કાયમ જ ન રહે. પણ સાધારણ રીતે પુરુષમાં જ્યારે એનો વેગ ઊઠે છે, ત્યારે તે અદમ્ય જોરથી ઊઠતો હોવો જોઇએ. ઘેલાની જેમ તે જોરથી ધસતો આવે અને તે ઉન્મત્ત દશામાં મર્યાદા છોડીને વર્તી નાંખે તથા અનર્થો ઉપજાવે; પણ ઊતરી યે ઝપાટાબંધ જાય; ત્યારે સુકાઇ પણ જાય; અને, તેથી, વૈરાગ્યવૃત્તિનો પણ અનુભવ કરે. સ્ત્રીનો વેગ સતત વહેનારી મોટી નદીના જેવો હોવાનો સંભવ છે. રોજ થોડાંઘણાં ભરતીઓટ આવે; વચ્ચે વચ્ચે પૂરો પણ આવે; પણ ઘણુંખરું મંદ વેગે ચઢે અને મંદ વેગે ઊતરે; બનતાં સુધી ક્યારેય સુકાઇ ન જાય; બનતાં સુધી માઝા ન છોડે; છતાં સ્વાધીન જ હોય, અને સાવ મર્યાદામાં જ રહે એમ પણ નહિ. બે જાતિઓ વિષેની આ કલ્પના કેટલી સાચી છે તે હું જાણતો નથી.

ખરું કહું તો, બંનેના વિકારોની માત્રા શોધવાની મને આવશ્યકતા લાગતી નથી. બંનેમાંથી એક નિર્વિકારી જ રહે છે એમ તો નહિ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહી શકાય. અને તેટલું બસ છે.

ત્યારે, આટલું આપણે સ્વીકારીએ: સાધારણ દુનિયાદારી સ્ત્રી-પુરુષ બંનેને એક બીજા વિના ચાલી શકે એમ છે જ નહિ. બંનેમાં ઓછોવત્તો પણ કામવિકાર છે જ. એ વિકાર ગમે તેટલો વારંવાર ઊઠતો હોય, છતાં એનો એક કુદરતી હેતુ તો વંશવર્ધન જ છે એ વિષે શંકા લઇ શકાય એમ નથી. આ સ્થિતિમાં કેવા પ્રકારના આદર્શથી પ્રેરાઇને તેમ જ માનવજાતિની વર્તમાન પરિસ્થિતિ તપાસીને સમાજની લગ્નવ્યવસ્થા, કુટુંબવ્યવસ્થા, મિલકતવ્યવસ્થા વગેરે કરી હોય તો માનવજાતિનું વધારેમાં વધારે કલ્યાણ થવા માટે અનુકૂળ પરિસ્થિતિ ઉત્પન્ન થાય એ પ્રશ્ન આપણે ઉકેલવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

પણ, માનવજાતિનું કલ્યાણ શામાં છે અને કેમ થાય તે શોધવા માટે એક પ્રાથમિક શરતને પહેલાં સ્પષ્ટ કરવી જોઇએ. તે એ કે ખોટા કે અર્ધસત્ય ગ્રહો બાંધી લઇને કલ્યાણનો માર્ગ શોધી શકાય નહિ. સાચી વાત જડે તે પહેલાં જ ખોટી માન્યતા છોડવી જોઇએ, તથા અર્ધસાચી વાતોનું અધૂરાપણું ધ્યાનમાં રાખવું જોઇએ. સાચી વસ્તુ મળ્યા પછી ખોટી છોડશું, એ રીતે કદી સાચો માર્ગ હાથ લાગે નહિ. પુરુષોએ સ્ત્રીઓ વિષે કે સ્ત્રીઓએ પુરુષો વિષે વ્યાપકપણે જે માન્યતાઓ બાંધી રાખી હોય છે, તેમાંની ઘણી-ખરી અર્ધસત્ય અનુભવો પર રચાયેલી હોય છે; પણ તેનો પ્રચાર એટલો વારંવાર કરવામાં આવે છે કે ઘણાં સ્ત્રીપુરુષોનાં મન પર તેનો એક દૃઢ સંસ્કાર જ બંધાઇ જાય છે, અને તેની સચ્ચાઇ વિષે શંકા કરવાની કદી કલ્પના પણ થતી નથી. બે ને બે ચારની જેમ એ નિર્વિવાદ સત્ય તરીકે મનાય છે. એવા અર્ધસત્ય અથવા ખોટાં સૂત્રોના થોડાક દાખલા આપું છું:

પુરુષ શ્રેષ્ઠ પ્રાણી છે, સ્ત્રી ઊતરતું છે; અથવા, ઊલટું, પુરુષ પામર પ્રાણી છે, સ્ત્રી દેવી છે;

પુરુષ શિકારી છે, સ્ત્રી હરિણી છે; અથવા ઊલટું, પુરુષ માછલો છે, સ્ત્રી માછણ છે;

પુરુષ બુદ્ધિપ્રધાન છે, સ્ત્રી ભાવનાપ્રધાન છે;

પુરુષ બહિર્મુખ છે, સ્ત્રી અંતર્મુખ છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષ કઠોર છે, સ્ત્રી કોમળ છે; અથવા, ઊલટું, પુરુષ દયાળુ છે, સ્ત્રી નિર્દય છે.

પુરુષ દીર્ઘ દૃષ્ટિનો છે, સ્ત્રી ટૂંકી દૃષ્ટિની છે;

પુરુષ ઉદાર છે, સ્ત્રી સંકુચિત છે;

પુરુષ ગતિ- અથવા આક્રમણ-શીલ છે, સ્ત્રી સ્થિતિ- અથવા રક્ષણ-શીલ છે;

પુરુષ વધારે વિકસિત છે, સ્ત્રી ઓછી વિકસિત છે; અથવા, એથી ઊલટું;

પુરુષ આધાર છે, સ્ત્રી આશ્રિત છે;

પુરુષ સબળ છે, સ્ત્રી નિર્બળ છે;

પુરુષને સ્ત્રી વિના ચાલી શકે, સ્ત્રીને પુરુષ વિના ન ચાલે;

પુરુષ ઉત્પાદક છે, સ્ત્રી વ્યવસ્થાપક અને સંરક્ષક છે;

પુરુષ ભ્રમણપ્રિય છે, સ્ત્રી ગૃહપ્રિય છે;

પુરુષનું કાર્યક્ષેત્ર ઘર બહાર છે; સ્ત્રીનું ઘરની અંદર છે;

સ્ત્રી પુરુષની વામાંગના કે અર્ધાંગના છે;

પુરુષના પેટમાં વાત ટકે, સ્ત્રીના પેટમાં ન ટકે; અથવા, ઊલટું, પુરુષ નિખાલસ છે, સ્ત્રી કપટી છે;

દીકરો બાપ જેવો થાય છે, દીકરી મા જેવી થાય છે;

સ્ત્રીઓ આભૂષણપ્રિય છે, કલહપ્રિય હોય છે, અશ્રુશસ્ત્ર છે;

વર્તમાન સંસ્કૃતિ પુરુષકૃત છે; વગેરે વગેરે.

આવાં આવાં વ્યાપક સૂત્રોથી પોષેલા સંસ્કારો બન્નેનું હિત શોધવામાં વિઘ્નરૂપ છે. વિચારીશું તો જણાશે કે પુરુષનિંદા કે સ્ત્રીનિંદા અથવા પુરુષપ્રશંસા કે સ્ત્રીપ્રશંસાના બંધાઇ ગયેલા ખ્યાલો પાછળ ખોટી કલ્પનાઓ કે અર્ધસત્ય અનુભવો કે જૂજ અનુભવો જ હોય છે. હકીકતે ઉપલાં સૂત્રોમાંનાં ઘણાં કાલ્પનિક છે, અને નિરપવાદ એકેય નથી. દરેકને વિષે ઊલટાં દૃષ્ટાંતો મળી આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસ્તવિક રીતે, મને તો એમ જણાય છે કે સ્ત્રીપુરુષ વચ્ચે અત્યંત ફરક હોઇ શકે જ નહિ. કારણ કે, પુરુષ જેમ સ્ત્રીને પેટે અવતરે છે તેમ સ્ત્રી પણ પિતા વિના જન્મતી નથી. એટલે કે, દરેક પુરુષમાં સ્ત્રી અંતર્હિત છે, અને દરેક સ્ત્રીમાં પુરુષ અંતર્હિત છે. ઊંડાં ઊતરીને તપાસીશું તો કોઇ પુરુષ એવો નહિ મળે કે જેમાં એની માતાના ગુણ કે રૂપ બિલકુલ ન હોય, અને કોઇ સ્ત્રી પણ એવી નહિ જડે કે જેમાં એના પિતાના ગુણ કે રૂપની છાયા ન હોય; કોઈ પુરુષ એવો નહિ જણાય કે જેમાં સ્ત્રીજાતિમાં આરોપાતા ભાવ ન હોય, અને કોઇ એવી સ્ત્રી નહિ દેખાય કે જેમાં પુરુષોમાં આરોપાતા ભાવ ન હોય. એ તો જાણીતી વાત છે કે ઘણાખરા મોટા પુરુષો એમની માતાનો વારસો પ્રાપ્ત કરેલા જણાવવામાં આવે છે. કેટલાંક સ્ત્રીપુરુષો મેં એવાં જોયાં છે કે જે સુકાઇ જાય ત્યારે તેમના પિતાના જેવાં દેખાય છે, અને શરીર વળે ત્યારે માના જેવાં દેખાય. દેખાવમાં તેમજ સ્વભાવમાં માના જેવા છોકરા અને બાપના જેવી દીકરીઓ પુષ્કળ મળી આવશે એમ હું માનું છું.

આ બધું બતાવે છે કે ઉપરનાં સૂત્રો સ્વીકારવા જેવું કાંઇક જણાતું હોય તો તેનું કારણ સ્ત્રીપુરુષમાં રહેલા કુદરતી ભેદો છે એમ નહિ, પણ એ પરિસ્થિતિનું પરિણામ છે.

પરિસ્થિતિને પરિણામે—એટલે ભૂલભરેલા વિચારોને લીધે કેળવાયેલા સંસ્કારો કે સ્વીકારાયેલી રૂઢિઓને પરિણામે—તો ઘણી યે ખાસખાસ ખામીઓ કે વિશેષતાઓ ઉત્પન્ન થયેલી છે એમ, સ્ત્રીજાતિને વિષે, પુરુષજાતિને વિષે, તથા એકંદરે માનવજાતિને વિષે પણ કહી શકાય. એક જ દાખલો આપું. સ્થૂળપણે એમ કહી શકાય કે માનવ-જાતિમાં જેટલું સ્વજાતિશત્રુત્વ છે તેટલું બીજી કોઇ યોનિમાં નથી, અને તેમાં યે જેટલું સ્ત્રીજાતિમાં છે તેટલું કદાચ પુરુષજાતિમાં નથી. શ્રી. નરસિંહભાઇ મંગલાચરણમાં કહે છે કે તેઓ પચ્ચીસ વર્ષની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંમરના થયા ત્યાં સુધી, " નારીજાતિ વિષે કશી યે ઉચ્ચ ભાવના (મારામાં) હતી નહિ; આજે સમસ્ત રૂઢિજડ સમાજમાં પ્રવર્તી રહી છે તેવી જ હીન ભાવનાનો ભર્યો હું હતો." મારી પોતાની પણ આ જ સ્થિતિ હતી. આપણાં વૈરાગ્યસાહિત્યમાં કરવામાં આવેલી સ્ત્રી-નિંદા એનું એક કારણ અવશ્ય હતું. પણ એ વૈરાગ્યસાહિત્ય તો પાછળથી સાંભળ્યું કે વાંચ્યું; તેણે એ સંસ્કારો રેડ્યા એમ કહેવા કરતાં તે પહેલાં બીજેથી મળ્યા અને પાછળથી વૈરાગ્યસાહિત્યે તેને પોષણ આપ્યું એમ — મને લાગે છે કે — સાધારણ રીતે માલમ પડશે. અને, એવા સંસ્કાર નાંખવામાં પુરુષ કરતાં સ્ત્રીજાતિનાં વર્તન અને શીખવણીનો જ વધારે ફાળો હોય છે એમ પણ જણાશે. એટલે કે, સ્ત્રીજાતિ પ્રત્યે તિરસ્કારદૃષ્ટિ રાખતાં પુરુષો કરતાં સ્ત્રીઓ જ વધારે શીખવતી આવી છે એમ માલમ પડવાનો સંભવ છે. એ તો જાણીતી વાત છે કે કેટલી યે સ્ત્રીઓને પોતાના પતિ તરફનો જુલમ સાસુ કે નણંદની શીખવણીથી થાય છે. પોતાની આડી સ્ત્રીને શિક્ષા કરીને ઠેકાણે ન રાખી શકનાર ધણી બીજી સ્ત્રીઓની દૃષ્ટિએ નમાલો માણસ લાગે છે, અને દંડનીતિનો ઉપયોગ કરવા તટસ્થ સ્ત્રીઓ પણ સલાહ આપતી જોવામાં આવે છે. છતાં, સ્વજાતિશત્રુત્વ સ્ત્રીજાતિનો પ્રકૃતિગત ધર્મ છે એમ હું માનતો નથી. એ પરિસ્થિતિનું, ખોટી રૂઢિઓનું, ખોટી સામાજિક વ્યવસ્થાનું, અને તેના મૂળમાં ભૂલ ભરેલી શ્રદ્ધાઓનું પરિણામ છે. કારણ, એમાં ફેરફાર થતાં, સ્વભાવમાં ફેરફાર થાય છે.

ત્યારે, આ ભેદદર્શક ખોટા ખ્યાલો છોડી દેવા ઘટે છે. નર-નારી વચ્ચે નિશ્ચિતપણે કહી શકાય એવો ભેદ તો એક જ જણાય છે: તે, લગભગ દશ મહીના સુધી સંતતિને પોતાના પેટમાં આશ્રયસ્થાન આપી અને પછી લગભગ તેટલો જ સમય પોતાનાં દૂધ પર ઉછેરવાની સ્ત્રીની શક્તિનો. આ ભેદ પણ બધાં જ પ્રાણીઓમાં નથી; અને જે મોટાં પ્રાણીઓમાં આ ભેદ છે, તેમનામાં યે – નરજાતિમાં સ્તનનાં ચિહ્નો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એ ઉપરથી – એમ અનુમાન થઈ શકે કે એ ભેદ પણ પાછળથી ઉત્પન્ન થયો હોય. પણ મૂળ સ્થિતિ ગમે તે હોય, આજે સ્તન્ય પ્રાણીઓમાં નર-નારી વચ્ચે એ નિરપવાદ ભેદ છે એ વિષે બે મત બાંધી શકાય એમ નથી.

પણ, આ ભેદને પરિણામે એક બીજી કલ્પના અથવા રૂપક ઉત્પન્ન થયું છે તે પાછું, મારી દૃષ્ટિએ, ખોટું અથવા અર્ધસત્ય છે, અને તે છોડી દેવાની જરૂર છે. તે કલ્પના પુરુષને ક્ષેત્રપતિ અથવા બીજનો ધણી અને સ્ત્રીને ક્ષેત્ર માનવાની. સ્ત્રીના ઉદરમાં ગર્ભ પોષાય છે એ વાત સાચી, પણ તેથી તે નરનું ક્ષેત્ર છે એ વાત સાવ બરાબર નથી. ખરી વાત એ છે કે નરની જીવનશક્તિ અને નારીની જીવનશક્તિ બન્ને મળીને સંતતિ – તે યોનિનો જીવ – બને છે. નરની જીવનશક્તિ નારીની જીવનશક્તિ વિના 'જીવ' નથી બનતી, કેવળ એક પ્રકારનો જીવનકોશ જ રહે છે; તેમ જ નારીની જીવનશક્તિ નરની જીવનશક્તિ વિના. એક યોનિનો જીવ બનવા માટે તે બન્નેએ ક્યાંક કોઇક રીતે ભેગાં થઇ જવું પડે છે. કહે છે કે કેટલાંક પ્રાણીઓમાં એ એકીકરણ બન્નેનાં શરીરની બહાર થાય છે. ભેગાં થઇ જતાં જ 'જીવ' બને છે. પણ એ જીવને જીવવા માટે સગવડ જોઇએ. એની એ અત્યંત નિર્બળ અને સૂક્ષ્મ અવસ્થામાં એને યોગ્ય આશ્રયસ્થાન અને યોગ્ય ખોરાક વગેરે મળવાં જોઇએ. દેડકાં જેવાં, જે પ્રાણીઓમાં નર-માદાનાં શરીર બહાર જીવ નિર્માણ થાય છે, તેમનામાં પહેલાંથી જ માતા-પિતાથી સ્વતંત્રપણે પોતાનું પોષણ કરી લેવાની અને વધવાની શક્તિ હોય છે. તેમાં માદા ગર્ભધારણનું કામ કરતી નથી. સ્તન્ય પ્રાણીઓમાં એ શક્તિ નથી. એમને જીવતાં રાખવાં હોય તો વધારે સગવડ જોઇએ. એ અનુકૂળતા કરી આપવાની શક્તિ, ઉપર કહ્યું તેમ, નારીમાં છે. આમ મનુષ્યજાતિમાં દશ મહીના સુધી માતા સંતતિને ઉદરમાં ઉછેરે છે. આથી, ભલે એમ કહી શકાય કે જીવ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજ છે, અને માતા એનું ક્ષેત્ર છે. પણ, તેથી, તે પુરુષનું કે પુરુષને માટે ક્ષેત્ર છે એમ ન કહેવાય. ખેતરમાં બીજને પોષણ આપવાની શક્તિ છે; પણ એમ નથી કે ખેતરની જીવનશક્તિ અને બીજની જીવનશક્તિ મળીને એક વનસ્પતિ – જીવ બને છે. ખેતર વિના યે બીજ ઊગે અને અમુક દિવસ સુધી જીવે; પછી ખોરાકને અભાવે ભૂખમરાથી મરે એ જુદી વાત. પુરુષની જીવનશક્તિ એ પ્રકારની નથી; એ સ્ત્રીની જીવનશક્તિ વિના જીવ જ નથી, બીજ જ નથી.

છતાં, સ્ત્રીને ક્ષેત્ર અને પુરુષને ક્ષેત્રપતિ માનવાની રૂઢિ પડી ગઇ છે અને, પછી તે રૂપકને આધારે, અનેક જાતના સમાજવ્યવસ્થાના નિયમો ઘડાયા છે. ખેતરનો ધણી, ખેતર અને પાકની બાબતમાં જે કાંઇ સમાજના નિયમો હોય તેવા જ નિયમો બાપ, મા અને સંતતિને લાગુ કરવાના પ્રયત્નો થયા છે. એ ખોટું રૂપક છૂટી જાય તો એને આધારે પ્રવર્તેલા નિયમો અને સંસ્કારો એની મેળે નિરાધાર થઇ જાય. જો કાંઇ રૂપક યોજી શકાય એમ હોય તો તે આવું થઇ શકે: સંતતિરૂપી ચિદ્રત્નનાં માતાપિતા ટ્રસ્ટીઓ છે; તેમાં માતા ટ્રેઝરર – સંરક્ષક – છે અને પિતા વ્યવસ્થાપક – મૅનેજિંગ ટ્રસ્ટી – છે. માનવજાતિમાં જ નહિ પણ બીજાં પ્રાણીઓમાં યે ગર્ભકાળમાં તથા જન્મ પછી કેટલોક સમય પિતા આ પ્રમાણે વ્યવસ્થાપક ટ્રસ્ટીનું કામ કરી સંરક્ષક ટ્રસ્ટીને મદદ કરે છે. એ રત્ન કોનું છે એમ પૂછો તો હું કહું કે એના ઉત્પાદક અને ઉછેરનાર માતાપિતા છે માટે માતાપિતાને એમાંથી કાંઇક સુખ, લાભ અને મહેનતાણું મેળવવાનો અધિકાર હોઇ શકે, પણ તે છે તો તે પ્રાણીસમાજનું રત્ન; અને તેથી યે આગળ વધી, ગિબ્રાનની ભાષામાં કહું તો,

"તમારાં બાળકો તે તમારાં બાળકો નથી.

"પણ, જગજ્જીવનની પોતા માટેની જ કામનાનાં તે સંતાનો છે.

"તે તમારા દ્વારા આવે છે, પણ તમારામાંથી આવતાં નથી, અને તે તમારી સોડમાં રહે છે, છતાં તે તમારાં નથી" ('વિદાય વેળાએ').

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે આ ક્ષેત્ર – ક્ષેત્રપતિની કલ્પના તો છોડી જ દેવી જોઇએ. વળી, મૂળ વાત પર આવીએ.

નરજાતિએ સંતતિના શરીર પર ધારણપોષણ કરવાની શક્તિ ખોઇ, કે નારીજાતિએ એને પ્રાપ્ત કરી અને મહાવરાથી વધારી, કે (જૂ વગેરે જીવોની જેમ) સંતતિએ પોતાના પ્રયત્નથી એકના શરીરમાં પોતાનું ઘર જમાવી દીધું, અને વખત જતાં તેમાંથી આનુવંશિક નર-નારીના ભેદો ઉત્પન્ન થયા, તે આપણે જાણતા નથી. એ શક્તિ-ભેદને પરિણામે સ્ત્રીપુરુષની શરીરરચનામાં ભેદ ઉત્પન્ન થયા છે એ આપણે જાણીએ છીએ પણ તે સિવાય, સ્ત્રીની ગર્ભધારણની ખાસ શક્તિનો મુકાબલો કરી શકે એવી પુરુષજાતિમાં કઇ ખાસ શક્તિ પ્રગટ થઇ છે, તે વિષે પ્રાણીશાસ્ત્રીઓની શું માન્યતા છે તે હું જાણતો નથી. આમ તો એક જ જણાય છે. તે એ કે માતા બાળકને ઉદરમાં કે આશ્રય આપીને બેઠી હોય કે (ઘણી વાર) છાતી પર પોષતી હોય તેટલો સમય એનામાં નવા જીવનકોશો(રજઃ)નું ઉત્પાદન બંધ હોય છે. નરજાતિમાં ધારણપોષણની શક્તિ જ ન હોવાથી એનામાં જીવકોશો(વીર્ય)ની ઉત્પત્તિ, સ્વભાવિકપણે જ, બંધ પડતી નથી, પણ સતત ચાલુ જ રહે છે.

સામાન્યપણે એવું કહેવાય છે કે બીજાં પ્રાણીઓ અમુક ઋતુમાં જ વિકારી થાય છે. સ્થૂળપણે આમ ભલે કહી શકાય એમ હોય. સૂક્ષ્મ-પણે આ પણ અધૂરું સત્ય જ છે. અનુકૂળતા મળે તો પશુપક્ષીના યે નરો બધી યે ઋતુમાં વિકારી થાય છે. એટલે, આમાં એક વાત અનુકૂળ પરિસ્થિતિની યે છે. માનવજાતિમાં, વિશેષ કરીને સુધરેલી ગણાતી જાતિઓમાં, અને તેમાં યે ઉચ્ચ તથા મધ્યમ વર્ગોમાં આવી અનુકૂળતા ઘણી મળી રહે છે; અને આ હકીકતમાંથી જ પુરુષ-જાતિના કામવિકારનો કોયડો ઊભો થાય છે.

માનવજાતિની આજે આ સ્થિતિ છે. તેમાંથી આપણને કલ્યાણનો માર્ગ શોધવાનો છે. એ પ્રશ્નનો હવે આપણે વિચાર કરીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

વિકાસશાસ્ત્રના વાદોને ઓછાવત્તા માન્ય રાખી માનવસમાજમાં ઉત્પન્ન થતા કાયદાઓનો વિચાર કરવાનો વિદ્વાનોમાં આજે લગભગ સર્વસંમત શિરસ્તો થઇ પડ્યો છે. સૃષ્ટિના આરંભથી અનેક યોનિઓ છે કે એક જ મૂળ યોનિમાંથી આજની અનેક યોનિઓ ઉદ્‌ભવી છે એ વિષે ગમે તે તર્ક હોય. પણ, સૌ યોનિઓમાં કેટલાક સમાન સ્વભાવ રહેલા છે એમાં શંકા નથી. એ વાત આપણા દેશના પ્રાચીન વિચારકોના ધ્યાનમાં પણ આવેલી હતી. આહાર, નિદ્રા, ભય અને મૈથુન પ્રાણીમાત્રમાં સમાન છે એમ કહેનારે આ અવલોકન સ્થૂળપણે પણ કરેલું હતું જ. વિકાસશાસ્ત્રીઓએ એ દિશામાં ઘણું સૂક્ષ્મ નિરીક્ષણ કરી એ અવલોકનને વધારે પૂર્ણ કર્યું છે.

પણ આ અવલોકન પરથી વિકાસવાદીઓનો વિચારપ્રવાહ અવળે માર્ગે ચડી ગયો હોય એવી શંકા આવે છે. મનુષ્ય પશુથી ઊંચા પ્રકારનું પ્રાણી છે એ દાવો ખોટો છે, એ પશુ જ છે, અને ગમે તેટલાં ફાંફાં મારે તો યે એનો પશુસ્વભાવ કદી છૂટવાનો જ નથી એમ વિચારનાર એક વર્ગ એવા નિર્ણય ઉપર આવ્યો જણાય છે કે, આથી, માણસે પોતાના જીવનધર્મો પશુજીવનમાંથી શીખવા અને ઠરાવવા જોઇએ. મનુષ્યે ધર્મનાં, નીતિનાં, રૂઢિનાં વગેરે બંધનો નિર્માણ કરી અનેક પ્રકારની કૃત્રિમતાઓ અને જંજાળો નિર્માણ કરી છે. પરિણામે એ મનુષ્યજાતિએ કાંઇ ખાસ ઉત્કર્ષ કર્યો હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ લાગતું નથી. ઊલટું, વર્તનની સ્વતંત્રતા ખોઇ બેસવાનું કેવળ નુકશાન વહોરી બેઠો છે. માનવસમાજનો ઘણોખરો ભાગ જેવો દશ હજાર કે વીસ હજાર વર્ષ પૂર્વે કૂતરાના જેવો લડકણો, સ્વાર્થી, કામી, દગાબાજ કે ક્રૂર, અથવા કૂતરાના જેવો જ ભાવનાવશ, પ્રેમળ, વફાદાર અને દયાળુ હતો તેવો ને તેવો જ આજ સુધી રહ્યો છે. જે વ્યક્તિઓ એથી નિરાળા પ્રકારના વિશેષ ઉચ્ચ સ્વભાવની દેખાય છે, તેમનું સંખ્યાપ્રમાણ વધતું હોય એવાં કોઇ ચિહ્નો નજરે પડતાં નથી. ધર્માદિકનાં બંધનો સમૂળગાં ન હોત તો યે એટલી અપવાદરૂપ વ્યક્તિઓ નિર્માણ થયા જ કરત. એવા માણસોના સ્વભાવનો ઢાળો જન્મથી જ એ જાતનો હશે. ધર્માદિકના સંસ્કારોને પરિણામે થયો હશે એમ માનવાને કશું પ્રમાણ નથી. આમ ધર્મ, નીતિ વગેરેનાં બંધનો સામે બંડ ઉઠાવવાનો વિચાર પ્રગટ્યો છે.

ઉપલી વિચારસરણીથી ઊલટા પ્રકારની, પણ વિકાસવાદના જ વિચારમાંથી ઉદ્‌ભવેલી, એક બીજી વિચારસરણીમાંથી પણ આવું જ પરિણામ આવ્યું છે.

તે વિચારસરણી આવી છે: મનુષ્ય પણ પશુ જ છે એ સાચું. પણ, બુદ્ધિના વિશેષ વિકાસને લીધે એ પશુસમાજથી સાવ જુદો પડી ગયો છે. બીજાં પ્રાણીઓ પોતાના જીવનવ્યવહારમાં સ્વાધીન નથી. કુદરત જે વખતે જેમ પ્રેરણા કરે છે, તેમ વર્તી નાંખે છે. તેઓ સંપૂર્ણપણે પ્રકૃતિને વશ છે. મનુષ્ય પણ અંતઃપ્રકૃતિને વશ છે ખરો; પણ બાહ્ય પ્રકૃતિનો એ કેટલેક અંશે સ્વામી બન્યો છે અને વધારે ને વધારે બનતો જાય છે. આથી, એના ભોગો કેવળ પ્રકૃતિવશ પ્રાણીઓના જેવા અને જેટલા જ નથી. એના ભોગોની સંખ્યા, પ્રમાણ, પરંપરા, સંસ્કારિતા (તેમજ વિકૃતિ) – સર્વે કાંઇ પશુઓ કરતાં જુદાં અને વધારે છે. કેવળ ઉદરનિર્વાહ જેટલા જ એના ખાનપાન નથી; કેવળ પ્રજાવૃદ્ધિ માટે જ એનો વિષયભોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી; કેવળ શરીર કે બચ્ચાંના રક્ષણાર્થે જ એના લુગડાંલત્તા અને માળા નથી. પણ ખાનપાન, વિષયભોગ, ઘરબાર વગેરેમાં સ્વતંત્રપણે એને આનંદ લાગે છે અને, તેથી, એની એ બધાં માટેની ખટપટ અને પ્રવૃત્તિ વધેલી છે.

પણ, આમ કરવા જતાં એને મુશ્કેલીઓ પણ ઘણી નડે છે. એની પ્રવૃત્તિઓ એને વિવિધ પ્રકારના રોગો. કલહો અને કષ્ટોમાં ઘસડી જાય છે. એ અનિષ્ટોમાંથી બચવા એને વળી નવા પ્રકારના ઉપાયો યોજવા પડે છે — યોજવા જોઇએ. એ કેવળ 'પ્રાકૃત' – કુદરતી – પ્રાણી રહે એ હવે અશક્ય છે. એની દશાને જોઇએ તો 'કૃત્રિમ' કહો, જોઇએ તો 'સંસ્કૃત' કે 'સભ્ય' કહો, પણ એને હવે એ દશા નિભાવ્યે જ છૂટકો છે. 'કૃત્રિમ' કહી એની રીસ ચડાવ્યે નહિ ચાલે; માટે એમાં 'સંસ્કૃતિ' કે 'સભ્યતા' માની, એ સંસ્કૃતિ અથવા સભ્યતાને વધારે ને વધારે શુદ્ધ કરવાનો જ પ્રયત્ન રાખવો જોઇશે. કારણ. મનુષ્ય પશુ હોય, તો યે એ બુદ્ધિમાન્ પશુ છે. જેમ ઊંટની ગરદન અને હાથીનું નાક ઘણાં વધી ગયાં છે અને તે હવે ટૂંકાં થવાની ઝાઝી કે નજદીકના ભવિષ્યમાં આશા નથી, તેમ એની બુદ્ધિ બીજાં અંગોની સરખામણીમાં બહુ વધી ગઇ છે, અને એ ઘટવાની આશા પેલાં પ્રાણીઓ કરતાં યે ઓછી છે. કેમકે, એ વધારવામાં જ એ પોતાનું હિત જુએ છે. આથી. આ બુદ્ધિનો એણે પૂરો ઉપયોગ કરી પોતાના સુખોપભોગો પશુ કરતાં વધારવા અને તેનાં અનિષ્ટ પરિણામોમાંથી બચવા ઉપાયો યોજતા રહેવું એમાં જ પુરુષાર્થ છે.

આમ બે જુદી જુદી દૃષ્ટિથી વિચાર કરતાં છતાં બંને વિચારકો, અંતે, એક જ નિર્ણય પર આવે છે. તે એ કે — માણસ એક પશુ છે, અને પશુ જ રહેવાનો. એનામાં રહેલી ભોગાદિકની વૃત્તિઓ કુદરતના કાયદાઓને અનુસરી હોઇ, તેને ધર્માદિકનાં બંધનોથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોકવાના પ્રયત્ન મિથ્યા છે; પણ, માનવપશુ બીજાં પશુઓ કરતાં ઘણું આગળ વધી ગયેલું પ્રાણી હોવાથી એના જીવનના વ્યવહારો ઘણા અટપટા અને વિવિધ બન્યા છે, અને તેથી ઘણાં વિઘ્નો અને કોયડાઓ ઉભાં થયાં છે. એ વિઘ્નો અને કોયડાઓનો ઉકેલ મળે અને ભોગો સિદ્ધ થાય તે માટે બુદ્ધિથી શોધી શકાય એવા સર્વે ઉપાયોને યોજવા જોઇએ.

આજના યુરોપના વિદ્વાનો જીવનને લગતી અનેક બાબતોનું આ મતોને આધારે શોધન કરી રહ્યા છે. લગ્ન એમાંની એક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

વિકાસવાદી વિચારકોનાં આવાં પુસ્તકોને ઉપર ઉપરથી જોતાં એમાં ભૂલ ન શોધી શકાય અને એની વાતો ગળે ઊતરી જાય એવી દલીલો એમાં જોવામાં આવે છે. એ લેખકો દુષ્ટ હેતુથી પ્રેરાઇને આ પુસ્તકો લખે છે એમ કહેવું અન્યાયભર્યું થશે. એમાંના કેટલાક લેખકો તો સત્ય સમજીને અને સત્યનો પ્રચાર કરવાનો પોતાનો ધર્મ છે એમ સમજીને આ વિચારો પ્રગટ કરે છે.

પણ, એ સર્વે વિચારોમાં મૂળ ભીંત જ ભુલાઇ ગયેલી છે એમ મને લાગે છે, માટે તેનો વિચાર પહેલાં કરી લેવો આવશ્યક છે.

વિકાસશાસ્ત્રમાં મનુષ્યશરીર અને પશુશરીર તથા તે બનેની જનન – મરણ – ક્ષય – વૃદ્ધિ વગેરેને લગતી ક્રિયાઓ વચ્ચે મુકાબલો કરવાનો ઠીક પ્રયત્ન કરવામાં આવ્યો છે. એ શારીરિક ક્રિયાઓ થવામાં જે બુદ્ધિતંત્ર – મગજની જ્ઞાનતંતુવ્યવસ્થા – સ્થૂળપણે કામ કરે છે, અને જે પ્રેરણાઓનો અનુભવ કરાવે છે તેનો પણ ઠીક અભ્યાસ થયેલો છે. પણ જે મહત્ત્વની વસ્તુ વિકાસશાસ્ત્રમાં વિચારવાની રહી ગયેલી મને લાગે છે તે તો એ બેયથી પર અને વધારે સૂક્ષ્મ છે. તે વસ્તુ તે એ કે જે ભાવના વિવેક અને ગુણોત્કર્ષના રૂપમાં પ્રાણીઓમાં પ્રગટ થાય છે, અને મનુષ્યના બુદ્ધિવિકાસની સાથે એનામાં વિશેષપણે પ્રગટ થયેલી છે. આ જરા ખુલાસાથી સમજાવું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાં યે પ્રાણીઓ જ્ઞાનવાન છે. એ જેટલું જાણે છે, તે જાણે છે એમ પણ જાણે છે. સૌ પ્રાણીને પોતાના જ્ઞાનનું માપ છે. તે કામવશ થાય છે ત્યારે કામને જાણે છે, ક્રોધવશ થાય છે ત્યારે ક્રોધને જાણે છે, લોભવશ થાય છે ત્યારે લોભને જાણે છે. ભૂખ્યાં-તરસ્યાં થાય છે ત્યારે ભૂખ-તરસને જાણે છે. આ બાબતમાં માણસ અને પ્રાણી વચ્ચે ઝાઝો ભેદ નથી. આ રીતે કહી શકાય કે બધાં યે પ્રાણીઓ જ્ઞાની છે. જ્ઞાનીપણું એ માણસની જ વિશેષતા નથી.

પણ, માણસની વિશેષતા એ છે કે તે કેવળ જ્ઞાની નથી, પણ અજ્ઞાની યે છે. એટલે કે એ કેવળ પોતાના જ્ઞાનનો જ સાક્ષી – વાકેફ-ગાર – નથી, પણ પોતાના અજ્ઞાનનો યે વાકેફગાર છે. બાજું પ્રાણી જે જાણે છે તે જાણે છે ખરું, પણ જે એ નથી જાણતું તે – 'એ હું નથી જાણતું' એમ જાણતું હોય એમ લાગતું નથી. દાખલા તરીકે, એ પાણીને જુએ છે, જાણે છે અને પીએ છે. પણ પાણી શો પદાર્થ છે તે એ જાણતું લાગતું નથી, એટલું જ નહિ પણ પાણી વિષે તે અજ્ઞાન છે એવું યે એને ભાન હોય એમ લાગતું નથી. તેમ જ એ પાણીને જાણે છે, પણ દારૂને નથી જાણતું, અને દારૂને નથી જાણતું એમ પણ એને માલૂમ નથી. દારૂ જેવી કોઇ વસ્તુ એને માટે અસ્તિત્વમાં જ નથી. એ જ પ્રમાણે એનાં બીજાં અજ્ઞાનો વિષે.

માણસમાં એ શક્તિ વિશેષ છે. એ પોતાના અજ્ઞાનને જાણે છે એટલું જ નહિ, પણ જેમ જેમ એનું જ્ઞાન વધે છે તેમ તેમ એને એના અજ્ઞાનનું માપ પણ વધારે સ્પષ્ટ થતું જાય છે. સૉક્રેટિસે સૂચવ્યું છે તેમ જ્ઞાની થવું એટલે અજ્ઞાનનું સ્પષ્ટ માપ મેળવવું. જ્ઞાની થવું એટલે અજ્ઞાનસાગરનું એક ટીપું ઓછું કરવું એટલું જ.

એ જ પ્રમાણે પ્રાણી કામવશ, ક્રોધવશ, લોભવશ થાય છે, ત્યારે પોતાની તે સ્થિતિને તે ઓળખે છે, અને તે મુજબ વર્તી નાખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. પણ પોતે જ્યારે કામવશ ન હોય ત્યારે પોતે નિષ્કામ છે, અને એ સ્થિતિ કેવા પ્રકારની છે તેનું એને જ્ઞાન હોય એમ જણાતું નથી. એ જ પ્રમાણે અક્રોધ, નિર્લોભ, ઇત્યાદિ સ્થિતિમાં રહેવું એ શું તેનું એને જ્ઞાન નથી. યોગસૂત્રોની પરિભાષામાં કહીએ તો એ કેવળ 'વૃત્તિની સારૂપ્ય અવસ્થા'ને જ જાણે છે.

માણસનું એમ નથી. તે જેમ પોતાની વિકારવશ સ્થિતિને જાણે છે, તેમ પોતાની નિર્વિકાર સ્થિતિનો યે એને ખ્યાલ છે, – નિદાન કરી શકે છે. બંને સ્થિતિનાં સુખદુઃખ, પ્રસાદ-વિષાદ એ જાણે છે. આથી, જોકે પ્રાણીઓની જેમ જ એનો યે વિકારવશ થવાનો સ્વભાવ છે, છતાં એ કેવળ તે મુજબ વર્તી નાખીને તથા તે ક્ષણનાં સુખ-દુઃખને ભોગવી લઇને મોકળો નથી થતો – નથી થઇ શકતો. એને તે પછીની અને તે વિનાની સ્થિતિના પ્રસાદ-વિષાદનું સ્મરણ રહે છે.

ચિત્તનો આ વિશેષ પ્રકારનો વિકાસ છે એને જ વિવેક કહે છે. એવો વિવેક પ્રાણીઓમાં યે કંઇક હશે, છતાં મનુષ્ય જેટલો નથી એમ માનવાને હરકત નથી.

આમ પોતાનાં અજ્ઞાન, અકામ, અક્રોધ વગેરેને જાણતો હોવાથી, માનવચિત્તનો સ્વભાવ જ એવો બનેલો છે કે એ અજ્ઞાનમાંથી જ્ઞાન પ્રત્યે, રાગમાંથી વિરાગ પ્રત્યે, વિવશતામાંથી ઇશ્વરતા પ્રત્યે જવા પ્રયત્ન કર્યા કરે છે.

આમ એ કેવળ ધર્મના કે નીતિના કોઇ સંસ્કારોને લીધે જ કરતો નથી. પણ, જેમ પ્રકાશ તરફ વળવું એ વનસ્પતિની પ્રકૃતિ જ છે, અણશીખવ્યો સ્વભાવ છે, તેમ એ એની પ્રકૃતિ જ છે એમ વર્ત્યા વિના એનાથી રહેવાય જ નહિ.

આ સ્વભાવ જ ધર્મની ઉત્પત્તિનું મૂળ છે. બધાં પ્રચલિત ધર્મશાસ્ત્રો અને નીતિશાસ્ત્રોને બાળી મૂકીએ, અને બધાં બાળકોને કોઇ પણ પ્રકારના ધાર્મિક સંસ્કારો વિના ઉછેરવાની વ્યવસ્થા કરીએ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો યે ધીમે ધીમે એમનામાં ધર્મ-અધર્મના. નીતિ-અનીતિના નિયમો ઊકવાના જ. આથી જ અધર્મમાંથી ધર્મમાં જવું એ ચિત્તના મૂળ સ્વભાવમાં જ રહ્યું છે એમ સાંખ્યશાસ્ત્રીઓ કહે છે. એ સ્વભાવ ટળી શકે નહિ.

વિવાહધર્મનું મૂળ ચિત્તના આ સ્વભાવમાં છે. આ દૃષ્ટિએ કામવશતામાંથી નિષ્કામતા અથવા કામસ્વાધીનતા પ્રત્યે કેમ જવાય તેના વિચારમાંથી ઉત્પન્ન થયેલી સ્ત્રીપુરુષભોગની વ્યવસ્થા તે લગ્ન એવી હું લગ્નની એક વ્યાખ્યા સૂચવું છું. જે લગ્નપ્રથા આ પરિણામને ઉદ્દેશીને યોજાઇ હોય તે શુદ્ધ; બીજી અશુદ્ધ કે ઓછી શુદ્ધ. આ ઉદ્દેશથી લગ્નની પ્રથામાં જે સુધારા થાય તે શુદ્ધ, બીજા અશુદ્ધ કે ઓછા શુદ્ધ.

લગ્નની પાછળ રહેલો આ એક વિચાર થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

હવે એક બીજી દૃષ્ટિએ લગ્નનો વિષય તપાસીએ. કામ, ક્રોધ, લોભ વગેરેને આપણે વિકારો કહીએ છીએ. એ વિકારો કહેવાય છે, કારણ કે એ પ્રાણીને પરવશ જેવાં કરી મૂકે છે. એનાથી પ્રેરિત થયેલો પ્રાણી ગાંડાની જેમ ક્રિયામાં જોડાય છે. એ જાતે વિકૃત—બેડોળ થાય છે, કે એની ક્રિયા વિકૃત—કઢંગી થાય છે. પણ આ વિકૃત અવસ્થામાં પ્રગટ થતાં રૂપો એ જ કાંઇ ચિત્તનાં જુદાં જુદાં રૂપો નથી. એ તો એની અવ્યવસ્થિત નિકૃષ્ટ દશાનાં દર્શનો છે. એ અવ્યવસ્થા અને નિકૃષ્ટ દશામાંથી વ્યવસ્થા અને ઉત્કૃષ્ટ દશા પ્રત્યે ચિત્ત પ્રયાણ કરે છે. કામ એ અહૈતુકી ભકિત(=પ્રેમ)માં, ક્રોધ એ તેજમાં, લોભ એ સર્વોદય માટેના પ્રયત્નમાં પરિણામ પામે છે.

કામાદિક વિકારોનો આ જાતનો ઉત્કર્ષ કેટલેક અંશે પ્રાણીઓમાં પણ જોવામાં આવે છે. મનુષ્યમાં વધારે શુદ્ધ પ્રમાણમાં એ ઉત્કર્ષ થઇ શકે છે, અને વારંવાર થયેલો છે.

આ રીતે આપણે કામ, ક્રોધ, લોભ વગેરેનો વિચાર કરીએ તો માલૂમ પડશે કે એ દરેક ગુણમાં બબ્બે ધર્મો રહેલા છે. આપણે લગ્નને અંગે કામનો જ વિચાર કરવો છે, એટલે કામના જ એ બે ધર્મોને તપાસીશું.

પ્રાણીમાં સંયોગની ઇચ્છા અને ક્રિયા ઉત્પન્ન કરનારું બળ તે કામનો એક ધર્મ છે, અને પ્રેમની લાગણી અથવા ગુણ રૂપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપાન્તર પામવું એ કામનો બીજો ધર્મ છે. કામવશતામાંથી નિષ્કામતા કે કામસ્વાધીનતા પ્રત્યે જવું – એ જાતની નિર્વિકારિતા સિદ્ધ થવી – એ ચિત્તના ઉત્કર્ષની એક બાજૂ છે, અને કામવશ પ્રેમમાંથી અહૈતુકી ભક્તિમાં ચિત્તની ભાવનાનું રૂપાન્તર થવું એ ચિત્તના ઉત્કર્ષની બીજી બાજૂ છે.

આ બીજી દૃષ્ટિએ જોતાં પ્રેમનાં ઉત્કર્ષનાં ઘણાં સાધનોમાંનું લગ્ન એ એક છે. પણ એ એક જ સાધન છે એમ ન કહેવાય. માબાપ, બાળકો, કુટુંબીઓ, મિત્રો, ગુરુ, દેવ અને પશુઓ પણ એ ભાવનાનો ઉત્કર્ષ કરવામાં સાધનભૂત બને છે. પણ, યુવાવસ્થામાં આવ્યા પછી ઘણાંને માટે લગ્ન અને લગ્નનાં પરિણામરૂપી કુટુંબવૃદ્ધિ દ્વારા જ એ ભાવનાનો ઉત્કર્ષ થઇ શકે છે, અથવા તે વિના એનો ઉત્કર્ષ નથી થઇ શકતો. આથી, લગ્ન એ તેમને માટે એક અનિવાર્ય આવશ્યકતા બને છે. જેમને લગ્નના એ સાધનની આવશ્યકતા હોય છતાં, કોઇ પણ કારણથી એને – એટલે કે, એની શુદ્ધ પ્રથાને અનુસરીને – સ્ત્રીપુરુષસંબંધને નથી ગોઠવી શકતા, તેઓમાં પ્રેમભાવનાનો ઉત્કર્ષ નથી થતો એટલું જ નહિ, પણ તે વિકૃત સ્વરૂપ પકડે છે અને અનેક રીતની શારીરિક અને માનસિક દુર્દશા નિર્માણ કરે છે.

આથી, કામની પાછળ રહેલી અવ્યવસ્થિત અને નિકૃષ્ટ પ્રેમ-ભાવનાનું સુવ્યવસ્થિત અને ઉત્કૃષ્ટ અહૈતુકી ભક્તિમાં રૂપાન્તર કરવું એ વિચારમાંથી ઉત્પન્ન થયેલી પતિપત્ની-વ્યવસ્થા અને -વ્યવહાર તે લગ્ન એવી લગ્નની બીજી વ્યાખ્યા આપી શકાય. જે લગ્નપ્રથા આ પરિણામને ઉદ્દેશીને યોજાઇ હોય તે શુદ્ધ; બીજી અશુદ્ધ કે ઓછી શુદ્ધ. આ ઉદ્દેશથી લગ્નની પ્રથામાં જે સુધારા થાય તે શુદ્ધ, બીજા અશુદ્ધ કે ઓછા શુદ્ધ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

હવે એક ત્રીજી દૃષ્ટિએ લગ્નનો વિષય જોઇએ.

ચિત્તની અશુદ્ધ પ્રેમભાવનાનું અહૈતુકી ભક્તિમાં રૂપાન્તર થવું એ એના ઉત્કર્ષનું એક અંગ છે એમ ઉપર કહ્યું.

પતિ-પત્ની, માબાપ-બાળક, ભાઇ-બહેન, ભાઇ-ભાઇ, મિત્રો, ગુરુ-શિષ્ય, સ્વામી-સેવક, દેવ-ભક્ત, ધણી-પશુ વગેરે જોડાંઓમાં કાંઇ પણ સ્વાર્થ અથવા આશા ન રહી હોય છતાં અહૈતુકી ભક્તિ હોય એવા ઉત્કૃષ્ટ પ્રેમના દાખલા વારંવાર મળી આવે છે. પ્રાણીઓમાં યે એવા પ્રકારનો ચિત્તનો ઉત્કર્ષ થયેલો જોવામાં આવે છે. વારંવાર જોવામાં આવતા છતાં એ દાખલા બહુ સાધારણ છે એમ ન કહેવાય. આથી, જ્યારે જ્યારે આવા ઉત્કૃષ્ટ પ્રેમના દાખલા જોવામાં આવે છે, ત્યારે જેઓ પોતે એવી સ્થિતિ ન અનુભવી શકતા હોય, તેમને પણ એવાં યુગલોનો સંબંધ આદર્શ લાગે છે, અને તેમને માટે આદર દેખાડ્યા વિના તેઓ રહી શકતા નથી. ચિત્તનો ક્યાં પહોંચવાનો સ્વભાવ છે તે આ ઉપરથી દેખાય છે.

પણ ઉત્કર્ષની આ પરાકાષ્ઠા છે એમ ન કહેવાય. જો આ અહૈતુકી ભક્તિનું ક્ષેત્ર પોતાના જોડીદાર પૂરતું જ વ્યાપીને રહે, અને એ બન્ને, બે ઢાળિયા ઝૂંપડાની જેમ, કેવળ એકબાજાને જ આધાર આપનારાં અને એકબીજાને જ આધારે જીવનારાં થઇને રહે તો તે આદરણીય છતાં દયાપાત્ર સ્થિતિ પણ બને, અને કવચિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનિષ્ટ સ્થિતિ પણ ગણાય. જયદેવ-પદ્માવતીની કથા કાવ્યમાં શોભે. એને આદર્શ ન ગણવી જોઇએ.

આત્મા એ નિરાલંબ અને વ્યાપક છે. એ બધાનો આધાર છે, પણ કોઇને આધારે નથી. એ સંકુચિત ક્ષેત્રમાં પૂરાયેલો નથી, પણ સર્વત્ર સમપણે વસેલો છે. ચિત્તનો એ સ્થિતિ પ્રત્યે પહોંચવાનો મનોરથ છે. આથી, જે અહૈતુકી ભક્તિ એ એક ઠેકાણે સિદ્ધ કરે તે બધે વ્યાપે, અને એ એના જોડીદારના વિનાશી સ્વભાવને ઓળખી સ્થૂળપણે એના ઉપર આધાર રાખીને ન રહે એ મહત્ત્વનું છે. સ્થૂળપણે એનો વિયોગ થવાનો સદા ય સંભવ છે જ અત્યંત ભક્તિ છતાં સ્થૂળ વિયોગને સહન કરવાની એનામાં શક્તિ હોવી અથવા આવવી જોઇએ.

આથી, લગ્ન એ માણસને પોતાની પ્રેમની ભાવનાને સંકુચિત ક્ષેત્રમાંથી વ્યાપક ક્ષેત્રમાં વિસ્તારવાની કેળવણી આપનારું થવું જોઇએ. અલ્પમાંથી મહાનમાં લઇ જનાર સાધન તરીકે એનો વિચાર થયેલો હોવો જોઇએ. જે લગ્નની પ્રથામાં આમ કરવાની શક્તિ હોય તે શુદ્ધ; બીજી અશુદ્ધ કે ઓછી શુદ્ધ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

વળી એક બીજી દૃષ્ટિએ લગ્નનો વિચાર કરીએ.

સ્ત્રીપુરુષસંયોગનું નૈસર્ગિક પરિણામ પ્રજાવૃદ્ધિ છે.

સંયોગ છતાં પ્રજાવૃદ્ધિ ન થવી એમાં કુદરતના નિયમની નિષ્ફળતા છે, જે પરિણામ આવવું જોઇએ તે ન આવે તેથી. પૃથ્વીમાં બીજ વાવ્યું હોય છતાં તે ન ઊગે તેમાં કુદરત નિષ્ફળ બની ગણાય તેમ.

આ નિષ્ફળતા ગમે તે કારણસર આવે, પણ જેમ નિષ્ફળ ગયેલું બી ક્યાંક પણ ખામી છે એમ સૂચવે છે, તેમ આ પણ ક્યાંક પણ ખામી છે એમ સૂચવે છે. સંયોગેચ્છા છતાં પ્રજાની અનિચ્છા – એ બી વાવવાની ઇચ્છા છતાં એ ન ઊગે એવી ઇચ્છા કરવા જેવું છે.

પણ આ પ્રજાવૃદ્ધિ એટલે શું? કુદરતની દૃષ્ટિએ જુઓ તો એ એની વિકાસની સાધના છે. વિકાસવાદીઓ જે ઉત્ક્રાંતિનો નિયમ જગતમાં ભાળે છે, તે નિયમની સિદ્ધિ માટે પ્રાણીમાત્રમાં પ્રજાની વૃદ્ધિ અનિવાર્ય છે. જે પ્રાણીઓ નિર્વંશ મરી ગયાં, તેમનો વિકાસ થયો કે હ્રાસ થયો એ કુદરતની દૃષ્ટિએ કહી શકાય એવું છે જ નહિ. કુદરતે કરેલી વિકાસસિદ્ધિનો સાક્ષાત્કાર જેમનો વેલો ચાલે છે તેમની દ્વારા જ થઈ શકે છે. હજારો કડીઓની એ વિકાસની શ્રૃંખલા બને છે, અને એકેક કડીનું ઘડતર પ્રજાની સેંકડો પેઢીઓ દ્વારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધ થાય છે, એટલી ધીમી એ પ્રગતિ છે. પ્રકૃતિવાદીના મત પ્રમાણે તો એમાં પ્રકૃતિ પોતાની એટલી બધી શક્તિ ખર્ચે છે કે એક પ્રાણી જન્મે અને પૂર્ણાવસ્થાને પામીને મરે એ, આટલાં બધાં પ્રાણીઓ જગતમાં જણાતાં છતાં કુદરતને માટે અનુપમ લહાવો જ ગણી શકાય. કારણ કે જેટલાં પૂર્ણાવસ્થાએ પહોંચે છે તેના કરતાં હજારો ગણાં વધારે જાણે નકામાં જ જન્મ્યાં હોય તેમ નિષ્ફળ જાય છે.

આ બાબત પર 'ઊધઇનું જીવન' એ પુસ્તકમાં મેં કેટલાક વિચારો રજૂ કર્યા હતા. એ વિચારોમાં આજે યે મને ફેરફાર કરવા જેવું લાગતું નથી. એમાંથી કેટલાક ફકરા, મનુષ્યજાતિ પરત્વે થોડાં વાક્યો ઉમેરીને નીચે ઉતારું છું:

"... આ શું પ્રકૃતિની જડતા હશે? શું એમ હશે કે વંશવૃદ્ધિ માટે જે એક જાતની શક્તિની જરૂર છે, તે શક્તિ ઉપજતાં ઉપજતાં મૂળ હેતુ સિદ્ધ થવાને જરૂર હોય (અથવા, મનુષ્ય જાતિમાં, તેને સગવડ રૂપ હોય) તેથી અનેકગણી વધારે પ્રમાણમાં ઉપજી જાય છે, અને પછી નકામી જ વેડફાઇ જાય છે, અથવા નાશ પામે છે (અથવા અગવડ રૂપ થાય છે)? કે એની પાછળ કાંઈક બીજું પ્રયોજન રહ્યું હશે? શું એમ ન હોય કે એ શક્તિનું મુખ્ય કાર્ય કાંઇ બીજું જ હોય, અને વંશવૃદ્ધિ એનું એક વધારાનું, ગૌણ અને અનાયાસે ઉપજતું પરિણામ જ હોય?

"આમ હોય એમ મને સંભવિત લાગે છે. જીવમાત્રમાં રહેલી વંશ વધારવાની શક્તિ – જેને પરિણામે નરમાદાના ભેદો તથા કામાદિક વિકારો નિર્માણ થાય છે – એ તે શક્તિનું મુખ્ય કાર્ય નહિ, પણ ગૌણ કે વધારાનું પરિણામ જ હશે એમ મને લાગે છે.

"જેમ અત્યંત વિસ્તારમાં વ્યાપેલી વરાળ યોગ્ય નિમિત્તો મારફતે ઘટ્ટ બની જાય છે, અને એક ચાંગળામાં રહી શકે એટલા પાણીમાં ફેરવાઇ જાય છે; જેમ ચોમેર ફેલાઇ જવાના સ્વભાવવાળી વીજળીની શક્તિ યંત્રો અને તારો મારફતે એકત્ર થઇને એક નાનકડા દીવાને પ્રગટાવે એવી બને છે; તેમ, મને લાગે છે કે, વ્યક્ત અથવા દૃશ્ય સંસાર – એ એથી કરોડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણા વધારે વિસ્તારમાં વ્યાપીને રહેલી, અનંત પ્રકારની અવ્યક્ત અથવા અદૃશ્ય શક્તિઓનું માત્ર ઘાટું સ્વરૂપજ છે. . . . (વળી), જેમ ઘર પર ચડાવેલો તાર વાદળાંમાં રહેલી વીજળીને ખેંચી લેવાનું સાધન બને છે, . . . તેમ જુદીજુદી જાતના જીવો (વિશ્વમાં પસરેલી અનેક) શક્તિઓને ખેંચી, તેને એકત્ર કરવાનાં, તેમાં કાંઇક ફેરફાર પણ કરવાનાં, અને તેને પ્રગટ કરવાનાં યંત્રો, સાધનો કે નિમિત્તો છે; તેમજ તે યંત્રો જાતે પણ . . . અનેક જાતની અવ્યક્ત શક્તિઓનું સગવડભર્યું, ઘાટું, વ્યક્ત સ્વરૂપ જ છે.

"વળી, . . . (વિશ્વમાંનાં અનેક તત્ત્વોની) . . . વિવિધ પ્રમાણમાં અને વિવિધ પ્રકારની રચના થવા માટે વનસ્પતિ અને પ્રાણીઓનાં શરીરમાં અદ્ભુત સામગ્રી રહેલી છે. . . . (તત્ત્વોની નવી નવી રચના કરવા માટે જીવો એ જુદાં જુદાં રાસાયનિક કારખાનાંઓ છે એમ કહીએ તોપણ ચાલે.

"જીવો અદૃશ્ય શક્તિઓનું દૃશ્ય સ્વરૂપ છે, જુદી જુદી શક્તિઓનો વિવિધ રીતે સમન્વય કરી નવી જાતની શક્તિઓ – 'માલ' – તૈયાર કરવાનું કારખાનું પણ છે, અને એ નવા માલના કોઠાર પણ છે. આમ જીવનું ત્રણ પ્રકારનું સ્વરૂપ હોવાથી એક જીવ રૂપી કોઠારમાં બનેલો અને ભેગો થયેલો માલ જ્યારે બીજી જાતનો માલ ઉપજાવવા ઉપયોગમાં આવે, ત્યારે તે કારખાનું અને કોઠાર – અથવા આખું શરીર – નાશ પામે એમ બને છે. વળી, એ કારખાનાં અને કોઠાર ઘસારાથી અને અનેક પ્રકારના અકસ્માતોથી યે નાશ પામે છે. એમ થતું હોવાને લીધે એવાં કારખાનાંઓની પરંપરા ચાલુ રાખવાની પ્રકૃતિએ જીવોમાં જ યોજના કરી રાખી છે. માલ નિર્માણ કરવા માટે તથા કારખાનું અને કોઠાર સારી સ્થિતિમાં ચાલુ રહેવા માટે જે મુખ્ય શક્તિ જીવોનાં શરીરમાં કામ કરે છે તેને આપણે એ જીવની પ્રાણશક્તિ, વીર્યશક્તિ કે જીવનશક્તિ કહીશું. એ જીવનશક્તિમાં જ પોતાના જેવાં બીજાં કારખાનાં પણ ઉપજાવવાની શક્તિ ગોઠવાયેલી જણાય છે.

"આ તો આપણે જીવોનો કેવળ, જાણે, સ્થૂળ દૃષ્ટિએ વિચાર કર્યો; પરંતુ, અવ્યક્ત બ્રહ્માંડમાં અનેક વાસનાઓ, ગુણો, વિચારો, કલ્પનાઓ વગેરે પણ . . . રહેતાં લાગે છે. આપણા હૃદયમાં જે વિચારો, તરંગો, ઇચ્છાઓ ઇત્યાદિ ઊઠે છે, તે આપણાં જ હૃદયમાં નિર્માણ ન થતાં હોય, પણ વાતાવરણમાં અદૃશ્ય રીતે રહેલાં હોય અને આપણા મગજરૂપી યંત્ર દ્વારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(રેડિયો દ્વારા પકડાતાં ધ્વનિના મોજાંઓની જેમ) એમાં પકડાઇને આવતાં હોય, કદાચ પકડાયા પછી કાંઇક રૂપાન્તર પણ પામતાં હોય તથા ક્રિયાવાન થતાં હોય, અને આપણને માત્ર તેનું દર્શન અથવા ભાન જ થતું હોય એમ પણ સંભવિત છે. આવી રીતે જીવો આવી જાતની અવ્યક્ત શક્તિઓને પણ પ્રગટ કરવાનાં સાધન બનતાં જણાય છે. જીવની વીર્યશક્તિ અથવા જીવનશક્તિનો ઉદ્દેશ એ શરીરને આ કાર્ય માટે તેજસ્વી રાખવું એ મુખ્યપણે હોય, અને એવા બીજા જીવો નિર્માણ કરવા એ ગૌણપણે હોય એમ કેમ ન બને?

"આ વિચાર જો બરાબર હોય, તો જીવની જીવનશક્તિનો મુખ્ય ઉદ્દેશ તો કોઇક પ્રકારની ભૌતિક કે આધ્યાત્મિક અવ્યક્ત શક્તિને પ્રગટ કરવાનો, કોઇક જાતનો નવો ભૌતિક કે આધ્યાત્મિક માલ તૈયાર કરવાનો, તેના ભંડાર બનવાનો અને, છેવટે, ભંડારરૂપે કોઇ બીજી જાતનો માલ નિર્માણ કરવામાં કાચા માલની કે અર્ધતૈયાર માલની જેમ ખપી જવાનો છે આટલું થવામાં જ એ જીવને નિર્માણ કરવામાં અથવા થવા દેવામાં પ્રકૃતિનો ઉદ્દેશ પાર પડી જાય છે. પણ, એ સાથે જ એ કાર્ય સદૈવ ચાલુ રહ્યાં કરે એ માટે એ શક્તિનો વંશવૃદ્ધિ માટેયે પ્રકૃતિ ઉપયોગ કરી લેતી જણાય છે. . . ." ('ઊધઇનું જીવન,' પા. ૧૯૬ – ૨૦૦).

આ દૃષ્ટિએ જોઇએ તો જીવોને ઉપજાવવામાં પ્રકૃતિનો હેતુ પોતામાં અવ્યક્તપણે રહેલી વિવિધ પ્રકારની ભૌતિક તથા આધ્યાત્મિક શક્તિઓને વ્યક્ત કરવાનો, તેમની દ્વારા નવા પ્રકારનાં ભૌતિક તથા આધ્યાત્મિક રૂપો સિદ્ધ કરવાનો (એટલે પોતાનો ક્રમશઃ વિકાસ કરવાનો), એ વિવિધ રૂપોના કોઠાર તરીકે તેમનો ઉપયોગ કરવાનો, વળી, કોઇ બીજી જાતનાં રૂપો નિર્માણ કરવામાં તે ભંડારોનો કાચા કે અર્ધતૈયાર માલની જેમ ઉપયોગ કરી નાંખવાનો અને. છેવટે, એ કાર્ય સદૈવ ચાલુ રહે તે માટે વંશપરંપરા દ્વારા તે જીવોની પરંપરા ચાલુ રાખવાનો જણાય છે. જે લગ્નપ્રથા પ્રકૃતિનો આ હેતુ સારામાં સારી રીતે સફળ કરનારી હોય તે શુદ્ધ; બીજી અશુદ્ધ અથવા ઓછી શુદ્ધ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

અને, છતાં, આ વિચાર પર આવવામાં આપણે કેવળ જડ પ્રકૃતિવાદીની જ દૃષ્ટિ રાખી છે. એથી આગળ વધીને હવે આપણે ચૈતન્યદૃષ્ટિએ વિચાર કરીએ.

કામવિકાર જેવો અનુભવ શું કામ થતો હશે? શા માટે વંશવૃદ્ધિની પ્રેરણા, અભિલાષા પણ? શા માટે એ વિકાર પર જય મેળવવામાં મુશ્કેલી? પ્રકૃતિવાદીએ તો કહી દીધું કે પોતાનો વિકાસ સિદ્ધ કરવા માટે પ્રકૃતિનો એ માર્ગ છે. પણ જડ પ્રકૃતિને વળી વિકાસની ઇચ્છા શી? શા માટે એની સિદ્ધિ?

આનો વિચાર કરતાં મને આમ જણાયું છે.

પ્રાણીઓમાં રહેલા કામ (= વાસના, ઇચ્છા, કાંઇક જાણવાની, મેળવવાની કે સિદ્ધ કરવાની અભિલાષા) અને એનામાં રહેલો કામ (વિકાર) બંને જુદા નથી. જ્યાં સુધી એક પ્રાણીમાં કાંઇક પણ કામ એટલે વાસના છે, ત્યાં સુધી એનામાં કામવિકારનું બીજ રહેવાનું જ. પ્રાણીઓ જીવન દરમ્યાન પોતાની વિવિધ કામનાઓને સિદ્ધ કરવા મથતાં હોય છે. પણ જીવન દરમ્યાન બધી જ કામનાઓને સિદ્ધ કરી શકતાં નથી. જેને સિદ્ધ કરી શકતાં નથી, તેને છોડી દે છે કે તે છૂટી જાય છે એવું કાંઇ નથી. જેને જાતે તત્કાળ સિદ્ધ કરી ન શકે અને, સિદ્ધ ન થાય ત્યાં સુધી, મનમાં જ જીરવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ રહી ન શકે, તે કામનાઓનું એના શરીર ઉપર થતું એક પરિણામ તે કામવિકાર. ત્યારે કામવિકાર એટલે અસિદ્ધ વાસનાઓથી ઉત્પન્ન થયેલો ખળભળાટ. એમાંથી અને એ માટે જ સંતતિની અભિલાષા. પ્રાણીઓને નિષ્કારણ જ સંતતિની અભિલાષા નથી થતી. પણ જે વાસનાઓને તે જાતે સિદ્ધ નથી કરી શકતાં, તેને સંતતિ દ્વારા સિદ્ધ કરવા અભિલાષા રાખે છે. પોતે જે સિદ્ધ કે પૂરું કરી શકયાં ન હોય તે સંતતિ સિદ્ધ કે પૂરું કરે, એવી માબાપની ઇચ્છાને કોણ નથી જાણતું? જાણ્યે અજાણ્યે, માબાપના મનમાં વસેલું છે કે પોતાની સંતતિ એ પોતાની વાસનાઓની જીવતી થાપણ છે, એનાં બીજ અથવા વૃક્ષ છે; એ દ્વારા એ પોતે, સ્થૂળ શરીરે નહિ તો યે, વાસના રૂપે જીવે છે.

આમ, જ્યાં સુધી એક જીવને પોતા વિષે કાંઇક પણ અપૂર્ણતા છે, કાંઇક પણ એને જાણવા-મેળવવાનું રહેલું છે, એ અર્થમાં, જ્યાં સુધી એ સકામ છે, ત્યાં સુધી એને કામવિકારનો અનુભવ થવાનો સંભવ છે જ. એ વિકારને એ દબાવી શકે, એનાં શરીર કે મન ઉપર એનું જોર ન ચાલે એટલો તાબો મેળવે; એને અંદર ને અંદર પચાવી દે, અને એ રીતે સંતતિ દ્વારા નહિ, પણ પોતાના જીવન દરમ્યાન જ, અથવા (શકય હોય તો) મરણ બાદ પણ પોતાની જાણવા-મેળવવાની ઇચ્છાને સિદ્ધ કરવાની શક્તિ વધારે અને સંઘરે. પણ જ્યાં સુધી જીવન વિષે બીજી અપૂર્ણતા છે, ત્યાં સુધી કામવિકારની શકયતા પણ રહેવાની જ.

એમ કામવિકારને ઓછેવત્તે અંશે અંદર ને અંદર જ જીરવી શકનારા કેટલાક માણસો સંતતિને બદલે શિષ્યોમાં પોતાની વાસનાઓનું આરોપણ કરી જતા પણ જોવામાં આવે છે. વિકાર દ્વારા સ્થૂળ શરીર નિર્માણ કરવામાં વપરાતી શક્તિ, તેનો સારી રીત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરોધ થવાને પરિણામે, બીજાંઓની સંતતિને પોતાની વાસનાઓના આરોપણ માટે પોતાની સંતતિ કરી લેવાની ઓછીવત્તી શક્તિ મેળવે છે. એ શક્તિ પણ પેઢીઓ સુધી ચાલતી જોવામાં આવે છે, અને ઘણી વાર પેટની સંતતિમાં આરોપાયેલી શક્તિ કરતાં વધારે બળવાન પણ હોય છે. આમ, વાસનાયુક્ત માણસોનો કામવિકાર-જય પણ તે વાસનાઓ, પોતાના જીવન દરમ્યાન નહિ તો ભવિષ્યમાં, જગતમાં સિદ્ધ થાય તે માટે બાજી રીતે વીર્યવાન્ થાય છે.

માણસ આ દૃષ્ટિએ પોતાના કામવિકાર પ્રત્યે જુએ તો તે પોતાના કામવિકારને કેવળ જુવાનીના એક વેગ, અથવા રોગ, અથવા ખળભળાટ, અથવા વિજાતિ પ્રત્યેના આકર્ષણ તરીકે અને સ્વતંત્રરૂપે ન વિચારે. પણ પોતાના જીવનની સર્વે વાસનાઓ અને અભિલાષા-ઓને વેરાઇ જવાના સંભવની નિશાની રૂપે વિચારશે. જે પ્રાપ્તિઓ માટે એ મથે છે, પણ હજુ સિદ્ધ કરી શકયો નથી, પણ જેને માટેની એની ઇચ્છા એનામાં ખૂબ ખળભળાટ મચાવી રહેલી છે, તે ખળભળાટનું એક ચિહ્ન તે એનામાં દેખાતો કામવિકાર છે. પોતાની અનેકવિધ વાસનાઓ સિદ્ધ કરવા માટેના એ ખળભળાટને જો એ ધીરજથી અંકુશમાં ન રાખી શકે, ધીમે ધીમે એને સિદ્ધ કરવાના પુરુષાર્થમાં મંડ્યા રહેવા ઉપરાંત બીજી રીતે પોતાનું મગજ ન ખોઇ બેસવું, એ રીતે જો એ પોતાની વાસનાઓને પચાવેલી ન રાખી શકે, તો એ પોતાના કામવિકારને પણ સંભાળી ન શકે એમ સંભવ છે. કામવિકારને ન સંભાળી શકે તો કાં તો એ સંતતિ નિર્માણ કરવામાં ઉપયોગી થાય, અથવા બીજી રીતે વેરાઇ જાય. બન્નેનું તાત્કાલિક પરિણામ તો એ જ આવે કે એનો પોતાની ઇચ્છાઓને જાતે સિદ્ધ કરવાનો પુરુષાર્થ અને સંકલ્પ થોડો – તે સમય પૂરતો – નિર્બળ પડી જાય. યોગ્ય રીતે સંતતિનિર્માણ કરવામાં ઉપયોગી થાય તો એનું બીજ – એની આશા – જળવાઇ રહે એટલો ફરક પડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ માણસની વાસનાઓ યે અનેક જાતની હોય છે. કેટલીક ક્ષણિક અને તદ્દન વ્યક્તિગત પ્રાપ્તિની, કેટલીક દીર્ઘકાલિક અને સામાજિક. વ્યક્તિગત પ્રાપ્તિની છતાં દીર્ઘકાલિક પણ હોય, અને સામાજિક છતાં ક્ષણિક પણ હોય. ખાવાપીવાની વાસનાઓ એ ક્ષણિક વ્યક્તિગત કહી શકાય; ધન, વિદ્યા, કીર્તિ વગેરેની દીર્ઘકાલિક વ્યક્તિગત કહી શકાય; એકાદ નજદીકના સામાજિક કાર્યક્રમને સિદ્ધ કરવાની ઇચ્છા (દા. ત. ચૂંટણીમાં પોતાના પક્ષના ઉમેદવારને યશ અપાવવાની) સામાજિક ક્ષણિક વાસનાનું ઉદાહરણ ગણી શકાય; અમુક જાતની સમાજરચના કરવાની અભિલાષા, તે દીર્ઘકાલિક સામાજિક કહી શકાય. કેટલીક વાસનાઓમાં વ્યક્તિગત અને સામાજિક ભાવોનું મિશ્રણ પણ હોય. કોઇક ક્ષણિક અને વ્યક્તિગત છતાં પવિત્ર હોય, કોઇક દીર્ઘકાલિક અને સામાજિક છતાં ક્ષુદ્ર હોય.

જ્યારે માણસ એમ વિચારે કે પોતાની અમુક વાસનાઓ એવા દીર્ઘકાલિક છે કે પોતાના જીવન દરમ્યાન પોતાના જ પુરુષાર્થથી એની સંપૂર્ણ સિદ્ધિ શકય નથી. એ તો પેઢી દર પેઢી ચાલનારી અને ચાલવી જોઇએ એવી છે. તેમ જ જ્યારે માણસ એમ વિચારે કે એની અમુક વાસનાઓ માટે એણે દીર્ઘકાળ સુધી પોતાના કામ-વિકારને અંકુશમાં રાખી સિદ્ધ કરવા પુષ્કળ પ્રયત્ન કર્યો, પણ એ હજુ સિદ્ધ થઇ નથી, અને હવે એની જાતે સિદ્ધ કરવાની આશા ઓછી થતી જાય છે, અથવા, તે ઉપરાંત, એને સંતતિ દ્વારા જગતમાં મૂકી જવાની પણ એને પ્રેરણા થાય છે અથવા કર્તવ્યરૂપ લાગે છે, ત્યારે ધર્મમાર્ગે સંતતિનિર્માણ કરવાનું કર્મ તે એક શુદ્ધ કર્મ (અને યજ્ઞકર્મ પણ) થઇ શકે. જે લગ્નપ્રથા આ દૃષ્ટિએ વિચારાઇ હોય તે શુદ્ધ; બીજી અશુદ્ધ અથવા ઓછી શુદ્ધ.

આ બધી દૃષ્ટિઓને ફરીથી એકત્ર કરીને મૂકી દઉં:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે લગ્નપ્રથા નીચેની બાબતો સિદ્ધ કરવાની અનુકૂળતા કરી આપે, તે શુદ્ધ; બીજી બધી અશુદ્ધ અથવા ઓછી શુદ્ધ;

જે કામવશતામાંથી નિષ્કામતા અથવા કામસ્વાધીનતા પ્રત્યે લઇ જાય;

જે કામની પાછળ રહેલી અવ્યવસ્થિત અને નિકૃષ્ટ પ્રેમભાવનાનું સુવ્યવસ્થિત અને ઉત્કૃષ્ટ અહૈતુકી ભક્તિમાં રૂપાન્તર કરે;

જે માણસની પ્રેમની ભાવનાને સંકુચિત ક્ષેત્રમાંથી વ્યાપક ક્ષેત્રમાં વિસ્તારવાની કેળવણી આપે, એને અલ્પમાંથી મહાન પ્રત્યે લઇ જાય;

જે પ્રકૃતિના હેતુને સિદ્ધ કરે : તે હેતુ તે પોતામાં (પ્રકૃતિમાં) રહેલા વિવિધ પ્રકારની ભૌતિક તથા આધ્યાત્મિક શક્તિઓને વ્યક્ત કરવાનો, તેમની દ્વારા નવા પ્રકારનાં ભૌતિક તથા આધ્યાત્મિક રૂપો સિદ્ધ કરવાનો (એટલે, પોતાનો ક્રમશઃ વિકાસ કરવાનો), એ વિવિધ રૂપોના કોઠાર તરીકે તેમનો ઉપયોગ કરવાનો, વળી, કોઈ બીજી જાતનાં રૂપો નિર્માણ કરવામાં તે ભંડારોનો કાચા કે અર્ધ-તૈયાર માલની જેમ ઉપયોગ કરી નાંખવાનો અને, છેવટે, એ કાર્ય સદૈવ ચાલુ રહે તે માટે વંશપરંપરા દ્વારા તે જીવોની પરંપરા ચાલુ રાખવાનો;

અને, છેવટે, જે માણસને પોતામાં રહેલી યોગ્ય અને દીર્ઘ-કાલિક વાસનાઓને જગતમાં સ્થાપી જવાની કર્તવ્યરૂપ લાગતી પ્રેરણાનો ધર્મમાર્ગ – યજ્ઞકર્મનો માર્ગ – બતાવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવા પ્રકારની પ્રથા આ સિદ્ધ કરવાને યોગ્ય ગણાય તેનો હવે વિચાર કરવાનો રહ્યો.

આમાં એક વાત પહેલાં કહી દેવી જરૂરની છે. એક વસ્તુ પ્રથા તરીકે થઇ જાય, ત્યારે એ પ્રથા કેવળ ખોખું જ રહે, અને તેની છાયા નીચે અશુદ્ધ વ્યવહારો પણ ચાલે એ આપણા અપૂર્ણ જગતમાં સદા યે સંભવનીય છે. તેનો ઉપાય ફરીફરીને એ પ્રથા શુદ્ધ કરતાં જવું કે અશુદ્ધ વ્યવહારોનો નિષેધ કરતાં જવું એ જ છે. પ્રથાના ગુણદોષ વિચારવામાં શુદ્ધ વ્યવહાર માટે એમાં જ વધારેમાં વધારે અનુકૂળતા છે એટલું કહી શકીએ તો બસ ગણાય. એટલો ખુલાસો ધ્યાનમાં રાખી હવે વિચારીએ :

તેમાં, પહેલાં, સ્ત્રી-પુરુષની અન્યોન્ય આવશ્યક્તા વિષે : શ્રી. નરસિંહભાઇ બન્નેને આંધળા-પાંગળાની જોડીની ઉપમા આપે છે. મને એ ઉપમા ઠીક નથી લાગતી. જો કે, તેથી, વ્યવહારદષ્ટિએ બહુ ફરક પડતો નથી છતાં, હીનરૂપકનો સંસ્કાર બુદ્ધિમાં હીનગ્રહ (कॉम्प्लेक्स) નિર્માણ કરે છે, અને તે લાંબે કાળે કાંઇક પણ ખામી ઉત્પન્ન કર્યા વિના રહેતો નથી. તેથી, એને સુધારવાની જરૂર લાગે છે.

મારી દૃષ્ટિએ, સ્ત્રી-પુરુષની જોડી આંધળા-પાંગળાની, કે બે હાળિયા ઝૂંપડા જેવી, કે એક બીજાના અર્ધાંગ જેવી યે નથી, અને ન હોવી જોઇએ. જ્યાં એવી સ્થિતિ છે, ત્યાં હું તેને યોગ્ય નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજતો. બન્ને વ્યક્તિ રૂપે એક બીજાથી સ્વતંત્ર રહીને પણ જીવનને શોભાડી શકે, અને શોભાડતાં આવડવું જોઇએ. જેમ એક મંદિરની કમાનના બે થાંભલા જુદા જુદા સ્વતંત્ર રીતે ઊભા રહે છે, તેમ સ્ત્રી-પુરુષ બન્ને સ્વતંત્ર રીતે ઊભાં રહી શકે — શકવાં જોઇએ.

પણ એવા બે સ્વતંત્ર અને સરખી શક્તિના થાંભલાઓનો મંદિરની એક જ ભૂમિકા પર સમન્વય થાય, તો તે બે મળીને પોતા પર જે ભાર ઉપાડી શકે, તેઓ બેની જુદી જુદી શક્તિ કરતાં અનેક ગણો વધારે હોય, એમ બને. પણ બેની શક્તિમાં જો ઘણો ફરક હોય, અથવા સમાન ભૂમિકા પર નહિ, પણ જુદી જુદી ભૂમિકા પર હોય, અને બેનો સમન્વય નહિ, પણ વ્યન્વય (વિપરીત સંબંધ) બંધાય, તો બન્ને શક્તિમાં વધારો થવાને બદલે હ્રાસ થાય, અને બન્ને મળીને સ્વતંત્ર રીતે ઉપાડી શકે તેથી યે ઓછો ભાર ઝીલી શકે, અને કદાચ એક બીજાનો નાશ પણ કરે. મંદિરમાં એક બાજૂ પથ્થરનો અને બીજી બાજૂ પાતળા વાંસનો થાંભલો રાખીએ, અથવા બંને કે એકનો પાયો લંબદોરીની બહાર જાય, કે નાના મોટા હોય તો કેવું પરિણામ આવે?

વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ આંધળા-પાંગળાનું રૂપક બરાબર લાગતું નથી. પુરુષ અને સ્ત્રી બન્નેની જીવનશક્તિ બન્ને સ્વતંત્ર જીવનકોશો છે. અમુક મર્યાદામાં અને પરિસ્થિતિમાં બન્ને સ્વતંત્ર રીતે વૃદ્ધિ-ક્ષય-શીલ — એટલે જીવનધર્મવાળા — છે, અને બન્નેની તે તે શરીરોને ટકાવવામાં સ્વતંત્ર ઉપયોગિતા છે. પણ એ બન્નેનો યોગ્ય રીતે સમન્વય થવાથી એ બન્નેમાંથી બન્ને કરતાં વિલક્ષણ અને અનેકગણી શકિતવાળો 'જીવ' બને છે. પણ જો એ બે શકિતઓ પથ્થર અને વાંસના થાંભલાની જેમ એક બીજા સાથે ભળી જ ન શકે એવી હોય, તો એક કે બીજાનો કે ઉભયનો નાશ કરનારી પણ થાય. એ જ સંબંધ એ જીવનશકિતઓને ધારણ કરનાર સ્ત્રી અને પુરુષ વચ્ચે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજીએ. બન્ને અમુક મર્યાદામાં સ્વતંત્ર છે, અને સ્વતત્રપણે ઉપયોગી થઇ શકે છે. પણ જો બન્નેનો યોગ્ય રીતે સમન્વય થાય તો બન્ને જેમ મંદિરના સમાન થાંભલા પોતાનાં માથાં પર મોટી ઇમારત ઉપાડી શકે, તેમ તેમની જુદી જુદી શક્તિ કરતાં અનેકગણી વધારે શક્તિ ઉત્પન્ન કરી શકે; જો સમન્વય ન હોય તો એકનો કે બન્નેનો હ્રાસ કે વિનાશ પણ થાય.

એટલે, સુખકર દંપતીસંબંધ ગોઠવાવા માટે ત્રણ શરતોની અપેક્ષા રહે છે. બન્નેમાં સ્વતંત્રપણે જીવનને ઉપયોગી કરવાની લગભગ સમાન શક્તિ હોવી જોઇએ; એ બે શક્તિનો સમાનભૂમિકા પર યોગ થવો જોઇએ; અને એ યોગ સમન્વયાત્મક હોવો જોઇએ, વ્યન્વયાત્મક નહિ. જેટલે અંશે એ ત્રણ શરતોમાં ખામી રહે તેટલે અંશે દંપતી-સંબંધ ખામીવાળો થાય.

એ ખરું કે બેની ભૂમિકા ક્યારે સરખી અને ક્યારે અ-સરખી કહેવાય તે ઠરાવવું બહુ સહેલું નથી. બાહ્ય રૂપ, રંગ, દેશ, જાતિ, કુળ, સ્વભાવ, શિક્ષણ, ઉંમર વગેરે દરેક એમાં ભાગ ભજવે છે. છતાં, એ બધાંમાં સ્થૂળ દૃષ્ટિએ ઘણો ફરક હોવા છતાં સમાનભૂમિકા હોઇ શકે છે, અને એ બે દેખીતી રીતે સરખાં હોય છતાં બેની ભૂમિકા સાવ જુદી હોય એવું બને છે. પહેલાં વાપરેલો શબ્દ ફરી વાપરીને કહું તો, જીવનના મુખ્ય ધ્યેય અને વ્યવસાય માટે, તથા એકબીજાને વળગી રહેવા અને અનુકૂળ થવા માટે બન્નેની ધૃતિ અને પ્રીતિ સરખી હોય તો, બીજા અનેક ભેદો છતાં, બન્નેની ભૂમિકા સરખી હોઇ શકે છે. બન્નેની એકબીજાને વળગી રહેવાની અને અનુકૂળ થવાની ઇચ્છા અને શક્તિ એ લગ્નની સફળતામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. એ હોય તો બીજા ભેદો ઓછા મહત્ત્વના બને. એ ન હોય તો એ લગ્ન નાનાં છિદ્રોને મોટાં બનાવનાર વાંદરાની ગરજ સારે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનું કાવ્યમય છતાં એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પાંચ પાંડવો અને દ્રૌપદીનું છે. આ અનેકપતિ લગ્ન હોવા છતાં સ્ત્રીપુરુષના યોગ્ય સમન્વયની શરતો સરસ રીતે રજૂ કરે છે. પાંચે પાંડવોના સ્વભાવમાં એકબીજાથી વિલક્ષણ ફરક છે, અને દ્રૌપદી પણ એક ‘માનિની’ સ્ત્રી છે. પણ છયેમાં ધૃતિ અને પ્રીતિ સરખાં હોવાથી છયેનો સંસાર વિવિધ પ્રકારનાં સુખદુઃખો વચ્ચે ઉત્કૃષ્ટ રીતે નભે છે.

લગ્નને સંતાપજનક કરનાર એક બાબત તે ગુમાન અને બીજા વિષે અનાદર છે. જ્યાં એમાંથી એકેયેને વારંવાર પોતાની કોઇક સાચી કે કલ્પિત વિશેષતાનું ગુમાન રહેતું હોય, અથવા બીજાની કોઇ ખામી માટે તિરસ્કાર ઉત્પન્ન થયા કરતો હોય, તો તે બન્ને ગમે તેટલાં ગુણસંપન્ન હોય, તેમનો મેળ નહિ બેસે. ગુમાન અને અનાદર એ ધૃતિ-પ્રીતિનાં વિરોધી છે.

એક બીજા વિચારમાં યે થોડો સુધારો કરવાની જરૂર લાગે છે. વંશવર્ધનની પ્રેરણા વિના લગ્ન ન કરવું જોઇએ એ સૂત્ર બરાબર છે. પણ એથી ઊલટાં સૂત્રો કોઇ બનાવે જે, વંશવર્ધનની પ્રેરણા હોય તો લગ્ન કરવું જ જોઇએ, અથવા વંશવર્ધન એ જ લગ્નનો એકમાત્ર હેતુ છે, તો તે બરાબર નથી. વંશવર્ધનની પ્રેરણા વિના સ્ત્રીપુરુષનો સંયોગ ન હોવો જોઇએ; લગ્ન દ્વારા જ એવો સંયોગ હોવો જોઇએ; પણ માણસે વંશવર્ધનની પ્રેરણાને સદા યે વશ થવું જ જોઇએ એમ જો કોઇ અર્થ કરે તો તે વિપરીત અર્થ છે; તેમ લગ્નમાંથી કેવળ વંશવૃદ્ધિનો જ હેતુ સિદ્ધ કરવાનો છે એમ જે માને તે પણ ભૂલ કરે છે. ત્યારે, લગ્નને વંશવર્ધનનું અનિવાર્ય સાધન માનવું ઘટે; પણ લગ્ન દ્વારા સમાજનો અને પતિપત્નીનો પોતાનો અનેક જાતનો વિકાસ સિદ્ધ કરી શકાય છે તેને ગૌણ ન સમજવું જોઇએ, અને લગ્ન ગોઠવવામાં એ વિકાસ સિદ્ધ થવાની શક્યાશક્યતાની ગણતરી સાથે સાથે કરવી જોઇએ કેવળ વંશવર્ધન માટે બન્નેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છા અને યોગ્યતા એ જ લગ્ન ગોઠવવામાં નિર્ણાયક કારણ ન થવું જોઇએ. બીજાં કારણો એટલાં મહત્ત્વનાં લાગવાં જોઇએ અને તેનો ખ્યાલ એટલો સ્પષ્ટ હોવો જોઇએ કે તેમની આગળ વંશવર્ધનની પ્રેરણાનો અનુભવ જરૂરનો છતાં એક છેવટનું નિમિત્ત કારણ કહી શકાય એટલું જ.

આ દૃષ્ટિએ, લગ્ન કરવા ઇચ્છનાર સ્ત્રીપુરુષમાં કેવા પ્રકારની લાયકાત જોઇએ તેનો સાર કાઢીએ :

બન્નેમાં પોતાના જીવનને સ્વતંત્રપણે શોભાડવાની શક્તિ હોવી જોઇએ;

બન્નેને જીવનમાં આહાર, વિહાર, નિદ્રા, મૈથુન વગેરે વ્યક્તિગત વાસનાઓ અને વૃત્તિઓથી પર કાંઇક સ્વતંત્ર ધ્યેય કે વાસના હોવાં જોઇએ;

એ ધ્યેય કે વાસનાની બાબતમાં બન્નેની ભૂમિકાનો સમન્વય થઇ શકે એમ હોવું જોઇએ. સમન્વય અનેક રીતે સંભવી શકે : દા. ત., આંધળા-પાંગળાની જોડી જેમ તેઓ એક બીજાના ન્યૂનતાપૂરક થાય; અથવા સાથે ભાર ખેંચનારા બે બળદોની જેમ સહકારી થાય; અથવા ખીલ-માંકડીની જેમ અન્યોન્ય બંધબેસતાં થાય; અથવા દૂધપાણીની જેમ બેમાંથી એક વ્યક્તિ બીજાની સાથે એકરૂપ થાય; અથવા દૂધ-સાકરની જેમ એક વ્યક્તિ બીજામાં ગળી જઇ બીજાના ગુણને વધારે; અથવા બે અર્ધગોળની જેમ પરસ્પરના યોગથી પૂર્ણ બનનારાં થાય; અથવા જમીન અને વરસાદની જેમ બે મળીને જગતને પ્રાણવાન બનાવનારાં (सहवीर्यं कर्तारौ) થાય; અથવા તાણા-વાણાની જેમ બન્ને એક બીજામાં ઓત-પ્રોત થઇ જાય; અથવા વ્યંજનમાં ભળેલા સ્વરની જેમ એકને બીજી વ્યક્તિ પૂર્ણ કરે; ઇત્યાદિ અનેક રીતે સમન્વય થઇ શકે. એ બધા સમન્વયોમાં મુખ્ય આવશ્યક વસ્તુ તે બન્નેની ધૃતિ – એક બીજાને વળગવાની તથા અનુકૂળ થવાની ઇચ્છા, અને શક્તિ – તથા પરસ્પર પ્રીતિ; અને છેવટે બન્નેને સંતતિ દ્વારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની કામનાને સંસારમાં રોપી જવાની ઇચ્છા, અને તે માટે શરીર તથા મનની લાયકાત.

વંશવૃદ્ધિની પ્રેરણાથી જ લગ્ન થવું જોઇએ — એનો અર્થ એમ ન કરવો જોઇએ કે વંશવૃદ્ધિ થાય તો વાંધો નથી, ભલે થાય, એટલો જ જે પરણનારાઓના મનમાં વિચાર છે, તેને વંશવૃદ્ધિની પ્રેરણા છે એમ કહી શકાય. પણ અમારે સંતતિસુખ જોઇએ છે; અથવા અમારે અમારો વંશ ચાલુ રાખવો છે એવી સ્પષ્ટ ઇચ્છા હોય તો જ તે વંશવૃદ્ધિની પ્રેરણા ગણાવી જોઇએ. પણ તેનો અર્થ એમ પણ ન સમજવો જોઇએ કે એ ઇચ્છા છે માટે લગ્ન કરીને સંતતિપ્રાપ્તિ એ જ પહેલું કર્તવ્ય, અને એ જ વિવાહિત જીવનનાં અથ અને ઇતિ લાગવાં જોઇએ. પણ અનેક હેતુઓમાં એ એક હેતુ હોય, અને યથા-કાળે કર્તવ્ય કે સત્કર્મની ભાવનાથી તેને સિદ્ધ કરવા પ્રયત્ન થાય. પણ, એમ પણ બની શકે કે કર્તવ્ય રૂપ ન લાગવાથી કે એના કરતાં વધારે મહત્ત્વનાં લાગતાં કર્તવ્યોમાં બન્ને રત રહેવાથી એ ઇચ્છા લુપ્ત પણ થઇ જાય; અને, નિદાન, એ હેતુ કોઇ કારણસર અસિદ્ધ રહે તો લગ્ન નિષ્ફળ ગયેલું, રદ્દ કરવા જેવું, કે ક્લેશમય ન લાગે એટલે અંશે એ હેતુનું મહત્ત્વ ધીમેધીમે મનમાંથી ઘટતું જાય. કારણ, આગળ કહી ગયો તેમ, સંયમી સ્ત્રીપુરુષ પોતામાં ઊપજતા કામવિકારને સાધારણપણે પોતાની અસિદ્ધ વાસનાઓના ખળભળાટ રૂપે સમજે, અને કામરત થવાથી તે વાસનાઓને પોતાના જ જીવનમાં સિદ્ધ કરવાની તેમની શક્તિને મંદ કરી નાંખનારો માને, અને, તેથી, તે વિકારને શરીરમાં વેગવાન થાય તે પહેલાં જ પચાવી નાંખવાનો પ્રયત્ન કરતાં હોય. જ્યારે એમ ન કરી શકે, અથવા તે ઉપરાંત તે કામના-ઓને સંતતિ દ્વારા સ્થાપી જવાની ઇચ્છા પણ બળવાન જણાય, ત્યારે જ તે સંતતિ ઉત્પન્ન કરે. ગીતામાં કહ્યું છે કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शक्नोतीहैव यः सोढुं प्राक्शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥ ५ : २३ ॥

—શરીરમાંથી બહાર પડે તે પહેલાં જ જે કામ-ક્રોધના વેગને અહીં (શરીરમાં) જ સહન કરી લઇ શકે છે તે પુરુષ યોગી છે, અને તે જ સુખી થાય છે.

આ જ સંયમી સ્ત્રીપુરુષોનો લગ્ન પહેલાં તેમ જ પછી આદર્શ હોય.

આમાંથી લગ્ન વિષે બીજા નિયમો પણ નીકળે છે. તે એ કે—

યોગ્ય રીતે ઊછરેલાં સ્ત્રીપુરુષને પચ્ચીસથી ત્રીસ વર્ષ સુધી તો સંતતિ દ્વારા પોતાની વાસનાઓને જગતમાં મૂકી જવાની કે સંતતિ-સુખ મેળવવાની તીવ્ર ઇચ્છા ન થવી જોઇએ. એમનાં મનમાં પોતાનાં ધ્યેયોને પોતાનાં જીવનમાં સિદ્ધ કરવાની આશા અને શક્તિ લાગવાં જોઇએ. જો એથી વહેલી ઉંમરે એવી અભિલાષા જોર કરતી હોય તો તેમની ઉછેરમાં કાંઇક ખામી અથવા તે અપવાદરૂપ વ્યક્તિઓ હોવી જોઇએ; અથવા, તેઓ પોતાના કામવિકારની સાથે સંતતિ થાય તો ભલે એ વૃત્તિને ભેળવી દેતાં હોવાં જોઇએ. પચ્ચીસ-ત્રીસ વર્ષ પછી એ અભિલાષા જણાય તો યે પાંત્રીસથી ચાળીસ વર્ષ સુધી એ ઇચ્છાનો સંયમ કરવાની શક્તિ હોય તો સારું.

પચ્ચીસ વર્ષ પહેલાં જે કામવિકારના વેગ ઊઠે, વિજાતીય વ્યક્તિના સહવાસ માટે રુચિ રહે કે જીવનનો સાથી પ્રાપ્ત કરવાની ઝંખના થાય, તે વંશવૃદ્ધિની પ્રેરણા ન સમજવી, પણ ઇતર વાસના-ઓનો ખળભળાટ જ સમજવો. પચ્ચીસ વર્ષ સુધી એ ખળભળાટને મહત્ત્વ ન આપવા પ્રયત્ન કરવો જોઇએ; એટલે કામવિકારના વેગને મનમાં જ દાબવાનો અભ્યાસ કરવો જોઇએ, વિજાતીય વ્યક્તિનો સહવાસ મર્યાદામાં, નિર્દોષભાવે અને સામાજિક અને કૌટુંબિક જીવનમાં જેટલો અનાયાસે મળી જાય તેટલો જ યોગ્ય સમજવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ. વીસ વર્ષ સુધી તો એ સહવાસમાંથી જીવનનો સાથી ખોળવાની વૃત્તિને સ્થાનજ ન આપવું ઘટે. વીસ વર્ષ બાદ જો જીવનનો સાથી પ્રાપ્ત કરવાની ઝંખના વધતી જાય તો ત્યાર પછીનાં પાંચથી દશ વર્ષ સુધીમાં સંયમપૂર્વક એ સાથીની શોધ કરાય – કરાવાય. એ શોધમાં શ્રી નરસિંહભાઈએ કહ્યું છે તેમ —

"સો ગળણે ગાળીને પાણી પીવું ઘટે. સ્ત્રીપુરુષે પ્રેમાન્ધ બનીને નહિ, પણ બહુ વિચાર કરીને લગ્ન કરવું ઘટે. ઇષ્ટ ધ્યેય સાધવાને માટે પોતાના એ ધ્યેયને અનુકૂળ જીવનસાથી શોધી લેવો ઘટે. સ્નેહને નામે ઊંધું જોઈને પરણનારને પછીથી પસ્તાવું પડે છે. ત્યારે સ્વભાવપ્રતિકૂળ સ્ત્રીપુરુષ સ્નેહને નામે મોહથી છેતરાઈને લગ્ન કરે તો તેનાં પરિણામ અનિષ્ટ જ નીવડે. માટે જ લગ્ન કરતાં ઇષ્ટ સ્વજનોની સલાહ પણ લેવી ઘટે" (નવનીત ૬ઠું – પૃ. ૪૬૬).

એ શોધમાં પોતે કે સલાહ આપનાર સ્વજનોએ બન્નેની માત્ર પ્રજોત્પત્તિમાં જોડાવાની લાયકાતનો નહિ, પણ બન્નેનો બીજી બાબતોમાં એક બીજાના સાથી થવાની લાયકાતનો વિચાર કરવો ઘટે. આ બીજી બાબતનું મહત્ત્વ પહેલાં કરતાં જરા યે ઓછું ન સમજવું જોઈએ. એ લાયકાતમાં બન્નેની ધૃતિ-પ્રીતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. પોતાને વિષે અત્યંત ગુમાન અને સાથીઓ વિષે અનાદર રાખનાર સ્ત્રીપુરુષ સુખી વિવાહ માટે નાલાયક સમજવાં; તે જ પ્રમાણે જે સ્ત્રીપુરુષની ધૃતિ-પ્રીતિ ચેતન કરતાં જડ(જેમકે, પૈસો, ઘરણાંગાંઠાં, ખાવા-પીવાની સગવડ, ધર્મ કે રૂઢિના જડ નિયમોનું પાલન, વિલાસ, વગેરે)ને વધારે વળગનારી અને આદર આપનારી હોય તે સુખી વિવાહ માટે નાલાયક સમજવાં.

લગ્ન કરનારના મનમાં પ્રયોગનો ખ્યાલ ન હોવો જોઈએ. સાથે નભી શકવામાં જ્યાં સુધી કાંઇક પણ શંકા લાગે ત્યાં સુધી લગ્ન ન જ કરી શકાય. ન નભી શકવાની પરિસ્થિતિ અણધારી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પન્ન થયેલી હોવી જોઈએ. પોતાની કે સ્વજનોની કલ્પનામાં ન આવ્યો હોય એવો વ્યત્યય ઉત્પન્ન કરનારો સ્વભાવભેદ કે આદર્શભેદ જણાઈ આવે, એવું ઘણું ડહાપણ વાપર્યા પછી યે થવાનો સંભવ છે. એવી પરિસ્થિતિમાં "લગ્નનો હેતુ સફળ થવાની સર્વે આશાઓ તૂટી જ પડતી દેખાય, તો એ સ્ત્રીપુરુષ બંને પોતાની ઇચ્છાએ અથવા એમાંથી એકની ઇચ્છાએ પણ એ લગ્નને નિરર્થક કરે" (નવનીત ૭મું – પૃ. ૪૭૧), એમાં જ તે વ્યક્તિઓનું તેમ જ સમાજનું કલ્યાણ થાય. અર્થાત્, એ પણ વિવાહિત કાળ દરમ્યાન ઉત્પન્ન થયેલી જવાબદારીઓનો, તથા વિચ્છેદથી ઉત્પન્ન થનારાં પરિણામોનો વિચાર કરીને જ થઈ શકે.

વળી, લગ્ન કરનારાં તેમજ સલાહ આપનારાં બન્નેએ જિબ્રાનની પેલી શિખામણ યાદ રાખવી જોઈએ. તે એ કે સ્ત્રીપુરુષ દ્વારા જે સંતતિ નિર્માણ થાય છે, તે તેમની દ્વારા આવે છે એટલું જ; પણ તે તેમની નથી; ભગવાનની એટલે મનુષ્યજાતિની સંપત્તિ છે. એ મૂલ્યવાન રત્ન જેવી નીપજે એવી કાળજી સૌને હોવી જોઈએ.

સર્વે સામાજિક સદ્‌ગુણોનું મૂળસ્થાન કુટુંબ છે. આથી, લગ્ન દ્વારા કૌટુંબિક જીવન ઉત્પન્ન થવું જોઈએ. પતિપત્ની ગૃહ-સ્થ (ઘર કરીને રહેલાં) હોવાં જોઈએ; અને તેમાં ગૃહસ્થાઈ – સ્વભાવની ખાનદાની – પોષાવી જોઈએ. આ ઘર-સંસારમાં બન્નેને સરખો રસ લેવાથી અને જે એ કાર્યને વધારે અનુકૂળ હોય તેને બીજી વ્યક્તિએ સગવડો કરી આપવાથી થાય.

અને, આ ઉપરથી, લગ્ન ગોઠવવામાં એક બીજી બાબત સમજવા જેવી છે તે યાદ આવે છે. કેટલાંક સ્ત્રીપુરુષો સંકોચશીલ (रिसेस्सिव) સ્વભાવનાં હોય છે અને કેટલાંક પ્રભાવશીલ (डोमिनण्ट) સ્વભાવનાં હોય છે. જ્યાં સ્ત્રીપુરુષ બન્ને સરખાં પ્રભાવશીલ સ્વભાવનાં હોય, ત્યાં જો બન્ને વચ્ચે ધૃતિ-પ્રીતિ પણ એટલી જ બળવાન હોય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એથી સારાં પરિણામ આવવા સંભવ છે. જો બન્નેમાં ધૃતિ-પ્રીતિ ન હોય તો એમનો મેળ જામવો કઠણ છે. પણ તેવાં માણસો ઘણું-ખરું પોતાનો રસ્તો કાઢી પણ લે. બન્નેમાંથી એક પ્રભાવશીલ અને એક સંકોચશીલ હોય, અને પ્રભાવશીલ વ્યક્તિમાં ધૃતિ-પ્રીતિ હોય, તો બન્ને નભી શકે છે, અને સાધારણ રીતે સેંકડે એંશી ટકામાં આમ હોય છે એમ કહી શકાય. જો પ્રભાવશીલ વ્યક્તિમાં ધૃતિ-પ્રીતિની ન્યૂનતા હોય, તો ત્યાં બીજી વ્યક્તિ(પછી તે પતિ હોય કે પત્ની)ના ભોગ મળ્યા સમજવા. જો બન્ને સંકોચશીલ સ્વભાવનાં હોય અને ધૃતિ-પ્રીતિવાળાં હોય તો તેમનો સંસાર સારો નભતો લાગે; પણ કદાચ મૂલ્યહીન સારો યે (good-for-nothing) હોય. જો ધૃતિ-પ્રીતિ ન હોય, તો એ ય જણાં જીવે ત્યાં સુધી ક્લેશ કર્યા કરે; ન જોડી શકે, ન તોડી શકે.

સ્વભાવની આ પ્રભાવ- સંકોચ-શીલતાને બુદ્ધિની તેજસ્વિતા કે જડતા સાથે ભેળવવી ન જોઇએ. સંકોચશીલ સ્વભાવ સાથે તેજસ્વી બુદ્ધિ અને પ્રભાવશીલ સ્વભાવ સાથે જડ બુદ્ધિ હોઇ શકે. તેમ જ વિદ્વત્તા અને બુદ્ધિ પણ એક ન સમજવાં. પ્રખર વિદ્વત્તા છતાં જડ બુદ્ધિ હોઇ શકે અને નિરક્ષરતા છતાં તેજસ્વી બુદ્ધિ પણ હોય. મેળ જામવામાં વિદ્વત્તા તથા બુદ્ધિની તેજસ્વિતા કરતાં સ્વભાવની પ્રભાવ-શીલતા તથા સંકોચશીલતા અને તે સાથે ધૃતિ-પ્રીતિ વધારે મહત્ત્વનાં છે. આથી જ, આગળ કહ્યું તેમ સ્ત્રીપુરુષની ભૂમિકા સરખી અને મેળ જામે એવી છે કે નહિ તે ઠરાવવું બહુ સહેલું નથી. અને, એને જ લીધે, વિચારપૂર્વક ગોઠવાયેલાં લગ્નો પણ અર્ધાં જ સફળ થાય એ શક્ય છે. કાલિદાસ કહે છે તેમ ક્યારેક લાગે ખરું કે તદ્દન સમાન જોડાં ગોઠવવામાં જડ વિધિએ બહુ યશ મેળવ્યો નથી.

આથી યે, સ્ત્રીપુરુષ સોને બદલે હજાર ગળણે ગાળીને પાણી પીએ તો યે હરકત નહિ. જેટલો લાંબામાં લાંબો સમય પવિત્ર સંયમી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન ગાળી શકે એટલો ગાળે; અને, છેવટે, સાથી વિના હિજરાય અને વંશેચ્છા પ્રબળ થાય તો જ લગ્ન કરે. લગ્ન વિનાનો સંબંધ તો કરાય જ નહિ.

આ બધા વિચારો પરથી એ તો સ્પષ્ટ જ થાય છે કે વિવાહ પૂર્વે અને વિવાહ બાદ સંયમપૂર્વક રહેનારાં સ્ત્રીપુરુષ સાધારણ રીતે એક જ લગ્નથી તૃપ્ત રહે. પચ્ચીસ, ત્રીસ કે તેથીયે સહેજ મોટી ઉંમરે જેણે લગ્ન કર્યું હોય, અને લગ્નભોગ, કે ખાવાપીવાની સુખ-સગવડો, કે રળવામાં એક ભાગીદાર પ્રાપ્ત કરવાનું સાધન છે એવી જેની ભાવના ન હોય, તે પોતાના સાથીનું મરણ થતાં દુઃખી થશે, પણ બીજા સાથી માટે ઝંખના નહિ કરે. પણ ભાવનાની એટલી ઉત્કટતા ન હોય તો કાંઇક કાળ જતાં મૃત સાથીની સ્મૃતિ ઝાંખી પડે, અને તેના જેવો જ બીજો સાથી મેળવવા ઇચ્છા જાગે એવો સંભવ છે. કોઇ વાર મૃત સાથીને ભુલાવે એવી કોઇ બીજી વ્યક્તિ મળી જવાને લીધે પણ એ ઇચ્છા જાગે એમ બને. જો સંતતિનો હેતુ સિદ્ધ થયો ન હોય તોયે એવી ઇચ્છા ઊઠે. એ સ્થિતિમાં એ જ પદ્ધતિએ પુનર્લગ્ન કરવાનો માર્ગ ખુલ્લો રાખ્યા વિના છૂટકો નથી. એવો માર્ગ આદર્શરૂપ નથી, એમ કહી સ્ત્રી કે પુરુષ ઐક્યને માટે તે બંધ કરવાથી કશો અર્થ સરે નહિ.

સંતતિ અર્થે જ લગ્ન અને સંયોગ હોય, તેમાં જ સંતતિની સંખ્યાની મર્યાદાની સૂચવાય છે. કર્તવ્યની ભાવનાથી જ વંશવૃદ્ધિમાં પ્રેરાનારને એક સંતતિ પૂરતી લાગે. એ સાથે સંતતિસુખની ઇચ્છા રાખનારને કદાચ બે, ત્રણ બાળકોની ઇચ્છા રહે. ત્યાર પછી પણ વધારે સંતતિની ઇચ્છા છે એમ કોઇ કહે તો તે, કોઇ વિશેષ કારણ ન હોય તો, કાં તો જડતા હોય અથવા દંભ હોય, અથવા તે અપવાદરૂપ જોડું હોવું જોઇએ. વિશેષ કારણને લીધે સમાજના કે કુટુંબના હિતાર્થે વધારે સંતતિની જરૂર હોય એમ બને; ત્યાં બહુ સંતતિ વધારવાની ઇચ્છા કર્તવ્ય લાગે એમ બની શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ આદર્શ સ્થિતિ તો એક વાર પરણ્યા તે પરણ્યાની વૃત્તિ, વિવાહિત જીવનમાંયે શક્ય તેટલી મુદ્દત સુધી પૂર્ણ સંયમ, પણ સંતતિની તીવ્ર વાસના રહ્યે કે કર્તવ્યબુદ્ધિ લાગ્યે સંયોગ, અને એ ત્રણ સંતતિ થયે તૃપ્તિ, એ ગણાય. પણ એમાં પુનર્લગ્નનો તથા વિશેષ પરિસ્થિતિમાં, વધારે સંતતિની ઇચ્છાનો અત્યંત નિષેધ કરી નહિ શકાય. તેમ જ વિશેષ પરિસ્થિતિમાં લગ્નવિચ્છેદનો યે માર્ગ બંધ ન કરી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

આ બધાંમાંથી એક વસ્તુ માત્ર નિશ્ચિતપણે દેખાય છે. કેવળ નિરીશ્વર, નિશ્ચૈતન્ય પ્રકૃતિવાદીની દૃષ્ટિએ વિચારો કે શુદ્ધ ચૈતન્યવાદીની દૃષ્ટિએ વિચારો, કે કેવળ સામાજિક અને કૌટુંબિક જીવનની પૂર્ણતાની દૃષ્ટિએ વિચારો, એટલું નિશ્ચિત લાગે છે કે સ્ત્રીપુરુષની જીવનશક્તિનો ઉપયોગ યોગ્ય રીતે બે જ કારણસર થઇ શકે. કાં તો પોતાના શરીર-યંત્રને યોગ્યસ્થિતિમાં રાખવા માટે, અથવા બીજા શરીરને નિર્માણ કરવા માટે.

સાવ સીધી દૃષ્ટિએ જોઇએ તો આ વાતમાં શંકા જ કેમ ઉત્પન્ન થઇ શકે એમ લાગ્યા વિના ન રહે. ખેડૂત પોતાનાં વધારાનાં બીજ સંઘરી રાખે, પોતાના કુટુંબપોષણ માટે ખાઇ નાંખે, સંઘરી ન શકે તો સડવા દે, બાળે, ખેતર સિવાય કોઇ બીજી જગ્યાએ ઊગી ન શકે એમ ફેંકી દે. પણ, પહેલાં, બીજના અંકુરિત થનારા ભાગને સંભાળથી તોડી નાંખી, અથવા ખેતરને સાબુનું પાણી કે બીજા કોઇ રસાયનથી બગાડી, કે તે ઉપર ઊની ઊની રાખ પાથરી, પછી, જાણે, વાવણી કરવા માગતો હોય તેમ બી વાવવા જાય નહિ. એ જ રીતે પોતાની જીવનશકિતને સંઘરી ન રાખી શકનાર સ્ત્રીપુરુષ તે શકિતનો પાત થવા દે તે ખેદભરી છતાં, હજુ સમજી શકાય એવી વસ્તુ છે. પણ તેને ઇરાદાપૂર્વક નિરંકુર કરી કે ગર્ભાશયને નિઃસત્ત્વ કરી કે તેનો નાશ કરી, જાણે જીવ નિર્માણ કરવા માગતા હોય તેમ વર્તે એ તો ન સમજાય એવી મૂર્ખતા કે ન ખમી શકાય એવી દુષ્ટતા લાગવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં, ઘણા ડાહ્યા અને વિચારશીલ માણસો, કુશળ દાક્તરો અને વૈદ્યો, અને સ્ત્રીઓ પોતે, જાણે આ યુગની એ છેલ્લામાં છેલ્લી શોધ હોય, અને માનવજાતિના કલ્યાણની અચૂક જડીબુટ્ટી હાથ લાગી હોય, તેમ બ્રહ્મચર્ય સિવાય બીજે માર્ગે સંતતિનિરોધના વિચાર અને ઉપાયોનો પ્રચાર કરવા આજે પ્રવૃત્ત થયા છે.

હકીકતે, મને લાગે છે કે આ વિચાર અને ઉપાયો કાંઇ અર્વાચીન નથી. હું ધારું છું કે ઘણા પ્રાચીન કાળથી આવા ઉપાયો શોધાતા આવ્યા છે, અને રીઢી વ્યભિચારી સ્ત્રીઓ એનું કાંઇક જ્ઞાન પરંપરાગત ધરાવતી આવી છે. વ્યભિચારને નિર્વિઘ્ન કરવાના ઉદ્દેશથી જ મૂળમાં એ ઉપાયોની શોધખોળ થયેલી લાગે છે. અર્વાચીન વૈદકે એ ઉપાયોને વધારે સલામત કર્યા હશે એટલું જ. પણ જે સાધન મૂળ વ્યભિચારી સ્ત્રીઓએ પોતા માટે યોજેલું, તે હવે સાધ્વી સ્ત્રીઓએ પણ યોજવાં જોઇએ એમ સલાહ અપાય છે. એ એટલું જ બતાવે છે કે સ્ત્રી અને પુરુષ બન્ને ઘણા મોટા પ્રમાણમાં કામલોલુપતા જ સેવે છે; વ્યભિચારી અને અવ્યભિચારીમાં ફરક એટલો જ છે કે અવ્યભિચારી સ્ત્રીપુરુષની કામલોલુપતા બે જણ વચ્ચે જ ચાલે છે. જે સ્ત્રી-પુરુષ વ્યભિચારી નથી તે અવ્યભિચારી છે, પણ સાધ્વી-સાધુ છે એમ ન કહી શકાય; એ તો ત્યારે જ કહેવાય કે જ્યારે તેઓના પરસ્પર યોગ વખતે તેઓ એક પવિત્ર કર્મ કરવાનો સાત્ત્વિક ભાવ અનુભવતાં હોય અને તેની સફળતા માટે ઉત્સુક હોય; જ્યારે તેમના મનમાં એવી એક, જાણે, પ્રાર્થના બોલાતી હોય કે આના પરિણામે ઇશ્વરના ઉદ્દેશોને સફળ કરનારી અને અમારી સદ્વૃત્તિઓને મૂર્તિમંત કરનારી સંતતિ જન્મો.

આવી ભાવનાને અભાવે અવ્યભિચારી અને વ્યભિચારી સ્ત્રીપુરુષો વચ્ચેનો ભેદ તે કેવળ એકપતિ-પત્ની અને અનેકપતિ-પત્ની પ્રથાના ભેદ જેવો જ ભેદ ગણાય. એટલે, વ્યભિચારી સ્ત્રીપુરુષોના ઉપાયો અવ્યભિચારી સ્ત્રી પુરુષોને સ્વીકારવા જેવા લાગે એ બહુ નવાઇ જેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. કારણકે, જ્યાં બન્ને એક જ – કામવિહ્વલતાના – રોગથી પીડાતાં હોય, ત્યાં બન્ને સરખા જ ઉપાયો યોજે. તેથી, મૂળ આવશ્યક્તા કામવિહ્વલતાના નિરોધનો ઉપાય શોધવાની છે.

આ કાયદો સ્ત્રીજાતિ કરતાં પુરુષજાતિને માટે વધારે મુશ્કેલ થાય છે; કારણ કે, આગળ હું કહી ગયો તેમ ગર્ભધારણ શક્તિને અભાવે નરજાતિમાં જીવનકોશોની ઉત્પત્તિ બંધ થવાના ગાળા આવતા નથી.

ત્યારે આ બાબતનો થોડો વધારે વિચાર કરીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

કોઇને એમ લાગવાનો સંભવ છે કે આ બધું તત્ત્વવિવેચન જ છે. આદર્શ તરીકે એ બધું ઘણું સરસ છે. બધાં એમ વર્તી શકીએ તો સોનું ને સુગંધ ભેગાં મળ્યાં ગણાય. પણ અમને અમારા વર્તમાન જીવન માટે, જેવી જાતના સસ્કારો તળે અમે ઊછર્યા છીએ તે સંસ્કારોને ખ્યાલમાં રાખીને, આ વિવેચનમાંથી કશો વ્યાવહારિક ઉકેલ મળતો નથી. તેઓ કહેશે કે અમે જાણીએ છીએ કે અમારે કામવિહ્વલ ન થવું જોઇએ, પણ સુસંતતિ અર્થે અને તે ઉત્પન્ન કરવાનું કર્તવ્યરૂપ લાગતું હોય અને તેમ કરવાની સર્વ શરતો હસ્તી ધરાવતી હોય, ત્યારે જ સયોગની ઇચ્છા કરવી જોઇએ. પણ એ કામવિહ્વલતા અટકાવવાનો માર્ગ શો, તે અમે જાણતા નથી. જો તમારા જીવનના અનુભવોમાંથી તમે એ અમને બતાવી શકતા હો તો બતાવો. કેવળ આદર્શ આપીને બેસો નહિ. કારણ, આદર્શનું જ્ઞાન ઊલટું મૂંઝવણ કરાવનારું થાય છે. આદર્શ બુદ્ધિમાં ઊતરે છે તેથી એ ખોટો છે એમ કહી શકાતું નથી. પણ એને જીવનમાં ઉતારવો લગભગ અશક્ય લાગે છે. એટલે, નથી અમે આદર્શના પાલનનો સંતોષ અનુભવી શકતા, કે નથી જેને તમે અમારું 'પામર' જીવન કહેશો, તેનો યે સ્થૂળ સતોષ અનુભવી શકતા. અને સંયમના સર્વે પ્રયત્નો એ આત્મપીડન – સપ્રેશન – રૂપ જ થાય છે. જો તમે અમારી ઉપર કાંઇ સાચે જ ઉપકાર કરવા માગતા હો તો અમને કામવિકારના નિરોધના કાંઇકે વહેવારુ નિયમો બતાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે કબૂલ કરવું જોઇએ કે આ ફરિયાદમાં તથ્ય છે.

એક બાજૂથી જેઓ સહજાનંદ સ્વામી કે રામકૃષ્ણ પરમહંસની જેમ એમ સોગંદપૂર્વક કહી શકતા હોય કે જન્મથી માંડીને કોઇ દિવસ તેમને જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિમાં સ્ત્રીવિષયક (કે સ્ત્રીને પુરુષવિષયક) વિકારી ઘાટ ઉત્પન્ન થયો જ નથી, તેમની પાસેથી આપણને આ બાબતમાં બહુ માર્ગદર્શન મળતું નથી. કારણકે, તેમની એ સ્થિતિ ઘણુંકરીને જન્મસિદ્ધ જ હોય છે. એવી સ્થિતિ તેમને અમુક સાધના કે સાધનથી પ્રાપ્ત થઇ એમ ભાગ્યે જ તેમણે ક્યારે ય કહ્યું છે. જેમની એવી સ્થિતિ નથી તેઓ કેવી રીતે તેને મેળવે, તે બાબતમાં ઇશ્વરકૃપા સિવાય કોઇ બીજું અચૂક સાધન કોઇ બતાવતું જણાતું નથી. સાદું જીવન, સારી સોબત વગેરે ઉપર જરૂર ભાર મૂકવામાં આવે છે, પણ તે સાધનો અચૂક છે એમ નથી કહી શકાતું. શામક ઔષધોની જેમ એ ઓછો વત્તો આરામ ઉપજાવે છે એટલું જ. ઊલટું, વૈરાગ્યસાહિત્યમાં તો એમ પણ ગવાયું છે કે—

"ભૂમિ શયન તન બસન કરી, ફલ ભક્ષત આરામ;
"નિશિદિન રહત અરણ્યમેં, તેહુ સતાવત કામ.
"કામ નહિ યહ કાલ હૈ, કામ અપર્બલ વીર (?);
"જબ ઉગમત હૈ દેહમેં, જ્ઞાનીન કરત અધીર."

અને આ સાચી હકીકત છે. જે ખૂબ ખાઇપી શરીરને હૃષ્ટપુષ્ટ કરે છે અને વિલાસી જીવન ગાળે છે તે જ કામવિહ્વલ થાય છે એમ નથી; સદા યે ચીંથરેહાલ, અર્ધભૂખ્યાં રહેનારાં સ્ત્રીપુરુષો પણ ગંદું જીવન ગાળતાં જોવામાં આવે છે.

ત્યારે, સહજાનંદ સ્વામી કે રામકૃષ્ણ પરમહંસ જેવા જન્મસિદ્ધ નિષ્કામી પુરુષો તરફથી કામવિહ્વલ થનારા, ત્યાગી ન થયેલા, સંસારી માણસોને કોઇ પોતે યોજી શકે એવો કામને વશ કરવાનો ક્રમિક ઉપાય મળતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી બાજૂથી, જેમને એ વિકારનો અનુભવ થયેલો છે તેઓ-માંથી પણ કોઇ એવા માર્ગદર્શકો હજૂ જોવામાં નથી આવ્યા કે જેઓ એમ કહે કે અમુક રીતે એ વિકાર ઉદ્‌ભવતો નથી કે ઉદ્‌ભવતાં જ શાંત થઇ જાય છે. ઊલટું, સંયમનો આદર્શ દેખાડતાં છતાં તેમને એ રીતે જ બોલવા અને લખવાની ટેવ હોય છે કે, પહેલાં તો, એ વિકાર કેટલો બધો બળવાન છે અને હજુ તેમનાં જીવન પર તેનું બળ ચાલી શકે છે તેનું પોતાના અનુભવપૂર્વક વર્ણન આપવું, અને પછી એ વિકારના અનેકવિધ દોષો દેખાડી તેને વશ ન થવા ઉપદેશ આપવો. તેના ઉપાયરૂપે તેમની પાસે યે સાદું જીવન સત્સંગ વગેરે ઉપરાંત કોઇ અચૂક ઇલાજો નથી. પણ એ બધાં છતાં યે કામ કેવી રીતે સતાવી શકે છે તેનું વર્ણન ઉપર આવી ગયું છે.

આમ લગ્નના પવિત્ર આદર્શોમાં માનનારા કેટલાક સારી વૃત્તિના લોકો પણ મૂંઝાતા હોય છે. તેમની મૂંઝવણો પ્રત્યે સમભાવપૂર્વક જોવું ઘટે છે. સંતતિનિરોધના હિમાયતીઓમાં સારા સારા માણસો પણ છે, તેનું કારણ આ મૂંઝવણ પ્રત્યે સમભાવ પણ છે.

પણ મૂંઝવણ પ્રત્યે સમભાવ હોઇને યે જે ઉપાયો સૂચવવામાં આવે તે જો મૂળથી જ ખોટા પાયા પર વિચારાયેલા હોય તો ઇષ્ટ ધ્યેય સિદ્ધ ન થાય એટલું જ નહિ, પણ અનેક અનર્થો નિર્માણ કરે. સંતતિનિરોધના કૃત્રિમ ઉપાયોનો દોષ એના મૂળ પાયાની જ ભૂલનો છે. એમાં કામવિકારને ઓછો કરવાનો ખ્યાલ જ નથી; પણ તે વિકારનાં અનિવાર્ય પરિણામોને જ હઠાવવાનો પ્રયત્ન છે. એટલે વિકારને ઉત્તેજન મળવાનું જ પરિણામ એ ઉપજાવી શકે. એની સાથે અથવા પાછળ પૌષ્ટિક ઔષધોની ગરજ ઉત્પન્ન થાય જ; અને જે તે ન લે કે ન લઇ શકે તેવા લોકો, તેમની માનસિક દુર્બળતાની વાત જવા દઇએ તો યે, અલ્પાયુષને અને રોગને માર્ગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ ચડે. થોડાઘણા સાધનસંપન્ન લોકો વિવિધ ઔષધિઓની મદદથી એ માર્ગે દીર્ઘાયુષી અને બળવાન રહેલા દેખાય એમ બને. પણ આમપ્રજાનો તો ક્ષય જ થાય.

ત્યારે, મૂંઝવણનો સમભાવપૂર્વક વિચાર કરીને યે તાત્કાલિક ફળ આપનારા લાગતા, પણ અવળા, માર્ગો બતાવવામાં તો કાંઇ જ કલ્યાણ નથી. જે કાંઇ ઉપાયો હોય તે વિકારનું શમન કરનારા હોવા જોઇએ, તેના પરિણામનો જ કેવળ નિરોધ કરનારા નહિ. આગ લાગી ઊઠનાર પદાર્થો કોઠારમાં પડ્યા હોય, તેમાં આગ ન લાગી જાય એવા ઉપાયો પૂછતો કોઇ ધણી આવે, તેને કોઇ કહે કે વીમો ઉતરાવી રાખ, તેના જેવા. બહુ તો, આ ઉપાયો કહી શકાય. વીમો ઉતરાવવાથી, આગ લાગતાં, ધણીને કદાચ આર્થિક નુકશાન નહિ થાય; પણ તે કાંઇ પદાર્થની રક્ષાનો ઉપાય મળ્યો ન કહેવાય; અને, આગના અકસ્માતથી થતાં આર્થિક ઉપરાંત બીજાં સંકટો, ચિંતાઓ, અવ્યવસ્થા વગેરેનો વીમાથી શો બદલો મળે?

પણ આ બાબતમાં, મને એમ લાગ્યું છે કે શરીર, મન અને ઇંદ્રિયો અને તેમના ભોગો પ્રત્યે જોવાની આપણી રીતમાં યે એક મોટો દોષ રહેલો છે, અને ભોગપરાયણ તેમજ સંયમપરાયણ બન્નેના વિચારનું પ્રારંભસ્થાન એ બાબતમાં સરખું જ છે. બન્નેની બુદ્ધિમાં આટલું સમાનપણે વસેલું લાગે છે કે, પ્રકૃતિના નિયમ પ્રમાણે પ્રાણીમાત્રના મન અને ઇંદ્રિયોની સહજ પ્રવૃત્તિ સ્વસુખરત અને ભોગાભિલાષી જ હોય છે, અને એ પ્રવૃત્તિમાંથી એને પ્રકૃતિપર બળાત્કાર કરીને જ રોકી શકાય. પણ, ભોગી અને સંયમીમાં ભેદ એટલો છે કે ભોગી એવો બળાત્કાર કરવામાં માનતો નથી પણ એને તૃપ્ત કરવામાં માને છે, જ્યારે સંયમી બળાત્કારને આવશ્યક, યોગ્ય અને ઉન્નતિકારક સમજે છે. આ જ કારણથી મન અને ઇંદ્રિયો પર સ્વામિત્વ મેળવવાના અભ્યાસ માટે 'દમન,' 'નિગ્રહ,'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વશ,' 'વિજય,' વગેરે બળાત્કાર-, શત્રુત્વ- અને યુદ્ધ-સૂચક શબ્દો ઉપયોગમાં આવ્યા છે, અને શરીર, મન, ઇંદ્રિયો પ્રત્યે એ બધાં આત્માના ઉત્કર્ષના માર્ગમાં ઊભેલા શત્રુ, ચોર, ડાકુ, મારા વગેરે છે એ દૃષ્ટિએ જોવાનો સંસ્કાર બધા યે ધર્મોમાં સમાનપણે પોષવામાં આવ્યો છે. 'મુકુન્દમાલા'ના કવિ પ્રાર્થના કરે છે :

अन्धस्य मे हृतविवेकमहाधनस्य
चौरैः प्रभो बलिभिरिन्द्रियनामधेयैः ।
मोहान्धकूपकुहरे विनिपातितस्य
देवेश देहि कृपणस्य करावलम्बम् ॥ १

તેમજ, નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે જોગી તો "ઇંદ્રિય મનને ઉપરે રહે શત્રુ સદા યે જી." અને બ્રહ્માનંદ સ્વામી કહે છે :

"મન ઘોડા મસ્તાન મહાબલ, વશ કરી તાહી ફિરાઉંરી ;
"ભૂલે હી રંચ કરે મસ્તાઇ તો ચાબુક ચોટ લગાઉંરી.
"કાયા કોટ કરૂં મેં કબજે, નામ નિશાન ચડાઉંરી ;
"કામ-ક્રોધ મારું કફરાના, હરિકા હુકમ બજાઉંરી.
"પાંચું ચોર પકડ વશ કરકે, સાહબ સનમુખ લાઉંરી ;
"બ્રહ્માનંદ શ્યામ કે પાસે મોજ ચરનરતિ પાઉંરી."

બધા યે ધર્મોના સાહિત્યમાંથી આવા ઉદ્ગારો કાઢી શકાય. એમાં રહેલા પ્રયત્નનો નિષેધ કરવા આ ટાંકતો નથી. પણ શરીર, મન, ઇંદ્રિયો પ્રત્યે જીવના શત્રુભાવે જોવાનો જે સંસ્કાર પોષાયેલો છે, તેના પ્રમાણ તરીકે જ આ વચનો ઉતાર્યાં છે. એનો અર્થ એ થયો કે મન-ઇંદ્રિયોનો સ્વભાવ તો મોક્ષ-, એટલે, ઉત્કર્ષ-વિરોધી છે; પરાણે આપણે એમને એમ કરતાં અટકાવવાનાં છે. જો આ જ સાચી

૧ હે પ્રભુ, ઇંદ્રિયો નામના બળવાન ચોરોએ મારું, આંધળાનું, વિવેક-રૂપી મહાધન લૂંટી લઇને મને મોહના અન્ધકૂપમાં ફેંકી દીધો છે; હે દેવેશ, મને દીનને તારા હાથનો આધાર આપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિ હોય તો તો, મને લાગે છે કે, મન-ઇંદ્રિયને વશ રાખવાના સર્વે પ્રયત્નો છેવટે ફોકટનાં ફાંફાં જ થવાનાં; કદાચ નુકશાનકારક પણ થાય. પણ મને લાગે છે કે આ દૃષ્ટિ જ ભૂલભરેલી છે. અનુભવની કસોટી પર ઊતરતી નથી, અને ઊલટી, આપણા પ્રયત્નોને નિર્બળ કરી ભૂલભરેલે માર્ગે લઇ જાય છે. દેહદંડનના, ઇંદ્રિય-નિગ્રહના, મનને મારવાના અનેક કૃત્રિમ, પ્રસન્નતાનાશક અને આત્મ-પીડક વ્રતો અને સાધનાઓનું બીજ શરીર, મન અને ઇંદ્રિયો પ્રત્યે શત્રુભાવથી જોવાની આ દૃષ્ટિમાં રહેલું છે. અલબત, પ્રકૃતિના નિયમાનુસાર આંખ જોશે જ, કાન સાંભળશે જ, જીભ ચાખશે જ, મન વિચાર, કલ્પના વગેરે કરશે અને ભાવનાઓને અનુભવશે જ. પણ પ્રકૃતિનો નિયમ એવો નથી કે આંખ, કાન, જીભ, મન વગેરેએ ક્યારે, કેમ અને કયા વિષયોમાં વર્તવું તેની વિવેકયુક્ત કેળવણી આપી તેને સંસ્કારી ન બનાવી શકાય, અને તે પ્રાણીનાં શત્રુરૂપે વર્તે જ.

હું તો ઇચ્છું કે ઇંદ્રિયોનો 'સંયમ,' 'નિગ્રહ' વગેરે બળાત્કાર-સૂચક શબ્દોને બદલે ઇંદ્રિયોનું 'સંયોજન' એમ આપણે બોલીએ. એટલે કે આપણું ધ્યેય મન તથા ઇંદ્રિયોની યોગ્ય યોજના કરતાં આવડવું એ છે. એ આપણાં શત્રુ છે અને તેનો આપણે પરાભવ કરી તેમને દંડવા – મારવાનાં છે એ દૃષ્ટિથી આપણે તેમના પ્રત્યે જોવું ન જોઇએ, પણ તે આપણાં કલ્યાણનાં સાધન છે, અને તેમને નીરોગી, વ્યવસ્થિત, સ્વાધીન અને સંસ્કારી બનાવી આપણામાં રહેલી અનેક પ્રકારની શક્તિઓને પ્રગટ કરવામાં તેની યોજના કરવાની છે એ દૃષ્ટિએ આપણે તેનો વિચાર કરવો જોઇએ. જો કોઇ ઇજનેર પોતાના ઇંજીનને પોતાનો શત્રુ સમજે અને તેનાં વિવિધ દ્વારો(વાલ્વ)ને તેને સંભાળવામાં વિઘ્નરૂપ સમજે, તો તે દ્વારોને ક્યારેક ખોલવાં અને ક્યારેક બંધ કરવાં પડે, ક્યારેક વરાળ છોડવી અને ક્યારેક રૂંધવી પડે, તથા એનાં વિવિધ ચક્રો પર નીગાહ રાખવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે, તે બધું એને મોટી જંજાળ રૂપ થઇ જાય, અને એ કામ એને માટે અતિશય નીરસ અને પ્રસન્નતાનાશક થાય. એથી ઊલટું, જો તે પોતાના ઇંજીનને એક મોટું રમકડું માને, તેનાં વિવિધ દ્વારોને એની ગમ્મતને ખાતર મૂકેલાં સમજે, અને તેથી કેવળ કુતૂહલ માટે જ મનમાં આવે ત્યારે ખોલે કે બંધ કરે તથા વરાળ છોડે કે રૂંધે તો તે મોટી હોનારતનો જ કાર્યક્રમ લઇ બેસશે. પણ જો તે એમ સમજે કે તેનું ઇંજીન એના તાબામાં આવેલી એક બળવાન શક્તિ છે, અને તેનાં વિવિધ દ્વારો અને ચક્રો તેનો સારામાં સારો ઉપયોગ થઇ શકે તે હેતુથી ઇરાદાપૂર્વક મૂકેલાં સાધનો છે, તો તે દ્વારોનાં નિયમન અને સંભાળ, તેની સંયોજનાની દરેક ક્રિયા, કાળજીપૂર્વક કરવાની હોવા છતાં, એક કષ્ટપ્રદ, પ્રસન્નતા-નાશક ખટખટ નહિ લાગે, પણ પોતાની વિદ્યા અજમાવવાની અને એ યંત્રનો આવશ્યકતાનુસાર ઉપયોગ કરવાની તક રૂપે લાગશે. વળી, એના મનમાં એવું કદી નહિ થાય કે એ ઇંજીન સાથે રમત રમું. એ જ પ્રમાણે, જો આપણાં મનમાં એમ વસ્યું હોય કે પૂર્વનાં સંચિત પાપકર્મોને પરિણામે આ શરીર છે, અને મન તથા ઇંદ્રિયો એ પાપોએ પોતાનો વેપાર જમાવવા ખોલેલી દુકાનો છે, તો તેનાં નિયંત્રણની દરેક ક્રિયા અપ્રસન્નકર અને કઠોર કાર્યક્રમ લાગશે. અને આવા વિચારથી નિર્માણ કરેલાં સર્વ સાધનો અને અભ્યાસો દંડ-દમન-પીડનની જ પદ્ધતિઓ થશે. આપણાં વ્રત-તપ-સંયમોનો વિચાર મોટે ભાગે આ દૃષ્ટિબિંદુથી જ થએલો છે.

મને લાગે છે કે આ દૃષ્ટિબિંદુ છોડી દેવું ઘટે છે. શરીર આપણે નશીબે આવેલી વેઠ નથી, કે આપણને મળેલું રમકડું યે નથી; પણ અનેક પ્રકારની શક્તિઓ જેના ગર્ભમાં રહેલી છે એવું આપણને મળેલું એક પવિત્ર યંત્ર છે, અને મન તથા ઇંદ્રિયોની કેળવણી એને પીડવા માટે નહિ પણ એના સંયોજન માટે – એ યંત્રની શક્તિઓનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારામાં સારો અને વધારેમાં વધારે ઉપયોગ કરવા માટે ઇરાદાપૂર્વક મુકાયેલાં દ્વારો છે. આ દૃષ્ટિબિંદુથી વિચારી શરીર, મન અને ઇંદ્રિયોને સ્વાધીન કરવાનો વિવેકયુક્ત માર્ગ શોધવાની જરૂર છે જેમ અકુશળ માણસ પોતાને સોંપેલા ઇંજીનનાં દ્વારોને ઉઘાડે કે બંધ કરે – બન્ને મહાવિપત્તિનું કારણ થઇ પડે, તેમ અવિવેકથી કરેલા ભોગ તેમ જ દમન બન્ને આપત્તિ અને અપ્રસન્નતાનાં કારણ બને છે. શું બ્રહ્મચર્ય કે શું બીજાં વ્રતો – સર્વની પ્રત્યે આપણે કઠોર તપશ્ચર્યા – પરાણે ઉતારવાની વેઠ – એ દૃષ્ટિએ નહિ, પણ આપણામાં ભરેલી અનેક પ્રકારની શક્તિઓને સંગઠિત, વ્યવસ્થિત, પ્રસન્નતાવર્ધક અને બળવાન રૂપોમાં પ્રગટ કરવાની વિદ્યાઓના રૂપમાં જોવું જોઇએ.

એક તરફથી તો માણસ સંસારમાં પ્રજાતંતુને કાયમ રાખવા માટે નિર્માણ થયેલી પ્રેરણાનો વારંવાર અનુભવ કરે, અને બીજી તરફથી એક એવો સંસ્કાર કરી રાખે કે એ પ્રેરણા પાપરૂપ છે અને શરમની વસ્તુ છે, તો તો બ્રહ્મચર્ય એક મનને તાપ ઉપજાવનાર, પ્રસન્નતા અને ક્યારેક આરોગ્યનો નાશ કરનાર – સપ્રેશનનો – પ્રયત્ન બની જાય છે. પણ જો તે એ પ્રેરણા પ્રત્યે દોષદૃષ્ટિએ જોવાને બદલે સંસારચક્રને ચાલતું રાખવા માટે ચૈતન્યના સંકલ્પથી નિર્માણ થયેલી એક આવશ્યક અને પવિત્ર યોજના સમજે, અને એવો સંસ્કાર દૃઢ કરવા પ્રયત્ન કરે કે સર્વોદયની દૃષ્ટિએ વિચારેલા ધર્મમાર્ગે વંશવૃદ્ધિ માટે એ પવિત્ર શક્તિનો ઉપયોગ કરવો તે એક યજ્ઞકર્મ બની શકે છે, અને તેવા પ્રયોજન વિના કરેલો એનો ઉપયોગ શરીરયંત્રનો મૂઢ અને વિનાશક ઉપયોગ છે, તો તે બ્રહ્મચર્ય અને તેની રક્ષાનાં સાધનો પ્રત્યે શુષ્ક અને કઠોર તપની દૃષ્ટિએ નહિ, પણ એક પ્રાપ્ત કરવા જેવી વિદ્યા અને વિભૂતિના અનુષ્ઠાનની દૃષ્ટિએ જોશે, અને તેના પ્રયત્નમાં માનસિક ક્લેશ અનુભવવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બદલે સંતોષ અને પ્રસન્નતા અનુભવશે. જેમ કોઇ દાકતરને પોતાનાં યંત્રોને વરાળમાં શુદ્ધ કરવાં અને પોતાના હાથને જંતુનાશક પદાર્થથી ધોવા વગેરે ક્રિયાઓ, મોટા દાકતરોએ ઉત્પન્ન કરેલી ખટપટ નથી લાગતી, પણ તેનું ચીવટાઇથી પાલન કરવામાં શ્રદ્ધા, ઉત્સાહ અને કર્તવ્યબુદ્ધિ લાગે છે, અને તેમાં તે પોતાના ધંધાનું ગૌરવ તથા પોતાની તેમ જ રોગીની રક્ષા માને છે, તેમ આ દૃષ્ટિએ જ્યારે આપણે ઇંદ્રિયોનાં નિયમનનો વિચાર કરીશું અને તેના યોગ્ય પદ્ધતિઓ ખોળીશું ત્યારે તેના અભ્યાસ અને પ્રયોગ આપણને શુષ્ક અને કંટાળા ભરેલા નહિ લાગે પણ ઉત્સાહવર્ધક અને કર્તવ્યરૂપ લાગશે.

આ દૃષ્ટિએ બ્રહ્મચર્ય વગેરે વ્રતોનો વિચાર નથી થયો અથવા બહુ ઓછો થયો છે. આથી, સંસારી વૃત્તિના સામાન્ય માણસોને નિયમપાલન જીવનને સુખહીન અને ક્લેશમય બનાવવા માટે નિર્માણ કરેલી બેડીઓ રૂપે ભાસે છે. એને એ ત્યાગીઓના ધર્મ સમજે છે, સંસારીના નહિ. જો સામાન્ય માણસોના મનમાં આપણે સંયમ માટે રુચિ અને પ્રયત્નની ઇચ્છા ઉત્પન્ન કરવી હોય તો સંયમપરાયણ લોકોએ પણ આ દૃષ્ટિએ વિચાર કરી સંયમી જીવનના નિયમો અને ક્રમ બતાવવા જોઇએ.

આ દૃષ્ટિએ વિચાર કરી સંયમના માર્ગો શોધવા અનુભવીઓને વિનંતિ કરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

કામવિકારને તપાસવાની આપણી રીતમાં યે થોડો સુધારો કરવાની જરૂર છે એમ મને ભાસે છે. પ્રચલિત રૂઢિ એને વંશવૃદ્ધિની પ્રેરણાના રૂપમાં જોગ અને તપાસવાની છે. એટલે કે જગતમાં પ્રાણીઓનો વંશ ચાલુ રહે તેટલા માટે તેઓ કામપ્રેરિત થાય છે એમ કહેવામાં આવે છે.

આ વાક્ય છે ઠીક, પણ એની મતલબ સમજી લેવાની જરૂર છે. એનો અર્થ એમ નથી કે પ્રાણીઓ પહેલાં પોતાનો વંશ વધારવાની એક સ્પષ્ટ ઇચ્છા અનુભવે છે, અને તેને પરિણામે કામપ્રેરિત થાય છે. મનુષ્ય સિવાય બીજાં પ્રાણીઓ એવી સ્પષ્ટ ઇચ્છા કેટલે અંશે અનુભવતાં હશે તે જાણવાનું આપણી પાસે કશું સાધન નથી કેટલાંક પ્રાણીઓ વિષે એટલું જ હોવાનો સંભવ છે કે તેઓ કામવિકારનો અનુભવ કરે છે, તેને પરિણામે કામાચાર કરે છે. અને તેને પરિણામે વંશવૃદ્ધિ અનુભવે છે, અને તેમાં રાચે છે. તાત્પર્ય કે કામવિકારના ઉદ્ભવ સાથે વંશવૃદ્ધિની સ્પષ્ટ ઇચ્છા કે જ્ઞાન હોય કે ન યે હોય. કાચી ઉંમરમાં પરણી ગયેલાં તરુણ-તરુણીઓની પણ મનોદશા આટલી જ હોય છે એમ જણાય છે અને તે પરથી પ્રાણીઓની પણ મનોદશાનું અનુમાન થઇ શકે છે. એ વિકારના અંતિમ પરિણામ રૂપે વંશવૃદ્ધિ થાય છે; એ કામના પ્રાણીઓમાં અજાણપણે યે રહેલી છે ખરી; એમાં ચૈતન્યની સંકલ્પસિદ્ધિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા પ્રકૃતિની વિકાસસિદ્ધિ છે; એટલે, તે અંતિમ હેતુ માટે પ્રાણીઓમાં આ વિકાર મુકાયેલો છે એમ કહેવામાં દોષ નથી. પણ આનો અર્થ એ નથી કે જ્યારે જ્યારે કામવિકાર ઊઠે છે, ત્યારે ત્યારે એ વંશવૃદ્ધિની ઇચ્છા કરીને જ ઉદ્ભવે છે. પરંતુ એ ઊઠે છે એની મેળે, અને વંશવૃદ્ધિ કરે છે એના બળે.

આથી, એ ઊઠે છે શું કામ એ સ્વતંત્રપણે વિચારવું જોઇએ.

હું આગળ કહી ગયો છું કે મારી કલ્પના પ્રમાણે કામ અને કામના જુદાં નથી. મનુષ્યના હૃદયમાં રહેલી કામનાઓનો તરવરાટ તે જ કામવિકાર રૂપે પરિણામ પામે છે. તે ક્રોધ, લોભ વગેરે વિકારો રૂપે પણ પરિણામ પામે; પણ, તે ઉપરાંત, કામવિકાર રૂપે પણ પરિણામ પામે છે.

એ જ વસ્તુ બીજી રીતે મૂકું છું.

મને લાગે છે કે કામવિકાર રૂપે માણસને અસ્વસ્થ કરી મૂકતો અને, શાંત ન કરી શકાય તો, છેવટે જીવનશક્તિ પર અસર પહોંચાડતો અને સંયોગેચ્છા નિર્માણ કરતો અનુભવ—એ જ્ઞાનતંતુઓમાં ઉત્પન્ન થતી એક તાણ છે. અનેક નિમિત્તોથી પ્રાણીઓનાં જ્ઞાનતંતુઓમાં જાતજાતની તાણ ઉત્પન્ન થાય છે. ક્રોધ, લોભ, ભય વગેરેની જેમ કામવિકારની તાણ પણ કોઇ વાર બાહ્ય નિમિત્તોથી અને કોઇ વાર આંતરિક નિમિત્તોથી આપણા જ્ઞાનતંતુઓને અસ્વસ્થ કરી મૂકે છે. બદલાતી ઋતુથી થતા શારીરિક ફેરફારો પ્રાણીઓમાં એ અસ્વસ્થતા નિર્માણ કરે છે, એ જાણીતું છે. વસંત, શરદ જેવી ઋતુપલટાની સંધિઓમાં મેલેરિયા જેવા રોગોની માફક જ એ અસ્વસ્થતા પણ લગભગ સાર્વત્રિક હોય છે. મનુષ્ય પર પણ એ ઋતુઓની અસર થાય છે. પણ મનુષ્યમાં ઋતુઓ કરતાં યે વધારે એના જીવનમાંથી જ ઊપજતાં નિમિત્તો એના જ્ઞાનતંતુઓને વારંવાર અસ્વસ્થ બનાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જ વસ્તુનો ધ્યાસ પુષ્કળ બૌદ્ધિક પરિશ્રમ, જ્ઞાનતંતુઓને નાજુક કરી મૂકનાર નશાઓ, મન ઉશ્કેરાઇ જાય એવા આનંદના કે હોંશના પ્રસંગો અને કાર્યક્રમો, ક્યારેક શોકના યે એવા પ્રસંગો વગેરે બાબતોથી માણસોનાં જ્ઞાનતંતુ સારી પેઠે તણાયેલાં જ રહે છે. તણાયેલાં રહે છે એટલે એ કાંઇક અસ્વસ્થતા અનુભવ્યાં કરે છે. હું અનુમાન કરું છું કે એનો અર્થ એ કે એની જ્ઞાનતંતુવ્યવસ્થામાં કાંઇક બગાડનાં દ્રવ્યો (ટૉકિસન જેવાં) ઊપજે છે, અને તેને બહાર ફેંકી દેવાની જરૂર હોય છે, પણ સહેલાઇથી એનો નિકાસ થતો નથી. પરિણામે જેમ આંતરડાંમાં બગાડ ભેગો થાય અને તે માણસને અસ્વસ્થ કરી મૂકે તેમ જ્ઞાનતંતુઓમાં ભરાયેલો બગાડ પણ એને અસ્વસ્થ કરે છે. જ્ઞાનતંતુવ્યવસ્થા આખા શરીર પર વ્યાપેલી હોવાથી એની અસર એ આખા શરીર પર અનુભવે છે, અને કામવિકારમાં એની વળગવા – બાઝવા વગેરેની સ્પર્શેચ્છા તીવ્ર હોય છે તે આનું જ પરિણામ જણાય છે.

જેમ વ્યવસ્થિત શહેરોમાં પાણી ક્યાંઇ પણ ભેગું ન થતાં ગટરો દ્વારા તૂર્તાતૂર્ત વહી જાય છે, અથવા જેમ ઊંચા મકાન પર ગોઠવેલો તાર આકાશમાં ઊપજતી વીજળીને શાંતપણે વહી જવાનો માર્ગ કાઢી આપે છે, અને તે દ્વારા મકાનનું રક્ષણ કરે છે, તેમ વિવિધ કાર્ય-ક્રમોને પરિણામે જ્ઞાનતંતુઓમાં થતો બગાડ તૂર્તાતૂર્ત જ બહાર વહી જવાનો જો શરીરમાં વ્યવસ્થિત પ્રબંધ હોય તો તે એને શાંત રાખે અને વિકારોના વેગો તળે મૂકે નહિ. પણ જો તેવો પ્રબંધ ન હોય, અને તાણ તો ઉપરાઉપરી ચાલુ જ હોય તો તે બગાડ અને તાણની, તે પછી, શરીરની ગ્રંથિઓ અને સ્નાયુઓ ઉપર પણ અસર થાય એમાં આશ્ચર્ય નથી. એ સ્થિતિ થાય, ત્યારે કામવિકારનો સ્પષ્ટ અનુભવ થવા માંડે. મને ભાસે છે કે કામનો શારીરિક ઉદ્ભવ આ રીતે છે એ પ્રથમ તો જ્ઞાનતંતુઓનો થાક અને અવ્યવસ્થા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાનતંતુઓનો બગાડ તૂર્તાતૂર્ત જ શરીરમાંથી નીકળી જાય, અને એનો થાક ઊતરી જાય એવી વ્યક્તિઓ મળે તો હું ધારું છું કે એ વિકારની જ ખાસ ઇચ્છા કર્યા વિના એ આપોઆપ ન ઊઠે.

જ્ઞાનતંતુનો થાક ઉતારી નાંખી તેમને શાંત કરી દેવાની કોઇ સ્વાધીન યુક્તિ જાણમાં કે આવડતી ન હોવાથી કાચી ઉંમરનાં તરુણો અસ્વસ્થ થઇ જાય છે અને ઊંઘી શકતાં નથી. ક્યાંક વળગવા - બાઝવાની પ્રેરણામાં પડે છે, અને તેમાંથી એકાદ ખરાબ પુસ્તક. દૃશ્ય, સોબતી વગેરે એની વિષયેંદ્રિયને એ તાણનો અનુભવ કરતાં અને તેને વશ થતાં શીખવે છે. શરૂઆતમાં તો, હું ધારું છું કે, એને પરિણામે એ પ્રત્યક્ષ રીતે તાણ ઊતરી ગયાનો આરામ અને ઊંઘ એ સિવાય કશું મેળવતાં નહિ હોય. એને એમાં જે આનંદ લાગે છે તે આરામનો જ, અને કદાચ કુતૂહલનો. પણ ત્યાર પછી, જેમ દારૂ, બીડી વગેરેની જ્ઞાનતંતુઓને તલપ લાગુ પડે છે અને તેને વારંવાર પ્રાપ્ત કર્યા વિના બેચેની થાય છે તેમ, ઇંદ્રિયોને થોડી પણ તાણને પરિણામે જાગ્રત થઇ જવાની અને જીવનશક્તિના ક્ષય દ્વારા આરામ મેળવવાની તલપ થયા કરે છે. આ પહેલાં જ એનું લગ્ન થઇ ચૂકેલું હોય તો તે તલપને તૃપ્ત કરવાની એને અનુકૂળતા મળી જાય છે, અને ન થયું હોય તો લગ્નની - અને ખરાબ સોબતમાં હોય તો વ્યભિચારની - ઇચ્છા કરે છે. જવાબદારીનું ભાન ન હોવાથી એમાંથી સંતતિ થાય તો શું થાય એ વિષે એમને ભાગ્યે જ વિચાર ઊઠતો હશે. આથી, એમાં વંશવૃદ્ધિની પ્રેરણા હોય છે એમ કહેવું અયથાર્થ થશે. એ જ્ઞાનતંતુઓના ઉશ્કેરાટને શાંત કરવાની જ પ્રેરણા છે. અને વંશવૃદ્ધિ એમાંથી થઇ આવે છે એમ કહેવું વધારે યોગ્ય થશે. વંશવૃદ્ધિની ઇચ્છા તો વધારે મોટી ઉંમરે, પચ્ચીસ - ત્રીસ વર્ષ પછી, થવા સંભવ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે પચ્ચીસેક વર્ષ સુધી તો કામવિકારનું દર્શન એ વંશવૃદ્ધિની, એટલે કે લગ્નની, ઇચ્છા છે એમ માનવું જ ન જોઇએ. એ અનેક કારણોથી જ્ઞાનતંતુમાં ઉત્પન્ન થતો ઉશ્કેરાટ જ છે. સંતતિનિરોધનાં સાધનો સહિત કે રહિત સ્ત્રીપુરુષસંબંધ એ એનો ઉપાય નથી; સ્વજાતિસંબંધ વગેરે પણ નથી; જડ કે ચેતન કોઇ વસ્તુને વળગવા-બાઝવાનો યે નથી. પણ જ્ઞાનતંતુને શાંત કરી દેવાનો નિશ્ચિત ઉપાય ખોળવાનો છે. જેમ સારા સાંચાઓમાં યંત્રો તપી જાય જ નહિ, ગરમી થાય તેવી જ એને હરી જવાનાં એમાં સાધનો હોય, જેમ વીજળીનાં કારખાનાંઓમાં જે જગ્યાએ વીજળી ઉત્પન્ન થાય છે ત્યાંથી, થતાંની સાથે જ, તારો એમને વહી જાય છે, તેમ દિવસની વિવિધ સત્પ્રવૃત્તિઓ કે અદુષ્ટ પ્રવૃત્તિઓમાં રોકાયેલા જ્ઞાનતંતુઓમાં ઉત્પન્ન થનારા બગાડને ખળભળાટ થયા વિના કાઢી નાંખવાની કોઇક અચૂક રીતો હોવી તો જોઇએ જ : તૂર્ત જ શાંત કરનારી, અને તૂર્ત ન થઇ શકે તો બેચેન કર્યા વિના શાંત કરનારી, કામનો વેગ ઉત્પન્ન થાય તે પહેલાં જ એને જીરવી દેનારી રીતો હોવી જોઇએ જ. મન અને ઇંદ્રિયોની કેળવણી, નિયંત્રણ, સંયમ, સંયોજનનો શાસ્ત્રીય માર્ગ આ દિશામાં શોધ કરવામાં રહેલો છે એમ મને લાગે છે. પણ કમભાગ્યે શરીરશાસ્ત્રના અભ્યાસી દાક્તરો કે વૈદ્યોએ આ માર્ગે મનુષ્યજાતિને મદદ કરવાનો વિચાર જ કરેલો જણાતો નથી. તેઓ તો ભોગતૃપ્તિનાં અને તેનાં અનિવાર્ય પરિણામોથી બચવાનાં સાધનો જ શોધે છે અને બતાવે છે, અને માનવજાતિને માનસિક નિર્બળતા તથા શારીરિક વિનાશને પંથે ખેંચી જાય છે. મંત્રવિદ્યા, યોગવિદ્યામાં કાંઇક આ દૃષ્ટિએ વિચાર થયેલો હોય એમ સંભવ છે; પણ તેના બાલબોધ માર્ગો કાં તો છે નહિ, અથવા કોઇ બતાવતું નથી. ભક્તિ એ પણ એક સાધન છે, પણ ભક્તિમાર્ગમાં યે રસિકતા, ઉન્માદ, અતિહર્ષ, અતિશોક વગેરે જ્ઞાનતંતુઓને ઉશ્કેરનારા કાર્યક્રમો દાખલ થયેલા છે. તેમનું પરિણામ કામવિકાર પર ભાગ્યે જ સારું આવે છે. ગાંડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનવા માટે જગતમાં ઘણા યે માર્ગો છે. રાજકીય કાર્યક્રમો, સામાજિક અને કૌટુંબિક મોટા પ્રસંગો, વસંત, શરદ વગેરે ઋતુઓના ઉત્સવો, ગાન – તાન – નાચ – ઉજાણી – નાટક – સિનેમા વગેરે અનેક બાબતો લાગણીઓને ઉશ્કેરી મૂકવા માટે ઉપલબ્ધ છે. તેમાં ભક્તિને નામે એની એ રીતો અખત્યાર કરવાથી કલ્યાણ ન થાય. ભક્તિનો માર્ગ અને તેનું પરિણામ એવું હોવું જોઇએ કે જેમ ઉનાળાની ગરમીથી બળુ બળુ થતો માણસ ખસની સાદડીથી ઠંડા કરેલા ઓરડામાં કે ખૂબ ઊંચી ટેકરીની ઠંડી હવામાં ટાઢક અનુભવે તેમ એના જ્ઞાન-તંતુઓને શાંત કરી મૂકે; એના જ્ઞાનતંતુઓનો બગાડ અને ઉશ્કેરાટ ક્યારે અને કેમ શમી ગયો તે, જાણે, એને જણાય પણ નહિ, અને એને સહજ પ્રસન્નતા અને આરામ આપે. સત્સંગ અને ભક્તિમાં ઘણી વાર આવું પરિણામ આવે છે માટે જ તેનો મહિમા છે. પણ, સત્સંગને નામે જો શાસ્ત્રીય અને તાર્કિક વાદવિવાદો જ હોય, કે કથાને નામે પણ નવ રસોની જ જમાવટ હોય તો તેમાંથી બહુ કામ ન સરે.

હું આ વિષયને આ માર્ગે વિચારી રહ્યો છું, અને સાધનો તથા ઉપાયો શોધું છું. સત્પુરુષનો સંગ, કેટલાંક સારાં પુસ્તકો – જેવાં કે, સ્વામી નિષ્કુળાનંદનાં સારસિદ્ધિ, ભક્તિનિધિ, હરિબલ ગીતા, ભક્તચિંતામણીના કેટલાક અધ્યાયો, ગાંધીજીના આશ્રમવાસીઓ પ્રત્યે પત્રો, મંગલપ્રભાત, આત્મકથા, સ્માઇલ્સનું ચારિત્ર, પ્રભુમય જીવન વગેરે, રક્તશુદ્ધિ પૂરતો આસન, પ્રાણાયમ, આજ્ઞાચક્ર પર ધારણા વગેરેનો અભ્યાસ, નામસ્મરણ, મિતાહાર વગેરેનો એમાં અવશ્ય મોટો ફાળો છે. પણ એકેયનું સાંગોપાંગ અને સંપૂર્ણ ખેડાણ થયું છે એમ ન કહેવાય.

જો અનુભવી વૃદ્ધો, દાક્તરો, યોગાભ્યાસીઓ વગેરે આ દિશામાં સંશોધન કરી કાંઇક ઉપાયો બતાવશે તો બ્રહ્મચર્ય કે સંયમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહિમા કે કુટેવો અને કામલોલુપતાનાં સૂક્ષ્મ વર્ણન કરતાં સંયમના આદર્શમાં શ્રદ્ધા ધરાવતાં છતાં નિષ્ફળ જનારા વિવાહિત તેમ જ અવિવાહિત તરુણ-તરુણીઓ પર વધારે ઉપકાર થશે.

અલબત્ત, એક વાત તો નક્કી જ છે. એક ઇંદ્રિયને સ્વચ્છંદી થવા દઇ બીજી ઇંદ્રિયોને સુસ્થિતિમાં રાખવી અશકય છે. શૃંગારી, ઉત્તેજક, સ્તુતિભાવે કે નિંદાભાવે, ભક્તિને નામે કે બાજી રીતે કામવિકારને લગતી જ બાબતો પર ઠરનારાં સાહિત્ય, સંગીત, લલિત-કલા, ખાન, પાન, વસ્ત્ર, ગંધ, વાર્તાલાપ વગેરેનું ઇચ્છાપૂર્વક સેવન કરતાં રહી જ્ઞાનતંતુઓને શાંત રાખવાનો કોઇ અચૂક ઉપાય હોય, તો યે તે સિદ્ધ થવો શકય નથી. કુપથ્ય અને દવા બંને સાથે કરવા જેવું એ છે. આવો ઉપાય હોય તો યે તે બીજી નિર્દોષ પ્રવૃત્તિઓથી ઊપજતા જ્ઞાનતંતુઓના થાકને જ ઉતારી શકે.

બિલાડી – વાઘ, વાંદરો – માણસ વગેરે સમાન પ્રાણીઓને જોશું તો એની વચ્ચેના વિકાસભેદમાં એક મહત્ત્વનું કારણ માલમ પડશે. જે પ્રાણીઓની તારુણ્યપ્રાપ્તિનો કાળ વહેલો શરૂ થઇ જાય છે, અને શીઘ્ર ગતિએ તે તારુણ્યમાં આવી જાય છે, તે પ્રાણીઓનાં આયુષ્ય, શક્તિ, તેજ વગેરે અલ્પ હોય છે જેનો બાલ્યકાળ લંબાય છે, પૌગંડાવસ્થા ધીમે ધીમે વધતી જાય છે અને પૌગંડાવસ્થાની દશામાં નિર્વિકાર રહે છે, તેમનાં આયુષ, શક્તિ, તેજ વગેરે વધારે હોય છે. પૌગંડાવસ્થા અને કાચા તારુણ્યના કાળમાં જીવનશક્તિની રક્ષા એ સર્વાંગી વિકાસનું મોટામાં મોટું સાધન ગણી શકાય.

આથી, તારુણ્યમાં પ્રવેશ કરતી વખતના કાળમાં છોકરા-છોકરીનાં શિક્ષણ, ભોગ, વાર્તાલાપ, કાર્યક્રમ વગેરેને શુદ્ધ રાખવા અને કરવા માટે જેટલો પ્રયત્ન કરીએ તેટલો ઓછો જ છે. મને લાગે છે કે દશથી લગભગ ત્રીસ વર્ષની ઉંમર સુધીમાં જ્ઞાનતંતુઓને સ્વાધીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખવાનું જે સિદ્ધ કરી શકે, તેને પછી વશેંદ્રિયતા રાખવી કષ્ટ-સાધ્ય ન થાય. તે ઉંમરમાં જે એને વશ થતાં શીખે તેને માટે આખો જન્મારો તે કષ્ટસાધ્ય કે અસાધ્ય જ રહે.

જો આ પરીક્ષણ બરાબર હોય તો કામવિકાર અને વંશવૃદ્ધિની પ્રેરણા એ બે જુદી બાબતો થાય છે. ઊંચેથી પડવું અને કૂદકો મારવો એ બેના જેવો એ ભેદ કહી શકાય. બન્નેમાં ઉપરથી નીચે આવવાનું પરિણામ ઊપજે છે, પણ એક વિવશપણે છે, બીજી સ્વાધીન ક્રિયા છે. તેમ જ્ઞાનતંતુઓના ઉશ્કેરાટને પરિણામે કામવૃદ્ધિ થવી એ વિવશતા છે, અને વંશની ઇચ્છાથી વિચારપૂર્વક એ વૃત્તિ ઉત્પન્ન કરવી એ સ્વાધીનતા છે. જ્યાં વિવશતા છે, ત્યાં ભલે છળકપટ, ગુપ્તતા, પ્રપંચ, બળાત્કાર વગેરે ગમે તેટલાં યોજવામાં આવ્યાં હોય, છતાં એમાં સ્વાધીનતા નથી. એ ઇંદ્રિયોની અને મનની મસ્તી જ છે. મહાભારત વગેરેમાં સંતતિનિર્માણ કરવાની ઇચ્છાથી સ્વાધીન કામવૃત્તિના કેટલાક દાખલાઓ આપેલા છે. એ અશક્ય કોટિના છે એમ મને લાગતું નથી. એ શક્ય હોય તો જ

रागद्वेष वियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥

—રાગદ્વેષ વિનાની, આત્મવશ બનેલી ઇંદ્રિયોથી વિષયોમાં વર્તનાર નિષ્ઠાવાન પુરુષ પ્રસન્નતાને પામે છે, એ અક્ષરશઃ સાચું થાય.

એ ભાવના અને વિદ્યાનાં શોધ અને સંશોધન થાઓ.

इति ।

LIBRARY,
GURUKULA KANGRI.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

LIBRARY,
GURUKULA KANGRI.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar